# શાસનસમ્રાટ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શાસનસમ્રાટ્

આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજની

## જીવનકથા


—: લેખક :—

મુનિ શીલચંદ્ર વિજય



— પ્રકાશક —

તપાગચ્છીય શેઠશ્રી જિનદાસ ધર્મદાસ

ધાર્મિક ટ્રસ્ટ–કદંબગિરિ વતી

શા. ચીમનલાલ ગોકળદાસ

વીર સં. ૨૪૯૯ વિ. સં. ૨૦૨૯ ઈ. સ. ૧૯૭૩


"શાસનસમ્રાટ્–જન્મ શતાબ્દી–વર્ષ"


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેરક :

પ. પૂ. આચાર્યદેવ શ્રીવિજયનન્દનસૂરીશ્વરજી મહારાજ

લેખક :

પ. પૂ. પંન્યાસ શ્રીસૂર્યોદયવિજયજી ગણિવરના શિષ્ય
મુનિશ્રી શીલચંદ્રવિજયજી.

પ્રકાશક :

તપાગચ્છીય શેઠશ્રી જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ–
કદંબગિરિ વતી–શા. ચીમનલાલ ગોકળદાસ
ઠે. પાડા પોળ, અમદાવાદ–૧

મુદ્રક :

મહંત–સ્વામીશ્રી ત્રિભુવનદાસજી શાસ્ત્રી
શ્રી રામાનંદ પ્રિન્ટીંગ પ્રેસ
કાંકરિયા રોડ, અમદાવાદ–૨૨

આર્ટપ્લેટ તથા આવરણ :

દીલા પ્રીન્ટર્સ
શા. લાલભાઈ મણિલાલ

સર્વ હક્ક પ્રકાશકના

પ્રથમ આવૃત્તિ : ત્રણ હજાર.

પ્રાપ્તિ સ્થાન :

શાહ જસવંતલાલ ગિરધરલાલ
જૈન પ્રકાશન મંદિર
દોશીવાડાની પોળ, અમદાવાદ–૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



॥श्रीमद्-विजयनेमिसूरीश्वरजी॥

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આશીર્વચન (અંતરોદ્ગાર)

જગદ્વંદનીય, જગત્ ગુરુ, જૈન ધર્મના શાસનસમ્રાટ, વર્તમાનકાળમાં યુગપ્રધાન સમાન, બાલ્યપણાથી અખંડબ્રહ્મચર્યના મહાન્ જવલંત સિતારા, સુગૃહીતનામધેય, સૂરિચક્રચક્રવર્તી પ. પૂ. **શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ,–**

જેઓ મારાં મહાન્ ઉપકારી છે,<br>
મારાં અનાથના નાથ છે,<br>
મારાં અશરણના શરણ છે.<br>
મારાં પરમ ઉદ્ધારક છે,<br>
મારાં તારણહાર છે,<br>
મને અબોધને બોધ આપનાર છે,

મને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયી પમાડનાર, તેમાં સ્થિર કરનાર અને ઉત્તરોત્તર તેમાં વૃદ્ધિ પમાડનાર છે,

મને શ્રીવીતરાગશાસનમાં આટલી ઉચ્ચકોટિએ લાવનાર છે.

મને–પામર કીડીને કુંજર સ્વરૂપ બનાવનાર તે મારાં પરમ ગુરુભગવંતના ઉપકારનો બદલો ભવકોડાકોડીએ પણ વાળી શકાય તેમ નથી. તેઓશ્રીના મુખમાં છેલ્લા શ્વાસોશ્વાસ સુધી પણ 'ઉદય–નંદન' હતાં.

'તેઓશ્રીના ગુણાનુવાદ રૂપે તેઓશ્રીનું જીવનચરિત્ર કંઈક આલેખાય તો તેઓશ્રીની સેવાનો યત્કિંચિત્ લાભ મને મળી શકે, તેમજ તેઓશ્રીજી પ્રત્યેનો યત્કિંચિત્ અનૃણીભાવ પણ મને પ્રાપ્ત થાય. આ વિચાર અને આ ભાવના થયાને ઘણો સમય ગયો.

આ જીવનચરિત્રનું કામ મેં ઘણાં ઘણાંને સોંપ્યું હતું, પણ ભવિતવ્યતાના બળે તે કામ એમ ને એમ અધૂરૂં જ રહ્યું. અને આજે ૨૨–વર્ષના વ્હાણા વહી ગયા.

પંન્યાસજી શ્રી સૂર્યોદયવિજયજી ગણિવર્ય, જેઓ આશરે ૫–૬ વર્ષોથી અમારી સાથે અમારી સેવામાં છે. તેમના વિદ્વાન્ અને વિનીત બાલશિષ્ય મુનિશ્રી શીલચન્દ્રવિજયજી ઉપર અમારૂં હૃદય ઠર્યું. અને પ. પૂ. શાસનસમ્રાટના જીવનચરિત્રનું–અથથી ઇતિ સુધી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખવાનું, છપાવવાનું, ફોટાઓ મૂકવાનું, સંપૂર્ણ સાંગોપાંગ કામ તેમને સોંપવું, એમ મારા હૃદયમાં અન્તઃપ્રેરણા થઇ. તે અમલમાં મૂકાણી.

શ્રી શીલચન્દ્રવિજયજીની નાની ઉંમર છતાં વિનયગુણ, કાર્યકુશળતા, પ્રતિભાસંપન્નતા સાથે તેમના હૃદયનો ઉમળકો–ઉલ્લાસ અને ઉત્સાહ, આ પુણ્યકાર્ય માટે મને ખૂબ દેખાયો. તેથી મેં તેમને આ મંગળકાર્ય કરવાનું સોંપ્યું.

તેમણે પણ પ. પૂ. શાસનસમ્રાટના શુભ આશીર્વાદથી, તેઓશ્રીની અન્તઃપ્રેરણાથી, તેઓશ્રી પ્રત્યેની તેમની અટલ શ્રદ્ધાથી અને તેઓશ્રીજીની પરમકૃપાથી નિરાબાધપણે આ મહાન્ કાર્ય પૂર્ણ કર્યું. અને મારી ભાવના–મારી ઉત્કંઠા પૂર્ણ કરી, સાકાર બનાવી.

આ જીવનચરિત્રનું કાર્ય આજે પૂર્ણ થાય છે. તેથી મારૂં હૃદય ખૂબ આનંદ વિભોર બને છે.

મુનિશ્રી શીલચન્દ્રવિજયજીને મારા અન્તઃકરણના ખૂબ ખૂબ શુભ આશીર્વાદ છે, ખૂબ ખૂબ ધન્યવાદ છે.

ભવિષ્યમાં તેઓ સમર્થ વિદ્વાન્ બનો, અને વીતરાગ શાસનની પુણ્યવંતી પ્રભાવનાના અનેક મહાન્ શુભકાર્યો તેમના હાથે થાઓ. શાસનદેવ તેમને સદાય શાસનપ્રભાવનાના મંગળ કાર્યોમાં સહાયક બનો, એ પ્રાર્થના સાથે તેમને મારી શુભાશિષ સાથે મંગળકામના.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

જેમની જ્ઞાન–ગંગાએ મુજ સમા અનેક આત્માઓના
અંતરમાં સમ્યગ્જ્ઞાનના અમી સીંચ્યાં,
જેમની જગહળતી વાત્સલ્ય–જ્યોતિએ અનેકોના
જીવન–પથમાં પ્રકાશ પાથર્યો,
અને–
જેમના પુનિત આધિપત્ય હેઠળ સમગ્ર મુનિ–
સમુદાય નિર્ભયતાભર્યો આહ્‌લાદ અનુભવી રહ્યો છે,
તે....
પરમપૂજ્ય પરમદયાલુ આચાર્યભગવંત શ્રીમાન્
**વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજના**
પવિત્ર કરકમલોમાં...........

—શીલચંદ્રવિજય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય નિવેદન

પરમપૂજ્ય પરમોપકારી પરમદયાલુ શાસનસમ્રાટ્ બાલબ્રહ્મચારી સૂરિચક્રચક્રવર્તી સર્વતંત્રસ્વતંત્ર પ્રૌઢ પ્રતાપી તપાગચ્છાધિપતિ જગદ્ગુરુ સ્વ. આચાર્યમહારાજાધિરાજ **શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ**ના સમગ્ર જીવનની એક યાદી પ. પૂ. ગુરૂદેવ આચાર્ય શ્રીવિજયોદયસૂરીશ્વરજી મહારાજે તથા પ. પૂ. ગુરૂદેવ આચાર્ય શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજે સંયુક્ત રીતે કરાવી હતી. બન્ને પૂજ્ય ગુરૂદેવોની ભાવના ઘણાં સમયથી હતી કે– "કોઈ લેખક પાસે સૂરિસમ્રાટ્ પૂજ્ય ગુરૂદેવનું જીવનચરિત્ર વ્યવસ્થિત લખાવીને પ્રકાશિત કરાવવું."

આ ભાવનાનુસાર તેઓશ્રીએ ગુજરાતના ત્રણ–ચાર સારા લેખકોને બોલાવીને તે કામ સોંપવા માંડયું. પણ તે લેખકોએ પોતાનાં અનિવાર્ય કારણો દર્શાવીને આ કામ માથે લેવાની અશક્તિ જણાવી.

આમ થવાથી આ કાર્ય સૂરિસમ્રાટ્ પૂજ્ય ગુરૂદેવના સ્વર્ગારોહણ પછી ૨૨ વર્ષ પર્યંત અપૂર્ણ જ રહ્યું.

સં. ૨૦૨૯ નું વર્ષ પૂ. ગુરૂદેવની જન્મશતાબ્દીનું મંગલ વર્ષ હતું. આ વાતનો ખ્યાલ આવતાં જ પૂ. ગુરૂદેવ શ્રીવિજયનન્દનસૂરિજી મહારાજે સં. ૨૦૨૭ માં મક્કમ નિર્ણય લીધો કે–'શતાબ્દીના વર્ષ સુધીમાં કોઈ પણ ઉપાયે ગુરૂ ભગવંતનું જીવનચરિત્ર લખાવીને છપાવવું જ.'

આ મક્કમ નિર્ણય લઈને તેઓશ્રીએ જીવનચરિત્ર લખવાનું મહાકાર્ય પોતાની નિશ્રામાં રહેલા પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીસૂર્યોદયવિજયજી ગણિવરના શિષ્ય મુનિરાજ શ્રીશીલચંદ્રવિજયજી મહારાજને સોંપ્યું. એ મુનિરાજે પણ પરમગુરૂદેવની તેમજ સમુદાયની સેવાનું આ કાર્ય પૂજ્ય ગુરૂદેવના શુભાશીર્વાદ સાથે અપૂર્વ ઉલ્લાસથી આદર્યું. એનું પરિણામ-આ 'જીવનચરિત્ર-ગ્રંથ' છે.

આ જીવનચરિત્રનું પ્રકાશન કરતાં અમારૂં અંતર અપાર આનંદ અનુભવી રહ્યું છે. **અમારી પેઢીના સ્થાપક,** પ્રેરક, ઉપદેશક અને એથીયે વધુ–પ્રાણ–પૂજ્ય સૂરિસમ્રાટ્ ગુરૂદેવ હતાં. તેઓશ્રીની તીર્થોદ્ધાર અને તીર્થભક્તિની પવિત્ર ભાવનાના કારણે સં. ૧૯૮૯ ની પોષ વદિ સાતમે અમારી પેઢીની સ્થાપના તેઓશ્રીના ઉપદેશથી થઈ હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવિત્ર સંયોગોમાં થયેલી એ સ્થાપનાના રૂડાં પ્રતાપે આ પેઢી આજે એકથી વધુ શાખાઓમાં વિસ્તરેલી છે. અને પૂજ્ય સૂરિસમ્રાટ્ ગુરૂદેવની ભવ્ય ભાવનાને અનુરૂપ તીર્થ-સેવા કરી રહી છે.

આવા પરમ ઉપકારી ગુરૂદેવનું જીવનચરિત્ર પ્રકાશિત કરવાની અમારી નૈતિક ફરજ હતી. આજે મોડે મોડે પણ એ ફરજ અદા કરીને અમે પૂજ્ય ગુરૂદેવના-કદી પૂરાં ન થાય તેવાં-ઉપકાર-ઋણમાંથી આંશિક મુક્તિ મેળવીએ છીએ, એથી વધુ આનંદનો વિષય અમારા માટે કયો હોય?

આ જીવનચરિત્રના પ્રકાશનમાં-અમદાવાદના શેઠશ્રી ચીનુભાઈ વાડીલાલ કાપડિયા (જૈન એડવોકેટ પ્રિ. પ્રેસવાળા) એ, શા. ચંદુલાલ ઉમેદચંદ માસ્તરે, તથા શા. જસવંતલાલ ગિરધરલાલભાઈએ શ્રીગુરૂભક્તિથી પ્રેરાઈને દરેક રીતનો સહકાર આપ્યો છે. તે બદલ અમો કૃતજ્ઞ ભાવે તેમનો આભાર માનીએ છીએ.

ફોટાઓના બ્લોકો બનાવરાવીને તે વ્યવસ્થિત રીતે છાપવાનું કાર્ય તથા શરૂઆતના ત્રણેક ફર્માનું દ્વિરંગી મુદ્રણ કાર્ય પૂરી ચીવટથી કરી આપનાર (દીલા પ્રીન્ટર્સવાળા) શ્રી લાલભાઈ મણિલાલનો અમે ઘણાં હર્ષપૂર્વક આભાર માનીએ છીએ.

પ્રસ્તાવના લખી આપવા માટે પૂ. ગુરૂદેવે પંડિતવર શ્રી મફતલાલભાઈને કહ્યું કે તરતજ તેને ભક્તિપૂર્વક વધાવીને પંડિતજીએ સુંદર પ્રસ્તાવના લખી આપી, એ વાત ઘણી હર્ષપ્રદ છે. આ તકે પંડિતજીનો પણ અમે આભાર માનીએ છીએ.

જીવનચરિત્રનું ઝડપી અને સુઘડ મુદ્રણ કરી આપનાર 'શ્રી રામાનંદ પ્રિન્ટીંગ પ્રેસ' ના અધિપતિ મહંત-સ્વામીશ્રી ત્રિભુવનદાસજી શાસ્ત્રીનો ઉલ્લેખ પણ અમે આભારપૂર્વક કરીએ છીએ.

અંતમાં શુદ્ધિપત્રક મૂકયું છે. તે છતાં દૃષ્ટિ દોષ કે પ્રેસદોષના કારણે કોઈ ક્ષતિઓ રહી ગઈ હોય તો તે સુધારીને વાંચવા સુજ્ઞપુરુષોને વિજ્ઞપ્તિ છે.

લિ.

ડે. પાડા પોળ
**અમદાવાદ-૧.**

તપાગચ્છીય શેઠશ્રી જિનદાસ ધર્મદાસ
ધાર્મિક ટ્રસ્ટ, શ્રી કદંબપુરી-બોદાનાનેસ વતી
**શા. ચીમનલાલ ગોકળદાસ** (પ્રમુખ)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીનું પ્રાભાતિક મંગલ (પ્રાતઃસ્તવન)

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ–પાવ–પ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઇ મંગલં ॥૧॥

ૐ ઋષભ અજિત સંભવ અભિનન્દન સુમતિ પદ્મપ્રભ સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનન્ત ધર્મ શાન્તિ કુન્થુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ પાર્શ્વ વર્ધમાનાન્તા જિનાઃ શાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા ॥૨॥

ગુરુ ગણપતિ ગાઉં, **ગૌતમ** ધ્યાન ધ્યાઉં
સવિ સુકૃત સુપાઉં, વિશ્વમાં પૂજ્ય થાઉં,
જગ જીત બજાઉં, કર્મને પાર જાઉં
નવ નિધિ ઋદ્ધિ પાઉં, શુદ્ધ સમ્યક્ત્વ ઠાઉં. ॥૩॥

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર,
**શ્રી ગુરુ ગૌતમ** સમરીએ, મનવંછિત દાતાર ॥૪॥

યસ્યાભિધાનં મુનયોઽપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષાભ્રમણસ્ય કાલે ।
મિષ્ટાન્નપાનામ્બરપૂર્ણકામાઃ, સ **ગૌતમો** યચ્છતુ વાંછિતં મે ॥૫॥

યં નિઃસપત્નગૃહમાપ્ય મુદા વિલેસુઃ, સર્વે ગુણાઃ સ્મૃતિપથં સુચિરં વ્યતીતાઃ ।
યદ્દર્શનેન ગમિતાશ્ચ યુગપ્રધાનાઃ, શ્રીમાન્ સ **વૃદ્ધિવિજયો** જયતિ પ્રકામમ્ ॥૬॥

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ ।
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૭॥

---

હંમેશા પ્રભાતકાલે બ્રાહ્મમુહૂર્ત લગભગ ઊઠીને સૂરિસમ્રાટશ્રી સર્વપ્રથમ મંગલસ્મરણ રૂપે આ શ્લોકો બોલતાં, અને ત્યાર પછી જ પ્રતિક્રમણાદિ નિત્યક્રિયામાં પ્રવૃત્ત થતાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



॥ श्रीमद्-विजयनेमिसूरीश्वरजी ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચારિત્ર્યની પ્રતિભા

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના એક પ્રખર આચાર્ય હતા. આજથી ૬૦–૬૫ વર્ષ પહેલાં તેમણે તેમના જ્ઞાન-અભ્યાસ, અને ચારિત્ર્યથી જે પ્રતિભા ઊભી કરી હતી; તે પ્રતિભા આજ સુધી બીજા કોઇ આચાર્યમહારાજ ઊભી કરી શકયા નથી એમ કહીએ તો તે અતિશયોક્તિ નહિ ગણાય.

તેઓ તેમના સમુદાયના સાધુ મહારાજોને ભણાવી તૈયાર કરવામાં ઘણા જ ઉત્સુક રહેતા. સાથે સાથે સાધુ મહારાજોનું ચારિત્ર્ય ઊંચા પ્રકારનું રહે તે સારૂ સતત જાગૃત રહેતા.

તેમની જ્ઞાનપિપાસા અને સ્મરણ શક્તિ અજોડ હતાં. તેમના નિષ્કલંક ચારિત્ર્ય અને અદ્ભુત વક્તૃત્વની શિષ્યવૃંદ તથા શ્રોતાજનો ઉપર જાદુઈ અસર પડતી.

સંવત ૧૯૮૩ના જળપ્રલય સમયે તેમણે લોકો માટે શરૂ કરાવેલાં રાહત કેન્દ્રો તેમજ તેમના ઉપદેશથી બંધાયેલી પાંજરાપોળો, તેમનું જીવન જીવમાત્ર તરફ અનુકંપાથી સભર હતું તેનો દાર્શનિક પુરાવો છે.

તીર્થોના વિવાદાસ્પદ પ્રશ્નો ઉકેલવામાં તેઓશ્રી હંમેશાં સહાયભૂત રહેતા. મંદિરોના જીર્ણોદ્ધારના કાર્યમાં તેઓની પ્રેરણા તથા માર્ગદર્શન મળતાં. આવા એક પ્રખર વિદ્વાન્ આચાર્ય મહારાજની જન્મજયંતિ વખતે મારી તેમને હજારો વંદના.

**કસ્તૂરભાઈ લાલભાઈ**
(શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અભય મહાનુભાવ

શાસનસમ્રાટ્ પુજ્ય ગુરૂદેવ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીનું વર્ષ ચાલી રહ્યું છે, તે પ્રસંગે તેઓશ્રીનું વિસ્તૃત અને માહિતીપૂર્ણ જીવનચરિત્ર ગુજરાતી ભાષામાં ગ્રંથસ્વરૂપે પ્રગટ થઇ રહ્યું છે તે જાણી આનંદ થયો.

શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરીશ્વરજીનું સમગ્ર જીવન નવી પેઢીને પ્રેરણાદાયક છે. શાસનસમ્રાટ્ એક નરકેસરી અને અભય મહાનુભાવ હતા. જેટલા વર્ષ તેઓ દીક્ષાપર્યાયમાં રહ્યા તેટલા વર્ષો તેમણે જૈન શાસન અને સમાજની ઉન્નતિના કાર્યોમાં ગાળ્યા. જ્ઞાનોદ્ધાર, તીર્થોદ્ધાર, જીવદયા અને જૈન દર્શનમાં સાધુઓની પરંપરા ચાલુ રહે, તે તેમના જીવનના મુખ્ય કાર્યો હતા. ભગવાન મહાવીરની વીરને છાજે તેવી અહિંસા તેમના જીવનના દરેક કાર્યોમાં નીતરતી હતી. એક નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે તેમણે વચન અને કાર્ય–સિદ્ધિ સુલભ રીતે પ્રાપ્ત કર્યા હતા. જેઓ તેમના પ્રસંગમાં આવ્યા તેઓ સૌને ઉર્ધ્વગતિએ લઈ જવા પ્રયત્ન કરતા હતા. તેમની અભયતા, નિઃસ્પૃહતા, સરળતા અને સાહસવૃત્તિ આજના યુવાનોને પ્રેરણા આપે તેવા હતા. આ બધું હોવા છતાં તેઓ દેશકાળની પરિસ્થિતિથી હંમેશાં વાકેફ રહેતા, અને રાજ્ય, દેશ કે ગુજરાતમાં અરુચિ થાય તેવા કોઇ કાર્યથી કે વર્તાવથી તેઓ દૂર રહેતાં. સમાજના કે સંઘના કોઇપણ પ્રશ્ન અંગે તેઓ એક સ્યાદ્વાદીને છાજે તેવી તટસ્થવૃત્તિથી જોતાં હતાં,

આજના યુગમાં જ્યારે ધર્મ અને નીતિના મૂલ્યોનું ધોરણ કંઇક અંશે નીચે ગયું છે, ત્યારે ધર્મ અને નીતિના પાયાને મજબૂત રીતે ટકાવી રાખવા માટે શાસનસમ્રાટ્ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો જીવનચરિત્ર–ગ્રંથ માત્ર જૈનો માટે જ નહિ, પરંતુ જૈનેતર સમાજ માટે પણ ઉપયોગી અને પ્રેરણાદાયી થઇ પડશે એવી આશા અને શ્રદ્ધા સાથે આ પ્રકાશનની સફળતા ઇચ્છું છું.

લિ.

**કાન્તિલાલ ઘીયા**

(નાણાંપ્રધાન : ગુજરાત રાજ્ય)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રેરણારૂપ જીવન

શાસનસમ્રાટ્ પૂજ્ય ગુરૂદેવ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીનું વર્ષ ચાલી રહ્યું છે, અને તેના ઉપલક્ષ્યમાં તેઓશ્રીનું વિસ્તૃત રીતે અને માહિતીપૂર્ણ જીવનચરિત્ર મુદ્રિત થઇ રહ્યું છે તે જાણી આનંદ થયો છે.

પૂજ્ય ગુરૂદેવે પોતાના જીવનમાં જ્ઞાનોદ્ધાર, જીવદયા, ધર્મપ્રચાર અને તીર્થોદ્ધારના ચાર મહાન્ ધ્યેય હાંસલ કર્યાં અને જનસમાજની ઘણી મોટી સેવા કરી છે. પૂજ્ય ગુરૂદેવનું જીવન અને કવન આપણા સૌ માટે પ્રેરણારૂપ બની રહેશે તેવી આશા સાથે પ્રકાશનને સફળતા ઇચ્છું છું.

**જશવંત મહેતા**
(જાહેર બાંધકામ વિભાગના મંત્રી, ગુજરાત રાજ્ય)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સર્વપ્રધાન મુનિગણનાયક

"હું સ્વયં એ સૂરીશ્વરજી મહારાજનો હૃદયથી ગુણાનુરાગી રહ્યો છું. એમણે જૈનતીર્થોની રક્ષા અંગે શ્રાવકસંઘને જે પ્રભાવશાલી પ્રેરણાઓ કરી છે, તે જૈન-મંદિરો તથા તીર્થોના રક્ષક તરીકેની તેમની કીર્તિને અમર બનાવનારી છે.

તેઓશ્રીદ્વારા જૈન સમુદાયમાં સર્વપ્રથમ જૈનસાહિત્યના પ્રકાશનનો પુનિત પ્રારંભ પણ વિશેષરૂપે થયો હતો. તેઓશ્રીના પ્રેરણાદાયક સાહિત્ય પ્રકાશનના શુભપ્રયાસથી જ બીજા બીજા અનેક શાસ્ત્રપ્રેમી અને સાહિત્યભક્ત મુનિવરોએ પણ એ દિશામાં ઉલ્લેખનીય કાર્ય કરતા રહ્યા છે. એ રીતે જૈનધર્મની તથા સમ્યગ્જ્ઞાનની સુરક્ષા તથા પ્રસિદ્ધિ કરનાર આ વીસમી સદીના તેઓશ્રી સર્વપ્રધાન મુનિગણનાયક યથાર્થ આચાર્ય બન્યા હતા.

મને પણ મારી પૂર્વાવસ્થામાં એ સન્તશિરોમણિનો સાક્ષાત્ ચરણસ્પર્શ કરવાનો સદ્ભાગ્યાત્મક અવસર મળ્યો હતો. તેને હું મારા જીવનમાં એક વિશિષ્ટ પુણ્યસ્મરણ તરીકે સદા માટે સંગ્રહી રહ્યો છું.

આપ એ મહાન્ સૂરીશ્વરના પુણ્યજીવનને આલેખતું જે કાંઇ પુસ્તકરૂપે સાહિત્ય પ્રકટ કરવા ઇચ્છો છો, તે બહુ જ અભિનન્દનીય છે."

વિનીત–
**મુનિ જિનવિજય**
( પુરાતત્ત્વાચાર્ય )



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અભિવાદન

માનવજીવન અનેક રીતે મહત્ત્વનું છે. એનાં વિવિધ પાસાઓ છે. એ પૈકી નિમ્નલિખિત અગ્રગણ્ય ઉજ્જ્વળ પાસાંઓનું આહ્લાદક અને પ્રેરણાત્મક દર્શન મને સૌરાષ્ટ્રના મધુમતી (મહુવા બંદર)ના ભાગ્યશાળી અને પ્રભાવક પુત્ર, નૈષ્ઠિક બ્રહ્મચારી, સાઠ વર્ષ જેટલા દીર્ઘકાલીન શ્રામણ્યથી વિભૂષિત, પંજાબી મુનિવર્ય વૃદ્ધિચંદ્રજીના વરદ હસ્તે દીક્ષા લઈને અને પંજાબી દાનવિજયજી દ્વારા ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરીને એ બંને ગુરુવર્યનાં નામ અને કામને ગૌરવાંકિત કરનારા, મહુવાના નરરત્ન શાસ્ત્રવિશારદ વિજયધર્મસૂરિજીના ગુરુબંધુ, તીર્થોદ્ધારક શ્રીવિજયનેમિસૂરિજીમાં થયેલું જોવા જાણવા મળ્યું છે.

બ્રહ્મચર્યનું સતત પાલન, એમના સુયોગ્ય પરિવારમાં એનું અનતિચાર સેવન થતું જોવાની એમની ઉત્કટ ઉત્કંઠા અને પૂરી તકેદારી, સમ્યગ્જ્ઞાનની એમણે કરેલી વિપુલ અને વિશિષ્ટ આરાધના, વિનેયાદિ અંગે વિદ્યાવિતરણ માટે એમણે કરેલો ઉત્તમ પ્રયાસ, એમની ચાણક્યબુદ્ધિ, એમનો આગમોદ્ધારક આનંદસાગરસૂરિજી પ્રત્યેનો પ્રશંસનીય સદ્ભાવ, કદંબગિરિ વગેરેના તીર્થોદ્ધાર માટે એમણે કરેલો પુષ્કળ પરિશ્રમ, ઇત્યાદિ."

અંતમાં એ સૂરિસમ્રાટ્ના નોંધપાત્ર ગુણોના સ્મરણપૂર્વક હું એમનું વિનમ્રભાવે અભિવાદન કરું છું, અને જન્મશતાબ્દીની ઉજવણી અંગે સફળતા ઇચ્છું છું.

**હીરાલાલ ર. કાપડિયાની**
વંદના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આચાર્યશ્રીનું ઋષિકાર્ય

શાસનસમ્રાટ્ પૂજ્ય ગુરૂદેવ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો જીવનચરિત્ર-ગ્રંથ છપાઈ રહ્યો છે, એ પરમહર્ષની વાત છે.

અર્વાચીન યુગમાં જે પ્રભાવક આચાર્યોએ માત્ર જૈન સમાજની જ નહિ પણ વ્યાપક અર્થમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિની મૂલ્યવાન સેવા કરી છે, અને આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોના પુનઃપ્રસ્થાપનમાં અમૂલ્ય પ્રદાન કર્યું છે, એમાં આચાર્યશ્રીનું સ્થાન અગ્રિમ કોટિમાં છે.

જ્ઞાનોદ્ધાર, જીવદયા, તીર્થોદ્ધાર તથા વિદ્વાન્ શિષ્યોને તાલીમ આપી તૈયાર કરવાનું જે ઋષિકાર્ય તેમણે જીવનપર્યંત કર્યું હતું તેને અને તેટલા પ્રમાણમાં ચાલુ રાખવાનો પુરુષાર્થ થાય તો જ એમની શતાબ્દીની ઉજવણી સાર્થક ગણાય, એમ મને લાગે છે. એ દિશામાં જૈન સમાજ પ્રયત્નશીલ રહેશે એવો મને વિશ્વાસ છે.

ભવદીય

**ભોગીલાલ જ. સાંડેસરા**

(નિયામક : પ્રાચ્ય વિદ્યા મંદિર, વડોદરા)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

કલિકાલસર્વજ્ઞ પૂજ્ય આચાર્ય હેમચંદ્રસૂરિજી મહારાજ માટે કુમારપાલ પ્રબંધમાં જણાવવામાં આવેલ છે કે–

इच्चाइ गुणोहं हेमसूरिणो पेच्छिऊण छेयजणो ।
सद्दहइ अदिट्ठे वि हु, तित्थयर गणहरप्पमुहे ॥

અર્થાત્ :–તેમને જોતાં પૂર્વના તીર્થંકર ભગવંતો અને ગણુધર ભગવંતો કેવાં હશે તે ખ્યાલ આવે છે.

પ. પૂજ્ય આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ એવાં જ–પૂર્વના સર્વક્ષેત્રે ઉપકાર કરનાર આચાર્ય ભગવંતની પ્રતિકૃતિ સમાન હતાં. એમના દર્શનથી શ્રીહીરસૂરીશ્વરજી મહારાજ વગેરે આચાર્યભગવંતો કેવાં પ્રતિભાશાલી હતાં, તેનું ભાન થતું.

જૈન શાસનનું કોઇ પણ એવું ક્ષેત્ર નથી, કે જેને તેમણે તેમના જીવનકાળ દરમ્યાન ન વિકસાવ્યું હોય. સમગ્ર શાસનનો બોજો તેમણે વહન કર્યો છે, અને શાસનના સર્વ-ક્ષેત્રોમાં તેમણે પ્રાણ પૂર્યો છે.

જૈન શાસનનો સમગ્ર ઇતિહાસ જોતાં જણાશે કે તેની શ્રમણુપરંપરામાં સદીએ સદીએ કોઈ વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિ પાકે છે, અને જૈન શાસનને ઉન્નત બનાવે છે. જેમ કે – ૧૬ મી શતાબ્દીમાં પૂ. આનંદવિમળસૂરિજી, ૧૭ મી શતાબ્દીમાં જગદ્ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી, શ્રીવિજયદેવસૂરિજી, ૧૮ મી શતાબ્દીમાં ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મ., તથા ક્રિયોદ્ધારક શ્રીસત્યવિજયજી પંન્યાસ વગેરે, તેમ વિક્રમની વીસમી શતાબ્દીમાં જૈન-શાસનની સર્વતોમુખી પ્રભાવના કરનાર પૂજ્યશ્રી વિજયનેમિસૂરિ મહારાજ છે.

જે કાળે સાધુઓની સંખ્યા અલ્પ હતી. અતિપ્રાચીન ગણાતાં તીર્થો જીર્ણશીર્ણ હતાં. પ્રાચીન ગ્રંથ ભંડારો કોથળાંને કોથળાં ભરી વેચાતાં હતાં. યોગોદ્વહનની ક્રિયા નષ્ટ થઈ હતી. પઠન–પાઠન–શાસ્ત્રાભ્યાસ મંદસ્થિતિમાં હતાં. ઉપદેશ–વ્યાખ્યાનકળા નિસ્તેજ બનતી જતી હતી. રાજકીય અને સામાજિક ક્ષેત્રે જૈનશાસનની પ્રતિભા ક્ષીણ થઇ રહી હતી. રાજાઓ અને શ્રીમંતો ઉપર પ્રતિભા પાડી ધર્મમાર્ગે વાળનાર વ્યક્તિઓ વિરલ બનતી જતી હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય જનતામાં ધર્મનો ઉત્સાહ પ્રેરે તેવાં ઉત્સવો બહુ વર્ષોના અંતરે થતાં હતાં. જૈનશાસન ઉપર થતા પ્રત્યાઘાતોનો પ્રત્યુત્તર આપનાર વ્યક્તિ જડતી ન હતી. **તે વખતે આ મહાપુરુષ જૈનશાસનને સાંપડયાં.**

ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, માલવા, બંગાળ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ વગેરે ચારે તરફ પથરાયેલ જૈનોની વસ્તીમાં મોટાં શહેરોમાં ભાગ્યે જ એક બે સાધુઓ મળતાં. અને તે સાધુઓમાં પણ કલ્પસૂત્ર વાંચે તે તો મહાવિદ્વાન્ ગણાય, તેવી પરિસ્થિતિ હતી. તે વખતે તેમણે ઉત્તમ કુટુંબના નબીરાંઓને દીક્ષા આપી, સાધુ સંસ્થા વધારી. એટલું જ નહિ, તેમણે પઠન-પાઠનનો નાદ ગજાવ્યો. જૈન આગમગ્રંથો, ન્યાયના પ્રકાંડગ્રંથો, વ્યાકરણ, સાહિત્ય, જયોતિષશાસ્ત્રના આકરગ્રંથોનો અભ્યાસ શરૂ કરાવ્યો. જૈન જગત્માં જ નહિ, જૈનેતરોને પણ પૃચ્છાયોગ્ય વિદ્વાન્ મુનિઓ તૈયાર કર્યાં.

આમ સાધુઓની સંખ્યા વધારવાનો અને વિદ્વાન્ મુનિઓને તૈયાર કરવાનો નાદ તેમણે પોતાના સમુદાયમાં તો કર્યો, પણ તેની અસર બીજા સમુદાયોમાં પડી. જેને લીધે અન્ય સમુદાયના સાધુઓ પણ સંસ્કૃત, પ્રાકૃત, કાવ્ય અને આગમોના અભ્યાસમાં દત્તચિત્ત બન્યા. પરિણામે - વિદ્વાન્ સાધુ સંસ્થા તૈયાર થઈ.

તેમના વિહારક્ષેત્રમાં હંમેશાં તેમની નજર શાસનના સર્વ અંગો ઉપર પડતી. જે અંગ શિથિલ કે વિરૂપ હોય, તેને ઉત્તેજિત અને સાચે માર્ગે લાવવામાં સદા તેમનું લક્ષ્ય રહેતું. કદંબગિરિ, શેરીસા, તળાજા, રાણકપુર, માતર, કુંભારિયાજી વગેરે તીર્થોનો તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો છે. રાજસ્થાનના વિહારમાં કાપરડાજી તીર્થની જીર્ણતા અને આશાતના દેખી તેમનું હૃદય કંપ્યું. અને પ્રાણાંત કષ્ટની પણ પરવા ન કરીને એ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો. તેર તીર્થોના ઉદ્ધાર તો તેમને હાથે સ્વતંત્ર થયાં છે. પણ ભારતના તમામ તીર્થોની રક્ષા ને વ્યવસ્થા શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી સંભાળે છે, તેમાં હંમેશાં તેઓની દોરવણી, સલાહ અને સૂચના અગ્રપણે રહ્યાં છે. ગમે તે તીર્થ તરફ નજર નાંખશો, તો તે તીર્થમાં તેમનો ઉપદેશ, પ્રેરણા અગર કોઈ ને કોઈ જાતનો સહયોગ જોવા મળ્યા વિના નહિ રહે. તીર્થોદ્ધાર અને તીર્થરક્ષા એ એમનાં પરમ ધ્યેય હતાં.

જૈનસમાજની સંપત્તિ-મંદિરો, ભંડારો, ઉપાશ્રયો વગેરે જે કોઈ મિલકત હોય, તેનો વહીવટ શ્રાવકવર્ગ કરે, પરંતુ - તેનો વહીવટ કઈ રીતે કરવો ? તેની રક્ષા તથા સંવર્ધન કઈ રીતે કરવાં ? એની દોરવણી હંમેશાં સાધુ ભગવંતો પાસેથી લેવામાં આવતી. વચ્ચેના થોડાં વર્ષોના ગાળો એવો ગયો કે - આ દોરવણી આપનાર વિશિષ્ટ પ્રતિભાશાલી આગેવાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ સૂરિપુંગવ રહ્યાં નહિ. એટલે પરિપાટી મુજબ આગેવાન શ્રાવકો શાસનની ધુરા ચલાવતાં રહ્યાં. પરંતુ પૂજ્ય આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ શાસનને સાંપડયા પછી તેમણે શાસનના દરેક અંગોને સુદૃઢ કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો. પેઢીનું વ્યવસ્થિત બંધારણ પુનઃ ઘડાવ્યું. તીર્થોની રક્ષામાં જૈન આગેવાનોને દત્તચિત્ત બનાવ્યાં. જેને પરિણામે શત્રુંજય, ગિરનાર, તારંગા, શિખરજી વગેરે તીર્થોમાં જે કોઇ બિનહક્કથી પગપેસારો કરતાં હતાં, અને માલિકીનો દાવો કરતાં હતાં, તેઓ અટકયાં. શ્રીશેઠ કસ્તૂરભાઇ મણિભાઈ, શ્રીશેઠ મનસુખભાઇ ભગુભાઇ, શ્રીશેઠ લાલભાઇ દલપતભાઈ, શ્રીશેઠ કીકાભાઈ પ્રેમચંદ, શ્રીશેઠ વીરચંદ દીપચંદ વગેરે આગેવાનો તીર્થોના વહીવટમાં કટિબધ્ધ બન્યાં, અને તીર્થોની રક્ષા માટે તેમણે પોતાના વ્યવસાયને ગૌણ કરી હંમેશ તીર્થરક્ષાને મુખ્ય ગણી છે.

જ્યારે જ્યારે તીર્થરક્ષાનો પ્રસંગ આવ્યો છે, ત્યારે ત્યારે તે વખતના બેરિસ્ટરો શ્રી ચીમનભાઇ સેતલવડ, અને શ્રી ભુલાભાઇ દેસાઇ તેમ જ આગેવાન ગૃહસ્થો આ બધાં તીર્થોના પ્રશ્નને સમજવા અને કઈ રીતે કામ લેવું તેની દોરવણી મેળવવા હંમેશાં પૂજ્યશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ પાસે પધારતાં. અર્થાત્ – સમગ્ર જૈનશાસનનું કેન્દ્ર પ. પૂ. આચાર્ય મહારાજ હતાં.

જ્યારે પ. પૂ. આચાર્યદેવ મારવાડ – રાજસ્થાન પધાર્યા, ત્યારે જતિઓની પરિસ્થિતિ પલટાઈ ગઇ હતી. તેમનો માન–મરતબો ક્ષીણ થયો હતો. વૃદ્ધ યતિઓને નવાં શિષ્યો મળતાં ન હતાં. મળતાં તે લેભાગુ અને અવિશ્વસનીય હતાં. પરિણામે પ્રાચીન–હસ્તલિખિત ભંડારોને તેઓ પાણીના મૂલ્યે વેચી નાખતાં હતાં. પૂ. મહારાજશ્રીએ આ ભંડારો ખરીદી લેવા ગૃહસ્થોને ઉપદેશ આપ્યો. યતિઓના આવતાં પુસ્તકો ખરીદી લેવરાવ્યાં, અને પોતાના સાધુઓને તેમાં લગાડી અનેક ગ્રંથોની સૂચિ તૈયાર કરાવી. જેમાંથી ઉ. યશોવિજયજી મ. વ. ના ગ્રંથોની અલભ્ય પ્રતિઓ પણ સાંપડી. આજે અમદાવાદ, ખંભાત અને કદંબગિરિના ભંડારો તે જ કારણે ભરપૂર છે. આમ નષ્ટ પામતાં ગ્રંથો–ગ્રંથભંડારોને સાચવી રાખવાનો અને તે પ્રાપ્ત થયેલા ગ્રંથોમાં પોતાના વિદ્વાન્ શિષ્યવર્ગને પરોવી તેનું સંશોધન કરાવવાનો પૂર્ણ પુરુષાર્થ તેમણે કર્યો.

તપાગચ્છની ૬૧ મી પાટે શ્રી વિજયસિંહસૂરિ મહારાજ થયાં. આ પછી ધીમે ધીમે શિથિલાચારે જોર કર્યું. આચાર્યની પરંપરા યતિઓમાં ચાલી. સંવેગી શ્રમણોની પરંપરામાં માત્ર પંન્યાસપદ રહ્યું. બસોથી અઢીસો વર્ષ સુધી આ પરિસ્થિતિ રહી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનકવાસી સંપ્રદાયમાંથી શ્રી બુટેરાયજી મહારાજ મુહપત્તિ છોડી સંવેગી મુનિ બન્યાં. તેમની સાથે સ્થાનકવાસી સંપ્રદાયમાંથી ઠીક ઠીક સાધુ સંપ્રદાય આવ્યો. પણ આ બધામાં તેમનામાંથી યોગોદ્વહન કરીને શ્રી મૂળચંદજી (મુક્તિવિજયજી) મહારાજ ગણિપદ ધારક થયા. બુટેરાયજી મ. ના સમુદાયમાં જે મુનિઓ દીક્ષિત થતાં તે બધાંને વડીદીક્ષા માટે તેમની પાસે મોકલવામાં આવતાં. તે કાળે તપાગચ્છમાં કોઇ આચાર્ય ન હતું. પંન્યાસ અને ગણિથી ઉપરની પદવી ન હતી.

આ બધાં સંયોગો જોતાં એ કાળમાં યોગોદ્વહન કરાવનારા મહાત્માઓ વિરલ હતાં. અને તેમની પાસે યોગોદ્વહન કરવા એ કસોટીભરી પરિસ્થિતિ હતી. આ પરિસ્થિતિને જો કોઇએ વળાંક આપીને યોગોદ્વહનની પ્રક્રિયાને સમાજમાં ગૌરવવંતું સ્થાન અપાવ્યું હોય તો પ. પૂ. શ્રી નેમિસૂરીશ્વરજી છે. તેમણે વિધિપૂર્વક યોગોદ્વહન કર્યું, અને ૨૦૦-૨૫૦ વર્ષથી વિલુપ્ત થયેલી સૂરિમંત્ર-પંચપ્રસ્થાનની પ્રક્રિયાને ઉદ્ધરિત કરી. અને તેની પૂરી આરાધનાદ્વારા આ તપાગચ્છમાં આ કાળના યોગોદ્વહન પૂર્વકના પ્રથમ આચાર્ય થયાં. તેનું પરિણામ એ આવ્યું કે-યોગોદ્વહન વિના પદગ્રહણની શરૂઆત અટકી ગઇ, અને જેઓના સમુદાયમાં યોગોદ્વહન વિના પદગ્રહણ કરવાનો પ્રારંભ થયો હતો, તેઓ પણ આરાધનાપૂર્વક યોગોદ્વહન કરનારાં બન્યાં.

સરળ અને સુલભ શરૂ થયેલી પરિપાટીને બદલી આખાં શાસનને વિહિત કઠિનમાર્ગે વળાંક આપવો, તે તેજસ્વી અને પ્રભાવક પુરુષ વિના બની શકે નહિ, માટે જ આ કાળના તેઓશ્રી પ્રથમ આચાર્ય, સૂરિસમ્રાટ્ કે સૂરિચક્રવર્તી, જે કહીએ તે ખરેખર યોગ્ય હતાં.

આપણા પૂ. ચરિત્રનાયક, પૂ. પં. મણિવિજયજી મ., અને પૂ. આગમોદ્ધારક સૂરિજીની ત્રિપુટી તે વખતે વ્યાખ્યાનકાર તરીકે પ્રસિદ્ધ હતી. માત્ર શ્લોક અને શ્લોકનો અર્થ કહી આગળ ચલાવવાની પ્રણાલિકામાંથી આગળ વધી તેનું રહસ્ય, તાત્પર્ય, શાસ્ત્રકારોની દીર્ઘદૃષ્ટિ અને તુલનાના વર્ણનપૂર્વક વિવેચનવાળા વ્યાખ્યાનોના પુરસ્કર્તા પ. પૂ. આચાર્યદેવ હતાં. અષ્ટકજી, મૂર્તિપૂજા, ગણધરવાદ, ભગવતીસૂત્ર વગેરેના વ્યાખ્યાનો ગમે તેટલીવાર સાંભળ્યા છતાં તેમના વ્યાખ્યાનમાંથી હંમેશા શ્રોતાઓને નવું જ જાણવાનું મળ્યું છે. વિદ્વાન્ અને સામાન્ય શ્રાવક બન્ને રુચિકર-તેમનું વ્યાખ્યાન હતું. ટુંકમાં વિદ્વદ્ભોગ્ય વ્યાખ્યાનની પ્રણાલિકા તેમ જ ગ્રંથ ઉપરના વિશિષ્ટ ચિંતનપૂર્વકના વિવરણની શૈલીના પુરસ્કર્તા આ કાળે જો કોઈ હોય તો તે સૂરિચક્રચક્રવર્તી હતાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત મદનમોહન માલવીયા, આનંદશંકર ધ્રુવ, નાનાલાલ કવિ, ડૉ. હર્મન જેકોબી જેવાં વિદ્વાનોએ તેમનો પરિચય કેળવ્યો છે. એટલું જ નહિ, પણ તેમના ધર્મોપદેશ માટે માલવીયાજીએ કાશીમાં પધારવાની માંગણી કરી છે. આનંદશંકર ધ્રુવ અને નાનાલાલ કવિ જેવાંએ દૂર દૂર સુધી જઈ તેમના વ્યાખ્યાનશ્રવણ અને તેમની સાથેની શાસ્ત્રીય ચર્ચા વિચારણા માટે પરિશ્રમ સેવ્યો છે. હર્મન જેકોબી જેવાં વિદ્વાને તેમની પાસે શંકાઓનાં સમાધાન મેળવી, પોતાની ભૂલ સુધારી પ્રવર્તક કાન્તિવિજયજી આગળ ઉચ્ચાર્યું છે કે–'પૂ. આ. વિજયનેમિસૂરિજી જૈનશાસનના સંચાલક છે.'

પ્રભાશંકર પટ્ટણી, યુરોપિયન કમિશ્નર પ્રાટ્, ઉદેપુરના રાણા, ભાવનગર–નરેશ, જામનગરના જામસાહેબ, ધ્રાંગધ્રાનરેશ ઘનશ્યામસિંહજી, તેમજ તે કાળના અનેક સરકારી વિશિષ્ટ અધિકારીઓ તેમના પરિચયમાં આવ્યાં છે. તેમના તેજપુંજથી પ્રભાવિત થઈ, નતમસ્તક બની પોતાને કૃતકૃત્ય માનનારાં આ રાજપુરુષો હતાં.

જૈનશાસનમાં તે કાળે ગણાતો કોઈ એવો આગેવાન નથી કે–જે તેમના દર્શન, વંદન અને ઉપદેશશ્રવણ માટે તલસતો ન હોય. અમદાવાદના નગરશેઠથી માંડી જૈન શાસનના તમામ આગેવાનો–શ્રીનગરશેઠ, શેઠશ્રી મનસુખભાઈ, શેઠશ્રી લાલભાઈ, શેઠશ્રી વીરચંદ દીપચંદ, શેઠશ્રી ચીમનભાઈ, શેઠશ્રી અંબાલાલ સારાભાઇ, શેઠશ્રી પોપટભાઇ અમરચંદ, શેઠશ્રી કસ્તુરભાઇ અમરચંદ, ભાવનગરના શેઠશ્રી અમરચંદભાઇ, શેઠશ્રી કુંવરજીભાઇ શેઠશ્રી કીકાભાઇ પ્રેમચંદ, શેઠશ્રી શાન્તિદાસ આશકરણ વગેરે વગેરે લબ્ધપ્રતિષ્ઠ તમામ શ્રેષ્ઠિવર્ગ શાસનના કોઈપણ કાર્ય માટે હંમેશા તેમની સલાહ, સૂચના અને પ્રેરણાની અપેક્ષા રાખતાં. અને કોઈપણ મોટાં માનવીને પોતાની ભૂલ હોય તો સ્પષ્ટપણે જણાવવાનું વિશ્વસનીય સ્થાન પૂ. આચાર્યશ્રી હતાં.

અંજનશલાકાની વિધિ વર્ષો થયાં વિસરાઈ હતી. પૂ. આચાર્યભગવંતે તે વિધિને પુનર્જીવિત કરી. પોતાના શિષ્યોને તૈયાર કર્યાં, અને વિધિકારકોને પણ તજ્જ્ઞ બનાવ્યાં. તેમના વરદહસ્તે ચાણસ્મા, માતર, ખંભાત, કદંબગિરિ, રોહિશાળા, વઢવાણ, બોટાદ વગેરે ઠેકાણે અંજનશલાકાઓ થઇ. અને ખંભાત, અમદાવાદ, કલોલ, શેરીસા, ફલોધી, કાપરડા, તળાજા, ઘાણેરાવ, ઉદેપુર, મહુવા, ભંડારિયા, કદંબગિરિ, ધોલેરા, ભાવનગર, જામનગર, પાલિતાણા, વઢવાણ, બોટાદ વગેરે અનેક ઠેકાણે પ્રતિષ્ઠા થઈ છે.

કોઈપણ તીર્થ કે ભવ્ય જિનમંદિરની પ્રતિષ્ઠા માટે શ્રીસંઘો હંમેશા પ. પૂ. આચાર્યદેવના સાન્નિધ્ય માટે જ ઉત્સાહી રહેતાં. આમ વિવિધ સ્થળોએ અંજનશલાકા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા વગેરે વિવિધ ભવ્ય ઉત્સવોદ્વારા જૈન-જૈનેતર પ્રજામાં જૈનધર્મની મહાપ્રભાવના કરવામાં આ કાળે જો કોઈપણ પ્રથમ પુરસ્કર્તા હોય તો તે પ. પૂ. આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ છે.

સૌ કોઇ જાણે છે કે-આજે સિદ્ધચક્રપૂજન ઠેર ઠેર ભણાય છે, અને જીવનના લ્હાવારૂપ મનાય છે, એ સિદ્ધચક્ર મહાપૂજન તથા અર્હન્મહાપૂજન, વગેરે વિશિષ્ટ વિધિવિધાનોને જો કોઇએ પણ પુનર્જીવિત કરી જૈન જનતામાં ધર્મઉત્સાહના અવિરત પ્રવાહને પ્રસારિત કર્યો હોય તો તે શ્રેયના કર્તા પ. પૂ. વિજયનેમિસૂરિ મહારાજ છે.

'શત્રુંજય સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ,' શત્રુંજય સમાન કોઇ તીર્થ નથી. આથી ભારતમાં જુદે જુદે ઠેકાણે વસતાં જૈનોમાં કેટલાંએ કુટુંબો છે કે-પ્રત્યેક વર્ષમાં એક વખત તો આ તીર્થની યાત્રા કરે જ છે. સેંકડો સ્થળોથી શ્રીસંઘો આ તીર્થની યાત્રા કરવા આવે છે. સંવત્ ૧૯૮૨ માં પાલિતાણા-દરબાર સાથે વાંધો પડ્યો. જૈનોની અટલ ભક્તિ અને શ્રીશત્રુંજય પ્રત્યેના તીર્થપ્રેમનો લાભ ઉઠાવવા તેણે મુંડકાવેરા જેવો કર નાંખવાનું વિચાર્યું. પરિણામે શ્રીશેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પૂજ્ય આચાર્ય મહારાજની દોરવણીથી શ્રીશત્રુંજયની યાત્રા બંધ કરી.

આ હાકલને ભારતભરના જૈનોએ વધાવી લીધી. દરેક ગચ્છે તેનો સ્વીકાર કર્યો. અને કોઈપણ જૈન બચ્ચાએ તે આજ્ઞાને લોપી નહિ. પરિણામે પાલિતાણાના ઠાકોરને નમતું જોખવું પડયું, અને સીમલામાં આપણા આગેવાનો તથા ઠાકોર વચ્ચે મંત્રણા યોજી તે વખતના વાઈસરોય લૉર્ડ ઈરવીનને તથા પોલિટિકલ એજન્ટ વોટસનને સમાધાનનો માર્ગ લેવો પડયો.

આ બતાવે છે કે-પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો જૈનશાસનના આગેવાનો, તમામ ગચ્છો અને ગામોગામના સંઘો ઉપર કેવી પ્રતિભા હતી.

કોઈપણ સંઘ ઉપર આપત્તિ આવે ત્યારે તે શ્રીસંઘ પોતાની રક્ષા માટે જો કોઈનું શરણું લેવાનું વિચારે તો તે પૂજ્ય આચાર્ય મહારાજનું જ. ગડબોલનો પ્રસંગ આ બીના માટે ઉત્તમ દૃષ્ટાંત પૂરૂં પાડે છે.

પ. પૂ. આચાર્યદેવ કોઈ પણ કાર્ય કરતાં તે પહેલાં તેનો અનેક રીતે લાભાલાભનો વિચાર કરતાં. પરંતુ કાર્ય ઉપાડયા પછી શ્રીસંઘનો પ્રભાવ અવિહડ સચવાઈ રહે તે માટે 'કીડી સામે કટક'ની તૈયારી તેઓની રહેતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષાના કાયદા તથા દેવદ્રવ્યના પ્રશ્ને સમાજનું વાતાવરણ ડોળાયું હતું. તેનું દુઃખ આચાર્ય મહારાજને તથા સંઘના આગેવાનોને હતું. આ માટે તેમને મુનિસંમેલનની જરૂરિયાત લાગી. શ્રીનગરશેઠ કસ્તુરભાઇ મણિભાઈ તથા શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ શાસનના મુખ્ય મુખ્ય આચાર્યોને તથા તમામ ગચ્છના નાયકોને મલ્યાં. જેને પરિણામે અમદાવાદમાં ૪૦૦ સાધુ અને ૭૦૦ સાધ્વીજી મહારાજો એકઠાં થયાં.

જૈનશાસનના સર્વ અંગોનો વિચાર કરવા માટેનું મુનિસંમેલન શાસન માટે આ સૈકાનો અભૂતપૂર્વ પ્રસંગ હતો, એ ૩૩ દિવસ ચાલ્યું, અનેક પ્રકારે શાસ્ત્રીય વિચારણા થઈ અને સર્વસંમત નિર્ણય લાવી આ મુનિસંમેલને શ્રમણ સંસ્થાની પ્રતિષ્ઠા ખૂબ વધારી. આ બધાં કાર્યોમાં નગરશેઠને અને અમદાવાદના સંઘને પૂ. આચાર્ય મહારાજની દોરવણી રહેલી. તેમજ તે વખતે પ્રારંભમાં દહેગામ ગ્રુપ વગેરે પડેલાં ગ્રુપોને એકમત કરવાનું કામ પૂજ્યશ્રીએ ખૂબ જ કુનેહપૂર્વક બજાવી સંમેલનને પાર પાડયું હતું.

તીર્થની ભક્તિવાળાં શ્રાવકોદ્વારા નાના મોટાં સંઘો તો ઘણાં નીકળે છે. પણ જેમાં તેર તેર હજાર માણસો, તેરસો ગાડાં વિ. વાહનો, અને સંઘનો જ્યાં પડાવ હોય ત્યાં મોટું નગર વસ્યું હોય તેવાં–શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ, શેઠ નગીનદાસ કરમચંદ અને શેઠ પોપટલાલ ધારશીભાઈ જેવાના સંઘ તો કવચિત્ જ નીકળ્યાં છે, કે જે સંઘોના રજવાડાંઓએ ઉમળકાભેર સ્વાગત કર્યાં છે, અને જે સંઘના દર્શન જૈનેતર પ્રજાએ જૈનશાસનની પ્રશંસા કરી છે. છ'રી' પાળતાં અનેક સંઘો પૂજ્ય આચાર્યદેવના સાન્નિધ્યમાં નીકળ્યાં છે.

નાના મોટા તપના ઉજમણાં તો અનેક સ્થળે શ્રાવકો દ્વારા થતાં હોય છે. પણ જે ઉજમણાં ખરેખર શાસનની પ્રભાવનાને કરનારાં હોય, અને જેના દર્શન માટે ગામેગામથી લોકો ઉમટે તેવાં–શેઠ જમનાભાઈ ભગુભાઇ, શેઠ મનસુખભાઇ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદ અને શેઠ મૂલચંદ બુલાખીદાસે કરેલાં તો કવચિત્ જ થાય છે. આવાં શાસનપ્રભાવક ઉદ્યાપનોદ્વારા શાસનની અનેકવિધ પ્રભાવના પ. પૂ. આચાર્ય મહારાજના વરદહસ્તે થઇ છે.

દુષ્કાળરાહત, જીવદયા, ધર્મશાળા, પાઠશાળા, આંબિલશાળા, જ્ઞાનપ્રકાશન સંસ્થાઓ વ. અગણિત ઉત્તમ કાર્યો એમના હસ્તે આ કાળમાં થયાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટુંકમાં—જૈનશાસનનો છેલ્લાં ૬૧ વર્ષનો ઉન્નતિ—ઇતિહાસ, એટલે પ. પૂ. આચાર્યશ્રી વિજયનેમિસૂરિ મહારાજ. જૈનશાસનનું કોઈપણ એવું વિશિષ્ટ કાર્ય નથી કે—જેમાં તેમનું સાન્નિધ્ય, સહયોગ અને આશીર્વાદ લેવામાં ન આવ્યાં હોય.

પરાઘાત નામકર્મ કોને કહેવાય? તે તેમના દર્શને સમજાતું. ભલભલાં મોટાં માણસો તેમના દર્શને પોતાને પામર માનતાં. તેમની આંખ માણસને જોતાંવેંત પારખી લેતી. સામાના એક બોલે તેના હૃદયમાં શું ભાવ ભર્યો છે, તે સમજી લેતાં. પચીસ પચાસ વર્ષે શું બનશે, તેની તેમનામાં પાકી ગણત્રી હતી. કોઈપણ કામ કરતાં પહેલાં પરિણામનો વિચાર હતો. આવા દીર્ઘદ્રષ્ટા, પ્રભાવક, વિદ્વાન્ અને શાસનના આધારસ્તંભ પૂ. સૂરિવર હતાં.

પૂજ્ય આચાર્ય મહારાજે સંઘ ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. આજે તે ભલે ન હોય, પણ તેમણે કરેલાં શાસનના કાર્યો તેમની સ્મૃતિને હજારો વર્ષ સુધી યાદ કરાવશે, કદંબગિરિ, કાપરડાજી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના દર્શને તેમનું દર્શન થશે. વિદ્વાન્ મુનિ માત્રના દર્શને તેમની સ્મૃતિ તાજી થશે. શાસનની સુવિહિત પ્રણાલિકાનું આચરણ તેમને ઓશીંગણ રહેશે.

પૂજ્ય આચાર્યદેવે જૈનશાસનને—અતિભદ્રિક પરિણામી—ન્યાયશાસ્ત્રના અજોડ વિદ્વાન્ પૂ. આ.શ્રી વિજયદર્શનસૂરિજી મહારાજ, સમર્થઆગમાદિ શાસ્ત્રોના જ્ઞાતા છતાં ગુરુ-ગૌતમની યાદ આપે તેવાં ગુરુભક્ત પૂ. આ.શ્રી વિજયોદયસૂરિજી મ., પૂ. શાસનસમ્રાટ્ની પ્રતિભાની યાદ આપે તેવા—દીર્ઘદ્રષ્ટા—શાસનમાન્ય પૂ. આ.શ્રી વિજયનન્દનસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજયપદ્મસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજયામૃતસૂરિજી મ., પૂ. આ.શ્રી વિજયલાવણ્યસૂરિજી મ., તથા પૂ. આ.શ્રી વિજયકસ્તૂરસૂરિજી મ.—જેવાં ઘણાં આચાર્યો અને વિદ્વાન્ સાધુગણનો ઉત્તમ વારસો આપ્યો છે.

'જબ તું આયો જગત્ મેં, લોક હસત તુમ રોય, ઐસી કરણી અબ કરો, તુમ હસત જગ રોય'ની ઉક્તિ પૂ. આચાર્યદેવે સાર્થક કરી છે. આજે તેઓ નથી, પણ તેમના કાર્યો, તેમની કુનેહ, પ્રતિભા અને શાસનની સેવા સૌને તેમની યાદ આપે છે.

યુવાની, સત્તા અને કીર્તિ એવી છે કે—ભલભલાંને અહંતા ઉત્પન્ન કરી અનર્થ કરાવે છે. પ. પૂ. આચાર્યદેવના અનેક રાજાઓ, વિદ્વાનો, આગેવાન શ્રેષ્ઠિઓ પરમભક્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતાં. વિશાળ, વિદ્વાન્ શિષ્યસમુદાય હતો. છતાં કોઈ દિવસ કોઈ વાતનો આગ્રહ રાખ્યો નથી. હંમેશા સંપ અને સુમેળ રહે તે જ રાહ તેમણે જીવનમાં અપનાવ્યો છે.

સૌ પ્રથમ આ પ્રભાવક સૂરિવરના દર્શન ચાણસ્મામાં તેઓશ્રી ચાતુર્માસ બિરાજમાન હતાં, ત્યારે મેં મારા બાલ્યકાળમાં ૧૫ વર્ષની ઉંમરે કર્યા. તે વખતે તેઓશ્રી શાસનના સર્વેસર્વા હતાં. તેઓની માંદગી પ્રસંગે અમદાવાદ, ભાવનગર અને જુદાં જુદાં સ્થળેથી સેંકડો આગેવાનો સુખસાતા પૂછવા આવતાં. આ પછી તો તેઓશ્રી પાટણ પધાર્યા. ત્યાં તેમનું થયેલું સ્વાગત અભૂતપૂર્વ હતું. અમે પાટણમાં શ્રી પ્રભુદાસભાઈના વિદ્યાભુવનમાં ભણતા હતાં. અહીં અમારા બધાંના હૃદયમાં એ શાસનપ્રભાવક તેજોમૂર્તિની છાયા પડી. પછી તો ઉત્તરોત્તર તેમના હાથે ઉજમણું, સંઘ વગેરે અનેક શાસન-પ્રભાવનાના કાર્યો નિહાળ્યાં. અને શાસનના અદ્વિતીય મહાપુરુષ તરીકેની તેમના પ્રત્યેની પૂજ્યતા સ્થિર થઈ.

પાટણ–વિદ્યાભુવનમાં કરેલાં અભ્યાસ પછી ધાર્મિકક્ષેત્રે જીવનવ્યવસાય થયો. અને તે વ્યવસાય અમદાવાદમાં સ્થિર થયો. અહીં પ.પૂ.આ. સાગરાનંદસૂરિજી મ., પ.પૂ. આ. સિદ્ધિસૂરિજી મ., પ.પૂ.આ. નીતિસૂરિજી મ., પ.પૂ.આ. વલ્લભસૂરિજી મ., પ.પૂ.આ. દાનસૂરિજી. મ., પ.પૂ.આ. મેઘસૂરિજી મ., પ.પૂ.આ. લબ્ધિસૂરિજી મ., તેમજ પાયચંદ–ગચ્છીય પ.પૂ.આ. સાગરચંદજી મ., ત્રિસ્તુતિક પ.પૂ.આ. ભૂપેન્દ્રસૂરિજી મ., ખરતર–ગચ્છીય પૂ.આ. જયસિંહસૂરિજી મ., વગેરેના પરિચયમાં આવ્યો. આ બધાં લબ્ધપ્રતિષ્ઠ આચાર્ય ભગવંતો ઉપર તેમની (પૂ. ચરિત્રનાયકની) ઉત્તમ છાયા હતી. પૂ. આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરિજીએ તો મુનિપણામાં તેમની સાથે ચાતુર્માસ કર્યાં છે. એટલું જ નહિ, પણ તેમના હાથે શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહનપૂર્વક ગણિપદ–પંન્યાસપદ સ્વીકાર્યાં છે. સાથે મળીને હર્મન જેકોબીના લેખના પ્રતિકારરૂપે પરિહાર્યમીમાંસા લખી છે. વિ.સં. ૧૯૯૦ના મુનિ સંમેલનમાં દરેક બાબતમાં સાથે ઊભાં રહી અનેક પ્રશ્નોનો તોડ આણ્યો છે. પાંજરાપોળે સાથે રહ્યાં છે. અને શ્રી પોપટભાઈ ધારશીના સંઘ વખતે–"તારે સંઘમાં જાહોજલાલી લાવવી હોય, તો શ્રી નેમિસૂરિમહારાજને લઈ આવો." કહીને શ્રી સાગરજી મહારાજે પોપટભાઇ દ્વારા જામનગર ચાતુર્માસ માટે વિનંતિ કરાવી વિ.સં. ૧૯૯૩નું ચાતુર્માસ સાથે કર્યું છે. અને શ્રી પોપટભાઈના સંઘમાં પણ સદા સાથે રહ્યાં છે.

ખંભાતમાં સં. ૨૦૦૦માં તિથિસંબંધી ઉકેલમાં પ.પૂ.આ. શ્રી લબ્ધિસૂરિજી મ. સાથે થયેલી વિચારણા મુજબ એક પક્ષે પૂજ્યશ્રીએ આચાર્યોની સંમતિ મેળવી લેવી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બીજા પક્ષે પૂ. લબ્ધિસૂરિ મહારાજે સંમતિ મેળવી લઈ. આ પ્રશ્નનો ઉકેલ લાવવો. આ પ્રસંગે શ્રી સાગરાનંદસૂરિજીએ વિના સંકોચે પૂજ્યશ્રીને સંમતિ લખી મોકલી છે.

વિ.સં.૧૯૯૨માં તિથિમતભેદ ઊભો થયો. તે વખતે પ.પૂ. આચાર્યદેવ અમદાવાદમાં પાંજરાપોળના ઉપાશ્રયે બિરાજતા હતાં. પૂ.આ. સિદ્ધિસૂરીશ્વરજી મ. વિદ્યાશાળે બિરાજતાં હતાં. આ વખતે પૂ. સિદ્ધિસૂરિજી મ. પાંજરાપોળે પધાર્યાં. બન્ને આચાર્યપુંગવોએ વિચારવિનિમય કર્યો. અને છેવટે પૂ. સિદ્ધિસૂરિજી મહારાજે પૂજ્યપ્રવરને જણાવ્યું કે : "આપ જે રીતનો સંવચ્છરી સંબંધમાં નિર્ણય કરશો, તે રીતે હું કરીશ. અમદાવાદમાં ભેદ પડે, તેમ નહિ બને." અર્થાત્ – પૂજ્ય પ્રવરના વચન ઉપર અટલ **વિશ્વાસ હતો.**

પૂ. આચાર્ય શ્રીનીતિસૂરીશ્વરજી મહારાજનો તો તેમના ઉપર અત્યંત સદ્ભાવ હતો. તેમણે વિ.સં. ૧૯૭૧નું ચામુર્માસ પાંજરાપોળે પૂ. આચાર્યમહારાજની સૂચનાથી કર્યું છે.

એક પ્રસંગ મને બરાબર યાદ છે કે– કોચીનવાળા જીવરાજ ધનજીભાઈ તરફથી સિદ્ધહેમબૃહત્પ્રક્રિયા ગ્રંથ છપાયેલો. આ ગ્રંથમાં છેલ્લે–

**मयाशंकरपुत्रेण, गिरिजाशंकरेण वै ।**
**कृतेयं प्रक्रिया नित्यं, यावच्चन्द्रदिवाकरौ ॥**

આ શ્લોક છાપેલો. આ વાતની જાણ પૂજ્ય આચાર્યદેવને થતાં તેમણે પૂ. નીતિસૂરીશ્વરજીને જણાવ્યું કે – ગિરિજાશંકર પંડિતે આ કોઈ નવું પ્રક્રિયા વ્યાકરણ બનાવ્યું નથી. કલિકાલ સર્વજ્ઞ ભગવંતનું આ વ્યાકરણ આ રીતે આપણે હાથે છપાય તે વ્યાજબી નથી.

તુર્ત પૂ. નીતિસૂરીશ્વરજી મહારાજે તે શ્લોક ઉપર કાપલી ચોંટાડી દેવરાવી. અને ધ્યાન દોરવા બદલ લાગણી બતાવી. આમ આ બે આચાર્યો વચ્ચે ખુબ જ પ્રેમ અને લાગણી હતાં.

પ. પૂ. આ. શ્રીવલ્લભસૂરિજી મહારાજ તો પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત પૂજ્યભાવ રાખતાં. ઉદેપુરમાં સૌ પ્રથમ મળેલ તે વખતના ઉદ્ગારો તેમજ તેમની આ ગ્રંથમાં આપેલી અંજલિ વગેરે તે વાતને પ્રકાશિત કરે છે.

પ. પૂ. આ મેઘસૂરિજી મહારાજ વારંવાર જણાવતાં કે–"શાસનના આગેવાન બનવું હોય, અને શાસનમાં કોઈપણ સક્રિય કામ કરવું હોય તો પૂ. આચાર્ય શ્રીનેમિસૂરી-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વરજી મહારાજની નિશ્રા વગર બની શકે તેમ નથી." આ વાતને રજૂ કરીને જ શ્રી મયાભાઇ સાંકળચંદને અને શેઠશ્રી ભગુભાઈ સુતરિયાને પેઢીના કાર્યમાં જોડાવા સૂચના આપેલી.

પ. પૂ. આ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજનો પૂજ્યશ્રી પ્રત્યે કેવો અહોભાવ હતો, તે તો ખંભાતમાં તેમના થયેલા મિલનમાંથી જણાઈ આવે છે. આ ઉપરાંત–પરગચ્છીય શ્રી સાગરચંદ્રસૂરિજી અને આ. શ્રીભૂપેન્દ્રસૂરિજી મહારાજ પણ તેમને બહુમાન્ય ગણતાં. પ. પૂ. આચાર્યદેવનાં ઉત્તમ ચારિત્ર–બ્રહ્મચર્યના પ્રભાવે અને વ્યક્તિત્વે એવી અજબ શ્રદ્ધા પ્રગટાવી હતી કે – તેમના તેજ આગળ કોઇ વિઘ્ન આવે જ નહિ.

એક વખત શેઠશ્રી માણેકલાલ મનસુખભાઇએ તેમના નીકળેલાં સંઘનું ટુંક વર્ણન છપાવવાની મારી આગળ ઈચ્છા દર્શાવી. મને તેમના બંગલે બોલાવ્યો. લોબીમાં બેઠા પછી કેવાં સંજોગોમાં સંઘ કાઢયો ? કઈ રીતે વ્યવસ્થા કરી ? તે જણાવતાં તેમણે ધોળકા સંઘ આવ્યો, તેના વર્ણન બાદ તેમના પુત્ર રાજેન્દ્રકુમાર બહુ બિમાર પડયાં. આનું વર્ણન કરતાં તેમણે કહ્યું: "રાજેન્દ્ર બચશે કે નહિ બચે તેની ચિંતા હતી. તે જ વખતે મને કાળો પડછાયો દેખાયો. હું ડઘાઈ ગયો. લાગ્યું કે – જરૂર આ છોકરો હવે નહિ બચે. પણ તે જ વખતે અચાનક પૂજ્ય મહારાજજીનો અવાજ સંભળાયો, અને કાળો પડછાયો નાઠો. અને રાજેન્દ્ર બચી ગયો."

આ વાત ગમે તે હોય, પણ મને શેઠશ્રીની મહારાજશ્રી પ્રત્યેની અચળ શ્રદ્ધાનું દર્શન થયું. આવું જ દર્શન શેઠશ્રી પ્રતાપશી મોહોલાલ, શેઠશ્રી ચીમનલાલ લાલભાઈ, શેઠશ્રી જેશીંગભાઈ કાળીદાસ અને શ્રી કુલચંદભાઇ દ્વારા થયું છે.

શાસનના સર્વમાન્ય પ્રભાવશાલી આ સૂરિવરનો તેજપુંજ એવો હતો કે – તેમની સામે જોતાં પણ ક્ષોભ થાય. છતાં તેઓ એટલાં જ વિનોદી, આત્મીય અને મૃદુ હતાં.

એક વખત જૈન મર્ચન્ટમાં પૂ. આચાર્યદેવ બિરાજતાં હતાં. ત્યાં હું, પં. ભગવાનદાસભાઈ, પં. વીરચંદભાઇ રાત્રે તેમની પાસે ગયાં. વાતવાતમાં વિનોદમાં પૂ. આચાર્ય મહારાજે વીરચંદભાઇને કહ્યું: "કાઠીઆવાડીનો ભરોસો નહિ. તેની પાઘડીના આંટા એટલાં પેટમાં આંટા." પં. વીરચંદભાઈ બોલ્યાં કે: મહારાજશ્રી! આ શું કહો છો ? આપ મહુવાના છો. મહુવા શું કાઠીઆવાડથી અલગ છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજશ્રીએ જવાબ આપ્યો : "વીરચંદ! મને કોઇ કાઠીઆવાડી નહિ કહે, મેં માથું મુંડાવ્યું છે. સાધુ થયો છું. કાઠીઆવાડી કહેવાથી તને ખરાબ લાગતું હોય તો માથું મુંડાવી નાંખ. અને સાધુ બની જા."

એક વખત પાંજરાપોળે પૂજ્ય આચાર્યશ્રી પાસે વાતચીત કરતો હું પલાંઠી વાળી બેઠો હતો. સામી બાજુએ પ.પૂ.આ. ઉદયસૂરિજી મ. બેઠાં હતાં. તેમણે મારા પગની રેખા જોઈ કહ્યું : 'મફતલાલ! જો તું સાધુ થાય તો આચાર્ય થાય, તેવી તારાં પગની રેખા છે.' પૂજ્ય મહારાજશ્રીએ તુર્ત કહ્યું: 'ઉદયસૂરિજી સાહિત્ય, આગમ, શિલ્પ વગેરે શાસ્ત્રોના જાણકાર છે, તે તો જાણું છું. પણ રેખાશાસ્ત્ર જાણે છે, તે ખબર નથી. એ કહે છે તે ખોટી વાત છે. છતાં તું તેમને સાચાં પાડે, અને મને જુઠો પાડીશ તો હું ખોટું નહિ લગાડું. બોલ, તારે તેમને સાચાં પાડવાં છે?"

આવાં આવાં અનેક હળવાં પ્રસંગો છે કે – જે વખતે તેઓ અત્યંત સુકોમળ, મૃદુ અને નિખાલસ જણાયા છે.

સમુદ્રમાં રહેલ દીવાદાંડી જેમ માર્ગસૂચક છે, તેમ મોટા પુરુષોના જીવનચરિત્રો માર્ગસૂચક છે. પ.પૂ.આ. નેમિસૂરિમહારાજ એવાં મહાન્ પુરુષ છે કે – તેમનું જીવન નાના મોટાં અનેકને માટે માર્ગસૂચક છે. તેમનું જીવનચરિત્ર શાસનને સંગ્રહી રાખવા યોગ્ય અમૂલ્ય ભેટ છે. ઉગતાં મુનિઓ, આચાર્યો અને શાસનના નાયકોને તેમના જીવનમાંથી ઘણું જાણવાનું અને વિચારવાનું મળે તેમ છે.

પૂજ્ય આચાર્યશ્રીની હયાતીમાં તો તેમનું જીવનચરિત્ર લખાય, તે તેમને ઇષ્ટ ન હતું. તેથી તે સંબંધી કોઇ પ્રયત્ન ન થયો. પરંતુ તેમના સ્વર્ગવાસ પછી તે જીવન–ચરિત્ર તુર્ત પ્રગટ થાય તે માટે ઘણાં સાધુ, સાધ્વી અને આગેવાન ગૃહસ્થોની માંગણી હતી. પરંતુ તેમનો સ્વર્ગવાસ તેમના મુખ્ય શિષ્યોને ખૂબ આઘાતજનક હતો. તેમનું જીવનચરિત્ર કે જીવનપ્રસંગ સંભારતાં જ તેમને ડુમો ભરાઇ આવતો. આ કારણે કેટલોક સમય વ્યતીત થયો.

જીવનચરિત્ર અંગે કેટલીક સામગ્રી એકઠી કરી જુદા જુદા લેખકો દ્વારા આ પ્રગટ કરવાની ભાવના રાખેલી. પરંતુ કોઇને કોઈ કારણે તેમાં વિલંબ થયો. આ વિલંબ પ.પૂ. આચાર્યદેવ વિજયનંદનસૂરિ મહારાજને અસહ્ય લાગ્યો. તેમની ઇચ્છા હતી કે – હવે કોઇપણ રીતે આ સંગ્રહીત સામગ્રીવાળું જીવનચરિત્ર પ્રગટ થાય તો સારૂં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે વર્ષ ઉપર મને આ કાર્ય સોંપ્યું. મેં સહર્ષ સ્વીકાર્યું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષથી વિદ્યાવ્યાસંગ છૂટી જવાથી મેં આ કાર્ય માટે મારી જાતને યોગ્ય ન માની.

આથી – પ.પૂ. આચાર્યદેવ વિજયચંદનસૂરીશ્વરજી મહારાજના સાન્નિધ્યમાં ચાતુર્માસ કરેલ, અને જેમના ઉપર પૂ. આચાર્યદેવની પૂર્ણ અમીદૃષ્ટિ છે, તેવાં–થોડાં વર્ષના દીક્ષિત છતાં પ્રતિભાસંપન્ન બાળમુનિ શીલચંદ્રવિજયજીને આ ચરિત્રલેખનનું કાર્ય સોંપવામાં આવ્યું.

પૂજ્ય મુનિશ્રી શીલચંદ્રવિજયજીએ પૂર્ણ ઉલ્લાસ સાથે અવિરત પ્રયત્ન કરી, તે કાર્ય ખુબ સુંદર રીતે પૂર્ણ કરેલ છે. તેમના જીવનમાં પ્રકાશનનું કે લેખનનું કાર્ય આ પ્રથમ જ હશે. છતાં આ પ્રકાશનદ્વારા તેમનામાં રહેલ ભક્તિ અને શક્તિનું સુંદર પ્રકાશન કર્યું છે. તેમણે આ જીવનચરિત્રમાં અનેક વસ્તુઓનો સંગ્રહ રજુ કર્યા છતાં તેને નીરસ થવા દીધું નથી. પ્રકરણો, ભાષાનું સૌષ્ઠવ, વ. બરાબર સાચવ્યું છે. અને ભવિષ્યના આશાસ્પદ શ્રમણ લેખક તરીકે તેઓ બહાર આવશે, તેવી આશા પ્રગટાવી છે.

પ.પૂ. પરમોપકારી આચાર્યદેવ શ્રીવિજયચંદનસૂરીશ્વરજી મહારાજે શાસનના સ્તંભ પ.પૂ. આચાર્યદેવ વિજયનેમિસૂરીશ્વરજી મ.ના ગુણાનુવાદ કરવાનો ધન્ય અવસર આ પ્રસ્તાવના દ્વારા આપી મારી ઉપર મહાન્ ઉપકાર કર્યો છે.

વિદ્યાવ્યાસંગથી છૂટી ગયેલા અને ધંધાકીય વ્યવસાયમાં ગળાબૂડ ડૂબેલાં મારાથી કાંઈ અજુગતું લખાયું હોય તો તેની ક્ષમા માગી વિરમું છું.

પૂજ્યશ્રી આચાર્યદેવના ગુણગ્રામ અગણિત છે. તેની કલ્પના કરવી તે પણ અશક્ય છે. આ તો માત્ર અંગુલિનિર્દેશ છે.

લિ.

**પં. મફતલાલ ઝવેરચંદ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જનાભિમુખ પ્રતિભા

હજારો વર્ષ પૂર્વની પૌરાણિક કથાઓનાં સિદ્ધાંતવાદી આદર્શના નમૂના જેવાં પાત્રોમાં માણસને જેટલો રસ પડે છે, તેથી વિશેષ રસ તેને તેનાં સમકાલીન પાત્રોનાં વિચાર, વાણી, વર્તન આદિમાં પડે છે. એ સમકાલીનોમાંથી વ્યક્તિ જો ધર્મગુરુ હોય અથવા સંસારમાં રહ્યાં છતાં પદવી, પૈસા કે કીર્તિના લોભને વશ ન થનાર નિર્મોહી હોય તો જનસમાજ તેના પર પૂજાનો કળશ ચડાવે છે. કારણ, એના પરિચયથી લોકોના દિલમાં શ્રદ્ધા, ભક્તિ, સૌમ્યતા, સરલતા, આત્મનિરીક્ષણ આદિ ગુણો જાગે છે. જીવતરને એક પ્રકારનું ઘડતર–સ્થાન મળી રહે છે.

સામાન્ય વ્યક્તિઓ વિષે જો આમ હોય તો જેમણે સમગ્રતયા સંસારનો ત્યાગ કર્યો છે, આત્મોન્નતિના પંથે પ્રયાણ કર્યું છે, ચારિત્ર્યશુદ્ધિ જાળવી છે, એવી સંત વિભૂતિઓને વિષે તો કહેવું જ શું? આચાર્ય વિજયનેમિસૂરિજીનું તો જૈનધર્મગુરુઓમાં પણ વિશિષ્ટ સ્થાન છે. એક સામાન્ય વ્યકિત નેમચંદમાંથી મુનિ, પંન્યાસ અને આચાર્ય વિજયનેમિસૂરિની પદવી પ્રાપ્તિએ પહોંચે, એ એમના આધ્યાત્મિક જીવનમાં વસેલ સંયમ, સાધના, જ્ઞાનોપાસના આદિનો ઉત્કર્ષવાચક ક્રમ દર્શાવે છે. એમની જીવનસાધનામાંથી તારવી શકાય કે–સામાન્ય મનુષ્ય પણ જો આત્મનિરીક્ષણ કરવામાં, સત્ય–અહિંસા–અપરિગ્રહ જેવા ગુણોને દૈનિક વ્યવહારમાં આચરવામાં સતત પ્રયત્નશીલ રહે, તો તે ઘણી ઊંચી સિદ્ધિને પ્રાપ્ત કરી શકે.

સાધુઓના જીવનમાં ભાગ્યે જ બને એવી ઘટના એ છે કે–વિજયનેમિસૂરિનો જન્મ જે ઘરમાં થયો હતો તેમાં જ તેઓ કાળધર્મ પામ્યા હતા, અને તે પણ કેટલો વિશાળ શિષ્યપરિવાર મૂકીને. ઉદયસૂરીશ્વરજી, નંદનસૂરીશ્વરજી, દર્શનસૂરિ, વિજ્ઞાનસૂરિ, લાવણ્યસૂરિ વગેરે આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો, ગણિવર્ય, મુનિભગવંતો તેમજ સાધ્વી સમુદાય મળીને તો ઘણો મોટો સમુદાય કહી શકાય, આ સૌ જૈન તથા અમુક પ્રમાણમાં જૈનેતર સમુદાયોના આધારસ્તંભ બની રહે એ નાનીસૂની બીના તો નથી જ.

આચાર્યશ્રીની લોકસેવાઓ પણ ઘણી જાણીતી છે. ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના અનેક સ્તર અને સ્થળના લોકોમાં વિચરીને એમણે અહિંસાનો ઉપદેશ આપ્યો છે. દુષ્કાળ જેવી વિપત્તિવેળાએ અછતગ્રસ્ત વિસ્તારોમાં ફરીને દુષ્કાળગ્રસ્ત લોકોને માટે સહાય અને રાહતકાર્યોનો પ્રબંધ કરાવ્યો છે. તદુપરાંત સામાજિક જીવનક્ષેત્રે ઉદ્‌ભવતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક પ્રસંગોમાં લોકોની વચ્ચે દીવાલ બની બેઠેલા મનભેદ અને મતભેદ પણ મીટાવ્યા છે. એ સર્વે આચાર્યશ્રીની જનાભિમુખ પ્રતિભાનું પરિણામ કહી શકાય.

સ્વધર્મીઓ તેમને શાસનસમ્રાટ્, વચનસિદ્ધ પુરુષ, ભદ્રિક પરિણામી વગેરેથી ઓળખાવે છે. કેટલાક એમણે કરેલા કદંબગિરિના વિકાસને સંભારે છે, તો કેટલાક ચમત્કારિક કથાઓને સંભારીને શ્રદ્ધાંજલિ અર્પે છે. આ સઘળું આચાર્યશ્રી પ્રત્યેની અખૂટ ભક્તિનો આવિષ્કાર છે.

એમની જ્ઞાનોપાસના તો જૈનેતરોને પણ આકર્ષે એવી હતી. અનેક સ્થળોએ બહુમૂલ્ય તેમજ બહુસંખ્ય પ્રાચીન ગ્રંથોનું સંશોધન, નવાગ્રંથોનું સર્જન એમના હાથે થયું છે.

આજે ભૌતિક વિકાસ જેટલો જોવા મળે છે તેટલો આત્મિક વિકાસ થયેલો જોવા મળતો નથી. આપણા પોતાના વિચાર, વાણી, વર્તન પર વિજય ન મેળવીએ ત્યાં સુધી આપણે કરેલ લોકશાહીની પ્રગતિમાં ઉણપ ગણાય. નેમિસૂરિજી જેવા મહાન્ આચાર્યના જીવન અને કવનમાંથી બોધ લઈને આંતરિક શક્તિઓને વધારે ખીલવીએ ત્યારે ધર્મના ખરા હાર્દને પ્રીછ્યું ગણાય, અને સત્ય, અહિંસા, દિલદિલની બંધુતા, સમભાવપૂર્ણ માનવસેવા દ્વારા આત્મોન્નતિ સાધીએ ત્યારે વંદનાંજલિ આપી ગણાય. સર્વ અનુયાયીઓ આ પવિત્ર ભાવનાને વિચાર, વાણી, વર્તનમાં પ્રતિબિંબિત થતી જોવાની મનોકામના સેવે જ....!

**કે. કે. શાહ**
(તામિલનાડુના રાજ્યપાલ)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# થોડુંક મારૂં પણ........

એક મહાપુરુષનું આ જીવન છે.

દર્પણ સમું સ્વચ્છ એમનું વ્યક્તિત્વ છે.

જોનાર જેટલો શુદ્ધ હશે, એટલો આ દર્પણ નિષ્કલંક ભાસશે.

જોનારની અશુદ્ધિ, આ દર્પણને કલંકિત બનાવશે.

કલંક દર્શકમાં છે, દર્પણમાં નહિ.

ડાઘ આપણો છે, આરીસાનો નહિ.

દર્પણ–શા આ અકલંક વ્યક્તિત્વના ચિત્રણનું સૌભાગ્ય આજે મને સાંપડયું છે. પૂજનીયચરણ આચાર્ય ભગવંત શ્રીવિજયનન્દનસૂરિજી મહારાજના શુભાશીર્વાદ–એ સૌભાગ્ય પ્રાપ્તિનું નિદાન છે.

એ 'પૂજનીયચરણ' પ્રતિ કૃતજ્ઞતા દાખવું, તો એમના શુભાશીર્વાદનો વ્યવહારુ બદલો વળવાની મને ભીતિ લાગે છે. એ કરતાં તો હું એમ જ ઇચ્છું કે – ઉત્તરોત્તર વધેલાં અને વધતાં એમના આશીર્વાદના ભાર તળે હું સર્વદા દબાયેલો જ રહું.

જે વ્યક્તિના વ્યક્તિત્વનું મેં ચિત્રણ કર્યું છે, તેને મેં પ્રત્યક્ષ જોઇ નથી. એના વ્યક્તિત્વની ભવ્યતાનો મને જાત અનુભવ નથી. આને હું મારું કમભાગ્ય સમજું છું.

મારાં સાતમી પેઢીના ગુરુ – એ વ્યક્તિના વ્યક્તિત્વની વાતો મેં જ્યારે ગુરુમુખે સાંભળી, ત્યારે એની હિમાલય–શી ભવ્યતાએ મારા ચિત્ત પર ચુંબકીય આકર્ષણ જમાવ્યું. એ ભવ્યતાની જ્યોતિ મારા ચિત્ત પર ફેલાઇ. આવા ભવ્ય ગૌરવશાલી ગુરુનું સંતાનીય –શિષ્યત્વ મને મલ્યું છે, એ ખ્યાલ આવતાં હું ધન્યતા અનુભવી રહ્યો.

મને થયું: યશોદેહે સદાતન બનેલાં આ ભવ્ય વ્યકિતત્વને શબ્દદેહ શા માટે ન અપાય?

અને મેં તરત સંકલ્પ કર્યો – શબ્દદેહ આપવાનો. સંકલ્પ કર્યો કે – સંદેહની હારમાળા સામે આવી ઊભી, – આપણી હેસિયત શી? એ ભવ્ય વ્યક્તિત્વ કયાં, ને માનવ – મગતરાં સમા આપણે કયાં? એ વ્યક્તિત્વનો પરિચય કેટલો? પરિચય વિના એને પૂરો ન્યાય આપી શકાય? વ.

આ હારમાળાની સાથે ગુજરાતી વ્યાકરણ અને લેખનકળાની પૂરી અનભિજ્ઞતા પણ કૃત્યાની પેઠે ડારવા લાગી.

પણ રે! 'રામનાં રખવાળાં ઓછાં હોય નહિ.'

એ સંદેહની હારમાળા અને પેલી કૃત્યા–શી અનભિજ્ઞતાનો ડર જલ્દી નષ્ટ થયો. પૂજ્ય આચાર્યભગવંતનો આશીર્વાદયુક્ત આદેશ મલ્યો કે: "તું લખ, પ્રેરણા અને સ્ફુરણા આપનાર સૂરિસમ્રાટ્ સ્વયં છે."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને 'आज्ञा गुरूणामविचारणीया' એ ન્યાયે મેં લેખનનો પ્રારંભ કરી દીધો. અને સાચે જ! સં. ૨૦૨૭ના પોષ વદ બીજી છઠથી માંડીને સં. ૨૦૨૯ના માગશર શુદ બારશ સુધીના આ ચરિત્રલેખનકાળ દરમ્યાન જ્યારે જ્યારે મારા મનમાં સંદિગ્ધતા ઊભી થઈ, ત્યારે ત્યારે સૂરિસમ્રાટ્‌ની પવિત્ર અંતઃપ્રેરણાનો મને અખૂટ સહારો લાધ્યો છે. પૂજ્ય આચાર્યભગવંતે સ્વયં આ સમગ્ર લખાણુ સાદ્યંત તપાસી–શોધીને એ સહારાને તથા મારાં ઉત્સાહને દ્વિગુણિત બનાવ્યો છે.

પૂજ્યપાદ સ્વ. સૂરિપુંગવ શ્રીવિજયોદયસૂરીશ્વરજી મ. તથા પૂજ્ય આચાર્યભગવંત શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજે સંયુક્ત રીતે કરાવેલી ચરિત્રનાયકના જીવનની નોંધનો આધાર મેં આ ચરિત્ર લખવામાં લીધો છે. પણુ – એ સાથે મારે કહેવું જોઈએ કે–પૂ. આ. શ્રીનંદનસૂરિજી મ.શ્રીની અજોડ સ્મૃતિ–મંજૂષામાં યથાતથપણે સચવાયેલાં પ્રસંગોને જ મેં શબ્દમાં ઉતાર્યાં છે. ચરિત્રનાયકના જન્મથી કાળધર્મ પર્યંતના એકેએક પ્રસંગોને સ્મૃતિ–પટમાં ધારી રાખવા, એ તો એ પૂજ્ય આચાર્યભગવંત જેવાં જબરદસ્ત બુદ્ધિ-શક્તિશાલી પુરુષના સામર્થ્યમાં જ સંભવે.

ચારિત્રનાયકના સંસારી ભાણેજ પ્રો. હઠીચંદભાઈ જે. દોશીનો ઉલ્લેખ મારે આભાર સાથે કરવો જ જોઈએ. પોતાની યુવાવસ્થામાં ચરિત્રનાયકને અને પોતાના માતુશ્રીને પૂછી પૂછીને તેમણે એકત્ર કરી રાખેલી માહિતીની નોંધપોથીએ મારાં લખાણુને સપ્રાણ બનાવ્યું છે. એ ન હોત તો – કદાચ આમાં ઘણી વાતો રહી જાત.

અને – 'પરમ ઉપકારી' શબ્દ પણુ જેમને માટે અલ્પ જણાય છે, તે મારા સંયમજીવનના ઘડવૈયા પૂજ્ય ગુરુદેવ પંન્યાસશ્રી સૂર્યોદયવિજયજી મહારાજનું અહીં સ્મરણુ કરતાં હૈયું ગદ્‌ગદ બને છે. ક્ષણે ક્ષણે સાંપડતી એ 'ઉપકારી'ની પ્રેરણા ન મળી હોત તો........ હું આજે આના લેખક તરીકે ન જ હોત.

મારાં આ કાર્યમાં પારંપરિક સહાયક વિનય – વૈયાવચ્ચ અને સ્વાધ્યાયને આત્મસાત્‌ બનાવનાર મારાં ગુરુબંધુ મુનિ શ્રીભદ્રસેનવિજયજીનું કૃતજ્ઞભાવે સ્મરણુ કરવું, એને હું આવશ્યક કર્તવ્ય સમજું છું.

કોલેજના વિદ્યાર્થી હોવા છતાં સૂરિસમ્રાટ્‌ તરફના ગુણાનુરાગથી પ્રેરાઈને આ ચરિત્રની પ્રેસકોપી કરવામાં મારા પૂર્ણ સહાયક – પાંજરાપોળના ત્રણ કિશોર–શિષ્યોને હું નહિ ભૂલું. શ્રી જનક એ. શાહ, શ્રી હિરેન એ. કાપડિયા, અને શ્રી અશ્વિન એચ. પરીખ એમનાં નામ છે.

આ પૂરું કરતાં પહેલાં કેટલાંક ખુલાસા કરીશ.

(૧) પ્રથમ પ્રકરણુમાં વપરાયેલો 'સોરઠ' શબ્દ "સૌરાષ્ટ્ર દેશ" માટે છે. સૌરાષ્ટ્રના એક વિભાગરૂપ 'સોરઠપ્રદેશ' માટે નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) 'વહીવંચાની વહી' માટે સ્પષ્ટતા કરવી જરૂરી છે. ચરિત્રનાયકના સંસારી-ભાઇ શ્રી બાલચંદભાઇએ કોઇ વહીવંચા પાસેથી અક્ષરશઃ મેળવેલી–ઉતારેલી આ વંશાવલી છે. એમાં આવતાં નામો, સંવત્ વગેરેની ઇતિહાસમાં તપાસ કરી, પણ કાંઈ મેળ ન બેસતાં એ નોંધને જેમની તેમ રાખી છે. વિજ્ઞપુરુષો આ બાબત વિશેષ પ્રકાશ પાડે, તેવી અપેક્ષા.

(૩) ચરિત્રનાયક માટે આ ગ્રંથમાં 'પૂજ્યશ્રી' શબ્દ વાપર્યો છે. તેનો પ્રયોગ ૧૧ મા પ્રકરણથી શરૂ થાય છે.

(૪) ચરિત્રનાયકના જીવનના કેટલાંક પ્રસંગો નોંધપાત્ર છતાં મારાં અજ્ઞાનના કારણે રહી જવા પામ્યાં છે. જો કે–કેટલીક વાતોની ટૂંક નોંધ મેં પરિશિષ્ટોમાં લીધી છે.

(૫) ફોટાઓ ખાસ પસંદ કરીને લીધાં છે. હજુ પણ કેટલાંક રાજાઓ–અધિકારીઓ અને શ્રેષ્ઠિશ્રાવકોના ફોટા મૂકવા ભાવના હતી. પણ કાં તો તે ફોટાના અભાવે અને કાંતો કેટલાંક ફોટાઓ અન્યત્ર હોવા છતાં ન મળી શકવાથી એ ભાવના સફળ ન થઈ.

(૬) વીસમી સદીના અન્ય અનેક સૂરિપુંગવોની સરખામણીમાં ચરિત્રનાયકના જીવનમાં અપાર વિશિષ્ટતાઓ જોવા મળે છે. એ વિશિષ્ટતાઓના આ ચિત્રણમાં – એક જીવનચરિત્રમાં ન હોવા જોઇએ તેવાં – ત્રુટિ, અને અધૂરપ વ. દોષોની સંભાવના ખરી. મારી ઉમેદ છે કે – ભવિષ્યમાં 'ખીલેલાં દષ્ટિબિંદુ'ના આધારે આવાં દોષ વિનાનું આ જ ચરિત્ર પુનઃ લખવું. ગુરુભગવંતના શુભાશીર્વાદ આ આશાને ફલવતી બનાવે.

"બનેલાં બનાવોનું કશી રંગપૂરણી વગરનું પ્રામાણિક વર્ણન: સત્ય."

ગુજરાતના એક સાક્ષરશ્રેષ્ઠે સત્યનો એક અર્થ આ કર્યો છે. એ અર્થને અનુસરવાનો મેં આમાં પૂરતો પ્રયત્ન કર્યો છે, એમ હું માનું છું. છતાં લેખનકલાની મારી અનભિજ્ઞતા અને ચરિત્રનાયક પ્રતિ એમના એક શિષ્ય તરીકેની પૂજ્યબુદ્ધિને કારણે ક્યાંક રંગપૂરણી થઇ હોય, હકીકત દોષ સંભવ્યા હોય, તો સુજ્ઞપુરુષો ક્ષમા કરે. અને એ તરફ મારું લક્ષ્ય વિના સંકોચ ખેંચે, જેથી મારાથી ફરી એવી ભૂલ થવા ન પામે.

કેટલાંક 'આંગળી ચીંધણા'માં પુણ્ય માનનારાં પણ હોય છે. એમણે પેલી દર્પણની વાત વિચારવા જેવી છે. પણ જવા દો, એમને વળી ઉપદેશ શો? એમનું એ 'સુ'પુણ્ય એમને જ મુબારક હો.

અંતમાં – સૌરાષ્ટ્રની એક મહાન્ વિભૂતિનું, માત્ર સૌરાષ્ટ્રની જ શા માટે? ગુજરાતની, ના! ભારતવર્ષની એક મહાન્ વિભૂતિનું જીવંત વ્યક્તિત્વ આ જીવનમાં છે. એ જીવન અનેકની જીવન–ઇમારતના ઘડતરમાં પાયાની જેમ આધાર બની રહે, એવી અભિલાષા સાથે. .... .... ....

શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા,
પાંજરાપોળ, રિલીફરોડ, **અમદાવાદ–૧.**
માગશર શુદિ ૧૨ રવિ. તા. ૧૭–૧૨–૧૯૭૨.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમ


૧ આશીર્વચન
૨ સમર્પણ
૩ પ્રકાશકીય નિવેદન
૪ પ્રાભાતિક મંગલ
૫ ચારિત્ર્યની પ્રતિભા
૬ અભય મહાનુભાવ
૭ પ્રેરણારૂપ જીવન
૮ સર્વપ્રધાન મુનિગણનાયક
૯ અભિવાદન
૧૦ આચાર્યશ્રીનું ઋષિકાર્ય
૧૧ પ્રસ્તાવના
૧૨ થોડુંક મારું પણ
૧૩ અનુક્રમ

| | |
|---|---|
| ૧૪ સોહામણો સોરઠ, ને મનોહર મહૂવા | ૧ |
| ૧૫ વડીલ વંશની વડી | ૩ |
| ૧૬ દીવાળીનો દીવડો પ્રગટ્યો | ૫ |
| ૧૭ કુંભલક્ષ્મી પુત | ૭ |
| ૧૮ બાલ્યાવસ્થા અને અભ્યાસ | ૯ |
| ૧૯ ધર્માભ્યાસ અને ત્યાગભાવના | ૧૨ |
| ૨૦ કપરી કસોટી | ૧૫ |
| ૨૧ મહાભિનિષ્ક્રમણ | ૧૯ |
| ૨૨ મન્થન | ૨૩ |
| ૨૩ સ્વયં દીક્ષા | ૨૬ |
| ૨૪ શાસ્ત્રાભ્યાસ | ૨૮ |
| ૨૫ વડી દીક્ષા અને ગુરુદેવની માંદગીનું રહસ્ય | ૩૩ |
| ૨૬ શ્રીગુરુદેવનો ચિરવિદાય | ૩૫ |
| ૨૭ શાસનપ્રભાવનાની ભવ્ય શરૂઆત | ૩૮ |
| ૨૮ જન્મભૂમિમાં જયજયકાર | ૪૨ |
| ૨૯ અમદાવાદને આંગણે | ૪૭ |
| ૩૦ સ્તમ્ભતીર્થમાં બે ચોમાસાં | ૫૪ |
| ૩૧ જય થંભણ પારસનાથ | ૫૯ |
| ૩૨ પ્રવચન પ્રભાવનાના પ્રેરક પ્રસંગો | ૬૪ |
| ૩૩ યોગોદ્વહન | ૬૭ |
| ૩૪ દીર્ઘદ્રષ્ટા પૂજ્યશ્રી અને ગુરુભક્ત શ્રેષ્ઠિવર્ય | ૭૨ |
| ૩૫ ગણિ–પંન્યાસ પદવી | ૭૪ |
| ૩૬ તીર્થ આશાતનાનું નિવારણ અને પિતાજીનો આત્મસંતાપ | ૭૮ |
| ૩૭ ક્ષેત્રસ્પર્શનાનો પ્રભાવ | ૮૨ |
| ૩૮ સૂરિચક્રચક્રવર્તી | ૮૭ |
| ૩૯ જીવદયાના જ્યોતિર્ધર | ૯૬ |
| ૪૦ તીર્થોદ્ધારના શુકનિયાળ શ્રીગણેશ | ૧૦૦ |
| ૪૧ શ્રેષ્ઠ રાજવિનય | ૧૦૭ |
| ૪૨ જ્ઞાતિભેદ નિવારણ | ૧૧૩ |
| ૪૩ સર્વના હિતચિંતક | ૧૧૭ |
| ૪૪ જય શેરીસાનાથ | ૧૨૧ |
| ૪૫ પેઢીનો પૂર્વ ઇતિહાસ, બંધારણની પુનર્રચના, અને ગુરુભક્ત શ્રેષ્ઠિવર્યનો સ્વર્ગવાસ | ૧૨૭ |
| ૪૬ કપડવંજમાં પદવીપ્રદાન | ૧૩૨ |
| ૪૭ તીર્થરક્ષાના આધાર–શાસનસમ્રાટ | ૧૩૬ |
| ૪૮ મરુધરમાં ધર્મઉદ્યોત | ૧૪૩ |
| ૪૯ મેવાડમાં મૂર્તિમંડન | ૧૫૨ |
| ૫૦ જેસલમેર જુહારીએ | ૧૫૮ |
| ૫૧ પૂજ્યશ્રી: અનુભવના મહાસાગર | ૧૬૩ |
| ૫૨ કાપરડાનો પુનરુદ્ધાર | ૧૬૯ |
| ૫૩ માલવીયાજીના ગુરુજી | ૧૮૧ |
| ૫૪ પ્રભાવશાળી વ્યક્તિત્વ | ૧૮૭ |
| ૫૫ અદ્‌ભુત સ્નેહ–દૃઢ આત્મબલ | ૧૯૫ |
| ૫૬ અનુમોદનીય યાત્રા સંઘ | ૨૦૩ |
| ૫૭ સીમલા કરાર | ૨૧૦ |
| ૫૮ સફળતાના પ્રથમ પગથિયે | ૨૧૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૯ આપને ઉચિત લાગે તે... ૨૨૫
૬૦ અનુમોદનાના નિદાન ૨૨૯
૬૧ આદર્શ અનુશાસક ૨૩૩
૬૨ નમસ્તે કાદમ્બ ! ૨૪૦
૬૩ ઐતિહાસિક મુનિ સંમેલન ૨૪૮
૬૪ આ યુગનું ભગીરથ કામ ૨૫૮
૬૫ પુનિત પ્રેરણા અને ભવ્ય ભાવના ૨૬૮
૬૬ લોગવિરુદ્ધચ્ચાઓ ૨૭૭
૬૭ એક જ ધ્યેયઃ તીર્થોન્નતિ ૨૮૩
૬૮ ભાવના સિદ્ધિ ૨૯૦
૬૯ વાર્ધક્યને કાંઠે ૨૯૮
૭૦ છેલ્લી પ્રાણપ્રતિષ્ઠા ૩૦૬
૭૧ મહાપ્રયાણ ૩૧૩
૭૨ મહાયાત્રા ૩૨૩
૭૩ અને છેલ્લે ૩૨૮


પરિશિષ્ટો :—


૧ ગુરુ–વિરહ–વેદના
૨ જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ પૂજ્યશ્રીનું જીવન
૩ ઉપલબ્ધ ચોક્કસ માહિતીઓ
૪ શિષ્ય પરંપરા
૫ શુદ્ધિપત્રક
૬ ચિત્રમય જીવન


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧]

## સોહામણો સોરઠ, ને મનોહર મહુવા

સોહામણો સોરઠ દેશ છે.

અદ્‌ભૂત એની શોભા છે. અજબગજબનો એનો ઇતિહાસ છે.

શૂરવીરતા, દાનવીરતા, ને ધર્મવીરતાભર્યા એના ઇતિહાસની એક એક વાત જીવનમાં અપૂર્વ તાજગી સાથે ઉત્સાહ જન્માવે છે.

શ્રીકૃષ્ણ વાસુદેવની જગપ્રસિદ્ધ સુવર્ણનગરી દ્વારકા સોરઠમાં જ હતી.

ભગવાન્ શ્રી નેમિનાથની તપોભૂમિ–કલ્યાણકભૂમિ પણ સોરઠમાં જ છે. આજે પણ એ જુગજુની ઘટનાનો અમરસાક્ષી ગરવો ગિરનારગિરિ સોરઠની પર્વત–માળામાં એક ચમકતા મોતીની જેમ વિલસી રહ્યો છે.

આ ગરવા ગઢની છાયામાં રહીને જ જુના'ણા (જીર્ણદુર્ગ)ના રા' નવઘણ, રા' ખેંગાર વિગેરેએ ગુજરાત–કચ્છ–સિંધના સમ્રાટોને ને ગઝનવીના સુલતાનને હંફાવેલા.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય, ને એના અંગસમા શ્રીકદંબગિરિ–શ્રી તાલધ્વજગિરિ વિગેરે પર્વતો–ટુંકો–સોરઠની આંતર–સમૃદ્ધિની અલૌકિકતા અને પવિત્રતાનું ભાન કરાવે છે.

પૂર્વધર ભગવંત શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ–મહારાજાની જન્મભૂમિ વેરાવળ પત્તન પણ સોરઠનું જ સમૃદ્ધ બંદર હતું, અને છે. તેઓશ્રીના નેતૃત્વ હેઠળ મળેલાં ૫૦૦ આચાર્યોની પર્ષદામાં થયેલી વાચના, કે જે વલભી–વાચનાના નામે સુપ્રસિદ્ધ છે, અને જેમાં સિદ્ધાન્તોને–આગમોને પુસ્તકારૂઢ કરવામાં આવ્યા હતા, તે (વાચના) પણ સૌરાષ્ટ્રના મહાન્ સમૃદ્ધ ને ઐતિહાસિક નગર વલભીપુરની પુણ્ય–ભૂમિમાં થઇ હતી.

ભૃગુકચ્છ–ભરૂચની રાજસભામાં અખંડવાદ વડે બૌદ્ધાચાર્યનો પરાભવ કરનાર તાર્કિક શિરોમણિ આચાર્યશ્રી મલ્લવાદીસૂરિજી મહારાજ આ વલભીપુરના રાજા શિલાદિત્યના ભાણેજ હતા.

આવા આ સોરઠ દેશની રમણીય ધરણીમાં તિલકસમી છે મધુમતી–મહુવા નગરી.

અલબેલી ને રળીયામણી એ નગરી છે.

ચારે તરફ ખીલી નીકળેલી લીલીછમ વન–રાજિને લીધે એ નગરી સોળ શણગાર સજેલી નમણી નારી શી શોભી રહી છે.

રત્નાકર–સાગરદેવની એના ઉપર સંપૂર્ણ મહેર છે. પોતાના શ્વેત અને નિર્મળ નીર–સભર મોજાંઓ ઉછાળતો ઉછાળતો સાગરદેવ મહુવાના પાદરને પખાળે છે, એથી એ મહુવાબંદર પણ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ નગરીનું કુદરતી સૌન્દર્ય તો વળી અતિ અદ્‌ભુત છે. અનિમેષ આંખોથી એ સૌન્દર્યને જોયા કરો, બસ ! જોયા જ કરો. નેત્રો થાકશે જ નહિ.

એક તરફ શ્રીફળના ભારથી લચી રહેલા નાળિયેરી–વૃક્ષોની ઘટાથી ભરપૂર વાડીઓ જુઓ, તો બીજી બાજુ વળી બગીચાઓમાં સોપારી–જામફળ–રામફળ ને આમ્રફળ જેવાં વિધવિધ ફળ ભરપૂર વૃક્ષો નીરખો. તમે થાકશો, પણ તમારી આંખો નહિ થાકે–જોતાં નહિં ધરાય, એવી એની નિસર્ગસુન્દરતા છે.

મહુવાની આબોહવા પણ સમશીતોષ્ણ–માણવા જેવી છે. ભર ઉનાળો હોય, પણ મહુવા ગયા એટલે જાણે શિયાળાના પ્રારંભ–કાળનો અનુભવ થાય. ન મળે પ્રસ્વેદ કે ન થાય બફારો. એ તો જે માણે એ જ જાણે.

નગરીની પૂર્વ ને ઉત્તર દિશામાં છે માલણ–માલિની નદી. પ્રશાંત–ગંભીર એ નદીનું નિર્મળ જળ ખળખળ કરતું વહ્યું જાય છે, ને એના વહેણનો કર્ણપ્રિય નિનાદ કોઈ મધુરા સંગીતની ભ્રાન્તિ કરાવે છે. આ શુભ્ર–સલિલા નદીના જળકણના સંપર્કથી શીતલ બનેલો પવન સંતપ્ત હૈયાંને સંતૃપ્ત બનાવીને વાતાવરણમાં અનુપમ રમણીયતા ફેલાવે છે.

અને આ બધી નિસર્ગસુન્દરતાને કારણે જ આ મહુવા નગરી "સૌરાષ્ટ્રના કાશ્મીર"નું ગૌરવવંતુ ઉપનામ–બિરૂદ પામી છે.

સૌરાષ્ટ્ર એ વીર–ભૂમિ છે. એણે સારાંયે આર્યાવર્તને દાખલા પૂરા પાડે એવા ધર્મશૂરા, રણશૂરા, ને દાનશૂરા નર–રત્નો આપ્યા છે. એ વીરોની મંગલ–નામાવલિમાં મહુવા નગરીનો ફાળો નાનોસૂનો નથી. એણે પણ એમાં મહત્ત્વનો હિસ્સો આપ્યો છે.

શ્રી શત્રુંજય મહાતીર્થોદ્ધારક જાવડશાહ, આ મહુવાના જ નર–રત્ન હતા. સંવત્ પ્રવર્તક સમ્રાટ વિક્રમે એમને મધુમતીનું આધિપત્ય સોંપેલું.

પરમાર્હત્ મહારાજા કુમારપાલના સંઘમાં શ્રીસિદ્ધગિરિજી, શ્રીગિરનારજી અને શ્રી પ્રભાસપાટણ, એ ત્રણેય જૈનતીર્થોમાં સવાક્રોડ–સવાક્રોડ સોનૈયાની કિંમતના ત્રણ રત્નો ઉછામણીમાં બોલીને તીર્થ–માળ પહેરવાનો અણમોલ લ્હાવો લેનાર શ્રેષ્ઠિ–રત્ન જગડૂ પણ આ મધુમતીના જ પનોતા પુત્ર હતા.

આ તો જુગજુની વાત થઈ. નજીકની–ગઈકાલની જ વાત કરોને !

૮૭ વર્ષ પહેલાં તો મહુવામાં નર-રત્નોનો અદ્‌ભુત દાયકો પાકયો હતો. તે વખતે ત્યાં દેદીપ્યમાન સૂર્યમંડળ સોળે કળાએ પ્રકાશી રહેલું. એ સૂર્યમંડળનો એક એક તારલો નીરખો, એનાં વર્ણન સાંભળો, ને આફરીનના પોકાર કરતા જાવ.

ગુજરાતના વિશાળ સાહિત્ય–વિપિનમાં "કેસરી"નું ગૌરવ પમેલા 'મસ્ત–કવિ' શ્રી ત્રિભુવન પ્રેમશંકર,

પ. પૂ. શ્રી આત્મારામજી મહારાજની સત્પ્રેરણાથી ચીકાગો (અમેરિકા)માં ભરાયેલ વિશ્વધર્મ પરિષદ્‌માં અને યુરોપના અન્ય દેશોમાં જૈનધર્મની મહત્તા સ્થાપનાર, ને સ્વામી વિવેકાનન્દની સમકક્ષ ગણાતા બાહોશ બેરિસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભણ છતાંય યુરોપ અને એશિયાભરમાં હાથચાલાકીના હેરતભર્યા પ્રયોગો કરી જાદુ વિદ્યાના ક્ષેત્રે અસાધારણ સિદ્ધિ અને કીર્તિ હાંસલ કરનાર જૈન જાદુગર શ્રી નત્થુમંછા,

વિદ્વાન્ જૈનાચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ (કાશીવાળા), કવિ પ્રેમશંકર, શેઠ મનજી નત્થુભાઇ, શેઠ વલ્લભ પોપટ, નગરશેઠ હરિદાસ મોનજીભાઇ–આ બધાં એ સૂર્યમંડળના ચમકતા તારલા હતા. આજે પણ એ તારલા ઇતિહાસના નભો–મંડળમાં દિવ્ય પ્રકાશ રેલી રહ્યા છે.

આવી અણમોલ રત્નોની ભૂમિ છે, મધુમતી નગરી.

અને–એની ધરતીની પવિત્રતાનો તો કોઈ પાર જ નથી. સાક્ષાત્ જીવિતસ્વામી–શ્રી વીર પરમાત્માના વડીલ બંધુ શ્રી નન્દિવર્ધન રાજાએ નિર્માણ કરાવેલી શ્રી મહાવીર પ્રભુની અલૌકિક અને ભવ્ય મૂર્તિ આ નગરીના મધ્યભાગમાં આવેલા ગગનોત્તુંગ–શિખરબંધી જિનાલયમાં ઘણા કાળથી બિરાજમાન છે. એથી આ નગરી જાણે પવિત્રતાની મૂર્તિ જ લાગે છે.

આ સિવાય—

શ્રી જાવડશા શેઠ તક્ષશિલા નગરીથી પાંચ મનોહર બિંબો લાવેલા, તેમાં એક બિંબ શ્રી મહાલક્ષ્મી દેવીનું પણ હતું. તે પણ (લોકોક્તિ મુજબ) આ નગરીમાં જ બિરાજમાન છે, અને લોકોમાં જાણે ધર્મ અને ધનની લક્ષ્મીનું સુભગ મિશ્રણ કરી રહી છે.

---

# [૨]

## વહીવંચાની વહી—

વહીવંચાની વહી બોલે છે કે—

મહાપ્રભાવશાલી આચાર્ય મહારાજ શ્રી સ્વયંપ્રભસૂરીશ્વરજી મહારાજ– કે જેઓ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીય શિષ્ય ગણાતા, અને શ્રી કેશીગણધર મહારાજના શિષ્ય હતા– તેમના ઉપદેશથી સંવત્ ૨૦૯માં ગોહિલવંશનો મિથ્યાત્વી રાજા સોમલસેન પ્રતિબોધ પામ્યો, ને એ સમ્યગ્ દૃષ્ટિ–અને જૈનધર્મનો પરમ ઉપાસક બન્યો.

આ ગોહિલવંશી રાજા માઢરસ ગોત્રની નરોલી શાખાનો હતો. તેની કુલદેવી શ્રી વીરાહી–ભવાની હતી.

પરંપરાએ તેનો પરિવાર ભિન્નમાલ નગરમાં ગયો. ત્યાં તે પરિવાર વડપીપલગચ્છના જૈન પરિવાર તરીકે હતો.

આ પરિવારની વંશ–પરંપરાનું એક કુટુંબ સંવત્ ૪૦૦માં ચૈત્ર શુદિ ૭ના દિવસે પાટણ થઈને કોરડા (રાધનપુર પાસે) આવ્યું. અહીંયા તે કુટુંબ સેંકડો વર્ષ સુધી સ્થાયી બની રહ્યું.

ત્યારપછી સંવત્ ૧૫૨૫માં જેઠ શુદિ ૧૩ના દિવસે એ કુટુંબના વંશજો કોઠ ગામે આવ્યા. ત્યાં એ કુટુંબના વડીલ પુરુષ ત્યાંના રાજદરબારમાં કારભારી તરીકે નીમાયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીંયા પણ તે કુટુંબ લગભગ પોણા બસો વર્ષ સુધી સ્થિર રહ્યું. અને પછી સંવત્ ૧૭૦૬ માં મહાશુદિ ૧૦ના દિવસે એના વંશજો વઢવાણ શહેર ગયા.

અહીં આ કુટુંબના સેની અભેચંદ નામક પુરુષને બે પત્ની હતી. તેમાં પ્રથમ પત્નીને સાત પુત્ર હતા, તે સાતેય કચ્છમાં ગયા. અભેચંદની બીજી પત્નીને બે પુત્ર હતા. એક સોમચંદ, બીજો હેમચંદ. આ બેમાં મોટા હેમચંદનો પરિવાર વઢવાણમાં છે.

સોમચંદને રતનશી નામે પુત્ર થયો. રતનશીને જેવંત-જેવંતને અભેરાજ-અને અભેરાજને કડવા નામે પુત્ર થયો. તે કડવા પોતાના પરિવાર સાથે વઢવાણથી નીકળી સંવત્ ૧૭૪૫ની સાલમાં અમરેલી ગયા, ને ત્યાંથી ૧૭૯૨માં મહુવા આવ્યા.

અહીં તેઓ સ્થિર બન્યા. કડવાને ધનો અને મનો એ નામના બે પુત્રો થયા.

તેમાં ધનાનો વંશ આ પ્રમાણે છે—

ધનાના બે પુત્ર-વજેચંદ ને નાગજી. તેમાં વજેચંદના પુત્ર તારાચંદને ત્રણ પુત્ર થયા. ૧, પદ્મા, ૨, પીતાંબર, ૩, જેઠા. આ ત્રણમાં મોટા પદ્મા મહુવાના પ્રતિષ્ઠિત અને ધનવાન્ શ્રેષ્ઠિ હોવા સાથે શ્રીસંઘમાં આગેવાન પુરુષ હતા. મહુવામાં તેમના નામનો આંકડો (જેમ અત્યારે બેંકોમાં પૈસાની લેવડદેવડ માટે ચેક ચાલે છે તેવો) ચાલતો. મહુવાના દેરાસર-ઉપાશ્રયાદિ ધર્મસ્થાનકોનો વહીવટ તેમના હાથમાં હતો. આજે પણ એ બધાના વહીવટ માટે મહુવામાં તેમના નામની-'શેઠ પદ્મા તારા''ની પેઢી ચાલે છે.

ધનાના દ્વિતીય પુત્ર નાગજીને કડવા, કડવાને ખીમચંદ, ખીમચંદને દેવચંદ નામે અનુક્રમે પુત્રો થયા. અને દેવચંદભાઈને લક્ષ્મીચંદ નામક પુત્ર-રત્ન થયા.

એ લક્ષ્મીચંદભાઈ એટલે આપણા ચરિત્ર-નાયકના બડભાગી ને સ્વનામધન્ય પિતાજી.

સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત એવા સતરા કુટુંબના તેઓ નબીરા હતા. ખૂબજ ધર્મનિષ્ઠ ને સંતોષી. સેવા-પૂજા-સામાયિકાદિ ધર્મકૃત્યો તો તેમના નિત્યનિયમમાં જ હતા. ધાર્મિક અભ્યાસ ઘણો કરેલો. દ્રવ્યાનુયોગના તો તેઓ ભારે રસિયા હતા. આધ્યાત્મિક વિચારો પણ તેમના ઘણા ઉંચા ને ઉંડા. શ્રી આનંદઘનજી મ. અને શ્રી દેવચંદ્રજી મ. ના અધ્યાત્મમય પદો તથા સ્તવનોમાં તેમને બહુ રસ. એટલે એ બધાં સ્તવનો કંઠસ્થ કરવા સાથે તેનો ગૂઢ અર્થ પણ તેઓ ખૂબ સમજપૂર્વક વિચારતા. એમના કંઠમાં સાકર શી મીઠાશ ભરેલી, એમાં પાછી સોરઠી લઢણ, એટલે એમના મુખેથી એકવાર સ્તવન સાંભળ્યું કે બસ ! પછી તો એનો મીઠો નાદ સાંભળનારના કાનમાં ગુંજ્યા જ કરે.

એમનું વ્યાવહારિક જીવન પણ બહુ સાદાઈ ભર્યું હતું. દોમ દોમ સાહ્યબીમાં મ્હાલવામાં તેઓ માનતા નહિ પણ જેટલું સાદું-સંતોષી ને સરલ જીવન જીવાય એમાં જ તેઓ સાચું સુખ માનતા.

તેમનાં ધર્મપત્નીનું નામ હતું- શ્રી દીવાળી બેન.

દીવાળી એટલે-દીવાની આવલિ-માળા.

શ્રી દીવાળીબેન પણ ખરેખર શીલ-સાદાઈ-ઋજુતા ને મૃદુતા જેવા અનેક ગુણ-દીવડાની માળાથી દીપી રહ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બંને દંપતી સરલ હોવાથી તેમનો જીવન--રથ પણ સરલ રીતે અવિરત ચાલતો.

શ્રી મહાવીરપ્રભુના ભવ્ય જિનાલયની બાજુમાં-ઉત્તર-દિશાએ તેઓનું ઘર હતું. ત્યાં તેઓ રહેતા હતા. શ્રી જિનાલયના પવિત્ર ઘંટાનાદ તેઓને હંમેશાં કર્ણગોચર થતાં ને તેથી તેઓ પોતાના જીવનને ધન્ય સમજતા. એમના ઘરની આજુબાજુ આશરે સો સો કુટમાં જ બીજાં પણ-શ્રી રણછોડરાયજી, શ્રી મહાલક્ષ્મીજી, ને શ્રી સામુદ્રી માતા વિગેરે જૈનેતર મંદિરો હતા.

તેમનો ધંધો ભાવનગરી પાઘડી બાંધવાનો-બનાવવાનો હતો. આ વાત સાંભળી કોઇને એમ થાય કે-આવા ઉત્તમ ગૃહસ્થ ને પાઘડી બાંધવાનો ધંધો? પણ ના! એવું વિચારવાની જરૂર નથી. કારણકે-એ પણ એક ઉત્તમ કલા છે. અને કલા એ કોઈ અમુક વ્યકિતનો ઇજારો નથી. શ્રી લક્ષ્મીચંદભાઇએ તો ખાસ કરીને આરંભ-સમારંભ વિના આજીવિકાનું ઉત્તમ સાધન જાણીને જ આ ધંધો સ્વીકાર્યો હતો. કારણકે તેઓ ખૂબ ધર્મનિષ્ઠ અને પાપભીરૂ હતા. આ દષ્ટિએ તેમનો ધંધો પ્રશંસનીય જ હતો. વિધવિધ ભાતની પાઘડીઓ તેઓ બાંધતા. જોતાં જ આંખને આકર્ષે એવી કલાત્મક પાઘડીઓ બાંધવા માટે તેઓ પ્રખ્યાત હતા. દુકાન પણ ઘરની નજીકમાં જ હતી, ને ધંધો પણ સારી રીતે ચાલતો.

આમ તેઓ દરેક પ્રકારે સુખી હતા.

[૩]

## દીવાળીનો દીવડો પ્રગટ્યો

વિક્રમની ૨૦ મી શતાબ્દીની બીજી પચ્ચીશીના પ્રારંભકાળની આ વાત છે.

ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રની અસાધારણ પ્રગતિનો-ઉન્નતિનો એ મનોરમ ઉષઃકાળ હતો.

સમગ્ર સંવેગી શ્રી શ્રમણસંઘ ઉપર તપાગચ્છાધિરાજ શ્રીમૂળચંદજી મહારાજનું એક છત્રી અનુશાસન પ્રવર્તી રહ્યું હતું.

શ્રીપૂજ્યો-યતિઓનું પ્રાબલ્ય-શ્રી શ્રમણસંઘ ઉપરનું તેમનું પ્રભુત્વ ને વર્ચસ્વ-ઝપાટાબંધ ઓસરી રહ્યું હતું. કહો કે-પૂ. શ્રી મૂળચંદજી મહારાજ જેવા સમર્થ પ્રભાવશાલી મહાપુરુષ શ્રીપૂજ્યોના એ પ્રભુત્વની ભરતીને ભયાનક ધક્કો મારીને ઓટમાં પરિણમાવી રહ્યા હતા.

બીજી તરફ-પંજાબમાં પ. પૂ. શ્રી બુટેરાયજી મહારાજ અને પ. પૂ. શ્રી મૂળચંદજી મહારાજ આદિએ સ્વીકારેલા સંવેગીપણાના સફળ પડઘારૂપે મૂર્તિપૂજાના વિરોધીઓનું-સ્થાનકમાર્ગીઓનું આજ સુધી પ્રવર્તી રહેલું સામ્રાજ્ય હવે અંતિમ શ્વાસ લઇ રહ્યું હતું. સં. ૧૯૧૮માં પૂ. શ્રી બુટેરાયજી મ. આદિ મુનિવરો પુનઃ પંજાબમાં પધાર્યા હતા, એનો પુનરુદ્ધાર કરવા. તેમના શુદ્ધ સાધુત્વ અને યથાર્થ ઉપદેશથી તેઓશ્રીએ સ્વીકારેલ સંવેગી સાધુપણું ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂર્તિપૂજા એ જ સત્ય ને શાસ્ત્રવિહિત છે. એ સમજીને હજારો સ્થાનકમાર્ગના અનુયાયીઓ શુદ્ધ જૈન બની રહ્યા હતા. પંજાબમાં ઠેર ઠેર ભવ્ય જિનાલયો થઈ ગયા હતા, તેને થઇ રહ્યા હતા. આ બધાંના પરિણામે સ્થાનકવાસીઓના એકધારા શાસનને–સામ્રાજ્યને જબરદસ્ત ફટકો પડ્યો, ને તેના પાયા હાલકડોલક–અસ્થિર બનવા લાગ્યા.

આ શતાબ્દીની પહેલી પચ્ચીશી સુધીમાં સંવેગી મુનિઓની સંખ્યા માંડ ૨૫ થી ૩૦ ની જ હતી. સાધુઓમાં સંસ્કૃત–પ્રાકૃતાદિ–વિષયનો અભ્યાસ પણ બહુ અલ્પ બની ગયેલો. અને તેથી જ "પર્યુષણામાં કલ્પસૂત્ર-સુબોધિકા વાંચનાર સાધુમહારાજ અજોડ વિદ્વાન્" એવી માન્યતા લોક–માનસમાં ઘર કરી ગયેલી. પણ આ વાત હવે તો ફક્ત ભૂતકાળના એક સંભારણા રૂપ બની ગઈ હતી. કારણકે-પ. પૂ. શ્રી મૂળચંદજી મહારાજમાં મળેલા "સાચી સાધુતા, અજોડ વિદ્વત્તા, ને નિર્ભેળ સાત્ત્વિકતા" એ ત્રણેયના પવિત્ર ત્રિવેણી સંગમથી આકર્ષાયેલા અનેક મુમુક્ષુ આત્માઓ હવે સંવેગી દીક્ષા ગ્રહણ કરી રહ્યા હતા. દિનપ્રતિદિન સંવેગી સાધુઓની સંખ્યા વધતી જતી હતી. અને એ સાધુઓને પદ્ધતિપૂર્વક ન્યાય–વ્યાકરણ–આગમ વિગેરે વિવિધ સંસ્કૃત–પ્રાકૃત વિષયોનું અધ્યયન કરાવવાની આદર્શ પરિપાટી પૂ. મૂળચંદજી મહારાજે શરૂ કરી દીધી હતી. એના ફલસ્વરૂપે ન્યાયના તથા વ્યાકરણના પ્રખર અભ્યાસી પૂજ્ય મુનિવર શ્રી દાનવિજયજી મહારાજ જેવા અનેક મુનિઓ વિવિધ વિષયોમાં તૈયાર થઈ રહ્યા હતા. અને ખરૂં કહો તો–પ. પૂ. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સમય પછી ધીમે ધીમે શિથિલ બનેલી અધ્યયન–પદ્ધતિનો આ પુનર્જન્મ કાળ હતો.

પરમ શાસનપ્રભાવક પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયાનન્દસૂરીશ્વરજી મહારાજે (શ્રીઆત્મારામજી મ.) ત્યારે પંજાબમાં સ્થાનકમાર્ગી સાધુના ચિહ્નસમો મુહપત્તિનો દોરો તોડી નાખ્યો હતો. પરમ ગુરૂદેવશ્રી બુટેરાયજી મહારાજના સત્યધર્મપ્રકાશક ઉપદેશથી સત્ય–તત્ત્વ સમજીને તેઓ પોતાના શિષ્યગણ સાથે સંવેગીપણું–સાચું શ્રમણપણું મેળવવા માટે ગુજરાતમાં આવવાની પૂર્વતૈયારી કરી રહ્યા હતા.

શેઠ હઠીસિંહ કેસરીસિંહના ભવ્ય દેરાસરની પ્રતિષ્ઠાનું, ને શેઠાણી હરકુંવરે કાઢેલ શ્રી સમ્મેતશિખરજીના સંઘનું આબેહૂબ વર્ણન કરતાં પૂ. પં. શ્રી વીરવિજયજી મહારાજ રચિત ઢાળીયાં હજી લોકજીભે રમતા હતા, લોકકંઠે ગવાતા હતા.

નગરશેઠ પ્રેમાભાઈની અનન્ય ગુરુભક્તિ અને દાનેશ્વરીપણાની વાતોને લોકોના કાન આત્મ–પ્રશંસાની જેમ હોંશે હોંશે સાંભળતા હતા. નગરશેઠ પ્રેમાભાઇએ ભારતના જૈન તીર્થોની વ્યવસ્થા કાજે સ્થાપેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની ઉંમર અત્યારે બે વર્ષની થવા આવી હતી.

પૂ. શ્રી મૂળચંદજી મહારાજ જેવા શાસનનાયક મહાપુરૂષને પિતા સમા વત્સલભાવથી 'મૂળા' કહીને બોલાવનાર વૃદ્ધ લહીયા લવજી જેવા નિખાલસ–ભદ્રિક ને સરલ આત્માઓનો આ જમાનો હતો.

આવા–ધાર્મિક ને આધ્યાત્મિક પ્રગતિના ઉષ:કાળે દેદીપ્યમાન ને નયનમોહક બાલ–રવિ શા આપણા ચરિત્રનાયકનો જન્મ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ. સં. ૧૯૨૯ના નવા વર્ષના શુભ-પ્રારંભનો-કાર્તક શુદિ '૧' નો એ મંગલ દિવસ હતો.

અનન્તલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ભગવાનને કેવલજ્ઞાનપ્રાપ્તિનો એ મહાન્ દિવસ હતો.

જ્યારે- ભારતભરના લાખ્ખો લોકોના હૈયામાં આ નવલાં વર્ષના પ્રારંભે અસીમ હર્ષનો મહેરામણ છલકાઈ રહ્યો હતો, સાલમુબારક ને નૂતનવર્ષાભિનન્દનની આપ-લે વ્યાપકરૂપે થઈ રહી હતી, ભાવભર્યાં ભેટણાં ને વધામણાં અપાઈ રહ્યા હતા—

ત્યારે આપણા મહાન્ ચરિત્રનાયકશ્રી દીવાળીબહેનની રત્નકૂખે અવનિ પર અવતર્યાં, જગત્માં પ્રકાશ ફેલાવનાર દીવાળીનો અખંડ દીવડો પ્રગટ્યો, અને સૌ કોઈના મન-દરિયામાં આનંદનું કો' અણુકલ્પ્યું મોજું ફરી વળ્યું.

શ્રીલક્ષ્મીચંદભાઈના આનન્દ અને ઉલ્લાસની તો વાત જ શી કરવી? તેઓ તો પોતાના આ ૭ પેઢીના રતન સમા પુત્રનું ઝળહળતું મુખારવિંદ જોતાં થાકતાં જ ન હતા. તેમાંય તેમની ચકોર આંખોએ પ્રથમ નજરે જ પુત્રના કોમળ મસ્તક ઉપર રહેલા નાનાશા મણિને જોઇ લીધો. સામુદ્રિક લક્ષણોનું ફળ તેઓ જાણતા હતા, તેથી આ મણિ જોઈને તેમના હૈયામાં આનન્દની છોળો ઉછળી. એટલો બધો જોરદાર આવેગ હતો એ છોળોનો કે હર્ષાશ્રુરૂપે જાણે બહાર પણ પડવા લાગી.

સ્વજનો અને સગાંવહાલાંઓને પુત્ર-જન્મના સમાચાર મળતાં જ તેઓ આવી પહોંચ્યા, ને સૌ વિવિધ પ્રકારે પુત્રજન્મની ખુશાલી મનાવી રહ્યા.

"જેના જન્મે અવનિ-તલમાં હર્ષના મેહ વૂઠાં."

---

# [૪]

## કુંભ લગ્નકા પૂત

દુનિયાની દરેક વ્યક્તિને જ્યોતિષશાસ્ત્ર દ્વારા ભવિષ્ય-ભાવિનો ભેદ જાણવાની જિજ્ઞાસા હોય છે. પરાપૂર્વથી-હજારો વર્ષથી માનવમાત્રના મનમાં આ જિજ્ઞાસા-કોઈમાં ઓછે અંશે, કોઈમાં વત્તે અંશે, પણ સ્થાન પામતી જ આવી છે. એ જિજ્ઞાસાને લીધે તો મોટી મોટી સંહિતાઓ રચાઇ છે. અને એવી જિજ્ઞાસા માનવને હોવી જ જોઈએ. કારણકે-ભાવિના ભેદ જાણવાની ઈચ્છા થયા પછી એને પૂર્ણ કરવાનો પ્રયત્ન થાય છે. અને એ પ્રયત્ન વડે જ્યારે એ જિજ્ઞાસા સંતોષાય છે, ત્યારે એનું પરિણામ ઘણીવાર બહુ સુખદ અને સંતોષપ્રદ નીવડે છે. પોતાનું ભવિષ્ય જાણ્યા પછી અગણિત માનવોના જીવનમાં વિસ્મયકારક રીતે પરિવર્તન થઈ શકે છે-થાય છે. અને એ જીવન પરિવર્તન થયા પછી અનેક મહાનુભાવો આત્મ-પુરૂષાર્થ વડે સ્વ-ને પરનું કલ્યાણ સાધી ગયા છે, ને સાધી જાય છે. ઇતિહાસ એનો સાક્ષી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી લક્ષ્મીચંદભાઈને પણ જ્યોતિષશાસ્ત્રમાં રસ હતો. તેમણે પોતાના લાડકવાયા પુત્ર-રત્નના જન્માક્ષર કોઈ ઉત્તમ જ્યોતિષી પાસે કઢાવવા વિચાર કર્યો.

મહુવામાં જ્યોતિષવિદ્યાના વિખ્યાત વિદ્વાન્ શ્રી વિષ્ણુભટ્ટજી એક ઉત્તમ ભૂદેવ હતા. આ વિષયમાં તેઓ નિષ્ણાત હતા. ગામમાં પણ તેમની જ્યોતિષી તરીકેની નામના ઘણી સારી હતી. તેમની પાસે શ્રી લક્ષ્મીચંદભાઈ ગયા. અને તેમને પુત્રનો જન્મ-સમય વિગેરે જણાવીને જન્માક્ષર કાઢવા માટે કહ્યું.

શ્રી ભટ્ટજીએ પંચાંગ કાઢીને ગણિત કર્યું. ને થોડી વારમાં જન્મ-પત્રિકા તૈયાર કરીને એમાં ગોઠવાયેલા ગ્રહોનું નિરીક્ષણ કરવા લાગ્યા. ઘડીભર તો તેઓ આશ્ચર્ય ને વિચારમાં ગરકાવ બની ગયા.

ભટ્ટજીને વિચારમાં પડેલા જોઈને શ્રી લક્ષ્મીચંદભાઈએ પૂછ્યું-કેમ ભટ્ટજી ! શું વિચારમાં પડી ગયા ? કુંડલીમાં ગ્રહો કેવાક છે ? કાંઈ ભૂલ થઈ કે શું ?

"લક્ષ્મીચંદ શેઠ ! હું તો તમારા ભાગ્યનો વિચાર કરી રહ્યો છું, બીજો નહિ."

"શું મારા ભાગ્યમાં કોઈ ખામી લાગે છે ભટ્ટજી ? હોય તો નિઃસંકોચ-મને કહી દેજો".

"ખામીની તો હવે વાત જ જવા દો લક્ષ્મીચંદભાઈ ! હવે તો એમ જ પૂછો કે-મારા જેવો ભાગ્યવાન્ બીજો કોણ છે ? તમને તો આ રતન સાંપડ્યું છે, રતન."

"ભટ્ટજી ! મશ્કરી તો નથી કરતાં ને ?"

"અરે ! લક્ષ્મીચંદભાઈ ! તમને મશ્કરી લાગે છે ? પણ આ હું નથી બોલતો, તમારા દીકરાના-રતનના ગ્રહો બોલે છે. આવા ઉત્તમ- સર્વોત્તમ ગ્રહો ભરેલી કુંડલી મારા આખાય જનમારામાં મેં જોઈ નથી. એના ગ્રહો કહે છે કે-કોઈ ઉચ્ચ કોટિનો મહાત્મા પુરૂષ તમારે ત્યાં અવતર્યો છે, અને એ મહાપુરૂષ થવા જ સર્જાયો છે. ગજકેસરીયોગ, રાજયોગ અને છત્ર-યોગ જેવા મહાન્ યોગ એની કુંડલીમાં છે. અને જો આ બાળક સંસારમાં રહે તો મોટા મહારાજા જેવો થાય. પણ......

"પણ શું ? વિષ્ણુ ભટ્ટજી ! અટકયા કેમ ? જે હોય તે નચિંત-મને કહો. ખંચકાવાની કે ગભરાવાની જરૂર નથી."

"લક્ષ્મીચંદ શેઠ ! વાત કંઈ ગભરાવાની કે ચિન્તાજનક નથી, બલ્કે અત્યુત્તમ છે. પણ તમને કહેવી કે ન કહેવી, એ વિચારમાં હું અટવાતો હતો. પણ હવે તો કહી જ દઉં— જુઓ ! આ બાલકનું જન્મલગ્ન-કુંભલગ્ન છે. જે વ્યક્તિનું જન્મલગ્ન કુંભલગ્ન હોય, તે વ્યક્તિ મહાન્ -સર્વોચ્ચ ધર્મધુરંધર સાધુ પુરૂષ થાય એમ અમારૂં જ્યોતિષશાસ્ત્ર કહે છે.—

"કુંભ લગ્નકા પૂત, બડા અવધૂત, રાત-દિન કરે ભજન" આ બાળકનું પણ કુંભ-લગ્ન છે. સાથે ગ્રહયોગો પણ સંન્યાસ-પ્રવ્રજ્યાયોગને કરનારા છે. તેથી તે કોઈ મહાન્ ધર્મધુરંધર સાધુપુરુષ થાય, એમ મને લાગે છે."

આ તો ઘણી જ સારી વાત કહેવાય. ભટ્ટજી ! અમારો આ પુત્ર જો મહાન્ સાધુપુરુષ બને તો અમારી ૭૧ પેઢીમાં અજવાળાં પથરાય. હા ! એક વાત પૂછી લઉં. કોઈ ગ્રહ નડે એવો તો નથી ને ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ના ! ના ! ખાસ એવો ગ્રહ છે જ નહિ. એક-બે ગ્રહ સ્થાનથી હીનબળ હોય તો પણ કેન્દ્રમાં રહેલા બૃહસ્પતિની-ગુરુની દૃષ્ટિ બધા ઉપર હોવાથી, એ ગ્રહોનું કાંઈ ચાલે એવું નથી.

**"किं कुर्वन्ति ग्रहाः सर्व्वे, यस्य केन्द्रे बृहस्पतिः॥"**

અને-ત્યારપછી જ્યારે શ્રી લક્ષ્મીચંદભાઈ શ્રી ભટ્ટજીને દક્ષિણા આદિ આપી તેમના મંગલ આશીર્વાદ લઈને આનન્દ-વારિધિમાં સ્નાન કરતા કરતા ઘરે આવ્યા, ત્યારે તેમના મનમાં ભટ્ટજીવાળી પેલી પંક્તિ ગુંજી રહી હતી—

"કુંભ લગ્નકા પૂત, બડા અવધૂત, રાત-દિન કરે ભજન."

---

# [૫]

## બાલ્યાવસ્થા અને અભ્યાસ

જન્મ થયો ને જીવનક્રમ શરૂ થયો.

જોષ જોવડાવ્યા, કુંડલી કઢાવી, ને એક શુભ-દિવસે જન્મરાશિ-વૃશ્ચિક રાશિ અનુસાર બાળકનું નામ પાડ્યું "નેમચંદ."

દિવાળીબાની હુંફાળી ગોદમાં ઉછરી રહેલા બાળ-નેમચંદ દ્વિતીયા-ચંદ્રની જેમ વધવા લાગ્યા. શરીર નાનપણથી જ ભરાવદાર હતું. વિશાળ લલાટ-પટ્ટનું તેજ સૌ કોઈને આંજી નાખે તેવું હતું. પાડોશીઓના દિલમાં તો તેમણે અદ્ભુત સામ્રાજ્ય જમાવેલું, તેથી પાડોશીઓ તેમને વહાલથી ને વાત્સલ્યથી રમાડતાં થાકતા જ નહિ.

તેમને પ્રભુદાસ તથા બાલચંદ નામે બે ભાઈઓ તથા જબકબેન, સંતોકબેન અને મણિબેન એ ૩ બહેનો હતી. એ સૌની સાથે આનંદ અને રમત-ગમતમાં દિવસો વીતી રહ્યા હતા. (પ્રભુદાસભાઈ નાનપણમાં જ સ્વર્ગવાસી બનેલા).

આમ સૌના લાડકોડમાં ઉછરતાં બાળ-નેમચંદ પાંચ વર્ષના થયા. હવે માત-પિતાએ નિશાળે ભણાવવાનો વિચાર કર્યો. અને એક શુભ-દિવસે એમને નવાં વસ્ત્રો પહેરાવી, હાથમાં પાટી-પેન આપી, માત-પિતાએ ગામની "ધૂળી નિશાળ"માં ભણવા મૂકયા.

એ દિવસે શ્રી લક્ષ્મીચંદભાઈએ પ્રેમથી નોતરેલાં નિશાળના બાળ-વિદ્યાર્થીઓ પોતાના નવા ભાઈબંધને હોંશે હોંશે નિશાળે લઈ ગયા. એ બધાંને લક્ષ્મીચંદભાઈએ ગોળ-ધાણાં અને બીજી મનભાવતી વસ્તુઓ આપી. નિશાળે જઈને સૌ પ્રથમ શ્રીસરસ્વતી દેવીની મૂર્તિના દર્શન અને સ્તુતિ-પ્રાર્થના કરી. પછી મહેતાજીને પ્રણામ કરી તેમના આશીર્વાદ લઈને ભણવાનો શુભારંભ કર્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જમાનામાં આજની નિશાળો-હાઈસ્કૂલો કે બાલમંદિરો ન હતા. પણ બ્રાહ્મણ શિક્ષકો ઉદર નિર્વાહાર્થે વિદ્યાર્થીઓને ભણાવવાનો વ્યવસાય કરતા, ને સ્વાર્થ સાથે પરમાર્થ સાધતા. એ શિક્ષકોના ઘરનો વિશાળ ચોક કે કોઈ સુન્દર વાડો એ જ તે વખતની નિશાળ. એ નિશાળ 'ધૂળી નિશાળ'ના નામે ઓળખાતી. આ નામ જ એના દેદારની કલ્પના કરાવી દે છે. એક શિક્ષકની નિશાળમાં ૫૦ થી ૬૦ વિદ્યાર્થીઓ ભણે. તે પણ જુદી જુદી કક્ષાઓના. શિક્ષક પણ તેમને ચીવટ અને કડકાઈથી ભણાવતા. શિક્ષકને લોકો મહેતાજી કહેતા. આવા જ એક મહેતાજી હતા-શ્રી મયાચંદ લિંબોળી એમનું નામ. તેઓ નાના બાળકોને આંક વિગેરેનો પ્રાથમિક અભ્યાસ કરાવતા હતા. આપણા બાલ-વિદ્યાર્થી શ્રી નેમચંદભાઈને પણ તેમની નિશાળમાં ભણવા માટે મૂકવામાં આવ્યા. તીવ્ર સ્મરણશકિતને કારણે થોડા દિવસોમાં જ તેમણે આંક વિગેરે તૈયાર કરી લીધું.

જાણે બાળકની કસોટી કરતી હોય તેમ સરસ્વતી દેવી બાળકો ઉપર જલ્દી પ્રસન્ન થતા નથી. દશેક આંકડા લખતાં-બોલતાં શીખવા, એ બાળકને મન મહાન્ સિદ્ધિ ગણાય છે. પણ આપણા નેમચંદભાઈ આ બાબતમાં અપવાદ બન્યા. તેમણે મયાચંદ માસ્તર જે જે આંક વિગેરે ભણાવતા હતા, તે બધું અલ્પકાલમાં જ ભણી લીધું.

ત્યારપછી તેમને આગળ ભણાવવા માટે ફુલવાડી કૂવા પાસે આવેલી શ્રી હરિશંકર માસ્તરની નિશાળે મૂકવામાં આવ્યા. હરિશંકરભાઈ તે વખતે બહુ પ્રસિદ્ધ શિક્ષક હતા. મહુવાની નામાંકિત વ્યક્તિઓએ સરસ્વતીની પહેલી ઉપાસના તેમની પાસે જ કરેલી. તેઓ શ્રીનેમચંદભાઈની ભણવા માટેની તાલાવેલી અને કુશાગ્ર બુદ્ધિ જોઈને ખૂબ પ્રસન્ન થયા. ને તેમને ખૂબજ કાળજીપૂર્વક ભણાવવા લાગ્યા. વરસ ઉપર વરસ વીતતાં ગયા ને જોતજોતામાં શ્રીનેમચંદભાઈએ ગુજરાતી ૭ ચોપડી પ્રથમ કક્ષાએ પસાર કરી દીધી.

હવે શ્રીલક્ષ્મીચંદભાઈએ પુત્રને ઈંગ્લિશ ભણાવવાનો વિચાર કર્યો. ગામમાં એક દરબારી નિશાળ હતી. ભાવનગર સ્ટેટ તરફથી એ ચાલતી. તેમાં અંગ્રેજી ભણાવાતું. ત્યાં મોકલવામાં આવ્યા. શ્રી પીતામ્બરભાઈ નામે ઈંગ્લિશના અધ્યાપક હતા. તેમની પાસે અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો. "Howard Primer" (હાવર્ડ પ્રાઈમર) એ વખતે ચાલતી. શ્રી. નેમચંદભાઈને ઈંગ્લિશ ભાષા નાનપણથી જ ગમતી હોવાથી તેમણે ખૂબ ધ્યાનપૂર્વક અભ્યાસ કરવા માંડ્યો. પરીક્ષામાં તેઓ હંમેશાં આગળ પડતાં નંબરે જ આવતા. ત્રણ ઈંગ્લિશ ધોરણ ભણ્યા. ઈંગ્લિશ બોલવાની અને વાંચવાની તેમની છટા અદ્ભુત અને આકર્ષક હતી.

હવે તેમની ઉંમર ૧૪ વર્ષની થઈ હતી. વ્યાવહારિક અભ્યાસ અહીં જ પૂરો થયો.

તેઓ સ્વભાવે ખૂબ નમ્ર અને વિવેકી હતા. માત-પિતા તરફથી મળેલા ઉત્તમ ધર્મ-સંસ્કારોનું એ પરિણામ હતું. તેમની નીડરતા પણ જબરી હતી. કોઈનાથીય તેઓ ખોટી રીતે ડરતાં નહિ. કોઈની પણ અસત્ય-જૂઠી વાત સાંભળે-જુએ, તો તુર્ત જ તેને નીડરપણે સ્પષ્ટ કહી દેતા કે તમારી આ વાત ખોટી છે. એ નીડરતાના નમૂનારૂપે એમના નાનપણનો જ એક પ્રસંગ છે :-

એમની ઉંમર ત્યારે ફક્ત દશ વર્ષની હતી. તેમના મામાને પૂરીબાઈ નામે એક દીકરી હતી. તે લોકોમાં વિચિત્ર વાતો કરવા લાગી-મને માતાજી આવે છે, તેથી હું બધાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂત–ભવિષ્ય જાણું છું. જેને જે પૂછવું હોય તે પૂછો, હું કહી દઈશ. લોકોમાં વાત ફેલાઈ. પછી તો પૂછવું જ શું ? એને ત્યાં લોકોના ટોળેટોળાં આવવા લાગ્યા ને લાઈન લાગી ગઈ. ભોળા ને આસ્થાળુ લોકો એને 'માતાજી–માતાજી' કહીને વિવિધ વસ્તુઓ ધરે ને પોતાનું ભવિષ્ય જાણવા માટે પ્રશ્નો પૂછે. અને પૂરીબાઈ એમને અગડંબગડં સમજાવે.

હવે આ બાજુ શ્રી નેમચચંદભાઇ કાંઈ કાર્ય પ્રસંગે મામાના ઘરે આવી ચડયા. જોયું તો લોકોનું ટોળું જામેલું અને પૂરીબાઈ તેમની સામે અલકમલકની હાંકતા હતા. બુદ્ધિમાન નેમચંદભાઈ થોડીવારમાં જ સમજી ગયા કે આ બધું ધતીંગ છે. કંઈક વિચાર કરીને એમણે પૂરીબાઈને કહ્યુ–"પૂરીબાઈ ! આ ભૂત ને ભવિષ્યના ધતીંગ પછી કરજો, પહેલાં હું પૂછું એનો જવાબ આપો."

"તમારે જે પૂછવું હોય તે પૂછોને, હું જવાબ આપીશ." પૂરીબાઈએ તાનમાં ને તાનમાં કહ્યું.

"તો સાંભળો ! મારે આ ભૂત–ભવિષ્યની વાતો નથી પૂછવી, મારે તો પૂછવી છે વર્તમાન-કાળની વાત. બોલો ! પૂછું ? સાચા જવાબ આપશો ?"

અને આ સાંભળતા જ પૂરીબાઈ ગેંગેં ને ફેંફેં થઈ ગયાં. એમનું પોગળ ખુલ્લું પડી ગયું.

લોકો પણ આવડા નાના છોકરાની આવી હિંમત ને નીડરતા જોઈને દિંગ થઈ ગયા, અને તેને ધન્યવાદ આપવા લાગ્યા.

આવી વાસ્તવિક નિર્ભીકતા અને કોઈ પણ જૂઠા માણસને પરાસ્ત કરવાની તેમની શકિતને લીધે લોકો તેમની પાસે અસત્ય વાતો કરતાં કે જૂઠું બોલતાં ડરતા.

નાની વયમાં પણ તેમની બુદ્ધિમત્તા અને ચતુરાઇ પ્રૌઢ અનુભવીનેય શરમાવે એવી હતી. તેમને રાજદ્વારી આંટીઘૂંટીની વાતો સાંભળવાનો–જાણવાનો શોખ હતો.

શ્રી લક્ષ્મીચંદભાઈને રૂપશંકરભાઈ નામે એક સરકારી અધિકારી મિત્ર હતા. જાતે નાગરબ્રાહ્મણ. તેમની સાથે શ્રી લક્ષ્મીચંદભાઇને ઘર જેવો સંબંધ હતો. તેમના ધર્મપત્ની શ્રી મંગળાબેનને આપણા ચરિત્રનાયકશ્રી ઉપર ખૂબ પ્રેમ હતો. તેઓ તેમને પોતાના પુત્રની જેમ સાચવતા હતા. રૂપશંકરભાઈ અવારનવાર લક્ષ્મીચંદભાઈના ઘરે આવતા, અને એ બંને મિત્રો અનેક રાજદ્વારી વાતો ચર્ચતા. શ્રી નેમચંદભાઈ આ બધી વાતો રસપૂર્વક સાંભળતા. આવી વાતો સાંભળવાથી નાનપણમાં જ તેમની બુદ્ધિ રાજદ્વારી રૂપે ઘડાઈ. અને તે ભવિષ્યમાં તેમને અનેક પ્રસંગે ઉપયોગી થઈ પડી.

નિશાળનો ખપપૂરતો અભ્યાસ પૂરો થયા પછી, તેમની તથા શ્રી લક્ષ્મીચંદભાઈની પણ ઇચ્છા ખરી કે–સંસ્કૃત ભાષા અને ધાર્મિક એ બેમાં પણ પ્રવીણતા મેળવવી. પણ પિતાજીની સૂચનાથી તત્કાલ પૂરતું તો તેમણે કોઈ ધંધાની–વ્યાપારની તાલીમ લેવાનો વિચાર કર્યો. અને ધંધાનો તો કયાં તોટો હતો ? તેઓ ગયા બજારમાં ને તપાસ કરવાં લાગ્યા કે કયો ધંધો આપણને અનુકૂળ છે ? તપાસ કરતાં કરતાં તેઓ સટ્ટાબજારમાં જઈ ચડયા. ત્યાં સટ્ટાનો સાહસભર્યો વ્યાપાર ચાલતો જોયો, ને તેમને રૂચી ગયો. પિતાજીને વાત જણાવી. પિતાજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ દીકરાની સાહસપ્રિય-વૃત્તિથી સારી રીતે પરિચિત હતા. તેથી તેમણે હા કહી. અને સટ્ટાબજારના કાબેલ ગણાતા અગ્રણી વ્યાપારી 'શ્રી કરશન કમા' ને ત્યાં તેમને વ્યાપારની તાલીમ લેવા મૂકયા.

થોડા દિવસોમાં તો તેઓ એમાં પાવરધા બની ગયા. પણ તેમનું મન તેમાં બરોબર લાગતું ન હતું. વ્યાપાર ધીરે ધીરે જામવા માંડયો, પણ મન એમાં નહોતું જામતું. એમના મનમાં હજી ધાર્મિક અને સંસ્કૃત અભ્યાસ કરવાની ઉમેદ હતી. ધર્મ-સંસ્કારો પણ એમને બધું છોડીને અભ્યાસમાં અને ધર્મભાવનામાં આગળ વધવા કહેતા હતા. એકાદ વર્ષ વ્યાપાર કર્યો અને પછી તેમણે પિતાજીને પોતાના મનની વાત જણાવી કે-મારે હજુ ધાર્મિક અને સંસ્કૃત ભણવું છે. અત્યારથી જ વ્યાપારમાં મારું મન માનતું નથી.

શ્રી લક્ષ્મીચંદભાઈની ઇચ્છા તો હતી જ. તેથી તેમણે આ વાતને સહર્ષ અનુમોદન આપ્યું અને કહ્યું કે-તારી સંસ્કૃત ભણવાની ઈચ્છા હોય તો તારે ભાવનગર જવું પડશે. અહીં તો કોઈ ભણાવે એવું નથી. પણ ભાવનગરમાં પરમપૂજ્ય શાન્તમૂર્તિ ગુરૂમહારાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબ બિરાજે છે. તેઓશ્રીની પાસે તું જા, ત્યાં તારો ધાર્મિક અભ્યાસ પણ વ્યવસ્થિત રીતે થશે, અને સંસ્કૃત પણ તેઓશ્રી ભણાવશે.

આ સાંભળીને શ્રી નેમચંદભાઈ ખૂબ હર્ષિત થયા. તેમનો માર્ગ સરલ બની ગયો હતો. ત્યાર પછી શ્રી લક્ષ્મીચંદભાઈએ ભાવનગર પૂ. ગુરૂ મ.શ્રીને સમાચાર જણાવ્યા કે અમારો પુત્ર આપશ્રી પાસે ભણવા માટે આવે છે. તેઓશ્રીની સંમતિ પણ આવી ગઈ. અને--

એક શુભ દિવસે નર-રત્ન શ્રીનેમચંદભાઈ માત-પિતાના મંગળ આશીર્વાદ લઇને ભાવનગર જવા ઉપડી ગયા.

---*---

# [૬]

## ધર્માભ્યાસ અને ત્યાગ-ભાવના

મત્થએણ વંદામિ ! સાહેબ !

ધર્મલાભ. કોણ ભાઈ ?

ગુરૂદેવ ! હું લક્ષ્મીચંદભાઈનો પુત્ર નેમચંદ. મહુવાથી આપની પાસે ભણવા માટે આવ્યો છું.

આવ ભાઈ ! આવ. તારા પિતાજીનો મારા પર પત્ર હતો કે નેમચંદ ત્યાં આપશ્રીની પાસે આવે છે. ઘેર બધાં કુશળ છે ને ?

જી ! ગુરૂદેવ ! આપશ્રીના પસાયે બધાં કુશળ છે. આપશ્રીને વંદના-સુખશાતા કહ્યા છે.

તેં નિશાળનો અભ્યાસ કેટલો કર્યો ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતી સાત ચોપડી અને અંગ્રેજી ત્રણ ચોપડી ભણ્યો, સાહેબ !

બહુ સારું. ધાર્મિક અભ્યાસ કરવાની ભાવના ક્યાંથી થઈ ?

ગુરૂદેવ ! મારા પિતાજીને તો આપ સારી રીતે ઓળખો છો. તેઓ ધર્મિષ્ઠ છે, ને દ્રવ્યાનુયોગ વિગેરેના અભ્યાસી પણ છે. તેમણે સીંચેલા ઉત્તમ સંસ્કાર-જળને પરિણામે મનેય ધાર્મિક તથા સંસ્કૃત ભણવાની ભાવના થઈ. અને તેમની અનુમતિથી આપ સાહેબની પવિત્ર છાયામાં હું આવ્યો છું. કૃપા કરીને મને અભ્યાસ કરાવો.

ભલે ભાઈ !, ગુરૂ મહારાજ નેમચંદભાઈના સંસ્કાર તથા વિનય જોઈને પ્રસન્ન થતાં બોલ્યા. અને જરા ચકાસણી કરવા પૂછ્યું. પણ સંસ્કૃત અને ધાર્મિક ભણીને તું શું કરીશ ?

એ વિચાર તો હજી નથી કર્યો, કૃપાળુ ! પણ એટલું તો ચોક્કસ છે-કે એ ભણવાથી મારૂં આત્મ-કલ્યાણ થશે, સાથે હું વિદ્વાન્ પણ બનીશ. અત્યારે તો આ ધ્યેયથી જ હું ભણવા ઈચ્છું છું. નેમચંદભાઈએ નિખાલસભાવે જવાબ વાળ્યો.

નેમચંદ ! તારી ભાવના ઘણી ઉત્તમ જણાય છે. તારે માટે અહીં બધી વ્યવસ્થા થઈ ગઈ છે. શેઠ જસરાજભાઈને ત્યાં તારે જમવાનું અને અહીં ઉપાશ્રયમાં રહેવાનું ને ભણવાનું. બોલ ! બરાબર છે ને ?

જી સાહેબ ! આપની કૃપા-દૃષ્ટિ હોય, એટલે બરાબર જ હોય. મારાં તો આજે અહો-ભાગ્ય જાગ્યા કે આપશ્રીની નિશ્રા મળી.

મહુવાથી માત-પિતાના મંગળ આશીર્વાદ લઈને નીકળેલા આપણા ચરિત્રનાયક શ્રીનેમ-ચંદભાઈ ભાવનગર પૂ. ગુરૂમહારાજશ્રી પાસે સકુશલ આવી પહોંચ્યા હતા. અને તેમની જોડે પૂ. ગુરૂદેવે ઉપર પ્રમાણે વાતચીત કરી.

પછી તો તેઓ પૂ. ગુરૂદેવની આજ્ઞાનુસાર નિયમિતપણે અભ્યાસ કરવામાં તલ્લીન બની ગયા. સાથે સાથે પૂ. ગુરૂદેવ તેમજ અન્ય મુનિપુંગવોની સેવા-શુશ્રૂષા પણ વિનયથી કરતા. શેઠ જસરાજભાઈ (અમરચંદ જસરાજ) ને ત્યાં જમવા માટે જવા સિવાય બાકીનો બધો વખત ઉપાશ્રયમાં જ રહેતા.

એક દિવસની વાત છે. રાત્રિનો સમય છે. નેમચંદભાઈ સૂતા છે. હજી ઉંઘ આવતી ન હોતી એટલે તેઓ વિચારમાં લીન બન્યા. વિચાર કરતાં કરતાં તેમના મનમાં વિચાર આવ્યો કે-"આપણે નિશાળમાં ભણ્યા. હવે અહીં ભણીશું. પછી ઘરે જઈને ધંધો કરીશું. બધું જ થશે. પણ પછી શું ? છેવટે તો મરવાનું નક્કી જ છે ને ? જન્મ્યો એને માટે મરવાનું તો આવશ્યક છે. જો આ સંસારના કાદવમાં ફસાઈને કોઈ સારૂં કાર્ય કર્યા વિના જ મરવાનું હોય, તો આ જીવ્યું શા કામનું ? માટે કોઈ ઉત્તમ કાર્ય કરવું જોઈએ કે જેનાથી આપણું પોતાનું અને બીજાનું પણ કલ્યાણ સધાય.-આપણા જીવન-મરણ સુધરે અને બીજાનાંય સુધરે. એવું કાર્ય કયું ? એવો માર્ગ કયો ? એ વિચારતાં તેમને લાગ્યું કે 'સાધુપણું' એ જ એને માટેનો—જીવન અને મરણ બન્નેને અજવાળવાનો શ્રેષ્ઠ-ઉત્તમ માર્ગ છે. માટે એ માર્ગ આપણે પણ લઈએ-સ્વીકારીએ. બસ ! એટલો વિચાર આવ્યો ને એમના મનમાં સંસારની જંજાળ છોડી, સંયમ ગ્રહી, સ્વ-પરહિત સાધવાનું સર્વોત્તમ કાર્ય કરવાની ગાંઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી ગઈ. આ છે આપણા ચરિત્રનાયકશ્રીની ત્યાગ–ભાવનાનું–સંયમ ભાવનાનું બીજ. ખરે-ખર ! ઉત્તમ પુરૂષોના વિચારો પણ ઉત્તમોત્તમ જ હોય છે.

ત્યાર પછી તો પૂ. ગુરૂમહારાજની વૈરાગ્ય–સભર ધર્મ–દેશના તેઓ હંમેશાં એકાગ્ર-ચિત્તે સાંભળતા. એના અને પૂ. ગુરૂમહારાજના સંસર્ગના પ્રભાવે તેમનું મન સંસારમાંથી ઉઠી ગયું. તેમને સંસારની અવાસ્તવિકતા અને અસારતા પ્રત્યક્ષ જણાવા લાગી, અને તેનો ત્યાગ કરી સંયમના પંથે સંચરવા એમનું મન તલસી રહ્યું. સંસારથી તેઓ અતિ–નિર્લેપ બનતા જતા હતા. તે એટલી હદ સુધી કે–એકવાર મહુવાથી પૂ. પિતાજીએ સમાચાર જણાવ્યા કે–

"દાદીમા (નેમચંદભાઈના) ગુજરી ગયા છે." ત્યારે તેના જવાબમાં તેમણે લખ્યું કે– "સંસાર અસાર છે, કોઈ કોઈનું છે નહિ. માટે ધર્મારાધનામાં ઉદ્યમ રાખવો એ જ સાચું છે."

આ વાંચીને શ્રીલક્ષ્મીચંદભાઈના મનમાં ધ્રાસકો પડ્યો. ઘણા ધર્મનિષ્ઠ અને સમજુ હોવા છતાંય પુત્રનો મોહ–પુત્ર ઉપરની મમતા જોર કરતી હતી. તેમણે વિચાર કર્યો કે–નેમચંદની ભાવના અને જીવન બદલાતાં જાય છે. જો હવે એ ભાવનગર રહેશે તો કદાચ દીક્ષા પણ લઈ લ્યે. માટે એને વહેલી તકે ઘરે બોલાવી લેવો જોઈએ.

અને તેમણે તરતજ નેમચંદભાઈ ઉપર પત્ર લખ્યો કે "મારી તબીયત નરમ છે, માટે તું જલ્દી અહીં આવી જા."

પિતાજી માંદા છે, અને એમણે જલ્દી આવી જવા જણાવ્યું, એટલે નેમચંદભાઈનો પિતૃ–ભક્ત આત્મા શેં ધીરજ ધરે ? તેઓ તો પૂ. ગુરૂ મ.શ્રીની આજ્ઞા લઈને મહુવા જવા રવાના થઈ ગયા.

ઘેર પહોંચીને જોયુ તો બધાંય હેમખેમ. બધાંની તબીયત સારી. તેઓ તો આશ્ચર્ય પામ્યા. પણ ચકોર હતા. એટલે વાતવાતમાંજ બધું પામી ગયા કે એમને ઘરે બોલાવવા માટે જ આમ કર્યું હતું. તેઓ જરા ખિન્ન બન્યા ને પાછાં ભાવનગર જવાની ઇચ્છા કરી. પણ પિતાજીએ સ્પષ્ટ જણાવી દીધું કે–હવે તારે ભાવનગર જવાનું નથી. અહીં જ રહે, ને ભણવું હોય તો ભણ. નહિતર કાંઈક વ્યાપાર–ધંધો કર. એટલે હવે ત્યાં જવાય તેમ ન હોતું. તેઓ શાન્તિથી ઘેર રહ્યા. પણ તેમનું મન કોઈ કામમાં કે વાતમાં ચોંટતું નહિ. તેમને તો વારંવાર પૂ. ગુરૂદેવની યાદ આવ્યા કરતી હતી. તેમના ઉપદેશવચનો અને હિત-શિક્ષાઓ માનસ–પટ ઉપર વારંવાર અંકિત થતા હતા. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ એમની ત્યાગ–ભાવનાની વેલડી પણ પલ્લવિત બનતી ગઈ. પણ માતા–પિતાને સમજાવવા કઈ રીતે ? તેઓ તેમને આંખ આગળથી અળગા કરવા જ નહોતા ઇચ્છતા, પછી દીક્ષાની વાત જ ક્યાં ? માત–પિતા અને નેમચંદભાઈ બન્ને પોતપોતાની વાતમાં મક્કમ હતા.

એક દિવસ શ્રીનેમચંદભાઈ પોતાના બાલપણના મિત્રો સાથે બેઠા હતા. એમાંના એક મિત્રના વિવાહ–સગપણની વાત ચાલતી હતી. ત્યાં વાતવાતમાં શ્રીનેમચંદભાઈ બોલી ગયા કે–આ સંસારમાં શું બળ્યું છે ? આ સંસારમાં સાર હોય તો માત્ર સાધુપણું જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. મારે તો દીક્ષા લેવી છે. આત્મકલ્યાણની સાથે જગતનું કલ્યાણ કરવાનો એક જ શ્રેષ્ઠ માર્ગ છે. પણ......

આ વાત તેમની નાની બહેન સાંભળી ગઈ, ને તેણે ઘરે જઇને પિતાજીને વાત કરી. એટલે થઈ રહ્યું. એમના ઉપર દેખરેખ વધી ગઈ. અને આમ એમની વિમાસણ પણ વધી પડી. પણ શું થાય ?

—★—

# [૭]

## કપરી કસોટી :

લક્ષ્મીચંદભાઈ! હમણાં-હમણાં તમે કોઈ ગહન ચિંતામાં પડયા હો, એવું લાગે છે. છેલ્લા કેટલાક દિવસો થયા હું તમને સચિંત જ દેખું છું. શું કોઈ ચિંતાજનક વાત બની છે ?

આપણા ચરિત્રનાયકશ્રીની દીક્ષાની ભાવના જાણીને તેમના પિતાશ્રી જરા સચિંત બન્યા હતા. તેથી તેમનાં મ્હોં ઉપર પણ ચિન્તાના ચિહ્નો જણાઈ આવતા. તે જોઇને તેમના અંગત મિત્ર શ્રી રૂપશંકરભાઈએ તેમને એક દિવસ ઉપર પ્રમાણે પૂછયું.

રૂપશંકરભાઈ ! તમારૂં અનુમાન સાચું છે. આપણને બીજી તો શી ચિન્તા હોય ? પણ આ અમારો નેમચંદ ભાવનગરથી અહીં આવ્યો, ત્યાર પછી એનું જીવન જ જાણે બદલાઇ ગયું છે. એ કહે છે કે મારે તો દીક્ષા લેવી છે. સાધુ બનવું છે. આવો નિભીંક-આખું ઘર સંભાળી લે એવો દીકરો-દીક્ષાની વાત કરે એટલે ચિન્તા તો થાય જ ને ? લક્ષ્મીચંદભાઈએ વ્યાકુળ-મને જવાબ આપ્યો.

તમે એને સમજાવ્યો તો હશે જ ને ? શું જવાબ આપે છે એ ?

અરે રૂપશંકરભાઈ ! સમજાવવામાં તો મેં જરાય કચાશ નથી રાખી. જરા કડકાઈથી પણ કહ્યું છે. એટલે હમણાં તો દીક્ષાની વાત ઉચ્ચારતો નથી. પણ એના ભાઈબંધ જોડે દીક્ષાની વાતો કરતો હતો, એ ઉપરથી એમ જણાય છે કે-એ હજી એની વાતમાં મક્કમ જ છે એટલે મને ચિન્તા થયા કરે છે. હવે તો તમે કાંઈ રસ્તો બતાવો એને સમજાવવાનો.

તો એમ કરો લક્ષ્મીચંદભાઈ! એને એકવાર મારી પાસે મોકલો. હું એને સમજાવી જોઉં. નહીં સમજે તો ઉગ્ર થઈને ધમકાવીશ પણ ખરો. પણ મને તો લાગે છે કે એ જરૂર સમજશે. કારણ કે વડીલો પ્રત્યે એ ખૂબ વિનયી અને કહ્યાગરો છે-નમ્ર છે. માટે જરૂર સમજી જશે. છતાં જો ન સમજે તો મારા એક ન્યાયાધીશ સાહેબ મિત્ર છે. તેઓ બહુ કડક છે. એમની પાસે લઈ જઈને એમના દ્વારા સમજાવીશું એટલે જરૂર માની જશે. મિત્રની ચિન્તાને પોતાની ચિન્તા માનનારા રૂપશંકરભાઈએ સરળમાર્ગ દેખાડતાં કહ્યું.

તો તો ઘણું સારું, રૂપશંકરભાઈ ! હું નેમચંદને તમારી પાસે મોકલીશ. સમજે તો ઘણું સારું. અમારા આખાય ઘરનો આધાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપશંકરભાઈ અને લક્ષ્મીચંદભાઈ–બંને મિત્ર હોવા છતાંય ભાઈ જેવો સંબંધ રાખતા. એટલે તેઓ પોતાની અંગત વાતો પણ પરસ્પર કરતા, અને એકબીજાની સલાહ–સૂચના લેતા. તેથી આ બાબતમાં પણ શ્રીલક્ષ્મીચંદભાઈએ રૂપશંકરભાઈની સલાહ લીધી. અને તેમણે ઉપર મુજબ સલાહ આપી, તે લક્ષ્મીચંદભાઈને રૂચી ગઈ. એમાંય રૂપશંકરભાઈ સરકારી અમલદાર હોવાથી તેમનાથી નેમચંદ સમજે–માને તો ઘણું સારું–એમ વિચારીને શ્રીલક્ષ્મીચંદભાઈએ નેમચંદભાઈને કાંઇક કાર્યનું નિમિત્ત આપી મિત્રના ઘેર મોકલ્યા.

રૂપશંકરભાઈને ત્યાં પહોંચીને નેમચંદભાઈએ તેમને પિતાજીએ કહેલું કાર્ય જણાવ્યું. રૂપશંકરભાઈએ પણ તેમને વાત્સલ્યપૂર્વક બોલાવ્યા, અને કાર્યની વાત સાંભળી લીધી. પછી કુશળ સમાચાર પૂછીને તેમણે જાણે સ્વાભાવિક રીતે જ પૂછતાં હોય તેમ પૂછ્યું : નેમચંદ ! મેં સાંભળ્યું છે કે ભાવનગરથી અહીં આવ્યા પછી તારા જીવનમાં પરિવર્તન થઇ ગયું છે. તું હવે દીક્ષા લેવાની–સાધુ બનવાની ભાવના રાખે છે. શું આ વાત સાચી છે ?

"હા કાકા ! એ વાત સાચી છે. મારી ભાવના હવે દીક્ષા લેવાની છે." રૂપશંકરભાઇ પિતાના મિત્ર હોવાના કારણે તેઓ તેમને કાકા કહેતા.

પણ ભાઈ ! તું જો દીક્ષાની વાત કરીશ, તો પછી આ તારું ઘર કોણ સંભાળશે ? તારા માતા–પિતા હવે વૃદ્ધ થવા આવ્યા છે. ભાઈ–બહેન નાનાં છે. તેમને સંભાળવાની, સાચવવાની જવાબદારીવાળો આખા ઘરમાં તું જ એક છે. તું જો દીક્ષા લઇ લે તો આ જવાબદારી કોણ લેશે ? માટે તું હવે કોઈ વ્યાપાર–ધંધામાં જોડાઈ જા. રૂપશંકરભાઇએ સ્નેહપૂર્વક કહ્યું.

"રૂપશંકર કાકા ! તમારી વાત ખોટી તો ન જ હોય, પણ મારું મન હવે આ સંસારમાં રહેવા માટે માનતું નથી. દિવસે–દિવસે દીક્ષાની ઇચ્છા મજબૂત બનતી જાય છે. હવે હું કોઈ વ્યાપાર આદિમાં જોડાવા તો ઇચ્છતો જ નથી. ઘરમાંથી રજા મળે કે તરત જ મારે દીક્ષાના સર્વકલ્યાણકારી પંથે જવું છે." નેમચંદભાઇ નમ્રતાપૂર્ણ મક્કમતાથી બોલ્યા.

આ સાંભળી રૂપશંકરભાઈ જરા ઉગ્ર થયા. તેઓ બોલ્યાઃ "નેમચંદ ! તું તારા પિતાજીના સ્વભાવને તો સારી રીતે જાણે છે, તેઓ તને કોઇ રીતે રજા નહિ જ આપે. માટે તું સમજી જા, અને એમની જવાબદારી ઓછી કર. નહિતર અમારે કંઇક કડક પગલાં લેવા પડશે."

"કાકા ! વધારે પડતું લાગે તો ક્ષમા કરજો. પણ હું કોઈપણ રીતે દીક્ષા લઈશ જ. હું ન હોત તો તમે બધાં શું કરત ? એમ વિચારીને પણ તમારે બધાંએ મને દીક્ષાની રજા આપવી જ જોઈએ. મારે તો આત્મકલ્યાણ સાધવું છે, ને એટલા માટે દીક્ષા ગ્રહણ કરવી છે." નેમચંદભાઇએ કહ્યું. એમના આ શબ્દોમાં મેરૂસમી નિશ્ચલતાનો શુદ્ધ રણકો સંભળાતો હતો.

આવો મક્કમ જવાબ સાંભળીને રૂપશંકરભાઈ વિચારમાં પડી ગયા. તેમણે વિચાર્યું કે–આ નેમચંદ દીક્ષાના રંગથી પૂરો રંગાયેલો છે. એટલે હમણાં નહીં સમજે. હવે એને ન્યાયાધીશ સાહેબ પાસે જ લઈ જવો પડશે. એમની કડકાઈથી ડરે તો વળી સમજી જાય.

અને થોડીવારમાં નેમચંદભાઇ તેમની રજા લઇને ઘેર આવી ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમચંદને સમજાવવામાં રૂપશંકરભાઈ નિષ્ફળ ગયા, એ જાણીને શ્રી લક્ષ્મીચંદભાઈ વધારે સચિંત બન્યા. પણ રૂપશંકરભાઈએ તેમને આશા આપી કે હજી આપણી પાસે ઉપાય છે. હું એને આપણા ન્યાયધીશ–સાહેબ પાસે લઈ જઈશ. એમનાથી એ જરૂર માનશે. લક્ષ્મીચંદભાઈ પણ આ સાંભળી–કંઈક આશ્વસ્ત બન્યા.

ત્યાર પછી એક દિવસ રૂપશંકરભાઈ આપણા ચરિત્રનાયકશ્રીને પોતાના મિત્ર ન્યાયાધીશ સાહેબ પાસે લઈ ગયા. તેઓને પહેલેથી જ બધી વિગતથી વાકેફ કરી દીધા હતા. પણ નેમચંદભાઈ તો ભારે નીડર નીકળ્યા. ડરનું તો તેમને નામ પણ સ્પર્શ્યું નહોતું. તેમણે વિચાર્યું કે આપણે કોઈ ગુનો કે અપરાધ કર્યો નથી, પછી બીક શાની ? તેઓ નિર્ભય અને સ્વસ્થ–મને ન્યાયાધીશ સાહેબ પાસે ગયા. તેઓએ પણ તેમને આવકાર આપ્યો–બેસાડ્યા, અને પરસ્પર કુશલ–સમાચાર પૂછ્યા. એ બધો વિધિ પતી ગયા પછી તેમણે શ્રી નેમચંદભાઈની ઉલટ તપાસ શરૂ કરી:, "તારું નામ શું છે ?"

"મારું નામ નેમચંદ છે, સાહેબ !" તેમણે સ્વસ્થતાથી જવાબ આપવા માંડ્યા.

ન્યાયાધીશ: "મેં સાંભળ્યું છે કે તું દીક્ષા લેવાની ઇચ્છા ધરાવે છે ?"

નેમચંદ: "જી હા ! એ વાત તદ્દન સાચી છે."

ન્યાયાધીશ: "શા માટે દીક્ષા લેવી છે ?"

નેમચંદ: "આત્માનું કલ્યાણ કરવા માટે."

ન્યાયાધીશ: "શું ઘેર રહીને આત્માનું કલ્યાણ નથી કરી શકાતું ?"

"ના ! ઘરે રહીને આત્માનું પૂર્ણ કલ્યાણ સાધી શકાય જ નહીં. ઘર એટલે સંસાર, અને સંસાર એટલે આધિ-વ્યાધિ-અને ઉપાધિનું સંગમસ્થાન. આવા સંસારમાં રહીને આત્માનું કલ્યાણ શી રીતે સધાય ? સંસારથી સર્વથા નિર્લેપ બનીએ, તો જ પૂર્ણ–આત્મકલ્યાણ સધાય. એવી નિર્લેપતા તો સાધુપણામાં જ મળે. બાકી સંસારમાં રહીને આત્મકલ્યાણ સાધવું એ તો ખાતાં–ખાતાં ભસવા સમાન છે." નેમચંદભાઈએ યુક્તિપુર:સર સચોટ જવાબ વાળ્યો.

આ સાંભળીને ન્યાયાધીશ સાહેબ પણ છક્ક બની ગયા. મનોમન શ્રી નેમચંદભાઈની પ્રશંસા કરવા લાગ્યા કે–આટલો નાનો કિશોર પણ કેવી યુક્તિથી જવાબ આપે છે ? ખરેખર ! આ કિશોર વિવેકી અને બુદ્ધિમાન હોવા સાથે પોતાની વાતમાં દૃઢ છે. પણ એમને તો આ કિશોરનો મન–પલટો કરવાનો હતો, એટલે છક્ક બનીને બેસી રહ્યે કેમ ચાલે ? તેમણે અવાજમાં જરા કરડાકી આણી અને આગળ પ્રશ્ન કર્યો :

"નેમચંદ ! તારા કુટુંબને–માતા–પિતા, ભાઈ અને બહેનોને સાચવવાની જવાબદારી હવે તારી છે. તું આત્માનું કલ્યાણ કરવાની વાત કરે છે, તો શું મા–બાપની સેવા કરવી, એ તારો ધર્મ–તારી ફરજ નથી ? આ વાતનો વિચાર કરીને તું દીક્ષાની વાત મૂકી દે, અને મા–બાપની સેવામાં લાગી જા."

ન્યાયાધીશ સાહેબની કરડાકીથી મનમાં જરા પણ થડકાટ અનુભવ્યા વગર નિર્ભીક નેમચંદભાઈએ એવી જ નીડરતાથી પ્રત્યુત્તર આપ્યો: "સાહેબ ! માત–પિતા અને કુટુંબની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવા કરવી, એ પુત્રનો ધર્મ છે–પુત્રની ફરજ છે, એ આપની વાત હું જરૂર માનું છું અને સ્વીકારું છું. એમની સેવા કરે તો કલ્યાણ થઈ શકે છે, એ પણ હું માનું છું. પણ મારી આત્મકલ્યાણની ભાવનાનો અર્થ એ નથી કે હું માત્ર મારૂં જ કલ્યાણ સાધું. કે મારાં માત–પિતાને દુઃખી કરું. મારી તો એવી ભાવના છે કે–દીક્ષા લઈને હું મારૂં, મારા માતા–પિતા અને સમગ્ર કુટુંબનું કલ્યાણ હું કરૂં. એ બધાંને સદ્ધર્મ પમાડું. આવી મારી ઉચ્ચ ભાવના છે. અને એ માટે હું મારા પિતાજીની રજા ચાહું છું. રજા મળશે કે તરત જ દીક્ષા ગ્રહણ કરીશ.

"પણ તારા માતા–પિતા દીક્ષા માટે રજા ન આપે તો ?" ન્યાયાધીશ સાહેબે એક વધુ પ્રશ્ન કર્યો.

શ્રીનેમચંદભાઈ પાસે આનો ઉત્તર પણ તૈયાર જ હતો. તેમણે કહ્યું. "તો પછી સાહેબ ! મારે બીજી કોઈ યુક્તિ અજમાવવી પડશે અને એ યુક્તિથી હું દીક્ષા અવશ્ય લઈશ."

આવી અસીમ નીડરતા અને સ્પષ્ટ વકતૃત્વ જોઈને ન્યાયાધીશ સાહેબ પણ મુંઝવણમાં પડી ગયા, કે આને સમજાવવો કઈ રીતે ? આથી તેઓ અધિકારી–સુલભ ઉગ્રતામાં આવી ગયા અને ધમકીનો આશ્રય લીધો. તેમણે કહ્યું, "શું તું ભાગી જઈશ ? માતા–પિતાની રજા વિના દીક્ષા લઈશ ? તો તો તું યાદ રાખજે કે તારા હાથે–પગે બેડીઓ નખાવીશ."

પણ જેને સંસારના–મોહના સોનેરી બંધનો નડતા નથી, એને આ લોખંડની બેડીઓ શું ડરાવી શકે ? તેમણે પ્રત્યુત્તર આપ્યો, "સાહેબ ! દીક્ષા માટે જો રજા નહિ જ મળે તો, છેવટનો રસ્તો એ જ છે. પણ દીક્ષા લેવાનો મારો નિર્ધાર તો અફર જ છે. અને બેડીઓ તો હાથપગ કે શરીરને બાંધશે–જકડશે. મારા મારા મન કે આત્માને તો નહીં જ જકડી શકે, એને તો એ બંધન નહીં જ નડે. માટે એ બધાથી હું ડરૂં તેમ નથી."

આ જવાબ સાંભળીને ન્યાયાધીશ સાહેબ અને રૂપશંકરભાઈ, બંને બાહોશ અધિકારીઓ ઠંડાગાર બની ગયા. તેઓ સમજી ગયા કે આ એની વાતમાં પૂરેપૂરો અચળ છે. માટે હવે એને સમજાવવાનો–એનું મન પલટાવવાનો પ્રયત્ન કરવો નકામો છે.

આ રીતે શ્રીનેમચંદભાઈ દીક્ષા અંગેની પ્રાથમિક કસોટીમાં તો સંપૂર્ણ સફળ નીવડ્યા. પણ હજુ તો દિલ્હી દૂર હતું. મા–બાપ આટલાથી જ રજા આપી દે, એ અશક્ય જ હતું. એટલે તેઓ બીજો કોઈ ઉપાય શોધવા લાગ્યા.

શ્રી લક્ષ્મીચંદભાઈને જ્યારે આ બધી વાતની ખબર પડી ત્યારે તેઓ ખૂબ નિરાશ બની ગયા. એની સાથે પુત્રને રજા ન આપવા માટે તેઓ વધારે દૃઢ પણ બની ગયા. અને નેમચંદ ભાગી જવા માટે કોઈ પ્રયાસ ન કરે એની તકેદારીમાં પડ્યા.

ખરે જ ! સંસારની સોનેરી જંજાળ અકળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# [૮]

## મહાભિનિષ્ક્રમણ

સંસાર એક મહાસાગર છે, અગાધ અને ઉંડો.

કદાગ્રહ અને દુરાગ્રહ જેવા અનેક ભયાનક મગરમચ્છો એમાં ખીચોખીચ ભર્યા છે. એ મહાસાગરને તરવા નીકળેલા ભલભલા બહાદુર માનવીઓ આ મગરમચ્છોને જોઈને જ પીછેહઠ કરી ગયા છે.

કહે છે કે– દરિયામાં અગ્નિ હોય છે; એને વડવાનલ કહેવાય છે. આ સંસાર–સાગરમાંય એવો એક વડવાનલ છે. એનું નામ છે કષાયાગ્નિ. મહાસાગરના ઘણા મોટા વિસ્તારમાં ફેલાયેલો–ભડભડતો આ અગ્નિ છે. ઘણા હિંમતબાજ પુરૂષો આ અગ્નિની જ્વાળાથી દાઝીને ય પાછાં પડી ગયા છે.

રાગ અને દ્વેષના ઉંડા ઉંડા ભમરાવા લેતા આવર્તો પણ આ સમુદ્રમાં છે. અતિકુશળ તરવૈયાઓ એમાં તણાઈ જાય છે.

સૂક્ષ્મ–દૃષ્ટિથી નિરખીએ તો દરિયામાં રહેલી દરેક વસ્તુઓ આ સંસાર સાગરમાં છે. કોઈ મહાન્ અને વીરલો પુરૂષ જ એને તરી જાય છે, એમાં નડતી સઘળી મુશ્કેલીઓને દૂર હઠાવી એનો પાર પામી શકે છે.

પણ જેમ દરિયો તરવા માટે ઘણો પુરૂષાર્થ કરવો પડે, તેમ આ સંસાર–ઉદધિને પાર કરવા માટેય મહાન્ પુરુષાર્થની જરૂર પડે. ઘણા તો આ પુરૂષાર્થથી જ ડરી જાય છે.

ડરે જ ને ? એમના ભાગ્યમાં જ ન હોય એટલે તે પુરૂષાર્થથી ડરે જ.

પણ જેમના ભાગ્યમાં હોય છે – સામે કાંઠે પહોંચવાનું, તેઓ આવા પુરૂષાર્થથી ડરતાં નથી, બલ્કે એને સામી છાતીએ સ્વીકારે છે. આ મહાન પુરૂષાર્થ વડે ઘણા ભાગ્યવંત જીવો સંસાર સાગરની પેલે પાર પહોંચવા સમર્થ બન્યા છે.

દીક્ષા એટલે સમ્યગ્ જ્ઞાન–દર્શન અને ચરિત્રરૂપ રત્નત્રયીની નિરતિચાર આરાધના–સર્વ પાપોથી વિરતિ. આ દીક્ષારૂપ પુરુષાર્થ વડે ઘણા ભાગ્યવંત જીવો સંસાર–સાગરની પેલેપાર પહોંચવા સમર્થ બન્યા છે.

અને તેથી જ આવો પ્રબળ પુરૂષાર્થ કરવા માટે–દીક્ષા ગ્રહણ કરવા માટે આપણા ચરિત્રનાયક શ્રીનેમચંદભાઈ ઉદ્યુક્ત અને ઉત્સુક બન્યા હતા.

અસાધારણ નિર્ભીકતા–અને મનની મક્કમતા, એમને આ પુરૂષાર્થમાં પૂર્ણ સહાયક હતા. તેમને શ્રદ્ધા હતી કે આ પુરૂષાર્થ વડે હું જરૂર સંસારસમુદ્ર તરીશ જ. પણ હજી માતા–પિતા તરફથી રજા મળે એવું લાગતું જ નહોતું. તેથી તેઓ એને માટે બીજો ઉપાય શોધી રહ્યા હતા. શોધતાં શોધતાં એક ઉપાય મળી આવ્યો. એ હતો–ઘરેથી કોઈને જણાવ્યા વિના ભાવનગર પહોંચી જવું તે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાય તો શોધ્યો, પણ એને કારગત કરવાનું ઘણું મુશ્કેલ હતું. પણ મુશ્કેલીથી ડરે એ નેમચંદભાઈ નહિ. તેમણે તો એ ઉપાયને કારગત કરવા માટે કમ્મર કસી લીધી.

શ્રી દુર્લભજીભાઈ નામે તેમના એક મિત્ર પણ દીક્ષા લેવા માટે તૈયાર થયા હતા. તેઓ મહુવાના બખાઈ કુટુંબના પુત્ર હતા. તેમની ભાવના શ્રીનેમચંદભાઈની સાથે જ દીક્ષા લેવાની હતી. અને તેમને પણ ઘરેથી રજા મળતી ન હતી. એટલે તેઓ બન્ને કોઈ અન્ય ઉપાયની શોધમાં હતા. ત્યાં જ શ્રીનેમચંદભાઈએ આ ઉપાય શોધી કાઢ્યો.

આજે તેઓ બન્ને એકાન્તમાં એકત્ર થયા હતા. ઉપાય તો શોધ્યો, પણ એને સફળ શી રીતે બનાવવો એની યુક્તિ ગોઠવવાના વિચારમાં તેઓ પડ્યા હતા.

કેમ નેમચંદ ! કોઈ યુક્તિ શોધી કે નહિ–"ભાગી જવાની" ? દુર્લભજીએ પૂછયું.

હા દુર્લભજી ! ઘણો વિચાર કર્યા પછી હમણાં જ એક રસ્તો જડ્યો છે. પેલો 'ઝીણીયો' ઉંટવાળો આપણો ઓળખીતો છે. તેની જોડે આપણે નક્કી કરીએ કે—"તું અમને ઊંટ ઉપર બેસાડીને ભાવનગર પહોંચાડી દે, તું કહીશ એટલું ભાડું આપીશું". અને જો તે માની જાય તો આપણે જરૂર ભાવનગર પહોંચી જઈએ. નેમચંદભાઈએ પોતાના સાથીદારને યુક્તિ જણાવી.

વાહ ! આ યુક્તિ તો આબાદ છે. મને ખાત્રી છે કે વધારે પૈસા મળવાનું સાંભળશે, એટલે એ ઝીણીયો હા જ પડશે. એટલે હવે તો એને મળીને જલ્દી નક્કી કરી લેવું જોઈએ.

તો પછી હું એને આજે જ મળીને બધું નક્કી કરી લઉં છું. તારે આજે રાત્રે એના ઘેર આવી જવાનું. હું પણ આવી જઈશ. અને પરોઢિયે વહેલાસર આપણે રવાના થઈ જવાનું. બરાબરને ! તું રાત્રે સમયસર આવી જઈશ ને ? નિર્ણયાત્મક સ્વરે નેમચંદભાઈએ દુર્લભજીને પુછયું.

હા ! હું ગમે તે રીતે આજે રાત્રે ઝીણીયાના ઘેર આવી પહોંચીશ જ. એ માટે તું નચિંત રહે.

અને બંને મિત્રો પોતાની યોજના ગોઠવીને છૂટા પડ્યા. ત્યાર પછી શ્રીનેમચંદભાઈ સમય મેળવીને પેલા ઉંટવાળાની પાસે ગયા, અને પોતાની વાત કરી. ઝીણુંમીયાંએ પ્રથમ તો આનાકાની કરી. બેવડું ભાડું મળતું હોવાથી તેનું મન લલચાતું તો હતું. પણ પાછળથી લોકો આ વાત જાણે ત્યારે પોતાની શી દશા થાય ? એ વિચારથી તે આનાકાની કરતો હતો. નેમચંદભાઈએ એને ખૂબ સમજાવીને કહ્યું કે–તારો વાળ પણ વાંકો નથી થવાનો. તારે ડરવાની બિલકુલ જરૂર નથી ત્યારે તે માની ગયો. એટલે હવે પૂરેપૂરૂં નક્કી થઈ ગયું. એ જમાનામાં બસ-મોટર કે રેલ્વે જેવાં આધુનિક સાધનો હજુ ભારતના ગામેગામમાં નહોતાં પહોંચ્યા. એક ગામથી બીજે ગામ જવું હોય તો એક્કો (એક બળદી ગાડું), ગાડું કે ઉંટનો ઉપયોગ લોકો કરતાં. ઝડપી મુસાફરી માટે ઉંટ અનુકૂળ હોવાથી શ્રીનેમચંદભાઈએ ઊંટવાળા જોડે ઊંટનું નક્કી કર્યું.

અંધારાનું શ્યામ ઓઢણું ઓઢીને નિશાદેવી પૃથ્વી પર પોતાનો પ્રભાવ પાથરી રહ્યા હતા. દેરાસરમાં આરતીના સુમધુર ઘંટારવ થઈ રહ્યા હતા. એવે ટાણે આપણા ચરિત્રનાયકશ્રીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ રાત માટેની થોડી તૈયારી કરી લીધી. વાટખરચીના પૈસા તથા બીજી જરૂરિયાતની ચીજો લીધી. થોડી વારમાં રાત પડી અને બધા સૂઈ જવાની તૈયારી કરવા લાગ્યા. નેમચંદ-ભાઈએ આ તક સાધી. "બહાર જઈને હમણાં આવું છું" એમ કહી, માતાપિતા, ભાઈ-બહેનો અને ઘર–બધાંને મનોમન છેલ્લા પ્રણામ કરીને તેઓ નીકળી ગયા. અને બને તેટલી ઝડપથી ઝીણીયાને ઘેર પહોંચી ગયા. આ બાજુથી દુર્લભજી પણ એ જ પ્રમાણે ત્યાં પહોંચ્યો.

ઝીણીયાનું ઘર કબ્રસ્તાનની નજીકમાં હતું. તેણે કહ્યું કે તમારે રાત રહેવુ હોય તો મારા ઘરે નહિ રહી શકો. કારણ કે રાત્રે કોઈ તપાસ કરવા આવે તો મારા તો બાર વાગી જાય. માટે તમે બીજા કોઈ સ્થાને રાત વિતાવો.

બન્ને કિશોરો બહાદુર અને કૃતનિશ્ચયી હતા. તેઓએ ઝીણીયાને વધારે આગ્રહ ન કરતાં બાજુના કબ્રસ્તાનમાં જઈને રાત વિતાવી. બેમાંથી એકેયને ઉંઘ ન આવી. તેમના મનમાં જલ્દી ઉપડવાની તાલાવેલી હતી. જો ઉંઘમાં ને ઉંઘમાં મોડું થઈ જાય, તો પોતાનું કામ કદાચ સિદ્ધ ન થાય, એટલે તેઓ જાગતાં જ રહ્યા. અને એક રાત પસાર થતાં વાર કેટલી ? જોતજોતામાં ચાર વાગ્યા. નેમચંદભાઈએ ઝીણીયાને ઉઠાડયો અને તૈયારી કરવાનું કહ્યું. ત્યાં તો ઝીણુંમીયાં ફરી ગયા. એના મનમાં હજુ ડર હતો. એણે કહ્યું કે–તમારા જેવા નાના છોકરાંને આવી રીતે લઈ જતાં મારો જીવ ન ચાલે. તમે કોઈ સાક્ષી લાવો. એ જો કહે તો જ હું લઈ જાઉં.

આ સાંભળીને નેમચંદભાઈને લાગ્યું કે–હવે આ મીયાંને સમજાવવાનો પ્રયાસ કરવો એ નિરર્થક છે. એ જે કહે એમ કરીએ. તરત જ તેઓ ગામમાં ગયા. અને 'ઈચ્છાચંદભાઈ' નામના પોતાના ઓળખીતાને બોલાવી લાવ્યા. એમણે ઝીણીયા સમક્ષ કહ્યું કે– અમારે બન્નેને અગત્યના કામે ભાવનગર જવું છે. પણ આ ઝીણુંમીયાં સાક્ષી માંગે છે, તો તમે સાક્ષીમાં રહો. ઈચ્છાચંદભાઈને બીજી કોઈ વાતની ખબર ન હોવાથી તેમણે તરત હા પાડી એટલે ઝીણીયો માની ગયો. એણે ઉંટ તૈયાર કર્યું.

ઇચ્છાચંદભાઈ ને વિદાય કર્યા બાદ ત્રણે જણા ઊંટ ઉપર સવાર થઈ ગયા, ને ઊંટે પોતાનાં માલિક–ચીંધ્યા માર્ગે ગતિ પકડી. નેમચંદભાઈના હૈયે ઉલ્લાસ મા'તો નહોતો. આજે ઘણા સમયે ઉરના અરમાન પૂરા થતા હતા. આ પણ એક મહાભિનિષ્ક્રમણ જ હતું ને ?

ઉંટ પૂર ઝડપે ચાલ્યું જતું હતું. કોઈ દિવસ ઉંટ ઉપર બેઠા ન હોવાથી પડી જવાની ભીતિ લાગતી. પણ "સાહસ વિના સિદ્ધિ નથી" એ વાતને લક્ષ્યમાં રાખીને તેઓ મક્કમ-મને નવકાર મંત્રનું ધ્યાન ધરતાં આગળ ધપી રહ્યા હતા. મહુવાથી ચારેક માઈલ દૂર આવેલા ભાદરોડ ગામ પાસે પહોંચ્યાં. ત્યાં 'બુટીયો' નામની નદી આવી. ભલભલા મર્દોને કાન બુટીયો ઝલાવે એવીસ્તો ? એના બેય કાંઠે પાણી હિલોળાં લેતા હતા. ઉતરનારનું પાણી મપાઈ જાય, એટલું પાણી એ નદીમાં હતું. એટલે કાચાપોચાને માટે તો 'એને પાર કરવી' એ અશક્ય જ હતું. ઝીણીયાએ એમને પાણીની બીક બતાડતાં કહ્યું કે–તમે બંને હિમ્મ-તથી કહેતા હો તો જ હું નદીમાં ઉંટ ઉતારું. નહિતર પાછા જઈએ. પણ આપણાં બન્ને દીક્ષાર્થી કિશોરો જરા પણ ડર્યા કે ડગ્યા નહિ. તેમણે તો "હિંમતે મર્દા તો મદદે ખુદા" એમ વિચારીને ઝીણીયાને કહી દીધું કે–અમે મક્કમ છીએ. તું જરાય ડર રાખ્યા વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉંટને નદીમાં ઉતાર. અને ઝીણીયાનો ઈશારો મળતાં જ ઉંટે નદીમાં ઝંપલાવ્યું. કુદરતનેય આજે જ એમની પૂરેપૂરી કસોટી કરી લેવાનું સૂઝયું હશે, તે નદી પાર કરતાં અધવચ્ચે જ આકાશમાંથી વરસાદ જોશભેર ટપકી પડયો. બધાય પલળી ગયા. એ સ્થિતિમાં જ નદી પાર કરી, સામે કાંઠે પહોંચીને કપડાં વગેરે વ્યવસ્થિત કર્યાં અને તરત જ તૈયાર થઈને આગળ વધ્યા. ખરેખર ? **"विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमजना न परित्यजन्ति"** એ સજ્જનની પ્રશંસા આ બંને કિશોરોમાં ચરિતાર્થ થાય છે. માર્ગમાં ભૂખ લાગી ત્યારે સાથે લીધેલાં ભાતાનો ઉપયોગ કરી લીધો. ત્યારપછી છેક સાંજ સુધી ચાલ્યા જ કર્યું. હવે રાત પડવા આવી હતી, તેથી નજીકમાં કોઈક ફકીરનાં ઝુંપડામાં રાત ગાળી. ફકીરે પણ તેમની સારી મહેમાનગતિ કરી.

બીજે દિવસે સવારે તેઓ આગળ વધ્યા. થોડીવારમાં તળાજા આવી પહોંચ્યાં. ત્યાંથી આગળ જતાં કોઈક પરિચિત સંબંધી મળ્યા, અને તેઓ ઓળખી ગયા. એટલે તરત જ શ્રીનેમચંદભાઈએ ઉંટને આડરસ્તે લેવરાવી લીધો. આજે પણ તેઓને વરસાદ ખૂબ નડયો. ઉંટ ઉપર સતત બેસી રહેવાને કારણે શરીર અકડાઈ ગયેલું, અધૂરામાં પૂરું હોય એમ–ભૂખ પણ લાગી હતી. સાથેનું ભાતું વરસાદમાં પલળી ગયેલું. એટલે હવે કોઈ ગામ આવે તો વિસામો લેવાનું મન થયું. નસીબયોગે થોડો માર્ગ કાપ્યો ત્યાં ભડીભંડારીયા નામનું ગામ આવ્યું. ગામના પાદરે ઉંટને ઝોકાર્યો. બધા નીચે ઉતર્યા, અને ઘડીવાર વિસામો લીધો. હવે ભોજનનો બંદોબસ્ત કરવાનો હતો. શ્રીનેમચંદભાઈએ કહ્યું : તમે થોડીવાર બેસો, હું ગામમાં જઈ જમવાની વ્યવસ્થા કરીને આવું છું.

અણદેખ્યું ને અજાણ્યું આ ગામ હતું. કાંઈ સગું કે સ્વજન પણ અહીં ન હતું. આવા અજાણ્યા ગામમાં ભોજનની વ્યવસ્થા કઈ રીતે કરવી ? પણ નેમચંદભાઈ હિંમતવાન અને હોંશિયાર હતા. ગમે તેની પાસે કામ કરાવી લેવાની તેમની આવડત અનોખી હતી. તેઓ તો ગામમાં ગયા. ત્યાં એક વાણીઆની દુકાન એમની નજરે પડી. એટલે ત્યાં પહોંચી ગયા. વાતવાતમાં જાણી લીધું કે–આ જૈન શ્રાવકની જ દુકાન છે. તેથી તેઓ મનમાં ખુશ થયા. તેમણે એ શ્રાવકને ત્રણ જણાને માટે રસોઈની વ્યવસ્થા કરી આપવાનું કહ્યું. અને એના ખર્ચ પેટે બે રૂપિયા પોતાની પાસેથી કાઢીને આપ્યા. પેલા શ્રાવક તો છકક થઈ ગયા. કારણ કે–એ જમાનામાં એક માણસનો ભોજન–ખર્ચ ચાર આનાથી વધુ થતો નહિ. એટલે ત્રણ જણને માટે બહુબહુ તો એક રૂપિયો જોઈએ. એને બદલે બે રૂપિયા મળ્યા. એ જોઈને પેલા ગૃહસ્થે એમને સત્વર ભોજનાદિની સગવડ પોતાના ઘરે કરી આપી. શ્રીનેમચંદભાઈ પણ દુર્લભજી અને ઝીણીયાને લઈને આ ગૃહસ્થના ઘેર આવ્યા. અને બધા આનંદથી જમ્યા. ઉંટને માટે પણ ચારાપાણીની વ્યવસ્થા કરી આપી હતી.

જમી રહ્યા એટલે આપણા ઉદારદિલ નેમચંદભાઈએ પેલા શ્રાવકને ઘીના ખર્ચ માટે આઠ આના વધારે આપ્યા. એ શ્રાવકે ઘણી ના પાડી કે "તમે બે રૂપિયા આપ્યા છે, હવે મારે વધારે પૈસા ન લેવાય" તો પણ એને આગ્રહપૂર્વક આપ્યા. આવી ઉદારતાથી પેલા ગૃહસ્થે ખુશ થઈને તેમને ન્હાવા–ધોવાની વ્યવસ્થા કરી આપી. તેઓનાં શરીરે તેલ માલિશ વિગેરે કરી થાક પણ ઉતારી દીધો. અને રાત્રે પોતાના ઘેર જ સુવાડયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સવાર પડી અને તેઓ પેલા ગૃહસ્થની સાભાર વિદાય લઈ ઉંટ પર બેસીને ભાવનગરનાં પંથે પડી ગયા. અહીંથી ભાવનગર હવે આઠ જ ગાઉ હતું. રાતભરનાં આરામથી શ્રમમુક્ત બનેલું ઉંટ પવનવેગે દોડી રહ્યું હતું. જોતજોતામાં તો તેઓ ભાવનગર શહેરમાં આવી પહોંચ્યાં. મહુવાથી નીકળ્યે આજે ત્રીજો દિવસ હતો.

ત્યાં પહોંચીને તેમણે ઝીણીયાને બેવડું ભાડું ચૂકવીને છૂટો કર્યો. પોતાની યુક્તિ સફળ થવાથી અપાર આનંદ-સાગરમાં સ્નાન કરતાં શહેરના ચિરપરિચિત માર્ગે શેઠ જસરાજભાઈના ઘર તરફ ચાલ્યા. થોડીવારમાં તેમનું ઘર આવી ગયું. બંનેએ એમને ત્યાં જઈને ઉતારો કર્યો. નેમચંદભાઈને એકાએક આવેલા જોઈને તેઓને આશ્ચર્ય થયું. કારણ કે-તેમના આવવાના કોઈ સમાચાર જ નહોતા. તેઓએ બન્નેને આવકાર આપીને બેસાડયા. નેમચંદભાઈએ પણ જમી લીધા પછી જરા સ્વસ્થ થઈને શ્રીજસરાજભાઈને પોતાની બધી વાત અથેતિ જણાવી દીધી.

આ બન્ને કિશોરો દીક્ષાર્થી છે, એ જાણી શ્રી જસરાજભાઈ ખૂબ આનન્દિત બન્યા. શ્રીનેમચંદભાઈના સાહસને મનોમન વખાણવા લાગ્યા. અને "આવાં દીક્ષાર્થી આત્માઓના પુનિત પગલાં પોતાના ઘરે થયા" એ પોતાનું અહોભાગ્ય માની રહ્યા.

## [૯]

### મન્થન

માર્ગમાં લાગેલા શ્રમથી મુક્ત બનીને શ્રીનેમચંદભાઈ અને તેમના મિત્ર દુર્લભજીભાઈ પૂજ્યપાદ ગુરુમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે ગયા. વન્દનાદિ કરીને બેઠા. તેમને અચાનક આવેલા જોઈને ગુરુમહારાજ પણ જરા વિસ્મિત થઈ ગયા. તેમણે પૂછ્યું : "કયારે આવ્યો નેમચંદ ?"

"આજે જ આવ્યો, સાહેબ !"

"અહીંથી મહુવા ગયા પછી તારા કોઈ સમાચાર જ નહોતા. અને આજે તું એકાએક આવી ચડયો. કેમ આવ્યો છે ભાઈ! આ દુર્લભજી પણ તારી સાથે આવ્યો છે કે શું !" વાત્સલ્યનીતરતાં સ્વરે ગુરુમહારાજે પૂછ્યું.

"કૃપાળુ ! અહીં આપની પાસે આવવાનું બીજું કયું પ્રયોજન હોય ? આપ અમારી બંનેની ભાવના સારી રીતે જાણો છો. એ ભાવના પૂર્ણ કરવા હું અને દુર્લભજી આપના શરણે આવ્યા છીએ" નેમચંદભાઈએ ભાવવાહી સ્વરે પોતાના આવવાનું પ્રયોજન જણાવ્યું.

આ સાંભળી ગુરુભગવંતે પ્રસન્નતા અનુભવી. પણ તરત જ તેઓ ગંભીર બની ગયાં, અને પૂછ્યું : "નેમચંદ! તમારી ભાવના હું સારી રીતે જાણું છું. તમે બંને દીક્ષા લેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે ખરા અંતરથી ઉત્સુક અને અભિલાષી છો. પણ તમે દીક્ષા માટે તમારા માતા–પિતાની અનુમતિ લઈને આવ્યા છો ને ?"

"ગુરુદેવ ! આપશ્રી અમારાં માતા–પિતાથી સારી રીતે પરિચિત છો. તેઓ કોઈ રીતે અમને દીક્ષાની રજા આપે એમ નથી. અરે ! હું દીક્ષા લઈ લઈશ, એવા ડરથી તો મને આપની પાસેથી ઘેર બોલાવી લીધો હતો. પછી રજા આપવાની તો વાત જ ક્યાંથી હોય ! આ દુર્લભજીની પરિસ્થિતિ પણ એવી જ હતી. તેથી અમે બન્ને નક્કી કરીને કોઈને કહ્યા સિવાય અહીં ભાગી આવ્યા છીએ. નેમચંદભાઈએ સ્વસ્થતાથી પોતાની વાત પૂ. ગુરુ મ.-શ્રીને નિવેદિત કરી. સાથે પોતે કઈ રીતે નીકળ્યા; રસ્તામાં કઈ રીતે બે દિવસે વીતાવ્યા. વિગેરે વાતપણ સવિસ્તર જણાવી. અને છેલ્લે વિનીતભાવે વિનંતિ કરી કે–સાહેબ ! હવે કૃપા કરીને અમને પ્રવ્રજ્યા આપો, અને અમારો ઉદ્ધાર કરો."

બન્ને મુમુક્ષુઓની સાહસવૃત્તિ અને નિર્મળ–ત્યાગભાવના જોઈને ગુરૂમહારાજ ખૂબ રાજી થયા. પણ તેઓશ્રી મા–બાપની રજા સિવાય દીક્ષા ન અપાય એવી પોતાની મર્યાદા સમજતા હતા. એટલે તેઓશ્રીએ નેમચંદભાઈને કહ્યું : "નેમચંદ ! તમારી બન્નેની ભાવના ઘણી ઉત્તમ, સુન્દર અને અનુમોદનીય છે. પણ હું તમારા માતા–પિતાની અનુમતિ સિવાય તમને દીક્ષા ન આપી શકું ! તમે બન્ને અહીં રહો–ભણો જરૂર. પણ દીક્ષા તો તમારાં માતા–પિતાની સંમતિ મળ્યા પછી જ આપી શકાય."

આ સાંભળતાં જ આપણા ચરિત્રનાયકશ્રી ખિન્ન બની ગયા. પગ તળેથી ધરતી સરી રહી હોય એવું એમને લાગ્યું. તેઓ વિચારમાં પડી ગયા કે ગુરુમહારાજની વાત સંપૂર્ણ રીતે વ્યાજબી હતી. બીજી તરફ પોતાની ભાવના પણ અટલ હતી. માતા–પિતાની રજા તો હવે કોઈ પણ હિસાબે મળી શકે તેમ ન હતી. અને એ વિના ગુરૂમહારાજ દીક્ષા આપી શકે તેમ પણ ન હતું. હવે શું કરવું ? તેઓના મનમાં જબ્બર મન્થન ચાલ્યું.

એમના મનમાં બે વાત તો વજ્રની જેમ જડાઈ ગયેલી –(૧) કે ઘરે પાછાં જવું નથી, અને (૨) કોઈ પણ ઉપાયે પ્રવ્રજ્યા લેવી છે. એટલે હવે તો પ્રવ્રજ્યા માટે કોઈ ઉપાય શોધી કાઢવો જ રહ્યો. એને માટે એમના મનમાં જોશભેર મન્થન ચાલ્યું.

આ બાજુ–મહુવામાં તેમના ઘેર સૌના હૈયામાં ભારે ખળભળાટ મચી ગયો છે. નેમચંદ-ભાઈએ રાત્રે કહ્યું કે, 'હું બહાર જઈને આવું છું' પછી થોડીવાર રાહ જોઈ, છતાં ન આવવાથી શ્રીલક્ષ્મીચંદભાઈને એમ લાગ્યું કે એના કોઈ ભાઈબંધને ત્યાં કે રૂપશંકરભાઈને ત્યાં જ સૂઈ રહ્યો હશે, એટલે તત્કાળ બીજી કોઈ ચિન્તા કરવા જેવું હતું નહીં. પણ સવાર પડી ગઈ, ને સૂર્યનારાયણ આકાશમાં રાશવા ચડી ગયા છતાંય નેમચંદભાઈ ઘરે ન આવ્યા, એટલે લક્ષ્મીચંદભાઈના મનમાં બીક પેઠી, કે ક્યાંય જતો તો નહિ રહ્યો હોય ને ! તેમણે તરત જ સૌ પ્રથમ રૂપશંકરભાઈને ત્યાં તપાસ કરી. પણ ત્યાં જાણવા મળ્યું કે – નેમચંદ અહીં બે–ત્રણ દિવસ થયા આવ્યો જ નથી. બીજાં સગાં–સંબંધીઓને ત્યાં અને નેમચંદભાઈના મિત્રોને ત્યાંય તપાસ કરી. પણ એમાંના કોઈ કહેતાં કોઈને એને વિષે કાંઈ ખબર નહોતી. દુર્લભજીના ઘરે તપાસ કરી, તો ત્યાં તો વળી તેમને જ સામેથી પૂછાયું : અમારો દુર્લભજી કાલ રાતનો નથી, તો તમારા ઘરે આવ્યો છે ? દુર્લભજીને ત્યાંય એની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોધખોળની રામાયણ ચાલુ હતી. લક્ષ્મીચંદભાઈ વ. ભારે મુંઝવણમાં મૂકાઈ ગયા. એમ ને એમ સાંજ પડી ગઈ. કોઈને કાંઈ સૂઝતું નહોતું. એવામાં એકાએક લક્ષ્મીચંદભાઈની વિચક્ષણ બુદ્ધિમાં ચમકારો થયો-"નેમચંદ અને દુર્લભજી મિત્રો હતા, બન્ને વારંવાર મળતા. બંનેને દીક્ષા લેવી હતી. માટે તેઓ બંને એક થઈને દીક્ષા માટે જ ભાગી છૂટ્યા હોવા જોઈએ."

પછી તો ક્યાં ગયા છે તેની કલ્પના કરતાં શી વાર! એક વાત તો તેઓ જાણતા જ હતા કે-જાય તો ભાવનગર પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે જ જાય, બીજે નહીં.

આવો વિચાર સ્ફુરતાં જ તેમણે ગામમાં જે માણસો ઘોડા-ઉંટ કે ગાડામાં લોકોને બહારગામ લઈ જતા હતા, તેમને ત્યાં તપાસ કરાવી તો જાણવા મળ્યું કે-"ઝીણીયો ઉંટ-વાળો આજે વહેલી સવારે એકાએક ભાવનગર ગયો છે. સાથે બે છોકરાં હતા."

હવે તો તેમના મનમાં નિશ્ચય થઈ ગયો કે-બંને છોકરાઓ ઝીણીયાની મદદ લઈને ભાવનગર જ ગયા છે.

આ વાત જાણ્યા પછી ઘરમાં બધાં ઉદાસ થઈ ગયા. ઘર આખામાં જાણે શૂનકાર થઈ ગયે. દીવાળી બહેનની આંખે આંસુઓની ધારા ચાલી. માતાની મમતા છે ને? તેમાંય પોતાનો લાડીલો પુત્રરત્ન નેમચંદ દીક્ષા લઈ લેશે, એ વિચારે તો દીવાળીબેન અને લક્ષ્મીચંદ-ભાઈને પણ અસ્વસ્થ બનાવી દીધા. તેમણે તત્કાળ ભાવનગર શેઠ જસરાજભાઈને પત્ર લખ્યો કે-"નેમચંદ ત્યાં આવ્યો હોય તો તુર્તજ તેને અહીં પાછો મોકલી આપો. તેને અમારી રજા સિવાય દીક્ષા આપશો નહિ." ખરે જ! મોહરાજની માયા અજબ છે. મમતાનું બંધન અસાધારણ છે.

ભાવનગરથી જવાબ આવ્યો કે-"નેમચંદ તથા દુર્લભજી અહીં આવ્યા છે. તેઓ દીક્ષા લેવાની વાત કરે છે. પણ પૂ. ગુરુમહારાજશ્રીએ માતા-પિતાની રજા વિના દીક્ષા આપવાની તેમને ના પાડી છે. હાલ તેઓ અહીં રહેશે."

આ સમાચાર મળવાથી લક્ષ્મીચંદભાઈના મનમાં કંઈક ધરપત વળી. દીવાળીબાનેય થોડીક રાહત મળી, કારણ કે નેમચંદ ગમે તેટલી ઉતાવળ કરે તોય હવે તો પોતાની રજા સિવાય એને દીક્ષા મળવાની જ નહોતી.

પણ નેમચંદભાઈ પણ બુદ્ધિમાન્ અને હોંશિયાર હતા. તેઓ દીક્ષા લેવા માટે મક્કમ જ હતા. અને એનો કોઈ ઉત્તમ રસ્તો શોધી કાઢવા તેમણે પોતાના સમગ્ર બુદ્ધિ-બળને કામે લગાડી દીધું હતું.

દુર્લભજીએ પણ પૂજ્યશ્રીને ખૂબ આજીજી કરવા માંડી, તેના પિતાજી તો ઘણા સમયથી સ્વર્ગવાસ પામ્યા હોવાથી તેના માટે બીજી કોઈ ચિન્તા નહોતી. એટલે એની ઉત્કટ ભાવના જોઈને શ્રી ગુરુમહારાજે એક શુભ દિવસે તેને દીક્ષા આપી દીધી. પણ આપણા ચરિત્ર-નાયકશ્રીને ન આપી, કારણકે તેમના માતા-પિતા વિ. બધાં જ દીક્ષાની વિરૂદ્ધ હતાં. તેથી તેમની રજા મળે તો જ આપવી, એવો ગુરુ મ. નો વિચાર હતો.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્વયંદીક્ષા

સંસાર-સમુદ્રને તરવાનો સફળ ઉપાય એટલે જ દીક્ષા.

દીક્ષા એટલે મોક્ષ-મહેલનું પ્રવેશદ્વાર.

દીક્ષા એટલે અન્તરંગ શત્રુઓને જીતવાનું અમોઘ બ્રહ્માસ્ત્ર.

દીક્ષા એટલે જૈનોનો જીવનમંત્ર.

પ્રત્યેક જૈન દીક્ષાની ઈચ્છા રાખે જ. સંસારમાં ગળાબૂડ રચ્યાપચ્યા રહેવા છતાંય હૈયામાં દીક્ષાની અભિલાષા સેવે એનું નામ સાચો જૈન.

ત્રિભુવનનાયક જિનેશ્વરદેવોને પણ દીક્ષા ગ્રહ્યા પછી જ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

આવો છે દીક્ષાનો પ્રભાવ. આવું છે દીક્ષાનું અદ્ભુત માહાત્મ્ય.

આવી દીક્ષા લેવા માટે આપણા ચરિત્રનાયકશ્રી ઉત્કંઠિત બન્યા હતા. જૈન ધર્મના પરમ શ્રદ્ધાળુ અને સમજુ હોવા છતાંય મોહાધીન બનેલા લક્ષ્મીચંદભાઈ એમને એ માટે રજા નહોતા આપતા.

અને એ જ કારણે ગુરુમ.શ્રી દીક્ષા પણ નહોતા આપતા. પણ નેમચંદભાઈ તો કોઈપણ ઉપાયે દીક્ષા લેવા માટે મક્કમ જ હતા. એનો કોઈ ઉપાય શોધવા માટે એમની કુશાગ્ર બુદ્ધિ કામે લાગી ગઈ હતી.

પછી તો "**बुद्धिर्यस्य बलं तस्य**" જેની બુદ્ધિ એનું બળ. એમણે એક ઉપાય શોધી કાઢ્યો. એને અજમાવવાનો પણ પૂર્ણ નિર્ધાર કરી લીધો. આ વાત તેમણે બીજા કોઈને ન કહી. તેઓ ઉપાશ્રયે જ રહેતા, ભણતા અને સાધુ મહારાજોની ભક્તિ પણ કરતા. સાધુ મહારાજો પણ તેમની ભાવના જોઈને તેમના પર પ્રસન્ન રહેતા. એ બધા સાધુ-મહારાજોમાં એક મુનિશ્રી રત્નવિજયજી મહારાજ નામે સાધુ હતા.

એક દિવસ લાગ જોઈને નેમચંદભાઈએ તેમને પોતાની હૃદયપૂર્વકની શુદ્ધ ભાવના દર્શાવીને વિનંતિ કરી કે—ગુરુ મહારાજ તો દીક્ષા નહિ આપે, માટે આપ કૃપા કરો, અને મને સાધુનાં વસ્ત્રો ચોલપટ્ટો વિ. આપો. આપને કોઈ પ્રકારની બીક રાખવાની જરૂર નથી. બધી જવાબદારી મારે માથે.

એમની આવી પ્રબળ ભાવના જોઈને પૂ.શ્રીરત્નવિજયજી મહારાજે એમને કપડાંની વ્યવસ્થા કરી આપી. હવે બાકી રહ્યો ઓઘો. એ પણ એમની પાસેથી જ મળી ગયો. આ ઓઘો પૂજ્યપાદ ગચ્છનાયક શ્રીમૂળચંદજી મહારાજનો હતો.

આપણાં ચરિત્રનાયકને એક મહાન્ ગચ્છનાયકનો ઓઘો મળ્યો, એ એમના ભાવિ ગચ્છનાયક-પણાનું સૂચક ચિહ્ન હતું, એમના મહાન્ પુણ્યનું એંધાણ હતું. ખરેખર ! મહાપુરુષોનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક-એક જીવનપ્રસંગો મહાન જ હોય છે. અને એમાં જ એ મહાપુરુષોની મહત્તાનાં મૂલ્ય અંકાયેલા હોય છે.

હવે બધાં ઉપકરણો પોતાની પાસે આવી ગયા હતા. (એક પોતે, અને બીજા રત્નવિજયજી મ. સિવાય બીજું કોઇ-ગુરૂમહારાજ સુદ્ધાં પણ આ વાત નહોતા જાણતા).

અને-એક શુભ દિવસે આપણા મહાન્ ચરિત્રનાયકશ્રી નેમચંદભાઈએ એકાન્તમાં સાધુ-વેશ ધારણ કરી લીધો. અને પછી હાથમાં ઓઘો ગ્રહી હસતે મુખડે તેઓ ગુરુમહારાજશ્રી પાસે ઉપસ્થિત થયા.

ગુરુ મ. તો આ જોઈને ચમકી જ ગયા. તેઓ તરત જ બોલી ઉઠ્યાઃ અરે નેમચંદ! આ શું? તને દીક્ષા કોણે આપી?

તેમણે જણાવ્યુંઃ ગુરુદેવ! મને કોઈએ દીક્ષા નથી આપી. પરંતુ મેં સ્વયંમેવ સાધુવેશ પહેર્યો છે. હવે આપના ચરણકમલોમાં ઉપસ્થિત થયો છું. કૃપા કરીને મને દીક્ષાનો મંગળ-વિધિ કરાવો.

આ સાંભળીને ગુરુમહારાજ વિચારમાં પડી ગયા. તેમના મનમાં હજુ દ્વિધા હતી કે-માતા-પિતાની સંમતિ વિના દીક્ષા આપીશ, તો પાછળથી કંઈક તોફાન જેવું તો નહીં થાયને?

આપણા ચતુર ચરિત્રનાયકશ્રી ગુરુ મ. નો મનોભાવ સમજી ગયા. તેઓ તુરત જ બોલી ઉઠયાઃ સાહેબ! આપ નિઃસંદેહ અને નિઃશંક રહેજો. બધી જવાબદારી મારે માથે જ રહેવા દો. આપ તો જે આવે તેને બેધડક કહી શકશો કે-મેં એને દીક્ષા આપી નથી, એણે સ્વયં વેશ પહેરી લીધો છે. કૃપા કરીને હવે મને વિધિપૂર્વક આપનો શિષ્ય બનાવો.

ગુરુ મ. પણ પંજાબી હતા. તેમણે આ સાંભળી વિચાર્યું કે "પડશે એવા દેવાશે." અને તુર્ત જ તેઓશ્રીએ શ્રીનેમચંદભાઈને દીક્ષાનો સંપૂર્ણ મંગળ વિધિ કરાવ્યો. અને પોતાના શિષ્ય તરીકે સ્થાપ્યા, તેમનું શુભ નામ "મુનિશ્રી નેમિવિજયજી" પાડ્યું.

વિ. સં. ૧૯૪૫ની એ સાલ હતી.

જેઠ સુદ સાતમનો એ ઉત્તમ દિવસ હતો.

આજે એમના હર્ષોલ્લાસનો કોઈ પાર નહોતો. આજે એમની ભાવના સફળતાનાં શિખરે પહોંચી હતી. તેમને આજે સ્વ-પરકલ્યાણકારી રાહની પ્રાપ્તિ થઈ ચૂકી હતી, અને મહાન ગુરુદેવનું શરણું પણ મળી ગયું હતું. તેઓ પોતાના જીવનને ધન્યતમ માનવા લાગ્યા. અને જ્ઞાન-ધ્યાન-સંયમનું પાલન તેમજ શ્રી ગુરુદેવની સેવામાં તેઓ એકાગ્રચિત્તે લીન બની ગયા.

દીક્ષા લીધી એટલે બધાંને ખબર તો પડે જ. મહુવા શ્રીલક્ષ્મીચંદભાઈને પણ ખબર પડી. તેઓ તુર્ત જ દોડાદોડ ભાવનગર આવ્યા. તેઓ અત્યારે મોહવશ હતા, એટલે તેમની તો એ જ ઈચ્છા હોય કે ગમે તે પ્રકારે દીકરાને ઘરે લઈ જવો. તેઓએ ઉપાશ્રયે જઈને પૂ. ગુરુ મ. ને પૂછયું કે-અમારી રજા વિના દીક્ષા કેમ આપી? ગુરુમહારાજે તો કહ્યું કે-તેણે સ્વયં વેશ પહેરી લીધો છે. આ સાંભળીને તેઓ પહોંચ્યા આપણા ચરિત્રનાયક પાસે. એમને ધમકાવ્યા, ડરાવ્યા, સમજાવ્યાય ખરા. પણ તેઓ તો મેરુવત્ અડગ હતા. તેમણે કહ્યું કે-મેં મારી ઈચ્છાથી દીક્ષા લીધી છે અને મારી વાતમાં હું મક્કમ જ છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી લક્ષ્મીચંદભાઈ વધારે ક્રુદ્ધ થયા. તેમણે કેસ કરવાની બીક બતાવી. અને તેઓ મેજીસ્ટ્રેટ મગનલાલભાઈને ઉપાશ્રયે લઈ આવ્યા. તેમણે ધમકીપૂર્વક ઉલટતપાસ કરી. અને દરેક બાબતની ખૂબ ચકાસણીકરી, પણ મહારાજશ્રીની વાત તો દીવા જેવી સ્પષ્ટ ને સત્ય હતી. એટલે તેમણે જણાવ્યું કે "આ છોકરાએ કોઈની શીખવણીથી કે દોરવણીથી ભાગી જઈ ને દીક્ષા લીધી નથી, પણ પોતાની સમજણપૂર્વકની ભાવનાથી જ લીધી છે. માટે આ બાબતમાં કાયદેસર કાંઈ થઈ શકે નહિ."

પોતાનાથી શકય એટલા દરેક ઉપાય અજમાવ્યા, પણ એકેયમાં શ્રીલક્ષ્મીચંદભાઈ સફળ ન થયા. 'દીવાળી બા', પણ આવ્યા હતા. તેમનું કલ્પાંત હૃદયદ્રાવક હતું. તેમના મુખમાં એક જ વાત હતી કે–મારો નેમચંદ ઘરે પાછો આવે. તેઓ પથ્થર વડે માથું ફૂટતાં હતાં. જોનારાઓ માટે એ અસહ્ય જ હતું.

રડી–રડીને જ્યારે તેઓ થાકયા, ત્યારે અત્યાર સુધી નિર્મમ અને નિર્વિકાર–ભાવે રહેલા આપણા નવદીક્ષિત ચરિત્રનાયકશ્રીએ તેમને બોધભરી–પ્રેમભરી વાણીમાં સમજાવ્યા. શ્રી લક્ષ્મીચંદભાઈ જ્ઞાની અને સમજુ તો હતા જ. પણ બલવત્તર મોહ–દશાને કારણે તેઓ જરા મુગ્ધ બન્યા હતા. પોતાના સાધુ–પુત્રરત્નની બોધ-વાણી સાંભળીને તેમની મોહદશા ધીમે-ધીમે ઓછી થઈ ગઈ. પુત્ર–વિરહનું દુઃખ તો હતું જ, પણ સાથે-સાથે પોતાનો પુત્ર આવા ઉચ્ચ પંથે ગયો એનો આનન્દ પણ હવે ખુબ જ થતો હતો. તેઓ શાન્ત થઈ, પૂ. ગુરુ મહારાજની ક્ષમા યાચી, પુત્રને હિત–શિક્ષા આપીને પુનઃ ઘરે આવી ગયા.

આજથી સોળ વર્ષ પૂર્વે પુત્ર–જન્મ પછી જ્યોતિષી શ્રી વિષ્ણુભટ્ટજીએ કહેલી ઉક્તિ જાણે સત્ય પુરવાર થઇ રહી હતી–

"કુંભ લગ્નકા પૂત, બડા અવધૂત. રાતદિન કરે ભજન."

---

# [૧૧]

## શાસ્ત્રાભ્યાસ

દીક્ષા લીધા બાદ આપણા ચરિત્રનાયક મુનિપ્રવરશ્રી નેમિવિજયજી મહારાજ સાધુના આચારો પાળવામાં તલ્લીન બન્યા. ગુરુભગવંત પાસેથી ગ્રહણશિક્ષા અને આસેવનાશિક્ષા લઈને સાધુ યોગ્ય આવશ્યક સૂત્રાભ્યાસ તેઓએ ટુંક સમયમાં જ કરી લીધો. તેમની નવનવાં વસ્તુતત્ત્વની જિજ્ઞાસા અપૂર્વ હતી. ગુરુભગવંત તેમજ અન્ય મુનિવરોની સાથે તેઓ ખૂબ વિનય અને ભક્તિપૂર્વક વર્તતા. તેથી તેઓ ગુરુમહારાજના પૂર્ણ કૃપાપાત્ર બની ગયા. બીજા પણ–અષ્ટ પ્રવચનમાતાનું અણીશુદ્ધપાલન, ક્રિયારૂચિ, સ્વાધ્યાય તત્પરતા વિગેરે સાધુયોગ્ય ગુણો તેમનામાં અલ્પ સમયમાં જ ખીલી નીકળ્યા.

તેઓશ્રીનું પ્રથમ ચોમાસું ભાવનગરમાં જ થયું. આ પ્રથમ ચાતુર્માસમાં જ તેઓને વ્યાખ્યાન વાંચવાનો પ્રસંગ આવ્યો. વાત એવી બની કે–તેઓશ્રી સ્વાધ્યાયાદિથી નિવૃત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ ને પ્રાગાભાઈ દરબાર નામના એક સરળ અને જિજ્ઞાસુ શ્રાવકને હંમેશાં વ્યાખ્યાનરૂપે ધર્મનો ઉપદેશ આપતા. વક્તૃત્વ–શક્તિ એમને સહજ રીતે જ વરેલી. એટલે પ્રાગાભાઈ પણ રસથી સાંભળતા.

એક વાર આવી જ રીતે તેઓશ્રી ઉપદેશ આપતા હતા, ત્યાં શ્રીગુરુ મ. કાંઈક કાર્ય પ્રસંગે તે તરફ આવી ચડ્યા. તેઓશ્રીના કાને શિષ્યનો અવાજ સંભળાયો. તેઓ કોઈને ખબર ન પડે એ રીતે સાંભળવા ઉભા રહ્યા. થોડીવાર સાંભળીને તેઓ આશ્ચર્ય પામી ગયા. પોતાના શિષ્યની નૈસર્ગિક વક્તૃત્વશક્તિ તેઓએ પારખી લીધી. તેઓશ્રીને લાગ્યું કે–જો આને વ્યાખ્યાન વાંચવાની તક મળે, તો આગળ જતાં સુન્દર વ્યાખ્યાનકાર બને. અને તેઓ મનમાં કાંઈક નિર્ણય કરીને ત્યાંથી આસને પધારી ગયા.

જોતજોતામાં પર્યુષણા મહાપર્વના મંગલ દિવસો આવી પહોંચ્યા. ચોથા દિવસે કલ્પ–વાંચન શરૂ થયું. તે દિવસે પૂ. ગુરૂદેવે શેઠ જસરાજભાઈને બોલાવીને સૂચના કરી કે–જસરાજભાઈ! આવતી કાલે વ્યાખ્યાન નેમવિજય વાંચશે.

શું કહો છો ? સાહેબ ! શેઠે સાશ્ચર્ય પૂછ્યું.

હું બરાબર કહું છું. શેઠ ! મને ખાત્રી છે કે એ વ્યાખ્યાન જરૂર વાંચશે.

અનન્ય ગુરુભક્ત જસરાજભાઈએ એ વાતને ‘તહત્તિ’ કહી સ્વીકારી લીધી. ગુરૂવચનમાં તેમને સંપૂર્ણ શ્રદ્ધા હતી.

બીજે દિવસ થયો. પૂ. ગુરૂદેવે પોતાના પ્રશિષ્ય મુનિશ્રી ચારિત્રવિજયજીને બધી વાત સમજાવી દીધી, કે આ પ્રમાણે કરવાનું છે. વ્યાખ્યાનસમય થયો. એટલે પૂ. ગુરૂદેવે શ્રી નેમવિજયજીને બોલાવીને ફરમાવ્યું: નેમવિજય ! આ સુબોધિકાના પાના લઈને વ્યાખ્યાનમાં જા. આમ કહીને સુબોધિકાની પ્રાચીન હસ્તલિખિત–પડિમાત્રાવાળી પ્રત તેમના હાથમાં આપી.[૧]

વિનયી શિષ્યના મુખમાં ‘તહત્તિ’ સિવાય બીજો શો જવાબ હોય ? તેઓએ જવાની તૈયારી કરી. ત્યાં જ શ્રીગુરુદેવે કહ્યું: કપડો કેમ આવો પહેર્યો છે ? લે, આ મારો કપડો પહેરી જા.

એમ જ થયું. મનમાં જરા આશ્ચર્ય તો થયું, પણ એને શમતાં વાર ન લાગી. ગુર્વાજ્ઞા હતી ને ?

વ્યાખ્યાન સાંભળવા માટે તેઓ નીચેની નાની પાટ પર બેસવા ગયા, ત્યાં જ પૂ. ચારિત્રવિજયજી મહારાજે કહ્યું કે–ત્યાં નહિ, અહીં ઉપર આવો. મારી બાજુમાં બેસો.

પૂ. શ્રીએ પૂછ્યું: એમ કેમ ?

વડીલ મુનિશ્રીએ કહ્યું–હું કહું છું ને ? તમે ઉપર બેસો. અહીં પણ આશ્ચર્ય થયું. પણ વડીલની આજ્ઞા હતી. એટલે ઉપર બેઠા.

વ્યાખ્યાન શરૂ થયું. એકાદ પાનું વંચાયું, કે તરત જ શ્રીચારિત્રવિજયજી મહારાજે પચ્ચક્ખાણ આપવાની હાકલ કરી.

---

૧. આ પ્રત આજે પણ ખંભાતના શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાન ભંડારમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આજે આમ કેમ, મહારાજ ? પચ્ચક્ખાણુની ઉતાવળ કેમ ? હજી તો ઘણી વાર છે." આપણા પૂજ્યશ્રીએ પૂછ્યું. તેમની આશ્ચર્યપરંપરા વધતી જ જતી હતી. હજી સુધી તેમને કલ્પના સરખીય નથી કે મારે વ્યાખ્યાન વાંચવાનું છે.

જવાબ મળ્યો: પર્વ દિવસોમાં જલ્દી પચ્ચક્ખાણુ આપી દઈએ તો તપસ્વીઓને અનુકૂળતા રહે.

અને પચ્ચક્ખાણુ અપાઈ જતાં જ પૂજ્યશ્રીના હાથમાં પાના સોંપીને શ્રી ચારિત્રવિજયજી મહારાજ પાટ પરથી ઉતરી ગયા.

પૂજ્યશ્રીએ પૂછ્યું: આ શું ? આપ કેમ ઉતરી ગયા ?

તેઓએ સસ્મિત જવાબ આપ્યો: ગુરૂમહારાજની આજ્ઞા છે, કે બાકીનું વ્યાખ્યાન તમારે વાંચવું. આમ કહી તેઓ જતા રહ્યા.

પૂજ્યશ્રી તો ભારે વિસ્મય અને વિમાસણુમાં પડી ગયા તેમને હવે સમજાયું કે ગુરુદેવે આજે કેમ પોતાને મોકલ્યા હતા. પછી તો તરતજ તેઓએ ગુરુમહારાજની આજ્ઞાને શિરોધાર્ય ગણી સભા સમક્ષ અસ્ખલિત વાગ્ધારાથી રોચક શૈલીમાં અક્ષુબ્ધપણે વ્યાખ્યાન ચલાવ્યું, અને સમગ્ર સભાને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધી.

શેઠ જસરાજભાઈ વિગેરે આબાલ-વૃદ્ધજનોએ તેઓશ્રીની આવી વિદ્વત્તાની ખૂબખૂબ પ્રશંસા કરી. ગુરુ મહારાજ પણુ ખૂબ સંતુષ્ટ થયા. થાય જ ને ? તેમનો શિષ્ય ઉપરનો વિશ્વાસ સંપૂર્ણ રીતે સફળ બન્યો હતો. તેઓ શ્રીમાન્ પોતાના આ તેજસ્વી તેમજ આશાસ્પદ શિષ્ય ઉપર અંતરના આશીર્વાદ વરસાવી રહ્યા.

આપણા ચરિત્રનાયકશ્રીના જીવનનો આ અનુપમ પ્રસંગ હતો.

આ ચોમાસામાં જ તેમની કુશાગ્ર બુદ્ધિ તથા ભણુવાની તમન્ના જોઈને ગુરુદેવે તેમને સંસ્કૃત વ્યાકરણુ ભણાવવાનો પ્રબંધ કર્યો. સંસારીપણામાં તેઓએ સંસ્કૃતનો અભ્યાસ કરેલો હોવાથી વ્યાકરણુમાં પ્રવેશ મેળવવો હવે તદ્દન સરળ હતો.

ભાવનગરમાં એક વયોવૃદ્ધ શાસ્ત્રીજી હતા. મણીશંકર ભટ્ટ એમનું નામ. તેઓ વ્યાકરણુ તથા કાવ્ય બહુ સરસ ભણાવતા. તેમની પાસે "**सिद्धान्तचन्द्रिका**" નામનું વ્યાકરણુ શરૂ કર્યું. વ્યાકરણુનો ઘણો ભાગ એમની પાસે ભણ્યા. થોડું ઘણું બાકી રહ્યું તે શ્રી નર્મદાશંકર નામના શાસ્ત્રીજી કે જેઓ—જૈનધર્મ પ્રસારક સભામાં પંડિત તરીકે રહેતા, અને સાધુ—સાધ્વીઓને ભણાવતા—તેમની પાસે ભણ્યા. રઘુવંશ અને કિરાત જેવાં મહાકાવ્યો પણુ વાંચ્યા. આટલું અધ્યયન કરતાં એમના જેવા બુદ્ધિશાળીને કેટલી વાર ? એ તો ચોમાસાં દરમ્યાન જ પૂરૂં થઈ ગયું.

હવે આગળના અધ્યયનનો પ્રશ્ન ઊભો થયો. તત્કાલીન સાધુઓમાં અભ્યાસની પ્રવૃત્તિ હજી ઘણા અલ્પ પ્રમાણુમાં હતી. સાધુઓમાં બહુ—બહુ તો ચન્દ્રિકા વ્યાકરણુ સુધીનો જ અભ્યાસ પ્રવર્તતો હતો. સિદ્ધાન્ત કૌમુદી વ્યાકરણુના તો નામથી જ લોકો ફફડતાં.

શ્રી ગુરુમ. ની ભાવના હતી કે—આપણો કોઈ બુદ્ધિમાન્ સાધુ 'કૌમુદી' વ્યાકરણુ ભણે તો સારું. પૂજ્યશ્રીને એ વાતની ખબર પડી. તેમને પણુ અભ્યાસમાં આગળ વધવું જ હતું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે "જોઈતું'તું ને વૈદ્યે કહ્યું" જેવું થયું. તેઓએ પૂ. ગુરુમ. ને વાત કરી કે–સાહેબ! આપની ભાવના પ્રમાણે હું 'સિદ્ધાન્ત કૌમુદી' ભણવા તૈયાર છું. મને વ્યવસ્થા કરાવી આપો.

પોતાના પ્રિય શિષ્યની આવી ઉત્તમ અભિલાષા જાણીને ગુરુમ. ના આનન્દનો અવધિ ન રહ્યો. તેઓએ કહ્યું: ભાઈ! તારી વાત ઉત્તમ છે. તું કૌમુદી ભણીશ તો મારી ભાવના પૂરી થશે. એને માટે આપણે રાજ્યના શાસ્ત્રીજીનો બંદોબસ્ત કરીએ. તેઓ વ્યાકરણ સરસ ભણાવે છે.

ત્યારપછી પૂ. ગુરુદેવે રાજ્યના શાસ્ત્રીજી માટે તજવીજ કરાવી. ભાવનગર રાજ્ય તરફથી એક સંસ્કૃત પાઠશાળા ચાલતી. તેમાં મુખ્ય શાસ્રી તરીકે 'શ્રી ભાનુશંકરભાઈ' નામના વિદ્વાન પંડિત હતા. તેઓ મહારાજાશ્રીતખ્તસિંહજીને હંમેશાં ગીતાજી સંભળાવતા હતા. સિદ્ધાંત કૌમુદી વિગેરે તેઓ ખુબ સરસ ભણાવતા. આમ તો તેઓ બીજે કયાંય ભણાવવા ન જતા. પણ પૂ. ગુરુદેવના ભક્ત શ્રીપાનાચંદ ભાવસાર નામના એક સદ્‌ગૃહસ્થની લાગવગથી મહારાજા સાહેબનો હુકમ થવાથી તેઓ આપણા પૂ. મુનિશ્રીને ભણાવવા માટે આવ્યા. "ભાગ્યશાળીને ભૂત રળે" તે એનું નામ.

આ ચોમાસામાં જ એક મંગળ દિવસે શ્રી ગુરૂદેવના આશીર્વાદ લઇને તેઓએ શાસ્રીજી પાસે "**सिद्धान्तकौमुदी**" વ્યાકરણનો પ્રારંભ કર્યો. આની સાથે–સાથે વડીલોનો વિનય–ભક્તિ–ક્રિયારૂચિ, સંયમપાલનમાં જાગરૂકતા ઈત્યાદિ ગુણોની ઉત્તરોત્તર પ્રગતિ પણ ચાલુ જ હતી.

તેઓશ્રીની બુદ્ધિ તેજસ્વી–તીક્ષ્ણ હતી. એટલે જેટલો પાઠ લીધો હોય તે ખંતપૂર્વક નિયમિત તૈયાર કરતા. ધારણાશક્તિ પણ જબરી હતી, એટલે દિવસના લગભગ સો શ્લોક કંઠસ્થ કરતાં. ઊંડી સમજણશક્તિને લીધે ગમે તેવા કઠિન પદાર્થો–પરિષ્કારોને પણ તેઓ સુગમતાથી હૃદયંગમ કરી લેતા. વિદ્વાનોની પરિભાષામાં "ગૌમુખ" ગણાતા વ્યાકરણને પણ તેઓએ પોતાની મેધાના બળે સરલતમ બનાવી દીધું હતું. અને આ બધું જોઈને શાસ્ત્રીજીને પણ સમજાવવાનો–ભણાવવાનો ખૂબ ઉમંગ-ઉલ્લાસ થતો. તેઓ પ્રસન્ન–મને વિસ્તારપૂર્વક પૂર્વપક્ષ–ઉત્તરપક્ષ સહિતના શાસ્ત્રાર્થો સરસ રીતે સમજાવતા, અને પરિષ્કારો લખાવતા હતા. આ બધું પૂજ્યશ્રી એકચિત્તે સમજી લઈ, બીજે દિવસે કડકડાટ સંભાળાવી દેતા, ત્યારે તો ભાનુભાઈ પણ મુગ્ધ થઈ જતા. આ બધાં કંઠસ્થ કરેલાં શાસ્ત્રાર્થ–પરિષ્કારો પૂજ્યશ્રી પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં પણ જાણે હમણાં જ ગોખ્યા હોય, તેમ કડકડાટ બોલી જતા હતા.

ભાનુભાઈ પ્રખ્યાત–બુદ્ધિમાન્ શાસ્ત્રીજી હોવાથી તેમની પાસે કોઈ–વાર અન્યદેશીય પંડિતો આવતા. ત્યારે તેઓ એ બધાંની પાસે પૂજ્યશ્રીની ખૂબ તારીફ કરતા. અને પૂજ્યશ્રીને એ આગન્તુક વિદ્વાન્ સાથે શાસ્ત્રાર્થ પણ કરાવતા. તેઓશ્રીની વ્યાકરણ વિષયક ઉપસ્થિતિ તથા બોલવાની છટા જોઇને જ પેલા અંજાઈ જતા.

એક વાર એવું બન્યું કે–ભાવનગરના જ નાથાલાલ નામે એક વિદ્યાર્થી અભ્યાસ માટે કાશી ગયેલા. ત્યાં ભણી, પંડિત થઈને પાછા દેશમાં આવ્યા. એક તો કાઠિયાવાડી–દેશી માણસ, એમાં પાછા ભણીને પંડિત થયા. તેય કાશી જઈને, એટલે જાણે સરસ્વતીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મ્હોર છાપ લાગી ગઈ. ભાનુભાઈએ એમની પાસે પૂજ્યશ્રીની પ્રશંસા કરી, તો તેમણે ચેલેંજ મૂકી કે-"મારી સાથે શાસ્ત્રાર્થ કરો."

પૂજ્યશ્રીએ સ્વીકારી લીધી. "સિદ્ધાંત કૌમુદી" વિષયક શાસ્ત્રાર્થ શરૂ થયો. તટસ્થ બન્યા ભાનુભાઈ. પૂજ્યશ્રીની અસ્ખલિત વાગ્ધારા સાંભળીને પેલા નાથાલાલભાઈ થોડીવારમાં જ ઢીલા પડી ગયા. અને છેવટે નિરૂત્તર થઈ ગયા.

આ ઉપરથી સમજાય છે કે પૂજ્યશ્રી ટૂંકા ગાળામાં જ કેવા તૈયાર થયા હશે ? અને એમને ભણાવનાર શાસ્ત્રીજી પણ કેવા વિદ્વાન્ હશે ?

શાસ્ત્રીજી પાસે નિયમિત અધ્યયન ચાલુ જ હતું. એની સાથે તેઓશ્રી અન્ય મુનિવરોને રઘુવંશ—મહાકાવ્ય વગેરેનો અભ્યાસ પણ સુંદર રીતે કરાવતા હતા. પોતાના વડીલ ગુરૂભાઈ મુનિશ્રી ધર્મવિજયજી મહારાજ (કાશીવાળા-પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ)-ને પણ તેઓશ્રી રઘુવંશ વગેરેનો અભ્યાસ કરાવતા.

આ અરસામાં પૂજ્યશ્રીના શરીરે કોઈ પૂર્વકર્મના બળે જ્વરનો-તાવનો વ્યાધિ લાગુ પડ્યો. એ વ્યાધિ લગભગ એક વર્ષ સુધી અવારનવાર ચાલુ જ રહ્યો. એમાંય છ માસ પર્યન્ત તબિયત વધારે નરમ રહી. એની અસર તેઓશ્રીની આંખો ઉપર થઈ. આંખોનું તેજ કંઈક મન્દ પડ્યું. ડૉકટરને બતાડ્યું, તો તેમણે એવો અભિપ્રાય આપ્યો કે આંખ સારી નહિ થાય. આ કારણથી ભણવામાં અન્તરાય પડવા લાગ્યો. નિયમિતપણે પાઠ ન થવાથી તેઓશ્રીના મનમાં ખૂબ દુઃખ થવા લાગ્યું.

આ જોઈને પૂજ્ય ગુરૂમહારાજશ્રીએ તેમને આશ્વાસન આપ્યું કે-ભાઈ ! શારીરિક કારણે અભ્યાસ ઓછો થાય તો ચિન્તા ન કરવી. પણ **"शरीरमाद्यं खलु धर्मसाधनम्"** એ વિચારીને વ્યાધિનો ઉપાય કરવો જોઈએ. અને તેઓશ્રીએ આંખો માટે ઉપાય સૂચવ્યો. "અમારા પંજાબ દેશમાં કોઈને આંખનો રોગ થાય તો તેને કેરીનો રસ આપવામાં આવે છે. એનાથી આંખનું તેજ વધે છે." સાથે એ પણ કહ્યું કે : આંખ વિગેરે અંગોને તો આપણા આહાર-વિહારથી જ સ્વસ્થ-સારા રાખવા. પણ ગમે તેને વારંવાર દેખાડવી, જે તે દવા નાખવી, ઓપરેશન કરાવવું, વગેરેથી એને કદી પણ છંછેડવા નહિ. અને જતિ આદિની દવા પણ ન લેવી.

ગુરૂદેવના આ અનુભવ-સિદ્ધ હિત-વચનો તેઓશ્રીએ બહુમાનપૂર્વક સાંભળીને હૈયામાં ઉતાર્યા અને કેરીનો ઋતુ-કાળ આવ્યા પછી તેનો ઔષધ રૂપે પ્રયોગ શરૂ કર્યો.

એ ઉપાયથી એમની તબીયત કંઈક ઠીક થતાં તેઓ પુનઃ પૂર્વવત્ અધ્યયનમાં તત્પર બની ગયા. સં. ૧૯૪૯નું ચોમાસું પણ ભાવનગરમાં જ થયું.

પણ તાવ વિગેરેની ઉપાધિ ચાલુ જ રહી. તો પણ તેઓશ્રી અભ્યાસ કરવામાં પૂર્વની જેમ તત્પર રહેતા. આ ચોમાસામાં તેઓએ માઘ-નૈષધ વિ. મહાકાવ્યોનું અધ્યયન કર્યું. હજી વ્યાકરણ પૂર્ણ નહોતું થયું.

એ પૂર્ણ કરવા માટે તેઓશ્રીએ તબીયત નરમ હોવા છતાંય જ્યાં સુધી પુરં ન થાય ત્યાં સુધી છ વિગઈનો ત્યાગ કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# [૧૨]

## વડીદીક્ષા અને ગુરૂદેવની માંદગીનું રહસ્ય

પરમ પૂજ્ય તપાગચ્છાધિરાજ ગણિવર્ય શ્રી મૂળચંદજી મહારાજ (શ્રી મુક્તિવિજયજી મહારાજ) ૧૯૪૫માં માગશર વદિ '૬'ના દિવસે કાળધર્મ પામ્યા હતા. તેઓશ્રીનાં કાળધર્મ બાદ સાધુ-સાધ્વીઓને યોગોદ્વહન કરાવી, વડી દીક્ષા આપે એવું કોઈ ન હતું. એ કારણે સમુદાયમાં ઘણાં સાધુ-સાધ્વીજીઓની વડી દીક્ષા અટકી હતી. એ બાબતમાં ઉકેલ લાવવા માટે પરમ પૂજ્ય મુનિવર 'શ્રીનીતિવિજયજી' મહારાજે સમુદાયના નાયક અને પોતાના વડીલ ગુરૂબન્ધુ પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજને પૂછાવ્યું કે : "હાલ થોડા સમય માટે 'મહાનિશીથ'ના યોગોદ્વાહી સાધુ પાસે વડી દીક્ષા કરાવી લઈએ તો કેમ ?"

પૂજ્ય મહારાજશ્રીએ જવાબમાં જણાવ્યું કે-"આ રીતે આપણે આપણી પરંપરા ઓળંગવી નથી. થોડો સમય વધારે ચલાવી લઈએ એ યોગ્ય છે."

ત્યાર પછી અમુક વિચાર-વિનિમયને અંતે એમ નક્કી કરવામાં આવ્યું કે-અમદાવાદ લવારની પોળના ઉપાશ્રયના અધિનાયક પૂજ્ય પંન્યાસશ્રી પ્રતાપવિજયજી મહારાજની પાસે યોગોદ્વહન તથા વડીદીક્ષા કરાવી લેવા.

સં. ૧૯૪૬નું ચાતુર્માસ પૂર્ણ થયા બાદ સં. ૧૯૪૭માં આપણા ચરિત્રનાયક મુનિરાજશ્રી, આદિ મુનિવરો પૂ. ગુરૂદેવની આજ્ઞા મળવાથી ભાવનગરથી વિહાર કરીને અમદાવાદ પધાર્યા.

અમદાવાદ આવીને પૂ. પં. શ્રીપ્રતાપવિજયજી મહારાજ પાસે વિધિપૂર્વક યોગ વહ્યા. અને બીજા સાધુઓ સાથે તેમની વડીદીક્ષા પણ પૂજ્ય પંન્યાસજી મહારાજે કરી.

વડીદીક્ષા થયા પછી થોડા દિવસ તેઓ અમદાવાદમાં રોકાયા. અને એ દરમ્યાન બાકી રહેલ 'સિદ્ધાન્ત કૌમુદી' પૂર્ણ કરીને પૂજ્ય ગુરૂદેવની ભાવનાને સાકાર બનાવી. આ કૌમુદી પૂર્ણ થઈ ત્યાં સુધી તેઓશ્રીને છ વિગઈનો ત્યાગ જ હતો. ત્યારબાદ તેઓશ્રીએ પુનઃ શ્રીગુરૂભગવંતની સેવામાં હાજર થવા માટે ભાવનગર તરફ વિહાર કર્યો. તે વખતે પૂ.મુનિશ્રી સિદ્ધિવિજયજી મહારાજે (પૂ. આ. શ્રીસિદ્ધિસૂરિજી મ.) મુનિશ્રી પ્રમોદવિજયજી નામના પોતાના એક શિષ્ય કે જેની દીક્ષા તાજી થયેલી અને તેની પાછળ કંઈક તોફાન જેવું હોવાથી તેને અમદાવાદમાં રાખવા એ હિતાવહ નહોતું-તેમને આપણા પૂજ્યશ્રીને પોતાની સાથે કાઠિયાવાડ લઈ જવા સોંપ્યા. આ વખતે બીજા સાધુઓ કાઠિયાવાડ તરફ જવાના હોવા છતાંય આપણા પૂજ્યશ્રીની પ્રતિભા અને બુદ્ધિશક્તિ ઉપર તેમને પૂર્ણ વિશ્વાસ હોવાથી તેમની સાથે જ મોકલ્યા. તેઓ પણ એ નૂતન મુનિને પ્રેમપૂર્વક સાચવીને પોતાની સાથે લઈ ગયા, અને કાઠિયાવાડ પહોંચ્યા બાદ ત્યાં વિહરતા તેમના (શ્રી સિદ્ધિવિજયજી મ. ના) સમુદાયના અન્ય મુનિઓને સોંપી દીધા.

આવી નાની વયમાં પણ આપણા ચરિત્રનાયકશ્રીની સ્વ-પર સમુદાયના મુનિઓને સાચવવાની કુશળતા અને કાર્યદક્ષતા કેવી ઉત્તમ હતી ? તે આ પ્રસંગ પરથી જણાય છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તેઓ ભાવનગર પૂ. ગુરુદેવના પાવન પાદ–કમલોમાં હર્ષપૂર્ણ હૃયે ઉપસ્થિત થયા. વન્દન કર્યું. ગુરુદેવશ્રીએ પણ પોતાના વિનયી શિષ્યને ઉરના આશિષ આપ્યા.

પૂ. ગુરુદેવ શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજની તબીયત ઘણા સમયથી નાજુક રહેતી. તેઓશ્રીને સંગ્રહણીનો વ્યાધિ થયેલો. બનેલું એવું કે–

તેઓશ્રીના વડીલ ગુરુબન્ધુ પૂ. શ્રીમૂળચંદજી મહારાજ એક વખત ગોચરીમાં દૂધ વહોરી લાવ્યા હતા. તેમાં શ્રાવકે ભૂલથી સાકરને બદલે 'મીઠું' વહોરાવી દીધું હતું. આ વાતનો તેઓશ્રીને ખ્યાલ ક્યાંથી હોય ? પણ પૂજ્ય ગુરુમહારાજશ્રી બુટેરાયજી મહારાજ દૂધ વાપરતા વેંત જ બોલ્યા કે–"મૂલા ! મેરી જીભ ખરાબ હો ગઈ, યહ દૂધ કડુઆ (ખારા) લગતા હૈ."

આ સાંભળી પૂજ્ય શ્રીમૂળચંદજી મહારાજે એ દૂધ વાપરી જોયું. તેઓએ કહ્યું. "સાહેબ ! આમાં ભૂલ થઇ લાગે છે. સાકરના બદલે મીઠું આવી ગયું છે" અને તેઓ પોતે એ દૂધ વાપરવા તૈયાર થયા. આ જોઈ તુર્ત જ બાજુમાં બેઠેલા પૂજ્યશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ બોલ્યા : "સાહેબ ! એ દૂધ આપને વાપરવાનું ન હોય, હું વાપરી જઈશ." આમ કહી તેઓશ્રી એ બધું દૂધ વાપરી ગયા.

તેઓશ્રી એ દૂધ વાપરી તો ગયા પણ એ ખારા ઉખ જેવા દૂધને લીધે તેઓશ્રીને સંગ્રહણીનો વ્યાધિ થઇ ગયો. એ વ્યાધિ તેમને છેવટ સુધી રહ્યો. ઘણાં ઔષધોપચારો કરવા છતાંય એ રોગથી તેઓ મુક્ત ન જ બન્યા. અને તેને લીધે તેઓએ છેલ્લાં ૧૧ ચોમાસા ભાવનગરમાં જ કર્યા.

તેઓશ્રીએ ભાવનગરના ઉદ્ધારમાં–એને ધાર્મિક ક્ષેત્રે આગળ વધારવામાં આ અગીયાર વર્ષોમાં પોતાના પ્રાણ રેડેલા. એટલે ત્યાંના એકએક જૈનને તેઓશ્રી ઉપર ખૂબ ભકિત અને શ્રદ્ધા હતી. શેઠ અમરચંદ જસરાજ, શ્રીકુંવરજી આણંદજી વિગેરે ત્યાંના આગેવાન શ્રાવકો તેઓશ્રી પાસે હંમેશાં રાત્રે મોડેથી આવતા, અને રાતના બાર–એક વાગ્યા સુધી તેઓશ્રીની સાથે જ્ઞાન-ચર્ચા કરતા.

પૂ. મહારાજશ્રી તબીયત નરમ હોવા છતાંય પોતાના પરોપકારી સ્વભાવને લીધે તેમને નિષેધ ન કરતા. પણ આવા હંમેશના ઉજાગરા તેમની તબીયતને માટે અનુકૂળ નહોતા. આથી એકવાર તેઓશ્રીએ આપણા ચરિત્રનાયકશ્રીને કહ્યું, "જોને નેમા ! મારૂં શરીર આવું નરમ છે, ને આ લોકો ઉજાગરા કરાવે છે."

આ સાંભળી તેઓએ ગુરુ મ.ને કહ્યું, "સાહેબ ! આપ કહો તો હું તેઓને (શ્રાવકોને) સૂચના આપી દઉં."

ગુરુદેવે 'સારૂં–સારૂં' કહીને અનુમતિ આપી. રાત પડી. હંમેશની જેમ બધા શ્રાવકો આવ્યા. ત્યારે પૂજ્યશ્રીએ એમને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે "તમે બધા ગુરુમહારાજની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિ કરવા આવો છો કે ઉજાગરા કરાવીને તબીયત બગાડવા ? તમારે તો ઘેર જઈ ને ગાદલામાં સૂઇ જવાનું છે. પણ મહારાજ સાહેબની તો તબીયત બગડે છે.”

શેઠ અમરચંદભાઈ વિ. પણ સમજુ શ્રાવકો હતા. તેઓ આ પ્રમાણે પૂજ્યશ્રીનું કહેવું સાંભળીને સમજી ગયા. અને ત્યારપછી હંમેશાં વહેલાસર આવવા લાગ્યા.

આ પછી ૧૭૪૭નું ચાતુર્માસ પણ ભાવનગરમાં જ થયું.

---★---

# [૧૩]

## શ્રીગુરુદેવની ચિર-વિદાય

પરમપૂજ્ય તપાગચ્છાધિરાજ ગણિપ્રવર શ્રી મૂળચંદજી મહારાજના પૂજ્ય શ્રી દાનવિજયજી મહારાજ નામના એક શિષ્ય હતા. તેઓ પંજાબના હતા. વ્યાકરણ અને ન્યાયશાસ્ત્રના તેઓ અજોડ વિદ્વાન્ હતા. વ્યુત્પત્તિવાદ જેવા આકરગ્રન્થો તો તેમને કંઠસ્થ જેવા હતા. તેમણે કચ્છમાં અનેક સ્થાનકમાર્ગી સાધુઓને પ્રતિમાની શ્રદ્ધાવાળા બનાવ્યા હતા, સંવેગી માર્ગના અનુરાગી બનાવ્યા હતા.

સંગ્રહણીનો વ્યાધિ થવાથી તેઓશ્રી ૧૯૪૬માં ભાવનગર પધાર્યા. ત્યાં પૂજ્યશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના વિનયી શિષ્યોની સુન્દર વૈયાવચ્ચથી તેઓની તબીયત સ્વસ્થ થઈ ગઇ.

પૂર્વાચાર્યોએ રચેલા ન્યાય-વ્યાકરણ-વિષયક મહાન્ ગ્રન્થોનો અભ્યાસ સાધુઓમાં સારી રીતે થાય એ માટે તેમના હૃદયમાં તીવ્ર અભિલાષા હતી. અને એને માટે એક વ્યવસ્થિત પાઠશાળા સ્થાપવાની તેમની ઇચ્છા હતી. પોતાની આ અભિલાષા તેઓએ પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજને જણાવી. તેઓશ્રીએ આ વાત વધાવી લીધી. અને તેમાં પુષ્ટિ પણ કરી.

પાઠશાળા સ્થાપીએ, તો શાસ્ત્રીને રોકવા પડે, પૈસાની પણ વ્યવસ્થા જોઈ એ જ. એ વ્યવસ્થા કઇ રીતે કરવી એનો વિચાર તેઓશ્રીને થયો. પણ પવિત્ર પુરૂષોને પોતાની પવિત્ર ઇચ્છાઓને સફળ બનાવવા માટે સમયની રાહ જોવી નથી પડતી. તેઓ તો ઇચ્છા કરે કે, તત્કાળ એ સફળ થાય જ છે. અહીં પણ એમ જ બન્યું. મુર્શિદાબાદના ધર્મનિષ્ઠ-ધનકુબેર બાબુ બુદ્ધિસિંહજી શ્રી સિદ્ધગિરિરાજની યાત્રાર્થે આવ્યા. ત્યાંથી પૂજ્ય મહારાજશ્રીને વંદન કરવા માટે ભાવનગર આવ્યા. તે વખતે પૂજ્ય શ્રીદાનવિજયજી મહારાજે પાલીતાણામાં એક સંસ્કૃત પાઠશાળા સ્થાપવા માટે તેમને પ્રેરણા કરી. પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે પણ આ બાબતમાં ઉપદેશ આપ્યો.

પૂજ્ય ગુરુદેવોની પ્રેરણાથી ઉદાર-દિલ એ બાબુ સાહેબે પોતાના તરફથી ત્રણ વર્ષનો સંપૂર્ણ ખર્ચ આપવાનું કહ્યું. આ જોઇને ત્યાં હાજર રહેલા ભાવનગરના આગેવાન શેઠ વોરા જસરાજ સુરચંદ, તથા શા. આણંદજી પુરૂષોત્તમે પણ પોતાના તરફથી યથાશક્તિ સારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રકમ આપવાનું નક્કી કર્યું. અને આમ નહિ ધારેલી રીતે પૈસાની વ્યવસ્થા થઈ જવાથી શ્રીસિદ્ધાચલજીની શીતલ છાયામાં એક સંસ્કૃત પાઠશાલા સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું.

વિ. સં. ૧૯૪૮નું ચોમાસું પૂ. શ્રી દાનવિજયજી મહારાજે પાલીતાણા કર્યું. આ ચોમાસામાં ભાદરવા સુદ ૯ ના મંગળ દિવસે સંસ્કૃત પાઠશાળા સ્થાપવામાં આવી. એનું નામ "શ્રી બુદ્ધિસિંહજી જૈન સંસ્કૃત પાઠશાળા"[1] રાખ્યું. એમાં પૂજ્ય શ્રીદાનવિજયજી મહારાજની અધ્યક્ષતામાં સાધુઓને વિવિધ–વિષયક અધ્યયન કરાવવાનું કાર્ય શરૂ થયું. શાસ્ત્રીજીને રોકવામાં આવ્યા.

આપણા ચરિત્રનાયકશ્રીનું આ ચોમાસું ભાવનગરમાં પૂ. ગુરુદેવની સાથે જ હતું. તેઓ પણ અહીં શાસ્ત્રીજી પાસે વ્યાકરણ તથા ન્યાયના આગળના ગ્રન્થોનું અધ્યયન કરી રહ્યા હતા.

તેઓશ્રીની ભણવાની તમન્ના તથા ભણાવવાની શક્તિ પૂ. શ્રી દાનવિજયજી મહારાજે બરાબર પારખી લીધેલી. તેમને વિચાર આવ્યો કે–જો શ્રીનેમવિજયજી અહીં આવે તો પાઠશાળા વધારે વ્યવસ્થિત અને પ્રગતિશીલ બને. આવો વિચાર આવતાં જ તેમણે ભાવનગર પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજને પત્ર તથા શ્રાવકો દ્વારા વિજ્ઞપ્તિ કરી કે–"મુનિ શ્રી નેમવિજયજીને અહીં મોકલવા કૃપા કરો."

ગુરુદેવે પણ લાભાલાભનો વિચાર કરીને પોતાના વિનયી શિષ્યને પાલિતાણા જવા આજ્ઞા આપી.

પૂ. ગુરુદેવની તબીયત નરમગરમ રહેતી હોવાથી પાલિતાણા જવા માટે પૂજ્યશ્રીનું મન માનતું નહોતું. પણ "**गुरुआणाए धम्मो**" ગુરુઆજ્ઞાને જ પોતાનું સર્વસ્વ માનનારા તેઓશ્રી ગુરુદેવની આજ્ઞા થવાથી પાલિતાણા પધાર્યા. તેમના આવવાથી પૂ. શ્રી દાનવિજયજી મહારાજને ઘણો આનન્દ થયો. હવે પાઠશાળાની પ્રવૃત્તિને સવિશેષ વેગ મળ્યો.

અહીં–ભાવનગરમાં વૈશાખ માસમાં પૂજ્ય ગુરુદેવની તબીયત એકાએક વધારે અસ્વસ્થ બનતી ગઈ. 'સોજા'ના વ્યાધિએ ખૂબ જોર પકડ્યું હતું.

ગુરુદેવની સેવામાં સમગ્ર સંઘ ખડેપગે તૈયાર હતો. ઔષધોપચારમાં કોઈ કચાશ નહોતી રખાઈ. પંજાબના સુખદયાળ વૈદ્ય, વડોદરાના ચુનીલાલ વૈદ્ય અને ભાવનગરના દરબારી ડોક્ટર શિવનાથ—એ ત્રણેય ઔષધોપચાર કરવામાં અવિરત તત્પર બની ગયા.

સાધુ–સાધ્વીઓ લગભગ ૫૦ થી વધારે સંખ્યામાં હાજર હતા. પૂ. શ્રીમોહનલાલજી મહારાજ પણ ત્યાં બિરાજતા હતા. તેઓશ્રી પૂ. ગુરુદેવને શાતા પૂછવા માટે ભાવનગર પધારેલા.

આવી માંદગી હોવા છતાંય તેઓશ્રીની શાન્તિ–સમતા અજોડ હતી, અસાધારણ હતી. જાણે તેઓ ઉપશમ–રસમાં સ્નાન કરી રહ્યા હોય, એવું જોનારાઓને લાગતું. આત્મ–જાગૃતિ પણ એટલી જ હતી. હંમેશાં "શ્રીચઉશરણપયન્ના" વિગેરે સૂત્રોનું તેઓશ્રી શ્રવણ કરતાં, અને એમાં કોઈકવાર પોતે બોલવા માટે અશક્ત હોવા છતાંય '**चउरंगो जिणधम्मो**' જેવી ગાથાઓનો અર્થ વિશદ રીતે સમજાવતા. આ ગાથાનો અર્થ સમજાવતી વખતે તેઓશ્રીનો આહ્લાદ

૧ આજે પણ આ પાઠશાળા ત્યાં પાલિતાણામાં ચાલુ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવર્ણનીય હતો. એ આલ્હાદ જોતાં કોઈને કલ્પના સરખીય નહોતી આવતી, કે ગુરુદેવનો આપણને વિયોગ થશે.

વૈશાખ શુદ્દી ૭ નો દિવસ આવ્યો. આજે શ્વાસનું જોર વધ્યું. સાધુ–સાધ્વી આદિ સકલ શ્રીસંઘ આહાર–પાણી વિ. સર્વ કાર્ય છોડીને ગુરુદેવની તહેનાતમાં જ બેઠા હતા. ચાર શરણા–અને નવકાર મહામંત્રનું શ્રવણ ચાલુ જ હતું. ગુરુદેવના મુખમાં પણ એકમાત્ર '**अरिहंत–सिद्ध–साहु**' નું જ ઉચ્ચારણ હતું. ડૉકટર–વૈદ્યો પોતાના ઉપચારો કર્યે જ જતા હતા. પણ "દોરી તૂટી આયુષ્યની ત્યાં સાંધનારૂં કોણ છે?" એ ઉક્તિ અનુસાર એકેય ઉપચાર સફળ ન જ થયો. અને છેવટે–'**अरिहंत सिद्ध साहु**' આ અષ્ટાક્ષરી મંત્રનું સ્મરણ કરતાં કરતાં સંપૂર્ણ સમાધિભાવે રહેલા પૂજ્યપાદ ગુરુદેવ આ નશ્વર–દેહનો ત્યાગ કરીને સ્વર્ગલોકના પંથે સંચર્યા.

ઘડિયાળનો કાંટો ત્યારે ૯ કલાક ઉપર ૩૦ મિનિટનો સમય દર્શાવતો હતો.

સકલ સંઘના દુઃખનો પાર ન રહ્યો. શિષ્ય પરિવારના દુઃખની તો વાત જ શી કરવી?

આ દુઃખદ–આઘાતજનક સમાચાર પાલિતાણા પૂ. શ્રી દાનવિજયજી મ. તથા સ્વ. પૂજ્ય ગુરુદેવના પ્રિય–શિષ્યરત્ન આપણા ચરિત્રનાયકશ્રીને મળ્યા. તેમના દુઃખનોય કોઇ પાર ન રહ્યો. આપણા ચરિત્રનાયકશ્રીને જાણે વજ્રઘાત થયો. આંખે આંસુની ધારા વહી રહી. ખાવું–પીવું ઝેર થઈ ગયું. અણધાર્યો આ બનાવ બનવાથી ગુરુદેવની અંતિમ સેવામાં પોતે હાજર ન રહી શકયા, એ વિચાર આવતાં જ તેઓ ગમગીન બની ગયા. પણ શું થાય? ભાવિ આગળ કોઇનું ચાલતું નથી, આ વાત તેઓશ્રી સારી રીતે સમજતા હતા. તેઓએ જ્ઞાનદૃષ્ટિથી વિચાર્યું કે–હવે તો પૂ. ગુરુદેવ જેવા ગુણો કેળવીને એમની શાસન–સેવાની અભિલાષાઓ પૂર્ણ કરવી જોઈએ.

આ વિચાર આવતાં જ તેઓશ્રી મનોમન શાસનની સેવા કરવા માટે કૃતનિશ્ચયી બન્યા.

ત્યારપછી તો ૧૯૪૯નું ચોમાસું તેઓએ પાલિતાણામાં જ કર્યું. આ ચાતુર્માસમાં સતત અધ્યયન–અધ્યાપન કાર્યમાં તત્પર રહેવા છતાંય, અને શારીરિક સ્વસ્થતા જોઇએ તેવી ન હોવા છતાંય, તેઓશ્રી દસતિથિના ઉપવાસ કરતા.

પાઠશાળામાં અધ્યયન–અધ્યાપન કાર્ય વેગપૂર્વક ચાલી રહ્યું હતું. આ પાઠશાળામાં શ્રાવક-વિદ્યાર્થી પણ અભ્યાસ કરતા હતા. જેમાં શ્રી મોહનલાલભાઈ (પૂજ્ય આ. શ્રી મોહનસૂરિજી મ.) તથા શ્રી વિઠ્ઠલદાસ મગનલાલ ભટ્ટારક (પૂ. શ્રી ખાન્તિવિજજી–દાદાના શિષ્ય મુનિશ્રી મોહન-વિજયજી મ.) વિગેરે મુખ્ય હતા.

આ ચોમાસામાં પૂજ્યશ્રી દાનવિજયજી મહારાજે સ્વામિનારાયણ પંથના એક વિદ્વાન્ સાધુ સાથે સતત છ કલાક સુધી સંસ્કૃતમાં વિવાદ કરીને જયપતાકા મેળવી. એમાં આપણા પૂજ્યશ્રીએ પણ મહત્ત્વનો અને પૂરક ભાગ લીધો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શાસન-પ્રભાવનાની ભવ્ય શરૂઆત

આપણા મહાન્ ચરિત્રનાયક મુનિશ્રી નેમવિજયજી મહારાજે પ્રથમ ચાર ચાતુર્માસ પોતાના પૂજ્ય ગુરૂદેવની પુણ્ય-નિશ્રામાં ભાવનગરમાં પસાર કર્યા. અને પાંચમું ચાતુર્માસ પૂ. ગુરુદેવની આજ્ઞાથી પાલિતાણા પૂજ્ય શ્રી દાનવિજયજી મહારાજ (પંજાબી) ની નિશ્રામાં કર્યું.

આ પાંચ વર્ષ દરમિયાન તેઓશ્રીએ સિદ્ધાંતચન્દ્રિકા, સિદ્ધાંતકૌમુદી, સિદ્ધહેમ શબ્દાનુશાસન,બૃહદ્વૃત્તિ, વ્યુત્પત્તિવાદ વગેરે વ્યાકરણના મહાગ્રન્થોનું અધ્યયન કર્યું. અને પૂ. શ્રી દાનવિજયજી મહારાજ પાસે ન્યાયના વિશિષ્ટ ગ્રન્થો ભણ્યા.

'સિદ્ધહેમ-બૃહદ્વૃત્તિ' વ્યાકરણ જ્યારે પૂજ્યશ્રી ભણતા હતા ત્યારે તેઓશ્રીના અભ્યાસાર્થે તે મહાવ્યાકરણની શુદ્ધ પ્રત લખાવવામાં આવી હતી. આ પ્રત આજે પણ ખંભાતના શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનભંડારમાં સુરક્ષિત છે. તેમાં ઠેરઠેર ટિપ્પણીઓ-ચિહ્નો તેઓશ્રીએ કર્યા છે. એ પ્રતની અન્ત્ય-પુષ્પિકા આ રહી:

**इदं चालेखि श्रुतज्ञानविशारदशारदविशददीधित्यपास्तैदंयुगीनविस्फूर्जदज्ञानान्धकार-श्रीमत्तपागच्छनभोनभोमणि-गच्छाधिपतिसुविदित श्री वृद्धिचन्द्राऽपर नाम श्रीमद्वृद्धिविजयचरणारविन्दमिलिन्दायमानान्ते वासि-नानाग्रन्थ-व्याख्यान धुरीण मुनिश्री नेमिविजय-पठनार्थम् ॥ वि. सं. १९५०, भाद्रपद कृष्ण १३, भावनगरे।**

સં. ૧૯૪૯નું ચોમાસું પૂર્ણ થયા બાદ તેઓશ્રીને શ્રીગિરનાર-મહાતીર્થની યાત્રા કરવાની ભાવના થઈ. તેથી પૂ. શ્રી દાનવિજયજી મહારાજની અનુજ્ઞા લઈ, તેઓશ્રી તથા પૂ. મુનિશ્રી પ્રધાનવિજયજી મ. પાલિતાણાથી વિહાર કરીને જુનાગઢ પધાર્યા. તીર્થાધિરાજ શ્રી રૈવતગિરિની યાત્રા કરી.

જુનાગઢમાં શ્રાવક ડો. શ્રી ત્રીભોવનદાસ મોતીચંદ આંખના (specialist)-સ્પેશ્યાલીસ્ટ હતા. પૂજ્યશ્રીને આંખની તકલીફ ભાવનગરથી હતી. એટલે ડોકટરે આંખ તપાસીને જણાવ્યું કે-"ઓપરેશન-(operation) કરાવવું પડશે." પણ આપણા પૂજ્યશ્રીએ સ્પષ્ટ કહી દીધું કે-મારે ઓપરેશન કરાવવું નથી. ગુરુદેવના હિતકારી-વચનોને તેઓશ્રીએ પોતાના માનસ-પટમાં શ્રદ્ધાના ટાંકણાથી દૃઢ રીતે અંકિત કરેલા હતા.

જુનાગઢથી વિહાર કરી વંથલી, વેરાવળ, માંગરોળ વગેરે સ્થળોએ વિચરતા વિચરતા તેઓશ્રી જામનગર પધાર્યા.

તેઓશ્રીની વિદ્વત્તા, સંવેગરસભરપૂર સચ્ચારિત્ર, અને નિસર્ગ-રમણીય દેશનાશક્તિ, આ ત્રણ અદ્ભુત ગુણોથી આકર્ષાઈને જામનગરના શ્રી સંઘે તેઓશ્રીને ચાતુર્માસિક સ્થિરતા માટે આગ્રહ-પૂર્ણ વિનંતિ કરી. પૂજ્યશ્રીએ પણ લાભાલાભનો વિચાર કરીને એ વિનંતિનો સ્વીકાર કર્યો. એટલે આ-૧૯૫૦ નું તેઓશ્રીનું ચોમાસું જામનગર નક્કી થયું.

પૂજ્યશ્રીનું આ પ્રથમ સ્વતંત્ર ચાતુર્માસ હતું. પણ એમની વાણીમાં જ એવું અદ્ભુત ઓજસ હતું, આકર્ષણ હતું, કે થોડા દિવસોમાં જ જામનગરનો ભાવિક શ્રાવક વર્ગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એનાથી ખૂબ પ્રભાવિત અને સંતુષ્ટ બન્યો. ઝવેરી ઝવેરભાઈ (જખાભાઈ), દ્રવ્યાનુયોગના અભ્યાસી શા. કાળીદાસ વીરજી, શા. કપૂરચંદ અજરામરવાળા, શા. સાંકળચંદ નારણજી, શા. સૌભાગ્યચંદ કપૂરચંદ, નગરશેઠ ધારશીભાઈ દેવરાજ, વકીલ ચત્રભુજભાઈ અને પ્રજ્ઞાચક્ષુ પંડિત-વર્ય શ્રી હંસરાજભાઈ વિગેરે ત્યાંના અગ્રગણ્ય શ્રાવકવર્યો પૂજ્યશ્રીના વ્યાખ્યાનથી આકર્ષાઈને તેઓના પરમ-ભક્ત બની ગયા.

સત્પુરૂષોની વિશિષ્ટતાનો આ એક ઉત્તમ પ્રકાર છે, કે તેઓ સ્વલ્પકાલમાં જ પોતાનાં સાત્વિક ગુણો વડે સૌ કોઈને પ્રભાવિત કરી દે છે. આ ચોમાસામાં જામનગરના તત્કાલીન જામસાહેબ પણ પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા હતા.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ અનેક આગમ-શાસ્ત્રોનું તલસ્પર્શી અવગાહન કર્યું, અનેક આગમિક-ગ્રન્થોનો અભ્યાસ કર્યો. પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયાનન્દસૂરીશ્વરજી મહારાજે (પૂ. શ્રી આત્મારામજી મ.) પૂજ્યશ્રીને વાંચવા માટે 'શ્રી આવશ્યક સૂત્ર-સટીક (૨૨ હજારી)'ની હસ્તલિખિત પ્રત મોકલાવી. તે તેઓશ્રી સંપૂર્ણ વાંચી ગયા અને લહીઆઓ પાસે તેની નકલ પણ કરાવી લીધી. એ જમાનામાં આગમાદિ-ગ્રન્થો હજુ મુદ્રિત થયા નહોતા. એટલે સાધુઓ હસ્તલિખિત પ્રાચીન પ્રતિઓનો વાંચવા-લખવા માટે ઉપયોગ કરતા. લહી-યાઓ પાસે લખાવતા. પૂજ્યશ્રીએ પણ જામનગરમાં અનેક આગમ-ગ્રન્થો લહીયાઓ દ્વારા લખાવી લીધા. શા. સૌભાગ્યચંદ કપૂરચંદ આદિ ગૃહસ્થોએ એ ગ્રન્થો લખાવવાનો સારો એવો લાભ લીધો.

જામનગરમાં પૂજ્યશ્રીના હસ્તે બે મહા-કાર્યો થયાં.

(૧) એક ગૃહસ્થની દીક્ષા થઈ, કે જેઓ પૂજ્યશ્રીના શિષ્ય બન્યા.

(૨) પૂજ્યશ્રીના ઉપદેશથી તીર્થયાત્રાનો સંઘ નીકળ્યો.

જામનગરમાં ટોકરશીભાઈ અને ડાહ્યાલાલ નામે બે ભાઈઓ રહેતા હતા. બન્ને પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો હતા. એમાં ડાહ્યાભાઈ સટ્ટાબજારના રાજા જેવા ગણાતા. સટ્ટાના ધંધાને લીધે તેમને ખાવાપીવાના અમુક વ્યસનો પણ હતા, જે છોડવા બહુ દુષ્કર હતા. સ્વભાવે બહુ દૃઢ અને મક્કમ. એમણે મનમાં એક વાતનો નિશ્ચય કર્યો, તો પછી એ નિશ્ચયને ફેરવવાની કોઈનીય તાકાત નહિ. તેઓ પૂ. મહારાજશ્રીના વ્યાખ્યાન સાંભળવા હંમેશાં આવતા.

પૂજ્યશ્રીની સાત્વિક અને વૈરાગ્યરંગવાસિત મધુરી વાણી તેમના દિલમાં અસરકારક ચોટ લગાવી ગઈ. અને તેમને દીક્ષા લેવાની ભાવના જાગી. તેમણે પૂજ્યશ્રીને પોતાની ભાવના જણાવી. તેઓએ એમાં અનુમોદના અને પુષ્ટિ આપી. પૂજ્યશ્રીનું પ્રોત્સાહન મળ્યું, એથી ડાહ્યાભાઈ કૃતનિશ્ચયી બની ગયા કે દીક્ષા લેવી જ.

તેમણે મોટાભાઈને વાત કરી. તેઓ તો આ સાંભળતાં જ હસી પડ્યા. તેમણે કહ્યું: "ભાઈ! તું દીક્ષા લેવાની વાત કરે છે, પણ આ વ્યસનો તો છૂટતાં નથી." તેમના મનમાં એમ કે વ્યસનની યાદ આવતાં જ દીક્ષા વિસરાઈ જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ "તેજીને તો ટકોરો જ હોય." ડાહ્યાભાઈએ મોટાભાઈની વાત સાંભળીને તે જ વખતે તેમની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે: "મારે અત્યારથી જ તમામ વ્યસનોનો ત્યાગ છે."

મોટાભાઈ આ સાંભળીને વિચારમાં પડી ગયા. તેમને ખાત્રી હતી કે ડાહ્યાભાઈ જે બોલે છે, તે કરે જ છે. એમાં શંકાને સ્થાન નથી. તેમણે તરત જ ગંભીરતાથી કહ્યું: તારે દીક્ષા નથી લેવાની. વ્યસનો છોડયાં, એમ કહેવા માત્રથી શું વળે? વળી તારે તો હંમેશા પેંડા ખાવા જોઈએ છે. આ બધી વાતનો મેળ દીક્ષામાં કયાં બેસે ? માટે દીક્ષાના વાત છોડી દે. અને જે કરતો હોય એ કર.

પણ ડાહ્યાભાઈ મક્કમ હતા. સૂર્યની ઉગમણી દિશા ફરે તો ડાહ્યાભાઈનો નિશ્ચય બદલાય. તેમણે દૃઢ સ્વરે જવાબ આપ્યો કે-"હું દીક્ષા લઈશ જ. બીજાં વ્યસનો તો આજથી જ છોડયાં છે. અને પેંડા તો દીક્ષા લીધા પછી ન ખવાય એવું કોણે કહ્યું ?"

આ સાંભળીને ટોકરશીભાઈ ગરમ થઇ ગયા. તેમણે કહ્યું: હું દીક્ષા નહિ જ લેવા દઉં. અને પછી તો બન્ને ભાઈઓમાં ઉગ્રતા આવી ગઈ. આ જોઈને પૂજ્યશ્રીએ બન્નેને વાર્યા-શાન્ત કર્યા. અને કહ્યું કે: તમે બન્ને ભાઈઓ લડો તે યોગ્ય નથી. રીતસર વાત કરો, અને એક-બીજાને સમજી લો.

આથી બન્ને શાંત તો થયા. પણ પોતપોતાની વાતમાં તો દૃઢ જ રહ્યા. ડાહ્યાભાઈ કહે-હું દીક્ષા જરૂર લઈશ. તો ટોકરશીભાઈ કહે કે-હું કોર્ટમાં કેસ (case) કરીશ, અને મનાઇ-હુકમ લાવીશ.

અને ખરેખર ટોકરશીભાઈએ કોર્ટમાં કેસ કર્યો. ન્યાયાધીશ પણ એમના મળતિયા નીકળ્યા. એમણે દીક્ષાના દિવસની જ મુદત પાડી. દીક્ષાનો શુભ દિવસ પહેલાં નિયત થઇ ગયો હતો.

આ જાણીને ડાહ્યાભાઈ પૂજ્યશ્રી પાસે પહોંચી ગયા. અને કહ્યું: સાહેબ ! હું મક્કમ છું. નક્કી કરેલ મુહૂર્તને ફેરવવું નથી. એ જ દિવસે દીક્ષા લેવી છે. માટે એ દિવસે આપને કોર્ટમાં પધારવાનું. ચોઘડિયું આવે કે તરત જ મને રજોહરણ તથા ચોલપટ્ટો આપી દેશો, હું પહેરી લઇશ. બોલો, આપ સાહેબ તૈયાર છો ને ?

પૂજ્યશ્રીએ પણ હા પાડી. એટલે એ પ્રમાણે કાર્યક્રમ ગોઠવાઇ ગયો.

"વા વાતને લઇ જાય." આ વાતની ખબર શહેરના શાણા શ્રાવકોને પડી. તેઓએ ડાહ્યાભાઈની શુદ્ધ-ભાવના પારખી લીધી. એટલે તેમણે ટોકરશીભાઈને આવા સત્કાર્યમાં અંતરાય ન કરવા સમજાવ્યા. અને કહ્યું કે-જો આ કોર્ટમાં આ પ્રમાણે કરશે તો તારી જ ફજેતી થશે.

ટોકરશીભાઈ પણ સમજુ અને ભાવિક શ્રાવક હતા. તેઓ આ વાત સાંભળતા જ દિંગ થઈ ગયા. પોતાના ભાઈની આ ભાવના સાચી, શુદ્ધ અને દૃઢ છે, એ જાણી તેમને પોતે કરેલા અંતરાય માટે પશ્ચાત્તાપ થયો. તત્કાળ તેમણે કેસ પાછો ખેંચી લઇ, ભાઈને દીક્ષા લેવાની સહર્ષ અનુમતિ આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તો નિયત-દિવસે શ્રી ડાહ્યાભાઈની દીક્ષા ઘણી જ ધામધૂમથી પૂજ્યશ્રીના હસ્તે થઈ. ટોકરશીભાઈએ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો, અને ૯ નાતો જમાડી. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ નવદીક્ષિતનું નામ મુનિશ્રી સુમતિવિજયજી મહારાજ રાખીને પૂજ્યશ્રીએ પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા.

પૂજ્યશ્રીના આ પ્રથમ પટ્ટધર શિષ્ય થયા. ખરેખર ! 'કમ્મે શૂરા સો ધમ્મે શૂરા' એ વાત અહીં સર્વથા સાર્થક થાય છે.

આપણા ચરિત્રનાયકશ્રીના હસ્તે જામનગરમાં થયેલા બે મહાકાર્યોમાંનું આ પ્રથમ મહાકાર્ય છે. આમાં તેઓશ્રીની ગંગા-પ્રવાહશી નિર્મળ, અમૃત-મધુરી દેશનાવાણીનો પ્રભાવ પ્રત્યક્ષ જણાય છે.

બીજું મહાકાર્ય તીર્થયાત્રાનો સંઘ.

શેઠ સૌભાગ્યચંદ કપૂરચંદ પૂજ્યશ્રીના પરમભક્ત હતા. તેઓ પ્રતિદિન એકચિત્તે પૂજ્યશ્રીનો ઉપદેશ સાંભળતા, અને હૈયામાં ઉતારતા. અને પરિણામે તેમને છ 'રી' પાળતો શ્રીગિરનારજી તથા શ્રીસિદ્ધગિરિજી મહાતીર્થનો સંઘ કાઢવાની ભાવના થઈ. તેમણે પૂજ્ય મહારાજશ્રીને વિનંતિ કરી, કે આપશ્રીની નિશ્રામાં મારે સંઘ કાઢવો છે. મહારાજશ્રીએ પણ તે સ્વીકારી. એટલે સંઘ કાઢવાનું નક્કી થયું.

એક શુભ મુહૂર્તે જામનગરથી એ છ 'રી' પાળતા સંઘે શ્રી ગિરનારજી તરફ પ્રયાણ કર્યું. એકાહારી, ભૂમિસંથારી, સમ્યક્ત્વધારી, સચિત્તપરિહારી, પાદ-વિહારી, શુદ્ધ બ્રહ્મચારી-આ છ પ્રકારની 'રી' ધારણ કરનારા ભાવિક યાત્રીઓનો યાત્રાસંઘ એ છ 'રી' પાળતો સંઘ કહેવાય છે. આ છ 'રી' પાળતા સંઘની મહત્તા ઘણી ઘણી છે. એમાં ત્યાગમય સાધુજીવનની સુમધુર અનુભૂતિ થાય છે. એથી જ આ સંઘમાં સેંકડો ભવ્યાત્માઓ જોડાયા હતા.

ગ્રામાનુગ્રામ પસાર કરતો આ સંઘ શ્રી ગિરનારજી મહાતીર્થની છત્રછાયા તળે આવી પહોંચ્યો. સૌએ ભાવપૂર્વક યાત્રા કરી. તીર્થાધિપતિ શ્રીનેમિનાથપ્રભુને ભક્તિભાવથી ભેટયા-પૂજ્યા.

અહીંથી શ્રીસિદ્ધાચલજી તરફ પ્રયાણ કર્યું. અને ક્રમશઃ શ્રીસિદ્ધાચલજી પહોંચ્યા. અહીં પણ અનૂઠા ભાવથી શ્રીઆદીશ્વરદાદાના દર્શન-પૂજન કરી સૌ પાવન બન્યા. સંઘપતિ શ્રી સૌભાગ્યચંદભાઈએ પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે તીર્થમાળ પહેરી. અને સંઘમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો.

આપણા ચરિત્રનાયકશ્રીના ઉપદેશથી નીકળેલા અનેક સંઘોમાં આ પ્રથમ તીર્થયાત્રાનો સંઘ હતો.

---★---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોમાસા બાદ–મહુવાથી વિહાર કરી પૂજ્યશ્રી શ્રીસિદ્ધાચલજી મહાતીર્થની યાત્રા કરી, શ્રીશંખેશ્વર મહાતીર્થે પધાર્યા. યાત્રા કરી.

બે વર્ષથી પોતાના સહવર્તિ મુનિ શ્રીપ્રધાનવિજયજી મહારાજના ગુરુદેવ પૂજ્ય પંન્યાસજી મ. શ્રી ઉમેદવિજયજી મહારાજ થરા–જામપુર મુકામે બિરાજતા હતા. તેથી પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. અને પૂ. પંન્યાસજી મ. પાસે મુનિશ્રી સુમતિવિજયજી મ. તથા મુનિશ્રી સૌભાગ્ય-વિજયજી મ. ને યોગોદ્વહન કરાવી વડીદીક્ષા અપાવી. ત્યારપછી તેઓશ્રી રાધનપુરની આસપાસના પ્રદેશમાં થોડો સમય વિચર્યા, અને પછી રાધનપુર પધાર્યા.

આ સમયે તેઓશ્રી પાસે એક અષ્ટકજી (હારિભદ્રીય) નું પુસ્તક તથા બે એક વ્યાકરણના પુસ્તકો હતા.

એક દિવસ બપોરે પૂજ્યશ્રી 'અષ્ટકજી' વાંચતા હતા. એવામાં શ્રી ગોડીદાસ, કકલ જોટા, વીરચંદ ભીલોટા, સીરચંદભાઈ, વગેરે ત્યાંના શ્રાવકો વન્દનાર્થે આવ્યા. વન્દન કરી, સુખશાતા પૂછીને બેઠા. પછી તેઓએ પૂછ્યું: સાહેબ! આ કયા ગ્રન્થનું વાંચન ચાલે છે?

પૂજ્યશ્રીએ કહ્યું: અષ્ટકજીનું.

કયા અષ્ટકજીનું? શ્રીહરિભદ્રસૂરિ મહારાજના?

હા! હરિભદ્રસૂરિ મહારાજના અષ્ટકજી છે.

તો સાહેબ! આપનો દીક્ષા–પર્યાય કેટલો?

સાત વર્ષનો. કેમ પૂછવું પડ્યું ભાઈ?

"સાહેબ! આ તો વીસ વર્ષના ચારિત્રપર્યાયવાળા વાંચી શકે એવો ગ્રન્થ છે." દીક્ષા પર્યાય સાંભળીને અજાયબીમાં પડી ગયેલા શ્રાવકોએ જવાબમાં પોતાના આજ સુધીના અનુભવની વાત જણાવી. તેમને તો આ જૂની આંખે નવું જોવાનું હતું.

મહારાજશ્રીએ જવાબ આપ્યો: ભાઈ! ૧૪ સ્વર ને ૩૩ વ્યંજન લખ્યા છે, તે વાંચું છું. બાકી તમે કહો છો, એવો નિયમ તો કયાંય સાંભળ્યો કે જાણ્યો નથી, કે વીસ વર્ષના દીક્ષાપર્યાયવાળા જ આ ગ્રંથ વાંચવા સમર્થ હોય છે.

સાહેબ! કાંઈક ઉપદેશ–વાણી સંભળાવવા કૃપા કરશો? જિજ્ઞાસા–મિશ્ર સ્વરે શ્રાવકોએ પૂછ્યું.

તમારી રૂચિ હોય, તો હું જરૂર સંભળાવું. અને પછી શ્રાવકોની વિનંતિથી પૂજ્યશ્રીએ વ્યાખ્યાન વાંચ્યું.

વ્યાખ્યાન સાંભળીને આનન્દિત બનેલા શ્રાવકોએ પૂજ્યશ્રીને વિનંતિ કરી કે આપ હંમેશાં વ્યાખ્યાન આપો, તો લોકોને ઘણો લાભ મળે.

પૂજ્યશ્રીએ સંમતિ આપી. એટલે બીજા દિવસથી વ્યાખ્યાન બેઠું. લોકોને જેમ જેમ ખબર પડતી ગઈ, તેમ તેમ શ્રોતાઓ વધવા લાગ્યા. અને વિશાળ ઉપાશ્રય ચિક્કાર ભરાઈ જવા લાગ્યો. પછી તો શ્રીસંઘે પૂજ્યશ્રીને ચોમાસા માટે ખૂબ આગ્રહ કર્યો. પણ પૂજ્યશ્રીએ ના કહી.

રાધનપુરથી વિહાર કરી પુનઃ શ્રીશંખેશ્વરજી તીર્થની યાત્રા કરી, તેઓશ્રી વઢવાણ શહેર પધાર્યા. ત્યાંના શ્રીસંઘના આગ્રહથી એ ૧૯૫૨ નું ચોમાસું ત્યાં જ કર્યું. આ ચોમા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાં તેઓશ્રી પાસે શ્રી દિનકરરાવ શાસ્ત્રી હતા. તેમની પાસે તેઓશ્રીનું અધ્યયન ચાલુ હતું.

ભારતના વિખ્યાત ન્યાયમૂર્તિ શ્રી મહાદેવ ગોવિંદ રાનડેના સગાભાઈ કે જે ડૉકટર હતા, તેઓ અહીં વઢવાણમાં રહેતા. 'ડૉકટર રાનડે' તરીકે એ ઓળખાતા.

એકવાર શ્રી દિનકરરાવ શાસ્ત્રીજી શહેરમાં ફરવા નીકળેલા, ત્યાં એમને ડૉકટરનો ભેટો થઈ ગયો. શાસ્ત્રીજી દક્ષિણના, અને ડૉકટર પણ દક્ષિણના–એટલે બન્નેનો પરિચય થયો. શાસ્ત્રીજી તો વિદ્વાન્ હતા જ. ડૉકટર પણ સારા અભ્યાસી અને જિજ્ઞાસુ હતા. તેમણે શાસ્ત્રીજીને પૂછયું: "અહીં કોઈ વિદ્યાવિનોદ અને જ્ઞાન–ગોષ્ઠિ થાય એવું સ્થળ છે ?

શાસ્ત્રીજીએ પૂજ્ય મહારાજશ્રીનું નામ સૂચવીને કહ્યું કે, 'તેઓશ્રી વિદ્વાન્ છે. હું પણ તેઓશ્રીની પાસે રહું છું. તમે ત્યાં–ઉપાશ્રયે આવો.'

ડૉકટર રાનડે પૂજ્યશ્રી પાસે આવ્યા, આકર્ષાયા અને પરિચય વધ્યો. પૂજ્યશ્રી પણ તેમને નવનવા ધર્મ–સિદ્ધાંતો સમજાવતા. ગીતાજી અને યોગદર્શનના સિદ્ધાંતો સમન્વયાત્મક દૃષ્ટિએ ડૉકટરની સાથે ચર્ચતા. આ બધી વાતોમાં શાસ્ત્રીજી પણ રસપૂર્વક ભાગ લેતા. ડૉકટરને પૂજ્યશ્રીના સ્વ–પર દર્શનના ઉંડા જ્ઞાન માટે ખૂબ બહુમાન થયું. અને પછી તો હંમેશાં આવવું, અને નવનવી જ્ઞાન–ચર્ચા કરવી, એ તેમનો નિયમિત નિત્યક્રમ થઈ ગયો.

એકવાર પૂજ્યશ્રીના દાંત દુઃખવા તથા હલવા લાગ્યા. ડૉકટર રાનડેએ તપાસીને કહ્યું કે દાંતમાં પાયોરીયા (piorrhoea) થયો છે, માટે દાંત કઢાવી નાખવા જોઈએ.

મહારાજશ્રીએ હસતાં હસતાં કહ્યું: તમને ડૉકટરોને તો દાંત પાડતાં જ આવડે છે. પણ હાલ મારો વિચાર નથી, વિચાર થશે ત્યારે તમે તૈયાર જ છો.

પછીથી પૂજ્યશ્રીએ પોતાના સાંસારિક–પિતાજી શ્રી લક્ષ્મીચંદભાઈનો અનુભૂત પ્રયોગ 'છીંકણી ઘસવાનો' શરૂ કર્યો. પંદરેક દિવસ બાદ ફરીથી ડૉકટરને દાંત દેખાડયા. દાંત જોતાં જ ડૉકટરે કહ્યું કે–તમારા દાંત બહુ સારા દેખાય છે. હવે પાડવાની જરૂર નથી. કઈ દવા કરી ?

મહારાજશ્રીએ પોતાનો અનુભૂત પ્રયોગ જણાવ્યો. એ જાણીને ડૉકટર પણ પૂજ્યશ્રીના અનુભવ–જ્ઞાન આગળ ઝૂકી પડ્યા.

આ ચોમાસામાં પૂજ્યશ્રીએ **'परिभाषेन्दुशेखर'** વગેરે ટોચના વ્યાકરણ–ગ્રન્થોનું અધ્યયન કર્યું.

આ ચોમાસા દરમ્યાન પૂજ્યશ્રીએ અહીં પણ એક ધાર્મિક પાઠશાળા સ્થાપી. અદ્યાપિ એ પાઠશાળા ચાલુ છે.

વઢવાણના આ ચોમાસામાં પૂજ્યશ્રીના સહવર્તિ મુનિરાજશ્રી પ્રધાનવિજયજી મહારાજને 'કૉલેરા' થયો. ઘણા ઉપચારો કરવા છતાંય આયુષ્ય બળ પૂર્ણ થવાથી તેઓ કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીને એક સેવાભાવી–સહકારી સાધુનો વિયોગ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વઢવાણમાં સથરા કુટુંબના એક યુવાન ભાઈને ચાતુર્માસ પહેલાં પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવાની ભાવના થઇ. પણ તેનું કુટુંબ બહોળું હોવાને કારણે પૂજ્યશ્રીની ઇચ્છા એવી કે–ઉતાવળથી કાર્ય ન કરવું. હવે બન્યું એવું કે–પૂજ્યશ્રીના ગુરુભાઈ પૂજ્ય મુનિવર શ્રી હેમ-વિજયજી મ. તથા મુનિશ્રી વીરવિજયજી મ. આ અરસામાં ત્યાં પધાર્યા. તેમને આ વાતની ખબર પડી. અને એકવાર પૂજ્યશ્રી અન્ય સ્થળે પધારેલા ત્યારે તેમણે ઉપાશ્રયમાં પેલા મુમુક્ષુને દીક્ષા આપી દીધી. અને પૂજ્યશ્રીના શિષ્ય મુનિશ્રી સુમતિવિજયજી મ. ના શિષ્ય તરીકે મુનિશ્રી 'વલ્લભવિજયજી' નામ રાખ્યું. દીક્ષા આપીને તેમને એક ઓરડામાં બેસાડીને બહારથી દ્વાર બંધ કરી દીધું.

દીક્ષાર્થીના કુટુંબીઓને આ વાતની ખબર. પડતાં જ તેઓ આવ્યા અને તોફાન શરૂ કર્યું. તેઓ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને બોલાવી લાવ્યા ને ધમાલ મચી ગઈ. આ બધું જોઈને શ્રી સુમતિવિજયજી મહારાજે પૂજ્યશ્રી હેમવિજયજી મ. ને સૂચના કરી કે, 'મહારાજજીને અહીં બોલાવો, તેમનાથી બધું થાળે પડશે.' તરત જ પૂજ્યશ્રીને બોલાવ્યા. તેઓશ્રીએ તો આવતા વેંત જ પોલીસ સુપ્રી. નો ઉધડો લીધો કેઃ "કોની રજાથી અને કયા કાયદાની રૂએ તમે અહીં પ્રવેશ કર્યો છે? વગર રજાએ કાયદા વિરૂદ્ધ તમે અહીં આવી જ કેમ શકો?"

સુપ્રી. ગભરાયો. તેણે હાથ જોડીને કહ્યું કે–હું તો સ્વાભાવિક વિનંતિ કરવા આવ્યો છું.

"શું વિનંતિ આ વેષમાં, આવી રીતે થાય?" સામો માણસ સાંભળીને જ થરથરી જાય એ રીતે પૂજ્યશ્રીએ પ્રશ્ન કર્યો.

સુપ્રી. એ કહ્યું–હું બહાર ચાલ્યો જાઉં છું, સાહેબ! તેણે જોયું કે કાયદા વિરૂદ્ધ એક વાત પણ અહીં ચાલે તેમ નથી.

પૂજ્યશ્રીએ કહ્યું: બહાર જઈને જે કહેવું હોય તે કહો.

બધા બહાર ગયા, એટલે પૂજ્યશ્રીએ પૂ. હેમવિજયજી મ. ને કહ્યું કે–નવદીક્ષિતને અંદર બેસાડી રાખવાથી તો આપણી ઉપર શંકા આવે. માટે તેને બહાર રાખો. બધાં જુએ તેમ.

એમ જ કરવામાં આવ્યું.

નવદીક્ષિતને જોતાં જ તેમના કુટુંબીઓ શાન્ત થયા. અને તેમને ઘરે આવવા માટે ખૂબ ખૂબ સમજાવ્યા. પણ તેમનું કાંઈ ન વળ્યું. નવદીક્ષિત મક્કમ જ રહ્યા. છેવટે એ બધાં સમજી, ક્ષમા યાચીને ચાલ્યા ગયા.

આ પ્રસંગમાં આપણા ચરિત્રનાયકશ્રીની નાનપણથી ઘડાયેલી રાજદ્વારી બુદ્ધિના પ્રત્યક્ષ દર્શન થાય છે. તેઓશ્રીની કાયદાબાજ–તાર્કિક બુદ્ધિમત્તા આમાં સુંદર રીતે ઝળકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અમદાવાદને આંગણે

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીએ વઢવાણથી પાલિતાણા તરફ વિહાર કર્યો. માર્ગમા લીંબડી ગામ આવ્યું. ત્યાં પૂજ્ય મુનિવરશ્રીઆનન્દસાગરજી મ. મળ્યા. તેઓ પૂજ્યશ્રીની સાથે રહ્યા. અને પૂજ્યશ્રી પાસે વ્યાકરણાદિનો અભ્યાસ કરવા લાગ્યા. પૂજ્યશ્રી પણ તેમને પ્રેમપૂર્વક સરસ રીતે ભણાવતા. લીંબડીથી વિહાર કરી પાલિતાણા પધાર્યા. અહીં તાર્કિકશિરોમણિ પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજ (પંજાબી) બિરાજતા હતા, તેમની સાથે ઉતર્યા.

આ એ સમયની વાત છે કે, જ્યારે પાલિતાણાના ઠાકોર સાથે શ્વેતામ્બર જૈન કોમને શ્રીશત્રુંજય તીર્થ બાબત ઘર્ષણ ચાલતું હતું. પૂજ્યશ્રી દાનવિજયજી મ. નીડર-સ્પષ્ટવક્તા હતા. તેઓ જૈન સંઘને લડી લેવાની પ્રેરણા આપવાની સાથે જરા પણ મચક ન આપવાનું કહેતા હતા. આ વાતની ઠાકોરસાહેબને ખબર પડવાથી તેમના ઉપર ઠાકોરસાહેબની કરડી નજર થઈ-ખફા મરજી થઈ. તેમણે પૂ. મુનિશ્રી ઉપર ચાંપતી દેખરેખ રાખવા માંડી.

આ કારણથી ત્યાં હવે વધારે રહેવું એ ઉચિત નહોતું. તેમ જાહેર રીતે વિહાર કરવામાં પણ દહેશત હતી. એટલે શું કરવું તેની વિચારણા થઈ.

ઔત્પાતિકી બુદ્ધિના સ્વામી આપણા પૂજ્યશ્રીએ એક સરસ ઉપાય શોધી કાઢયો. અને એ ઉપાય અનુસાર-સવારે સ્થંડિલ શુદ્ધિએ જતા હોય, તેમ પૂજ્યશ્રી દાનવિજયજી મ. આદિ સાધુઓ નીકળી ગયા. અને વિહાર કરીને જેસર પધારી ગયા. જેસર પહોંચીને ત્યાં સ્થિરતા કરી.

હવે પછીનું પાલિતાણાનું વાતાવરણ જોવા તથા તેને ચોખ્ખું કરવા માટે પૂજ્યશ્રી પાલિતાણા રોકાયા. અને થોડા જ દિવસોમાં ત્યાંના વાતાવરણની કલુષતા કુનેહથી દૂર કરીને તેઓશ્રી ગારિયાધાર પધાર્યા.

ગારિયાધારમાં-છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા મહાતપસ્વી પૂ. મુનિશ્રી ખાન્તિવિજયજી દાદા તથા પૂ. મુનિશ્રી મોતીવિજયજી મહારાજ બિરાજતા હતા. તેમની પાસે પૂજ્યશ્રી પધાર્યા. એમને જોઈને એ પૂજ્યવરોને પણ ખૂબ આનન્દ થયો. પૂ. શ્રી મોતિવિજયજી મહારાજ આપણા પૂજ્યશ્રી ઉપર ખૂબ વાત્સલ્ય રાખતા. અહીં થોડા દિવસ રહીને પૂજ્યશ્રી જેસર પધાર્યા. ત્યાં પૂ.શ્રી દાનવિજયજી મહારાજનો મેળાપ થયો.

જેસરથી સૌ મુનિવરોએ સાથે અમદાવાદ તરફ વિહાર કર્યો. ગ્રામાનુગ્રામ વિચરતાં-વીતરાગની વાણીનો પ્રકાશ ઠેર ઠેર પ્રસરાવતા તેઓ અમદાવાદ પધાર્યા. અહીં તેઓ સર્વ પાંજરાપોળ જૈન ઉપાશ્રયમાં બિરાજ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંજરાપોળના શ્રાવકવર્યોની વિનંતિથી પ.પૂ.શ્રી દાનવિજયજી મહારાજે વ્યાખ્યાનમાં શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર–બૃહદ્દ્‌વૃત્તિ વાંચવી શરૂ કરી.

મીઠાં પાણીની પરબે સૌ કોઈ પોતાની તરસ છીપાવવા જાય.

અહીં પણ એમ જ બન્યું. પાંજરાપોળ–ઉપાશ્રયમાં મંડાયેલી આ જ્ઞાનામૃતની પરબ પર અનેક ભાવિક જીવો એ અમૃતનો આસ્વાદ માણીને પોતાની ભાવ–તૃષા છીપાવવા માટે આવવા લાગ્યા. પાંજરાપોળ એ અમદાવાદનું હૃદયસ્થાન–કેન્દ્રસ્થાન (Heart of Ahmedabad) ગણાય. તેથી ત્યાં વ્યાખ્યાન સાંભળવા માટે જુદી જુદી પોળોના સેંકડો પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો આવવા લાગ્યા. પૂ. શ્રી દાનવિજયજી મ. વિદ્વાન્ હતા, વકતા હતા. એટલે લોકોને તેમનું વ્યાખ્યાન રૂચી ગયું.

કેટલાએક દિવસો પછી પૂ. શ્રીદાનવિજયજી મ. ને શારીરિક અસ્વસ્થતાને કારણે આરામ લેવા માટે શેઠ હઠીસિંહ કેસરીસિંહની-બહારની વાડીએ પધારવાનો વિચાર થયો. આથી શેઠ જેસીંગભાઈ આદિ અગ્રણી ગૃહસ્થોએ તેઓશ્રીને વિનંતિ કરી કે : સાહેબ! આપશ્રી વ્યાખ્યાન કોઈ મુનિરાજને ભળાવતા જાઓ. વ્યાખ્યાન બંધ ન રહેવું જોઈએ.

તેઓશ્રીએ આપણા પૂજ્યશ્રીને વ્યાખ્યાન સોંપ્યું.

પૂજ્યશ્રીએ કહ્યું : "સાહેબ! આપનું તત્ત્વાર્થનું વ્યાખ્યાન ધારાબદ્ધ ચાલુ રહે, માટે હું બીજું કાંઈ વાંચીશ. આપશ્રી પુનઃ અહીં પધારો, ત્યારે તત્ત્વાર્થ વાંચશો."

ત્યારે તેઓશ્રીએ ફરમાવ્યું : ના ના! તમે પણ તત્ત્વાર્થ સૂત્ર જ ચાલુ રાખજો.

પૂજ્યશ્રીએ, 'તહત્તિ' કહી એ વચન સ્વીકાર્યું. અને બીજા દિવસથી તત્ત્વાર્થ–વિષયક વ્યાખ્યાનનો મંગળમય પ્રારંભ કર્યો.

આપણા મહાન ચરિત્રનાયકશ્રી એ દિવસે પ્રથમવાર પાંજરાપોળની પાવન પાટે બિરાજ્યા. તેઓશ્રીની મેઘ–ધ્વનિ શી સ્વર–ગંભીરતા, ઓજસ્વિની છતાંય આબાલવૃદ્ધજન સમજે એવી સરલ ભાષા, અને આકર્ષક શૈલી વગેરેથી જનતાનો શ્રવણરસ દિનપ્રતિદિન વધવા લાગ્યો. એની સાથે શ્રોતાઓની સંખ્યા પણ વધતી ગઈ.

એ વખતના પ્રતિષ્ઠિત આગેવાન અને વિદ્વાન્ શ્રોતાઓનો થોડો પરિચય આપણે મેળવી લઈએ.

(૧) શ્રાદ્ધવર્ય શ્રી પાનાચંદ હકમચંદભાઈ. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. પણ પૂ.પં.શ્રી પદ્મ–વિજયજી મ., પૂ. પં. શ્રી રૂપવિજયજી મ., પૂ. પં. શ્રીવીરવિજયજી મ., આદિ આગમધર મુનિ-પુરંદરો પાસે તેમણે ઘણાં વર્ષો પર્યન્ત આગમોનું શ્રવણ કરેલું. આથી તેઓ એક અનુભવ-વૃદ્ધ બહુશ્રુત શ્રાવક કહેવાતા. આગમોમાં શ્રમણોપાસકને – "लद्धट्ठा–गहियट्ठा" વિશેષણો આપવામાં આવ્યા છે. શ્રીપાનાચંદભાઈ પણ એવા જ બહુશ્રુત (અર્થજ્ઞાનથી) શ્રમણોપાસક હતા. એમના સહકારથી રાધનપુરવાળા મુનિ શ્રી વીરવિજયજી મ. (પાછળથી આ. શ્રીવીરસૂરિ–જી) વિગેરે મુનિવરો 'શ્રી પન્નવણા સૂત્ર' વાંચી શકયા હતા. તેમ જ શ્રી રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રી તથા શ્રી કેશવલાલ પ્રેમચંદ મોદી વિગેરે વિદ્વાન્ શ્રાવકો 'શ્રી લોકપ્રકાશ' વાંચી શકયા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીપાનાચંદભાઈની શ્રવણ-રૂચિ અપૂર્વ હતી. એક સાચા બહુશ્રુત શ્રાવકને છાજે તેવી હતી. તેઓ આપણા પૂજ્યશ્રીને કહેતા કે : "સાહેબ ! જિનેશ્વર દેવની પવિત્ર વાણીનું શ્રવણ મહાન્ ભાગ્યોદય હોય તો જ મળે. શહેરમાં કોઈક વખત પૂ. મુનિમહારાજનો યોગ ન હોય તો હું તો શ્રીપૂજ્યજીની પાસે પણ જિનવાણી સાંભળવા જઉં છું. કેટલાક મને એમ પણ કહે છે કે-તમે શ્રીપૂજ્ય પાસે કેમ જાવ છો? ત્યારે હું તેમને જવાબ આપું છું કે : ભાઈ! ભલે તેઓ પંચમહાવ્રતધારી સાધુ ન હોય, પણ જિનેશ્વરદેવના અનુયાયી-સમ્યક્ત્વધર તો છે ને? હું તો એમના સમ્યક્ત્વની સદ્દહણા કરૂં છું, અને વ્યાખ્યાન સાંભળવા જઉં છું.

અને કોઈકવાર વ્યાખ્યાન શ્રવણ ન થઈ શકે તો હું કોઈક હોંશિયાર છોકરા પાસે ધાર્મિક પુસ્તકો વંચાવીને સાંભળું છું.

આનું નામ સાચા શ્રમણોપાસક. કેવી એમની જિનવાણીશ્રવણની રૂચિ ? કેટલી શુદ્ધ સદ્દહણા અને ગુણાનુરાગિતા ?

તત્ત્વાર્થ સૂત્રના આ ચાલુ વ્યાખ્યાનમાં તેઓ હંમેશાં નિયમિત હાજરી આપતા. અને એક ચિત્તે વ્યાખ્યાનનો શબ્દે શબ્દ સાંભળતા.

એકવાર વ્યાખ્યાનમાં 'અવધિ-દર્શન'નો અધિકાર આવ્યો. પૂજ્યશ્રીએ અવધિ-દર્શનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કહ્યું: "અવધિ-દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમના બળે પદાર્થનું સામાન્ય સ્વરૂપ ગ્રહણ કરનાર અવધિ ઉપયોગ, તે અવધિદર્શન કહેવાય. અને તે નિયમા સમ્યગ્દર્શનધારીને જ હોય, મિથ્યાત્વીને નહીં." **अवधिदर्शनं तु सम्यगृदृष्टेरेव न मिथ्या-दृष्टेः**[1] ।

આ સાંભળીને શ્રી પાનાચંદભાઈએ પ્રશ્ન કર્યો. "સાહેબ! જો અવધિદર્શન નિયમા સમ્ય-ક્ત્વીને જ હોય, તો આગમમાં અવધિદર્શનનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ બે '૬૬' સાગરોપમ પ્રમાણ કહ્યો છે, તે કઈ રીતે ઘટે ? કારણ કે-સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટકાળ તો ફક્ત એક '૬૬' સાગરોપમ જ છે."

જવાબમાં પૂજ્યશ્રીએ ફરમાવ્યું : "ભાઈ! શ્રી ભગવતીજી, શ્રીપન્નવણાજી, વગેરે આગમો-માં વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન હોય, એમ કહ્યું છે. એટલે એ અપેક્ષાએ-વિભંગજ્ઞાનના '૬૬' અને અવધિજ્ઞાનના '૬૬' એમ બે '૬૬' સાગરોપમ સુધી અવધિદર્શન હોય, એ યુક્ત છે. પણ તત્ત્વાર્થ-વૃત્તિકારનો મત એવો છે કે- સમ્યગ્દૃષ્ટિને જ અવધિદર્શન હોય. ભિન્ન ભિન્ન વાચનાની અપેક્ષાએ આ બન્ને મત આપણે માટે તો પ્રમાણ અને યથાર્થ જ છે."

આવું શાસ્ત્ર-સિદ્ધ સમાધાન સાંભળીને શ્રીપાનાચંદભાઈ અપૂર્વ સંતોષ પામ્યા.

ધન્ય જ્ઞાની ગુરુ! ધન્ય વિદ્વાન્ શ્રોતા !

(૨) શેઠ શ્રી ધોળશાજી. ગુજરાતના લોકપ્રિય જૈન નાટકકાર શ્રી. ડાહ્યાભાઈના તેઓ પિતાજી હતા. તેઓ ચુસ્ત ધાર્મિક વૃત્તિના હતા. પોતાનો પુત્ર આવો મોહનીય કર્મની વૃદ્ધિ

૧. तत्त्वार्थ-सिद्धसेनगणिकृत टीका, (अ. २- सूत्र-९)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય એવો વ્યવસાય કરે, એ તેમને બિલકુલ રૂચતું નહિં. તેથી તેઓ ડાહ્યાભાઈથી જુદા રહેતા. સ્વયં ઝવેરાતનો ધંધો કરતા. ઘણા સારા ક્રોડપતિ શેઠીયાઓ સાથે તેમને અંગત પરિચય હતો. પણ તેમની પાસે તેઓ કદી પણ ઝવેરાત લઈ જતા નહિ, કારણ કે–આર્થિક બાબત–પોતાના ધાર્મિક સંબંધમાં ધક્કો પહોંચાડનાર છે, એમ તેઓ સ્પષ્ટપણે માનતા. તેમની વ્યાખ્યાન શ્રવણ–રૂચિ અજબ હતી. પૂજ્યશ્રીની સભાના તેઓ વિદ્વાન્–સમજુ શ્રોતા હતા.

અમદાવાદના કોટ્યાધિપતિ શેઠીયાઓ તેમની મારફત લાખો રૂપિયાનું ગુપ્તદાન ગરીબોને અપાવતા. શેઠ હઠીસિંહ કેસરીસિંહ તરફથી તો ત્યાં સુધી હુકમ હતો કે–"પ્રથમ જૈન–પછી બીજી હિન્દુ કોમો અને મુસલમાન આદિ અઢારે વર્ણમાં કોઈ પણ દુઃખી માણસ ભૂખ્યો ન રહેવો જોઈએ." અને એ માટે તેઓ શ્રી ધોળશાજી દ્વારા લાખો રૂપિયાની દાન–સરિતા વહેવડાવતા.

શેઠ મનસુખભાઈ ભગુભાઈ પણ દર મહિને હજારો રૂપિયાનું દાન તેમની મારફત કરતા. ધોળશાજી ખૂબ આબરૂદાર–પ્રતિષ્ઠિત માણસ હતા. શ્રીમનસુખભાઈ જેવા શ્રેષ્ઠિઓ પોતાના ભરોસે લાખો રૂપિયા દાન કરવા માટે આપે છે, તેથી તેમાં કોઈ સમયે કોઈને પણ શંકા ન ઉપજે, એટલા માટે તેઓ એક ખાનગી નોંધપોથીમાં પાઈએ પાઈનો ગણત્રીપૂર્વકનો હિસાબ સંકેતરૂપે લખી રાખતા.

એક દિવસ તેઓ સ્વાભાવિક રીતે જ શેઠ મનસુખભાઈને એ નોંધ બતાવવા ગયા. પણ શેઠે તો તેમને કહી દીધું કે: "મારે એ યાદી સાંભળવી નથી, તેમ જાણવી પણ નથી. હું સાંભળું, ને કોઈ પ્રસંગે કોઈની પણ સાથે વિરોધ થતાં આવેશને લીધે મારાથી આ કરેલાં ઉપકારો–સંબંધી કાંઈ કહેવાઈ જાય, તો કર્યા–કાર્વ્યા ઉપર પાણી ફરી વળે. અને તમારા ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા છે. તમારા જેવી ગંભીરતા હજી અમને અમારામાં ય નથી જણાતી."

ધોળશાજી તો આ સાંભળીને છક્ક થઈ ગયા. તેઓ શેઠની આવી અત્યુત્તમ ભાવનાની ખૂબ–ખૂબ અનુમોદના–પ્રશંસા કરી રહ્યા.

તેઓ હંમેશાં શ્રાવક–યોગ્ય આવશ્યક ક્રિયાઓ કરતા. અને પ્રતિદિન બપોરે પૂ. શ્રી મૂળચંદજી મહારાજ પાસે સામાયિક કરવા જતા. આ વખતે શેઠ પ્રેમાભાઈ પણ પાલખીમાં બેસીને છૂટે હાથે દાન આપતા, શાસનની શાન વધારતા, સામાયિક કરવા આવતા. ધોળશાજીની ભાષા મીઠી તેમજ વૈરાગ્યપોષક હતી. સામાન્ય વાતચીતમાં પણ તેઓ વૈરાગ્ય વધે તેવું જ બોલતા. આગમ–વિષયના તેઓ સારા જાણકાર હોવાથી કેટલાક સામાન્ય પ્રશ્નોનો જવાબ આપવાનું કામ પૂ. શ્રી મૂળચંદજી મહારાજ તેમને ભળાવતા. તેઓ પણ સારી રીતે સામાને સંતોષ મળે તે રીતે એ પ્રશ્નોના જવાબ આપતા.

(૩) શ્રી ડાહ્યાભાઈ દેવતા. તેઓ ફતાસાની પોળમાં રહેતા, અને વિદ્યાશાળાના બેઠકીયા હતા. વિદ્યાશાળામાં તેઓ કાયમ રાસ-વાંચન કરતા. કંઠ મીઠો, અને અર્થ સમજાવવાની શક્તિ પણ સરસ. એટલે ઘણા શ્રોતાઓનું મન તેઓ આકર્ષી શકતા.

અતિ વ્યવસાયી જીવનમાં ધર્મભાવના ઓછી ન થઈ જાય એટલા માટે શેઠ શ્રી મનસુખભાઈ પણ તેમને પ્રતિદિન પોતાને ત્યાં બોલાવતા, અને બે કલાક રાસ સાંભળતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) શા. છોટાલાલ લલ્લુભાઈ ઝવેરી. તેઓ વિદ્યાશાળાના આગેવાન ટ્રસ્ટી હતા. તત્ત્વ-જ્ઞાનના તેઓ ભારે રસિયા અને બહુશ્રુત શ્રાવક હતા. જ્યારે તેઓ વ્યાખ્યાન સાંભળવા આવે, ત્યારે દૂરથી પૂ. મહારાજશ્રીનો ગંભીર અવાજ સાંભળીને તેઓ બોલી ઉઠતા કે : શું ઉપાશ્રયમાં દેવતાઈ વાજાં વાગે છે ?"

(૫) ઝવેરી મોહનલાલ ગોકળદાસ. તેઓ પણ વિદ્યાશાળાના ટ્રસ્ટી હતા. અને કસુંબાવાડમાં રહેતા હતા. પ્રતિષ્ઠાદિ વિધિવિધાનો કરાવવામાં તેઓ તથા શ્રી છોટાભાઈ ઝવેરી કુશળ હતા.

આ ઉપરાંત-નગરશેઠ મણીભાઈ પ્રેમાભાઈ, શેઠ લાલભાઈ દલપતભાઈ, શેઠ મનસુખભાઈ ભગુભાઈ, શેઠ હઠીસિંહ કેસરીસિંહનું આખું કુટુંબ,-શેઠ સારાભાઈ, શેઠ જેસીંગભાઈ વગેરે, તથા શા. ભગુભાઈ વીરચંદ, (હાજા પટેલની પોળવાળા), ઝવેરી છોટાલાલ ચાંપશી, શા. જેસીંગભાઈ માણેકચંદ (હાજા પટેલની પોળવાળા) વગેરે ભાવિક અને વિદ્વાન્-આગેવાન શ્રેષ્ઠિ શ્રાવકો પૂજ્યશ્રીની વ્યાખ્યાન-સભાના મુખ્ય શ્રોતાઓ હતા.

શેઠ શ્રી મનસુખભાઈ હંમેશાં પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવતા અને અત્યંત ગંભીર વિષયોને પણ અત્યંત સરળતાથી શ્રોતાઓના હૃદયમાં જચાવવાની પૂજ્યશ્રીની વ્યાખ્યાન-શક્તિ જોઈને તેમના હૈયામાં પૂજ્યશ્રી તરફ બહુમાન જાગૃત થતું.

એકવાર તેમની શારીરિક સ્થિતિ કાંઈક નરમ હતી. વ્યાખ્યાનમાં આવી શકાય તેમ ન હતું. પણ માંગલિક સાંભળવાની અભિલાષાથી તેમણે શ્રી ડાહ્યાભાઈ દેવતાને પૂજ્યશ્રીને બોલાવી લાવવા માટે મોકલ્યા.

બપોરે તાપ થઈ જાય, એટલે પૂજ્યશ્રી સવારના-ઠંડે પહોરે જ પધારી જાય તો સારું, એવા આશયથી ડાહ્યાભાઈએ સવારે જ બંગલે પધારવા વિનંતિ કરી. પણ વ્યાખ્યાનનો સમય થઈ ગયો હતો એટલે પૂ. મહારાજશ્રીએ કહ્યું કે : "અત્યારે વ્યાખ્યાનનો સમય થયો છે. માટે વ્યાખ્યાન પૂરું થયા પછી હું આવી જઈશ."

વ્યાખ્યાન પૂરું થયા પછી પૂજ્યશ્રી શેઠને બંગલે પધાર્યા. ધર્મોપદેશ સંભળાવીને ખૂબ આશ્વાસન આપ્યું. ત્યારપછી ઉપાશ્રયે આવીને પચ્ચક્ખાણ પાર્યું.

શ્રી મનસુખભાઈ શેઠના મનમાં આ પ્રસંગનો ખૂબ પ્રભાવ પડ્યો. તેમને લાગ્યું કે-મહારાજજી કોઈની ખોટી શેહમાં તણાઈ જાય તેમ નથી. અને લોકોને ધર્મ પમાડવાની અપૂર્વ ધગશવાળા છે. આથી તેમને પૂજ્યશ્રી ઉપર સવિશેષ ભક્તિભાવ જાગ્યો. અને તે નિરંતર વધતો જ રહ્યો.

આ વખતે અમદાવાદના નગરશેઠ શ્રી મણીભાઇ પ્રેમાભાઈ હતા. તેઓ સાધુઓ પ્રત્યે ભક્તિ-બહુમાન ધરાવતા. તેમણે ઉચ્ચ પ્રકારની પાશ્ચાત્ય કેળવણી લીધેલી હોવાથી, તેમજ શ્રી મણીભાઈ નભુભાઈ દ્વિવેદી વિગેરેના પરિચયને લીધે વેદાન્તના ગ્રન્થોનું ઉંડું અવલોકન કર્યું હોવાથી, મનને સંતોષ પમાડે એવું વ્યાખ્યાન તેમને ક્યાંય દેખાતું નહિ. તેમના મનમાં વ્યાખ્યાન માટે એવો પૂર્વગ્રહ બંધાઈ ગયેલો કે-વ્યાખ્યાનમાં તો કથા-વાર્તા જ આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, કાંઈ તત્ત્વજ્ઞાન ચર્ચાતું નથી. એવાં વ્યાખ્યાન સાંભળવાથી શું ફાયદો ? તેમની તર્કપ્રધાન બુદ્ધિ આત્મા વગેરે પદાર્થોના અસ્તિત્વ વિષે સંદિગ્ધ હતી.

તેમના પરમમિત્ર શ્રી ધોળશાજી તેમના આ વિચારો સારી રીતે જાણતા હતા. તેમની ભાવના એવી કે–શ્રીસંઘના સમર્થ નાયક નગરશેઠ જો દૃઢ શ્રદ્ધાળુ બને તો શ્રીસંઘને મહાન્ લાભ થાય. અને આવી ઉત્તમ ભાવનાથી પ્રેરાયેલા તેઓ નગરશેઠને રૂચિકર અને સંતોષપ્રદ વ્યાખ્યાનની તપાસ વારંવાર કરતા.

આપણા પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળીને તેમને લાગ્યું કે–આ વ્યાખ્યાન–શૈલી નગરશેઠ માટે સચોટ અસરકારક નીવડશે. એટલે તેઓ પહોંચ્યા નગરશેઠ પાસે. શેઠની પાસે પૂજ્યશ્રીની વિદ્વત્તા અને વ્યાખ્યાનશૈલી વિ.ની ભારોભાર પ્રશંસા કરતાં તેમણે કહ્યુ: 'શેઠ! આપ એકવાર વ્યાખ્યાનમાં પધારો, આપને ઘણો આનંદ આવશે.'

ધોળશાજીની પરમાર્થ–વૃત્તિ માટે શેઠને ઘણું સન્માન હતું. તેથી તેઓ તેમની વાતનો અનાદર કરી શકતા નહીં, એટલે તેઓ 'આજે અમુક મહેમાન આવવાના છે, આજે અમુક કાર્યક્રમ છે' એમ બહાના કાઢીને વ્યાખ્યાનની વાત ટાળવા લાગ્યા.

પણ ધોળશાજી ગંભીર અને અડગ હતા. સતત ઉદ્યમથી દરેક કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે, એમ મક્કમપણે માનનારા હતા. તેમણે હંમેશાં પ્રેરણા કરવી ચાલુ રાખી. પરિણામે એક દિવસ નગરશેઠના મનમાં વિચાર આવ્યો કે–આ ધોળશાજી હંમેશાં મહારાજ સાહેબનું વ્યાખ્યાન સાંભળવાની પ્રેરણા કરે છે, તો એક દિવસ સાંભળીએ તો ખરા. તેમણે ધોળશાજીને કહ્યું કે-આવતી કાલે હું વ્યાખ્યાનમાં જરૂર આવીશ.

ધોળશાજી તો રાજીના રેડ થઈ ગયા. તેમની ઉમદા ભાવના અને ઉદ્યમ આજે સફળ બન્યા.

બીજે દિવસે સવારે વ્યાખ્યાન સમયે તેઓ શેઠના બંગલે પહોંચી ગયા, અને શેઠને લઈને ઉપાશ્રયે આવ્યા.

વ્યાખ્યાન ચાલતું હતું. અનેક શ્રોતાજનો પૂજ્યશ્રીના વચન-પીયૂષને પોતાના હૃદય–પાત્રમાં ઝીલી રહ્યા હતા. નગરશેઠ પણ બેઠા. પૂજ્યશ્રીની તર્ક–પરિશુધ્ધ અને વૈરાગ્યરસ–ઝરતી વાણી સાંભળીને તેમનું ચિત્ત પ્રસન્ન બન્યું. ઘણા સમયથી દૃઢ વીંટળાયેલા પૂર્વગ્રહના બંધનો આજે આપમેળે છૂટી ગયા. તેઓ જેવું ઈચ્છતા હતા, તેવું જ – બલ્કે તેના કરતાંય ઉચ્ચ કોટિનું વ્યાખ્યાન આજે તેમને સાંભળવા મળ્યું. આથી તેઓ ખૂબ પ્રભાવિત બન્યા.

ત્યારપછી બીજે દિવસે સવારે ધોળશાજી શેઠને બોલાવવા ગયા, તો શેઠ તો ક્યારનાય તૈયાર થઈને જ બેઠા હતા. તેમણે કહ્યું : "ચાલો ! હું તો તૈયાર જ છું." ધોળશાજી પણ તેમના આ અદ્ભુત પરિવર્તનથી સાનંદાશ્ચર્ય પામ્યા. પછી તો પ્રતિદિન વ્યાખ્યાનમાં આવવું એ નગરશેઠનો નિત્યનિયમ થઈ ગયો. ત્યાં સુધી કે–વ્યાખ્યાન બેસવાને હજી પા કલાકની વાર હોય, કોઈ આવ્યું ન હોય, ત્યારે નગરશેઠ હાજર થઈ જાય. અને વ્યાખ્યાનના આરંભથી માંડીને અંત સુધીનો અક્ષરેઅક્ષર સાંભળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપરથી કલ્પી શકાય છે કે–આપણા મહાન્ ચરિત્રનાયકની વાણીનો ચમત્કાર કોઈ અજબ જ હતો.

નગરશેઠ નિયમિત આવવા લાગ્યા, એટલે પૂજ્યશ્રીએ નગરશેઠ અને એમના જેવા અનેક આત્માઓના ઉપકારાર્થે શ્રી નન્દીસૂત્રનું વ્યાખ્યાન શરૂ કર્યું. નન્દીસૂત્રમાં આવતા દરેક દાર્શનિક વિષયોને પૂજ્યશ્રી તાર્કિક શૈલીથી, સરલતાપૂર્વક અને શ્રોતાઓની રસ–ક્ષતિ ન થાય, તે રીતે સમજાવતા. આથી નગરશેઠના અનેક સંદેહોનું નિરસન થઈ ગયું. અને આત્માદિના અસ્તિત્વ વિષે તેઓ દૃઢ–શ્રદ્ધ બન્યા.

પૂજ્યશ્રીના ઉપદેશના પ્રભાવે નગરશેઠ જેવી વ્યક્તિના જીવન તથા માન્યતાના પરિવર્તનનો આ પ્રસંગ પૂજ્યશ્રીની મહાન્ પ્રતિભા અને પુણ્યબળનો સૂચક છે.

બહારની વાડીએ પધારેલા પૂ. મુનિશ્રી દાનવિજયજી મ. તબીયત સ્વસ્થ થયા પછી પાંજરાપોળ ઉપાશ્રયે પધાર્યા. ત્યાં થોડો સમય સ્થિરતા કરીને વડોદરાના શ્રીસંઘની વિનંતિથી તેઓશ્રી વડોદરા પધાર્યા. આપણા પૂજ્યશ્રીને અમદાવાદ–પાંજરાપોળના ઉપાશ્રયે ચાતુર્માસ માટે વિનંતિ થતાં, તેઓશ્રીનું આ ચાતુર્માસ પાંજરાપોળમાં કરવાનું નક્કી થયું.

આ ચોમાસામાં પૂજ્યશ્રીના ઉપદેશથી શેઠ મનસુખભાઈ ભગુભાઈએ એક સંસ્કૃત–ધાર્મિક પાઠશાળા સ્થાપી. તેમાં અંગ્રેજીનું શિક્ષણ પણ અપાતું.

એકવાર પૂજ્યશ્રીને મસ્તકમાં સખત દુઃખાવો થવા લાગ્યો. એ જોઈને નગરશેઠ શ્રી મણીભાઈએ ભક્તિપૂર્વક કહ્યું કે : સાહેબ ! આપશ્રી મોતીભસ્મ, પ્રવાલ, વિ. ઔષધિઓનું સેવન કરો, તો દુઃખાવો મટી જશે.

પણ પૂજ્યશ્રીએ એ માટે ચોખ્ખી ના પાડતાં કહ્યું કેઃ દુઃખાવો તો એકાદ દિવસમાં સ્વયં મટી જશે. બન્યું પણ એમ જ. એક દિવસમાં પૂજ્યશ્રીને સંપૂર્ણ આરામ થઈ ગયો.

પૂજ્યશ્રી પાસે પોતાના ન્યાય–વ્યાકરણના અમુક ગ્રંથો, તથા આવશ્યક સૂત્ર (૨૨ હજારી) કલ્પ–સુબોધિકા, બારસાસૂત્ર, મહાનિશીથ, અષ્ટકજી, ઈત્યાદિ થોડાં જરૂરી પુસ્તકો હતાં. આ જોઈને એકવાર ધોળશાજીએ વિનંતિ કરી કેઃ કૃપાળુ ! આપ મહાવિદ્વાન્ છો, આપને અનેકવિધ ગ્રન્થોની વારંવાર જરૂર પડે, માટે આપ પુસ્તકો રાખો.

આ સાંભળી નિરીહતાના અવતાર–સમા પૂજ્યશ્રીએ કહ્યું: ભાઈ ! હું મારે માટે કોઈને પણ એ બાબતમાં ઉપદેશ આપવા નથી ઈચ્છતો. મારે જ્યારે જે ગ્રન્થ જોઈએ, ત્યારે તે મળી જ રહે છે.

"ગુરુદેવ ! આપને એ માટે કોઈ વિચાર કરવાનો નથી, તેમ જ કોઈનેય કહેવાની જરૂર નથી. હું મારી શક્તિ અનુસાર સર્વ–પ્રબંધ કરી લઈશ." પરમ–ગુરુભક્ત ધોળશાજીએ કહ્યું.

ત્યારબાદ તેમણે યતિઓ વગેરેની પાસેથી કેટલાંક અપૂર્વ હસ્તલિખિત ગ્રંથો ખરીદ્યા અને કેટલાક ગ્રંથો લહીઆઓ પાસે લખાવવાની ગોઠવણ કરી. લહીઆઓએ કેટલું લખ્યું તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોક–અક્ષર વિ. ની ગણત્રી કરવા માટે બીજા માણસની ગોઠવણી કરી. આ રીતે શ્રી ધોળશાજીની પરમ–ભક્તિને લીધે પૂજ્યશ્રી પાસે સારો એવો પુસ્તક–સંગ્રહ થયો.

ચોમાસું પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીના વિહાર–સમયે ધોળશાજીએ આ બધાં પુસ્તકો અન્યત્ર મોકલી આપવા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી. પૂજ્યશ્રીની સંમતિથી તેમણે તે સર્વ પુસ્તકો કપડવણજ મોકલી આપ્યા, અને ત્યાંથી ખંભાત મોકલી આપવામાં આવ્યા. આ બધાં પુસ્તકો આજે પણ ખંભાતના જ્ઞાનભંડારમાં સુરક્ષિત–વ્યવસ્થિત છે.

નગરશેઠ શ્રીમણીભાઈને પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ ખૂબ અનુરાગ હતો. પૂજ્યશ્રી જ્યારે જ્યારે વિહારની વાત કરે, ત્યારે તેઓ અત્યાગ્રહ કરીને વિહાર કરવા ન દેતા. પણ 'સાધુ તો ચલતા ભલા.' એટલે એકવાર નગરશેઠ મુંબઈ ગયા હતા, ત્યારે પૂજ્યશ્રીએ અમદાવાદથી વિહાર કર્યો. અને કપડવણજ પધાર્યા.

[૧૭]

## સ્તમ્ભતીર્થમાં બે ચોમાસાં :–

'મત્થએણ વંદામિ, સાહેબ !' ખંભાતના આગેવાન શ્રેષ્ઠિ શ્રી પોપટભાઈ અમરચંદ વગેરેએ કપડવંજમાં બિરાજમાન–આપણા પૂજ્ય ચરિત્રનાયકશ્રીને ભાવોલ્લસિત હૈયે વન્દન કર્યા.

'ધર્મલાભ !' પ્રભાવના–પુંજ શા પૂજ્યશ્રીએ પ્રસન્ન–વદને આશીર્વચન ઉચ્ચાર્યા.

'દયાળુ !' શેઠશ્રી પોપટભાઈએ વન્દન કરીને બેઠા પછી કહ્યું: 'અમારા ખંભાતના શ્રીસંઘની ભાવના અને વિનંતિ છે કે–આપ સાહેબ ખંભાત પધારો, અને આ ચોમાસું ત્યાં જ કરો. આપના પધારવાથી ત્યાં ધર્મનો ઘણો ઉદ્યોત થશે.'

પૂજ્યશ્રીએ લાભાલાભનો વિચાર કરીને તેમની વિનંતિનો સ્વીકાર કરતાં કહ્યું: 'વર્તમાન યોગ.' અને ખંભાતના શ્રીસંઘમાં આનંદનું મોજું ફરી વળ્યું.

થોડા દિવસ કપડવંજ સ્થિરતા કરીને વૈશાખમાસ લગભગ પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. અને ૧૯૫૪નું ચાતુર્માસ ત્યાં કર્યું.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીને જ્ઞાનના પઠન–પાઠન માટે શેઠશ્રી અમરચંદ પ્રેમચંદભાઈને ઉપદેશ આપ્યો. તેમણે એ ઉપદેશ ઝીલી લીધો, અને પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી પાઠશાળા સ્થાપવી, ને તેમાં પોતાના તરફથી ૧૦ હજાર રૂપિયા આપવાનું નક્કી કર્યું.

શ્રી અમરચંદભાઈનું જીવન–શુદ્ધ દેશવિરતિધર શ્રાવકનું જીવન હતું. પોતાના જીવનમાં તેમણે અઢળક ધર્મ–કાર્યો કર્યા. એક વર્ષ પણ એવું ન હોય, કે જેમાં તેમના તરફથી ધાર્મિક–મહોત્સવ ન થયો હોય. તેમણે તીર્થ–યાત્રાના છ 'રી' પાળતા સંઘ પણ કાઢેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થ-યાત્રાના ફળ ભારે મીઠાં !

તીર્થની યાત્રા સર્વ આરંભથી નિવૃત્તિ અપાવે !

તીર્થ-યાત્રા કરવાથી મળેલા ધનની સફળતા થાય !

તીર્થયાત્રાના પ્રભાવે શ્રીસંઘના વાત્સલ્યનો લાભ મળે !

તીર્થની યાત્રા સમ્યગ્-દર્શનને નિર્મળ બનાવે !

જિનચૈત્યોનો જીર્ણોદ્ધાર, અને એવાં પુણ્ય-કાર્યો કરવાની તક તીર્થયાત્રામાં સાંપડે !

જિનશાસનની ઉન્નતિ, અને જિનાજ્ઞાપાલનનો અણમોલ અવસર તીર્થયાત્રામાં મળે !

તીર્થયાત્રાના પ્રતાપે તીર્થંકર નામકર્મ બંધાય, અને જલ્દી મોક્ષ-નગર જવાનો પરવાનો પણ મળે !

તીર્થની યાત્રા દેવ-માનવના ઉચ્ચતમ સુખોની પ્રાપ્તિ કરાવે !

આવી મહાન્ ફલદાયક આ તીર્થયાત્રાના આઠ-આઠ સંઘ તેઓએ સ્વ-ખર્ચે કાઢેલા.- શ્રી સિદ્ધાચલજીના પાંચ સંઘ, આબુજીની પંચતીર્થીનો સંઘ, કેસરીયાજી તીર્થનો સંઘ, અજમેરથી શ્રી સમ્મેતશિખરજીનો સંઘ. તેય પાછાં છ 'રી' પાળતાં. એટલે એનાં ફળ તો અનેરાં અને ઝાઝેરાં.

આ ઉપરાંત પાંચ ઉજમણાં અને બીજાં સંખ્યાબંધ અઠ્ઠાઈ-મહોત્સવ વિ. અનેક અનુકરણીય-અનુમોદનીય ધર્મકાર્યો તેમણે પોતાના જીવન દરમ્યાન અનુપમ ઉદારતાપૂર્વક કર્યા હતા.

એમના ઘરમાં દરેકને માટે કેટલાક આદર્શ નિયમો હતા. રાત્રે ચઉવિહાર, અને સવારે નવકારશીનું પચ્ચકખાણ અવશ્ય કરવું જ જોઈએ. કંદમૂળ કે અભક્ષ્ય તો ખવાય જ નહિ. પૂજા-સેવા, તેમજ સવારમાં પાંચ-સાત જિન મંદિરના દર્શન કર્યા વિના બીજું કાર્ય ન કરાય. અને ઉંમરલાયક થયાથી દરેક છોકરાએ ઉપધાન તપની આરાધના કરવી જ જોઈએ.

પોતે સંઘમાં આગેવાન રહ્યા. પોતાના ઘરમાંથી કોઈ ઉપધાન કરનાર હોય, એટલે ઉપધાન તપ પોતે કરાવે એ જ ઉચિત ગણાય. ઘરના દરેકની ઈચ્છા પણ એવી જ હોય. આથી સાતેક વખત તો તેમણે પોતે ઉપધાન-તપ કરાવ્યા હતા.

અને-અમરચંદભાઈનો એક ઉત્તમ નિયમ એવો પણ હતો કે-તેમને ત્યાં પુત્ર કે પુત્રીના લગ્ન હોય, ત્યારે તે લગ્નકાર્ય મુખ્ય ન રાખતાં, તે પ્રસંગે ઉજમણું કે મહોત્સવ કરવો, ને લગ્નનું કાર્ય ગૌણપણે કરવું.

કેવા આદર્શ નિયમો ! અનુકરણ નહિ તો અનુમોદન કરવાનું તો મન જરૂર થાય જ.

શ્રી અમરચંદભાઈ '૧૨' વ્રતધારી શ્રાવક હતા. તેમણે પરિગ્રહ-પરિમાણનો અભિગ્રહ એવો લીધેલો કે-"૯૯ હજાર રૂપિયા રાખવા, એથી આગળ વધવા ન દેવા, વધે તો ધર્મ-કાર્યમાં એનો ઉપયોગ કરવો." તેમને પાંચ પુત્ર-રત્નો હતા. ૧-પોપટભાઈ, ૨-કસ્તૂરભાઈ, ૩-પીતાંબરભાઈ, ૪-ઠાકરશીભાઈ, ૫-છગલશીભાઈ.

જ્યારે એમણે પરિગ્રહ પરિમાણ-વ્રત લીધું ત્યારે ખંભાતી નાણાનું ચલણ હતું. એટલે ખંભાતના ચલણી ૯૯ હજાર રૂા. નો તેમને અભિગ્રહ હતો. ત્યારપછી કલદાર નાણાનું ચલણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરૂ થયું, ત્યારે તે ખંભાતી નાણાંની કિંમત કલદાર '૧' રૂા. ના '૧૨' આના જેટલી થતી. એ હિસાબે ખંભાતી રૂા. ૯૯ હજાર, બરાબર કલદાર રૂા. ૭૪ા (સવા ચુમ્મોતેર) હજાર થાય. આથી પોપટભાઈ વગેરેના મનમાં થયું કે-પિતાજીનો નિયમ ૯૯ હજાર રૂા.નો છે. તે જે સમયે જે ચલણ ચાલુ હોય, તે નાણાંનો હોવો જોઈએ. તેથી કલદાર ૯૯ હજાર રૂા. રાખે તો નિયમ-ભંગ ન કહેવાય.

તેઓએ પિતાજીને એ વાત કરી. ત્યારે અમરચંદભાઈએ અડગ ટેકથી કહ્યું : "મેં જે વખતે નિયમ લીધો, તે વખતે જે ચલણ હોય, તે નાણાનો જ એ નિયમ છે. અને એ હિસાબે કલદાર નાણું ૭૪ હજારથી વધુ ન જ રખાય. રાખીએ તો નિયમનો ભંગ થાય."

આ સાંભળીને પોપટભાઈ વિ. ના મનમાં સંકોચ થવા લાગ્યો. કારણ કે-તેઓ ગર્ભ-શ્રીમંતાઈમાં ઉછરેલા હતા. અને દરેક ભાઈઓનો પરિવાર પણ વિશાળ હતો. ૭૪ હજાર રૂા. ના ભાગ પડે, તો દરેકને ૧૫ હજારથી પણ ઓછા મળે. હવે આટલી રકમમાંથી ૧૦ હજાર રૂપિયા પાઠશાળા માટે આપવા. એ વાતથી તેઓના મનમાં સંકોચ થાય એ સ્વાભાવિક છે. વળી દરેકના નામે જુદી-જુદી રકમ રાખીને અભિગ્રહમાં અતિચાર લગાડવો એ અમરચંદભાઈને પાલવે તેમ હતું જ નહિ.

આ હકીકત જાણીને પૂજ્યશ્રીએ અમરચંદભાઈને સમજાવ્યાં કે—"તમારા પુત્રોને સંતોષ થાય એમ વિચારવું એ ઉચિત છે."

જવાબમાં તેમણે મક્કમપણે કહ્યું કે : ગુરુદેવ! મારા દેવ એક, મારા ગુરુ એક, મારો ધર્મ એક, મારા માતા એક, અને પિતા પણ એક, તેમ મારું વચન પણ એક જ હોય, તે અન્યથા ન જ કરાય.

નિયમ-પાલનમાં દઢ અડગતા, એ આનું નામ. અમરચંદભાઈની આ નિયમ-પાલકતા આપણને સહજ રીતે જ શ્રી પેથડશાનું સ્મરણ કરાવે છે. પેથડશા-માંડવગઢના મહાસંત્રીશ્વર હતા, સમગ્ર રાજકારભાર તેઓ ચલાવતા હતા. સ્વર્ણસિદ્ધિ અને ચિત્રાવેલી જેવી મહાન્ દિવ્ય સિદ્ધિઓ તેમને વરેલી હતી. અને છતાંય પરિગ્રહનું પરિમાણ કેટલું ? તો ફક્ત પાંચ લાખ દ્રમ્મનું. એથી જેટલું વધે, પછી ભલે તે એક ક્રોડ સોનામહોર હોય કે એક અબજ હોય, બધું ધર્મ-કાર્યમાં ખર્ચાય.

શ્રી અમરચંદભાઈની વાત પણ આવી જ છે ને! ૯૯ હજારનો નિયમ એના ૭૪ હજાર થયા, છતાંય એ જ દઢતા. ખરેખર! આવા મહાન્ શ્રાવકવર્યોથી જ જિનશાસન જળહળતું રહ્યું છે, અને રહેશે.

હવે-રોકડા રૂપિયા તો દીકરાઓના હાથમાં-વેપારમાં હતાં. તેથી શ્રીઅમરચંદભાઈ ૧૦ હજારની કિંમતના દાગીનાનો દાબડો લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા, ને વિનંતિ કરી : સાહેબ! આ દાબડો જેને અપાવવાનો હોય તેને અપાવીને પાઠશાળા શરૂ કરાવો.

આ વાતની શ્રીપોપટભાઈ વિ. ને જાણ થતાં તુરત જ તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા, ને અમારા પિતાશ્રીએ જે કહ્યું છે, તે અમોને માન્ય જ છે, આમ કહી તત્કાલ રૂા. ૧૦,૦૦૦ ની રકમ પાઠશાળા ખાતે જમા કરાવી દીધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી—આસો શુદ ૧૦ના મંગલદિને "શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સંસ્કૃત પાઠશાળા" નો શુભારંભ કરવામાં આવ્યો. અધ્યાપક તરીકે શ્રીદિનકરરાવ શાસ્ત્રીજીને રાખવામાં આવ્યા. પ્રારંભથી જ ૬૦ થી ૭૦ જેટલા વિદ્યાર્થીઓ હોંશે હોંશે જોડાયા. એટલે બીજા બે શાસ્ત્રીજી રોકવામાં આવ્યા, શ્રીચંદ્રધર ઝા અને શ્રી કેશવ ઝા.

પાઠશાળામાં ધાર્મિક અભ્યાસની સાથે-સાથે સંસ્કૃત રૂપાવલિ, સમાસ—ચક્ર, ભાંડારકરની બે બુક, એટલું પ્રાથમિક અભ્યાસ રૂપે કરાવીને—ચંદ્રપ્રભા વ્યાકરણ; અભિધાનચિન્તામણિ કોષ વિ. ગ્રન્થો ભણાવાતા.

શ્રીદલસુખભાઈ પોપટલાલ, સોમચંદ પોપટચંદ, ઉજમશી છોટાલાલ ઘીયા (પુ. ઉદયસૂરિજી મ.), ભોગીલાલ પોપટચંદ, વાડીલાલ બાપુલાલ, આશાલાલ દીપચંદ, પુરૂષોત્તમદાસ છગનલાલ, મોહનલાલ પોપટલાલ, વગેરે પાઠશાળાના મુખ્ય અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ હતા. એમાં શ્રીદલસુખભાઈ, તથા શ્રી સોમચંદભાઈને તો પૂજ્યશ્રી સ્વયં અભ્યાસ કરાવતા હતા.

આ સિવાય-પૂજ્યશ્રીએ એક 'જંગમ પાઠશાલા' પણ સ્થાપી. જંગમ—એટલે હાલતી ચાલતી પાઠશાળા. જ્યાં સુધી પૂજ્યશ્રી ખંભાત બિરાજ્યા, ત્યાં સુધી તો વિદ્યાર્થીઓ ભણતા જ. પણ તેઓશ્રી જ્યારે વિહાર કરે ત્યારે વિહારમાં અને અન્યત્ર સ્થિરતા કરે તો ત્યાં આ જંગમ પાઠશાળા તેઓશ્રીની નિશ્રામાં ચાલુ જ રહેતી. તેમાં ખંભાત—અમદાવાદ આદિ અનેક સ્થળોના જ્ઞાન—પિપાસુ વિદ્યાર્થીઓ પૂજ્યશ્રીની સાથે—પાસે રહીને ભણતાં.

ચોમાસું પૂર્ણ થયા પછી શ્રી અમરચંદભાઇને શ્રી સિદ્ધગિરિજીનો છ 'રી' પાળતો સંઘ કાઢવાની ભાવના થઇ. તેમણે પૂજ્યશ્રીને સંઘમાં પધારવાની વિનંતિ કરી. પૂજ્યશ્રીએ કહ્યું કે—પાઠશાળા હજુ હમણાં જ શરૂ થઈ છે. માટે હાલ તો ન આવી શકાય. પણ શેઠનો અત્યંત આગ્રહ થવાથી છેવટે પૂજ્યશ્રીએ સ્વીકાર કર્યો. શાસ્ત્રીજીને બરાબર અધ્યયન કરાવવાની ભલામણ કરી તેઓશ્રી સંઘમાં પધાર્યા. અમરચંદભાઇએ કાઢેલા સંઘમાં આ છેલ્લો સંઘ હતો. એમાં ૭૦૦ થી ૮૦૦ યાત્રિકો જોડાયા હતા.

શ્રીસિદ્ધિગિરિજીની સંઘ સહિત યાત્રા કરીને પૂજ્યશ્રી પુનઃ ખંભાત પધાર્યા.

આ દરમ્યાન વિખ્યાત જર્મન પ્રોફેસર ડૉ. હર્મન જેકોબીએ (Dr. Hermann Jacobi) શ્રીઆચારાંગસૂત્રનું કરેલું ઇંગ્લિશ ભાષાંતર (English translation) પ્રગટ થયું હતું, તેમાં "જૈનોના શાસ્ત્રમાં માંસાહાર કરવાનું વિધાન છે" એવું સ્પષ્ટ વિધાન તેમણે કરેલું. આવા અશાસ્ત્રીય અને અનર્થકારક લખાણથી સારાયે જૈન સમાજમાં ઉહાપોહ જાગ્યો, અને ડૉ. જેકોબીએ કરેલા આ વિધાનના વિરોધક ચક્રો ગતિમાન્ બન્યા.

આપણા પૂજ્યશ્રીએ પણ એ સંબંધમાં 'મુંબઈ સમાચાર' મારફત પત્રવ્યવહાર ચલાવ્યો. અને છેવટે તેઓશ્રી તથા પૂજ્ય મુનિશ્રી આનન્દસાગરજી મ., બંનેએ ડૉ. જેકોબીના વિધાનનો પ્રતિકાર કરતી, શાસ્ત્રીય પુરાવા અને યુક્તિ—પ્રયુક્તિઓથી ભરપૂર "**परिहार्य-मीमांसा**" નામની પુસ્તિકા રચી અને પ્રકાશિત કરાવી. એના પરિણામે ડૉ. જેકોબીએ પોતાની ઉપર્યુક્ત ભૂલનો એકરાર કરતો નિખાલસ ખુલાસો પણ જાહેર કરેલો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતમાં જીરાવલાપાડા વગેરે સ્થળોમાં આવેલા શ્રીચિન્તામણીપાર્શ્વનાથભગવાન આદિ ૧૯ પ્રાચીન જિન મંદિરો જીર્ણ થઇ ગયેલા. એ ૧૯ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો આવશ્યક હતો. પણ જો એ ઓગણીશેય દેરાસરોનો જુદો-જુદો ઉદ્ધાર કરાવે, તો ખૂબ ખર્ચ થાય. વળી જ્યાં જૈનોના ઘર ઓછા હોય, યા ન હોય, ત્યાં ગોઠી-પૂજારી રાખવા, રક્ષણ માટે બંદોબસ્ત કરવો, ઈત્યાદિમાં ઘણો ખર્ચ આવે.

શેઠશ્રી પોપટભાઈ અમરચંદના મનમાં એવો વિચાર પણ આવ્યો કે-જો એક જ સ્થળે એક વિશાળ જિન મંદિર થાય, તેમાં ભિન્ન-ભિન્ન ગભારાઓમાં એક-એક જિનાલયના શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ, ગિરનાર તીર્થના મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુની પ્રતિમાસદૃશ શ્રીનેમિનાથ પ્રભુ વગેરે મૂળનાયક પ્રભુજીના મહાપ્રભાવક બિમ્બો પધરાવવામાં આવે, તો એક જ ભવ્ય દેરાસરમાં ઓગણીશેય દેરાસર સમાઇ જાય, ને તેની વ્યવસ્થા પણ સુન્દર થઇ શકે અને ખંભાતમાં એક પણ શિખરબંધી દેરાસર ન હોવાથી આ વિશાળ મંદિર ભવ્ય શિખરબંધી પણ બની શકે, તેથી તીર્થનો મહિમા પણ વધી જાય.

પણ આ કાર્ય માટે મોટી રકમ જોઈએ, યોગ્ય કાર્યકર્તા પણ જોઈએ. આ વિચારથી પોપટલાલ શેઠ મુંઝાતા હતા. તેઓએ પોતાના આ બધા વિચારો પૂજ્યશ્રીને જણાવ્યા અને યોગ્ય માર્ગદર્શન આપવા માટે વિનંતિ કરી.

પૂજ્યશ્રીને તેમની યોજના ઉત્તમ લાગી. તેથી તેઓશ્રીએ તે માટે પોપટભાઈને યોગ્ય દોરવણી આપીને ફરમાવ્યું: "પોપટભાઈ! **'शुभस्य शीघ्रम्'**-એ ન્યાયે વિના વિલંબે આ મહાન્ કાર્ય તમારે ઉપાડવું જોઈએ. વ્યાપારાદિ વ્યવહારથી જેમ તમે હિન્દુસ્તાનમાં સુપ્રસિદ્ધ થયા છો, તેમ હવે આ મહાન્ ધર્મકાર્યમાં જીવનનો ભોગ આપશો તો તમે જરૂર ફતેહમંદ થશો."

આ સાંભળીને પોપટભાઈએ શુકનની ગાંઠ વાળી. પૂ. ગુરૂદેવના આ વચનો તેમણે મસ્તકે ચઢાવ્યા. તેમને પૂ. ગુરૂદેવના વચન ઉપર અટલ શ્રદ્ધા હતી કે-એ વચન જરૂર ફળશે જ. તત્કાળ તેમણે જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો. અને તે માટે પૂજ્યશ્રીને ઉત્તમ મુહૂર્ત કાઢી આપવા કહેતાં તેઓશ્રીએ નજીકનો જ સારામાં સારો દિવસ બતાવ્યો.

એ મુહૂર્ત અનુસાર પોપટભાઈએ પૂજ્યશ્રીની હાજરીમાં જ જીરાવલાપાડામાં ૧૯ દેરાસરોના જીર્ણોદ્ધારના મહાકાર્યનો મંગલ-પ્રારંભ કર્યો.

પોપટભાઈ શેઠ પોતે હંમેશ સવારે વ્હેલાસર 'શ્રી સ્તંભનાજી, શ્રી ચિન્તામણીજી, વિ. અનેક દેરાસરો જુહારીને હજી કડીયા-શિલ્પીઓ ન આવ્યા હોય તે પહેલાં ત્યાં પહોંચી જતા-નવકારશીનું પચ્ચક્ખાણ ત્યાં નજીકમાં જ પારીને વાપરી લેતાં-અને શેઠ મૂળચંદ દીપચંદને ત્યાં જમીને બપોરે જરા આરામ કરતા. ત્યારપછી મોડી સાંજ સુધી દેરાસરના કાર્યમાં જ વ્યસ્ત રહેતા. તેમનો આ કાર્યક્રમ માત્ર એક-બે દિવસનો નહોતો, પણ જ્યાં સુધી એ ઉદ્ધારનું કામ પૂર્ણ ન થયું, ત્યાં સુધી હંમેશાં એ જ પ્રમાણે તેઓ જિનાલયના કાર્યમાં મગ્ન રહેતા.

આ રીતે-પૂજ્યશ્રીના મંગલ આશીર્વાદથી અને શેઠ પોપટભાઈ અમરચંદની અપૂર્વ ખંત અને મહેનતથી જીર્ણોદ્ધારનું ભગીરથ-કાર્ય ઝપાટાબંધ ચાલવા લાગ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જય થંભણ પારસનાથ

જુગ જૂની આ વાત છે. કાળ–પુરાણી આ કથા છે.

આ ભરતક્ષેત્રમાં ગત–ઉત્સર્પિણીકાળના સોળમા તીર્થંકરદેવશ્રી નમિનાથ પ્રભુને આષાઢી નામના શ્રાવકે પૂછયું. પ્રભો ! મારો ઉદ્ધાર કયારે થશે ? હું મોક્ષનગરનો વાસી કયારે બનીશ ?

અમૃત–મીઠી વાણીથી ભગવંતે ફરમાવ્યું કે–"હે આષાઢી ! આ જ ભરતક્ષેત્રમાં આવતી–અવસર્પિણીકાળના ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવંતના શાસનમાં તારો ઉદ્ધાર થશે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનો તું પટ્ટશિષ્ય–ગણધર–થઈને મોક્ષે જઈશ."

આ સાંભળી પ્રસન્નચિત્ત બનેલા આષાઢીએ પોતાના આત્મોદ્ધારક શ્રી પાર્શ્વનાથ પ્રભુની નીલમ રત્નમય–નાની પણ નમણી અને મનમોહક મૂર્તિ ભરાવી. અને એની પૂજા કરવામાં એ પુલકિત હૈયે તત્પર બન્યો.

કેટલોક કાળ વીત્યા પછી સૌધર્માધિપતિ શ્રી શક્રેન્દ્રે, અને ત્યારપછી વરૂણદેવે એ પ્રતિમાજી લાંબા સમય સુધી પૂજ્યા. તદનંતર નાગરાજ શ્રી ધરણેન્દ્રે સમુદ્ર–કિનારે ભવ્ય મંદિર બાંધી ઘણા સમય સુધી તેની પૂજા કરી.

દશાનન–રાવણ પર વિજય મેળવવા નીકળેલા શ્રી રામ–લક્ષ્મણજીએ આ મહા પ્રભાવિક જિન–બિંબની સાત માસ, નવ દિવસ પર્યન્ત આરાધના કરી. એના પ્રભાવે શ્રી ધરણેન્દ્રે પ્રગટ થઈને તેમને કાર્યસિદ્ધિનું વરદાન આપ્યું. વરદાન મેળવીને શ્રી રામ–લક્ષ્મણ જિનાલયમાંથી બહાર નીકળ્યા, ત્યાં જ વધામણી મળી કે–સાગરના નીર સ્થિર થઈ ગયા છે, સ્થંભી ગયા છે. આ સાંભળી પ્રસન્ન બનેલા તેઓએ પ્રભુનું નામ શ્રી સ્તંભન પાર્શ્વનાથ સ્થાપ્યું અને ત્યારપછી તેઓએ સ્થિર સમુદ્ર પર પાળ બાંધીને તે ઓળંગ્યો.

કાળક્રમે–પોતાનું સામ્રાજ્ય નીરખવા નીકળેલા શ્રી કૃષ્ણવાસુદેવે એ જ સાગર–તટે એ જિનમંદિરમાં એ ચમત્કારિક જિનબિંબ નિહાળ્યું. તેમનાં મન–નયન તૃપ્ત બન્યાં. સ્વયં કૃતાર્થ બન્યા.

આ વખતે તેમના મનમાં કુતૂહલ થયું કે–આ પ્રભુની હંમેશાં પૂજા કોણ કરી જાય છે ? એ જાણવા માટે તેઓ મંદિરમાં સંતાઈ ગયા. રાત પડી, ને પાતાલવાસી દેવોએ ખૂબ ભકિતપૂર્વક પ્રભુની પૂજા–સેવા કરી, ત્યારપછી તેઓ નાટારંભાદિથી પ્રભુનું ગુણ–કીર્તન કરવા લાગ્યા. આ બધું જોઈને વિશેષ હકીકત જાણવા માટે શ્રીકૃષ્ણ વાસુદેવ દેવોની સમક્ષ ઉપસ્થિત થયા. ને પ્રભુજીની ઉત્પત્તિ, મહિમા વિષે દેવોને પૂછવા લાગ્યા.

એક દેવે આષાઢી શ્રાવકથી પ્રારંભી આજ સુધીની હકીકત કહી. પ્રભુનો આવો અલૌકિક પ્રભાવ જાણીને કૃષ્ણ મહારાજના રોમરાય વિકસ્વર થઈ ગયાં. તેમણે દેવોને વિનંતિ કરી કે તમે ઘણા સમય સુધી આ પ્રભુની પૂજા કરી, હવે મને થોડો લાભ લેવા દો.–આ પ્રભુજીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વારિકા લઈ જવાં દો, પેલાં દેવે કહ્યું : રાજન્ ! અમારા સ્વામી નાગરાજની રજા અમે લઈ આવીએ. તેઓની રજા મળે, તો તમે ખુશીથી લઈ જજો. અને તરતજ તે દેવ પાતાલલોકમાં ગયો, અને નાગરાજ ધરણેન્દ્રની સમક્ષ સર્વવૃત્તાંત નિવેદિત કર્યો. નાગરાજે પણ શ્રીકૃષ્ણની ભાવનાનો સ્વીકાર કરીને, પ્રભુજી લઈ જવાની તેમને સંમતિ આપી. પેલા દેવે ઉપર આવીને શ્રીકૃષ્ણ મહારાજને એ વાત જણાવી.

સંમતિ મળવાથી અવર્ણનીય આનંદ અનુભવી રહેલા શ્રીકૃષ્ણવાસુદેવ એ મનોહર જિનબિંબ ત્યાંથી દ્વારિકા નગરી લઈ ગયા. ત્યાં ગગનોત્તુંગ ભવ્ય જિનપ્રાસાદ નિર્માણ કરીને તેમાં શ્રી પાર્શ્વપ્રભુનું એ બિંબ પ્રતિષ્ઠિત કર્યું અને અપૂર્વ આનંદથી તેઓ પ્રતિદિન એ પ્રભુને પૂજવા લાગ્યા.

નિરવધિ કાળ સુખ–દુઃખના એ પાંખિયા વિમાન પર બેસીને ઉડયે જાય છે, અવિરત-પણે ઉડયે જ જાય છે. પણ ઉતાવળી પ્રકૃતિના માનવને 'છીપમાં રૂપાની' જેમ ક્યારેક ક્યારેક એક સરખા આ કાળપ્રવાહમાં વૈષમ્યની ભ્રાન્તિ થઈ આવે છે. તેથી એ કહે છે કે-સમય પલટાયો, કાળનું વહેણ બદલાયું.

સમયનું વિમાન સરસર કરતું વહે છે, ને દ્વારિકાના વિનાશની ઘડી–પળ નજીક આવતી જાય છે. મદિરા પીને મદ–મત્ત બનેલા શાંબ-પ્રદ્યુમ્નાદિ યાદવકુમારોની હેરાનગતિથી જંગલમાં ઉગ્ર તપ તપી રહેલા શાંત તાપસઋષિ દ્વૈપાયન ક્રુદ્ધ બને છે. પરિણામે એ તાપસ ઋષિ મૃત્યુ–વેળાએ દ્વારિકાનો વિનાશ સ્વહસ્તે કરવાનું નિયાણું બાંધે છે. મરીને એ અગ્નિ-કુમાર નિકાયમાં દેવ થાય છે.

આ તરફ કૃષ્ણ મહારાજને આ બધી વાતની જાણ થતાં જ તેઓ શ્રી નેમિનાથ પ્રભુએ દર્શાવેલા ઉપાય પ્રમાણે સમગ્ર નગરમાં આયંબિલની તપશ્ચર્યા ચાલુ કરાવી દે છે, દ્વૈપાયનના કોપાગ્નિથી બચવા માટે.

અદ્ભુત છે આ તપનો પ્રભાવ. ૧૨–૧૨ વર્ષ સુધી અવિશ્રાન્તપણે એ તપ ચાલુ રહ્યું, ને ત્યાં સુધી પેલો દ્વૈપાયન–દેવ એ તપના પ્રભાવે મોં વકાસીને તકની રાહ જોતો બેસી રહ્યો.

પણ **"भावि चेन्न तदन्यथा"** અવશ્યંભાવી ભાવ અન્યથા ન જ થાય. ૧૨ વર્ષ સુધી એકધારી તપશ્ચર્યાથી કંટાળેલા નગરજનોએ પ્રમત્ત બનીને તપ છોડી દીધું. છોડયું કે પેલો તાપસ–દેવ ધસમસતા પૂરની જેમ આવી પહોંચ્યો, પોતાની ધારણા પાર પાડવા માટે સ્તો.

એણે દ્વારિકાના વિનાશની તૈયારી આદરી. એ જોઈને અધિષ્ઠાયક દેવે એક ભક્તને સ્વપ્નમાં કહ્યું : "શ્રી સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા સમુદ્રમાં પધરાવી દો."

પેલા ભક્તે અધિષ્ઠાયકના આદેશ અનુસાર પ્રતિમાને સમુદ્રમાં પધરાવી દીધી.

તે પછી કૃષ્ણ–બળરામ વિ. ગણ્યાંગાંઠી વ્યક્તિઓ સિવાય સમગ્ર નગરજનો સહિતની દ્વારિકાનગરી પેલા અગ્નિકુમારદેવે આગમાં હોમી દીધી. ગઈકાલની સુવર્ણવર્ણી દ્વારકા આજે ભસ્મશેષ બની રહી. રે ! ક્રૂરતાની ય કોઈ સીમા નહીં હોય ?

દ્વારકાનો વિનાશ થઈ ગયો, ને ત્યારપછી કૃષ્ણ–વાસુદેવ પણ મૃત્યુ પામ્યા. પણ કાળ તો વણથંભ્યો ને અણઅટકયો પોતાનું કામ કર્યે જ જતો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંતિપુરી નગરીનો ધનકુબેર સાર્થવાહ 'ધન' કિંમતી કરિયાણાથી ભરપૂર વહાણોના જંગી કાફલા સાથે વ્યાપાર–અર્થે સમુદ્રમાર્ગે મુસાફરી કરી રહ્યો છે. વહાણનો એ કાફલો મધ–દરિયે આવે છે ને એકાએક એ વહાણો એક ઠેકાણે સ્થિર–સ્થંભિત થઈ જાય છે.

નાવિકોએ ઘણા પ્રયાસો કર્યો, પણ વ્યર્થ.

સૌ ભય અને આશ્ચર્યની મિશ્ર લાગણી અનુભવવા લાગ્યા. સઘળી દિશાઓ સ્વચ્છ હતી. નહોતા કોઈ તોફાની વાયરાના વાવડ, કે નહોતું કળાતું કોઈ દરિયાઈ તોફાનનું એંધાણ. છતાં એકાએક વહાણ સ્થિર–અડોલ કેમ થઈ ગયા ! તેનું કારણ કોઈને સમજાતું નહોતું.

આખરે ધન સાર્થવાહને વિચાર આવ્યો કે–જરૂર સાગરદેવ આપણા પર કોપ્યા લાગે છે. એ વિના આવું બને નહીં. અનુભવી નાવિકો પણ એ જ મતના થયા. એટલે સાગરદેવને રીઝવવા માટે ધનસાર્થવાહ પોતાના પ્રાણનું બલિદાન આપવા ઉદ્યત થયો.

જેવો તે દરિયામાં ઝંપલાવવા જાય છે, ત્યાં જ આકાશમાંથી દેવવાણી સંભળાણી: હે ધનસાર્થવાહ ! તું ગભરાઈશ નહીં. તારે કે બીજા કોઈએ આ રીતે મરવાની જરૂર નથી. તારી ઉપર સાગરદેવ કોપ્યા નથી. તારાં વહાણ સ્થંભી જવાનું કારણ તને હું કહું છું. તું સાંભળ.

સૌ એક ચિત્તે સાંભળવા તત્પર બન્યા.

આકાશવાણી વદી રહેલા દેવે આષાઢી શ્રાવકથી માંડીને પ્રભુજીને સમુદ્રમાં પધરાવવામાં આવ્યા, ત્યાં સુધીની હકીકત કહીને ઉમેર્યું: "સાર્થવાહ ! તારા વહાણ ઉભાં છે તે જગ્યાએ, દરિયાના તળીયે શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાનની એક અલૌકિક પ્રતિમા બિરાજેલી છે. તેના પ્રભાવે જ તારાં વહાણ સ્થંભી ગયા છે. હવે તું એ પ્રતિમાજીને ત્યાંથી કાઢીને તારી નગરીમાં લઈ જા, અને તેની સેવા કર."

આવો આદેશ આપીને તે દેવ–વાણી શમી ગઈ. ધનસાર્થવાહે તરતજ એ પ્રતિમાજી સમુદ્રમાંથી કઢાવીને વહાણમાં પધરાવ્યા. પ્રભુ–દર્શન કરીને તે તથા અન્ય લોકો પોતાને ધન્ય માનવા લાગ્યા. પ્રભુ–પ્રતિમા વહાણમાં આવી, કે તરત જ સ્થિર બનેલાં વહાણો ચાલવા લાગ્યાં.

અનુક્રમે એ સાર્થવાહે કાંતિપુરીમાં મનોહર દેરાસર બંધાવી, તેમાં એ દિવ્ય–પ્રતિમા પધરાવી. અને જીવન પર્યંત તેણે એ પ્રભુની પૂજાભકિત કરી.

કાન્તિપુરીમાં એ પ્રતિમા બે હજાર વર્ષ સુધી રહ્યા. ત્યાર પછી––

જ્યારે ભરતક્ષેત્રમાં ચરમતીર્થંકર શ્રમણ ભગવાન્ શ્રી મહાવીર પરમાત્માનું શાસન પ્રવર્તી રહ્યું છે, ત્યારે વિક્રમની પ્રથમ શતાબ્દીમાં મહાન્ જૈનાચાર્ય શ્રી પાદલિપ્તસૂરિ મહારાજ થયા. તેમના શિષ્ય સમા યોગી નાગાર્જુને કોટીવેધ રસની સિદ્ધિ માટે એ પ્રતિમાનું ત્યાંથી હરણ કર્યું અને તેના સાન્નિધ્યમાં રસ–સ્તંભન કરીને તેણે એ પ્રતિમા શેઢી નદીના કિનારે ખાખરાના વૃક્ષ નીચે ભંડારી દીધા. અને એ જગ્યાએ સ્મૃતિ માટે સ્તંભનપુર નામનું ગામ વસાવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસ્તંભન પાર્શ્વનાથ ભગવાનની આ અલૌકિક પ્રતિમા અહીં પણ યક્ષોવડે પૂજાતી રહી.

વિક્રમની બારમી શતાબ્દી ચાલી રહી છે. મહાન્ જૈનાચાર્ય શ્રી અભયદેવસૂરિજી મહારાજે શાસનદેવીની પ્રેરણાથી નવ અંગોની ટીકા રચી. ત્યારબાદ પૂર્વકર્મના પ્રબલ ઉદયે સૂરિજીનું શરીર કોઢ રોગનો ભોગ બની ગયું.

ઈર્ષ્યાળુ લોકો બોલવા લાગ્યા કે– સૂરિજીએ ટીકાઓમાં ઉત્સૂત્ર–પ્રરૂપણા કરી તેનું આ ફળ છે. આથી સૂરિજી ખિન્ન થયા. રોગ કરતાં પણ આ લોકાપવાદ તેમને વધારે પીડા આપતો હતો. તેથી તેમણે અનશન કરવાની તૈયારી કરી. આ હકીકત જાણીને રાત્રે સ્વપ્નમાં શ્રી ધરણેન્દ્રે તેમને ઉપાય સૂચવ્યો કે–"શેઢી નદીના કિનારે સ્તંભનપુર ગામમાં અમુક વૃક્ષ–તળે શ્રીસ્તંભન પાર્શ્વનાથની ચમત્કારિક પ્રતિમા નાગાર્જુને સ્થાપી છે. તે તમે પ્રગટ કરો, તેના સ્નાત્ર જળથી તમારો રોગ જશે, ને તમારી કીર્તિ જગતમાં ફેલાશે."

સૂરિજીએ જાગૃત થઈને સવારે શ્રીસંઘને રાત્રિનો વૃત્તાન્ત જણાવ્યો. અને સંઘ સહિત તેઓ વિહાર કરીને સ્વપ્ન–દર્શિત સ્થાને પધાર્યા. અહીં જે ખાખરાના વૃક્ષ નીચે પ્રતિમા હતી, ત્યાં હંમેશાં એક શ્યામ ગાય પોતાના સર્વ આંચળથી દૂધ ઝરતી હતી. ત્યાં જઈને સૂરિજી એકધ્યાને "**जयतिहुअण**" ઈત્યાદિ બત્રીશ ગાથાઓવાળું સ્તવન નવું રચીને બોલ્યા. સ્તવન પૂરું થતાં જ એ તેજસ્વી જિન–બિંબ ભૂમિમાંથી પ્રગટ થયું. સૂરિજી અને સંઘના હર્ષનો પાર ન રહ્યો.

ચતુર–ભાવિક શ્રાવકોએ પ્રભુજીને ગંધોદક આદિ પદાર્થોથી અભિષેક કર્યા, અને એ અભિષેક–જળનો સૂરિજીના અંગ પર છંટકાવ કર્યો. તત્ક્ષણ સૂરિજીનો રોગ નાશ પામ્યો, ને તેમનું શરીર કનક સમાન વર્ણવાળું થયું.

ત્યાર પછી શ્રીસંઘે તે સ્થાને ભવ્ય જિનાલય બંધાવીને તેમાં સૂરિજીના હસ્તે એ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરી.

કેટલોક કાળ વીત્યા બાદ સં. ૧૩૬૮માં મૂર્તિભંજક બાદશાહ અલાઉદ્દીન ખીલજીએ જ્યારે ગુજરાત પર ચઢાઈ કરી, ત્યારે સમયના જાણ–શ્રાવકો આ ચમત્કારિક બિંબને રક્ષા, માટે સ્તંભતીર્થ ખંભાતમાં–લઈ આવ્યા. ત્યાં ખારવાડામાં દેરાસર બાંધીને તેમાં પ્રભુજીને પધરાવ્યા.

આ બનાવને પાંચ–પાંચ સૈકાઓ વીતી ગયા. પુરાણા ઇતિહાસ પર વિસ્મૃતિના પડ પથરાઈ ગયા હોવા છતાંય આ પ્રતિમા નીલમ–રત્નના છે, મહાપ્રભાવિક છે. અને એના પ્રભાવે જ આપણું ખંભાત શહેર સ્તંભતીર્થ તરીકે જગતમાં વિખ્યાત છે." આટલી હકીકત લોક–માનસમાં સચવાઈ રહી. અને એના પ્રતાપે લોકો અપૂર્વ ભાવભક્તિથી પ્રભુજીની પૂજા–સેવા કરવામાં તત્પર રહેતા, અને રહ્યા.

વિ. સં. ૧૯૫૨માં એક દિવસ ખંભાત પાસેના તારાપુર ગામના એક સોની અને એક કોળી, એમ બે માણસો, પ્રભુજીની પૂજા કરવાના નિમિત્તથી શ્રાવકવેશ પહેરીને બપોરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયે આવ્યા. જ્યારે દેરાસરમાં કોઈની ય અવર–જવર ન રહી, ત્યારે તેઓ સાતેક ઇંચની શ્રી સ્તંભન પાર્શ્વનાથની નીલમમય પ્રતિમા ચોરી ગયા.

સાંજે દર્શન કરવા માટે શ્રાવકો દેરાસરે આવ્યા ત્યારે મૂળનાયકની ગાદી ખાલી દેખીને તેમના દિલમાં વજ્રનો આઘાત શો લાગ્યો. વાત ફેલાતાં આખા સંઘમાં હાહાકાર થઈ ગયો. દેરાસરનો ખૂણેખૂણો તપાસવામાં આવ્યો. શહેરભરમાં શોધખોળ કરાવી, પણ પરિણામે શૂન્ય. શેઠ શ્રી અમરચંદભાઈએ આ વાત જાણતાં જ પ્રતિજ્ઞા કરી કે, "જ્યાં સુધી પ્રભુજી ન આવે, ત્યાં સુધી મારે ચારેય આહારનો ત્યાગ છે." શ્રી સંઘમાં પણ અનેક ઉપવાસ, આંબેલ આદિ તપશ્ચર્યાઓ થઈ. શોધખોળ ચોદિશ ચાલુ જ હતી. બે દિવસ સુધી તો કોઈ પગેરૂં જડયું નહિ. પણ—

"अत्युग्रपुण्य पापाना-मिहैव फलमाप्यते ।
त्रिभि वर्षैस्त्रिभिर्मासैस्त्रिभिः पक्षैस्त्रिभिर्दिनैः ॥

અત્યંત ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ તેજ ભવમાં ત્રણ વર્ષ–માસ–પક્ષ કે દિવસમાં મળે છે. અહીં પણ એમજ બન્યું. તારાપુરમાં પેલો સોની એકાએક અંધ બની ગયો. અને એટલું ઓછું હોય તેમ એ સોની અને કોળી વચ્ચે ભાગ પાડવામાં વિખવાદ પડવાથી મનદુઃખ થયું. એટલે કોળીએ કોઈકને આ વાત કહી દીધી.

ફરતી–ફરતી આ વાત શેઠપોપટભાઈના પુત્ર શ્રી પુરૂષોત્તમભાઈ તથા શા. પોપટલાલ મૂળચંદ અને નગીનદાસના કાને આવી. તેઓ કાર્યકુશળ હતા. પ્રતિમાનો ચોર તારાપુરમાં છે, એ જાણીને તરત જ તેઓ તારાપુર ઉપડી ગયા.

તારાપુરમાં તપાસ કરવાની તેમને ઘણી સુગમતા પડી. કારણકે શેઠ પોપટલાલ મૂળચંદના પુત્ર શ્રીવાડીલાલભાઈ ત્યાંના તલાટી હતા. તેમની મદદથી આખા ગામમાં તપાસ કરાવીને સોનીનો પત્તો મેળવ્યો તેને પકડવામાં આવ્યો. પ્રભુજી બાબત તેને પૂછયું, તો પહેલાં તો તે જાણે પોતે કાંઈ જાણતો જ નથી, એવો દેખાવ કરવા લાગ્યો. ધમકાવીને વારંવાર પૂછયું છતાં એ જ જવાબ મળવાથી છેવટે તેને ખંભાતના ફોજદારની બીક બતાવી. ખંભાતના ફોજદારથી તે વખતે ભલભલા ચોર–ગુનેગારો ફફડતાં, તો આ સોનીનું શું ગજું ? તેણે ડરના માર્યા ચોરી કબુલી લીધી. ને નારેશ્વર તળાવ પાસેથી પ્રતિમાજી કાઢીને તેમને સોંપ્યા. પ્રતિમાજી પાછાં મળવાથી પુરુષોત્તમભાઈ વિગેરે ખૂબ હર્ષિત બન્યા. ત્યાંથી ખંભાત લઈ ગયા. શ્રી સંઘે વાજતે–ગાજતે અપૂર્વ ઠાઠ–માઠથી પ્રભુનો નગર–પ્રવેશ કરાવ્યો. શેઠ અમરચંદ ભાઈને હૈયે હરખ માતો નહોતો. તેમને તો નવો અવતાર મળ્યો જાણે !

મુહૂર્ત બરોબર ન હોવાથી પ્રભુજીને શ્રી સીમંધર સ્વામીજીના દેરાસરમાં પરોણા–દાખલ પધરાવ્યા.

પ્રભુજીની સ્તંભનાજીના દેરાસરમાં પુનઃપ્રતિષ્ઠા કરવા માટે શ્રી સંઘે વિનંતિ કરતાં–વિ. સં. ૧૯૫૬ની સાલમાં આપણા પૂજ્યશ્રીએ ૧૮ અભિષેક આદિ વિશુદ્ધ વિધિ વિધાનપૂર્વક પુનઃપ્રતિષ્ઠા કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સ્તંભતીર્થ જેવાં તીર્થમાં તીર્થપતિ શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા–એ આપણા મહાન્ ચરિત્રનાયકશ્રીના વરદહસ્તે થયેલી પ્રથમ પ્રતિષ્ઠા છે.

મહાન્ પ્રભુ ! મહાન તીર્થ ! અને મહાન્ ગુરુ ! એ ત્રણે મહાન્ જ્યાં એકત્ર થયા હોય, ત્યાં કાર્ય પણ મહાન્ જ થાય ને !!!

---

# [૧૯]

## પ્રવચન–પ્રભાવનાના પ્રેરક પ્રસંગો

વિ. સં. ૧૯૫૫નું ચાતુર્માસ ખંભાતમાં પૂર્ણ કરી, શ્રી સ્તંભન પાર્શ્વનાથપ્રભુની પ્રતિષ્ઠા કરીને પૂજ્યશ્રીએ પેટલાદ તરફ વિહાર કર્યો. સાયમા, તારાપુર, નાર થઈને તેઓશ્રી- પેટલાદ પધાર્યા. ખંભાતમાં સ્થાપેલી ‘જંગમ પાઠશાળા’ સાથે જ હતી. લગભગ ૪૦ જેટલાં વિદ્યાર્થીઓ એમાં ભણતા હતા. પેટલાદમાં શેઠ પોપટભાઈની તમાકુની પેઢી હતી. તેથી ત્યાં તેમનું રસોડું ચાલતું, ને તેમાં આ બધા વિદ્યાર્થીઓ જમતા.

૧૯૫૬ના આ વર્ષમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. આ ભીનો દુષ્કાળ ‘છપ્પનીયા કાળ’ના નામે ઓળખાયો. લોકો પોતાના ઢોરોને પાણીના મૂલ્યે કસાઈઓને વેચી દેતા. અને જે થોડા ઘણા પૈસા મળે, તેમાંથી મહા મુશ્કેલીએ થોડુંક અનાજ મેળવીને પેટ ભરતાં.

પૂજ્ય મહારાજશ્રી પેટલાદમાં રતનપોળ–ચામડિયા શેરીમાં આવેલા ઉપાશ્રયમાં ઉતર્યા હતા. એ મકાનનો ઉપરનો ભાગ ઉપાશ્રય હતો, અને નીચેનો ભાગ ધર્મશાળા તરીકે વપરાતો. એટલે પૂજ્યશ્રી ઉપર ઉતરેલા. નીચેના ધર્મશાળા–વિભાગમાં વિદ્યાર્થીઓ રહ્યા.

પૂજ્યશ્રી–ઉપાશ્રયમાં જાહેર–માર્ગ તરફના ગોખ પાસે બેસતાં. એ ગોખ વાટે એકવાર તેઓશ્રીએ એક માણસને કેટલીક ભેંસો લઈ જતો જોયો. ભેંસોની ચાલ, તથા તેને દોરનાર માણસની આકૃતિ પરથી જ તેઓશ્રી સમજી ગયા કે–આ ભેંસો કસાઈખાને જઈ રહી છે. તરતજ તેઓશ્રીએ નીચેથી વિદ્યાર્થીઓને બોલાવીને તપાસ કરવા મોકલ્યા.

નાર ગામના શ્રી નારાયણદાસ, તથા શ્રી શિવલાલભાઈ નામક પાટીદાર જૈન વિદ્યાર્થીઓ આ હકીકત જાણતા હોવાથી તેમણે પૂજ્યશ્રીને કહ્યું કે–આપશ્રીની કલ્પના સત્ય છે. આ પશુઓ કસાઈખાને જ લઈ જવાય છે.

પૂજ્યશ્રી તો દયાના સાગર હતા, અહિંસાના ઉપાસક હતા. તેમનાથી આ કેમ જોયું જાય ? તેઓશ્રીનું દિલ દ્રવી ઉઠ્યું. તેઓએ વિચાર્યું કે કોઈપણ ઉપાયે આ પશુઓને બચાવવા જ જોઈએ.

તેઓશ્રીએ તત્કાલ બુદ્ધિ વાપરીને વિદ્યાર્થીઓને પશુઓના જીવ બચાવવા માટે યુક્તિ બતાવી. તદનુસાર દસ–પંદર વિદ્યાર્થીઓ ટોળાબંધ પેલાં કસાઈ પાસે જઈ પહોંચ્યા; અને ભેંસોને તેના બંધનમાંથી છોડાવી લીધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કસાઈએ ઘણાં પ્રયત્ન કર્યા, પણ તેને સહકાર કોણ આપે ? આખરે તેણે કોર્ટ (coart)નો આશ્રય લીધો. પણ કસાઈનું કાર્ય પાપમય હોવાથી, તેમજ ન્યાયાધીશ પણ હિન્દુ અને ધાર્મિક હોવાથી, તેમાં તેને સફળતા ન મળી.

આમ આપણા-દયાના દરિયા સમા-પૂજ્યશ્રીની તીવ્ર બુદ્ધિ-શક્તિને પરિણામે અનેક પશુઓને જીવનનું દાન મળી ગયું.

મહાપુરૂષોના પરિચયની વાત તો દૂર રહી, પણ માત્ર તેમની દૃષ્ટિ પડી કે બેડો પાર થઈ જાય ! અહીં પણ એવું જ બન્યું. પૂજ્યશ્રીની દૃષ્ટિ પડી ને પશુઓને જીવન-દાન મળ્યું.

પેટલાદ એ ગાયકવાડ સરકારનું સંસ્થાન હોવાથી ત્યાં વારંવાર સૂબા, મામલતદાર વગેરે અમલદારોનું આગમન થતું. તેઓ પેટલાદના સ્થાનિક ન્યાયાધીશ આદિ અધિકારીઓની સાથે પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવતા, અને પૂજ્યશ્રીનો અહિંસામય ઉપદેશ સાંભળીને અતિ પ્રસન્ન થતા. ન્યાયાધીશના હૃદયમાં પણ એ ઉપદેશને પ્રભાવે અહિંસા-ધર્મ વસ્યો હતો. અને તેથી જ પેલો કસાઈ કેસ (case)માં ફાવ્યો નહોતો.

ઉપર્યુક્ત બનાવ પછી પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં જીવદયા-અબોલ પશુઓને બચાવવા, કસાઈખાનેથી છોડાવવા, તેમજ તેમનું વ્યવસ્થિત પોષણ કરવું,-આ માટે ખૂબ ભાર મૂકયો. પેટલાદની પાંજરાપોળમાં પૈસાના અભાવે પશુઓને સાચવવાના યોગ્ય સાધનો નહોતા. પણ પૂજ્યશ્રીના ઉપદેશથી ત્યાંના વ્યાપારી મંડળે મહાજન તથા રાજ્યની પરવાનગી મેળવીને વ્યાપાર ઉપર અમુક લાગો (Tax) નાખ્યો. આ લાગાની આવકમાંથી પાંજરાપોળનો નિર્વાહ વ્યવસ્થિત અને સારી રીતે ચાલવા લાગ્યો.

પેટલાદમાં થોડા દિવસ સ્થિરતા કર્યા બાદ પૂજ્યશ્રી કાસોર પધાર્યા. અહીં વીસેક દિવસ સ્થિરતા કરી.

પૂજ્યશ્રી નૈષ્ઠિક બ્રહ્મચર્યના ધામ હતા. બાલ્યકાળથી જ સમ્યક્ચારિત્રના પ્રાણ સમાન, જીવન-ઈમારતના પાયા સમાન આ શુદ્ધ બ્રહ્મચર્ય-ગુણ તેઓશ્રીમાં હતો. અને એ જ કારણે નાનપણથી જ તેઓશ્રી સત્ત્વગુણના અધિષ્ઠાન અને દિવ્ય તેજના સ્વામી બન્યા હતા. એ સાત્ત્વિક બ્રહ્મચર્યના પ્રભાવે તેઓશ્રીનું વચન-સિદ્ધવચન ગણાતું. તેઓશ્રીની નિશ્રા-છત્રછાયા સકલ અમંગલનો ઉચ્છેદ કરનારી લેખાતી.

અહીં-કાસોરમાં તેઓશ્રીના બાલ-બ્રહ્મચર્યના મહિમાની મહેક ફેલાવતો એક પ્રસંગ બની ગયો.

બન્યું એવું કે-કાસોરમાં ખંભાતના એક શ્રાવકનું ઘર હતું. તેના એક છોકરાને વારંવાર લોહીની ઉલટી થઈ જતી. થુંકમાં પણ લોહી પડતું.

ઘણી ઘણી દવાઓ કરી, પણ રોગ ન મટયો. એ પરિસ્થિતિમાં અંશ માત્ર પણ ફેરફાર ન થયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દહાડો એ છોકરો પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવીને બેઠો. તો દોઢ કલાક સુધી એને સંપૂર્ણ રાહત રહી, એટલે વ્યાખ્યાન પતી ગયા પછી પણ તે ત્યાં ચાર-પાંચ કલાક સુધી બેસી રહ્યો. આટલા સમય દરમ્યાન તેને થુંકમાં પણ લોહી ન આવ્યું. આ જોઈને તેને તથા તેના કુટુંબીજનોને ભારે આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે–મહારાજશ્રીનો જ આ પ્રભાવ છે.

ગોચરીનો સમય થવાથી પૂજ્યશ્રીએ તેને બહાર જવા કહ્યું. જેવો એ ઉપાશ્રયમાંથી બહાર નીકળ્યો, કે થુંકમાં લોહી આવવા માંડયું. આથી તેના કુંટુબીજનોને નિઃસંદેહ નિર્ણય થઈ ગયો કે–જરૂર મહારાજ સાહેબના પ્રભાવે જ આટલો સમય સારૂં રહ્યું.

તેઓ બધાં તો થોડીવાર પછી પૂજ્યશ્રી પાસે આવ્યા. બધી હકીકત જણાવી વિનંતિ કરી કે : સાહેબ! આપ કાંઈ ઉપાય બતાવો.

પૂજ્યશ્રીએ ફરમાવ્યું : "હું કાંઈ મંત્ર–તંત્ર કે દવા–ઔષધ જાણુતો નથી." પછી પેલા છોકરાને કહ્યું : "જા ! તું હંમેશાં નવકાર મંત્ર ગણજે. અને ખોટો વહેમ રાખીશ નહિ."

પૂજ્યશ્રીના જીવન–ઔષધ સમા આ વચનને છોકરાએ તથા તેના કુટુંબીજનોએ અંતરથી સ્વીકાર્યું. આ પછી એ છોકરાએ નવકાર–મંત્રનું સ્મરણ ચાલુ કર્યું કે ચમત્કાર સર્જાયો. તે જ દિવસથી તેનો રોગ ગાયબ. સૌ અજાયબીમાં પડી ગયા. તેમને લાગ્યું કે : ખરેખર ! પૂજ્યશ્રીના વચનનો આ પ્રતાપ છે.

પૂજ્યશ્રીની નૈષ્ઠિક–બ્રહ્મચર્યમૂલક વચનસિદ્ધિનો આ અદ્‌ભુત અને પ્રેરક પ્રસંગ છે.

કાસોરથી વિહાર કરી પૂજ્યશ્રી દેવા–ખાંધલી થઈને શ્રીમાતરતીર્થ પધાર્યા. અહીં સાચાદેવ શ્રી સુમતિનાથ પ્રભુની યાત્રા કરી, અને થોડા દિવસ સ્થિરતા કરી. અહીં તેઓશ્રીના વ્યાખ્યાનમાં અહીંના મામલતદાર શ્રી હરિભાઈ આદિ હંમેશાં આવતા. પૂજ્યશ્રી પ્રત્યે તેમને ખૂબ ભકિતભાવ હતો.

ત્યાંથી તેઓશ્રી ખેડા પધાર્યા. અહીં માસકલ્પ કર્યો. ખેડા એ જિલ્લાનું મુખ્ય શહેર હોવાથી ત્યાં શિક્ષિત (Educated) વર્ગ સારા પ્રમાણમાં વસતો. જિલ્લા કલેકટર (Callector)નું રહેઠાણ પણ અહીં હતું. તેઓ પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં હંમેશાં આવતા. અધિકારી–વર્ગ–માં પૂજ્યશ્રીની પ્રખ્યાતિ સ્વયમેવ એટલી ફેલાયેલી હતી કે તેઓશ્રી જ્યાં જાય, ત્યાંના અધિકારીઓ તેમનું વ્યાખ્યાન સાંભળવા, તેમના દર્શન કરવા હાજર જ હોય. પ્રથમ પરિચયે, પ્રથમ વ્યાખ્યાન સાંભળીને જ તેઓ પૂજ્યશ્રીના ભકત બની જતા. અહીં કલેકટરને માટે પણ એમ જ બન્યું. પૂજ્યશ્રીનું દલીલ–યુકિત અને પ્રમાણોથી ભરપૂર વ્યાખ્યાન સાંભ-ળીને તેઓ પ્રભાવિત થઈ ગયા. પછી તો તેઓ હંમેશાં વ્યાખ્યાન–શ્રવણ માટે આવવા લાગ્યા.

ખેડાના શ્રીસંઘમાં બે પક્ષ (તડા) હતા. એક સંવેગી પક્ષ. બીજો યતિપક્ષ. સંવેગી પક્ષ સંવેગી સાધુઓને જ માને. જ્યારે યતિપક્ષ શ્રી પૂજ્યોને જ ગુરુ માને. બન્ને પક્ષો વચ્ચે એવી મડાગાંઠ પડી ગયેલી કે એક પક્ષના શ્રાવકો અન્ય પક્ષના ઉપાશ્રયે વ્યાખ્યાન–શ્રવણ માટેય જતા નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આપણા ચરિત્રનાયકશ્રીનો પ્રભાવ કહો કે તેમના વ્યાખ્યાનનો જાદુ ગણો, તેઓશ્રીના વ્યાખ્યાનમાં બન્ને પક્ષના શ્રાવકો શ્રદ્ધાપૂર્વક આવતા.

પેટલાદની જેમ ખેડામાં પણ પૂજ્યશ્રીએ જીવ–દયાનો ઉપદેશ આપીને 'પાંજરાપોળ'ના નિર્વાહની સુન્દર વ્યવસ્થા કરાવી આપી.

ખેડામાં માસ–કલ્પ કરીને તેઓશ્રી બારેજા થઈને મહીજ પધાર્યા. અહીંયા અમદાવાદના આગેવાન શ્રેષ્ઠિવર્યો તેઓશ્રીને અમદાવાદ પધારવા માટે વિનંતિ કરવા આવ્યા. નગરશેઠ મણીભાઈ તે વખતે સ્વર્ગવાસ પામ્યા હતા. અને તેમના સ્થાને નગરશેઠ તરીકે શેઠ ચીમનલાલ લાલભાઈ હતા.

એમની વિનંતિ સ્વીકારીને પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા. શરૂઆતમાં કેટલોક સમય બહારની વાડીમાં બિરાજ્યા. ત્યાં નિયમિત વ્યાખ્યાન ચાલતું. શહેરમાંથી ઘણાં શ્રાવકો સાંભળવા માટે આવતા. પાંજરાપોળ–ઉપાશ્રયે સ્થાપેલી પાઠશાળા પણ અહીં લાવવામાં આવી હતી.

ત્યાંથી પાંજરાપોળના ઉપાશ્રયે પધાર્યા. અને ૧૯૫૬નું એ ચાતુર્માસ ત્યાં જ કર્યું.

આ ચાતુર્માસ દરમિયાન તેઓશ્રીએ ઉપદેશ દ્વારા બે સ્થાયી કાર્યો કરાવ્યા.

(૧) અમદાવાદમાં અબોલ પશુઓની પાંજરાપોળના નિર્વાહ માટે લગભગ બે લાખ રૂપિયાનું ફંડ (fund) કરાવ્યું.

(૨) જૈનધર્મનું મહાન્ તત્ત્વજ્ઞાન ભણવાનો–જાણવાનો લાભ શ્રાવકોને પણ મળે, એ હેતુથી પૂજ્યશ્રીએ "જૈન તત્ત્વવિવેચક સભા"ની સ્થાપના કરી. તેના મુખ્ય–મુખ્ય સભાસદો–

—નગરશેઠ ચીમનલાલ લાલભાઈ, નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈ, છોટાલાલ લલ્લુભાઈ ઝવેરી, ભોગીલાલ મંગળદાસ, તારાચંદ લસણવાળા, શેઠ જેસીંગભાઈ હઠીસિંગ, શેઠ પ્રતાપસીંહ મોહોલાલભાઈ, શેઠ વાડીલાલ સારાભાઇ (વી. એસ. હોસ્પીટલવાળા), શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ, શેઠ દલપતભાઈ મગનભાઈ, શેઠ પુરૂષોત્તમદાસ મગનભાઇ, શેઠ જેસીંગભાઈ કાળીદાસ શેરદલાલ, શેઠ લાલભાઈ ભોગીલાલ, શેઠ ચંદુલાલ જેસીંગભાઈ, શેઠ જગાભાઇ ભોગીલાલ, શેઠ અમુભાઈ રતનચંદ વગેરે હતા.

આ બધાં શ્રેષ્ઠિવર્યો પૂજ્યશ્રીના પરમ–ભકત હતા અને આજીવન રહ્યા હતા. પૂજ્યશ્રીના ઉપદેશથી તત્ત્વવિવેચક સભાના માધ્યમે તેઓ અનેકવિધ ધર્મ–પુણ્ય કાર્યો કરતા હતા.

—*—

# [૨૦]

## યોગોદ્વહન

અમદાવાદના આ ચાતુર્માસમાં એકવાર ફતાસાની પોળના રહીશ શ્રીમનસુખમામા નામના એક શ્રાવક એક છોકરાને લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા. એ છોકરો તેમને ત્યાં રહેતો હતો. એની તેજસ્વિતા અને ભવ્યતા જોઈને તેમને વિચાર આવ્યો કે જો આ છોકરો જેસીંગભાઈ જેવા શેઠને ત્યાં હોય તો તેનો સારો વિકાસ થઇ શકે. આથી તેઓ તેને જેસીંગભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠના ઘેર મૂકવા માટે લઇ જતા હતા. શેઠનું ઘર જેસીંગભાઇની વાડીમાં હતું. તેમાં જવાનો માર્ગ પાંજરાપોળ થઇને નીકળતો હતો. એટલે તેઓ પૂજ્યશ્રીને વંદન કરવા માટે આવ્યા. તેમની સાથે છોકરો જોઇને પૂજ્યશ્રીએ પૂછયું : આ છોકરો કોણ છે ?

તેમણે કહ્યું : સાહેબ ! આ છોકરો પાટણનો છે. ગરીબ અને અનાથ છે. પણ તેનું ભાગ્ય સારૂં જણાય છે. માટે તેને શેઠ જેસીંગભાઈને ત્યાં મૂકવા જાઉં છું.

હજી આટલી વાત થઇ ત્યાં જ પેલો છોકરો બોલી ઊઠયો : "મને અહીં જ રહેવા દો ને, અહીં રહેવાનું મને ઘણું મન થાય છે."

મહાપુરુષની સંગતિના–દર્શનના પ્રભાવનું આ જવલંત ઉદાહરણ છે. એ બાળકે પૂજ્યશ્રીને આ પૂર્વે કદીપણ જોયેલા નહિ, ઉપાશ્રયે કયારે ય આવેલો નહિ, અને છતાંય તે કહે કે-મારે અહીં રહેવું છે, ત્યારે એને પૂજ્યશ્રીના દર્શનનો પ્રભાવ જ ગણાય ને !

ખંભાતની 'જંગમ પાઠશાળા'ના વિદ્યાર્થીઓ ત્યાં જ હતા. તેમાંના શ્રીદલસુખભાઈ કસ્તૂરચંદે એ બાળકનું અહીં (ઉપાશ્રયે) રહેવાનું મન જાણીને કહ્યું : ભલેને આ છોકરો અહીં રહેતો. થોડું ઘણું ભણશે, ને અમારા કાર્યમાં ઉપયોગી પણ થશે.

આ સાંભળીને મનસુખ–મામા તે છોકરાને ત્યાં ઉપાશ્રયે જ મૂકી ગયા. એ છોકરો પણ રાજીથી ત્યાં રહીને બધાનું કામ હોંશપૂર્વક કરી આપવા લાગ્યો. વિદ્યાર્થીઓ માટે ચાલતાં રસોડામાં તે જમતો. એ ખૂબ અબૂઝ અને ભોળો હતો. ઘણીવાર વિચિત્ર અને સૌને રમૂજ પડે તેવા પ્રશ્નો તે પૂછતો : આ સૂરજ દિવસે જ કેમ ઊગે છે ? સાંજે પાછો ભાગી કેમ જાય છે ? આ ચંદ્ર રાત્રે જ કેમ ઊગે છે ? દિવસે કેમ નથી દેખાતો ? ઈત્યાદિ. તેને અક્ષરજ્ઞાન જરાપણ નહોતું. શ્રી દલસુખભાઈ તેને નિવૃત્તિના સમયમાં બારાખડી વિ. શીખડાવતા.

એકવાર દલસુખભાઈને એની પરીક્ષા કરવાનું મન થયું. તેમણે પોતાની પથારી–તળે થોડા પૈસા મૂકી રાખ્યા. અને સાવ અજાણ હોય તેમ અન્ય કાર્યાર્થે ચાલ્યા ગયા. પેલા છોકરાએ જેવી તેમની પથારી ઉપાડી કે નીચેથી પૈસા નીકળ્યા. તરત જ તે દોડતો દલસુ-ખભાઈ પાસે ગયો. અને તેમના હાથમાં પૈસા આપતાં કહ્યું કે : આપની પથારી નીચે આ પૈસા પડી રહ્યા હતા. આ જોઈને દલસુખભાઈ વગેરેને તેની નિખાલસતા અને પ્રામાણિકતા માટે ખૂબ સદ્ભાવ થયો.

ચોમાસુ પૂરૂં થયું. એક દિવસ પેલો છોકરો પૂજ્યશ્રીને કહે : મને દીક્ષા આપો.

પૂજ્યશ્રીએ સસ્મિત જવાબ આપ્યો : ભાઈ ! તું હજી બાળક છે. દીક્ષા લેવી એ સહેલો વાત નથી.

કેવી એ અજાણ બાળકની ભાવના ? દીક્ષા એટલે શું ? — તેની એને ખબર નથી. દીક્ષા લેવાથી શું ફાયદો થાય ? તેની એને સમજણ નથી. છતાંય એ કહેતો હતો કે-"મને દીક્ષા આપો." પૂર્વના કોઇ યોગભ્રષ્ટ આત્માના સંસ્કાર જ એની પાસે એ વચનો બોલાવી રહ્યાં હશેને !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૯૫૭માં સેદરડા ગામના રહીશ ત્રિભોવનદાસ નામે એક શ્રાવક પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવા માટે આવ્યા. તેમને દમને વ્યાધિ હતો. આ કારણથી પૂજ્યશ્રીએ તેમને કહ્યું : "તમારે તમારી શારીરિક અનુકૂળતાનો વિચાર કરવો જોઇએ. સંયમમાં આચાર-વિચારની અનેક પ્રકારની વિકટતા હોય છે. રોગને લીધે એ આરાધનામાં વિક્ષેપ ન થાય એ વિચારીને તમારે દીક્ષાની વાત કરવી ઉચિત છે."

ત્રિભોવનદાસ કહે : કૃપાળુ ! હું દરેક પ્રકારનો વિચાર કરીને જ આપની પાસે આવ્યો છું. અને હવે એ જ ભાવના છે કે સાધુપણામાં જ મારૂં શેષ જીવન વ્યતીત થાય.

આમ તેમનો પૂર્ણ વૈરાગ્ય જોઇને પૂજ્યશ્રીએ તેમને દીક્ષા માટે સંમતિ આપી.

આ વાત જાણીને પેલા છોકરાની ભાવના પ્રબળ બની. દીક્ષા માટેની ભાવના તો તેને પહેલેથી જ થયેલી. હવે તે સવિશેષ દઢ બની. તેણે પૂજ્યશ્રીને કહ્યું : "પહેલાં હું આપની પાસે આવ્યો છું, માટે મારી દીક્ષા જ પહેલી થવી જોઇએ."

પૂજ્યશ્રીએ તેને ઘણો સમજાવ્યો. પણ તે એકનો બે ન જ થયો. તેણે તો જાણે દીક્ષા લેવાની હઠ પકડી.

પૂજ્યશ્રીએ તો તે આવ્યો તે દિવસથી જ પોતાના જ્ઞાન-ચક્ષુ વડે તેનામાં રહેલા જ્ઞાન-તેજને પારખી લીધેલું. તેથી તેની ઘણી વિનંતિ થવાથી તેઓશ્રીએ તેને પણ દીક્ષા લેવાની સંમતિ આપી.

આ એ વખતની વાત છે, જ્યારે દીક્ષા પ્રત્યે હજી જનતાની રૂચિ સંપૂર્ણપણે નહોતી જાગી. તેમાં પણ આવા નાના બાળકની દીક્ષાથી તો લોકો ભડકતા હતા. એટલે તે બંનેને દીક્ષા આપવા માટે પૂજ્યશ્રીએ મુનિવર શ્રી આનન્દસાગરજી મ. ( પૂ. સાગરજી મ. ) તથા મુનિશ્રી સુમતિવિજયજી મ. ને કાસીંદ્રા ગામે મોકલ્યા. ત્યાં બન્નેને દીક્ષા આપવામાં આવી.

શ્રી ત્રિભોવનદાસનું નામ મુનિશ્રી ઋદ્ધિવિજયજી રાખીને, તેમને શ્રી સુમતિવિજયજી મ. ના શિષ્ય કર્યા. અને પેલા બાળકનું નામ મુનિશ્રી યશોવિજયજી રાખીને તેમને પૂ. મહારાજશ્રીના શિષ્ય કરવામાં આવ્યા. દીક્ષા સમયે તેની ઉંમર ૯ વર્ષની હતી.

દીક્ષા આપ્યા પછી બન્ને નૂતન-દીક્ષિતોની સાથે પૂ. મુનિશ્રી સુમતિવિજયજી મ. થોડો વખત અન્યત્ર વિચરીને ચાતુર્માસ પૂર્વે અમદાવાદ પૂ. ગુરૂભગવંતશ્રીની નિશ્રામાં આવી ગયા.

આ વર્ષે શેઠશ્રી મનસુખભાઈ તરફથી પૂજ્યશ્રીની પુનિત નિશ્રામાં વાઘણપોળના શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રભુના, તથા ઝવેરીવાડના શ્રીસંભવનાથ પ્રભુના ( સંભવનાથની ખડકીવાળા ) એમ બે દેરાસરોનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

પ્રતિષ્ઠાનું મુહૂર્ત અમદાવાદના પ્રખ્યાત જોષી 'ખ્હેરાજોષી' ને પૂછવામાં આવતા તેમણે શુક્રાસ્તનો દોષ હોવાથી આ વર્ષે મુહૂર્ત સારૂં નહિ આવે એમ કહ્યું.

ત્યાર બાદ 'નાથા જોષી' નામના બીજા વિદ્વાનને પૂછતાં તેમણે પૂ. મહારાજસાહેબ પાસે આવી, ચર્ચા વિચારણા કરીને તે જ વર્ષમાં સર્વદોષરહિત અને ઉત્તમ મુહૂર્ત કાઢી આપ્યું. એ મુહૂર્ત પ્રમાણે પ્રતિષ્ઠા કરવાનું નક્કી કરવામાં આવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેલા મ્હેરા જોષીને આ વાતની ખબર પડતાં તેમણે પ્રચાર કર્યો કે – જો આ મુહૂર્તે પ્રતિષ્ઠા થશે – તો મનસુખભાઈ શેઠ પાયમાલ થઈ જશે. વિ. વિ.

પણ આપણા ચરિત્રનાયકશ્રી તથા શેઠ મનસુખભાઈ કાર્ય કરવામાં માનતા હતા, બોલવામાં નહિ. તેમણે આ જુઠ્ઠા પ્રચારની પરવા કર્યા વગર મુકરર કરેલા દિવસે અને મુહૂર્તે ભારે ઉલ્લાસ અને ઉમંગથી મહોત્સવ ઉજવવાપૂર્વક પ્રતિષ્ઠા કરી.

અને "જુઠની આવરદા બહુ તો સાડાત્રણ દહાડા." પેલા જોષીનો પ્રચાર પોગળ જ નીકળ્યો. અને આ પ્રતિષ્ઠા પછી તો મનસુખભાઈ શેઠની જાહોજલાલી તેમજ ઉન્નતિ ઉદીયમાન ચંદ્રની જેમ સોળે કળાએ વધી. આમ થવાથી પ્રતિષ્ઠા-મુહૂર્ત આપનાર શ્રીનાથા જોષી પર શેઠનો વિશ્વાસ અને આદર વધી ગયો. અને તેમને દરેક રીતે શેઠે સુખી કરી દીધા.

આ અરસામાં ભાવનગરના આગેવાન શ્રેષ્ઠિવર્ય શ્રી ગિરધરલાલ આણંદજી પૂજ્યશ્રીને યોગોદ્વહન માટે વિનંતિ કરવા આવ્યા. પૂજ્યશ્રીના વડીલ ગુરૂબંધુ પૂજ્ય પં. શ્રીગંભીરવિજયજી મહારાજે તેમને મોકલ્યા હતા. તેમણે વિનંતિ કરી: "સાહેબ ! પૂજ્ય પંન્યાસજી મહારાજે આપને ભાવનગર પધારવાનું કહેવરાવ્યું છે. સાથે કહ્યું છે કે: મારી અવસ્થા હવે પુખ્ત થવા આવી છે. અને તમને (પૂજ્યશ્રીને) યોગોદ્વહન કરાવવાના છે. માટે સાહેબ ! આપ વિહાર કરી ભાવનગર પધારો."

જો કે આ પૂર્વે શેઠ મનસુખભાઈ તથા ઝવેરી છોટાભાઈએ પૂજ્યશ્રીને ઘણી વખત વિનંતિ કરી હતી. કે- આપશ્રી પૂ. પં. શ્રીદયાવિમળજી મ. પાસે યોગોદ્વહન કરો. પણ પૂજ્યશ્રીએ એ માટે ના કહી હતી. તેવી જ રીતે શ્રી ગિરધરભાઈને પણ તેઓશ્રીએ કહ્યું: ગિરધરભાઈ ! પૂજ્ય પંન્યાસજી મ. ની દરેક ઈચ્છા–આજ્ઞા મારે બહુમાન્ય જ હોય, વળી મારી પણ યોગ વહેવાની પૂર્ણ ભાવના છે. પણ શારીરિક કારણે હું તે તરફ આવી શકું તેમ નથી.

ગિરધરભાઈ કહે : પણ સાહેબ ! પૂજ્ય પંન્યાસજી મહારાજે આપશ્રીને કહેવરાવ્યું છે કે "આપણા પૂજ્ય ગુરૂદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મ. મને આજ્ઞા ફરમાવી ગયા છે કે-નેમવિજયજીએ યોગ વહેવા, ને તારે વહેવરાવવા. આ ગુર્વાજ્ઞા તો મારે તેમજ તમારે શિરસાવન્દ્ય છે, માટે તમે આ તરફ આવો, જેથી એ આજ્ઞાનું પાલન આપણે બન્ને કરી શકીએ."

આના જવાબમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે: "ભાઈ ! પૂજ્ય પંન્યાસજી મ. ની વાત યુક્ત જ છે. પૂજ્ય ગુરૂદેવની આજ્ઞા અમારે બન્નેએ પાળવી જ જોઈએ. પણ શારીરિક અસ્વસ્થતાને કારણે હું હાલ ત્યાં આવી શકું તેમ નથી. મને એક વિચાર આવે છે કે- પૂ. પંન્યાસજી મ. આ તરફ પધાર્યા નથી. તેઓશ્રી જો અહીં પધારે તો અતિ–ઉત્તમ થાય. માટે તમે મારાવતી તેઓશ્રીને વિજ્ઞપ્તિ કરજો, કે આપ અમદાવાદ પધારો, તો ઘણી શાસનશોભા થશે."

પૂજ્યશ્રીનો જવાબ લઈને ગિરધરભાઈ ભાવનગર ગયા. ત્યાર પછી તરત જ પૂજ્યશ્રીએ પ્રેરણા કરીને શેઠ મનસુખભાઈ, ઝવેરી છોટાભાઈ વિ. અમદાવાદના લબ્ધપ્રતિષ્ઠ શ્રેષ્ઠિવરોને ભાવનગરપૂ. પંન્યાસજી મ. ને વિનંતિ કરવા મોકલ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય પંન્યાસજી મ. ની વિદ્વત્તા અને ગીતાર્થતા તે સમયે સુવિખ્યાત હતી. અને તેથી તેઓશ્રી અમદાવાદ તરફ બહુ ન વિચરેલા હોવા છતાંય તેમના પ્રત્યે લોકોને અખૂટ સદ્ભાવ હતો.

અમદાવાદના શ્રીસંઘની આગ્રહભરી વિનંતિ થવાથી તેઓશ્રીએ તે સ્વીકારી, અને અમદાવાદ તરફ વિહાર કર્યો. અનુક્રમે તેઓશ્રી સરખેજ પધારતાં આપણા ચરિત્રનાયકશ્રી આદિ મુનિવર્યો ત્યાં લેવા માટે ગયા.

પૂ. પંન્યાસજી મ. નો પ્રવેશ–મહોત્સવ અમદાવાદના શ્રીસંઘે ઘણા આડંબરથી હાથીના સામૈયા સાથે કર્યો. પૂ. શ્રી બુટેરાયજી મ., પૂ. શ્રીમૂળચંદજી મ., આદિ પૂજ્ય ગુરૂષો ઉજમ ફેઈની ધર્મશાળાએ ઉતરતા હોવાથી પૂ. પંન્યાસજી મહારાજે પણ પ્રથમ મંગલાચરણ ત્યાં કર્યું અને ત્યાંથી પાંજરાપોળ–ઉપાશ્રયે પધાર્યા. અને સં. ૧૯૫૭નું ચાતુર્માસ બધાંએ સાથે ત્યાં જ કર્યું. પૂજ્યશ્રીએ પૂજ્ય પંન્યાસજી મ. ની નિશ્રામાં 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' આદિ સૂત્રોના યોગોદ્વહનનો પ્રારંભ કર્યો.

આ ચોમાસામાં પાંજરાપોળની પાઠશાળાનું કામ મંદ પડી ગયું. તેથી પૂજ્યશ્રીએ વિચાર્યું કે–બાળકોને ધાર્મિક સાથે વ્યાવહારિક શિક્ષણ અપાય, તો જ પાઠશાળા ચાલશે. તેઓશ્રીએ મનસુખભાઈ શેઠને એ માટે પ્રેરણા કરી. એના ફલસ્વરૂપે શેઠ તરફથી ધાર્મિક સાથે વ્યાવહારિક શિક્ષણ આપતી શાળા (School) ખોલવામાં આવી. તેમાં ધાર્મિક શિક્ષક તરીકે 'જંગમ પાઠશાળા'માં ભણીને તૈયાર થયેલા શ્રી ઉમેદચંદ રાયચંદ માસ્તર ખંભાતવાળાની નિમણૂંક કરી.

ચોમાસું ઊતર્યા પછી પૂ. પંન્યાસજી મ. ના હસ્તે ભાવનગરવાળા શા. હરજીવન સવચંદ, તથા ડાહ્યાલાલ, તથા એક ધોલેરાવાળા ભાઈ, એમ ત્રણ મુમુક્ષુઓને દીક્ષા આપવામાં આવી. હરજીવનદાસનું નામ મુનિશ્રી નયવિજયજી રાખીને પૂજ્યશ્રીના શિષ્ય કર્યા. તથા બીજા બેનાં નામ અનુક્રમે મુનિશ્રીકાન્તિવિજયજી તથા મુનિશ્રીકુમુદવિજયજી રાખીને પૂ. મુનિશ્રીમણિવિજયજી મ. ના શિષ્ય કર્યા. આ શ્રીમણિવિજયજી મહારાજ, પૂ. શ્રી આનંદસાગરજી મ. ના. સંસારિક–અવસ્થાના સગા ભાઈ હતા.

સં. ૧૯૫૮ નું ચોમાસું પણ અમદાવાદ જ થયું. આ બે વર્ષ દરમ્યાન પૂજ્યશ્રીએ શ્રી ભગવતીજી સૂત્ર સિવાય અન્ય તમામ આગમોના યોગ વહી લીધા. ૧૯૫૮ની સાલમાં શ્રીપાલિતાણામાં પૂજ્ય મુનિવર શ્રીદાનવિજયજી મહારાજ ક્ષયના વ્યાધિથી અષાડ શુદ ૧૩ ના રોજ શ્રી ગિરિરાજનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીને આથી અપાર ખેદ થયો. તેઓશ્રીને તેમના વિદ્યાગુરૂનો વિયોગ થયો હતો.

ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ વિદ્યાશાળા ઉપાશ્રયના આગેવાન ટ્રસ્ટી (Trustee) હતા. પણ પૂજ્યશ્રી ઉપરના દૃઢ ભક્તિભાવને લીધે તેમણે ૧૯૫૮નું ચાતુર્માસ–પરિવર્તન પોતાને ત્યાં કરાવ્યું. ત્યાંથી તેઓ પૂ. ગુરૂદેવોને વિદ્યાશાળાના ઉપાશ્રયે લઈ ગયા. ત્યાં પૂ. પંન્યાસજી મ. તથા પૂજ્યશ્રીએ મુહપત્તિ હાથમાં રાખીને વ્યાખ્યાન વાંચવાની શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે જ વ્યાખ્યાન વાંચ્યું.

—*—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દીર્ઘદ્રષ્ટા પૂજ્યશ્રી અને ગુરુભકત શ્રેષ્ઠિવર્ય

૧૯૫૮નું ચોમાસું પૂરું થયું. ઝવેરી છોટાલાલ લલ્લુભાઈએ છ 'રી' પાળતો શ્રીસિદ્ધગિરિજી તીર્થનો સંઘ કાઢ્યો. લગભગ બે હજાર ભાવિકો એમાં જોડાયા. પૂ. પંન્યાસજી મ. તથા આપણા ચરિત્રનાયકશ્રીની નિશ્રામાં સંઘ નીકળ્યો. સાણંદ, વીરમગામ, વઢવાણ, લીંબડી વગેરે ગામો પસાર કરતો એ સંઘ અનુક્રમે શ્રીસિદ્ધાચલજી મહાતીર્થની પવિત્ર છાયા-તળે પાલિતાણા આવી પહોંચ્યો. અહીં સકલસંઘે ભાવોલ્લાસપૂર્વક દાદાની યાત્રા કરી. અને શ્રી છોટાભાઈએ પૂ. ગુરૂદેવોના પવિત્ર હસ્તે તીર્થમાળ પહેરી.

પાલિતાણાથી પૂ. ગુરૂદેવો ભાવનગર પધાર્યા. અહીં અષાડ શુદ ૧૦ના દિવસે મહુવાના શા. કમળશીભાઈના સુપુત્ર (શેઠ કસળચંદ કમળશીના લઘુબંધુ) શ્રીસુંદરજીભાઈ નામના ૧૬ વર્ષના કિશોરને દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રીદર્શનવિજયજી રાખીને તેમને પૂજ્યશ્રીના શિષ્ય કર્યા. બીજા એક વૈષ્ણવ ગૃહસ્થને પણ દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી પ્રતાપવિજયજી મ. રાખીને તેમને પૂજ્યશ્રીના શિષ્ય કર્યા.

૧૯૫૯નું આ ચોમાસું પૂજ્યશ્રીએ પૂ. પંન્યાસજી મ. ની સાથે ભાવનગર કર્યું. આ ચોમાસામાં પૂ. પંન્યાસજી મહારાજે તેઓશ્રીને 'શ્રીભગવતીજી સૂત્ર'ના મોટા યોગમાં પ્રવેશ કરાવ્યો.

પૂજ્યશ્રીની દૂરંદેશી તથા દીર્ઘદ્રષ્ટિ પ્રશંસનીય હતી. તેઓશ્રી સંપૂર્ણ નીડર હોવા છતાંય 'ચેતતો નર સદા સુખી' એ સૂત્રમાં માનનારા હતા. આ ચોમાસા પૂર્વે પોતાની નૈસર્ગિક નિરીક્ષણ અને અનુમાન શકિતથી કેટલાંક ચિહ્નો જોઈને તેઓશ્રીને લાગ્યું કે–ભાવનગરમાં પ્લેગનો (Plage) ઉપદ્રવ થવાનો સંભવ છે.

તેઓશ્રીએ પૂ. પંન્યાસજી મ.ને વિનંતિ કરી કે: સાહેબ! અહીં પ્લેગના ઉપદ્રવનો સંભવ છે, એમ મને લાગે છે. માટે આપની ઈચ્છા હોય તો આપણે અન્યત્ર જઈએ.

પણ પૂ. પંન્યાસજી મહારાજે કહ્યું કે: કાંઈ વાંધો નહીં આવે. તમે તો બહુ બીકણ જણાવ છો. અવસરે જોયું જશે.

ચોમાસું બેઠું. શ્રાવણના સરવરિયા શરૂ થયા. ને શહેરમાં પ્લેગના ચિહ્નો જણાવા માંડયા. કોઈ–કોઈ માણુસ પ્લેગનો ભોગ પણ થવા લાગ્યો. પર્યુષણાપર્વ બાદ તો એણે ઉગ્ર–સ્વરૂપ ધારણ કર્યું. વાયુવેગે શહેરમાં એ ફેલાવા લાગ્યો. લોકો આજુ–બાજુના ગામોમાં વિખરાવા લાગ્યા. આમ આપણા પૂજ્યશ્રીનું અનુમાન સત્ય નીવડયું. નિરૂપાયે પૂ. પંન્યાસજી મ. આદિ સાધુ સમુદાયે પણ ત્યાંથી વિહાર કર્યો, અને નજીકના ૩ ગાઉના અાંતરે આવેલા વરતેજ ગામે પધાર્યા. શાસ્ત્રીય મર્યાદા એવી છે કે ચોમાસામાં સવા યોજન સુધી જવાય. પણ આ ગામ તો ભાવનગરથી સવા યોજન કરતાં નજીક હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌ સુખપૂર્વક વરતેજ આવી તો ગયા, પણ પ્લેગની હવા અહીં પણ આવ્યા વગર ન રહી. પૂ. પંન્યાસજી મ. ના બે શિષ્યો, તથા પૂ. શ્રી મણિવિજયજી મ.ના એક શિષ્ય એમ ત્રણ મુનિઓના શરીરે પ્લેગની ગાંઠે દેખા દીધી. તાવ તો સાથે ખરો જ.

આ જોઈને પૂ. પંન્યાસજી મ. આદિ ચિંતાતુર બનીને મૂંઝાઈ ગયા. તેઓએ પૂજ્યશ્રીને બોલાવી, પોતાની મુંઝવણ જણાવીને કહ્યું : આ બિમાર સાધુઓની સંભાળ અને સારવાર તમે કરો. તેમને તમારી દેખરેખ હેઠળ રાખો.

ઉપાધિથી હંમેશાં ચેતતા રહેવું એ બરાબર, પણ ઉપાધિ આવ્યા પછી એનાથી ડરવું, એ પૂજ્યશ્રીના સ્વભાવમાં ન હતું. તેઓશ્રી તરતજ પેલા ત્રણે ગ્લાન મુનિઓને પોતે બિરાજ્યા હતા, તે મકાનમાં લઈ ગયા, અને તેમની કાળજીભરી સારવાર કરવામાં મગ્ન બની ગયા. વરતેજના વતની શ્રીમેરાજ શેઠ, વિ. ગૃહસ્થોને બોલાવીને ઔષધ આદિનો પ્રબંધ પણ કરાવ્યો.

પૂજ્યશ્રીની અનવરત કાળજી, અને નિયમિત ઔષધના પ્રભાવે ત્રણે મુનિઓ ટુંક સમયમાંજ પ્લેગ-મુક્ત બની ગયા.

પણ ત્યારપછી પૂજ્યશ્રી પોતે તાવથી ઘેરાયા. એક તો યોગ–આરાધના ચાલતી હતી. તેમાં આ પરિશ્રમ પડયો, એટલે તેઓશ્રીને તાવ આવવા લાગ્યો. એક–બે દિવસ થયા. એટલે પૂ. શ્રીમણિવિજયજી મ. એ અમદાવાદ શેઠ મનસુખભાઈને એ સમાચાર જણાવ્યા.

મનસુખભાઈને આ સમાચાર મળતાં, તે જ ક્ષણે તેમણે ભાવનગરના પોતાના પરિચિત હોંશિયાર ડૉકટર (Doctor) ઉપર તાર (Telegram) કર્યો કે-તમે મારા ખર્ચે વરતેજ પૂ. મહારાજશ્રીની સારવાર માટે જાવ.

આ તાર કરીને તેમણે વરતેજ તાર કરવા માંડયા-'કે પૂજ્યશ્રીની તબીયતના સમાચાર જણાવો. તાવ નોર્મલ (Normal) થયો કે નહિ ? એક દિવસ-રાતમાં ઉપરાઉપરી તેમણે ૮૦ જેટલા તાર પૂજ્યશ્રીની તબીયત માટે કર્યા. તારમાસ્તર પણ વિચારમાં પડી ગયા કે આ મહારાજ સાહેબ છે કોણ, કે જેમની તબીયત પૂછાવવા આટલા બધા તાર આવે છે ?

આ બાજુ–પૂજ્યશ્રીનો તાવ જ્યાં સુધી નોર્મલ ન થાય, ત્યાં સુધી શેઠને સમાચાર પણ શું આપવા ? પણ શેઠના હૈયામાં પૂજ્યશ્રી પ્રત્યે એટલો અનહદ ભક્તિભાવ હતો કે–જેની કોઈ વાત નહિ. એથી જ તેઓએ એક દિવસ–રાતમાં ૮૦ તાર કર્યા હતા.

શેઠના એકના એક–વહાલસોયા પુત્ર–રત્ન શ્રી માણેકલાલભાઈ (માકુભાઇ) આ દિવસોમાં સખ્ત માંદગી ભોગવતા હતા. તેમની ઉંમર નાની હતી. ડૉ. જમનાદાસ તેમની સતત સારવારમાં રહેતા. તેમની સારવાર (Treatment) થી હવે માણેકલાલભાઈની તબીયત કાંઈક સુધારા ઉપર આવતી હતી.

શેઠે એ ડોકટરને કહ્યું કે–તમે આજે જ વરતેજ જાવ. અને પૂજ્ય મહારાજશ્રીની તબીયત સુધરે ત્યાં સુધી ત્યાં જ રોકાજો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડૉકટર કહે : પણ શેઠ ! માણેકભાઈની તબીયત આવી નરમ છે. તેમની સારવાર હું કરૂં છું, તે છોડીને મારાથી કઈ રીતે જવાય ?

આ સાંભળીને શેઠ ગદ્‌ગદ કંઠે બોલ્યા, "ડૉકટર ! જો કે ધર્મના પ્રભાવથી મારો 'માણેક' સારો થઇ જ જશે. છતાંય મારી એની સાથે લેણાદેણી ઓછી નીકળે, અને એના શરીરને કાંઈ થાય તો તે ફક્ત મને અને મારા કુટુંબને જ દુઃખકર થશે. પણ પૂ. મહારાજજીના શરીરને કાંઈ થયું તો તે સમગ્ર હિન્દુસ્તાનના સંઘને અને શાસનને માટે દુઃખકર થશે. માટે તમે જવાબ આપ્યા સિવાય આ જ ઘડીએ વરતેજ જાવ."

જૈન સમાજના અને ભારતના એક ક્રોડપતિ શ્રેષ્ઠિવર્યની ગુરુ–ભક્તિ કેવી અનન્ય હતી, દેવ–ગુરુ, ધર્મ ઉપર કેટલી દઢ શ્રદ્ધા હતી, અને શાસનના હિતની કેટલી તેમના દિલમાં ફિકર હતી, તે આ પ્રસંગ પરથી સમજી શકાય છે. આવી અસાધારણ, જેનો જોટો ન જડે એવી ગુરુભક્તિ, ખરેખર ! આપણ સૌને માટે અનુકરણીય જ છે.

ડૉકટર પણ તત્કાળ વરતેજ ગયા. બીજે જ દિવસે પૂજયશ્રીનો પરિશ્રમજન્ય–તાવ ઉતરી ગયો. આથી પૂજ્ય પંન્યાસજી મ., ડૉકટર તથા શેઠ નિશ્ચિંત થયા.

ચોમાસાનો શેષ ભાગ વરતેજમાં વિતાવીને ત્યાંથી સર્વ મુનિવર્યો વલભીપુર (વળા) પધાર્યા.

—*—

# [૨૨]

## ગણિ–પંન્યાસ પદવી

વળા એ સૌરાષ્ટ્રના ઇતિહાસ–પ્રસિદ્ધ નગર વલભીપુરનું અપભ્રંશ ભાષાનું અભિધાન છે.

જૈન ઇતિહાસ પ્રમાણે–આ વલભીપુરમાં જ પૂ. શ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણના નેતૃત્વ તળે જૈન આગમોને પુસ્તકારૂઢ કરવામાં આવ્યા હતા.

'શત્રુંજય માહાત્મ્ય'ના પ્રણેતા ભગવાન્ ધનેશ્વરસૂરિજી મહારાજે વલભીરાજ શિલાદિત્યને પ્રતિબોધ આપીને જૈનમતાનુયાયી બનાવેલો.

મહાન્ જૈનાચાર્ય શ્રીમલ્લવાદી સૂરિ મહારાજજી આ વલભીપુરના મહારાજા શિલાદિત્યના ભાણેજ હતા.

કાળક્રમે–એક મહાન્ સામ્રાજ્યના સ્થંભ સમાન આ વલભીનો ભંગ થયો, પરચક્રના–મ્લેચ્છોના હાથે. પછી એના નામનો પણ ભ્રંશ થયો. વલભીનું વલહી, વલઈ અને છેવટે વળા. થયું. પછીથી આપણા મહાન્ ચરિત્રનાયકશ્રીની પ્રેરણાથી વલભીપુરના નામદાર ઠાકોર સાહેબ શ્રી ગંભીરસિંહજીએ પ્રયાસ કરી પુનઃ 'શ્રીવલભીપુર' એવું ઐતિહાસિક–મૂળનામ પ્રવર્તાવેલું.

આ વલભીપુરમાં પૂ. ગુરૂદેવો પધાર્યા .અહીંના નેક નામદાર ઠાકોર સાહેબશ્રી વખતસિંહજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર પૂજ્યશ્રીનો કોઇ અજબ પ્રભાવ પડ્યો હતો, તેઓ પૂજ્યશ્રી પ્રત્યે અટલ શ્રદ્ધા અને સદ્ભાવ ધરાવતા હતા.

હવે પૂજ્યશ્રીના 'ભગવતી સૂત્ર'ના યોગ પૂર્ણ થવા આવ્યા હતા. એની અનુજ્ઞાસ્વરૂપ ગણિપદ તથા પંન્યાસપદ તેઓશ્રીને આપવાના હતા. એ નિમિત્તક મહોત્સવ વળાના શ્રીસંઘની તથા ઠાકોર સાહેબની આગ્રહભરી વિનંતિથી ત્યાં જ ઉજવવાનો નક્કી થયો.

અમદાવાદથી મનસુખભાઈ શેઠે વળાના સંઘને લખી જણાવ્યું કે-'પદવી પ્રદાન પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ, અષ્ટોત્તરી સ્નાત્ર, તેમજ સમવસરણની રચના, વિ. બધું મારા તરફથી કરવાનું છે.' લખી જણાવ્યું એટલું જ નહિ, પણ એની વ્યવસ્થા કરવા માટે નામદાર વળા ઠાકોરના ગાઢ પરિચયવાળા શા. જેશીંગભાઈ ઉજમશીને પહેલેથી વળા મોકલી દીધા. તેઓએ ત્યાં જઈને બધી તૈયારીઓ કરી.

આ વાતની ભાવનગરના સંઘને ખબર પડી. તેમણે જોયું કે—બધા આદેશ મનસુખભાઈ શેઠે લઈ લીધા છે. હવે એક જ આદેશ નવકારશીનો બાકી રહ્યો છે. એ આદેશ આપણે વેંલાસર નહિ લઈએ, તો એ પણ જશે. એટલે તરત જ તેમણે ચાલાકી વાપરીને:વળાના શ્રીસંઘ પાસે પંન્યાસ પદવીના દિવસની નવકારશીની માગણી કરીને આદેશ લઇ લીધો.

કાર્તક વદમાં મહોત્સવનો પ્રારંભ થયો. ભાવનગર, તળાજા, મહુવા વિ. અનેક ગામોના આગેવાનો, શ્રાવકો આવવા લાગ્યા. અમદાવાદથી નગરશેઠનું કુટુંબ, હઠીસીંગ કેસરીસીંગનું કુટુંબ, શેઠ લાલભાઈ દલપતભાઇ, શેઠ મનસુખભાઈ ભગુભાઈ વગેરે અનેક સદ્ગૃહસ્થો આવ્યા. સૌના મનમાં પૂજ્ય ગુરૂદેવને પદવી મળશે, તેનો હર્ષ અને ઉલ્લાસ હતો. બાહ્ય આડંબરના રંગ કરતાંય હૈયાના ઉમંગની ચમક હંમેશાં અનેરી હોય છે. બહારનો ભભકો એની આગળ ઝાંખો દેખાય છે. અહીં પણ બાહ્ય આડંબર કરતાં અંતરનો ઉમળકો સૌ કોઇને હતો. એટલે મહોત્સવની શોભા અજબશી જામી.

વળા આવ્યા પછી મનસુખભાઇ શેઠને-નવકારશીનો આદેશ ભાવનગરવાળા લઈ ગયા છે, તેની જાણ થઈ. તેમણે વળાના શ્રીસંઘને વિનંતિ કરી કે-બધું મારા તરફથી થાય, ને નવકારશી બીજા કરે, એ વ્યાજબી ન ગણાય, માટે મને આદેશ આપો.

સંઘે કહ્યું : શેઠ સાહેબ! એક ધણીને આદેશ અપાઈ ગયા પછી અમારાથી ન ફેરવી શકાય. આપ ભાવનગરવાળાને સમજાવો. તેઓ સમજે તો આપને આદેશ મળે.

શેઠે તરતજ ભાવનગરવાળાને બોલાવ્યા, સમજાવ્યા, પણ પેલા લોકો શાના સમજે ? માંડ માંડ મળેલો આવો ભક્તિનો લાભ કેમ ચૂકે ? તેમણે નન્નો જ ભણ્યો.

શેઠ વિચારમાં પડી ગયા. તેમણે વળાના આગેવાન ગૃહસ્થો શા. કલ્યાણશી નરશી, ગુલાબચંદ જીવાભાઈ, કલ્યાણજી ભીમા, વિ. ને કહ્યું કે-તમે કોઈ રસ્તો શોધી કાઢો. આદેશ તો મને મળવો જ જોઈએ.

વિચાર કરતાં એક રસ્તો તેઓને મળી આવ્યો. તેમણે શેઠને કહ્યું : શેઠ! એક ઉપાય છે. ભાવનગરવાળાએ એક ટંકની નવકારશીનો આદેશ લીધો છે- જો કોઈ બે ટંકનો આદેશ માગે તો-એક ટંકવાળાનો આદેશ રદ થઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તો શી વાર ? શેઠે સંઘની પાસે બન્ને ટંકની નવકારશીના આદેશની માગણી કરી. એટલે સંઘે તેમને આદેશ આપ્યો. શેઠની ભાવના ફળી. તેમના હર્ષનો પાર ન રહ્યો.

કેવી હશે એમની ગુરૂદેવ પ્રત્યેની શ્રદ્ધા ? અને કેવી હશે એમની ધર્મભાવના ? આપણે તો એની વાતો જ સાંભળવાની રહી.

કાર્તક વદ ૭ નો દિવસ આવ્યો. આજે ગણિપદ પ્રદાનની ક્રિયા કરવાની હતી. સમય થતાં જ હજારો ભાવિક-જનો મંગળ ક્રિયાને નિહાળવા માટે આવવા લાગ્યા. મંગળ-ગીતો ગવાવા લાગ્યા. વળાના આબાલવૃદ્ધ જૈનો-પોતાના આંગણે આવો મહોત્સવ ઉજવાય છે, એ માટે ગૌરવ અનુભવતા હતા.

ઉત્તમ ચોઘડીયે પૂજ્યપાદ પંન્યાસજી મહારાજ શ્રીગંભીરવિજયજી મહારાજ સાહેબે ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ સંપૂર્ણ મંગલ-ક્રિયા કરાવવાપૂર્વક આપણા ચરિત્રનાયક પૂજ્ય મુનિશ્રી નેમવિજયજી મહારાજને સર્વાનુયોગમયી 'શ્રી ભગવતી' નામક પાંચમા અંગની અનુજ્ઞા સાથે-ગણિપદવી અર્પણ કરી. અને—

આકાશ-તલ જયનાદોથી ગૂંજી ઉઠયું. ઉત્સાહના પૂર ઉમટયા, ઉમંગના ઓઘ ઉભરાયા, અને આનંદની છોળો સકલ સંઘમાં ઉછળી રહી.

ત્યારપછી માગશર શુદિ '૩'ના દિવસે પૂજ્ય પંન્યાસજી મહારાજે ગણિપદની જેમ જ વિશુદ્ધ અને સંપૂર્ણ મંગલ-ક્રિયા કરાવવાપૂર્વક પૂજ્યશ્રીને પંન્યાસપદથી વિભૂષિત કર્યા. આપણા ચરિત્રનાયક પૂ. મુનિશ્રી નેમવિજયજી મ. હવે પૂજ્ય પંન્યાસશ્રી નેમવિજયજી ગણિવર્ય બન્યા.

તેઓશ્રીએ જૈન આગમો તથા વ્યાકરણ-ન્યાય આદિ છએ દર્શનોનું તલ-સ્પર્શી અવગાહન-અધ્યયન કર્યું હોવાથી તેઓશ્રી પ્રકાંડ પાંડિત્ય ધરાવતા હતા. તે સમયના મુનિ સમુદાયમાં તેઓશ્રી પ્રથમ-પંક્તિના બહુશ્રુત-વિદ્વાન પરમગીતાર્થ અને ગુણવાન્ મુનિપ્રવર હતા. તેઓશ્રીનું વ્યાખ્યાન પણ અજોડ હતું. આમ દરેક રીતે તેઓશ્રી ગણિ-પંન્યાસ પદવીને માટે યોગ્ય જ હતા. તેથી સમસ્ત શ્રીસંઘના દિલમાં લાયકને લાયક માન-પદ મળ્યાનો અપાર હર્ષ વર્તાઈ રહ્યો હતો.

તે વખતના જૈન સંઘના પ્રતિનિધિ માસિક પત્ર "શ્રી જૈન ધર્મપ્રકાશ"માં આ પદવી પ્રસંગ અને તેનાથી સકલ સંઘમાં પ્રગટેલા અપાર હર્ષને નીચેના શબ્દોમાં વર્ણવવામાં આવ્યા હતા :

"માગશર સુદ ૩ ના દિવસે શ્રીવળા ગામમાં **મુનિશ્રી નેમવિજયજી**ને પંન્યાસપદવી પંન્યાસશ્રી ગંભીરવિજયજીએ આપી છે. આ પ્રસંગે દેશપરદેશના શ્રાવકો પણ સારી સંખ્યામાં હાજર હતા. પ્રસંગાનુસાર અઠ્ઠાઈ મહોત્સવ, સ્વામીવાત્સલ્ય પણ થયા હતા. મુનિ નેમવિજયજી બહુ વિદ્વાન છે. તેઓએ સંસ્કૃત ભાષા પર સારો કાબૂ મેળવ્યો છે. અને ન્યાયના વિષયમાં પ્રખ્યાત મુનિ દાનવિજયજી પછી તેઓ પ્રથમ પંકિત ધરાવે છે. આવા જ્ઞાનવાળા મુનિ પંન્યાસ પદવીને પૂરી રીતે લાયક છે. પંન્યાસ પદવી એ પંડિતની જ પદવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે; અને તેઓ આ પદવીને પૂરેપૂરા લાયક છે. લાયકને લાયક માન મળ્યું છે. જો આવા રત્નાધિકોને પદવી આપવામાં આવતી હોય તો અત્યારે કેટલાક પ્રસંગોમાં બન્યું છે તેમ તે પદવી અપવાદમાં ન આવી પડે.''

( વિ. સં. ૧૯૬૦ના માગશર–પોષ માસનો જૈન ધર્મ પ્રકાશનો અંક)

આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે–પૂજ્યશ્રી કેવા મહાન્ બહુશ્રુત મુનિરાજ હતા, અને તેમને પદવી મળ્યાથી સકલ સંઘમાં કેટલો હર્ષ–આનંદ પ્રગટ્યો હતો.

પદવીનો મહોત્સવ ઉજવાયા બાદ વળા–શ્રીસંઘે પૂ. ગુરુદેવોને જિનાલયની પ્રતિષ્ઠા કરવા માટે વિનંતિ કરી. આ જિનાલય પૂ. ગુરુદેવશ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજના ઉપદેશથી નિર્માણ કરવામાં આવ્યું હતું. તેથી પૂ. પંન્યાસશ્રી ગંભીરવિજયજી મ. તથા નૂતન પંન્યાસશ્રી નેમવિજયજી મ. આદિ મુનિવરોના પવિત્ર હસ્તે એ જ વર્ષમાં વળાના દેરાસરની પ્રતિષ્ઠા થઈ. એ વખતે પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મ.ની ભવ્ય મૂર્તિની પણ ત્યાં પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારપછી પૂ. પંન્યાસજી મ. શ્રીગંભીરવિજયજી મ. ભાવનગર પધારી ગયા.

આપણા ચરિત્રનાયક પૂ. પંન્યાસજી મહારાજે વળામાં મુનિશ્રી આનંદસાગરજી મ., પોતાના ગુરુબંધુ મુનિશ્રી પ્રેમવિજયજી મ. તથા પોતાના શિષ્ય મુનિશ્રી સુમતિવિજયજી મ. એ ત્રણ મુનિવરોને શ્રી ભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો.

ધોલેરા–શ્રી સંઘની વિનંતિથી તેઓશ્રી સપરિવાર વળાથી વિહાર કરીને ધોલેરા પધાર્યા. શ્રીસંઘે તેઓશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. અહીંના શ્રી સંઘ ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મ. નો પરમ ઉપકાર હતો.

અહીંના દેરાસર ઉપર નૂતન ધ્વજદંડનું આરોપણ કરવાનું હોવાથી તે નિમિત્તે શ્રીસંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. ધ્વજ–દંડ આરોપણનો આદેશ પૂજ્યશ્રીના ઉપદેશથી ધોલેરા નિવાસી શા. પુરુષોત્તમદાસ નાગરદાસે લીધો. મહોત્સવ ભારે ઠાઠથી ઉજવાયો. ધ્વજ–દંડ–આરોપણનો આદેશ લેનાર પુરુષોત્તમભાઈને આજ સુધી કોઈ સંતાન ન હતું. પણ આ ધ્વજદંડ ચઢાવ્યા પછી તેમને બે સંતાન થયાં. એક હરિભાઈ અને બીજા દલીચંદભાઈ. તેથી તેમને ધર્મ ઉપર અનન્ય શ્રદ્ધા થઈ.

અહીંયા પૂજ્યશ્રીના શિષ્ય મુનિશ્રી સુમતિવિજયજી મ. એકાએક ભયંકર માંદગીમાં સપડાયા, સીરીયસ (serious) થઈ ગયા. શ્રીભગવતીજીના આગાઢ યોગ ચાલતા હતા, તેમાં આવી ભયંકર બીમારી આવી. તો પણ તેઓશ્રીએ અપૂર્વ અને અસાધારણ સમતા ધારણ કરી હતી. પણ પૂજ્યશ્રીની કાળજીભરી દેખરેખ અને યોગ્ય સારવારને લીધે થોડા દિવસોમાં તેમને સંપૂર્ણ આરામ થઈ ગયો.

અહીં–વલભીપુર નિવાસી શા. ગિરધરલાલ ભગવાનજીએ વૈરાગ્ય પામીને પૂજ્યશ્રીની પાસે દીક્ષા લીધી. તેમને પોતાના શિષ્ય કરી, તેમનું નામ મુનિશ્રી સિદ્ધિવિજયજી મ. રાખ્યું. તેઓ જીવનપર્યન્ત વિનય અને ભક્તિમાં તત્પર રહ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદ શ્રીસંઘના અગ્રણીઓ પૂજ્યશ્રીની અમદાવાદ પધારવાની વિનંતિ કરવા અહીં આવ્યા. તેમની વિનંતિ સ્વીકારીને પૂજ્યશ્રી કોઠ-ગાંગડ-બાવળા વિ. માર્ગ-આગત ગામોને પાવન કરતા કરતા અમદાવાદ પધાર્યા. અહીં યોગોદ્વાહી ત્રણે મુનિવરોને મહોત્સવપૂર્વક ગણિ-પંન્યાસ પદ તેઓશ્રીએ અર્પણ કર્યું. એ ત્રણે મુનિવરો અનુક્રમે-પંન્યાસશ્રી આનંદસાગરજી મ., પંન્યાસશ્રી પ્રેમવિજયજી મ. તથા પંન્યાસશ્રી સુમતિવિજયજી મ. તરીકે પ્રસિદ્ધ થયા.

સં. ૧૯૬૦નું એ ચોમાસું પૂજ્યશ્રી તથા શ્રીસાગરજી મ., મણીવિજયજી મ. આદિ સર્વ મુનિવરોએ અમદાવાદમાં સાથે કર્યું.

પૂજ્યશ્રીનો કોઈ અદ્‌ભુત પ્રભાવ હતો કે-જ્યારથી તેઓશ્રીએ સ્વતંત્ર ચાતુર્માસ કરવાની શરૂઆત કરી, ત્યારથી દરેક ચોમાસા પછી તેઓશ્રીના ઉપદેશથી તેઓશ્રીની નિશ્રામાં શ્રીસિદ્ધાચલજી આદિ મહાતીર્થોના છ 'રી' પાળતા સંઘ પ્રાયઃ નીકળતા હતા. આ વખતે પણ ચોમાસું પૂરું થયા બાદ શેઠ વાડીલાલ જેઠાભાઈએ પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રીસિદ્ધાચલજી મહાતીર્થનો છ 'રી' પાળતો સંઘ કાઢયો.

પોતાના શિષ્યો-મુનિશ્રી ઋદ્ધિવિજયજી, યશોવિજયજી, આદિ મુનિઓનો અભ્યાસ ચાલતો હોવાથી તેઓને અમદાવાદ રાખીને બીજા શિષ્યો તથા શ્રીસાગરજી મ., શ્રીમણિવિજયજી મ. ની સાથે પૂજ્યશ્રી સંઘમાં પધાર્યા.

પાલિતાણા પહોંચીને હૈયાના ઉમંગથી સૌએ દાદાને જુહાર્યા. અને પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે તીર્થમાળ પહેરીને સંઘવી વાડીલાલભાઈ કૃતકૃત્ય બન્યા.

—*—

# [૨૩]

## તીર્થ-આશાતનાનું નિવારણ અને પિતાજીનો આત્મ-સંતોષ

જૈનોનું મહાન્ તીર્થ!
જેનો મહિમા વર્ણવતાં શાસ્ત્રકારો થાકતાં નથી!
જેની પવિત્રતાનો કોઈ પાર નથી!
સકલ તીર્થોનાં જે રાજા સમું ગણાય છે!
જે મહાતીર્થ શાશ્વતપ્રાય છે!
જ્યાં પ્રથમ તીર્થપતિ, પ્રથમ મુનિપતિ અને પ્રથમ નરપતિ ભગવાન્ ઋષભદેવ પરમાત્મા વિરાજે છે!
જેના દર્શન-માત્ર કરનાર આત્મા મોક્ષે જવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. ભવ્યત્વની મહોરછાપ મેળવે છે!
આવું મહાન્‌તીર્થ શ્રી સિદ્ધાચલજી!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એની આજે ઘોર-આશાતના થઈ રહી હતી, પાલિતાણાના નામદાર મહારાજાના હાથે.

આથી સારોયે જૈન સંઘ-ખળભળી ઉઠયો હતો.

વાત એવી બનેલી કે-પાલિતાણા સ્ટેટના નામદાર મહારાજા શ્રી માનસિંહજી જૈનોની લાગણી દુભાય એટલા જ માટે ગિરિરાજ ઉપર દાદાની યાત્રાના બહાને ચઢતા, અને પગમાં બૂટ (Boot) પહેરીને, બીડી પીતાં પીતાં દાદાના દરબારમાં જતા.

આથી શ્રદ્ધાળુ જૈનોની લાગણી ઘણી દુભાવા લાગી. હિંદભરના જૈનોમાં તે વિષે જબ્બર ઉહાપોહ જામી ગયો. કોણ એવો જૈન હોય કે-જે પોતાના મહાન તીર્થાધિરાજની થઈ રહેલી આવી ઘોર આશાતના સાંખી લે ?

શાન્તિપ્રિય જૈનો-જેઓ મહારાજા સાથે સંબંધ ધરાવતા હતા, તેઓએ ગામોગામ સભાઓ યોજીને આવી આશાતના બંધ કરવા માટે ના. મહારાજાને તાર-પત્રો દ્વારા વિનંતિ કરી. પણ પરિણામમાં સરિયામ નિષ્ફળતા જ મળી.

ભારતના સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર પણ આ બાબતમાં તાત્કાલિક અને ચાંપતાં પગલાં લેવાની સૂચનાઓવાળા ઢગલા બંધ તાર-ટપાલ આવવા લાગ્યા.

આ વખતે અમદાવાદથી શેઠ વાડીલાલ જેઠાલાલના સંઘમાં પધારેલા આપણા પૂજ્યશ્રી પાલિતાણામાં બિરાજતા હતા. પેઢીના પ્રતિનિધિઓએ તેઓશ્રીની સલાહ લીધી. તેઓશ્રીએ સૂચવ્યું કે-"બને ત્યાં સુધી શાન્તિ-સલાહ અને સમજાવટથી કામ પતે તો સારૂં. ન પતે તો પછી કોર્ટ (coart) તો છે જ."

પૂજ્યશ્રીની સૂચનાનુસાર પેઢીના પ્રતિનિધિઓએ નામદાર મહારાજાને સમજાવવાની કોશીષ કરી, પણ વ્યર્થ. મહારાજાએ તો એ આશાતના ચાલુ જ રાખી.

આથી પેઢીએ રાજકોટની એ. જી. જી. (Agent to the Governar General)ની કોર્ટમાં ના. મહારાજા સામે કેસ (case) દાખલ કર્યો.

આ જાણીને ના. મહારાજા ખૂબ ક્રોધિત થયા. હઠાગ્રહને વશ થઈને જૈનોની લાગણી વધારે દુભવવા માટે તેઓ તૈયાર થયા. તેમણે ગામના મુસલમાનોને બોલાવીને તેમના દ્વારા ગિરિરાજ ઉપર આવેલા ઈંગારશાપીરના સ્થાનકે છાપરું અને પાકી દીવાલો સ્ટેટના ખર્ચે બંધાવવા માટે ઈંટ-ચુનો-પતરાં વિ. સામાન પહાડ ઉપર મોકલ્યા. અને પોતે બોલવા લાગ્યા કે-"હું ઈંગારશાપીરના સ્થાનકે મુસ્લીમો પાસે બકરાનો ભોગ ચઢાવરાવીશ, અને દાદા આદીશ્વર ઉપર તેનું લોહી છાંટીશ, ત્યારે જ જંપીશ."

'રક્ષક જ જ્યારે ભક્ષક બને,' ત્યારે પ્રજા ઉપર તેનો કાબૂ રહેવો બહુ મુશ્કેલ છે. જોકે સત્તાના જોરે તે પ્રજાને દબાવી શકે છે, પણ 'બહુ તે થોડા માટે જ હોય'-એમ એ સત્તાનું જોર લાંબો સમય ટકતું નથી, એ અનુભવ-સિદ્ધ વાત છે.

મહારાજાના આવા વિચારની જાણ થતાં જ પાલિતાણાના શ્રી સંઘે ત્યાં રહેલા તમામ જૈનોની એક સભા (Meeting) આપણા પૂજ્યશ્રીની નિશ્રામાં યોજી. તમામ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ તેમાં હાજર રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજાના પ્રતિકારની વિચારણા ચાલી. અજીમગંજ નિવાસી બાબુસાહેબ શ્રીછત્રપતિસિંહજી પણ આ સભામાં હાજર હતા. તેમણે ત્યાં જ પ્રતિજ્ઞા કરી કે-"હું ભરસભામાં મહારાજાને ઉડાવી દઈશ, (મારી નાખીશ) પણ મારા પવિત્ર તીર્થાધિરાજની તલભાર પણ આશાતના નહિ થવા દઉં."

સૌના તન-મનમાં એક જ ભાવના હતી કે-કોઈપણ ભોગે આપણા તીર્થાધિરાજની આશાતના અટકાવવી જ જોઈએ. આ સિવાય બીજા વિચાર કે અભિલાષાને કોઈના દિલમાં સ્થાન ન હતું. મુનિશ્રી મણીવિજયજી મ., તથા આપણા ચરિત્રનાયકશ્રીના શિષ્ય મુનિશ્રી ઋદ્ધિવિજયજી મ. આદિ મુનિવરો પણ મહાતીર્થને આશાતનામાંથી બચાવવા માટે પ્રાણ-ન્યોછાવર કરવા તૈયાર થઈ ગયા. કયો જૈન-સપૂત પોતાના પ્રાણ-પ્યારા તીર્થની રક્ષા માટે-તીર્થથી આશાતના અટકાવવા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર ન હોય ભલા ? પણ સમયના પારખુ પૂજ્યશ્રીએ એ સૌને વાર્યા. કારણકે- જૈનોના રાજ્ય સાથેના સંબંધો વિશેષ ન બગડે તે માટે ખાસ તકેદારી રાખવાની હતી. વળી પેઢી કાયદેસર પગલાં ભરી રહી હતી.

તેઓશ્રીએ શ્રીસાગરજી મ. તથા શ્રીમણીવિજયજી મ. આદિ મુનિવરોને પાલિતાણાથી વિહાર કરાવીને ભાવનગર સ્ટેટની હદમાં મોકલી દીધા. કારણ કે-કદાચ સ્ટેટ તરફથી કાંઈક હેરાનગતિ થાય તો બધા ય એક સાથે મુશ્કેલીમાં મૂકાઈ જાય. આ પછી-તેઓશ્રીએ શ્રી ભાઈચંદભાઈ નામના એક બાહોશ અને હિંમતવાન્ શ્રાવકને બોલાવ્યા. તેમને આ આખુંય પ્રકરણ સમજાવીને હવે કેવાં પગલાં લેવા ? તે સમજાવી દીધું.

ભાઈચંદભાઈ પણ પૂરા કાબેલ હતા. પૂજ્યશ્રીની સૂચના માત્ર જ તેમને બસ હતી. તેમણે તરત જ પોતાની કામગીરી આરંભી દીધી. સર્વપ્રથમ-મહારાજાએ ઈંગારશાપીરના છાપરા -ઓરડી માટેનો સામાન તે સ્થાને પહોંચાડવા, વિ. બાબતના આપેલા આજ્ઞાપત્રની તથા તેના જવાબની નકલો સિફતથી મેળવી લીધી. તેમાં એકાદ દિવસ જેલમાં પણ જવું પડયું, પણ નક્કર પુરાવાના અભાવે બીજે દિવસે તેઓ નિર્દોષ છૂટી ગયા.

ત્યારપછી તેઓએ પાલિતાણા અને આજુબાજુના ગામોમાં વસતા આયર કોમના ભાઈઓને ગુપ્ત રીતે ભેગા કર્યા, અને તેમને સમજાવ્યા કે-ના. મહારાજા ઈંગારશાપીરને બકરાઓનો ભોગ આપવા માગે છે. જો તમે નહીં ચેતો તો બકરાં સાફ થઈ જશે. જે બકરાઓના આધારે તમારી આજીવિકા છે, એ જો આવી રીતે સાફ થઇ જાય, તો તમારાં બાળ-બચ્ચાં ખાશે શું ?

આયરોનાં મનમાં આ વાત બરાબર ઠસી ગઈ. એટલે ભાઈચંદભાઇ આયરોને પૂજ્યશ્રી પાસે લઇ આવ્યા. પૂજ્યશ્રીને વંદન કરીને આયરોએ કહ્યું કે-"અમે અમારાં બાળબચ્ચાં માટે પણ આવું અધર્મકાર્ય નહિ થવા દઈએ. માટે આપ એ બાબતમાં નિશ્ચિંત રહેજો." પછી ત્યાંથી ગયા. અને તેઓ અંદરોઅંદર નક્કી કરીને કોઇ ન જાણે તેમ એક રાત્રે ગિરિરાજ ઉપર ઇંગાશાપીરના સ્થાનક આગળ જુદી જુદી દિશાએથી આવીને એકત્ર થયા. અને છાપરૂં તથા દીવાલ બાંધવા માટેનો જે સ્ટેટ તરફથી આવેલો સરસામાન હતો, તેને પહાડની ખીણોમાં એવી રીતે ગુમ કરી દીધો કે કોઇનેય એનો પત્તો જ ન મળે. ઓરડી બંધાય તો બકરાનો ભોગ ચઢાવાય પણ ઓરડીનો સામાન જ ન હોય ત્યાં ઓરડી કયાંથી બાંધે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી તરફ–રાજકોટની એ. જી. જી. ની કોર્ટમાં ચાલી રહેલા કેસમાં આણંદજી કલ્યાણજીની પેઢી જીતી ગઇ, ના. મહારાજા હારી ગયા. કોર્ટ તરફથી આશાતના બંધ કરવાનો તેમને હુકમ મળ્યો. આ પરાજયથી ના. મહારાજાનો ગર્વ ઉતરી ગયો, અને તેમની મનની મુરાદ મનમાં જ રહી જવા પામી.

આમ–આપણા ચરિત્રનાયકશ્રીની યુક્તિઓ સાંગોપાંગ પાર પડી. શાસનદેવનો પ્રભાવ તો હતો જ, એમાં પૂજ્યશ્રીનાં આશીર્વાદ અને માર્ગ–દર્શન મળ્યાં. જાણે સોનામાં સુગંધ મળી. પછી ફત્તેહ જ હોય ને !

સકલસંઘના આનંદનો કોઈ પાર ન રહ્યો. હિન્દુસ્તાનના પ્રત્યેક જૈને તે દિવસ પર્વદિન તરીકે ઉજવ્યો.

પાલિતાણાથી વિહાર કરી, ચોક–જેસર થઈને પૂજ્યશ્રી છાપરીયાળી પધાર્યા. આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટવાળી અહીંની પાંજરાપોળની વ્યવસ્થા તેઓશ્રીને બરાબર ન જણાતાં પાલિતાણાથી મુનિમ દુર્લભજીભાઈને બોલાવી, ઉપદેશ આપીને વ્યવસ્થા સુધરાવી.

ત્યાંથી વિહાર કરીને પૂજ્યશ્રી પોતાની જન્મભૂમિ મહુવામાં પધાર્યા. અહીં તેઓશ્રીના સંસારી અવસ્થાના પિતાજી શ્રી લક્ષ્મીચંદભાઈ વયોવૃદ્ધ થઈ ગયા હતા. તેમને પૂજ્યશ્રીના દર્શન કરી ખૂબ આનંદ થયો. પૂજ્યશ્રીએ ત્યાં થોડા દિવસ સ્થિરતા કરી, અને વ્યાખ્યાનમાં શ્રીહરિભદ્રસૂરિજી મહારાજના અષ્ટકજીનું વાંચન શરૂ કર્યું. લક્ષ્મીચંદભાઈ હંમેશાં આવતા અને વ્યાખ્યાન એકાગ્રચિત્તે સાંભળતા. તેઓ પોતે સારા અભ્યાસી હોવાથી પૂજ્યશ્રીના વિદ્વત્તાભર્યા વ્યાખ્યાનમાં તેમને ખૂબ રસ પડયો. પૂજ્યશ્રીએ દીક્ષા લીધા બાદ તેઓશ્રી પ્રત્યે તેમના મનમાં જે થોડો ઘણો રોષ હતો, તે આવા–વિદ્વત્તાથી ભરપૂર વ્યાખ્યાનો સાંભળ્યા બાદ સંતોષપણે પરિણમ્યો.

શ્રી લક્ષ્મીચંદભાઈને થયેલો આ આત્મ–સંતોષ તેમણે ૧૯૬૪ની સાલમાં પોતાના સ્વર્ગવાસના મહિના પહેલાં પૂજ્યશ્રી ઉપર ખંભાત મુકામે લખેલા પત્ર ઉપરથી જાણી શકાય છે. આ રહ્યો એ પત્ર :

"શ્રી ॥

સ્વસ્તિશ્રી પાર્શ્વજીનં પ્રણમ્ય ખંભાત મહાશુભસ્થાને પંન્યાસજી નેમવિજયજી ગણી, મહુવાથી લી.

લક્ષ્મીચંદ દેવચંદની વંદના ૧૦૦૮ વાર અવધારશો.

લખવાનું કે–જે દિવસે તમોએ ચારિત્ર લીધું તે દિવસે મને દ્વેષ ઘણો ઉત્પન્ન થયો હતો. પણ હવે, તમે સોળ વરસની ઉમરમાં દીક્ષા લીધી અને સંસાર ઉપરથી રાગ ઉડાડયો, તેથી મહારૂં અંતઃકરણ એમ કહે છે કે તમો ઘણા પૂર્વના આચાર્યોના જેવા ગણતરીમાં આવ્યા છો. અને અમારૂં કુળ સફળ કર્યું છે. વળી મારાથી તમારા પ્રત્યે અપ્રીતિ, અવિનય થયો હોય તે તમોને ખમાવું છું.

મને જે અલ્પજ્ઞાનનો બોધ થયો છે તે ઉપરથી અનુમાન કરૂં છું કે પૂર્વના કોઈ પણ ભવમાં શ્રાવક અથવા સાધુપણું મેં અંગીકાર કરેલું હશે. મારાથી માહરા જ્ઞાનનો લાભ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવાણો નથી, માટે તમારે કોઈ પણ ગ્રન્થની રચના કરવી, અને લાભ મેળવવો. મારે દ્રવ્ય ગુણ પર્યાયનું ધ્યાન કરવું છે. પણ મારા કર્મના ઉદયથી મારા શરીરને વ્યાધિ ઘણી ઉત્પન્ન થયેલી છે, તેથી બરાબર બની શકતું નથી. પણ સંસાર ઉપર કોઈ જાતનો મોહ રહ્યો નથી.

મુનિ મહારાજ યશોવિજયજી ઉપાધ્યાયજીના ગ્રંથો વાંચી મહારા રોમરાયમાં જ્ઞાન પ્રસરી રહ્યું છે. તમો છેલ્લી વખત અહીં આવી હરિભદ્રસૂરિના અષ્ટક વાંચી મને જે આનંદ આપ્યો છે, તે જોઈ તે ઉપરથી તમારા જ્ઞાનનો વિચાર કરતાં મને ઘણો આનંદ થયો છે.

સં. ૧૯૬૪ના કારતક વદી ૨ શુક્રવાર
દ. બાલચંદ (પૂજ્યશ્રીના સંસારી–લઘુબંધુ)
ની વંદના ૧૦૦૮ વાર અવધારશોજી."

કેવો આત્મ–સંતોષ નીતરે છે આ પત્રના શબ્દોમાંથી? જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર તમન્ના, અને અને તે કિંચિદંશે ફળેલી હોવા છતાંય સર્વાંશે નથી ફળતી–કર્મોદયને લીધે, એનું કેવું દુઃખ વ્યક્ત કર્યું છે–લક્ષ્મીચંદભાઈએ? ભવભીરુતા અને નિખાલસતા તો એમાં ભારોભાર ભરી છે. પોતાની મોહ–દશાનો આમ ખુલ્લે દિલે એકરાર કરવો–દીક્ષા વખતે પોતે જે થોડો ઘણો અંતરાય ઉભો કર્યો હતો, તે બદલ ક્ષમા યાચવી; એ કોઈ સામાન્ય વ્યક્તિથી બની શકે તેમ નથી. એ તો શ્રી લક્ષ્મીચંદભાઈ જેવા જ્ઞાની–ઉંડા અભ્યાસી પિતાથી જ બની શકે.

ધન્ય છે દ્રવ્યાનુયોગના ઉંડા અભ્યાસી એ લક્ષ્મીચંદભાઈને! કે જેમની આવી ભવ્ય ભાવનાઓ આપણા જીવનને પણ ઉજ્જવલ બનાવવા સદૈવ પ્રેરે છે. ધન્ય છે એ મહાન્ પિતાને, કે જેમના કુળમાં આપણા ચરિત્રનાયકશ્રી જેવા પુત્ર–યુગપુરૂષ પુત્રરત્ન પાકયા.

મહુવાથી વિહાર કરી, તળાજા, શિહોર, વળા, બરવાળા, ધંધુકા થઈ પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા. સં. ૧૯૬૧નું આ ચોમાસુ તેઓશ્રીએ અમદાવાદ–પાંજરાપોળ ઉપાશ્રયે કર્યું.

—*—

# [૨૪]

## ક્ષેત્રસ્પર્શનાનો પ્રભાવ

ચોમાસું પૂરું થયા બાદ અમદાવાદથી વિહાર કરી પૂજ્યશ્રી શ્રીભોયણીતીર્થની યાત્રાર્થે પધાર્યા. માર્ગમાં કલોલ ગામ આવ્યું.

આ કલોલ ગામ વડોદરા સ્ટેટના કડી પ્રાંતના કલોલ તાલુકાનું મુખ્ય ગામ હતું. વર્ષો પૂર્વે અહીં મૂર્તિપૂજક જૈનોના ઘણા ઘર હતા, તથા શ્રીનેમિનાથપ્રભુનું એક દેરાસર પણ હતું. પણ ધીરેધીરે ગામમાં શ્રાવકોની વસતિ ઓછી થઈ જતાં તે પ્રભુજી પેથાપુર લઈ ગયાની લોકવાયકા હતી. દેરાસર ખંડિયેરની દશામાં પડયું હતું, અને તે જગ્યા શેઠ જેચંદ ખોડીદાસના વારસદારોના કબજામાં હતી. એ જેચંદભાઈના પુત્ર શેઠ ઘેલાભાઈ તથા તેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૌત્ર શ્રી ગોવરધન અમુલખ, કે જેઓ ઢુંઢીયા ધર્મ પાળતા હતા, તેઓને પૂજ્યશ્રીએ ઉપદેશ આપ્યો. તેમને મૂર્તિપૂજાની મહત્તા અને આવશ્યક્તા શાસ્ત્રાધારે સમજાવી. તેથી તેઓ તથા બીજા ઘણા ઢુંઢકપંથી ગૃહસ્થો પ્રતિબોધ પામ્યા, અને પોતાના કદાગ્રહ ત્યજીને મૂર્તિપૂજાની સન્મુખ બન્યા.

મૂર્તિપૂજાના આ સન્માર્ગમાં તેઓ દૃઢ બને, એ માટે દેરાસરરૂપ આલંબનની તેમને જરૂર હતી. એને માટે પૂજ્યશ્રી ભોયણીજીની યાત્રા કરીને જ્યારે અમદાવાદ પધાર્યા ત્યારે તેઓશ્રીએ શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ ને ઉપદેશ આપ્યો. તેમણે એ ઉપદેશ ઝીલી લીધો, અને પોતાના સ્વ. ધર્મપત્ની શ્રીસમરથ બહેનના સ્મરણાર્થે તેમણે જીર્ણોદ્ધાર માટે સારી રકમ આપી.

ત્યારબાદ શેઠ જેસીંગભાઈને (હઠીસિંગ કેસરીસિંગવાળા) ઉપદેશ આપીને તેમની વાડીમાં (જેસીંગભાઈની વાડીમાં) સુન્દર જિનપ્રાસાદ બનાવરાવ્યો.

સં. ૧૯૬૨માં પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે પાંચ મુમુક્ષુ ભાઈઓની દીક્ષા થઈ.

૧. બલોલના વતની એક શ્રાવકને દીક્ષા આપી, તેમનું નામ મુનિશ્રી પ્રમોદવિજયજી રાખી પોતાના શિષ્ય પં. શ્રી સુમતિવિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી ઋદ્ધિવિજયજી મ. ના શિષ્ય કર્યા.

૨. લીંબોદરાના એક ગૃહસ્થને દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી પ્રભાવવિજયજી મ. રાખી, પોતાના શિષ્ય કર્યા.

૩. પેથાપુરના એક ભાઈને દીક્ષા આપી, તેમનું નામ મુનિશ્રી શુભવિજયજી રાખીને પોતાના પ્રશિષ્ય મુનિશ્રી ઋદ્ધિવિજયજીના શિષ્ય કર્યા.

૪. પાટણના વતની શા. ઘેલા આકમચંદના સુપુત્ર શા. અમૃતલાલના ચિરંજીવી શ્રી ભીખાભાઈ નામના કિશોરને દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી વિજ્ઞાનવિજયજી મ. રાખી, તેમને સ્વશિષ્ય બનાવ્યા.

આ ચાર દીક્ષાઓ અમદાવાદમાં આપી ત્યાંથી વિહાર કરીને પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. પૂર્વે ખંભાતમાં સ્થાપેલી 'જંગમ પાઠશાળા' ચાલુ જ હતી. તેના બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ --શેઠ પુરુષોત્તમભાઈ પોપટલાલ, શેઠ દલસુખભાઈ કસ્તુરચંદ, શ્રી ઉજમશીભાઈ ઘીયા વગેરે કિશોરો તથા યુવાનો પૂજ્યશ્રી પાસે અભ્યાસાર્થે આવતા. પૂજ્યશ્રીના ઉપદેશથી એ બધાંએ ચૈત્રમાસની શ્રી નવપદજીની શાશ્વતી ઓળી વિધિપૂર્વક એક ધાન્યના આંબેલથી કરી.

૫. એ સર્વ વિદ્યાર્થીઓમાંથી શ્રી ઉજમશીભાઈ ઘીયા, કે જેમણે 'જંગમ પાઠશાળા'માં **'चन्द्रप्रभा व्याकरण'** આદિ વિશિષ્ટ ગ્રન્થોનું અધ્યયન ૧૬ વર્ષની કિશોર-વયે કરેલું, તેમને સંસારનો ત્યાગ કરી સંયમ લેવાની ભાવના જાગી. તેમણે મનમાં દૃઢ-સંકલ્પ કર્યો કે દીક્ષા લેવી જ. ત્યાર પછી તેમણે પૂજ્યશ્રીને પોતાનો સંકલ્પ-નિશ્ચય નિવેદિત કરીને પોતાને પ્રવ્રજ્યા આપવા માટે વિનંતિ કરી. એમને દીક્ષા આપવા માટે શેઠ પુરુષોત્તમદાસભાઈએ સંમતિ આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી માતર તીર્થ પાસે મેલાવ નામનું ગામ હતું. ત્યાંના શ્રાવકોને ઉજમણું કરવું હતું. તેથી તેઓ તે પ્રસંગે ત્યાં પધારવા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરવા આવ્યા. પૂજ્યશ્રીએ તે વિનંતિ સ્વીકારીને તે તરફ વિહાર કર્યો. માર્ગમાં 'દેવા' ગામે વૈશાખ સુદ પાંચમે શ્રી ઉજમશીભાઈને દીક્ષા આપી, તેમને નિજ શિષ્ય તરીકે સ્થાપ્યા. તેમનું નામ મુનિશ્રી-ઉદય વિજયજી મ. રાખ્યું. 'દેવા'થી 'મેલાવ' પધાર્યા. ત્યાં ઉદ્યાપન-મહોત્સવ ધામધૂમથી કરાવ્યો.

મુનિશ્રી ઉદયવિજયજીની દીક્ષાના સમાચાર તેમના સંસારી-કુટુંબીજનોને મળતાં તેઓ મેલાવ આવ્યા, અને મોહ-વશ થઈને તેમણે થોડો કોલાહલ કર્યો. પૂજ્ય મહારાજશ્રીએ તેમને સમજાવ્યા. નવદીક્ષિત મુનિશ્રીએ પણ સંપૂર્ણ મક્કમતા દાખવી, એટલે તેઓ શાન્ત થયા. તેઓએ પૂજ્યશ્રીને વિનંતિ કરી કે-'વડી દીક્ષા ખંભાતમાં કરો.' પૂજ્યશ્રીએ પણ તેમના સંતોષ માટે વડી દીક્ષા ખંભાતમાં કરવાનું સ્વીકાર્યું. આથી તેઓને સંતોષ થયો.

મેલાવમાં ઉદ્યાપન-મહોત્સવ પૂર્ણ કરીને પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. અને ત્યાં મુનિશ્રી ઉદયવિજયજી મ.ને યોગોદ્વહન કરાવવાપૂર્વક વડી દીક્ષા આપી.

સં. ૧૯૬૨નું આ ચાતુર્માસ પણ તેઓશ્રીએ ત્યાં જ કર્યું. આ ચાતુર્માસમાં (૧) યતિવર્યશ્રી દેવચંદ્રજીએ પોતાનો પ્રાચીન ગ્રંથભંડાર પૂજ્યશ્રીને અર્પણ કર્યો. આથી પૂજ્યશ્રીનો જ્ઞાનભંડાર સમૃદ્ધ બન્યો.

(૨) યોગોદ્વહન કરવાને સમર્થ મુનિઓને શ્રી ઉત્તરાધ્યયન, આચારાંગ, કલ્પસૂત્ર, આદિ આગમોના યોગ વહાવ્યા.

(૩) શાસ્ત્રીશ્રી દિનકરરાવ, શાસ્ત્રીશ્રી શશિનાથ ઝા વગેરે પંડિતો પાસે સાધુઓને વિવિધ દાર્શનિક શાસ્ત્રોનો પદ્ધતિપૂર્વક અભ્યાસ કરાવ્યો.

ચોમાસા પછી સુરત શ્રી સંઘના અગ્રણીઓ-શેઠ નગીનદાસ મંછુભાઈ, નગીનદાસ કપૂરચંદ, તલકચંદ સરદાર, હીરાલાલ મંછાભાઈ વગેરે પૂજ્યશ્રીને સુરત પધારવાની વિનંતિ કરવા આવ્યા. તેઓની અત્યાગ્રહભરી વિનંતિને માન આપીને પૂજ્યશ્રીએ સુરત તરફ વિહાર કર્યો.

પણ ક્ષેત્રસ્પર્શના સૌથી બળવાન વસ્તુ છે. જવાની પૂરી ઈચ્છા હોય, પણ ક્ષેત્રસ્પર્શના ન હોય તો એ ઈચ્છા પાંગળી જ બની રહે છે. જવાની ઈચ્છા ન હોય, પણ ક્ષેત્રસ્પર્શના જો હોય, તો ત્યાં અવશ્ય જવું પડે છે. આવો આ બળવાન ક્ષેત્રસ્પર્શનાનો પ્રભાવ છે.

એ જ ક્ષેત્રસ્પર્શના અહીં પણ આડી આવી. સુરતના સંઘની વિનંતિ હતી. પૂજ્યશ્રીની ત્યાં જવાની ભાવના હતી. બધું હતું, નહોતી એક ક્ષેત્રસ્પર્શના.

બન્યું એવું કે-પૂજ્યશ્રી ખંભાતથી વિહાર કરી, બોરસદ પધાર્યા. તેઓશ્રીના મુનિશ્રી નયવિજયજી મ. નામના એક શિષ્ય, કે જેઓ આજે ૯-૯ માસ થયા આયંબીલની ઓળી કરતા હતા, તેમને ચાલુ ઓળીમાં હંમેશ નાકમાંથી લોહી પડતું, તો પણ આજ દિન સુધી તેમણે આંબેલ ચાલુ જ રાખ્યા. પૂજ્યશ્રી ઘણીવાર તેમને સમજાવતા કે લોહી પડતું બંધ થાય પછી આંબેલ કરો. પણ તેમણે આંબેલ ન છોડયાં. વિહારમાં પણ ચાલુ જ હતા.

બોરસદથી આગળ વિહાર કરવાના સમયે ગામ બહાર વળાવવા આવેલ શ્રાવકોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી ઉપદેશ આપતા હતા ત્યાં જ એ મુનિરાજને ચક્કર આવવાથી પડી ગયા. પગે જામઠા થઈ ગયા. વધારે પ્રમાણમાં લોહી પડવાથી અશકિત આવી ગયેલી, તેથી આમ બન્યું.

તેમની આવી તબીયત જોઈ ને વિહાર બંધ રાખીને પૂજ્યશ્રી પુનઃ ગામમાં પધાર્યા. અને એ મુનિશ્રીની કાળજીભરી સારવાર શરૂ કરી. યોગ્ય ઔષધોપચાર કર્યા. શ્રી સંઘે પણ ખડે પગે ભકિત કરી. આથી તત્કાલ તો રાહત થઈ ગઈ. તબીયત ઘણી સારી જણાવા લાગી. પણ કાળની ગહન ગતિ કોણ કળી શકે? એક દિવસ તેઓ બપોરે એકચિત્તે પડિલેહણ કરતા હતા, તેમાં જ આયુષ્યબળ પૂરું થવાથી તેઓ સમાધિભાવે શુભલેશ્યામાં કાળધર્મ પામ્યા.

આવા તપસ્વી-ભકિતપ્રધાન મુનિશ્રીના કાળધર્મથી પૂજ્યશ્રી આદિ સૌને ઘણું જ દુઃખ થયું. પણ ભાવિ આગળ સૌ નિરૂપાય હતા.

'દુકાળ વરસમાં અધિક માસ'ની જેમ આ જ દિવસોમાં બોરસદમાં પ્લેગે દેખા દીધી. પ્લેગના કેસો પણ બનવા લાગ્યા. મુનિશ્રી નયવિજયજી કાળધર્મ પામ્યા, એ જ દિવસે મુનિશ્રી દર્શનવિજયજી મ. ને તાવ આવ્યો અને ગળામાં ગાંઠ નીકળી. મુનિશ્રી ઉદયવિજયજી મ. આદિ અન્ય મુનિઓને પણ એનાં ચિહ્નો જણાતાં પૂજ્યશ્રીએ તત્કાલ ગામમાંથી વિહાર કર્યો. અને ગામ બહારની વાડીમાં આવીને રહ્યા. ત્યાં સ્થિરતા કરીને યોગ્ય ઔષધોપચાર કરતાં સર્વ મુનિઓ સ્વસ્થ થઈ ગયા. આ વખતે મુનિશ્રી દર્શનવિજયજી મ. આદિ કેટલાક મુનિઓને શ્રીમહાનિશીથ સૂત્રના '૫૨' દિવસના આયંબીલના આગાઢ યોગ ચાલતા હતા. તેમાં આવી તબીયત નરમ થવા છતાંય તેઓએ મકકમપણે યોગ વહેવા ચાલુ જ રાખ્યા. એ યોગના પ્રતાપે જ તેમનો રોગ જલદી દૂર થયો હોય એમ સૌને લાગ્યું.

બધાં મુનિઓએ સ્વસ્થતા મેળવી લીધી એટલે પૂજ્યશ્રી વિહાર કરીને દાઓલ પધાર્યા. અહીં અઠવાડિયા પૂરતી સ્થિરતા કરી. અહીંયા દિગંબર ભાઈઓના ઘર ઘણા હતા. શ્વેતાંબરનું એકેય નહિ. પૂજ્યશ્રીની અદ્ભુત પ્રતિભાથી પ્રભાવિત બનીને એ દિગંબર શ્રાવકોએ દરેક રીતે તેઓશ્રીની ઘણી ભકિત કરી.

દાઓલથી આસોદર-વાસદ થઈ ને પૂજ્યશ્રી છાણી પધાર્યા. છેલ્લાં કેટલાંક દિવસોના ઉજાગરા આદિને કારણે તેઓશ્રીને પેટમાં દુઃખાવો રહેતો હતો. તે અંગે ઉપચાર કર્યા. પણ તેનાથી દુઃખાવો ન મટતાં સંગ્રહણીનું દર્દ વધી પડયું. એને લીધે તેઓશ્રીના પેટમાં કંઈપણ ખોરાક ટકતો નહીં. ઝડાં જ થઇ જતાં.

અધૂરામાં પૂરૂં હોય તેમ તેઓશ્રીના વિદ્વાન બાલ-શિષ્ય મુનિશ્રી યશોવિજયજી મ. ની તબીયત પણ વિશેષ નરમ થઇ.

પૂજ્યશ્રીની માંદગીના સમાચાર જાણીને પં. શ્રી આનંદસાગરજી મ. પોતાના બે શિષ્યો સાથે છાણી પધાર્યા. અને પૂજ્યશ્રીની સારવારમાં-વૈયાવચ્ચમાં જોડાયા. શ્રી યશોવિજયજી મ. ની ચિન્તા પૂજ્યશ્રીને વધારે રહ્યા કરતી હતી. તેથી તેઓશ્રીની પોતાની તબીયત પણ સુધરતી નહોતી. એ જોઈને શ્રીસાગરજી મ. આદિએ પૂજ્યશ્રી તથા બીજા આઠ-દશ મુનિઓને ગામ બહારની વાડીમાં રાખ્યા. અને યશોવિજયજી મ. તથા અમુક મુનિઓને ગામમાં રાખ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસાગરજી મ. તથા પૂજ્યશ્રીના સર્વ શિષ્યો તેઓ બન્નેની અપૂર્વ વૈયાવચ્ચમાં રાત–દિવસ તત્પર રહેવા લાગ્યા.

પૂજ્યશ્રી જ્યારે ખંભાત બિરાજતા હતા, ત્યારે ત્યાંની સંસ્કૃત પાઠશાળા માટે પંડિત શ્રીચન્દ્રધર ઝા આવેલા. તેમની સાથે નાનકપંથના 'શ્રીઅદ્વૈતાનન્દજી' નામના એક વિદ્વાન સંન્યાસી પણ આવેલા. તેઓ યોગપ્રક્રિયાના અભ્યાસી હતા. અને ખોરાકમાં કાયમ દૂધ અને કેળાં વિ. ફળો જ લેતા, અનાજ કદી પણ ન લેતાં. તેઓ જેટલા દિવસ ખંભાત રહ્યા, તેટલા દિવસ સુધી પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રાવકોએ તેમની સર્વ પ્રકારની વ્યવસ્થા સુન્દર રીતે સાચવી હતી. તેથી તથા પૂજ્યશ્રીની વિદ્વત્તાથી તેઓ ખૂબ પ્રભાવિત બન્યા હતા.

એ સંન્યાસીજી વૈદક શાસ્ત્રમાં વિશારદ હતા, ક્ષયરોગ (T. B.) વગેરે રાજરોગોના તેઓ ખૂબ નિષ્ણાત અને અનુભવી ચિકિત્સક હતા. તે કારણથી તેઓ સારી ખ્યાતિ પામેલા. તેમણે મુંબઈમાં કોઈક શ્રાવક મારફત પૂજ્યશ્રીની તબીયત નાજુક હોવાના સમાચાર જાણ્યા. તત્કાલ તેઓ પૂજ્યશ્રી પરના સદ્ભાવને લીધે છાણી આવી પહોંચ્યા. તેમણે પૂજ્યશ્રીની તથા શ્રીયશોવિજયજી મ. ની સતત સારવાર ચાલુ કરી, નિયમિત ઔષધ અને પથ્યનું સેવન કરાવવા માંડયું.

એ ઔષધોપચારના પ્રતાપે થોડા જ દિવસોમાં પૂજ્યશ્રીની તબીયત સ્વસ્થ થઈ ગઈ. સંગ્રહણીનો રોગ નાબૂદ થયો. શ્રીયશોવિજયજી મ. ને પણ વળતાં પાણી જણાવા લાગ્યા. એટલે પેલા સંન્યાસીજી સ્વસ્થાને ચાલ્યા ગયા.

પણ એમના ગયા પછી મુનિશ્રીયશોવિજયજી મ. ની તબીયત વધારે અસ્વસ્થ બની. ગળામાં શ્વાસ રૂંધાવા લાગ્યો. અવાચક જેવા બની ગયા. શ્રીસાગરજી મ. ને તેમની સ્થિતિ ગંભીર લાગી.

હવે પૂજ્યશ્રી બહાર વાડીમાં બિરાજતા હતા. તેઓશ્રીની તબીયત હજી હમણાં જ સુધરી હતી. તેથી ચિન્તા થાય એવી આ વાત તેઓશ્રીને કરવી કે નહિ. એવી દ્વિધામાં તેઓ પડયા. છેવટે શ્રીદિનકરરાવ શાસ્ત્રીની સલાહથી પૂજ્યશ્રીને એ વાત જણાવવાનો વિચાર કર્યો.

તેઓ શાસ્ત્રીજીને સાથે લઈને વાડીએ ગયા, અને પૂજ્યશ્રીને આઘાત ન લાગે તે માટે પહેલાં શાસ્ત્રીય દૃષ્ટાન્તો આપવા માંડયા કે : શ્રી મહાવીર પ્રભુની વિદ્યમાનતામાં જ તેમના ૯ ગણધરો મોક્ષે ગયેલા. વિ. વિ.

આ બધાં દૃષ્ટાન્તો સાંભળીને ચકોર પૂજ્યશ્રી બધું પામી ગયા. તેમણે પૂછયું : બીજી બધી વાતો પછી, યશોવિજયજીની તબીયત કેમ છે ? તે સ્પષ્ટ કહો.

શ્રીસાગરજી મહારાજે તેમની ગંભીર હાલતની વાત કરી. પૂજ્યશ્રી તરત જ ગામમાં પધાર્યા. યશોવિજયજી મ.ની તબીયત જોઈ. તેઓશ્રીને લાગ્યું કે ગળામાં કફ અટકી જવાથી આમ બનવા પામ્યું છે. બીજું કોઈ કારણ નથી. એટલે તેઓશ્રીએ ટંકણખારના ઉપચારથી જ એ કફ ગાળી નાખ્યો. અને શક્તિ માટે જરા દૂધ વપરાવ્યું. ધીરે ધીરે ગળું ઉઘડવા લાગ્યું. ત્યારપછી થોડા દિવસોમાં તેમની તબીયત સ્વસ્થ બની ગઈ. શરીરબળ પણ વધ્યું. ને સૌની ચિન્તા ઓછી થઈ ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ શ્રીયશોવિજયજી મ. ની તબીયત સારી થઇ, ત્યાં પુનઃ પૂજ્યશ્રીને સંગ્રહણીનો ઉપદ્રવ શરૂ થયો. વડોદરાથી રાજવૈદ્ય શ્રી બાપુલાલ હીરાલાલ તથા શ્રી છોટાલાલ વિગેરે વંદનાર્થે આવ્યા. તેમણે પૂજ્યશ્રીને વિનંતિ કરી કે વડોદરા પધારો તો વ્યવસ્થિત સારવાર કરી શકાય.

પૂજ્યશ્રી પણ કંઈક શકિત આવ્યા પછી વડોદરા પધાર્યા, અને ત્યાં રાજવૈદ્ય બાપુલાલ-ભાઇની દવાથી તેઓશ્રીનો વ્યાધિ મટી ગયો.

આ દિવસોમાં શ્રીશત્રુંજય મહાતીર્થ અંગેની વાટાઘાટો સંઘ અને સ્ટેટ વચ્ચે ચાલી રહી હતી. તેને માટે શેઠ શ્રી મનસુખભાઇ તથા શેઠ શ્રી લાલભાઇએ પૂજ્યશ્રીને આ તરફ જ બિરાજ-વાની વિનંતિ કરતાં પૂજ્યશ્રીએ સુરત તરફનો વિહાર બંધ રાખ્યો.

ખરેખર ! ક્ષેત્રસ્પર્શના બલવતી છે.

---

# [૨૫]

## સૂરિચક્રચક્રવર્તી

વડોદરાના શ્રીસંઘની વિનંતિથી મુનિશ્રી ઋદ્ધિવિજયજી મ. આદિ ત્રણ મુનિઓને પૂજ્યશ્રીએ ત્યાં ચોમાસું રાખ્યા. અને પોતે સપરિવાર ડભોઈ પધાર્યા. અહીં શ્રીલોઢણ પાર્શ્વનાથ ભગવાનના તથા ન્યાય વિશારદ ન્યાયાચાર્ય પ.પૂ. મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજની ચરણ-પાદુકાના દર્શન કર્યા.

અહીંયા-ખંભાતના શેઠ પોપટભાઈ અમરચંદ વગેરે આગેવાન ગૃહસ્થો ખંભાત-જીરાવલાપાડામાં ૧૯ દેરાસરોમાંથી તૈયાર થયેલા એક ભવ્ય શિખરબંધી જિનાલયની પ્રતિષ્ઠા કરાવવા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરવા આવ્યા. આ દેરાસર પૂજ્યશ્રીની સત્પ્રેરણાથી તૈયાર થયેલું, અને તેમાં તેઓશ્રીની પ્રેરણાથી શેઠ મનસુખભાઈએ હજારો રૂપિયાની મદદ પણ ઘણીવાર કરેલી.

પોપટભાઈ શેઠ વિ. ની ઘણી વિનંતિ થવાથી પૂજ્યશ્રી વૈશાખ માસમાં ખંભાત પધાર્યા. ત્યાં મોટા મહોત્સવ અને ઘણી ધામધૂમપૂર્વક જેઠ સુદ દશમના દિવસે એ મહાન્ જિન-પ્રાસાદમાં જુદા જુદા ૧૯ ગર્ભગૃહો-ગભારાઓમાં ૧૯ જિનાલયના મૂળનાયકજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. અને દેરાસરના મૂળનાયક તરીકે શ્રીચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાન્‌ના આલ્હાદક અને ચમત્કારિક પ્રતિમાજી બિરાજમાન કર્યા.

આ દેરાસરના ભૂમિગૃહમાં શ્રીગિરનાર-તીર્થપતિ શ્રીનેમિનાથ પ્રભુની પ્રતિમા જેવી જ શ્રીનેમિનાથ ભગવાનની અદ્‌ભુત અને રમણીય પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી.

ઇતિહાસ બોલે છે કે-જ્યારે કાન્યકુબ્જનરેશ 'આમ' રાજાએ શ્રીગિરનાર આદિ તીર્થોનો છ 'રી' પાળતો સંઘ કાઢ્યો, ત્યારે તે રાજાએ પ્રતિજ્ઞા લીધી કે-"જ્યાં સુધી શ્રીગિરનાર તીર્થપતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમનાથ પ્રભુના દર્શન ન કરું, ત્યાં સુધી મારે અન્ન-જળ ત્યાગ છે.'' આવી આકરી પ્રતિજ્ઞાનું પાલન કરતાં તેઓ ખંભાત સુધી આવ્યા. પણ ત્યાં તેમની તબિયત લથડી. એ જોઈને શ્રી સંઘની વિજ્ઞપ્તિથી પ.પૂ. આચાર્યભગવંત શ્રીબપ્પભટ્ટિસૂરીશ્વરજી મહારાજે શ્રીઅંબિકાદેવીને આરાધના કરવાપૂર્વક બોલાવીને આ પરિસ્થિતિમાં કોઈ ઉપાય સૂચવવા વિનંતિ કરી. શ્રી અંબિકાદેવીએ તે જ સમયે શ્રીનેમનાથપ્રભુનું એક બિંબ લાવી આપીને કહ્યું: ''આ બિંબના દર્શન-પૂજન કરવાથી રાજાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ ગણાશે.'' આથી સકલસંઘમાં આનંદ આનંદ વર્તાયો. રાજાએ પણ પ્રભુનાં દર્શન કરી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી, ને પારણું કર્યું.

કિંવદન્તી એવી છે કે-અંબિકાદેવીએ આમરાજા માટે લાવેલું એ બિંબ, એ જ આ શ્રી નેમિનાથ પ્રભુનું બિંબ છે.

બીજી એક લોકોક્તિ એવી પણ છે કે-આ દેરાસરથી માંડીને શ્રી ગિરનારજી પર્યન્તનું સળંગ ભોંયરૂં છે.

પ્રતિષ્ઠા થયા પછી શ્રી સંઘની વિનંતિથી પૂજ્યશ્રીએ ૧૯૬૩નું એ ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું.

આ ચોમાસામાં પૂજ્યશ્રીએ સ્વસંગૃહીત પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થો-પ્રતિઓની નોંધ કરીને એ બધાં ગ્રન્થો ઉપર સંરક્ષણ માટે રૂમાલ-વિ. બંધાવ્યા.

શેઠ મનસુખભાઈ, તથા શેઠ લાલભાઇ દલપતભાઈ વગેરે આણંદજી કલ્યાણજી પેઢીના અગ્રણીઓ શ્રી શત્રુંજય આદિ તીર્થોના કાર્ય માટે પ્રાયઃ દર રવિવારે ખંભાત પૂજ્યશ્રી પાસે આવતા. અને તે કાર્યોમાં પૂજ્યશ્રીનું બુદ્ધિમત્તાભર્યું માર્ગદર્શન મેળવતા.

શેઠ પોપટભાઈ અમરચંદના કુટુંબમાં એવો નિયમ હતો કે-છોકરો ઉંમરલાયક થાય એટલે એણે ઉપધાન તપની આરાધના કરવી જ જોઈએ. આ વખતે પણ શેઠ પોપટભાઈના નાનાભાઇ શ્રી ઉજમશીભાઈ ઉંમરલાયક થયા છતાં શારીરિક કારણને લીધે ઉપધાન નહોતા કરી શકતા. તેથી શેઠ પુરુષોત્તમદાસભાઇ તેમને વારંવાર પ્રેરણા કરીને પૂજ્યશ્રી પાસે લઈ આવ્યા. પૂજ્યશ્રીએ પણ એ વિષે તેમને પ્રેરણા કરી. તેથી તેમને (ઉજમશીભાઇને) ઉપધાન કરવાની ભાવના થઈ. એટલે આસોમાસમાં શેઠ પોપટભાઇ અમરચંદ તરફથી પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન તપની ભવ્ય-આરાધના કરવામાં આવી. શ્રી ઉજમશીભાઇએ પણ હૈયાની ભાવનાથી ઉપધાન કર્યાં.

આ તરફ-વડોદરામાં ચાતુર્માસ બિરાજેલા પૂજ્યશ્રીના શિષ્ય મુનિશ્રી ઋદ્ધિવિજયજી મહારાજને 'દમ'નો વ્યાધિ હતો. તે જ વ્યાધિમાં તેઓ વડોદરામાં કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીને એક વિનયી-ભકિતવંત તથા અભ્યાસી શિષ્ય રત્નની ખોટ પડી.

એ મુનિશ્રી ઋદ્ધિવિજયજી મ.ના ઉપદેશથી વડોદરાના શ્રી જેચંદભાઇ નામક એક ભાવિક ગૃહસ્થ પ્રતિબોધ પામેલા, તેઓ દીક્ષા ગ્રહણ કરવા માટે ચોમાસા પછી ખંભાત પૂજ્યશ્રી પાસે આવ્યા.

કાર્તિક વદિ ૧૧ના શુભ દિવસે પૂજ્યશ્રીએ તેમને દીક્ષા આપીને સ્વશિષ્યરત્ન મુનિશ્રી ઉદયવિજયજી મ. ના શિષ્ય તરીકે મુનિશ્રી જયવિજયજી મ. નામે સ્થાપિત કર્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતમાં છોકરાઓને ધાર્મિક શિક્ષણ માટે સ્થાન હતું. પણ છોકરીઓને માટે એવું કોઈ સ્થાન ન હોવાથી તેમને પણ ધાર્મિક-વ્યવહારિક શિક્ષણ મળે એ હેતુથી પૂજ્યશ્રીએ શ્રી સંઘને ઉપદેશ આપીને "શ્રી વૃદ્ધિવિજયજી જૈન કન્યાશાળા" ની સ્થાપના કરાવી.

કન્યાશાળા માટે પૂજ્યશ્રીના ઉપદેશથી ભાવનગર તેમજ અમદાવાદના ગૃહસ્થો તરફથી એક મકાન વેચાણ લેવામાં આવ્યું. તેમાં કન્યાશાળા ચાલવા લાગી. ખંભાતના શ્રીસંઘે એ કન્યાશાળાના નિભાવ માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી કાયમી અને સારૂં એવું નિભાવફંડ કર્યું.

ચોમાસા પછી-પૂજ્યશ્રીને કાઠિયાવાડ તરફ પધારવા માટે વડીલ ગુરૂબંધુ પૂ.પં. શ્રી. ગંભીરવિજયજી મ. તરફથી વારંવાર પ્રેરણા થતી હતી. તેઓશ્રીએ ભાવનગરના આગેવાનોને વિનંતિ કરવા પણ મોકલ્યા હતા. વળી ચાલુ વર્ષમાં (૧૯૬૪માં) ભાવનગરમાં અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સનું અધિવેશન ભરાવાનું હતું, જેના પ્રમુખ શેઠ શ્રી મનસુખભાઇ ભગુભાઈ થવાના હતા. તેમની પણ તે અંગે ત્યાં પધારવાની આગ્રહ-ભરી વિનંતિ હતી. પણ કલોલમાં પૂજ્યશ્રીના ઉપદેશથી શેઠ જમનાભાઈ તરફથી તૈયાર થયેલા જિન-મંદિરની પ્રતિષ્ઠા કરાવવાની હોવાથી તેઓશ્રીએ એ પ્રતિષ્ઠા કરાવ્યા પછી ભાવનગર તરફ જવાનો વિચાર રાખ્યો.

તદનંતર પૂજ્યશ્રી ખંભાતથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. ત્યાં ૮ દિવસ સ્થિરતા કરીને કલોલ પધાર્યા. મુનિવરશ્રી મણીવિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી કમલવિજયજી મ. ને પૂજ્યશ્રીએ વડી દીક્ષા આપી.

ખંભાતમાં ઉપધાનની પૂર્ણાહુતિ વખતે શા. અંબાલાલ પ્રેમચંદ નામના એક શ્રાવકે ઉપધાન કરવાની પોતાની તીવ્ર અભિલાષા દર્શાવી. તેથી તેમના ઉપર અનુગ્રહ કરીને પૂજ્યશ્રીએ તેમને ઉપધાનમાં દાખલ કર્યા. અને વિહારમાં સાથે રાખીને ઉપધાનની ક્રિયા કરાવી. તે ભાઈને અહીં-કલોલમાં પૂજ્યશ્રીએ માળારોપણ કર્યું. તેનો લાભ શેઠશ્રી જમનાભાઈએ લીધો.

શેઠ મનસુખભાઇ એક ધનવાન્ વ્યાપારી તરીકે, તથા જૈનધર્મના અગ્રણી શ્રાવક તરીકે સર્વત્ર વિખ્યાત હતા. તેમની કારકિર્દીની સુવાસ મોટાં મોટાં રજવાડાઓમાં પણ ફેલાયેલી હતી. તેથી આ પ્રતિષ્ઠા પ્રસંગે તેમના નિમંત્રણથી વડોદરાનું રાજકુટુંબ આવ્યું હતું. અમદાવાદથી પણ અનેક જૈન-જૈનેતરો આવ્યા હતા.

પ્રતિષ્ઠા-મહોત્સવ મંડાયો. દિવસે દિવસે ઉમંગનો રંગ વધતો જ ગયો. શેઠની ભક્તિ અને ભાવના અદ્ભુત હતી. ધનવ્યય પણ તેમણે ઘણો કર્યો. સૌનો સહકાર પણ હતો. એટલે મહોત્સવમાં કોઈ અનેરો ઉત્સાહ વર્તાવા લાગ્યો.

મહાશુદિ પાંચમના મંગલમય દિવસે પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે એ જિનાલયની પ્રતિષ્ઠા થઈ. કહેવાય છે કે-આવો પ્રતિષ્ઠા-મહોત્સવ તે સમયમાં કોઈ ઠેકાણે નહોતો થયો.

પ્રતિષ્ઠા પછી પૂજ્યશ્રી શ્રીભોયણીતીર્થની મહાશુદ ૧૦ ની વર્ષગાંઠ પ્રસંગે ત્યાં પધાર્યા. શ્રીમલ્લિનાથ પ્રભુની યાત્રા કરી. વર્ષગાંઠ પણ ઉત્સવની જેમ ઉજવી. એ પ્રસંગે શેઠ મનસુખ-ભાઇ તથા જમનાભાઈ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ નવકારશી કરવામાં આવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી વિહાર કરી–રામપુરા ભંકોડા, પંચાસર, શ્રી શંખેશ્વરજી તીર્થ, પાટડી, બજાણા, ખેરવા થઈને પૂજ્યશ્રી વઢવાણ પધાર્યા. ત્યાં કેટલાક દિવસ સ્થિરતા કરી, લીંબડી, બોટાદ વગેરે ગામોમાં થઈને તેઓશ્રી ભાવનગર પધાર્યા.

ભાવનગરમાં અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. પૂ. સંઘની કોન્ફરન્સનું છઠ્ઠું અધિવેશન થયું. એના પ્રમુખ તરીકે પૂજ્યશ્રીના અનન્ય ભક્ત શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈ હતા. ભારતમાં જુદા જુદા શહેરોમાં વસતા મોટાં શ્રેષ્ઠિવરો એમાં ભાગ લેવા આવ્યા હતા. એ કોન્ફરન્સમાં આપણા ચરિત્રનાયકશ્રીએ પ્રતિદિન કલાકો સુધી પોતાની પ્રભાવશાલી છટાથી અને હૈયાસોંસરવી ઉતરી જાય એવી વાણીથી જૈન સંઘના મહાન્ તીર્થો–શ્રીસમેતશિખરજી, શ્રીગિરનારજી, શ્રીશત્રુંજય વગેરેની સુરક્ષા માટે ઉપદેશનો ધોધ વહાવ્યો. એનો પડઘો અપૂર્વ પડ્યો. આ પ્રવચનોએ તીર્થરક્ષા માટે લોકોને ચેતનવંતા અને જાગૃત બનાવી દીધા. પૂજ્યશ્રીના આ વ્યાખ્યાનોમાં ભાવનગર સ્ટેટના દિવાન સર પ્રભાશંકરભાઈ પટ્ટણી, નડિયાદના ગાયકવાડી સૂબા શ્રીનાનાસાહેબ. તથા જુનાગઢના દિવાન વગેરે રાજ્યાધિકારીઓ આવતા, અને ઉપદેશ–શ્રવણ કરીને પ્રભાવિત બનતા.

આ વખતે–તપાગચ્છમાં એક પણ સમર્થ આચાર્ય મહારાજ નહોતા. તેથી કોઈ સમર્થ–પ્રતિભાસંપન્ન અને શાસન પ્રભાવક મુનિવરને આચાર્યપદે સ્થાપવાના વિચારો શ્રી સંઘમાં ચાલતા હતા. જેઓએ વિધિપૂર્વક યોગોદ્વહન કર્યા હોય, તેમને આચાર્યપદ આપવું એ જ શાસ્ત્રવિહિત હતું.

એની યોગ્યતા પૂ.પં. શ્રી ગંભીરવિજયજી મ. તથા મુનિપ્રવર શ્રી મણીવિજયજી મહારાજે આપણા પૂજ્યશ્રીમાં દરેક રીતે જોઈ. તેઓએ શ્રીસંઘને એ હકીકત જણાવી. કોન્ફરન્સ પ્રસંગે ભારતભરના સંઘાગ્રણીઓ એકત્ર થયેલા. તેમણે આ વાત વધાવી લીધી. અને પૂજ્યશ્રીને આચાર્યપદવી આપવા માટે પૂ. પંન્યાસજી મ.ને વિનંતિ કરી. પૂ. પંન્યાસજી મહારાજે પણ પોતાના લઘુગુરૂબંધુ તથા આપણા ચરિત્રનાયક પૂ. પં. શ્રી નેમિવિજયજી મહારાજને શ્રી સૂરિમંત્રના પંચપ્રસ્થાનની ઓળીની આરાધના શરૂ કરાવી. અને જેઠ મહિનામાં શુદ્ધ પાંચમનો દિવસ આચાર્યપદવી માટે નિયત કરવામાં આવ્યો. એ અનુસાર શ્રીસંઘે ઘણા જ ઠાઠમાઠથી મહોત્સવ ઉજવવો શરૂ કર્યો. એ મહોત્સવનું સવિસ્તર બયાન આપણે તે વખતના 'જૈન-ધર્મ પ્રકાશ" માસિકમાંથી મેળવીએ.

## ભાવનગરમાં આચાર્યપદવીનો મહાન્ ઉત્સવ

"શાસ્ત્રાનુસાર વિચાર કરતાં મુનિ મહારાજના સમુદાયમાં આચાર્ય ઉપાધ્યાયાદિ પાંચે પદની ખાસ આવશ્યકતા છે. શ્રી વિજયસિંહસૂરિ મહારાજની આજ્ઞાથી પંન્યાસજી શ્રીસત્યવિજયજીએ ક્રિયાઉદ્ધાર કર્યો તે વખતે તેમને આપેલ પંડિતપદ તે એક પ્રકારના આચાર્યનું જ બોધક છે. ત્યારપછી ઘણા કાળ પર્યન્ત પ્રતીક્ષા કર્યા છતાં મુખ્ય પટ્ટધર આવનારા આચાર્યો દિનપરદિન વિશેષ શિથિલ થતા ગયા. ક્રમેક્રમે પાંચે મહાવ્રતોનો લોપ થયો અને મુનિપણું પણ તેમનામાંથી કથાશેષ થઇ ગયું. તેમના સુધરવાની – ક્રિયાઉદ્ધાર કરવાની આશા બિલકુલ નાબુદ થઈ ગઈ. એટલે છેદસૂત્રના કથનાનુસાર ભગવતી સૂત્ર પર્યંતના યોગોદ્વાહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાન મુનિરાજને વિધિવિધાન સંયુક્ત આચાર્યપદ આપવાની આવશ્યકતા જણાવાથી સંવેગમાર્ગમાં શિરોમણિભૂત મુનિ મહારાજશ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજના પુન્યપ્રતાપી ચંદ્રછાયાવત્ શીતળતાદાયી શિષ્ય મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રી નેમવિજયજી ગણીને તે પદ આપવાનો નિરધાર કરવામાં આવ્યો.

પંન્યાસજી શ્રી નેમવિજયજી વિગેરે મુનિવર્ગની તથા શ્રી ભાવનગરના સંઘની પ્રથમ ઈચ્છા પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી ગણીને આચાર્યપદ આપવાની હતી. પરંતુ તેમાં દાયકની (વિધિપૂર્વક યોગોદ્વહન કરીને પદસ્થ થયેલા અને તેઓને પદવી આપી શકે તેવા વડીલ મુનિરાજની) અપેક્ષા હોવાથી તે ઈચ્છા ફલીભૂત થઈ શકે તેવું ન જણાવાથી ઉપર પ્રમાણે નિર્ણય કરી બહારગામથી જૈન સમુદાયના આગેવાન ગૃહસ્થો પધારી શકે તે હેતુથી કુંકુમ પત્રિકા બહાર પાડવામાં આવી અને તે સુમારે ૩૦૦ ઉપરાંત શહેરો તથા ગામોના સંઘ ઉપર અને આગેવાન ગૃહસ્થો ઉપર મોકલવામાં આવી. મુનિવર્ગને પણ આમંત્રણ કરવા માટે ખાસ કુંકુમ પત્રિકાઓ મોકલી. ત્યારબાદ જેષ્ઠ સુદિ ૩ મંગળવારથી તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ કરવાનું ઠરાવી તેનું પ્રોગ્રામ છપાવી બહાર પાડયું.

શ્રીસંઘનો ઉત્સાહ વિશેષ હોવાથી ખર્ચને માટે એક ટીપ શરૂ કરી. અને મોટા દહેરાસરની અંદર મહોત્સવ નિમિત્તના ખાસ મંડપમાં શ્રી મેરૂપર્વતની સુંદર રચના કરવામાં આવી. આ મેરૂ ચૂલિકા ઉપરના જિન મંદિર સહિત ૧૦ ફુટ ઉપરાંત ઉંચો કરવામાં આવ્યો. પહોળાઈ ફુટ ૭ ની રાખી. તેની બાજુની જમીનને ભદ્રશાળવન કલ્પી તેની અંદર ચાર કોણે ચાર ભૂમિકૂટ રચી તેના પરની ચાર દેરીઓમાં ચૌમુખ પધરાવ્યા હતા. મેરૂ પર્વત ઉપર ચડતાં પ્રથમ ૫૦૦ યોજને આવનારૂં નંદનવન વનસ્પતિ વડે અલંકૃત કર્યું હતું. અને તેની અંદરના ૪ ચૈત્ય જરા ઉંચા ઝુલાવીને તેમાં એકેક બિંબ પધરાવ્યા હતા. ત્યારપછીના ૬૩૦૦૦ યોજન ઉંચા સોમનસ વનમાં અને તેનાથી ૩૬૦૦૦ યોજન ઉંચા પાંડુકવનમાં પણ ચારે બાજુ ચાર ચાર સુશોભિત ચૈત્યો કરી તેમાં એકેક બિંબ પધરાવ્યા હતા. મધ્યમાં રહેલી ૪૦ યોજન ઉંચી ચૂલિકાનું ચૈત્ય ઘણું જ રમણીય બનાવી તેમાં ચૌમુખ પધરાવ્યા હતા. આ આખો પર્વત સુવર્ણ તથા રૌપ્યમય તેમજ કુદરતી અને કૃત્રિમ વનસ્પતિમય બનાવવામાં આવ્યો હતો. તેમજ જુદાજુદા ચૈત્યોની અંદર જડેલા અરીસાઓથી રાત્રિએ રોશની થતાં ઘણો અદ્ભુત દેખાવ થઈ રહેતો હતો. મંડપની અંદર પણ રોશનીના સાધનો તરીકે ચીનીખાનું પુષ્કળ બાંધેલું હતું.

જેઠ સુદિ ૩ જે સવારમાં દરેક ચૈત્યમાં પ્રભુ પધરાવવામાં આવ્યા હતા. એકંદરે ૩૨ બિંબ બિરાજમાન થયા હતા. તેમની સમક્ષ આઠે દિવસ બપોરે ક્રમસર શ્રી સત્તરભેદી, શ્રી પંચકલ્યાણકની, અષ્ટપ્રકારી, નવાણું પ્રકારી, પંચજ્ઞાનની, નવપદજીની, બારવ્રતની અને નંદીશ્વર દ્વીપની પૂજા ભણાવવામાં આવી હતી. ફળ નૈવેદ્યાદિક વડે સારી રીતે દ્રવ્યભક્તિ કરવામાં આવતી હતી. તે સાથે બહારગામથી પ્રવીણ ભોજકને પણ બોલાવેલા હતા. જેથી ભાવભક્તિમાં પણ સારો રસ જામતો હતો.

આચાર્યપદારોપણનો દિવસ જેઠ શુદિ ૫ ગુરૂવારનો હોવાથી શુદિ ૪થે બહારગામથી ઘણા ગૃહસ્થો પધાર્યા હતા. અમદાવાદથી નગરશેઠ શ્રી ચીમનભાઈ લાલભાઈ, કસ્તુરભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણીભાઇ, શેઠ મનસુખભાઈ ભગુભાઈ, દલપતભાઇ મગનભાઈ, કાળીદાસ ઉમાભાઈ, મોહનલાલ-ભાઈ મૂળચંદભાઈ તથા વકીલ મોહનલાલ મગનલાલ અને શ્રીતત્વવિવેચક સભાના આગેવાન સભાસદો ઉપરાંત શ્રી ખંભાતથી શેઠ પોપટભાઈ અમરચંદ અને પરશોતમભાઈ પોપટભાઇ, વિગેરે, સુરતથી ઝવેરી છોટાભાઈ લલ્લુભાઈ, બોટાદથી શેઠ લલ્લુભાઈ ભાઇચંદ તથા છગનલાલ મૂળચંદ અને મહુવાથી શેઠ ગાંડાલાલ આણંદજી વિગેરે આવ્યા હતા. અમદાવાદના ગૃહસ્થો રાજ્ય તરફના ઉતારે ઊતર્યા હતા. આ શુભપ્રસંગમાં સંમતિ તેમજ મુબારકબાદી વિગેરે સૂચવનારા અનેક તારો તેમજ પત્રો આવ્યા હતા. તેમા મુખ્ય નીચે જણાવેલા ગૃહસ્થોના હતા.

ઝવેરી કલ્યાણચંદ સૌભાગચંદ = મુંબઈ;
શેઠ પ્રેમચંદ રાયચંદ ,,
ઝવેરી મોહનલાલ હેમચંદ ,,
શા. મોહનલાલ પૂંજાભાઈ ,,
શા. ભગુભાઈ ફતેહચંદ ,,
શા. અમરચંદ ઘેલાભાઈ ,,
શા. કપૂરચંદ ઝવેરચંદ ,,

શા. વાડીલાલ હીરાચંદ = ચાણસ્મા
શ્રી સંઘ સમસ્ત = ધોલેરા
શ્રી સંઘ સમસ્ત = લીંબડી
કપાસી વર્ધમાન ભુખણ = ચુડા
શ્રી સંઘ સમસ્ત = મહુવા

રા. રા. ગોપાળદાસ વિહારીદાસ = નડીયાદ.
દરબાર શ્રી વખતસિંહજી મેઘરાજજી = વળા.
રા. રા. જીવરાજ ઓધવજી = ગઢડા
ન્યાયાધીશ
શા. હરીલાલ જુઠાભાઈ = ધ્રાંગધ્રા
શેઠ અનુપચંદ મલુકચંદ = ભરૂચ
શેઠ લાલભાઈ દલપતભાઈ = અમદાવાદ
શેઠ પુરુષોત્તમભાઈ મગનભાઈ = ,,
ઓશવાળ યુનીયન કલબ = ,,
શેઠ ચીમનભાઈ નગીનદાસ તથા =
અંબાલાલ સારાભાઈ ,,
બાબુસાહેબ ધનપતિસિંહજી = મુર્શિદાબાદ
બાબુસાહેબ સીતાબચંદજી = ,,
શા. નારણજી અમરશી = વઢવાણ

આ સિવાય બીજા કેટલાક પત્રો તથા તારો ગૃહસ્થોના આવ્યા હતા. અને કેટલાક મુનિ-રાજના પણ સંમતિપત્રો આવ્યા હતા.

આચાર્યપદારોપણની ક્રિયા શુદિ ૫ મે પ્રાતઃકાળમાં જ દાદાવાડીના જિનમંદિરની આગળના ભાગમાં ઉભા કરેલા ખાસ સમીયાણામાં શરૂ કરવામાં આવી હતી. તમામ ક્રિયા પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજે કરાવી હતી. ક્રિયા કરાવનાર અને કરનાર બંને પ્રવીણ હોવાથી અપૂર્વ સંયોગ બન્યો હતો. સાધુ-સાધ્વીનો સમુદાય પણ સારો મળ્યો હતો. સુમારે ૫૦ ઠાણા હતા. બહારગામના અને ભાવનગરના શ્રાવક-શ્રાવિકાઓનો સમુદાય બહુ મોટી સંખ્યામાં એકત્ર મળ્યો હતો. જેની અનુમાનગણના ૪૦૦૦ની થતી હતી. સૌ એક ધ્યાનથી ક્રિયા જોતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતું. અને શબ્દરચના સાંભળતું હતું. તેમાં પણ ગણાચાર્ય તરીકે ચતુર્વિધ સંઘે વાસક્ષેપ કર્યો તે વખતની શોભા અને દેખાવ અપૂર્વ હતા. શ્રીસંઘ સમક્ષ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિ નામ સ્થાપન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમને જે શિક્ષા આપવામાં આવી હતી, તે તેમજ આચાર્યશ્રીએ આપેલો ઉપદેશ હૃદયમાં કોતરી રાખવા જેવો હતો. પ્રાંતે શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

ત્યારબાદ સર્વ સમુદાય સાથે આચાર્યશ્રી શહેરની અંદર મુખ્ય મંદિરે દર્શન કરવા પધાર્યા હતા. સંઘ તરફથી તે પ્રસંગે એક સારો વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

જેષ્ઠ સુદિ ૭ મે જળયાત્રાનો વરઘોડો ઘણી ધામધુમ સાથે કાઢવામાં આવ્યો હતો.

જેષ્ઠ સુદિ ૯ મે છપ્પન દિશાકુમારિકા તથા સૌધર્મેન્દ્રના પાંચરૂપનો પ્રભુ સહિત વરઘોડો કાઢવામાં આવ્યો હતો. છપ્પન દિશાકુમારિકાના ૭ વિભાગ કરી પ્રથમની ૮ સંવર્ત–વાયુ વડે ભૂમિ શુદ્ધ કરનારી કુમારિકાના હાથમાં સુંદર મોરપીંછ આપવામાં આવી હતી. બીજી ૮ ગંધોદક વડે વૃષ્ટિ કરનારી કુમારિકાના હાથમાં ગુલાબજળથી ભરેલી સુંદર ગુલાબદાનીઓ આપવામાં આવી હતી. ત્યાર પછીની ૮ના હાથમાં દર્પણ, ૮ ના હાથમાં કળશ, ૮ ના હાથમાં વીંઝણા, ૮ ના હાથમાં ચામર, અને છેલ્લી ૮ ના હાથમાં દીપકયુકત ફાનસો આપવામાં આવ્યા હતા. કળશ ૮ પૈકી બે સુવર્ણના, બે ૧૦૮ નાળવાળા, બે વૃષભાકૃતિના અને બે વૃષભવદનવાળા હતા. ૮ પંખામાં બે ઘણા સુશોભિત પુષ્પના ભરેલા તથા બાકીના રૂપાની ડાંડીવાળાં અને કશબ ટીપકીના ભરેલા હતા. દીપક ધારણ કરનારી ૪ કુમારિકા હોય છે. પરંતુ સૂતિકર્મ કરનારી ૪ કુમારિકાઓના હાથમાં પણ દીપક આપવામાં આવ્યા હતા.

છપ્પન દિશાકુમારિકાઓની પાછળ થોડે દૂર સૌધર્મેંદ્રનો આદેશ મળેલ ગૃહસ્થ સુંદર વસ્ત્રાભરણે ભૂષિત થઈ એક સુંદર જિનબિંબને આંગી રચાવી હાથમાં ધરી રાખીને ચાલતા હતા. તેમની પાછળ બીજા ગૃહસ્થ મેઘાડમ્બર છત્ર ધારણ કરીને ચાલતા હતા. બે બાજુ બે ઈંદ્ર ચામર વીંઝતા હતા. અને એક આગળ રૂપાનું સુંદર વજ્ર ઉછાળતા ચાલતા હતા. બાકીના ઇન્દ્રોનો આદેશ મેળવેલ બીજા ગૃહસ્થો પણ પવિત્ર થઇને પવિત્ર વસ્ત્ર પરિધાન કરી સાથે ચાલતા હતા. આગળ ગીતગાન અને વાજીંત્ર વાગ્યા કરતા હતા.

આ વરઘોડાની શોભા બહુ સરસ આવેલી હોવાથી જૈન ઉપરાંત અન્ય દર્શનીઓ પણ અનુમોદના કરતાં નજરે પડતા હતા. માણસોની ઠઠ પારાવાર હતી. આ વરઘોડો શહેરના બહોળા ભાગમાં ફરીને મોટા દેરાસરે આવ્યો હતો. ત્યાં તૈયાર કરાવી રાખેલા કેળના ઘરમાં પ્રભુને સિંહાસન પર પધરાવવામાં આવતાં દિશાકુમારિકાઓએ પોતપોતાની ક્રિયા કરી હતી. પ્રથમ પીંછીવાળી કુમારિકાઓએ પ્રભુના શરીર ઉપર અને આજુબાજુ પીંછી વડે વિશુદ્ધિ કરી હતી. ત્યારપછી ગુલાબદાનીવાળી કુમારિકાઓએ સર્વત્ર ગુલાબજળ છાંટી કદલીગૃહને સુગંધી બનાવી દીધું હતું. ત્યારપછી દર્પણવાળી દર્પણ બતાવી એક બાજુ ઉભી રહી હતી. ચામરવાળી ચામર વીંઝી, પંખાવાળી પંખો કરી અને દીપકવાળી દીપક દેખાડી ચારે દિશાએ જુદી જુદી ઉભી રહી હતી. પછી ભૃંગારવાળી કુમારિકાઓએ પ્રભુને અભિષેક કર્યો હતો. સર્વે કુમારિકાઓને તે લાભ આપવામાં આવ્યો હતો. પછી પ્રભુને ઉત્તમ વસ્ત્ર વડે નિર્જળ કરી, અષ્ટપ્રકારી પૂજા કરાવી, આભૂષણ પહેરાવી આરતી ઉતરાવવામાં આવી હતી. અને એક

Jain Education International                    For Private & Personal Use Only                    www.jainelibrary.org

કુમારિકાએ પ્રભુને રક્ષા પોટલી બાંધી હતી. એ પ્રમાણે દિશાકુમારિકાઓનો મહોત્સવ પૂર્ણ થયો હતો.

જેઠ સુદિ ૧૦ મંગળવારે ઇંદ્રોએ મેરૂપર્વત ઉપર પ્રભુને લઈ જઈને કરેલા સ્નાત્રાભિષેકવત્ અહીં પણ ખાસ મેરૂની જ ઉપર ચૂલિકાવાળા ચૈત્યની અંદર સૌધર્મેંદ્રનો આદેશ મેળવેલ ગૃહસ્થ શેઠ રતનજી વીરજી પ્રભુને ખોળામાં થાળની અંદર લઈને બેઠા હતા. તે વખતે તેના ચાર બીજા રૂપ પોતપોતાના કાર્યમાં સાવધાન હતા. અર્થાત્ એક છત્ર ધરી રહ્યા હતા, બે ચામર વીંઝતા હતા, અને એક વજ્ર ઉલાળતા આગળ ઉભા હતા. પછી ત્રેસઠ ઇંદ્રોએ ક્રમસર પંચામૃતથી ભરેલા સુવર્ણાદિના કુંભો વડે પ્રભુને અભિષેક કર્યો હતો. જેથી મેરૂપર્વતે પણ સ્નાત્રનો લાભ મેળવ્યો હતો. ત્યારબાદ ઈંદ્રાણીઓ તરીકે આદેશ મેળવેલી સૌભાગ્યવંત સ્ત્રીઓએ મેરુપર્વત પર ચઢીને પ્રભુને અભિષેક કર્યો હતો. ત્યારપછી સામાન્ય દેવદેવીઓએ અભિષેક કર્યો હતો. અભિષેકનું કામ પૂર્ણ થયા પછી વસ્ત્રવડે નિર્જળ કરી ચંદનાદિનું વિલેપન કર્યું હતું. તથા પુષ્પ ચડાવ્યાં હતાં. અને અગ્રપૂજા કરી હતી. આ પ્રમાણે ૬૩ ઇંદ્રોનો અભિષેક મહોત્સવ પૂર્ણ થતાં સૌધર્મેન્દ્રનો અવસર આવ્યો એટલે ઈશાનેંદ્રનો આદેશ મેળવનાર ગૃહસ્થ પ્રભુને ખોળામાં લઇ સૌધર્મેન્દ્રવાળે આસને મેરૂ ઉપર બિરાજ્યા હતા. તે વખતે સૌધર્મેન્દ્રના પાંચ રૂપોએ વૃષભાકૃતિના કળશો વડે પ્રભુને અભિષેક કર્યો હતો, અને બીજા ઇંદ્રો છત્ર–ચામરાદિ ધરી રહ્યા હતા. પછી સૌધર્મેંદ્રે અષ્ટપ્રકારી પૂજા કરી, આરતી ઉતારીને પ્રભુની સ્તવના કરી હતી. પ્રાંતે ઈશાન ઈન્દ્રના ખોળામાંથી પ્રભુને લઈને સૌધર્મેન્દ્રે પ્રભુને માતૃગૃહે (સ્વસ્થાનકે) પધરાવ્યા હતા.

આ ઇંદ્રકૃત સ્નાત્રમહોત્સવનો ઉત્સાહ અપૂર્વ હતો. ચારે બાજુ આનંદના ઘોષ થઈ રહ્યા હતા. વાજીંત્ર વાગી રહ્યા હતા. અને જાણે સાક્ષાત્ ઈંદ્રો જ પ્રભુને મેરૂ પર્વત ઉપર લઈ જઈ સ્નાત્ર કરતા હોય તેવો ભાસ થતો હતો. આ મહોત્સવની ઉપજ પણ ઘણી સારી થઈ હતી. ટુંકમાં આ મહોત્સવના આનંદનું વર્ણન લખી શકાય તેવું નથી એટલું જ લખવું બસ છે.

ઈંદ્રો ભગવંતનો જન્મોચ્છવ કરીને નંદીશ્વરદ્વીપે જતા હોવાથી તે દિવસે બપોરે નંદીશ્વરદ્વીપની પૂજા એટલા બધા ઠાઠ સાથે ભણાવવામાં આવી હતી કે તે વખતનો આલ્હાદ પણ અપૂર્વ દૃષ્ટિગત થતો હતો.

જેઠ સુદિ ૧૧શે મહોત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી. આ મહોત્સવમાં ત્રણ વરઘોડા ચઢાવવામાં આવ્યા હતા. તે દરેક રાજ્યસંબંધી નગારૂં નિશાન હાથી તથા પાયદળ સેના વગેરે સાધનોથી અને ઇન્દ્રધ્વજાદિ દેરાસરના સાધનોથી તેમજ બેન્ડ વગેરે વાજીંત્રોથી ઘણા સરસ ચડ્યા હતા. અને તેની અંદર સાજન મહાજન તો સંખ્યાબંધ ચાલતું હતું.

આ મહોત્સવને અંગે શ્રીભાવનગરના સંઘે કરેલા ખર્ચ ઉપરાંત એક દિવસની આંગી–પૂજાનો તેમજ શ્રીફળની પ્રભાવનાનો ખર્ચ આપવાનું શેઠ મનસુખભાઇ ભગુભાઇએ કહ્યું હતું. અને શેઠ પોપટભાઈ અમરચંદ તથા શેઠ રતનજી વીરજીએ શુદ ૭ તથા શુદ ૯ મે નાના નાના સ્વામીવાત્સલ્ય કર્યા હતા. મહુવાના ગૃહસ્થોએ શુદ ૩ જે પતાસાંની પ્રભાવના કરી હતી.

આચાર્યપદારોપણને દિવસે આખા શહેરની અંદર તમામ પ્રકારના આરંભના કાર્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાજન તરફથી બંધ રાખવામાં આવ્યા હતા. અર્થાત્ મીલ, જીન, પ્રેસ, લાકડાં વેરવાના કારખાના, સાકર બનાવવાના કારખાના વિગેરે તમામ બંધ રાખવામાં આવ્યા હતા. અને બંદર તેમજ અનાજ બજાર ને ગોળબજાર વિગેરે પણ બંધ રાખવામાં આવ્યા હતા. માછીની જાળ બંધ રખાવી હતી, ઈત્યાદિ દરેક પ્રકારના આરંભો બંધ રાખવાથી પ્રાસંગિક લાભ પણ સારો થયો હતો.

ભાવનગરના સંઘમાં આ મહોત્સવે કાંઈક અપૂર્વ લાગણી ઉત્પન્ન કરી હતી. જેથી રાત્રે ને દિવસે જિનમંદિર શ્રાવક-શ્રાવિકાઓથી ભરપૂર જ રહેતું હતું. ઉત્સાહ અવર્ણનીય હતો. હવે વધારે લંબાણ ન કરતાં આવા મહોત્સવો વારંવાર થાઓ એમ ઈચ્છી લેખ સમાપ્ત કરવામાં આવે છે.”

(જૈનધર્મ પ્રકાશ-પુસ્તક ૨૪મું. અંક ૩જો.
સં. ૧૯૬૪-જેષ્ઠ માસ)

આ સવિસ્તર હેવાલથી સમજાય છે કે-તે વખતે આપણા પૂજ્યશ્રીમાન્‌ની સૂરિ-પદવીનો મહોત્સવ કેવા ભવ્ય ઠાઠથી ઉજવાયો હશે.

સં. ૧૯૬૦માં વલભીપુરમાં ઉજવાયેલ પૂજ્યશ્રીની ગણિપંન્યાસપદવીના મહોત્સવમાં ભાવનગરના શ્રી સંઘને થોડો પણ લાભ ન મળ્યો, તેનું તેણે જાણે અહીં સાટું વાળી લીધું. અર્થાત અભૂતપૂર્વ અને અતિભવ્ય મહોત્સવ તે શ્રીસંઘે કર્યો.

પ્રસ્તુત મહોત્સવમાં ભાવનગર રાજ્યનો પણ સંપૂર્ણ ભક્તિભર્યો સહકાર હતો.

આ મહામહોત્સવ વખતે જીવદયાને ઘણું જ પ્રશંસનીય પ્રાધાન્ય આપવામાં આવેલું. પદવી-દિવસે સમસ્ત શહેરના તમામ પ્રકારના આરંભના કાર્યો મહાજન તરફથી બંધ રાખવામાં આવેલા, તે ઉપરથી આપણે સમજી શકીએ છીએ આવો કોઈપણ મહાન્ પ્રસંગ આંગણે ઉજવાતો હોય ત્યારે આવા જીવદયાવર્ધક કાર્યો કરવામાં આવે તો તેથી શાસનની કોઈ અનેરી પ્રભાવના અને શોભા થાય છે.

આચાર્યપદવી એ કોઈ નાની સૂની કે જેવી તેવી પદવી નથી. આચાર્યપદવીની મહત્તા તો જિનશાસનમાં અપૂર્વ-અસામાન્ય છે.

આચાર્ય એટલે સમસ્ત ગચ્છના અધિપતિ,-નાયક,-શાસક. આચાર્ય એટલે શાસનરૂપી મહેલના આધારસ્તંભ. ઓછી નથી હોતી તેમની જવાબદારી. સારાયે શાસન-સંઘનો ને ગચ્છનો સર્વ પ્રકારનો બોજો એમને શિર હોય છે. એવો બોજો કે જવાબદારી તો લાયક અને સર્વથા યોગ્યને મસ્તકે જ મુકાય.

અને એવી યોગ્યતા કાંઇ જેમતેમ કે જેને તેને નથી મળતી. એ મેળવવા માટે તો ઘણાં ઘણાં ગુણો મેળવવા જોઈએ.

કેટકેટલાં યોગ વહેવાં પડે.
બહુશ્રુતપણું મેળવવું પડે.
નમ્રત્વ અને નિરભિમાનીપણું કેળવવું પડે.
શાસનની સર્વાંગીણ પ્રભાવનાની શક્તિ કેળવવી પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવિહિત-ગીતાર્થ બનવું પડે.

આવા તો કંઈ કંઈ ગુણો મેળવવા અને કેળવવા પડે, ત્યારે એ મહામુનિ આ આચાર્ય-પદવીની યોગ્યતાવાળા ગણાય.

"જૈનધર્મ પ્રકાશ"ના ઉપરના લખાણ પરથી આપણને જણાય છે કે–પૂ. પં. શ્રી ગંભીરવિજયજી મ. પછી આપણા પૂજ્યશ્રી આચાર્ય પદવી માટે-જ્ઞાન–ત્યાગ–શાસનપ્રભાવકતા–અલૌકિક બુદ્ધિમત્તા–ગીતાર્થતા–નિર્દંભ પરોપકારિતા અને કાર્યકુશલતા આદિ સર્વ પ્રકારે યોગ્ય અને લાયક જ હતા. અને તેથી જ તેઓશ્રીને આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું.

સાચા અર્થમાં તેઓશ્રી ભાવાચાર્ય તો હતા જ. હવે તેઓને દ્રવ્યાચાર્યપદ શ્રીસંઘની સાખે આપવામાં આવ્યું, તેથી તેઓશ્રીના પ્રભાવમાં-દિવ્યતેજમાં કોઈ અપૂર્વ વધારો થયો.

ભારતભરમાં વિદ્યમાન સંવેગી–તપાગચ્છીય મુનિરાજોમાં વિધિસહિત યોગોદ્વહન કરવા પૂર્વક આચાર્યપદવી પ્રાપ્ત કરનાર આપણા ચરિત્રનાયકશ્રી સર્વપ્રથમ હતા. હવેથી તેઓશ્રી સમગ્ર તપાગચ્છના એકમાત્ર સ્વામી-શિરતાજ-સમ્રાટ્ થયા.

સૂરિઓના ચક્રમાં-મંડલમાં તેઓશ્રી ચક્રવર્તી સમા શોભવા લાગ્યા.

—*—

# [૨૬]

## જીવદયાના જ્યોતિર્ધર

સં. ૧૯૬૪નું આ ચાતુર્માસ ભાવનગર–શ્રીસંઘના અત્યાગ્રહથી આપણા ચરિત્રનાયક પરમપૂજ્ય તપાગચ્છાધિપતિ સૂરિચક્રચક્રવર્તી શાસનસમ્રાટ્ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબે ભાવનગરમાં કર્યું. તેઓશ્રી તથા મુનિશ્રી મણીવિજયજી મ. (શ્રી સાગરજી મ. ના ભાઈ) વગેરે સપરિવાર સમવસરણના વંડે ચાતુર્માસ બિરાજ્યા અને પૂજ્ય પંન્યાસજી મ. શ્રી ગંભીરવિજયજી મહારાજ આદિ સપરિવાર મારવાડીના વંડે બિરાજ્યા.

અમદાવાદમાં પગથીયાનો ઉપાશ્રય, કે જે વિમળગચ્છનો ખાસ ઉપાશ્રય ગણાતો, તેના આગેવાન સદ્‌ગૃહસ્થ શેઠ સાંકળચંદ મોહનલાલ નામે હતા. તેઓ મુહપત્તિ બાંધીને વાંચનાર મુનિનું વ્યાખ્યાન સાંભળવાનો જ આગ્રહ રાખતા, પરંતુ જ્યારે પૂજ્યશ્રી અમદાવાદમાં બિરાજતા હતા ત્યારે તેઓશ્રીની પાસે તેઓ વ્યાખ્યાન સિવાયના સમયે તત્ત્વજ્ઞાનના પ્રશ્નોના જવાબ મેળવવા વારંવાર આવતા. પૂજ્યશ્રી પણ તેમના પ્રશ્નોના ખુલાસાવાર સંતોષપ્રદ જવાબ આપતા હોવાથી તેમને પૂજ્યશ્રી ઉપર અનહદ રાગ થયો હતો. તેઓ આ ચોમાસા પૂર્વે પાલિતાણા યાત્રા કરીને ભાવનગર આવ્યા. અને ત્યાં–મુહપત્તિ ન બાંધનાર સાધુ મ. નું વ્યાખ્યાન શ્રવણ ન કરવું, એવો પોતાનો આગ્રહ હોવા છતાંય, અને કુટુંબીઓનો વિરોધ છતાંય–પૂજ્યશ્રી ઉપરની દૃઢ શ્રદ્ધાને કારણે તેમણે નિર્ણય કર્યો કે–ચોથું બ્રહ્મચર્યવ્રત તો પૂજ્યશ્રી પાસે જ ઉચ્ચરવું છે. અને તે પ્રમાણે તેઓએ ભાવનગરમાં નાણ મંડાવીને પૂજ્યશ્રી પાસે ચોથું બ્રહ્મચર્યવ્રત તથા બીજાં વ્રતો ઉચ્ચર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોમાસા બાદ શેઠ શ્રી હીરાભાઈ ચકુભાઈ તરફથી શ્રીસિદ્ધાચલજી મહાતીર્થનો છ 'રી' પાળતો સંઘ પૂજ્યશ્રીમાન્‌ની નિશ્રામાં નીકળ્યો. પાલિતાણા પહોંચી, તીર્થયાત્રા કરીને શ્રીસંઘ સ્વસ્થાને ગયો. પૂજ્યશ્રીએ પાલિતાણામાં થોડા દિવસ માટે સ્થિરતા કરી. દરમિયાન–

પૂજ્યશ્રીના શિષ્યરત્નો પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મ., મુનિશ્રી પ્રતાપવિજયજી મ. મુનિશ્રી ઉદયવિજયજી મ. વગેરે મુનિવરોએ ચૌવિહારો છઠ્ઠ કરવાપૂર્વક ગિરિરાજની સાત યાત્રા કરી.

પાલિતાણાથી વિહાર કરી પૂજ્યશ્રી મહુવા પધાર્યા. અહીં તેઓ શ્રીમાન્‌ના ઉપદેશથી શ્રીનરોત્તમદાસ ઠાકરશી નામના એક વૈષ્ણવ ગૃહસ્થને પ્રતિબોધ થયો. મહુવાની નજીકમાં દરિયા કાંઠે આવેલા "નૈપ" ગામના તેઓ વતની હતા. તેઓ પૂજ્યશ્રીને પોતાના ગામે લઈ ગયા, અને ત્યાં નાણ મંડાવીને શ્રીસમ્યક્ત્વ સહિત શ્રાવક–ધર્મ અંગીકાર કર્યો.

અહીં દરિયાકાંઠે માછીમારો માછલાં પકડતા અને ખૂબ જીવ–હિંસા કરતા. પૂજ્યશ્રીએ એ વાત જાણી. જીવ–દયામય શ્રીજિનશાસનના નાયક પૂ. આચાર્યદેવથી આવી ભયંકર જીવહિંસા શે જોઈ જાય? તેઓશ્રી આ હિંસાને અટકાવવા માટે શ્રીનરોત્તમદાસને સાથે લઈને દરિયા–કિનારે પધાર્યા. ત્યાં નિત્ય–નિયમ પ્રમાણે અનેક માછીમારો જાળ વડે સેંકડો ને હજારોની સંખ્યામાં માછલાં પકડી રહ્યા હતા. તેઓ ખૂબ અજ્ઞાન હતા. પણ સાથે ભોળાં પણ એટલા જ હતા. તેઓ આવા દેવપુરૂષ જેવા સાધુભગવંતને પોતાની પાસે આવેલા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. અને પોતાના કાર્ય છોડી દઈને તરતજ પૂજ્યશ્રીના દર્શન કરવા એકત્ર થઈ ગયા.

પૂજ્યશ્રીએ પણ–જેમ શ્રીવૃદ્ધવાદિસૂરીશ્વરજી મહારાજે શ્રી કુમુદચંદ્ર પંડિત (શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિ મ.) સાથેના વાદવિવાદમાં "નવિ મારિયઈ નવિ ચોરિયઇ." ઇત્યાદિ બોધવચનો કહીને મધ્યસ્થ બનેલા ગામના અબુઝ ખેડૂતોને પ્રતિબોધ પમાડ્યા હતા, તે જ પ્રમાણે આ ભોળાં માછીમારો સમજે એવી સરળ ભાષામાં દયાધર્મનો ઉપદેશ આપ્યો–મહિમા સમજાવ્યો, અને જીવહિંસાથી થતું નુકશાન પણ સમજાવ્યું.

દેવપુરૂષ જેવા મહાત્મા પોતાના આંગણે પધાર્યા, અને તેઓએ પોતાનું કલ્યાણ કરે એવી વાત કહી, એથી પેલાં ભદ્ર ધીવરો ખૂબ પ્રભાવિત બન્યા. પૂજ્યશ્રીની સમીપે પોતાના આજ પર્યન્તના પાપોનો એકરાર–પસ્તાવો કરતાં કરતાં તેમણે તે જ ક્ષણે માછલાં ન પકડવાની અને જીવહિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી. આથી અગણ્ય જીવોને અભયદાન મળ્યું.

આવો મહાન્ લાભ જોઈને નરોત્તમદાસનો ઉત્સાહ વધ્યો. તેમણે માછીમારો પાસેથી જાળો લઇ લીધી. માછીઓએ પણ એ જાળો હવે પોતાને ઉપયોગી નહોતી, માટે રાજી-ખુશીથી આપી દીધી.

નૈપ ગામથી વિહાર કરીને પૂજ્યશ્રી દરિયાકાંઠે આવેલા વાલાક અને કંઠાલ પ્રદેશના વાલર, તલ્લી, ઝાંઝમેર વિગેરે અનેક ગામોમાં વિચર્યા, અને ત્યાં વસતા સેંકડો માછીઓને પ્રતિબોધ પમાડીને અગણિત જીવોની હિંસા કાયમ માટે અટકાવી. માછીઓને મહાભયંકર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપમાંથી ઉગાર્યા. આ દરેક ગામોમાં નરોત્તમદાસ સાથે હતા. તેમણે ગામોગામના માછીઓની જાળો ભેગી કરી, અને છેવટે એ બધી જાળોને દાઠાગામની બજાર વચ્ચે અગ્નિદેવને સ્વાધીન કરી દીધી.

વળી કેટલાંક ગામોમાં દેવીના નામે પાડાં, બકરાં, વિગેરે અબોલ અને નિર્દોષ પશુઓનો વધ નવરાત્રિ વિ. દિવસોમાં થતો હતો. તે પણ પૂજ્યશ્રીએ પોતાના ઉપદેશ દ્વારા બંધ કરાવ્યો.

ખરેખર ! પૂજ્યશ્રીના ઉપદેશ–વચનો, એ અચિન્ત્ય–ફલદાયક મંત્ર સમા જ હતા, કે જેના મહાન્ પ્રભાવથી આવા અબુઝ માછીઓ પણ પોતાનો વંશપરંપરાગત હિંસક ધંધો છોડીને સન્માર્ગે જોડાયા. અને ત્યારપછી તેઓ પૈસેટકે તથા બીજી દરેક રીતે ખૂબ સુખી થયા.

મહાપુરૂષોના અંતરમાં અમૃતનો કૂંપો ભર્યો હોય છે. એનાં એક-બે, ફકત એક–બે જ બિન્દુ પણ જો મળે, તો કામ થઇ જાય. માછીઓની વાતમાં પણ એમ જ બન્યું. એમને પણ પૂજ્યશ્રીના અંતરના અમૃત–કૂંપામાંથી થોડાંક અમી–છાંટણા સાંપડી ગયા, ને એમનું કામ થઇ ગયું. ભયંકર પાતકમાંથી તેઓ તો ઉગર્યા, સાથે પેલાં જલચર પ્રાણિઓને પણ અભયદાન મળ્યું. આ એ અમૃત–બિન્દુનો અનેરો પ્રભાવ જ હતો ને !.

જીવદયાનું આ મહાન્ કાર્ય કરતાં પૂજ્યશ્રી દાઠા વિ. ગામોમાં વિચરી રહ્યા હતા, ત્યાં તેઓશ્રીને સમાચાર મળ્યા-કે–"શ્રીઅંતરીક્ષજી તીર્થ અંગેના દિગંબરોની સાથેના કેસ–(Case)માં પં. શ્રી આણંદસાગરજી મ. (શ્રીસાગરજી મ.) મુશ્કેલીમાં મૂકાયા છે." આ સમાચાર મળતાં જ પૂજ્યશ્રીએ તારટપાલના મથકે રહેવાનો નિર્ણય કર્યો, અને તળાજા ગામે પધાર્યા. અને પ્રસ્તુત કેસમાં વિજય મેળવવા માટે સર્વ પ્રકારના પ્રયાસો પૂરઝડપે ચાલુ કર્યા. અમદાવાદ–શેઠ આ. ક. પેઢીના અગ્રણીઓને તાર–પત્રો દ્વારા ઝીણવટ અને કુનેહભર્યું માર્ગ-દર્શન આપવા લાગ્યા. બીજી બાજુ ભાવનગરના આગેવાનોને તથા શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા સોલીસીટરને બોલાવીને તેઓને યોગ્ય સલાહ–સૂચનો આપ્યા. નડિયાદના સૂબા નાનાસાહેબ, તથા પન્ના સ્ટેટના એક મીનીસ્ટર (પ્રધાન) કે જેમની જુબાની ઉપર કોર્ટ (coart) મોટો આધાર રાખતી હતી, તેમને બોલાવી, યોગ્ય સૂચનાઓ આપીને જુબાની માટે બારસી મોકલ્યા. આમ શકય એટલા સર્વ પ્રયત્નો કરવામાં પૂજ્યશ્રીએ કોઈ ખામી કે કચાશ ન રાખી.

તેઓશ્રીની જાજ્વલ્યમાન પ્રતિભા, કુનેહ, અને સતત પ્રયાસના પરિણામે, તથા તેઓશ્રીના માર્ગદર્શન તેમજ સલાહ–સૂચન મુજબ કેસ લડવામાં આવતાં છેવટે કેસમાં શેઠ આ. ક. ની પેઢીનો એટલે કે શ્વેતામ્બરોનો જ્વલંત વિજય થયો. શ્રી સાગરજી મ. ના શિરેથી મુશ્કેલીનું વાદળ દૂર થયું, અને દિગમ્બરોનો પરાજય થયો.

ત્યારપછી મહુવાના શ્રીસંઘની વિનંતિથી પૂજ્યશ્રી મહુવા ચાતુર્માસાર્થે પધાર્યા, અને વિ. સં. ૧૯૬૫ નું ચાતુર્માસ ત્યાં જ કર્યું. પૂજ્યશ્રીના સંસારી–અવસ્થાના પિતાજી શ્રી-લક્ષ્મીચંદભાઈ તો બે વર્ષ થયા સ્વર્ગવાસ પામ્યા હતા. પણ પૂજ્યશ્રીના માતુશ્રી દિવાળીબા, તથા લઘુ બંધુ શ્રી બાલચંદભાઈ વિગેરે હતા. પોતાની જન્મભૂમિમાં તેઓશ્રીનું આ બીજું ચોમાસું હતું. એમાં અનેકવિધ શાસનપ્રભાવનાના કાર્યો થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહુવામાં જીવંત સ્વામી શ્રી મહાવીરસ્વામીપ્રભુનું વિશાળ જિનમંદિર છે. તેની બાજુમાં જ શ્રીસંઘની માલિકીનું ધર્મશાળા જેવું "દાનશાળા" નામનું એક મકાન હતું. એકવાર મુનિશ્રી ઉદયવિજયજી મ. વિગેરે મુનિઓ દેરાસરે દર્શન કરીને એ દાનશાળા જોવા ગયા. દાનશાળાની જોડાજોડ જ પૂર્વ તરફ એક જુના ઘરમાં એક બ્રાહ્મણ ડોશીમા રહેતા હતા. જોતાં જોતાં તેઓ એ ડોશીમાના ઘર પાસે પહોંચ્યા, ત્યારે એ ડોશીમા કહે: મહારાજ ! તમારા ગુરૂમહારાજનો જન્મ અહીં-હું રહું છું એ મકાનમાં થયો હતો.

આ સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. કારણ કે-શ્રી દીવાળીબેન વિ. તોરણીયા કૂવા પાસેના બીજા મકાનમાં રહેતા હતા. એટલે પૂ. ગુરુદેવનો જન્મ આ ડોશીમાવાળા મકાનમાં કેવી રીતે થયો હોય ?

સાશ્ચર્યભાવે તેઓ બધાં ઉપાશ્રયે આવ્યા, અને વ્યાખ્યાન સમયે શ્રી દિવાળીબા આવ્યા ત્યારે તેમને પૂછતાં તેઓએ જણાવ્યું કે-"એ ડોશીમાની વાત સાચી છે. અમે પહેલાં ત્યાં રહેતા હતા, અને મહારાજ સાહેબનો જન્મ પણ તે મકાનમાં જ થયો હતો."

આ સાંભળીને મુનિશ્રી ઉદયવિજયજી મ. ને વિચાર આવ્યો કે-આ ડોશીમા જીવે ત્યાં સુધી ભલે એ મકાનમાં રહે. પણ ત્યારપછી પૂ. ગુરુદેવના જન્મસ્થાનમાં કોઈ પણ પ્રકારનો આરંભ-સમારંભ ન જ થવો જોઈએ. માટે એ મકાનને વેચાતું લઇ લેવામાં આવે તો સારૂં.

તરતજ તેઓશ્રીએ ખંભાત-શેઠ પુરૂષોત્તમદાસ પોપટલાલને પત્ર લખીને બધી હકીકત જણાવી, ને આ મકાન ખરીદી લેવા માટે પ્રેરણા આપી. શેઠ પુરૂષોત્તમભાઈએ પણ જવાબમાં જણાવ્યું કે-"ગમે તે કિંમત થાય, તો પણ અમારા તરફથી એ મકાન મહુવાનો શ્રીસંઘ ખરીદી લે."

શ્રીસંઘે પણ એ મુજબ એ મકાન ખરીદી લીધું. આમ પૂજ્ય ગુરુભગવંતશ્રીના જન્મસ્થાનમાં આરંભ-સમારંભ બંધ થયો.

આ ચોમાસામાં પૂજ્યશ્રી પાસે શેઠ કસ્તૂરભાઈ અમરચંદ ખંભાતવાળાના પુત્ર શ્રી દલસુખભાઈ વિ. વિદ્યાર્થીઓ (જંગમ પાઠશાળાના) વ્યાકરણ-આદિનો અભ્યાસ કરવા માટે રહ્યા હતા.

તેમજ-શા. ગોકળદાસ અમથાશા કે જેઓ પાછળથી પૂજ્યશ્રીના શિષ્ય મુનિશ્રી સુભદ્રવિજયજી મ. તરીકે થયા, તેઓ પણ ઘણી વાર અમદાવાદથી આવીને રહેતા.

શ્રી ગોકળદાસ મેટ્રિક (Matriculation) સુધી જ ભણેલા, છતાં ઇંગ્લીશ (English) ભાષા ઉપર તેમનું અજબ પ્રભુત્વ હતું. ઇંગ્લીશ લખવું, વાંચવું, અને બોલવું, એ ત્રણે ઉપર તેમનો અજબ કાબૂ હતો. વળી તેઓ ઇંગ્લીશમા અપીલો પણ એવી સચોટ લખતા, કે મોટા સોલીસીટરો પણ એ વાંચીને મોંમાં આંગળા નાખી જતા.

શ્રીસિદ્ધાચલજી તીર્થ સંબંધમાં કેસ (Case) ચાલુ હતો. એમાં અપીલો લખવા માટે શેઠશ્રી મનસુખભાઇએ એક સારો સોલીસીટર રોકવાનું પૂજ્યશ્રીને જણાવ્યું. એટલે તેઓશ્રીએ એ કેસના કાગળો મગાવ્યા, અને તે શ્રીગોકળદાસને આપ્યા. ગોકળદાસભાઈ પણ

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

પૂજ્યશ્રીની સૂચનાનુસાર તે બધા કાગળો વાંચી, વિચારીને પોતાની પ્રકૃતિ પ્રમાણે રાત્રે બે વાગે અપીલ લખવા બેઠા, અને સવારે પાંચ વાગતામાં પૂરી કરી, પૂજ્યશ્રીને સોંપીને સૂઈ ગયા.

પૂજ્યશ્રીએ એ અપીલ શેઠને બતાવી. શેઠ તો તાજ્જુબ થઈ ગયા. ગોકળદાસભાઇ શેઠના મામા થતા હતા. તેમની આવી બાહોશ-સોલીસીટરને પણ ટાંપી જાય તેવી લખાણશક્તિ જોઈ ને શેઠ છક્ક થઈ ગયા.

શેઠે અપીલ વાંચીને એક ફકરો કાઢી નાખવાનું જણાવતાં ગોકળદાસે કહ્યું કે-એ ફકરો ઘણો જ મહત્ત્વનો છે, માટે કાઢી ન નાખશો. એવામાં શેઠ લાલભાઇ આવ્યા. તેઓ આ લખાણ વાંચીને ઘણા જ રાજી થયા. તેમણે આ વિષયમાં પૂજ્યશ્રી જોડે થોડી વિચારણા કરી. છેવટે એ નક્કી થયું કે-આ ફકરો ઘણો જ મહત્ત્વનો છે, માટે એને કાઢી નાખવો નહિ.

આવી ઘણી બાબતોમાં ગોકળદાસભાઈ અપીલો તૈયાર કરતા. એ અપીલોના શબ્દોમાં જ એવું ઓજ રહેતું, કે જેથી પ્રતિવાદી અને મેજીસ્ટ્રેટ પણ મહાત થઈ જતા. પરિણામે પેઢીનો વિજય થતો.

મહુવામાં કાર્તકી પૂનમે શ્રીસિદ્ધગિરિજીના પટ બાંધવાની યોગ્ય જગ્યા નહોતી. તેથી પૂજ્યશ્રીની સૂચના-અનુસાર ગોકળદાસે ભાવનગરના નામદાર મહારાજા શ્રી ભાવસિંહજી ઉપર શ્રીસંઘ વતી સુંદર ભાષામાં એક અરજી ઘડીને મોકલી. એમાં સ્ટેટ પાસેથી વ્યાજબી કિંમતે ધાર્મિક કાર્ય માટે સોનીની વાવવાળી જગ્યાની માંગણી કરવામાં આવેલી. એ અરજી વાંચીને ના. મહારાજા સાહેબ પ્રસન્ન થઈ ગયા. તેઓએ તરત જ મહુવાના અધિકારીને એ જગ્યા સંઘને આપવા માટે હુકમ કરી દીધો.

ચોમાસું પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીએ વિહાર કર્યો. ત્રાપજ પધાર્યા, ત્યાંથી તેઓશ્રીના સદુપદેશથી શ્રીધરમશી વારૈયાએ છ 'રી' પાળતો શ્રીસિદ્ધગિરિરાજનો સંઘ કાઢયો, તેની સાથે પધાર્યા અને ગિરિરાજની યાત્રા કરી.

અહીંયા પૂજ્યશ્રીએ પોતાના વિદ્વાન્ બાલશિષ્ય મુનિવર શ્રી યશોવિજયજી મહારાજને 'પ્રવર્તક' પદવી આપી. ત્યારબાદ પૂજ્યશ્રી ઉંડ પ્રદેશના ગામો-ચોક, બોદાના નેસ, વિ. માં વિચરીને ત્યાંના લોકોમાં વ્યાપેલા દારૂ, ચોરી, હિંસા, વિ. પાપ-વ્યસનોનો ઉપદેશ-દાન દ્વારા ત્યાગ કરાવવા લાગ્યા.

—*—

# [૨૭]

## તીર્થોદ્ધારના શુકનિયાળ શ્રી ગણેશ

શ્રી કદમ્બગિરિ મહાતીર્થ.

જેનો મહિમા ગાતાં શાસ્ત્રકારો થાકતાં નથી.

જે મહાતીર્થ, શ્રી સિદ્ધાચલજીના પાંચ સજીવન શિખરોમાંનું એક શિખર છે.

'શ્રીશત્રુંજય માહાત્મ્ય'માં જે મહાતીર્થનો મહિમા આ પ્રમાણે વર્ણવ્યો છે:—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શ્રી કદમ્બગિરિજીમાં બિરાજમાન શ્રી આદીશ્વરપ્રભુના ગણધર શિષ્ય-શ્રીનાભગણધરને ચક્રવર્તી ભરતદેવે પૂછયું: હે ભગવન્! આ અતિવિખ્યાત થયેલા ગિરિરાજનો શો પ્રભાવ છે? તે કહો.

ગણધર ભગવંત બોલ્યા: હે ચક્રિન્! આ ગિરિવરના પ્રભાવની તમને જિજ્ઞાસા છે; તો તમે ધ્યાન દઈને એ પ્રભાવ સાંભળો.

"ગત-ઉત્સર્પિણીકાળમાં 'શ્રી સંપ્રતિજિન' નામે ચોવીશમા તીર્થંકર થયા. તેમના 'શ્રી કદમ્બ' નામના ગણધર એક ક્રોડ મુનિવરોની સાથે આ ગિરિવર પર સિદ્ધિપદ પામ્યા, માટે આ ગિરિનું નામ 'શ્રીકદમ્બગિરિ' પ્રસિદ્ધ થયું.

આ શ્રીકદમ્બગિરિમાં દિવ્ય પ્રભાવથી ભરપૂર ઔષધિઓ, રસકૂંપાઓ, રત્નખાણો, અને કલ્પવૃક્ષો વિ. દિવ્ય વસ્તુઓ રહેલી છે.

ઉત્તમ વાર યુકત દિવાળીના દિવસે, અને અને ઉત્તરાયણ (મકર) સંક્રાંતિના દિવસે જે પુરુષ આ ગિરિ ઉપર મંત્રમંડળ આલેખીને મંત્રજાપ કરે, તેને દેવો પ્રત્યક્ષ થાય છે.

આ સંસારમાં એવી કોઈ ઔષધિ નથી, એવા કોઈ રસકુંડો નથી, કે એવી કોઈ મહા-સિદ્ધિઓ નથી, જે આ ગિરિરાજમાં ન હોય.

સકળ સિદ્ધિઓના આવાસ સમો આ ગિરિરાજ જે દેશમાં વિલસી રહ્યો છે, તે સૌરાષ્ટ્ર દેશ-વાસી લોકો દારિદ્રયથી ન જ પીડાય.

અને આવા મહાન પ્રભાવ-ભરપૂર કદમ્બાચલની છાયા મળવા છતાંયે જે આત્માનું દારિદ્રય નષ્ટ નથી થતું, તે ખરેખર! આ દુનિયામાં કદાચ સર્વાધિક નિર્ભાગી છે.

જે પુણ્યશાલી પ્રાણી ઉપર આ ગિરિવર પ્રસન્ન થયો, તેની ઉપર કામધેનુ, કલ્પવૃક્ષ, અને ચિન્તામણિ, એ બધાં પ્રસન્ન જ છે, એમ સમજવું.

નિર્ભાગી આત્માનું દારિદ્રય જેમ આ ગિરિ દૂર કરે છે, તેમ આ કદંબગિરિ ઉપર રહેલી દીપક સમી દિવ્ય ઔષધિઓ પોતાના પ્રકાશમાન કિરણો વડે રાત્રિને વિષે અંધકારને પણ હરે છે.

રૂચકાચલની જેમ આ ગિરિ ઉપર પણ અભીષ્ટફલદાયક છાયાવૃક્ષો અને કલ્પવૃક્ષો શાશ્વતકાળથી છે, અને તે પ્રાણિઓને સ્વેચ્છા મુજબ ફળ આપે છે.

વર્ષા ઋતુમાં વાદળ-દળથી ઢંકાયેલા સૂર્યના કિરણો જેમ મનુષ્યને દૃષ્ટિગોચર નથી થતા, તેમ એ દિવ્ય-કલ્પવૃક્ષાદિ આ ગિરિમાં હોવા છતાં કાલ-હાનિના પ્રભાવે નહિ દેખાય.

શ્રીયુગાદીશ્વર પ્રભુના પગલાં સહિત રાયણવૃક્ષવાળા-શ્રીશત્રુંજય ગિરિના મુખ્ય શિખરની જેમ તેનું આ શ્રી કદમ્બગિરિ-શિખર પણ પાપ-પંકનો નાશ કરનારૂં છે. આ લોક અને પરલોકમાં ઉપકારક આ શિખર અત્યારે જેમ અતિવિખ્યાત છે. તેમ ભાવિમાં પણ ખૂબ ખ્યાતિને પામશે.

આવો આ મહાતીર્થનો-કદંબગિરિનો અચિંત્ય મહિમા છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીનાભ ગણધરદેવના મુખ-કમળથી નીકળેલા શ્રીકદંબગિરિના અચિંત્ય પ્રભાવને સાંભળીને શ્રીભરતમહારાજાએ પુલકિત હૈયે શ્રીસૌધર્મેન્દ્રની અનુમતિથી એ ગિરિરાજ ઉપર આવેલા–અનેકવિધ વૃક્ષોથી વ્યાપ્ત એવા ધર્મોદ્યાનમાં ભાવિ ચોવીશમા જિનેશ્વર શ્રી મહાવીર પ્રભુનો રમણીય પ્રાસાદ વર્ધકિ–રત્ન પાસે કરાવ્યો.''

શ્રીસિદ્ધગિરિની બાર ગાઉની પ્રદક્ષિણામાં આ મહાતીર્થ સૌથી પ્રથમ આવે છે.

આ ગિરિનું નામ બીજી રીતે પણ સુપ્રસિદ્ધ છે. ગઈ ચોવીશોના બીજા તીર્થંકર 'શ્રી નિર્વાણીજિન'ના ગણધર શ્રીકદમ્બમુનિ પ્રભુવચનથી આ તીર્થ ઉપર આવ્યા, અને અનશન તપ આદરીને મુક્તિપદ પામ્યા. તેથી પણ આ તીર્થનું નામ 'શ્રીકદમ્બગિરિ' પ્રસિદ્ધ થયું છે.

વિ. સં. ૧૧૫૮ માં આચાર્યશ્રી દેવભદ્રસૂરીશ્વરજી મહારાજે પ્રાકૃતમાં રચેલ 'શ્રીકહારયણ કોસો' ગ્રન્થ કે જેનું આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરેલું છે, તેમાં આ તીર્થનો નીચે પ્રમાણે ઉલ્લેખ કરેલ છે:—

''સૌરાષ્ટ્ર દેશમાં કદંબગિરિ નામનો પર્વત છે, અને ત્યાં લાલ દૂધવાળા થોરના વૃક્ષો છે. તેના પ્રયોગથી સુવર્ણ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.''

અત્યારે પણ સંરોહણી તથા બ્રહ્મદંડિકા વગેરે પ્રભાવશાલી ઔષધિઓ આ તીર્થમાં વિદ્યમાન છે.[૧]

આવા અચિંત્યમહિમાશાલી આ મહાતીર્થ સ્વરૂપ ગિરિરાજની તળેટી પાસે એક નાનોશો નેસડો છે.

બોદાનાનેસ એનું નામ.

નેસડો એટલે અલ્પ વસ્તીવાળું નાનું ગામડું. આ નેસડામાં પણ કામળિયા દરબારોના (આયરોના) થોડાંક ખોરડાં હતાં. એ કામળિયાઓ અજ્ઞાન અને વિવિધ વ્યસનોએ પૂરા હતા. તેઓની લૌકિક માન્યતાનુસાર આ કદંબગિરિજીની ટેકરી ઉપર દેરીની બાજુમાં 'કમળામાતા'નું સ્થાનક હતું. એ કમળામાતાની આ કામળિયાઓ હંમેશા પૂજા–ભક્તિ કરતા, એને લીધે આ ગિરિરાજ કમળામાતાના ડુંગર તરીકે પણ પ્રખ્યાત હતો.

તીર્થની દશા તો જોવા જેવી હતી.

છેક ટેકરી ઉપર ફક્ત શ્રી આદિનાથપ્રભુ તથા શ્રી કદંબગણધરના ચરણપાદુકાની નાનીશી પુરાણી દેરી ગિરિરાજના તીર્થપણાની શાખ પૂરતી ઉભી હતી.

---

૧ આ બંને ઔષધિઓ આપણા ચરિત્રનાયકશ્રીના ભક્ત અને તેઓશ્રીની જન્મભૂમિ મહુવાના વતની શ્રી રમણભાઈ પટણી નામના એક શ્રાવક–સદ્‌ગૃહસ્થ, કે જેમણે આવી ઔષધિઓ, સુવર્ણસિદ્ધિ વિ. શોધવામાં તથા ધાતુ–પ્રતિમા બનાવવાની કારીગરીમાં ઘણી મહેનત કરેલી, તેમને મળી હતી. તેઓએ એકવાર કંઈક વાગી જવાથી લોહી નીકળતાં બાજુમાં પડેલી વનસ્પતિ ત્યાં લગાડી, તો તરતજ તે જગ્યાએ રૂઝ આવી ગઈ. આથી તેમણે છરી વડે ફરીથી બીજી જગ્યાએ ચેકો મૂકીને લોહી કાઢ્યું, પછી ત્યાં પેલી સંરોહણી વનસ્પતિ લગાડતાં તત્કાલ રૂઝ આવી ગયેલી. આવી જ રીતે એકવાર બ્રહ્મદંડિકા પણ તેમને મળી ગયેલી. તેઓએ સુવર્ણસિદ્ધિમાં ઘણે અંશે સફળતા મેળવેલી પણ અલ્પ આયુષ્, તથા ખર્ચાળ કામ હોવાથી તે જાહેરમાં મૂકી ન શકયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેસડામાં હતી–એક જુની–શેઠ હેમાભાઈની–પડાળીવાળી ધર્મશાળા. અહીંયા યાત્રાળુઓને ભાતું અપાતું. બન્નેનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરતી.

અને ત્રીજી હતી ગિરિવર ઉપર ચઢવાના રસ્તા–વચ્ચે આવતી એક વાવ. તરસ્યા યાત્રી–ઓની તરસ પોતાના નિર્મળ જળ વડે છીપાવી, પોતાના જીવનને મહાસાગર કરતાંય વધારે ધન્ય અને કૃતકૃત્ય માનતી એ વાવ જાણે શેઠ હેમાભાઈની ઉદારતાની જીવંત યશોગાથા હતી.

આ સિવાય યાત્રિકોને દર્શન–પૂજન કરવા માટે કાંઈ પણ સાધન નહોતું. ટેકરી ઉપર ચઢવાનો માર્ગ વિષમ હોવાથી ઘણા યાત્રાળુઓ ઉપર નહોતા ચઢતા. પણ તીર્થભૂમિની સ્પર્શના–માત્ર કરીને ચાલ્યા જતા.

૧૨ ગાઉની યાત્રા માટેના તથા બીજા પણ છ 'રી' પાળતાં સંઘો અહીં આવતા. તેમાંના અમુક યાત્રીઓ ટેકરી ઉપર ચઢીને યાત્રા કરતા, પણ બાકીના તો ચઢવાની વિષમતા તથા નીચે નેસડામાં દર્શન–પૂજનના સાધનના અભાવે તીર્થ–સ્પર્શના કરી લેતા, અને ત્યાંથી ચોક ગામે જઈને દર્શન પૂજા વિ. કરતા.

આવી હતી આ લોકોત્તર તીર્થની દશા. હવે એનો ઉદ્ધાર પરમ આવશ્યક હતો.

પણ દરેક કાર્યને કાળની અપેક્ષા હોય છે. જ્યારે એનો સમય પરિપકવ થાય છે, ત્યારે એ કાર્ય કરનાર કોઈ યુગપુરૂષ એ કાર્ય પોતાને શિર ઉપાડી લઈ તેને પૂર્ણતાની ટોચે પહોંચાડે છે.

આ મહાતીર્થના ઉદ્ધારનો કાળ પણ પાકી ગયો હતો. અને એ ઉદ્ધારનું ભગીરથ કાર્ય કરનાર મહાપુરૂષ પણ તેની તરફ પોતાના તન–મન કેન્દ્રિત કરીને એ તીર્થરાજની શીતળ છાયામાં પધારી ગયા હતા.

એમના રૂંવાડે રૂંવાડે "**ख्यातिमेति पुनर्भ्रंशम्**"નો નાદ ગુંજતો હતો. અને એ ઉક્તિને સત્ય કરવાની પ્રબળ મહેચ્છા એમના અંતરમાં વ્યાપી રહી હતી.

એ યુગપુરુષ હતા, આપણા મહાન્ ચરિત્રનાયક પૂજ્ય શાસનસમ્રાટ્ સૂરિરાજ.

ઉક્ત પ્રદેશના ગામોમાં વિચરીને અનેક માનવોને ઉપદેશ–દાન વડે હિંસા, ચોરી આદિ પાપકાર્યોથી મુક્ત કરતાં કરતાં તેઓ શ્રીમાન્ બોદાનાનેસ પધાર્યા.

૧૯૬૬ ની એ સાલ.

તીર્થની પરિસ્થિતિ વિષે પૂર્વે સાંભળેલું તો હતું જ. પણ આજે તે પરિસ્થિતિ સાક્ષાત્ સ્વનજરે નિહાળી. જોતવેંત જ તેઓશ્રીના રોમેરોમ ખડા થઈ ગયા. ઓહ ! આ પવિત્ર તીર્થની આવી દશા ?

નહીં ! નહીં ! નહીં ! આપણા આ પ્રાણપ્યારા તીર્થાધિરાજની આ પરિસ્થિતિ હવે નહીં જ સહી શકાય. હવે તો આ તીર્થના ઉદ્ધાર માટે પ્રાણના ભોગે પણ પ્રયત્ન કરવો જ જોઈએ. એની યાત્રા માટે આવતા યાત્રિકોને દર્શન–પૂજન માટે દેરાસર વિગેરે બનાવવું જ જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ત્યાં જ મનોમન તીર્થોદ્ધારનો નિર્ધાર થઈ ગયો. એની સાથે એ કાર્યનો આરંભ પણ થઈ ચૂક્યો.

એ પૂજ્યપુરુષના ઉપદેશામૃતનો પ્રવાહ ધોધમાર વછૂટ્યો. અમૃતનું સિંચન ગમે તેવી નીરસ ધરતીને પણ સરસ અને પલ્લવિત બનાવી દે છે, તો આ તો ઉપદેશામૃતનો ધોધમાર પ્રવાહ હતો. એનાથી કંઈક ભદ્ર પરિણામી જીવોના–કામળિયાઓના હૈયાં આર્દ્ર બન્યાં. તેઓએ હિંસા વિગેરે વ્યસનોનો ત્યાગ કર્યો. અરે ! ત્યાં ગામમાં આગેવાન ગણાતા દરબાર આપાભાઈ કામળીયા વિ. તો પૂજ્યશ્રીના પરમશ્રદ્ધાળુ ભક્ત બની ગયા. ખરેખર ! જ્યાં સ્થાવરતીર્થ અને જંગમતીર્થ એ ઉભયતીર્થની પવિત્રતમ છાયા હોય, ત્યાં કયો ભદ્રજીવ એમાં આળોટીને પોતાના આત્માને પાવન બનાવવાનું ચૂકે ?

પૂજ્યશ્રીના ઉપદેશથી વ્યસન–મુક્ત બનેલા કામળિયા દરબારો પૂજ્યશ્રીના ઉપકારનો બદલો વાળવાની ભાવનાવાળા થયા.

પૂજ્યશ્રી તે દરબારોને લઈને ગિરિરાજ ઉપર પધાર્યા. ત્યાં જઈને દરબારો સમક્ષ તેઓશ્રીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે "આ ગિરિવર ઉપરની અમુક અમુક (અમે પસંદ કરીએ તે) જગ્યા તમે શેઠ આ. ક. ની પેઢીને વ્યાજબી કિંમતે વેચાણ આપો. ત્યાં અનેક ધર્મસ્થાનો ઉભાં થશે, તેમાં ધાર્મિક કાર્યો થશે, અને તેથી તમારૂં પણ શ્રેય થશે."

દરબારો કહેઃ અમારે વેચવી નથી. આપને ભેટ આપવી છે. જો આપ સાહેબ સ્વીકારો તો આ ગામ પણ ભેટ આપવા અમે તૈયાર છીએ.

પૂજ્યશ્રીએ તેમની પરીક્ષા ખાતર જુદા જુદા સ્થાને ૯ પ્લોટો ભારે પરિશ્રમ ઉઠાવીને નક્કી કર્યા. એમાં કેટલાક દિવસો થયા. ત્યારપછી તે વખતના ત્યાંના (ચોક ખાતેના એજન્સીના) થાણદાર શ્રી વખતસિંહજી, કે જેઓ લાલીયાદના ક્ષત્રિય હતા, અને પૂજ્યશ્રીના પરમ–ભક્ત હતા તેમને, ચોક ગામના શ્રાવક વકીલ શ્રીગોવરધનદાસને, જેસરના કામદાર વાસા પાનાચંદભાઈને, તથા અમદાવાદથી શેઠ આ. ક. ની પેઢીના પ્રતિનિધિઓને બોલાવીને એ ૯ પ્લોટોના વેચાણનો દસ્તાવેજ લખાવવાની શરૂઆત કરી.

આ જોઈને કામળિયાઓ બોલ્યાઃ અમે તો પૂજ્ય ગુરૂમહારાજના નામ ઉપર ભેટ આપીએ, પેઢીના નામે વેચાણ નહિ.

પૂજ્યશ્રીએ તેઓને ધાર્મિક નિયમાનુસાર તેમ કરવા ના કહી.

ત્યારે દરબારો કહેઃ જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિજી મહારાજના નામે અકબર બાદશાહે સનંદો આપી છે, તો આપને આમાં શું બાધ છે ?

પૂજ્યશ્રીએ કહ્યું. "ભાઇ ! હું હીરવિજયસૂરિ નથી, હું તો એમના ચરણની રજ સમાન છુ."

પણ દરબારોની ભક્તિએ તો હદ કરી. તેઓ કહેઃ આપ ભલે ગમે તેમ કહો, પણ અમારે મન તો આપ એવા જ મહાપુરૂષ છો. આપશ્રી ભલે આ જમીન ભેટ તરીકે ન સ્વીકારો. પણ દસ્તાવેજમાં આપનું નામ તો જોઇએ જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેવટે નિર્ણય થયો કે : "પૂજ્યશ્રીએ અમોને (કામળિયા દરબારોને) ઉપદેશ આપીને અમારા દુર્વ્યસનો છોડાવ્યા છે." એવી હકીકત દસ્તાવેજમાં આવે તો અમારે આ દસ્તાવેજ કબૂલ છે.

સૌ આ વાતમાં સંમત થયા. દસ્તાવેજ લખાયો. તેમાં ઉપરવાળી હકીકત લખાઇ. અને કામળિયા દરબારોએ ડુંગર ઉપર પસંદ કરાયેલા ૯ પ્લોટો શેઠ આ. ક.ની પેઢીને વ્યાજબી કિંમતે વેચાણ આપ્યા.

દસ્તાવેજ રજીસ્ટર્ડ (Registered)કરાવવા માટે સોનગઢ થાણાના ઉપરી અધિકારી પાસે જવું પડતું, તેથી પેઢીના મુનીમજીને બોલાવી દસ્તાવેજ લઇને સોનગઢ મોકલ્યા. બધાના સહી-સિક્કા સાથે દસ્તાવેજ રજીસ્ટર્ડ થઈ ગયો.

આમ તીર્થોદ્ધારના શ્રીગણેશ મંડાયા. તીર્થોદ્ધાર એ આપણા પૂજ્યશ્રીના જીવનના અનેક ઉચ્ચતમ ધ્યેયોમાંનું એક પરમધ્યેય હતું. અને એ ધ્યેય સિદ્ધ થવાનો મંગલ-પ્રારંભ તેઓશ્રીના પવિત્ર હસ્તે નિર્વિઘ્નતયા થઈ ગયો. **"किमसाध्यं महात्मनाम्."**

બોદાનાનેસથી પૂજ્યશ્રી ચોક પધાર્યા. અહીંના કામળિયા દરબારોએ પૂજ્યશ્રી પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇને શ્રી હસ્તગિરિરાજના ડુંગર ઉપરની અમુક જગ્યા પેઢીને વેચાણ આપવા નક્કી કર્યું. પણ તત્કાલીન અમુક સંયોગોને અનુસરીને પૂજ્યશ્રીએ તે જગ્યા લેવાની ના જણાવી.

ચોકથી રોહિશાળા ગામ નજીક હતું. ત્યાં પધાર્યા. અહીં પેઢીની એક જુની ધર્મશાળા, બે ઓરડા, તથા પશુઓ માટે ઘાસ ભરવાનું એક છાપરૂં વિ. હતું. પહેલાં અહીં ગરાસિયાઓ પાસે પેઢીને અમુક રકમ લેણી હતી. પણ પેઢીએ તે રકમ માંડી વાળી, અને બીજી થોડી રકમ આપીને અમુક એકર જમીન તેઓની પાસેથી વેચાણ લઇ લીધી હતી.

રોહિશાળાના પાદરે શેત્રુંજી નદી વહેતી હતી. અહીંયા શ્રીઆદીશ્વર પ્રભુના ચરણ-પાદુકાની વર્ષો જુની દેરી હતી, જે રોહીશાળાની પાજ-પાગના નામે ઓળખાતી હતી. અહીંથી શ્રીશત્રુંજયગિરિરાજની યાત્રા માટે ચઢાતું હતું. ઉપર ચઢતાં અધ-રસ્તે એક કુંડ (કનેરામનો કુંડ) આવતો હતો. રોહિશાળાથી માંડીને એ કુંડ પર્યન્તની સર્વ જગ્યા એજન્સીની હકુમત હતી. અને કુંડની પેલી બાજુની સર્વ જમીન પાલિતાણા-દરબારની હકુમતની હતી. આ પાછલા રસ્તે, ઘણાં યાત્રીઓ યાત્રા કરવા માટે ચઢતા.

આ બધી જમીન વિ. જોઇને આપણા પૂજ્યશ્રીમાન્‌ને વિચાર આવ્યો કે-"અહીં રોહિશાળાની જમીનમાં તળાટી-ધર્મશાળા વિ. તથા ઉપર ચઢતાં કુંડ પાસે આવેલી સપાટ જગ્યા વેચાણ લઇ તેમાં ભવ્ય જિનમંદિર બાંધવામાં આવે તો ઘણું ઉત્તમ કાર્ય થાય.

કોઈકવાર પાલિતાણા-રાજ્ય તરફથી કનડગત થાય, ને જયતલાટીવાળા રસ્તે યાત્રા બંધ કરવાનો પ્રસંગ આવે, તો આ રોહીશાળાની પાગના પાછલે રસ્તે લોકો સુખપૂર્વક દાદાની યાત્રા કરી શકે, અને સ્ટેટને કાંઇ પણ રખોપું આપવું ન પડે.

ઉપર ચઢતાં માર્ગમાં કુંડની પેલી તરફ પાલિતાણા સ્ટેટનો રસ્તો આવે, પણ તે જાહેર માર્ગ-રાહદારી માર્ગ ગણાય, એટલે તે માટે સ્ટેટ કાયદેસર કાંઇ વાંધો લઈ ન શકે."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી દૂરંદેશી ભાવનાથી તેઓશ્રીએ કુંડ પાસેની જમીન ગરાશિયાઓ પાસેથી પેઢી દ્વારા ખરીદી લેવા વિચારણા કરી. અને એ માટે એ ગરાસિયાઓને ઉપદેશ પણ આપ્યો. એથી ગરાશિયાઓ એ જમીન પેઢીને વેચવા માટે તૈયાર થયા.

દીર્ઘદર્શી પૂજ્યશ્રીની દૂરંદેશીપૂર્વકની આ ભાવના શેઠ કુંવરજી આણંદજી, શેઠ અમરચંદ જસરાજ, તથા શેઠ મનસુખભાઈ ભગુભાઈ વગેરે પેઢીના સર્વ અગ્રણીઓને ખૂબ જ ગમી ગઈ. તેઓએ વિચાર્યું કે-લાખો રૂપિયાના ખર્ચે ન બને એવું કાર્ય પૂજ્યશ્રીના હાથે સરળતાથી બની રહ્યું છે. માટે તે કાર્યને વધાવી લઈને, એમાં વેગ મળે તેવું આપણે કરવું જોઈએ.

પણ પેઢીના કેટલાક પ્રતિનિધિઓનું કહેવું એમ થયું કે : પેઢી અને પાલિતાણા–ઠાકોર, બન્ને વચ્ચે સમાધાનની વાતો ચાલે છે. એ માટે સીમાના નકશાઓ પણ તૈયાર થાય છે. માટે આ કાર્ય ન કરાય તો સારૂં.

આથી, સૌના સલાહ-સંપથી જ કાર્ય કરવામાં માનનારા પૂજ્યશ્રીમાને એ કામ બંધ રાખ્યું, અને રોહિશાળા–ડુંગરવાળી જમીનનો અર્ધો તૈયાર થયેલો દસ્તાવેજ રદ કર્યો.

જો આ વખતે રોહિશાળાની આ જમીન ખરીદીને તેમાં દેરાસર આદિ તૈયાર કરવામાં આવ્યું હોત, તો સં. ૧૯૮૨ માં શ્રીસંઘને ગિરિરાજની યાત્રા બંધ કરવાનો દુઃખદ પ્રસંગ ન આવત. પણ ભવિતવ્યતા અન્યથા નથી કરાતી.

ત્યારપછી પૂજ્યશ્રી ભંડારીયા આદિ ગામોમાં વિચરીને પુનઃ ચોક પધાર્યા. અહીંયા તેઓશ્રીના શિષ્યરત્ન મુનિશ્રીઉદયવિજયજી મ.ની તબીયત એકાએક નરમ થઈ ગઈ. તેઓશ્રી ડબલ ન્યુમોનિયાના તથા સંન્નિપાતની ભયંકર માંદગીમાં સપડાયા.

તેઓને યોગ્ય ઔષધોપચાર મળી શકે, એટલા માટે પૂજ્યશ્રી તરત જ ત્યાંથી વિહાર કરીને પાલિતાણા પધાર્યા. ત્યાં યોગ્ય–ઉપચારો શરૂ કર્યા.

આ સમાચાર ખંભાત પહોંચતાં ત્યાંથી શેઠ પરષોત્તમભાઈ વિગેરે શ્રાવકો ખંભાતના વિખ્યાત વૈદ્યશ્રી રણછોડભાઈને લઈને આવી પહોંચ્યા. અમદાવાદથી શેઠ મનસુખભાઈએ પોતાના ફેમીલી (Family) ડૉક્ટર ઝવેરભાઈને મોકલ્યા. મુનિરાજશ્રીની આ માંદગી પ્રાણઘાતક નીવડે એવી હતી. પૂજ્યશ્રીની સાથે રહેતા વિદ્વાન્ શાસ્ત્રીશ્રી શશિનાથ ઝાએ સ્વમાન્યતા અનુસાર મૃત્યુંજય મંત્રજાપ આદરી દીધો હતો. સૌએ આશા મૂકી દીધી હતી. પણ ડૉ. ઝવેરભાઈની કાબેલિયતે સૌને આશ્ચર્ય – ગરકાવ કરી દીધા. તેઓએ અદ્ભુત હિંમત અને કુશળતાપૂર્વકના ઉપચારથી બેભાન મુનિવરને ભાનમાં લાવી દીધા, અને સૌની નિરાશાને આશામાં ફેરવી દીધી. ત્યારપછી તો સતત ઉપચારથી થોડા દિવસોમાં તેઓને સંપૂર્ણ આરામ થઈ ગયો.

પાલિતાણાથી ચૈત્રીપૂનમ બાદ વિહાર કરીને પૂજ્યશ્રીમાન્ સપરિવાર વલભીપુર પધાર્યા. અહીંના ના. ઠાકોર સાહેબ શ્રીવખતસિંહજી પૂજ્યશ્રીના પરમભક્ત હતા. તેઓએ પૂજ્યશ્રીનો અમૃત–મીઠો ઉપદેશ સાંભળવા માટે આગ્રહપૂર્વક વિનંતિ કરીને તેઓશ્રીને થોડા દિવસ રોક્યા, અને ઉપદેશ–પાનનો અણમોલ લહાવો લીધો.

આ વખતે વળા–શ્રીસંઘે તથા ના. દરબારશ્રીએ ચોમાસા માટે આગ્રહભરી વિનંતિ કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળાથી વિહાર કરીને પૂજ્યશ્રી બોટાદ પધાર્યા. અહીંના શ્રીસંઘે પૂજ્યશ્રીનું અતિભવ્ય અને અભૂતપૂર્વ સામૈયું કર્યું. આખાયે ગામને ધ્વજા, પતાકા, તોરણો, અને ચંદનીઓથી શણગાર્યું. ઠેરઠેર નાના નાના મંડપો બાંધીને તેની નીચે પૂજ્યશ્રીને બિરાજવા માટે પાટો ગોઠવી. અને તે તે સ્થાને અનેક ગહુંલીઓ કરીને પૂજ્યશ્રીને ભક્તિથી વધાવ્યા.

બોટાદના ઇતિહાસમાં આ સામૈયું અપૂર્વ હતું. આ સામૈયું જોઈને ઘણા ભદ્રજીવોને શાસન પ્રત્યે અભિરૂચિ જાગી હતી.

પ્રવેશ થયા પછી વ્યાખ્યાન સમયે બોટાદ–શ્રીસંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસ બિરાજવા માટે વિનંતિ કરી. આ વખતે હાજર રહેલા શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઇ વગેરેએ શ્રીસંઘને જણાવ્યું કે : આ ચાતુર્માસ માટે પૂજ્ય મહારાજ સાહેબને અમદાવાદ પધારવાની ખાસ આવશ્યકતા છે. ત્યાં અનેકવિધ શાસનના કાર્યો કરવાના છે.

શ્રીસંઘે કહ્યું : શેઠ સાહેબ ! તમે તો આવો લાભ વારંવાર લેવાના છો. અમારા નાના ગામને–સંઘને આવો મહાન્ લાભ ક્યારે મળશે ?

છેવટે શ્રીસંઘની ઘણી ભાવના તથા વિનંતિ જોઈને પૂજ્યશ્રીએ તેનો ક્ષેત્રસ્પર્શનાએ સ્વીકાર કર્યો.

ત્યાર પછી બોટાદની બાજુમાં આવેલા 'અલાઉ' ગામે નવું જિનાલય તૈયાર થયું હોવાથી, અને તેની પ્રતિષ્ઠાનો આદેશ રાણપુરનિવાસી શેઠ નાગરદાસ પુરૂષોત્તમે લીધેલો હોવાથી, તેઓ અલાઉના સંઘની સાથે પૂજ્યશ્રીને પ્રતિષ્ઠા માટે પધારવાની વિનંતિ કરવા આવ્યા. તેનો સ્વીકાર કરી પૂજ્યશ્રી અલાઉ પધાર્યા અને જેઠ શુદમાં મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવીને પુનઃ બોટાદ પધાર્યા.

બોટાદમાં એક ભાવિક ગૃહસ્થને દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી ભદ્રવિજયજી મ. રાખીને સ્વશિષ્ય કર્યા.

—*—

# [૨૮]

## શ્રેષ્ઠ રાજવિનય

બોટાદ પધાર્યા પછી પૂજ્યશ્રી સમક્ષ શાસનનો એક વિકટ પ્રશ્ન ખડો થયો, તે હતો પંડિત લાલન અને શિવજીનો. પણ સામાન્ય જનસમાજ માટે જે વાત વિકટ કે ગહન હોય છે, તે વાત પૂજ્યશ્રી સમા તેજસ્વી અને મનસ્વી પુરૂષો માટે તદ્દન હળવી જ હોય છે. મહાપુરૂષની વિલક્ષણતાનું આ જ મોટું લક્ષણ છે.

પૂજ્યશ્રીએ આ પ્રશ્નને પોતાના પ્રતિભા–બળે અવિલંબે શાસનના શિરેથી દૂર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે ચોમાસું શરૂ થયું. મેહૂલા રાજા નિર્બંધપણે વૂઠ્યા. ખેડૂતોને ખેતીની મોસમ શરૂ થઈ.

પૂજ્યશ્રીની નિર્મળ-વાણીની સરવાણી પણ નિર્બંધપણે વહેવા લાગી. શ્રાવકો-ભાવિકોને ધર્મની મોસમ શરૂ થઈ.

શ્રીપન્નવણાસૂત્ર તથા પરિશિષ્ટ પર્વની પાવન દેશના પૂજ્યશ્રી પ્રતિદિન ફરમાવવા લાગ્યા.

મેઘધ્વનિ શી ગંભીર, અને જળ ભરેલી નદી શી નિર્મળ એ દેશના સાંભળવા માનવોની ઠઠ્ઠ જામતી. વૈરાગ્યરસભરપૂર એ વાણીએ લોકોના હૈયા ઉપર અદ્દભુત આકર્ષણ જમાવી દીધું હતું.

પર્યુષણા પર્વ પછી શ્રીસંઘે વિપુલ દ્રવ્ય ખર્ચીને અઠ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો.

આ ચોમાસામાં પૂજ્યશ્રીએ જૈન શ્વે. મૂ. પૂ. એસોસિએશન (Assossiation) નામની સંસ્થાની સ્થાપના કરી—

તેમાં અમદાવાદના ગૃહસ્થો પણ સભ્ય (Members) તરીકે જોડાયા.

આમ અનેકવિધ શાસન પ્રભાવનાના કાર્યો આ ચોમાસામાં થયા, અને ચોમાસું પૂર્ણ થયું.

ચોમાસાના વરસાદથી જામી ગયેલો કાદવ-કીચડ હવે સુકાયો હતો, અને એથી રસ્તાઓ સ્વચ્છ થઈ ગયા હતા.

મખમલની વિશાળ જાજમશી અઢારે ભાર હરિયાળી વનસ્પતિ પૃથ્વી-પટ ઉપર મયૂરની જેમ વિધવિધ કળા કરતી સોહી રહી હતી.

મેઘ-રાજાની મહેરથી વર્ષાની હેલી પામીને ઉન્મત્ત બનેલા મયૂરો, અને તૃપ્ત થયેલા ચાતક-બાળ અશ્રાન્તપણે પુનઃ વર્ષાઋતુની વાટ જોઈ રહ્યા હતા.

શીયાળાની શરૂઆત થઈ ચૂકી હતી. સૂર્યનારાયણ પોતાના સમશીતોષ્ણ કિરણો વડે શીતથી ભયભીત બનેલા લોકોને આશ્વાસી રહ્યા હતા.

ચોમાસું પૂર્ણ થવાથી સાધુ-ભગવંતોનો વિહાર પણ છૂટો થયો હતો. અનેક મુનિવરો દેશ-પ્રદેશોમાં વિચરીને જિનધર્મનો કલ્યાણકર રાહ ભાવિકોને દેખાડવામાં તત્પર બન્યા હતા. એવે ટાણે—આપણા પૂજ્ય ચરિત્રનાયક સૂરિદેવ પણ બોટાદથી અમદાવાદ તરફ વિહાર કરવાની તૈયારી કરવા લાગ્યા.

આ વખતે લીંબડી સ્ટેટના ધર્મપ્રેમી તથા પ્રજાપ્રિય નામદાર મહારાજા શ્રી દોલતસિંહજી બહાદુર કોઈ કાર્ય પ્રસંગે અમદાવાદ ગયેલા. શેઠશ્રી મનસુખભાઈ અને ના. મહારાજાનો સંબંધ ખૂબ ઘનિષ્ઠ હતો. શેઠશ્રી ના. મહારાજાના ખૂબ હિતચિંતક હતા. અને તેથી ના. મહારાજાનો શેઠશ્રી પ્રત્યે એટલો બધો આદરભાવ હતો, કે જ્યારે જ્યારે શેઠશ્રી લીંબડી આવે, ત્યારે ના. મહારાજા પોતાના એક મહાન્ હિતૈષી વડીલ તરીકે તેમનું બેન્ડ-વાજાં સાથે સામૈયું કરતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠશ્રી પાસેથી તેઓના ગુરૂ તરીકે આપણા પૂજ્યશ્રીની ઘણી ખ્યાતિ-પ્રશંસા ના. મહારાજાએ સાંભળેલી, તેથી તેમને પણ પૂજ્યશ્રીના દર્શનની, તથા પૂજ્યશ્રી લીંબડી પધારે એવી ઉત્કટ ભાવના હતી. તેમણે અમદાવાદ આવીને શેઠને પૂછ્યું કે : ગુરૂ મહારાજ સાહેબ હાલ ક્યાં બિરાજે છે ?

શેઠે કહ્યું કે : હાલ તેઓશ્રી બોટાદ બિરાજે છે, અને થોડા સમયમાં અમદાવાદ પધારે તેવી સંભાવના છે.

આ સમાચાર મેળવીને મહારાજા થોડા દિવસમાં લીંબડી ગયા. અને લીંબડી-શ્રીસંઘના આગેવાનોને બોલાવીને તેમને પૂજ્યશ્રીમાન્‌ને લીંબડી પધારવા માટે વિનંતિ કરવા મોકલ્યા.

આ વખતે પૂજ્યશ્રી બોટાદથી વિહાર કરી ચુકયા હતા. લીંબડી-સંઘે પૂજ્યશ્રીને મહારાજા વતી તથા સંઘવતી લીંબડી પધારવાનો અત્યંત આગ્રહ કર્યો, પણ પૂજ્યશ્રી ક્ષેત્રસ્પર્શનાએ તે વખતે તો વઢવાણ શહેર પધાર્યા.

અહીંના શ્રી જીવણલાલ વકીલને આંતરિક કારણોસર જ્ઞાતિ બહાર મૂકવાની વાત ચાલતી હતી. તેથી સંઘમાં કલેશ થયેલો. પૂજ્યશ્રીમાન્ વઢવાણ પધારતાં જીવણલાલ વકીલ વિ. બંને પક્ષોએ પોતપોતાની વાત દલીલપૂર્વક તેઓશ્રી પાસે રજૂ કરી. જીવણલાલ જેવા સારા માણસ સંઘમાં-જ્ઞાતિમાં હોય, તો સંઘની શોભા સારી રહે, અને કલેશ જાય, એ દૃષ્ટિથી પૂજ્યશ્રીએ તેમને જ્ઞાતિબહાર ન મૂકવાની ભલામણ શ્રીસંઘને કરી. સંઘે પણ એ શિરોધાર્ય ગણીને એ એ જ પ્રમાણે કર્યું. આથી સંઘનો કલેશ મટી ગયો.

ત્યાંથી પૂજ્યશ્રી વઢવાણ કેંપમાં પધાર્યા. દરમ્યાન ના. લીંબડીનરેશ મુંબઈ ગયેલા. તેઓ પાછાં ફરતાં અમદાવાદ ઉતર્યા. ત્યાં શેઠ પાસેથી જાણ્યું કે-પૂજ્યશ્રી હાલ વઢવાણ કેંપમાં બિરાજે છે, અને થોડા દિવસમાં વીરમગામ થઈને અમદાવાદ પધારશે.

આથી ના. મહારાજાએ લીંબડી આવીને તુર્તજ પેલા આગેવાન-શ્રાવકોને બોલાવ્યા, અને કહ્યું : "પૂજ્ય મહારાજશ્રી લીંબડી કેમ ન આવ્યા ? હવે તમે ફરી વિનંતિ કરવા જાવ, અને જરૂર લાગે તો મારૂં ડેપ્યુટેશન (Daputation) પણ લઈ જજો."

આ સાંભળીને શ્રાવકોએ કહ્યું : અમે ફરીવાર જઈને પૂજ્યશ્રીને આગ્રહપૂર્વક વિનંતિ કરીને અહીં લાવીશું.

અને તે જ દિવસે તેઓએ વઢવાણ કેંપ જઈને પૂજ્યશ્રીને અત્યંત આગ્રહપૂર્વક વિનંતિ કરી. તેમનો અત્યાગ્રહ જોઈને પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ લીંબડી પધારવાની તેમની વિનંતિ સ્વીકારી. આથી શ્રીસંઘને તથા ના. મહારાજાને ઘણો આનંદ થયો.

વઢવાણ કેંપથી વિહાર કરીને પૂજ્યશ્રીમાન્ અનુક્રમે લીંબડી પધારતાં અહીંના શ્રીસંઘે તથા ના. મહારાજાએ ભવ્ય સામૈયું કર્યું. સામૈયાના બેન્ડ વિ. સર્વ સાધનો સ્ટેટના હોવાથી સામૈયામાં ઓર ભવ્યતા આવી હતી.

પ્રથમ-દિવસનું પૂજ્યશ્રીનું મંગલાચરણ-વ્યાખ્યાન સાંભળવા માટે ના. લીંબડીનરેશ સહિત આખું ગામ ઉમટયું હતું. પૂજ્યશ્રીએ મંગલ-વ્યાખ્યાનમાં ફરમાવ્યું કે:-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હંમેશાં પ્રાણિમાત્રને સુખની જ ચાહના હોય છે, મંગળની જ કામના હોય છે. કોઈને દુઃખની જરૂર નથી, કોઈને દુઃખ ગમતું પણ નથી.

પણ સાચું સુખ કયું ?

કોઈએ લક્ષ્મીમાં સુખ માન્યું. કોઈએ વાડી-બંગલામાં સુખ માન્યું. કોઈએ વળી સ્ત્રીમાં સુખ માની લીધું. અને કોઈએ પુત્રાદિ પરિવારમાં જ સુખ માની લીધું. સૌએ પોતાને ગમતી ચીજને સુખ તરીકે માની.

પણ હે માનવ ! તું વિચાર કર કે-સાચું સુખ કોને કહેવાય ?

શાસ્ત્રકારો આના ઉત્તરમાં એક જ ફરમાવે છે કે-**सर्वं परवशं दुःखं. सर्वमात्मवशं सुखम् ॥**

લક્ષ્મી હોવી એ સુખ ખરૂં. પણ એ સુખ લક્ષ્મીને આધીન છે. એ લક્ષ્મી મેળવવામાં કેટલું દુઃખ ? મેળવ્યા પછી એને સાચવવાનું કેટલું દુઃખ ? કોઈ ચોર-લુંટારૂ ઉપાડી જાય તો ય દુઃખ. અને કદાચ ન મળે તો અપાર દુઃખ.

કોઈએ પુત્રમાં સુખ માન્યું. પણ પ્રથમ તો એને પેદા કરવામાં દુઃખ. એને ઉછેરીને મોટો કર્યો, અને એ નાસી ગયો યા મરી ગયો, તો ય દુઃખ. એ પુત્ર દુર્ગુણી નીવડ્યો તો ય દુઃખ જ દુઃખ.

આમ હે આત્મન્ ! જેને તું સુખ માની રહ્યો છે, એ બધું તે તે વસ્તુને આધીન છે. તારે આધીન નથી. અને જે વસ્તુ પરાધીન છે, તે દુઃખનું જ મૂળ છે.

ત્યારે પ્રશ્ન થાય કે-સાચું સુખ કોને કહેવું ? આના જવાબમાં જ્ઞાનીઓ ફરમાવે છે કે-**यन्न दुःखेन संभिन्नं, न च भ्रष्टमनन्तरम्। अभिलाषापनीतं च, तज्ज्ञेयं परमं पदम् ॥**

જે સુખમાં દુઃખનો અંશ પણ ન હોય, જે મળ્યા પછી કદી પાછું ન જાય, અને જે મળ્યા પછી આગળ વધુ સુખ મેળવવાની અભિલાષા પણ ન થાય, તેનું નામ સાચું સુખ.

ત્યારે સંસારના સર્વ સુખો દુઃખથી મિશ્રિત જ છે. માનવીએ માનેલું કોઈ પણ સુખ એવું નહિ હોય કે જે દુઃખમિશ્ર ન હોય. તેમ-એ સુખો કાયમના-શાશ્વત નથી. આજે લક્ષ્મી કે સ્ત્રીપુત્રાદિ મળ્યા હોય, એ કાલે નાશ પણ પામે છે. એટલું જ નહિ, પણ જેમ જેમ એ સુખ મળતું જાય, તેમ તેમ તે વધારે કેમ મળે ? તેની અભિલાષા રહ્યા જ કરે છે. માટે એ સુખ-સાચું સુખ ન જ મનાય.

હવે એ સાચું સુખ મેળવવાનું પરમ સાધન ધર્મ છે. જે અહિંસામય છે, સંયમમય છે, અને તપશ્ચર્યામય છે. તેમજ-દુર્ગતિમાં પડતા પ્રાણિઓને અટકાવનાર છે, પાપથી બચાવનાર છે.

આવા મંગલકારિ ધર્મના આરાધનામાં હે માનવ ! તું પરાયણ રહીશ, તો જ તને સાચા સુખની પ્રાપ્તિ થવાની છે." ઈત્યાદિ.

[ પૂજ્યશ્રીની સાંભળવે મીઠી, આબાલ ગોપાલને સમજાય તેવી, અને હૈયા સોંસરવી ઉતરે એવી વાણી સાંભળીને ના. મહારાજા સહિત સર્વજનો પોતાના કાન ને કૃતકૃત્ય માનવા લાગ્યા. અને પૂજ્યશ્રીના શુદ્ધ બ્રહ્મ-તેજથી દેદીપ્યમાન દેહના દર્શન કરીને પોતાના નેત્રોને પવિત્ર થયેલા માનવા લાગ્યા. કારણ કે "**सुपुण्यलभ्यं हि महात्मदर्शनम्**". ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારપછી પૂજ્યશ્રીએ લીંબડીમાં ના. મહારાજાના અત્યાગ્રહથી લગભગ એક માસ સુધી સ્થિરતા કરી. તે દરમ્યાન પ્રતિદિન તેઓશ્રી બે બે-અઢી અઢી કલાક સુધી દેશનાનો અસ્ખલિત પીયૂષ-પ્રવાહ વહાવતા. અને એ પ્રવાહમાં સ્નાન કરીને પાવન થવા માટે ના. મહારાજા સહિત અઢારે આલમના સેંકડો લોકો એક પણ દિવસ પાડ્યા વિના નિયમિતપણે આવતા. અરે ! હરિજનો પણ તેઓશ્રીનું વ્યાખ્યાન સાંભળવા માટે તત્પર રહેતા. તેઓએ આ માટે શહેર-સુધરાઈ-(municipality) પાસે રજા અને સગવડ માગી. આથી સુધરાઈએ તેઓને માટે એક વિભાગમાં અલગ માંચડા બાંધી આપીને વ્યાખ્યાન સાંભળવાની ગોઠવણ કરી આપી.

પૂજ્યશ્રી પણ નિત્ય જુદાજુદા વિષયોની વિશદ છણાવટ કરતા. આજે શુદ્ધ દેવ, તો કાલે શુદ્ધ ગુરુ, વળી એક દિવસ શુદ્ધ ધર્મ, તો બીજે દિવસે મૂર્તિપૂજા, ક્યારેક જીવદયા, ક્યારેક દાનાદિ ધર્મ, ક્યારેક વળી ધર્મનીતિ અને રાજનીતિનું સ્વરૂપ પણ સમજાવતા. ષડ્દર્શનનો સમન્વય સાધતી પૂજ્યશ્રીની દેશના લોકોને માટે અપૂર્વ બોધપ્રદ તથા દોષનાશક બની. ના. મહારાજા સાહેબ ઘણા જ રસપૂર્વક શબ્દેશબ્દને અમૃત-ઘૂંટડાની જેમ પીતા-સાંભળતા, અને અપૂર્વ આહ્લાદ પામતા.

આ રીતે લીંબડીમાં એક માસ પસાર થયો. એટલે પૂજ્યપાદશ્રીએ વિહારની તૈયારી કરી. પણ ના. મહારાજાએ અત્યન્ત આગ્રહ કરીને તેઓશ્રીને રોકી રાખ્યા. જ્યારે જ્યારે પૂજ્યશ્રી વિહાર કરવાનું કહેતા, ત્યારે ત્યારે ના. મહારાજા વિનંતિ કરીને રોકી લેતા.

આથી એકવાર જ્યારે ના. મહારાજા કાર્ય પ્રસંગે મુંબઈ ગયેલા, ત્યારે પૂજ્યશ્રીમાન્ વિહાર કરી ગયા.

આપણા પૂજ્ય સૂરિદેવશ્રી ઉપર એક સ્ટેટના મહારાજાની કેવી અપ્રતિમ-વિનયપૂર્વકની ભક્તિ હતી, તે આ ઉપરથી આપણે કલ્પી શકીએ છીએ. લીંબડી નરેશની પૂજ્યશ્રી પ્રત્યેની ભક્તિનું એક દૃષ્ટાન્ત ઉપરના બનાવ પછી જ્યારે પૂજ્યશ્રી સં. ૧૯૭૯ માં અમદાવાદ બિરાજતા હતા, ત્યારે ના. મહારાજા પૂજ્યશ્રીના દર્શનાર્થે આવેલા. તે વખતે પૂજ્યશ્રીને ગેસનો ઉપદ્રવ રહેતો હોવાથી તે શમાવવા માટે શેકેલું સંચળ લેવાની ના. મહારાજાએ સૂચના કરેલી. અને ત્યારબાદ લીંબડી જઈને પૂજ્યશ્રી ઉપર શોધેલું શેકેલ સંચળ મોકલવાની સાથે પત્ર લખ્યો. એ પત્ર વાંચીને જ આપણે આશ્ચર્ય અને અનુમોદનાના સાગરમાં ગરકાવ થઈ જઈએ. આ રહ્યો એ પત્ર :—

૧૧-૧૧-૨૩
Dig Bhavan palace,
Limbdi.

"પૂજ્ય મહારાજશ્રી !

આપશ્રીને દરશને હું આવ્યો હતો. તે વખતે આપને શેકેલ સંચળ ચાર આનીભાર જમ્યા પછી લેતા જવાથી પેટનો વાયુ ઓછો થઈ હાજમા માટે પણ ઠીક રહેશે, એમ મેં વિનંતિ કરી હતી. તે શ્રીઆપ કરતા હશો. કેમકે મને એથી કરીને બહુ જ ફાયદો થયો છે. વખતે આપના વિકટ વહેવારને લઈને હજી તે ગોઠવણ ન થઈ શકી હોય તેમ જાણી આંહીથી થોડો સંચળ મારા કુંવરશ્રી પાસે જ તૈયાર કરવી આ સાથે મોકલું છું તે મારી સેવા સ્વીકારશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને એથી ઠીક લાગે તે આપ મને જણાવશો તો તુરત બીજો તૈયાર કરાવીને મોકલીશ તેમજ આપશ્રીને ફાયદો જણાતો રહેશે તો ખુદાખુદ હંમેશાં આપ જ્યાં હશો, ત્યાં મોકલતો રહીશ.

આપની તબીયતના [1]હવેફેર માટે જો આપ લીંબડી પધારશો તો જરૂર આરામ થઈ જાશે.

શ્રી ગુલાબચંદજી મને મળવા આવતા આપશ્રી પાસે આવવાની વાત નીકળતા મને યાદ આવી જવાથી મોકલાઉં છું. રાત્રે જ તૈયાર કરાવતા આટલો જ હાજર હોવાથી થોડો મોકલાવ્યો છે. પણ તેથી ફાયદો જણાશે તો વિશેષ સેવા કરવા ભાગ્યશાળી થઈશ.

એજ લી. સેવક દૌલતસિંહજીના દંડવત્ સ્વીકારશો."

કેવો વિનય આ પત્રના શબ્દેશબ્દે ભર્યો છે ? ખરેખર ! આપણા શાસ્ત્રોમાં અનેકવિધ વિનયોની ગણના કરતાં જૈન-મુનિઓના વિનય પછીના શ્રેષ્ઠ વિનય તરીકે રાજ-વિનય ગણાવ્યો છે, તે યથાર્થ જ છે. અને તેનું આ જ્વલંત ઉદાહરણ છે. આ પત્રનો પૂજ્યશ્રીએ આપેલો પ્રત્યુત્તર પણ વાંચવા જેવો છે. એ આ રહ્યોઃ–

"અમદાવાદથી વિજયનેમિસૂરિ."

"તત્ર નામદાર ઠાકોર સાહેબ, યોગ્ય ધર્મલાભ.

દદાજી સાથે મોકલાવેલ પત્ર તથા દવા મલ્યા. દવા શ્રાવક પાસે છે. તે શ્રાવક પાસેથી અમારા વ્યવહાર પ્રમાણે વ્હોરી લેવાય છે, અને વાપરી છે.

આપે મારા શરીરની તન્દુરસ્તી માટે રાખેલ કાળજી–અને કુમારશ્રીને આપેલ તસ્દી ભૂલી શકાય તેમ નથી. તે આપનો ધર્માનુરાગ અને ગુણાનુરાગ જણાવી આપે છે.

ભારતવર્ષના રાજા–મહારાજાઓમાં આપના જેના ધર્માનુરાગ–વિવેક–પ્રજાવાત્સલ્યાદિ ગુણો હોય તો આ ભારતવર્ષની જરૂર ઉન્નતિ થાય, એ દરેક સુજ્ઞ માણસ સમજી શકે તેમ છે.

આપે લીંબડી આવવા માટે કહેવરાવ્યું તથા લખ્યું પણ હાલ તો શારીરિક શક્તિ ચાલવાની તેટલી નહી હોવાથી બનવું મુશ્કેલ લાગે છે. છતાં ક્ષેત્રસ્પર્શના હશે તો બની રહેશે.

પવિત્ર આર્યાવર્તના આર્યમાનવોને ધર્મારાધન કરવું તે જ યોગ્ય છે. આપ હંમેશા તેમાં યથાશકિત તત્પર રહો છો અને રહેશો તેમ ઈચ્છું છું.

આ ભવમાં સુખનું સાધન અને પરભવમાં સાથે આવનાર અને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડનાર તે જ છે. એ જ. આપે મોકલાવેલ દવા બીજા બે સાધુ બીમાર હોવાથી તેમણે પણ વાપરી છે."

---

૧ હવાફેર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તરફ–પૂજ્યશ્રી ગ્રામાનુગ્રામ વિહરતાં અમદાવાદ તરફ આગળ વધી રહ્યા છે. ત્યાં માર્ગમાં ધોલેરાનો શ્રીસંઘ પૂજ્યશ્રીને વિનંતિ કરવા આવ્યો. ત્યાંના શા. પુરૂષોત્તમદાસ નાગરદાસની ભાવના પૂજ્યશ્રી ધોલેરા પધારે તો અઠ્ઠાઈ–મહોત્સવ કરવાની હતી. આથી શ્રીસંઘનો વિશેષ આગ્રહ થતાં તેઓશ્રી શિયાણી તીર્થની યાત્રા કરી, ધંધુકા થઈને ધોલેરા પધાર્યા.

ધોલેરા–એક વખત વ્યાપારનું મોટું મથક હતું. અમદાવાદના લબ્ધપ્રતિષ્ઠ વ્યાપારીઓ નગરશેઠ પ્રેમાભાઇ, શેઠ હઠીસિંગ કેસરીસિંગ વિગેરેની પેઢીઓ ત્યાં હતી. જોકે–અત્યારે તો આ ધોલેરાના રૂપરંગ ફરી ગયા હતા. અહીંના ધમધોકાર વ્યાપાર–વણજ હવે ઠંડા પડ્યા હતા.

સૌરાષ્ટ્રના ભાલ પ્રદેશનું આ ગામ હોવાથી ત્યાં, ધૂળ ઘણી ઉડ્યા કરે. આથી કંટાળેલા કોઈ કવિએ વર્તમાન ધોળેરાનું 'धूलिराज' તરીકે વર્ણન કરતાં કહ્યું કેઃ

अन्तर्धूलिर्बहिर्धूलिः, धूलिः सर्वदिशासु च ।
वदतां च मुखे धूलि–र्धूलिराट् कथ्यते बुधैः ॥
(અંદર ધૂળ ને બહાર ધૂળ, દશે દિશે વળી દીસે ધૂળ,
બોલનારના મુખમાં ધૂળ, ધોળેરા નામનું એ મૂળ.)

છતાંય એ 'ભાંગ્યુ તોય ભરૂચ' ની જેમ ઝાલાવાડના મુખ્ય શહેર સમું ગણાતું. અહીં ભવ્ય જિનાલય, વિશાળકાય ઉપાશ્રય, આદિ અનેક ધર્મસ્થાનકો હતા, અને છે.

પૂજ્યશ્રી પધારતાં જ શા. પુરુષોત્તમદાસે મહોત્સવની તૈયારીઓ કરવા માંડી. શ્રીશત્રુંજય, અષ્ટાપદ, આબૂ, વિગેરે પાંચ તીર્થોની મનોરમ રચનાઓ કરાવી. અને અનેરા ઠાઠથી પૂજ્યશ્રીની નિશ્રામાં મહોત્સવ ઉજવ્યો.

મહોત્સવ ઉજવાયા પછી પૂજ્યશ્રીમાન્ ધોળકા આદિ ગામોને પોતાના ચરણ–કમળ વડે પાવન કરતા કરતા અમદાવાદ પધાર્યા.

—*—

# [૨૯]

## જ્ઞાતિભેદનિવારણ

અમદાવાદમાં પૂજ્ય મહારાજશ્રી છએક વર્ષે પધાર્યા હોવાથી જનતામાં ઉત્સાહની છોળો ઉછળી રહી. પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ, રાવસાહેબ મોહનલાલ લલ્લુભાઈ વિગેરે સમજદાર અને બહુશ્રુત શ્રોતાઓ હંમેશા આવતા.

સં. ૧૯૬૭ના આ ચાતુર્માસમાં આગેવાન શ્રોતાઓની ભાવના પૂજ્યપાદશ્રીના શ્રીમુખે શ્રીભગવતીસૂત્રની દેશના સાંભળવાની થઈ. જોકે તેઓશ્રીની વ્યાખ્યાનશૈલી જ એવી અજોડ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને અદ્‌ભુત હતી કે–તેઓશ્રી કોઈપણ સૂત્ર કે ગ્રંથ વાંચે. તો પણ તત્ત્વરૂચિમાન્ શ્રોતાઓને મન તો ગોળનું ગાડું મળ્યા જેવો આનંદ આવતો. પણ આ વખતે લોકોને તેઓશ્રીના મુખથી શ્રીભગવતીસૂત્ર સાંભળવાની તીવ્ર ઉત્કંઠા થવાથી તેઓએ તેઓશ્રીને તે માટે વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ તેઓને પ્રસ્તુત સૂત્ર વંચાય, તો તે દિવસોમાં કરવાના–એકાસણાં કરવા, દેવવંદન કરવું, ધૂપ–દીપના ઉપયોગ સાથે સૂત્રમાં વારંવાર આવતા શ્રીગૌતમસ્વામી મહારાજના નામ પર પૂજા કરવી, વિ. વિધિ બતાવ્યો. ઉત્સાહી લોકોએ તરત જ તે વિધિ કરવાનું સ્વીકારી લીધું. અને અનેક આત્માઓ એ વિધિ કરવા માટે તૈયાર થઈ ગયા.

આથી પૂજ્યશ્રીએ શુભ–મુહૂર્તે "પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર" તથા ભાવના–અધિકારે સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ પ્રણીત "શ્રી સમરાઈચ્ચ–કહા" ની દેશના શરૂ કરી.

વાચનના પ્રારંભે શેઠ શ્રીમનસુખભાઈ ભગુભાઈ વિ.એ મહોત્સવ કર્યો. તેમજ વાચન–પ્રારંભદિનથી શેઠ મનસુખભાઈ, નગરશેઠ ચીમનલાલ લાલભાઈ, શેઠ દલપતભાઇ મગનભાઈ, શેઠ પુરૂષોત્તમદાસ મગનભાઈ, શેઠ મોહોલાલ મૂળચંદ, વિગેરે સંઘના પ્રતિષ્ઠિત અગ્રણીઓએ હાજરી આપવા માંડી. પ્રથમ દિવસે તે શ્રેષ્ઠિઓએ સૂત્રનું સુવર્ણમહોરોથી પૂજન કર્યું હતું.

દિન–પ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધવા લાગી. આથી ઉપાશ્રયની જગ્યા નાની પડવાથી નજીકમાં આવેલી શેઠશ્રી જેશીંગભાઈની વાડીમાં વિશાળ મંડપ બાંધવામાં આવ્યો. અને પૂજ્યશ્રી હંમેશા ત્યાં વ્યાખ્યાન વાંચવા પધારતા.

શેઠશ્રી અંબાલાલ સારાભાઈ પણ પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં તથા વન્દનાર્થે ઘણીવાર આવતા.

તેમના પૂર્વજ કરમચંદ પ્રેમચંદે શ્રીસિદ્ધગિરિજી ઉપર ટુંક બંધાવેલી. અને શેઠ મગનલાલ કરમચંદે પણ અનેક સ્થળોએ ધર્મશાળા–ઉપાશ્રય–દેરાસર વિ. બંધાવેલ છે.[૧]

તેઓ દશાશ્રીમાળી જ્ઞાતિના હતા. તેમણે પોતાની બહેનને ઘોલેરાવાળા એક સ્થાનકવાસી ભાઈ વેરે (ઘોળબહાર) પરણાવી હતી. જોકે–એ ભાઈની પાસે સાધારણનો એક રૂપિયો ભરાવી, વીશસ્થાનકની પૂજા ભણાવરાવી, ને મૂર્તિપૂજક તરીકે તેમનો સ્વીકાર કરાવ્યો હતો. અને તેઓ રહેતા હતા–એ ધનાસુતારની પોળના પંચમાં પણ તેમને દાખલ કરાવ્યા હતા. પણ આ કાર્ય પોતે પોતાના બંગલે જ્ઞાતિને જણાવ્યા સિવાય જ કરેલ હોવાથી જ્ઞાતિના અર્ધ ઉપરાંત લોકો વિરૂદ્ધ થયા હતા. તેમણે આ કારણને આગળ ધરીને શેઠને જ્ઞાતિ–બહાર મૂકવાની ઝુંબેશ ઉપાડી.

પણ અંબાલાલભાઈ જ્ઞાતિના આગેવાન હતા. અને તેઓ એકલે હાથે જ્ઞાતિને પહોંચી વળવાની તાકાત ધરાવતા હતા. એટલે દશાશ્રીમાળી જ્ઞાતિવાળાઓએ વીશાશ્રીમાળી જ્ઞાતિના આગેવાનોને પણ તેમની વિરૂદ્ધ ઉશ્કેર્યા કે : આ તો ધર્મ વિરૂદ્ધ કાર્ય છે, માટે સંઘે આ

૧–અમદાવાદમાં–દોશીવાડાની પોળનું અષ્ટાપદનું દેરાસર, ધીકાંટા પરનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું દેરાસર, તથા કામેશ્વરની પોળનું દેરાસર–એ બધાં એમણે કરાવેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન ઉપાડવો જોઈએ. આમ દશા અને વીશા શ્રીમાળીનો અમુક વર્ગ આ બાબતમાં એક થઈ ગયો. અને એ વર્ગે બન્ને જ્ઞાતિના અમુક આગેવાનોની સહીઓ સાથે સંઘપતિ નગરશેઠ ચીમનભાઈ ઉપર શેઠ અંબાલાલભાઈ ને સંઘ બહાર મૂકવાની અરજી મોકલાવી.

પણ નગરશેઠ વિ. સંઘાગ્રણીઓ સમજદાર હતા. તેમણે વિચાર્યું કેઃ–એક નજીવી બાબતને મોટું સ્વરૂપ આપીને અંબાલાલભાઈ જેવી વ્યકિતને સંઘ બહાર મૂકવાનું કોઈ પ્રયોજન નથી. અને તેમ કરવું, તે સંઘને જ હાનિકર છે. અને આ જ કારણથી કે–કદાચ સંઘ કોઈ મહત્ત્વના કાર્ય પ્રસંગે એકઠો થાય, તો બન્ને જ્ઞાતિવાળા લોકો અંબાલાલભાઈને સંઘ બહાર મૂકવાની હિલચાલ મોટા પ્રમાણમાં કરે, તે માટે તેઓ–નગરશેઠ વિગેરે અગ્રણીઓ સંઘ પણ ભેગો કરતા નહોતા. આથી સંઘના કેટલાક મહત્ત્વના કાર્યોમાં પણ વિલંબ થવા લાગ્યો.

આ દરમ્યાન જ્ઞાતિના જ કોઇ માણસે શેઠ અંબાલાલભાઇના માતા–પિતા ઉપર ખોટા આક્ષેપ કરતું પેમ્ફલેટ(Pamphlet)બહાર પાડયું. આથી શેઠ આખી જ્ઞાતિ ઉપર કાયદેસર પગલાં લે, એવી તંગ પરિસ્થિતિ સર્જાણી. આ પરિસ્થિતિ થાળે પાડવા માટે મોટા મોટા શ્રેષ્ઠિઓ–આગેવાનોએ ઘણા પ્રયાસો કર્યા, પણ સમાધાન વધારે અશકય બનવા લાગ્યું. ત્યાં સુધી કે–અમદાવાદના સંઘમાં પણ બે ભાગલા પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ.

આથી આપણા પૂજ્યશ્રીમાન્ જ્યારે ધોલેરાથી અમદાવાદ તરફ વિહાર કરતાં કરતાં બાવળા મુકામે પધાર્યા (ચોમાસા પૂર્વે), ત્યારે ત્યાં સુરતનો સંઘ વિનંતિ કરવા આવેલ, પણ ત્યાં જ શેઠશ્રી મનસુખભાઈ વિ. અમદાવાદના આગેવાનો આવ્યા, અને તેઓએ પૂજ્યશ્રીને વિનંતિ કરતાં કહ્યું કે : સાહેબ ! શેઠ અંબાલાલભાઈના પ્રશ્ને અત્યારે ખૂબ ગંભીર સ્વરૂપ લીધું છે. એનો ઉકેલ હવે આપ શ્રીમાન્ સિવાય કોઇ લાવી શકે તેમ નથી. માટે કૃપા કરીને આપ સાહેબ આ વર્ષે તો અમદાવાદ પધારો, અને આનો ઉકેલ કરો. જેથી શ્રીસંઘમાં શાન્તિ થાય, અને સંઘનો કાર્ય–રથ નિર્વિઘ્નપણે ચાલવા લાગે.

આ કારણથી પૂજ્યશ્રીએ અમદાવાદ પધારવાનું સ્વીકાર્યું, અને પધાર્યા.

શેઠ અંબાલાલભાઇ ને પૂજ્યશ્રી ઉપર અનન્ય શ્રદ્ધા–ભક્તિ હતી. એક વાર તેઓ વંદનાર્થે આવ્યા, અને પૂજ્યશ્રીને કહ્યું કે : કાર્ય સેવા ફેરમાવો.

સમયના જાણ પૂજ્યશ્રીએ કહ્યું: "અંબાલાલભાઈ ! શેઠ મગનભાઈ કરમચંદ આખી દશા શ્રીમાળી જ્ઞાતિના ૧૨૦૦ ઘરના શેઠ હતા. હવે આપણે જ્ઞાતિમાં તડ પાડીને અર્ધ–જ્ઞાતિના શેઠ બનવું નથી. માટે જે રીતે જ્ઞાતિમાં શાન્તિ સ્થપાય એ રીતે યોગ્ય સમાધાનના માર્ગે આવવું, એમાં જ તમારૂં, જ્ઞાતિનું, અને અમદાવાદના શ્રીસંઘનું હિત સમાયેલું છે."

અંબાલાલભાઈની ઈચ્છા પતાવવાની નહોતી. પણ "गुरुवचनं शिरसा वन्द्े" એ ઉકિત–અનુસાર પૂજ્યશ્રીરૂપ ગુરૂદેવના વચનને પોતાની ગમે તેવી ઉત્કટ ઈચ્છા કરતાં પણ અધિક માનનાર અંબાલાલભાઈએ કહ્યું : સાહેબ ! આપનું વચન મારે આંખમાથા પર છે. હવે આપશ્રીના માર્ગદર્શનાનુસાર સમાધાન થઇ જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જાણીને તેમના પક્ષકાર જ્ઞાતિજનો તેમને કહે : શેઠ ! આપે સમાધાન કરવું, એ કોઇ રીતે વ્યાજબી નથી. અમે બધાં આપના પક્ષમાં રહ્યા, અને હવે આપ સમાધાન કરો તો અમારૂં નાક કપાય.

"ગુરૂમહારાજશ્રી જે કહે તે મારે શિરોમાન્ય છે. ત્યાં મારી ઈચ્છા–અનિચ્છાનો સવાલ જ નથી. તેઓશ્રી કદાચ મને સંઘબહાર મૂકે કે લાખ રૂપિયાનો દંડ કરે, તો પણ તે મારે શિરોધાર્ય જ છે. અને શાન્તિથી સમાધાન કરવાનું ફરમાવે, તે પણ મારે શિરસાવંદ્ય જ છે. તમારે જો સામા પક્ષમાં જવું હોય તો ખુશીથી જઇ શકો છો. મારા પક્ષમાં રાખવાનો મારો કંઈ આગ્રહ નથી." સ્વ-ઈચ્છા કરતાં પણ ગુરૂવચન અધિક અને અવશ્ય પાલનીય છે, એવી ભવ્ય ભાવનાના રણકારભર્યા શબ્દોમાં અંબાલાલભાઈએ તેમને જવાબ આપી દીધો.

હવે બન્યું એવું કે–રાયપુર–કામેશ્વરની પોળમાં અંબાલાલભાઈના વડીલોએ બંધાવેલ દેરાસરનો જીર્ણોદ્ધાર પૂરો થયો હોવાથી તે દેરાસરની પ્રતિષ્ઠા કરાવવાની તેમને ભાવના થઈ.

પ્રતિષ્ઠા કરાવવાની વિનંતિ માટે તેમણે પોતાના અંગત સલાહકાર અને જ્યુબીલી મીલના મેનેજર શ્રીજમનાદાસ સવચંદ (સાતભાયાવાળા)ને પૂજ્યપાદશ્રી પાસે મોકલ્યા. પૂજ્યશ્રીએ પણ તે વિનંતિ સ્વીકારી.

આ દરમ્યાન–પૂજ્યશ્રીએ અદ્‌ભુત બુદ્ધિ–કુનેહ વાપરીને શેઠ અંબાલાલભાઈની વિરુદ્ધમાં પડેલા વીશા શ્રીમાળી જ્ઞાતિના મુખ્ય મુખ્ય ગૃહસ્થોને ઉપદેશ દ્વારા આ વિરોધ કરવો છોડી દેવા સમજાવ્યા. તેઓ પણ પરિસ્થિતિ સમજ્યા, અને નગરશેઠ ઉપર અંબાલાલભાઈ–વિરૂદ્ધ કરેલી અરજી પાછી ખેંચી લીધી. આમ થવાથી દશાશ્રીમાળી જ્ઞાતિના સામા પક્ષમાં ગભરાટ છવાઈ ગયો. તેમને વીશાશ્રીમાળી જ્ઞાતિની મોટી ઓથ હતી, તે છૂટી ગઈ. એમાં વળી એમના જાણવામાં આવ્યું કે પ્રતિષ્ઠા પ્રસંગે શેઠ તરફથી શ્રીસંઘની નવકારશી થશે. એટલે તેઓ બેવડી મુંઝવણમાં મૂકાયા.

આ ચાલુ ઝઘડાને કારણે શેઠની ઈચ્છા નહોતી, પણ પૂજ્યશ્રીના ઉપદેશથી અને નગરશેઠ વિ. ની સલાહથી તેમણે નવકારશી કરવાનું, તથા કુમકુમપત્રિકા છપાવવાનું નક્કી કર્યું હતું. આથી સામા પક્ષવાળા મુંઝાયા કે–હવે તો આપણે આખા સંઘથી જુદાં પડી જઈશું.

પણ "ડૂબતો તરણાંને ઝાલે" ની જેમ તેઓ વિચારવા લાગ્યા કે: કંકોત્રી તો શેઠ કરમચંદ પ્રેમચંદના મોટા નામથી બહાર પડશે, માટે નવકારશીમાં તથા મહોત્સવમાં જવામાં આપણને કાંઈ વાંધો નહિ આવે, એટલે આપણે સંઘથી જુદા પણ નહિ પડીએ.

પણ શેઠે તો પોતાના નામથી જ કંકોત્રી કાઢી. એટલે પેલા સામા પક્ષવાળાને ભારે વિમાસણ થઈ પડી. હવે તેમની આબરૂનો સવાલ હતો. શેઠને સંઘબહાર મૂકવા જતાં પોતે જ સંઘબહાર થઈ જાય, એવી પરિસ્થિતિ ઉભી થઈ. કરે તેવું પામે.

હવે તેઓએ વિચાર્યું કે હવે પૂજ્ય મહારાજ સાહેબ જ આપણી આ વિમાસણ દૂર કરી શકશે. તેઓ તો આવ્યા પૂજ્યશ્રી પાસે. અને બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી એને માટે વિનંતિ કરવા લાગ્યા.

પૂજ્યશ્રીએ અંબાલાલભાઇને બોલાવ્યા. તેઓ આવ્યા. પૂજ્યશ્રી પાસે જુદાજુદા–પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પક્ષકાર અને વિરોધી અગ્રણીઓને બેઠેલા જોઈને તેમને ઘણું આશ્ચર્ય થયું. પૂજ્યશ્રીએ તેમને તથા સામા પક્ષવાળાઓને સમાધાન માટે ઉપદેશ આપ્યો.

અંબાલાલભાઈ તો એ માટે તૈયાર જ હતા. તેમણે પૂજ્યશ્રીને કહ્યું : સાહેબ ! મારે તો આપ ફરમાવો તેમ કરવાનું છે. આપ કહો તો કોરા કાગળ પર સહી કરી આપું.

આ સાંભળી પૂજ્યશ્રીએ સામા પક્ષવાળાઓને કહ્યું : જુઓ ! અંબાલાલભાઈ તો સમાધાન માટે તૈયાર છે. તમે બધાં તૈયાર છો ?

"વાર્યાં ન માને, એ હાર્યા માને" એ પરિસ્થિતિમાં મૂકાયેલા પેલા લોકોએ હકારાત્મક જવાબ આપ્યો. એટલે પૂજ્યશ્રીએ સમાધાનનું લખાણ કરાવ્યું. અને અંબાલાલભાઈને વાંચવા આપ્યું. ત્યારે અંબાલાલભાઈ કહેઃ સાહેબ ! મારે કાંઈ વાંચવાનું નથી. હું તો આપ ફરમાવો એટલે સહી કરી આપું. આપે જે લખાણ કરાવ્યું હશે, તે અમારા હિતને માટે જ હશે.

આ પછી પૂજ્યશ્રીએ સામા પક્ષવાળાને તે વાંચવા આપ્યું. તેમણે પણ તે સહર્ષ માન્ય રાખ્યું. બંનેએ સહીઓ કરી, અને પૂજ્યશ્રીમાન્‌ની સમક્ષ પરસ્પર 'મિચ્છામિદુક્કડ' દીધા.

ત્યારપછી તે જ વખતે પૂજ્યશ્રીની પ્રેરણાથી શેઠે સામા પક્ષવાળાઓને નવકારશીમાં તથા મહોત્સવમાં આવવાનું આમંત્રણ કર્યું.

આમ પૂજ્યશ્રીના અદ્ભુત બુદ્ધિપ્રભાવથી સંઘ અને દશાશ્રીમાળી જ્ઞાતિ ઉપરથી ભેદ-વિખવાદના વાદળ-દળ વિખરાયા, અને એનું સ્થાન શાન્તિ તથા સંપે લીધું.

ત્યારપછી તો–ઉત્તમ–મંગલકારિ મુહૂર્તે પ્રતિષ્ઠાનો વિધિ મહોત્સવપૂર્વક સંપન્ન થયો. તેમાં નવગ્રહાદિપાટલાપૂજન શેઠ અંબાલાલભાઈએ પોતે કરેલું. અમદાવાદના શ્રીસંઘની નવકારશી પણ તેમના તરફથી સુંદર રીતે થઈ. પ્રસ્તુત વિખવાદને કારણે બે વર્ષથી બંધ પડેલી નવકારશી આ રીતે ચાલુ થઈ.

—*—

# [૩૦]

## સર્વના હિતચિંતક

માનવતાના મૂલ ઘટયા હતા. પશુતાના આદરમાન વધ્યા હતા.

આદમિયતની ટહેલ હતી કેઃ મને કોઈક તો સ્વીકારો.

પશુતાનો તોટો પડ્યો હતો, કારણકે–આદમી એને મોં માંગ્યા મૂલે ખરીદતો હતો.

ગત વર્ષમાં મેઘરાજાની મહેર ઓછી થયેલી. એટલે ૧૯૯૮ નું ચાલુ વર્ષ દુષ્કાળના ઓળા લઈને આવેલું.

માનવીની ભૂખ અપરંપાર હતી. એને શમાવવા માટે એણે માનવતાને ઠોકરે મારી હતી, પશુતાને સત્કારી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેટનો ખાડો પૂરવા માટે પોતાના કિંમતી પશુ-ધનને માનવ પાણીના મૂલે વેચવા માંડ્યો. સુખ-દુઃખના સંગાથી-નિર્દોષ પ્રાણીઓ એને ભારરૂપ લાગ્યા.

આ વખતે આપણા ચરિત્રનાયકશ્રી બહારની વાડીએ બિરાજતા હતા. વ્યાખ્યાન વાંચવા માટે તેઓશ્રી હંમેશ શહેરમાં પધારતા.

એકવાર નિત્યનિયમ પ્રમાણે તેઓશ્રી શહેરમાં વ્યાખ્યાનાર્થે પધારી રહ્યા હતા. સાથે કેટલાક મુનિવરો, તથા શા. કેશવલાલ અમથાલાલ વકીલ, શ્રી લક્ષ્મીચંદ ભૂધર બગડીયા (બોટાદ) વિગેરે શ્રાવકો હતા.

સવારનો એ સમય હતો. લોકો ઉલ્લાસભેર પ્રાતઃકાર્ય આટોપીને સ્ફૂર્તિથી દૈનિક કાર્યક્રમમાં પ્રવૃત્ત થઈ રહ્યા હતા. આ વખતે માર્ગ પર થોડે દૂર એક માણસ ભેંસોના ટોળાને દોરી જતો હતો. સહસા પૂજ્યશ્રીની નજર તેના પર પડી. ભેંસોની ચાલ તથા તેના દોરનારના દેખાવથી તેઓશ્રીને અણુસાર આવી ગયો. તરત જ તેઓશ્રીએ પૂછયું: લક્ષ્મીચંદ ! આ ભેંસો કયાં લઈ જવાય છે ? કોણ લઈ જાય છે ?

લક્ષ્મીચંદભાઈએ તપાસ કરીને જણાવ્યું કે લઈ જનાર કસાઈ છે, અને કસાઈખાને વધ માટે ભેંસોને લઈ જાય છે.

આ સાંભળીને દયાના મૂર્તિમંત અવતાર સમા પૂજ્યશ્રીનું હૈયું દ્રવી ઉઠયું. તેઓશ્રીના મનમાં મંથન ચાલ્યું કે: રે ! અમ સમા દયા ધર્મના ઉપદેશક અને પાલક બેઠાં છે, તોય આ ઘોર હિંસા થાય ? નહિ, નહિ, નહિ, આ પ્રાણીઓને કોઈ પણ ભોગે મૃત્યુ-મુખમાંથી ઉગારવા જ જોઈએ. તરત જ તેઓશ્રીએ શ્રીકેશવલાલ વકીલને કહ્યું: "વકીલ ! આ નિર્દોષ પ્રાણીઓ કોઈ પણ ભોગે-ઉપાયે બચી જવા જોઈએ, તેમનો વધ ન જ થવો જોઈએ."

કેશવલાલભાઈ તથા લક્ષ્મીચંદભાઈએ તત્ક્ષણ તેઓશ્રીના આ વચનનો અમલ કર્યો. પેલા કસાઈ પાસે જઈ ને થોડી સમજાવટથી, થોડી ધાક-ધમકીથી, ભેંસોને છોડાવી લીધી. અને એમને અભયદાન આપીને પાંજરાપોળ મોકલી આપી. ભેંસો પણ જાણે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરતી હોય, તેમ પૂજ્યશ્રીની સામું જોઈને ભાંભરતી-ભાંભરતી ચાલી ગઈ.

આ બનાવથી પૂજ્યશ્રીના અંતરમાં ઘણું જ દુઃખ થયું. ભેંસોને કસાઈખાને લઈ જવાઈ રહ્યાનું એ દૃશ્ય હજી એમની આંખો સમક્ષ તરવરતું હતું. તેઓશ્રીને થયું કે: આ તો આપણે જોઈ ગયા એટલે છોડાવી. પણ આવાં તો કેટલાંય નિર્દોષ પ્રાણીઓ પ્રતિદિન હણાતાં હશે ? રે ! આ મૂંગા પ્રાણીઓનું કોણ ?

આવા વિચારમાં ને વિચારમાં તેઓશ્રી ઉપાશ્રયે પહોંચ્યાં. વ્યાખ્યાન શરૂ થયું. આજે તેઓશ્રીએ જીવદયા વિષે દર્દ-ભર્યા અને સામાના અંતરતલને સ્પર્શી જાય એવા સ્વરે ઉપદેશ આપ્યો. હજારોની સંખ્યામાં હણાઈ રહેલા આ પ્રાણીઓના બેલી થવાની તેઓશ્રીએ હાકલ કરી. અને તે જ વખતે જીવદયાની ટીપ શરૂ કરાવી.

ગણત્રીના જ દિવસોમાં તેઓશ્રીના પ્રેરક ઉપદેશનો ચમત્કાર સર્જાયો. મૂંગા પ્રાણીઓને છોડાવવાની-અભયદાન આપવાની ટીપમાં રૂ. ૧॥ લાખ (દોઢ લાખ) નોંધાયાં. અને અભયદાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામેલા પશુઓને સાચવવા–નીભાવવા માટેની ટીપમાં રૂા. ૪॥ લાખ (સાડા ચાર લાખ) નું અપૂર્વ ભંડોળ એકત્ર થયું. આ ટીપમાં શેઠશ્રી મનસુખભાઈ એ રૂા. ૨૫,૦૦૧ (૨૫ હજાર એક) તથા શેઠ અંબાલાલ સારાભાઈ એ રૂા. ૧૦,૦૦૧ (દશ હજાર એક) નોંધાવ્યા. પૂજ્યશ્રીની સત્ત્વ–શુદ્ધ વાણીનો આ જાદુ જોઈ ને સૌ કોઈ આફરીન પોકારી ઉઠ્યા.

જાદુગર તો દુનિયામાં ઘણાય હોય છે. પણ એ બધાં ઇન્દ્રજાલના સર્જક અને અર્થના અર્જક જ. આ કોઈ ઈન્દ્રજાલ કે નજરબંધીનો પ્રયોગ નહોતો, અર્થના ઉપાર્જનની કોઇ યોજના (Scheme) નહોતી. આ તો હતો પૂજ્યશ્રીની શાસ્ત્રપૂત વાણીનો અલૌકિક ચમત્કાર, અને એની પાછળ હતું જીવદયાનું–અભયદાનનું સર્વોત્કૃષ્ટ બળ. ઇન્દ્રજાલ જેવી વસ્તુનું તો એની આગળ સ્થાન જ ન હતું, પછી સરખામણીની તો વાત જ ક્યાં ?

આવી માતબર રકમ એકત્ર થવાથી પાંજરાપોળ ખાતે વર્તાતી પૈસાની તંગી દૂર થઈ. હજારો મૂંગા પ્રાણિઓને પ્રાણદાન અને અન્નદાન મળ્યા.

સં. ૧૯૬૮ નું ચોમાસું પૂજ્યશ્રીએ અમદાવાદમાં કર્યું.

આ ચાતુર્માસ દરમ્યાન–પૂર્વે સંઘબહાર મૂકાયેલા શ્રીશિવજી દેવશીએ મુંબઈમાં પૂજ્યશ્રી તથા શેઠ અમરચંદ જસરાજ આદિ ગૃહસ્થોની વિરુદ્ધમાં ડેફેમેશન કેસ (Case) કર્યો. પણ પરિણામે તેનો જ પરાજય થયો.

મુંબઇમાં રહેતા કેટલાંક કચ્છ–કાઠિયાવાડ વ. પ્રાન્તોના ગૃહસ્થો ભેગાં થઇને અમદાવાદમાં રહેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મુંબઈમાં લઈ આવવી, એવી હિલચાલ કરવા માંડ્યા. ખટપટની દુનિયાથી અજાણ એવા ગામડાના લોકોને તેઓ ઉંધુ ચત્તું સમજાવતા કે “આ. ક. પેઢીના વહીવટદારો પેઢીના પૈસાથી પોતાની મીલો ચલાવે છે. માટે ચોખ્ખા હિસાબ માટે પેઢી મુંબઈમાં લાવવી જોઈએ” આથી પેલાં ગામડાવાળા ભાઈ ઓ તેમને આ વાતના સમર્થનમાં પોતાની સહી કરી આપતા. આવી રીતે ખોટો પ્રચાર કરીને એ લોકોએ લગભગ ૨૫૦ સહીઓ એકત્ર કરી.

આ બધી હકીકત નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણીભાઈ વ. પેઢીના અગ્રણીઓના જાણવામાં આવતાં, તેમણે આ લોકોને સમજાવ્યા કે : પેઢી અમદાવાદની બહાર જાય, તો પેઢીને ઘણું નુકશાન વેઠવું પડશે. તીર્થોના વહીવટ પણ અવ્યવસ્થિત થઇ જશે. જો પેઢીના ચોપડા વગેરે તપાસવા હોય તો ખુલ્લા જ છે. જેને જોવા હોય તે જોઈ જાય. બાકી વહીવટદારો ઉપર જે અસત્ય આક્ષેપ મૂકવામાં આવે છે તે બિલકુલ યોગ્ય નથી. કદાચ પેઢી તરફથી કોઇવાર એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ (A.g.g.) કે વોઇસરોય વગેરે પ્રતિષ્ઠિત વ્યક્તિઓને માનપત્ર–હારતોરા વિ. કરવું હોય, તો તેનો સર્વ ખર્ચ પેઢી ખાતે ન નાખતા, પ્રતિનિધિઓ જ ભોગવી લે છે. વિ.વિ.

પણ પેલા લોકો સમજવા જ નહોતા માગતા, પછી ક્યાંથી સમજાય ? તેમણે તો પોતાની ખટપટ ચાલુ જ રાખી. આથી અમદાવાદના દૂરંદેશી શ્રેષ્ઠિઓએ પણ તેમનો પ્રતીકાર શરૂ કર્યો. તેઓ લોકોને સત્ય હકીકત સમજાવવા લાગ્યા.

આ વખતે શેઠશ્રી મનસુખભાઈ ને વિચાર આવ્યો કે : “આ બાબતમાં પૂજ્યશ્રી ધ્યાન આપે, ગામેગામના સંઘોને પ્રેરણા આપે, તો પેઢી અમદાવાદમાં જ રહે.”

આ વિચાર આવતાં જ તેઓએ પૂજ્યશ્રીમાનને વાત કરી, એટલે પૂજ્યશ્રીએ જૈન તત્ત્વ-વિવેચક સભાના સભ્યો દ્વારા ગામેગામના શ્રીસંઘોને આ બાબતમાં પ્રેરણા આપી. પરિણામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફક્ત આઠ જ દિવસમાં લગભગ ૧૨૦૦ (બારસો) જેટલી સહીએ "શેઠ આ.ક. પેઢીના તમામ હિતને વાસ્તે મુખ્ય પેઢી અમદાવાદમાં જ રાખવી." એના સમર્થનમાં આવી ગઈ. ક્યાં ૨૫૦, ને ક્યાં ૧૨૦૦! આમ ખટપટીયાઓની ધારણા ધૂળમાં મળી ગઈ, અને મુખ્ય પેઢી અમદાવાદમાં જ રહી.

આ પછી ચોમાસું પૂર્ણ થયે સં. ૧૯૬૯માં માગશર વદમાં પેઢીનું બંધારણ પુનઃ નવેસરથી રચવાનો નિર્ણય પૂજ્યશ્રીની સમક્ષ થયો. અને આ માટે હિંદુસ્તાનના સકલ સંઘને ભેગો કરવાનો નિર્ણય લઈને આમંત્રણપત્ર પણ કાઢવામાં આવ્યું.

હવે પૂજ્યશ્રીએ વિહારની તૈયારી કરી. આ વખતે તેઓશ્રીના સદ્દુપદેશથી શ્રીચીમનલાલ નામના એક વૈષ્ણવ માસ્તર પ્રતિબોધ પામીને દીક્ષા લેવાને ઉત્સુક થયા. તેઓ 'બોડીવાળા માસ્તર' તરીકે પ્રસિદ્ધ હતા. તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન બહોળું હતું. અમદાવાદમાં કોઈ પણ નવા કમિશ્નર, કલેકટર, વિ. અંગ્રેજ અધિકારીઓ નીમાતા, ત્યારે તેમને અંગ્રેજી દ્વારા ગુજરાતી જ્ઞાન મેળવવા માટે આ માસ્તરની ખાસ જરૂર પડતી. તેઓએ ઘણા અંગ્રેજ અમલદારોને (આ રીતે) ગુજરાતી જ્ઞાન આપેલું, તેથી તે વર્ગમાં તેમની ખ્યાતિ સારી પ્રસરેલી. તેમણે પોતાને દીક્ષા આપવા માટે પૂજ્યશ્રીને વિજ્ઞપ્તિ કરી. આથી પૂજ્યશ્રીને એલીસબ્રીજ તરફ આવેલા નગરશેઠના 'રસાલાવાળા'ના નામે ઓળખાતા બંગલામાં તેમને દીક્ષા આપીને પોતાના શિષ્ય કર્યા, અને તેમનું નામ 'મુનિશ્રી ચન્દનવિજયજી' રાખ્યું.

દીક્ષા આપીને પૂજ્યશ્રીએ ભોયણી તરફ વિહાર કર્યો. આ વખતે 'જૈનતત્ત્વવિવેચક સભા'ના સભ્યોએ 'શ્રીથળતેજ'નો છ 'રી' પાળતો સંઘ કાઢ્યો. અહીં એક જીર્ણ જિનાલય હતું. ત્યાંથી ભોયણીજી પધાર્યા. અહીં શ્રીમલ્લિનાથ પ્રભુની યાત્રા કરી. ભોયણીમાં કપડવંજનો શ્રીસંઘ વિનંતિ કરવા આવતાં, તે તરફ જવા માટે ભોયણીથી કલોલ પધાર્યા.

પૂજ્યશ્રી કપડવંજ તરફ પધારે છે, એવા સમાચાર મળતાં શેઠશ્રી મનસુખભાઇ વિગેરેને લાગ્યું કેઃ–જ્યારે અમદાવાદમાં અખિલ હિંદનો શ્રીસંઘ એકત્ર થાય છે, અને હિન્દુસ્તાનના સકલ સંઘની પ્રતિનિધિ સમી પેઢીનું બંધારણ નવેસરથી ઘડાય છે, તેવે વખતે પૂજ્ય મહારાજ સાહેબ અમદાવાદમાં બિરાજમાન હોય, તો ઘણો ફેર પડે. કારણકે–દરેક વ્યક્તિઓ ઉપર જેમની પ્રભાવભરી છાયા પડે, તેવા મહાપુરુષ તેઓશ્રી જ છે. માટે તેઓશ્રીની અહીં ખાસ હાજરી જોઈએ.

વળી આ પ્રસંગે શેઠ મનસુખભાઈની ઈચ્છા હતી કે–સંઘ–વ્યવહારથી અલગ એવી કચ્છી કોમને જો આ સંઘ ભેગો થાય છે, તે વખતે સંઘ વ્યવહારમાં દાખલ કરી દેવાય, તો ઘણું સારૂં. કારણકે–કચ્છી કોમે એ માટે શેઠને વિનંતિ કરી હતી. હવે–આ કાર્ય કાઠિયાવાડના આગેવાનોનો સહકાર હોય તો જ સફળતાથી પાર પડી શકે. અને કાઠિયાવાડના રાજા જેવા (King of kathiawar) શેઠ અમરચંદ જસરાજ વોરા, વિ. અગ્રણીઓ પૂજ્યશ્રીના અનન્ય ભક્ત હતા. તેથી પૂજ્યશ્રી તેમને સહકાર આપવા સમજાવે, તો જ આ કાર્ય પાર પડે. માટે પણ પૂજ્યશ્રીની હાજરી અમદાવાદમાં જોઈએ એમ તેમને લાગ્યું.

આથી તેઓ તથા અન્ય આગેવાનો પૂજ્યશ્રીમાન્‌ને વિનંતિ કરવા કલોલ આવ્યા.

પૂજ્યશ્રીએ પણ લાભાલાભની દૃષ્ટિએ વિચાર કરીને અમદાવાદ પધારવાની વિનંતિ સ્વીકારી.

—×—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જય શેરીસાનાથ

ઇતિહાસના બે પ્રકાર છે. સજીવ અને નિર્જીવ.

નિર્જીવ ઇતિહાસની જડ છે કલ્પના.

મનઘડંત કલ્પનાઓને જ્યારે સત્ય પુરવાર કરવાનો પ્રયત્ન થાય,–પછી તે તર્કશક્તિથી, કે દલીલબાજીથી, ગમે તે રીતે–ત્યારે તે ઇતિહાસ જરૂર બને છે; પણ નિર્જીવ. એમાં જીવ નથી હોતો. એવા પણ ઈતિહાસના પ્રસંગો જોવા મળે છે કે જેમાં કલ્પના–કેવળ કલ્પના સિવાય બીજી કોઈ વાસ્તવિકતા હોતી નથી. પાષાણમાં કલાત્મક રીતે કંડારેલી પણ પ્રાણના સમારોપ વિનાની દેવ–પ્રતિમા જેવો એ ઇતિહાસ હોય છે.

સજીવ ઈતિહાસનો જીવ છે–સત્ય, નિર્ભેળ સત્ય.

દેવ–પ્રતિમામાં પ્રાણનું પ્રતિષ્ઠાન કરવામાં આવે, ત્યારે આપણને સાક્ષાત્ એ પ્રતિમાના અધિષ્ઠાતા દેવ જ દેખાય છે. બસ, એ જ રીતે ઈતિહાસમાં જ્યારે નિર્ભેળ સત્ય મળે છે, ત્યારે આપણી સામે જીવંત ઈતિહાસ ખડો થાય છે.

અત્યારે આપણે ઈતિહાસ વિષે વિચારણા કરવા નથી માગતા. આપણે તો સપ્રાણ ઈતિહાસનું એક પાનું જ ફક્ત વાંચવું છે.

આ રહ્યું એ પાનું:—

અવન્તીપતિ સમ્રાટ્ વિક્રમાદિત્યના ૧૨ મા શતકના પૃષ્ઠકાળ, અને ૧૩ મા શતકના પ્રારંભકાળની આ વાત છે.

ગુજરાતની ગરવી ઉરવી છે.

એના પર ચાલુક્યચક્રવર્તી રાજા કુમારપાળનું શાસન–ચક્ર છત્રવત્ વિસ્તરી રહ્યું છે.

જિનશાસનનો મધ્યાહ્ન–રવિ અવની પર સહસ્ર કિરણોએ પ્રકાશી રહ્યો છે. તેવે વખતે એક મહાન્ જૈનાચાર્ય શ્રીદેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પણ પૃથ્વીમંડળને પોતાના પાદ–કમળો વડે પાવન કરતા વિચરી રહ્યા છે.

ભારે પ્રભાવશાળી છે એ આચાર્યદેવ.

શાસન–પ્રભાવના એમની રગેરગમાં વ્યાપેલી છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમકાલીન અને સહાધ્યાયી એ સૂરિપુંગવ છે.

ધરણેન્દ્ર અને પદ્માવતી જેવા દેવ-દેવીઓ એમની આજ્ઞા પાળવા હોંશિયાર રહે છે.

મંત્રવિદ્યામાં તેઓ અજોડ છે.

નાગેન્દ્રગચ્છના શિરતાજ એ સૂરિરાજ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા એ મહાન સૂરિરાજ એકદા શેરીસાનગરમાં પધાર્યા. અહીં એક સ્થાન તેઓને ઘણું જ ગમ્યું. વારંવાર તેઓ ત્યાં આવીને કાયોત્સર્ગ ધ્યાને રહેવા લાગ્યા. *

આ જોઈને એક ભક્ત શ્રાવકે સવિનય પૂછ્યું: ભગવન્ ! મહાપુરૂષોની એક પણ ક્રિયા નિષ્પ્રયોજન નથી હોતી. નિર્હેતુક પ્રવૃત્તિ મહાપુરૂષોને ત્યાજ્ય હોય છે. છતાંય અજ્ઞાન એવા મને જિજ્ઞાસા થાય છે કે–આ સ્થાનમાં એવી તે શું વિશેષતા ભરી છે, કે જેથી આપ પૂજ્ય જિનાલય કે ઉપાશ્રયમાં કાયોત્સર્ગ ધ્યાને ન રહેતા અહીં પધારીને કાયોત્સર્ગ કરો છો ? અહીંયા કાયોત્સર્ગ કરવાનું આપ સમા પૂજ્ય પુરૂષનું શું પ્રયોજન હશે ? પ્રભો ! જણાવવા યોગ્ય હોય તો કૃપા કરીને મારી જિજ્ઞાસા પૂર્ણ કરો.

શ્રાવક–વર્યની જિજ્ઞાસા જાણીને સૂરિભગવંતે મિષ્ટ અને ઈષ્ટ વાણીથી ફરમાવ્યું : "ભદ્ર ! શિષ્ટની વિશિષ્ટ પ્રવૃત્તિ જોઈને તમને જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. હું જિન ચૈત્ય કે ઉપાશ્રય છોડીને આ સ્થળે એટલા માટે કાયોત્સર્ગ કરૂં છું કે–આ સ્થાન અતિ પવિત્ર છે. અતિપવિત્ર એટલા માટે કે–અહીં એક શ્રેષ્ઠ અને મોટી પાષાણની પાટ પડી છે. એ પાટ–પુરૂષાદાનીય શ્રીપાર્શ્વનાથ ભગવંતની દિવ્ય–મૂર્તિ સર્જવા માટે સર્વથા યોગ્ય અને ઉત્તમ છે. બસ ! આ જ હેતુથી હું અહીં વારંવાર કાયોત્સર્ગ ધ્યાન ધરૂં છું."

આ સાંભળીને પેલા ભાવિક શ્રાવકના હૈયામાં જાણે હર્ષનું પૂર આવ્યું. એ પૂરના નીરમાં સ્નાન કરતા તેણે સૂરિભગવંતને ગદ્ગદ સ્વરે વિજ્ઞપ્તિ કરી કે: ભગવન્ ! આપ વિદ્યાના સાગર છો. આપ એવો કોઈ ઉપાય કરો કે જેથી અમને એ પાષાણ–પાટમાંથી નિરમાયેલી જિન મૂર્તિના **જલ્દી** દર્શન થાય."

પછી તો–"किमसाध्यं महात्मनाम् ?" શ્રાવકની વિજ્ઞપ્તિ સાંભળીને આચાર્ય ભગવંતે અઠ્ઠમતપ કરવાપૂર્વક **શ્રી પદ્માવતી** દેવીની આરાધના કરી.

અને ખરેખર ! અચિન્ત્ય છે એ તપનો પ્રભાવ. અઠ્ઠમતપના પ્રભાવથી આકર્ષાયેલા પદ્માવતી દેવી પણ સૂરિરાજ પાસે આવ્યા, અને પોતાને બોલાવવાના કારણની પૃચ્છા કરી.

સૂરિદેવે પાષાણ–ફલહીની વાતનો નિર્દેશ કરતાં પૂછ્યું: "ભગવતિ ! આ ફલહીમાંથી કયા ઉપાયે જલ્દી પ્રતિમા બને ?"

દેવીએ કહ્યું: "ભગવન્ ! સોપારક નગરમાં એક અંધ સ્થપતિ–શિલ્પી વસે છે. તે અહીં આવે, અઠ્ઠમતપ કરે, સૂર્યાસ્ત પછી મૂર્તિ ઘડવાનો પ્રારંભ કરે, અને સવારે સૂર્ય ઉગ્યા પહેલાં જ મૂર્તિનું સાંગોપાંગ નિર્માણ કરી લે, તો મૂર્તિ જલ્દી બને. અને એ મૂર્તિ અચિંત્ય મહિમાવંત થાય."

આમ જણાવી, સૂરિરાજની રજા લઈને પદ્માવતી સ્વસ્થાને ગયા. સૂરિભગવંતે એ બધી હકીકત શ્રાવકોને જણાવી.

ગુરૂભગવંતની દિવ્ય તપઃશક્તિને અભિનંદતા એ શ્રાવકોએ પ્રસન્નચિત્તે ગુર્વાજ્ઞા લઈને અંધ–સૂત્રધારને બોલાવી લાવવા માટે સોપારકનગરે કેટલાંક યોગ્ય પુરૂષોને મોકલ્યા. સૂત્રધાર પણ શ્રીસંઘના નિમંત્રણથી સંતુષ્ટ બનીને સેરીસા આવ્યો. એ પણ શ્રદ્ધાળુ આત્મા હતો.

* વિવિધ તીર્થકલ્પ=અયોધ્યાપુરીકલ્પના આધારે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિભગવંતે કહેલા વિધિ પ્રમાણે તેણે અઠ્ઠમતપની આરાધના કરી. અને ઉત્તમ દિવસે સૂર્યાસ્ત પછી ઉત્તમ વેળાએ તેણે પેલી પાષાણુ ફલહી પર હળવા હાથે ટાંકણું અડાડયું, અને મૂર્તિ નિર્માણુ શરૂ કર્યું. ટાંકણાનો ટક્–ટક્ અવાજ ભાવિકોને મન સંગીતની સૂરાવલિથીયે અધિક મીઠો લાગતો હતો.[૧]

સકલસંઘ પ્રભુધ્યાનમાં મગ્ન બની ગયો હતો. રાત વીતતી ગઈ એમ મૂર્તિના અવયવો સર્જાવા લાગ્યા. અને પ્હો ફાટતાં તો ધરણેન્દ્રના પ્રભાવથી એ અંધ શિલ્પરત્ને શ્રેષ્ઠ મૂર્તિ નિરમી દીધી.

હવે જ્યારે એ સ્થપતિ મૂર્તિ ઘડતો હતો, ત્યારે મૂર્તિના હૃદયપ્રદેશ પર એક મસો રહી ગયો. સ્થપતિને તે વખતે તેનું ધ્યાન ન રહ્યું. પણ મૂર્તિ પૂર્ણ થયા પછી કોઈ ક્ષતિ રહી હોય, તે જોવા માટે તેણે ફરીવાર મૂર્તિ પર હાથ ફેરવ્યો. તો પેલો મસો રહી ગયાની જાણ થઇ. એટલે તેણે ધીરે રહીને એ મસા ઉપર ટાંકણું લગાવ્યું. મસો તૂટ્યો, અને એ સાથે જ તે પ્રદેશમાંથી લોહીની ધારા વછૂટી. બરાબર આ જ સમયે સૂરિભગવંત ત્યાં આવ્યા, અને તેમણે આ દૃશ્ય જોયું. ચકોર સૂરિજી બધી વાત પામી ગયા. તેમણે ખેદપૂર્વક શિલ્પીને કહ્યું કે : "ભાઈ ! તેં આ શું કર્યું ? એ મસો તારે રહેવા દેવાનો હતો. કારણ કે–એ મસો જો રહ્યો હોત, તો આ મૂર્તિ દિવ્ય પ્રભાવશાલી થાત. ખેર ! હવે શું થાય ? જેવી ભવિતવ્યતા." આમ કહીને તેઓએ પોતાનો અંગૂઠો મસાની જગ્યાએ દાબીને લોહી નીકળતું અટકાવ્યું. એ પ્રતિમા રાત્રે બનેલી હોવાથી તેના અવયવો સાફ દેખાતા નથી.

હવે–આ જ રાત્રે સૂરિદેવ દિવ્યશક્તિ વડે અયોધ્યા નગરીથી (અથવા–કાન્તિપુરી–જૈનકાંચીથી) ચાર મોટા અને પ્રાચીન જિનબિંબો આકાશમાર્ગે અહીં (સેરીસા) લાવવાના હતા. તેમાં ૩ બિંબો તો તેઓ લઈ આવ્યા. પણ ચોથું બિંબ લાવતાં લાવતાં માર્ગમાં જ સૂર્યોદય

૧ આ. શ્રી કક્કસૂરિવિરચિત "श्री नाभिनन्दनजिनोद्धार प्रबंध" અનુસારે અંધ નહિ, પણ આંખવાળા એ શિલ્પીએ આંખે વસ્ત્રપટ્ટક બાંધીને એક રાત્રિમાં શ્રીધરણેન્દ્રના પ્રભાવથી શ્રી શેરીસાપાર્શ્વપ્રભુની ઉભી કાઉસગ્ગાકાર પ્રતિમા ઘડી. ત્યારપછી શ્રીદેવેન્દ્રસૂરિજી મ.શ્રી સમ્મેતશિખર ગિરિથી ત્યાં મોક્ષે ગયેલા ૨૦ જિનવરોની ૨૦ મૂર્તિઓ તથા કાન્તિપુરીથી બીજી ૩ પ્રતિમા પોતાની અદ્દભુત મંત્ર શકિતથી શેરીસામાં લાવ્યા. અને પેલી–શિલ્પીએ બનાવેલી મૂર્તિને શ્રી શેરીસાપાર્શ્વનાથ તરીકે, અને બીજી ૨૩ મૂર્તિઓને, એમ કુલ ૨૪ પ્રનિમાઓને ત્યાં શેરીસાનગરે પ્રતિષ્ઠિત કરી. અને ત્યારથી શેરીસાનગર મહાતીર્થ તરીકે પ્રખ્યાત થયું. જુઓ 'નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ' પ્રસ્તાવ–૪=૩૩૦ થી ૩૩૪ શ્લોક,

શ્રી જિનમંડનગણિ-પ્રણીત 'કુમારપાલ પ્રબંધ'ના મતે શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીમલયગિરિજી મ. તથા શ્રી દેવેન્દ્રસૂરિ મ. એ ત્રણ મુનિવરોએ સરસ્વતીની સાધના કરી. દેવી પ્રસન્ન થયા. એટલે હેમચંદ્રાચાર્યે રાજાને પ્રતિબોધ કરવાનું, મલયગિરિજીએ સિદ્ધાન્ત પર વૃત્તિઓ રચવાનું, અને દેવેન્દ્રસૂરિજીએ બાવન વીરોને સ્વ–વશ રાખવાનું, વરદાન માગ્યું. દેવીએ આપ્યું. ત્યાર પછી શ્રીદેવેન્દ્રસૂરિજી '૫૨' વીરોની સહાયથી જૈન- કાંચી (દક્ષિણ ભારતમાં–જ્યાં હાલ કાંચીવરમ્ છે, તે હોઇ શકે) નગરીથી શેરીસાનગરમાં એકરાત્રિમાં મોટો જિનપ્રાસાદ પ્રભુસહિત લાવ્યા. તેથી તે શેરીસાતીર્થ તરીકે વિખ્યાત થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ જવાથી તે બિંબ તેઓએ જ્યાં આગળ સૂર્યોદય થયેલો તે જગ્યાએ ધારાસેણુક ગામના ખેતરમાં પધરાવ્યું અને પોતે સેરીસા પધાર્યા. ત્યારપછી બીજી ૨૪ જિનમૂર્તિઓ તૈયાર કરાવીને તે સર્વ જિનબિંબોની સેરીસાનગરમાં જિનાલયમાં પ્રતિષ્ઠા કરી. સોપારકના અંધ-શિલ્પીએ એક રાત્રિમાં બનાવેલી પ્રતિમા–શ્રીશેરીસા પાર્શ્વનાથ ભગવંતના પુણ્યનામે પ્રસિદ્ધિ પામી.

ત્યારપછી બાકી રહેલી ચોથી પ્રતિમાની જગ્યાએ પરમાર્હંત ગુર્જરનરેશ શ્રીકુમારપાળ-દેવે તેટલા જ પ્રમાણની પ્રતિમા ભરાવીને પ્રતિષ્ઠિત કરી.

આ પછી એ શ્રી શેરીસામહાતીર્થ ભારે ખ્યાતિ પામ્યું. એના ચમત્કારોએ–મહિમાએ લોકોને આકર્ષ્યા. હજારોની સંખ્યામાં ભાવિકગણ ત્યાં આવતો, અને પ્રભુના દર્શન–પૂજન કરી કૃતાર્થ બનતો. ૧૩ મા શતકના ગુર્જરરાષ્ટ્રના મહાઅમાત્ય શ્રી વસ્તુપાળ અને તેજપાળે અહીંયા પોતાના વડીલ બંધુ શ્રીમાલદેવના શ્રેયાર્થે બે દેવકુલિકા કરાવી. એક દેવકુલિકામાં શ્રીનેમિનાથ ભગવાનની[1] સપરિકર પ્રતિમા, અને બીજી દેવકુલિકામાં શ્રીઅંબિકા દેવીની મૂર્તિ–કે જે વર્તમાનમાં પણ શ્રી શેરીસાતીર્થના જિનાલયમાં બિરાજે છે, તે નાગેન્દ્રગચ્છીય આચાર્ય શ્રીવિજયસેનસૂરીશ્વરજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત કરાવી.

આમ લગભગ ૧૭ મા શતક સુધી એ તીર્થ એવું જ પ્રભાવશાલી અને ભારતવિખ્યાત બની રહ્યું.

૧૮ મા સૈકાની પ્રથમ પચ્ચીસીમાં એ તીર્થ ઉપર–શેરીસાનગર ઉપર કાળદેવની નજર જરા વક્ર બની.

કાળદેવની કરામત અજબ છે.

આજે જ્યાં રંગભરી જયાફતો ઉડતી હોય, ત્યાં કાલે આફતના ઓળા ઉતારે, એ કાળ-દેવની જ કરામત.

કાળદેવની મહેર જ્યાં ઉતરી, ત્યાં લીલાલહેર વર્તાય. પછી ભલેને જંગલ હોય, તોય એ શહેર બની જાય.

શહેર ખંડેર બને, નગર ગામડું બને, એ કાળદેવના જ પ્રભાવે.

જલ સ્થલમાં પરિણમે, સ્થલમાં જલ સર્જાય, એ કાળના જ કામ.

એ જ કાળદેવે પોતાની અજબ કરામત આ શેરીસાતીર્થ પર પણ અજમાવી. એના ફળસ્વરૂપે સં. ૧૭૨૧ માં મૂર્તિભંજક મુસલમાનોએ શેરીસાપાર્શ્વનાથના આ ભવ્ય જિનાલ-યનો વિધ્વંસ કર્યો.[2] ત્યારપછી શેરીસાનગર પણ ધ્વસ્ત થયું. એક કાળનું સર્જન વિસર્જનમાં પરિણમ્યું.

---

૧ એ પ્રતિમા તો અત્યારે નથી. પણ એના પરિકરની નીચેની ગાદીનો ભાગ શેરીસાતીર્થ–પેઢીમાં સુરક્ષિત છે, તેના પરના શિલાલેખથી ઉપરની વાત સ્પષ્ટ જણાય છે. એ લેખમાં પ્રસ્તુત તીર્થને "શ્રીપાર્શ્વનાથ-મહાતીર્થ" ના નામે ઓળખાવાયું છે.

૨. જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગર અને દેરાસરનો ધ્વંસ થવા છતાંય શ્રીસંઘની કુશળતાને લીધે અમુક જિનબિંબો અક્ષત રહી જવા પામ્યા. આ બનાવ બન્યા પછી થોડા સમયમાં તો એ તીર્થ અને એ બિંબો લોકોના માનસ–પટમાંથી ભૂંસાઈ ગયા.[1]

ત્યારપછી તો ત્યાં શેરીસા ગામ પણ વસ્યું. ત્યાં જૂનું દેરાસર અત્યારે ખંડિયેર દશામાં પડયું હતું. ગભારાની બારસાખો જૂની–પત્થરની અને કલા–કોતરણીયુક્ત હતી, પણ તે તુટીફૂટી અવસ્થામાં હતી. ગભારાની અંદર બે કાઉસગ્ગાકાર જિનબિંબ, તથા શ્રીશેરીસા પાર્શ્વપ્રભુની ફણાયુક્ત પ્રતિમા, બિરાજતા હતા. દેરાસરની બહાર નીકળી ગામ તરફ જતાં થોડેક દૂર એક ટેકરો હતો, તેની ઉપર એક ભવ્ય પ્રતિમા હતી. તે પ્રતિમાને પત્થર–શિલા માનીને લોકો તેના પર છાણા થાપતા. અને કેટલીકવાર શ્રીફળ પણ વધેરતા. એ કારણથી પ્રતિમાના ઢીંચણનો ભાગ સહેજ છોલાયો હતો. બાકી સર્વાંગે અખંડ હતી. આમ અનેક અવશેષો જીર્ણ–શીર્ણ દશામાં પડ્યા હતા. કેટલીક વસ્તુઓનો તો કોઈને ખ્યાલ પણ ન હતો.

પણ હવે લોકોના સદ્ભાગ્ય જાગ્યા હતા. અત્યાર સુધી જીર્ણદશામાં રહેલા એ મહાતીર્થના ઉદ્ધારનો સમય પાકી ગયો હતો. અને એટલા જ માટે જાણે આપણા મહાન્ ચરિત્રનાયક સૂરિભગવંતશ્રીનું કલોલ ગામે પધારવું થયું હતું.

સં. ૧૯૬૯ નો એ માગશર મહિનો હતો. અમદાવાદના અગ્રણીઓની વિનંતિનો સ્વીકાર કર્યા પછી અમદાવાદ જવા માટે તેઓશ્રી કલોલ પધાર્યા હતા. આજથી ૯ વર્ષ પૂર્વે આ જ ગામના રહેવાસી શા. ગોરધનદાસ અમુલખભાઈ વિગેરે ભદ્રાત્માઓ પૂજ્યશ્રીના પાવન ઉપદેશથી ઢુંઢીયામાંથી મૂર્તિપૂજક બનેલા. એ ગોરધનદાસ તથા મોહનલાલ કોઠીયાનું ધ્યાન શેરીસાના જિનબિંબો પ્રત્યે દોરાયેલું. એટલે તેમણે પૂજ્યશ્રીને શેરીસા ગામ અને પ્રતિમાઓ સંબંધી સર્વ હકીકત નિવેદન કરવા સાથે જણાવ્યું કે–સાહેબ ! આપશ્રી જો ત્યાં પધારો, તો એ પ્રતિમાઓની આશાતના ટળે. બાકી તો એનું ધ્યાન રાખનાર કોઈ નથી.

પૂજ્યશ્રીમાન્ શેરીસાતીર્થનો ઇતિહાસ–વર્ણન તો જાણતા જ હતા. તે મહાતીર્થના અવશેષો હજુ છે, એ વાત ગોરધનભાઈ પાસેથી જાણતાં જ તેઓશ્રીએ વિના વિલંબે શેરીસા પધારવાની તૈયારી કરી. બપોરના સમયે વિહાર કર્યો.

૪ માઈલનો પંથ કાપતાં કેટલી વાર ? જોતજોતામાં પૂજ્યશ્રી સપરિવાર શેરીસા પહોંચી ગયા. તે દિવસે તો દેરાસર, તેમાં રહેલી મૂર્તિઓ, અને પેલા ટેકરા પર રહેલી મૂર્તિ વિગેરેના દર્શન કર્યા. પૂજ્યશ્રીએ શ્રીશેરીસા પાર્શ્વપ્રભુની ગદ્ગદકંઠે–ભક્તિસભર હૈયે

૧. અહીં એક મત એવો પણ છે કે–" પહેલાં (૧૩ મા શતકમાં) પ્રજ્ઞાપુર અથવા સોનપુર નામે વિશાળ નગર હતું. ત્યાં શ્રીદેવેન્દ્રસૂરિજી મ. પધાર્યા, અને અન્ય સ્થળેથી શ્રીપાર્શ્વપ્રભુ વિગેરે જિન–પ્રતિમા લાવીને ત્યાં સ્થાપન કર્યા. તેથી એ તીર્થની પ્રસિદ્ધિ થઈ. જે વિભાગમાં દેરાસર હતું, તેનું નામ શેરીસાંકડી હતું. (અતિગીચ વસતિને કારણે દેરાસરમાં જવા માટેની શેરી પણ સાંકડી બની ગઈ, આથી એ સ્થાન શેરીસા અને કડી નામે વિખ્યાત થયું. જૈન પરંપરાનો ઈતિહાસ, ભાગ–૨, પૃષ્ઠ ૪૦૬). કાલક્રમે એ નગરનો વિનાશ થયો, દેરાસરનો પણ ધ્વંસ થયો. અને શેરીસાંકડી નામનો એ વિભાગ હાલના શેરીસા અને કડી એ બે ગામરૂપે પરિણામ પામ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવના કરી, તથા તીર્થના ઉદ્ધાર માટે પ્રાર્થના કરી. એક વેળાના મહાન્ તીર્થની આવી જીર્ણદશા જોઈને તેઓશ્રીનું હૈયું રડી ઉઠ્યું. તેઓશ્રીએ તે જ વખતે મનોમન દઢ પ્રતિજ્ઞા કરી કેઃ "આ તીર્થનો ઉદ્ધાર હું શાસનદેવની સહાયથી અવશ્યમેવ કરીશ."

પછી બીજે દિવસે વિશેષ તપાસ કરતાં કરતાં, દેરાસરના પાછળના ભાગમાંથી એક ખંડિત પ્રતિમા–જેની ઉંચાઈ મૂળનાયક ભગવાન્ જેટલી જ હતી, તે મળી આવ્યા. આજુ-બાજુમાંથી બીજી પણ-સંપ્રતિ મહારાજાના સમયની શ્રીઆદિનાથની પ્રતિમા, શ્રીઅંબિકા-દેવીની નયનમનોહર પ્રતિમા, પરિકરની ગાદી, વિહરમાન જિનની કાયોત્સર્ગાકાર ખંડિત પ્રતિમા, વિગેરે વસ્તુઓ મળી આવી. પરિકરની ગાદીના લેખ પરથી શ્રીવસ્તુપાળ મંત્રીનો ઇતિહાસ મેળવ્યો. સૂક્ષ્મ દૃષ્ટિથી ખૂણેખૂણો તપાસી લીધા પછી પૂજ્યશ્રીએ ગોરધનદાસને કહ્યું: એક વાડા જેવી જગ્યા અત્યારે શેઠ મનસુખલાલ ભગુભાઈના નામથી લઈ લો, અને તેમાં આ બધી પ્રતિમાઓ અને અન્ય વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવી દો.

ગોરધનદાસે તરત જ એક રબારીનો વાડો ખરીદી લીધો, અને તેમાં તે સર્વ પ્રતિમાજી વિ. વસ્તુઓ વ્યવસ્થિત અને સુરક્ષિત રીતે ગોઠવી દીધી.

આ વ્યવસ્થા બરાબર થઈ ગયા બાદ ત્રીજે દિવસે શ્રી શેરીસાપાર્શ્વપ્રભુનું અખંડ-એકાગ્રચિત્તે ધ્યાન–સ્મરણ અને તીર્થોદ્ધારની પ્રાર્થના કરવાપૂર્વક પૂજ્યશ્રીએ ત્યાંથી ઓગણજ જવા માટે વિહાર કર્યો. તેઓશ્રીના ચિત્તમાં અત્યારે એક જ રટણ હતું, અને તે–તીર્થોદ્ધારનું. એ રટણમાં ને રટણમાં ભાવનાવિભોર બનીને તેઓશ્રી ચાલી રહ્યા હતા. સાથે સાધુ–શ્રાવકનો પરિવાર હતો.

હવે બન્યું એવું કે–માર્ગમાં બે રસ્તા આવ્યા. એક ઓગણજનો, અને બીજો બીજી તરફનો. એમાં જે રસ્તો બીજી તરફનો હતો, તેને ઓગણજનો માનીને તે રસ્તે પૂજ્યશ્રી આદિ ચાલ્યા. પૂજ્યશ્રીના એક શિષ્ય મુનિશ્રી યશોવિજયજી મહારાજ આગળ નીકળી ગયેલા, તેથી પૂજ્યશ્રીને ચિંતા થઈ કે યશોવિજયજી કયા રસ્તે ગયા હશે ? પણ વસ્તુતઃ યશોવિજયજી મહારાજ ઓગણજના સાચા રસ્તે ગયેલા અને પૂજ્યશ્રી આદિ બીજા રસ્તે જતા હતા. કોઈને આ વાતનો ખ્યાલ નહિ. એટલે સૌ અવિરતપણે ચાલ્યા જ જતા હતા.

ત્યાં જ—એકાએક ચમત્કાર સર્જાયો, ન કલ્પી શકાય–એવો. આકાશના ઉંડાણમાંથી નીરવ વાતાવરણને ભેદતી કો' અજ્ઞેય વાણી પ્રગટીઃ "તમે જે માર્ગે જઈ રહ્યા છો, તે તમારો અભીષ્ટ માર્ગ નથી. તમે બીજી બાજુના રસ્તે જાવ, એ જ તમારો ઇપ્સિત રસ્તો છે."

બસ ! દૂર–સુદૂર સુધી પ્રતિઘોષ પાડતી એ અજ્ઞાત વાણી આટલું જણાવીને શમી ગઈ. સૌના આશ્ચર્યનો અવધિ ન રહ્યો. સૌ વિચારમાં પડી ગયા કે–આજુબાજુમાં ક્યાંય માનવ-સંચાર તો જણાતો નથી, તો આ કોનો અવાજ હશે ? સૌ આ વિચારમાં હતા, ત્યારે આપણા પૂજ્યશ્રી પેલી અજ્ઞાતવાણીના જવાબમાં ગંભીરોદાત્ત સ્વરે બોલ્યાઃ "આ બોલનાર વ્યક્તિ કોણ છે ? જે હોય તે અહીં આવો અને અમને સાચા રસ્તે ચઢાવો."

પણ કાંઇ પ્રત્યુત્તર મળ્યો. આથી પૂજ્યશ્રીએ વિચાર્યું કેઃ આપણને કદાચ ભ્રાન્તિ પણ થઈ ગઈ હોય. કારણ કે–અહીં આજુબાજુ કોઈ માણસનો સંચાર તો કળાતો જ નથી. માટે ચાલો આગળ, આમ વિચારીને તેઓશ્રી આગળ ચાલ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થોડે દૂર ગયા, ત્યાં તો વળી એક આશ્ચર્યકારક દૃશ્ય નજરે પડ્યું. જાણે આજનો દિવસ આશ્ચર્યનો દિવસ જ હતો. બરાબર માર્ગના મધ્યમાં એક નીલવરણો નાગરાજ કુંડલાકારે બેઠો હતો, અને ફણાને છત્રવત્ ફેલાવીને ડોલી રહ્યો હતો.

આ દૃશ્ય જોઈને પૂજ્યશ્રીને થયું કે: "નક્કી આ અધિષ્ઠાયક-દેવનો જ પ્રભાવ છે. આપણે ખોટા રસ્તે ચડી ગયા છીએ, માટે આપણને સત્ય માર્ગ બતાડવા માટે જ તેઓ આ પ્રમાણે કરે છે."

આવો વિચાર આવવાથી તેઓશ્રી ત્યાં જ બેઠા. અને હવે પાછા જવું કે આગળ વધવું તેની વિચારણા કરવા લાગ્યા. ત્યાં તો–

ફરીવાર આકાશમાં વીજળી ઝબૂકે એમ દિવ્ય-વાણી પ્રગટી: "તમે આ જમણે રસ્તે જાવ, તે રસ્તે એક શ્વેત ખેતર આવશે, તેમાં રહેલી પગદંડીએ ચાલશો તો તમારા અભીષ્ટ ગામની નજીકમાં જવાશે."

આ વાણી વિરમ્યા પછી પૂજ્યશ્રીએ પુનઃ પૂર્વવત્ વાણીના વદનારને આહ્વાન કર્યું. પણ પ્રત્યુત્તરમાં શૂન્ય. આથી તેઓશ્રીને દૃઢ નિશ્ચય થઈ ગયો કે–શ્રી શેરીસામહાતીર્થના જાગૃત અધિષ્ઠાયક દેવનો જ આ પ્રભાવ છે અને એમણે જ આકાશવાણી તથા સર્પરૂપ કરવા દ્વારા આપણને સાચો રસ્તો બતાવ્યો છે. તરત જ તેઓશ્રી સપરિવાર જમણે રસ્તે ચાલ્યા. થોડે દૂર ગયા તો સાચે જ એક શ્વેત (કપાસનું) ખેતર આવ્યું. તેમાં કેડી-રસ્તો પણ હતો. એ રસ્તે ચાલ્યા, અને થોડી વારમાં તો ઓગણજ ગામ આવી ગયું.

માગશર સુદ ૧૦ નો એ દિવસ હતો. મહાપુરુષોને દેવો પણ સહાય કરે, તે આનું નામ.

—*—

# [૩૨]

## પેઢીનો પૂર્વ-ઇતિહાસ, બંધારણની પુનર્રચના, અને ગુરૂભકત શ્રેષ્ઠિવર્યનો સ્વર્ગવાસ.

મૌન—એકાદશીની મંગળ આરાધના ઓગણજમાં કરીને બારશના દિવસે પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા. પ્રવેશ-સમયને વાર હોવાથી તેઓશ્રી એલીસબ્રીજ તરફ આવેલા નગરશેઠના [૧]રસાલાવાળા બંગલે બિરાજ્યા. અહીં નગરશેઠ કસ્તુરભાઈ, શેઠ મનસુખભાઈ, જમનાભાઈ, પુરુષોતમભાઈ મગનભાઈ, દલપતભાઈ મગનભાઈ, વિગેરે શ્રેષ્ઠિ-શ્રાવકો વંદન માટે આવ્યા.

તે સમયે પૂજ્યશ્રીએ તેમને બધાંને શેરીસાની વાત જણાવી અને કહ્યું કે: "ફકત ૧૫ માઈલ જ દૂર હોવા છતાંય આ તીર્થની કોઇએ ખબર રાખી નથી, એ ખેદકારક વાત છે. હવે તો આવી આશાતના ન થાય તેવી તકેદારી સૌએ રાખવી જ જોઈએ.

હવે આ પ્રાચીન મહાતીર્થનો ઉદ્ધાર કરવા જેવો છે."

૧. જ્યાં હાલ 'સિદ્ધ સંન્યાસાશ્રમ' છે, તે જગ્યાએ નગરશેઠના રસાલાવાળાનો બંગલો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબમાં શેઠ મનસુખભાઈ કહેઃ આપ સાહેબ શહેરમાં પધારો, ત્યાં અમે બધાં ટીપમાં પૈસા એકત્ર કરીશું. એમાંથી એ તીર્થનો ઉદ્ધાર કરાવીશું.

આ સાંભળીને પૂજ્યશ્રીએ ફરમાવ્યુંઃ "શેઠ ! આવી રીતે બાવાની લંગોટી ભેગી કરીને બુંગણ બનાવવા જેવું આપણે નથી કરવું. આમાં કાંઈ વધારે ખર્ચની જરૂર નથી. ફકત ૨૫ હજાર રૂા. જેટલો ખર્ચ કરવામાં આવે, તો ત્યાં જિનાલય તૈયાર થઈ જાય તેમ છે."

તરત જ મનસુખભાઈએ કહ્યુંઃ તો સાહેબ ! એ '૨૫ હજાર રૂા. હું જ આપીશ.

ધન્ય તીર્થભકિત, ધન્ય ગુરુભકિત, ખરેખર ! આવાં શ્રેષ્ઠિ–રત્નોથી જ શાસન ઉજમાળ બન્યું છે.

ત્યારપછી પૂજ્યશ્રીએ ભવ્ય સામૈયાપૂર્વક નગર–પ્રવેશ કર્યો. પાંજરાપોળ-ઉપાશ્રયે પધાર્યા.

હવે–જે કાર્ય માટે 'પૂજ્યશ્રી પુનઃ અમદાવાદ પધારેલા, તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના બંધારણની પુનર્રચના માટે માર્ગદર્શન આપવાનું કાર્ય શરૂ કર્યું.

એ પહેલાં આપણે પેઢીના પૂર્વ-ઈતિહાસનું જરા વિહંગાવલોકન કરી લઈએ.

નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈ આ પેઢીના આદ્યસંસ્થાપક.

તીર્થરક્ષા માટેની તેમની આપસૂઝ અને ધગશ અપૂર્વ હતી.

શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર આવેલી ઉજમફઈની ટુંક એમણે બંધાવેલી. ધર્મશાળા–ઉપાશ્રય વિગેરે તેમણે અનેક ગામોમાં બંધાવેલા.

ઈ. સ. ૧૮૫૭ ના બળવા પ્રસંગે તેમણે બ્રિટીશ સરકારને ઘણી મદદ આપેલી. પોતાના વિશાળ વ્યાપાર–વ્યવહારને માટે તેમણે અમદાવાદથી ઇંદોર સુધી પોતાનું ખાનગી ટપાલ ખાતું રાખેલું. તે ટપાલ ખાતાનો આશ્રય સન્ '૫૭ ના બળવા–વખતે સરકારને લેવો પડેલો. બળવો શમાવવા માટે સરકારને આ ટપાલ ખાતું ઘણું જ મદદગાર નીવડેલું.

આ તથા આવાં અન્ય અનેક યશસ્વી કાર્યોને લીધે સરકારે તેમને 'રાવબહાદુર' નો માનવંતો ઈલ્કાબ આપેલો.

આ ઉપરાંત તેઓ મુંબઈની ધારાસભાના સ્થાપન સમયથી જ તેના માનદ સભ્ય હતા. અમદાવાદ શહેર સુધરાઈ (Municipality) ના પ્રમુખ, તથા ઓનરરી માજીસ્ટ્રેટ હતા. અને આ બધાથી વધારે તો તેઓ અમદાવાદના શ્રીમાન્ નગરશેઠ હતા, બંગાળના જગત્શેઠની બરાબરી કરે એવા.

છેલ્લાં કેટલાંક વર્ષોથી પાલિતાણા–રાજ્ય સાથે જૈનોની અથડામણ ચાલતી હતી. એનો લાભ લઈને એકવાર (સં.૧૯૩૨– સન્ ૧૮૭૬ માં) પાલિતાણા–ઠાકોરે શેઠશ્રી ઉપર ચોરીનો આરોપ મૂકયો. જો કે તેના પરિણામે ઠાકોરને શેઠની માફી માગવી પડી હતી. પણ આવા અનિષ્ટ રાજદ્વારી સંયોગો જોતાં શેઠને તીર્થ–રક્ષણની મજબૂત વ્યવસ્થા જરૂરી જણાઈ. તેથી તેમણે વિ.સં. ૧૯૩૬ માં અખિલ હિંદુસ્તાનના સમગ્ર સંઘનું અમદાવાદમાં સંમેલન કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે સંમેલનમાં તીર્થ–રક્ષા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, કે જે પેઢીનું નામ ઘણા વર્ષોથી તીર્થરક્ષા માટે નગરશેઠ હેમાભાઈ તથા પ્રેમાભાઈ ચલાવતા હતા, તેનું વ્યવસ્થિત બંધારણ (પ્રોસીડીંગ) ઘડવામાં આવ્યું અને પેઢીના પ્રતિનિધિ તરીકે ભારતના વિભિન્ન પ્રાન્તોમાંથી ચૂંટી કાઢીને લગભગ ૧૦૯ સદ્‌ગૃહસ્થોને નીમવામા આવ્યા. અને પ્રમુખસ્થાન નગરશેઠે પોતે જ સંભાળ્યું. પ્રતિનિધિઓની કમિટિએ ઠરાવ્યું કે: "પેઢીના પ્રમુખ નગરશેઠ શાંતિદાસના વંશજ હોય તે જ બને. અને વહીવટદાર પ્રતિનિધિ અમદાવાદના સ્થાનિક રહેવાસી હોય તે જ બની શકે." આ રીતે પેઢીની રચનાત્મક અને બંધારણસહિત સ્થાપના થઈ, અને તીર્થોની વ્યવસ્થા સુંદર રીતે થવા લાગી.

સં. ૧૯૪૩ માં શેઠશ્રી પ્રેમાભાઈના સ્વર્ગવાસ પછી પેઢીના પ્રમુખ તરીકે તેમના પુત્ર નગરશેઠ શ્રી મયાભાઈ આવ્યા.

ત્યારપછી વખતચંદ શેઠના વંશજ સરદાર શેઠ લાલભાઈ દલપતભાઈ પ્રમુખ બન્યા. એક બાહોશ મુત્સદ્દી અને પેઢીના કુશળ સુકાની તરીકે તેઓ વિખ્યાત હતા. તેમની કાર્યદક્ષતાથી બ્રિટીશ સરકારે તેમને 'સરદાર'નું બિરુદ આપેલું. ગમે તેવા સંયોગોને પણ અદ્‌ભુત કુશળતાપૂર્વક પાર ઉતારવા, એ તેમની જીવનસિદ્ધિ હતી. એનો એક જ દાખલો જોઈએ.

એકવાર બ્રિટીશ હિન્દના નામદાર વાઈસરોય લોર્ડ કર્ઝન આબૂ–તીર્થના દર્શનાર્થે આવ્યા. તે વખતે મુંબઈથી શેઠ વીરચંદ દીપચંદ આદિ ગયેલા. અને અમદાવાદથી આપણા પૂ૦ ચરિત્રનાયકશ્રીની દીર્ઘદૃષ્ટિભરી સૂચનાથી શેઠશ્રી લાલભાઈ પણ તે વખતે આબૂ ગયા.

લોર્ડ કર્ઝન એક ઉત્તમ કલા–પારખુ હતા. તેઓ આબૂના અતિભવ્ય જિનાલયો જોઈને છક્ક થઈ ગયા. આબૂની કલા–કારીગરી તેમની આંખે વસી ગઈ. આ વખતે દેરાસરો જીર્ણ થયા હોવાથી તેના ઉદ્ધારની આવશ્યકતા હતી.

લોર્ડ કર્ઝને શેઠ પાસે માગણી મૂકી કે "અમને (સરકારને) આ જીર્ણ દેરાસરોનો ઉદ્ધાર કરવા દો."

જવાબમાં શેઠે નમ્રતાથી કહ્યું: સાહેબ ! એ જીર્ણોદ્ધાર તો અમે જ કરાવી લઈશું. (શેઠ આણંદજી કલ્યાણજી વતી).

ત્યારે લોર્ડ કહે: "આ જિનાલયોના જીર્ણોદ્ધાર માટે પુષ્કળ પૈસા જોઈએ. અને એ અમે (સરકાર) ખર્ચીશું. તથા બાહોશ એન્જીનીયરો પાસે જીર્ણોદ્ધાર કરાવીશું."

પ્રત્યુત્પન્ન મતિવાળા શેઠ લાલભાઈએ ગૌરવભર્યો પ્રત્યુત્તર આપ્યો: "સાહેબ ! ભારતમાં અત્યારે ૨૦ લાખ જૈનો રહે છે. હું ઝોળી લઈને એક એક જૈન પાસે જઈશ, અને તીર્થોદ્ધાર માટે ૧ રૂપિયાની ભિક્ષા માગીશ. એક પણ જૈન એવો નહિ મળે કે–જે એક રૂપિયો ન આપે. એટલે ૨૦ લાખ રૂપિયા તો મારી ઝોળીમાં સહેજે ભરાઈ જવાના. એનો ઉપયોગ અમે આ દેરાસરોના ઉદ્ધારમાં કરીશું. અને જે શિલ્પશાસ્ત્રજ્ઞ સોમપુરા શિલ્પીઓએ આવાં અદ્‌ભુત દેરાસરો બાંધ્યા છે, તેના વંશજ અને શિલ્પકલાકુશળ સોમપુરાઓ અત્યારે પણ વિદ્યમાન છે. તેઓની પાસે અમે આ દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવીશું."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જવાબ સાંભળીને સસ્મિત વદને લોર્ડ બોલ્યા: "લાલભાઈ! હું પણ જાણું છું કે–હિન્દુસ્તાનનો એક તૃતીયાંશ વ્યાપાર તમારા જૈનોના હાથમાં છે." (એટલે તમે આ જીર્ણોદ્ધારના ખર્ચ માટે સમર્થ છો જ.)

શેઠ વીરચંદ દીપચંદ વિગેરેને પણ થયું કે સારૂં થયું કે પૂ. મહારાજશ્રીની સૂચનાથી લાલભાઈ શેઠ આવ્યા.

આવા બાહોશ હતા શેઠ લાલભાઈ.

તેમને પૂજ્યશ્રી ઉપર અનન્ય શ્રદ્ધા હતી. પૂજ્યશ્રીને તેઓ પોતાના ગુરુ માનતા. અને શાસનના-તીર્થ સંરક્ષણના દરેક કાર્યો તેઓ પૂજ્યશ્રીની સલાહ–દોરવણી અનુસાર જ કરતા.

શ્રી ગિરનાર તીર્થનો વહીવટ પેઢીહસ્તક થયો, તે પૂજ્યશ્રીના કુનેહભર્યા માર્ગદર્શન અને શેઠશ્રીની કાર્યદક્ષતાને જ આભારી છે. શ્રી શત્રુંજય, સમેતશિખર વગેરે તીર્થોની રક્ષા-વ્યવસ્થા માટે તેમણે ઘણો જ ભોગ આપ્યો. તેઓ સં. ૧૯૬૮ના જેઠ વદિ પાંચમના દિવસે દિવંગત થયા.

ત્યારપછી પેઢીના પ્રમુખસ્થાને નગર શેઠશ્રી ચીમનભાઈ લાલભાઈ આવ્યા.

ફક્ત બે માસ સુધી તેઓ પ્રમુખ તરીકે રહ્યા, અને પોતાની ૨૮ વર્ષની લઘુ-વયે અવસાન પામ્યા. તેમની તેજસ્વી બુદ્ધિમત્તાનો અધિક પરિચય આપણને ન મળી શકયો.

તેમના પછી નગરશેઠ કસ્તુરભાઈ મણીભાઈ પેઢીના પ્રમુખ બન્યા. તેમને પૂજ્યશ્રી ઉપર અવિહડ અને અનન્ય ભક્તિ હતી. કુનેહ અને બુદ્ધિમાં તેઓ અજોડ હતા. પૂજ્યશ્રીમાન્‌ની સલાહ લીધા વિના–પેઢીનું-સંઘનું કોઈપણ કાર્ય તેઓ ન કરતાં. પૂજ્યશ્રી જે સલાહ આપે, જે આજ્ઞા ફરમાવે, એ જ અનુસાર આખી પેઢી તથા નગરશેઠ કાર્ય કરતા. અને એટલા જ માટે પ્રસ્તુત–બંધારણની પુનર્રચનાના પ્રસંગે પણ પૂજ્યશ્રીને શ્રીસંઘની વિનંતિથી પુનઃ અમદાવાદ પધારવું પડયું હતું. આમ પૂજ્યશ્રી સાચા અર્થમાં શાસનસમ્રાટ અથવા સંઘનાયક હતા.

હવે બંધારણનું કાર્ય શરૂ થયું. પૂજ્યશ્રીમાન્ સર્વશ્રેષ્ઠિવર્યોને આપવા યોગ્ય માર્ગદર્શન આપતા હતા. અખિલ ભારતમાંથી લગભગ ૧ હજાર જેટલા પ્રતિનિધિઓ આવ્યા હતા. નગરશેઠ પ્રેમાભાઈના વંડે સંઘપતિ નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈના પ્રમુખપણા હેઠળ આ અખિલ ભારતીય શ્રીજૈનસંઘના પ્રતિનિધિઓનું સંમેલન માગશર વદ ૫–૬–૭ (વિ. સં. ૧૯૬૯) એમ ત્રણ દિવસ સુધી મળ્યું.

એમાં "શેઠ આ.ક.ની મુખ્ય પેઢી જે અમદાવાદ ખાતે છે, તે ત્યાં જ રાખવી" વગેરે અનેક અગત્યની બાબતના નવા બંધારણીય ઠરાવો પસાર કરવામાં આવ્યા. જૂના બંધારણના કેટલાક ઠરાવોમાં સુધારા–વધારા કરવામાં આવ્યા. અને બાકીના ઠરાવો જુના બંધારણના જ રહેવા દેવામાં આવ્યા.

આમ કુલ ૩ દિવસમાં પેઢીના બંધારણની પુનર્રચના નિર્વિઘ્નપણે સર્વાનુમતે થઈ. આ વખતે કચ્છી જૈન કોમને સંઘ-વ્યવહારમાં લઈ લેવાની જે ઇચ્છા શેઠશ્રી મનસુખભાઈના મનમાં હતી, તે ફળીભૂત ન થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ મનસુખભાઈ અહર્નિશ શાસનના હિતચિંતનમાં રત રહેતા. તેમણે તન-મન અને ધન એ ત્રણે વડે શાસનની અમાપ સેવા બજાવી. તીર્થ-રક્ષા માટે તો તેમના હૈયામાં ઘણી જ હોંશ અને ધગશ ભરેલી. આ બંધારણના પુનર્રચના-પ્રસંગે એકત્ર થયેલા ગામોગામના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોમાંના ભાવનગર નિવાસી શેઠ અમરચંદ જસરાજ, શેઠ રતનજી વીરજી, શેઠ કુંવરજી આણંદજી, તેમ જ અન્ય સુરત આદિ શહેરોના અગ્રણીઓ સહિત શેઠ મનસુખભાઈ એકવાર પૂજ્યશ્રી પાસે બેઠેલા. વાતવાતમાં તીર્થરક્ષાની વાત નીકળી. એ વખતે શેઠશ્રીએ પૂજ્યશ્રીને પૂછ્યું: "સાહેબ ! અત્યારે શ્રી શત્રુંજય, સમેતશિખર, ગિરનાર, તારંગા વિગેરે તીર્થો અંગેના પ્રશ્નો આપણી સમક્ષ પડ્યા છે. તીર્થોના હક્ક-રક્ષણ બાબતમાં સલાહસૂચન કે માર્ગદર્શન લેવા માટે આપ શ્રીમાન્ જ અમારા સૌના આધારસ્થાન છો. 'ન કરે નારાયણ' ને કોઈ એવો ગુંચવાડો ઉભો થાય, તો આપશ્રી અહીંથી વિહાર કરીને કેટલા દિવસમાં રાજકોટ પહોંચી શકો ?"

(આ પ્રશ્ન પૂછવાનો હેતુ એ કે-રાજકોટમાં પોલિટિકલ એજન્ટ-રહેતા હતા. અને આવા પ્રસંગે પો. એજન્ટને પૂજ્યશ્રી મળે, સમજાવે તો ઘણો જ ફાયદો આપણા જૈનસંઘને થાય. અને પૂજ્યશ્રી રાજકોટ પધારે તો પો૦ એજન્ટને વારંવાર મળવાનું શક્ય બને, માટે પૂજ્યશ્રીને શેઠે આવો પ્રશ્ન પૂછેલો.)

જવાબમાં પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, "હું પાદવિહારદ્વારા જલ્દીમાં જલ્દી ૧૫ દિવસમાં અહીંથી રાજકોટ ખુશીથી પહોંચી શકું."

આ સાંભળીને શેઠે વિનંતિ કરી: "કૃપાળુ ! શાસનના હિત માટે પૂર્વના મહાપુરુષોએ અપવાદ તરીકે પાલખી-ડોળી વિ.નો ઉપયોગ કર્યાનું સંભળાય છે, તો આપશ્રી પણ આવા પ્રસંગે અપવાદરૂપે ડોળીનો ઉપયોગ ન કરી શકો ?" શેઠના શબ્દોમાં અપૂર્વ ગુરુભક્તિ નીતરતી હતી.

પૂજ્યશ્રીએ કહ્યું: "શેઠ ! હું પૂર્વના મહાપુરુષોની કોટિનો નથી, કે જેથી હું તેઓનું અનુકરણ કરૂં."

પણ શેઠે તો કહ્યું: "સાહેબ ! અમારે મન તો આપશ્રી મહાન્ પુરુષ જ છો. કારણ કે- "હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ."

રગ-રગમાં લાગેલા ગુરુભક્તિ અને તીર્થભક્તિના ચોળમજીઠ રંગનું આ પ્રસંગે આપણને ભવ્યદર્શન થાય છે. અને એ દર્શનની સાથે જ આપણા મુખમાંથી ઉદ્‌ગાર સરી પડે છે: ધન્ય શેઠ ! ધન્ય ભાવના ! અને ધન્ય ભક્તિ !

જ્યારે જ્યારે પૂજ્યશ્રી અમદાવાદમાં બિરાજમાન હોય, ત્યારે શેઠશ્રીનો દિવસભરમાં એકવાર અચૂક હાજરી પૂજ્યશ્રીની પાસે હોય જ. કદાચ દિવસે ન અવાય તો રાત્રે ૧૦ વાગે પણ તેઓ પૂજ્યશ્રી પાસે આવતા અને શાસનના વિવિધ પ્રશ્નોને ચર્ચતા.

આવા એ દેવગુરુના અવિહડ અનુરાગી-દિલાવરદિલ શ્રેષ્ઠિવર્યની તબીયત માગશર વદ ૯-૧૦ ના દિવસે બગડી. ત્રણેક દિવસ થોડો થોડો તાવ આવ્યો. અને માગશર વદ ૧૨ ના દિને એ શ્રેષ્ઠિવર્યે સમાધિ અને આરાધનાપૂર્વક આ દુનિયામાંથી ચિરવિદાય લઈ લીધી, સ્વર્ગલોકના પંથે પ્રયાણ કરી દીધું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદના જ નહિ, પણ સારાય હિન્દુસ્તાનના જૈન સંઘમાં આ સમાચારથી દુઃખનું વાદળ છવાઈ ગયું. સૌના હૈયામાં શાસનના એક સપૂતને ખોયાનો રંજ હતો.

આ વિષે "જૈન ધર્મપ્રકાશ" લખે છેઃ "અમદાવાદના શ્રી સંઘના આગેવાન, એટલું જ નહીં પણ આખા હિંદુસ્તાનના શ્રાવક સમુદાયમાં એક અમૂલ્ય જવાહીર સમાન શેઠ મનસુખભાઈ છેવટની શ્રીસંઘની સેવા બજાવીને ગયા માગશર વદિ ૧૨ શનિવારની રાત્રિના ૯ કલાકે માત્ર ત્રણ દિવસના જ્વરના વ્યાધિમાં એકાએક, પંચત્વને પામ્યા છે. એમના આકસ્મિક મરણથી જે પારાવાર ખેદ આખા સંઘ સમુદાયમાં ઉત્પન્ન થયો છે, તે ટૂંકમાં બતાવી શકાય તેમ નથી.

[1]પરમાત્મા તેમના આત્માને શાન્તિસુખ આપો એમ ઈચ્છીએ છીએ."

આ ઉપરથી સમજાય છે કે–શેઠશ્રીએ શ્રી સંઘની કેટલી ચાહના મેળવી હશે? પણ–કાળબળ આગળ કોનું ચાલે છે?

શેઠશ્રીના અવસાન પછી તેમના શ્રેયોનિમિત્તે તેમના પુત્ર–રત્ન શેઠશ્રી માણેકલાલભાઈએ ઘણાં ઘણાં સત્કાર્યો કર્યા.

સૌ પ્રથમ શ્રી શેરીસા તીર્થના ઉદ્ધાર માટે સ્વ. શેઠશ્રીએ કહેલા રૂા. ૨૫ હજારની રકમ તે માટે તેમણે અલગ મૂકી.

બીજું છાપરીયાળીના શ્રીસંઘ ઉપર લગભગ દોઢ લાખનું (રૂા.) દેવું હતું, તે તેમણે ચૂકવી આપ્યું.

આ સિવાય બીજી પણ લાખ્ખો રૂપિયાની ઉદાર સખાવતો તેમણે સ્વ. શેઠશ્રીના શ્રેયાર્થે કરી.

આમ જેમનું જીવન સત્કાર્યોમાં વીત્યું, એમના મૃત્યુ પછી પણ સત્કાર્યો જ થયા.

—×—

# [૩૩]

## કપડવંજમાં પદવીપ્રદાન

આ પછી પૂજ્યશ્રી અમદાવાદ ખાતે બે એક માસની સ્થિરતા કરીને ચાતુર્માસાર્થે કપડવંજ પધાર્યા.

નૂતન મુનિશ્રી ચંદનવિજયજી મ. સહિત થોડા મુનિવરોને તો પહેલાં કલોલ મુકામેથી જ કપડવંજ તરફ વિહાર કરાવ્યો હતો. હવે પૂજ્યશ્રી પણ ત્યાં પધાર્યા.

અહીંયા ચાતુર્માસપૂર્વે ૩ પૂ. મુનિવરોને ગણિપદ અને પંન્યાસપદથી અલંકૃત કરવામાં આવ્યા.

પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મ., પૂજ્ય મુનિશ્રી ઉદયવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી પ્રતાપવિજયજી મ., એ શુભનામે, અને આપણા મહાન્ ચરિત્રનાયકશ્રીના વિદ્વાન્ શિષ્યરત્નો

૧ વિ. સં ૧૯૬૯. પોષ માસ=જૈનધર્મપ્રકાશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરીકે પ્રસિદ્ધ આ ત્રણ મુનિરાજોને છેલ્લા પાંચ માસથી શ્રી ભગવતીજી સૂત્રના યોગોદ્વહનની ક્રિયા પૂજ્યશ્રીની નિશ્રામાં સુવિશુદ્ધ વિધિપૂર્વક ચાલી રહી હતી. એ સર્વાનુયોગમય–શ્રી ભગવતીજી સૂત્રની અનુજ્ઞાસ્વરૂપ ગણિપદ, તથા પંન્યાસપદથી તેમને અલંકૃત કરવાનું શુભ મુહૂર્ત નજીકમાં આવી રહ્યું હતું.

આ પ્રસંગને કપડવંજમાં શ્રીસંઘે અતિ ઉમંગ અને ઉલ્લાસથી વધાવી લીધો. અને તેને ઉપલક્ષીને એક ભવ્ય મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવાનો શ્રીસંઘે નિર્ણય કર્યો.

અષાઢમાસના શુકલ પક્ષમાં આ મહોત્સવનો શુભારંભ થયો. આ મહોત્સવનું સવિસ્તર બ્યાન આપણે "જૈન ધર્મ પ્રકાશ" માસિકમાંથી જ મેળવીએ:[1]

## કપડવંજમાં અતિ માંગલિક પ્રસંગ

આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરિજી પોતાના શિષ્ય પરિવાર સાથે કપડવંજ ખાતે બિરાજે છે, તેઓ પોતાના ઉત્તમ–નિર્મળ ચારિત્ર તેમજ અસાધારણ વિદ્વત્તા માટે હજારો જૈનોથી સેવાયેલા હોવાથી તેઓના શિષ્યો સંબંધી કોઈપણ ધાર્મિક પ્રસંગ પ્રાપ્ત થતાં તેમનામાં એવો ઉત્સાહ ફેલાઈ રહે છે કે—તેનો યથાસ્થિત આદર્શ જેઓ તે પ્રસંગે હાજર રહેવા ભાગ્યશાળી થાય છે તેમને જ મળી શકે છે.

તેમના શિષ્યો પૈકી ત્રણ શિષ્યો–નામે મુનિમહારાજશ્રી દર્શનવિજયજી, શ્રી ઉદયવિજયજી અને શ્રી પ્રતાપવિજયજીને ગણીપદ તથા અનુયોગાચાર્યપદ (પંન્યાસપદ) આપવાનો મહોત્સવ કપડવંજના શ્રીસંઘે ઘણી ધામધૂમથી અને મોટી ઉદારતાથી ચાલુ અઠવાડિયામાં ઉજવ્યો છે.

આ બંને પદવી આ મુનિમહારાજાઓ ઘણાં વર્ષોના સતત અભ્યાસ, ઉત્કૃષ્ટ તપ, અને મનોનિગ્રહયુક્ત ક્રિયા બાદ દેવગુરુકૃપાથી મેળવી શકયા છે. અને તેવો અલૌકિક પ્રસંગ પામવા માટે ધર્મી જૈનો તેમને "અહોભાગ્ય" ધ્વનિથી વધાવી લે તે સ્વાભાવિક જ છે. ત્રણે મુનિમહારાજ સંસ્કૃત વ્યાકરણ, ન્યાય, જૈન સિદ્ધાંત તથા સાહિત્ય વગેરેનું ઘણા ઊંચા પ્રકારનું જ્ઞાન ધરાવે છે. તેથી તેમજ ઊંચા ચારિત્રબળથી અને લાંબા વખતના અસ્ખલિત અભ્યાસથી તેમણે જે ઊંચી પદવી પ્રાપ્ત કરી છે, તેને માટે તેઓ પૂરતી રીતે યોગ્ય છે.

આ માંગલિક પ્રસંગ ઉપર અમદાવાદ, ભાવનગર, ખંભાત, બોટાદ, મુંબઈ, વિગેરે શહેરોથી તથા આસપાસના ગામોથી અને દૂરના ગામોથી હજાર ઉપરાંત જૈનભાઈઓ કપડવંજ આવ્યા હતા. અમદાવાદથી નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ, શેઠ માણેકલાલભાઈ મનસુખભાઈ, શેઠ મણિલાલ મનસુખભાઈ, તાલુકદારી સેટલમેન્ટ ઓફિસવાળા શેઠ મોહનલાલ લલ્લુભાઈ, શેઠ મોહોલાલભાઈ મૂળચંદભાઈ, શેઠ દલપતભાઈ મગનભાઈ, શેઠ પરસોતમભાઈ મગનભાઈ, શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ, શેઠ છોટાલાલ લલ્લુભાઈ વિગેરે ગૃહસ્થો આવ્યા હતા. શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ મણિભાઈ દલપતભાઈ તથા ભાવનગરવાળા કુંવરજી આણંદજી વિગેરે આવી શકયા નહોતા. તેમની તરફથી તેમજ (સ્વ.) નગરશેઠ ચીમનભાઈ લાલભાઈ તરફથી તાર, ટપાલ, કપડાં આવ્યા હતા.

૧ "જૈન ધર્મ પ્રકાશ" વિ. સં. ૧૯૬૯, શ્રાવણ માસ. પૃ૪–૧૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનગરથી શેઠ અમરચંદ જસરાજ, ખંભાતથી શેઠ પોપટભાઈ અમરચંદ, ખેડાથી શેઠ ભાઈલાલભાઈ અમૃતલાલ અને બોટાદથી સલોત છગનલાલ મૂળચંદ વગેરે ગૃહસ્થો આવ્યા હતા. ટ્રેનની અગવડ છતાં ફક્ત અમદાવાદથી જ સુમારે છસ્સો (૬૦૦) જૈન બંધુઓ આવ્યા હતા. અષાડ સુદ ૬–૭ ને રોજ ગણીપદ આપવાની અને શુદ ૯–૧૦ ને રોજ અનુયોગાચાર્ય (પંન્યાસ) પદ આપવાની ક્રિયા શાસ્ત્રોક્તવિધિ વિધાનપૂર્વક આચાર્યમહારાજશ્રીએ નિર્વિઘ્ન રીતે કરાવી હતી. અને તેમણે તેમજ શ્રી સંઘે અનુયોગાચાર્ય (પંન્યાસ) શ્રી દર્શનવિજયજી ગણી, અનુયોગાચાર્ય (પંન્યાસ) શ્રી ઉદયવિજયજી ગણી, તથા અનુયોગાચાર્ય (પંન્યાસ) શ્રી પ્રતાપવિજયજી ગણી તરીકે વાસક્ષેપ કરી જય જયકાર ધ્વનિથી તેમને વધાવી લીધા છે. આચાર્યમહારાજશ્રીએ અનુયોગાચાર્યોને તથા મુનિઓને તે વખતે જે બોધ આપ્યો છે તે ઘણો અસરકારક અને મનન કરવા યોગ્ય હતો. અનુયોગાચાર્યપદનું વિધાન થયા પછી જેઓને માટે ઘણા મોટા યુરોપીયન ઓફિસરોના સર્ટીફિકેટો છે, જેમનું નામ સંસારી અવસ્થામાં "ખોડીવાળા માસ્તર" તરીકે પ્રસિદ્ધ હતું, અને જેઓનું અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી જ્ઞાન ઘણું ઊંચું છે, જેઓ હાલ દીક્ષા લઈ મુનિ ચંદનવિજયજી મહારાજ તરીકે ઓળખાય છે, તેઓએ બાજોઠ ઉપર બેસી ઈંગ્લીશમાં એક છટાદાર ટુંકું ભાષણ કર્યું હતું, અને બે હજારો જૈનોથી વધાવી લેવામાં આવ્યું હતું. આખું અઠવાડિયું અઠ્ઠાઈ મહોત્સવ, પૂજા, પ્રભાવના, અને સ્વામિવત્સલ વિગેરે ધર્મકાર્યોથી ઘણા આનંદ સાથે પસાર થયું હતું. શુદ ૮ ના રોજ બડી ધામધૂમથી રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. તેમાં ચાંદીના રથમાં અને પાલખીમાં ભગવાન્ પધરાવવામાં આવ્યા હતા. સાથે પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી તથા સર્વ મુનિમહારાજ હતા. તેની રચના એવી તો અપૂર્વ થઈ હતી કે–હજારો જૈનો ઉપરાંત અન્યદર્શની ભાઈઓએ પણ ઘણો ઉત્સાહ બતાવી અક્ષય પુણ્ય બાંધ્યું હતું.

વળી-આ મહાન્ માંગલિક પ્રસંગે એવો અદ્ભુત ધર્મ–પ્રભાવ દેખાયો હતો કે–જ્યારે ગણીપદ અને પંન્યાસપદની ક્રિયાની શરૂઆત થતી હતી કે તરત જ વર્ષાદ તદ્દન બંધ, અને ક્રિયા પૂરી થયા પછી વર્ષા શરૂ. ત્યારપછી વાજતે ગાજતે બહારની વાડીના દેરાસરે દર્શન કરવા જતી વખતે વર્ષાદ બંધ અને વરઘોડો ઉતર્યા પછી પાછો વર્ષાદ શરૂ. અને પાછો નોકારશી જમતી વખતે વર્ષાદ બંધ. અને નોકારશી જમ્યા પછી વર્ષાદ શરૂ. આઠમને દિવસે મોટો વરઘોડો ચડ્યો હતો, ત્યારે પણ વર્ષાદ બંધ, અને વરઘોડો ઉતર્યા પછી વર્ષાદ શરૂ. આમ પાંચે દિવસ થવાથી જૈનધર્મના પ્રભાવ વિષે અન્ય દર્શનીઓએ પણ અતિ અનુમોદના કરી છે, અને અનેક જીવોએ બોધિબીજની સન્મુખ દશા પ્રાપ્ત કરી છે.

કપડવંજના શ્રીસંઘે બહારગામથી આવેલા જૈનભાઈઓની સરભરા કરવા માટે તન–મન અને ધનનો ભોગ આપવામાં બિલકુલ કચાશ રાખી નથી. તેઓ બહારગામથી પધારેલા જૈનભાઈઓની બરદાસ કરવાને કટિબદ્ધ થઈ રહ્યા હતા. ધન્ય છે આવી સ્વામીભક્તિ અને નિરભિમાનતાને. નગરશેઠ જેશીંગભાઈ પ્રેમાભાઈ, શેઠ શામળભાઈ નથુભાઈના વિવેકી અને બાહોશ મુનીમ મી. વલ્લભરામ, શેઠ જમનાદાસ કરમચંદ, શેઠ વાડીલાલ જમનાદાસ, શેઠ બાલાભાઈ દલસુખભાઈ, શેઠ વાડીલાલ દેવચંદ, શેઠ ચીમનભાઈ બાલાભાઈ, શા. ન્યાલચંદ કેવળદાસ, તથા પ્રેમચંદભાઈ વિગેરે ગૃહસ્થો બહારગામથી આવેલા પરોણાઓને પોતાને ઘેર ઉતારી તેમની સરભરા કરવામાં ઉભા ને ઉભા રહ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રસંગે અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના, શેઠ શામળભાઈ નથુભાઈ તરફથી નોકારશી તથા શ્રીફળની બે પ્રભાવના, શ્રીજૈનતત્ત્વવિવેચક-સભા તરફથી નોકારશી તથા શ્રીફળની પ્રભાવના, ભાવનગરવાળા શેઠ અમરચંદ જસરાજ તરફથી શ્રીફળની પ્રભાવના, તથા ખંભાતવાળા શેઠ અમરચંદ પ્રેમચંદ તરફથી નોકારશી, અમદાવાદવાળા શા. લલુભાઈ મનોરદાસ તરફથી નોકારશી, ઝવેરી બાપાલાલ નહાલચંદ તરફથી બદામની પ્રભાવના, કપડવંજના શ્રીસંઘ તરફથી નોકારશી, તથા બોટાદના ગૃહસ્થો તરફથી લાડવાનું લ્હાણું વિગેરે સત્કાર્યો થયા હતા. વળી શેઠ મનસુખભાઈ ભગુભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના, અને ત્રણ અનુયોગાચાર્ય (પંન્યાસજી) વિગેરે મુનિઓને ભણાવનાર ત્રણ[1] શાસ્ત્રીઓના સત્કારને માટે મોટી રકમના સોનાના દાગીના તથા શાલજોટા વિગેરેની બક્ષીસ કરવામાં આવી હતી. તથા બીજા માણસોને પણ મોટી રકમના સોનારૂપાના દાગીના, પાઘડી, શેલા વિગેરેની સારી બક્ષીસો આપવામાં આવી હતી. આ મહોચ્છવ પ્રસંગે ઉપર મુજબ અઠ્ઠાઈ મહોત્સવ, પાંચ નોકારશી, અને છ શ્રીફળની પ્રભાવના વિગેરે ધર્મકાર્ય થયા હતા.

વળી કપડવંજના શ્રીસંઘે સ્પેશીયલ ટ્રેન મુકાવી, આવેલા જૈન ભાઈઓને સગવડ કરી આપી હતી.

પવિત્ર મહાન્ પુરૂષો જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં ધર્મનો ઉદ્યોત થાય છે, તેમાં કાંઈ નવાઈ નથી. આવા પવિત્ર પુરૂષોથી જૈન શાસન જયવંતુ વર્તે છે, એવી લોકવાણી પ્રાણીમાત્રનું કલ્યાણ કરો, એમ ઇચ્છી આ ટુંક લેખ સમાપ્ત કરવામાં આવે છે."

આ લેખ ઉપરથી આપણને-૧—પૂજ્યશ્રીમાન્‌નો પ્રૌઢ પુણ્યપ્રભાવ, ૨-પદવી મેળવનાર મુનિ-ત્રિપુટીની પદવી માટેની સર્વતોમુખી યોગ્યતા. ૩-કપડવંજના શ્રીસંઘ તેમજ અન્ય શહેરોના શ્રેષ્ઠિવર્ય-ગૃહસ્થોની અપ્રતિમ ગુરૂભકિત, આ ત્રણ મુદ્દાઓ સ્પષ્ટતયા જણાઈ આવે છે.

આ મહોત્સવ પછી પૂજ્યશ્રીએ સપરિવાર કપડવંજમાં સં. ૧૯૬૯નું ચાતુર્માસ અનેરી શાસન પ્રભાવના કરવા-કરાવવાપૂર્વક વીતાવ્યું.

અને ચોમાસું પૂર્ણ થયે-અમદાવાદ-શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈના લગ્ન પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ તથા ઉજમણું વિ. યોજવામાં આવેલ હોવાથી તે પ્રસંગે શેઠશ્રીની વિનંતિથી અમદાવાદ પધાર્યા.

---

૧ ષડ્દર્શનવેત્તા અને ભારતભરમાં અદ્વિતીય સંસ્કૃતજ્ઞ વિદ્વાન્ શ્રીશશિનાથ ઝા, પંડિતવરશ્રી મુકુંદ ઝા, અને પંડિતવરશ્રી વિક્રમ ઠક્કુર, એ ત્રણ શાસ્ત્રીજી. આ ત્રણ શાસ્ત્રીજી તથા બીજા પણ કેશવ ઝા, વગેરે શાસ્ત્રીઓ વર્ષોથી પૂજ્યશ્રીના શિષ્યોના અધ્યાપન માટે રહેતા. તેનો પગાર વિ. સર્વ ખર્ચ શેઠશ્રી મનસુખભાઇ જ કાયમ આપતા. અને શેઠશ્રીના સ્વર્ગવાસ પછી શેઠશ્રી માકુભાઈએ પણ એ જ રીતે પંડિતોનો સર્વ ખર્ચ પોતાના તરફથી જ વર્ષો સુધી આપ્યો હતો. જ્ઞાન અને જ્ઞાનીની ભક્તિનું આ એક જ્વલંત અને અનુમોદનીય દૃષ્ટાંત છે.

—*—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તીર્થરક્ષાના આધાર–શાસનસમ્રાટ્

અભિનવ પંન્યાસ–શિષ્યરત્નાદિ પરિવાર સાથે પૂજ્યશ્રીમાન્ કપડવંજથી વિહરીને અમદાવાદ પધાર્યા. શેઠશ્રી માણેકલાલભાઈના લગ્નપ્રસંગે ૫૧ છોડનો ઉદ્યાપન–મહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં ભારે ઠાઠથી ઉજવાયો.

આ વખતે પૂજ્યશ્રીના અજોડ અને અનુપમ વિદ્વાન્ શિષ્યરત્ન પ્રવર્તક મુનિશ્રી યશોવિજયજી મહારાજ આદિ મુનિરાજો સં. ૧૯૯૯નું ચાતુર્માસ ખેડામાં બિરાજમાન હતા. શ્રીયશોવિજયજી મ.ને છેલ્લા કેટલાક સમયથી જીર્ણજ્વરનો ઉપદ્રવ રહેતો હતો. અને એમાંથી તેમને ક્ષયનો વ્યાધિ લાગુ પડ્યો હતો. એના ઉપચારો તે વખતના પચ્છેગામના ખ્યાતનામ વૈદ્યરાજશ્રી ઈશ્વર ભટ્ટ–કે જેઓ સાધુ–સાધ્વીઓને વિજયપ્રશસ્તિ મહાકાવ્ય વગેરે જૈન સંસ્કૃત કાવ્યગ્રન્થોનું અધ્યાપન પણ વિશદતયા કરાવતા હતા–તેઓ કરતા હતા. પણ રાજરોગ ગણાતો એ વ્યાધિ કાબૂમાં આવવાને બદલે વધતો જતો હતો, તેથી મુનિશ્રીની શારીરિક અવસ્થા ગંભીર બનતી જતી હતી. તેમની ભાવના હતી કે—"મારે પૂ. ગુરૂમહારાજશ્રીજીના દર્શન કરવા છે."

પૂજ્યશ્રીએ પં. શ્રીપ્રતાપવિજયજી ગણિવરાદિ મુનિવરોને પ્રથમથી જ ખેડા મોકલી આપ્યા હતા. તેઓ તેમની ખડેપગે સારવાર અને શુશ્રૂષા કરતા હતા. તેમને લાગ્યું કે–તબીયત ગંભીર થતી જાય છે, એટલે તેમણે પૂજ્યશ્રીને કહેવરાવ્યું કે; શ્રીયશોવિજયજી મ. ની તબીયત વિશેષ અસ્વસ્થ બનતી જાય છે. જેમ ગૌતમસ્વામી મહારાજ શ્રીમહાવીર પ્રભુને સ્મરતા હતા, તે જ પ્રમાણે યશોવિજયજી મ. આપશ્રીનું સ્મરણ કરી રહ્યા છે, માટે આપશ્રી અહીં પધારો.

આ સમાચાર મળતાં તુર્ત જ પૂજ્યશ્રીએ મુનિશ્રી વિજ્ઞાનવિજયજી મ. ને સાથે લઈને ખેડા તરફ વિહાર કર્યો. શેઠશ્રી પ્રતાપસીંહ મોહોલાલભાઈ આદિ શ્રેષ્ઠિવરો મોટર દ્વારા ખેડા ગયા. ત્યાં તેમણે પૂજ્યશ્રી પધારી રહ્યાના સમાચાર આપ્યા. એ સાંભળીને શ્રીયશોવિજયજી મ.ને પરમસંતોષ થયો. પણ તેમની તબીયત હવે વધુ ને વધુ અસ્વસ્થ બનતી ચાલી. વૈદ્યરાજો–ડોકટરો પોતપોતાના ઉપચારો કરવામાં, અને તબિયતને કાબૂમાં લેવામાં તલ્લીન હતા. પણ મુનિશ્રીને પોતાને જ જાણે ભાસ થયો હોય, તેમ તેઓ એકાએક સૌના આશ્ચર્ય વચ્ચે સંથારામાં બેઠા થયા. ડોકટર–વૈદ્યને દૂર કર્યા. પલાંઠી વાળી, ટટાર બેસીને પંન્યાસજી મ.ને કહ્યું કે: "તમે મને મહાવ્રત–આલાપક સંભળાવો."

પંન્યાસશ્રીએ પણ તરત જ આલાપક–આલાવા બોલવા શરૂ કર્યા. તેઓ મૂળપાઠ બોલતા જાય, અને શ્રીયશોવિજયજી મ. તેનો સ્પષ્ટ અર્થ કરતા જાય. આવી અસ્વસ્થ તબીયતમાં પણ આવી અપૂર્વ સમાધિ અને આત્મરમણતા એ ખરેખર, પંડિતલક્ષ્ય જ છે.

આલાવાનું ઉચ્ચારણ ચાલુ હતું. સકળસંઘ ત્યાં હાજર હતો. સૌ કોઈ સ્તબ્ધ બનીને ખડા હતા. પંન્યાસજી મ. છેલ્લો આલાવો પૂર્વવત્ ધીમે ધીમે બોલતા હતા, તે વખતે મુનિરાજશ્રીએ તેમને સૂચના કરી કે:" હવે જલ્દી કરો. વધારે સમય નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંન્યાસજી મ. પણ આ સાંભળીને વિચારમાં પડી ગયા. તેમણે બોલવાની ઝડપ વધારી, અને એ છેલ્લો આલાવો બોલાયો, મુનિશ્રીએ એનો અર્થ કહ્યો, અને એ પૂર્ણ થતાંની સાથે જ મુનિશ્રીના અમર આત્માએ અરિહંતના ઉચ્ચાર સાથે સ્વર્ગપુરીના પંથે પ્રયાણ આદરી દીધાં.

સૌ કોઈના મસ્તક ઝૂકી પડ્યા. સૌ બોલી રહ્યાં=ધન્ય મૃત્યુ ! ધન્ય સમાધિ !

અમદાવાદથી સવારે નીકળીને એકધારો વિહાર કરી રહેલા પૂજ્યશ્રી અત્યારે અમદાવાદથી ૧૮ માઈલ દૂર આવેલાં 'નાયકા'નું પાદર ઓળંગવાની તૈયારીમાં હતા. પણ ગુરુ–શિષ્યનું મિલન કાળદેવને મંજૂર નહોતું. એ જ વખતે શેઠ પ્રતાપસીંહભાઈએ આવીને આ આઘાતજનક સમાચાર આપ્યા અને કહ્યું કે–"સાહેબ ! હવે આપશ્રી અહીં જ સ્થિરતા કરો."

પૂજ્યશ્રી પણ શોકમગ્ન હૈયે ત્યાં–નાયકાગામમાં પધાર્યા. દેવવંદનાદિ ક્રિયા કરી. તેઓશ્રીના એક અતિપ્રિય અને આશાસ્પદ વિદ્વાન્ શિષ્યનો આજે વિયોગ થયો હતો. રે કાળ ! ખરે જ, તું દુરતિક્રમ છે.

ત્યારપછી અમદાવાદથી નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈ, શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ જમનાભાઈ ભગુભાઈ વિગેરે ત્યાં આવ્યા, અને પૂજ્યશ્રીને આશ્વાસન આપવાપૂર્વક અમદાવાદ પધારવા વિનંતિ કરી. પૂજ્યશ્રી પણ ત્યારપછી અમદાવાદ પધાર્યા.

ખેડાથી પં. શ્રી પ્રતાપવિજયજી મ. આદિ મુનિવરો પણ થોડા દિવસમાં અમદાવાદ આવી ગયા. તેમણે પૂજ્યશ્રીની આજ્ઞાથી માળવા તરફ વિહાર કર્યો. માર્ગમાં વળાદ મુકામે તેમણે બોટાદનિવાસી શા. હેમચંદ શામજીના ૧૫ વર્ષની વયના પુત્રરત્ન શ્રી નરોત્તમભાઈને દીક્ષા આપી. તેમને પૂજ્યશ્રીના શિષ્ય પં. શ્રીઉદયવિજયજી મ. ના શિષ્ય કરીને તેમનું નામ મુનિશ્રીનન્દનવિજયજી મ. રાખ્યું.

આ અગાઉ બીજા પણ બે ગૃહસ્થોને પૂજ્યશ્રીએ દીક્ષા આપી. તેમના નામ મુનિશ્રી કીર્તિવિજયજી તથા મુનિશ્રી નિધાનવિજયજી રાખીને અનુક્રમે પં. શ્રી ઉદયવિજયજી મ. ના, તથા મુનિશ્રી વિજ્ઞાનવિજયજી મ. ના શિષ્ય કર્યા.

આ બધાં શાસન–પ્રભાવનાના કાર્યોની સાથે સાથે આપણા પવિત્ર અને મહાન્ તીર્થો–શ્રી શત્રુંજય, સમેતશિખર, ગિરનાર, તારંગાજી, વિગેરેના કેસોના કામ પણ ચાલુ જ હતા. પૂજ્યશ્રીનું માર્ગદર્શન–સલાહસૂચન એ બાબતમાં ઘણું જ કિંમતી બનતું. શ્રીગિરનાર તીર્થનો કેસ શેઠશ્રી લાલભાઈ દલપતભાઈના સમયથી ચાલુ હતો. એમાં બનેલું એવું કે:—

સેંકડો વર્ષોથી ગિરનાર તીર્થ ઉપર આપણો–શ્વેતાંબર જૈનોનો અબાધિત અને સ્વતંત્ર હક્ક–વહીવટ હતો. ગિરનાર પર્વત ઉપરના દેરાસરો–ધર્મશાળાઓ–દેરીઓ–કુંડ–ઓટલા–પડતર જમીન–વાવો–ગુફા, એ તમામ વસ્તુઓના સર્વેસર્વા આપણે–શ્વે. જૈનો જ હતા. એ બધી વસ્તુઓ નવી કરાવવી, તેનું સમારકામ કરાવવું, વિ. બધાનો ખર્ચ આપણે–શ્વે. જૈનો જ ભોગવતા અને કરતા. તેમાં કોઈની દખલગીરી નહોતી. આમ ગિરનાર પર્વતની આપણી સ્વતંત્ર માલિકી હોવાથી આપણે પણ એક સ્ટેટ (state) જેટલી સત્તા ભોગવતા હતા. અને જુનાગઢ–સ્ટેટ તરફથી પર્વત પર કોઈવાર કાંઈક અડચણ થાય, તો આપણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ટેટને અરજી કે ફરિયાદ નહોતા કરતા, પણ એક સ્ટેટ બીજા સ્ટેટને આવા કારણસર જેમ યાદી-નોંધ મોકલાવે, તે પ્રમાણે યાદી મોકલાવતા. જેથી સ્ટેટ તે અડચણો દૂર કરવા યોગ્ય કરતું. અને જુનાગઢ સ્ટેટમાં કોઈ પરદેશી મહેમાનો આવવાના હોય, તે પ્રસંગે સ્ટેટ આપણને જણાવતું, જેથી આપણે સ્ટેટને પર્વત ઉપર યોગ્ય સગવડ કરી આપતા.

પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી જુનાગઢ સ્ટેટને આપણો મૂળગરાસિયા સ્ટેટસ (Mulgiras status) આંખના કણાની જેમ ખૂંચતો હતો. તેણે આપણી જગવિખ્યાત સહનશીલતાનો લાભ લઈને પર્વત પર પોતાની સત્તા સ્થાપિત કરવા, અને આપણો-પરંપરાથી ચાલ્યો આવતો મૂળગરાસિયા હક્ક નાબૂદ કરવા માટે પર્વત પર જાતજાતની હરકતો ઉભી કરવા માંડી. જેવી કે: "સ્ટેટની પરવાનગી વિના પર્વત પર ક્યાંય રિપેરકામ ન થાય. દેરાસરના કોટની અંદર આવેલો શેઠ કેશવજી નાયકનો બંગલો સ્ટેટે કબજે કરી, ત્યાં સ્ટેટનું ગેસ્ટ હાઉસ (Gest house) કર્યું. શ્રીનેમિનાથની ટુંકના પ્રવેશદ્વાર ઉપરનો ઓરડો કબજે કર્યો. કિલ્લાની છૂટી જમીન કબજે કરી. પર્વત પરની જગ્યાઓ આપખુદીથી નાગરો અને અન્ય લોકોને વેચાણ આપવા માંડી. પાંચમી ટુંક કે-જેને પરાપૂર્વથી આપણે શ્રીનેમિનાથપ્રભુની નિર્વાણ ભૂમિ તરીકે પૂજતા આવ્યા હતા, અને ત્યાં દેરી બાંધી, તેમાં પ્રભુની ચરણપાદુકા પધરાવીને તેની પૂજા કરતા આવ્યા હતા, તે પણ સ્ટેટે ગુરૂદત્તાત્રયના અનુયાયીઓને આઘાતજનક રીતે આપી દીધી. અને તે દેરીનો આજ સુધીનો સઘળો ખર્ચ આપણે ભોગવ્યો હોવા છતાંય હવે તેની માલિકી સ્ટેટ તરફથી તે ગુરૂદત્તાત્રયના અનુયાયીઓને ફાળે ગઈ. વળી-ડુંગર ઉપર આવેલી ૮૪ ઓરડાના નામે ઓળખાતી શેઠ નરશીનાથાની ધર્મશાળા પણ સ્ટેટે લઈ લીધી.

આ અને આવી બીજી અનેક હરકતોથી આપણે-જુનાગઢની શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી (શેઠ આ. ક. પેઢીની શાખા)એ જુનાગઢની રાજ્યપ્રકરણી કોર્ટમાં (In the Rajprakarani Court of the Junagadhstate) પોતાના મૂળગરાસિયા સ્ટેટસ માટે સ્ટેટ-વિરૂદ્ધ કેસ કર્યો. અને એ કેસમાં ખ્યાતનામ બારિસ્ટર ડી. બી. શુકલ (Barrister at law)ને આપણા તરફથી રોકયા.

મૂળગરાસિયા સ્ટેટસ-કે જે આપણને પરંપરાથી મળેલો-તે જો આપણને પાછો મળી જાય તો આપણી પર્વત પરની બધી ટુંકો-જગ્યાઓ વિગેરે પુનઃ આપણી માલિકીના થાય, અને તેથી પાંચમી ટુંક-કે જે આપણી જ હતી, તે પણ આપણી થાય. એ હેતુપુરઃસર આપણે મૂળગરાસિયા સ્ટેટસ મેળવવા માટે કેસ દાખલ કરેલો. પણ-એ કોર્ટમાં આપણને સફળતા ન મળી. એ કોર્ટે આપણી મૂળગરાસિયા સ્ટેટસની માંગણી નામંજૂર કરી (ઈ. સ. ૧૯૧૦, વિ. સં. ૧૯૬૬માં.)

આવો ચુકાદો મળવાથી આપણે આગળ વધવાનો- જુનાગઢની હજુર કોર્ટમાં (In the Hazur Adalat of the Junagadh State) અપીલ (Appeal) કરવાનો નિર્ણય કર્યો. તે વખતે પણ બારિસ્ટર તરીકે શ્રી શુકલને જ રોકયા.

આ વખતે આપણા પૂજ્યશ્રીમાને અઢળક પુરાવાઓ- શાસ્ત્રપાઠો વિ. ઘણા જ પરિશ્રમથી એકત્ર કરેલ. ગોકળદાસ અમથાશાહ પાસે તેઓશ્રીએ ઇંગ્લીશમાં દલીલો તૈયાર કરાવી, અને કેસ લડવા માટે ચીવટભર્યું માર્ગદર્શન તેઓશ્રી શ્રેષ્ઠવરોને આપવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે–શુકલ બેરિસ્ટરની ઇચ્છા એવી કે–સમાધાન કરીએ તો ઘણું સારૂં. કારણ કે એક વખત હાર્યા, તો આગળ પણ હારવાનો સંભવ રહે. પોતાનો આ વિચાર તેમણે શેઠ આ. ક. ના પ્રતિનિધિ શેઠશ્રી અંબાલાલ સારાભાઈને જણાવ્યો, ત્યારે શેઠે તેમને કહ્યું: તમારી વાત સાચી હશે. પણ એ વાત અમારા વિદ્વાન્ ધર્મગુરૂને તમે સમજાવો. તેઓશ્રી જો સંમત થાય, તો તેમ કરીશું.

એટલે શ્રી શુકલ શેઠ અંબાલાલભાઈની સાથે પૂજ્યશ્રી પાસે આવ્યા, અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બેઠા. તેમના મનમાં એવું ખરૂં કે:–આ સાધુમહારાજ આવી કાયદાની વાતોમાં શું સમજે ? તેમને સમજાવતાં કેટલી વાર ? આ સમજીને જ તેઓ પૂજ્યશ્રી પાસે આવેલા.

આવતા વેંત તેમણે પોતાની વાત શરૂ કરી કે: અત્યારે હાર્યા, તો આગળ પણ હારવાનો સંભવ રહે, વિ. વિ. કારણોસર આપણે સ્ટેટ સાથે સમાધાન કરવું યોગ્ય છે.

આ વખતે પૂજ્યશ્રી કંઈક બોલવા ગયા, કે તરતજ શ્રીશુકલે કહ્યું: આપ તો સાધુ છો, કાયદાની બાબતમાં આપને સમજ ન પડે.

આ સાંભળીને અંબાલાલભાઈ બોલ્યા: "મિ. શુકલ ! આવી ભાષા બંધ કરો. મહારાજશ્રી કહે તે સાંભળીને દલીલથી સવાલ–જવાબ કરો."

આથી બેરિસ્ટર ધીમા પડ્યા, અને પોતાની વાત દલીલથી રજૂ કરી.

તેમની બધી વાત સાંભળ્યા પછી પૂજ્યશ્રીએ હાસ્યપૂર્વક (શુકલને ઉદ્દેશીને) કહ્યું: "તમે કહો છો કે– સાધુઓ કાયદાની વાતમાં શું સમજે ? પણ હું તમને પૂછું કે–કાયદો એટલે શું ? what is law? કાયદો એટલે સમાન્ય–સ્વાભાવિક બુદ્ધિ (Comman sence). એ સ્વાભાવિક બુદ્ધિ જેમનામાં કુદરતી રીતે નહોતી, તેમને આ વકીલાતનું ભણવા અને ઉપાધિઓ (Degrees) લેવા જવું પડ્યું. અને જેને એ 'કોમન સેન્સ' સ્વભાવતઃ જ હતી તેમને ભણવા જવાની જરૂર ન પડી."

શ્રી શુકલ તો આ વાત સાંભળીને છક્ક થઈ ગયા. સસ્મિત–વદને તેમણે પૂજ્યશ્રીની આ આ વાત કબૂલી.

ત્યારપછી પૂજ્યશ્રીએ કહ્યું: "રાજ્યપ્રકરણી કોર્ટે જે ચુકાદો આપ્યો, તે જ ચુકાદો ઉપરની–હજુર અદાલતમાં પણ મળશે, એમ માનવાને કોઈ કારણ નથી. કારણકે–નીચલી (રાજ્યપ્રકરણી) કોર્ટ જે ચુકાદો આપે, તે હંમેશાં સાચો જ હોય, એવી સરકારને ખાત્રી હોત તો તેની ઉપર મોટી અપીલ કોર્ટ ન રાખત. અને સમાધાન એટલે શું ? પાંચમી ટુંક અને બીજાં સ્થાનકો સ્ટેટને સોંપી દેવા એ જ કે બીજું કાંઈ ?

માટે અમારે એવું સમાધાન નથી કરવું. અમારા વૃદ્ધ પુરૂષોએ–પૂર્વની ડોશીઓએ પેટે પાટા બાંધીને આ તીર્થ–ટુંક અને દેરાસરો માટે પૈસા અને પ્રાણ આપ્યા છે. એ કોઈને સોંપી દેવા માટે નથી આપ્યા. પણ એના સંરક્ષણ માટે આપ્યા છે. માટે ચાહે તે થાય, પણ આપણે હજુર અદાલતમાં અપીલ તો કરવી જ છે. તમને એમ લાગતું હોય, કે એમાં હારવાનો સંભવ છે, તો આપણે બ્રિટિશ ગવર્મેન્ટને અપીલ કરીશું, અને છેવટે 'પ્રીવી કાઉન્સીલ' સુધી પણ જઇશું. પણ સમાધાનની વાત તો કરશો જ નહિ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ કહીને પૂજ્યશ્રીએ ગિરનારજી ઉપર આપણો હકક દર્શાવતા શાસ્ત્રીય પુરાવાઓ, તથા બીજા ઘણા પુરાવાઓ (લગભગ ૧૨૦૦) તેમને દેખાડ્યા. અને શ્રીગોકળદાસ અમથાશાહ પાસે ઇંગ્લિશમાં લખાવેલા મુદ્દાઓ (points) તથા દલીલો પણ દેખાડ્યા.

આ બધું જાણીને તથા જોઈ ને શ્રીશુકલ ખૂબ ખુશ થઈ ગયા, અને બોલ્યા કે: જો આટલી બધી તૈયારી હોય, તો આપણે જરૂર લડવું જ. હવે સમાધાનની વાત જ ન જોઈએ.

આ પછી તેમણે ગોકળદાસભાઈવાળા મુદ્દાઓનો ઉપયોગ કરવા દેવાની રજા માગી, પૂજ્યશ્રીએ રજા આપી. આ સિવાય પૂજ્યશ્રીએ ઘણી ઘણી કિંમતી સલાહ-સૂચનાઓ તેમને આપી. જેથી તેમને સંતોષ થવા સાથે પૂજ્યશ્રી પ્રત્યે અપાર માન પ્રગટ્યું. અને સાધુઓ કાયદાની વાતમાં શું સમજે ? એવી તેમના મનની છાપ ભૂંસાઈ ગઇ. તેમણે કહ્યું : સાહેબ ! આપશ્રી કાઠિયાવાડના છો, અને હું પણ કાઠિયાવાડનો છું. માટે આપણી વચ્ચે મતભેદ હોય જ નહિ. આપ જેમ કહો તેમ જ થશે. ત્યારપછી તેઓ ગયા. અને ઇ.સ. ૧૯૧૫ માં (વિ. સં. ૧૯૭૨) જુનાગઢની હજુર કોર્ટમાં આપણા તરફથી અપીલ કરી.[૧]

સં. ૧૯૭૦ ના આ વર્ષે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ અને અમદાવાદ શ્રીસંઘના સંઘપતિ નગરશેઠશ્રી કસ્તૂરભાઇ મણિભાઈ, કે જેઓ એક બાહોશ મુત્સદ્દી અને ધર્મ-વ્યવહાર-કુશળ પુરૂષ તરીકે પંકાયેલા હતા, તેઓ પરદેશ (Foreign)ના પ્રવાસે દરિયામાર્ગે ગયા હતા. માર્ગમાંથી-સ્ટીમરમાંથી તેમણે પૂજ્યશ્રી ઉપર એક પત્ર લખેલો. તે વાંચતાં આપણે સમજી શકીએ કે-ખરેખર ! આપણા મહાન્ ચરિત્રનાયક સૂરિદેવશ્રી વાસ્તવમાં આપણા મહાન્ તીર્થોના હકો અને શેઠ આ. ક. ની પેઢીના આધાર અને માર્ગદર્શક હતા. આ રહ્યો એ પત્રઃ

તા. ૭ મી મે-૧૯૧૪ એડન.

"શ્રી પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી. સ્ટીમરમાંથી કસ્તુરભાઈ તથા ઉમાભાઈ તથા લાલભાઈના વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી. ધર્મપસાયથી દરિયો

૧. ત્યારપછી હજુર અદાલતનો ચુકાદો પણ આપણી વિરૂદ્ધમાં આવવાથી આપણે રાજકોટ-એ. જી. જી. ની. કોર્ટમાં અપીલ કરી. પણ મિ. મેકોનોકીએ ત્યાં પણ આપણી વિરૂદ્ધ ફેંસલો જ આપ્યો. આ પછી આપણી દુભાતી લાગણી જોઈ ને સરકારે 'એલ-ગ્રેહામ' નામના ન્યાયખાતાના અધિકારીને આ બાબતમાં તપાસ માટે નીમ્યા. મિ. ગ્રેહામે સંપૂર્ણ જાતતપાસને આધારે સરકારને રિપોર્ટ કર્યો. જો કે એ રિપોર્ટમાં તેમણે આપણો મૂળગરાસિયા રાઈટ તો માન્ય નહોતો રાખ્યો. પણ ગિરનાર પર્વત પરની જે જે જગ્યાઓ-ટુંકો વિ. નો. કબજો સ્ટેટે આપખુદીથી લીધેલો, અથવા દિગંબર-બ્રાહ્મણાદિને આપેલો, તેને અયોગ્ય જણાવીને એ સર્વ ઉપર શ્વેતાંબર જૈનોનો જ હક્ક છે, અને એના ખરા માલિક તેઓ જ છે, એમ પુરાવા સાથે સાબિત કરી આપેલું. મૂળગરાસિયા સ્ટેટસ ન મળે તો પણ ડુંગર લગભગ આપણી માલિકીનો જ ગણાય, એવી પરિસ્થિતિ આ રિપોર્ટથી તેમણે સર્જેલી. પણ આ રિપોર્ટ ગમે તે કારણે સરકારે જાહેર ન કર્યો. અને આપણું પણ ત્યારપછી આ વિષે દુર્લક્ષ્ય સેવાયું. પરિણામે સ્વરાજ્ય પછી સૌરાષ્ટ્ર-સરકાર સાથે સમાધાન કરીને આપણે પાંચમી ટુંક વિ. અમુક અગત્યનાં સ્થાનો આપણી જાતે જ સોંપી દીધા. આમ આ વાતનો અંત આવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણો જ શાંત છે. અને ધર્મપસાયથી આવી જ રીતે અમારી મુસાફરી શાંતતાથી પસાર થશે. **તીર્થના હકો તથા આણંદજી કલ્યાણજીની પેઢીનો આધાર આપ જ છો. માટે તેને માટે આપને વધારે લખવું તે ઠીક નહિ. જરૂર વખતે આપ જે જે યોગ્ય લાગે તેમ કરાવતા રહેશોજી. તીર્થોના હકો જાળવવા આપ અમદાવાદમાંથી વિહાર કરવાનું હાલમાં નહિ રાખો એમ હું ધારૂં છું. એ જ વિનંતિ.** પન્યાસ શ્રી ઉદયવિજય વિગેરે સાધુમહારાજોને અમારા સર્વેના ૧૦૦૮ વંદણા પહોંચેજી.

એજ કસ્તૂરભાઈના વંદણા."

આ અરસામાં જર્મનીના વિખ્યાત વિદ્વાન્, ત્યાંની લિપ્ઝીક યુનિવર્સિટીના સ્નાતક, અને જૈન દર્શનના વિશિષ્ટ અભ્યાસી ડૉ. હર્મન જેકોબી (Dr. Hermann Jacobi) ભારતના જુદા જુદા શહેરોમાં બિરાજતા પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ આદિ આચાર્યભગવંતો તથા મુનિરાજોની મુલાકાત લેતાં લેતાં અમદાવાદ આવ્યા. અને સવારે વ્યાખ્યાન ઉઠવાના સમયે વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીને (B. A., LL B.) સાથે લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રી સાથે તેમણે વિવિધ વિષયોને લગતી ચર્ચા કરી. પૂજ્યશ્રી સંસ્કૃતમાં બોલતા, અને ડૉ. જેકોબી સંસ્કૃત તથા ઈંગ્લીશમાં પણ બોલતા.

એક પાશ્ચાત્ય વિદ્વાનને પૂજ્યશ્રી પાસે આવેલા જોઈને તે વખતે ઉપાશ્રયમાં જિજ્ઞાસુ જનસમૂહ એકત્ર થઇ ગયો.

ડૉ. જેકોબીએ શ્રીભગવતી સૂત્ર તથા શ્રી આચારાંગ સૂત્રનો ઈંગ્લીશ અનુવાદ કરેલો. જેમાં કેટલેક ઠેકાણે નોંધપાત્ર ક્ષતિઓ થવા પામી હતી. તે અંગે પૂજ્યશ્રીએ તેમને પ્રસંગોપાત્ત સૂચન કર્યું. આ વખતે શા. ગોકળદાસ અમથાશાહે પણ તેમને જૈન સિદ્ધાન્તનું સંપૂર્ણ પરિશીલન કર્યા પછી જ અનુવાદ જેવું કાર્ય કરવા માટે મીઠા શબ્દોમાં અનુરોધ કર્યો.

ડૉ. જેકોબીને પણ પોતાની ભૂલો સમજાણી, એટલે તેમણે પૂજ્યશ્રીને કહ્યું: હું ફરીવાર આપની પાસે આવીશ, ત્યારે એકાન્તમાં મારે આપને આ બધી વાતને લગતા પ્રશ્નો પૂછવા છે.

આમ કહીને તેઓ ગયા. ત્યારપછી ફરીવાર આવીને તેમણે એકાન્તમાં પૂજ્યશ્રી પાસેથી પોતાના પ્રશ્નોનું યોગ્ય અને વિશદ સમાધાન મેળવ્યું.

પૂજ્યશ્રીની તેજસ્વિતા અને અપૂર્વ બુદ્ધિમત્તાથી આકર્ષાયેલા ડૉ. જેકોબી આ પછી જ્યારે પાટણ ગયા, ત્યારે ત્યાં તેમને પૂ. પ્રવર્તક મુનિશ્રી કાન્તિવિજયજી મહારાજ મળ્યા. તેઓએ ડૉ. જેકોબીને પૂછ્યું: આટલા સાધુઓનો પરિચય કર્યો, તેમાં તમે શું અનુભવ મેળવ્યો ?

ત્યારે ડૉ. જેકોબીએ જવાબ આપ્યો કે: "આ. શ્રીવિજયનેમિસૂરિજી અને આ. શ્રી વિજયધર્મસૂરિજી, બે વ્યક્તિ સાધુપણામાં છે. પણ જો કોઈ રાજ્યના દિવાન હોત તો આખું રાજતંત્ર ચલાવવાની શક્તિવાળા છે. હાલ તો જૈનશાસનનું રાજ્ય બન્ને ચલાવી રહ્યા છે."

આ ઉપરથી આપણે અનુમાન કરી શકીએ કે–ડૉ. જેકોબી જેવા ખ્યાતનામ વિદ્વાનના હૈયામાં ફક્ત બે જ વખતના પરિચયથી પણ પૂજ્યશ્રીની પ્રતિભાએ અજબ આકર્ષણ જમાવ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દિવસો શેષકાળના–ચાતુર્માસ પૂર્વેના દિવસો હતા. તે દિવસો દરમ્યાન વ્યાખ્યાનમાં પૂજ્યશ્રી સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ–વિરચિત "શ્રીપંચાશકજી"ની દેશના ફરમાવતા હતા. તેમાં અત્યારે યાત્રા–પંચાશક ચાલતું હતું.

પૂજ્યશ્રીએ પોતાની અમોઘ વાણી વડે રથયાત્રાનું વિશદ વર્ણન કર્યું. મગધસમ્રાટ્ શ્રી સંપ્રતિમહારાજાએ તથા ગુર્જર-સમ્રાટ્ પરમાર્હત્ મહારાજા શ્રી કુમારપાળે કેવી રીતે–કેવા ભાવોલ્લાસથી–અને કેવી સમૃદ્ધિપૂર્વક રથયાત્રા કાઢી, અને તેનાથી કેવી અદ્‌ભુત શાસન–પ્રભાવના થઈ, એ પ્રસંગોને રોચક અને પ્રેરક શૈલીમાં સવિસ્તર વર્ણવ્યા.

અને વર્તમાનકાળમાં પણ એવી રથયાત્રા આપણે કરીએ, તો તેનાથી થનારા લાભ–૧, અન્ય દર્શનીઓને પણ બોધિબીજની સન્મુખદશાની પ્રાપ્તિ, ૨, જૈન શાસનના મહિમાનું વિસ્તરણ, ૩, તથા રથયાત્રા કરનાર ભાવિકોને પણ પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન, વિગેરે અગણિત લાભો વર્ણવ્યા.

અને અન્તમાં ફરમાવ્યું કે:" "જે શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્મા આપણા આસન્ન–ઉપકારી છે, એમના અપાર ઉપકારોનું સ્મરણ કરવું, એ આપણું–જૈનમાત્રનું નિત્યકૃત્ય છે. ભગવંતના મહાન્ ઉપકારોને આપણા સ્મૃતિપટમાં સદૈવ રાખવા કાજે એ શ્રીવીર પરમાત્માના પરમ પવિત્ર વિશ્વશાન્તિદાયક 'ચ્યવન–જન્મ–દીક્ષા–કેવળજ્ઞાન–અને નિર્વાણ.' એ પાંચેય કલ્યાણકોના મંગલ દિવસે આપણે મહોત્સવપૂર્વક રથયાત્રા કરવી જોઈએ."

પૂજ્યશ્રીની આ અમીરસ સમી અમોઘ દેશનાને શ્રોતાગણે સહર્ષ વધાવી લીધી–ઝીલી લીધી, અને પ્રભુના પાંચેય કલ્યાણકોના દિવસે રથયાત્રામહોત્સવ કરવાનો નિર્ણય કર્યો.

શ્રીવીર પ્રભુના ચ્યવન કલ્યાણકનો–આષાઢ શુદ ૬ નો પવિત્ર દિવસ નજીકમાં જ હતો. તે દિવસની રથયાત્રા માટે વ્યાખ્યાનમાં ઉછામણી બોલાઈ. એમાં અદ્‌ભુત ઉછરંગ આવ્યો. પ્રભુના રથની જમણી તથા ડાબી બાજુની ધોંસરીઓ ખેંચવા માટે જ હજારો રૂપિયાની ઉછામણી થઈ. બીજી ઉછામણીઓ પણ એવી જ થઈ.

અષાઢ શુદ ૬ નું મંગલ પ્રભાત ઉગ્યું, અને વરઘોડાની તૈયારીઓ ચાલી. અમદાવાદના આંગણે આ અપૂર્વ અવસર હતો. લોકોના ઉલ્લાસ અને ઉત્સાહનો પાર નહોતો. પાંજરાપોળમાં તો જાણે માનવ–મહેરામણ ઉમટયો હતો.

નિયત સમયે દેરાસરમાં સ્નાત્રમહોત્સવ કર્યા બાદ પ્રભુજીને રથમાં પધરાવ્યા અને ત્યારપછી વિધવિધ બેન્ડ–વાજિંત્રોના ઠાઠ સાથે રથયાત્રા–વરઘોડાનો પ્રારંભ થયો. શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈ, ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ વગેરે વયોવૃદ્ધ શ્રેષ્ઠિવર્યો પણ ઘણા ઉમંગપૂર્વક ભગવાનનો રથ ખેંચતા હતા. જ્યાં જ્યાં વરઘોડો જતો, ત્યાં જંગી માનવ મેદની દર્શનાર્થે તત્પર રહેતી. જૈનેતરો પણ ભારે કુતૂહલપૂર્વક નિહાળતા હતા. શહેરના મોટા વિસ્તારમાં વરઘોડો ફરીને પુનઃ પાંજરાપોળે ઉતર્યો.

આ પછી બીજાં ચાર કલ્યાણકોની રથયાત્રાઓ પણ એ જ ઉલ્લાસથી નીકળી. આમ ચાર–પાંચ વર્ષ સુધી ચાલ્યું. ત્યારપછી પૂજ્યશ્રીના ઉપદેશથી પાંચ પુણ્યાત્મા શ્રેષ્ઠિવરોએ પોતાના તરફથી એક રથયાત્રા કાયમ–દર વર્ષે નીકળે, તેનો લાભ લેવા માટે અમુક રકમ વ્યાજે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂકી દીધી. તેના વ્યાજમાંથી વર્ષોવર્ષ તેમના તરફથી તે તે રથયાત્રા નીકળતી. અને તે જ પ્રમાણે આજે પણ એ શ્રેષ્ઠિવરો તરફથી કાયમ રથયાત્રા નીકળે છે.

૧. ચ્યવન કલ્યાણકની રથયાત્રા-શેઠ વાડીલાલ લલ્લુભાઈ. હ. ચંચળબેન તરફથી.

૨. જન્મ કલ્યાણકની રથયાત્રા-શેઠજેશીંગભાઈ કાળીદાસ શેરદલાલ તરફથી.

૩. દીક્ષા કલ્યાણકની રથયાત્રા-શેઠ દલપતભાઈ મગનભાઈ. હ. લક્ષ્મીભાભુ તરફથી.

૪. કેવળજ્ઞાન કલ્યાણકની રથયાત્રા-શેઠ માણેકલાલ મનસુખભાઈ તરફથી.

૫. નિર્વાણકલ્યાણકની રથયાત્રા-શેઠ દલપતભાઈ ભગુભાઈ. હ. ગંગાભાભુ તરફથી. (શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ.)

આમ આ પાંચ શ્રીમાનો તરફથી તે તે વરઘોડાઓ માટેની સ્થાયી રકમ મૂકવામાં આવી. અને તેના વ્યાજમાંથી આજે પણ તેઓ તે તે રથયાત્રાનો અમૂલ્ય લાભ લઈ રહ્યા છે.

આ પાંચ કલ્યાણકોની સુંદર અને સ્થાયી રચના અમદાવાદ લહેરીયા પોળમાં શ્રીમહાવીર પ્રભુના દેરાસરમાં કરવામાં આવી છે.

આ પછી પૂજ્યપાદશ્રીએ વિં. સં. ૧૯૭૦ નું એ ચાતુર્માસ અનેકવિધ શાસન, પ્રભાવના સહ અમદાવાદમાં કર્યું.

—*—

# [૩૬]

## મરૂધરમાં ધર્મ-ઉદ્યોત

ચાતુર્માસ પૂર્ણ થયા પછી પૂજ્યશ્રીની ભાવના મારવાડ અને મેવાડપ્રદેશ તરફ વિહરવાની થઈ. તેઓશ્રીએ સપરિવાર તે તરફ જવા માટે શુભમુહૂર્તે મંગલપ્રયાણ કર્યું. પ્રથમ દિવસે શેઠશ્રી અંબાલાલ સારાભાઈનો અત્યન્ત આગ્રહ હોવાથી તેમના શાહીબાગમાં આવેલા બંગલે પધાર્યા. ત્યાંથી બીજે દિવસે આગળ વિહાર કરવાની ભાવના હતી, પણ પૂજ્યશ્રીના એક શિષ્યરત્ન મુનિશ્રી સિદ્ધિવિજયજી મ. ને તે જ દિવસે તાવ આવવો શરૂ થયો. એટલે હવે તો તેઓની તબીયત બરાબર સ્વસ્થ થયા પછી જ વિહાર કરાય, આથી શેઠશ્રીના આગ્રહથી પૂજ્યશ્રીએ તેમના બંગલે સ્થિરતા કરી.

શેઠશ્રીએ પણ તરત જ સારા ડૉકટરની વ્યવસ્થા કરી. એ ડૉકટર નિયમિત યોગ્ય દવા આપતા, અને દિવસમાં ૩ થી ૪ વાર તપાસી જતા. આવી ચીવટભરી સારવાર મળવાથી મુનિશ્રી થોડા દિવસમાં સંપૂર્ણ સ્વસ્થ બની ગયા. એટલે પૂજ્યશ્રીએ ત્યાંથી વિહાર કર્યો. સાબરમતી-ખોરજ થઈને શ્રીસંઘ સાથે શેરીસા તીર્થ પધાર્યા. આ સંઘનો લાભ શા. જમનાદાસ હીરાચંદ ઘેબરીયાએ લીધો.

આ દિવસોમાં પૂજ્યશ્રીના શિષ્ય પં. શ્રીસુમતિવિજયજી મહારાજે તળાજા પાસે એક ગામમાં અમદાવાદનિવાસી એક કિશોર ગૃહસ્થને દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી પદ્મવિજયજી મ. રાખીને તેમને પૂજ્યશ્રીના શિષ્ય બનાવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેરીસામાં શ્રી સંઘસમેત ૩–૪ દિવસ સ્થિરતા કરી. દરમ્યાન કલોલવાળા શા. ગોરધનદાસ અમુલખને પેલાં ખંડિયેર દશામાં રહેલા દેરાસરવાળી જગ્યા કે જે ગાયકવાડ સરકારના તાબાની હતી, તે તેમની પાસેથી વેચાણ લઈ લેવાનો ઉપદેશ આપ્યો. ગોરધનદાસે પણ તેઓશ્રીના ઉપદેશાનુસાર તે જગ્યા "શ્રી જૈન તત્ત્વવિવેચક સભા"ના નામે વેચાણ લઈ લીધી, અને તેનો પાકો દસ્તાવેજ 'તત્ત્વવિવેચક સભા'ના નામે કરાવી લીધો.

શેરીસાથી કલોલ થઈને પૂજ્યશ્રી કડી પધાર્યા. ત્યાંના શ્રીસંઘમાં મતભેદ પડેલા હતા. તેથી શ્રીસંઘને ઉપદેશ આપીને આપસ આપસના એ મતભેદો દૂર કરાવ્યા, અને સંઘમાં એકતા સ્થાપી. એ એકતાની ખુશાલીમાં શ્રીસંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં અઠ્ઠાઈ–મહોત્સવ ઉજવ્યો. ત્યારપછી કડીથી શ્રી ભોયણીજીતીર્થે યાત્રા કરી, સૂરજ–રાજપરા થઈને તેઓશ્રી પાનસર પધાર્યા.

પાનસરમાં થોડો સમય થયા જમીનમાંથી શ્રીમહાવીરસ્વામી ભગવાનની ભવ્ય, પ્રાચીન અને અલૌકિક ચમત્કારિક પ્રતિમા નીકળી હતી. તે અલૌકિક પ્રતિમાના દર્શનાર્થે હજારો જૈન–જૈનેતર લોકો આવતા હતા. પૂજ્યશ્રીએ પણ તે પ્રતિમાના દર્શન કર્યાં. પ્રતિમાની ભવ્યતા સૌ કોઈને આકર્ષતી હતી. એટલે પૂજ્યશ્રીએ ત્યાં ઉપદેશ આપ્યો કે–"આવા અલૌકિક પ્રભુજીને અહીં જ એક ભવ્ય જિનાલય બાંધીને પ્રતિષ્ઠિત કરવા જોઈએ."

ગામના અને બહારગામના ગૃહસ્થોએ એ ઉપદેશ ઝીલ્યો. અને એના પરિણામે આજે પ્રભુ મહાવીર દેવના શાસનની ભવ્યતાના પ્રતીક સમો ગગનોત્તુંગ ત્રિશિખરી પ્રાસાદ પાનસર ગામને તીર્થ તરીકે શોભાવી રહ્યો છે.

પાનસરથી વિહાર કરી પૂજ્યશ્રી વડુ પધાર્યા. ત્યાં બે દિવસ સ્થિરતા કરી. બીજે દિવસે રાત્રે ડાંગરવાના શ્રાવક શા. છગનલાલભાઈ આવ્યા. અને પૂજ્યશ્રીને વિનંતિ કરી કે–આપશ્રી ડાંગરવા પધારો, અને અમારા સંઘમાં બે પક્ષ છે, તેની એકતા આપશ્રી કરી આપો.

આથી પૂજ્યશ્રી સવારે વિહાર કરીને ડાંગરવા પધાર્યા. ત્યાંના શ્રીસંઘને એકત્ર કરીને શાન્તિ અને સંપ માટે ઉપદેશ આપ્યો. પૂજ્યશ્રીનો પ્રભાવ જ એવો અપૂર્વ હતો કે તેઓશ્રી જે કાર્ય હાથમાં લે, તે સફળ થાય–થાય ને થાય જ. અહીં પણ વર્ષો જૂના ઝઘડાઓ પૂજ્યશ્રીના એક જ વારના ઉપદેશથી શમી ગયા, અને સંઘમાં શાન્તિ સ્થપાઈ.

શ્રીસંઘે પણ એ શાન્તિના હર્ષમાં આઠેય દિવસના સ્વામીવાત્સલ્યપૂર્વક અઠ્ઠાઈ–મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવ્યો.

ડાંગરવાથી લીંચ થઈને મહેસાણા પધાર્યા. અહીંથી જલ્દી આગળ વધવાની ભાવના હતી, પણ શ્રીસંઘના અત્યાગ્રહથી આઠ દિવસ સ્થિરતા કરી. ત્યાંથી વીસનગર–વડનગર થઈને શિપોર પધાર્યા.

ઇતિહાસ કહે છે કે– આ વડનગરનું મૂળ નામ આણંદપુર નગર હતું. અહીંના રાજા ધ્રુવસેનનો પુત્રમૃત્યુનો શોક દૂર થાય, તે હેતુથી શ્રી સંઘસમક્ષ મહોત્સવપૂર્વક પરમપવિત્ર શ્રીકલ્પસૂત્રની વાચના સૌ પ્રથમ અહીં થઈ હતી.

અને આ જ વડનગર પ્રાચીન કાળમાં શ્રીસિદ્ધાચળ મહાતીર્થની "જયતળાટી"નું સ્થાન હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડનગર, સીપોર, ખેરાળુ, ઉંઝા વિગેરે ૧૬ ગામોની જ્ઞાતિઓનો ઘોળ હતો. તે ૧૬ માં મોટું ખેરાળુ હતું. પણ કોઈક કારણસર બાકીના ૧૫ ગામવાળાઓએ ખેરાળુ ગામ સાથેનો વ્યવહાર બંધ કરી દીધો હતો. ખેરાળુવાળાએ સમાધાન કરીને વ્યવહાર ચાલુ કરવા માટે ઘણી મહેનત કરી, પણ તેઓને સફળતા ન મળી. એ અરસામાં જ પૂજ્યશ્રીનું તે તરફ પધારવું થયું. અને ડાંગરવાના સંઘની એકતા તેઓશ્રીના ઉપદેશથી થઇ, એ જાણીને ખેરાળુના આગેવાન અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ શા. ગોપાળજી છગનલાલ વગેરે ગૃહસ્થો સીપોર આવ્યા. અને પૂજ્યશ્રીને પોતાની વાત અથેતિ જણાવીને વિનંતિ કરી કે સાહેબ ! આપશ્રી અહીં પધાર્યા છો, માટે હવે કૃપા કરીને અમારૂં સમાધાન કરાવી આપો.

તેમની પાસેથી બધી વાત જાણી લઈને પૂજ્યશ્રીએ ૧૫ ગામોમાં મુખ્ય ગણાતા સિપોર ગામના સંઘને સમાધાન કરવા માટે-વિખવાદ દૂર કરવા માટે ઉપદેશ આપ્યો. સિપોરવાળાને પૂજ્યશ્રીનો ઉપદેશ રૂચ્યો. એટલે તેમણે તરત જ બીજા ૧૪ ગામોના સંઘને સિપોરમાં એકત્ર કર્યો. એ સર્વ-સંઘોને પૂજયશ્રીએ ઉપદેશ આપ્યો. આથી તે પંદરેય ગામવાળાઓએ તે જ વખતે સલાહપૂર્વક એકમતે ખેરાળુવાળા સાથેનો કલેશ ત્યજી દીધો. અને તેમની સાથેનો વ્યવહાર પૂર્વવત શરૂ કર્યો. જેથી પુનઃ ૧૬ ગામોની એકતા થઈ.

આમ ઠેરઠેર વવાયેલા કલહ-કુસંપના વિષાંકુરો ઉખાડીને તેના સ્થાને પોતાના ઉપદેશામૃતથી એકતાની અમૃતવેલ ઉગાડતાં પૂજ્યશ્રી સિપોરથી ખેરાળુ પધાર્યા. ત્યાં ગામવાળાએ એકત્ર થઈને એકતાના પ્રાસાદ પર કલશારોહણરૂપ અઠ્ઠાઈ-મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવ્યો.

ત્યારપછી ખેરાળુથી તેઓશ્રી શ્રીતારંગાજી તીર્થે પધાર્યા. આ પ્રસંગે ડાંગરવાથી શ્રીસંઘના ૫૦ ગૃહસ્થોનો સંઘ શ્રીતારંગાજીની યાત્રા કરવા આવ્યો. તેમણે પૂજ્યશ્રીની નિશ્રામાં પૂજ્યશ્રીની સાથે સંગીતના સાજ સહિત શ્રીતારંગાજી તીર્થની યાત્રા કરી.

શ્રીતારંગાજી એ મહાતીર્થનું બીજું નામ છે શ્રીતારણગિરિ. તારણદેવીનું ત્યાં પ્રાચીનકાળથી સ્થાન છે, એથી એ પર્વતનું નામ પણ પ્રાચીનકાળથી તારણગિરિ પડયું છે.

આ તીર્થના અધિનાયક શ્રી અજિતનાથ પ્રભુ છે. [1]શ્રીમુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજ આ તીર્થની સ્તવના કરતાં કહે છે કે : 'હે સ્વામિન્ ! હે અજિતનાથ પ્રભો ! તારણગિરિ એ ખરેખર તારણગિરિ જ છે. કારણકે આપની જેમ તે પણ ભવ્યાત્માઓનો સંસાર સમુદ્રથી તારણહાર, અને ભવ્યોના બાહ્ય-અભ્યન્તર શત્રુઓનો નાશ કરનાર છે. આથી આ પર્વતનું "તારણગિરિ" એવું નામ સાર્થક છે."

આ ગિરિરાજ પર ૧૩ મા સૈકામાં પરમાર્હત્ ગુર્જરનરેશ શ્રીકુમારપાળ મહારાજાએ કલિકાલસર્વજ્ઞભગવંતશ્રીના ઉપદેશથી ભવ્ય પ્રાસાદ બંધાવેલો, અને તેમાં તીર્થપતિ શ્રી અજિતનાથ પ્રભુની ભવ્ય અને રમણીય પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી.

સ્તુતિકાર સૂરિભગવંત શ્રીમુનિસુંદરસૂરિજી મ. શ્રી આગળ વધતાં ફરમાવે છે કે : "જે રીતે શ્રી અજિતનાથ પરમાત્મા માતાના ગર્ભમાં હતા, ત્યારે તે ગર્ભના પ્રભાવથી

૧ જૈનસ્તોત્રસંગ્રહ-અજિતજિન સ્તોત્ર શ્લોક ૧૩-૧૪ બીજો ભાગ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોગઠાબાજીની રમતમાં માતાનો વિજય થયો હતો; તે જ રીતે આ તારણદુર્ગ (તારંગાજી) ઉપર શ્રીઅજિતનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરવાની ઇચ્છા સોલંકીકુલકેતુ મહારાજા શ્રીકુમારપાળદેવના હૃદયમાં થઇ, અને તેના પ્રભાવથી તેમને પણ પરરાષ્ટ્રની વિજય-લક્ષ્મી પ્રાપ્ત થઈ.

આવા આ શ્રી તારણગિરિ પર રહેલા-(મહારાજા કુમારપાલે ભવ્ય પ્રાસાદ બંધાવી, તેમાં પધરાવેલા) જગતને (નિજગુણ વડે) જીતનારા-અને મોહરાજ વડે અજેય એવા શ્રી અજિતનાથ પ્રભુને હું સ્તવું છું."[૧]

કુમારપાલ રાજાએ બંધાવેલા એ ભવ્ય પ્રાસાદમાં ભમતી હોવાથી તે ભ્રમિ-પ્રાસાદ કહેવાય છે.

આ મહાપ્રાસાદનો જીર્ણોદ્ધાર સંઘપતિશ્રી ગોવિંદ નામના શ્રાવકે કરાવ્યો હતો. તે વખતે-કુમારપાળ રાજાએ પધરાવેલ પ્રતિમાનો મ્લેચ્છોએ વિનાશ કર્યો હોવાથી ગોવિંદ શ્રાવકે નવીન બિંબ ભરાવી, તેની પ્રતિષ્ઠા શ્રીસોમસુંદરસૂરિજી મહારાજના હસ્તે કરાવી હતી.

આ તારંગાતીર્થ ઉપર શ્રીસિદ્ધશિલા,-કોટિશિલા, તથા મોક્ષની બારી એ ત્રણ નામની ત્રણ ટેકરીઓ છે. અને જે તારણદેવીના નામથી આ ગિરિવરનું નામ તારણગિરિ થયું છે, તે તારણદેવી તથા ધારણદેવીની ગુફાઓ પણ છે. તારણદેવીની સ્તુતિ કરતાં શ્રી મુનિસુંદરસૂરિ મહારાજા ફરમાવે છે કે "ભક્તોને વિપત્તિરૂપ નદીમાંથી તારવામાં તત્પર હે તારણદેવિ ! તમને કોણ સ્તવતું નથી ? (અર્થાત્-સર્વ કોઈ તમારી સ્તુતિ કરે છે.) કારણ કે યુદ્ધમાં શત્રુઓ ઉપર સદાય જય મેળવનાર તમે આ (તારંગા) તીર્થને તથા જિનેશ્વરદેવ પ્રત્યે ભક્તિ ધરાવતા ભવ્યોને હંમેશાં રક્ષણ આપો છો."[૨]

કોટિશિલા-સિદ્ધશિલા તથા મોક્ષબારી સહિતનું આ આખુંયે તીર્થ આપણું-જૈન શ્વે. મૂ. પૂ. સંઘનું જ છે.

આ તીર્થમાં અઠવાડિયા સુધી સ્થિરતા કરીને પૂજ્યશ્રીએ તેનું સાંગોપાંગ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. આ દિવસોમાં-આ તારંગાતીર્થ માટે પણ ટીંબા ઠાકોર- ભાગદારો અને જૈનો વચ્ચે તકરારો ચાલતી હતી. તે બાબતમાં પણ પૂજ્યશ્રીએ સમ્યક્તયા જાણકારી મેળવી.

ત્યારબાદ તેઓશ્રી ટીંબા-સુદામણા થઈને દાંતા પધાર્યા. દાંતાના મહાજનના હાથમાં શ્રીકુંભારીયાજી તીર્થનો વહીવટ હતો. વહીવટ અને દેખરેખ બેપરવાઈથી થતા હોવાથી, તીર્થની પ્રગતિ સારી રીતે થતી નહોતી.

દાંતાથી પૂજ્યશ્રી શ્રી કુંભારીયાજી તીર્થે પધાર્યા. અહીં ગુજરાતના મહામંત્રીશ્વરશ્રી વિમલશાએ બંધાવેલા પાંચ જિનાલયો છે. અહીં આરસની મોટી ખાણો છે. એ ખાણોના પાષાણથી આબુજી તથા કુંભારીયાજીના દેરાસરો બંધાયા હતા.

સ્વ. શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈએ અહીં એક ધર્મશાળા બંધાવી છે. શેઠશ્રીને નિયમ હતો કે : "દિવાળી તથા બેસતા વર્ષના માંગલિક દિવસો આપણા પવિત્ર તીર્થોની યાત્રા-

૧. જૈનસ્તોત્રસંગ્રહ-(જિનસ્તોત્રરત્નકોષ રત્ન ૧૧મું. શ્લોક-૧-૨) બીજો ભાગ.
૨. જૈનસ્તોત્રસંગ્રહ-બીજો ભાગ જિનસ્તોત્રરત્નકોષ શ્લોક-૨૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવામાં ગાળવા.” આ અનુમોદનીય નિયમાનુસાર તેઓ દર વર્ષે એ માંગલિક દિવસોમાં જુદા જુદા તીર્થોની યાત્રા કરતા. અને જે જે તીર્થે તેઓ જતા, ત્યાં ત્યાં તેઓ બારીકાઈથી તપાસ કરતાં કે-અહીંયા શાની આવશ્યકતા છે? તે તપાસમાં જે વસ્તુની જરૂરિયાત તે તીર્થમાં તેઓને લાગે, તે જરૂરિયાત તેઓ પૂરી કરતા. આવી રીતે તેમણે અનેક તીર્થોમાં ધર્મશાળાઓ બંધાવી છે. જીર્ણોદ્ધાર તથા બીજાં ખાતાઓને મોટી રકમ આપીને સદ્ધર બનાવ્યા છે. આ શ્રીકુંભારીયાજી તીર્થમાં પણ તેમણે એક ધર્મશાળા બંધાવેલી.

પૂજ્યશ્રીએ તીર્થની યાત્રા કરી. તીર્થના યોગ્ય વહીવટના અભાવે દેરાસરો જીર્ણ બન્યા હતા. તેનો ઉદ્ધાર કરવાની ભાવના પૂજ્યશ્રીને થઈ.

અહીં અમદાવાદથી પૂજ્યશ્રીના તથા તીર્થના દર્શનાર્થે શેઠશ્રી પ્રતાપસિંહ મોહોલાલ, શેઠ ચમનલાલ લાલભાઈ, શેઠ લાલભાઈ ભોગીલાલ, શેઠ જગાભાઈ ભોગીલાલ, શેઠ માણેકલાલ મનસુખભાઈ વિગેરે આગેવાન ગૃહસ્થો આવ્યા.

કુંભારીયાજીથી પૂજ્યશ્રી મોટી ખરેડી થઈને આબુ-દેલવાડા પધાર્યા. રસ્તામાં આવતી આરણાની તળાટીએ એક દિવસ સ્થિરતા કરી. અહીં સાધુ-સાધ્વીઓને તથા યાત્રાળુઓને રહેવા માટે યોગ્ય સગવડ કે વ્યવસ્થા નહોતી. એ જોઈને પૂજ્યશ્રીએ શેઠશ્રી માણેકલાલભાઈને ઉપદેશ આપતાં તેઓએ ત્યાં એક ધર્મશાળા બંધાવી.

આ વખતે-પૂ. પં. શ્રીનીતિવિજયજી મહારાજ મારવાડથી વિહાર કરીને અમદાવાદ તરફ જતા હતા, તેઓ અહીં-આબુજી આવ્યા, અને પૂજ્યશ્રીને મળ્યા. તેઓએ અમદાવાદ જવાની પોતાની ભાવના પૂજ્યશ્રીને જણાવી. એટલે પૂજ્યશ્રીએ કહ્યું : “તમે અમદાવાદ જરૂર જાવ, અને ત્યાં પાંજરાપોળ ઉપાશ્રયે ઉતરવાનું રાખજો, તેમજ ચાતુર્માસ પણ ત્યાં જ કરજો.”

પં. શ્રીનીતિવિજયજી મહારાજે પણ એ વાત સ્વીકારી, અને ત્યારપછી તેઓએ અમદાવાદ-પાંજરાપોળ ઉપાશ્રયે પધારીને સં. ૧૯૭૧ નું ચાતુર્માસ પણ ત્યાં-પાંજરાપોળે જ કર્યું.

શ્રીઆબુતીર્થમાં આઠેક દિવસ સ્થિરતા કરીને ત્યાંના ભવ્યતમ જિનાલયોની યાત્રા કરવા-પૂર્વક-ઐતિહાસિક તથા દર્શનીય તમામ સ્થાનોનું પૂજ્યશ્રીએ અવલોકન કર્યું. અચળગઢની પણ યાત્રા કરી. ત્યારપછી અણાદરાને રસ્તે થઈને તેઓશ્રીએ જોરામગરામાં પ્રવેશ કર્યો. જોરામગરાના-સિરોડી, સેંદરથ, પાડીવ, ઊડ, વિ. ગ્રામોમાં વિચરીને તેઓશ્રી જાવાલ પધાર્યા. અને જાવાલ-શ્રીસંઘની વિનંતિથી વિ. સં. ૧૯૭૧નું ચાતુર્માસ તેઓશ્રી જાવાલમાં બિરાજ્યા.

આ ચોમાસા પૂર્વે, ચોમાસામાં, તથા ચોમાસા પછી પૂજ્યશ્રીએ પોતાના અમોઘ ઉપદેશ વડે જાવાલમાં અનેક ધર્મકાર્યો કરાવ્યા.

જાવાલ-બરલુટ વિ. ૨૭ ગામોનું મોટું પંચ હતું. તેમાં મોટો ઝઘડો પેઠો હતો. એના લીધે ધર્મના દરેક કાર્યોમાં શિથિલતા આવી ગયેલી. આ ઝઘડાનું નિવારણ કરવા પૂજ્યશ્રીએ ઊડગામમાં આખું પંચ એકત્ર મેળવ્યું. અને તેમાં તેઓશ્રીએ આ પંચના ઝઘડા દૂર કરવાનો ઉપદેશ કર્યો. પરિણામે ૨૭ ગામોના પંચના એ કલેશો દૂર થયા, અને સંપ તથા શાન્તિ સ્થપાયા.

કુસંપનો નાશ થવાથી ૨૭ ગામોવાળાએ અતિ-ઉલ્લાસપૂર્વક ઊડ ગામમાં પૂજ્યશ્રીની નિશ્રામાં મોટો મહોત્સવ ઉજવ્યો, અને સ્વામીવાત્સલ્યો કર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાવાલમાં ઉપાશ્રયની અગવડ હતી, એટલે પૂજ્યશ્રીએ તે અંગે ઉપદેશ આપ્યો. એના ફલસ્વરૂપે શ્રીસંઘે ધર્મશાળાનો ભાગ વધાર્યો, અને તેની સામે ઉપાશ્રય માટે એક જગ્યા ખરીદી. તે જગ્યામાં ઉપાશ્રયનું મકાન બાંધવા માટે મોટી ટીપ થઈ.

આ બધો પ્રદેશ જોરામગરાના પ્રદેશ તરીકે ઓળખાતો. આ પ્રદેશના ગામોના ગૃહસ્થો પરદેશમાં વ્યાપાર કરતા, અને રહેતા ગામમાં તો ફક્ત ધર્મધ્યાનમય નિવૃત્તિ જીવન ગાળવા માટે જ રહેતા. પરદેશમાં વસતા એ ગૃહસ્થો ઘણા સુખી હતા. પરંતુ જ્ઞાનની ખામીને લીધે કોઈ પણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ તેઓ તથા તેમના પુત્રાદિ પરિવાર પામી શકતા નહિ. પાઠશાળા જેવું પણ કાંઈ ન હતું.

આથી પૂજ્યશ્રીએ શ્રીસંઘને પાઠશાળા માટે ઉપદેશ આપ્યો. શ્રીસંઘે પણ પોતાના ગામની આ ખામીને દૂર કરવા માટે પૂજ્યશ્રીનો એ ઉપદેશ ઝીલી લીધો, અને એક પાઠશાળાનું સ્થાપન કર્યું. એનું નામ "તપાગચ્છ-શ્રીવૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળા" રાખ્યું. તેમાં નાના મોટાં અનેક ભાઈ-બહેનો ધાર્મિક અભ્યાસ કરવા લાગ્યા.

વળી—અહીં મૂંગા-પ્રાણીઓની રક્ષા માટે કોઈ સાધન નહોતું. તેથી જીવદયાના જ્યોતિર્ધર આપણા પૂજ્યશ્રીએ ઉપદેશ આપીને એક 'પાંજરાપોળ-સંસ્થા' સ્થપાવી. પાઠશાળા તથા પાંજરાપોળના નિભાવ માટે પૂજ્યશ્રીના ઉપદેશથી સારી એવી ટીપ પણ થઈ.

જાવાલ-ગામથી ૦ાા માઈલ દૂર અંબાજી માતાની એક વાડી હતી. ત્યાં અંબામાતાનું સ્થાન હતું. વાડી ઘણી વિશાળ હતી. તે જોઈને પૂજ્યશ્રીને ભાવના થઇ કે-આ વિશાળ જગ્યામાં દેરાસર થાય તો શ્રીસંઘને ચૈત્રી-કાર્તિકી પૂનમે શ્રીસિદ્ધગિરિરાજની યાત્રા માટે એક રમ્ય સ્થાન બને.

આવી ભાવના થતાં તેઓશ્રીએ સંઘને તે માટે ઉપદેશ આપ્યો. સંઘે પણ તે વધાવી લીધો, અને તે વાડી ખરીદી લીધી.

જાવાલમાં-ચોમાસા પૂર્વે બોટાદનિવાસી દેસાઈ હિમચંદ ભવાનના સુપુત્ર શ્રી અમૃતલાલને તથા રાજગઢ-માળવાના વતની શા. પ્યારેલાલ-નામક એક ગૃહસ્થને પૂજ્યશ્રીએ દીક્ષા આપી. તેમના નામો અનુક્રમે-મુનિશ્રી અમૃતવિજયજી મ. તથા મુનિશ્રી ભકિતવિજયજી મ. રાખ્યા. બન્ને મુનિવરો અનુક્રમે પૂજ્યશ્રીના તથા પં. શ્રી પ્રતાપવિજયજી મહારાજના શિષ્યો થયા.

આમ ચાતુર્માસમાં અનેક શાસનપ્રભાવનાના કાર્યો કરી-કરાવીને ચોમાસા બાદ પૂજ્યશ્રીએ વિહારની તૈયારી કરી.

વિહાર સમયે ગામ બહાર મંગલાચરણ વખતે શ્રીસંઘે પૂજ્યશ્રીને આગ્રહપૂર્ણ વિનંતિ કરી કે:" સાહેબ ! આખા ચોમાસા દરમિયાન આપશ્રીએ અમને કંઈ કાર્યસેવા ફરમાવી નથી, પણ હવે તો કાંઈ કાર્ય ફરમાવો."

શ્રીસંઘનો અત્યંત આગ્રહ જોઈને પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે : "પાલિતાણામાં દયાળુ દાદાની પવિત્ર છાયામાં અનેક ધર્મશાળાઓ છે, પણ મારવાડી ગૃહસ્થો તરફથી બંધાયેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકેય ધર્મશાળા નથી. તો તમારી ભાવના હોય તો પાલિતાણામાં જાવાલ-સંઘ તરફથી એક ધર્મશાળા બંધાવવાનો ઉપયોગ દેખો".

પૂજ્યશ્રીના આ વચનને શ્રી સંઘે તત્ક્ષણ વધાવી લીધું, અને તે જ વખતે રૂ. ૬૦ હજારની ટીપ કરી. પછી પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર જાવાલ સંઘે પાલિતાણામાં શેઠ આ. ક. ના વંડામાં એક ધર્મશાળા બંધાવી, જે આજે પણ જાવાલવાળાની ધર્મશાળા તરીકે ઓળખાય છે.

આ દિવસોમાં મારવાડ-પ્રદેશમાં મૂર્તિવિરોધીઓનું જોર ઘણું વધી ગયું હતું. ઠેરઠેર મૂર્તિવિરોધીઓના ગુરૂ ગણાતા ઢુંઢકપંથી મુનિઓ ફરતા, અને મૂર્તિ-ઉત્થાપનની પ્રરૂપણા કરતા.

આથી શ્રીવરકાણા વિ. '૫૨' ગામોના (ગોલવાડ) પંચે એકત્ર મળીને આનો પ્રતીકાર કરવાનો નિર્ણય કર્યો, અને પંચના આગેવાનો પૂજ્યશ્રી પાસે વરકાણા તરફ પધારવાની વિનંતિ કરવા માટે આવ્યા.

પૂજ્યશ્રી પણ તેમની વિનંતિનો સ્વીકાર કરીને વરકાણાજી પધાર્યા.

આ વખતે સ્થા. મુનિઓ 'વકતાવરમલજી' આદિ ત્યાં હતા.

પૂજ્યશ્રી વરકાણા પધારતાં જ શ્રીપંચે જાજમ નાખી, અને બાવન ગામના પંચને એકત્ર કર્યું. તેમાં શ્રીપંચે નિર્ણય લીધો કે-" સ્થાનકવાસીઓ જોડેનો તમામ વ્યવહાર આજથી બંધ છે." આ નિર્ણય સ્થાનકવાસીઓના જોરને ડામવા માટે સર્વ રીતે પૂરતો હતો.

હવે-જે ધર્મશાળામાં પૂજ્યશ્રી ઉતર્યા હતા, તે જ વિશાળ ધર્મશાળામાં નીચેના સામા વિભાગમાં પેલા સ્થા. મુનિઓ ઉતરેલા.

એક દિવસ શ્રીવકતાવરમલજી પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ શાંતિપૂર્વક તેમના જ્ઞાનની ચકાસણી કરી. તેઓશ્રીએ પૂછ્યું કેઃ 'કર્મનો રસ એટલે શું ?'. આ પહેલા જ પ્રશ્નનો જવાબ એ સ્થા. મુનિ આપી ન શકયા. અને તે વખતે પૂજ્યશ્રી પાસેથી છૂટવા માટે **'वृत्तिमाश्रित्य वैतसीम्'** ઉભા થઈ ગયા.

ત્યારપછી ફરીવાર તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા, અને તે વખતે શાસ્ત્રાર્થ કરવાની વાત થઈ. બીજા દિવસે શાસ્ત્રાર્થ કરવાનું નિયત થયું. એ દિવસે સંધ્યા સમયે પૂજ્યશ્રીની સાથે રહેતા પંડિતવરશ્રી 'શશિનાથ ઝા' તેમને (વકતાવરમલજીને) મળવા ગયા, અને તેઓએ તે મુનિશ્રીને આવતી કાલે શાસ્ત્રાર્થ માટે તૈયાર રહેવાની ટકોર પણ કરી.

ત્યારપછી તે મુનિશ્રી પાસે કેટલાક શ્રાવકો ગયા હશે, તેમને તેઓએ કહ્યું કેઃ અમારા મત વિરૂદ્ધ બોલશો, તો હું કાગડા બનાવી દઈશ.

આ સાંભળીને પેલા ભદ્રિક શ્રાવકો પૂજ્યશ્રી પાસે આવ્યા, અને એ વાત જણાવી. ત્યારે પૂજ્યશ્રીએ તેમને નિર્ભીક રહેવા કહ્યું.

પણ બીજા દિવસે એટલે શાસ્ત્રાર્થ માટે નિયત થયેલા દિવસે વહેલી સવારે એ મુનિશ્રી સપરિવાર વિહાર કરી ગયા. આથી લોકોમાં તેમની અપકીર્તિ થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારપછી પૂજ્યશ્રીએ પણ ત્યાંથી આગળ વિહાર કર્યો. ગામેગામ વિહરતાં તેઓશ્રી 'દાદાવી' ગામે આવ્યા. ત્યાં પુનઃ પેલા વકતાવરમલજીનો ભેટો થઈ ગયો. તે મુનિજીની થોકડા સંબંધી શાસ્ત્રાર્થ કરવાની વૃત્તિ અહીંયા પુનઃ જાગૃત થઈ. પણ પૂજ્યશ્રી પાસે તેઓ પૂર્વવત્ ફાવ્યા નહિ.

દાદાવીથી વીજોવા, નાડોલ, નાડલાઈ વિ. સ્થળોએ યાત્રા કરીને, તથા ઘાણેરાવ–મૂછાળા મહાવીર વિ. મોટી પંચતીર્થીની યાત્રા કરીને પૂજ્યશ્રી સપરિવાર દેસૂરી પધાર્યા. અહીંયા વયોવૃદ્ધ મુનિશ્રી જીતવિજયજી મ. (બોટાદના–દેસાઈ કુટુંબના)ની તબીયત નરમ થતાં થોડા દિવસ અહીં સ્થિરતા કરી.

અહીંથી દેસૂરીની નાળના રસ્તે ઉપરના–મેવાડના પ્રદેશમાં જવાય છે. તે તરફ જતાં ગઢબોલ નામનું એક ગામ આવે છે. એ ગામ હિન્દુઓના 'ચારભુજા તીર્થ' તરીકે વિખ્યાત છે. અહીં એક સુંદર દેરાસર છે. તેમાં શ્રીશાન્તિનાથ પ્રભુની અતિપ્રાચીન અને દર્શનીય પ્રતિમા હતી.

વિ. સં. ૧૯૬૭માં જ્યારે પૂજ્યશ્રી અમદાવાદમાં બિરાજતા હતા, ત્યારે :—

આ ગઢબોલમાં એકવાર તેરાપંથી મુનિઓ આવ્યા, અને દેરાસરમાં (રંગમંડપ તથા ચોકીઓમાં) ઉતર્યા. આ પ્રદેશમાં તેરાપંથી સાધુઓની જમાવટ ઘણી હતી. કોઈ–કોઈક ગામમાં અમુક અમુક મંદિરમાર્ગી શ્રાવકો રહેલા, બાકી તો બધા તેરાપંથી બની ગયા હતા. તેરાપંથી મુનિઓ લોકોને ઉપદેશ આપતાં કે : "પત્થરની ગાયના આંચળમાંથી દૂધ નીકળતું નથી, તેમ તે ગાયને ખીલા ઠોકો તો તેમાંથી લોહી પણ નીકળતું નથી. તેવી જ રીતે આ પાષાણની પ્રતિમા તમને શો લાભ આપી શકે ?

અને તમારે ખાત્રી કરવી હોય તો–આ ભગવાનની પ્રતિમામાં ખીલા ઠોકીને જુઓ–કે આમાં જીવ છે કે નહિ ?"

આ અસદ્ ઉપદેશની ધારી અસર અજ્ઞાન જીવો પર થઈ અને તેમણે તે શ્રીશાન્તિનાથ પ્રભુની પ્રતિમાના અંગે અંગે લગભગ બાવન ઘા માર્યા. રે ! મૂર્તિભંજક મુસલમાન અને આ ક્રૂર કૃત્ય કરનાર લોકોમાં કંઈ ફેર ખરો ?

તેરાપંથીઓના આ કાળા કૃત્યની ખબર મૂર્તિપૂજક ભાઈઓને પડતાં તેમના દુઃખનો પાર ન રહ્યો. તેમનાં તન–મનમાં જાણે ચિરાડ પડી. પેલા તેરાપંથી સાધુઓ તો આ કૃત્ય કરાવીને ત્યાંથી જતા રહેલા. અને મંદિરમાર્ગીઓ નિર્બળ હોવાથી તેઓને કોઈ રોકટોક પણ ન કરી શક્યા.

વળી–દેરાસરની ચાવીઓ પણ તેરાપંથી ગૃહસ્થો પાસે રહેતી હતી. આથી મંદિરમાર્ગી શ્રાવકોએ ભેગા થઈને નજીકના ઘાણેરાવ વિગેરે ગામોના સંઘને પોતાના ગામની આ દુઃખદ ઘટના જણાવી.

સાંભળનાર ભાઈઓની તથા પંડ્યાઓની લાગણી આથી ઉશ્કેરાણી તો ઘણી. તેમને પણ અપાર ખેદ થયો. પણ–તેરાપંથીઓના જોર પાસે તેમનું ચાલે તેમ ન હતું. અને આની સામે ચાંપતાં–તાત્કાલિક પગલાં ન લેવાય, તો ભવિષ્યની મુશ્કેલી અકલ્પ્ય હતી. એટલે ઘાણેરાવવાળા ભાઈઓ ગઢબોલના ગૃહસ્થોને સાથે લઈને અમદાવાદ આવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમણે શેઠ આ. ક. પેઢીના પ્રમુખ શેઠ શ્રી લાલભાઈ દલપતભાઈ તથા શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈ પાસે જઈને પોતાના ગામની કરુણ બીના તેઓને રડતે હૈયે જણાવી, અને વિનંતિ કરી કે : શેઠ સાહેબ ! આવી વાતનો પ્રતીકાર કરવા માટે આપ લોકોનું માર્ગદર્શન તથા મદદ મેળવવા અમે આવ્યા છીએ.

પણ ત્યાંથી તેમને સંતોષકારક જવાબ ન મળતાં તેઓ પાંજરાપોળ–ઉપાશ્રયે પૂજ્યશ્રી પાસે આવ્યા.

પૂજ્યશ્રી પાસે તેમણે પોતાના ગામની દુઃખપ્રદ વીતકકથા નિવેદન કરી. એ સાંભળીને પૂજ્યશ્રીને ભારે આઘાત થયો. તેઓશ્રીએ એમને આશ્વાસન આપ્યું, અને કહ્યું કે : તમે આજે બપોરે અહીં આવજો, સૌ સારા વાનાં થઈ રહેશે.

તેઓ પણ આ આશાજનક આશ્વાસન મળવાથી શાન્ત થઈને ગયા. ત્યારપછી પૂજ્યશ્રીએ શેઠ લાલભાઈ તથા શેઠ મનસુખભાઈને બોલાવ્યા, અને તેમને ગઢબોલના ભાઈઓ આવ્યાની વાત કરીને કહ્યું કે : "એમની વાત આપણે સાંભળવી જોઈએ, અને તેમને સંતોષ થાય એમ કરવું જોઈએ. તમારામાં ગળપણ છે, તો મંકોડા આવે છે. તમારામાં આગેવાનીભરી શક્તિ છે, તો લોકો તમારો આશરો શોધતાં આવે છે."

એ વખતે જ પેલાં ગઢબોલ અને ઘાણેરાવવાળા ભાઈઓ આવી પહોંચ્યા.

એટલે બંને શ્રેષ્ઠિવરોએ આ બાબતમાં શી રીતે કામ કરવું ? તે માટે પૂજ્યશ્રી સાથે વિચારણા કરી. પૂજ્યશ્રીએ તત્ત્વવિવેચક સભાના સભ્યોને બોલાવીને આ બધી બીના જણાવી.

છેવટે નક્કી કર્યું કે–અમદાવાદથી વકીલ કેશવલાલ અમથાશા (B.A.L.L.B.)ને આ મારવાડી ગૃહસ્થો સાથે ગઢબોલ મોકલવા, અને તેઓ ત્યાં જઈને આ બાબતમાં યોગ્ય કરે.

પૂજ્યશ્રીએ ગઢબોલના ભાઈઓને કહ્યું કે : "અહીંથી વકીલ આવે છે, તો તમારે તેમને બરાબર મદદ આપવી પડશે. પછી ત્યાં જઈને આઘાપાછાં થશો તે નહિ ચાલે." એ ભાઈઓએ એ વાત સ્વીકારી.

પૂજ્યશ્રીએ વકીલને પણ યોગ્ય સલાહ–સૂચનો આપી દીધા.

આ પછી વકીલ કેશવલાલભાઈ યુરોપિયન પહેરવેશમાં સજ્જ થઈને તે ભાઈઓની સાથે ગઢબોલ જવા રવાના થયા. તેમની સાથે પટાદાર તરીકે એક ખડતલ ભૈયાને પણ મોકલવામાં આવ્યો. અહીંથી શેઠ લાલભાઈએ પણ પેઢીની સાદડીમાં આવેલી શાખાના મુનીમશ્રી મણીલાલને જણાવી દીધું કે–વકીલ ત્યાં આવે છે, અને તમારે તેમને જોઈતી સગવડ આપવી.

વકીલ સાદડી પહોંચી ગયા. મુનીમ પણ ચાલાક હતા. તેમણે વકીલની જેમ યુરોપિયન ડ્રેસ ધારણ કર્યો, પછી તેઓ બંને ઘોડા પર સવાર થઈ, સાથે બેએક ભૈયાઓને લઈને ગઢબોલ ગયા.

તેમને આવતા જોઈને ગઢબોલના અબુઝ અને બીકણ લોકો (તેરાપંથી તથા મંદિર-માર્ગીઓ) ડરના માર્યા આઘાપાછા થઈ ગયા. તેમના મનમાં ફફડાટ પેઠો કે આ યુરોપિયન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવા સાહેબ આવ્યા છે. હવે આપણી શી વલે કરશે ? વકીલે તો આવતાંવેંત ઇંગ્લીશ ભાષામાં બોલવાનું શરૂ કર્યું. લોકોને ધમકાવ્યા. લોકો પણ ડરતાં ડરતાં તેમની પાસે આવ્યા, એટલે તેમણે દેરાસરની ચાવીઓ કોની પાસે છે ? તે જાણીને ચાવીઓ મંગાવી.

દેરાસર ઉઘડાવી, ત્યાંના પંચ્યાને સાથે રાખીને પ્રતિમાજીને ખીલાના ઘા પડયા છે, તે બાબતનો પંચકેસ કરાવ્યો. અને અહીં "તેરાપંથી સાધુઓ ઉતર્યા હતા, તેઓએ ઉપદેશ આપીને પ્રતિમા પર ખીલા મારવાનું આ ઘાતકી કાર્ય કરાવ્યું છે." આ બનાવ નોંધીને તેની પર ત્યાંના લોકોના સાક્ષી-પુરાવા તરીકે સહીસિક્કા લીધા. પછી ત્યાંથી ઉદયપુર જઇને મહારાણા સાહેબ શ્રી ફતેહસિંહજીની કોર્ટમાં કેસ દાખલ કર્યો.

આ કેસનો ફેંસલો આપતાં ના. મહારાણાએ ઓર્ડર કર્યો કે–કોઈ પણ તેરાપંથી શખ્સે મંદિરમાં પ્રવેશ કરવો નહિ. તેરાપંથી સાધુએ મંદિરમાં ઉતરવું નહિ. આ હુકમની વિરુદ્ધ જે વર્તશે તે રાજ્યનો ગુનેગાર ગણાશે અને તેને સખ્ત નશીયત કરવામાં આવશે."

આ ૧૯૬૭ના પરિચયને કારણે એ ગઢબોલના શ્રાવકો પોતાના–મેવાડ પ્રદેશમાં પધારવાની વિનંતિ કરવા પૂજ્યશ્રી પાસે દેસૂરી આવ્યા.

તેમનો અત્યન્ત આગ્રહ થવાથી તથા ગ્લાનમુનિના સ્વાસ્થ્યમાં સુધારો જણાવાથી પૂજ્યશ્રીએ ગ્લાનમુનિ તથા મુનિશ્રી ચંદનવિજયજી મ. આદિને દેસૂરીમાં રાખીને મેવાડ તરફ વિહાર કર્યો.

—*—

# [૩૨]

## મેવાડમાં મૂર્તિમંડન—

દેસૂરીની નાળ ઉપર ચઢતાં પહેલું ગામ ઝીલવાડા હતું. ત્યાં પૂજ્યશ્રી પધાર્યા. અહીંયા ઓસવાળના ૫૦ ઘર હતા, પણ બધાં તેરાપંથી. ગામમાં એક પ્રાચીન જિનાલય હતું, તેની દેખરેખ કોઈ નહોતું રાખતું.

પૂજ્યશ્રી ગામના ઠાકોરસાહેબના દરબારમાં પધાર્યા, અને ત્યાં ઠાકોરસાહેબની અનુજ્ઞા લઈને દરબારગઢના દરવાજાની મેડીએ ઉતર્યા. ઠાકોરસાહેબ પણ પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા, અને પ્રથમ દર્શને જ તેઓ પૂજ્યશ્રીના પરમભક્ત બની ગયા. તેમણે પૂજ્યશ્રીને ઉપદેશ આપવાની વિનંતિ કરી, એટલે પૂજ્યશ્રીએ દરબારગઢમાં વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. દરબારગઢમાં વ્યાખ્યાન શરૂ થવાથી, કેટલાંક તેરાપંથી ગૃહસ્થો કુતૂહલ ખાતર સાંભળવા આવ્યા.

મેઘ–ગર્જના શી ગંભીર વાણીએ પૂજ્યશ્રીએ દેશનામાં ફરમાવ્યું કે: "મૂર્તિપૂજા એ જ સાચો માર્ગ છે. કારણ કે–મૂર્તિ એ ભગવાનનું સ્મરણ કરાવવામાં પ્રબળ કારણ છે. કોઈ કહેતાં હોય કે– 'ભગવાન્ તો અરૂપી છે, તેમના સ્મરણ–ધ્યાન માટે પૌદ્‌ગલિક વસ્તુનું અવલંબન અયોગ્ય છે.' તો તે વીતરાગદેવની અમોઘ વાણીસ્વરૂપ આગમોને પણ કેમ માની શકે ? કારણ કે જિનાગમ પણ ભગવાનના સ્મરણ ધ્યાન માટે છે, અને તે શબ્દરૂપ હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૌદ્ગલિક છે. છતાં તેઓ જો તે શબ્દરૂપ આગમને માનતા હોય, તો તેઓએ મૂર્તિ પણ માનવી જોઈએ."

આવી અનેક યુક્તિ–પ્રયુક્તિઓ તથા આગમોના સાક્ષિપાઠપુરઃસર પૂજ્યશ્રીએ સભા સમક્ષ મૂર્તિપૂજાની સાચવટ પૂરવાર કરી બતાવી. એ અસરકારક ઉપદેશને પરિણામે અસલ મૂર્તિપૂજક પણ પાછળથી તેરાપંથી બનેલા ઓસવાળ ભાઈઓ સાચું તત્ત્વ સમજ્યા, અને તેઓએ પૂજ્યશ્રી પાસે પુનઃ મૂર્તિપૂજક બનવાની પોતાની શુદ્ધ ભાવના વ્યક્ત કરી. પૂજ્યશ્રીએ પણ તેમની ભાવના જાણીને તેમને વાસક્ષેપ કરવાપૂર્વક પુનઃ મૂર્તિપૂજારૂપ સત્યમાર્ગગામી તરીકેના આશીર્વાદ આપ્યા.

પૂજ્યશ્રીની ત્યાં ત્રણેક દિવસની સ્થિરતા અને પ્રતિદિન અપાતાં અસરકારક વ્યાખ્યાનોથી આખાયે ગામનું વાતાવરણ જાણે ફરી ગયું. ગામના ૫૦ તેરાપંથી–ઘરમાંથી ૪૬ ઘર મન્દિર-માર્ગી બન્યા, અને બાકી રહ્યા ફક્ત ચાર. તેઓ પોતાના દુરાગ્રહમાં મજબૂત રહ્યા. ઠાકોર સાહેબ તો પૂજ્યશ્રીના પરમ અનુરાગી થઈ ગયા.

મેવાડમાં પૂજ્યશ્રીએ આદરેલા સત્યમાર્ગના સંદેશ–પ્રસારણનું આ મંગલાચરણ હતું. 'પુણ્યશાળીને પગલે નિધાન'–એમ પૂજ્યશ્રી જ્યાં પધારે, ત્યાં સફળતાનો જ નિવાસ હોય.

ચોથે દિવસે દેસૂરીથી મુનિશ્રી જીતવિજયજીની તબીયત એકદમ ગંભીર છે, એવા સમાચાર આવતાં જ પૂજ્યશ્રી વિહાર કરીને દેસૂરી પધાર્યા. ચાંપતા ઉપચારો શરૂ કરાવ્યા, પણ મુનિશ્રીની તબીયત સારી ન થઈ. આયુષ્યની સમાપ્તિ થવાથી તેઓ કાળધર્મ પામ્યા. તેમની આરાધનાની અનુમોદનાર્થે શ્રીસંઘે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો.

ત્યારપછી પૂજ્યશ્રીએ પુનઃ મેવાડ તરફ વિહાર કર્યો. સોમેશ્વરની નાળના વિકટ રસ્તે થઈને તેઓશ્રી સોમેશ્વર પધાર્યા. સોમેશ્વર–એ હિંદુઓનું તીર્થધામ હતું. ત્યાંથી રૂપનગર પધાર્યા. તે પણ વૈષ્ણવોનું ધામ હતું. ત્યાં વસતા તેરાપંથીઓને પ્રતિબોધ આપીને શુદ્ધ સંવેગી અને મૂર્તિપૂજક બનાવ્યા. ત્યાંથી લાંબિયા પધાર્યા. અહીંના તેરાપંથીઓ બહુ કટ્ટર હતા. તેઓ પોતાના સાધુ સિવાય કોઈ પણ સાધુને આહારપાણી વહોરાવવામાં સમકિતનો નાશ માનતા.

આ બધાં ગામોમાં ઘણીવાર એવું બનતું કે–વહોરવા જાય તો તેરાપંથીઓ આહારાદિ સચિત્ત–અસૂઝતું કરી દેતા. આવું દરેક ઘરે બનવાથી પૂજ્યશ્રી સપરિવારને કેટલીકવાર ઉપવાસ પણ થતા. કોઈ કોઈ વાર ચાલુ વિહારમાં સાધુઓને છઠ્ઠ તપ પણ થતો. ઉતરવાના સ્થાનોની અગવડ તો ઠેર ઠેર પડતી. પણ એ બધાંથી ડરે કે હારે એ પૂજ્યશ્રી નહિ. તેઓ તો ધર્મપ્રભાવની શુદ્ધ ભાવનાથી તે તરફ પધારેલા. તેમાં ગમે તે અંતરાય કે પરિષહ સહન કરવા પડે તે માટે તેઓશ્રી તૈયાર જ હતા. તેઓશ્રીએ આ લાંબિયા ગામમાં ચારેક દિવસ સ્થિરતા કરીને પ્રતિદિન ત્રણવાર વ્યાખ્યાન આપવું શરૂ કર્યું. કટ્ટર તેરાપંથીઓ કુતૂહલ કે મશ્કરીની દૃષ્ટિથી વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. પણ પૂજ્યશ્રીના સચોટ ઉપદેશની તેઓ પર જાદુઈ અસર પડી. કુતૂહલ અને મશ્કરીના ભાવો શમી ગયા. તેમનો હૈયાપલટો થઈ ગયો,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ચાર દિવસમાં તો ગામના મોટા ભાગના તેરાપંથી કુટુંબોએ શુદ્ધ મૂર્તિપૂજકપણું અંગીકાર કરી લીધું. તેમના હૈયામાં પોતાના પૂર્વના આચાર-વિચારો માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. બે-ચાર ઘર કે જે અત્યંત કદાગ્રહી હતા, તે બાકી રહ્યા. બાકી સર્વ લોકો મૂર્તિ-પૂજક બની ગયા. 'આવ્યા હતા લડવા, ને બેસી ગયા પૂજવા' જેવું થયું.

ત્યાંથી પૂજ્યશ્રી સાંખિયા પધાર્યા. અહીંયા પોરવાલ જ્ઞાતીય મંદિરમાર્ગીના ઘર હતા. ચારેક તેરાપંથીના ઘર પણ હતા. તેઓ પૂજ્યશ્રીના ઉપદેશથી મંદિરમાર્ગી બની ગયા. એટલે એ ગામમાં એક પણ તેરાપંથી રહેવા પામ્યો નહીં.

સાંખિયાથી લીંબોળી પધાર્યા. ત્યાં પણ તે જ રીતે તેરાપંથીઓને મૂર્તિપૂજક બનાવ્યા. ત્યાંથી ગઢબોલ પધાર્યા. ગઢબોલ એ મેવાડનું હિંદુતીર્થ-'ચારભુજા' તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં મંદિરમાર્ગી પાંચ, અને તે સિવાય તેરાપંથીઓના ઘણા ઘર હતા. વળી-આ વખતે અહીં તેરાપંથીની સાતેક આર્યાઓ આવી હતી. તે આર્યાઓ દરરોજ વ્યાખ્યાન વાંચતી હતી

ગામના રાજ્યાધિકારીઓએ તથા પંડયાઓએ પૂજ્યશ્રીનું વ્યાખ્યાન એ આર્યાઓના સ્થાનની સામે આવેલા વિશાળ સ્થાનમાં ગોઠવેલું. પૂજ્યશ્રીએ ત્યાં પધારી સેંકડોની મેદની વચ્ચે વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો. એ જોઈને પેલાં સાતેય આર્યાઓએ પોતાના સ્થાનમાં એકી સાથે વ્યાખ્યાન શરૂ કર્યું. તેમના મનમાં એમ કે-આમ કરવાથી મહારાજજીનું વ્યાખ્યાન કોઈ સાંભળી ન શકે.

પણ-પૂજ્યશ્રીની સિંહગર્જના આગળ તેમનું કેટલું જોર ચાલે? દસેક મિનિટ થતાં તો તે આર્યાઓને પોતાનું વ્યાખ્યાન બંધ કરવું પડ્યું. અને એથી તેઓ લોકમાં હાંસીપાત્ર ઠર્યાં.

અહીં પણ પૂજ્યશ્રીએ કટ્ટર તેરાપંથીઓને મંદિરમાર્ગી બનાવ્યા. પછી વિહાર કરી રિચડગામે પધાર્યા. અહીંના થાણદાર સાહેબ પ્રથમ દર્શને જ પૂજ્યશ્રીના અનુરાગી બન્યા. તેઓ હંમેશાં વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. અહીં લગભગ ૧૫૦ ઘર તેરાપંથીઓના હતા. તેઓમાં આગેવાન-પૈસાદાર અને કટ્ટર એક ગુલાબચંદજી નામે ગૃહસ્થ હતા. પૂજ્યશ્રી તો અહીં પણ ૩ વાર વ્યાખ્યાન ફરમાવતા. થાણદાર સમયસર હાજર રહેતા. ગુલાબચંદજી વિ. તેરાપંથીઓ પણ સાંભળવા આવતા.

બે-ત્રણ દિવસ પછી ગુલાબચંદજીએ પૂજ્યશ્રી પાસે શાસ્ત્રાર્થની વાત મૂકી. થાણદાર ત્યાં હાજર હતા. ગુલાબચંદજીએ કહ્યું: અમારા આચાર્યશ્રી કાળુરામજી મહારાજ શાસ્ત્રાર્થ કરવા માટે અહીં આવશે.

પૂજ્યશ્રીએ થાણદારને સાક્ષીમાં રાખીને શાસ્ત્રાર્થની હા કહી, અને તેનો દિવસ નક્કી કર્યો. તે વખતે ગુલાબચંદજીએ કહ્યું : સાહેબ ! શાસ્ત્રાર્થમાં છાપેલા પુસ્તકનો ઉપયોગ નહિ થાય, હસ્તલિખિતનો જ થશે.

પણ પૂજ્યશ્રી એ વાત જાણતા જ હતા. ગુલાબચંદજી કાળુરામજી મ.ને લાવવા માટે વિદાય થયા. આ બાજુ પૂજ્યશ્રીએ સ્થાનકવાસીઓ જોડે શાસ્ત્રાર્થ કરવા માટે હસ્તલિખિત પુસ્તકો વરકાણાજી મંગાવેલા. ત્યાંથી તે સાદડી લઈ જવાયેલા. તે પુસ્તકો પૂજ્યશ્રીની સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેતા શ્રીનારાયણ સુંદરજી રાતોરાત સોમેશ્વરની નાળના રસ્તે ઉંટ દ્વારા સાદડી જઈને પાછાં તે જ રસ્તે ઉંટ દ્વારા રિયડ લઈ આવ્યા.

મુકર્રર થયેલા દિવસ ઉપર પણ બે દિવસ વીતી ગયા, પણ પેલા–ગુલાબચંદજી તો ઉપાશ્રયે ડોકાયા જ નહિ. પૂજ્યશ્રીએ થાણદારને કહ્યું : જુઓ, હજી સુધી કોઈ સમાચાર આપવા પણ નથી આવ્યું. આથી થાણદારે ગુલાબચંદને બોલાવી મંગાવ્યા.

હવે બનેલું એવું કે– શ્રીકાળુરામજી મ. પૂજ્યશ્રીની સર્વતોમુખી પ્રતિભાથી વાકેફ હતા. એટલે તેઓ આવી વાતથી દૂર રહેવા ઇચ્છતા હતા. જ્યારે ગુલાબચંદજીએ તેમની પાસે જઇને શાસ્ત્રાર્થની વાત જણાવી, ત્યારે તેઓએ તેમને ધમકાવ્યા કે : વગર પૂછયે આવું ડહાપણ કરવાનું તમને કોણે કહ્યું ? જાવ, હું શાસ્ત્રાર્થ માટે નથી આવવાનો.

એટલે ગુલાબચંદજી કયે મોઢે ઉપાશ્રયે આવે ? પણ જ્યારે થાણદારે બોલાવ્યા, ત્યારે તેઓ આવ્યા. વ્યાખ્યાનનો સમય હોવાથી ૫૦૦ જેટલી મેદની એકત્ર થયેલી. થાણદારે શાસ્ત્રાર્થ બાબતમાં પૂછતાં તેમણે કહ્યું કે : અમારા આચાર્યજીને તાવ આવે છે, એટલે વિહાર કરીને અહીં નહિ આવી શકે.

ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : જુઓ થાણદાર ! આ આમ કહે છે. જે હોય તે ખરૂં, પણ હવે શું કરવું છે ? તે કહો.

જવાબમાં ગુલાબચંદજી કહે : "સાહેબ ! અમારા 'આર્યા'ને શાસ્ત્રાર્થ માટે લાવીએ તો કેમ ?" તેમની ધારણા હતી કે – મહારાજજી ધરાર ના જ ભણશે.

પણ પૂજ્યશ્રીએ કહ્યું : "આર્યા–તુરીયા–ચીભડા–સબ લાઓ. જો લાના હો સો લાઓ. આર્યાકો લાવેગા તો ભી હમ તૈયાર હૈ" અને પછી થાણદારને ઉદ્દેશીને કહ્યું : "આ બે દિવસમાં આર્યાને અહીં લાવવાનું અને તેની જોડે શાસ્ત્રાર્થ કરવાનું અમને કહે છે. અમે એ માટે તૈયાર જ છીએ. જોકે હજુ સુધી મારી જિંદગીમાં મારે કોઇ દિવસ સ્ત્રી સાથે બોલવાનો પ્રસંગ આવ્યો નથી, અને આવશે પણ નહિ. પણ આ પ્રસંગ એવો છે કે જેમાં મારે સ્ત્રી સાથે બોલવું પડશે."

પછી સૌ સમક્ષ નક્કી કરીને ગુલાબચંદજી ગયા, એમના મોટા આર્યાજી જે ગામમાં હતા ત્યાં. બધી વાત કરી. તો આર્યાજીએ તો તેમનો ઉધડો જ લઈ નાખ્યો કે : "તમને આવું કરવાનો અધિકાર કોણે આપ્યો ? હું શાસ્ત્રાર્થ કરવા આવવાની નથી" આ એ જ આર્યાજી હતા કે-જેઓ ગઢબોલમાં પૂજ્યશ્રીની સામે વ્યાખ્યાન કરવા બેઠેલા. તેઓ તે જ વખતે સમજી ગયેલા કે – આ મહારાજજી પાસે આપણું કોઈનુંય ગજું નથી.

ગુલાબચંદજી વીલે મોઢે પાછા આવ્યા. પણ ઉપાશ્રયે ન ગયા. પૂર્વની જેમ ઠરાવેલા દિવસને બે દિવસ વીત્યા, તોય કોઈ સમાચાર ન મળવાથી પૂજ્યશ્રીએ થાણદારને બોલાવીને કહ્યું : આ લોકો કેવા જુઠ્ઠા છે ? શાસ્ત્રાર્થની ઠાલી વાતો કરીને ફકત અમને હેરાન જ કરે છે.

આ સાંભળીને થાણદારે ગુલાબચંદજીને બોલાવ્યા. આ વખતે ઉપાશ્રય માનવ–સમૂહથી ચિક્કાર હતો ગુલાબચંદજી આવતાં જ પૂજ્યશ્રીએ પ્રશ્ન કર્યો : કેમ, શું જવાબ લાવ્યા ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુલાબચંદજી બોલ્યા : સાહેબ ! અમારા આચાર્ય કે આર્યા અહીં નહિ આવે. જો મંદિરમાર્ગી સાથે વાત કરીએ તો અમારૂં સમકિત જાય.

આવો જવાબ સાંભળીને પૂજ્યશ્રીએ બુલંદ સ્વરે કહ્યું : "સમકિત હોય તો તે જાય ને ! પણ તમે અત્યાર સુધી આવી વાતો કરીને આમતેમ દોડધામ કરતા હતા, ત્યારે તમારૂં સમકિત કયાં મૂકી આવ્યા હતા ?" પછી તેઓશ્રીએ ત્યાં થાણુદારને કહ્યું : "જુઓ થાણુદાર ! આ લોકો કેવાં જુઠ્ઠાં છે ? કારણકે તેઓનો મત જ અસત્ છે. સાચો માર્ગ તો મૂર્તિપૂજાનો જ છે." આમ કહીને પૂજ્યશ્રીએ ત્યાં મૂર્તિપૂજાનો સચોટ ઉપદેશ ફરમાવ્યો અને છેવટે કહ્યું, "જેને મૂર્તિપૂજાનો સાચો માર્ગ સ્વીકારવો હોય તે, આવો અહીં અમારી પાસે, અને વાસક્ષેપ નખાવીને સમ્યક્ત્વ ઉચ્ચારી લો."

પૂજ્યશ્રીની આ પ્રેરણા થતાં તે જ વખતે સારાસારનો વિવેક સમજનારા ગૃહસ્થો એક પછી એક આવવા લાગ્યા. પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે વાસક્ષેપ નખાવીને સમ્યક્ત્વ ઉચ્ચરવા લાગ્યા. જોતજોતામાં તો ૬૦ ઘર મંદિરમાર્ગી બની ગયા. પૂજ્યશ્રીએ તેમને ઉપદેશ આપતાં ફરમાવ્યું : "તમારો સાચો ધર્મ તો મૂર્તિપૂજાનો જ છે. એના પુરાવા તરીકે અત્યારે પણ તમારા પ્રદેશના એકેએક ગામમાં પરમાત્માનું દેરાસર છે.

મેવાડના મંત્રીશ્વર ભામાશાહે મહારાણા પ્રતાપને અણીની વેળાએ મદદ કરી હતી. તેના બદલારૂપે કંઇક માગણી કરવાની વાત મહારાણાએ કરતાં ભામાશાહે માગણી કરી કે : 'મેવાડનું કોઇ પણ ગામ એવું ન રહેવું જોઇએ કે જ્યાં જિનમંદિર ન હોય. અને કોઇ પણ ગામની નીંવ (પાયો) નખાય-(નવું ગામ વસાવાય), ત્યારે ત્યાં સૌ પ્રથમ શ્રી ઋષભદેવના દેરાસરનો પાયો નખાય, પછી જ બીજાં કામ થાય."

આ માગણીનો મહારાણાએ સ્વીકાર કરીને, તેને અંગે યોગ્ય હુકમો પણ બહાર પાડેલા. તેના પુરાવા તરીકે અત્યારે પણ તે વખતના શિલાલેખો મોજુદ છે."

આ પ્રમાણે સત્યમાર્ગદર્શક ઉપદેશ મળવાથી ગામના ૧૪૫ ઘર ચુસ્ત મંદિરમાર્ગી બની ગયા. ફક્ત પાંચ સાત ઘર જ બાકી રહ્યા.

(રચડથી પૂજ્યશ્રી મજેરા પધાર્યા. ત્યાં તેરાપંથીઓને પ્રતિબોધ આપીને સાચા રાહે ચઢાવ્યા. ત્યાંથી કેલવાડા પધાર્યા. અહીંયા પણ તેરાપંથીઓને મૂતિપૂજક બનાવ્યા. આ રીત મેવાડના નાના-મોટા અનેક ગામોમાં વિચરીને, વિવિધ પરીષહો સહીને પૂજ્યશ્રીએ લગભગ ૭૦૦ તેરાપંથી-કુટુંબોને મંદિરમાર્ગી બનાવ્યા-મૂર્તિપૂજાના સાચા માર્ગે ચડાવ્યા. આથી એ પ્રદેશમાં તેઓશ્રી તેરાપંથી-ઉદ્ધારક તરીકે વિખ્યાત થયા.

તેઓશ્રીની આવી ખ્યાતિ થવાથી ગઢબોલના એક તેરાપંથીએ પોતાના આ. શ્રી કાળુરામજી મ. ને તીર્થંકર તરીકે નવાજીને પત્ર[1] લખ્યો કે "થોડાંક બોગસ તેરાપંથીઓને જ મૂર્તિપૂજક બનાવી દેવામાં આવ્યા છે. વિ.

૧ આ પત્ર આજે પણ ત્યાંના શ્રાવક પાસે સંરક્ષિત છે. પત્ર લેખકના અવસાન પછી તેના પુત્રાદિ સાથે પુનઃ વ્યવહાર ચાલુ કરાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુદરતનું કરવું તે આ પત્ર મંદિરમાર્ગી ગૃહસ્થના હાથમાં આવી ગયો. તે વાંચીને ગઢબોલ તથા બાજુના ગામવાળા મૂ. પૂ. શ્રાવકોએ ભેગાં થઈ, તે પત્ર લખનાર તેરાપંથી પાસે આવો પત્ર લખ્યાની કબૂલાત કરાવીને તેને જ્ઞાતિબહાર મૂક્યો.

પૂજ્યશ્રીના આ પ્રદેશમાં પધારવા પૂર્વે આ. શ્રીવિજયવલ્લભસૂરિજી મ. તથા કાશીવાળા આ. શ્રી વિજયધર્મસૂરિજી મ. ના શિષ્ય મુનિશ્રીવિદ્યાવિજયજી મ. આદિ મુનિવરો આ પ્રદેશમાં આવેલા, ત્યારે તેમને આહાર-પાણીની તકલીફ તો ઘણી પડતી જ, પણ કેટલેક ઠેકાણે તો મુસલમાનની મસ્જીદમાં ઉતરવું પડેલું. એટલે આ પ્રદેશને તેઓ સાધુઓના વિહાર માટે અયોગ્ય લેખતા હતા.

પણ સં. ૧૯૭૬માં શિવગંજથી કેસરીયાજીનો સંઘ લઇને વિહરતા વિહરતા આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ. આ પ્રદેશમાં આવ્યા, ત્યારે ત્યાંના શ્રાવકોમાં આવું અજબ પરિવર્તન થયેલું જોઈને તેઓ ખૂબ આશ્ચર્ય પામ્યા. જ્યારે તેમણે જાણ્યું કે : પૂ. શાસન સમ્રાટ-શ્રીનો આ બધો પ્રતાપ છે, ત્યારે તેઓએ કહ્યું કે :—

**पूज्य आचार्य महाराज श्रीविजयनेमिसूरीश्वरजी महाराज के पहले मैं जब मेवाड़प्रदेशमें आया था, तब एक भी श्वेतांबर मूर्तिपूजक श्रावक का घर इस प्रदेशमें नहीं था. और आज सैंकडो घर संवेगी बन चुके हैं, और साधु-साध्वी की भक्ति कर रहे हैं, सो पूज्य आचार्य श्रीविजयनेमिसूरीश्वरजी महाराज का प्रभाव है। उनका प्रभावको दिखलाने का प्रयत्न करना सो सूर्यको अंगुली से दिखाने बराबर है।"**

આ ઉપરથી જણાય છે કે –પૂજ્યશ્રીએ તેરાપંથીઓનો ઉદ્ધાર કરીને કેવી અસામાન્ય શાસન-પ્રભાવના કરી હતી ?

કેલવાડાથી આગળ વધવાની અને વિચરવાની પૂજ્યશ્રીની ભાવના હતી. પરંતુ સાદડીના શ્રીસંઘને લાગ્યું કે પૂ. મહારાજજી આ રીતે વિહાર કરતાં આગળ જશે તો ઉદયપુર વગેરે મોટાં શહેરોવાળા તેઓશ્રીના ચાતુર્માસાદિનો લાભ લઇ લેશે. આપણે એ લાભથી વંચિત રહીશું. આવા વિચારથી સાદડી-સંઘના આગેવાનો તથા આ. ક. પેઢીના મુનીમશ્રી ભાઇચંદ-ભાઇ પદમશી વિ. કેલવાડા આવ્યા. તેમણે પૂજ્યશ્રીને સાદડી પધારવા માટે આગ્રહપૂર્ણ વિનંતિ કરી. તેથી પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ એ સ્વીકારી અને તેઓશ્રી કેલવાડાથી કોમળ-ગઢ ઉપર ચડયા.

આ કોમળ ગઢના નવ ગઢ હતા. એ નવ કિલ્લા ઓળંગીએ પછી રાજમહેલ આવે એવી ગોઠવણી કરવામાં આવેલી. અહીં પૂર્વે ૩૬૦ જિનાલયો હતા. જૈનેતરોના મંદિરો પણ ઘણા હતા. કહે છે કે-સંધ્યા સમયની આરતી ઉતરતી, ત્યારે ૯૯૯ ઝાલરોનો રણકાર એકી સાથે થતો, એને લીધે કોમળગઢનું વાતાવરણ પવિત્રતાથી મહેકી ઉઠતું.

અચળગઢમાં જે પિત્તળના ચૌમુખજી ભગવાન- ૧૪૪૪ મણ વજનના કહેવાય છે, તે પ્રતિમાઓ મૂળ આ કોમળગઢના છે. અહીંયા એક ભવ્ય જિનાલયમાં એ ચૌમુખજી બિરાજતા હતા. પણ જ્યારે એ કિલ્લો તથા શહેર મુસ્લિમોના કબ્જે પડ્યા, ત્યારે આપણા બાહોશ શ્રાવકોએ દીર્ઘદૃષ્ટિ વાપરીને પ્રતિમાજી પર્વતમાર્ગે અચળગઢ પર પહોંચાડી દીધા. (જે અત્યારે પણ અચળગઢમાં બિરાજમાન છે.) પિત્તળિયાજીના મંદિર તરીકે પ્રસિદ્ધ એ પ્રભુજીનું મંદિર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે પણ (પૂ.શ્રી કોમળગઢ ગયા ત્યારે) કોમળગઢમાં વિદ્યમાન છે. આ સિવાય બીજાં પણ ૪૦-૫૦ જિનમંદિરો ખંડિયેર હાલતમાં ત્યાં છે. તેમાં સેંકડો પ્રતિમાઓ ખંડિત સ્થિતિમાં પડયા હતા. એક દેરાસરમાં ઢીંચણના ભાગમાં ખંડિત શ્રીઆદિનાથ પ્રભુની એક મોટી પ્રતિમા હતી. તે મંદિરમાં ઢેઢ જાતિનો એક માણસ રહેતો હતો. એ જોઇને પૂજ્યશ્રીએ શ્રાવકો દ્વારા તે માણસને ત્યાંથી અન્યત્ર રહેવાની ગોઠવણ કરાવી આપી.

આ બધાં દેરાસરો-ગઢ, વિ.નું નિરીક્ષણ કરીને પૂજ્યશ્રી મૂછાળા મહાવીરજી જવા માટે નીચે ઉતર્યા. નીચે ઉતરવાની કેડી એટલી સાંકડી અને વિકટ હતી કે-ચાલતાં ચાલતાં સ્હેજ પણ શરતચૂક થાય, તો મુશ્કેલીનો પાર ન રહે. એવા વિકટ રસ્તે મૂછાળા મહાવીરજી પધાર્યા, ત્યાં યાત્રા કરીને ઘાણેરાવ પધાર્યા. ૧।। માસ સ્થિરતા કરી. ત્યારબાદ પૂજ્યશ્રી સાદડી પધાર્યા. ત્યાંથી સંઘસમેત રાણકપુરજી યાત્રાર્થે પધાર્યા. ત્યાં દેરાસરમાં રહેલા તમામ ભોંયરાઓનું નિરીક્ષણ તેઓશ્રીએ કર્યું. તેમાં રહેલા પ્રતિમાજીના દર્શન કર્યા. ભોંયરામાં ઘણા સમયથી પ્રતિમાઓ હતી, એટલે તેને લૂણો લાગી ગયેલો, તે જોઇને પૂજ્યશ્રીના મનમાં એ બધા પ્રતિમાઓને ભોંયરામાંથી બહાર કાઢાવીને દેરીઓમાં પધરાવી દેવાનો વિચાર આવ્યો. પણ તે વખતે દેરીઓ જીર્ણ-શીર્ણ દશામાં હોવાથી તત્કાલ તેમ બનવું અશક્ય લાગ્યું. પણ રાણકપુરજીના ઉદ્ધારનું બીજ આ વખતે તેઓશ્રીના મનમાં પડયું.

પછી સાદડી પધાર્યા, અને સં. ૧૯૭૨નું ચાતુર્માસ તેઓશ્રી સાદડીમાં બિરાજ્યા. પં. શ્રી પ્રેમવિજયજી મ. તથા પં. શ્રી સુમતિવિજયજી મ. આદિ ટીંટોઈ ચાતુર્માસાર્થે પૂજ્યશ્રીની આજ્ઞાથી ગયા.

—*—

## [૩૭]

## જેસલમેર જુહારીએ

ચાતુર્માસ પૂર્વે બોટાદના વતની બગડીયા લવજીભાઇ જીવણલાલ નામના ગૃહસ્થને પૂજ્યશ્રીએ દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી લાવણ્યવિજયજી રાખીને પોતાના શિષ્ય કર્યા.

અહીં મુનિશ્રી વિજ્ઞાનવિજયજી મ. ને શ્રીભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો. બીજા મુનિવરોને પણ અન્યાન્ય સૂત્રોના યોગ વહાવ્યા.

ચાતુર્માસ પૂર્ણ થવાની તૈયારી હતી, ત્યારે ઘાણેરાવના શ્રીસંઘે આવીને પૂજ્યશ્રીને વિનંતિ કરી કે: કૃપાળુ ! આપે ચાતુર્માસ તો અહીં કર્યું. બધો લાભ સાદડીવાળાને આપ્યો. હવે અમને પણ કાંઇક લાભ તો અવશ્ય મળવો જ જોઈએ.

તેમનો આગ્રહ જોઇને પૂજ્યશ્રીએ મુનિશ્રી વિજ્ઞાનવિજયજીને ઘાણેરાવમાં ગણિ-પંન્યાસ પદ આપવાનો ક્ષેત્રસ્પર્શનાએ નિર્ણય કર્યો. આ વાતની સાદડી-સંઘને જાણ થતાં તેઓએ એ મહોત્સવ સાદડીમાં કરવા માટે ઘણો આગ્રહ કર્યો. પણ ઘાણેરાવના સંઘને આદેશ અપાઈ ગયો હોવાથી તેમાં ફેરફાર કરવાની પૂજ્યશ્રીએ ના ફરમાવી.

ત્યારે સાદડીના સંઘે વિનંતિ કરી કે : સાહેબ ! ગણિ-પંન્યાસપદ – મહોત્સવ ભલે ઘાણેરાવમાં થાય, પણ અમને ય કાંઇક લાભ તો મળવો જ જોઈએ. અહીં પણ કાંઇક મહોત્સવનો પ્રસંગ યોજાવો જ જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી પૂજ્યશ્રીએ પં. શ્રી પ્રેમવિજયજી ગણિવરાદિ ૪ પંન્યાસવર્યોને સાદડીમાં ઉપાધ્યાય પદવી આપવાનો નિર્ણય કર્યો. શ્રીસંઘના આનંદોત્સાહનો અવધિ ન રહ્યો.

ચોમાસા બાદ સં. ૧૯૭૩માં પૂજ્યશ્રી સાદડીથી ઘાણેરાવ પધાર્યા. ત્યાં મુનિરાજશ્રી વિજ્ઞાનવિજયજી મ. ને કા. વ. ૬ના રોજ ગણીપદ તથા કા. વ. ૧૨ ના રોજ પંન્યાસપદ અર્પણ કર્યા. એ નિમિત્તનો મહોત્સવ શ્રી મૂળચંદજી જાવંતરાજજી ખીચીયા તરફથી ઘણા જ ઠાઠમાઠપૂર્વક ઉજવાયો. બીજા ગૃહસ્થો તરફથી પણ તેમાં નવકારશી-પ્રભાવના વગેરે થયા.

ઘાણેરાવથી પૂજ્યશ્રી શ્રીમૂછાળા મહાવીરજી યાત્રાર્થે પધાર્યા. અહીંયા મોટો મેળો હતો. અને એ મેળામાં એક શ્રાવકવર્યે ગોલવાડના બાવન ગામોને નિમંત્રણ કરીને બોલાવ્યા હતા. મેળો થયા પછી પુનઃ ઘાણેરાવ થઇને સાદડી પધાર્યા. પં. શ્રી પ્રેમવિજયજી મ. આદિ મુનિવરો પણ ટીંટોઇથી વિહાર કરીને સાદડી આવી ગયા.

મંગલ મુહૂર્તે-મંગલ દિવસે અઠ્ઠાઇ મહોત્સવ અને ધામધૂમપૂર્વક-પંન્યાસશ્રી પ્રેમવિજયજી ગણી, પં. શ્રી સુમતિવિજયજી ગણી, પં. શ્રી દર્શનવિજયજી ગણી, તથા પં. શ્રી ઉદયવિજયજી ગણી, એ ચાર પંન્યાસ મુનિવરોને પૂજ્યશ્રીએ ઉપાધ્યાય પદારૂઢ કર્યા. સાદડીના સકલ સંઘનો તથા આ પ્રસંગે અમદાવાદ, ખંભાત, ભાવનગર, બોટાદ વિ. અનેક ગામોના આવેલા પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોનો ઉલ્લાસ અપાર હતો.

તીર્થોના ઉદ્ધાર અને તીર્થોની રક્ષાને જ નિજ-જીવનનું મુખ્ય ધ્યેય ગણનારા પૂજ્યશ્રીના મનમાં-તેઓશ્રી કોઈ પણ કાર્ય કરતા હોય, પણ અહર્નિશ તીર્થોદ્ધારની ભાવના અને ઉત્કંઠા તો રહેતી જ. એ ભાવના-પ્રેરિત ઉપદેશદાનના પ્રભાવે આ પદવી પ્રસંગે અમદાવાદ-દોશીવાડાની પોળ-ઇંદ્રકોટમાં રહેતા ઝવેરી મોહનલાલ ગોકળદાસના સુપુત્ર શ્રી કેશવલાલભાઇએ શ્રી રાણકપુરજી મહાતીર્થના જીર્ણોદ્ધાર માટે રૂ. વીશ હજાર આપવાનો નિર્ણય કર્યો. શિવગંજવાળા શા. મૂળચંદજી ખીચીયા તથા મૂળ ડોડવા-ગામના, પણ કાલિન્દ્રી ગામમાં રહેતા શા. ધૂલાચંદજીને ઉપદેશ આપતાં તેમણે રાણકપુરજીની દેરીઓ કરાવવા માટે સારી રકમ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આપી.

સાદડીના ચોમાસા દરમ્યાન શિરોહી સ્ટેટના પાલડીગામના વતની શા. અમીચંદજી તથા શા. ગુલાબચંદજી એ બે ભાઈઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. તેમની ભાવના પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધગિરિજીનો છ 'રી' પાળતો સંઘ કાઢવાની હતી. એ માટે વિનંતિ કરવા તેઓ આવેલા. પણ પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે: "અમો હજી બે વર્ષ થયા ગુજરાતથી આ તરફ આવ્યા છીએ, અને હજી મારવાડ-મેવાડમાં વિચરવાની ભાવના છે. પણ હમણાં ગુજરાત તરફ જવાની ભાવના નથી. જો તમારે અમારી નિશ્રામાં સંઘ કાઢવો હોય, તો જેસલમેરનો સંઘ કાઢો, તો અમારે પણ યાત્રા થાય."

પૂજ્યશ્રીનું આ વચન તરત જ એ બન્ને ભાઈઓએ ઝીલી લીધું-વધાવી લીધું અને તે જ વખતે જેસલમેરનો સંઘ કાઢવાનો નિર્ણય કર્યો. પ્રયાણનું મુહૂર્ત પણ પૂજ્યશ્રી પાસે નિર્ણીત કરી લીધું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ–તેઓની ભાવના શ્રીસિદ્ધિગિરિરાજની યાત્રા કરવાની હતી, અને તે આ વર્ષે નહિ થઈ શકે, એટલે તેમણે ગિરિરાજના ભંડાર ખાતે રૂ. ૫૦૦૧ શેઠ આ. ક. પેઢીને મોકલી આપ્યા.

કેવી ઉદાત્ત ભાવના ! આપોઆપ આપણા મુખમાંથી ધન્યવાદના શબ્દો સરી પડે.

ત્યારપછી પૂજ્યશ્રી સાદડીથી વિહાર કરીને મોઢેરા–વાલી–સેવાડી–વીજાપુર–રાતા મહાવીરજી–બેડા–નાણા–નાંદીયા–નાની મોટી પંચતીર્થી વિ.ની યાત્રા કરતા કરતા પાલડી પધાર્યા. શ્રી અમીચંદજી–ગુલાબચંદજીએ સંઘની સર્વ તૈયારીઓ કરી રાખી હતી.

આ બન્ને ભાઇઓ તરફથી પાલડીમાં એક સદાવ્રત ચાલતું હતું. એમાં નાત–જાતના ભેદ વિના સૌ કોઇને અન્ન–આદિની સહાય કરવામાં આવતી હતી.

એક શુભ દિવસે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં છ'રી' પાળતા શ્રીસંઘે તીર્થયાત્રા માટે પ્રયાણ કર્યું. ભેવ–જોગાપરા–વા. પાલડી- કોરટાજી થઈને સંઘ શિવગંજ પહોંચ્યો.

ત્યાં મુનિશ્રી જયવિજયજી મ. નું સ્વાસ્થ્ય એકાએક બગડ્યું. તે દિવસે તેઓએ ઉપવાસ કરેલો. દેરાસરે દર્શન કરીને ઉપાશ્રયે આવતાં જ ચકરી આવી. અને ત્યારપછી થોડીવારમાં જ તેઓ શુભધ્યાન અને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમના અંતિમ સંસ્કાર આદિ વિધિ થયા બાદ શ્રીસંઘ સાંઢેરા-પાલી–જોધપુર–તિવરી–મંડોર–ઓસિયા–લોહાવટ વિ. ગામોમાં થઈને ફ્લોધી આવ્યો. ગામોગામ શ્રીસંઘના ભવ્ય સ્વાગત થતા હતા.

ફ્લોધી સંઘમાં બે પક્ષો હતા. એક બાજુ ગુલેચ્છા ભાઈઓ અને બીજી બાજુ આખો સંઘ. ગુલેચ્છાઓ જ્ઞાતિબહાર કરાયા હતા, તેથી આ પક્ષ પડેલા. આ કલહને શમાવવા માટે પં. શ્રી હર્ષમુનિજી મ., રાધનપુરવાળા શ્રી વીરવિજયજી ગણી, ઉકેશગચ્છીય મુનિશ્રી જ્ઞાનસુંદરજી, તથા સ્થા. મુનિશ્રીરાજજી વગેરેએ ઘણી મનહેત કરેલી, પણ તે બધાંને નિષ્ફળતા મળી હતી.

મુનિશ્રી જ્ઞાનસુંદરજી સંઘમાં સાથે હતા. તેમણે પૂજ્યશ્રીને બધી બીના જણાવીને કહ્યું કે આમાં વચ્ચે પડવા જેવું નથી. કારણ કે ઘણા આવી ગયા, કોઈથી આ કલેશનું નિવારણ થઇ શક્યું નથી.

પણ પૂજ્યશ્રીની બુદ્ધિ અને કુનેહ અસાધારણ હતી. તેઓશ્રીએ બધી વાત જાણી લીધી અને પછી પોતાની લાક્ષણિક શૈલીથી એવો સચોટ ઉપદેશ આપ્યો કે બન્ને પક્ષના–શ્રી રેખાચંદજી લુંકડ, સૌભાગ્યચંદજી ગુલેચ્છા, વકતાવરમલજી લોઢા, વિ. આગેવાનોના મન હળવા પડી ગયા. તેમના મન સમાધાન માટે આતુર બન્યા. તેમણે પૂજ્યશ્રીને વિનવ્યું કે: સાહેબ! આપ આઠ દસ દિવસ અહીં રહીને ઉપદેશ આપશો, તો જરૂર સમાધાન થઈ જ જશે.

એટલે પૂજ્યશ્રી સંઘ સાથે ત્યાં સ્થિરતા કરીને પ્રતિદિન સમાધાન માટે પ્રેરક ઉપદેશ આપવા લાગ્યા. પરિણામે–સંઘના કુસંપના મૂળિયાં ઢીલા પડી ગયા. અને છેવટે પૂજ્યશ્રીના ઉપદેશાનુસાર તથા સંઘમાં આવેલા–સાદડીના શ્રીદલીચંદજી, જોધપુરના શ્રીદીપચંદજી વગેરેની મધ્યસ્થતાએ બન્ને પક્ષો વચ્ચે સમાધાન થઈ ગયું. સંઘમાં એકતા સ્થપાઇ. સંઘમાં શાન્તિ સ્થપાતાં જ એની ખુશાલીમાં જુદા જુદા ગૃહસ્થો તરફથી સ્વામિવાત્સલ્યો થવા લાગ્યા. એક પછી એક સંઘજમણની પરંપરા ચાલી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફલોધીથી નીકળીને સંઘસહિત પૂજ્યશ્રી ખારા-પોકરણ થઈને લાઠી પધાર્યા. અહીં જેસલમેરના મહારાજાનો હુકમ થવાથી લાઠીમાં મુકામ ન કરતાં ત્યાંથી આગળ ચાંદહમાં સંઘે પડાવ નાખ્યો. રાજ-ખટપટના કારણે આમ બન્યું હતું. ચાંદહથી વાસણા પધાર્યા. આ રણપ્રદેશમાં પાણીની ખૂબ તંગી હતી. સંઘે વાસણામાં પડાવ નાખ્યો ત્યારે ત્યાંના લોકો કહેઃ તમે અમારું પાણી એક દિવસમાં જ વાપરી નાખશો, પછી અમારે કઈ રીતે દિવસો પસાર કરવા ? સંઘના લોકો તૃષાથી વ્યાકુળ થઈ ગયા હતા.

પણ સંઘનું પુણ્યબળ કાંઈક જુદું જ હોય છે, એ વાત અહીં સૌને અનુભવવા મળી. સંઘે પડાવ નાખ્યાને થોડી વાર થઈ, ત્યાં તો એકાએક વરસાદ તૂટી પડ્યો. ચૈત્ર માસના એ દિવસો હતા. જ્યાં ચોમાસામાં પણ વરસાદના દર્શન દુર્લભ હોય, ત્યાં ભર ઉનાળામાં વરસાદ પડે, એ એક આશ્ચર્ય જ ગણાય ને ? અને વરસાદ પણ કેટલો ? થોડાં છાંટણાં કે ઝરમર નહીં; પણ સંઘના સર્વલોકોને પડાવ ઉઠાવીને આજુબાજુના મકાનોમાં ભરાઈ જવું પડ્યું, એવો ધોધમાર. એ ત્રણ કલાક સુધી વરસેલા આ વરસાદે ચારેકોર પાણી જ પાણી ભરી દીધું. આથી ગામમાં તથા સંઘમાં શાન્તિ થઈ, પાણીની તંગી ન રહી, લોકોની તૃષા છીપી, અને સંઘના પુણ્યપ્રભાવની લોકોને ઝાંખી થઈ.

ત્યાંથી શ્રીસંઘ જેસલમેર તીર્થે પધાર્યો. અહીં રાજ્યે સંઘ ઉપર મુંડકાવેરો નાખવાનો વિચાર કર્યો. આપણા પૂજ્યશ્રીએ એ 'વેરો' ભરવાની સ્પષ્ટ ના જણાવી દીધી. કારણકે-મુંડકાવેરો ભરવાથી કાયમ માટે એક નવી મુશ્કેલી ઊભી થતી હતી. તેઓશ્રીએ સંઘમાં આવેલા અને વિચક્ષણ બુદ્ધિવાળા પ્રેમચંદભાઈ માસ્તરને બોલાવીને આબૂના અંગ્રેજ રેસીડેન્ટને તાર દ્વારા આ બાબત જણાવવા સૂચવ્યું.

આ વાતની ખબર મહારાજાને પડતાં જ તેઓ સમજી ગયા કે-આ લોકો ગમ ખાય એવા નથી. હવે જો આપણે ઢીલું નહિ મૂકીએ તો રેસીડેન્ટ સુધી વાત પહોંચશે, અને આપણને જ મુશીબત પડશે. આમ વિચારીને તરત જ તેમણે પોતાના દિવાનને શ્રીસંઘ પાસે મોકલ્યા. દિવાનને લઈને સંઘપતિ પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ તેમને પ્રાસંગિક ઉપદેશ આપ્યો અને મુંડકાવેરાની માગણી અન્યાયભરી છે, તે પણ સમજાવ્યું. દિવાને પણ સ્ટેટ તરફથી થયેલી એ માગણી છોડી દીધી, સંઘને પ્રવેશ કરવાની રજા આપી, એટલું જ નહિ, પણ સંઘ તથા સંઘવીનું રાજ્ય તરફથી શાલ-દુશાલા આપીને સન્માન પણ કર્યું. સંઘવીએ પણ મહારાજાને નજરાણું ધર્યું.

શ્રીસંઘે ઠાઠમાઠ સાથે નગર-પ્રવેશ કર્યો. તીર્થયાત્રા કરી.

આ પછી તો મહારાજાએ પોતાના મહેલમાં આવીને ઉપદેશ આપવા માટે પૂજ્યશ્રીને વિનંતિપૂર્વક આમંત્રણ કર્યું. પૂજ્યશ્રી પણ દીર્ઘદૃષ્ટિથી લાભાલાભની વિચારણા કરીને રાજમહેલે પધાર્યા. મહારાજાને ધર્મોપદેશ આપ્યો. મહારાજાએ પોતાના પંડિતને તૈયાર રાખેલા. તેમણે પૂજ્યશ્રીની પરીક્ષા કરવા માટે ન્યાય-વ્યાકરણ-દર્શનશાસ્ત્ર આદિના ગહન પ્રશ્નો પૂછ્યા. પણ પૂજ્યશ્રીને કાંઈ ઉત્તર શોધવા જવું પડે એમ ન હતું. તેઓશ્રીએ તત્કાલ તેના સચોટ ઉત્તરો આપીને તે પંડિતને મુગ્ધ કરી દીધા.

૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી મહારાજાએ પૂજ્યશ્રીને નમ્રતાપૂર્વક વિનંતિ કરી કે: આ પ્રદેશ બહુ જ વિકટ છે. અહીં આવવું ઘણું જોખમભર્યું ગણાય. માર્ગમાં આંધી, વંટોળીયાનો તો પાર નહિ. પણ ધર્મના કોઈ અલૌકિક પ્રભાવથી જ આપ તથા સંઘ આ બાજુ નિર્વિઘ્ને પધાર્યા છો. માટે હવે અહીં જ સ્થિરતા કરો.

આમ મહારાજાનો આગ્રહ હોવા છતાંય પૂજ્યશ્રીએ ના જણાવી.

આથી મહારાજાએ પૂજ્યશ્રીને પાલખી–છડી–પટાવાળો વિગેરે પોતાના–રાજ્ય તરફથી રાખવા માટે વિજ્ઞપ્તિ કરી. પણ પોતાની સાધુમર્યાદા સમજાવીને પૂજ્યશ્રીએ એ વાતનો અસ્વીકાર કર્યો. આથી પૂજ્યશ્રીના શુદ્ધ ચારિત્ર્યબળથી મહારાજા ખૂબ પ્રભાવિત થયા.

જેસલમેરના વિખ્યાત હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથભંડારોનું પૂજ્યશ્રીએ અવલોકન કર્યું. પછી શ્રી સંઘ સાથે બ્રહ્મસાગર–અમૃતસાગર થઈને શ્રીલોદ્રવા પાર્શ્વનાથજી તીર્થે પધાર્યા. ત્યાં યાત્રા કરીને પુનઃ જેસલમેર પધાર્યા. બેએક દિવસ સ્થિરતા કરી, શુભ મુહૂર્તે સંઘવીને તીર્થમાળારોપણ કર્યું. સંઘવીએ પણ અંતરના ઉલ્લાસથી પૂજા–પ્રભાવનાદિક કાર્યો કર્યાં.

તીર્થ–યાત્રા કર્યા પછી શ્રીસંઘ જે રસ્તે આવેલો, તે જ રસ્તે પાછો ફર્યો. માર્ગમાં વાસણા ગામે પૂર્વની જેમ આ વખતે પણ પાણીની તંગી ઊભી થઇ, પૂર્વવત્ વરસાદ આવ્યો, અને પાણીની તંગી દૂર થઈ. જે પ્રદેશમાં ત્રણ વર્ષે એકવાર ધોધમાર વરસાદ આવે, એ પ્રદેશમાં એક જ મહિનામાં બે વાર ધોધમાર વરસાદ આવ્યો, એ બનાવને લોકો ચમત્કારિક માનવા લાગ્યા.

સંઘ ફલોધી આવ્યો, ત્યારે ત્યાંના શ્રીસંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે આગ્રહપૂર્ણ વિનંતિ કરી. પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ તેનો સ્વીકાર કર્યો.

આ સંઘ કાઢનાર સંઘવી શ્રીઅમીચંદજી–ગુલાબચંદજીની ભાવના દોઢ લાખ રૂા. ખર્ચવાની હતી. પણ સંઘ જોધપુર સુધી આવ્યો ત્યાં યાત્રીઓનું પ્રમાણ ધાર્યા કરતાં ઘણું વધી ગયું. પણ એની સાથે સંઘવી–ભાઈઓની ભાવના પણ દ્વિગુણિત થતી ગઈ.

સંઘ જે જે ગામમાં જાય, ત્યાં ત્યાંના સ્થાનિક સંઘ આખા સંઘને નિમંત્રણ આપીને નવકારશી કરીને સંઘ–વાત્સલ્ય કરતા. સંઘવી–ભાઈઓ પણ સ્થાનિક સંઘની નવકારશી પોતાના તરફથી સર્વત્ર કરતા. એમાં ખર્ચ ઘણો થતો એટલે પૂજ્યશ્રીએ સંઘવીને શિરે અધિક ભાર ન પડે, એ હેતુથી કહ્યું કે: 'મોટા મોટા શહેરોમાં ત્યાંના સંઘને જમાડવાનો લાભ બીજા ભાવિકો પણ લઈ શકે છે.'

ત્યારે સંઘવી–ભાઈઓએ વિનંતિ કરી કે: "સાહેબ ! અમારા પ્રબળ પુણ્યયોગે આવો ઉત્તમોત્તમ લાભ લેવાનો અવસર આવ્યો છે, માટે આ બધો લાભ અમને જ લેવા દો." તેમની ભાવના જોઈને પૂજ્યશ્રીએ સંમતિ આપી.

જ્યારે સંઘ પાછો ફલોધી આવ્યો, ત્યારે ખર્ચનો અંદાજ રૂ. ૩ લાખનો આવ્યો. પણ એ સંઘવી–બંધુઓનો ઉત્સાહ તો અપૂર્વ જ હતો. તેઓ વિશુદ્ધ ચિત્તની ભાવનાથી આ બધો લાભ લઇ રહ્યા હતા. અને–પુણ્યમાર્ગે વપરાયેલી લક્ષ્મી પણ પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધારે જ છે, ઘટવા દેતી નથી. ફ્લોધીમાં જ સંઘવી ઉપર મદ્રાસથી તાર આવ્યો કે: "કપૂરના વ્યાપારમાં ૩।। લાખ રૂ. નો નફો થયો છે." સકળ સંઘ સમક્ષ એ તાર જાહેર કરતાં સંઘવી-ભાઈઓએ કહ્યું કે: "ધર્મના પ્રભાવે શ્રીસંઘનો તમામ ખર્ચ આવી ગયો છે, અને અમારી મૂળ મૂડી તો અકબંધ જ રહી છે." એટલું કહીને તેમણે ઉમેર્યું: "અમારા માતુશ્રીએ ઘાસના ભારા લાવીને અમારૂં પોષણ કર્યું છે. કોઈકવાર અમે ઘીની માગણી કરીએ તો અમારા માતુશ્રી કહેતાં કે–આજે તમને ઘી આપું, તો કાલે રોટલાં ક્યાંથી ખાઈશું ? આવી અમારી સ્થિતિ હતી. પણ કોઈ શુભ પળે અમને મદ્રાસ જવાની બુદ્ધિ થઇ, અને ત્યાં ભાગીદારીમાં વ્યાપાર કરતાં નફો થયો, પહેલાં જ વર્ષે અમે ૧૫ હજાર કમાયા. એમાંથી ૭।। હજાર અમે પાલિતાણામાં ખર્ચ્યા અને ૭।। હજારનું દેવું ચુકવ્યું. બીજા વર્ષે અમે ૨૨ હજાર કમાયા. આમ કમાણી ઉત્તરોત્તર વધતી જ ગઇ. એ બધોય પ્રભાવ ધર્મનો જ છે. એ લક્ષ્મી જેમ જેમ અમે ધર્મમાર્ગે ખર્ચી, તેમ તેમ વધતી ગઇ. આ કેવળ ધર્મનો જ પ્રભાવ છે.

સંઘમાં આવેલા કોઈપણ ભાઈ–બહેનો પ્રત્યે અમારા તરફથી કાંઇ પણ અવિનય–અપરાધ થયો હોય તો અમે ક્ષમા યાચીએ છીએ."

આ પ્રમાણે ગદ્‌ગદકંઠે નિવેદન કરી, પૂજ્યશ્રીની અનુજ્ઞા લઈને તેઓ સંઘ સહિત પોતાના ગામ ગયા. અને પૂજ્યશ્રી સં. ૧૯૭૩ નું ચાતુર્માસ ફ્લોધીમાં બિરાજ્યા.

---

# [૩૮]

## પૂજ્યશ્રી : અનુભવના મહાસાગર

હિન્દુસ્તાનના કોઈપણ શહેરમાં ન હોય એવો–ઐતિહાસિક ઉપાશ્રય અહીં–ફ્લોધીમાં હતો. તે ૮૪ ગચ્છનો ઉપાશ્રય હતો. ચોરાશી ગચ્છમાંથી કોઈપણ ગચ્છના સાધુ આવે, તે આ ઉપાશ્રયમાં ઉતરતા. બીજા ગામોમાં ઉપાશ્રય તો હોય છે, પણ તે અમુક અમુક ગચ્છના જ. પણ અહીં તો તપાગચ્છ, ખરતરગચ્છ, અંચલગચ્છ, કમળાગચ્છ, વિ. વિવિધ-ગચ્છની માન્યતાવાળા શ્રાવકો રહેતા હોવાથી ઉપાશ્રય પણ ૮૪ ગચ્છનો હતો. અને બીજો એક ચૌભુજાનો ઉપાશ્રય હતો.

ચૌભુજાના ઉપાશ્રયે પૂજ્યશ્રી સપરિવાર ચાતુર્માસ બિરાજ્યા, અને ૮૪ ગચ્છના ઉપાશ્રયે હંમેશાં વ્યાખ્યાન આપતા. ચાતુર્માસ દરમ્યાન—

ફ્લોધીના ધનવાન્ અને આગેવાન ત્રણ ગૃહસ્થો–શ્રીમાણેકલાલજી કોચર, શ્રીશિવલાલજી કોચર, તથા શ્રી શિવદાનજી કાનુગાએ ભાગીરથીના ભવ્ય પ્રવાહ શા પૂજ્યશ્રીના અમોઘ ઉપદેશને ઝીલી લઈને એક એક સ્થાયી–ધર્મકાર્ય કરવાનો નિર્ણય કર્યો.

માણેકલાલજી કોચરે તળાવ–કિનારે શ્રીમહાવીર પ્રભુનું નૂતન જિનાલય બંધાવવાનું સ્વીકાર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવલાલજી કોચરે તપાગચ્છનો ઉપાશ્રય બંધાવવાનું નક્કી કર્યું.

અને શિવદાનજી કાનુગાએ એક ધર્મશાળા બંધાવી આપવાનો નિર્ણય કર્યો. ત્યાર પછી એ ત્રણેય ગૃહસ્થો તરફથી ફલોધીમાં દેરાસર–તપગચ્છીય ઉપાશ્રય તથા ધર્મશાળા બંધાયા.

ખરતરગચ્છીય આગેવાન શ્રી સૌભાગ્યચંદજી ગુલેચ્છાને સામાયિક કરવાની રૂચિ ઘણી હતી. તેથી તેઓ પૂજ્યશ્રી પાસે આવીને સામાયિક કરતા. અને 'કરેમિભંતે !' પણ પૂજ્યશ્રીના શ્રીમુખે જ ઉચ્ચરતા. હવે–ખરતરગચ્છમાં સામાયિક લેતી વખતે ૩ વાર 'કરેમિભંતે' ઉચ્ચરવાનો વિધિ છે. જ્યારે તપગચ્છમાં એક જ વાર ઉચ્ચરવાનો વિધિ છે. તદનુસાર પૂજ્યશ્રી એકવાર ઉચ્ચરાવતા. આ જોઈને બીજાં ખરતરગચ્છીય ભાઈઓ સૌભાગ્યચંદજીને એ વિષે ટકોર કરવા લાગ્યા. ત્યારે તેમણે કહ્યું : પૂ. મહારાજ સાહેબના શ્રીમુખે એક જ વખત પણ આવા શુદ્ધ અને પવિત્ર શબ્દો સાંભળવા ક્યાંથી મળે ? મને તો તેઓશ્રીના શ્રીમુખથી એક વાર પણ 'કરેમિભંતે' સાંભળીને ખૂબ આલ્હાદ થાય છે."

આવા હતા એ ભદ્રપરિણામી અને આગ્રહમુક્ત શ્રાવકો.

ફલોધીમાં એક આશ્ચર્યકારક બીના એ બની કે–પૂજ્યશ્રી જ્યારે વ્યાખ્યાન–સમયે વ્યાખ્યાનની શરૂઆત કરે, ત્યારે પાટની સામેની દિવાલના એક નાના ગોખલામાં એક પારેવું (કબુતર) આવીને સ્થિર બેસી જતું અને વ્યાખ્યાન પૂર્ણ થાય કે તરત જ ઉડી જતું. આવું એક–બે દિવસ નહિ, પણ પૂજ્યશ્રી જ્યાં સુધી ફલોધીમાં રહ્યા, ત્યાં સુધી કાયમ વ્યાખ્યાન સમયે એ પારેવું આવીને વ્યાખ્યાન સાંભળતું. અનેક ગૃહસ્થો તથા મુનિવરોએ એ નજરે જોયેલી વાત છે. જોનારાને પ્રતીતિ થતી કે–તિર્યંચમાં પણ કોઈ પૂર્વ સંસ્કારના પ્રભાવે સંજ્ઞા અને સમજણ હોય છે.

ફલોધીમાં રથયાત્રાના રથ–ઇન્દ્રધ્વજ વિ. સાધનો નહોતા. તે કરાવવા માટે પૂજ્યશ્રીએ શ્રીસંઘને ઉપદેશ આપ્યો. વિશાળહૃદયી પૂજ્યશ્રીએ વિચાર્યું કે–અહીં ૮૪ ગચ્છનો ઉપાશ્રય છે, સંઘમાં પણ વિવિધગચ્છીય શ્રાવકો છે, તો આ રથયાત્રાનો સાજ પણ ૮૪ ગચ્છનો થાય, તો ઘણું ઉત્તમ થાય.

તેઓશ્રીએ સંઘને એ વિચાર જણાવીને રથયાત્રાનો સાજ કરાવવા માટે સર્વગચ્છીય ટીપ શરૂ કરાવી. એમાં તપગચ્છ, કમળાગચ્છ વિ. ગચ્છોની માન્યતાવાળા ભાવિકોએ સારી રકમ ભરાવી.

અહીં કમળાગચ્છના યતિશ્રી પ્રેમસુંદરજી હતા. તેઓ પૂજ્યશ્રીની સેવા માટે આવતા. તપાગચ્છના યતિ શ્રીકેશરીસાગરજી હતા. તેઓ ખૂબ અનુભવી અને વયોવૃદ્ધ હતા. તેઓ પણ પૂજ્યશ્રી પ્રત્યે પૂજ્યબુદ્ધિથી સેવા કરવા આવતા. તપગચ્છના દેરાસરનો વહીવટ તેમના હસ્તક હતો, તે પૂજ્યશ્રીએ સંઘને સોંપાવી દીધો.

અહીં યતિઓ હસ્તલિખિત પુસ્તકો વેચવા આવતા. મથેણ જાતિના લોકો પણ જૂના પુસ્તકો વેચવા આવતા. તેઓ તોળી તોળીને પુસ્તકો વેચતા. પૂજ્યશ્રી પાસે તેઓ આવ્યા ત્યારે પૂજ્યશ્રીએ તેમને 'સરસ્વતીને તોળવાની' ના પાડી, અને શ્લોકોની ગણત્રી કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેચવા કહ્યું. પણ અજ્ઞાન લોકોને શ્લોકોની ગણત્રી ક્યાંથી આવડે ? તેઓ તો તોળીને જ વેચવા લાગ્યા. આથી પૂજ્યશ્રીએ શ્રાવકોને ઉપદેશ આપીને તે પુસ્તકો ખરીદાવી લીધા.

ચાતુર્માસ પૂર્ણ થવાને થોડા દિવસની દિવસની વાર હતી. ત્યારે પૂજ્યશ્રીને મેલેરીયા તાવ આવવો શરૂ થયો. આ સમાચાર અમદાવાદ પહોંચતાં શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈ સહકુટુંબ ડૉ. ત્રિકમભાઈને લઈને ફલોધી ગયા. ડૉકટરે કરેલા યોગ્ય ઔષધોપચારથી પૂજ્યશ્રી સ્વસ્થ બન્યા. એટલે તેઓ મારવાડના તીર્થોની યાત્રા કરીને અમદાવાદ ગયા.

ચોમાસા પછી પૂજ્યશ્રીએ બીકાનેર તરફ વિહાર કર્યો. વિહારમાં ફલોધીથી બીકાનેર સુધી શ્રીમાણેકલાલજી કોચર, શિવદાનમલજી કાનુગા વગેરે ફલોધીના ૨૫-૩૦ શ્રાવકવર્યો સાથે રહ્યા. બીકાનેરથી આગળના ગામે બીકાનેરના તપા-ખરતરગચ્છીય આગેવાનો પૂજ્યશ્રીના વંદનાર્થે આવ્યા. ત્યાં પૂજા પ્રભાવના-સ્વામીવાત્સલ્ય વિ. કર્યું.

બીકાનેરમાં રાંગડી ચોકમાં ખરતરગચ્છનો ઉપાશ્રય હતો. ત્યાં શ્રીપૂજ્યોનું જોર ઘણું હતું. તે કારણે-વર્ષો પૂર્વે પૂ. શ્રી આત્મારામજી મહારાજ આદિ મુનિવરો અહીં પધાર્યા; ત્યારે શ્રીપૂજ્યોએ તેઓનું સામૈયું થવા દીધું ન હતું. આ વખતે પણ બીકાનેરમાં એવી જ ચર્ચા થવા લાગી. એની જાણ થતાં પૂજ્યશ્રીએ આગેવાનોને બોલાવીને કહ્યું કે : "તમારે સામૈયા બાબતમાં જરાપણ ગભરાવાની જરૂર નથી. સંઘમાં મતભેદ થાય, એવું કાર્ય કરવાની જરૂર નથી. તમે બધાં સામે આવશો, એ મારૂં સામૈયું જ છે."

પૂજ્યશ્રીની આવી ઔદાર્યપૂર્ણ-નિખાલસ દૃષ્ટિ જોઈને આગેવાનોને ખૂબ સંતોષ થયો. તેમણે કહ્યું : સાહેબ ! આમાં કાંઈ વિચારવાની કે મતભેદ થાય એવી વાત છે જ નહિ, આ તો અમારા સંઘના આનંદની વાત છે. અને અમારે સામૈયું કરવાનું જ છે.

બીજે દિવસે પૂજ્યશ્રીએ સપરિવાર બીકાનેરમાં ધામધૂમપૂર્વક સસ્વાગત પ્રવેશ કર્યો. અહીં મુનિવર્યશ્રી અમીવિજયજી મ. આદિ મળ્યા. તેઓ તપગચ્છના ઉપાશ્રયે હતા, અને એ ઉપાશ્રય નાનો હતો તેથી તથા ખરતરગચ્છીય સંઘની વિનંતિથી રાંગડીચોકના ખરતર ગચ્છના ઉપાશ્રયે પધાર્યા.

પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં લોકો સારા પ્રમાણમાં લાભ લેવા લાગ્યા. બીકાનેરમાં શ્રીચાંદમલજી ઢઢ્ઢા નામે એક પ્રતિષ્ઠિત, ધનવાન્ અને આગેવાન ગૃહસ્થ હતા. બીકાનેર-નરેશ તેમને પોતાના કાકા તરીકે માનતા હતા. તેમને વિદ્યાભ્યાસનો પણ શોખ હતો. સાહિત્ય-વિષયનું તેમનું જ્ઞાન ઘણું ઊંડું હતું.

વિવિધ શાસ્ત્રાભ્યાસના પોતાના શોખને લીધે તેઓએ શ્રીજયદયાળ નામના એક વિદ્વાન પંડિતવરને રાખ્યા હતા. તેમની સાથે હંમેશાં તેઓ બે કલાક જેટલો સમય વિદ્યાવિનોદ તથા ચર્ચા-વિચારણામાં ગાળતા હતા.

"શ્રીસિદ્ધચક્રજીના નવ પદોના જુદા જુદા વર્ણ શા માટે ?" આ પ્રશ્ન તેઓના અંતરમાં કેટલાક સમયથી ઘોળાતો હતો. તેમણે ઘણા વિદ્વાનો પાસે આ પ્રશ્ન રજૂ કરેલો, પણ તેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય ઉત્તર તેમને ક્યાંયથી મળ્યો ન હતો. તેમને પૂજ્યશ્રીના અસાધારણ અને સર્વશાસ્ત્રાવગાહી જ્ઞાનની જાણ થઈ, એટલે તેઓ પોતાના પંડિતજીને લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા.

પૂજ્યશ્રી સાથે વ્યાકરણ, ન્યાય તથા આગમ વિગેરે વિષયોની ચર્ચા તેઓએ શરૂ કરી. **પૂજ્યશ્રીએ** પણ તેમના પ્રશ્નોના ઉત્તર આપવા સાથે સામે એવા કૂટ પ્રશ્નો કરવા માંડયા કે ઘડીભર પંડિતજીને પણ જવાબ આપતાં વિચાર થઈ પડયો. પૂજ્યશ્રીની આવી તલસ્પર્શી છતાં અગર્વ-વિદ્વત્તા જોઈને શ્રીચાંદમલજી તથા પંડિતજીના મન પ્રસન્ન બન્યા. પૂજ્યશ્રી પ્રત્યે તેમને ખૂબ બહુમાન જાગ્યું. પછી ઢઢ્ઢાજીએ નવપદના વર્ણ વિષયક પોતાની વર્ષોની અણઉકેલ શંકા પૂજ્યશ્રી પાસે રજૂ કરી.

પૂજ્યશ્રીએ એના સમાધાનમાં ફરમાવ્યું : સાહિત્યમાં 'રસ' અને તેના ૯ ભેદ આવે છે. એ ૯ રસના જુદા જુદા વર્ણો છે. જેમ-શૃંગાર રસનો શ્યામ વર્ણ, શાન્ત રસનો શ્વેતવર્ણ વિ. જોકે રસ તો અરૂપી છે. બ્રહ્માનંદ-આત્માનંદ સ્વરૂપ છે. છતાંય તેના વર્ણની સાહિત્યકારોએ કલ્પના કરી, તે તે રસથી થતાં તે તે પ્રકારના અનુભવને આધારે. એ જ રીતે અહીં નવપદના જુદા જુદા વર્ણો છે.

જેમ શ્રીઅરિહંત દેવનો વર્ણ શ્વેત છે. તે એટલા માટે કે અરિહંત પ્રભુ શુકલધ્યાન ધ્યાઈ રહ્યા છે, અને એ શુકલધ્યાનની તેમની અવસ્થાનો ખ્યાલ કરવા માટે આપણે તેમને શ્વેતવર્ણવાળા માની તેમની આરાધના કરીએ છીએ.

સિદ્ધ ભગવંતનો વર્ણ લાલ હોવાનું કારણ એ છે કે-તેઓ ઉદ્દીપ્ત અગ્નિ જેવા લાલચોળ બનીને આ કર્મરૂપ કાષ્ઠને બાળે છે, એ પરિસ્થિતિનું ભાન કરવા માટે એમની આરાધના લાલ વર્ણે કરાય છે.

આચાર્યદેવનો પીળો વર્ણ સૂચવે છે કે-આચાર્ય એ શાસનના રાજા છે. રાજા સોનાના વિવિધ આભૂષણોથી શોભતો હોય છે. સોનું પીળું હોય છે. આચાર્ય પણ રાજા હોવાથી તેમનો પીળો-કનકવર્ણ મનાય છે.

ઉપાધ્યાયજીનો લીલો વર્ણ કલ્પવાનો હેતુ એ કે-નીલમ રત્નની જેમ તેઓ પણ ખૂબ શીતળ અને આલ્હાદક હોય છે, તેમની કાન્તિ-તેજ પ્રશાન્ત હોય છે, નીલમ લીલું છે. માટે ઉપાધ્યાયજીની આરાધના પણ નીલવર્ણે કરાય છે.

સાધુપણું પાળનાર આત્માએ શરીરના તથા વસ્ત્રાદિના બાહ્યમળથી જુગુપ્સા-દુગંચ્છા ન કરાય. તે તો તેનું આભૂષણ છે, આ વાતની કાયમ સ્મૃતિ રહે, માટે સાધુ-પદની આરાધના શ્યામવર્ણે થાય છે.

દર્શનપદ સુદર્શન ચક્ર સમું છે. એ ચક્ર ઉજ્જવળ હોવાથી દર્શન પણ શ્વેતવર્ણ છે.

જેમ અંધકારનો નાશક પ્રકાશ, એમ અજ્ઞાનનું નાશક સમ્યગ્જ્ઞાન. એટલે એ પણ પ્રકાશક હોવાથી શુકલ છે. એ જ રીતે ચારિત્ર અને મોહ દુશ્મન છે. મોહ-અંધારાને ઉલેચનાર ચારિત્ર છે. માટે તેની આરાધના ય શુકલવર્ણે થાય છે. અને નિકાચિત-શ્યામવર્ણા કર્મ-મલને દૂર કરવા માટે તપપદ પણ શ્વેતવર્ણે આરાધાય છે."

ધાર્મિક અને સાહિત્યિક એ ઉભયદષ્ટિએ આવું સુંદર સમાધાન મળવાથી ચાંદમલજી અને પંડિતજી સાનંદાશ્ચર્ય પામ્યા. તેઓને અપાર સંતોષ થયો. ઘણા સમયથી તેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનમાં રહેલ શંકા-શલ્યનો આજે ઉદ્ધાર થઈ ગયો. તેઓ બોલ્યા કે : મારી પાસે ઘણા વિદ્વાનો આવ્યા, પણ ક્યાંયથી આવો સંતોષકારક ખુલાસો ન મળ્યો. આપ સાહેબને સાહિત્યનો આટલો ઊંડો અને અગાધ બોધ છે, તે હું જાણતો ન હતો.

પછી તો–તેઓ પ્રતિદિન પૂજ્યશ્રી પાસે આવીને, વિદ્વદ્ગોષ્ઠિ કરીને, પૂજ્યશ્રીના જ્ઞાનનો લાભ લેવા લાગ્યા. તેઓ પૂજ્યશ્રીના પરમભક્ત બની ગયા. પૂજ્યશ્રીને બીકાનેરમાં ચાતુર્માસ બિરાજવાનો તેમણે ઘણો જ આગ્રહ કર્યો.

અહીં–પૂજ્યશ્રીના પ્રશિષ્ય મુનિશ્રી નંદનવિજયજી મ. ની તબિયત નરમ થઈ. છાતીનો દુઃખાવો થઈ આવ્યો. આ જોઈને જયપુરના રાજવૈદ્ય લક્ષ્મીલાલજીને લઈને ચાંદમલજી પૂજ્યશ્રી પાસે આવ્યા. વૈદ્યરાજે મુનિશ્રીની તબિયત તપાસીને જણાવ્યું કે : આ મહારાજનું હૃદય (Heart) બહુ નબળું છે, માટે હમણાં તેમને બિલકુલ પરિશ્રમ ન કરાવવો. એમને દવામાં માણેકભસ્મ વગેરે દ્રવ્યોની ઔષધિ આપવી પડશે.

શ્રીઢઢ્ઢાજીએ તરત જ એ અંગેની સર્વ વ્યવસ્થા કરવાની નક્કી કરી, પણ પૂજ્યશ્રીએ એ માટે સર્વથા ના પાડીને કહ્યું કે : આવી ભારે દવા હમણાં નથી કરવી, હમણાં તો આપણી ઘરગથ્થુ દવાનો ઉપયોગ કરીએ, પછી જરૂર જણાશે તો વૈદ્યરાજની દવાનો ઉપયોગ કરાશે.

આ પછી પૂજ્યશ્રીએ મુનિશ્રીનંદનવિજયજીને આશ્વાસન આપીને યોગ્ય ઉપચારો શરૂ કરાવ્યા. બીકાનેરમાં એક માસ સ્થિરતા કરી. ધીમે ધીમે તબિયતમાં સુધારો થવા લાગ્યો.

એક માસની સ્થિરતા દરમ્યાન આજુબાજુના ગંગાસર, ભીનાસર, વિ. ગામોના સંઘો પૂજ્યશ્રીના વંદનાર્થે આવતા, અને પૂજા–પ્રભાવના–સ્વામીવાત્સલ્યાદિ ધામધૂમ કરતાં.

'આજુબાજુનાં જંગલોમાં ઉંદરોનો ઉપદ્રવ થવા અને વધવા લાગ્યો છે' એવી વાત એક દિવસ પૂજ્યશ્રીના જાણવામાં આવી. અનુભવના ઉદધિ તેઓશ્રીએ તરત જ કહ્યું કે : "થોડા સમયમાં જ આ બાજુની હવા બગડવાનો સંભવ છે. અહીં પ્લેગનો રોગ થવાનો સંભવ છે. માટે અમારે હવે અહીંથી વિહાર કરવો જોઈએ."

આ સાંભળીને ભાવિક શ્રાવકોએ વિનંતિ કરી કે : સાહેબ ! આપ આવો ભય શા માટે રાખો છો ? અહીંનું વાતાવરણ તો બિલકુલ સ્વસ્થ અને સ્વચ્છ જ છે. આપ વિહાર કરવાની ઉતાવળ ન કરો.

પણ દીર્ઘદ્રષ્ટા પૂજ્યશ્રીએ તો વિહારનો નિર્ણય જાહેર કર્યો, અને એક દિવસે ત્યાંથી વિહાર કરીને ઉદ્દામસર થઇ દેશનોક પધાર્યા. અહીં પૂજ્યશ્રીને સમાચાર મળ્યા કે–બીકાનેરની હવા બગડવા લાગી છે, અને અનેક લોકો પ્લેગના ભોગ બનવા લાગ્યા છે. સમજુ લોકો પૂજ્યશ્રીના અનુભવજ્ઞાનની તથા દીર્ઘદષ્ટિભર્યા પગલાંની પ્રશંસા કરવા લાગ્યા.

શ્રીઢઢ્ઢાજીએ અહીં પણ વૈદ્ય તથા ડોક્ટરને મુનિશ્રીનંદનવિજયજીની સારવાર માટે મોકલ્યા. પણ પૂજ્યશ્રીએ તેમની દવા કરવાની સ્પષ્ટ ના જણાવી. કારણ કે–ચાલુ ઉપચારથી વિહાર શાન્તિપૂર્વક અને સારી રીતે કરી શકે એટલો ફાયદો થયો અને થતો હતો.

દેશનોકથી નાગોર તરફ વિહાર કર્યો. માર્ગમાં રાજ્યના મેડિકલ ખાતાના માણસો બીકાનેર તરફથી આવતા તથા તે તરફ જતા લોકોને અટકાવતા હતા. અથવા તો પ્લેગની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસી મૂકીને જ જવા-આવવા દેતા હતા. આમ પ્રવેશબંધી જેવું થઈ ગયું હતું. પૂજ્યશ્રી આદિને પણ તેઓએ અટકાવ્યા. પૂજ્યશ્રીએ તેમને સમજાવ્યા કે-અમે જૈનમુનિઓ આહાર-વિહારમાં ઘણા નિયમિત તથા કડક હોઈએ છીએ, માટે અમને જવા દો. ત્યારે તેઓએ જવા દીધા.

ક્રમે કરીને નાગોર પધાર્યા. પંદરેક દિવસ સ્થિરતા કરી. ઉપાશ્રયની બાજુમાં એક મોટું મકાન હતું, તે સંબંધી ઉપદેશ આપતાં તે મકાન તેના માલિક-શ્રાવકે ઉપાશ્રય ખાતે સમર્પણ કરી દીધું. નાગોરથી વિહાર કરતાં માર્ગમાં ખજવાણા ગામે નાગોરવાળા શા. ભેરૂબક્ષ કાનમલજી સમદડીયા વંદનાર્થે આવ્યા, ત્યારે પૂજ્યશ્રીએ તેમને પ્રેરણાત્મક ઉપદેશ આપ્યો. પરિણામે તેમણે નાગોરમાં તપાગચ્છની વાડી, ધર્મશાળા તથા દેરાસર બંધાવ્યા.

ખજવાણાથી મેડતા રોડ-શ્રીફલવૃદ્ધિ(ફલોધિ) પાર્શ્વનાથના તીર્થની યાત્રા કરીને મેડતા પધાર્યા. મેડતા રોડમાં સં. ૧૧૮૧માં પૂ. આ. શ્રીધર્મઘોષસૂરિજીએ શ્રીફલોધીપાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરેલી. ત્યારબાદ સં. ૧૨૦૪માં પૂ. આ. શ્રી વાદિદેવસૂરિજીએ પુનઃ પ્રતિષ્ઠા કરી.

મેડતામાં મહાયોગીશ્રી આનંદઘનજી મ. તથા મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ. ના નામથી પ્રસિદ્ધ મોટા ઉપાશ્રય છે. કહેવાય છે કે-એ બન્ને મહાપુરૂષો આ તરફ ઘણીવાર વિચરેલા. અહીં પૂ. ઉપાધ્યાયજી મ.એ ઘણા ગ્રંથો રચેલા. અહીં ૧૪ દેરાસરો છે.

પૂ. ઉપા. શ્રીધર્મસાગરજી મ.ના સમયમાં અહીં તપા, ખરતર તથા ઊકેશ ગચ્છીયોનો શાસ્ત્રાર્થ થયેલો. જેમાં કહે છે કે-તપાગચ્છનો વિજય થયેલો.

શ્રી ધર્મસાગરજી મ.ના પરમભક્ત શા. કલ્યાણમલજી કે-જેમનો ઉપાધ્યાયજી મ. સાથેનો અદ્ભુત પ્રસંગ આજે પણ પર્યુષણા પર્વમાં 'ક્ષમાપના' કર્તવ્યના દૃષ્ટાન્ત તરીકે વર્ણવાય છે-તેઓ આ મેડતાના શ્રાવક હતા.

અહીં અઠવાડિયું સ્થિરતા કરીને પૂજ્યશ્રી જયતારણ(જેતારણ) પધાર્યા. અહીં જૈનોની વસતિ ઘણી હતી. ચાર દેરાસરો હતા. અહીં ભંડારમાં સુવર્ણઅક્ષરે લખાયેલ 'શ્રી ભગવતી સૂત્ર' વગેરે ગ્રંથો હતા. એ સર્વના દર્શન કરીને ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા પૂજ્યશ્રી બિલાડા પધાર્યા. માર્ગમાં કેકીંદ ગામે તેઓશ્રીને ઠલ્લા થઈ ગયા. એક દિવસ તો ૫૦ ઠલ્લા થઈ ગયા. બિલાડા ગામે પધારીને ત્યાં યોગ્ય ઉપચારો શરૂ કર્યા. એથી ધીરેધીરે સ્વસ્થતા આવવા લાગી.

બિલાડામાં પાંચ સુંદર-પ્રાચીન જિનાલયો હતા. સ્થાનકમાર્ગીઓની વસતિના બાહુલ્યને કારણે દેરાસરની આશાતના થતી જોઈને ઉપદેશદાનદ્વારા પૂજ્યશ્રીએ તે બંધ કરાવી. અને જીર્ણ દેરાસરનો ઉદ્ધાર કરાવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# [૩૯]

## કાપરડાનો પુનરુદ્ધાર :

રાજા, વાજાં, ને વાંદરા, ત્રણે સરખા. રાજા કોઈનો મિત્ર થયો જાણ્યો નથી. કાચા સુતરનો તાંતણો ને રાજાની દોસ્તી, બન્ને સમાન. ક્યારે તૂટે એ ખબર ન પડે.

જોધપુર સ્ટેટના બિલાડા પરગણાના સૂબેદાર શ્રીભાનાજી ભંડારીને આ વાતનો અનુભવ એક દિવસ થયો.

વાત આમ બની.

જોધપુર રાજ્યના ૨૨ પ્રગણાઓમાં બિલાડા પ્રગણું ઘણું મહત્ત્વનું હતું. શ્રીકાપરડાતીર્થ એ પ્રગણાનું ગૌરવ હતું. એ પ્રગણાના હાકેમ તરીકે મહારાજા શ્રીગજસિંહજીએ જેતારણના ભંડારી શ્રી ભાનુમલ્લજીને નીમેલા. તેઓ સત્યનિષ્ઠ–સ્વામિભકત અને પરમજૈન શ્રાવક હતા. વહીવટી કુશળતા અને નીતિમત્તા, તેઓના શ્રેષ્ઠ ગુણો હતા.

રાજકારભાર એટલે કુટિલતા અને ખટપટની દુનિયા. એ દુનિયાથી દૂર રહેવા માટે સદૈવ જાગરૂક ભંડારીજી એકવાર કોઈક ખટપટના ભોગ બની ગયા. કોક વિઘ્નસંતોષીએ મહારાજાના કાન તેમની વિરુદ્ધ ભંભેર્યા. એટલે મહારાજાએ તત્કાલ તેમને પકડી લાવવા માટે માણસો મોકલ્યા.

રાજપુરૂષોને આવેલા જોઈ તથા તેમની હકીકત સાંભળીને ભંડારીજીનું રૂંવાડું પણ ન ફરક્યું. તેઓ સ્થિતપ્રજ્ઞભાવે તે પુરૂષો સાથે ચાલી નીકળ્યા. રાજપુરૂષોય આશ્ચર્ય પામ્યા.

તેઓ પ્રાતઃકાળે નીકળેલા. માર્ગમાં સૂર્યોદય થતાં રાજદૂતો પ્રાતઃકર્મ માટે કાપરડાનગરની સીમમાં થંભ્યા. ત્યાં તેઓએ ભંડારીજીને પ્રાતઃક્રિયા કરવા કહ્યું. તેમણે ના કહી.

રાજસૈનિકોએ કારણ પૂછતાં જણાવ્યું કે–હું જૈન છું. અને મેં યાવજ્જીવ પ્રતિજ્ઞા લીધી છે કે–જિનેશ્વરદેવના દર્શન કર્યા વિના અન્નજળ ગ્રહણ ન કરવા. માટે તમે શિરામણ કરી લ્યો, મારે નથી કરવું.

ભંડારીજી ! ગમે તેમ તોય આપ અમારા ઉપરી છો. આપના વિના અમે કેમ ભોજન કરી શકીએ ? આપ અહીં બેસો, હું હમણાં જ કાપરડાનગરમાં જિન–મૂર્તિની તપાસ કરી આવું. સૈનિકોના નાયકે કહ્યું. અને તરત જ તે સેંકડો ધનાઢ્યોથી ભરપૂર અને લાખો રૂપિયાના ક્રયવિક્રયવાળા કાપરડાનગરમાં ગયો. તપાસ કરતાં એક ઉપાશ્રયમાં એક યતિવર પાસે મૂર્તિ હોવાનું તેણે જાણ્યું. તરત જ તે પાછો આવ્યો, ને ભંડારીજીને ત્યાં લઈ ગયો. ભંડારીજીએ પ્રભુદર્શન તથા ગુરૂવંદન કર્યા.

યતિજી જ્ઞાની હતા. તેમણે ભંડારીજીની સર્વ બીના જાણી. અને સ્વરોદયશાસ્ત્રના આધારે કહ્યું કે: "તમારે ગભરાવું નહિ. તમારી પાસે સાચ છે, અને હંમેશાં સાચનો જ વિજય થાય છે."

યતિવરના આશીર્વાદ લઈને તેઓ જોધપુર દરબારમાં પહોંચ્યા. સંદિગ્ધ મહારાજાએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને વહીવટ વિષયક પૂછપરછ કરી. ભંડારીજીએ યોગ્ય અને સાચા જવાબો આપતાં મહારાજાની નારાજી દૂર થઈ. તેઓએ પ્રસન્ન થઈને તેમને ૫૦૦ રૂપ્યમુદ્રાઓની બક્ષિસ સાથે તેમના અધિકારમાં બઢતી આપી. આથી તેમના શત્રુઓ ભોંઠા પડ્યા. ભંડારીજી પણ આ વાતનો હર્ષ-શોક ન કરતાં એને ગુરૂકૃપા તથા પોતાના નિયમનો પ્રભાવ સમજ્યા.

પેલાં રાજપુરૂષો કે–જેઓ તેમને લેવા ગયેલા અને જેમના મનમાં ભંડારીજીને શિક્ષા થવાની ખાત્રી હતી, તેઓ પણ તેમના નિયમનો તથા નિયમ પાલનની દૃઢતાનો પ્રભાવ જોઈ ને છક્ક થઈ ગયા.

ત્યાંથી પાછાં ફરતાં ભંડારીજી કાપરડામાં પેલા યતિજી પાસે ગયા અને સર્વ હકીકત જણાવીને કાંઈ કાર્યસેવા ફરમાવવા માટે સવિનય પ્રાર્થના કરી. યતિજીએ ફરમાવ્યું: ભંડારીજી! બિલાડા પ્રગણાના આ ધનાઢ્ય શહેરમાં એકપણ જિનાલય ન હોય, તે શોચનીય ગણાય. જો કે–અહીં પૂર્વે જિનાલય હતું, પણ યવનોએ તેનો ધ્વંસ કર્યો છે, માટે એક જિનાલય બંધાવો.

પરમશ્રદ્ધાવંત ભંડારીજીએ આ વાતને સહર્ષ વધાવતાં કહ્યું: ગુરૂજી! આપનું વચન ‘તહત્તિ’ છે, દેરાસર બાંધવા માટે આ ૫૦૦ મુદ્રા હું અત્યારે જ સમર્પણ કરૂં છું.

જ્ઞાની યતિવર્યે એ થેલી ઉપર વર્ધમાન વિદ્યાથી અભિમંત્રિત વાસક્ષેપ કર્યો. પછી તે થેલી ભંડારીજીને આપતાં કહ્યું: ‘આમાંથી તમારે જોઈએ એટલા રૂપિયા નીકળશે. પણ ધ્યાન રાખજો કે–આ થેલીને કદી પણ ઊંધી વાળતા નહિ.”

યતિજીની વાત સ્વીકારી, થેલી લઈને તેઓ જેતારણ ગયા. અને યતિજીની સલાહ અનુસાર કુશળ શિલ્પી-સોમપુરા પાસે શુભમુહૂર્તે કાપરડાજીમાં જિનાલયનો પાયો નખાવ્યો. ત્યારબાદ તેમણે સોમપુરા શ્રીજોરાજીને બેનમૂન જિનાલય બાંધવાનો હુકમ કર્યો.

જોરાજીએ તે સ્વીકારીને અપૂર્વ–પ્રાસાદ બાંધવા પૂર્વે છ માસ સુધી દેશાટન કર્યું. ગામોગામના જિનાલયોની બાંધણીના નકશા કર્યા. રાણકપુરજીનું દેરાસર તેમને ખૂબ ગમ્યું. જેતારણ આવીને તેમણે ભંડારીજીને કહ્યું: રાણકપુરના જેવું જ દેરાસર બાંધું?

જવાબ મળ્યો: રાણકપુરજી જેવું જ બાંધો તો તમારી અને મારી વિશેષતા શું? કોઈ નવીન પ્રકારનું બાંધો.

શિલ્પી કહે: તો રાણકપુરમાં ત્રણ મજલા છે. હું અહીં ચાર માળનું બાંધીશ એટલે વિશેષતા થશે.

તરત જ તેમને હુકમ મળી ગયો કે–ગમે તેવું બાંધો પણ અપૂર્વ બાંધો.

એ અનુસાર સં. ૧૬૭૫માં જિનાલયના કાર્યનો શુભારંભ થયો. સોમપુરા જોરાજી નિપુણ હતા. તેમણે શિલ્પશાસ્ત્રના આધારે અને ઇષ્ટિબલના પ્રયોગથી મૈત્રીપૂર્ણ ભાવનાથી કાર્ય–પ્રારંભ કર્યો. મંદિરનું મુખ્ય દ્વાર ઉત્તર દિશામાં કર્યું. દ્વાર–રચનાની વિશિષ્ટતા એ હતી કે–મંદિરની સન્મુખ બહાર જમીન પર ઊભેલો માણસ અથવા તે જ સ્થાને હાથી પર બેઠેલો માણસ પણ પ્રભુદર્શન કરી શકે. મંદિરનું કામ ઝડપી ચાલવા લાગ્યું. ગુરૂકૃપાથી ધનની તો તંગી હતી જ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્યમાં ઘણી સ્ફૂર્તિ રાખવા છતાંય ત્રણ વર્ષમાં—આ ચૌમુખા જિનમંદિરમાં મૂળ ગર્ભગૃહ, ૪ ખંડના ૧૨ ગવાક્ષ, શિખરના ત્રણ ખંડ અને મૂળ ગભારાની ચારે તરફ ૭ ખંડ, ૪ વિશાળ રંગમંડપ, શાલભંજિકાઓ, મુખ્યદ્વાર પર ૪ દેરીઓ વગેરે તૈયાર થઈ શક્યું હતું, અને હજી કામ ચાલુ હતું.

પણ 'ધાર્યું ધરણીધરનું થાય'. સૌના ઉત્સાહ વચ્ચે કામ ચાલતું હતું ત્યારે કુદરતની ઇચ્છા કાંઈ ઓર જ હતી. બન્યું એવું કે—એકવાર રાજ્યના કાર્યપ્રસંગે બહાર જતી વખતે ભંડારીજીએ ઊંધી ન વાળવાની સૂચના સાથે થેલી પોતાના સુપુત્ર શ્રીનરસિંહજીને આપી. નરસિંહજી ચતુર હતા, છતાં ભંડારીજીના મનમાં આ વાતની ફિકર રહ્યા કરતી. નરસિંહજી ઘરનો તથા દેરાસરનો કાર્ય-બોજ કુશળતાપૂર્વક વહતા હતા. પણ એકવાર એમાં શૈથિલ્ય આવી ગયું. મજૂરોને સમયસર પગાર ન ચૂકવવાથી તેઓ તગાદો કરવા લાગ્યા. આથી કંટાળીને તેમણે વ્યગ્રતામાં જ થેલી ઊંધી પાડી દીધી. પૈસા તો પગાર ચુકવાય એટલા નીકળ્યા, પણ એ સાથે જ તેમને વાસ્તવિકતાનું ભાન થયું. તેઓ ખૂબ સંતપ્ત બન્યા. પોતાની ભૂલનો તેમને પારાવાર પસ્તાવો થવા લાગ્યો. તેઓએ યતિજી પાસે જઈને વ્યતિકર જણાવ્યો અને કહ્યું કે—કૃપા કરીને આ થેલીને પુનઃ મંત્રસિદ્ધ બનાવો.

યતિવર્યે સાંત્વના આપતાં કહ્યું: "તમારે આમાં ચિન્તા કરવાની જરૂર નથી. જે થવાનું હતું તે થયું. તમે તો નિમિત્તમાત્ર છો. અને હવે પુનઃ આ થેલી મંત્ર-સિદ્ધ ન બની શકે. કારણકે જો એ સંયોગ હોત તો તમારાથી આવી ભૂલ જ ન થાત. માટે હવે આગ્રહ ન કરશો."

યતિવરના આ વચનોથી નરસિંહજી આશ્વસ્ત બન્યા, પણ તેમનો ઉદ્વેગ ઓછો ન થયો. આ બાજુ—ભંડારીજી સ્વકાર્ય પતાવીને પાછા ઘરે આવ્યા. તેમણે બધી વાત જાણી. તેઓ યતિજી પાસે ગયા, ત્યારે તેમણે તેમને હવે પ્રતિષ્ઠા કરવાનો આદેશ આપ્યો.

તેઓએ પ્રતિષ્ઠાની તૈયારી પ્રારંભી. પ્રથમ પ્રશ્ન ઊભો થયો-મૂર્તિ કઈ અને ક્યાંથી લાવવી? પણ એનો નિકાલ આવતાં વાર ન થઈ. કારણકે—એ દિવસોમાં ત્યાંની એક કુમારિકાને સ્વપ્ન આવ્યું કે: "ગામ બહાર કેરના વૃક્ષ પાસે એક ગાયનું દૂધ કાયમ આપમેળે ઝરી જાય છે, એ જમીનમાં શ્રીસ્વયંભૂપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે, અને તે કાલે બહાર નીકળશે."

સવારે આ સ્વપ્નની વાત કુમારિકાએ પોતાના પિતાજીને કરતાં તેઓએ તત્કાલ ભંડારીજી તથા યતિવર્યને એ વાત જણાવી. ભંડારીજી પણ સંઘ એકત્ર કરીને વાજતે ગાજતે તે સ્થળે ગયા. જ્યાં ગાયનું દૂધ ઝરતું હતું, ત્યાં જઈને પ્રાર્થના કરી કે: હે પ્રભો! સકલસંઘ દર્શન માટે આતુર છે, માટે આપ દર્શન આપો.

અને એકાએક ચમત્કાર સર્જાયો. જમીનમાંથી શ્રી સ્વયંભૂપાર્શ્વપ્રભુ સહિત ચાર જિનબિંબો પ્રગટ થયા. સૌ દર્શન કરીને કૃતકૃત્ય બન્યા. પ્રતિમાઓને મહોત્સવપૂર્વક ગામમાં—જિનાલયે લઈ જવામાં આવ્યા. કહેવાય છે કે-આ ચારે મૂર્તિઓ એક જ સમયે બનેલી તથા સમાન (નીલ) વર્ણી હતી. તેમાંથી ૩ મૂર્તિઓ જોધપુર—સોજત અને પીપાડ એ ત્રણ ગામોમાં (૧-૧) પધરાવવામાં આવી, અને સ્વયંભૂપાર્શ્વનાથની પ્રતિમા કાપરડાજીમાં બિરાજમાન કરવામાં આવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી અલૌકિક અને ચમત્કારિક મૂર્તિ મળવાથી ભંડારીજીના હર્ષનો પાર ન રહ્યો. એ મૂર્તિને મૂળનાયકજી તરીકે સ્થાપવાનું નક્કી થયું. પ્રતિષ્ઠા પ્રસંગે દેશ–દેશાવરના લોકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યા, અને મહોત્સવ શરૂ થયો.

સકળસંઘની સંમતિ અને સહાયતાથી સં. ૧૬૭૮ની વૈશાખી પૂનમે મહાન્ ઉત્સવ સહિત એ જિનમંદિરની તથા મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી. પ્રભુ–પ્રતિષ્ઠાનો મહાન્ લાભ શ્રીભંડારીજીએ લીધો.

જોકે સૌ કોઈની ઇચ્છા અને કાળજી નિયત મુહૂર્તે અને નિયત શુભલગ્ને પ્રતિષ્ઠા કરવાની હતી. પણ ભવિતવ્યતાના કોઈ વિચિત્ર સંયોગે પ્રતિષ્ઠાના શુભલગ્નમાં કંઈક ફેરફાર થઈ ગયો, જેનો ખ્યાલ કોઈનેય રહ્યો નહિ.

ભંડારીજી તથા યતિવરની ભાવના આમ સફળ બની. કાપરડાજી એક મહાન્ અને બેનમૂન તીર્થ તરીકે વિખ્યાત થયું.

વીસમા સૈકાના અમુક વર્ષ સુધી આ તીર્થની અને આ નગરની આબાદી સારી રહી. પણ ત્યારપછી એની પડતી થવા લાગી. નગર ગણાતું કાપરડા ગામડું બન્યું. સમૃદ્ધ શ્રાવકોના આવાસોથી રમણીય કાપરડામાં ફક્ત એક જ જૈનનું ઘર રહેવા પામ્યું. વ્યાપાર–વણજ ભાંગી પડ્યા. તીર્થની દેખરેખ જોઈએ તેવી નહોતી થતી. દેરાસર અતિજીર્ણ થતું ગયું, અને તીર્થની આશાતના પણ વધતી ગઈ.

દેરાસરના પૂર્વદિશાના મંડપમાં ઉત્તર–દક્ષિણમાં બે મોટી દેરી હતી. તેમાં ચામુંડા-માતાની અને ભૈરવજીની મૂર્તિઓ ખરતરગચ્છવાળાએ અધિષ્ઠાયક તરીકે પધરાવેલી, પણ કાલાંતરે તે અધિષ્ઠાયક–બિંબો જાટલોકોના પરિગૃહીત અને માન્યતાવાળા થઈ ગયા. જાટ–માછીમારો વિ. લોકો પોતાના બાળકોના વાળ ત્યાં–ભૈરવજી સામે જ ઉતરાવવા લાગ્યા. એટલું જ નહિ, પણ પોતાના તહેવારના દિવસે ભૈરવજીને દારુ (મદિરા) પણ ચડાવવા લાગ્યા. વળી ચામુંડા આગળ બકરાનો વધ કરીને તેનો ભોગ પણ ધરાવવા લાગ્યા. દેરાસરની આનાથી વધુ ભયાનક આશાતના શી હોઈ શકે ?

ઘોર અંધકારમાં ઝબુઝબુ થતાં ટમટમિયાની જેમ ક્યારેક ખિલાડા તથા પીપાડ ગામના શ્રાવકો અહીં આવતા અને પ્રભુપૂજાદિ કરી જતા. એટલું વળી સારૂં હતું. એમને આ ઘોર આશાતના નિવારવાની ભાવના ઘણી થતી, પણ તેઓ કંઈ કરી શકતા નહોતા. કારણ કે–જાટલોકોની વાતમાં માથું મારવાની કોઈની તાકાત નહોતી. એટલે આવી આશાતના સાંખ્યા સિવાય છૂટકો જ નહોતો.

પણ પ્રકૃતિનો નિયમ છે કે–'વદ પછી શુદ આવે જ આવે.' અહીં પણ એમ જ બન્યું. પૂજ્ય પંન્યાસ શ્રી હર્ષમુનિજી મ. એકવાર અહીં પધાર્યા. તીર્થની આ અવદશા જોઈને તેમના દિલમાં પારાવાર ખેદ થયો. તેમણે તીર્થોદ્ધારપ્રેમી શેઠ લલ્લુભાઈને ઉપદેશ આપીને આ તીર્થના ઉદ્ધાર માટે દશેક હજાર રૂપિયા અપાવ્યા. જોકે–આટલા રૂપિયાથી કાંઈ ઉદ્ધાર થાય તેમ નહોતો, તોય સમયસર આવેલા એ રૂપિયા ઘણા ઉપયોગી થઈ પડ્યા. પણ એથીય એ તીર્થની આશાતના ન જ નિવારાઈ. તે તો પૂર્વવત્ ચાલુ જ રહી. અને આથી વધુ દ્રવ્યસહાય ન મળવાથી જિનચૈત્ય વધારે જીર્ણ થતું ગયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દિવસોમાં આપણા મહાન્ ચરિત્રનાયકશ્રી કાપરડાજીથી ૭ ગાઉ દૂર આવેલા બિલાડા ગામમાં બિરાજતા હતા. ફલોધી ચોમાસું કરી, બીકાનેર-નાગોર-મેડતા-જેતારણ થઈને તેઓશ્રી બિલાડા પધાર્યા હતા.

બિલાડાના આગેવાન શ્રાવક શ્રી પનાલાલજી શરાફ વગેરેને લાગ્યું કે-પૂજ્યશ્રી એક સમર્થ શાસનનાયક મહાપુરૂષ છે. તેઓશ્રી જો આ તીર્થના ઉદ્ધારનું કાર્ય હાથમાં લે, તો જરૂર થઈ જાય.

આ વિચારથી તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા, અને સર્વ વિગતથી પૂજ્યશ્રીને વાકેફ કરીને વિનંતિ કરી કે : આપ સાહેબ અહીં પધાર્યા છો, તો એકવાર કાપરડાજી પધારો. આપના ઉપદેશથી એ તીર્થનો ઉદ્ધાર થઈ જાય તો ઘણું સારૂં. પૂ. ધર્મસૂરિ મ., પૂ. મોહનલાલજી મ., જેવા મુનિપ્રવરો અહીં પધારી ગયા છે, પણ હજુ સુધી કાંઈ બન્યું નથી. પણ હવે આપશ્રી કાપરડાજી પધારો, ઉદ્ધાર કરાવો, અને ઘોર આશાતના નિવારો.

તીર્થોદ્ધારને પોતાનું પરમધ્યેય માનનારા પૂજ્યશ્રીએ એ વાત સ્વીકારી, અને બે-ચાર દિવસ પછી કાપરડાજી પધારવાનું નક્કી કર્યું.

આ વખતે જોધપુરના વતની શ્રીકાનમલજી પટવા, શ્રી સમરથમલજી, શ્રી જાલમચંદજી વકીલ વિ. આગેવાનો પૂજ્યશ્રીના વંદનાર્થે બિલાડા આવ્યા. માર્ગમાં તેઓ શ્રી કાપરડાજીની યાત્રા તથા ત્યાં પ્રભુજીની પૂજા કરી, વરખ છાપીને આવેલા. પૂજ્યશ્રીના દર્શન-વંદન કરી, ઉપદેશ શ્રવણ કરીને તેઓ જોધપુર ગયા. આ પછી ચારેક દિવસ બાદ પૂજ્યશ્રી-સપરિવારે કાપરડાજી તરફ વિહાર કર્યો. સાથે બિલાડાના પચીસેક ગૃહસ્થો હતા. બિલાડાથી ચાર ગાઉ દૂર આવેલા 'ભાવી' ગામમાં ત્યાંના શ્રી જાવંતરાજજીએ સર્વ સમુદાયની ખૂબ અનુમોદનીય ભક્તિ કરી. ત્યાં એક દિવસ રહીને બીજે દિવસે કાપરડાજી પધાર્યા.

કાપરડાજીમાં દેરાસરની ફરતો વિશાળ ગઢ છે. અને તેમાં ચારે તરફ વિશાળ ચોક છે. મુખ્ય પ્રવેશ દ્વાર ઉત્તર દિશાનું છે. પણ તે બંધ રહેતું હતું અને પૂર્વદિશાનો દરવાજો ચાલુ હતો. તેની અંદર બન્ને બાજુ મોટા દરીખાના હતા. તેમાં એક એક ઓરડી હતી, તે પણ જીર્ણ થયેલી. ત્યાં અવગ્રહ માંગીને પૂજ્યશ્રીએ ઉતારો કર્યો. પછી સૌ દેરાસરે ગયા. નીલવર્ણા અને અદ્ભુત શ્રીસ્વયંભૂપાર્શ્વનાથના દર્શન કરીને સૌએ અનહદ આલ્હાદ અનુભવ્યો.

જમીનથી ૯૫ ફુટ ઊંચા-શિખરબંધી અને ચાર માળના આ ચતુર્મુખ પ્રાસાદમાં શ્રી સ્વયંભૂપાર્શ્વનાથની એક જ પ્રતિમા હતી. જોધપુરના ગૃહસ્થોએ ચારેક દિવસ પૂર્વે જે આંગી-પૂજા કરેલી, તે જ અત્યારે વિદ્યમાન હતી. ત્યાર પછી કોઇએ પણ ન્હવણ કે પૂજા કરેલ નહિ. દેરાસર અતિજીર્ણ બનેલું હતું. ચારે તરફ કબૂતર વિ. પંખીઓએ માળા કર્યા હતા. તેમની હગાર અને પીંછાના ઢગો સર્વત્ર પથરાયેલા હતા. એક દેરીમાં ચામુંડાજી, તથા બીજીમાં ભૈરવજી પણ પૂજ્યશ્રીએ જોયા.

આવી જીર્ણદશા તથા ઘોર આશાતના જોઈને પૂજ્યશ્રીનું હૃદય દ્રવી ઉઠ્યું. તેઓશ્રીના હૈયામાં આ તીર્થના ઉદ્ધારની ભાવના જાગી. સૌ પ્રથમ તેઓશ્રીએ બિલાડાવાળા પાસે દેરાસર તેમજ ધર્મશાળાનો કબજો લેવરાવી લીધો, નિયમિત પૂજા-સેવા પ્રવર્તાવી, અને વહીવટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા દેખરેખ માટે 'શ્રીકાપરડા તીર્થ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી'ની મંગળ સ્થાપના કરી. પાલીના શ્રીકુલચંદજી નામના એક ગૃહસ્થને પેઢીમાં મુનીમજી તરીકે રાખી લીધા. તેમણે પણ ત્યાં આવીને કાયમી પ્રભુપૂજા શરૂ કરી. ગઢના પ્રવેશદ્વારની ઓરડીઓ સાફ કરી ત્યાં–દરીખાનામાં જ પેઢીની ગાદી બીછાવી. દેરાસરનું સમારકામ શરૂ કરાવ્યું. તેઓ નીડર તથા કડક સ્વભાવના હોવાથી જાટલોકો તેમને આમ કરતાં અટકાવી ન શક્યા.

ત્યારબાદ પૂજ્યશ્રી પુનઃ બિલાડા પધાર્યા અને ત્યાંથી સોજત થઈને પાલી પધાર્યા. પાલી–શ્રીસંઘની આગ્રહપૂર્ણ વિનંતિથી સં. ૧૯૭૪ નું ચાતુર્માસ ત્યાં કરવાનું સ્વીકાર્યું. ચોમાસા પૂર્વે–ઘાણેરાવવાળા શ્રીમૂળચંદજી જાવંતરાજજી અહીં પૂજ્યશ્રીને વંદન કરવા આવ્યા, અને તેમણે વિનંતિ કરી કે: સાહેબ ! આપ અહીં પધાર્યા છો, તો મારી ભાવના છે કે–આપશ્રીની નિશ્રામાં એક અઠ્ઠાઈ મહોત્સવ તથા નવકારશી કરવાનો લાભ મને મળે.

પૂજ્યશ્રીએ ફરમાવ્યું : "તમારી ભાવના ઘણી ઉત્તમ છે. પણ શ્રીકાપરડાજીના ઉદ્ધારમાં પણ તમારે લાભ લેવાનો છે."

'સાહેબ ! આપનું વચન મારે પ્રમાણ છે. પણ મારી આ ભાવના મને પૂર્ણ કરવાની રજા આપો.'

એટલે પૂજ્યશ્રીએ સંમતિ આપતાં મૂળચંદજીએ પાલીમાં ઘણા ઉલ્લાસથી અઠ્ઠાઈ–મહોત્સવ તથા નવકારશી વિ. શાસન પ્રભાવનાના કાર્યો કર્યા. આ પ્રસંગે તેમના ભાગીદાર શ્રી જસરાજજી અનોપચંદજી, સાગરમલજી પોરવાળ તથા સલેરાજજી વિ. આવેલા. તેમણે પૂજ્યશ્રીના ઉપદેશથી કાપરડાજી માટે રૂ. સાડા ત્રણ હજાર નોંધાવ્યા. મૂળચંદજીએ સાડા સત્તરસો રૂપિયા આપ્યા. બિલાડાવાળા પનાલાલજી વગેરેએ પણ ટીપમાં સારી રકમ નોંધાવતા લગભગ છ હજારની ટીપ થઈ.

આ બાજુ–ચોમાસામાં અમદાવાદથી શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ પૂજ્યશ્રીને વાંદવા માટે આવ્યા. તેમને ઉપદેશ કરતાં તેઓએ રૂ. ૩ હજાર જીર્ણોદ્ધાર માટે આપ્યા. એટલે કુશળ સોમપુરા દ્વારા કાપરડાજીનો જીર્ણોદ્ધાર શરૂ થયો. ચારે મજલે પ્રતિમાજી સ્થાપન થઈ શકે, તે માટે પબાસણ–ગાદી વગેરે વ્યવસ્થિત કરવામાં આવ્યું.

હવે–શ્રી પનાલાલજી, શ્રી ધૂલાચંદજી રાંકા, ગજરાજજી સીંઘી, જાલમચંદજી વકીલ, વગેરે જુદા જુદા ગામોના અગ્રણી ગૃહસ્થો પાલી આવ્યા, અને પૂજ્યશ્રીને વિનંતિ કરી કે:– ચોમાસા પછી આપ સાહેબના પવિત્ર હસ્તે જ આ તીર્થની પ્રતિષ્ઠા થવી જોઈએ.

પ્રતિષ્ઠાની વાત વિચારતાં પૂજ્યશ્રીના ચિત્તમાં એવી ભાવના થઈ કે–"કાપરડાજીની ઉન્નતિ તથા પ્રસિદ્ધિ સવિશેષપણે ત્યારે જ થાય કે જ્યારે કોઈ ભાવુક આત્મા સંઘ લઈને ત્યાં જાય, અને હજારો આત્માઓ એ તીર્થની યાત્રા કરે. કારણ કે–સંઘમાં આવેલા હજારો આત્માઓના હૃદયમાં તીર્થનું જ એક ધ્યાન હોય, અને તે ધ્યાનના પ્રભાવે એ તીર્થક્ષેત્રનું માહાત્મ્ય પણ જાગૃત બને."

અને—"**यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी.**" જેવી જેની ભાવના, સિદ્ધિ પણ એને એવી મળે જ. પૂજ્યશ્રીની આ પવિત્ર ભાવના સદ્યઃ ફળી. ફલોધીવાળા શ્રાવકવર્ય શા. કિશનલાલજી સંપતલાલજી કે જેઓ પાલીમાં રહેતા હતા, તેમને કાપરડાજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થ-યાત્રાનો છ-રી પાળતો સંઘ કાઢવાનો ઉપદેશ આપતાં તેઓએ તરત જ અનેરા આનંદથી એને વધાવી લીધો. પૂજ્યશ્રીની આજ્ઞા 'તહત્તિ' કહીને સ્વીકારી લીધી.

સંઘ કાઢવા જેવી તેમની આર્થિક પરિસ્થિતિ નહોતી. આ બાબત પાલીના શેઠ શ્રી ચાંદમલજી છાજેડ પાસેથી પૂજ્યશ્રીએ જાણી. એટલે તરત જ તેઓશ્રીએ કિશનલાલજીને બોલાવીને સમજાવ્યા કે : 'ઘર બાળીને તીરથ કરવાનું'' કોણે કીધું ? 'યથાશકિત કરો 'પચ્ચક્ખાણ, એ છે જિનવરજીની આણ.' તમારી ભાવના સાચી અને પૂરેપૂરી છે, તે હું જાણું છું. પણ હવે તે યોગ્ય અવસરે જોયું જશે, હમણાં રહેવા દો.''

પણ આવેલો અવસર જવા દે તો કિશનલાલજી શાના ? તેઓ તો પોતાની સંઘ કાઢવાની ભાવનામાં મક્કમ જ રહ્યા. તેમણે પૂજ્યશ્રીને વિજ્ઞપ્તિ કરી કે-કૃપાળુ ! મારા આવા સદ્ભાગ્ય કયાંથી ? મને આવો અવસર કયારે મળશે ? આપ કૃપા કરીને મને સંમતિ આપો. ખર્ચની કોઈ ચિન્તા નથી.

તેમની પૂર્ણ ભાવના જોઈને પૂજ્યશ્રીએ અનુમતિ આપી. સંઘ કાઢવાનો મંગળ દિવસ નક્કી કરવામાં આવ્યો.

ચાતુર્માસ-પૂર્ણાહુતિના દિને-કાર્તિકી પૂનમે પૂજ્યશ્રી સંઘસમેત ગામ બહાર તળાવ પાસે આવેલી ટેકરી પર શ્રીસિદ્ધગિરિજી જુહારવા પધાર્યા. તે દિવસે ત્યાં બિરાજીને બીજે દિવસે ત્યાંથી ગુંદોજ પધાર્યા.

અહીં પૂજ્યશ્રીના લઘુ ગુરૂબંધુ વયોવૃદ્ધ ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી મહારાજને ન્યુમોનિયા થઈ ગયો. ઘણા ઔષધોપચાર કરવા છતાંય તેમની તબિયત સારી ન થઈ, અને તેઓ ત્યાં સુંદર નિર્યામણા સાથે કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીને એક અનુભવી અને આખા ગચ્છને સાચવનાર, પ્રેમાળ ગુરૂબંધુનો વિયોગ થયો. વિયોગ હંમેશાં દુઃખજનક તો હોય જ છે, પણ શાસ્ત્રવારિધિના મરજીવાઓને-સુજ્ઞ પુરુષોને એ દુઃખ વૈરાગ્યપોષક અને ત્યાગવર્ધક જ બને છે.

ગુંદોજથી વિહાર કરીને ખાંડ ગામે પધાર્યા. અહીંના સંઘમાં કુસંપ હતો, તે ઉપદેશ દ્વારા દૂર કરાવ્યો. તેના હર્ષમાં શ્રીસંઘે મહોત્સવ તથા સ્વામિવાત્સલ્યો કર્યા.

અહીં પૂજ્યશ્રીની તબિયત નરમ થઈ. તાવ-શરદીનો ઉપદ્રવ થઈ આવ્યો. અમદાવાદથી શેઠ માકુભાઈ, શેઠ પ્રતાપશી મોહોલાલભાઈ વિ. ડો. છાયાને લઈને આવ્યા. ડો. દ્વારા યોગ્ય ઉપચાર કરાવીને તેઓએ અમદાવાદ પધારવાની વિનંતિ પૂજ્યશ્રીને કરી. શેઠ અંબાલાલ સારાભાઈનો પણ આવવા માટે તાર આવેલ, પણ પૂજ્યશ્રીએ ના પડાવી.

આ વાતની જાણ બિલાડાવાળા શ્રીપનાલાલજીગજરાજજી વગેરેને થતાં જ તેઓ તત્કાલ ત્યાં આવી પહોંચ્યા અને પૂજ્યશ્રીને હાલ ગુજરાત તરફ ન જવા, અને કાપરડાજીની પ્રતિષ્ઠા કરાવવા માટે વિનવવા લાગ્યા.

બરાબર આ જ વખતે પાલડીવાળા સંઘવી શેઠશ્રી ગુલાબચંદજી ત્યાં આવેલા. તેમની ભાવના હતી કે-જેસલમેરતીર્થનો સંઘ કાઢ્યો, તેના ઉદ્યાપન નિમિત્તે પાલડીમાં પૂજ્યશ્રીમાન્‌ની નિશ્રામાં મહોત્સવ કરાવવો. તેમણે આ બધી વાત જાણી. જોધપુર સ્ટેટમાં વિખ્યાત ગણાતા શ્રીપનાલાલજી (બિલાડાવાળા) તથા શ્રી ચાંદમલજી (પાલીવાળા) વગેરે 'પૂજ્યશ્રી પ્રતિષ્ઠા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાપરડાજી નહીં પધારે' એ વિચારથી ત્યાં ગળગળા થઈ ગયા હતા. તેમની આંખો આંસુભીની થઈ ગઈ હતી.

એ જોઈને ગુલાબચંદજીએ પૂજ્યશ્રીને વિંનતિ કરી કેઃ સાહેબ ! કાપરડાજીની પ્રતિષ્ઠા તો આપે જ કરાવવી જોઈએ.

ત્યારે પૂજ્યશ્રીએ ફરમાવ્યુંઃ "જો તમે પ્રતિષ્ઠા કરાવતા હો તો હું જરૂર વિચાર કરૂં."

તરતજ તેઓએ ઉલ્લાસભેર કહ્યુંઃ સાહેબ ! આપનું વચન મારે શિરોધાર્ય છે. આપના શુભાશીર્વાદથી પ્રતિષ્ઠા મારે જ કરાવવાની છે.

'પણ ગુલાબચંદજી !' પૂજ્યશ્રીએ તેમને ફરી કહ્યુંઃ 'કાપરડા ગામમાં મીઠું પણ નથી મળતું, અને પ્રતિષ્ઠામાં ૧૦-૧૨ હજાર માણસો થવાના. ૧૨ દિવસનો મહોત્સવ કરવાનો, અને હંમેશાં બે ટંક સંઘજમણ કરવા પડે. વળી-ચાર મજલે પ્રતિમાજી પધરાવવાના છે, તે પણ લાવવાના છે.'

જવાબમાં ગુલાબચંદજી કહેઃ 'સાહેબ ! ચોવીશે ટંકની નવકારશીનો તથા પ્રતિષ્ઠાનો તમામ આદેશ શ્રીસંઘ મને આપે, એવી મારી વિનંતિ છે.'

એટલે તે જ વખતે શ્રીસંઘે તેમને પ્રતિષ્ઠાનો આદેશ આપ્યો, અને પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ પ્રતિષ્ઠામાં પધારવાનું સ્વીકાર્યું, સૌના આનંદનો અવધિ ન રહ્યો.

સંઘવી શ્રી ગુલાબચંદજીની ભવ્ય ભાવનાને-અનુપમ શ્રદ્ધાને સારોયે સંઘ અનુમોદી રહ્યો;-ધન્ય ભાવના ! ધન્ય શ્રદ્ધા ! ધન્ય ભક્તિ !

હવે પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યક્રમની વિચારણા ચાલી. સં. ૧૯૭૫ના મહાશુદિ'૫'નો મંગલકારી દિવસ પ્રતિષ્ઠાદિન તરીકે નિયત કરવામાં આવ્યો. બીજાં પ્રતિમાજીની તપાસ શરૂ કરાઇ. પૂજ્યશ્રી સાદડી પધાર્યા. ત્યાંથી પ્રતિમાજી જોવા માટે રાણકપુર પધાર્યા. પણ ત્યાંથી પ્રતિમાજી લેવાનું ઠીક ન લાગ્યું.

અમદાવાદ-શેખના પાડાના શ્રી બાલાભાઇએ પૂજ્યશ્રીની પ્રેરણાથી પોતાના જિનાલયમાંથી અમુક પ્રતિમાજી આપ્યા. બીજાં પ્રતિમાજી પાનસરથી લાવવામાં આવ્યા. પાલીના નવલખાના દેરાસરમાં સંપ્રતિમહારાજાના સમયની શ્રીશાન્તિનાથપ્રભુની એક નયનરમ્ય મૂર્તિ હતી. તે મૂર્તિ દક્ષિણ તરફના એક ગૃહસ્થ પાંચ હજાર રૂ. આપીને પણ લઇ જવા ઇચ્છતા હતા, પણ મારવાડના આ મહાતીર્થનો ઉદ્ધાર થતો હોવાથી શ્રીસંઘે પૂજ્યશ્રીના સદુપદેશથી એ પ્રતિમાજી ત્યાં-કાપરડાજી માટે આપ્યા. (અલૌકિક અને પ્રભાવશાળી આ બિંબ નીચેના મજલામાં પૂર્વસન્મુખ મૂળનાયક તરીકે (ચૌમુખજીમાં) બિરાજમાન છે.) આમ કુલ ૧૭ મૂર્તિઓ લાવવામાં આવી.

પૂજ્યશ્રી સાદડીથી ખારચી વગેરે સ્થળોએ થઈને સોજત પધાર્યા. આ બીજુ-પાલીથી શ્રીકીશનલાલજી તરફથી કાપરડાજી-તીર્થયાત્રા માટે છ 'રી' પાળતા સંઘનું મંગળ પ્રયાણ થયું. સંઘ સોજત આવી પહોંચતાં, ત્યાંથી પૂજ્યશ્રી-સપરિવાર સંઘ સાથે બિલાડા પધાર્યા.

દેરાસરમાં રહેલા ચામુંડાજી તથા ભૈરવજીને ત્યાંથી સ્થાનાન્તર કરાવવાનું શ્રીપનાલાલજીએ માથે લીધેલું. પણ તે કાર્ય હજી થયું નહોતું. હવે તે કાર્ય પૂજ્યશ્રી ત્યાં પધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી થાય, તે યોગ્ય ન જણાયાથી પૂજ્યશ્રી બિલાડામાં ત્રણ દિવસ વધુ રોકાયા. તે દરમિયાન પનાલાલજીએ કાપરડાજી જઈને ચામુંડાજીને સ્થાનાંતર કરાવવાનું એક કાર્ય પતાવી દીધું. આ બહુ જ મુશ્કેલ કામ હતું. જાટ લોકોની સામે બાથ ભીડવાની હતી. તેમના ભારે વિરોધ અને તોફાન વચ્ચે પણ અદ્ભુત બાહોશીથી પનાલાલજીએ આ કાર્ય પાર પાડ્યું. ત્યારપછી પૂજ્યશ્રી તથા શ્રીસંઘ કાપરડાજી પધાર્યા. તીર્થયાત્રા કર્યા બાદ પૂજ્યશ્રીના શુભહસ્તે શ્રી-કિશનલાલજીને તીર્થમાળારોપણ-વિધિ થયો, અને તે પછી સંઘ પાછો પાલી સુખરૂપ પહોંચી ગયો. શ્રીકિશનલાલજીની નિર્મળ ભાવના આજે પૂર્ણ થઈ.

શુદ્ધ મનની શુભભાવનાનું શુભફળ પણ જરૂર મળે છે. કિશનલાલજીની અતિઉચ્ચ ભાવનાનું શુભ પરિણામ અતિ-ઉત્તમ આવ્યું. બન્યું એવું કે તેમના સસરાને સંતાનમાં માત્ર એક પુત્રી જ હતી. તેના લગ્ન તેમની (કિશનલાલજીની) સાથે થયેલા. તેઓ (કિશનલાલના સસરા) સિંધ-હૈદ્રાબાદમાં વ્યાપારાર્થે વસતા હતા. પાંચ લાખ રૂા. ની મિલકત તેમની પાસે હતી. તે મિલકત કોને આપવી ? એ વિચારથી તેઓ પોતાના ગોત્રના છોકરાઓને ગોદે લેવા માટે પોતાને ત્યાં રાખતા, પણ મન ન માનતાં તેઓ તેમને ગોદે ન લેતા. એક છોકરાના નામે તો વીલ પણ તૈયાર કરેલું, પણ પછી તે રદ કર્યું. છેવટે તેમને લાગ્યું કે-હવે મારો મૃત્યુ-કાળ નજીક આવે છે, ત્યારે તેમણે પોતાની પુત્રી સુંદરબાઈ (કિશનલાલજીની પત્ની)ના નામે એ સઘળી મિલકત કરી દીધી. વીલ પણ કરી દીધું. ત્યારપછી થોડા વખતમાં તેઓ સ્વર્ગ-સ્થ થયા પછી એ પાંચ લાખની મિલકત કિશનલાલજીને મળી. આ પ્રસંગે કિશનલાલજીએ નિરભિમાનપણે અને ચઢતે પરિણામે કહ્યું કે "ધર્મ અને ગુરૂદેવ પ્રત્યેની શ્રદ્ધાનો જ આ ઉત્તમ પ્રભાવ છે." લોકોએ પણ તેમની ઉચ્ચ ભાવનાને અનુમોદી. તેમના ભાગ્યને અભિનંદ્યું.

અહીં-કાપરડાજીમાં પ્રતિષ્ઠાની તૈયારીઓ તડામાર થવા લાગી-પ્રતિષ્ઠા-પ્રસંગની શ્રીસંઘ-નિમંત્રણ પત્રિકાઓ પ્રાંતેપ્રાંત મોકલવામાં આવી. પ્રતિષ્ઠાનો લાભ લેવા આવેલા હજારો ભાવિકોને નાના મોટા તંબૂ-રાવટીઓ તથા શમિયાણાઓમાં ઉતારો આપવામાં આવ્યો.

આખરે-પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો. શ્રીબૃહન્નંદ્યાવર્તપૂજન વગેરે મંગળ વિધિવિધાનો અને પૂજા-સંઘજમણ આદિ મંગળ કાર્યોમાં મહોત્સવના દિવસો પસાર થવા લાગ્યા. મેરૂપર્વત અને સમવસરણની મનોહર રચના કરવામાં આવી હતી.

જાટ લોકોના રોષનો પાર ન હતો, તેઓ ટોળે વળીને હાથમાં હથિયારો લઈને તોફાન મચાવવા-નુકશાન કરવા માટે આમતેમ ફરવા લાગ્યા. રંગમાં ભંગ પાડવાની તેમની બુરી મુરાદ હતી. શ્રીપનાલાલજી વિ. આગેવાનોને તથા પૂજ્યશ્રીને હેરાન કરવા તેઓ તૈયાર થઈ ગયા હતા. આથી પૂજ્યશ્રીને અહીં પ્રાણાન્ત કષ્ટમાં મૂકાવું પડેલું. પણ અહીં બિલાડાથી શસ્ત્રસજ્જ પોલીસ લાવીને ગોઠવેલી હતી, અને દેરાસર તથા ગઢની ચોપાસ સખ્ત જાપ્તો રાખવામાં આવ્યો હતો. વળી બિલાડાના હાકેમ શ્રી બહાદરમલજી, તથા ફોજદાર શ્રી જેઠ-મલજી પણ મહોત્સવ દરમ્યાન હાજર રહેલા. એટલે તેઓ કાંઈ કરી નહોતા શકતા.

હજી દેરાસરમાંથી ભૈરવજીનું સ્થાનાંતર કરાયું નહોતું. ઓચ્છવ દરમ્યાન નવગ્રહાદિ પૂજનનો વિધિ ચાલુ હતો, ત્યારે એક માણસ તે ભૈરવ પાસે પોતાના છોકરાના વાળ ઉતરા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વવા આવ્યો. એ જોઈને પૂજ્યશ્રીએ શ્રાવકોને કહ્યું: "જ્યારે પ્રતિષ્ઠાની આવી વિશુદ્ધ અને મંગળ ક્રિયાઓ ચાલી રહી છે, ત્યારે પણ આવી આશાતના થઈ રહી છે, તો પ્રતિષ્ઠા પછી સૌ સૌના સ્થાને જશે ત્યારે શું નહિ થાય ? પછી તો આ જાટ લોકો પાછા ભૈરવજીને પૂર્વની જેમ જ દારૂ ચડાવશે. માટે આ આશાતનાનું નિવારણ થવું જ જોઈએ."

આથી–જાટ લોકોનો ઉગ્ર વિરોધ તથા ક્રૂર રોષ હોવા છતાંય રાતોરાત તે ભૈરવજીને ત્યાંથી લઈને બાજુના ઉપાશ્રયમાં પૂર્વસ્થિત ભૈરવની સાથે પધરાવવામાં આવ્યા. આમ થવાથી જાટલોકોની ધમાલ દ્વિગુણિત બની. પણ પૂરતા સંરક્ષણ અને સખ્ત જાપ્તાને લીધે તેઓ એક પણ માણસને કે દેરાસરને કાંઈ નુકશાન ન કરી શક્યા. જોકે– ચામુંડાજીના સ્થાનાન્તર પછી જાટ લોકોએ પનાલાલજી ઉપર ફોજદારી કેસ માંડેલો. એ કેસ ત્યાં તંબૂમાં બિલાડાના હાકેમ તથા ફોજદાર સમક્ષ ચાલેલો. પણ એ કેસમાં તેઓ ફાવ્યા નહિ. હાકેમ સાહેબે જણાવ્યું કે–" જૈનોના કબજાના અને જૈનોને માન્ય ચામુંડામાતા કે ભૈરવજીને જૈનો ફેરવી શકે છે, બીજે સ્થળે પધરાવી શકે છે." આથી જાટલોકોના હાથ હેઠા પડ્યા.

સં. ૧૯૭૫ના મહાશુદિ પાંચમના પવિત્ર દિવસે ઘણા જ ઉત્સાહ અને ઉલ્લાસથી સંપૂર્ણ વિધિવિધાન સાથે પ્રતિષ્ઠા કરવામાં આવી. ચારે મજલે થઈને કુલ ૧૮ પ્રભુજી, તથા શ્રીપાર્શ્વયક્ષ, પદ્માવતી માતા, વગેરેની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી. પ્રતિષ્ઠા પછીનું– મૂળનાયક શ્રીસ્વયંભૂપાર્શ્વનાથ ભગવાનનું દિવ્ય તેજ હજારો મન–નયનોને આકર્ષી અને આંજી રહ્યું.

પ્રતિષ્ઠાના તમામ ખર્ચનો મહાન્ લાભ સંઘવીશ્રી અમીચંદજી તથા ગુલાબચંદજીએ લીધો. ૨૩ ટંકની નવકારશી તેમના તરફથી થઈ. તેમણે ૨૪ ટંકનો આદેશ લીધેલો, પણ પીપાડના એક સ્થાનકમાર્ગી ભાઈને લાભ લેવાની ખૂબ જ ભાવના થતાં તેમની વિનંતિથી તથા પૂજ્યશ્રીની પ્રેરણાથી તેઓએ એક ટંકની નવકારશીનો લાભ તેમને આપ્યો. બાકી ૨૩ ટંકની નવકારશીઓ તેમણે જ કરી.

શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈએ અહીં રૂ. ૩૦ હજાર ખર્ચ્યા. મોટા–ચબૂતરાનો જીર્ણોદ્ધાર, એક નવો બંગલો અને એક નવી ધર્મશાળા, તેમણે કરાવ્યા. (અને લગભગ પ્રતિષ્ઠા પછી) ૨૦ વર્ષ પર્યન્ત વરસગાંઠના મેળા–મહોત્સવનો લાભ પણ તેઓએ જ લીધો.)

શ્રીપનાલાલજી શરાફ, જાલમચંદજી વકીલ વગેરે અગ્રણીઓનો તન–મન–ધનનો સહકાર સંપૂર્ણપણે હતો.

અપૂર્વ ઉમંગ સહ પ્રતિષ્ઠા નિર્વિઘ્નપણે થઈ. પ્રતિષ્ઠાના દિવસે અષ્ટોત્તરી મહાસ્નાત્ર ભણાઈ ગયું. સ્વામીવાત્સલ્ય આનંદથી પતી ગયું. કુંભ–નવગ્રહાદિકનો વિસર્જન વિધિ વિ. તમામ કાર્ય શાન્તિથી થયા, અને લોકો પણ હવે વિખરાવા લાગ્યા. એ વખતે "પાસેના ભાવી ગામમાં ૪૦૦ જાટ લોકો ભેગા થયા છે, અને હથિયારોથી સજ્જ બનીને અહીં–કાપરડાજીમાં આવીને તોફાન મચાવવાના છે. દેરાસરને પણ નુકશાન કરવાના છે. અને આ તો હલકી પ્રજા કહેવાય, શું કરે તે કાંઈ કહેવાય નહિ." આ રીતના ચોક્કસ સમાચાર આવ્યા. એટલે તરત જ ગઢ બહારના તમામ તંબૂ–રાવટી–શમિયાણાઓ સંકેલી લેવામાં આવ્યા, અને ગઢ બહાર રહેલા તમામ લોકો, તથા પૂજ્યશ્રી આદિ મુનિવરો પણ ગઢમાં આવી ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિલાડાથી શ્રીપનાલાલજીના કુટુંબીઓએ માણસ મોકલીને કહેવરાવ્યું : જાટલોકોના ભયંકર તોફાનમાં તમારે ત્યાં રહેવાની જરૂર નથી. તમે જલદી અહીં આવી જાવ.

જવાબમાં તેમણે કહેવરાવ્યું કે : "મારો દેહ પડે તો ભલે પડે, પણ અત્યારે હું બિલાડા નહીં જ આવું. પૂ. આચાર્ય મહારાજાદિને આવા સંયોગોમાં અહીં મૂકીને મારાથી અવાય જ નહિ."

પૂજ્યશ્રીએ પનાલાલજીને કહ્યું : "તમે જરાય ચિંતા કરશો નહિ. કાંઈ થવાનું નથી. પણ તમારે તમારા રક્ષણ માટેના સાધનો અહીં તૈયાર રાખવા ઉપયોગ રાખવો જોઈએ."

'સાહેબ !' પનાલાલજીએ કહ્યું-'હમણાં જ તમામ સાધનો અહીં આવી જવાના જ છે.' અને થોડીવારમાં તો બિલાડાના એક 'રાવણ' નામે ગૃહસ્થ તલવાર-ઢાલ-બંદૂક વિ. હથિયારો લઈને ત્યાં આવી પહોંચ્યા.

કાપરડાજીથી સાત ગાઉ દૂર, 'બિલાડા'માં તેઓ કઈ રીતે ગયા, અને તમામ સાધનો લઈને તે જ વખતે પાછા કાપરડાજી કઈ રીતે આવ્યા ? એ પ્રશ્નનો ઉકેલ તો તેઓ જ કરી શકે.

ત્યાર પછી હથિયારો લઇને પનાલાલજી વિગેરે ગઢ ઉપર ચડી ગયા. અને થોડીવારમાં તો જાટલોકોના હથિયારબંધ ટોળાંઓ હોકારા-પડકારા કરતા આવી પહોંચ્યા.

સાંજનો સમય હતો. અંધકાર સર્વત્ર વ્યાપી રહ્યો હતો. કાચાપોચાની છાતી બેસી જાય, એવો આ દેખાવ હતો. ગઢના દ્વાર બંધ હોવાથી જાટલોકો ગઢની ચોતરફ ઘેરો નાખીને પથરાઈ ગયા. ગઢ ઉપર તથા નીચે બન્ને પક્ષવાળાઓ બંદૂકના ભડાકાઓ કરવા લાગ્યા.

આ તરફ આપણા પનાલાલજી વિ.એ અગમચેતી વાપરીને અગાઉથી જ એક બાહોશ માણસને જોધપુર-ના. મહારાજા પાસે રક્ષણ આપવા માટેની વિનંતિ કરવા મોકલેલો. એટલે ત્યાં શ્રીજાલમચંદજી વકીલના પ્રયાસથી ૪૫ ઉંટસ્વાર પોલીસ તત્કાલ-રાતોરાત કાપરડાજી આવી પહોંચી. આવતાંવેંત જ તે હથિયાર ચલાવવા લાગી, તોફાની જાટલોકોની ધરપકડ શરૂ કરી, અને તેમના મચરકા (જામીન) પણ લેવા માંડી. જાટો પણ પોલીસને જોઇને આમતેમ નાસભાગ કરવા માંડ્યા. થોડીવારમાં તો ત્યાં સંપૂર્ણ શાન્તિ સ્થપાઈ ગઈ. જાણે કાંઈ બન્યું જ નહોતું. કોઈ માણસને કે દેરાસરને અંશમાત્ર પણ નુકશાન થયું નહિ, અને દેવ-ગુરુ-ધર્મના પ્રબળ પુણ્યપ્રભાવનો જયજયકાર વર્તાયો. બીજે દિવસે દ્વારોદ્‌ઘાટન વિધિ પણ અનેરા ઉલ્લાસથી થયો.

પૂજ્યશ્રીમાનના અંતરમાં હર્ષનો મહાસાગર ઊછળી રહ્યો. તેઓશ્રીના પુનિત હસ્તે આજે એક મહાન્ તીર્થની પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી. તેઓશ્રીના ઉપદેશ, પ્રેરણા અને પ્રાણાન્ત કષ્ટ સહીને પણ કરેલા આશાતના નિવારણના પ્રયાસો આજે ફળદ્રૂપ બન્યા. ઉદ્ધરવા ધારેલા અનેક મહાતીર્થો પૈકીના એક મહાતીર્થનો સાંગોપાંગ ઉદ્ધાર આજે તેઓશ્રીના પવિત્ર હસ્તે થયો.

શરીર પ્રત્યે કેળવેલી સંપૂર્ણ નિર્મોહ દશાને લીધે જ આ તીર્થનો ઉદ્ધાર તેઓશ્રી કરી શક્યા. કારણકે-આ તીર્થોદ્ધારમાં સહન કરેલું પ્રાણાન્ત કષ્ટ તેઓશ્રીએ પોતાના જીવનમાં આ પૂર્વે કે આ પછી કદી અનુભવ્યું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાટલોકોએ ઘણી ધમાલ કરી છતાં તેમની કારી ન ફાવવાથી છેવટે તેમણે જોધપુર દરબારી કોર્ટમાં દાવો માંડ્યો. જૈનો વિરુદ્ધ કેસ ચાલ્યો. જૈનો તરફથી જોધપુરના વિખ્યાત વકીલ શ્રીજાલમચંદજી વગેરે-કે જેઓ પૂજ્યશ્રીના અનન્ય ભક્ત હતા, તેઓ ઊભા રહ્યા. જાટલોકો પુરવાર ન કરી શક્યા કે-'કાપરડાનું મંદિર એ જૈનેતર મંદિર હતું અને છે !' એટલે ન્યાયાધીશે જજમેન્ટ આપતાં જણાવ્યું કે-"આ (કાપરડાનું) જૈનોનું જ મંદિર છે, અને ચામુંડા માતા તથા ભેરવજી પણ જૈનોના જ દેવ છે, એમાં કોઈ સંદેહ નથી. અને તેથી હવે બીજા કોઈને પણ આ મંદિરમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી."

આથી જાટલોકોનું જૂઠાણું જગજાહેર થયું. નવોદ્ધૃત મહાતીર્થના મહિમાનો તથા પૂજ્યશ્રીના અખંડ તપસ્તેજનો પ્રભાવ સૌને પ્રત્યક્ષ જોવા મળ્યો.

ઊકેશગચ્છીય મુનિવર શ્રી જ્ઞાનસુંદરજી મ. લખે છે કે :—

"जीर्णोद्धारका कार्य प्रारम्भ हो गया था परंतु अधूरा काम होने से पहले का सब किया कराया जीर्णोद्धार भी सफाया होने लगा । टीपें इत्यादि टूटने लगी और यह जीर्ण मन्दिर गिरने की हालत में हो गया । उस समय कुदरत ने एक व्यक्ति के हृदय-में जीर्णोद्धार करने की भावना पुनः उत्पन्न की : यह व्यक्ति थी जैन शासन के उज्ज्वल सितारे तीर्थोद्धारक प्रबलप्रतापी जैनाचार्य श्री विजयनेमिसूरीश्वरजी महाराज । आपकी शुभ दृष्टि इस तीर्थकी ओर हुई । जब आपने स्वयं पधार कर इस मन्दिर को देखा तो आपके रोमांच खड़े हो गये । सहसा आपके अन्तःकरण से यह ध्वनि प्रस्फुटित हुई-हाय, हमारे तीर्थोंकी आज यह दशा ! आपने मन ही मन दृढ़ संकल्प किया कि बिना इस तीर्थका जीर्णोद्धार कराये मैं गुजरात में प्रवेश नहीं करूँगा । दृढप्रतिज्ञ आचार्यश्रीजी अपने वचन पर तुले रहे । यों तो आपने और भी कई तीर्थों का जीर्णोद्धार करवाया था परंतु वहां तो सब साधनों आपको अनुकूल थे । द्रव्य सहायकों की भी पुष्कलता थी । जिससे उन तीर्थों का जीर्णोद्धार सानन्द समाप्त हुआ था, परन्तु यहां का वातावरण तो कुछ और ही था । जीर्णोद्धार के साधनों को यहाँ जुटाना जरा टेढो खीर था । कार्यकर्ताओं की शिथिलता, द्रव्य का अभाव, जैनियोंकी बस्ती का उस ग्राममें कम होना आदि कई बाधाएं उपस्थित थीं । दशा यहाँ तक सोचनीय थी कि आपके ठहरने के लिये भी कोई स्थान नहीं था । यहाँ तक कि आपको कईवार तम्बू और साईवानमें ही रहने को स्थान मिला । यह मन्दिर जैनेतर जनता के हस्तगत होनेवाला था । आचार्यश्री की पक्की लगन को देखकर उनके जीमें यह विश्वास हो गया कि अब यहाँ का जीर्णोद्धार अवश्य हो के रहेगा । कापरडाजी को आसपासकी जैनेतर जनताने इनके विपक्षमें आन्दोलन करने के लिये अपना जोरदार संगठन किया । सिवाय आचार्यश्री की शक्तिके और किसकी सामर्थ्य थी कि उनके समक्ष ठहर सके । विपक्षियोंने अधिक विघ्न उपस्थित किये । वादानुवाद इतना बढ़ गया कि अन्तमें इसका एक मुकदमा चला । जिनकी कार्यवाही जोधपुरकी अदालतमें होनी प्रारंभ हुई । जोधपुरके जैन वकीलोंने उस समय जी जान से सहायता दी । उपद्रवियों का इतना हौसला बढ़ गया कि यहाँ कुछ दिनों के लिये तथा शान्तिरक्षा के लिये पुलिस भी रखनी पड़ी ।

---

१. प्राचीन तीर्थ श्री कापरडाजी का सचित्र इतिहास पृष्ठ ५०,-कर्ता-ज्ञानसुन्दरजी ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्तमें आचार्यश्री के तपतेजके प्रतापसे सत्य ही की विजय हुई। न्यायाधीशने प्रकट किया कि "इसमें कोई सन्देह नहीं कि यह जैनियों का ही मन्दिर है। दूसरे किसी को भी इसमें हस्तक्षेप करने का किसी भी प्रकार का अधिकार नहीं है।"

वि. सं. १९७५ का माघ शुक्ला ५ को (वसंतपंचमी) शुभ मुहूर्त और शुभलग्नमें आचार्यश्रीके वासक्षेपपूर्वक मूलनायक श्री स्वयंभू पार्श्वनाथ भगवान की मूर्ति (नीलवर्ण) जो पहले से ही बिराजमान थी और १७ बिम्ब आचार्यश्री की अनुग्रह कृपासे खंभात या अहमदाबाद और पालीसे मंगवाए गये थे, इस प्रकार १८ मूर्तियों (चार मंजिलोंमें १६ तथा मूल गभारे की दो ताकोंमें २) की बड़ी समारोह से प्रतिष्ठा करवाई गई। महोत्सव का वर्णन अकथनीय है।

इस पवित्र तीर्थ के जीर्णोद्धार व पुनः प्रतिष्ठा के कार्यके नायक तो तीर्थोद्धारक जैनाचार्य श्री श्री १००८ श्री विजयनेमिसूरीश्वरजी हैं। आपश्रीने अनेक कठिनाईयों का सामना करते हुए इस कार्य के लिये बद्धपरिकर हो पूर्णरूपसे प्रेरणा और प्रयत्न कर आशातीत सफलता प्राप्त की। तीर्थके आधुनिक अभ्युदयका प्राथमिक श्रेय आपश्री को ही है।"

જય કાપરડા ! જય સ્વયંભૂ પાર્શ્વનાથ ! જય શાસનસમ્રાટ્ !

---

[૪૦]

## માલવીયાજીના ગુરુજી

શ્રી કાપરડા તીર્થના ઉદ્ધાર અને તેની પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્યશ્રીએ ઘાણેરાવના વતની શ્રી કિશનલાલ નામક એક ભાઈને દીક્ષા આપી, તેમનું નામ મુનિશ્રી કમળવિજયજી રાખીને પોતાના શિષ્ય મુનિશ્રી રૂપવિજયજીના શિષ્ય કર્યા.

ત્યારબાદ ત્યાંથી વિહાર કરી પાલડી પધાર્યા. અહીં શ્રી અમીચંદજી–ગુલાબચંદજી સંઘવીએ પોતાની ભાવના પ્રમાણે મહોત્સવ–સ્વામીવાત્સલ્યાદિ કાર્યો કર્યા.

પાલડીથી આબુતીર્થ થઈને પાલનપુર પધાર્યા. અહીં શેઠશ્રી વેણીચંદ સુરચંદ આદિ વંદનાર્થે આવ્યા.

પાલનપુરથી અનુક્રમે કલોલ પધારતાં ત્યાં શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈ વ. વંદન કરવા આવ્યા. આ વખતે શેઠશ્રી સારાભાઈએ સવિનય પૂછ્યું કે : સાહેબ ! આપશ્રી મેવાડ-મારવાડની ભૂમિને પવિત્ર કરી આવ્યા, તો શ્રી કેસરીયાજી તીર્થે પણ પધાર્યા હશો ?

પૂજ્યશ્રીએ કહ્યું : તું સંઘ કાઢ, અને સંઘ સાથે અમને શ્રી કેસરીયાજીની યાત્રા કરાવ.

આ સાંભળીને સારાભાઈએ શુકનની ગાંઠ વાળતા કહ્યું : કૃપાળુ ! આપનુ વચન મારે 'તહત્તિ' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલોલથી શેરીસા-સાબરમતી થઈને શહેરમાં-પાંજરાપોળે મહાન્ આડંબર સાથે પૂજ્યશ્રીએ પ્રવેશ કર્યો. દર્શનાર્થીઓનો ઉલ્લાસ અદમ્ય હતો. શ્રીસંઘની વિજ્ઞપ્તિથી સં. ૧૯૭૫નું આ ચોમાસું ક્ષેત્રસ્પર્શનાએ અમદાવાદમાં કરવાની જય બોલાવી.

આ ચોમાસામાં શેઠશ્રી દલપતભાઇ મગનભાઈના ધર્મપત્ની શ્રીલક્ષ્મીબાઇએ પૂજ્યશ્રીની પુનિત નિશ્રામાં બહારની વાડીમાં શ્રીપંચમંગલમહાશ્રુતસ્કંધઉપધાનતપની આરાધના દશેરાથી શરૂ કરાવી. એમાં અમદાવાદના અગ્રણીઓ સહિત ૭૫ પુરૂષો તથા બીજાં બહેનો મળીને કુલ ૪૫૦ લગભગ આરાધકો જોડાયા.

તળાજામાં શ્રીપાર્શ્વનાથપ્રભુની મૂર્તિ નીકળેલી. તેને માટે તાલધ્વજગિરિ ઉપર નૂતન દેરાસર બંધાવી તેમાં પ્રભુને પધરાવવાની ભાવના ત્યાંના સંઘને થતાં ત્યાંના આગેવાનો -શ્રી કેશવજી ઝૂંઝાભાઈ વગેરે અમદાવાદ-પૂજ્યશ્રી પાસે આવ્યા. અને પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં એ ભાવના જાહેર કરી. પૂજ્યશ્રીએ શ્રીલક્ષ્મીબાઇને (સ્વ. શેઠ દલપતભાઇ મગનભાઈ-હઠીસીંગ કેસરીસીંગવાળાના ધર્મપત્ની) ઉપદેશ આપતાં તેઓએ એ વાત સહર્ષ માન્ય કરી. અને ૧૫ હજાર રૂપિયામાં શ્રીસંઘ સમક્ષ તેમને દેરાસરનો આદેશ આપવામાં આવ્યો.

ચોમાસું પૂર્ણ થયે સં. ૧૯૭૬માં પાંચ ભાઈઓને દીક્ષા આપી. ગારિયાધારના બે ભાઈઓ શ્રી હેમચંદભાઈ તથા જેશીંગભાઈ,-પૂજ્યશ્રીના સંસારપક્ષે સગા ભાણેજ હતા, તેમને તેમજ એક કપડવંજના, એક ઘાણેરાવના, અને એક બદરખાના—એમ કુલ ૫ ભાઈઓને દીક્ષા આપી. પાંચેયના નામો અનુક્રમે-મુનિશ્રી હિરણ્યવિજયજી, ગીર્વાણવિજયજી, વિદ્યાવિજયજી, માનવિજયજી, તથા ધર્મવિજય મ. રાખીને ચારને સ્વશિષ્ય બનાવ્યા અને વિદ્યાવિજયજીને મુનિશ્રી નંદનવિજયજી મ.ના શિષ્ય કર્યા.

ઉપધાનતપના ઉદ્યાપનસ્વરૂપ માળારોપણ મહોત્સવ ઉજવાયા પછી શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈને શ્રીકેસરીયાજીતીર્થનો છ 'રી' પાળતો સંઘ કાઢવાની ભાવના થઇ. તેઓએ એ માટે શ્રીનગરશેઠ પાસે સંઘ સમક્ષ આદેશ લીધો, અને પૂજ્યશ્રીને સંઘમાં પધારવા વિનંતિ કરી. ચાતુર્માસ પૂર્વે કલોલમાં પૂજ્યશ્રીએ તેમને કહેલાં વચનો આજે ફલસ્વરૂપે પરિણમ્યા હતા.

પોષવદમાં પૂજ્યશ્રીની નિશ્રામાં એ છ 'રી' પાળતા સંઘે યાત્રાર્થે પ્રયાણ કર્યું. અમદાવાદથી ચાંદખેડા વિ. થઈને સંઘ શ્રીશેરીસાતીર્થે આવ્યો. અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈ તથા શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈએ મળીને આ તીર્થમાં નૂતન જિનાલય બંધાવવાનો વિચાર નક્કી કર્યો. ત્યારબાદ જમીન નક્કી કરીને શુભમુહૂર્તે જિનાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. પાછળથી સારાભાઈને સુવાંગ જિનાલય પોતાના તરફથી જ બંધાવવાની શુભભાવના થતાં તેમણે એ જિનાલય પોતાના તરફથી બંધાવ્યું, અને એમાં લગભગ ૩॥ લાખ રૂપિયા ખર્ચ્યા.

શેરીસાથી કલોલ-પાનસર વગેરે ગામોને પાવન કરતો કરતો સંઘ મહેસાણા આવ્યો. અહીંયા મહા સુદ ચોથે ૪ નવદીક્ષિત મુનિવરોને વડીદીક્ષા આપી. મુનિશ્રી હિરણ્યવિજયજી મ.ની તબિયત અસ્વસ્થ હોવાથી તેમને અમદાવાદ રાખેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહેસાણાથી સંઘ શ્રીતારંગાતીર્થે પહોંચ્યો. ત્યાં ૩ દિવસ યાત્રા કરીને ઈડર ગયો. ઈડરમાં દરેક દેરાસરના ધ્વજારોપણનો મહોત્સવ ઉજવાયો. ઈલાદુર્ગ (કિલ્લા) ઉપર આવેલા શ્રીશાન્તિનાથ પ્રભુના દર્શન–પૂજન કર્યા. ત્યાંથી પોશીના તીર્થે આવ્યો.

પોશીનામાં દિગંબરોના વધુ જોરને લીધે આપણા દેરાસરના પ્રભુજીના ચક્ષુ–ટીકાઓ તેઓએ ઉતારી લીધા હતા, અને તે ફરી ચડાવવા દેતા ન હતા. આ વાત ત્યાંની પેઢીના માણસોએ પૂજ્યશ્રીને જણાવતાં પૂજ્યશ્રીએ કહ્યું : અહીંયા દિગંબરોનો શો અધિકાર છે? તમે અત્યારે જ પ્રભુને ચક્ષુ–ટીકા ચઢાવી દ્યો.

પેઢીમાં તત્કાલ ચક્ષુ–ટીકા હાજર ન હતા. કારણ કે એ દિગંબરો ઉપાડી ગયેલા. પણ સંઘમાં કેટલાક ગૃહસ્થો પાસે હતા, તે મેળવીને દરેક પ્રભુજીને ચઢાવવામાં આવ્યા. આ જોઈને દિગંબરો શેઠશ્રી સારાભાઈ પાસે આવ્યા, અને કહેવા લાગ્યા કે : હવે અમને દર્શનનો અંતરાય થશે. એથી અમારે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે, કારણ કે—ચક્ષુવાળા દેવના દર્શન અમારાથી થાય નહિ.

સારાભાઇ તેઓને લઇને પૂજ્યશ્રી પાસે આવ્યા. તેમની વાત સાંભળીને પૂજ્યશ્રીએ કહ્યું : "આપણે આવતી કાલે પણ અહીં જ રહેવું છે, અને દિગંબરોના દેરાસરમાં પણ પ્રભુજીને ચક્ષુ–ટીલા ચઢાવીને દર્શન કરવા છે. કારણ કે–ચક્ષુ વિનાના પ્રભુના દર્શન કરવાથી અમને પ્રાયશ્ચિત્ત આવે. વળી અમે તો ચક્ષુ વગરનાને ચક્ષુ આપીએ છીએ. જ્યારે તમે દિગંબરો તો ચક્ષુ હોય એનાય લઇ લ્યો છો."

આ સાંભળીને દિગંબરો વીલે મોઢે ચાલ્યા ગયા. અને આ પછી તેઓ ઠંડા પડયા. પ્રભુજીને ચઢાવેલા ચક્ષુ–ટીકા કાયમ રહ્યાં. અને દિગંબરોનો આપણા દેરાસરમાં થતો પગ-પેસારો પણ બંધ થયો.

ત્યારબાદ શ્રી સંઘ અનુક્રમે કેસરિયાજી તીર્થે પહોંચ્યો. ત્યાં શ્રી કેસરિયાજી–આદિનાથ પ્રભુની પ્રાચીન અને શ્યામવર્ણી ભવ્ય પ્રતિમાના દર્શન–પૂજન કરીને સકલ સંઘ કૃતકૃત્ય બન્યો. સંઘવી શેઠશ્રી સારાભાઇને પૂજ્યશ્રીએ વિધિપૂર્વક તીર્થમાળારોપણ કર્યું. ત્યાર બાદ ૧૦ દિવસની સ્થિરતા કરીને સંઘે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.

માર્ગમાં ટીંટોઇ ગામે ઉદયપુરનો સંઘ પૂજ્યશ્રીને ત્યાં પધારવાની વિનંતિ કરવા આવ્યો. તેમના અતિઆગ્રહથી પૂજ્યશ્રી સપરિવાર ત્યાં પધાર્યા. સંઘની વિનંતિથી આગામી ચાતુર્માસ પણ ત્યાં કરવાનું નક્કી કર્યું.

ચોમાસાને હજી ત્રણેક માસની વાર હોવાથી પૂજ્યશ્રી આજુબાજુના પ્રદેશોમાં વિહરવા પધાર્યા. જુદા જુદા ગામોમાં વિહરતા પૂજ્યશ્રી નાઈ ગામમાં પધાર્યા. આ ગામ સ્થાનકવાસીઓની 'વિલાયત' તરીકે ઓળખાતું હતું. મૂર્તિપૂજકનું ફક્ત એક જ ઘર હતું. પણ પૂજ્યશ્રીના અમૃતમય વાણીપ્રવાહથી પ્રતિબોધ પામીને અહીંના શ્રી અખેચંદજી, ચાંદમલજી વગેરે ઘણા ગૃહસ્થોએ મૂર્તિપૂજાનો શુદ્ધ માર્ગ સ્વીકાર્યો. અને પૂજ્યશ્રી પાસે નાણ મંડાવીને શ્રી સમ્યક્ત્વ સાથે અન્ય વ્રતો પણ ઉચ્ચર્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વિહારમાં ઉદયપુરના અનેક ધનિક ભાઈઓ પૂજ્યશ્રીની સાથે રહ્યા હતા. પૂજ્યશ્રીની અમોઘ પ્રેરણા પામીને તેઓએ "શ્રી જૈન શ્વે. મૂ. પૂ. એસોસિએશન ઓફ મેવાડ" નામની એક સુંદર સંસ્થા સ્થાપી. મેવાડ પ્રદેશમાં દેરાસરોની રક્ષા કરવી, એ આ સંસ્થાનું મુખ્ય ધ્યેય હતું. આ સંસ્થાના સભ્ય તરીકે મારવાડ-મેવાડના અનેક ગામોના આગેવાનો-ગૃહસ્થો જોડાયા. આથી એની સ્થિતિ દરેક પ્રકારે સદ્ધર બની. એનું કેન્દ્ર ઉદયપુર ખાતે રહ્યું. આ સંસ્થાના માધ્યમે એના સભ્યોએ મેવાડના બે ત્રણ ગામોમાં દેરાસરોમાં જિનમૂર્તિની થઈ રહેલી આશાતનાનું ત્યાં જઈને નિવારણ કર્યું. અને એ દેરાસરો તથા મૂર્તિઓનો કબ્જો પણ લઈ લીધો.

ત્યારબાદ પૂજ્યશ્રી એકલિંગજી થઈ દેલવાડા પધાર્યા.

આ દિવસોમાં મેવાડના જ કોઈ ગામમાં પૂજ્યશ્રીના શિષ્ય પં. શ્રીવિજ્ઞાનવિજયજી મહારાજે અમદાવાદ-ખેતરપાળની પોળના રહેવાસી અને દશાશ્રીમાળી જ્ઞાતિના શ્રી કાન્તિભાઈ નામના એક કિશોરને દીક્ષા આપી, તેમનું નામ મુનિશ્રી કસ્તૂરવિજયજી મ. રાખ્યું.

ઉદયપુરના વતની શ્રી જીતમલજી નામના એક ભાઈને પણ પ્રવ્રજ્યા લેવાની ઉત્કટ ભાવના થતાં તેઓ પૂજ્યશ્રી પાસે દેલવાડા આવ્યા. પણ તેમના ભાઈ ભૂરમલજીએ એ માટે રજા ન આપી, અને તેઓ તેમને પાછા લઈ જવા માટે આવ્યા. પણ જીતમલજીની મક્કમતા તથા એસોસિએશનના પ્રમુખ શ્રીચતુરસિંહજીની સમજાવટથી તેઓએ દીક્ષા માટે સંમતિ આપી; અને ઉદયપુરમાં દીક્ષા આપવા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી.

પૂજ્યશ્રી પણ ઉદયપુર પધાર્યા. ત્યાં ઠાઠમાઠપૂર્વક જીતમલજીની દીક્ષા કરી. મુનિશ્રી-જીતવિજયજી મ. નામ રાખીને તેમને પોતાના શિષ્ય બનાવ્યા.

આ વખતે મુનિરાજશ્રી વલ્લભવિજયજી મ. (આ. શ્રીવિજયવલ્લભસૂરિજી મ.) શિવગંજથી છ 'રી' પાળતા સંઘ સમેત શ્રીકેસરિયાજીની યાત્રાએ જતા હતા. તેઓ માર્ગમાં ઠેરઠેર પૂજ્યશ્રીના ઉપદેશના પ્રભાવે મૂર્તિપૂજક બનેલા તેરાપંથી તથા સ્થાનકવાસીઓને તથા તેમની ધર્મશ્રદ્ધા અને ગુરૂભક્તિ વગેરેને નિહાળતા નિહાળતા ઉદયપુર આવ્યા. આ નિહાળીને તેઓના હૃદયમાં પૂજ્યશ્રી પ્રત્યે ઘણું બહુમાન ઉત્પન્ન થયેલું. પૂજ્યશ્રીના દર્શન કરવાની ભાવનાથી તેઓ સંઘસહિત ઉદયપુર આવ્યા. પૂજ્યશ્રી પણ ત્યાં ધર્મશાળામાં બિરાજતા હતા. સ્થાનિક સંઘે તેઓનું સ્વાગત કર્યું. અને તેઓને તથા સંઘને યોગ્ય સ્થાને ઉતાર્યા. શ્રીસંઘે તેમને માંગલિક પ્રવચન આપવાની વિનંતિ કરતાં તેઓએ (શ્રીવલ્લભવિજયજી મ. એ) નમ્રભાવે કહ્યું કે; અહીંયા (શહેરમાં) પૂજ્ય આચાર્ય ભગવંત બિરાજે છે, તેમની અનુજ્ઞા લીધા વિના મારાથી વ્યાખ્યાન ન વંચાય."

એટલે શ્રીસંઘના કથનથી તેઓ તથા સકલસંઘ પૂજ્યશ્રી પાસે-ધર્મશાળાએ આવ્યા. ત્યાં પૂજ્યશ્રીની અનુમતિ મેળવીને તેઓએ સંઘને મંગલાચરણ સંભળાવ્યું, અને પછી તેઓ પોતે ઉતર્યા હતા તે સ્થાને ગયા. બપોરના સુમારે તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રી સાથેની તેમની આ પ્રથમ મુલાકાત હતી. તેઓના દિલમાં શાસન અને સંઘ માટે કંઈક કરી છૂટવાની તમન્ના હતી. પંજાબમાં તેઓના ઉપદેશથી ઘણાં શાસનના કાર્યો થયેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ ઉદયપુર ત્રણ દિવસ રહ્યા. તે દરમ્યાન સમસ્ત સંઘમાં એ બન્નેય મહાપુરૂષોના મિલનથી અપૂર્વ આનંદ વ્યાપી રહ્યો હતો. તેઓએ પૂજ્યશ્રી સાથે વિવિધ વિષયોને લગતી વિચારણા કરી, અને પોતાની શાસનોન્નતિની ભાવના સવિનય વ્યકત કરતાં કહ્યું કે : આપશ્રીએ જેમ તીર્થોદ્ધારનું કામ ઉપાડયું છે, તેમ શાસનોદ્ધારનું કામ પણ આપે જ ઉપાડવું જોઈએ. પૂ. શ્રી મૂળચંદજી મ., પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. પૂ. શ્રી આત્મારામજી મ. આદિ મહાપુરૂષોનો જેટલો પ્રભાવ શ્રીસંઘ પર પડતો હતો, તેટલો પ્રભાવ આજે નથી પડતો. એનું કારણ સાધુઓના પારસ્પરિક મતભેદો છે. આપશ્રી અમદાવાદના શેઠિયાઓ દ્વારા એક સાધુસંમેલન ભરાવો, તો શાસનને ઘણો જ લાભ થાય. સકલ સાધુ-સમુદાય એકત્ર ન થાય, તો આપશ્રી જેવા મોટા આચાર્ય-પ્રવરો એકત્ર થઇને પણ શાસનને હિતકર વ્યવસ્થા સ્થાપો."

તેઓની શાસન સેવાની દાઝથી ભરેલી આ વાત સાંભળીને પૂજ્યશ્રી ઘણા સંતુષ્ટ થયા, અને કહ્યું કે; "તમારૂં કથન બિલકુલ સમુચિત છે, અને સંમેલન માટે હું અમદાવાદ ગયા પછી યોગ્ય કરીશ."

આમ ત્રણ દિવસ સુધી સ્વજનના મેળાપ સમો આનંદ માણીને તેઓ સંઘ સાથે કેસરીયાજી તરફ ગયા.

સં. ૧૯૭૬ના ચાતુર્માસનો મંગલ પ્રારંભ થયો. પૂજ્યશ્રીની ધર્મદેશના-રૂપ ગંગામાં અનેક પુણ્યવાન્ આત્માઓ સ્નાન કરવા લાગ્યા. 'શ્રીપન્નવણા સૂત્ર'ની દેશના પૂજ્યશ્રીએ શરૂ કરી.

ઉદયપુરના મહારાણા શ્રી ફત્તેહસિંહજી, એક તેજસ્વી, ગુણિયલ અને ગુણાનુરાગી રાજવી હતા. પૂજ્યશ્રીના ગુણોનું વર્ણન તેઓએ કર્ણોપકર્ણ સાંભળેલું. તેથી પૂજ્યશ્રીના દર્શન કરવાની તેઓને ભાવના થઈ. પ્રથમ તો તેઓએ પોતાના અંગત મંત્રી (Private Secretary) શ્રીફત્તેહકરણજીને પૂજ્યશ્રીનો પરિચય તથા સમાગમ કરવા માટે મોકલ્યા. ફત્તેહકરણજી રાજ-મંત્રી હોવા સાથે સંસ્કૃત-પ્રાકૃતના ઉચ્ચકક્ષાના વિદ્વાન અને સહૃદય પુરૂષ હતા. દર્શનશાસ્ત્રમાં તેમને ઘણો રસ પડતો. તેઓ પ્રતિદિન પૂજ્યશ્રી પાસે આવીને જૈન તથા અન્ય દર્શનોના મૌલિક સિદ્ધાન્તો સમજતા.

જૈન દર્શનનું તાર્કિક દૃષ્ટિએ જ્ઞાન મેળવવા માટે તેમને શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ-વિરચિત 'ધર્મસંગ્રહણી' નામક ગ્રંથ વાંચવાની ઈચ્છા થઈ. પૂજ્યશ્રીને એ માટે વિનંતિ કરતાં પૂજ્યશ્રીએ એ કાર્ય મહોપાધ્યાય શ્રીઉદયવિજયજી ગણીને સોંપ્યું. ઉપાધ્યાયજી મ. પણ તેઓને એ જૈનદર્શનના મહાન્ ગ્રંથનું વિશદ રીતે અધ્યયન કરાવવા લાગ્યા.

શ્રીફત્તેહકરણજી જેટલા જ્ઞાની હતા, એટલા જ નમ્ર અને જિજ્ઞાસુ હતા. તેઓ નિયત કરેલા સમયે હંમેશાં આવી જતા. રાજ્ય તરફથી પાલખી-વાહન આદિની સગવડ મળી હોવા છતાંય તેઓ પોતાના નિવાસસ્થાનથી ધર્મશાળા સુધી ઉઘાડા પગે ચાલીને જ આવતા. તેઓ માનતા હતા કે-વિદ્યા પ્રત્યે સંપૂર્ણ વિનયભાવ હોય, તો જ વિદ્યા મળે અને ફળે છે.

રાજ્યના એક વરિષ્ઠ અને વિદ્વાન્ અધિકારીમાં આવી જિજ્ઞાસા અને નમ્રતાનું મિશ્રણ જોઈને લોકોને 'સોનામાં સુગંધ'નો મેળ લાગતો હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીના અસામાન્ય ગુણોથી તેઓ પૂર્ણપણે આકર્ષાયા હતા. અને તેથી જ એ ગુણોનું વર્ણન તેઓ મહારાણા સાહેબ આગળ મુક્ત કંઠે કરતા આથી મહારાણા સાહેબે તેમને કહ્યું કેઃ તમે મહારાજજીની અહીં-રાજમહાલયે સબહુમાન પધરામણી કરાવો.

ફત્તેહકરણજીએ એકવાર અવસર જોઈ ને પૂજ્યશ્રીને રાજમહેલમાં પધારવા માટે મહારાણા તરફથી વિનંતિ કરી.

પણ પૂજ્યશ્રીએ રાજમહાલયે જવાની અનિચ્છા બતાવી.

મહારાણાએ કહેવરાવ્યું કેઃ શ્રીહેમચંદ્રસૂરિજી મ., અને શ્રીહીરવિજયસૂરિજી મ; વગેરે આચાર્ય ભગવંતો રાજમહાલયે પધાર્યાના દૃષ્ટાન્તો આવે છે. તેમ આપશ્રી પણ જરૂર પધારીને રાજમહેલને પાવન કરો.

જવાબમાં પૂજ્યશ્રીએ ફરમાવ્યું કેઃ "એ બધા તો મહાપુરુષો હતા. હું તો તેમની પાસે એક સામાન્ય સાધુ છું, અને તેઓના ચરણની રજ છું. એ મહાપુરુષોનું અનુકરણ મને ન શોભે."

ફત્તેહકરણજીએ કહ્યુંઃ સાહેબ ! વર્તમાનમાં પણ શ્રીવિજયધર્મસૂરિજી મ; શ્રીસોહનવિજયજી મ; વગેરે રાજમહાલયે પધાર્યા છે. તેમ આપ પણ પધારો.

પૂજ્યશ્રીએ કહ્યું : "**भिन्नरुचिर्हि लोकः**" જુદી જુદી રૂચિવાળા જીવો હોય છે. જેને જેમ રુચે તેમ કરે. પણ રાજમહેલે જવા માટે મારી ઇચ્છા થતી નથી.'

આ જવાબે મહારાણાશ્રીના મનમાં પૂજ્યશ્રી પ્રત્યેના સદ્ભાવમાં અપૂર્વ વૃદ્ધિ કરી. તેઓએ પોતાના પાટવીકુમાર યુવરાજશ્રી ભૂપાલકુમારસિંહજીને પૂજ્યશ્રીના દર્શને જવા પ્રેરણા કરી. યુવરાજશ્રીએ પણ પૂજ્યશ્રીના દર્શનનો તથા ઉપદેશશ્રવણનો લાભ આનંદપૂર્વક લીધો.

આ ચોમાસામાં-ભારતના વિખ્યાત દેશનેતા, અસામાન્ય વિદ્વાન્ અને કાશીમાં હિન્દુ-વિશ્વવિદ્યાલયના સંસ્થાપક પંડિતશ્રી મદનમોહન માલવીયાજી એકવાર રાજ્યના મહેમાન તરીકે આવેલા. તેમના એક પુત્ર શ્રીરમાકાન્તજી ઉદયપુરના મુખ્ય ન્યાયાધીશ હતા.

એક દિવસ માલવીયાજીએ મહારાણાને પૂછયું: 'અહીં કોઈ એવા વિદ્વાન પુરૂષ છે, કે જેમની વિદ્વત્તાનો લાભ લઈ ને આનંદિત બનીએ ?'

મહારાણાએ કહ્યું: 'અહીં જગતના મહાન્ વિદ્વાન જૈનાચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ બિરાજે છે. તેઓની વિદ્વત્તા અજોડ છે.'

આ સાંભળીને માલવીયાજી પૂજ્યશ્રી પાસે આવ્યા. પ્રથમ-દર્શને જ તેઓને પ્રતીતિ થઈ કે-મહારાણાની વાત સર્વથા સત્ય જ છે. તેઓ પૂજ્યશ્રી પાસે કલાકો સુધી બેઠા, અને તત્ત્વચર્ચા કરી. ત્યારપછી તો તેઓ ઉદયપુરમાં રહ્યા ત્યાં સુધી પ્રતિદિન પૂજ્યશ્રી પાસે આવીને વિદ્વદ્ગોષ્ઠિ કરતા. પૂજ્યશ્રી સાથેની તેઓની ચર્ચામાં ધર્મશાસ્ત્ર-રાજનીતિ-સ્પૃશ્યાસ્પૃશ્ય વિચાર વગેરે અનેક વિષયોની મુક્ત-મને વિચારણા થતી.

આ વિચારણાઓમાં પૂજ્યશ્રીની પ્રતિભા, વિદ્વત્તા, અને ઉદાર-દીર્ઘદૃષ્ટિ જોઈને માલવીયાજી પૂજ્યશ્રીને 'ગુરૂજી' કહીને સંબોધવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી તેઓ અમદાવાદમાં-સં. ૧૯૭૭માં તથા ૧૯૭૮માં એમ બે વાર આવેલા. પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ વિ. અનેક પ્રોફેસરો તથા વિદ્વાનો તેમની સાથે હતા. તે વખતે-હિંદુધર્મ તથા જૈનધર્મમાં સ્પૃશ્યાસ્પૃશ્યવાદના અસ્તિત્વ બાબતમાં અનેક તાત્ત્વિક વાતો થયેલી. એ વિષયમાં પં. શ્રીઉદયનાચાર્યની 'न्यायकुसुमाञ्जलि'ના સાક્ષિપાઠો પણ પૂજ્યશ્રીએ બતાવેલા. આ સિવાય-જૈન મુનિઓના આચારવિચારો-લોચ, પાદવિહાર, તપશ્ચર્યા, ભિક્ષાચર્યા,- બ્રહ્મચર્ય વિ. ની વાતો પણ થયેલી. બ્રહ્મચર્યના પ્રભાવનું પ્રતિપાદન કરતાં આપણા પૂજ્યશ્રીએ યોગશાસ્ત્રના—

> **प्राणभूतं चरित्रस्य, परमब्रह्मकारणम् ।**
> **समाचरन् ब्रह्मचर्यं, पूजितैरपि पूज्यते ॥**
> **चिरायुषः सुसंस्थाना, दृढसंहनना नराः ।**
> **तेजस्विनो महावीर्या-भवेयुर्ब्रह्मचर्यतः ॥"**

ઈત્યાદિ શ્લોકો ફરમાવતાં માલવીયાજી ખૂબ ખુશ થયા, અને 'યોગશાસ્ત્ર-ગ્રન્થ'ની માગણી કરી. પૂજ્યશ્રીએ પણ તરત જ ભંડારમાંથી તે ગ્રંથ કઢાવીને માલવીયાજીને અર્પણ કર્યો.

આ વખતે માલવીયાજીએ અત્યંત આગ્રહ સાથે વિનંતિ કરતાં કહેલું : "ગુરૂજી ! આપ જરૂર કાશી પધારો. આપના શ્રાવકોની જેમ હું પણ આપને ભક્તિપૂર્વક કાશી લઈ જઈશ."

ઉદયપુરનું ચાતુર્માસ પૂર્ણ થયે શ્રી ઉજ્જનલાલજી-ફત્તેહલાલજી લુણાવતને પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રીરાણકપુરજીનો સંઘ કાઢવાની ભાવના થતાં તેમની વિનંતિથી એ છ 'રી' પાળતા સંઘ સાથે પૂજ્યશ્રી રાણકપુરજી પધાર્યા. ત્યાં આ વખતે ભોંયરાઓમાંથી પ્રાચીન પ્રતિમાઓ બહાર કઢાવી. સાફ કરાવીને ફરતી દેરીઓમાં પરોણાદાખલ બિરાજમાન કરાવ્યા.

---

# [૪૧]

## પ્રભાવશાળી વ્યક્તિત્વ :

રાણકપુરજીની યાત્રા કરી, ગોલવાડ--શિવગંજ-શિરોહી વગેરે સ્થળોએ વિચરીને પૂજ્યશ્રી જાવાલ પધાર્યા. ત્યાં બેએક માસ રહીને સાધુઓને વિવિધ આગમ સૂત્રોના યોગ વહાવ્યા. ગામ બહાર-વાડીમાં આરસપહાણનું દેરાસર નિર્માઈ રહ્યું હતું. વાડીના અગ્રભાગમાં એક ધર્મશાળા જેવું સ્થાન બનાવવામાં આવ્યું.

અહીં શા. મનરૂપમલજી ગુલાબચંદજી તથા શા. મૂલચંદજી વનાજીએ પૂજ્યશ્રી પાસે આવીને વિનંતિ કરી કે : સાહેબ ! અમારે કરવા યોગ્ય કોઈ ઉત્તમ ધર્મકાર્ય આપ કૃપા કરીને ફરમાવો, કે જે કાર્યમાં અમે અમારૂં ધન ખર્ચીને કૃતાર્થ થઈએ.

પૂજ્યશ્રીએ ફરમાવ્યું : "છ 'રી' પાળતા સંઘ સહિત તીર્થયાત્રાનો લાભ અનુપમ છે. સંસારનો પાર પમાડે એનું નામ તીર્થ. એની યાત્રા એ સમકિતના પાંચ ભૂષણોમાંનું એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂષણ છે. જે ભાવિક આવી–સમકિતના ભૂષણસમી તીર્થયાત્રાનો છ 'રી' પાળતો સંઘ કાઢે, તે 'સંઘવી–સંઘપતિ' પદનો ભોક્તા બને. આ પદ ચક્રવર્તીની કે ઇન્દ્રની પદવી કરતાં અનેક ગણું ઉચ્ચતમ છે. અને આ પદને નિર્મળ–ભાવે ધારણ કરનાર આત્મા સમ્યક્ત્વની શુદ્ધિ મેળવવા સાથે તીર્થંકરનામકર્મ પણ બાંધવાને સમર્થ થાય છે. માટે તમારી ભાવના હોય તો શ્રી સિદ્ધાચળજી આદિ તીર્થયાત્રાનો સંઘ કાઢવાનો વિચાર કરો."

કયો પુણ્યશાળી જીવ આ અમૃત વચનોને શિરોધાર્ય ન કરે ? ઉપર્યુક્ત બંને ગૃહસ્થોએ તત્કાલ હર્ષપુલકિત હૈયે આ વચનોને મસ્તકે ચડાવ્યા, અને સંઘ કાઢવાનો નિર્ધાર કર્યો, તત્કાલ સંઘની તૈયારીઓ આદરી દીધી. એટલું જ નહિ, પણ પૂજ્યશ્રીને પણ સંઘમાં પધારવાની આગ્રહભરી વિનંતિ કરી.

તેમની ઉત્કટ–શુભભાવના જોઈને પૂજ્યશ્રીએ એનો સ્વીકાર કર્યો, અને એક શુભમુહૂર્તે તેઓશ્રીની પાવનનિશ્રામાં છ 'રી' પાળતો સંઘ શ્રીસિદ્ધાચલજી તીર્થ તરફ જવા વિદાય થયો.

માર્ગમાં જીરાવલાજી તીર્થે ૩ દિવસ સ્થિરતા કરીને ધ્વજ–દંડારોપણ મહોત્સવ ઉજવ્યો. ત્યાંથી અનુક્રમે આબૂ–અચળગઢની યાત્રા કરીને શ્રીસંઘ કુંભારિયાજી તીર્થે આવ્યો. અહીં ૩ દિવસ સ્થિરતા કરી, અને તે દરમ્યાન–દાંતા મહાજન હસ્તક રહેલો આ તીર્થનો વહીવટ શેઠ આ. ક. પેઢીને સોંપાવીને, જીર્ણ બનેલા આ તીર્થનો ઉદ્ધાર નવોદિત શિલ્પી–સોમપુરા શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ પાસે શરૂ કરાવ્યો.

પૂજ્યશ્રીને વર્ષોથી કાંઈક અંગત કાર્યસેવા ફરમાવવા માટે વિનવતા જાવાલના શ્રીસંઘે આ વખતે પણ તે માટે વિનંતિ કરેલી.

પણ નિઃસ્પૃહ–શેખર પૂજ્યશ્રીએ પોતાના અંગત કાર્યરૂપ તીર્થોદ્ધારમાં યથાશક્તિ ફાળો આપવાનો ઉપદેશ આપ્યો. પરિણામે શ્રી કુંભારિયાજી તીર્થના ઉદ્ધારમાં જાવાલ–સંઘે લગભગ ૭૦ હજાર રૂ. આપ્યા.

કુંભારીયાજીથી તારંગા–સિદ્ધપુર–મેત્રાણા વ. તીર્થો અને ગામોની યાત્રા કરતો કરતો સંઘ ચારૂપ તીર્થે આવ્યો. ચારૂપ તીર્થભૂમિ હતી. અહીં પ્રાચીન અને અલૌકિક પ્રભુજી હતા. પણ દેરાસર નાનું–ઘર દેરાસર જેવું હતું.

અહીં એક ભવ્ય દેરાસર બંધાવવું, એવી શ્રીસંઘની ભાવના હતી. પણ એ સફળ નહોતી થતી. અને સફળતા આપવા માટે સંઘ કોઈ મહાપુરુષની રાહમાં હતો. ત્યાં આપણા પૂજ્યશ્રી આ સંઘ સાથે પધાર્યા. શ્રીસંઘે ભેગા થઈને તેઓશ્રીને આ બાબત વિનંતિ કરી. આથી પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં એ માટે પ્રેરક ઉપદેશ આપ્યો.

'દિવસે ચમકેલી વીજળી નિષ્ફળ ન જાય' એમ પૂજ્યશ્રીના ઉપદેશ વચનો ય અમોઘ જ બની રહેતા. અહીંયા જિનાલય માટે સુંદર રકમ (ટીપ) થઈ. ત્યારપછી ત્યાંના વહીવટદારોએ ત્યાં શિખરબંધી જિનાલય બંધાવ્યું.

ચારૂપથી પાટણ થઈને શ્રીશંખેશ્વર તીર્થે પધાર્યા. ત્યાં ચારેક દિવસ રહીને સંઘે પૂજા–પ્રભાવનાદિ કરવાપૂર્વક પ્રભુભક્તિ કરી. સંઘપતિએ પૂજ્યશ્રીના હસ્તે તીર્થમાળ પહેરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં અમદાવાદનો સંઘ અમદાવાદ પધારવાની વિનંતિ કરવા આવતા પૂજ્યશ્રી ભોયણી–શેરીસા થઈને અમદાવાદ પધાર્યા. અને સંઘ ઉપાધ્યાય શ્રી દર્શનવિજયજી મ. (આ. વિજય દર્શનસૂરિજી મ.)ની નિશ્રામાં પાલિતાણા ગયો.

શેરીસા તીર્થે નૂતન જિનાલયનું કામ ચાલુ થઈ ગયું હતું. પૂજ્યશ્રીના કથનાનુસાર દેરાસરની બાંધણી (ભૂમિગૃહ સમેત, થરવટવાળી) થતી હતી. શ્રી સંઘની વિનંતિથી સં. ૧૯૭૭નું આ ચાતુર્માસ તેઓશ્રી અમદાવાદમાં બિરાજ્યા.

આ વર્ષે–ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળ હિંદભરમાં ચાલતી હતી. રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન અમદાવાદમાં થવાનું હતું.

આ વખતે અમદાવાદના હાઈકમિશ્નર તરીકે 'પ્રાટ્ સાહેબ' નામે એક અંગ્રેજ અધિકારી હતા. તેમના સાંભળવામાં પૂજ્યશ્રીની ખ્યાતિ આવી. તેમણે પોતાના અંગત સલાહકાર શ્રી વાડીલાલ કુસુમગર અને ચીમનલાલ કુસુમગર નામના બે ભાઈઓ કે જેઓ જૈન શ્રાવકો હોવા સાથે મુત્સદ્દી અને બુદ્ધિશાળી હતા, તેઓને પૂજ્યશ્રીને મળવાનું સૂચન કર્યું. તદનુસાર તેમણે પૂજ્યશ્રી પાસે આવીને વિનંતિ કરી કે :—

સાહેબ ! કમિશ્નર સાહેબ આપના દર્શનની અભિલાષા રાખે છે. આપ તેમના બંગલે પધારશો ?

પૂજ્યશ્રીએ જવાબમાં જણાવ્યું કે : "તેઓ રાજ્યના એક અધિકારી છે. તેઓને એવી જરૂર હોય નહિ. તેમ અમો પણ ત્યાગી સાધુ છીએ, અમારે પણ એવી જરૂર નથી."

આમ બે ત્રણ વાર તેઓએ પૂજ્યશ્રીને ત્યાં લઈ જવા માટે પ્રયાસ કર્યા. પણ પૂજ્યશ્રીએ સ્પષ્ટ ના જણાવી. આથી તેઓએ કહ્યું : તો સાહેબ ! કમિશ્નર સાહેબ આપની પાસે આવવા ઇચ્છે છે. આપ પાટ ઉપર બિરાજો, અને તેઓ ખુરશી પર બેસે એમાં કાંઈ બાધ નથી ને ?

"હું તો મારા જમીન પરના આસને જ બેસું છું. રાજા–મહારાજા, પં. માલવીયાજી, ભૂલાભાઈ બેરિસ્ટર કે ચીમનલાલ સેતલવાડ વગેરે દર્શનાર્થે યા મળવા આવે છે, તેઓ પણ મારી સામે નીચે જ બેસે છે. હા ! અમારા શ્રાવકો તેમનો વિવેક જરૂર સાચવે છે. જો કમિશ્નર સાહેબને અહીં આવવાની ઇચ્છા હોય તો તેઓ ખુશીથી આવી શકે છે." પૂજ્યશ્રીએ સ્પષ્ટ અને નિર્દંભ પ્રત્યુત્તર આપ્યો.

આ જવાબ લઈને તેઓ ગયા. ત્યાર પછી થોડા દિવસો બાદ—

પૂજ્યશ્રી બહારની વાડીએ બિરાજતા હતા, ત્યારે સવારના લગભગ દશ વાગે એકાએક કમિશ્નર સાહેબ આવ્યા. પૂજ્યશ્રી વાડીના પ્રવેશદ્વાર ઉપરના હઠીભાઈ શેઠના બંગલાની ઉત્તર તરફની છેલ્લી બુરજીમાં બિરાજેલા હતા. આ વખતે તેઓશ્રીની પાસે ઉપાધ્યાય શ્રી ઉદયવિજયજી મ. તથા મુનિશ્રીનંદનવિજયજી મ., તેમજ શ્રાવકમાં શા. વાડીલાલ બાપુલાલ કાપડિયા બેઠા હતા.

કમિશ્નર તો સડસડાટ ઉપર ચડી ગયા, અને તેઓ પોતાની હેટ (hat) ઉતારીને બૂટ (Boot) પહેરેલે પગે ઓરડામાં પ્રવેશવા ગયા. એ જોઈને તે વખતે કુદરતી રીતે જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી ચડેલા શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈને પૂજ્યશ્રીએ સૂચના કરી કે-તેમના પગમાંથી બૂટ કાઢી નાખો.

સારાભાઈ તેમ કરવા ગયા, તો કમિશ્નરે કહ્યું કે : હું હેટ (hat) ઉતારીને આવ્યો છું. હવે બૂટ કાઢવાની જરૂર નથી.

આ સાંભળીને પૂજ્યશ્રીએ કહ્યું "જે ધર્મસ્થાનમાં જઈએ તેની મર્યાદા જાળવવી જ જોઈએ. તમારા ચર્ચમાં કોઈ હેટ પહેરીને આવે તો તમે તેને અંદર જવા દો ખરા ?"

કમિશ્નરે પણ જાણે આજે પૂજ્યશ્રીની બુદ્ધિમત્તા જોવા જ આવ્યા હોય તેમ જવાબ આપ્યો કે : "હા ! હું તો તેને જરૂર જવા દઉં. ના પાડું જ નહિ."

તરત જ પૂજ્યશ્રી બોલ્યા : હું નથી માનતો કે તમે તમારા ચર્ચમાં હેટ પહેરીને આવે તેને જવા દો. છતાં એકવાર માની લ્યો કે હેટ પહેરીને આવનારને પણ તમે ચર્ચમાં જવા દો, પણ આવનાર વ્યકિત જો સભ્ય હોય તો તે સામા ધર્મસ્થાનની મર્યાદાને માન આપીને જ આવે."

આ સાંભળતાં જ હજી સુધી ઉંબરા વચ્ચે ઊભા રહેલા કમિશ્નરે પોતાનો કાન પકડી–all Right બોલીને પોતાની મેળે જ બૂટ કાઢી નાખ્યા. પછી અંદર આવી, પગે લાગીને પૂજ્યશ્રી પાસે બેઠા.

કમિશ્નરનો પૂજ્યશ્રી પાસે આવવાનો ઈરાદો એ હતો કે–દેશમાં જ્યારે ગાંધીજી વગેરે નેતાઓ બ્રિટિશ ગવર્નમેન્ટ સામે સત્યાગ્રહાદિ કરી રહ્યા હતા, ત્યારે આવા–વિશાળ જૈન સંઘના નેતા–ધર્મગુરૂનો તે માટે શું અભિપ્રાય છે, તે જાણી લેવો. જો તેઓ ગાંધીજીની વિરૂદ્ધમાં હોય તો આ રીતે તેમના વિચારો જાણી લેવા. આમ કરવાથી ગુરૂવચનને અનુસરનારી મહાન્ જૈન કોમનો ટેકો સરકારને મળે.

બ્રિટિશ સરકાર સદૈવ સજાગ રહેતી. દેશના–પ્રાંતના કે શહેરના કયા ખૂણે શું બની રહ્યું છે ? અને કયાં કેવી પ્રતિભાશાળી વ્યક્તિઓ છે ? તેની માહિતી સરકાર સદા મેળવતી રહેતી. એથી જ કમિશ્નર પૂજ્યશ્રી પાસે આવ્યા હતા. તેમણે સૌ પ્રથમ પ્રશ્ન કર્યો : "મેં સાંભળ્યું છે કે આપ ગાંધીજીની વિરુદ્ધ છો?"

પ્રશ્ન ગંભીર હતો. પૂજ્યશ્રીએ પણ ગંભીરતાથી એનો ઉત્તર આપતાં કહ્યું : "કોઈનો પણ અવર્ણવાદ ન બોલવો, એ અમારો સામાન્ય ધર્મ છે. તેમાંય રાજા કે દેશનેતાનો અવર્ણવાદ કે વિરોધ અમારે હોય જ નહિ. ફકત અમારા ધર્મસિદ્ધાન્તના વિરોધી વિચારમાં અમારો વિરોધ થાય, તે તો સ્વાભાવિક છે. બાકી તમારી (બ્રિટિશ–સરકારની) નોકરશાહી સારી છે, એટલે અમારો વિરોધ છે, એવું નથી."

"શું કોઈ રાજા જુલ્મી હોય, ધર્મનો નાશક હોય, તો તેનો પણ અવર્ણવાદ તમે ન બોલો ? તેનો વિરોધ પણ ન કરો ?" કમિશ્નરે નવો પ્રશ્ન કર્યો.

પૂજ્યશ્રીએ કહ્યું : "જ્યાં લો (Law) હોય ત્યાં એકસેપ્શન (exception) હોય જ. ઉત્સર્ગ હોય ત્યાં અપવાદ હોય જ. અને એકસેપ્શન વિના લો કદી પણ જીવી શકે જ નહિ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીનો આ ટૂંકો પણ માર્મિક ઉત્તર સાંભળીને કમિશ્નર ખૂબ પ્રસન્ન થઈ ગયા. તેઓ આ રહસ્યભર્યા જવાબથી મુક્ત-મને હસ્યા, રાજી થયા.

ત્યારપછી અનેક રાજકીય-ધાર્મિક બાબતો ચર્ચાણી. તીર્થોના હકક અંગે પૂજ્યશ્રીએ કમિશ્નરને કહ્યું : "જૈનો દરવર્ષે સરકારને ઇન્કમ (Income) વગેરેના કરોડો રૂપિયા ભરે છે. છતાં કદી જૈનોએ સરકાર પાસે જે. પી. જેવા ઇલ્કાબો કે માન મરતાબાની માંગણી નહિ કરતાં કેવળ પ્રાણથી યે પ્યારા તીર્થોના તેમજ ધર્મના સંરક્ષણની જ માંગણી કરી છે. જૈનોનું વર્ચસ્વ ઓછું નથી. વસતિગણત્રીમાં જૈનોની જે સંખ્યા હોય છે, તે કરતાં તેઓની દશગણી લાગવગ છે. એક નાના ગામમાં સો ઘરની વસતિ હોય, અને જૈનનું એક જ ઘર હોય, પણ એ સોએ ઘરો ઉપર એક જૈન-ઘરનું જ વર્ચસ્વ હોય છે. અને જૈનો હંમેશાં દરેક ઠેકાણે રાજ્ય અને રાષ્ટ્રને વફાદાર જ હોય છે. આવા અમારા જૈનોના-સમેતશિખર, શત્રુંજય, ગિરનાર, વગેરે અનેક તીર્થોના અમારા વારસાગત હકકોના સંરક્ષણની જવાબદારી સરકારની છે."

આ બધી યુક્તિસરની વાત કમિશ્નરે પણ કબૂલી. પૂજ્યશ્રીની અસામાન્ય પ્રતિભા અને બુદ્ધિમત્તાની ઊંડી છાપ તેમના મન પર પડી. ત્યારપછી તેઓ પૂજ્યશ્રીની રજા લઈ, પ્રણામ કરીને ત્યાંથી બહાર નીકળ્યા. બહાર જતાં સારાભાઈ વ.ને તેમણે કહ્યું કે-"આવી જબ્બર એનર્જી અને વર્ચસ્વવાળી વ્યક્તિનો પરિચય થવાથી મને ઘણો જ સંતોષ થયો."

આ પછી થોડા જ દિવસોમાં નિવૃત્ત થઈને ઇંગ્લાંડ (England) જતી વખતે કાર્યકારી કમિશ્નર તરીકે રાજકોટના 'શ્રી ગોસળીયા સાહેબ'ને પોતાનો હોદ્દો સોંપીને તેઓ ગયા.

અંગ્રેજ અધિકારીઓની એક પદ્ધતિ હતી કે તેઓ પોતાના અધિકાર-સમય દરમ્યાન કાળી અને ધોળી નોંધપોથી (Black & white Diary) બનાવતા. દેશના રાજ્યવિરોધી માણસોના નામ અને તેના કામોની નોંધ તેઓ બ્લેક ડાયરીમાં કરતાં. અને વ્હાઈટ ડાયરીમાં સારા-સરકારને ઉપયોગી થાય એવા માણસોના નામ-કામની નોંધ કરતા. જ્યારે તેઓ સ્વદેશ જવાના હોય ત્યારે પોતાના અનુગામીને હોદ્દો સોંપતી વખતે એ બે ડાયરીઓ પણ સોંપી દેતા. કમિશ્નર પ્રાટ્ સાહેબે પણ આવી ડાયરીઓ ગોસળીયાને સોંપેલી.

એકવાર કપડવંજના શેઠશ્રી શામળદાસ નથુભાઈના બાહોશ મુનીમ શ્રીવલ્લભદાસભાઈ કે જેઓ ભારે વિચક્ષણ, મુત્સદ્દી હોવા સાથે શ્રીગોસળીયાના અંગત મિત્ર હતા,-તેઓ તેમને મળવા ગયેલા. વાતવાતમાં ગોસળીયાએ પૂછયું : 'તમારા જૈનોમાં શ્રીનેમિસૂરિજી કોણ છે?'

વલ્લભદાસે કહ્યું : 'તેઓ જૈનોના સૌથી મોટા ધર્મગુરુ છે. આપે કેમ પૂછયું ?'

ત્યારે તેમણે કહ્યું : "શ્રી પ્રાટ્ સાહેબ એમને માટે વ્હાઈટ ડાયરીમાં નોંધી ગયા છે કે-શ્રી નેમિસૂરિજી જેવી જબ્બર એનર્જી (energy)વાળી અને પ્રભાવશાળી વ્યક્તિ હજી સુધી મેં જોઈ નથી."

આ સાંભળીને વલ્લભદાસે તેઓને પૂજ્યશ્રીની પ્રતિભાથી માહિતગાર કર્યા.

આ ઉપરથી જણાય છે કે-ફકત એક વારના અને તે પણ સ્વલ્પ સમયના પરિચયે પણ એક ઉચ્ચ કક્ષાના અમલદારના હૃદય ઉપર પૂજ્યશ્રીની પ્રતિભાનું કેવું નિર્મળ પ્રતિબિંબ પડયું હતું ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચોમાસામાં તળાજાવાળા શા. કેશવજી કુંઝાએ પૂજ્યશ્રી પાસે આવીને વિનંતિ કરીકે : સાહેબ ! તાલધ્વજગિરિના નવા દેરાસરનો આદેશ લક્ષ્મીભાભુને ૧૫ હજારમાં આપ્યો છે, પણ હવે તે કાર્ય તેટલી રકમમાં નહિ થઈ શકે. માટે વધુ રકમની વ્યવસ્થા કરી આપવાની વિનંતિ કરવા અમે આવ્યા છીએ.

પૂજ્યશ્રીએ શેઠશ્રી લાલભાઈ ભોગીલાલને બોલાવીને આ વાત જણાવી. અને આ માટે નવી ટીપ કરવા સમજાવ્યા. પણ તેઓએ ટીપ કરવાની ના પાડી.

હવે બન્યું એવું કે–મારવાડ-(શીરોહી) પાલડીવાળાં સંઘવી શ્રી અમીચંદજી–ગુલાબચંદજી પૂજ્યશ્રીના વંદનાર્થે આવેલા. તેમને ઉપદેશ આપતાં તેમણે તળાજાના આ દેરાસર માટે પોણો લાખ રૂપિયા આપવાની ભાવના દર્શાવી. પૂજ્યશ્રીએ તુર્તજ લાલભાઈને બોલાવીને આ વાત જણાવતાં કહ્યું કે : હવે જો તમારી ભાવના હોય તો વધુ રકમ આપો, અથવા આ ભાઈને આદેશ આપો.

એટલે લાલભાઈએ વિનંતિ કરી કે : સાહેબ ! આ આદેશનો લાભ લક્ષ્મીભાભુને મળ્યો છે, તો એમને જ લેવા દો.

પછી તેઓ તથા શેઠ જગાભાઈ ભોગીલાલ, એ બન્ને ભાઈઓએ પોતાના ૧૦ હજાર રૂ. દેરાસરના ભૂમિગૃહ માટે આપ્યા. લક્ષ્મીભાભુએ પણ બીજા ૨૫ હજાર રૂ. આપ્યા. આ પછી પણ લક્ષ્મીભાભુએ સારી રકમ આપી. કુલ ૧ લાખ ૩ હજાર રૂ. આપીને એ દેરાસરનો સર્વ લાભ તેમણે જ લીધો.

ચોમાસા બાદ પૂજ્યશ્રી શેરીસા પધાર્યા. ત્યાંથી ડાંગરવા જઈને ત્યાંના દેરાસરમાં પ્રભુ-પ્રતિષ્ઠા કરાવી. અહીંયા ઉપાશ્રય નહોતો. અહીંના શ્રાવકોએ વિનંતિ કરી કે : ગુરૂભગવંત ! આપના સુપસાયથી અહીં દેરાસર તો થયું, પણ કોઈ મુનિભગવંતો અહીં પધારે તો તેમને ઉતરવાની વ્યવસ્થા કઈ રીતે કરીએ ? અહીં ઉપાશ્રય નથી.

પૂજ્યશ્રીએ તેમની વિનંતિ અનુસાર ઉપદેશ આપીને સ્વામીનારાયણ–મંદિરની વાડીની જમીન વેચાણ લેવરાવીને તેમાં શ્રીતત્ત્વવિવેચક સભાના સભાસદો તરફથી એક નાનો ઉપાશ્રય બનાવરાવ્યો.

સં. ૧૯૭૮ ના આ વર્ષે એક ગૃહસ્થને દીક્ષા આપી, તેમને મુનિશ્રી નંદનવિજયજી મ. ના શિષ્ય તરીકે મુનિશ્રી સોમવિજયજી નામે સ્થાપ્યા.

શેરીસાથી તેઓશ્રી પુનઃ અમદાવાદ પધાર્યા. શેઠ સારાભાઈ ડાહ્યાભાઈના આગ્રહથી તેઓશ્રી શાહીબાગમાં આવેલા સર ચીમનલાલ હ. સેતલવાડના બંગલે બિરાજ્યા. સર સેતલવાડ અહીંયા તેઓશ્રીને મળવા આવેલા. તે વખતે તેઓશ્રીએ તેઓને શ્રીશત્રુંજય, ગિરનાર, તારંગા. સમેતશિખર વ. જૈનતીર્થોનો પરિચય તથા પ્રાચીન-નવીન ઇતિહાસ સારી રીતે સમજાવેલો. તે તે તીર્થો અંગે તે તે રાજ્ય સાથેની તથા દિગંબરો સાથેની ચાલુ તકરારોમાં સાચી માહિતી મેળવવાને સર સેતલવાડ ઉત્સુક હતા, ત્યારે જ પૂજ્યશ્રીએ તેઓને આ ઈતિહાસ–દર્શન કરાવ્યું, એથી તેઓ ખૂબ પ્રસન્ન થયા. તેઓએ કહ્યું કે : "જૈનતીર્થો સંબંધી સ્પષ્ટ અને મુદ્દાસરનો ઇતિહાસ–પરિચય મને આજ સુધીમાં કોઈએ કરાવ્યો નથી, આજે આપશ્રીએ પૂર્ણ રીતે કરાવ્યો છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર સેતલવાડના બંગલે એક માસની સ્થિરતા પછી પૂજ્યશ્રી પુનઃ શેરીસા તીર્થે પધાર્યા. શેરીસા તીર્થ અને શ્રીશેરીસાપાર્શ્વનાથ ભગવાન્ પ્રત્યે તેઓશ્રીના હૃદયમાં અપૂર્વ શ્રદ્ધા હતી.

શેરીસાથી માતર તીર્થે પધાર્યા. અહીં સાચા દેવ શ્રી સુમતિનાથ પ્રભુનું ભવ્ય બાવન જિનાલયયુક્ત ચૈત્ય હતું. તેની ૫૧ દેવકુલિકાઓ અતિજીર્ણ થવાથી તેનો ઉદ્ધાર કરવાનો ઉપદેશ શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈને આપતાં તેઓએ એ સહર્ષ વધાવી લીધો, અને જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો.

માતરમાં ખંભાતનો શ્રીસંઘ ચોમાસા માટે વિનંતિ કરવા આવતાં તેમની વિનંતિ સ્વીકારીને પૂજ્યશ્રી ખંભાત પધાર્યા, અને સં. ૧૯૭૮ નું ચોમાસું ત્યાં બિરાજ્યા.

ખંભાતથી એક માઈલ દૂર શકરપરા નામનું ગામ છે. ત્યાં શ્રીસીમંધરસ્વામી તથા શ્રીચિંતામણિપાર્શ્વનાથના બે દેરાસરો હતા. તે બન્ને જીર્ણ થવાથી તેને ઉપાડી લેવા, અને તેમાંના પ્રતિમાજીને ગામમાં લાવવાની શેઠ કસ્તૂરભાઈ અમરચંદ વગેરેની ભાવના હતી. પણ પૂજ્યશ્રીએ તેઓને તેમ કરતાં અટકાવ્યા. અને શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ વ. ને તેના જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરી. તેઓએ તે પ્રેરણાને ભક્તિપૂર્વક અંગીકાર કરીને જીર્ણોદ્ધાર શરૂ કરાવ્યો. આથી બધા પ્રતિમાજી મહારાજને ત્યાં જ રાખવામાં આવ્યા.

આ ચાતુર્માસમાં ઉપાધ્યાય શ્રી ઉદયવિજયજી મ. ના વિદ્વાન્ શિષ્ય મુનિરાજ શ્રીકીર્તિવિજયજી મ. કાલધર્મ પામ્યા. વિદ્વાન્ તથા લઘુવયસ્ક મુનિરાજનો આમ અચાનક વિયોગ થાય, એ દુઃખજનક હતો. પણ કાળ આગળ સૌ નિરૂપાય હતા. તેઓની સ્મૃતિ રાખવા પૂજ્યશ્રીની ઈચ્છા થતાં તેઓશ્રીએ શકરપુરામાં એક સુંદર ગુરુમંદિર બનાવવાની પ્રેરણા શેઠ શ્રી કસ્તૂરભાઈ અમરચંદ વગેરેને કરી. તેઓએ પણ પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર ગુરુમંદિર બંધાવવું શરૂ કર્યું. તેમ જ શકરપુરાના દેરાસરના વિશાળ ચોકમાં શેઠશ્રી દલસુખભાઈ કસ્તૂરચંદ તથા શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈના મુનીમજી–પેથાપુરવાળા શા. અમથાલાલ જુમખરામે ધર્મશાળા બંધાવી.

આ સિવાય–માણેકચોકમાં આવેલ શ્રીચિંતામણિપાર્શ્વનાથ અને શ્રીઆદીશ્વર (ભોંયરામાં) ભગવાનનું દેરાસર, ઓળપીપળાનું દેરાસર, તેમજ સંઘવીની પોળનું દેરાસર, વગેરે દેરાસરો જીર્ણ થયા હતા.

તીર્થસ્વરૂપ આ પ્રાચીન જિનાલયોની આવી જીર્ણદશા જોઈને જીર્ણોદ્ધારને પોતાનું મુખ્ય લક્ષ્ય માનનારા આપણા પૂજ્યશ્રીનો આત્મા દ્રવી ઉઠ્યો. તેઓશ્રીએ અમોઘ ઉપદેશદાનમાં જીર્ણોદ્ધારનો મહિમા વર્ણવતાં ફરમાવ્યું:

"અનેક નવા જિનાલયો બંધાવો, પણ તે કરતાં એક જીર્ણચૈત્યનો જો જીર્ણોદ્ધાર કરાવો, તો તેનું ફળ અનેક ગણું છે."

જીર્ણોદ્ધારની પૂજ્યશ્રીએ–ઉપદેશેલી આ મહત્તાને સમજનાર શેઠશ્રી માણેકલાલભાઈ વગેરે ગૃહસ્થોએ એકત્ર થઈને એ બધાં દેરાસરનું ઉદ્ધાર–કાર્ય ઉપાડી લીધું.

પૂજ્યશ્રીનો ગ્રંથ–સંગ્રહ અણમોલ અને અનુપમ હતો. પણ એની વ્યવસ્થા તથા સુરક્ષા માટે કાંઈ સ્થાન ન હતું. એ માટે પૂજ્યશ્રીના ઉપદેશ અનુસાર ખારવાડામાં 'શ્રીવિજયનેમિસૂરિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનશાળા' બંધાવવામાં આવી. જીરાવલાપાડામાં પણ એ જ હેતુથી 'શ્રીવૃદ્ધિનેમ્યુદયયશઃ-કીર્તિશાળા' નામે એક ભવ્ય ઉપાશ્રય ઘાણેરાવના શા. મૂળચંદ જાવંતરાજ, તથા શેઠ માકુભાઈ, શા. ચુનીલાલ ભગુભાઈ, શા. છગનલાલ અમરચંદ વગેરે શ્રમણોપાસકો તરફથી તૈયાર થયો.

શા. ચુનીલાલ ભગુભાઈને નિયમ હતો કે–પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાનતપ ન કરાવું, ત્યાં સુધી મીઠાનો મૂળથી ત્યાગ. છેલ્લા સાત વર્ષથી આ નિયમ હતો પણ યોગ જામતો ન હતો. આ વખતે તેમણે પૂજ્યશ્રીને વિનંતિ કરીને ખંભાતમાં ઉપધાન કરાવવાનું નક્કી કર્યું. તદનુસાર ચાતુર્માસના અંતે ઉપધાનતપનો પ્રારંભ પૂજ્યશ્રીએ કરાવ્યો. આ આરાધનામાં અમદાવાદવાળા શા. ગોકળદાસ અમથાશા વ. તથા ખંભાતવાળા ૫૦ પુરૂષો, તેમ જ ૨૫૦ બહેનો જોડાયા.

ઉપધાન પૂર્ણ થયે માળારોપણ મહોત્સવ ઉજવાયો. ત્યારપછી સંસારના અનેકવિધ અનુભવોથી ઘડાયેલા અને પૂજ્યશ્રીની અમોઘ દેશનાના પ્રભાવે સાચા વૈરાગ્યથી સુવાસિત અંતઃકરણવાળા પાંચ પ્રૌઢ ગૃહસ્થોએ પૂજ્યશ્રી પાસે પ્રવજ્યા અંગીકાર કરી. શ્રીગોકળદાસ અમથાશાહ, બોટાદના શા. હેમચંદ શામજીના મોટા સુપુત્ર શ્રીસુખલાલભાઈ (મુનિશ્રી-નંદનવિજયજી મ. ના વડીલ બંધુ), ધોલેરાના બે ગૃહસ્થો, તથા એક જામનગરના ભાઈ, એ પાંચેય દીક્ષા લેનારના નામો અનુક્રમે–મુનિશ્રી સુભદ્રવિજયજી, સુમિત્રવિજયજી, અમરવિજયજી, ઉદ્યોતવિજયજી, અને વીરવિજયજી મ. રાખવામાં આવ્યા.

શકરપુરાના દેરાસરોનો જીર્ણોદ્ધાર પૂર્ણ થવાથી તેમજ નૂતન ગુરુમંદિર પણ તૈયાર થઈ જવાથી વૈશાખમાસમાં એ સર્વનો પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં શ્રીસંઘે ઉજવ્યો. ગુરુમંદિરમાં શ્રીગૌતમસ્વામી પ્રમુખ ગુરુભગવંતોની મૂર્તિઓ તથા સ્વ. મુનિશ્રી કીર્તિવિજયજી મ.ની ચરણપાદુકા પધરાવવામાં આવી.

પૂજ્યશ્રીના પટ્ટધર શિષ્યરત્નો મહોપાધ્યાયશ્રી દર્શનવિજયજી ગણી, તથા મહોપાધ્યાય શ્રી ઉદયવિજયજી ગણી, કે જેઓ સમ્યગ્ જ્ઞાન–દર્શન અને ચારિત્રાદિ ગુણોથી દેદીપ્યમાન હતા, તેઓને આચાર્યપદવીથી અલંકૃત કરવા માટે શ્રીસંઘની વિનંતિ થતાં પૂજ્યશ્રીએ વૈશાખ વદિ ૨ ના મંગલ દિવસે તેઓ બન્નેને ચતુર્વિધ સંઘ સમક્ષ 'આચાર્ય પદ' સમર્પણ કર્યું, અને ન્યાયવાચસ્પતિ, શાસ્ત્રવિશારદ આચાર્યશ્રીવિજયદર્શનસૂરિજી, તથા સિદ્ધાન્તવાચસ્પતિ ન્યાયવિશારદ આચાર્યશ્રીવિજયોદયસૂરિજી તરીકે જાહેર કર્યા. આ પ્રસંગે શ્રીસંઘે અષ્ટાપદજી-મેરૂપર્વત આદિની મનોરમ રચના કરવા સાથે અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવ્યો. સ્વામીવાત્સલ્ય, નવકારશી વ. પણ આઠેય દિવસોમાં કર્યા.

આ પછી પૂજ્યશ્રીને ઠલ્લા–માતરાની ઉપાધિ થઈ જતાં કેટલાંક ડૉક્ટરોએ મૂત્ર–ગ્રંથિ હોવાનો વ્હેમ નાખ્યો. એટલે શેઠ શ્રી માકુભાઈ અમદાવાદથી સિવિલ સર્જન કર્નલ ડૉ. કૂકને તથા ડૉ. છાયાને લઈને ખંભાત આવ્યા. તેમણે બરાબર તપાસીને રિપોર્ટ આપ્યો કે–'પ્રોસ્ટેટ ગ્લેન્ડ' જેવી કોઈ ચીજ નથી જ. આ સાથે ઠલ્લા–માતરાના વ્યાધિના ઉપચારો પણ સૂચવ્યા. આ વખતે માકુભાઈએ અમદાવાદ પધારવાની વિનંતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં પૂજ્યશ્રી વિહાર કરી, પેટલાદ–માતર–ખેડા થઈને અમદાવાદ પધાર્યા. શરીરની અનુકૂળતા માટે શ્રાવકોની વિનંતિ થવાથી સં. ૧૯૭૯નું એ ચાતુર્માસ પૂજ્યશ્રી અમદાવાદ–ખાનપુરમાં શા. હીરાલાલ પાંચાના બંગલે બિરાજ્યા.

—*—

# [૪૨]

## અદ્‌ભુત કુનેહ–દૃઢ આત્મબલ

બાલુચર સ્ટેટના મહારાજા શ્રી બહાદુરસિંહજી દુગડ કે જેઓ જૈનધર્મી મહારાજા હતા. તેઓ પગપાળા હિંદુસ્તાનના પ્રવાસે નીકળેલા. તેઓ અમદાવાદ આવ્યા, ત્યારે પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા. શ્રીસમ્મેતશિખરજી તીર્થની વહીવટી દેખરેખ તેઓ કરતા હોવાથી તે તીર્થ અંગે દિગંબરો સાથે ચાલતા ઝઘડા માટે કેટલીક વિચારણાઓ પૂજ્યશ્રી સાથે કરવાની હતી. એ વિચારણા માટે પૂજ્યશ્રી પાસે તેઓ બેઠા. તે દરમ્યાન પૂજ્યશ્રીને ઠલ્લાના વ્યાધિને લીધે પંદરેક વાર ઠલ્લે જવું પડ્યું. એ જોઈને મહારાજાએ પોતાની સાથે પ્રવાસમાં રાખેલા હોમિયોપેથી ડૉક્ટર પાસે પૂજ્યશ્રીની તબિયત તપાસાવરાવીને યોગ્ય ઔષધ અપાવ્યું. એ ડૉક્ટરે બે પડીકીઓ આપી. એક તે દિવસે અને બીજી ત્યારપછી આઠમે દિવસે લેવાની હતી. પણ પૂજ્યશ્રીને એક પડીકીથી જ આરામ આવી ગયો. ઘણા દિવસથી આહાર ન લેવાતો, તે પણ તે દિવસે લેવાણો, અને ગેસ–ઠલ્લા વિ. તમામ શાંત થઈ ગયું. ત્યારબાદ મહારાજાશ્રી પૂજ્યશ્રી સાથે વિચારણા કરી, પૂજ્યશ્રીનું માર્ગદર્શન મેળવીને પોતાના પ્રવાસમાં આગળ વધ્યા.

ચાતુર્માસ–સમાપ્તિ થતાં એ ચાતુર્માસપરાવર્તન પૂજ્યશ્રીએ નાગજી ભૂધરની પોળમાં શેઠ દોલાભાઈ ગિરધરલાલને ત્યાં કર્યું. તેમણે તે પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ તથા અમદાવાદના સંઘની નવકારશી વિ. કાર્યો કર્યા.

નાગજી ભૂધરની પોળમાં મુનિરાજોને ચાતુર્માસિક સ્થિરતા માટે અને ગૃહસ્થોને આરાધના કરવા માટે ઉપાશ્રય ન હતો. આ ખામી સૌને ખટકતી હતી. પૂજ્યશ્રીના ધ્યાનમાં એ ખામી આવતાં તેઓશ્રીએ એ માટે પોળના રહીશ શ્રીસાંકળચંદભાઈ વકીલના ધર્મપત્ની શ્રીચંપાબેનને ઉપદેશ આપ્યો. ચંપાબેને પોતાને અહોભાગી માનવાપૂર્વક એ ઉપદેશને ઝીલી લઈને પોળના નાકે આવેલું પોતાનું મકાન શ્રી સંઘને ઉપાશ્રય માટે સમર્પણ કર્યું. એમાં સાધુમહારાજોના ચોમાસાં થવા લાગ્યાં[૧].

ત્યારબાદ શેષકાળમાં પૂજ્યશ્રી શાહીબાગમાં શેઠ મણીલાલ મનસુખભાઈના બંગલે થોડો સમય રહીને શેઠ હઠીસિંહ કેસરીસિંહની બહારની વાડીમાં બિરાજ્યા.

આ વર્ષે મહાપ્રભાવશાલી પૂજ્ય ગણિવર શ્રીમૂળચંદજી મહારાજશ્રીના શિષ્ય આચાર્ય શ્રીવિજયકમળસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પં. શ્રી મોહનવિજયજી ગણીને નાગજી ભૂધરની

૧ અત્યારે એ સ્થાને ભવ્ય ઉપાશ્રય થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોળમાં મહોત્સવ સાથે સૂરિમંત્રના પાંચ પ્રસ્થાનની આરાધના કરાવવાપૂર્વક પૂજ્યશ્રીએ સૂરિપદ પ્રદાન કર્યું અને આચાર્યશ્રીવિજયમોહનસૂરિજી તરીકે સ્થાપ્યા.

જીર્ણોદ્ધાર અને તીર્થયાત્રા એ પૂજ્યશ્રીને અતિપ્રિય હતા. ધર્મકાર્ય કરવાની ભાવનાવાળા ભાવિકને તેઓશ્રી એ માટે ખાસ ઉપદેશ આપતા. આ વખતે પણ ઝવેરી મોહનલાલ ગોકળદાસને તીર્થયાત્રાનો છ'રી' પાળતો સંઘ કાઢવા માટે ઉપદેશ ફરમાવ્યો.

છ'રી' પાળ સંઘની મહત્તા અને સંઘપતિપદનું સૌભાગ્ય સમજનાર શ્રી મોહનભાઈએ પૂજ્યશ્રીને કહ્યું : કૃપાનિધિ ! આપશ્રી જો સંઘમાં પધારો તો સંઘ કાઢવાનો અમારો ઉલ્લાસ અપાર રહે.

ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : "ભાઈ ! શારીરિક પ્રતિકૂળતાને કારણે હું તો નહિ આવી શકું. પણ શ્રીદર્શનસૂરિજી આદિ આવશે. તમે ઉત્સાહથી સંઘ કાઢો, મહાન્ લાભ મેળવો."

પૂજ્યશ્રીના આ વચનને શિરોધાર્ય કરીને મોહનભાઈએ પૂજ્યશ્રીના પટ્ટધર આ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રીસિદ્ધાચલજી તીર્થનો છ'રી' પાળતો સંઘ કાઢ્યો.

તળાજામાં ગિરિવર ઉપર શ્રીલક્ષ્મીભાભુ તરફથી બંધાતું જિનાલય તૈયાર થયું હોવાથી ત્યાંના સંઘે તથા શ્રીલક્ષ્મીભાભુએ તેની પ્રતિષ્ઠા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી. પૂજ્યશ્રીએ સંઘ સાથે પાલિતાણા ગયેલા આ. શ્રીવિજયદર્શનસૂરિજી મ. ને પ્રતિષ્ઠા કરાવવાની આજ્ઞા ફરમાવતાં તેઓ તળાજા ગયા. ત્યાં નવીન દેરાસરમાં શ્રીપાર્શ્વપ્રભુ આદિ જિનબિંબોની, તેમજ તીર્થાધિનાયક સાચાદેવ શ્રીસુમતિનાથ દાદાની ટુંકમાં નવનિર્મિત ગુરુમંદિરમાં–શ્રીગૌતમ સ્વામીજી, શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીવૃદ્ધિચંદ્રજી મ. આદિ ગુરુ ભગવંતોની મૂર્તિઓની પ્રતિષ્ઠા વૈશાખ શુદ ૧૦ના દિવસે કરાવી.

અહીં અમદાવાદમાં પાંજરાપોળના ઉપાશ્રયે–માગશર માસથી શ્રીભગવતીજી સૂત્રના યોગ વહી રહેલા મુનિશ્રી નંદનવિજયજી મહારાજને પૂજ્યશ્રીએ વૈશાખ શુદ દશમે ગણિપદ તથા વૈશાખવદ છઠ્ઠે પંન્યાસપદ અર્પણ કર્યા. આ પ્રસંગે ઉપાશ્રયની જોડેની જગ્યામાં (જ્યાં હાલ શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા છે ત્યાં) સિદ્ધાચલજી આદિ તીર્થોની ભવ્ય રચનાઓ રચવામાં આવેલી. અઠ્ઠાઈ મહોત્સવ પણ ભારે ઠાઠ સાથે ભાવિકોએ ઉજવ્યો.

આ પદવીના વિધાન–સમયે વિખ્યાત વિદ્વાન્ પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સાદ્યન્ત હાજર રહ્યા. શ્રીધ્રુવને પૂજ્યશ્રી ઉપર અપાર સદ્ભાવ હતો. જૈનદર્શનના અધ્યયન–અધ્યાપન કે લેખન કાર્યમાં ક્યારે પણ–કાંઈપણ શંકા થાય તો તેઓ તરત જ શ્રીઅમૃતલાલ બાપુલાલ કાપડિયાને સાથે લઈને પૂજ્યશ્રી પાસે આવતા અને તે શંકાનું સમાધાન મેળવી લેતા. 'સ્યાદ્વાદમંજરી'નો અંગ્રેજી અનુવાદ કરતી વેળાએ તેઓ અનેક વાર પૂજ્યશ્રી પાસે આવીને શંકાઓના નિરાકરણો મેળવી ગયેલા. તેમણે આ પદવીપ્રદાનની મંગળક્રિયા જોઈને તથા પદવી લેનારને અપાતી હિતશિક્ષા સાંભળીને ખૂબ આનંદ અનુભવ્યો. તેમણે પૂજ્યશ્રીને કહ્યું : "આવો પદવીદાન–વિધિ તો મેં આપની પાસે અને પ્રથમવાર જ જોયો. પદવીપ્રદાન તો સર્વત્ર આવી રીતે વિધિપૂર્વક જ થવું જોઈએ. અમારે પણ અમારા (કૉલેજોના) પદવીદાન–સમારંભોમાં આવો વિધિ દાખલ કરવો જોઈએ, અને પદવી લેનારને તેના શિરે કેવી જવાબદારી મૂકવામાં આવી છે, તેનો ખ્યાલ આપતી શિખામણ પણ આપવી જ જોઈએ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારબાદ સં. ૧૯૮૦ નું ચાતુર્માસ પણ પૂજ્યશ્રી બહારની વાડીના પ્રવેશદ્વાર ઉપરના શ્રી હઠીભાઈ શેઠના બંગલામાં બિરાજ્યા. એની નીચેના ભાગમાં કવિસમ્રાટ્ શ્રી ન્હાનાલાલ દલપતરામ સહકુંટુબ રહેતા હતા. પૂજ્યશ્રીની પ્રતિભાથી તેમજ વિખ્યાત વિદ્વત્તાથી તેઓ સુપરિચિત હતા. અને એ જ કારણેકે—પૂજ્યશ્રીના શ્રીમુખે 'ગણધરવાદ' નું શ્રવણ કરવું, એ જીવનનો અપૂર્વ લ્હાવો છે, તેઓ ૧૯૭૮ માં એ માટે જ ખાસ ખંભાત ગયેલા, અને પૂજ્યશ્રીનો 'ગણધરવાદ' સાંભળીને ઉપર્યુંકત વાતની વાસ્તવિકતા ઊંડા સંતોષ સાથે અનુભવેલી. અહીં તેઓ હંમેશાં પૂજ્યશ્રી પાસે આવતા, અને સંસ્કૃત સાહિત્ય—કાવ્ય—રસ તથા વેદાન્ત—સાંખ્ય દર્શન વિ. વિધવિધ જ્ઞાનવિજ્ઞાનની ચર્ચા-વિચારણા કરતા. આ વખતે પણ તેઓએ ફરીવાર પૂજ્યશ્રીના ગણધરવાદનો અણમોલ શ્રવણ-લાભ લીધો. પૂજ્યશ્રીના અજોડ ગુણો પ્રત્યે તેમના દિલમાં ઘણો જ અહોભાવ હતો.

બહારની વાડીના દેરાસરની સ્થાવર મિલ્કતોનો તથા ભંડારના નાણાં વિ. નો વહીવટ વ્યવસ્થિત કરવાનું કામ નિવૃત્ત ન્યાયાધીશ શ્રીનર્મદાશંકરભાઈને સોંપાયેલું. આ કામનો વ્યવસ્થિત ઉકેલ એકલે હાથે લાવવો મુશ્કેલ જણાતાં તેમણે મહાકવિ શ્રી ન્હાનાલાલભાઈને પૂછયું : "જૈનોમાં કોઈ એવી તટસ્થ અને સમજદાર વ્યકિત છે કે જે આ મામલાનો ઉકેલ લાવી શકે ?"

ત્યારે મહાકવિએ પૂજ્યશ્રીનું નામ જણાવ્યું. એટલે નર્મદાશંકરભાઈ પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ પણ નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ, વકીલ કેશવલાલ પ્રેમચંદ, શેઠ જેશીંગભાઈ (વાડીવાળા), અને શેઠ હઠીસિંહના કેસરીસિંહના કુટુંબીજનો સાથે યોગ્ય વિચાર-વિનિમય કરીને તમામ ગુંચો અદ્‌ભુત કુશળતાથી ઉકેલી સૌના મનના સુંદર સમાધાન કર્યા, અને વ્યવસ્થા તથા વહીવટ માટે 'શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ'ની સ્થાપના કરી.

ચોમાસા પછી તત્ત્વવિવેચક સભાના સભાસદ શ્રી જમનાદાસ હીરાચંદ ઘેવરીયા તરફથી નીકળેલા શ્રી શેરીસાતીર્થના છ'રી' પાળતા સંઘમાં પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા. અહીં યાત્રા કરી પાનસર ગયા. ત્યાં પંદરેક દિવસ સ્થિરતા કરી. આ સ્થિરતા દરમ્યાન આચાર્યશ્રી વિજયદાન સૂરિજી મ., તથા તેમના શિષ્ય મુનિશ્રીપ્રેમવિજયજી મ. (સ્વ. આ. શ્રીવિજયપ્રેમસૂરિજી મ.) આદિ તથા વાચનાચાર્ય શ્રીમાણિક્યસિંહસૂરિજી મ. આદિ પણ અહીં આવેલા. તેઓ સૌ પૂજ્યશ્રી પાસે આવ્યા અને કલાકો સુધી વિવિધવિષયક વિચારણાઓ કરી.

પાનસરથી પૂજ્યશ્રી ડાંગરવા પધાર્યા. આ. શ્રી દર્શનસૂરિજી મ. ના શિષ્યરત્ન (બોટાદના) મુનિશ્રી ગુણવિજયજી મ. ને અહીં ન્યુમોનિયા થઈ ગયો. સારવાર સારી રીતે કરવા છતાંય તેઓ એ તાવમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓ નાની વયના અને વિદ્વાન્ હતા. તેમણે 'હૈમધાતુમાળા' નામે ગ્રંથની રચના કરી છે.

ડાંગરવાથી વિહાર કરીને પૂજ્યશ્રી ભોયણી પધાર્યા. ગત ચાતુર્માસ પાટણમાં રહેલા પૂજ્યશ્રીના શિષ્ય પં.શ્રીવિજ્ઞાનવિજયજી ગણિવરાદિ પણ અહીં પૂજ્યશ્રીને આવી મળ્યા. તેઓએ જોધપુરના એક ગૃહસ્થને દીક્ષા આપેલી, અને મુનિશ્રી વલ્લભવિજયજી મ. નામ રાખીને પોતાના શિષ્ય કર્યા હતા. શ્રીવલ્લભવિજયજી મ. પૂજ્યશ્રીની ભક્તિમાં અવિરત તત્પર રહેતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોયણીમાં પાંચ દિવસ રહીને મણુંદ પધાર્યા. અહીંયા ચાણસ્માના શ્રીસંઘની ચાણસ્મા પધારવાની આગ્રહભરી વિનંતિ થતાં ચાણસ્મા પધાર્યા.

ચાણસ્મા આવ્યાના બીજે દિવસે પૂજ્યશ્રીને અણઉતાર વિષમજ્વર લાગુ પડયો, તે સતત બે અઠવાડિયા સુધી રહ્યો. સાથે હરસ-મસાનો પણ વ્યાધિ હતો. તેથી હંમેશાં લોહી પડતું. આ કારણે ઘણી અશક્તિ તથા બેચેની થઈ આવી.

આ બધાના ઉપચાર માટે અમદાવાદ-પાટણ વગેરે ગામોના શ્રાવકો નામાંકિત ડોકટર મણિભાઇ તથા ડો. છાયા વગેરેને લઈને આવ્યા. પણ પૂજ્યશ્રીએ દૃઢ નિશ્ચયથી કોઈ પણ દવા લેવાની ના ફરમાવી, અને કહ્યું કે-ઉકાળેલું અને અરધું બળેલ પાણી સિવાય કોઈ ચીજ મારે લેવી નથી. માટે મને કોઈ દવા આપશો નહિ.

વૈદ્યકના ઉચ્ચ કોટિના ગ્રંથ 'ભાવપ્રકાશ'માં વિષમજ્વરવાળાને અરધું બળેલ જળ પરમ ઔષધ કહેલ છે.

પણ આથી શેઠ ચીમનલાલ લાલભાઈ વગેરે શ્રાવકો તથા ડો. છાયા વગેરે નિરાશ થઈ ગયા. પૂજ્યશ્રીના દૃઢ આત્મબલથી તેઓ સુપરિચિત હતા, પણ તેઓશ્રીના આ દર્દને તેઓ સત્વર દૂર કરવા ઈચ્છતા હતા. પરંતુ પૂજ્યશ્રીના દૃઢ નિર્ધાર પાસે તેઓ નિરૂપાય હતા. પાટણના ડો. હજારીએ કહ્યું: 'દૃઢ આત્મબળવાળા પુરૂષને દવાની જરૂર ન હોય. તેઓ તો આત્માના યોગબળથી જ પોતાના રોગને દૂર કરશે.'

નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ ખાસ મુંબઈથી હોમિયોપેથી ડોકટરને લઈને આવ્યા, પણ ૧૪ મે દિવસે જ તાવ ઉતરી જવાથી તેમની દવાની પણ જરૂર ન પડી.-પૂજ્યશ્રીનું દૃઢ આત્મબળ જીતી ગયું.

તાવ ઉતરી ગયો, પણ નબળાઈ હજુ ઘણી હતી. એથી તથા સ્થાનિક સંઘની વિનંતિથી સં. ૧૯૮૧નું આ ચાતુર્માસ પૂજ્યશ્રી ચાણસ્મામાં બિરાજ્યા.

ધીરે ધીરે પૂજ્યશ્રીના શરીરમાં શક્તિ આવતી ગઈ. નબળાઈ તથા મસાનો વ્યાધિ ઓછાં થતાં ગયાં. દરમ્યાન-પૂજ્યશ્રીના એક શિષ્યરત્ન મુનિશ્રી વિદ્યાવિજયજી મ. (કપડવંજ-વાળા) માંદગીના ભોગ બન્યા. ઔષધોપચારાદિ સર્વ રીતે કાળજી કરવા છતાંય આયુષ્ય પૂર્ણ થવાથી તેઓ સમાધિભાવે કાળધર્મ પામ્યા.

આ પછી તેમની સ્મૃતિનિમિત્તે તેમના અગ્નિસંસ્કાર-સ્થળે બે ખેતર જેટલી જમીન (ગામ બહાર-સ્ટેશન પાસે) પૂજ્યશ્રીના સદુપદેશથી શિરોહી-પાલડીવાળા સંઘવી અમીચંદ ગુલાબચંદજી તરફથી શ્રીસંઘે ખરીદી લીધી. એ જગ્યામાં 'શ્રીવિદ્યાવાટિકા' નામની એક વિશાળ વાડી બનાવીને તેમાં સંઘવી ભાઈઓ તરફથી શ્રીઆદીશ્વર પ્રભુનું એક નાનું-નાજુક દેરાસર બંધાવવામાં આવ્યું. આ ઉપરાંત યાત્રાળુઓને ઉતરવા માટે 'વિદ્યાશાળા' નામનું મકાન, તથા જામનગરવાળા શેઠશ્રી પોપટલાલ ધારશી તરફથી 'શ્રીવિજયનેમિસૂરિ-જ્ઞાનશાળા' બંધાવવામાં આવ્યા. વળી-પૂજ્યશ્રીની સેવામાં ૪૦ વર્ષથી રહેલ પાલિતાણાના 'નારાયણ સુંદરજી' નામના માણસની યાદ કાયમ રાખવા શ્રીસંઘને ઈચ્છા થતાં શ્રીસંઘે આ વાડીમાં 'શાંતિભુવન' નામે એક સુંદર હોલ બંધાવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સ્થાને મુનિશ્રી વિદ્યાવિજયજી મ. ના અંતિમ સંસ્કાર થયેલા, ત્યાં એક દેરી બનાવવામાં આવી. અને ઉદયપુરવાળા શેઠશ્રી રોશનલાલજી ચતુર તરફથી વાડીને ફરતો ગઢ કરવામાં આવ્યો.

ચોમાસું પૂર્ણ થવાની સાથે દેરાસર તૈયાર થઈ જવાથી તેની પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું. બીજે કયાંયથી પ્રાચીન પ્રભુ–પ્રતિમા ન મળવાથી શ્રીઆદીશ્વર, શ્રીપુંડરીક–સ્વામી, શ્રીગૌતમસ્વામી આદિ ૪ નૂતન બિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા માગશર–માસમાં મહોત્સવપૂર્વક પૂજ્યશ્રીએ કરાવ્યા. અને દેરીમાં સ્વ. મુનિશ્રી વિદ્યાવિજયજી મ. ની ચરણ-પાદુકા પધરાવી. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં સૌ પ્રથમ ૨૯૧ પૂજન તથા ૨૯૧ હોમ સાથે 'બૃહન્નંદ્યાવર્ત પૂજન' પૂજ્યશ્રીએ કરાવ્યું, પ્રવર્તાવ્યું.

ચોમાસા પછી સં. ૧૯૮૨માં–વિદ્યાવાડીના નિર્માણ સમયે પૂજ્યશ્રી તે સ્થળે તંબૂમાં બિરાજતા. ત્યારે તેઓશ્રીની પાસે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તમામ વહીવટદારો આવેલા. નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ કે જેઓએ પેઢીના પ્રમુખ તરીકે સુંદરતમ કાર્યવાહી બજાવી હતી, અને પેઢીના વહીવટના દરેક તીર્થોના સેંકડો વર્ષોથી ચાલ્યા આવતા હકકોને સંપૂર્ણ કાળજી અને કુનેહથી સાચવી રાખ્યા હતા, તેમને હવે નિવૃત્ત થવાનું હોવાથી તે અંગે, તથા તેમના સ્થાને કોની નીમણુંક કરવી, તે વિચારણા માટે તેઓ પૂજ્યશ્રી પાસે આવેલા. પૂજ્યશ્રી સમક્ષ સર્વ પ્રકારની વિચારણા કર્યા પછી શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈને પેઢીના પ્રમુખપદે સ્થાપવાનો નિર્ણય થયો. આ ઉપરાંત આ વખતે શ્રીસિદ્ધાચલજી તીર્થના મુંડકાવેરા બાબત પણ કેટલીક વિચારણાઓ થઈ.

પ્રતિષ્ઠા પછી વિહાર કરી, વડાવલી–ગાંભુ થઈને મોઢેરા પધાર્યા. ગાંભુમાં આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી મ. સપરિવાર વંદનાર્થે આવી મળ્યા. મોઢેરાથી શંખેશ્વર તીર્થે પધાર્યા. અહીં પાટણનો શ્રીસંઘ પાટણ પધારવાની વિનંતિ કરવા આવ્યો. શેઠશ્રી નગીનદાસ કરમ-ચંદને ઉદ્યાપન–મહોત્સવ કરવાનો હોવાથી તેમનો ઘણો આગ્રહ થતાં, એ વિનંતિ સ્વીકારીને પૂજ્યશ્રી પાટણ પધાર્યા. પાટણમાં તેઓશ્રીની પાવન નિશ્રામાં શ્રીનગીનભાઈ તરફથી અનેક ચલરચનાઓ તથા ઉજમણાં સહિત અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. આ મહોત્સવ પાટણ માટે અભૂતપૂર્વ હતો.

ચાણસ્માથી શ્રી ભગવતીસૂત્રના યોગ વહી રહેલા પોતાના વિદ્વાન્ શિષ્યરત્ન મુનિશ્રી પદ્મવિજયજી મ.ને અહીં પૂજ્યશ્રીએ ગણિ–પંન્યાસપદ અર્પણ કર્યા. આ પછી–સંઘની વિજ્ઞપ્તિથી સં. ૧૯૮૨નું ચોમાસું પાટણ–મહેતાના પાડામાં બિરાજ્યા.

શેઠશ્રી નગીનભાઈના મનમાં તીર્થયાત્રાનો છ 'રી' પાળતો સંઘ કાઢવાની ભાવના હતી. પણ પાટણના શા. હેમચંદ મોહનલાલ નામના એક ઓસવાળ ભાઈને બીશાશ્રીમાળી-જ્ઞાતિએ વીશાશ્રીમાળી જ્ઞાતિમાં દાખલ કર્યા હોવાથી સંઘમાં તથા જ્ઞાતિમાં બે પક્ષ પડી ગયેલા. તેમાં જો ઐકય થાય, તો સંઘની શોભા વધે, એ વિચારથી શ્રીનગીનભાઈ વગેરેએ પૂજ્ય-શ્રીને એ વાત જણાવી. પૂજ્યશ્રીએ શેઠ ભોગીલાલ લહેરચંદ વિ. અગ્રણીઓને ઉપદેશ ફરમાવી-ને આ ઝઘડામાં લવાદ તરીકે નીમ્યા. તેમણે પણ પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર વ્યાખ્યાનમાં યોગ્ય નિર્ણય આપીને, સકલ સંઘમાં ઐકય સ્થાપ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૯૮૨ના આ વર્ષે-નગરશેઠ પ્રેમાભાઈ વગેરે જૈન સંઘના આગેવાનોએ કર્નલ જે. ડબલ્યુ. વોટસન (પો. એ. કાઠિયાવાડ)ની દરમ્યાનગીરીથી પાલિતાણાના ના. ઠાકોર શ્રી માનસિંગજી સાથે કરેલા સં. ૧૯૪૨ના રખોપા કરારની ૪૦ વર્ષની મુદ્દત પૂરી થતી હતી. તેની વિચારણા અંગે તથા દિગંબરો સાથે ચાલતા સમેતશિખર વિ. તીર્થોના કેસ આદિને અંગે નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ વગેરે આગેવાનોની કમિટિ પૂજ્યશ્રી પાસે વારંવાર આવતી અને યોગ્ય માર્ગદર્શન મેળવતી.

રખોપા કરારમાં નક્કી થયા મુજબ-'મુદ્દત પૂરી થયે એ રકમમાં ફેરફાર કરાવવાને બન્ને પક્ષકારો પૈકી હરકોઈ પક્ષકારને છૂટ હતી.' આથી આપણે મુદ્દત પૂરી થવાના એક વર્ષ પૂર્વે જ રખોપું રદ્દ કરાવવા માટે પ્રયાસો શરૂ કરેલા. પણ ઠાકોરશ્રીએ પણ રખોપાની ચાલુ રકમમાં વધારો કરવા માટે ગવર્ન્મેંન્ટમાં માગણી કરી હતી. એટલે ગવર્ન્મેંન્ટે પણ મુદ્દત પૂરી થયેથી રખોપા અંગે નિર્ણય જાહેર ન થાય, ત્યાં સુધી યાત્રિકોની નોંધ કરવાની રજા ઠાકોરશ્રીને (તેમની-માગણી મુજબ) આપી.

આથી જૈનો અને ઠાકોરશ્રી વચ્ચેનો વર્ષોથી બગડતો આવેલો સંબંધ વધારે બગડવા લાગ્યો. સમસ્ત ભારતવર્ષીય જૈન સંઘ સરકારના તથા ઠાકોરના આ પગલાંની વિરુદ્ધ બન્યો. વળતાં પગલાં લેવા માટે શેઠ આ. ક. ની પેઢીએ પૂજ્યશ્રીના કુનેહભર્યા માર્ગદર્શન તળે જોરદાર કાર્યવાહી શરૂ કરી. સરકારને અરજીઓ તથા મેમોરિઅલો મોકલવા શરૂ થયા. અને સરકારે ઠાકોરને યાત્રાળુઓ પાસેથી મુંડકાવેરો લેવાને આપેલી રજાના વિરોધમાં-તીર્થના સુરક્ષણાર્થે સમગ્ર જૈનસંઘે એકમતે નિર્ણય લીધો-કે-'જ્યાં સુધી આ અન્યાયી રિવાજ બંધ ન થાય, ત્યાં સુધી શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે જવું નહિ.

આ અપૂર્વ અને જબરદસ્ત અસહકાર તા. ૧ લી એપ્રિલ સને ૧૯૨૬થી શરૂ થયો. પ્રત્યેક જૈન આ અસહકારના પાલનમાં ચુસ્ત અને મક્કમ રહ્યો.

આપણા આ અસહકારનું ફળ એ આવ્યું કે-પો. એજન્ટે ઠાકોરશ્રીને યાત્રિકોની સંખ્યા નોંધવાને આપેલી રજા, તેમજ યાત્રિકોની ગણત્રી માટે ઠાકોરશ્રીએ ગોઠવેલાં થાણાં-અફસરો, ઘડેલા નિયમો-ધારાઓ, વિ. સર્વ તદ્દન નિરુપયોગી થઈ પડયું. કારણકે-પાલિતાણામાં યાત્રા માટે એક પણ યાત્રાળુ આવતો ન હતો. સાધુ-સાધ્વીઓ પણ ત્યાંથી વિહાર કરી ગયા હતા. હંમેશાં યાત્રિકોથી ઉભરાતાં ગામના રસ્તાઓ, ધર્મશાળાઓ, તળાટીનો વિભાગ, તથા ગિરિરાજના માર્ગો, અત્યારે સૂમસામ-નિર્જન અને નીરવ બની ગયા હતા. આપણા પૂજ્યશ્રી ઉપરના એક પત્રમાં આ. શ્રીવિજયમોહનસૂરિજી મ., કે જેઓ યાત્રા-ત્યાગના પૂર્વ દિવસે જ યાત્રા કરીને પાલિતાણાથી વિહાર કરી ગયા હતા, તેઓ લખે છે કેઃ—

"તા. ૧ લી એપ્રિલથી પાલિતાણામાં એક પણ જાત્રાળુ નથી. તેમ હજુ સુધી એક પણ પાસ થયેલ નથી. સાધુ-સાધ્વીઓ પણ બધા વિહાર કરી ગયા છે. કોઈ ઘરડી-ન ચાલી શકે તેવી બે પાંચ સાધ્વીઓ બાકી હશે."

અને આ રહ્યો રાણપુરથી પ્રગટ થતાં (તે વખતના) "સૌરાષ્ટ્ર" પત્રનો ૩૧ મી માર્ચ તથા ૧ લી એપ્રિલનો આંખે દેખ્યા અને વાસ્તવદર્શી અહેવાલનો એક ભાગઃ[1]—

---

[1] ૪-૪-૧૯૨૬નો અંક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શિહોર સ્ટેશને સ્વયંસેવકના પટ્ટા પહેરેલા જૈન જુવાનીયાઓ ચોતરફ આંટા મારી રહ્યા છે. 'જૈનોએ યાત્રા બંધ કરવી જોઈએ, કૃપા કરીને એકત્રીશમીની સાંજે પાલિતાણા ખાલી કરજો.' વગેરે આજીજીઓ કરી રહ્યા છે. યાત્રાળુઓની લાગણીમાં દર્દનો પાર નથી. 'યાત્રા બંધ' એ એમને મન મૃત્યુ જેવું લાગે છે. પણ રાજાની ગુલામી સ્વીકારી લેવી, એ વાત એમને એથીયે શરમભરેલી છે, એવી સ્વયંસેવકોની દલીલ તેઓ માન્ય રાખે છે."

"ગઈ કાલે સાંજે પણ અમે તળાટી જોઈ હતી. આજે પણ અમે તળાટી જોઈ. એ ખદ-બદતી માનવતા ક્યાં અને આજની આ સુનસાન સ્થિતિ ક્યાં ? લાડવા[1] વેંચવાની આખી પ્રવૃત્તિ બંધ છે. કોઈ માણસનું મોઢું–વેચનારાનું કે લેનારાનું–ત્યાં નથી. પાણીની પરબો નથી કે નાસ્તાની દુકાનો નથી. નથી ડોળીવાળા. પેલી ફુલ વેચનાર માળણો નથી. તળા-ટીની આખી ભૂમિ આજે ખાવા ધાય છે, સોગન ખાવા એક મનુષ્ય નથી. યાત્રિક કે યાત્રિક ઉપર નભતો કોઈ માનવી બચ્ચો આજે નથી દેખાતો. પાલિતાણાની આજ્ઞા સામે શાંત અસહકાર કરતો પ્રત્યેક માનવ આજે તળાટી છોડી ગયો છે.

'ઉડે છે કાગડા આજે
થતું................'

પણ અહીંયા બીજું કાંઇક છે. પીળા ડગલાવાળા પાલિતાણા રાજ્યના સિક્કા ધરાવનાર ચાર પોલિસો અમને જોઈને પોતાના પટ્ટા સમારતા તૈયાર થઈ ગયા. ત્રણ બીજા પટ્ટાવાળા જેવા માણસ અને એક ટિકિટ કલેક્ટર, આટલા માણસો કોઈ ભૂખ્યું જાનવર શિકારની રાહ જોતું બેઠું હોય તેમ આંખો ફાડી બેઠા હતા. પણ અમે તો એમનું ખાજ નહોતા. અમે મુંડકાવેરો આપવાવાળા નહીં, અમે તો પાસવાળા. 'કેમ ભાઈ, મુંડકવેરાવાળી કેટલી ટિકિટો ચેક કરી ?' 'એક પણ નહીં' 'આવી અમારા જેવી કેટલીક ?' આ તમે લાવો છો એ જ.' રાજ્યે નાખેલો મુંડકાવેરો આમ નાસીપાસ થતો હતો. તેથી જાણે શરમાતા હોય તેમ એ લોકો બિચારા જાણે પ્રાર્થના કરતા હોય ને–'કોઈ આવો–અમારા રાજ્યની આબરૂ બચાવો.''

"ડુંગરનાં થોડાં પગથીયાં ચડ્યા. હજી તળાટીના માણસો અમારી નજરે પડતા હતા. અમે માનવ સમુદાયની દૃષ્ટિ–મર્યાદામાં હતા. એ સ્થિતિ ન ટકી. ચઢાવ અને વળાવ પછી તળાટી દેખાતી બંધ થઇ. અમારી એકલતા અમને સાલવા લાગી. નથી ઉપર કોઈ દેખાતું, નથી નીચે કોઈ દેખાતું. બધું મનુષ્યહીન સૂનસાન લાગે છે."

"જાણે અમારા અંતરનો વિષાદ ઓછો કરાવવા આવ્યો હોય તેમ, ટુહુ ટુહુ કરતો એક મોરલો, અને ત્રણ ચાર હોલા અમારી બાજુમાંથી નીકળ્યા. બોલાઈ જવાયું : Good we have got some companions at least. પણ નહીં. તેણે પણ ડુંગર ચડવાની ના પાડી. જૈન કોમે શું પશુપંખીઓ ઉપર પણ પોતાની આજ્ઞા છોડી છે ? શું તેઓ માત્ર અમને એમ કહેવા આવ્યા હતા કે–'અમે પણ ચડતા નથી, તમે ચડશો નહીં.' બાપુ મોરલા ! અમે જૈનકોમની આજ્ઞાના દ્રોહી તરીકે નથી આવ્યા. અમે તો અમારી ફરજ બજાવવા–સ્થિતિ નિહાળવા આવ્યા છીએ. અમે આગળ વધ્યા."

---

૧. ભાતું આપવાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કોલંબસે નવી દુનિયા શોધી કાઢી ત્યારે પહેલ વહેલું માનવી દેખીને તેના સાથીઓએ A man ! A man ! માણસ ! માણસ ! એવી જેમ બૂમ મારી હતી, તેમ અમે પણ પોકારી ઉઠ્યા. અને એમને મળવાને આતુરતાભર્યાં પગલાં ભરવા માંડ્યા. આખરે માણસ જાતના એ પહેલાં મોઢાં અમે જોયા. અમે છાપાવાળા એટલે વાતોડિયા તો ખરા જ ને ? અમારો ધંધો જ વાતો મેળવવાનો. એ કાંઈ ભૂલાય ? અમે વાતે ચડ્યા. એ પાંચે વેઠીયાઓ હતા. (રાજના)."

"ચાલતાં સામે એક ડોળી આવતી હતી. ચાર જણાએ ઉપાડી હતી. આ શું ? નીચે તો કહેતા હતા ને કોઈ નથી ગયું ? અમારા સાથીએ કહ્યું કે: એ તો રેવન્યુ કમિશ્નર સાહેબ જેવા લાગે છે. એ જ નીકળ્યા. અરસપરસ નમન કર્યું. પોતે મુંડકાવેરા સંબંધની વ્યવસ્થા કરવા પધાર્યા હતા. અમારા સાથીના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા: "ઉજ્જડ ગામની જમીન માપવા પધાર્યા હતા !"

આ ઉપરથી અસહકારનો ખ્યાલ આવી શકે છે.

પણ–આમ થવાથી તો પો. એજન્ટ ચીડાયા. અને તેમણે (સી. સી. વોટસને) ૬ મહિને ફેંસલો આપ્યો કે:–'જૈનોએ ઠાકોરશ્રીને વાર્ષિક ૧ લાખ રૂપિયા રખોપા તરીકે આપવા.' તેમના મનમાં એમ કે–આ ઠરાવથી જૈનો ગભરાશે, અને અસહકાર છોડશે. પણ એમની એ ધારણા ખોટી ઠરી. આપણો અસહકાર વધુ ઉગ્ર બન્યો. અને સંતોષકારક સમાધાન ન થાય ત્યાં સુધી એ અસહકાર એ જ રીતે ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો. શેઠ કીકાભાઈ પ્રેમચંદ, શેઠ શાન્તિદાસ આશકરણ વગેરે મહારથી ગૃહસ્થોની એક તીર્થરક્ષક કમીટિ સ્થાપવામાં આવી. અને સમગ્ર સંઘમાં તીર્થરક્ષાની ભાવનાથી પ્રેરાયેલા ભાવિકો વિવિધ તપ–ત્યાગ–આરાધનામાં જોડાઈ ગયા.

હવે – પૂજ્યશ્રીની ભાવના જુદી જ હતી. વર્ષોથી ચાલી આવતી પાલિતાણા રાજ્યની આ રોકટોકને મિટાવવા તેઓશ્રીએ જુદો જ માર્ગ વિચારેલો. અને તે એ હતો કે––"ભાવનગર સ્ટેટની હદમાં તળાજા–કદંબગિરિ થઈને રોહિશાળા આવવું. ત્યાં શેઠ આ. ક. ની માલિકીની પુષ્કળ જમીન છે, તેમાં ૧૦૦ ઓરડાની વિશાળ ધર્મશાળા બાંધવી (રોહિશાળા ગામ એજન્સીની હકુમતનું હોવાથી ત્યાં પાલિતાણા સ્ટેટ કાંઇ કરી શકે તેમ ન હતું). રોહિશાળાની પ્રાચીન પાજે થઈને ગિરિરાજ ઉપર યાત્રાર્થે ચડવા–ઉતરવાનું રાખવું.[૧] જો કે–આ રસ્તે અમુક પગથીયાઓ જીર્ણ હતા, પણ તેનું સમારકામ કરી લેવાય તેમ હતું.

એ રસ્તે અર્ધા ડુંગરે આવેલ કનીરામના કુંડ સુધી એજન્સીની હકુમત અને રોહિશાળાના કામળીયા દરબારોની માલિકી હતી, અને પછી પાલિતાણાની હકુમત હતી. પણ આપણને આ માર્ગે પાલિતાણા સ્ટેટના રક્ષણની જરૂર ન હોવાથી તે રખોપું માગી શકે તેમ ન હતું."

---

૧ ગિરિરાજની ૪ પાગ. જયતલાટીની મુખ્ય પાગ, ઉત્તર સન્મુખ. શેત્રુંજીની પાગ પૂર્વ સન્મુખ. ઘેટીની પાગ પશ્ચિમ સન્મુખ, અને રોહિશાળાની પાગ દક્ષિણ સન્મુખ, ત્રણ ગાઉની પ્રદક્ષિણા તથા ૯૯ યાત્રા કરનારાઓ રોહિશાળાની પાગે ઉતરે જ, અને ત્યાં પ્રાચીન દેરીમાં પાદુકાના દર્શન કરી, પાછાં ગિરિરાજ ઉપર ચઢી જાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ થવાથી પાલિતાણા રાજ્યની વર્ષો જૂની અને કાયમની હેરાનગતિ મટતી હતી. લોકો કાયમ પૂર્ણ યાત્રા કરી શકતા હતા. દીર્ઘદૃષ્ટિભર્યા આ વિચારથી પ્રેરાઈને પૂજ્યશ્રીએ અગ્રણી શ્રાવકોને એ માટે ઉપદેશ ફરમાવતાં તેઓએ એનો સહર્ષ સ્વીકાર કર્યો. અને એ વિચારને અમલી બનાવવાના ચક્રો ગતિમાન્ થયા. રાધનપુરવાળા શા. કમળશીભાઈ ગુલાબચંદ વગેરેને રોહિશાળા પાગનો રસ્તો જોવા તથા ઉપર કનીરામના કુંડ પાસે દેરાસર–ધર્મશાળા આદિનું ખાતમુહૂર્ત કરવું, એ વિચારથી મોકલવામાં આવ્યા. આમ થવાથી ગિરિરાજની યાત્રા માટે કાયમને માટે રોહિશાળાની પાગનો માર્ગ નકકી થવાનું વાતાવરણ દેશભરમાં પ્રસરી ગયું.

આમ–આ રસ્તા અંગેની પૂર્ણ તૈયારી કરી રાખવા છતાંય સર્વહિતચિંતક પૂજ્ય શ્રીમાન્‌ની તથા આપણા આગેવાન શ્રેષ્ઠિવર્યોની ભાવના ખરી કે:—

અને ત્યાં સુધી ઠાકોરશ્રી સાથે સમાધાનનો માર્ગ લેવો, જેથી ઠાકોરશ્રી અને જૈનો વચ્ચેનો સંબંધ કાયમ જળવાઈ રહે. અને એ રીતે જાત્રા ખુલ્લી થાય તો બન્ને પક્ષને આનંદ મંગળ થાય. અને જો સમાધાનનો માર્ગ કોઈ રીતે ન જ નીકળે, તો પછી પાલિતાણાથી યાત્રા બંધ કરવી અને રોહિશાળાથી કાયમી યાત્રાનો પ્રબંધ કરવો.

—*—

# [૪૩]

## અનુમોદનીય યાત્રા સંઘ

અહીં–પાટણમાં ચાતુર્માસ પૂર્ણ થયે શેઠશ્રી નગીનદાસ કરમચંદે છ'રી' પાળતા સંઘની તૈયારીઓ આદરી. મુંડકાવેરાને કારણે શ્રીસિદ્ધગિરિરાજની યાત્રાના ચાલુ વિરહકાળમાં પૂજ્યશ્રીના સદુપદેશથી શ્રીરૈવતાચલ(ગિરનાર) તીર્થ તથા કચ્છ–ભદ્રેશ્વરતીર્થનો સંઘ કાઢવાનું નક્કી થયું.

શ્રીગિરનાર એ તીર્થધામ સોરઠનું એક ગરવું તીર્થ છે.

શુદ્ધ–બ્રહ્મચર્યાવતાર ભગવાન્ શ્રીઅરિષ્ટનેમિના દીક્ષા–કેવળજ્ઞાન અને નિર્વાણ, એ ત્રણ કલ્યાણકારિ કલ્યાણકો આ મહાતીર્થમાં થયા છે.

ભાવિ–ઉત્સર્પિણીકાળના શ્રીપદ્મનાભસ્વામી આદિ ૨૪ તીર્થંકરોની નિર્વાણભૂમિ પણ આ મહાતીર્થ જ છે.

અને આ શ્રીરૈવતાચલતીર્થ શ્રીસિદ્ધાચલજીના એક શિખર સ્વરૂપ છે.

એટલે જ–જેના કાંકરે કાંકરે અનંતા આત્માઓ મુક્તિભાજન બન્યા છે, તે શ્રીસિદ્ધાચલજીની સાક્ષાત્ સ્પર્શના–યાત્રા ન થાય, તો પણ એના અંગભૂત આ તીર્થની યાત્રાનો પવિત્ર લાભ મળશે જ, એવી શુભ ભાવનાથી એ તીર્થની યાત્રાનો નિર્ણય લેવાયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી સોરઠદેશના બંધુ સમા અને સોરઠ જેવા જ ગૌરવશાલી કચ્છ દેશનું મહાન્ તીર્થ ભદ્રેશ્વર છે.

એનું અસલ નામ ભદ્રાવતી નગરી. ચરમતીર્થપતિ શ્રી મહાવીરદેવના જીવનકાળ દરમ્યાન એ નગરીનું કચ્છમાં આગવું સ્થાન હતું. સર્વ રીતે સમૃદ્ધ એ નગરી હતી. આ નગરીમાં શ્રીદેવચંદ્ર નામના એક શ્રાવકે ભવ્ય જિનાલય બંધાવી, તેમાં પ્રભુની ગણુસંપદાના સ્વામી શ્રી સુધર્માસ્વામી ભગવંતના પવિત્ર હસ્તે અંજનશલાકા કરાયેલ શ્રીપાર્શ્વપ્રભુના બિંબની પ્રતિષ્ઠા કરી. ત્યારથી એ નગરી તીર્થ તરીકે વિખ્યાત બની.

ત્યારબાદ એ નગરીએ ઘણી ચડતી-પડતીઓ જોઈ. ભદ્રાવતીમાંથી ભદ્રેશ્વર થયું. દેરાસર ઉપર પણ વિધ્વંસના પડછાયા પડયા.

જગત્પિતા જગડૂશાહના વખતમાં આ નગરી પુનઃ સમૃદ્ધ થઈ અને સં. ૧૬૨૨માં શ્રીસંઘે નૂતન જિનાલયમાં મૂળનાયક તરીકે શ્રીમહાવીર પ્રભુની સ્થાપના કરી. પ્રાચીન મૂળનાયક શ્રીપાર્શ્વપ્રભુની પ્રતિમા કે-જે પડતીના કાળમાં એક બાવાના હાથમાં જઈ પડી હતી, તેની પાસેથી મેળવીને નૂતન જિનાલયની ભમતીમાં (૫૧ દેરીઓની મુખ્ય દેરીમાં) સ્થાપવામાં આવી. આ દેરાસરનો છેલ્લો ઉદ્ધાર સં. ૧૯૩૯માં થયો.

આબુ-દેલવાડાની તુલનાએ આવે એવી આ તીર્થની કલા કારીગરી છે.

ચાલુ કાળમાં (સં. ૧૯૮૨-૮૩) વિકટમાર્ગ, દૂર દેશ, પૂરતી પ્રતિકૂળતા વગેરે કારણોસર સાધુ-સાધ્વીજીઓ તથા એકલદોકલ ભાવિક ગૃહસ્થો કચ્છના આ પુણ્યતીર્થની યાત્રાએ ન જઈ શકતા. એટલા માટે આ તીર્થની યાત્રા કરવાનું પણ નિર્ણીત થયું. ગામોગામ નિમંત્રણ-પત્રિકા પાઠવવામાં આવી. અને માગસર વદિ ૧૩ના મંગલદિને શેઠશ્રી નગીનદાસ કરમચંદ-ભાઈએ પૂજ્યશ્રીની પવિત્ર નિશ્રામાં ચતુર્વિધ શ્રીસંઘ સહિત તીર્થયાત્રા માટે મંગલ પ્રસ્થાન કર્યું. નગરબહાર સંઘ ચારેક દિવસ રોકાયો. પૂજ્યશ્રીના વિવિધ વિષયોને લગતા વ્યાખ્યાનો સમસ્ત સંઘને ભારે આલ્હાદ ઉપજાવવા લાગ્યા.

આ સંઘનો આંખે દેખ્યો અહેવાલ લખનાર શ્રીયુત મોહનલાલ ચુનીલાલ ધામી લખે છે કેઃ—"પોષ શુદિ એકમને દહાડે શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીનું મહત્ત્વ-પૂર્ણ વ્યાખ્યાન થયું. આ વ્યાખ્યાન સાંભળવા માટે માનવમેદનીનો પાર ન હતો. કોઈ તેમના દર્શનાર્થે, કોઈ વચનામૃતની આશાએ, તો કોઈ તેમનો પડકાર ઝીલવા, એમ ઘણા ભાઈઓ આવ્યા હતા. અમદાવાદના તેમજ બીજા ગામોના શેઠીયાઓ પણ આ વ્યાખ્યાનમાં આવ્યા હતા. જૈનેતરવર્ગનો પણ સારો જમાવ થયો હતો. મહારાજશ્રીએ 'આત્મશકિતનો વિકાસ' અને 'પ્રતિમાપૂજન' ઉપર સચોટ દલીલો સહિત લગભગ ત્રણ કલાક સુધી સુંદર વ્યાખ્યાન આપ્યું હતું."[૧]

પોષ શુદ બીજે સંઘ આગળ વધ્યો. કુણુઘેર-જમણુપુર-હારજ-મુંજપુર થઈને શ્રીશંખેશ્વરતીર્થે આવ્યો. સંઘમાં પૂજ્યશ્રી સપરિવાર, તેમજ પૂ. આ. શ્રી વિજયનીતિસૂરિજી મ.

---

૧ કચ્છ-ગિરનારની મહાયાત્રા-પૃ. ૪૪, લેખક શ્રીધામી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરિજી મ., વાચનાચાર્ય શ્રીમાણિક્યસિંહસૂરિજી મ., પં. શ્રીભક્તિવિજયજી મ. (રાધનપુરવાળા) આદિ અનેક પૂજ્ય મુનિપુંગવો સપરિવાર પધાર્યા હતા.

ભાવોલ્લસિત હૈયે શંખેશ્વરતીર્થની યાત્રા કર્યા બાદ પૂજ્યશ્રીએ સંઘવીજીને વિધિપૂર્વક તીર્થમાળા–પરિધાન કરાવ્યું. ત્યારબાદ ત્યાંથી પંચાસર–દશાડા થઈને માંડલ–ઉપરીયાળાજી પધાર્યા. માંડળમાં શેઠ આ. ક. ની પેઢીની કમિટિ સિદ્ધાચલજીના પ્રશ્ન અંગે પૂજ્યશ્રી પાસે માર્ગદર્શન મેળવવા આવી. કમિટિ અને પૂજ્યશ્રી વચ્ચે તે અંગે વિચારણા તથા વાટાઘાટો થઈ. કમિટિએ પૂજ્યશ્રીને સૂચવ્યું કે : "આપશ્રી ધ્રાંગધ્રા પધારશો, તો ત્યાંના દીવાન સાહેબ શ્રીમાનસિંહજી આપની સાથે શ્રીસિદ્ધાચલજી તથા શ્રીગિરનારજી સંબંધી વાટાઘાટ કરવાના છે. વળી–તીર્થના હક્ક વગેરે બાબતની માહિતી, તથા સામાને સમજાવવાની શક્તિ, જે આપશ્રીમાં છે, તેવી અન્ય કોઈમાં નથી જ. અને આપશ્રી જે કરશો તે પેઢીને તેમજ હિન્દુસ્તાનના સંઘને માન્ય કરવાનું હોય જ છે."

સંઘ ધ્રાંગધ્રા તરફ આગળ વધ્યો. પોષ વદી ચોથે ધ્રાંગધ્રામાં પ્રવેશ હતો. અહીં આજુબાજુના તથા દૂરના ગામોમાંથી હજારો લોકો આ વિશાલ તીર્થયાત્રાસંઘના દર્શનાર્થે ઉમટ્યા હતા.

ગામ બહાર એક માઈલ દૂર સંઘ આવી પહોંચતાં, ત્યાં દિવાન સાહેબ શ્રીમાનસિંહજી કે જેઓ પૂજ્યશ્રીના પરમ અનુરાગી ભક્ત બન્યા હતા. અને પૂજ્યશ્રીને 'ગુરૂજી' માનતા હતા, તેઓ અન્ય રાજ્યાધિકારીઓ તેમજ ધ્રાંગધ્રાનો શ્રીસંઘ વિ. આવી પહોંચ્યા. પૂજ્યશ્રીના દર્શન–વંદન કરીને સંઘવીજીને મળ્યા. ત્યાર પછી વિશાળ છતાં સુવ્યવસ્થિત સામૈયું શરૂ થયું. એ સામૈયાનું વર્ણન કરતાં 'શ્રી ધામી' લખે છેઃ—

"ગામથી એક માઈલ દૂરથી વરઘોડો ચડવાનો હોવાથી બે એક માઈલ સુધી સડક પર બંને બાજુ માણસોની હાર ખડી થઈ ગઈ હતી. વરઘોડામાં પ્રથમ સંઘવીશ્રીનો નિશાનડંકો હતો. ત્યારપછી સ્ટેટનું વિશાળ મિલિટરી બેન્ડ હતું. એની પાછળ સ્ટેટના પાયદલ સૈનિકની એક સશસ્ત્ર ટુકડી હતી. પાછળ કાઠિયાવાડના પાણીદાર ઘોડાઓ નચાવતા સ્ટેટના સ્વારો હતા. ત્યારપછી કુણઘેરીઆ ગુર્જરવીરો, તેની પાછળ ઘોડાગાડીઓની લાંબી કતાર અને શણગારાયેલા સાંબેલાઓ પાછળ સંઘવીજીનો સુંદર સીગરામ ચાલતો હતો. એની પાછળ ધ્રાંગધ્રાના સ્વયંસેવકોની વિશાળ ટુકડી હતી. ત્યારબાદ સંઘપતિની પુત્રી શ્રી કલાવતીબેન સાંબેલા તરીકે શોભી રહ્યા હતા. આની પાછળ પચાસ વોલંટીયરની ટુકડી હતી. આ પછી વળી સ્ટેટનું એક સુંદર બેન્ડ હતું. અને પાછળ આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી, આચાર્ય મહારાજ શ્રીવિજયનીતિસૂરીજી, આચાર્ય શ્રીદર્શનસૂરિજી, આચાર્યશ્રી ઉદયસૂરિજી, પં. શ્રીભક્તિવિજયજી તેમજ બીજા મુનિમંડળ સહિત લગભગ પોણોસો સાધુમહારાજાઓનો વિશાળ સમુદાય ચાલ્યો જતો હતો. ત્યાર પછી સંઘવીજી અને તેમના બંને ભાઈઓ તથા કુટુંબ, તેમની બાજુમાં ધ્રાંગધ્રા સ્ટેટના દિવાન સાહેબ તથા અન્ય અમલદારો, ત્યારબાદ ધ્રાંગધ્રાના આગેવાન જૈન ગૃહસ્થો અને ભાવનગર, જામનગર, વેરાવળ આદિ ગામોના શેઠીયાઓ, આ ઉપરાંત સંઘના તેમજ બીજા જોવા આવેલા ભાઈઓની અપાર સંખ્યા હતી. આ વરઘોડાની લંબાઈ એટલી વિશાળ થઈ હતી કે જાણે કોઈ નદી મંદ મંદ ગતિએ વહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહી ન હોય ! આ વરઘોડો રેલ્વે પુલ વટાવીને ગામના દરવાજા પાસે પહોંચ્યો, ત્યાં સ્ટેટનો મદમસ્ત હાથી ઊભો હતો, અને તે પર સુવર્ણજડિત અંબાડી શોભી રહી હતી. આ હાથી પર સંઘપતિના બંને પુત્રો સેવંતીલાલ તથા રસિકલાલ પ્રભુજીની પ્રતિમા લઈને બેઠા. અને એ હાથી વરઘોડા સાથે લીધો. પાછળ સંઘવીશ્રીના પત્ની કેસરબ્હેન અને શ્રીમંડળ સાધ્વી-શ્રીઓના સમુદાય સાથે ચાલી રહ્યા હતા.

સંઘની આવી મહાન્ ભવ્યતા નિરખી જોનારા ભાઈઓના હૈયામાંથી અચાનક બોલાઈ જવાતું કે:–"આ સંઘ નથી પણ ઈંદ્રની સ્વારી છે"[1]

સામૈયામાં વચમાં વચમાં દિવાન સાહેબ પૂજ્યશ્રીની બાજુમાં વિનયપૂર્વક ચાલતા. ચાલુ સામૈયામાં જ તેઓએ રાજ્યના હાઈ પોલિસ કમિશનર શ્રી દાદભાસાહેબ બોલાવ્યા અને કહ્યું: "દાદભા સાહેબ ! આજે આપણા રાજ્યમાં સંઘની પધરામણીની ખુશાલીમાં નામદાર મહારાજા સાહેબ તરફથી ફરમાન છે કે–'

૧. "આપણા રાજ્યના કેદીઓની દરેકને એક માસની સજા માફ કરવી. અને એક માસની સજાવાળા કેદીઓને મુક્ત કરવા.

૨. જ્યાં સુધી આ સંઘ અત્રે રહે ત્યાં સુધી આ શહેરમાં પશુવધ કરવો નહીં. તેમજ કોઈપણ વિદેશીને તેની ખાસ અગત્ય હોય તો પણ તેને આ સ્થળેથી તે મળી શકશે નહીં." આ રીતે સંઘની પધરામણીની ખુશાલીમાં ના. મહારાજાશ્રીની આજ્ઞાથી શ્રીદિવાનસાહેબે તત્કાલ બે પવિત્ર ફરમાનો બહાર પાડ્યા.

ત્યારપછી આ ભવ્યતમ સ્વાગત યાત્રા દેરાસરે દર્શન કરીને સંઘના પડાવે ઉતરી. અહીં સંઘ ૩ દિવસ રહ્યો. બીજા દિવસે ના. મહારાજાને સંઘવી તથા સ્થાનિક સંઘ તરફથી, અને સંઘવીજીને સ્થા. સંઘ તરફથી માનપત્ર આપવાનો મેળાવડો યોજાયો. આ પ્રસંગે ના. મહા-રાજાએ ધ્રાંગધ્રા સ્ટેટમાં નીચેના '૧૨' દિવસ (હંમેશ) **અમારિ** પાળવાનું ફરમાન કર્યું :–

૧. નામદાર મહારાજા રાજસાહેબ બહાદુરનો શુભ જન્મદિવસ.

૨. નામદાર મહારાજકુમાર સાહેબનો શુભ જન્મદિવસ.

૩. શેઠ નગીનદાસ કરમચંદે કાઢેલ સંઘે ધ્રાંગધ્રા શહેરમાં મુકામ કર્યાનો દિવસ પોષ વદી ૪. ૪, મહાશિવરાત્રિ. ૫. રામનવમી. ૬, ચૈત્ર શુદી પૂર્ણિમા ૭, શ્રીકૃષ્ણ જયંતી. ૮. પર્યુષણનો પહેલો દિવસ. ૯, ભાદરવા શુદ ૧. ૧૦, ભાદરવા શુદ ૪. ૧૧, કારતક શુદી પૂર્ણિમા. ૧૨, મકર સંક્રાંતિ.[2]

આથી સકળ શ્રી સંઘમાં તેમજ પ્રજામાં નિરવધિ આનંદ વ્યાપી ગયો.

૩ દિવસ ધ્રાંગધ્રામાં રહીને સંઘે કચ્છ તરફ પ્રયાણ કર્યું. આ વખતે પૂજ્યશ્રીને સંઘમાં પધારવાનો સંઘવીજીનો અતીવ આગ્રહ હતો, જ્યારે બીજી બાજુ શ્રીદિવાન સાહેબની આગ્રહ-પૂર્ણ વિનંતિ હતી કે-ધ્રાંગધ્રામાં સ્થિરતા કરો.

૧ એજન પૃષ્ઠ–૬૩–૬૪.

૨ એજન–પૃ. ૯૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેવટે શારીરિક અનુકૂળતા તથા તીર્થરક્ષા વિ. કારણો વિચારતાં લાભાલાભની દૃષ્ટિએ પૂજ્યશ્રી ધ્રાંગધ્રામાં વિરાજ્યા, અને સંઘે આગળ પ્રયાણ કર્યું.

આ વખતે સંઘમાં ૬૫ મુનિરાજો, ૨૬૭ સાધ્વીજીઓ, ૫૮૫ ગાડી–મોટરવાળા, ૪૨૮ નોકરચાકરો, ૮૦ ચોકીયાત, ૨૫૦ છ 'રી' પાળતા ભાવિકો, ૨૬૦૦ યાત્રિકો, ૪૮૦ ગાડી–મોટર–સિગરામ વિ., આ સિવાય રૂપાનું જિનમંદિર, તંબૂ–પાલ–શમીયાણાઓ વિ. અનેક સાધનસામગ્રી હતી.[1]

ધ્રાંગધ્રામાં પૂજ્યશ્રીએ ૧ માસ સ્થિરતા કરી. તે દરમ્યાન શ્રીદિવાન સાહેબ સાથે તીર્થના હકકો, જૈનોનો મૂળ ગરાસિયા રાઈટ વિ. બાબતોમાં ખુલ્લા દિલે વિચારણા થઈ. સચોટ દલીલો અને વ્યાજબી મુદ્દાઓ (Points) સમજાવવાથી દિવાન સાહેબ પણ કબુલ થયા કે–શ્રાવકોની મૂળગરાસિયા સ્ટેટસની માંગણી તદ્દન વ્યાજબી છે.

શેઠ આ. ક. ની તીર્થરક્ષક કમિટિ પણ અહીં બે–ત્રણવાર આવી. સરકાર સાથે સમાધાનીની વાટાઘાટો ચાલુ જ હતી.

ધ્રાંગધ્રાનરેશ નામદાર શ્રીઘનશ્યામસિંહજી બહાદુર પણ પૂજ્યશ્રીના દર્શને તથા વ્યાખ્યાનશ્રવણ માટે ત્રણેક વાર આવ્યા હતા.

એક પ્રસંગે દિવાન સાહેબે પૂજ્યશ્રીને વિનંતિ કરી કે : 'અહીં રાજ્યની અનેક જગ્યાઓ છે, તે પૈકી જે જગ્યા આપશ્રી પસંદ કરો તે જગ્યા ધર્મકાર્ય માટે રાજ્ય અર્પણ કરે.'

પૂજ્યશ્રીએ આ માટે સ્પષ્ટ ના ફરમાવી.

અમદાવાદમાં શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈના ધર્મપત્ની શ્રીમાણેકબેનને પોતે કરેલી તપશ્ચર્યા નિમિત્તે ભવ્ય ઉદ્યાપન-મહોત્સવ ઉજવવો હતો. તેમજ શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈએ નવપદજીની ઓળી આરંભેલી. તેમની ભાવના આગામી ચૈત્રી ઓળી પૂજ્યશ્રીની નિશ્રામાં આરાધવાની હતી. તેથી તેઓ પૂજ્યશ્રીને અમદાવાદ પધારવાની વિનંતિ કરવા આવ્યા.

એમની વિનંતિનો સ્વીકાર કરીને પૂજ્યશ્રી ધ્રાંગધ્રાથી અમદાવાદ પધાર્યા. આ વખતે સકલસંઘ તેઓશ્રીના સ્વાગતે ઉમટયો હતો. અન્ય સમુદાયના મુનિવરો પણ સામૈયામાં આવ્યા હતા. પૂજ્યશ્રીના દર્શનની તો પડાપડી થઈ રહી હતી. ઘર આંગણે આવેલી ગંગામાં ન્હાવાનો લ્હાવો કોણ જતો કરે ભલા ?

પૂજ્યશ્રી પાંજરાપોળ–ઉપાશ્રયે બિરાજ્યા. અહીં તેઓશ્રીની સામે શાસનના મહત્ત્વના પ્રશ્નો તથા કાર્યો ખડા થયા. પણ તેઓશ્રીની કુશાગ્ર બુદ્ધિ–કુનેહ એક પછી એક સઘળા પ્રશ્નોને હલ કરવા લાગી, અને સર્વ કાર્યો વ્યવસ્થિત રીતે થવા લાગ્યા.

ચૈત્ર માસમાં પૂજ્યશ્રી માકુભાઈ શેઠના બંગલે પધાર્યા. ત્યાં તેઓશ્રીના સાંનિધ્યમાં શેઠશ્રી આદિ ઘણા ભવ્યાત્માઓ વિધિપૂર્વક શાશ્વતી ઓળી આરાધવા લાગ્યા.

ઓળી પૂર્ણ થયા પછી શેઠશ્રી જમનાભાઈના ધર્મપત્ની શેઠાણી માણેકબહેને અનેરા ઉત્સાહથી ઉજમણાંની તૈયારી આરંભી. નગરશેઠશ્રી કસ્તૂરભાઈ મણીભાઈ વગેરેએ એ તૈયારીમાં

૧ એજન–પૃ. ૧૮૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસપૂર્વક ભાગ લીધો, અને મહોત્સવની તમામ વ્યવસ્થા તેમના માર્ગદર્શન અનુસાર થવા લાગી.

શાહીબાગમાં આવેલા તેમના આલીશાન બંગલાના ચોકમાં વિશાળ મંડપ બાંધી, તેમાં ઉજમણાના ૩૪ છોડની ગોઠવણી કુશળતાપૂર્વક કરવામાં આવી. શ્રીસિદ્ધાચલજી, ગિરનારજી, મેરૂગિરિ, સમવસરણ તથા પાવાપુરી, એમ પાંચ મનોહર અને સ્થાયી રચનાઓ કરવામાં આવી. સંઘ નિમંત્રણ પત્રિકા સર્વત્ર મોકલવામાં આવી અને વૈશાખમાસમાં આ મહોત્સવનો શુભારંભ થયો. વિવિધ પૂજાઓ, પ્રતિદિન સ્વામિવાત્સલ્યો, નવકારશીઓ, ભવ્ય જળયાત્રા, રથયાત્રા, અને અષ્ટોત્તરી મહાસ્નાત્ર–આ બધો કાર્યક્રમ ભારે ઠાઠમાઠ સહ સંપન્ન થયો.

સિદ્ધચક્ર મહાપૂજન પણ આ મહોત્સવમાં સર્વ પ્રથમ ભણાવવામાં આવ્યું. આ માટે ખાસ શેઠશ્રી જમનાભાઈ તરફથી શ્રીસિદ્ધચક્રયંત્રનું ચાંદીનું માંડલું, તેમજ જુદી જુદી જાતિના સાચા રત્નોથી જડિત નવ કળશો વગેરે ઉત્તમ કોટિની સામગ્રી પૂજ્યશ્રીની સૂચનાનુસાર બનાવરાવવામાં આવ્યા હતા. (આ બધું આજે પણ મોજુદ છે.) આ મહાપૂજનનો વિધિ પૂજ્ય શ્રીમાન્‌ની દેખરેખ નીચે તેઓશ્રીના બહુશ્રુત પટ્ટધર શિષ્યરત્નોએ તૈયાર કરેલો, તે વિધિ અનુસાર આ મહાપૂજન આ મહોત્સવમાં ભણાવાયું.

પાંચ રચનાઓ એટલી આકર્ષક અને હૂબહૂ બની હતી કે પ્રેક્ષકો મ્હોંમાં આંગળા નાખી જતાં. શ્રીસિદ્ધાચલજીની રચનામાં જે પ્રમાણે ગિરિરાજ ઉપર ટુંકો–દેરીઓ–દેરાસરો છે, તે જ પ્રમાણે સઘળી ગોઠવણી કરવામાં આવેલી. આથી પ્રેક્ષકને થતું કે–જાણે હું સાક્ષાત્ ગિરિરાજની યાત્રા જ કરી રહ્યો છું. આમ પાંચેય રચનાઓએ જનગણમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. દર્શન માટે આખાયે મહોત્સવ દરમ્યાન દિવસ–રાત દર્શકોની ભીડ જામેલી રહેતી.

'સોનામાં સુગંધ'ની જેમ આ ઉજમણાની સાથે બીજો પ્રસંગ બન્યો. આચાર્ય શ્રી વિજયોદયસૂરિજીના બહુશ્રુત પટ્ટધર શિષ્ય પંન્યાસશ્રી નન્દનવિજયજી ગણિવરને પૂજ્યશ્રીએ ઉપાધ્યાયપદ તથા આચાર્યપદથી અલંકૃત કર્યા. ઉપાધ્યાયપદ વૈશાખ શુદ ૭ મે આપીને તેઓને સૂરિમંત્રના પાંચ પ્રસ્થાનની ઓળીમાં પ્રવેશ કરાવ્યો હતો.

શ્રમણ ભગવાન્ મહાવીરદેવના કેવળજ્ઞાન કલ્યાણકનો એ પવિત્ર દિવસ હતો. હજારોની સંખ્યામાં જનસમૂહ હાજર હતો. વિશાળ મંડપ પણ અત્યારે નાનો લાગતો હતો. છતાંયે એકેએક વ્યક્તિ સાંભળી શકે એવા સ્પષ્ટ અને વિશુદ્ધ ક્રિયા–ઉચ્ચારો ઉચ્ચરી રહેલા પૂજ્યશ્રીએ વૈશાખ શુદિ ૧૦ મે શ્રીનંદનવિજયજી મ. ને આચાર્યપદારૂઢ કર્યા. અને સિદ્ધાન્તમાર્તંડ, કવિરત્ન, ન્યાયવાચસ્પતિ, શાસ્ત્રવિશારદ આચાર્યશ્રીવિજયનન્દનસૂરિજી મ. તરીકે જાહેર કર્યા.

નૂતન સૂરિરાજને સકલ સંઘે હર્ષનાદ અને જયનાદથી વધાવી લીધા. તેઓને ચારિત્ર ગ્રહણ કર્યે ૧૪ વર્ષ થયા હતા. અને તેઓની વય ૨૮ વર્ષની હતી. લોકોત્તર જિનશાસનની આ એક ખૂબી છે કે–અહીં વયમાં કે કેવળ સંયમ પર્યાયમાં વૃદ્ધ હોય, તેને જ યોગ્ય નથી ગણાતા. કિંતુ જે જિનપ્રવચન–વર્ણિત ગુણો મેળવવામાં તથા કેળવવામાં ઝડપી અને વિશિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગતિ કરે, તે જ આવી મહાન્ જવાબદારી માટે યોગ્ય ગણાય છે. નૂતન સૂરિવરશ્રીમાં આવી યોગ્યતા આપણા પૂજ્યશ્રીએ પોતાના જ્ઞાનચક્ષુ વડે જોઈ હતી. અને તેથી જ તેઓશ્રીએ તેમને આ મહત્ત્વનું પદ સમર્પ્યું હતું. '**गुणाः पूजास्थानं, गुणिषु न च लिङ्गं न च वयः।**

આ પદવી નિમિત્તે શ્રીજૈનતત્ત્વવિવેચક સભા તરફથી નવકારશી થઈ. આચાર્યપદાર્પણ દિને ધ્રાંગધ્રાના દિવાન શ્રીમાનસિંહજી ખાસ કામળી ઓઢાડવા માટે આવ્યા હતા. આ ઉદ્યાપન–મહોત્સવનું રોચક વર્ણન 'શ્રીજૈનધર્મપ્રકાશ' માં આ પ્રમાણે મળે છે :—

## શ્રી અમદાવાદ ખાતે ઉદ્યાપનનો અપૂર્વ મહોત્સવ—

"આ ઉદ્યાપન મહુંમ શેઠજી જમનાભાઈના ધર્મપત્ની માણેકબેને કરેલા વીશસ્થાનક, નવપદ, અને જ્ઞાનપંચમી સંબંધી તપને અંગે કરવામાં આવ્યું હતું. તે ત્રણે તપની સંખ્યા પ્રમાણે કુલ ૨૦–૯–૫ છોડ કરવામાં આવ્યા હતા. તેમાં નવ છોડ ઝીક ચળકના ભરાવેલ ઘણા સુંદર હતા. તમામ છોડમાં ઉપકરણો પણ બહુ કિંમતી મૂકયા હતા. સિદ્ધચક્રનું મંડળ તદ્દન ઝવેરાતથી બહુ સુંદર બનાવ્યું હતું. છોડની પાછળ કાચની બહુ સરસ ગોઠવણી કરવામાં આવી હતી. ત્યાં મધ્યમાં સમવસરણ ગોઠવ્યું હતું. બાજુના ભાગમાં બીજા મંડળમાં શ્રીસિદ્ધાચળજીની બહુ સુંદર રચના કરવામાં આવી હતી. ઉપરના ભાગમાં તમામ દેરાસરો વિગેરે પત્થરના જ બનાવ્યા હતા. તમામ પાગો, રસ્તાઓ, વિસામાઓ વિ. તળાટી સુધી અને ચારે બાજુએ બતાવ્યા હતા. રોશનીની ગોઠવણ અંદર અને બહાર એટલી બધી અને સરસ રીતે કરવામાં આવી હતી કે માત્ર તે જોવા સારૂ પણ હજારો જૈનેતરો રાત્રિએ આવતા હતા.

વૈ. શુ. ૩ ને દિવસે પ્રભુ પધરાવી મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. શુદિ ૯ મે જળયાત્રાનો વરઘોડો બહુ વિસ્તારવાળો અને અનેક પ્રકારની સામગ્રી સંયુકત ચડાવ્યો હતો. ધ્રાંગધ્રા સ્ટેટના બે બેન્ડ ખાસ આવેલા હતા. શેઠજી માણેકલાલભાઈ રથ હાંકવા બેઠા હતા. આ મહોત્સવમાં તેમણે અગ્રભાગ લીધેલો હોવાથી મહોત્સવની શોભામાં વૃદ્ધિ થઈ હતી.

બહારગામથી ધ્રાંગધ્રાના મે. દિવાન સાહેબ વિ. જૈનો તેમજ જૈનેતરો પ્રાહુણા તરીકે તેમજ મહોત્સવના દર્શન માટે ઘણી મોટી સંખ્યામાં આવેલા હતા. શુદ ૧૦ મે ને શુદિ ૧૧ શે નવકારશી કરવામાં આવી હતી. બાકીના દિવસોએ પણ સ્વામીવચ્છલ તો શરૂ જ રાખેલા. જેનો લાભ સારો લેવાતો હતો.

શુદિ ૧૦ મે આ. મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરે પંન્યાસજી નંદનવિજયજી, જેઓ શ્રીવિજયોદયસૂરિજીના શિષ્ય છે અને ઘણા વિદ્વાન્ થયેલા છે, તેમને આચાર્યપદવી ત્યાં જ ખાસ ઊભા કરાયેલા મંડપમાં આપી હતી. આ પ્રસંગે પણ પુષ્કળ શ્રાવક–શ્રાવિકાઓ આવેલા હતા. પ્રભાવનાઓ છ શ્રીફળની થઈ હતી. આચાર્યપદારોહણની ક્રિયા મહારાજશ્રીએ બહુ સ્ફુટ રીતે કરાવી હતી. જે જોતાં ને સાંભળતાં બહુ આનંદ થયો હતો.

શુદિ ૧૧ શે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. તેમાં ફળ–નૈવેદ્યની સામગ્રી બહુ ઉંચા પ્રકારની મેળવી હતી. દરેક સ્નાત્રે સોનામહોર મૂકવામાં આવતી હતી. આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસંગે જીવદયા નિમિત્તે અમદાવાદ-પાંજરાપોળમાં રૂ. ૫૧૦૦૦ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. સ્નાત્ર ભણાવવામાં આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરિ વિ. એ બહુ સારો ભાગ લીધો હતો.

શેઠાણી માણેક બહેને આ મહોત્સવ ઘણા ઉદાર દિલથી કર્યો છે. તેમાં બે લાખ ઉપરાંત ખર્ચ થયાનો સંભવ કહેવાય છે. મળેલી લક્ષ્મી સાર્થક પણ એવી રીતે વપરાય ત્યારે જ થાય છે."[1]

એકંદર-આ આખોયે મહોત્સવ જૈન જૈનેતર વર્ગમાં પ્રભુના શાસનની લોકોત્તરતા અને મહત્તા માટે અસાધારણ સદ્ભાવ અને અનુમોદના જન્માવી ગયો.

# [૪૪]

## સીમલા-કરાર

સં. ૧૯૮૩નું આ વર્ષ 'ભીનો દુકાળ' લઈને આવ્યું હતું.

મેઘરાજાની વણમાગી મહેર પૃથ્વી પર ઉતરી હતી. ચાતુર્માસના પ્રારંભથી જ બારે મેઘ હેલીબંધ વરસવા લાગ્યા. પૃથ્વી જાણે પાણીમય થઈ ગઈ. નદીઓ પણ ગાંડીતૂર થઈ હતી. એનાં ભયંકર ઘોડાપૂર કેટલાંયે ગામ-ગામડામાં ફરી વળ્યા. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. ન ખાવાનું, ન રહેવાનું, કે ન સૂવાનું ઠેકાણું. લાખો લોકો ઘરબાર વિનાના-નિરાધાર થઇ ગયા. પશુઓની તો વાત જ શી કરવી ? લાખેણું પશુ-ધન આ હોનારતમાં સાફ થઈ ગયું.

આ ભયાનક જળહોનારત આજે '૮૩ના જળપ્રલય'ના નામે સુપ્રસિદ્ધ છે.

આ વખતે આપણા પૂજ્યશ્રી પાંજરાપોળ ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજતાં હતાં. આચાર્યશ્રી વિજયમોહનસૂરિજી મહારાજ સપરિવાર પણ સાથે હતાં. ૮-૮ દિવસ પડતી એક-ધારી વર્ષા-હેલીને લીધે મુનિવરોએ ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યા આદરી.

આ ભયંકર પ્રલયનો ભોગ બનેલા સેંકડો માનવોને દરેક રીતે સહાય કરવા માટે સર્વત્ર તન-મન-ધનના પ્રયત્નો શરૂ થયા. કરૂણાના પરમ આગાર પૂજ્યશ્રીએ પણ આ પ્રસંગે સહાય કરવા માટે વ્યાખ્યાનમાં ભારપૂર્વક ઉપદેશ ફરમાવ્યો. સૌના હૈયાં દયાર્દ્ર તો બનેલાં જ, તેમાં પૂજ્યશ્રીના અમોઘ ઉપદેશામૃતની વૃષ્ટિ થઈ. પરિણામે સહાયક ફંડ શરૂ થયું.

પૂજ્યશ્રીના પરમ ગુણાનુરાગી શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈએ ૩૦ (ત્રીસ) હજાર રૂ. આપીને ફંડની શરૂઆત કરી. અન્ય સદ્ગૃહસ્થોએ પણ યથાશક્તિ ફાળો નોંધાવવા માંડયો. જોત-જોતામાં જ ત્રણ લાખ રૂપિયાનું ફંડ એકત્ર થયું.

---

૧ જૈનધર્મ પ્રકાશ, સં. ૧૯૮૩ જેઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવસ્થિત-રીતે વિભાગ પાડીને પ્રલયગ્રસ્ત વિસ્તારના ગામોમાં લોકોને સહાય કરવા માટે માણસો રવાના કરવામાં આવ્યા. અનાજ, કપડાં આદિ જીવન જરૂરિયાતની વિવિધ સામગ્રીઓ એકત્રિત રૂપિયા દ્વારા અગણ્ય લોકોને પૂરી પાડવામાં આવી. શ્રી જૈન તત્ત્વ વિવેચક સભાના સભ્યોએ માનવરાહતના આ પ્રસંગે અપૂર્વ ઉમંગથી ભાગ લીધો. પૂજ્યશ્રીની પ્રેરણા—દોરવણી આ સર્વમાં અગ્રેસર હતી.

આ રકમમાંથી અમુક રૂપિયા બચ્યા. તે રૂપિયાને જૈન સહાયક ફંડમાં ફેરવીને તેનો ઉપયોગ દુ:ખી જૈનોને મદદ આપવામાં કરવાનો નિર્ણય લેવાયો. આ માટે એક ખાસ કમિટિ નીમાઈ. અને એ કમિટિ દ્વારા આ બચેલી રકમમાંથી વર્ષો પર્યન્ત અનેક સાધર્મિક ભાઈઓને જરૂરી સહાય કરવામાં આવી. આમાં પણ પૂજ્યશ્રીની પ્રેરણા જ મુખ્ય કારણ હતી.

આ બધાંની સાથે–સાથે પૂજ્યશ્રીને વિચાર આવ્યો કે–"આખા અમદાવાદમાં એક પણ જૈન ભોજનશાળા નથી. તેથી બહારગામથી આવનાર શ્રાવકો અને અમદાવાદમાં વસતા નોકરિયાત જૈન ભાઈઓને ધર્મની આરાધના કરવામાં અનુકૂળ એવી એક જૈન ભોજનશાળા સ્થાપવી જોઈએ." દીર્ઘદ્રષ્ટા પુરૂષોનાં વિચાર કેવા દૂરદર્શી હોય છે, તે આ ઉપરથી સમજાય છે.

પોતાનો આ વિચાર પૂજ્યશ્રીએ ઉપદેશરૂપે શ્રાવકવર્ગો સમક્ષ પ્રગટ કર્યો. તરત જ શ્રાવકોએ એનો અમલ શરૂ કર્યો. સહાયક ફંડમાંથી રૂ. પાંચ હજાર ભોજનશાળા માટે અલગ મૂક્યા. એના વહીવટ માટે અલગ કમિટિ પણ રચી.

હવે પ્રશ્ન હતો સ્થાનનો. ભોજનશાળા ચલાવવી કઈ જગ્યાએ? પણ એનું ય નિવારણ થઈ ગયું. પાંજરાપોળમાં આવેલી પોતાની વિશાળ જગ્યામાંનો અમુક ભાગ (પ્લોટ) શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈએ નજીવું ભાડું ઠરાવીને ભોજનશાળા માટે સુપ્રત કર્યો. એ જગ્યામાં કામચલાઉ મકાન ઊભું કરીને તેમાં ભોજનશાળા ચાલુ કરવામાં આવી. સાધર્મિક ભાઈઓની સગવડ અને મદદ માટે જ આ ભોજનશાળા સ્થપાઈ હોવાથી તેમાં જમવાનો ચાર્જ તદ્દન અલ્પ રખાયો. આ ભોજનશાળા આજે પણ એ જ પ્રમાણે સમયાનુરૂપ સ્વલ્પ ચાર્જથી ચાલુ જ છે. અને એનો લાભ સેંકડો જૈન ભાઈઓ કાયમ લે છે. આ પ્રમાણે પૂજ્યશ્રીની શુભ પ્રેરણા અને ઉપદેશથી અમદાવાદમાં એક ચિરસ્થાયી અને યશસ્વી કાર્ય થયું.

હવે ચોમાસું પૂરૂં થવાની તૈયારી હતી. ઘાંચીની પોળવાળા શા. નગીનદાસ બહેચરદાસના કુટુંબીઓ (શેઠ કસ્તૂરચંદ સાંકળચંદની પેઢીવાળા)એ વિનંતિ કરતાં ચાતુર્માસ પરિવર્તન તેમને ત્યાં કર્યું. આ નિમિત્તે તેઓએ અઠ્ઠાઈ મહોત્સવ અને શ્રીસંઘની નવકારશી વગેરે શુભકાર્યો કર્યાં.

ઢાળની પોળના દેરાસરનો જીર્ણોદ્ધાર કેટલાંક વર્ષોથી ચાલુ હતો. તે હવે પૂરો થયો હોવાથી તેની પ્રતિષ્ઠા કરાવવા માટે ત્યાંના સંઘનો આગ્રહ થતાં પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. અને શુભમુહૂર્તે મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે શેઠ કાળીદાસ ધોળીદાસે શ્રી સંઘની નવકારશી કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામાસમાં મસુર (દક્ષિણ ભારત)ના વતની શેઠ અમુલખ તારાચંદના સુપુત્ર શ્રી ગોવિંદભાઈને ૫૯ વર્ષે દીક્ષા લેવાની ભાવના થતાં તેઓને પૂજ્યશ્રીએ દીક્ષા આપી, ને સ્વશિષ્ય તરીકે 'મુનિશ્રી સંપત વિજયજી' નામે સ્થાપ્યા. ૧૬ વર્ષ દીક્ષા પાળી તેઓ ખંભાતમાં સ્વર્ગવાસ પામ્યા.

સં. ૧૯૭૮માં પૂજ્યશ્રી માતર તીર્થે પધારેલા. ત્યારે ત્યાંના ભવ્ય જિનાલયની પણ દેરીઓ અતિજીર્ણ થઈ હોવાથી તેનો ઉદ્ધાર કરવાનો સદુપદેશ તેઓશ્રીએ શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈને આપેલો. તેઓએ પણ એ ઉપદેશ સહર્ષ ઝીલી લઈને તત્કાલ જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરાવી દીધેલું. તેમની ભાવના હતી કે મારી હયાતીમાં જ આ કામ પૂરું થાય, અને મને આ દેરીઓની પ્રતિષ્ઠાનો લાભ મળે.

પણ કાળની લીલા અકળ છે. સં. ૧૯૮૧માં જ તેઓ ધર્મભાવના ભાવતાં ભાવતાં સ્વર્ગવાસી બન્યા. આથી તેમનો એ મનોરથ પૂર્ણ ન થયો. પણ તેઓના ધર્મનિષ્ઠ ધર્મપત્ની શ્રી માણેકબહેને એ અધૂરું કાર્ય ઉપાડી લીધું.

હવે એ દેરીઓ પૂર્ણપણે તૈયાર થઈ હતી. એનો સંપૂર્ણ ઉદ્ધાર કરવામાં લગભગ ચાર લાખ રૂપિયાનો સદ્વ્યય શેઠશ્રી તરફથી થયેલો. તે દેરીઓની પુનઃ પ્રતિષ્ઠા કરાવવા માટે શેઠાણીએ તથા શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈએ પૂજ્યશ્રીને વિનંતિ કરતાં પૂજ્યશ્રી સપરિવાર માતર તીર્થે પધાર્યાં.

શુભ દિવસે અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો. બૃહન્નંદ્યાવર્ત્તાદિ પૂજનો અને પંચકલ્યાણકના વિધાનપૂર્વક ભારે ઠાઠથી ૫૧ દેવકુલિકાઓમાં પ્રભુ-પ્રતિષ્ઠા થઈ.

આ પ્રસંગે ખંભાતનો શ્રીસંઘ પૂજ્યશ્રીને વિનંતિ કરવા આવ્યો. કારણ કે--મહાપ્રભાવશાળી તીર્થાધિનાયક શ્રીસ્તંભનપાર્શ્વનાથ પ્રભુનું અતિપ્રાચીન જિનાલય જીર્ણ થયેલું. પૂજ્યશ્રીના પ્રેરક ઉપદેશથી તે દેરાસરનો પાયામાંથી ઉદ્ધાર કરીને તે સ્થાને ત્રણ શિખર સંયુક્ત નવીન તીર્થસ્વરૂપ જિનમંદિર શ્રીસંઘ તરફથી બંધાતું હતું. તે હવે સાંગોપાંગ પૂર્ણ થયું હોવાથી તેમાં તીર્થપતિ શ્રીસ્તંભનપાર્શ્વનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું હતું. તે પ્રસંગે ત્યાં પધારવા માટેની વિનંતિ કરવા શ્રીસંઘ આવેલો. સંઘની આ ભાવપૂર્ણ વિનંતિ પૂજ્યશ્રીએ સ્વીકારી, અને માતરથી ખંભાત પધાર્યા.

ખંભાતમાં મહોત્સવનું આયોજન વિશાળ પાયા પર થયું હતું. શ્રી સિદ્ધગિરિજી, અષ્ટાપદજી, સમવસરણ, પાવાપુરી, તથા મેરૂગિરિ, આ પાંચ તીર્થોની અતીવ મનોરમ રચનાઓ કરવામાં આવેલી.

મહાવદિ ૧૧ શે આ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ થયો. સુવિશુદ્ધ વિધિવિધાન માટે પૂજ્યશ્રીમાન્ તથા તેમના શિષ્યરત્નો અજોડ હતા. તેઓના શ્રીમુખે બોલાતાં પવિત્ર મંત્રાક્ષરો વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રગટાવતા હતા.

શુભમુહૂર્તે-શુભલગ્ને ૭૫ નૂતન જિનબિંબોની પ્રાણપ્રતિષ્ઠા સ્વરૂપ અંજનશલાકા પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે થઈ. અને ફાગણ શુદિ ત્રીજના મંગળકારી દિવસે શ્રીસ્તંભન પાર્શ્વનાથ ભગવાન્ આદિ જિનબિંબોનો ગાદીનશીનવિધિ થયો. સકલસંઘમાં અપાર આનંદ વર્તી રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી શ્રીસંઘની વિનંતિથી સં. ૧૯૮૪નું એ ચોમાસું પૂજ્યશ્રી ખંભાતમાં બિરાજ્યા.

શ્રીસિદ્ધગિરિજીની યાત્રાનો ત્યાગ બે વર્ષથી ચાલુ હતો. આ બે વર્ષ દરમિયાન એક પણ જૈન યાત્રિકે પાલિતાણામાં પગ નહોતો મૂક્યો. આ અકલ્પ્ય અસહકારથી પાલિતાણાના ઠાકોરશ્રીની અકળામણનો કોઈ પાર ન હતો. નામદાર બ્રિટિશ સરકારને પણ આ અસહકારથી ભારે ચિન્તા થઈ હતી. સી. સી. વોટસન દ્વારા અપાયેલા ફેંસલાની અયોગ્યતા સરકારની સમજમાં આવી ગઈ હતી. હવે સરકાર ઈચ્છતી હતી કે–જૈનો તથા ઠાકોરશ્રી વચ્ચેની આ તકરારનો ત્વરિત અંત આવવો જ જોઈએ, અને આ અસહકાર હટાવવો જ જોઈએ. આમ ન થાય તો પરિસ્થિતિ વધારે કથળવાનો પૂરેપૂરો સંભવ હતો. કારણ કે--અપીલો કરી કરીને થાકેલો આપણો પક્ષ હવે ઈંગ્લાંડ પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરવાની તૈયારી કરતો હતો. અને એની જવાબદારી હિંદી સરકારને માથે આવી પડે તેમ હતી. તે વખતના બ્રિટિશ હિંદના વોઈસરોય લોર્ડ ઈરવીને આ જવાબદારીથી મુક્ત રહેવા માટે બન્ને પક્ષો વચ્ચે સમજૂતી સાધવા માટે **સીમલા ખાતે** એક ગોળમેજી પરિષદ (Round Table Conferance) ગોઠવી. તેમાં ભાગ લેવા જૈનોને અને ઠાકોરશ્રીને તેડાવ્યા. એ કોન્ફરન્સમાં બન્ને પક્ષોએ એકદિલીથી મંત્રણાઓ કરીને પારસ્પરિક મતભેદોનું નિરાકરણ આણ્યું. રખોપાની રકમ પેટે જૈનો ઠાકોરશ્રીને પ્રતિવર્ષ ૬૦ હજાર રૂપિયા આપે, એવું લોર્ડ ઇરવીનની સમજાવટથી ઠાકોરશ્રી સાથેના સંબંધો સુધરવાની આશાથી આપણા પક્ષે માન્ય કર્યું. આ કરારની સમય–મર્યાદા ૩૫ વર્ષની હતી. આમાં આપણા પક્ષે–શેઠ કીકાભાઈ પ્રેમચંદ રાયચંદ, નગરશેઠ કસ્તૂરભાઇ મણિભાઇ, શેઠ માણેકલાલ મનસુખભાઇ, શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ, શેઠ અમૃતલાલ કાળીદાસ, શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈએ તથા સામા પક્ષે ઠાકોરશ્રી બહાદુરસિંગજીએ સહી કરી. વિખ્યાત ધારાશાસ્ત્રીઓ સર સી. એચ. સેતલવાડ, તથા શ્રી ભુલાભાઈ જે. દેશાઈની હાજરીમાં આ સહીઓ કરવામાં આવી, અને આ કરારને હિન્દુસ્તાનના વોઈસરોય લોર્ડ ઈરવીને મંજુરી આપી.

જો કે–આ કરારથી આપણને થયેલું નુકશાન ઓછું ન હતું. છેલ્લાં ૪૦–૪૦ વર્ષથી ફકત રક્ષણને માટે ૧૫ હજાર રૂ. ની રકમ આપણે ઠાકોરશ્રીને આપતા હતા. (રક્ષણ માટે દરબારશ્રીએ અમુક ખાસ પોલિસનો બંદોબસ્ત કરેલો. ખાસ કરીને આ બંદોબસ્તનો ઉપયોગ કરવાની જરૂર પડી જ નહોતી. એટલે હવે આ થોડા બંદોબસ્તની પણ આપણને જરૂર નહોતી જ. તેથી તે પેટે હવે એક પાઈ પણ આપવાની રહેતી જ નહોતી.) અને હવે જેની આપણને જરૂર નથી, તે રક્ષણના બંદોબસ્ત માટે થઈને આપણે ઠાકોરશ્રીને ૧૫ ને બદલે ૬૦ હજાર રૂપિયા ૩૫–૩૫ વર્ષ સુધી આપવા પડે, એ દેખીતું નુકશાન હતું. અને આટલી રકમ પ્રતિવર્ષ ભરીએ તોય મૂળ ગરાસિયા હક્ક કે જેને માટે આપણે વર્ષોથી લડતા આવ્યા છીએ, તે તો અલભ્ય જ રહ્યો. આપણને તો અમુક મર્યાદિત હક્ક જ મળ્યો. આ બધું નુકશાન ઘણું જ ખેદજનક હતું. પણ અન્ય કોઈ ઉપાય ન હોવાથી આપદ્ધર્મ તરીકે આ કરારને સ્વીકાર્યા સિવાય આપણા આગેવાનોને ચાલે એવું નહોતું જ.

આ વાત પૂજ્યશ્રી પણ સારી રીતે સમજતા હતા. આપણા આગેવાન શ્રેષ્ઠિવર્યો સર્વ બાબતમાં પૂજ્યશ્રીના અનુભવ અને બુદ્ધિના નિચોડસ્વરૂપ માર્ગદર્શન–મેળવતાં. તે અનુસાર જ સર્વ કાર્ય કરતાં, અને તેમ કરવાથી જ તેઓ ફત્તેહ મેળવતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે–આ વખતે આ બધું નુકશાન દેખવા છતાંય આ કરાર કરવામાં આવ્યો, (કરવો પડ્યો) તે પછી શ્રીનગરશેઠ વગેરે શ્રેષ્ઠિવર્યોને મનમાં લાગ્યું કે–'પૂજ્ય મહારાજ સાહેબ આપણા તીર્થો, અને તેના હક્કો જાળવી રાખવા માટે અથાગ જહેમત ઉઠાવે છે, અને અસાધારણ બુદ્ધિકુનેહથી સાધવામાં આપણને માર્ગદર્શન કરાવે છે. તેઓશ્રીને આ કરારથી ખરેખર દુઃખ થયું હશે.' આમ વિચાર આવવાથી એ ગુરૂભક્ત શ્રેષ્ઠિવર્યોને આપદ્ધર્મ તરીકે પણ કરવી પડેલી ભૂલ અંગે ખૂબ લાગી આવ્યું. અને તેમણે (કમિટિએ) પૂજ્યશ્રી ઉપર એક પત્ર લખ્યો. એ પત્રમાં તેઓએ પૂજ્યશ્રી પાસે અન્તઃકરણપૂર્વક ક્ષમાયાચના કરી.

પણ–પૂજ્યશ્રી તો વિશાળ હૃદયના હતા. તેઓશ્રીનો એક સિદ્ધાન્ત હતો કે–'પેઢી જે કરે, તેનો વિરોધ ન કરવો.' અને આ કાર્ય પેઢીએ સંઘના હિતની રક્ષા માટે જ કરેલું. જો તે આ કાર્ય ન કરે, તો સંઘને મુશ્કેલીમાં મૂકાવાનો પૂરો ભય હતો.[1]

આ સીમલા–કરાર થવાથી શ્રીસંઘના મસ્તક પર બબ્બે વર્ષથી લટકતું દુઃખનું વાદળ દૂર થયું. સંઘ અને સ્ટેટ વચ્ચે પુનઃ સારા સંબંધો સ્થપાયાં. અસહકારનું આંદોલન પૂરું થયું.

બે બે વર્ષથી પ્રાણપ્યારા ગિરિરાજના દર્શન અને સ્પર્શન માટે આતુર બનેલા ભાવુકોનો મહેરામણ પાલિતાણામાં ઉભરાયો. જાણે તૃષાતુર ચાતકબાળને મનગમતો મેહુલિયો મળ્યો, હજારો ભવ્યાત્માઓએ બે વર્ષથી અનેક પ્રકારના તપ–જપ આદર્યા હતા, તે આજે સફળ થયા. ૨૪ મહિના સુધી વેઠેલા યાત્રા–વિરહના દુઃખને દયાળુદાદાના દર્શનથી લોકો વિસરી જ ગયા.

અહીં ખંભાતમાં–ચોમાસુ પૂર્ણ થતાં શા. તારાચંદ સાંકળચંદ પટવાની વિનંતિથી પૂજ્ય-શ્રીએ તેમને ત્યાં ચોમાસું બદલાવ્યું. કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર દિવસે ગિરિરાજનો પટ જુહારતી વેળાએ પૂજ્યશ્રીનું અંતર ગિરિરાજની સ્પર્શના માટે ઉત્સુક અને ઉત્કંઠ બન્યું. દયાળુદાદાના દર્શન માટે ગદ્ગદ કંઠે તેઓશ્રી પ્રાર્થના કરી રહ્યા.

એ ભાવનામય સ્વરમાં જ તેઓશ્રીએ તે દિવસના વ્યાખ્યાનમાં ગિરિરાજનો અને તેની યાત્રા માટે છ 'રી' પાળતો સંઘ કાઢવાનો મહિમા વર્ણવ્યો. અને શ્રી તારાચંદભાઈને આ મહાતીર્થનો સંઘ કાઢવાનો ઉપદેશ આપ્યો.

તારાચંદભાઈએ એ ઉપદેશ ઉલ્લાસપૂર્વક વધાવી લીધો, અને સંઘની તૈયારીઓ આદરી. એક મંગલ–દિવસે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં છ 'રી' પાળતા એ સંઘે ગિરિરાજ તરફ પ્રયાણ કર્યું. સેંકડો કલ્યાણકાંક્ષી આત્માઓ એમાં જોડાયા. ગામોગામ નવકારશી, પૂજા, ભાવના અને વિવિધ આરાધના કરતો–કરાવતો એ સંઘ પાલિતાણા પહોંચ્યો. યાત્રા છૂટી થયા પછી આ પ્રથમ છ 'રી'પાળ સંઘ હતો. એટલે પાલિતાણામાં આ સંઘનું સ્વાગત અપૂર્વ થયું. પાલિતાણા રાજ્યના દિવાનસાહેબ શ્રીચીમનભાઈ પણ સામૈયામાં આવ્યા હતા. થોડા દિવસની સ્થિરતા દરમ્યાન શ્રીસંઘે ગિરિરાજની યાત્રાનો–પૂજાભક્તિનો મહાન્ લાભ લીધો. શુભદિને

---

૧. પેઢીનો પણ સિદ્ધાંત હતો કે–પૂજ્યશ્રીને પૂછ્યા સિવાય પેઢીનું–તીર્થ અંગેનું કે શાસનનું નાનુ પણ કાર્ય ન જ કરવું. તેઓ બંને (પેઢી તથા પૂજ્યશ્રી) આ રીતે એકમેકમાં ઓતપ્રોત થઈ ગયા હોવાથી જ શાસનના મહાન્ કાર્યો થવા પામ્યા, એ નિર્વિવાદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘવી શ્રીતારાચંદભાઈએ પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે તીર્થમાળા પરિધાન કરી. સંઘવીજીએ પાલિતાણામાં સંઘની નવકારશી કરી. યાત્રા છૂટી થયા પછીની આ પ્રથમ નવકારશી હતી. પછી સંઘ સ્વસ્થાને ગયો. પૂજ્યશ્રીએ પાલિતાણામાં સ્થિરતા કરી.

આ વર્ષે મૂળ પ્રાંતીજના વતની પણ ખંભાતમાં રહેતા શ્રી મોહનલાલ નામે એક ગૃહસ્થને દીક્ષા આપી. મુનિશ્રી મેરૂવિજયજી મ. નામ રાખીને આ. શ્રીવિજયોદયસૂરિજી મ. ના શિષ્ય કર્યા.

પાલિતાણા-રાજ્યના દિવાનશ્રી ચીમનલાલભાઈ બાહોશ મુત્સદ્દી હતા. જૈનો સાથેના ઝઘડામાં ઠાકોર સાહેબે જે જે પગલાં લીધાં, તેમાં તેમની બુદ્ધિ જ અગ્રભાગ ભજવતી. તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ અવસર જોઈને જૈનોના હક્કો, અને તે માટેની માંગણીઓ સંપૂર્ણ વ્યાજબી છે, એ વાતને સમર્થન આપતાં વિશિષ્ટ મુદ્દાઓ (Points) તેમને સમજાવ્યા. મુત્સદ્દી દિવાનજી આ પોઇન્ટો બરાબર સમજ્યા, અને તે અયોગ્ય છે એવો પ્રતીકાર ન કરી શક્યા.

આ વાતચીત પછી દિવાન સાહેબના મનમાં પૂજ્યશ્રીની કુનેહ અને પ્રતિભા માટે બહુમાન પેદા થયું. પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં તેઓ અવારનવાર આવવા લાગ્યા. એકવાર પાઠ-શાળાનો મેળાવડો યોજાયો. તેમાં શ્રીદિવાનસાહેબના હાથે બાળકોને ઈનામ આપવાનું હતું. પૂજ્યશ્રીના વ્યાખ્યાન પછી ઈનામ આપતી વખતે દિવાન સાહેબ દરેક બાળકોને કહેતાં કે- 'મહારાજ સાહેબને વંદન કરીને જાવ.'

દિવાન સાહેબનો પૂજ્યશ્રી પ્રત્યેનો સદ્ભાવ આ પ્રસંગ પરથી સ્પષ્ટ જણાય છે,

શ્રીકદંબગિરિની નિકટમાં આવેલા ભંડારિયા ગામમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુનું નૂતન શિખર-બંધી જિનાલય તૈયાર થયું હતું. તેની પ્રતિષ્ઠા કરવાની ત્યાંના શ્રીસંઘની ભાવના થતાં તેઓ પૂજ્યશ્રીને વિનંતિ કરવા પાલિતાણા આવ્યા. પૂજ્યશ્રીને પણ કદંબગિરિ જવું હતું, એટલે એ વિનંતિનો સ્વીકાર કર્યો, અને રોહિશાળા થઈને ત્યાં પધાર્યા. મહોત્સવપૂર્વક મંગળદિને પ્રભુ-પ્રતિષ્ઠા કરાવી. ત્યારબાદ તેઓશ્રી કદંબગિરિ મહાતીર્થે પધાર્યા.

* × *

## અગત્યની નોંધ :—

સં. ૧૯૮૪ના આ વર્ષે દિગંબરો સાથે ચાલતા સમેતશિખર તીર્થના કેસની સમાપ્તિ થઈ.

જ્યાં આ ચોવીશીના ૨૦ જિનવરો મોક્ષપદને પામ્યા છે, તે શ્રી સમેતશિખરનો પવિત્ર ડુંગર મોગલ શહેનશાહોના વખતથી જ આપણી સુવાંગ માલિકીનો હતો. પણ પાછળથી પાલગંજના રાજાએ જોહુકમીથી તે ડુંગર પર પોતાની માલિકી જમાવી દીધી. મોગલ શહેન-શાહતની પડતી અને અંગ્રેજોના આગમનથી ફેલાયેલી અંધાધૂંધી એનું કારણ હતી. પાલગંજના રાજા પાસેથી આ આખો યે ડુંગર ખરીદી લેવા માટે સરદાર શેઠ લાલભાઈ દલપતભાઈએ ભારે જહેમત ઉઠાવી, અને ભારેમાં ભારે કિંમત ચુકવીને સમેતશિખરનો આખો ડુંગર શ્વેતાંબર જૈનો વતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી માટે ખરીદી લીધો. એ પહાડનો તમામ ભોગવટો-ત્યાં દેરાસર બાંધવા, સમારકામ કરાવવું, ત્યાંની આવકનો વહીવટ કરવો, વગેરે તમામ બાબતના અધિકારો આપણા હસ્તક આવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ મીઠું મીઠું બોલીને પગપેસારો કરવો, પછી કુલમુખત્યાર થવા માટે કજિયો કરવો, એ જેમનો જાતિસ્વભાવ છે, તેવાં દિગંબર બંધુઓ આપણા આ નિરવરોધ અધિકારને ન ખમી શક્યા. તેમણે મનઘડંત પુરાવાઓ એકત્ર કરીને આ ડુંગર પર પોતાનો અધિકાર સ્થાપવા પ્રયાસો આદર્યા. સમેતશિખર બાબતમાં તપાસ કરી રહેલ અમલદાર સમક્ષ તેમણે દલીલ કરી કે : અહીંયા પૂજા કરવાનો અમારો પણ હક્ક છે.

તેમની ખટપટ અને આવડતને લીધે તેઓ એ હક્ક મેળવવામાં સફળ થયા. અને એ વાત જાણ્યા પછી આપણી ઉંઘ ઊડી. ત્યાર પછી આપણા (શ્વે. જૈનો) વતી બાલુચર સ્ટેટના ના. મહારાજાશ્રી બહાદુરસિંહજીએ દિગંબરોનો પૂજા–હક્ક રદ કરાવવા માટે હજારીબાગની કોર્ટમાં દાવો માંડ્યો.

મહારાજા બહાદુરસિંહજી પેઢી વતી આ તીર્થની વહીવટી દેખરેખ રાખતાં. કેસ લડતાં થતાં ખર્ચને માટે તેઓ વારંવાર પેઢી પાસેથી રૂપિયા મંગાવતા. પેઢી મોકલે ખરી, પણ ધીમે ધીમે. મોટી રકમ મંગાવી હોય તો નાની રકમ મોકલે. આ શિથિલતાથી રાજાસાહેબને કેસ લડવામાં ઘણી અગવડ પડતી. તેમણે પૂજ્યશ્રીને આ બાબતમાં લક્ષ્ય આપવા–અપાવવા વિનંતિ કરતાં પૂજ્યશ્રીએ પેઢીના પ્રતિનિધિઓને તે અંગે દુર્લક્ષ્ય ન સેવવા સૂચન કર્યું એટલે પેઢીએ રાજાસાહેબને રકમ મોકલવા માંડી.

પણ વધુ પડતી ગણી શકાય એવી આ અને આવી શિથિલતાના પરિણામે હજારીબાગ કોર્ટે જજમેન્ટ આપ્યું કે : "શ્રી અજિતનાથ–સંભવનાથ વગેરે ૨૧ સિવાયના બાકીના તકરારી દેરાસરોમાં દિગંબરોનો શ્વેતાંબરોની મંજૂરી સિવાય પૂજા કરવાનો કોઈ હક્ક નથી."

જે ડુંગરના તથા તેમાં આવેલા તમામ ધર્મસ્થાનોના કાયદેસર કુલમુખત્યાર આપણે–શ્વે. જૈનો જ હતા, અને દિગંબરોને જ્યાં કાંઈ પણ લેવાદેવા નહોતી, તે ડુંગરના ૨૧–૨૧ દેરાસરોમાં પૂજા કરવાના બહાના તળે કાયદેસર રીતે અને સલુકાઈથી દિગંબરો પગપેસારો કરી ગયા.

આ પછી શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચેના મનોમાલિન્યનો નાશ થાય એ માટે કલકત્તા અગર દિલ્હી ખાતે બન્ને પક્ષની એક કોન્ફરન્સ (મંત્રણા–પરિષદ્) યોજવાની વિચારણા ચાલી. એમાં સમેતશિખરજી આદિ તીર્થો માટે ચાલતી તકરારોનું સંતોષપ્રદ સમાધાન કરવું, એવી દિગંબરોની દેખીતી મુરાદ હતી. પણ અંદરથી તો તેઓ આ ડુંગરની–તીર્થની સુવાંગ માલિકી પોતાને મળે, તે માટે ભેદી ચાલ ચાલી રહ્યા હતા. આપણા આગેવાનો આ ચાલથી તદ્દન અજાણ હતા, એમ તો નહોતું જ. પણ પૂરતી ઉપેક્ષા તો અવશ્ય સેવતાં હતાં. જોકે–અમદાવાદ વગેરે જાગૃત સંઘોની નામરજી થવાથી ઉપર્યુક્ત કોન્ફરન્સ તો ન જ ભરાઈ.

પણ દિગંબરોની ડખલગિરી દિનદહાડે વધતી ગઈ. તેમણે પટણા–હાઈકોર્ટમાં આપણા પર દાવો કર્યો. એ કેસ લાંબો સમય ચાલ્યો. આપણા (શ્વે. જૈનો) પક્ષમાં પારમ્પરિક મતભેદોએ કુસંપનું વાતાવરણ ખડું કરેલું. આ તીર્થના ચાલુ કેસમાં પણ બે પક્ષ પડેલાં. એક પક્ષ દિગંબરો સાથે સમાધાન કરવાના વિચારનો હતો. શ્વે. જૈનો તરફથી ઉભેલા બારિસ્ટર મિ. ભુલાભાઈ દેશાઈ એ જ મતના હતા. જ્યારે બીજો પક્ષ કહેતો હતો કે–દિગંબરો સાથે સમાધાન ન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા પૂજ્યશ્રીએ શેઠ માણેકલાલ મનસુખભાઈ, વકીલ છોટાલાલ ત્રિકમલાલ, કારભારી નરશીદાસ નથુભાઈ, તથા ઉદયપુરના શ્રીરોશનલાલજી ચતુર વગેરેને બોલાવીને આ તીર્થ અંગેના આપણા કાયદેસર હક્કની તથા કેસ લડવા માટેના વ્યાજબી મુદ્દાઓની સમજણ આપી. પછી કહ્યું કે : "દિગંબરો સાથે સમાધાન કરવું એટલે શું ?–જેમનો આ તીર્થમાં તલભાર પણ માલિકી-અધિકાર નથી તેમને એ અધિકાર આપણે જ સુપ્રત કરવો, (જેથી અત્યાર સુધી આપણી સચ્ચાઈ પુરવાર કરવા માટે ખર્ચેલા પૈસા તથા લડેલા કેસો નિરર્થક જ ગણાય.) દિગંબરોને આપણા ધર્મસ્થાનોમાં ભાગ આપવો, દિગંબરોના જ શરતી કથન મુજબ તેઓ કહે તો જ આપણે આ તીર્થમાં પ્રતિમા પધરાવાય, અને તેઓ કહે તેવાં જ ચરણ–પગલાં આપણે પધરાવવા પડે.

આવું સમાધાન કરવું એ આપણા માટે ભારે હાનિકારક છે. અને આ સમાધાનથી દિગંબરોને પૈસા ખરચ્યા વગર અને ભોગ આપ્યા વિના જ જોઈતા અધિકારો સસ્તામાં મળી જશે. માટે આ સમાધાનની વાતો જવા દો, અને કેસ લડો.

પૂજ્યશ્રીની આ દીર્ઘદૃષ્ટિભરી સલાહ આગેવાનોના ગળે ઉતરી. અને તેમણે કોમ્પ્રોમાઈઝમાં વિરોધ ઉઠાવ્યો. કેસ ચાલ્યો.

એ કેસનો ફેંસલો આ ૧૯૮૪ના વર્ષે આવી ગયો. એમાં આપણો આંશિક વિજય થયો. આપણી શિથિલતા, આપણા મતભેદો જ આનું કારણ હતાં. દિગંબરોને તો આંશિક પરાજય મળ્યા છતાંય અમુક અંશે પૂર્વના કરતાં અધિક અધિકાર મેળવવાને તેઓ સમર્થ બન્યા હતા, તેથી આનંદ જ હતો.

આ કેસ પત્યા પછીના દિવસોમાં આ કેસમાં મહત્ત્વનો ભાગ લેનાર બાહોશ શ્રાવક વકીલ શ્રીકેશવલાલ અમથાશાહે પૂજ્યશ્રી ઉપર એક પત્ર લખ્યો હતો, એ પત્રમાં તેઓ આપણા વિજયની આંશિકતાના હેતુનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે :–

"શ્વેતાંબરોમાં ગુજરાતમાં પણ કુસંપ છે, એ સ્પષ્ટ રીતે દેખાઈ આવ્યું હતું.

આપ જેવા મહાન આચાર્યદેવો શાસનરથ ચલાવો છો. પરંતુ હાલનો નાદાન વર્ગ આપની સલાહ લેતો નહીં હોવાથી તીર્થોનું સંરક્ષણ બરાબર થઈ શકતું નથી.

દિગંબરીઓમાં પૈસા છે, વિદ્વાનો છે, સંપ છે, એના કરતાં વધારે આપણામાં છે, એ મારા અનુભવ ઉપરથી હું સ્પષ્ટ રીતે કહી શકું તેમ છું.

આપણામાં પૈસા છે, વિદ્વાનો છે, ઉત્સાહ છે, પરંતુ મૅન્ક(?)ની દુર્લભતા ? ઘણા પૈસાઓ ખરાબ થાય છે. પરંતુ ધાર્યું કાર્ય નથી થઈ શકતું.

કેટલાંક કેસો ન લડવા જેવા લડાય છે. અને પહેલેથી પુરાવો બરાબર કરવો જોઈએ તે પ્રમાણે થતું નથી."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ ૪૫ ]

## સફળતાના પ્રથમ પગથિયે

બરાબર વીસ વર્ષે પૂજ્યશ્રી કદંબગિરિ પધારી રહ્યા હતા.

૨૦ વર્ષ પૂર્વના એક ધન્યતમ દિવસે આ તીર્થના ઉદ્ધારના શુકનિયાળ શ્રીગણેશ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં મંડાયા હતા. શેઠ આ. ક. પેઢીના નામે ૯ પ્લોટો અઘાટ વેચાણ લેવાયા હતા,–પૂજ્યશ્રીની પ્રેરણાથી. પૂજ્યશ્રીની ધારણા હતી કે–પેઢી આ પ્લોટોમાં દેરાસર–ધર્મશાળા વગેરે કરાવશે, અને આ તીર્થ સવિશેષ પ્રકાશમાં આવશે. પણ—

આજે ૨૦–૨૦ વર્ષ થઈ ગયા, પૂજ્યશ્રીની એ ધારણા પાર નહોતી પડી. આ વાત પૂજ્યશ્રીના ખ્યાલમાં જ હતી. તેઓશ્રીની વારંવાર પ્રેરણા થવા છતાંય પેઢી તરફથી કશું જ ન થયું, એટલે જ હવે તેઓશ્રી મક્કમ નિર્ણય સાથે આ મહાતીર્થમાં પધાર્યા હતા. તેઓશ્રીએ વિચાર્યું કે–હવે તો જુદા જુદા ગૃહસ્થોના નામથી અહીં નવી જમીનો ખરીદાય, અને તેમાં દેરાસર વિગેરે બને, તે જ યોગ્ય છે.

આ અરસામાં શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી પાટણવાળા, શા. હરિલાલ જુઠાભાઈ ધ્રાંગધ્રાવાળા, શા. પ્રેમજી નાગરદાસ વેરાવળવાળા, વગેરે શ્રાવકો પૂજ્યશ્રીને વંદન કરવા માટે આવ્યા. પૂજ્યશ્રીએ તેમને શ્રીકદંબગિરિતીર્થનો અદ્ભુત મહિમા, તેની જીર્ણદશા, તથા તેના ઉદ્ધારની આવશ્યકતા સમજાવ્યા.

નગીનભાઈએ કહ્યું : સાહેબ ! આવા મહાન્ તીર્થના ઉદ્ધારનું કાર્ય અવશ્ય થવું જ જોઈએ.

પૂજ્યશ્રીએ ફરમાવ્યું : તો હવે આ ઉદ્ધારની પાયાની શરૂઆત તમે જ કરો. દેરાસર માટે જમીન લેવાની વિચારણા ચાલે છે.

તરત જ નગીનભાઈ વગેરેએ ૨૦૦૦/– રૂા. આપવાનું નક્કી કર્યું અને એની સાથે પોતાના ઘરદેરાસરમાંથી પણ ૨૦૦૦/– રૂા. આપવાનું કબૂલ કર્યું.

એટલે પાયાનો પ્રશ્ન–પૈસાનો તો હલ થઈ ગયો. આ પછી પૂજ્યશ્રીએ 'ચોક'ના રહીશ સલોત ગોવરધનદાસ ઝવેરચંદના સુપુત્ર શ્રી વીરચંદભાઈ તથા 'જેસર'ના વતની વાસા પાનાચંદ કાળીદાસના સુપુત્ર શ્રી અમરચંદભાઈને બોલાવ્યા. વીરચંદભાઈ 'ચોક'માં એજન્સી–થાણાનાં વકીલ હતા અને અમરચંદભાઈ 'રાણી' ગામના દરબારના કામદાર હતા. વીસ વર્ષ પૂર્વે પૂજ્યશ્રીએ પેઢીના નામે ૯ પ્લોટો લેવડાવ્યા, ત્યારે આ બન્ને ગૃહસ્થોના પિતા હયાત હતા. તેમની રૂબરૂમાં જ તે પ્લોટો ખરીદવામાં આવેલા. પણ હવે તેઓ સ્વર્ગવાસી બનેલા હોવાથી તેઓના સુપુત્રોને બોલાવ્યા.

તેઓ બંને પણ પૂજ્યશ્રી પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને આવ્યા. પૂજ્યશ્રીએ પોતાની મનોભાવના જણાવીને જમીન લેવાનું કામ તેમને સોંપી દીધું. તેમણે પણ એ સહર્ષ સ્વીકારી લીધું.

સૌ પ્રથમ એ નિર્ણય લેવામાં આવ્યો કે–પહેલાં નીચે જ એક દેરાસર બાંધવું. એને માટે લાયક જગ્યાની તપાસ કરવાનું નક્કી થયું. પૂજ્યશ્રીની નજરમાં એક ટેકરાવાળી વિશાળ જમીન વસી ગયેલી. એ માટે તેઓશ્રીએ બન્ને ગૃહસ્થોને ઉપયોગ આપ્યો. પછી તેઓશ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તળાજા તરફ વિહાર કરી ગયા. મહુવા–શ્રીસંઘના આગ્રહથી આગામી ચાતુર્માસ ત્યાં કરવાનું હતું. હજી ચોમાસાને વાર હોવાથી તેઓશ્રી આસપાસના પ્રદેશમાં વિચરવા લાગ્યા. વકીલ તથા કામદાર પણ સ્વસ્થાને ગયા.

.......o.......o........o........o.......

હવે–બોદાનાનેસમાં–એક દિવસ–

વાત ફેલાઈ કે–'તીતા કોળી'ને સ્વપ્ન આવ્યું.

શેનું ? તો કે'—

"એક મોટી જમીન છે. એની અંદર મોટું ગોળ કુંડાળું છે. એ કુંડાળામાં વાણિયાના ભગવાન્ બેઠા છે. અને આજુબાજુ ઘીના દીવા બળે છે. એ દીવા પાસે ઘી ઢોળાયાના ડાઘાં છે." (આવું સ્વપ્ન આવ્યું છે.) પછી તો—

વા' વાતને લઈ જાય. વાત ફેલાતી 'ચોક' સુધી પહોંચી. શ્રીવીરચંદભાઈ વકીલે આ વાત સાંભળી. એમણે તુર્ત જ જેસર કામદાર અમરચંદભાઈ ઉપર ખબર મોકલ્યા કે–હું ત્યાં (બોદાનાનેસ) જાઉં છું. તમે ત્યાં આવો. આપણે આ બાબતની તપાસ કરીએ.

થોડીવારમાં બંને આવી પહોંચ્યા. તીતા કોળીને મળ્યા. બધી વાત જાણી. પછી પૂછ્યું : અલ્યા ! એ સ્વપ્નાવાળી જમીન અહીં ક્યાંય છે કે નહીં ? તમે લોકોએ એની તપાસ કરી ?

તીતાએ કહ્યું : હા ! અમે તપાસ કરી છે. એક જગ્યા છે. ત્યાં હજી પણ કુંડાળું દેખાય છે. અને ઘીનાં ડાઘાં ય છે. હાલો ! તમને દેખાડું.

બધાં પેલી જમીન પાસે ગયાં. જોયું તો સાચે જ ગોળ કુંડાળું હતું. અને એની અંદર ઘી ઢોળાયાના ડાઘા પણ સ્પષ્ટ દેખાતાં હતાં.

કામદાર અને વકીલ તો તાજુબ થઈ ગયા. આ એ જ જમીન હતી, જે પૂજ્યશ્રીની નજરમાં વસી ગયેલી. બન્ને ગૃહસ્થોએ એ જમીન હવે વહેલી તકે લઈ લેવાની તજવીજ શરૂ કરી. થોડીક પૂછપરછ કરીને જાણી લીધું કે–આ જમીન ૧૯ તાલુકદાર ગરાસિયાઓના ભાગની છે. એક જમીનના બે–ચાર નહિ, પણ ૧૯ ભાગદારો છે.

આ બધી વિગત મેળવીને તેઓ બંને પહોંચ્યા–પૂજ્યશ્રી જ્યાં બિરાજતા હતા, તે ગામે. પૂજ્યશ્રીને બધી હકીકત વિગતવાર કરી. પૂજ્યશ્રી પણ ખૂબ આનંદિત થયા, અને કહ્યું કે–'જો એ જમીન મળતી હોય તો એને માટે જ પ્રયાસ કરો.'

પૂજ્યશ્રીના શુભાશીર્વાદ લઈને બંને પાછાં આવ્યા, અને એ જમીન મેળવવા પ્રયાસ શરૂ કર્યો.

સૌ પ્રથમ–એ ઓગણીસેય ગરાસિયાના નામ અને ઠામ–ઠેકાણું મેળવ્યા. એમાં સૌથી મુખ્ય તો પૂજ્યશ્રીના પરમભક્ત આપાભાઈ કામળિયા જ હતા. એટલે બન્નેને લાગ્યું કે–આપાભાઈની મદદથી કામ સરળ બની જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક પછી એક સૌને મળીને વાત કરી, કે–અમારે આ જમીન વેચાતી લેવી છે. તમારે જોઇએ તે કિંમત લો અને અમને આપો. અમારે ત્યાં દેરાસર બાંધવું છે.

પણ આ તો ગરાસિયાની જાત. મનમાં જો ધુન ભરાઇ જાય તો પછી સીંદરી બળે, પણ વળ ન છોડે, એવી વાત. બધાંએ કહી દીધું કે અમારી ઇચ્છા નથી.

આપાભાઈ જેવાં બે–ચાર જણાની ઇચ્છા હતી. પણ બધાંએ ના પાડી, ને જો એ હા પાડે તો પછી મારામારી સિવાય બીજી વાત જ ન રહે. એટલે એ બીકે એમણે પણ ના પાડી. ઘણી મહેનત કરી. પણ કોઇ સમજ્યું જ નહિ. છેવટે બંને ગૃહસ્થો આપાભાઈ કામળિયા પાસે ગયા અને તેમને સમજાવીને કહ્યું : આપાભાઈ ! હવે તો આ જમીન અપાવવી તમારા જ હાથમાં છે.

"પણ ભા ! એમાં હું શું કરૂં ? મારા એકલા હાથની વાત હોત તો આ ઘડીયે જ પતાવી દેત. કોઇને પૂછવાય નો રે'ત. પણ આ તો ૧૯–૧૯ દરબારોની મઝિયારી જમીન. એમાં મારૂં એકલાનું શું ચાલે ? હા ! તમે એ બધાંયની મંજૂરી લઇ આવો પછી બધુંય હું પતાવી દઇશ." આપાભાઇએ કહ્યું.

"એ જ પંચાત છે ને ? એ બધાંયને કેટલાં સમજાવ્યા. પણ ન સમજ્યા ત્યારે તો તમારી પાસે આવ્યા. તમે ગામમાં મોટાં ને તાલુકદાર ગણાવ. એ અઢાર તમારી પાસે બોલતા વિચાર કરે. અને તેમાંય તમે તો પૂજ્યપાદ ગુરૂભગવંતના પરમ ભક્ત છો. માટે તમારે આમાં કાંઇક રસ્તો તો કાઢવો જ પડશે." વકીલ–કામદારે કહ્યુ.

'ભા ! વાત તો તમારી સાચી. તમને આ જમીન મળે એમાં મારાથી બનતું હું બધુંય કરૂં. અરે ! મારી સહી પણ કરી દઉં દસ્તાવેજમાં. પણ હું મોટો તોય એકલો, ને બોલ્યા રહ્યા અઢાર. જો એમને ખબર પડે કે આપાભાઇએ જમીનની મંજૂરી આપી દીધી છે, તો તો પછી મારે આંહી ઉભાં રે'વુંય ભારે થઇ પડે. હાં ! એક રસ્તો જડે છે. એ જમીન ન મળે તો કાંઇ નહિ. પણ તમે મારી ભેગાં હાલો. એ જમીનની બાજુમાં જ મારી સ્વતંત્ર માલિકીની જમીન છે. એ તમને ગમે તો હું આપી દઉં.'

"આપાભાઈ! અમારે તો તીતા કોળીનું સ્વપ્નું સાચું કરવું છે. એ જમીનમાં સાચેસાચ ભગવાન પધરાવીને ઘીના દીવા કરવા છે. જ્યારથી એ સ્વપ્નાની વાત સાંભળી, ત્યારથી પૂજ્ય ગુરૂમહારાજશ્રીજીના મનમાં અને અમારા મનમાં આ એકજ ઝંખના છે. પણ હાલ તો એ તાત્કાલિક શકય લાગતું નથી. ચાલો ! અત્યારે તમારી જમીન તો દેખાડો. પસંદ પડે તો એ લઇ લઈએ. આજ એ મળશે તો કાલ મૂળ જમીનેય દાદાની કૃપાથી મળી રહેશે." વકીલ–કામદારે કહ્યું. અને બધાં ઉપડયાં જમીન જોવા.

જમીન જોઈ. બન્ને ગૃહસ્થોને ગમી ગઈ. આપાભાઈની પણ રાજીખુશીથી આપવાની ઇચ્છા હતી.

એટલે તરતજ વકીલ–કામદાર–આપાભાઈ તથા ચોકના થાણુદાર સાહેબ, શ્રી નરભેરામભાઈ વગેરે પૂજ્યશ્રી પાસે ગયા. પૂજ્યશ્રી અત્યારે 'દાઠા' ગામે બિરાજતા હતા. ત્યાં બધી વાત રજૂ કરી. પૂજ્યશ્રીએ પણ આપાભાઈની જમીન લેવા અનુમતિ સૂચવી. એટલે તે જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ જગાભાઈ ભોગીલાલ વગેરેના નામનો પાકો દસ્તાવેજ કરવામાં આવ્યો. આપાભાઈ પાસેથી એમની જમીન અઘાટ વેચાણ લઈ લીધી.

'**शुभस्य शीघ्रम्**' એ ન્યાયે આ જમીનમાં દેરાસર બાંધવાનો નિર્ણય લેવાયો. (જો કે –હજી પેલી જમીન માટે પ્રયાસો તો ચાલુ જ હતા.) બંને ગૃહસ્થોએ વિનંતિ કરતાં કહ્યું : સાહેબ ! આપની આજ્ઞા હોય તો આ જમીનમાં જિન મંદિરનું ખાત મુહૂર્ત તથા શિલા સ્થાપન કરીએ. તેને માટે શુભ મુહૂર્ત ફરમાવો.

પૂજ્યશ્રીએ પણ શુભ મુહૂર્ત કાઢી આપ્યું. મુહૂર્તનો મંગલ દિવસ હતો–શ્રાવણ સુદિ ૧૦ નો. (સં. ૧૯૮૫)

આ પછી પૂજ્યશ્રીની રજા લઈને તેઓ કદંબગિરિ ગયા. પૂજ્યશ્રી પણ ત્યાંથી વિહાર કરીને મહુવા ચોમાસા માટે પધાર્યા.

ગત વર્ષે પૂજ્યશ્રી ખંભાતમાં બિરાજમાન હતા, તે વખતે મહુવામાં વસુલાતી ખાતાના અધિકારી તથા મહાકવિ શ્રી દલપતરામ ડાહ્યાભાઈના પુત્ર શ્રી છોટમલાલભાઈ વગેરે પૂજ્યશ્રીની ચોમેર પ્રસરેલી ખ્યાતિથી પ્રભાવિત થઈને પૂજ્યશ્રીની જન્મભૂમિના દર્શન કરવા આવેલા. તેમણે શ્રાવકોને ખાસ ભલામણ કરી કે–'મહારાજજી જેવાં મહાન પુરુષના જન્મસ્થાનમાં સારામાં સારૂં કાર્ય કરવું જોઈએ.' આ ઉપરાંત તેઓએ પૂજ્યશ્રીને મહુવા પધારવાનો વિનંતિપત્ર પણ લખેલો. આ પત્રથી પૂજ્યશ્રીના શિષ્યરત્નોના મનમાં પૂર્ણ ભાવના થયેલી કે–આપણે મહુવા જઈએ તો ગુરૂ મહારાજના જન્મસ્થાનમાં કોઈ સુંદર–સ્થાયી કાર્ય કરાવીએ.

આજે તેઓની ભાવના સફળ બનાવવાનો અવસર આવી પહોંચ્યો હતો. મહુવામાં પૂજ્યશ્રીનો પ્રવેશ થયો, તે દિવસે તેઓશ્રીના શિષ્ય સમુદાયે નિર્ણય કર્યો કે–ગુરૂભગવંતના જન્મસ્થાનના દર્શન કર્યા પછી જ પચ્ચક્ખાણ પારવું.

તે અનુસાર—વ્યાખ્યાનાદિ પતી ગયા પછી તેઓ એ પવિત્ર સ્થાનના દર્શને ગયા. એ વખતે તેઓને વિચાર થયો કે–આ સ્થાન ઉપર એક નાનું પણ સુંદર દેરાસર બંધાય તો ઘણું ઉત્તમ. આવો વિચાર કરીને તેઓ ઉપાશ્રયે આવ્યા.

દૈવયોગે આ વખતે શેઠ જમનાભાઇ ભગુભાઇના ધર્મપત્ની શ્રી માણેકબેન તથા શા. દોલતચંદ ગિરધરવાળા બબાભાઈ વગેરે પૂજ્યશ્રીના વંદનાર્થે આવ્યા. તેઓને આ અંગે ઉપદેશ ફરમાવતાં બબાભાઈએ એક હજાર રૂપિયા આપીને ટીપ શરૂ કરી. અન્ય ગૃહસ્થોએ પણ સારી રકમ નોંધાવતા તે જ વખતે રૂા. પાંચ હજાર એકત્ર થયા.

શ્રાવણ માસમાં પૂજ્યશ્રીના જન્મસ્થાને જિનાલયનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

આ તરફ કદંબગિરિજીમાં–શ્રાવણ સુદિ ૧૦ ના મંગલ દિવસે ખનનનું વિધાન ચાલી રહ્યું છે.

વિધિકારકો શુદ્ધ મંત્રોચ્ચારપૂર્વક વિધાન કરાવી રહ્યાં છે. લગભગ વિધિ પૂર્ણ થવા આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં જ એક દરબાર ખભે ધોકો નાખીને ત્યાંથી નીકળ્યા. વિધિનું દશ્ય જોતાં જ એ બરાડી ઉઠયાઃ શું કરો છો અહીં ?

'આ તો અહીં દેરાસરનું ખાતમુહૂર્ત કરીએ છીએ, દરબાર !' વકીલ વિ. એ જવાબ આપ્યો.

'પણ કોને પૂછીને અહીં કરો છો ? અહીં કરવાની તમને રજા કોણે આપી ?'

'અમને આપાભાઈએ કહ્યું કે–તમે આ ઠેકાણે કરો, એટલે અમે અહીં કરીએ છીએ.'

એમ ? તમને આપાભાઈએ કહ્યું ? પણ એની આંહીં શી સત્તા છે ? આ જમીન એકલા આપાભાઈની માલિકીની નથી. આ તો ૧૯ જણાના ભાગની છે. અત્યારે ને અત્યારે આંહીંથી ઊભાં થઈ જાવ. નહિતર આ ધોકો જોયો છે ? તમને બધાયને ભારે પડી જશે. જો તમારે દેરાસર બાંધવું હોય તો ચાલો, હું તમને બીજી જમીન દેખાડું. ત્યાં તમારે જે કરવું હોય તે કરો.

વકીલ–કામદારે કહ્યું કે : દરબાર ! અમે એમજ કરીશું પણ હવે અહીયાં થોડીક ક્રિયા બાકી રહી છે, તે પૂરી કરી લેવા દો. પછી તમે કહો ત્યાં આવીએ, અને ત્યાં વિધિ કરીએ.

દરબાર માની ગયા, એટલે વિધિ પૂરો કરીને બંને તેની સાથે ગયા. દરબારે એક જગ્યા બતાવીને કહ્યું કે–અહીં તમારે ખાત-બાત જે કરવું હોય તે કરો. તમે કરી લ્યો ત્યાં સુધી હું અહીં ઊભો છું.

આ જગ્યા જોઈને વકીલ ને કામદાર સામ–સામું જોતાં મલકયાં, અને મૂછમાં હસવા લાગ્યા. કારણ કે જેને માટે ઘણી મહેનત કરી, તોય જે જગ્યા ન મળી, તે જગ્યા અનાયાસે મળતી હતી. એટલે એ બંને ખુબ રાજી થયા. મંગલ મુહૂર્તના ફળ મંગલ હોય છે, તેનો આ પ્રત્યક્ષ દાખલો. જે વાંછિત હતું તે જ થયું.

પણ–બીજી મુશ્કેલી ઊભી જ હતી. ખાતમુહૂર્તનો શુભ સમય વીતી ગયો હતો. તેના માટેની સામગ્રી ખલાસ થઈ ગઈ હતી. અને પેલા દરબારશ્રી તો હાથમાં ધોકો લઈને ઊભા હતા કે–તમે તમારું મુહૂર્ત કરો. પછી જ હું અહીંથી ખસીશ. એને ભીતિ હતી કે–કદાચ આ લોકો પાછાં પેલી જગ્યાએ વિધિ કરી નાખે તો ?

પણ વકીલ અને કામદારને એવું કરવાની જરૂર ન હતી. તેમણે તો તરત જ માણસ મોકલીને 'ચોક'થી જોઇતી સામગ્રી મંગાવી લીધી, અને એ જમીનમાં ખનન-મુહૂર્ત કર્યું.

ત્યારબાદ તેઓ બંને પુનઃ મહુવા પહોંચ્યા. પૂજ્યશ્રીને બધી વાત જણાવીને કહ્યું : સાહેબ ! આ પ્રમાણે બે ઠેકાણે ખાતમુહૂર્ત કર્યા છે. અને બધું આનંદથી પતી ગયું છે.

પૂજ્યશ્રીએ કહ્યું: 'જે થાય તે સારા માટે.' પણ હવે પહેલું કામ એ કરો–આ જમીન વેચાતી લઈ લો. આપાભાઈ તથા ચોકના થાણદારને આ વાતમાં વચ્ચે રાખવા. એટલે જરૂર ફતેહ થઈ જશે.

એ જમાનામાં થાણદાર એટલે શી વાતે ? એનાં નામથી ભલભલાં દરબારો–ઠાકોરો ડરે. એક રાજા જેવો એનો રૂવાબ. એવા થાણદાર સાહેબ આ વાતમાં ધ્યાન આપે, તો પૂજ્યશ્રીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથન મુજબ ફત્તેહ થાય જ. આમ વિચારી પૂજ્યશ્રીની આજ્ઞા લઈને બન્ને 'ચોક' આવ્યા. વકીલનું તો ગામ હતું. અને પાછાં તેઓ થાણામાં વકીલાત પણ કરતાં. એટલે પૂર્વભૂમિકા નિષ્કંટક જ હતી. તેઓ થાણદારને મળ્યાં, બધી વાત જણાવીને આમાં સહાય કરવા વિનંતિ કરી.

થાણદાર પણ હતાં ધર્મીજીવ. જાતે બ્રાહ્મણ હતા. સાથે બુદ્ધિશાળી પણ. નામ હતું નરભેરામભાઈ. ધર્મના કામોમાં સહકાર આપવાનું એમને ગમતું. વળી–પૂજ્યશ્રીના પણ તેઓ પરિચિત હતા. એટલે તેમણે આ કાર્યમાં પૂર્ણ સહકાર આપવાની હા કહી. તેમણે–કહ્યું : 'તમે બંને મુખીને મળો. તેને બધી વાતથી વાકેફ કરીને મારી પાસે લાવો.'

વકીલ અને કામદાર મુખી પાસે ગયા. મુખી એટલે પોલીસ પટેલ. ગામ આખામાં એની સત્તા. અને એના ઉપર એક થાણદાર સાહેબ સિવાય બીજા કોઈની સત્તા નહિ. આવા એક મુખી હતા. જાદવજી મુખી એમનું નામ. એમને બધી વાત બંને જણાએ કહી. મુખી એ સાંભળીને થાણદાર પાસે આવ્યા. થાણદારે કહ્યું કે : મુખી ! આ લોકો પાસેથી તમે બધી વાત જાણી. હવે એમને એ જમીન અપાવવી છે. અને આવતી કાલે જ એ માટે ત્યાં (બોદાના-નેસ) જવું છે. તો ત્યાં કઈ રીતે જવું ? અને એ જમીન કેવી રીતે મેળવવી ? એની પૂર્વ-ભૂમિકા તમે નક્કી કરો.

મુખીએ વિચાર કરીને કહ્યું : 'જુઓ ! આપણે વે'લ જોડીને જવું. ૧૫ માણસનું સીધું (રસોઈનો સામાન) સાથે લેવું. એક રસોઈઓ બ્રાહ્મણ પણ લઈ લેવો. ત્યાં જે દરબાર આપણો વધારે વિરોધી છે, એની ડેલીએ આપણી વે'લ છોડવી. બીજા કોઈને ત્યાં નહિ. ત્યાં જઈને આપણે આપણાં તરફથી લાડવાનું જમણ કરવાનું. એના ઘરના સર્વને નોતરૂં દઈને જમાડવાના બસ ! બાકીનું બધું હું સંભાળી લઈશ.'

બધાંને આ વાત રૂચી ગઈ. વકીલ–કામદારે બધી વસ્તુઓ મંગાવી લીધી. બીજા દિવસે સાંજે વે'લ જોડીને તેમાં બધી વસ્તુઓ ભરી. થાણદાર–મુખી–કામદાર તથા વકીલ વે'લમાં બેસીને ચોકથી બોદાનાનેસ જવા રવાના થયા. રાત પડવા આવી ત્યાં પહોંચી ગયા. અને નક્કી કર્યા મુજબ પેલા માથાભારે દરબારની ડેલીએ વે'લ છોડી. રસ્તામાં આપાભાઈની ડેલી આવી, ત્યાં આપાભાઈને કહેતાં આવ્યા કે–આજ તો અમે અમુક દરબારની મે'માનગતિ માણીશું.

પેલા દરબારને ખબર પડી કે–ચોકના થાણદાર સા'બ પોતાના ઘરે પધારી રહ્યા છે, એટલે એ તો દોડતો બહાર આવ્યો. સાહેબની આગતા–સ્વાગતા કરવા લાગ્યો.

રાત પડી ગઈ–હતી. એટલે વાળુ પાણી (ભોજન) તો ક્યારના પતી ગયેલા. પણ તાજું દોહેલું શેડકઢું દૂધ લાવીને એણે બધાંને પીવડાવ્યું, પછી સૌ સૂઈ ગયા.

બીજા દિવસે સવારે તક સાધીને જાદવજી મુખી પેલાં દરબારને એક બાજુ લઈ ગયા, અને કહ્યું : "દરબાર ! આજ તો તમારાં ભાગ્ય ઉઘડી ગયાં સમજો. થાણદાર સાહેબ પોતે તમારા ઘરે વગર નોતરે પધાર્યા. બીજા નોતરાં દઈ દઈને થાકી જાય ત્યારે માંડ સાહેબના દર્શન મળે, ને આજે તો તમારા ઘરે જ એ આવ્યા છે. માટે તમારો તો જનમારો સફળ થઈ ગયો સમજજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને આ સાહેબ તમારી પાસે પેલી તીતા કોળીના સ્વપ્નાવાળી જમીનની માગણી કરવા આવ્યા છે. એક નાની એવી જમીન માટે સાહેબ જેવામાં સાહેબ તમારા ઘરે આવે, અને તમારી પાસે એની માંગણી કરે, એ શું ઓછું કહેવાય ? માટે હવે તો તમારે તમારો વિવેક કરવો જ જોઇએ. મારૂં માનતા હો તો સાહેબ પાસે જઇને વગર માગ્યે જ એ જમીન આપવાની હા કહી દો. તો સાહેબ તમારી ઉપર ખૂબ જ પ્રસન્ન થશે.

અને એક વાત મને પહેલાં જ કહી દો કે—તમારે આ જમીનના બદલામાં શું જોઇએ છે ? એટલે હું સાહેબને ખ્યાલ આપી શકું.”

એક તો સોરઠી માણુસ. એમાંય પાછા બાપુ, (દરબાર) એટલે પૂછવું જ શું ? એ તો આ સાંભળીને ઘેલા ઘેલા થઇ ગયા. તેમણે કહ્યું કે : મુખી ! હું તો રાજીખુશીથી આ જમીન સોંપી દેવા તૈયાર જ છું. મારો બિલકુલ વિરોધ નથી. અને બદલામાં—ફક્ત એક કળશી જાર મને જોઇએ.

ઓહો ! એમાં શું ? તમારે જોઇએ તે હું અપાવું. બોલો, બીજું કાંઇ નથી જોઇતું ને ? મુખીએ પુનઃ પૂછ્યું.

ના, ના, મને તો એક કળશી જાર મળી એટલે ઘણું.

એક કળશી જાર એટલે તે વખતે ૨૦ મણુ ગણાય.

દરબાર તો થાણુદાર પાસે પહોંચી ગયા ને કહી દીધું કે : સા'બ ! આપ જે જમીન લેવા માટે આવ્યા છો, એ જમીનની મંજૂરી હું આપી દઉં છું.

થાણુદારે તુર્તજ વકીલ અને કામદારને કહ્યું : તમારો દસ્તાવેજ લાવો, અને આ દરબારની સહી લઈ લ્યો. બીજી વાત પછી.

એમ જ કરવામાં આવ્યું. એની સાથે એ બન્નેને કહીને દરબારને એક કળશી જાર પણુ અપાવી દીધી.

હવે માર્ગ એકદમ સરળ થઈ ગયો. આ એક દરબારની સહી મળી, એટલે બધાં ટપોટપ સહી કરવાના જ. આપાભાઈએ કહી રાખેલું કે—મારી સહી સૌથી છેલ્લી લેજો. પહેલેથી લેશો તો આ બધાં પાછાં ઊંધા થશે. ત્યારપછી તત્કાળ ત્યાં જ માણુસ દ્વારા બાકીના ૧૮ ગરાસિયાને બોલાવીને બધી વાત સમજાવી.

પણુ એ બધાં વાત કરતાં થાણુદારના કડપને વધારે સારી રીતે સમજતા હતા, એટલે તરત જ સંમતિ આપી દીધી.

થાણુદારે કહ્યું : બોલો ! આ જમીનના બદલામાં તમારે શી કિંમત લેવી છે ? એ અત્યારે જ નક્કી કરીને કહી દો.

બધાં દરબારોએ અંદરોઅંદર વિચારી—નક્કી કરીને કહ્યું કે : સા'બ ! અમારા ગામમાં ચોરો એકેય નથી. માટે એક સારો ચોરો બંધાવી આપો. એ જ એની કિંમત. અમારે રૂપિયા નથી જોઈતા.

બધાંની કબુલાત થઈ ગઈ. સહીઓ લેવાઈ ગઈ. વકીલ અને કામદાર પણુ ચોરો બંધાવી આપવાને કબુલ થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી ટુંક સમયમાં જ જમીનની માપણી કરી અને પાકાં ૪૫[1] હાથ લાંબી-પહોળી જમીન અઘાટ વેચાણ લઈ લીધી.

દરબારોની માંગણી પ્રમાણે ગામમાં એક સુંદર ચોરો પણ બંધાવી આપ્યો. એમાં તે વખતે ૪૦૦ રૂપિયાનો ખર્ચ થયેલ.

વકીલ તથા કામદાર મહુવા-પૂજ્યશ્રી પાસે જઈ આવ્યા. સર્વ બીના જણાવી. પૂજ્યશ્રીને એથી અપાર હર્ષ થયો. તેઓ શ્રીમાન્‌ની વર્ષોની ભાવના આજે સફળતાના પ્રથમ પગથિયે પહોંચી ગઈ હતી.

---

# [ ૪૬ ]

## આપને ઉચિત લાગે તે......

જમીન લેવાઈ ગઈ. ખાતમુહૂર્ત અને શિલાસ્થાપન તો પ્રથમથી જ થયેલા હતા. હવે એ જમીનમાં ૭૨ જિનાલયના નિર્માણનો તથા તેનો આદેશ આપવાનો વિચાર ચાલ્યો.

પ્રથમ તો પૂજ્યશ્રીનો વિચાર એક નાનું સરખું દેરાસર બાંધવાનો હતો કે જેથી યાત્રિકોને પ્રભુદર્શન-પૂજનનો લાભ મળી શકે. પણ પછીથી એ વિચાર બદલાયો. "શ્રીનાભ-ગણધર ભગવંતના મુખેથી આ ગિરિવરનો મહિમા સાંભળીને શ્રીભરત મહારાજાએ શ્રીમહાવીર પ્રભુનો ભવ્ય પ્રાસાદ અહીં કરાવ્યો હતો," એ વાત તેઓશ્રીના સ્મરણપથમાં હતી જ. એટલે તેઓશ્રીને લાગ્યું કે-એ ભવ્ય પ્રાસાદની સ્મૃતિ કરાવે એવો શ્રીમહાવીરપ્રભુનો ૭૧ દેવ-કુલિકાસમેત મહાન્ પ્રાસાદ બંધાવવો. તેમાં ગઈ, ચાલુ, અને આવતી ચોવીશી, વીશ વિહર-માન તથા ચાર શાશ્વતા જિન તેમજ શ્રીગણધરભગવંતોની મૂર્તિઓ પધરાવવી.

આ ઉમદા વિચાર તેઓશ્રીએ શિષ્યગણને તથા વકીલ, કામદાર અને શેઠ ચીમનલાલ લાલભાઈ (હીરાચંદ રતનચંદવાળા) વગેરે શ્રેષ્ઠિગણને જણાવ્યો. સૌએ એકી અવાજે એ વધાવી લીધો. સૌનો જવાબ હતો : 'આપશ્રીમાન્‌નો બોલ પડે. એ અમારે કરવાનું.'

આ પ્રમાણે મહાપ્રાસાદ બનાવવાનું નક્કી થયું. પછી એ જિનાલયના આદેશની વાત આવી.

જિનાલયનો આદેશ એટલે-એ જિનાલય આદેશ લેનાર ગૃહસ્થ તરફથી બંધાય, મૂળ-નાયક પ્રભુજી એના નામના ભરાવાય, અને તેમને ગાદીનશીન પણ તે જ કરે. આવો મહામૂલો આદેશ લેવા માટે શેઠ માકુભાઈ, શેઠ ચીમનલાલભાઈ વગેરે અનેક શ્રેષ્ઠિવરો તૈયાર થયા.

અમદાવાદના વતની સ્વ. શા. કરમચંદ કુલચંદ પૂજ્યશ્રીના પરમભક્ત હતા. પૂજ્યશ્રીની સત્પ્રેરણાનુસાર શેરીસા પાસેના 'વામજ' ગામમાં એક દેરાસર બંધાવવાની તેમને ભાવના થયેલી. (વામજ ગામમાં જમીનમાંથી પ્રાચીન ભવ્ય જિનબિંબો પ્રગટ થયા હતા.) પણ એ

---

૧. ૩૦ હાથ લાંબી અને એક હાથ પહોળી જમીન=પાકો એક હાથ લાંબી પહોળી જમીન ગણાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવના અમલી બને તે પહેલાં જ તેઓ સ્વર્ગવાસી બન્યા; આથી એ કામ ન થયું. તેમની દેરાસર ખાતાંની તે મિલકત સુરદાસશેઠની પોળમાં રહેતા તેમના સુપુત્રી શ્રીપુંજીબેન દલપતરામ પાસે પડી હતી. એમાંથી પિતાજીની મહેચ્છા પૂર્ણ કરવાની તક તેઓ શોધી રહ્યા હતા. એ અવસરે શ્રીકદંબગિરિતીર્થના પ્રસ્તુત દેરાસરના આદેશની તેમને જાણ થઈ. તરત જ તેઓ મહુવા ગયા. ત્યાં પૂજ્યશ્રીને વિનંતિ કરી : 'સાહેબ ! અમારે આદેશ લેવાની ભાવના છે. હું આદેશ લીધા વગર પાણી પણ વાપરવાની નથી. આપ સાહેબની કૃપા હોય તો આદેશ મળશે.'

પૂજ્યશ્રીએ પુંજીબેનની આદેશ લેવાની દૃઢ અભિલાષા પારખી. તેઓશ્રીએ સૌને વાત કરી કે : બોલો ! તમારા સૌની ઇચ્છા હોય તો આ પુંજીબેનને આદેશ આપીએ. આપણે રૂપિયાનો વિચાર નથી કરવાનો. પણ સામી વ્યક્તિની ભાવના જોવાની છે. માટે તમારા સૌની ઇચ્છા થતી હોય તો આદેશ આપીએ.

સૌએ કહ્યું : સાહેબ ! આમાં અમને શું પૂછવાનું ? આપશ્રીમાન્ દીર્ઘદ્રષ્ટા છો—મહાપુરુષ છો. આપને જે ઉચિત લાગે તે કરવાનું જ હોય. અને એમાં અમારી સંમતિ જ હોય.

આમ સૌની સંમતિ જણાતાં પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં શ્રીકદંબગિરિ તીર્થમાં બંધાનાર ભવ્ય શિખરબંધી દેરાસરનો આદેશ શા. કરમચંદ કુલચંદ વતી તેમના સુપુત્રી શ્રીપુંજીબેનને અપાયો. પુંજીબેનની પ્રસન્નતાનો પાર ન રહ્યો. તેમના સ્વર્ગસ્થ પિતાની અને તેમની વર્ષોની શુભભાવના આજે પૂજ્યશ્રીની કૃપાથી સફળ થઈ. ખરેખર, મહાપુરુષોની દયાનો પ્રકાર કોઈ નિરાળો જ હોય છે.

આ પછી—એક મંગલમુહૂર્તે એ જમીન ઊપર શ્રીમહાવીરપ્રભુનો મહાપ્રાસાદ નવોદિત શિલ્પી સોમપુરા શ્રીપ્રભાશંકરભાઈ ઓઘડદાસની દેખરેખ તળે બંધાવવો શરૂ થયો.

એ જિનાલય માટે પ્રાચીન સુંદર પ્રભુપ્રતિમાની તપાસ શરૂ થઈ. પૂજ્યશ્રીની ભાવના હતી કે—જ્યાં સુધી શ્રીવીરપ્રભુની પ્રાચીન પ્રતિમા મળી જાય, ત્યાં સુધી નવા ન ભરાવવા.

શ્રીવીરપ્રભુની સંપ્રતિમહારાજાના વખતની સુંદરાકાર પ્રતિમા શંખલપુરમાં છે, એ વાત તેઓશ્રીના ધ્યાનમાં હતી. તેઓશ્રીએ શ્રાવકોને તે પ્રતિમા મેળવવાનો પ્રયાસ કરવા ઉપયોગ આપ્યો. અમદાવાદના શા. સારાભાઈ જેશીંગભાઈ તથા સલોત કુલચંદ છગનલાલ વગેરે ગૃહસ્થો ત્યાં ગયા. પૂજ્યશ્રીએ સૂચવેલી મૂર્તિના દર્શન કરીને તેઓ અતિ–આલ્હાદ પામ્યા. સ્થાનિક સંઘ પાસે તેમણે એ મૂર્તિ માટે માગણી મૂકી.

ગામના શેઠે સંઘ ભેગો કર્યો. વિચારણાપૂર્વક અમુક નકરો લઈને પ્રતિમાજી આપવાનું સંઘે નક્કી કર્યું. બન્ને ગૃહસ્થો બીજે દિવસે પ્રતિમાજીની પૂજા કરીને લઈ જવા તૈયાર થયા. ત્યાં જ એકાએક શેઠે ના પાડી. પ્રતિમાજી આપવાના નથી એમ જણાવ્યું. કુલચંદભાઈ વગેરેએ તેમને ઘણાં સમજાવ્યા કે-આ તીર્થના મૂળનાયક થશે. પૂ. ગુરૂમહારાજને ઘણા ગમ્યા છે, માટે તમે આપો. પણ એ લોકો ન માન્યા.

છેવટે સંઘે આપેલાં પ્રાચીન પરિકરોનો વેગન ભરીને તેઓ પાછાં આવ્યા. આ પછી બીજે પણ તપાસ કરી, પણ મનમાની મૂર્તિ ન મળી, એટલે પૂજ્યશ્રીની અનુજ્ઞા લઈને નવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમા ભરાવવાનો નિર્ણય લેવાયો. એ પ્રતિમા બનાવવાનો ઓર્ડર જયપુરના કુશળ શિલ્પીને આપવામાં આવ્યો. એણે પણ ઓર્ડર અનુસાર શુભ દિવસે શુદ્ધિ અને વિધિપુરઃસર એ પ્રતિમા ઘડવાનો મંગલપ્રારંભ કરી દીધો.

આ તરફ મહુવામાં—

પૂજ્યશ્રીના પવિત્ર જન્મસ્થાનમાં ખાતમુહૂર્ત થયા પછી દેરાસરનું બાંધકામ શરૂ થયું. ત્યાં પણ નાનું અને સાદું દેરાસર બાંધવાનો જ વિચાર હતો. પણ પછીથી પૂજ્યશ્રીના પટ્ટધર આ. શ્રીવિજયોદયસૂરિજી મ. તથા તેમના પટ્ટધર આ. શ્રીવિજયનંદનસૂરિજી મ. ની શુભપ્રેરણાથી ભક્તશ્રાવકોની ભાવનામાં વૃદ્ધિ થતાં બાવન જિનાલયયુક્ત ચાર મજલાનું શિખરબંધી દેરાસર બાંધવાનો નિર્ણય થયો અને એ મુજબ પ્લાન કરીને કામ આગળ ધપાવવામાં આવ્યું.

આ ચાતુર્માસની શરૂઆતમાં પૂજ્યશ્રીએ પોતાના વિદ્વાન્ શિષ્ય મુનિશ્રી અમૃતવિજયજી મહારાજને ગણિપદ તથા પંન્યાસપદ અને મુનિશ્રી લાવણ્યવિજયજીને પ્રવર્તકપદ આપ્યાં. શ્રીઅમૃતવિજયજી મ. ગયા મહા મહિનાથી શ્રીભગવતીસૂત્રના યોગ વહી રહ્યા હતા. પદવી-પ્રસંગે શ્રીસંઘે ભવ્ય મહોત્સવ યોજ્યો.

ચાતુર્માસ પછી દેરાસરના કામકાજને અંગે કેટલોક સમય મહુવામાં સ્થિરતા કરી. તે દરમ્યાન—શેઠ કસળચંદ કમળશીના કુટુંબમાં વ્યાવહારિક કારણોસર વિખવાદ થતાં તેના છાંટા જ્ઞાતિમાં તથા સંઘમાં પણ ઉડ્યાં. આથી સંઘમાં પણ વિખવાદનું વાતાવરણ સર્જાયું. બે પક્ષો પડી ગયા.

પણ પૂજ્યશ્રીએ બન્ને પક્ષને એકત્ર કરીને શાંતિ તથા સંપ જાળવવાનો ઉપદેશ કર્યો. અને નાના નાના હેતુઓને આગળ ધરીને સંઘમાં તથા જ્ઞાતિમાં વિખવાદ ઊભો ન કરવા સમજાવ્યા. બન્ને પક્ષવાળા પોતાની ભૂલો સમજ્યા, કબુલ થયા, અને પૂજ્યશ્રી સમક્ષ પરસ્પરની ક્ષમા યાચીને વિખવાદનો અંત આણ્યો.

મહુવામાં 'શ્રીયશોવિજયજી જૈન બાલાશ્રમ' બાંધવા માટે કસળચંદભાઈએ ઉદારદિલે સારી રકમ આપી હતી. એ બાલાશ્રમનું બાંધકામ આ વિખવાદને લીધે અટકેલું. પણ હવે તે પૂરું કરવાનું સંઘે કબૂલ્યું.

હવે પૂજ્યશ્રીએ વિહારની તૈયારી કરી. એ પ્રસંગે આ સમાધાનથી ખૂબ આનંદ પામેલા શ્રીકસળચંદભાઈને શ્રીસિદ્ધગિરિરાજનો છ'રી' પાળતો સંઘ કાઢવાની ભાવના થઈ. પૂજ્યશ્રીએ ઉપદેશ આપીને એ ભાવનાને દૃઢ બનાવી. એ દૃઢ ભાવનાનુસાર તેમણે પૂજ્યશ્રીની નિશ્રામાં સંઘ કાઢ્યો.

સંઘમાં જોડાયેલા સેંકડો યાત્રાળુઓ તપ–જપ–પ્રભુભક્તિ–ગુરૂસેવા આદિ ધર્મકાર્યો કરતાં કરતાં ઉમણીયાવદર, કુંભણ, ખુંટવડા, સેદરડા, છાપરીયાળી, જેસર, રાજપર, ચોક થઈને કદંબગિરિજી આવ્યા, ગિરિવરની યાત્રા કરી. પૂજ્યશ્રીના શ્રીમુખે આ તીર્થનો મહાન્ મહિમા શ્રવણ કરીને સકલ સંઘ પુલકિત બન્યો. ગિરિરાજની છાયામાં નિર્માઈ રહેલાં ભવ્ય દેરાસરને જોઈને સૌ કોઈ પૂજ્યશ્રીના તીર્થોદ્ધારમય આત્માને અભિવંદી રહ્યા. પૂજ્યશ્રીના કલ્યાણકર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશને પરિણામે શા. કસળચંદભાઈએ કદંબગિરિજીની તળેટીમાં ભાતાંખાતાનો એક ઓરડો બંધાવ્યો.

અહીંથી સંઘ પાલિતાણા આવ્યો. ગિરિરાજની યાત્રા કરીને સંઘપતિએ પૂજ્યશ્રીના હસ્તે તીર્થમાળ પહેરી. પછી સંઘ સ્વસ્થાને ગયો.

શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈને નવપદજીની શાશ્વતી ઓળીનું આરાધન ચાલુ હતું. તેની પૂર્ણાહુતિ આ વર્ષે થતી હતી. તેમને અભિલાષા થઈ કે-પૂજ્યશ્રી આ ચોમાસું અમદાવાદમાં કરે, અને તેઓશ્રીની નિશ્રામાં આરાધનાની સમાપ્તિ થાય તો વધારે સારું. એથી તેઓ અમદાવાદ પધારવાની વિનંતિ કરવા આવ્યા. પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ એ વિનંતિનો સ્વીકાર કર્યો. પછી પાલિતાણાથી કદંબગિરિ જઈ, ત્યાંથી ચોક-જાળીલા-ઘેટીને રસ્તે વલભીપુર પધાર્યા. અહીંના નામદાર ઠાકોર સાહેબના ભકિતપૂર્ણ આગ્રહને માન આપીને થોડા દિવસ સ્થિરતા કરી. પછી આગળ વધ્યા.

માર્ગમાં ધંધુકા પાસેના ખરડ ગામમાં તેઓશ્રીની પ્રેરણાથી શેઠશ્રી માણેકલાલભાઈએ ઉપાશ્રય બંધાવ્યો. કોઠથી ધોળકા જતાં વચ્ચે આવતાં સરંઢી ગામમાં પણ સાધુ-સાધ્વીઓને ઉતરવાનું કોઈ સ્થાન ન હતું. તે માટે પૂજ્યશ્રીએ ઉપદેશ આપતાં માણેકભાઈ શેઠે ગામમાં એક મકાન વેચાણ લઈને ઉપાશ્રય માટે સમર્પ્યું.

કોઠમાં પણ ઉપાશ્રય નાનો હોવાને કારણે મુશ્કેલી પડતી. પણ પૂજ્યશ્રીના સદુપદેશથી શ્રાવકોએ એ ઉપાશ્રયને વિશાલ અને વ્યવસ્થિત બનાવ્યો.

મહામંત્રીશ્રી વસ્તુપાળ અને તેજપાળના સમયની ગુજરાતની રાજધાની 'ધોળકા'માં પૂજ્યશ્રી પધાર્યા. ત્યાંના ત્રણ જીર્ણ દેરાસરોનો ઉદ્ધાર પૂજ્યશ્રીના ઉપદેશથી વિભિન્ન શ્રાવકોએ કરાવ્યો. ત્યાંથી અનુક્રમે સરખેજ પધાર્યા. વચમાં બદરખા તથા કાસીંદ્રાના જીર્ણ દેરાસરોનો ઉદ્ધાર તેઓશ્રીના ઉપદેશથી થયો.

આ આખાયે વિહાર દરમ્યાન પ્રતિદિન ગામ-બહારગામના સેંકડો ભાવિકો પૂજ્યશ્રીને વંદન કરવા કાજે આવતાં જ રહેતાં. સરખેજમાં સ્વામીવાત્સલ્ય થયું. તેનો લાભ હજાર ઉપરાંત ભાવિકોએ લીધો. ત્યાંથી ભવ્ય સામૈયા સહ અમદાવાદ શહેરમાં પધાર્યા.

અમદાવાદ પધાર્યા પછી હાંલ્લા-પોળના જીર્ણોદ્ધૃત જિનાલયોની પ્રતિષ્ઠા કરાવી. ૧૯૮૯ ની સાલનું આ ચાતુર્માસ અમદાવાદમાં બિરાજ્યા. આસો માસની ઓળી પ્રસંગે શેઠશ્રી માણેકલાલભાઈની વિનંતિથી તેમના બંગલે પધાર્યા. ત્યાં તેઓશ્રીની નિશ્રામાં શેઠ સહિત સેંકડો ભાવિકોએ ઉત્સવ અને વિધિપૂર્વક ઓળીની આરાધના કરી.

ચોમાસા પછી એલીસબ્રીજ-કોચરબ વિસ્તારમાં આવેલી 'જૈન-સોસાયટી'માં રહેતા શ્રાવકોના આગ્રહથી ત્યાં પધાર્યા. શેઠ મણીલાલ સુરચંદના બંગલે રહ્યા. વ્યાખ્યાન હંમેશાં ચાલુ રહેવાથી ભાવિકો સારા પ્રમાણમાં લાભ લેતા હતા. અહીં દેરાસર નહોતું. એ ખોટ સૌને સાલતી. પણ કોઈ પ્રેરક નહોતું, એટલે એમ ને એમ ચાલતું હતું. પૂજ્યશ્રીએ ત્યાંના શ્રાવકોને પ્રેરણા કરી. 'જૈનનો બાળક પ્રભુદર્શનથી વંચિત ન જ રહેવો જોઈએ.' એ વાતને ભારપૂર્વક ઉપદેશી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વાત સૌને અભીષ્ટ જ હતી. પૂજ્યશ્રીના આ ઉપદેશે તેમની સુષુપ્ત ભાવનાને જગાડી. સંઘે દેરાસર બંધાવવાનો નિર્ણય કર્યો. શા. મણીલાલ સાંકળચંદની પેઢીવાળા મણીભાઈ તથા કેશુભાઈએ અંતરના ઉમળકાથી દેરાશરનો આદેશ લીધો. અને એ દેરાસર તેમના તરફથી બંધાવું શરૂ થયું.

આ પછી પૂજ્યશ્રી શહેરમાં પધાર્યા. ઘાંચીની પોળમાં-વીશા શ્રીમાળી જ્ઞાતિના અગ્રણી શેઠ નગીનદાસ બહેચરદાસવાળા શેઠ ચંદુલાલ ચુનીલાલના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરાવી. દેવશાના પાડાના દેરાસરની પણ પ્રતિષ્ઠા કરાવી.

આ ચોમાસા પછી કાર્તક વદિ ત્રીજે પૂજ્યશ્રીએ પોતાના શિષ્યરત્ન પંન્યાસશ્રી વિજ્ઞાનવિજયજી ગણિવરને ઉપાધ્યાય પદથી અલંકૃત કર્યા. અખંડ વિનય અને ગુરૂભક્તિમાં તત્પર રહેનારા એ પંન્યાસ-મુનિવર આ પદવી માટે પૂરા લાયક જ હતા. આ પ્રસંગે શ્રીસંઘે સુંદર ઉત્સવ ઉજવ્યો.

---

# [૪૭]

## અનુમોદનાના નિદાન—

"તોલાશાહ ! તમારો ભાગ્યવંત પુત્ર આવાં જ જિનાલયો શ્રીશત્રુંજય ઉપર બંધાવશે."

પ્રભો !, આચાર્યશ્રીના વચનોને વિનોદ સમજેલા તોલાશાહે કહ્યું : અમારા એવાં ભાગ્ય કયાં ? એવી શક્તિ કયાં ? એ તો કોઈ મહાભાગ્યશાળીનું જ કામ.

"ના,ના તોલાશાહ ! તમે આ વાતને વિનોદ ન સમજશો. હું સાચે જ કહું છું કે-તમારો કર્માશા ભારે સૌભાગ્યશાળી છે. એ મોટો થઇને અવશ્ય સિદ્ધાચલજી પર આવાં દેરાસરો બાંધશે. એમાં મીનમેખ નથી."

તોલાશાહ આનંદવિભોર બની ગયા. નતમસ્તકે તેઓ બોલ્યાં : કૃપાળુ ! મારો કર્માશા આવું મહાકાર્ય કરવા ભાગ્યવંત થાય, એનાથી વધારે રૂડું શું ? આપનાં વચનો સફળ બનો. આપના આશીર્વાદ ફળો.

ચિત્તોડના મહારાજા સંગ્રામસિંહજીના મંત્રી તોલાશાહ અને જૈનાચાર્યશ્રી ધર્મરત્નસૂરિજી વચ્ચે ઉપરનો વાર્તાલાપ થયો. તોલાશાહ એક ધનિક શ્રાવક હતા. વિશિષ્ઠ આવડતને કારણે તેઓ રાજમંત્રીપદે પહોંચ્યા હતા. પણ એથી ધર્મ ભૂલ્યા ન હતા. બલ્કે-ધર્મારાધનમાં સવિ-શેષ ઉદ્યમવંત રહેતા હતા. તેમણે ચિત્તોડગઢમાં શ્રીપાર્શ્વનાથ તથા શ્રીસુપાર્શ્વનાથના રમણીય-ભવ્ય જિનભવનો બંધાવ્યા હતા.

દોલતાબાદ (દેવગિરિ)થી નીકળેલા છ'રી' પાળતા તીર્થયાત્રા સંઘમાં આ૦ શ્રીધર્મરત્ન-સૂરિજી પણ હતા. તેઓ સંઘ સાથે ચિત્તોડમાં આવ્યા. આ જિનાલયોના દર્શન કર્યા. જિનાલયોની રમણીય કારીગરી તથા ગગનોત્તુંગ ભવ્યતાએ એમની આંખોને આકર્ષી. તેઓશ્રી આનંદથી એ જિનાલયો નિરખી જ રહ્યા. સાથે મહામંત્રી તોલાશાહ અને તેમનો બાલપુત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્માશાહ હતા. એકાએક આચાર્યશ્રીની દૃષ્ટિ કર્માશાના તેજસ્વી લલાટ પર સ્થિર થઈ. થોડીવાર માટે તેઓ કોઈ ગહન વિચારમાં ખોવાઈ ગયા. જ્યારે તેઓ વિચાર-વમળમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેમણે તોલાશાહ સાથે ઉપર પ્રમાણે વાતચીત કરી. પછી તેઓ સંઘ સાથે યાત્રાર્થે આગળ વિહાર કરી ગયા.

અહીં કાળક્રમે તોલાશાહ સ્વર્ગગામી બન્યા. પછી તેમના યુવાન અને ધીમાન્ પુત્ર કર્માશાહને મંત્રીપદ મળ્યું. તેઓ પણ પિતા જેવી જ કુનેહથી કારભાર ચલાવતા હતા.

એકવાર-અમદાવાદના સુલતાન મુઝફ્ફરશાહનો નાનો શાહજાદો બહાદુરશાહ કોઈ કારણે પિતાની સાથે લડીને-ભાગીને ચિત્તોડ આવ્યો. સુલતાનનું ફરમાન હતું કે-'તેને કોઈએ આશ્રય ન આપવો,' પણ એ ફરમાનને ગણકાર્યા વિના કર્માશાહે શાહજાદાને આદર સહિત આશ્રય આપ્યો. એને જોઈતી રકમની સહાય કરી. પછી પ્રેમથી સમજાવીને એના પિતા સાથે સમાધાન કરાવ્યું.

હવે જ્યારે એ શાહજાદો અમદાવાદનો સુલતાન થયો, ત્યારે તેણે પોતાના પરમ ઉપકારી મિત્ર મંત્રી કર્માશાને યાદ કરીને બોલાવ્યા. અને કહ્યું: તમારે જે જાગીર-સંપત્તિની જરૂર હોય તે માગો, હું આપીશ.

કર્માશાહ વણિક હતા. તેમને ધનસંપત્તિની કાંઈ જરૂર ન હતી. એ તો તેમને ત્યાં વાપરી ન ખૂટે એટલી હતી. તેમને પૂ. આ. શ્રીધર્મરત્નસૂરિજી મ. નું વચન યાદ આવ્યું. તેમણે વિચાર્યું કે-સુલતાન જેવો સુલતાન રીઝ્યો છે, તો આપણા મહાતીર્થ શ્રી સિદ્ધાચલજીના ઉદ્ધારની તથા દેશના જૈન ધર્મસ્થાનોના સંરક્ષણની અનુજ્ઞા જ શા માટે ન મેળવવી?

તરત જ તેમણે પોતાની એ માંગણી શાહ પાસે રજૂ કરી, શાહ તેમના પર ઘણો પ્રસન્ન હતો. તેણે એ બંને માંગણીઓ મંજૂર કરી. અને તત્કાળ સૌરાષ્ટ્રના સૂબા ઉપર શાહી ફરમાન લખી મોકલ્યું કે-"કર્માશાહને તીર્થોદ્ધાર માટે સર્વ સવલત આપો."

શાહી ફરમાનથી અતીવ આનંદ પામેલા કર્માશાહ ત્યાંથી સીધા ખંભાત ગયા. ત્યાં બિરાજતા પૂ. આ. શ્રી વિનયમંડલ સૂરિજીને તમામ બીનાથી વાકેફ કર્યા. અને તીર્થોદ્ધાર-પ્રારંભના મુહૂર્ત તથા વિધિ અંગે પૃચ્છા કરી. આચાર્યશ્રીએ પણ શુભમુહૂર્ત આપવા સાથે કરણીય વિધિ સમજાવ્યો. એ જાણી લઈને કર્માશાહે કુશળ શિલ્પીઓને નિમંત્ર્યા. અને એ શિલ્પીઓ શાસ્ત્રાનુસાર કાર્ય કરે તે માટે, તથા યોગ્ય વિધિવિધાન માટે તેઓ જ્યોતિષ, શિલ્પાદિ શાસ્ત્રોમાં પારંગત શ્રીવિવેકધીરગણિ, તથા શ્રીવિવેકમંડન પાઠકને વિનંતિપૂર્વક પાલિતાણા લઈ ગયા.

ગિરિરાજ ઉપર તે મુનિવરોની દેખરેખ તથા સૂચનાનુસાર દાદાના જિનાલયનો જીર્ણોદ્ધાર શરૂ કર્યો. શ્રીપુંડરીકસ્વામીનું જિનાલય બંધાવ્યું. દાદા આદિનાથ પ્રભુની નૂતન ભવ્ય પ્રતિમા કુશળ કારીગર પાસે શાસ્ત્રોક્ત પ્રમાણયુક્ત બનાવરાવી.

જીર્ણોદ્ધાર પૂરો થવા આવ્યો, ત્યારે તેઓએ વિભિન્ન સ્થળોએ બિરાજતાં વિવિધગચ્છીય આચાર્યાદિ મુનિવરોને વિનંતિ કરીને નિમંત્ર્યા. અનેક આચાર્યભગવંતોના સાંનિધ્યમાં એ મહાપ્રાસાદમાં પ્રભુની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો મહામહોત્સવ તેમના તરફથી ઉજવાયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંદભરના લાખો ભાવિકો આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત થયા હતા, પ્રતિષ્ઠાકારક આચાર્યો સર્વ-ગચ્છીય હોવાથી આ પ્રતિષ્ઠા કોણે કરાવી? એવો મતભેદ ઉભો ન થવા પામે, માટે કર્માશાહે તથા શાસન સુભટ સૂરીશ્વરોએ દીર્ઘદૃષ્ટિ વાપરીને દાદાની પલાંઠીના લેખમાં લખ્યું: "प्रतिष्ठितं सर्वसूरिभिः ॥[1]"

વિ. સં. ૧૫૮૭ની એ સાલ હતી. વૈશાખ વદિ છઠનો એ મહાન દિવસ હતો.

---

વિ. સં. ૧૯૮૭ના ચાલુ વર્ષે ગિરિરાજ ઉપર દયાળુદાદાની પ્રતિષ્ઠા થયાને બરાબર ચારસો (૪૦૦) વર્ષ પૂરા થતા હતા. અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈની, શેઠ આ. ક. ની પેઢીના પ્રતિનિધિઓની તથા શહેરના અગ્રણીઓની ભાવના થઈ કે—આ ૪૦૦મી વર્ષગાંઠના શુભપ્રસંગે તેની ઉજવણી કરીએ. આ વિચાર આવવાથી શેઠ પ્રતાપસિંહ મોહોલાલ, શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ, ગિરધરલાલ છોટાલાલ, જેશંગભાઈ કાળીદાસ, જમનાદાસ હીરાચંદ ઘેવરીયા વગેરે આ બાબતમાં પૂજ્યશ્રીની સલાહ લેવા આવ્યા.

પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે: "આ આપણો મહાન્ દિવસ છે. આ દિવસે સર્વ પ્રકારના આરંભ-સમારંભો બંધ રહેવા જોઈએ. મીલો પણ બંધ રહે. રથયાત્રા તથા સંઘની નવકારશી થાય. જેથી લોકોને પણ ખ્યાલ આવે કે—આજે જૈનોનો એક મહાન્ દિવસ છે. પોળના દેરાસરની વર્ષગાંઠ આવે, ત્યારે આપણે પૂજા-જમણ વગેરે કરીએ છીએ, તો આ તો ત્રણ જગતના નાથ પરમદયાળુ દાદા શ્રીઆદીશ્વર પ્રભુની વર્ષગાંઠનો દિવસ છે, એની ઉજવણી અપૂર્વ રીતે જ કરવી ઘટે."

પ્રતાપસિંહભાઈ કહે : વિશિષ્ટ રીતે—આપ ફરમાવો છો તેમ ઉજવણી થાય—કરીએ. પણ મીલો બંધ ન રહે. મીલમાલિકો માને કે કેમ એ એક પ્રશ્ન છે.

પૂજ્યશ્રી કહે : તમે પ્રયાસ તો કરી જુઓ. બંધ રહે તો ઘણી સારી વાત.

શેઠિયાઓએ મીલમાલિકોને મળીને પોતાની ભાવના જણાવી. સાચી ધર્મ-ભાવનાનો પડઘો એને અનુરૂપ જ પડે છે. મીલમાલિકો તરત માની ગયા. દાદાની વર્ષગાંઠના દિવસે મીલો બંધ રાખવાનું તેમણે સહર્ષ કબૂલ્યું. શહેરના કસાઈઓ પણ માની ગયા.

હવે આવી નવકારશીની વાત. દિવસો ટુંકા હતા. ઝડપી નિર્ણય લેવાનો હતો. કોના તરફથી કરવી? એ વિચાર ચાલતાં પૂજ્યશ્રીએ કહ્યું : "શેઠ માકુભાઈ (માણેકલાલ મનસુખભાઈ) અને શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ તરફથી નવકારશી રાખો. એનો ખર્ચ બંને ભાગે પડતો વહેંચી લે."

માકુભાઈએ 'તહત્તિ' કહી એનો આનંદ સહ સ્વીકાર કર્યો. કસ્તૂરભાઈને બોલાવવામાં આવ્યા. તેમને વાત કહી. પણ નવકારશી કરવા માટે તેમનું મન કાંઇક ઓછું જણાયું. તેમનું કહેવું થયું: અત્યારે ગાંધીજી વગેરે દેશનેતાઓ કેદમાં છે, તેવે સમયે નવકારશી કરવી યોગ્ય નથી. આના કરતાં સાધર્મિક ભક્તિ માટે કાંઇક કરીએ તો વધારે સારૂં છે.

---

૧. સર્વ આચાર્યોએ આ બિંબની પ્રતિષ્ઠા કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે પૂજ્યશ્રીએ સ્પષ્ટ ફરમાવ્યું કે : દેશનેતાઓ કેહમાં છે તે બરાબર છે. પણ તમારાં શેઠિયાઓમાં જ વિવાહના-લગ્નના પ્રસંગો ઉજવાય છે, અને સ્વજનો-સ્નેહી-સંબંધીઓ માટે જમણમાં પિસ્તાંની બરફીઓ કરાય છે, ને ખવડાવાય છે. ત્યાં યોગ્યાયોગ્યનો વિચાર નથી આવતો. અને દાદાની ૪૦૦મી વરસગાંઠની નવકારશી કે જેમાં-ચણાના લાડવા, ચણાના ગાંઠીયા, ચણાનું શાક અને ચણાના લોટની કઢી કરાય છે, અને તમારા એક લગ્નથીયે ઓછું ખર્ચ આવે છે, ત્યાં જ દેશનેતાઓનું બહાનું મૂકાય છે."

પૂજ્યશ્રીની સાચી વાત સાંભળીને સૌ સ્તબ્ધ બની ગયા. થોડી વાર પછી શેઠ જેશંગભાઈએ તોડ કાઢતાં કહ્યું : આપણે બે ટીપ કરીએ. એક ટીપ સાધર્મિક-સહાયની, ને બીજી નવકારશીની. જેની જેમાં ઇચ્છા હોય, તે તેમાં લખાવે.

કસ્તૂરભાઈ કહે : 'હું મારી મેળે સાધર્મિક-ભક્તિમાં બે હજાર રૂપિયા વાપરીશ. પણ આપણે સંઘમાં વિખવાદ પડે એવું નથી કરવું. સંઘ એકમતથી ને એક વિચારથી જે નક્કી કરે તે કરવાનું છે.'

આ પછી સૌ છૂટા પડ્યા. નવકારશી અંગે કોઈ નિર્ણય ન લેવાયો, આથી શહેરમાં હોહા મચી ગઈ કે-કસ્તૂરભાઈ શેઠે નવકારશી બંધ રખાવી.

આ હોહાથી અગ્રણીઓ અકળાયા. તે જ દિવસે બપોરે શેઠ પ્રતાપસિંહભાઈ હાંફળા-હાંફળા પૂજ્યશ્રી પાસે આવ્યા, અને પૂછ્યું : સાહેબ ! આ બાબતમાં શું કરવું છે ?

પૂજ્યશ્રીએ કહ્યું : "શું કરવું કેમ ? નવકારશી કરવાની છે. અને એ માટે ટીપ કરો. પહેલાં દેશવિરતિસમાજ અને યંગમેન્સ જૈન સોસાયટીવાળાંને પૂછી લ્યો કે તમારે નવકારશી કરાવવી છે ? નહિતર પાછળથી એ લોકો ખાલી જુઠાણાં ફેલાવશે."

એ બંને સંસ્થાવાળાને પૂછી લેવામાં આવ્યું. તેમની ના આવતાં પૂજ્યશ્રીની પાસે જ શ્રેષ્ઠિવર્યોને એકત્ર કરીને ટીપ કરી, શ્રીતત્ત્વવિવેચકસભા તરફથી નવકારશી કરવાનું જાહેર થયું.

બીજા દિવસે વહેલી સવારે શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ તથા શા. ગિરધરલાલ છોટાલાલ પૂજ્યશ્રી પાસે આવ્યા. તેમને જોતાં વેંત પૂજ્યશ્રીએ પૂછ્યું : કેમ અત્યારે વહેલાં ? નવકારશી માટે જ આવ્યા છો ને ? તેમણે હા પાડતાં કહ્યું : સાહેબ ! નવકારશી ન કરવી એવું કસ્તૂરભાઈનું કહેવું નથી. તેઓ તો એમ કહે છે કે એ માટે પૈસા આપવાની મારી રુચિ નથી.

"તો પછી નવકારશીનો આદેશ લેવા માટે નગરશેઠ પાસે સૌની સાથે કસ્તૂરભાઈએ જવું પડશે, અને નવકારશી-સમયે આવીને પાટ ઉપર બેસવું પડશે. એ નક્કી કરી લાવો." પૂજ્યશ્રીએ સ્પષ્ટતા માગી.

તરત જ તેઓ શેઠ પાસે ગયા, અને નક્કી કરી આવ્યા.

વૈશાખ વદ છઠને એક જ દિવસ બાકી રહેલો. એક દિવસ પહેલાં જ આ નક્કી થયું. અમદાવાદના સમસ્ત સંઘની નવકારશીની તૈયારીઓ એક દિવસમાં કેમ થાય ? એ વિમાસણ હતી. પણ આખા અમદાવાદને એક રૂપિયામાં જમાડવાની કાબેલિયત ધરાવતાં અમદાવાદના શ્રેષ્ઠિઓ મુંઝાય શાના ? શેઠ ચમનલાલ લાલભાઈ વગેરેએ કમર કસીને મહેનત આદરી. ગણત્રીના કલાકોમાં તો નવકારશી અંગેની સર્વ સામગ્રી તૈયાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈ. વ. પાંચમના દિવસે શેઠ કસ્તૂરભાઈની આગેવાની તળે શ્રેષ્ઠિવર્યો નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈને ત્યાં આદેશ લેવા ગયા. નગરશેઠે પણ સૌને ચાંલ્લા કરીને શ્રીફળ આપવાપૂર્વક આદેશ આપ્યો.

વૈ. વ. ૬ના સવારે નગરશેઠના વંડે હજારોની માનવ મેદનીની વિશાળ હાજરીમાં ભવ્ય સ્નાત્રોત્સવ ઉજવાયો. ત્યારબાદ રથયાત્રા નીકળી. અમદાવાદમાં અભૂતપૂર્વ એ જૈન રથયાત્રા નીકળી પૂજ્યશ્રી વગેરે સેંકડો મુનિરાજો, હજારો ભાવિક આત્માઓ, બેન્ડવાજાં ને નિશાન ડંકા વગેરેથી વરઘોડાનો ઠાઠ અપૂર્વ બન્યો હતો.

સકલસંઘની નવકારશી પણ અપૂર્વ ઉલટભેર થઈ. નવકારશી વખતે શેઠશ્રી કસ્તૂરભાઈ સૌની સાથે ત્યાં આવીને પાટ પર બેઠા. બપોરે શેઠ જેશીંગભાઈની વાડીના શ્રીઆદીશ્વર-પરમાત્માના જિનાલયમાં નવાણું પ્રકારની પૂજા પણ મહોત્સવની જેમ ભણાવાઈ. ત્યાં તથા ઝવેરીવાડમાં ભોંયરાના શ્રીઆદીશ્વરપ્રભુને લાખેણી અંગરચના રચવામાં આવી.

એકંદરે—એક દિવસની વ્યવસ્થિત ઉજવણી મોટાં મહોત્સવને પણ ઝાંખી પાડે એવી થઈ. અને એથી જૈનેતરોમાં એની ખૂબ અનુમોદના થઈ.

એ અનુમોદનાના નિદાન આપણા પૂજ્યશ્રી જ હતા.

---

# [૪૮]

## આદર્શ અનુશાસક

પૂજ્યશ્રીની અનુશાસન—પદ્ધતિ અજોડ હતી. તપાગચ્છાધિરાજ શ્રીમૂળચંદજી મહારાજના વારસારૂપે તેઓશ્રીએ એ મેળવેલી.

સાધુઓનો અભ્યાસ કેમ વિકસે—સારો થાય એ બાબતની તેઓશ્રી ઘણી ચીવટ રાખતા. કોઈપણ મુનિ આળસુ ન બને, ભણવામાં કે ચારિત્રારાધનમાં પ્રમત્ત ન બને, એ માટે તેઓશ્રી પૂરતી તકેદારી રાખતાં.

તેઓશ્રી સ્વયં સાધુઓને ભણાવતા. કિરાતાર્જુનીય, રઘુવંશ કે તિલકમંજરી—કાદંબરી જેવાં કાવ્યો હોય, પરિભાષેન્દુશેખર જેવો વ્યાકરણનો કોઈ ગ્રંથ હોય, કે આગમ યા દર્શન-શાસ્ત્રનો કોઈ મહાગ્રંથ હોય, એનો એક શ્લોક કે એક ગાથા પણ તેઓશ્રી એવી વિશદ રીતે ભણાવતાં કે—ભણનારને એ આખું કાવ્ય અને આખો ગ્રંથ આપમેળે ભણતાં—વાંચતા આવડી જ જાય.

'સોટી વાગે ચમચમ, ને વિદ્યા આવે રમઝમ' આ વાતને તેઓશ્રી દૃઢપણે માનતા હતા. ભણાવતી વખતે તેઓશ્રી તરપણીના દોરાનો પણ ઉપયોગ કરતાં. તેઓશ્રીના વિખ્યાત વિદ્વાન્ બનેલા એકપણ શિષ્ય-પ્રશિષ્ય એવા નહિ હોય, જેણે એ દોરા ન ખાધાં હોય. પણ એ

૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિક્ષા ખમનારા શિષ્યો આજે કહે છે કે—ગુરૂ મહારાજનો એક એક દોરો આજે અમારામાં એક એક વિશિષ્ટ ગુણપણે પરિણમ્યો છે.

પૂજ્યશ્રી પાઠ આપતાં હોય ત્યારે મોટાં ધનવાન્ શ્રેષ્ઠિઓ કે ગામ-પરગામના સંઘો આવીને બેસે તો પણ તેઓશ્રી યથાવત્ પાઠ ચાલુ જ રાખતાં, ને શિક્ષા પણ કરતાં. તેઓશ્રી ભણાવવામાં એટલાં તો એકાગ્ર બની જતાં કે–કોઇના આવ્યા–ગયાનો પણ ખ્યાલ ન આવતો. આવનારને તો પાઠ પૂરો થાય ત્યાં સુધી બેસવું પડે. એ રીતે બેસનારા કેટલાંય ગૃહસ્થોએ પૂજ્યશ્રીની અધ્યાપનશૈલી અને કડક શિક્ષા નજરે જોઈ છે. તેઓ આથી ખૂબ પ્રભાવિત થતાં.

પૂજ્યશ્રી દરેક ઠેકાણે ઉપાશ્રયની મધ્યમાં બિરાજતાં. ચારે તરફ વ્યવસ્થિતપણે શિષ્ય–સમુદાય બેઠો હોય, ને જ્ઞાનોપાર્જનમાં તન્મય હોય. એ દૃશ્ય જોવું એ પણ અણમોલ લ્હાવો હતો. કોઈ પણ શ્રાવકને એ મુનિવરો પાસે જવાની મનાઈ હતી. દૂરથી વંદન કરી લેવાનું. કોઈવાર શ્રાવક શાતા પૂછે, અને મુનિરાજ ઊંચું જોઈને ધર્મલાભ આપે કે સ્હેજ વાતચીત કરે, તો એ શ્રાવકને જ પૂજ્યશ્રી ઠપકો આપતાં કે—તારે વાતો કરાવીને સાધુઓને બગાડવા છે ? અભ્યાસ કરતી વખતે સાધુઓને વાતો કરાવવાની હોય નહિ.

રાત્રે પ્રતિક્રમણ પછી સર્વ અભ્યાસી મુનિવરોને પુનરાવર્તન–આવૃત્તિ મોડે સુધી કરવાનો નિયમ હતો. સહાધ્યાયી મુનિવરો ભેગાં મળીને સ્વાધ્યાય કરે. એ સ્વાધ્યાયરમણમાં રાત્રિના ૧૧–૧૨ વાગી જાય તો પણ ખ્યાલ ન આવે. શિષ્યોનું એકાંત હિત વાંછનારા પૂજ્યશ્રી રાત્રે મોડેથી પોતાની સાથેના માણસ 'નારાયણ'ને મોકલે કે–'જા ! જોઇ આવ, બધાં ભણે છે કે વાતો કરે છે ?' નારાયણ પણ ભારે કાબેલ હતો. કોઇને ખબર ન પડે એવી ચુપકીદીથી સર્વત્ર તપાસ કરી આવે. એમાં જો કોઈવાર કોઈ સાધુ વાતો કરતાં ઝડપાઈ જાય, તો થઈ રહ્યું. પૂજ્યશ્રી તરત જ એને બોલાવે અને કડક શિક્ષા આપતાં કહે કે : "અલ્યા ! બરાબર મહેનત નહિ કરો, નહિ ભણો, તો વાણિયાના રોટલા નહિ પચે. મરીને ભરુચના પાડા થશો. માટે બરાબર ભણો, બરાબર ધ્યાન રાખો."

એ શિષ્યો પણ એવા વિનયી અને આજ્ઞાપાલક કે એક વારની ટકોર જ એમને બસ થઇ પડે. ફરી કદી પણ એવી ભૂલ તેઓના હાથે ન જ થાય.

આ પ્રભાવ હતો પૂજ્યશ્રીની કડક પણ કલ્યાણકારી અધ્યાપનપદ્ધતિનો અને કડક આચાર-પરિપાલનનો. એનું જ પરિણામ છે કે—જિનશાસનને નવ નવ આચાર્યો અને અનેક જ્ઞાની–ધ્યાની–તપસ્વી મુનિવરો સાંપડ્યા.[1]

સાધુઓને વિવિધ વિષયોનું અધ્યયન કરાવવા માટે પૂજ્યશ્રીએ બિહાર પ્રદેશના ભારત-વિખ્યાત પંડિતવર શ્રીશશિનાથ ઝા, વગેરે શાસ્ત્રીઓને ૪૫–૪૫ વર્ષ સુધી રાખેલા. ન્યાય-કુસુમાંજલિ, ખંડનખંડખાદ્ય, બાધાંત ગાદાધરી સુધીનો નવીન ન્યાય, વ્યુત્પત્તિવાદ, ગીતા, અદ્વૈતસિદ્ધિ–શાસ્ત્રદીપિકા, સંમતિતર્ક તથા સ્યાદ્વાદરત્નાકર વગેરે અનેક આકરગ્રંથોને કંઠસ્થની જેમ રાખનાર તથા એવાં ગ્રંથો રચનાર એ મહાવિદ્વાન્ શાસ્ત્રીજી પાસે પૂજ્યશ્રીના

૧. પૂજ્યશ્રીની આ અધ્યાપનપદ્ધતિને આજે પણ તેઓશ્રીના શિષ્યપ્રશિષ્યો તથા પરસમુદાયના સમર્થ સાધુઓ આદરપૂર્વક અને કૃતજ્ઞભાવે સંભારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યરત્નો ન્યાય–વ્યાકરણ–સાહિત્ય–ષડ્દર્શન વગેરે ગહન વિષયોમાં પારગામિત્વ મેળવતાં. શાસ્ત્રીજી પણ ઓછાં કડક નહોતાં. કોઈ સાધુ બરાબર ન ભણે, તો તેને તેઓ કડક શબ્દોમાં શિખામણ આપતાં પણ ખંચકાતા નહિ.

પૂજ્યશ્રીએ શિષ્યોને વ્યવસ્થિત રીતે ભણાવવા માટે એક સુંદર અને સર્વોપયોગી (જનરલ) પાઠ્યક્રમ તૈયાર કરાવ્યો હતો. એ પ્રમાણે ભણનાર–પછી તે મંદબુદ્ધિવાળો હોય કે મેધાવી હોય, પણ અવશ્ય વિદ્વત્તા મેળવવા સમર્થ થતો.

આ પાઠ્યક્રમ તેઓશ્રીએ ૧૯૮૭ના આ ચાતુર્માસમાં પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવને દેખાડ્યો. આનંદશંકરભાઈ આ દિવસોમાં 'સ્યાદ્વાદમંજરી'નું અંગ્રેજી ભાષાંતર કરતા હતા. એમાં આવતાં સપ્તભંગી–સપ્તનય–નિક્ષેપ–મુંડકેવલી–શ્રુત્વા કેવલી–અશ્રુત્વા કેવલી વગેરે વિષયોનું વિસ્તૃત વર્ણન સમજવા તથા તે વિષયો કયા કયા ગ્રંથોમાં કયા સ્થાને ચર્ચવામાં આવ્યા છે, તેની જાણકારી મેળવવા તેઓ ઘણીવાર પૂજ્યશ્રી પાસે આવતા. પૂજ્યશ્રીની અગાધ વિદ્વત્તા માટે તેમને ઘણું બહુમાન હતું. તેઓ આ પાઠ્યક્રમ જોઈને ખૂબ પ્રસન્ન થયા. અને પૂજ્યશ્રીની પઠન–પાઠન અંગેની સતત કાળજીની પ્રશંસા કરી. એ પાઠ્યક્રમની તેમણે નોંધ પણ કરી લીધી.

આ ચોમાસામાં પૂજ્યશ્રીની તથા આચાર્ય શ્રીવિજયનન્દનસૂરીશ્વરજી મ. ની શારીરિક અસ્વસ્થતાને કારણે તેઓશ્રી શાહીબાગમાં આવેલી શેઠ ભોળાભાઈ જેશીંગભાઈની જાસુંદબાઈ સેનેટોરીયમના ઉપાશ્રયમાં ઘણો વખત રહ્યા.

એકવાર શેઠશ્રી માણેકલાલ જેઠાભાઈ તથા શેઠશ્રી ભોળાભાઈ જેશીંગભાઈએ આવીને પૂજ્યશ્રીને વિજ્ઞપ્તિ કરી કે : આપશ્રી એક સ્થાયી સંસ્કૃત પાઠશાળાની યોજના અમને સૂચવો. તે પ્રમાણે અમે એ પાઠશાળા સ્થાપીએ. એમાં એક લાખ રૂપિયા અમે આપીએ અને બીજા પાંચ લાખ રૂપિયા મુંબઇ જેવા સ્થળેથી એકત્ર કરી લાવીએ. જેથી એ પાઠશાળા કદંબગિરિ જેવાં પવિત્ર સ્થળે કાયમ વ્યવસ્થિત રીતે ચાલુ રહે.

પૂજ્યશ્રીને આ વાત સમયાનુસાર ઘણી યોગ્ય જણાઈ. પણ તે સમયના અમુક સંયોગોનો વિચાર કરીને તેઓશ્રીએ એ માટે ના ફરમાવી.

આ પછી શેઠ માણેકલાલ જેઠાલાલે સાર્વજનિક ગ્રંથાલય (એમ. જે. લાયબ્રેરી) માટે મોટી રકમનું દાન કર્યું.

ચાતુર્માસ પૂર્ણ થતાં શેઠ ચીમનલાલ લાલભાઈની વિનંતિથી ઠાણાઓઠાણું ત્યાં કર્યું. તેમણે પૂજ્યશ્રીની પધરામણીના હર્ષમાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો.

આ વર્ષે પૂજ્યશ્રીના શિષ્યોએ વૈરાગ્યરંગથી વાસિત થયેલા અનેક કિશોરો–યુવકો તથા પ્રૌઢ ભાવિકોને ભાગવતી પ્રવ્રજ્યા આપી.

પૂજ્યશ્રીના અમોઘ ઉપદેશથી ભાવિત થયેલા શેઠશ્રી સારાભાઈ ડાહ્યાભાઈ શ્રીશેરીસા-તીર્થનો ઉદ્ધાર તન–મન અને ધનનો ભોગ આપવાપૂર્વક કરાવી રહ્યા હતા. જોધપુરી લાલ પાષાણજડિત ત્યાંનું નૂતન જિનમંદિર લગભગ તૈયાર થવા આવ્યું હતું. એમાં સારાભાઈએ લગભગ ૩૦ લાખ રૂપિયાનો સદ્વ્યય કરેલો. તે જિનાલયમાં પ્રભુજીનો મંગલ–પ્રવેશ કરા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વવાની તેમની ભાવના થતાં તેમણે પૂજ્યશ્રીને વિનંતિ કરી કે : આપ સાહેબ ત્યાં પધારો, અને મહોત્સવપૂર્વક પ્રભુજીનો મંદિર-પ્રવેશ કરાવો. તે અંગેનું મંગલ-મુહૂર્ત પણ ફરમાવો.

પૂજ્યશ્રીએ તેમની વિનંતિ સ્વીકારી. જો કે-તેઓશ્રીએ તો આ પ્રવેશની સાથે પ્રતિષ્ઠા કરવાની પણ પ્રેરણા આપી. પણ સારાભાઈની ભાવના ઉદાત્ત હતી. તેમનો વિચાર હતો કે-દેરાસરની ફરતી સુંદર દેરીઓ-બાંધીને બાવન જિનાલય બનાવવું. પછી પ્રતિષ્ઠા ભવ્ય રીતે કરાવવી. આ માટે તેમણે જગ્યા પણ રાખેલી. આ ભવ્ય ભાવનાથી તેમણે તત્કાલ પ્રભુ-પ્રવેશના શુભ મુહૂર્ત માટે જ પૂજ્યશ્રીને વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ પ્રવેશનું મહા-મંગલકારિ મુહૂર્ત કાઢ્યું. પ્રવેશચક્ર તથા રવિયોગ સાથેનો મહા શુદિ પાંચમનો દિવસ નક્કી થયો. સારાભાઈએ એ મુહૂર્તને સહર્ષ વધાવી લીધું. મહોત્સવની તૈયારીઓ આદરી. યોગ્ય સમયે પૂજ્યશ્રી પણ વિહાર કરીને શેરીસા પધાર્યા. મહોત્સવ અંગેના વિધિ-વિધાનો શરૂ થયા. કુંભસ્થાપના-નવગ્રહાદિ પૂજન-નંદ્યાવર્ત પૂજન વગેરે વિશિષ્ટ પૂજનો ભણાવા લાગ્યા. સાથે નવ દિવસની નવકારશીઓ પણ નોંધાઈ ગઈ. અને ઘણાં વર્ષોથી અપૂજનીય રહેલા પ્રાચીન બિંબોની શુદ્ધિ તથા પૂજ્યતા માટેના ગુરૂપરંપરાગત બીજાં પણ કેટલાંક વિધાનો કરવામાં આવ્યા.

જોતજોતામાં પ્રવેશનો મંગલકારી દિવસ આવ્યો. અહીં એક ગુંચ ઊભી થઈ હતી. એનો ઉકેલ કોઇનાથી નહોતો થતો. બનેલું એવું કે-શ્રી શેરીસાપાર્શ્વપ્રભુની બે પ્રાચીન પ્રતિમાઓ હતી. બંને પ્રાચીન. બંને શ્યામ. બંને એક માપની. હવે આ બેમાંથી મૂળનાયક તરીકે કઈ પ્રતિમા-રાખવી, ગણવી ? અને મૂળનાયક તરીકે કોનો પ્રવેશ કરાવવો ? એ પ્રશ્ન થઈ પડ્યો. એનો ઉકેલ કોઈ ન કરી શક્યું. છેવટે પૂજ્યશ્રીએ કહ્યું : 'બંને પ્રભુજીનો પ્રવેશ કરાવો.'

એમજ થયું. સેંકડો ભાવિકોની હાજરીમાં મંગળ-વેળાએ વિશુદ્ધ મંત્રોચ્ચારપૂર્વક એ બન્ને પ્રભુ-મૂર્તિઓનો ગભારામાં પ્રવેશ કરાવવામાં આવ્યો. પૂજ્યશ્રી તથા શેઠ સારાભાઈ અમાપ આનંદ અનુભવી રહ્યા હતાં.

પ્રભુજીને પબાસણ પર બરાબર બિરાજમાન કર્યા બાદ સકલ સંઘે પૂજ્યશ્રી સાથે ચૈત્ય-વંદનાદિ ક્રિયા કરી. વિધિકારકોએ સ્વયોગ્ય ક્રિયાઓ કરી. પછી સૌ વિખરાયા. પૂજ્યશ્રી આદિ પણ ઉપાશ્રયે પધાર્યા. ફક્ત આ. શ્રીવિજયનંદનસૂરિજી મ. તથા વિધિકારક શ્રીભોગીભાઈ ગુલાબચંદ અને શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ ગભારામાં રહ્યા. તેઓ એકત્ર થઇને ક્રિયા અંગેની વિચારણા કરતા હતા. આખા દેરાસરમાં તેમના સિવાય ચોથું કોઇ ન હતું.

ત્યાં જ—એકાએક અદ્‌ભુત ચમત્કાર સર્જાયો. કારણથી તો બધે કાર્ય થાય છે. પણ કારણ વિના કાર્ય થાય ત્યારે તે ચમત્કાર કહેવાય છે. અહીં પણ એવું બન્યું. બેમાંથી એક પ્રતિમાના અંગોમાંથી અમી ઝરવું શરૂ થયું. આધુનિક લોકો કહે છે કે-'સેંકડો લોકો ભેગાં થયા હોય, તેમના શ્વાસોચ્છ્વાસના કારણે થતો બફારો જ આ કહેવાતાં 'અમીઝરણાં' છે. પણ તેમનું માનેલું આ કારણ અહીં ન હતું. આ દેરાસરમાં તો ફક્ત ત્રણ જ વ્યક્તિઓ હતી. માટે જ અહીં કારણ વિનાના કાર્ય સ્વરૂપ ચમત્કાર થયો.

પ્રતાપશીભાઈની તથા આચાર્ય મ.ની દૃષ્ટિ સહસા ત્યાં ગઈ. પાસે જઇને પ્રભુજીને હાથ લગાડ્યો તો હાથ ભીનો ભીનો. ભોગીભાઈએ પણ એ નિહાળ્યું. જેમ સમય વીતતો ગયો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ અમીઝરણાં વધતાં જ ગયા. થોડીવારમાં તો પ્રભુજીને જાણે હમણાં જ અભિષેક કર્યો હોય તેવું લાગવા માંડયું. આચાર્યમહારાજ તરત જ પૂજ્યશ્રી પાસે ગયા ને આ વાત નિવેદન કરી.

પૂજ્યશ્રી પણ તરત દેરાસરમાં પધાર્યા. અમીઝરણાં નિહાળ્યાં. થોડીવારમાં આ વાત ત્યાં હાજર રહેલા વિશાળસંખ્યક સંઘમાં ફેલાઈ. સૌ દર્શન માટે ઉમટી પડ્યા. કોઇકે આ ખબર અમદાવાદ પહોંચાડતાં ત્યાંથી હજારો લોકો આવવા માંડયા. પ્રભુના દર્શન માટે ધસારો થઈ રહ્યો. આ અમીઝરણાં બરાબર બાર કલાક સુધી ચાલ્યાં. એ દરમ્યાન એટલું અમી ઝર્યું કે–કળશ તો શું–ડોલ ભરવી હોય તો પણ સુખેથી ભરી શકાય.

અમીઝરણામાં અને તેવાં અન્ય ચમત્કારોમાં શ્રદ્ધા નહિ ધરાવનારા સેંકડો જીવોને આ બનાવને નજરે જોયા પછી પોતાની માન્યતા ફેરવવાની ફરજ પડી. અરે ! ખુદ પ્રતાપસિંહ ભાઈ પણ બોલ્યા કે : જો હું ગેરહાજર હોત ને મને આ વાત કહેવામાં આવી હોત, તો હું ન જ માનત. પણ આ તો નજરે જોઉં છું, એટલે માનવું જ રહ્યું.

સામાન્ય જનસમૂહ સાનંદાશ્ચર્ય ભાવે આ અમીવર્ષણ જોવા માટે તલસતો હતો. પ્રભુના પ્રભાવથી મુગ્ધ થઈ રહ્યો હતો ત્યારે આપણા પૂજ્યશ્રીનું મન કોઈ અનિર્વચનીય ભાવોથી ગદ્ગદ્ બની રહ્યું હતું. તેઓશ્રીની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યા હતા. મુખમાંથી પ્રભુના સ્તુતિવચનો નીકળતા હતા. રોમેરોમ પુલકિત બન્યા હતા. તેઓશ્રીએ ત્યાં ઉપસ્થિત સૌને કહ્યું : "આપણે સૌ દ્વિધામાં હતા કે એમાંથી મૂળનાયક કયા પ્રભુજી ? પણ જુઓ ! પ્રભુએ આપણને નિશ્ચિંત કરી દીધા. આ પ્રભુજી જ મૂળનાયક તરીકે બિરાજમાન થશે."

પૂજ્યશ્રીની આ ઊર્મિસભર વાણી સૌએ નતમસ્તકે વધાવી. એ પ્રભુજીને મૂળનાયકજી તરીકે પધરાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ પછી બપોરે અષ્ટોત્તરીસ્નાત્ર વગેરે વિધિ અદમ્ય ઉત્સાહથી થયો.

આ મહાન્ કાર્ય પતાવીને પૂજ્યશ્રી પુનઃ અમદાવાદ પધાર્યા. અહીં શેઠ લલ્લુ રાયજીની બોર્ડિંગમાં શા. ચંદુલાલ લલ્લુભાઈ રાયજી તરફથી નૂતન જિનાલય તૈયાર થયું હતું. તેમાં બહારગામથી લવાયેલા પ્રાચીન પ્રભુજીની પ્રતિષ્ઠા કરવાની હતી, તે માટે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ વગેરેએ વિનંતિ કરતાં પૂજ્યશ્રી પધાર્યા હતા.

પ્રતિષ્ઠા અંગેનો મહોત્સવ ચાલુ હતો. મહા શુદિ દશમે પ્રતિષ્ઠા કરવામાં આવી. પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્યશ્રીએ દેરાસરનું નિરીક્ષણ કર્યું. રંગમંડપમાં એક ગોખલામાં રહેલું શ્રીનેમિનાથ પ્રભુજીનું શ્યામ–પ્રાચીન બિંબ તેઓશ્રીએ જોયું. તેઓશ્રીએ પૂછ્યું : આ પ્રભુજી અહીં કેમ મૂકી રાખ્યા છે ?

શેઠશ્રી કસ્તૂરભાઈ વગેરેએ જણાવ્યું : સાહેબ ! અહીંયા મૂળનાયક તરીકે પધરાવવા માટે આ પ્રભુજી વાલમતીર્થમાંથી અમે લાવેલા. પણ અહીંના પ્રમાણમાં આ પ્રભુજી મોટાં હોવાથી અમે શ્વેત પાષાણના બીજા પ્રભુજી લઈ આવ્યા એથી આ પ્રભુજી હાલ અહીં પરોણાદાખલ પધરાવ્યા છે. કોઈને જરૂર હશે તો આપી દઈશું.

પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રીકદંબગિરિમાં દેરાસર તૈયાર થઈ રહ્યું હતું. રંગમંડપ–ગભારો વગેરે ઘણાં અંગો તૈયાર થઈ ગયા હતા. હવે ત્યાં તીર્થની પ્રવૃત્તિ થાય અને યાત્રિકોને પૂજા–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિનો લાભ મળે એ માટે એક પૂજનીય પ્રભુજી પધરાવવાની જરૂર હતી. આ વાત પૂજ્યશ્રીના લક્ષ્યમાં જ હતી. આ શ્રી નેમિનાથની ભવ્ય પ્રતિમા જોતાં જ તેઓશ્રીને એ વાત સ્ફુરી આવી. તેઓશ્રીએ કહ્યું: આ પ્રભુજી તમારે આપી દેવાના હોય, તો અમને શ્રીકદંબગિરિજી માટે આપો.

કસ્તૂરભાઈ આદિ બધાંએ કહ્યું: એનાથી વધુ રૂડું શું ? આ પ્રતિમાજી ખુશીથી આપ કદંબગિરિજી મોકલી આપો.

તત્કાલ એ પ્રતિમાજી ત્યાંથી લઈને શ્રીકદંબગિરિજી તીર્થે મોકલી અપાયા. ત્યાં બંધાતા જિનાલયના રંગમંડપમાં મધ્યભાગમાં એક પીઠિકા બનાવી તેની ઉપર પધરાવવામાં આવ્યા. આવનાર યાત્રાળુવર્ગ એ પ્રભુની પૂજા–સેવાનો લાભ લેવા લાગ્યો.

શ્રીસંઘની વિનંતિથી ૧૯૮૮ની સાલનું આ ચોમાસું પણ અમદાવાદમાં બિરાજવાનું નક્કી થયું. પણ વૈશાખમાસમાં એકાએક બોટાદથી આચાર્યશ્રી વિજયનંદનસૂરિજી મ.ના સાંસારિક ભાઈ શ્રીહરગોવિંદદાસભાઈ બોટાદ શ્રીસંઘના આગેવાનોને સાથે લઈને આવ્યા. તેમણે વિનંતિ કરી કે: મારા પૂ. પિતાજી (શ્રીહિમચંદ શામજી) વયોવૃદ્ધ અને પથારીવશ થયાં છે. તેમની અંતરની ભાવના અને ઉત્કંઠા છે કે–આ ચોમાસું આપશ્રી બોટાદ કરો, અને મને સમાધિ મળે તેવી આરાધના કરાવો.

આ સાંભળીને પૂજ્યશ્રી વિચારમાં પડી ગયા. આર્દ્રા નક્ષત્ર બેસવાને હવે ફક્ત ૧૩ દિવસની વાર હતી. અને આર્દ્રા બેઠા પછી તેઓશ્રી વિહાર નહોતા કરતાં. ઘોમ ઉનાળો ધખતો હતો.

થોડી જ વારમાં કાંઈક નિર્ણયાત્મક વિચાર કરી, પ્રતાપસિંહભાઈ વગેરેની સલાહ લઈને તેઓશ્રીએ એમની વિનંતિ સ્વીકારી. સાધુઓને આજ્ઞા ફરમાવી કે: આજે સાંજે બોટાદ તરફ વિહાર કરવાનો છે. તૈયાર થઈ જાવ.

સાધુઓ પણ ગણત્રીના કલાકોમાં તૈયાર થઈ ગયા. તે જ સાંજે પૂજ્યશ્રીએ પાંચકુવા–દરવાજાને માર્ગે વિહાર કર્યો. પાંચકુવા કાપડ મહાજનના પ્રમુખ શેઠ પુંજાભાઈ દીપચંદના વિશેષ આગ્રહથી એક દિવસ ત્યાં રોકાયા.

શહેરમાં તો આ સમાચાર ફેલાતાં આશ્ચર્ય છવાઈ ગયું. કોઈની કલ્પનામાં ય ન આવે એવી વાત બની હતી. સૌ ધારતાં હતા કે પૂજ્યશ્રીનું આ ચોમાસું અમદાવાદમાં જ થશે. તેને બદલે આ અણચિંતવ્યો ફેરફાર થવાથી લોકો દોડાદોડ દર્શન–વંદનાર્થે આવવા લાગ્યા. વધુ તો એ આશ્ચર્ય થતું કે–જે પુસ્તક–ઉપધિ વગેરે ઉપકરણોને સાચવીને ગોઠવવા–સાથે લેવા વગેરે તૈયારી કરતાં સહેજે આઠેક દિવસ થઈ જાય, તે બધી તૈયારી આ મુનિવરોએ બે-ચાર કલાકમાં કઈ રીતે કરી ? અને તેઓ વિહાર માટે સજ્જ પણ શી રીતે બન્યા ? આનો જવાબ વિચારતાં સૌને થતું કે–સાધુજીવન તે આનું નામ.

પાંચકુવા વિસ્તારમાં એક દિવસ રહીને આગળ વિહાર શરૂ કર્યો. ધોળકા-ધંધુકા વગેરે નાના–મોટાં ગામોને પાવન કરતાં તેઓશ્રી ઉગ્રવિહાર દ્વારા ફક્ત ૧૨ દિવસે બોટાદ પધાર્યા. ભવ્ય સ્વાગત સહ ચાતુર્માસ પ્રવેશ કર્યો.

ચાતુર્માસ શરૂ થયું. જેમને શાન્તિ અને સમાધિમય આરાધના કરાવવા માટે પૂજ્યશ્રી દીર્ઘ વિહાર કરીને અહીં પધાર્યા હતા, તે શ્રીહિમચંદભાઈને ત્યાં તેઓશ્રી ઘણીવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધારતાં, અને ઉચિત આરાધના કરાવતાં. આથી હિમચંદભાઈનો આત્મા ખૂબ પ્રસન્નતા અનુભવવા લાગ્યો. એ આરાધનાથી ઉપજેલી પ્રસન્નતામાં જ તેઓ પર્યુષણાપર્વ આવતાં પૂર્વે સ્વર્ગવાસી બન્યા. અંતિમ–સમયે પૂજ્યશ્રીએ સુંદર નિર્યામણા કરાવી. એ સમયની તેમની સમાધિ જોતાં સૌ કોઈને થયું કે–આ આત્મા પોતાનું કલ્યાણ સાધી ગયો.

પર્યુષણા પછી શ્રીસંઘે સમવસરણની ભવ્ય રચના કરવાપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો. આઠે દિવસ સંઘજમણ કર્યાં. આ વખતે વિશિષ્ટ બીના એ બની કે–વર્ષોથી ચાલ્યા આવેલા તપા–ઢુંઢીયાના ઝઘડાઓ શમી ગયા. બન્ને સંઘોમાં સંપ થયો. પૂજ્યશ્રી પાસે તથા વ્યાખ્યાનમાં સ્થાનકવાસી ભાઈઓ આવતાં અને સારો લાભ લેતાં. આ ઉત્સવમાં થયેલી નવકારશીમાં બન્ને સંઘ એક સાથે બેસીને જમ્યા.

બોટાદના પરા વિસ્તારમાં લગભગ ૮૦ શ્રાવકોના ઘર હતાં.[૧] તેમને ગામના દેરાસર–ઉપાશ્રય દૂર પડતાં હોવાથી નજીકનાં ધર્મારાધન માટે કાંઈ સાધન ન હતું. એ જાણીને પૂજ્યશ્રીએ દેસાઈ લક્ષ્મીચંદ ભવાનને ઉપદેશ આપ્યો કે–આટલા બધાં જીવોને આરધાના કરાવવાનો આ સુંદર અવસર છે. તમે અહીં દેરાસર–ઉપાશ્રય કરાવો.

પૂજ્યશ્રીના આ વચનામૃત તેમણે ઝીલી લીધાં. અને પૂજ્યશ્રીની સૂચનાનુસાર એક વિશાળ જમીન વેચાતી લેવાનું તથા તે જમીનમાં નૂતન શિખરબંધી દેરાસર તેમજ ઉપાશ્રય બાંધવાનું નક્કી કર્યું.

શ્રીકદંબગિરિજી તીર્થમાં શ્રીમહાવીર પ્રભુનો બોંતેર જિનાલયસમેત પ્રાસાદ તૈયાર થઈ ગયો હતો. તેની પ્રતિષ્ઠા કરાવવા માટે ત્યાંનાં વહીવટદારોનો આગ્રહ થતાં ચોમાસા પછી તે તરફ જવા માટે પૂજ્યશ્રીએ વિચાર કર્યો. પણ એ જ વખતે ધોલેરાનિવાસી દોશી પુરૂષોતમદાસ નાગરદાસના સુપુત્રો શ્રીહરિલાલ તથા શ્રીદલીચંદભાઈ, તેમજ શ્રીગોવિંદજી માસ્તરના દીકરા દોશી ચુનીભાઈ તથા શ્રીપાનાચંદભાઈ ઝવેરચંદ ગાંધી તેઓશ્રી પાસે આવ્યા. તેમની ભાવના હતી કે–પૂજ્યશ્રીની નિશ્રામાં ધોલેરાથી શ્રીસિદ્ધગિરિજીનો છ 'રી' પાળતો સંઘ કાઢવો. એ માટે વિનંતિ કરતાં પૂજ્યશ્રી ધોલેરા પધાર્યા.

ત્યાંથી મંગલમુહૂર્તે આશરે હજારેક ભાવિકોથી પરિવરેલા શ્રીસંઘે ગિરિરાજ તરફ પ્રયાણ કર્યું. સાંઢેઠા–હેબતપુર–રતનપુર–નવાગામ–વેળાવદર–મોણપુર–વળા–ઉમરાળા–સણોસરા–નોંઘણવદર–આકોલાલી–જમણવાવ વગેરે ગામોને પાવન કરતો, અને ત્યાં પૂજા–પ્રભાવનાદિ ધર્મકાર્યો કરતો સંઘ પાલિતાણા પહોંચ્યો. અહીં સંઘનું ભવ્ય સ્વાગત થયું. ગિરિરાજની યાત્રા કરીને પૂજ્યશ્રીએ સંઘવીને તીર્થમાળ પહેરાવી.

શ્રીસંઘને બાર ગાઉની પ્રદક્ષિણા કરવાની ભાવના થતાં તેની સાથે પૂજ્યશ્રી પણ પધાર્યા.

—×—×—×—×—

---

૧. અત્યારે તો ઘણા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમસ્તે કાદંબ !

આજે પૂજ્યશ્રીનો ગામમાં (બોદાનાનેસમાં) મંગલ પ્રવેશ હતો. નૂતન જિનાલયની પ્રતિષ્ઠ માટે તેઓશ્રી પધારી રહ્યા હતા.

નાનું છતાં રળિયામણું એ ગામ જાણે કોઈ મોટો તહેવાર હોય, તેમ ઉત્સાહના ભવ્ય વાતાવરણથી દીપી ઉઠયું હતું.

અમદાવાદના આગેવાન શ્રેષ્ઠિવરો શેઠ ચીમનલાલ લાલભાઈ વગેરે હાજર જ હતા. એમનો આનંદ માતો નહોતો. એમાંય કામદાર તથા વકીલ તો આનંદના મહાસાગરમાં જ મજ્જનોન્મજ્જન કરી રહ્યા હતા.

પેલા દરબારો સામૈયામાં મોખરે હતા.

યથાસમય પ્રવેશ થઇ ગયો. દેરાસર જોઈને પૂજ્યશ્રી સંતોષ પામ્યા. મંગલાચરણ બાદ લોકો વિખરાયા.

ત્યારપછી પૂજ્યશ્રીની સૂચનાનુસાર શ્રીકદંબગિરિજીના વહીવટ માટે ત્યાં એક સ્થાનિક પેઢીની સ્થાપના[1] કરવામાં આવી. એનું નામ "તપાગચ્છીય શેઠશ્રી જિનદાસ ધર્મદાસની પેઢી" રાખ્યું.

કેવું સુંદર નામ ? જિનના દાસ અને ધર્મના દાસની પેઢી એટલે જ જિનદાસ ધર્મદાસની પેઢી.

અને સાચે જ એનો વહીવટ કરનાર સદ્ગૃહસ્થો પણ શ્રીજિન અને ધર્મના દાસ-ભક્ત જ હતા. તેથી એ નામ સાર્થક બન્યું. પેઢીના વહીવટ માટે અમદાવાદનિવાસી શેઠશ્રી ચીમનલાલ લાલભાઈના પ્રમુખપણા નીચે વ્યવસ્થિત પ્રતિનિધિમંડળ સ્થાપવામાં આવ્યું. સ્થાનિક પ્રતિનિધિ તરીકે શ્રી વીરચંદભાઈ વકીલ તથા શ્રીઅમરચંદભાઈ કામદારની નિયુક્તિ થઈ. અને અત્યારના વહીવટદાર પ્રતિનિધિ શ્રીભગવાનભાઈ મેઘજી સંઘવી (જેસરવાળા) ને પેઢીના મુખ્ય મુનીમજી તરીકે નીમવામાં આવ્યા.

* * *

હવે તો અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવના દિવસો નજીક આવતા હતા. શેઠશ્રી જિનદાસ ધર્મદાસ તરફથી દેશ-પરદેશમાં શ્રીસંઘ નિમંત્રણ પત્રિકા પાઠવવામાં આવી.

અંજનશલાકા એ જિનશાસનનું પરમ મહત્ત્વ ભર્યું સુવિધાન છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ક્યાંય અંજનશલાકા થઈ ન હતી. કારણ કે-પાલિતાણામાં વર્ષો પૂર્વે થયેલી એક-બે અંજનશલાકા વખતે કોઈપણ કારણોસર મરકીનો ભયાનક ઉપદ્રવ થયો હતો. એથી લોકો અંજનશલાકાના નામથી ફફડતાં. પૂજ્યશ્રીના કેટલાંક તેજોદ્વેષીઓએ આ દાખલા આગળ ધરીને લોકોને એમ ઠસાવવા પ્રયાસ પણ કરેલા કે-આમાં પણ આવાં ઉપદ્રવો થાય તો શું

૧ સં. ૧૯૮૯, પોષવદિ ૭ નો દિવસ ત્યાંના શિલાલેખમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થશે ? પણ એમની એ વાત તો સહસ્ર કિરણે તપતાં સૂર્યને ઢાંકવા માટે ધૂળ ફેંકવા જેવી જ બની રહી. પૂજ્યશ્રીના અખંડ બ્રહ્મતેજથી લોકો સુપરિચિત હતા. એથી તેમને કોઈ વિઘ્નોનો ડર ન હતો, અને એજ કારણે–શેઠ આ. ક. ની પેઢી, બાબુની ટુંક, મોતીશા શેઠની ટુંક, નરશી કેશવજીનું દેરાસર, વગેરે દેરાસરોના વહીવટદારોએ પોતપોતાના દેરસરોમાં પધરાવવા માટે અનેક નૂતન જિનબિંબો કરાવીને આ મહોત્સવમાં અંજનશલાકા માટે મૂકયા. ખંભાત મારવાડ–માળવા–મેવાડ વગેરે પ્રદેશના શ્રાવકોએ પણ ધાતુના–પાષાણના પ્રતિમાઓ આ અંજનશલાકામાં મૂકયા.

નવીન જિનમંદિરની ભમતીમાં ૭૧ દેવકુલિકાઓ હતી. એમાં પણ શિખરબંધી, અને ૨૦ દેરીઓ ઘુમટીવાળી હતી. ૫૧ માં પણ ૧૩ મોટી અને ૩૮ નાની દેરીઓ હતી. એ એકાવનેય દેરીઓના તથા તેમાં પધરાવવાના પ્રભુજીના આદેશ શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ જમનાભાઇ ભગુભાઇ, શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના પૂ. દાદીમા શ્રીગંગાબાબૂ, પ્રતાપસિંહ મોહોલાલ, શેઠ ચીમનલાલ લાલભાઈ, શેઠ જેશીંગભાઈ કાળીદાસ, શેઠ ભોળાભાઈ જેશીંગભાઈ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ અમુભાઈ રતનચંદ, શેઠ ચંદુલાલ ચુનીલાલ, શેઠ પોપટલાલ ધારશીભાઈ, નગરશેઠ કસ્તૂરભાઇ મણિભાઈના બહેન શ્રીપ્રભાવતી બેન, નગરશેઠ ચીમનલાલ લાલભાઈના ધર્મપત્ની શ્રીમહાલક્ષ્મીબેન, શેઠ જેશીંગભાઈ ઉગરચંદ, શેઠ ચંદુલાલ બુલાખીદાસ તથા શેઠ હઠીસિંહ કેસરીસિંહના કુટુંબીઓ વગેરે બોટાદ–ભાવનગર–જામનગર–અમદાવાદ–વડોદરા વિ. ગામોના શ્રાવકવર્યોએ લીધેલા હતા. એક ઘુમટીવાળી દેરીનો આદેશ પણ અપાયેલો. એ સર્વ સ્થાનોમાં પધરાવવા માટેના નવીન જિનબિંબો તથા શ્રીગણધરબિંબો આવી ગયા હતા.

અને મૂળનાયક ભગવાન્ ?
આપણા શાસનના ચરમ તીર્થપતિ–
આપણા આસન્ન ઉપકારી–
ત્રણ જગતના નાથ
દેવાધિદેવ શ્રીમહાવીર પ્રભુ.

એમની દિવ્ય છતાં ભવ્યતમ–૪૫ ઇંચ ઊંચી સપરિકર પ્રતિમા જયપુરથી તૈયાર થઈને આવી ગઈ હતી.

એનું દિવ્ય અને પ્રસન્ન મુખમંડળ–જાણે શરદ પૂનમનો ચંદ્ર જ જોઈ લ્યો. અને એની ચોપાસ વ્યાપેલું દિવ્ય તેજ જાણે એ ચંદ્રની જ્યોત્સ્ના.

ભાવુક જીવો તો નિરખતાં જ નહોતા ધરાતાં. જાણે અમૃતાસ્વાદનો અનુપમ આલ્હાદ અનુભવી રહ્યા હોય.

મહાકવિ ધનપાલે કરેલી "प्रशमरसनिमग्नं" સ્તુતિ અહીં ખરે જ પોતાની સત્યતા પુરવાર કરાવી રહી હતી.

આ અલૌકિક મૂર્તિ સહિત લગભગ એક હજાર જિનમૂર્તિઓ આ મહોત્સવમાં અંજનશલાકા માટે આવી હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સઘળાં પ્રતિમાજીની પલાંઠીમાં શિલાલેખ લખવા-કોતરવાનું કાર્ય પૂરઝડપે ચાલુ હતું. એક શુભ ચોઘડિયે શ્રીમૂળનાયક પ્રભુ ઉપર શિલાલેખ કોતરવાની શરૂઆત કરવામાં આવી. કુશળ કારીગર સ્નાનાદિથી શુદ્ધ થઈને કોતરવા બેઠો. પણ આશ્ચર્ય. ટાંકણું ચાલે જ નહિ. ઘણાં પ્રયત્નો કર્યા. કેમેય ટાંકણું અડે જ નહિ. ટાંકણાની તીક્ષ્ણ ધારને વધુ તેજ કરી. ટાંકણાં બદલ્યાં. અરે! કારીગર પણ બદલ્યાં. પણ બધુંય નિરર્થક. શિલાલેખનો એક અક્ષર પણ ન જ કોતરાયો. સૌ વિચારમાં પડી ગયા, ગભરાયા કે આ શું? પૂજ્યશ્રીને જાણ કરવામાં આવી. પૂજ્યશ્રી તરત ત્યાં પધાર્યા. પળવારમાં જ તેઓશ્રી જ્ઞાન-દૃષ્ટિ વડે બધું પામી ગયા. તેઓશ્રી ત્યાંથી દેરાસરમાં-જ્યાં શ્રીનમિનાથ પ્રભુ હતા, ત્યાં ગયા અને ભક્તિસભર સ્વરે પ્રાર્થના કરી કે: પ્રભો! આપને આ તીર્થમાં સુંદર જિનાલય બંધાવીને તેમાં મૂળનાયક તરીકે જ પધરાવવાની અમારી ભાવના છે, તે સફળ બનો. હે નાથ! હવે કૃપા કરો."

આ પછી પૂજ્યશ્રીની સૂચનાથી એ જ કારીગરે લેખ કોતરવા માટે ટાંકણું અડાડયું કે તરત જ અક્ષરો સહેલાઈથી કોતરાવા લાગ્યા. પ્રભુના અલૌકિક પ્રભાવથી સૌ વિસ્મિત બની રહ્યા.

દેરાસરની બહાર વિશાળ ચોગાનમાં મોટો મજબૂત મંડપ બાંધવામાં આવ્યો હતો. એ મંડપમાં શાસ્ત્રીય વિધિપુરઃસર સુવિશાળ વેદિકા રચવામાં આવી. તેની ઉપર આકર્ષક રીતે ૧૦૦૦ પ્રતિમાજી પધરાવવામાં આવ્યા. જોનારા પણ વિચારમાં પડી જતાં કે આ તે પ્રતિમા નગર છે કે શું?

મહા શુદિ ૧૩ ના મંગલ દિવસે જલયાત્રા અને કુંભસ્થાપનાના મંગલ વિધાનપૂર્વક ૨૨ દિવસના આ મહામહોત્સવનો પ્રારંભ થયો.

લોકોને માટેની વ્યવસ્થા અપૂર્વ હતી. શ્રી વકીલ, કામદાર, તથા અન્ય શ્રેષ્ઠિ શ્રાવકોએ એને માટે ખૂબ જહેમત ઉઠાવી હતી.

આ વાત સં. ૧૯૮૯ (ઈ.સ.૧૯૩૩)ની સાલની છે. મહા-ફાગણ માસમાં આ મહોત્સવ ઉજવાયો હતો. તે વખતે ત્યાં હેમાભાઈ શેઠની ધર્મશાળા સિવાય બીજું એકે ય સ્થાન નહિ. હાલ જ્યાં પેઢી બેસે છે, તે ઓરડાઓ હતા. તેમાં પૂજ્યશ્રી સપરિવાર બિરાજતા હતા. આ સિવાય ઉતારા માટે અન્ય સ્થાન હતું નહિ. અને મહોત્સવ પ્રસંગે હજારો માણસો ત્યાં આવ્યા હતા. પ્રતિષ્ઠાના દિવસે તો ૨૫ હજારની મેદની એ તીર્થમાં એકત્ર થયેલી. એ બધાને ઉતરવા માટે ૩૦૦ ઉપર તો પાકી-કંતાનની ઓરડાઓ બાંધી હતી, અનેક તંબૂ, શમિયાણા તથા રાવટીઓની સુંદર સગવડ કરી હતી.

આ તંબૂ-શમિયાણા વગેરેની રાજસી સગવડ ભાવનગર સ્ટેટના નામદાર મહારાજા શ્રીકૃષ્ણકુમારસિંહજી તથા તેમના મુખ્ય દિવાન સર પ્રભાશંકર પટ્ટણી સાહેબ કે જેઓ પૂજ્યશ્રીના અનન્ય ભક્ત હતા, તેમના તરફથી મળી હતી.

બીજી પણ-જમણની-પાણીની સર્વ સગવડ સંપૂર્ણપણે ત્યાં કરવામાં આવેલી. આવાં જંગલમાં પણ મંગલસમી આ અદ્ભુત સગવડ તથા વ્યવસ્થા જોઈને લોકો મોંમાં આંગળા નાખી ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક બાજુ–વિશાળકાય મંડપમાં પ્રભુજીની સન્મુખ પૂજ્યશ્રીમાન્, આચાર્યશ્રી વિજયોદય-સૂરિજી મ., આ. શ્રી વિજયનંદન સૂરિજી મ. આદિ મુનિભગવંતો તથા વિધિકારકો વિશુદ્ધ અને પવિત્ર વિધિવિધાનો કરાવી રહ્યા હતા. આજે સિદ્ધચક્ર પૂજન તો કાલે બૃહન્નંદ્યાવર્ત-પૂજન. આમ વિવિધ પૂજનો અને પછી પ્રભુજીના જગજ્જંતુહિતકારક પાંચ કલ્યાણકોના મહાન્ વિધાનો ક્રમસર ચાલી રહ્યા હતા. જાણે ત્યાંની દુનિયા દિવ્ય અને મંત્રમય બની ગઈ.

બીજી બાજુ–હંમેશાં નવકારશી (સંઘજમણ) થવા લાગી. આજે આ શેઠ તરફથી તો કાલે વળી બીજા શેઠ તરફથી—એમ બાવીશ નવકારશીઓ થઈ. લોકો ખાતાં થાકયા.

જોતજોતામાં ૨૦ દિવસ ઉત્સાહ ને ઉલ્લાસમાં વહી ગયા. એકવીસમો–ફાગણ શુદિ બીજનો મહાન્ દિવસ આવ્યો.

આજે–અંજનશલાકાનું સર્વોત્કૃષ્ટ વિધાન થવાનું હતું.

અરૂપીમાં રૂપનો આરોપ કરવાનો હતો.

સિદ્ધમાં સાધ્યપણાની સમાપત્તિ કરવાની હતી.

ધાતુ–રત્ન–પાષાણમય પ્રભુપ્રતિમામાં પ્રાણની પ્રતિષ્ઠા એટલે જ અંજનશલાકા.

જિનશાસનમાં સર્વોત્કૃષ્ટ–સર્વોત્તમ અને મહત્ત્વપૂર્ણ વિધાન એટલે જ પ્રાણપ્રતિષ્ઠા.

આજે એ જ વિધાન અહીં થવાનું હતું—

જિનશાસનના શિરતાજ—

મહાસત્ત્વશાલી—

તપાગચ્છાધિરાજ—

સાક્ષાત્ બ્રહ્મમૂર્તિસમા આપણા મહાન્ સૂરિરાજના પવિત્ર હસ્તે.

નોબત–શરણાઈ વગેરે વિવિધ વાજિંત્રોના મધુર અને કોમળ સૂરો વાતાવરણની મંજુલતામાં વૃદ્ધિ કરી રહ્યા હતા.

લોકોના હૈયામાં હર્ષ અને કુતૂહલની મિશ્ર લાગણી પ્રકટ સ્વરૂપ લઈ રહી હતી.

અને–મહાન્ પવિત્ર પળે અંજન વિધાન(પ્રભુનું કેવળજ્ઞાન કલ્યાણક) નિર્વિઘ્નપણે થયું. જિન ભગવાન્‌માં જ્ઞાનની અનંત જ્યોત પ્રગટી, અને સમસ્ત જગત્ કો' અનિર્વચનીય આનંદની લાગણી અનુભવી રહ્યું.

હજારો લોકોના કંઠમાંથી જયજયના ગગનભેદી નાદ નીકળી રહ્યા.

આજે શેઠ ચંદુલાલ બુલાખીદાસ–અમદાવાદવાળા તરફથી નવકારશી થઈ.

આ અંજનશલાકાની આગલી રાત્રે ભયાનક વાવાઝોડું થયું. એવો ભયંકર વંટોળીયો ઊડયો કે–તંબૂ-રાવટી–કંતાનની ઓરડીઓ વગેરે અસ્તવ્યસ્ત થઈ ગયું. લોકો તો આ વંટો-ળીયાની ખબર જ ન હોય, તેમ જ્યાં ત્યાં સૂતા હતા. જાણે કોઈએ અવસ્વાપિની નિદ્રાનો પ્રયોગ કર્યો હોય. પણ આ વંટોળીયો શમી ગયા પછી પૂજ્યશ્રીએ પોતાના બહુશ્રુત શિષ્ય આ. શ્રીઉદયસૂરિજી મ. ને પ્રશ્ન કર્યો : "ઉદયસૂરિ ! આવો કોઈ જોગ હતો ખરો ?"

તેમણે કહ્યું : "હા સાહેબ ! આવો જોગ હતો. અને હજી સવારે સાડા પાંચ વાગે આવો જોગ છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરત જ પૂજ્યશ્રીએ પોતાની પાછલી બાજુએ સૂતેલા શ્રી કુલચંદભાઈ છગનલાલ સલોતને(બોટાદવાળા) હાક મારી : અલ્યા કુલચંદ ! જાગે છે ?

કુલચંદભાઇ જાગતા જ હતા. જ્ઞાની ગુરૂ–શિષ્યનો રહસ્યમય વાર્તાલાપ તેમણે સાંભળેલો. તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા, ને કહ્યું : જી સાહેબ ! ફરમાવો.

પૂજ્યશ્રીએ કહ્યું : જા ! બધે તપાસ કરી આવ. બધું સલામત છે ને ?

કુલચંદભાઇ ચારે તરફ આંટો મારી આવ્યા. બધું અસ્તવ્યસ્ત હતું. લોકો પ્રગાઢ નિદ્રામાં અને વેરવિખેર દશામાં પડયા હતા. તે બધું જોયું. પણ તેઓ પ્રતિમાવાળા મંડપમાં ન જઇ શકયા. પૂજ્યશ્રી પાસે આવીને વાત કરી.

પૂજ્યશ્રીએ કહ્યું : જા ! નંદનસૂરિને ઉઠાડ.

શ્રીનંદનસૂરિજી મ. ઉઠીને આવ્યા એટલે પૂજ્યશ્રીએ બંનેને કહ્યું : “તમે બંને મંડપમાં જઈ આવો.” બંને ગયા. મંડપમાં સર્વત્ર ફરી આવ્યા. પણ કયાંય ઉની આંચ નહોતી આવી. એટલે નિરાંત અનુભવી. પૂજ્યશ્રીને એ જણાવ્યું. આ પછી શ્રી ઉદયસૂરિજી મ. તથા શ્રીનંદન-સૂરિજી મ, એ બંને સૂરિવર્યોએ દેરાસરમાં શેષ આખી રાત્રિપર્યંત વિશિષ્ટ મંત્રજાપ કર્યો.

સવારના પાંચ વાગ્યા. લગભગ મંડપના થાંભલે થાંભલે પાંચ–પાંચ–સાતસાત માણસોને ગોઠવી દેવામાં આવ્યા. તેઓ તે તે થાંભલાને મજબૂત રીતે પકડીને ઊભા. બરાબર સાડા પાંચ વાગ્યા ને ભયંકર વંટોળીયો વછૂટયો–વાવાઝોડું ફુંકાયું. જો થાંભલાદીઠ માણસોની ગોઠવણી ન કરી હોત તો મંડપ વેરવિખેર થઇ જાત. સાથે પ્રતિમાજીને પણ નુકશાન થાત. અર્ધો કલાક એ વંટોળીયો એકધારો રહ્યો. પછી એકાએક જેમ આવેલો તેમ ચાલ્યો ગયો. પૂરતી સાવધાની રાખી હોવાથી જરા પણ નુકશાન ન થયું. ત્યારપછી જ પૂજ્યશ્રી, બંને સૂરિવર્યો અને કુલચંદભાઇ વગેરેએ નિરાંતનો દમ લીધો.

ફાગણ શુદ ૩—

આજે પ્રભુજીને ગાદીનશીન કરવાના હતા. પ્રથમ તો દેરાસરજીના મંડપમાં પરોણા-દાખલ બિરાજમાન શ્રીનમિનાથ પ્રભુને ત્યાંથી પ્રભુજીની આજ્ઞા યાચવાપૂર્વક ઉત્થાપવાની ક્રિયા કરવામાં આવી પણ આશ્ચર્ય—

પ્રભુજી ત્યાંથી ખસ્યા જ નહિ. ઘણી મહેનત કરી, પણ નિષ્ફળ. છેવટે પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. તેઓશ્રીએ શુદ્ધભાવપૂર્વક ગદ્ગદ કંઠે પ્રભુની સ્તુતિ અને વિનંતિ કરી કે :–

“હે નાથ ! આપનો મહિમા કોનાથી અજાણ્યો છે ? આપ જ્યારથી અહીં પધાર્યા, ત્યારથી દિનપ્રતિદિન આ મહાતીર્થના ઉદ્ધારનું મહાકાર્ય સરલતમ જ બનતું જાય છે. એ આપનો જ અચિંત્ય પ્રભાવ છે. હે દેવાધિદેવ ! આપ અમારી વિનંતિ સ્વીકારો. અમે અહીંયા આ તીર્થમાં ગિરિરાજ ઉપર નૂતન જિનાલય બંધાવીને તેમાં આપને મૂળનાયક તરીકે બિરાજમાન કરીશું. માટે હે નાથ ! અમારા પર કૃપા કરીને આજ્ઞા આપો અને ગિરિરાજ ઉપર પધારો.”

આ સ્તુતિ પૂર્ણ થતાં વાર જ હજારો લોકોના આશ્ચર્ય વચ્ચે પ્રતિમાજી ઊંચકાયા. ગિરિરાજ ઉપર પૂજ્યશ્રીના ઉપદેશ અનુસાર બાવન જિનાલય બંધાતું હતું. તેની કેટલીક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવકુલિકાઓ તૈયાર થઇ ગઈ હતી. તેનો આદેશ પણ ભાવિકોએ લીધેલ હતો. એમાંની એક દેરીમાં આ પ્રભુજીને વિધિપૂર્વક પરોણાદાખલ પધરાવ્યા.

ત્યારબાદ શુભલગ્ને શ્રીમહાવીરસ્વામિપ્રાસાદ અપરનામ શ્રીકદંબવિહારપ્રાસાદમાં (મંડપ તથા ગભારામાં) અને તેની ભમતીની દેરીઓમાં યથાસ્થાને અનેક પ્રભુજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. તેમાં મૂળનાયક શ્રીમહાવીર સ્વામી પ્રભુ તથા તેમની આજુબાજુના ૧ શ્રી આદીશ્વર, ૨ શ્રી સંપ્રતિજિનેશ્વર,[1] આ ત્રણ પ્રભુની પ્રતિષ્ઠા શ્રીપુંજીબેને કરી. તેમની ભાવના-તેમના સ્વર્ગીય પિતાજીની મન: કામના આજે પરિપૂર્ણ થઈ. તેઓ પોતાને કૃતકૃત્ય માની રહ્યા.

ગભારામાં-મંડપમાં તથા ભમતીની દેરીઓમાં પધરાવવાના અન્ય સર્વ પ્રભુજીનો ગાદીનશીનવિધિ તે તે આદેશ લેનાર સદ્‌ગૃહસ્થોએ પોતાના વિશાળ પરિવાર સાથે કર્યો.

પ્રતિષ્ઠા સમયે માનવમેદની તો માતી ન હતી. ચારેકોર માણસ જ માણસ. જાણે માનવોનો મહેરામણ ઉભરાયો.

**'ॐ पुण्याहं पुण्याहं'**, ને **'प्रीयन्तां प्रीयन्तां'** ની પાવન ઘોષણા ચારે તરફ વ્યાપકરૂપે થઈ રહી હતી. અમદાવાદનિવાસી શેઠ શ્રી સારાભાઈ ડાહ્યાભાઈ તે વખતે વિમાનમાં આરૂઢ થઇને ગગન-ગોખથી વિવિધ પુષ્પોની વૃષ્ટિ કરી વાતાવરણને સુવાસિત બનાવતા હતા.

પ્રભુજી ગાદીનશીન થયા પછી એક અદ્‌ભુત બનાવ બન્યો. મૂળનાયક પ્રભુજીની મૂર્તિમાંથી દિવ્ય અમી ઝરવા લાગ્યા. હજારો આંખોએ ભક્તિ અને કુતૂહલ સાથે એ અમીવર્ષણ નિહાળ્યું.

આ પછી પ્રભુજીનું અલૌકિક સ્વરૂપ જોયું હોય તો—

જળહળાયમાન દેહકાન્તિ નેત્રોને આંજતી હતી. મુખકમળ તો હસુંહસું થઈ રહ્યું હતું. જાણે હમણાં જ ભગવાન્ બોલી ઉઠશે—એવું લાગતું.

પ્રતિષ્ઠાના દિવસે શ્રીપુંજીબેન તરફથી ગામધુમાડો બંધ રાખવામાં આવ્યો-ગામ ઝાંપે ચોખા કરવામાં આવ્યા. લગભગ ૨૫ હજાર માણસોએ તેનો લાભ લીધો.

પ્રભાવનાની વ્યવસ્થા તો અપૂર્વ જ હતી. શ્રીફળની પ્રભાવના રાખી હતી. મોટા ચોકમાં શ્રીફળનો ઢગલો કરવામાં આવ્યો. નાનો શો ડુંગર જ ખડો થઇ ગયો સમજો ને! અને તેમાંથી દરેક વ્યકિત સ્વયં એક શ્રીફળ લઈ લે.

આ ઉપરથી જ કલ્પી શકાય છે કે-ત્યાં તે વખતે કેટલી માનવમેદની એકત્ર થઈ હશે?

પ્રતિષ્ઠા થયા પછી શ્રીજિનદેવાધિષ્ઠિત એ કદંબવિહાર પ્રાસાદનો રમણીય દેખાવ અપૂર્વ આલ્હાદક હતો. એના ગગનતલસ્પર્શી શિખર ઉપર લહેરાઈ રહેલી મનોહર ધ્વજા ભાવિકોને મન સાક્ષાત્ જિનેશ્વરદેવની કીર્તિધ્વજા જ હતી.

મંદ-શીતલ સમીરની પ્રેરણાથી વાગી રહેલી, શિખરના ઉત્તુંગ દંડ ઉપર ઝૂલી રહેલી નાની નાની કિંકિણીઓના સુમધુર રણકારથી નીરવ ગગનમાં અણકલ્પી કોમળતા વ્યાપી રહી હતી.

---

૧. ગઈ ચોવીશીના ચોવીશમા જિનેશ્વર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિખર પર એક નયનરમ્ય મત્ત મયૂર બેઠો હતો, અને પોતાના સુમધુર કેકારવથી વાતાવરણમાં અદ્ભુત પ્રસન્નતાનો પમરાટ પ્રસરાવી રહ્યો હતો. આ અનુપમ દૃશ્ય જેણે જોયું હશે, તે એને પોતાની જિન્દગીભર નહીં જ ભૂલી શકે.

અને–સંપૂર્ણ જિનાલયનું વિહંગમ દર્શન કરીએ તો સાચે જ શ્રીનાભગણધરદેવના ઉપદેશથી શ્રી ભરત મહારાજાએ અહીંયા ગિરિરાજ ઉપર ધર્મોદ્યાનમાં બંધાવેલ ચરમતીર્થપતિ શ્રીવીર પરમાત્માના ગગનોત્તુંગ મંદિરની સ્મૃતિ થતી હતી.

આ સમયે દૂર સુદૂર કોઈ ભક્ત કવિના કોકિલ કંઠમાંથી મધુર શ્લોકાવલિ સરી રહી હતીઃ–

कदाऽहं **कादम्बे** विमलगिरिश्रृङ्गारतिलके,
वसानः सन्तापं त्रिविधमपि तीव्रं प्रशमयन् ।
परात्मन्यात्मानं समरसविलीनं च विदधत्,
समानेष्ये सोऽहं–ध्वनित हृदयोऽशेष दिवसान् ॥
**नमस्ते कादम्बा** मर नर नमस्याय च नमो–
**नमस्ते कादम्बा**धरितपरतीर्थाय च नमः ।
**नमस्ते कादम्बा**वनितलललामाय च नमो–
**नमस्ते कादम्बा**द्भुतगुणनिधानाय च नमः ॥

એક મંગલકાર્યની સમાપ્તિ પણ અન્ય મંગલકાર્યની શરૂઆતથી જ થાય છે.

અહીં પણ એવું બન્યું. ગિરિરાજ ઉપર શ્રીઆદિનાથ પ્રભુનું નૂતન જિનાલય બંધાતું હતું. તેનો આદેશ પ્રતિષ્ઠાના દિવસે આપવાનો હતો.

રાત્રે પ્રતિક્રમણ થયા પછી સૌ શ્રેષ્ઠિવર્યો પૂજ્યશ્રીના સાંનિધ્યમાં એકત્ર થયા. એ બધામાં એક શ્રીતારાચંદજી મોતીજી પણ હતા. તેઓ જાવાલ (રાજસ્થાન)ના વતની હતા. તેમની પાસે તે વખતે સ્થાવર–જંગમ સર્વ મળીને કુલ ૮૦ હજાર રૂપિયાની મિલકત હતી. તેમને આ આદેશ લેવાના ભાવ જાગ્યા.

તેમની ભાવના તો શ્રી મહાવીર સ્વામીની પ્રતિષ્ઠા કરવાની હતી. પણ એ માટે તેઓ મોડા પડયા હતા. આદેશ પુંજીબેનને અપાઇ ગયેલો. એથી હવે કોઈ પણ રીતે આ જિનાલયનો આદેશ લેવો જ, એવો નિર્ણય કરીને તેઓ પૂજ્યશ્રી પાસે બેઠા. પૂજ્યશ્રી તેમની સાચી ભાવના જાણી ગયા હતા. અંતરના ભાવ કદી અછતાં રહે ખરા ?

આદેશ કેટલામાં આપવો ? એની વિચારણા ચાલી. ત્યારે તારાચંદજી બોલ્યા : ૨૧ હજાર રૂપિયા.

પૂજ્યશ્રીએ કહ્યું : ભાઈ ! આ તો ડુંગર ઉપર શિખરબંધી દેરાસર થવાનું છે, એ ૨૧ હજારમાં ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સાંભળતા તારાચંદજી કહે : તો ૩૧ હજાર.
પુનઃ આગ્રહ થયો કે–આગળ વધો.
તેમણે છેલ્લો આંક બોલી દીધો : ૪૧ હજાર રૂપિયા.

હવે અંદરોઅંદર વિચારણા ચાલી. શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ વગેરે કહે : ૪૧ હજારમાં આવો આદેશ ન અપાય. તત્ત્વવિવેચક સભાના સભ્યો ટીપ કરે, ને સભાના નામે આદેશ લે.

શેઠ માણેકલાલભાઈએ ટીપની શરૂઆત કરી. રૂ. ૫૧ હજાર નોંધાવ્યા. વળી તેમણે પ્રતાપસિંહભાઈ દ્વારા રૂ. ૬૫ હજારમાં પોતાની સ્વતંત્ર માગણી પણ મૂકાવી. આ વખતે પૂજ્યશ્રી બોલ્યા : તમે તો કરોડપતિ છો. તમે ગમે તેટલી મોટી રકમ આપો, તો પણ તે તમારી મિલકતનો સહસ્રાંશ પણ નથી. જ્યારે આ તારાચંદજી તો પોતાની સમગ્ર મિલકતમાંથી અર્ધ ભાગ (એક દ્વિતીયાંશ) આપવા તૈયાર છે. માટે એની ઉચ્ચ ભાવના જોતાં આ આદેશ એમને જ આપવો ઉચિત છે. બોલો આદીશ્વર ભગવાનની જય.

બધાંએ આ જયકાર ઝીલી લીધો. સૌ તારાચંદજીના ભાગ્યને અભિનંદી રહ્યા. તારાચંદજીનો ઉલ્લાસ અવર્ણનીય હતો. તેઓ હર્ષાશ્રુથી પૂજ્યશ્રીના ચરણ પખાળી રહ્યા હતા.

*

ચૈત્ર માસની શ્રીનવપદજીની શાશ્વતી ઓળી નજીક આવતી હતી. 'શ્રીનવપદ આરાધક સમાજ'ના ઉપક્રમે એ ઓળીની આરાધના પ્રતિવર્ષ જુદા જુદા તીર્થસ્થળે વિભિન્ન સદ્ગૃહસ્થોના સહકારથી થતી હતી. એ મુજબ આ ઓળી શ્રી તાલધ્વજગિરિ (તળાજા) તીર્થમાં કરવાનો નિર્ણય થયો હતો. સંસ્થાના પ્રમુખ શ્રીનગીનદાસ કરમચંદ સંઘવી વગેરે ગૃહસ્થોને આ આરાધના પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં કરાવવાની ભાવના થઇ. તેમણે એ માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી. એટલે પૂજ્યશ્રી તળાજા પધાર્યા.

નિમંત્રણપત્રિકા દ્વારા સકલશ્રીસંઘને આમંત્રણ પાઠવવામાં આવ્યું. સેંકડો ભાવિકો ત્યાં એકત્ર થયા, ને વિધિપૂર્વક ઓળીનું આરાધન કર્યું. નવે દિવસ પૂજા–પ્રભાવના થઇ.

આ પ્રસંગે મહુવા તથા ભાવનગરના શ્રીસંઘો ચોમાસાની વિનંતિ કરવા આવ્યા. બન્ને સંઘ પોતાને ત્યાં પધારવાનો આગ્રહ કરવા લાગ્યા.

મહુવામાં જિનાલયનું કાર્ય ચાલતું હોવાથી ચોમાસા પૂર્વે એકવાર મહુવા જઈ આવવાની પૂજ્યશ્રીની ભાવના હતી. એથી મહુવાવાળાએ વધારે જોર કર્યું. ત્યારે ભાવનગરના સંઘે કહ્યું કે : આપશ્રી મહુવા જરૂર પધારો, પણ પછી ભાવનગર પધારવાનું જ છે. ત્યાં પધાર્યા સિવાય ચોમાસાનો નિર્ણય નહિ લેતાં, એવી અમારી વિનંતિ છે.

એમની વાત માનીને પૂજ્યશ્રી મહુવા પધાર્યા. દેરાસરનું કામ ચાલુ હતું. દેરાસરની જોડેનું એક જીર્ણ મકાન 'શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા' માટે શ્રીતત્ત્વવિવેચક સભાએ ખરીદેલું. તેનું સમારકામ પણ ચાલતું હતું. તે બધાંનું નિરીક્ષણ કરીને તેઓશ્રી ત્યાંથી ભાવનગર પધાર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી ભાવનગર પધારે છે, એવા સમાચારથી જ સમસ્ત સંઘમાં અપાર હર્ષ વ્યાપી ગયો. સંઘે અનેરા આડંબરથી પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું. નગર-પ્રવેશ થયા બાદ મારવાડીના વંડે પૂજ્યશ્રીએ મંગલ-પ્રવચન ફરમાવ્યું. સર્વમંગલ થયા પછી તરત જ સમગ્ર સંઘે ચોમાસા માટે આગ્રહ કરવા માંડયો. પૂજ્યશ્રીએ ધીરજ ધરવા કહ્યું, ત્યારે સંઘે પોતાનો મક્કમ નિર્ણય જણાવ્યો કે : આજે ચોમાસાની જય ન બોલાય ત્યાં સુધી અમે અહીંથી ઉઠવાના નથી.

છેવટે ક્ષેત્રસ્પર્શનાએ ત્યાં ચોમાસું કરવાનું પૂજ્યશ્રીએ સ્વીકાર્યું. ઉપાશ્રય જયજયકારથી ગાજી ઉઠયો. શહેરભરમાં આનંદનું વાતાવરણ થયું.

પૂજ્યશ્રી સાથે વિશાળ મુનિપરિવાર હતો. તેમજ વ્યાખ્યાનશ્રવણ માટે આવનાર વિશાળ જનસમુદાયનો સમાવેશ આ ઉપાશ્રયમાં નહોતો થતો એટલે પૂજ્યશ્રી સમવસરણને વંડે પધાર્યા, ચોમાસું ત્યાં જ બિરાજ્યા.

ચોમાસા દરમ્યાન સર પ્રભાશંકર પટ્ટણી વગેરે રાજ્યાધિકારીઓ અવારનવાર પૂજ્યશ્રીના દર્શનાર્થે આવતા હતા.

અષાડ માસમાં પ્રવર્તક મુનિશ્રી લાવણ્યવિજયજીને ભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવેલો. તેમને ચોમાસા પછી દાદાસાહેબની વાડીમાં મહોત્સવપૂર્વક ગણિ-પંન્યાસપદ આપ્યાં.

ત્યારબાદ શ્રીનવખંડા પાર્શ્વપ્રભુની યાત્રા કરવા માટે ઘોઘા પધાર્યા.

—×—×—×—×—

# [ ૫૦ ]

## ઐતિહાસિક મુનિસંમેલન

સમસ્ત જૈનસંઘ અત્યારે મતભેદ અને વિચારભેદભર્યા સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. સંઘમાં કેટલેક અંશે અનિચ્છનીય વાતાવરણનું વાદળ છવાયું હતું. દિવસે દિવસે એ વધતું જતું હતું. આનું મુખ્ય કારણ સંઘની ઉપેક્ષાવૃત્તિ હતી.

દેવદ્રવ્યનો પ્રશ્ન સંઘ માટે ભયપ્રદ નીવડ્યો હતો. કેટલાંક સ્વતંત્ર વિચારકો દેવદ્રવ્યના મનફાવતા અર્થ કરીને એને શાસ્ત્ર તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુસરણનો ઓપ આપવામાં પાછું વાળીને નહોતા જોતાં. આથી સંઘમાં પરાપૂર્વથી ચાલી આવતી પ્રણાલિકામાં ભંગાણ પડ્યું. પારસ્પરિક વિરોધો વધ્યા. પક્ષો પડ્યા, રૂઢિવાદી પક્ષ અને સુધારાવાદી પક્ષ એવાં નામો અપાયાં. આ વિખવાદનો લાભ કેટલાંક એવાં તત્ત્વોએ લીધો કે-જેઓ શાસ્ત્રાધ્યયન કરીને તે જ શાસ્ત્રોના શબ્દોને સ્વકલ્પિત અર્થવાચક બનાવી બાળજીવોના અણઘડ માનસમાં ઠસાવવા લાગ્યા હતા. અને પોતાની જાતને ક્રાંતિકારી કે સુધારક તરીકે ઓળખાવતા હતા.

આ કહેવાતા ક્રાંતિકારો ઉપર શ્રીસંઘે કડક હાથે કામ ચલાવ્યું, અને તેમને સંઘ-વ્યવહારથી જુદા કરવા સુધીની શિક્ષા પણ કરી. આમ થવાથી સંઘસત્તા શી વસ્તુ છે? અને સંઘ તથા શાસ્ત્રવિરુદ્ધ બોલવાના કે વર્તવાના ફળ કેવાં હોય છે? એ સૌને સમજાયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમુક વર્ગમાં શિષ્યમોહ પણ અમર્યાદ બન્યો હતો. એના ફલસ્વરૂપે બાલદીક્ષાનું પ્રકરણ ઇતિહાસમાં ઉમેરાયું. જ્યારે વડોદરા રાજ્યે બાલદીક્ષા-પ્રતિબંધકધારો પસાર કર્યો, ત્યારે પણ કેટલાંક તો બેજવાબદારીના ખ્યાલોમાંથી જ બહાર નહોતા નીકળતા. આથી કહેવાતા સુધારકોને તમાશો જોવા મળતો હતો. એ તમાશાને તેઓ એવાં તો શબ્દદેહ આપવા લાગ્યા કે-એની અસરરૂપે બીજાં રાજ્યોમાં પણ દીક્ષાપ્રતિબંધક બિલના ભણકારા વાગવા લાગ્યા. હંમેશાં નક્કર કરતા પોલાંનો અવાજ જોરદાર હોય છે, એ નિયમ અહીં બરાબર અનુભવાતો હતો.

અને આ બધી ધમાલ-ધાંધલ નિહાળી નિહાળીને તટસ્થ હિતચિંતક વર્ગ પૂરો ત્રાસી ગયો હતો. સર્વજ્ઞ-શાસનની સ્વલ્પ પણ નિંદા કે હિલના તેઓ સ્વપ્નમાં પણ નહોતા ખમી શકતા. છતાં આજે એવો અવસર આવ્યો હતો કે-તેમને રાતદિવસ આ તકરારો અને તેથી થતી હિલનાઓ નજરે જોવી અને સહેવી પડતી હતી. અને તેથી જ તેમના દુઃખનો પાર ન હતો.

આવી જ એક તટસ્થ વિચાર ધરાવનાર વ્યક્તિ શ્રીયુત મોતીચંદ ગિરધરભાઈ કાપડિયા-સોલીસિટર આ પરિસ્થિતિથી થાકીને આપણા પૂજ્યશ્રીને એક પત્રમાં લખે છે કે :-

"મુંબઈનું આ ચાતુર્માસ બગડવામાં બાકી રહી નથી. ચારે તરફ લોકો આખો વખત આર્ત્તરૌદ્ર ધ્યાન કરે છે, અને દિન ઉગે અનેક હેન્ડબીલો અને લેખો બહાર પડે છે. કેટલાક હેતુસરના અને ઘણા અંગતદ્વેષના લેખો આવે છે. એટલે જનતા તો જરૂર મૂંઝાય એવી પરિસ્થિતિ થઈ છે. આગેવાનો પક્ષમાં વહેંચાઈ ગયા છે, એટલે સત્ય કરતાં પક્ષ વધારે બળવાન્ થઈ પડ્યા છે. અહીં તો શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજ કહેતા હતા તેવો પાકો પાંચમો આરો હુંડાઅવસર્પિણી વર્તી રહ્યો છે. અત્યારે એ સ્થિતિમાંથી નીકળી શકાય તેવો માર્ગ નથી. અન્ય ધર્મીમાં વગોવણી ખૂબ થઈ છે અને થાય છે. અને એના નાયક તો સુખેથી જોયા કરે છે. આમાં શાસનની દાઝ જેવી ચીજ નથી. અંગત માનાપમાન, પૂર્વકાળના વેર અને પટ્ટધરના પૂંછડાં વધારે આડા આવતા હોય તેવું દેખાય છે. જે થાય તે જોયા કરવા જેવી સ્થિતિ થઈ રહી છે.

કોઈ પડકાર પાડી બેસાડી દે તેવી સમર્થ વ્યક્તિ મુંબઈમાં નથી. જૈન ધર્મ કે કોમનું લાગતું હોય તેને કોઈ સાંભળે તેમ નથી, પવન સખ્ત ફુંકાય છે. એ ઉપર ઉપરનું તોફાન છે કે તળીયા સુધી છે તે સમજાતું નથી. પણ અત્યારે તો મહાખેદ થાય તેવી દશા વર્તી રહી છે. આપના જેવા કોઈ માર્ગ બતાવે તો રસ્તો થાય. સાંભળતા તો ઘણું હશો, અવસર જોઈ રહ્યા હશો. વખત જોઈ કાંઈ કરશો તો હજુ પણ શાસન બચશે.

નવયુગના હાથમાં પ્રેસ અને પ્લેટફોર્મ છે. જુનાને તેનો ઉપયોગ આવડતો નથી એટલે ગાળાગાળીએ ચઢી ગયા છે. જ્યાંથી લાભ લઈ શકાય તે જ સાધનો જૈનોને હાલ ઉલટાં પડ્યાં છે. સાધુવર્ગ કોમને રસ્તો બતાવે તેને બદલે હાલ તો ઉલટી સ્થિતિ થઈ ગઈ છે.

જો હકીકતથી વાકેફ થયા હો તો યોગ્ય કરશો. આપ પ્રત્યે અહીં તો સર્વત્ર માનની નજર સંભળાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્ર યોગ્ય કાર્યસેવા લખશોજી.

સેવક મોતીચંદની વંદણા."

આ પત્રનો શબ્દેશબ્દ તત્કાલીન ક્લેશમય વાતાવરણનો તાદૃશ ચિતાર રજૂ કરે છે.

*

એક તરફ આ બધું ધાંધલ ચાલી રહ્યું હતું, ત્યારે બીજી તરફ—

શાસનના સમર્થ હિતચિંતક અને અજોડ દૂરદર્શિતાવાળા સાધુસંઘના નાયકો અને શ્રાવકસંઘના અગ્રણીઓ પણ સંપૂર્ણ સજાગ હતા. શાસનના નામે થઈ રહેલી અવહેલનાઓ તેમના લક્ષ્ય બહાર ન હતી. તેઓ યોગ્ય અવસરની રાહમાં હતા.

છેલ્લાં કેટલાંક વર્ષો થયા સંઘનાયકો એક વ્યવસ્થિત મુનિસંમેલનની યોજના વિચારી રહ્યા હતા. હવે તો મુનિસંમેલન જ આ પરિસ્થિતિના પ્રતિકાર માટે શક્તિમાન્ નીવડે તેમ હતું. આ માટે વડીલોમાં પરસ્પર વાટાઘાટો ચાલતી હતી. શાસનમાં સર્વોચ્ચ આપણા પૂજ્યશ્રી હતા. સૌની મીટ તેમના તરફ મંડાયેલી હતી. સૌ દૃઢપણે માનતા કે-પૂજ્યશ્રી જો આ કાર્ય હાથમાં લે, તો તે અવશ્ય થાય અને સફળ થાય. એ માટે સૌ વારંવાર પૂજ્યશ્રીને વીનવતાં પણ ખરા.

પણ પૂજ્યશ્રી દીર્ઘદૃષ્ટા હતા. કોઈ બાબત તેમની નજર બહાર ન હતી. તેઓશ્રી અવસરની રાહમાં હતા. પરિપક્વ અવસરે કરેલા કાર્યનું ફળ પરિપક્વ નીપજે છે, એમ તેઓશ્રી દૃઢપણે માનતા.

અવસરને પરિપક્વ બનાવવા માટે તેઓશ્રીના પ્રયાસો ચાલુ જ હતા. અન્ય આચાર્ય મહારાજો સાથે તથા સંઘના અગ્રણીઓ સાથે પત્રવ્યવહાર વગેરે દ્વારા વિચારોની આપ લે તેઓશ્રી કરી રહ્યા હતા.

છેલ્લાં બેએક વર્ષથી તેઓશ્રીએ જોયું કે-હવે આ કાર્ય કરવાનો અવસર આવી પહોંચ્યો છે. તરત જ તે અંગેના સક્રિય પ્રયાસો શરૂ થયા. ૮૯ ની સાલમાં સંમેલન ભરાય, એવો તેઓશ્રીનો વિચાર હતો. પણ એ વર્ષમાં પૂ. આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મ. વગેરે અનેક મુનિવરો દૂરપ્રદેશમાં વિચરતા હોવાથી નિશ્ચિત સ્થાને સૌનું પહોંચવું અશક્ય જણાતાં એ વિચાર મુલતવી રખાયો. અને ૯૦ની સાલમાં સંમેલન ભરવાના ચક્રો ગતિમાન્ થયા. ભાવનગરના ગત ચાતુર્માસમાં આ અંગેના પ્રયત્નો ચાલુ હતા. જુદા જુદા ગૃહસ્થાદિ દ્વારા અન્ય વરિષ્ઠ સૂરિવર્યોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા.

અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈએ ભાવનગર આવીને સંમેલન માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી. તેમની સાથે પૂજ્યશ્રીએ સંમેલન અંગેનાં સઘળાં પાસાઓની ઝીણવટભરી વિચારણા કરી અને નક્કી કરવામાં આવ્યું કે-વિદ્યમાન તમામ ગચ્છના અગ્રણી આચાર્ય-ઉપાધ્યાયાદિ મુનિરાજો પાસે નગરશેઠ જાતે જઈ આવે, અને સંમેલન માટે વિનંતિ કરી આવે.[1] આ રીતે સંમેલનના વિચારને મૂર્તરૂપ આપવાનો નિર્ણય લેવાઈ ગયો.

૧. એક વાત અહીં ધ્યાનમાં રાખવી ઘટે કે-સર્વ ગચ્છના સર્વ મુનિરાજો તથા સાધ્વીજીઓ પ્રત્યે નગરશેઠનું હૃદય પૂર્ણ ભક્તિ અને શ્રદ્ધા ધરાવતું હતું. અને એ અતીવ અનુમોદનીય ગણાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવકસંઘના આગેવાન નગરશેઠ કસ્તૂરભાઈ તથા શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ આ કાર્યના સૂત્રધાર હતા. તેઓ બંને સંમેલન ભરવામાં સહમત હતા. પણ ક્યાં ભરવું ? તેમાં મતભેદ થતો હતો.

નગરશેઠનું કથન હતું કે-અમદાવાદમાં જ ભરવું. જ્યારે શેઠ કસ્તૂરભાઈનું કહેવું હતું કે-જો અમદાવાદમાં ભરાય, ને તેમાં કદાચ સફળતા ન મળે, તો અમદાવાદને શિરે નામોશી આવે. માટે કોઈ તીર્થસ્થળમાં સંમેલન યોજવું.

બન્ને અગ્રણીઓના વિચાર એક ન થાય ત્યાં સુધી કામ આગળ ધપે તેમ ન હતું. એ ઐક્ય લાવવા માટે નગરશેઠને લઈને શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઈ પૂજ્યશ્રી પાસે ઘોઘા બંદરે આવ્યા. તેમના વિચારો પૂજ્યશ્રીએ બરાબર સાંભળ્યા-જાણ્યા.

પછી શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ તથા શેઠ કસ્તૂરભાઈ પૂજ્યશ્રી પાસે આવ્યા. તેઓની સાથે પણ પૂજ્યશ્રીએ વિચાર વિનિમય કર્યો. જુદાં જુદાં ક્ષેત્રોની વિચારણા કરતાં અમુક પ્રકારની પ્રતિકૂળતા સર્વત્ર જોવામાં આવી. પૂજ્યશ્રીએ તેમના વિચારો જાણ્યા પછી તેમને સમજાવ્યાં કે-"સંમેલન પ્રસંગે સેંકડો સાધુ-સાધ્વીઓ આવે, તેઓને માટે ગોચરી-પાણી વગેરેની સર્વ વ્યવસ્થા અમદાવાદનો સંઘ જ સાચવી શકે. આ અને આવી સર્વ સગવડ અમદાવાદમાં છે. માટે સંમેલન ત્યાં ભરવું, એ જ બરાબર જણાય છે." શેઠે પણ આ વાતમાં સહમતિ આપી. એટલે અમદાવાદનો નિર્ણય થઈ ગયો.

આ પછી સંમેલનનું શુભમુહૂર્ત કાઢી આપવા નગરશેઠે વિનંતિ કરતાં પૂજ્યશ્રીએ ફાગણ વદિ ૩ નો શુભ દિવસ ફરમાવ્યો. દિવસ નક્કી થતાં જ શ્રીનગરશેઠ સ્વયં તે તે સ્થળે બિરાજતાં તે તે ગચ્છ અને સમુદાયના આગેવાન આચાર્યાદિ મુનિરાજો પાસે જઈ આવ્યા. સંમેલનમાં તેઓની સંમતિ તેમજ સંમેલનમાં પધારવાની વિજ્ઞપ્તિ કરવાપૂર્વક તેઓના પધારવાનો નિર્ણય મેળવી આવ્યા. સંમેલનને હજી ચાર માસની વાર હતી. એટલે દૂર રહેલા મુનિરાજો પણ નિરાંતે આવી શકે તેમ હતું.

હવે ઘોઘામાં પૂજ્યશ્રીના પવિત્ર ઉપદેશના પરિણામે શા. રાયચંદ લલ્લુભાઈને સંઘ કાઢવાના ભાવ થયા. તેમણે પૂજ્યશ્રીની નિશ્રામાં છ 'રી' પાળતો સંઘ કાઢ્યો. સંઘ પાલિતાણા આવતા ત્યાં ગિરિરાજની યાત્રા કરી, તીર્થમાળ પહેરાવીને પૂજ્યશ્રી કદંબગિરિજી પધાર્યા. થોડા દિવસ રહીને ઘેટી આવ્યા.

નગરશેઠ શ્રીકસ્તૂરભાઈ સંમેલનના નિમંત્રણપત્રનો કાચો મુસદ્દો તૈયાર કરીને અહીં લાવ્યા. પૂજ્યશ્રીએ તે બરાબર તપાસી લીધા પછી તેઓએ તે આકર્ષક ઢબે છપાવીને સર્વત્ર મુનિવરોને મોકલી આપ્યું. મુનિરાજો પણ તે મળતાં પોતપોતાની અનુકૂળતા પ્રમાણે અમદાવાદ ભણી વિહાર કરવા લાગ્યા.

પૂજ્યશ્રી પણ ઘેટીથી નોંઘણવદર-સણોસરા-વળાના રસ્તે ધોલેરા આવ્યા. આ. શ્રીવિજયનંદન સૂરિજી મ. આદિ સાત મુનિવરો કંદબગિરિથી શ્રીરૈવતગિરિની યાત્રાએ ગયેલા, તેઓ ત્યાંથી યાત્રા કરીને ગોંડલના રસ્તે પૂજ્યશ્રીની સેવામાં આવી ગયા. અહીંથી અનુક્રમે અમદાવાદ પધાર્યા. સંમેલનની હજી વાર હોવાથી થોડા દિવસ શેઠ ભગુભાઈ સુતરિયાના બંગલે બિરાજ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ દરમ્યાન આ. શ્રીવિજયદાનસૂરિ મ; વિજયલબ્ધિસૂરિ મ; વિજયનીતિસૂરિ મ., વિજયવલ્લભસૂરિ મ. વગેરે સર્વ આચાર્યાદિ મુનિવરો સપરિવાર આવી પહોંચ્યા.

શ્રીવલ્લભસૂરિજી મ. પાલિતાણાથી અમદાવાદ પધારતા હતા, ત્યારે માર્ગમાં સોનગઢ ગામમાં ચારિત્ર રત્નાશ્રમના સ્થાપક મુનિશ્રી ચારિત્રવિજયજી મળ્યા. તેમણે આચાર્યશ્રીને સૂચવ્યું કે :' "મહાભારતના યુદ્ધમાં જેમ કૌરવોએ કૃષ્ણની સેના માગી, પણ કૃષ્ણ પોતે તો પાંડવોના પક્ષે જ રહ્યા. ને છેવટે મહાભારતમાં પાંડવોની જ જીત થઈ. તેમ બીજાં ઘણાં એક પક્ષમાં ભલે થઈ જાય. પણ આચાર્યશ્રી નેમિસૂરિજી મ. જે પક્ષમાં હશે, તેનો વિજય નિશ્ચિત છે. અર્થાત્-તેઓ જે કાર્ય કરવા ધારશે તે જ થશે, એ ધ્યાનમાં રાખજો."

આ પછી શ્રીનીતિસૂરિજી મ., શ્રીવલ્લભસૂરિજી મ., શ્રી વિદ્યાવિજયજી. મ. વગેરે મુનિરાજો સંમેલનની સફળતાનો વિચાર કરવા માટે અને એક મજબૂત જૂથ ઊભું કરવા માટે દહેગામમાં ભેગા થયા. કેટલાક ઠરાવો પણ કર્યા. પણ ત્યાંથી તેઓ અમદાવાદમાં આવ્યા, ને ત્યાં પૂજ્યશ્રીના વ્યાપક વર્ચસ્વને જોયું, ત્યારે તેઓ સૌને ખાત્રી થઈ ચૂકી કે–શાસનસમ્રાટ્ની આગેવાનીથી જ સંમેલન સફળ બનશે, તે સિવાય નહિ.

પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી મ. પણ છાણીથી વિહાર કરીને આવી રહ્યા હતા. એક સમય એવો હતો કે શ્રીસિદ્ધિસૂરિ મ., દાનસૂરિ મ., લબ્ધિસૂરિ મ., તથા શ્રીસાગરજી મ. આદિનો પારસ્પરિક સુંદર મનમેળ હતો. પણ પછીથી કેટલાંક કારણોસર એ મનમેળનું સ્થાન મતભેદ અને મનભેદે લીધું હતું,

હવે આ વખતે નગરશેઠની ઈચ્છા એવી કે– પૂજ્યશ્રી તથા શ્રીસાગરજી મ. સાથે જ રહે. તેમણે એ પણ જાણી લીધું કે–શ્રીસાગરજી મ. ની પણ એવી જ ઈચ્છા છે.

પૂજ્યશ્રી તો ઉદારદિલ હતા. તેમના મનમાં મામકા પારકાના ભેદને સ્થાન ન હતું. તેઓશ્રી પણ શ્રીસાગરજી મ. ને સાથે ઉતારવાના વિચારવાળા જ હતા. સાગરજી મ. ના પધારવાના દિવસે શ્રીવિજયોદયસૂરિજી આદિ મુનિવરોને તેઓશ્રીએ સામે પણ મોકલ્યા. તેઓ આવી ગયા પછી તેમની સાથે જ નગરપ્રવેશ કર્યો. સૌ પાંજરાપોળ-ઉપાશ્રયે બિરાજ્યા. પૂજ્યશ્રીએ પોતાની વિલક્ષણ બુદ્ધિ, કુનેહ અને દૃષ્ટાન્તરૂપ ધીરજ તથા ઉદારતા વડે આંતરિક મતભેદોને દૂર કરીને સંપનું વાતાવરણ સર્જ્યું. આમ થવાથી શ્રીસાગરજી મ. તથા શ્રીવલ્લભસૂરિજી મ. વગેરે સંતોષ પામ્યા.

જો કે–કેટલાંક વિઘ્નસંતોષી પરિબળો પણ હતાં. તેઓ આ સંમેલનને માટે 'તે અવ્યવસ્થિત હોવાથી નિષ્ફળ જશે' એવી આગાહીઓ ઉચ્ચારતાં ફરતા હતાં.

પણ ખરું કહો તો મહાન્ કાર્યો અને મહાન્ પુરુષોની ખરી મહત્તા એના વિરોધી પરિબળો પરથી જ અંકાય છે. આમાં પણ એવું જ બન્યું. એ વિરોધી પરિબળોની પ્રવૃત્તિથી–સંમેલન કેવું ભગીરથ કાર્ય છે? અને તેથી જ આ કાર્યને હાથ ધરનાર પુરુષો કેવાં મહાન્ છે? એ વાત જનતા સારી રીતે સમજતી થઇ. પરિણામ એ આવ્યું કે–લોકોએ વિરોધીઓની અવગણના કરી.

નિયત કરેલા ફાગણ વદિ ત્રીજ–રવિવાર તા. ૪–૩–૧૯૩૪ના શુભ–દિવસે શ્રીનગરશેઠના વંડાવીલામાં બાંધવામાં આવેલ વિશાળ છતાં સુંદર મંડપમાં શુભ ચોઘડિયે આ ઐતિહાસિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિસંમેલનનો મંગળ-પ્રારંભ કરવામાં આવ્યો. શરૂઆતમાં સૌની વિનંતિને માન આપીને પૂજ્યશ્રીએ મંગલાચરણ કર્યું. પછી-સંમેલન નિર્વિઘ્નપણે સફળ થાય એ હેતુથી ત્યાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવ્યો. ૪૫૦ આચાર્યાદિ મુનિવરો, ૭૦૦ સાધ્વીજીઓ, અને હજારો શ્રાવક-શ્રાવિકાઓની હાજરીમાં આ સ્નાત્રોત્સવ અનેરા ઠાઠથી ઉજવાયો.

એ પછી શ્રીમાન્ નગરશેઠે પોતાનું ઓજસ્વી સ્વાગત-પ્રવચન આપતાં કહ્યું કે :—

આસન્ન ઉપકારી ચરમતીર્થંકર શ્રીવીરપરમાત્માને, અને અત્રે બિરાજતા તીર્થસ્વરૂપ ચતુર્વિધ શ્રીસંઘને ભાવપૂર્વક પ્રમાણુ કરી, અમારા રાજનગરમાં સમસ્ત શ્રીસંઘના વિનંતિયુક્ત નિમંત્રણથી કૃપા કરી, દૂર દૂરના પ્રદેશોમાંથી-ઉગ્ર વિહાર કરી પધારેલા પૂજ્ય આચાર્ય મહારાજો, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજો, આદિ પૂજ્ય મુનિરાજોને અત્રેના સમસ્ત શ્રીસંઘ તરફથી હું હૃદયપૂર્વક આવકાર આપતાં આનંદ પ્રદર્શિત કરું છું.

પ્રબલ પુણ્યોદયે પ્રાપ્ત થાય, એવા આ મહાન્ ઐતિહાસિક પ્રસંગનો લાભ અમારા નગરના શ્રીસંઘને મળવાથી અમો અમારાં અહોભાગ્ય માનીએ છીએ.

નિમંત્રણપત્રિકામાં દર્શાવેલા અનિચ્છનીય વાતાવરણના જે જે નિમિત્તો હોય, તે સર્વેનો વિચાર કરી શુદ્ધ શાંતિમય વાતાવરણ ઉત્પન્ન કરવાને આપ સહુ પૂજ્યોને પ્રયાસ કરવા મારી વિનંતિ છે.

આપના આ પુણ્ય પ્રયત્નમાં આપ સૌ પૂર્ણ સફળ થાઓ, જેથી આપણું મહાન્ ગૌરવશાળી શ્રી જૈનશાસન વધુ ગૌરવશાળી થાય, અને આ પ્રસંગ એક અજોડ ઐતિહાસિક પ્રકરણ બની રહે.

મુનિસંમેલનના કાર્યક્રમમાં આથી અધિક આપશ્રીઓને કહેવાનો અધિકાર મને ન હોય. છતાં આપણી ત્યાગપ્રધાન વીતરાગશાસનની ઉત્કૃષ્ટ આદર્શ સાધુ સંસ્થા આ સંમેલનના પ્રયત્નથી વધુ ને વધુ ઉત્કૃષ્ટ થાય, અને જૈન સમાજ પણ આવી આદર્શ સાધુ સંસ્થાથી પોતાની સાચી દિશા પામી, વધુ ને વધુ ઉન્નતિ કરે, એવી મારી ભાવના છે. વિનંતિરૂપે સૂચના કરું છું કે-'આ સંમેલનના કાર્યક્રમમાં ગચ્છ સામાચારી અને મુહપત્તિના વિષયો વિષે ચર્ચા થશે નહિં', એમ હું જ્યારે સર્વ ગચ્છોના મુનિઓને આમંત્રણ આપવાને મળ્યો હતો, ત્યારે મેં કબૂલ કર્યું છે. તેથી સંમેલનમાં આ વિષયોની ચર્ચા ના થાય, તેમ કરવા મારી વિનંતિ છે.

આ સંમેલનના કાર્યમાં જે જે ભાઈઓએ પોતાની સેવાઓ આપી સહકાર કર્યો છે, તે સૌનો હું આ સ્થળે આભાર માનું છું. મુનિસંમેલનની સફળતા ઇચ્છનારા જે જે સંદેશાઓ મને મળ્યા છે, તે હું આપ સમક્ષ વાંચી સંભળાવું છું. તેની પૂર્ણાહુતિ પછી આપ સૌ પૂજ્ય મુનિરાજોને સંમેલન માટેના મંડપમાં પધારી, સંમેલનના મંગલકાર્યની શુભ શરૂઆત વિશાળ હૃદયની ઉદાર ભાવનાથી કરવાને વિનંતિ કરું છું. ઉદાર ભાવનાથી થયેલા નિર્ણયોનો પ્રભાવ આપણા જૈનસમાજમાં ચિરકાળ શિરોધાર્ય થઈ રહે.

અંતમાં આ કાર્યને લઈને આપશ્રીના સમાગમમાં આવતાં મારાથી કોઈ પણ જાતનો અવિનય થયો હોય, તો તેની હું નમ્રભાવે ક્ષમા યાચું છું. જુદાજુદા ગામો યા શહેરોમાં બિરાજતા મુનિમહારાજોને હું જ્યારે આમંત્રણો કરવા ગયો હતો, ત્યારે તે સૌ સ્થળોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસંઘોએ અને જે અત્યંત ભાવપૂર્વક આવકાર આપેલો છે, તે સૌ શ્રીસંઘોનો પણ હું આભાર માનું છું."

પછી બહારગામથી આવેલા સંદેશાઓ વંચાયા. અને બરાબર ત્રણ વાગે આપણા પૂજ્યશ્રીના નેતૃત્વ તળે સમગ્ર સાધુમંડળ સંમેલન–મંત્રણા માટે રચાયેલા બંધ મંડપમાં પધાર્યું. સાધુગણ સિવાય તમામ સાધ્વી–શ્રાવક–શ્રાવિકાઓ સ્વસ્થાને ગયા. શ્રીફળની પ્રભાવના કરવામાં આવી.

આ સંમેલનની વિશિષ્ટતા અને ઐતિહાસિકતા એ હતી કે વર્તમાનમાં કોઈ સભા, મંડળ કે કોન્ફરન્સો ભરાય છે, ત્યારે જેમ પ્રમુખ–મંત્રી–વ્યવસ્થાપક વગેરેની વરણી કરવામાં આવે છે, તેમ અહીં નહોતું કરાયું. કોઈ પ્રમુખ નહિ, ને કોઈ મંત્રી નહિ. સૌ મુનિઓ પોતપોતાની મર્યાદાનુસાર દરેક વિષયમાં વિચારો આપી શકતા હતા. વસ્તુતઃ આ પદ્ધતિ પ્રાચીન તેમજ નિર્દોષ હતી. એનાથી કોઈને ક્યારેય કટુતા આવવાનો સંભવ ન હતો, તેથી જ આ પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે સંમેલન કરવાનું પ્રથમથી જ નક્કી કરવામાં આવેલું.

૩૪ દિવસ પર્યંત ચાલેલા આ સંમેલને સર્વ પ્રથમ ૭૨ અને તેમાંથી ૩૦ મુનિવરોની વિષય વિચારિણી સમિતિ રચી. એ સમિતિએ–દીક્ષા, દેવદ્રવ્ય, સંઘ, સાધુઓની પવિત્રતા, તીર્થો, સાધુસંસ્થામાં જ્ઞાનાદિની વૃદ્ધિ, દેશના, શ્રાવકોન્નતિ, પરસ્પર સંપની વૃદ્ધિ, ધર્મ ઉપર થતા આક્ષેપોને અંગે, ધર્મમાં રાજસત્તાનો પ્રવેશ, આ ૧૧ વિચારણીય વિષયો નક્કી કર્યા. એ વિષયો ઉપર ઘણા દિવસ સુધી ચર્ચા–વિચારણા ચાલી. શાસ્ત્રના અર્થો વિચારાયાં, છેવટે એ ૧૧ મુદ્દાઓ વિષે ઠરાવોના ખરડા ઘડવા માટે આ. શ્રીવિજયનંદનસૂરિ મ; પં. શ્રીરામવિજયજી મ., શ્રીપુણ્યવિજયજી મ., અને શ્રીચંદ્રસાગરજી મ., એ ચારની કમિટિ રચાઈ. તેમને એ ખરડા ઘડવાનું કાર્ય સુપ્રત થયું.

અઢી દિવસની વિચારણાને અંતે એ ચારની કમિટિએ પટ્ટકરૂપે ઠરાવો ઘડી, ને સંમેલનમાં રજૂ કર્યા. એના ઉપર પુનઃ ચર્ચા ચાલી. ઘણા દિવસ વીતી ગયા. તો ય એનો અંત આવે એવું ન જણાતાં સૌએ વિચાર્યું કે: આનો અંત ચર્ચાથી નહિ આવે. માટે આપણા આગેવાન પૂજ્ય પુરુષોને આ પટ્ટકના ખરડા પર વિચારણા કરવાનું વિનવીએ. તેઓ વિચારણા કરીને જે ઠરાવે, તે સંમેલનને મંજૂર.

આ વાતમાં સૌ સહમત થતાં–આપણા પૂજ્યશ્રી, શ્રીસાગરજી મ., શ્રીનીતિસૂરિજી મ., શ્રીજયસિંહસૂરિજી મ., શ્રીવલ્લભસૂરિજી મ., શ્રીભૂપેન્દ્રસૂરિજી મ., મુનિશ્રી સાગરચંદ્રજી મ., શ્રીસિદ્ધિસૂરિજી મ., શ્રીદાનસૂરિજી મ., આ નવ વૃદ્ધ મહાપુરુષોને એ મુસદ્દા સોંપાયા.

એ નવ પૂજ્યોએ દીર્ઘદૃષ્ટિભર્યા વિચાર વિનિમયને અંતે વિચારણીય ૧૧ મુદ્દાઓ ઉપર ચારની કમિટિએ ઘડેલા પટ્ટકમાં જ યોગ્ય સુધારો વધારો કરીને તેને માન્ય રાખ્યો. અને તેની નીચે શ્રીશ્રમણસંઘના નાયક તરીકે તેઓએ પોતાના હસ્તાક્ષર કર્યા. ચૈત્રવદિ છઠ (૧૯૯૦) નો એ ઐતિહાસિક દિવસ હતો.

ચૈત્ર વદિ સાતમના ચોત્રીસમા દિવસે એ પટ્ટક સંમેલનમાં જાહેર કરાયો. સમગ્ર મુનિમંડળમાં આથી અપાર આનંદની લાગણી જન્મી. જેને માટે તેઓ દૂર દૂરથી દીર્ઘ વિહાર ખેડીને અમદાવાદ આવ્યા હતા, તે ઐતિહાસિક મુનિસંમેલન આજે સફળતા સાથે પૂર્ણ થયું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્ર વદિ અગિયારસે વંડાવીલામાં ચતુર્વિધ સંઘ ભેગો થયો. સર્વ સાધુ-સાધ્વી મહારાજો અને ગામ-પરગામના હજારો શ્રાવક-શ્રાવિકાઓ હાજર રહ્યા હતા. તેઓ સમક્ષ શ્રીનગરશેઠે સંમેલનના પગરણના પ્રારંભથી માંડીને પૂર્ણાહુતિ સુધીની સર્વ બીનાઓને આવરી લેતું ટૂંકું પણ સચોટ ભાષણ આપ્યું:—

"પરમ તારક શ્રીતીર્થંકર દેવોથી નમસ્કૃત થયેલા ચતુર્વિધ શ્રીસંઘમાં અગ્રપદે વિરાજતા શાસન ધુરાધારી પરમપૂજ્ય આચાર્યદેવાદિ મુનિપુંગવો, પૂજ્યશ્રી સાધ્વીજીઓ, શ્રાદ્ધગુણ-વિભૂષિત ભાઈઓ અને બહેનો !

આપ શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘના દર્શન કરીને હું કૃતાર્થ થાઉં છું. આજનો દિવસ શ્રીજૈનશાસનના ઈતિહાસમાં એક પુણ્ય સ્મારક તરીકે ચિરંજીવ રહેશે.

છેલ્લાં થોડાંક વર્ષોથી આપણા જૈન સમાજમાં કેટલેક અંશે અનિચ્છનીય વાતાવરણ ઉત્પન્ન થયું હતું. આટલું પણ આપણા અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિકાલાબાધિત શ્રીવીતરાગ-શાસનમાં છાજે નહિ, અને પૂજ્યશ્રી મુનિસંઘ એકત્રિત થઈને ચર્ચાસ્પદ પ્રશ્નોના નિર્ણયો જાહેર કરે તો એ વાતાવરણને દૂર કરી શકાય, એમ આપણા સમાજના વિચારશીલ મુનિવર્યો અને ગૃહસ્થોને લાગવાથી જુદે જુદે સ્થળે ચાતુર્માસાર્થ બિરાજતા પૂજ્ય આચાર્યાદિ મુનિવર્યો સાથે જરૂરી વાટાઘાટ (ગૃહસ્થો દ્વારા) ચાલી રહી હતી, અને તેઓશ્રીએ પોતાનું સંમેલન ભરવાનું નક્કી કર્યું હતું.

આ શુભ સમાચાર પ્રાપ્ત થતાં ચાલુ વર્ષના કાર્તિક સુદ ૧૩ના આપણા રાજનગરના શ્રીસંઘના આગેવાન ગૃહસ્થોએ મળી પૂજ્ય શ્રીજૈન શ્વેતાંબર મુનિસંમેલન ભરવાનું આમંત્રણ કરવા માટે પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પાસે જવાનું નક્કી કર્યું હતું.

આ નિર્ણય મુજબ ચાલુ વર્ષના પોષ સુદ ૯ ના રોજ હું અને બીજા ત્રીસ ગૃહસ્થો પાલિતાણા ગયા અને ત્યાં બિરાજતા પ. પૂ. આચાર્યાદિ મુનિવર્યોને મળ્યા. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌નેમિસૂરીશ્વરજી મહારાજે મુનિસંમેલન માટે ફાગણવદિ ત્રીજનું મુહૂર્ત કાઢી આપ્યું.

આ પછીથી મુનિસંમેલનમાં પધારવા માટે લાઠીદડ, સુરત, ધરમજ, વઢવાણ, ખંભાત, પાટણ, ઈન્દ્રાડા, બામણવાડા, ભીનમાલ, સેરીસા, સાણંદ, વીરમગામ, વલાદ, વટવા વગેરે સ્થળે તેમજ અત્રે જુદા જુદા ઉપાશ્રયે બિરાજતા પૂજ્ય આચાર્યદેવાદિ મુનિવર્યોને આમંત્રણ આપવા કેટલાક ગૃહસ્થો સાથે હું ગયેલો અને દરેક સ્થળે મુનિસંમેલનને આવકારદાયક જણાવવામાં આવ્યું અને મુનિસંમેલનમાં પધારવાનો ચોક્કસ જવાબ પૂછતાં તેઓશ્રીની ધર્મમર્યાદાને યોગ્ય આશાભર્યા જવાબો મળ્યા હતા. અને આપણે જોઈ શકયા છીએ કે લગભગ બધા મુનિમહારાજાઓ અત્રે પધાર્યા હતા.

સાધુસંમેલન ભરવા માટેનું આપણું આમંત્રણ સ્વીકારાયા બાદ તેને અંગેની સર્વ ગોઠવણો કરવા માટે મહા સુદ બીજના અત્રે મળેલી આપણા શ્રીસંઘની સભામાં સ્વાગત મંડળની નિમણૂક કરવામાં આવી. આ સ્વાગત મંડળે કાર્યની સુવ્યવસ્થા માટે વૈયાવચ્ચ સમિતિ, સેવાદળ સમિતિ, અને મંડળ સમિતિ નીમી હતી. અને આ સમિતિઓએ આજ સુધી ઘણી ઘણી મીટીંગો ભરી તેમની ફરજ સંતોષકારક રીતે બજાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાસુદ પાંચમથી મુનિસંમેલનની નિમંત્રણ પત્રિકાઓ દરેક પૂ. આચાર્યાદિ મુનિવર્યોને બની શક્યું ત્યાં સુધી ગૃહસ્થો દ્વારા હાથોહાથ પહોંચાડવાની ગોઠવણ કરવામાં આવી હતી.

ફાગણ સુદ પૂર્ણિમાની રાતના આઠ વાગે શ્રીસંઘની સભા મેળવીને ત્યાં સુધીમાં થયેલું કાર્ય જણાવવામાં આવ્યું હતું.

અગાઉથી જાહેર થયા મુજબ ફાગણ વદ ત્રીજના બપોરના વિજયમુહૂર્તમાં ચતુર્વિધ શ્રીસંઘ એકત્રિત થયો હતો. આ પ્રસંગે ચારસો ઉપરાંત પૂજ્ય મુનિવર્યો, સાતસો ઉપરાંત સાધ્વીજીઓ અને અગિયાર હજાર ઉપરાંત શ્રાવક-શ્રાવિકાઓની ભવ્ય હાજરીમાં શરૂમાં મંગલ તરીકે શ્રીસ્નાત્રપૂજા તથા શાંતિકલશ ભણાવવામાં આવ્યા. અને મારું આવકારનું ભાષણ તથા સંમેલનની સફળતાના સંદેશા વાંચી સંભળાવ્યા બાદ શ્રીસંઘે પધારેલા મુનિવર્યોને વંદન કર્યું હતું. ત્યારપછી પૂ. મુનિવર્યો મુનિસંમેલન માટે ખાસ બાંધેલા ભવ્ય મંડપમાં પધાર્યા હતા.

આ આખોય અનુપમ પ્રસંગ હતો. દરેકની મુખમુદ્રા ઉપર અપૂર્વ આનંદ અને ઉત્સાહ ઝળકી રહેલો જણાતો હતો. જેમણે એ પુણ્ય દૃશ્ય નિરખ્યું છે, તેમના અંતરપટ ઉપર એ ચિરસ્મરણીય રહેશે, એ નિઃશંક છે.

મુનિ સંમેલનનું કાર્ય પ્રથમથી જ બંધબારણે ચાલતું હતું. અને મારી મારફત સંમેલન તરફથી જાહેર કરવામાં આવ્યું હતું કે–'કોઈ છાપામાં આવતી કોઈ પણ ખબરોને વજન આપવું નહિ.' આ બીના ધ્યાનમાં લઈ આપણા સમાજે નવ આચાર્યોની કમિટિમાંથી અમુક અમુક આચાર્યો ઉઠી ગયા વગેરે બિનસત્તાવાર અનુચિત ખબરોથી દોરવાઈ નહિ જતાં, જે શાંતિ રાખી છે, તેને માટે હું આપણા સમાજનો ઉપકાર માનું છું.

મુનિસંમેલન શરૂ થયા પછીથી કેટલીક વિચારણા બાદ ફાગણ વદ પાંચમના રોજ બહોંતેર મુનિરાજોની એક મંડળી નીમાઈ હતી. ત્યારબાદ કાર્યની સરળતા માટે ફાગણ વદ આઠમના રોજ ત્રીસ મુનિરાજોની મંડળી નીમાઈ. અને તે મંડળીએ નિર્ણય કરવા માટે ફાગણ વદ ૧૦ના રોજ અગિયાર મુદ્દાઓ વિચારી, તેના ઉપર પોતાના નિર્ણયનો ખરડો તૈયાર કરવાનું કાર્ય પૂજ્ય આચાર્યશ્રી વિજયનંદનસૂરિજી, પૂજ્ય પંન્યાસશ્રી રામવિજયજી, મુનિમહારાજ શ્રીપુણ્યવિજયજી અને મુનિરાજ શ્રીચંદ્રસાગરજી, એ ચાર મુનિરાજોને ચૈત્ર શુદ બીજના રોજ સોંપ્યું હતું. જેઓએ બે જ દિવસમાં તેમનો તૈયાર કરેલો ખરડો ત્રીસ મુનિરાજોની મંડળીમાં રજૂ કર્યો હતો.

આ ખરડા ઉપર વિચારણા કરતાં એક નવી મંડળી નીમવાની જરૂર જણાવાથી–પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી, પરમપૂજ્ય આ. શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી, પ. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી, પ. પૂ. આ શ્રીવિજયભૂપેંદ્રસૂરીશ્વરજી. પ. પૂ. આ. વિજયસિદ્ધિસૂરીશ્વરજી, પ.પૂ.આ. શ્રીવિજયનીતિસૂરીશ્વરજી, પ.પૂ. આ. શ્રીવિજયદાનસૂરીશ્વરજી- પ. પૂ. આ. વિજયજયસૂરીશ્વરજી, પૂજ્ય મુનિરાજશ્રી સાગરચંદ્રજી, એ નવની સર્વેને બંધનકારક નિર્ણયકારી મંડળી ચૈત્ર શુદ ૧૧ના રોજ સર્વ સત્તા સાથે નીમાઈ હતી.

આ મંડળીએ ચૈત્ર વદ ૬ સુધી અગિયાર મુદ્દાઓની દીર્ઘ વિચારણા કરીને સર્વાનુમતે કરેલા નિર્ણયો ચૈત્ર વદ સાતમના રોજ સવારે બધા મુનિરાજો સમક્ષ જાહેર કર્યા હતા. આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્ણયો હિંદુસ્તાનના સકલ શ્રીસંઘને અત્રે નિમંત્રી પ્રસિદ્ધ કરવાનું આપણે નક્કી કર્યું હતું. પરંતુ-હાલ આપણા શહેરમાં ચાલતાં મેનીનજાઈટીસના ઉપદ્રવને અંગે તેમ કરવું અશક્ય હોઈ આપણે લાચાર છીએ, જેથી આ નિર્ણયોની નકલ દરેક ગામના શ્રીસંઘને મોકલી આપવાનું નક્કી કર્યું છે. આપ સર્વ સમક્ષ તે નિર્ણયો પરમપૂજ્ય આચાર્ય શ્રીમત્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ વાંચી સંભળાવશે.

આ ઐતિહાસિક ને યશસ્વી મુનિસંમેલનમાં અનેક વિશિષ્ટતાઓ પૈકીની કેટલીક ખાસ આદર્શરૂપે છે. જેમકેઃ–નવ વૃદ્ધ મહાપુરુષોએ અગિયારે મુદ્દાના નિર્ણયો કાંઈ પણ વિરૂદ્ધતા વિના એક જ મતે કરી ઘણું જ ઉત્તમ દૃષ્ટાંત પૂરૂં પાડયું છે.

સંમેલન પહેલાં અનેક પક્ષભેદ અને વિચારભેદમાં વહેંચાયેલા જણાતા પૂજ્ય મુનિઓએ સંમેલન મંડપમાં તેઓની બેઠક મર્યાદા મુજબ લઈ લીધી હતી.

વર્તમાન સમયની પદ્ધતિ મુજબ કોઈ પણ પ્રમુખની નિમણુક કર્યા વિના, પરાપૂર્વની શાસ્ત્રીય પ્રથા મુજબ પૂજ્ય આચાર્યાદિ વડીલોની આમન્યા બરાબર જાળવીને તેત્રીસ દિવસ સુધી કાર્ય કર્યું. દરરોજ પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પુનિત નવકારમંત્રથી મંગળાચરણ કરી, કાર્યની પૂર્ણાહુતિ પણ મંગલાત્મક શ્લોકથી કરતાં. રોજના માત્ર ૨॥ થી ૩ કલાક એવાં ફક્ત તેત્રીસ જ દિવસમાં નિર્ણયો કરવા વિષયો તારવ્યા, તે સંબંધી શાસ્ત્રીય ચર્ચાઓ કરી, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ વિચાર્યા, અનેક મંડળીઓ નીમી, અને સર્વાનુમતે સફળ નિર્ણય કર્યો.

સંમેલનના મળવા અગાઉ બધા સાધુઓ એકત્રિત થાય, એ દુઃશકય મનાતું. મળ્યા પછી પ્રેમભાવે વર્તે એ પણ દુઃશકય મનાતું, અને છેવટે સર્વાનુમતે નિર્ણયો કરી શકે તે અશકય મનાતું. પરંતુ આપણા પૂજ્ય મુનિરાજોએ બધી જ માન્યતાઓને તેમની હૃદયની ઉદારતાથી ખોટી પાડી છે. એટલું જ નહિ, પણ અમુક સ્વાર્થ ખાતર કિંવા પોતાની માન્યતા બીજાને માથે ઠોકી બેસાડવા ખાતર આ મુનિસંમેલન ઊભું કરાયું છે, એવી વાતો મુનિસંમેલનના સર્વમાન્ય નિર્ણયોથી બિનપાયાદાર ઠરી છે. હું તો પહેલેથી જ કહેતો આવ્યો છું કે, "આપણા સાધુ તે સાધુ જ છે."

કચ્છ–કાઠિયાવાડ–માળવા–મારવાડ–મુંબઈ અને દિલ્હી જેવાં દૂર દૂરના તેમજ નજદીકના પ્રદેશમાંથી સતત અને મુશ્કેલીભર્યો પાદવિહાર કરીને ટૂંક સમયમાં આપણા નિમંત્રણથી મુનિમહારાજોએ તથા સાધ્વીજીઓએ અત્રે પધારી, આપણા શ્રીસંઘને અત્યંત ઋણી બનાવ્યો છે, ને આજે આપણા રાજનગરને જે સુયશ પ્રાપ્ત થયો છે, તે સર્વ પ્રતાપ આ મુનિમહારાજોનો છે.

અંતમાં આવાં મહાન્ ઐતિહાસિક મુનિસંમેલનને નિમંત્રણ કરી, તેની સુવ્યવસ્થા જાળવવી એ અત્યંત કઠિન છતાં જે અપૂર્વ સફળતા મળી છે, તે આપણા શ્રીસંઘના ઉલ્લાસભર્યા સંપૂર્ણ સહકારને જ આભારી છે. જે જે ભાઈઓએ જુદી જુદી સમિતિઓમાં રહીને, અને કેટલાકોએ મારી સાથે જ રહીને આ શુભ કાર્યમાં જે સેવાઓ આપી છે, તે સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ભાષણ પછી સમસ્ત સંઘ વતી શેઠ કસ્તૂરભાઈ લાલભાઈએ શ્રીનગરશેઠના પ્રશંસનીય અથાગ પ્રયત્નોને બિરદાવ્યા. આ પછી સંઘની જાણકારી માટે શ્રીમાન્ સાગરજી મહારાજે 'સંમેલનનો નિર્ણયાત્મક પટ્ટક' ત્યાં વાંચી સંભળાવ્યો. પછી એ પટ્ટક નગરશેઠને સોંપતા તેઓએ એ અસલ પટ્ટક શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સુપ્રત કર્યો. સંમેલનના નિમંત્રણથી લઈને પટ્ટક પર્યંતની ઉપયોગી બાબતોની હિંદી તથા ગુજરાતીમાં પુસ્તિકા છપાવવામાં આવી. અને તે ભારતભરના સંઘોને મોકલી અપાઈ.

આમ શ્રીનગરશેઠના શાસનસેવાની તમન્નામૂલક અવિરત પ્રયાસથી, શ્રીસંઘના સહકારથી, તથા આપણા મહાન્ ચરિત્રનાયકશ્રીના બુદ્ધિ–કુનેહ અને ઉદારતાથી ભરપૂર નેતૃત્વના પ્રભાવથી આ ઐતિહાસિક મુનિસંમેલન સફળ બન્યું.

—*—

# [૫૧]

## આ યુગનું ભગીરથ કામ:

પૂજ્યશ્રીનું આ ચાતુર્માસ ક્ષેત્રસ્પર્શનાએ જાવાલ (રાજસ્થાન)માં કરવાનું નિર્ણીત થયું હતું. અહીં બહારની વાડીમાં તેઓશ્રીના ઉપદેશથી બંધાઈ રહેલું નૂતન જિનાલય હવે તૈયાર થયું હતું. એમાં પધરાવવા માટે શ્રીસંપ્રતિ મહારાજાના સમયની શ્રીઆદિનાથ ભગવાનની અલૌકિક પ્રતિમા ખંભાતથી લાવવામાં આવેલી. આજુબાજુના બે પ્રાચીન બિંબો પણ શિરોહીથી મળી ગયેલા.

એ દેરાસરની પ્રતિષ્ઠા કરાવવાની તથા ચોમાસું બિરાજવાની વિનંતિ કરવા અહીંનો શ્રીસંઘ ભાવનગર આવેલો. સંઘની આગ્રહપૂર્ણ વિનંતિનો પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ સ્વીકાર કર્યો, અને પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે બીજા વૈશાખ શુદ ત્રીજ (અક્ષયતૃતીયા)નો શુભ દિવસ ફરમાવ્યો. શ્રીસંઘે અપાર આનંદથી એ વધાવી લીધો.

આ પછી–અમદાવાદથી બને તેટલો વહેલાસર વિહાર કરવાની ભાવના હતી. કારણકે–અમદાવાદથી ૧૫૦ માઈલ જેટલો પંથ હતો. ઉનાળો પણ આવતો હતો. પરંતુ–સંમેલનનો પ્રસંગ યોજાતાં તેઓશ્રી ધારણા પ્રમાણે વિહાર ન કરી શકયા. સદ્ભાગ્યે આ વર્ષે વૈશાખ બે હતાં, એટલે કાંઈક નિરાંત હતી.

સંમેલન અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થઈ જતાં પૂજ્યશ્રીએ પ્રથમ વૈશાખ શુદમાં પિસ્તાલીશ શિષ્ય–પ્રશિષ્યોના પરિવાર સાથે જાવાલ તરફ વિહાર કર્યો. પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ આદિ મુનિવરો વિહારમાં પાનસર સુધી સાથે રહ્યા. પાનસરથી તેઓ પુનઃ અમદાવાદ ગયા, અને પૂજ્યશ્રી મહેસાણા–પાલનપુર–જીરાવલાજીના રસ્તે અનુક્રમે જાવાલ પધાર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં સંઘે અનેરા ઉમળકાથી સ્વાગત કર્યું. પ્રતિષ્ઠા–ઉત્સવના દિવસો બિલકુલ નજીકમાં આવતા હતા. લોકોનો ઉલ્લાસ પણ વધી રહ્યો હતો. આમંત્રણ–પત્રિકા સર્વત્ર પાઠવવામાં આવી. પ્રથમ વૈ. વ. ૧૦ થી મહોત્સવનો પ્રારંભ થયો. આઠે દિવસ નવનવાં પૂજા–પૂજનો અને પ્રભાવનાઓ થવા લાગ્યા. પંચતીર્થની ભવ્ય રચના ઉત્સવનું આકર્ષણ કેન્દ્ર બની. દ્વિ–વૈ. શુ. ત્રીજના દિવસે શુભલગ્ને પૂજ્યશ્રીના પુનિત સાંનિધ્યમાં પ્રભુજીની ગાદીસ્થાપનક્રિયા ભવ્ય રીતે સંપન્ન થઈ.

પ્રતિષ્ઠા પછી ભિન્નમાલના વતની શા. તારાચંદજી નામના એક ભાવિકને દીક્ષા આપી. મુનિશ્રી પ્રેમવિજયજી નામ રાખીને સ્વશિષ્ય કર્યા. પછી પૂજ્યશ્રી આબુ–અચલગઢ યાત્રાર્થે પધાર્યા. યાત્રા કરીને પુનઃ જાવાલ આવ્યા.

ચોમાસામાં આ. શ્રીવિજયોદયસૂરિજીના શિષ્ય અને પં. શ્રીઅમૃતવિજયજીના સંસારી–પિતા વયોવૃદ્ધ મુનિશ્રી હર્ષવિજયજી મહારાજ પાંચ વર્ષનો ચારિત્ર પર્યાય પાળીને અંત વેળાએ સુંદર નિર્યામણાપૂર્વક કાળધર્મ પામ્યા. તેમણે સં. ૧૯૮૫ માં મહુવા મુકામે દીક્ષા અંગીકાર કરેલી. પાકટ ઉંમરે પણ તેમણે ચારિત્રનું નિરતિચાર પાલન કર્યું. એની અનુમોદના નિમિત્તે જાવાલ–સંઘે તથા તેમના કુટુંબીજનોએ મહોત્સવ કર્યો.

ચોમાસું ઉતરવાની તૈયારી હતી, ત્યારે શેઠ શ્રીમાણેકલાલ મનસુખભાઈ વગેરે શ્રાવકો આવ્યા. અમદાવાદથી શ્રીસિદ્ધાચલજી તથા શ્રીગિરનારજી મહાતીર્થનો છ'રી' પાળતો સંઘ કાઢવાની શેઠની ભાવના હતી.

યાત્રા–સંઘમાં જોડાયેલા યાત્રિકોને પાળવાના છ નિયમો. એ દરેક નિયમને છેડે 'રી' શબ્દ હોય. એટલે એ છ નિયમ પાળનારા સંઘને છ 'રી' પાળતો સંઘ કહ્યો.

એમાં—પહેલી 'રી' એકાહારી. એકવાર આહાર (ભોજન) કરે તે એકાહારી. સંઘમાં જોડાયેલો યાત્રિક વિહારની સાથે આહારનો પણ નિયમ પાળે. એ નિયમના ફાયદા બે દૃષ્ટિએ જોઈએ,–ધાર્મિક દૃષ્ટિથી એ નિયમ પાલકને તપશ્ચર્યાનો મહા–લાભ મળે. વ્યવહાર દૃષ્ટિએ–પગે ચાલનારે તબિયત સ્વસ્થ રાખવા માટે આહારમાં નિયમ રાખવો ઘટે. તે આ એકાશનથી આપમેળે આવી જાય છે. એટલે શરીર પણ નીરોગી જ રહે.

બીજી'રી' ભોંય સંથારી. ભૂમિ પર કઠોર શય્યામાં સૂએ તે ભૂમિસંથારી. કોમળ શય્યા માનસિક વિકારો જાગૃત કરે. એથી મન અપવિત્ર બને. તીર્થયાત્રિકે તો મનને સદા સાફ રાખવું ઘટે. માટે જ તે ભૂમિશય્યાનો નિયમ પાળે.

ત્રીજી'રી' પાદચારી. પગપાળા ચાલે તે પાદચારી. શરીરને કસવાનો–ખડતલ બનાવવાનો આ ઉમદા ઉપાય છે. અને–માત્ર પગે ચાલવાથી જ પાદચારી નથી બનાતું. એણે તો જયણા રાખવી ઘટે. જિનશાસનમાં તો જયણા એ જ ધર્મ. માર્ગે ચાલ્યો જાય, પણ પગ તળે ઝીણી પણ જીવાત તો નથી દબાતી ને? એનો ઉપયોગ રાખીને યાત્રાળુ ચાલે.

ચોથી 'રી' શુદ્ધ સમ્યક્ત્વધારી. જૈન યાત્રીના ચિત્તમાં એક જ ભાવ હોય કે 'તે જ સત્ય છે, અસંદેહ છે, જે જિનભગવાને ઉપદેશ્યું છે. આ નિર્મલ મનોભાવનો ધારક શુદ્ધ સમ્યક્ત્વધારી બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમી 'રી' છે સચિત્તપરિહારી. જયણાને જ નિજધર્મ માનનારા યાત્રિકે સચિત્તનો પરિહાર–ત્યાગ કરવો ઘટે. કોઈનો અજાણ્યે પણ વધ થાય, એવી પ્રવૃત્તિ એ ન કરે.

અને છેલ્લી–છઠ્ઠી 'રી' છે–બ્રહ્મચારી. છ એ 'રી'માં શિરમોર છે આ 'રી'. વિષય–વાસનામાં ગળાબૂડ રાચેલા યાત્રિકે યાત્રાના અવસરે વિવેક કેળવવો ઘટે. વિવેકીનું ચિત્ત વિશુદ્ધ બને છે. વિશુદ્ધ ચિત્તવાળાની વાસનાઓ વિલય પામે છે, અને વાસના વિનાનો આત્મા નિર્મળ બ્રહ્મચર્યનું અધિષ્ઠાન બને જ છે.

આ મહાન્ છ નિયમોનું પાલન કરનાર યાત્રિકોનો સમુદાય મળીને તીર્થયાત્રા કરે તે છ'રી' પાળતો સંઘ કહેવાય. કોઈ પુણ્યશાળી આત્માને ભાવ થાય કે-યથાશક્તિ આવા યાત્રાળુઓને હું યાત્રા કરાવું. તો એ નિમંત્રણદ્વારા યાત્રાળુઓને ભેગા કરે, જે યાત્રા કરાવે તે સંઘપતિ બને. સંઘપતિ એટલે 'સંઘનો પતિ' નહિ, પણ સંઘ જેનો પતિ–સ્વામી બન્યો તે–સંઘસેવક.

શાસ્ત્રો કહે છે કે : "ઈન્દ્રપદ અને ચક્રવર્તીપદ પ્રશંસનીય ખરાં. પણ એથી અધિક શ્લાઘ્ય તો 'સંઘપતિપદ' જ છે. કારણ કે-એ મહાન્ પુણ્યોદયે જ પમાય છે."

પ્રાચીનકાળમાં અનેક પુણ્યાત્માઓ આ પદના ભાજન બન્યા છે. સમ્રાટ્ સંપ્રતિ, મહારાજા કુમારપાળ, અને મંત્રીશ્વર વસ્તુપાળ વગેરે એમાં અગ્રેસર છે. એ પુણ્યાત્માઓએ અનેક વાર મહાન્ સંઘયાત્રાઓ કાઢેલી.

સંઘયાત્રા કાઢવાના ફાયદા અનેકવિધ છે. સૌથી પહેલો લાભ સંઘપતિને. કહે છે કે— આવો સંઘ કાઢનાર આત્મા ચતુર્વિધ સંઘના દર્શન કરીને-ભક્તિ કરીને ક્રમશઃ તીર્થંકરપદ મેળવવા પણ શક્તિમાન્ બને છે.

પૂર્વે વર્ણવેલા છ નિયમોના પાલક યાત્રાળુઓને તો અપૂર્વ આત્મિક લાભ છે જ. એ સાથે એમના મનોબળની ક્યારેક કસોટી પણ થાય છે. માર્ગમાં એકલાં પડવું, ભૂલા પડવું, હિંસક વન્યપશુઓ તથા ચોર આદિનો આકસ્મિક ભય, વગેરે અનેક સંકટોમાંથી પસાર થવું પડે. એથી એમનું મનોબળ મજબૂત બને–નીડર બને. આ પણ એક સુંદર ફાયદો છે.

સંઘ જ્યાં જ્યાં જાય, પછી તે ગામડું હોય કે નગર હોય, ત્યાંના જૈન-જૈનેતર લોકોના હૈયામાં આ યાત્રિકોને જોઈને એક અપૂર્વ ભાવ પેદા થાય છે—અનુમોદનાનો. એના પ્રતાપે કંઈક ભદ્રજીવો પોતાનું કલ્યાણ સાધી જાય છે. કેટલાંય અધર્મીઓ ધર્મસન્મુખતા મેળવે છે. મિથ્યાત્વીઓને પણ સમ્યક્ત્વનો સ્પર્શ થાય છે.

કોઈ સ્થળે રાજશાસકોમાં જિનશાસનના વિરોધી તત્ત્વો હોય, અને તેથી સંઘને હાનિ થતી હોય, તો એનું નિવારણ આ યાત્રા–સંઘ દ્વારા થઈ શકે. યાત્રિકોની પવિત્ર ભાવના, સંઘપતિની વિલક્ષણ પ્રતિભા, અને ગુરુભગવંતોની અહિંસાપ્રધાન દેશના એ રાજશાસકોના દ્વેષભાવને ડામવા સમર્થ બને છે. પરિણામે સ્થાનક જનતાને તથા આગંતુક સંઘને વિશિષ્ટ લાભો મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક યાત્રા–સંઘ નીકળે, તો સેંકડો મજૂરો વગેરે માનવોને વિભિન્ન પ્રકારે રોજીરોટી મળે છે. એથી સમાજનો ગરીબવર્ગ સારા પ્રમાણમાં પોષાય છે. એ સામાજિક લાભ પણ છે.

આધ્યાત્મિક તથા સામાજિક દૃષ્ટિએ આવાં અગણિત લાભ આપનાર મહાન્ સંઘ કાઢવાની ભાવના શેઠ માકુભાઈ ને થઈ હતી. અને એ સંઘ પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં નીકળે, એવી ઇચ્છાથી તેઓ વિનંતિ કરવા જાવાલ આવેલા. તેમણે પૂજ્યશ્રીને અમદાવાદ પધારવા માટે ભારપૂર્વક આગ્રહ કર્યો.

જો કે–પૂજ્યશ્રીની પ્રેરણાથી અમદાવાદના તથા મારવાડના ગૃહસ્થો તરફથી શ્રીરાણકપુરજી તીર્થનો જીર્ણોદ્ધાર ચાલુ હતો. તેની પ્રતિષ્ઠા કરવાનો વિચાર ચાલતો હતો. એ નિમિત્તે જુદા જુદા ગૃહસ્થો તરફથી નવકારશીઓ પણ નોંધાવા લાગી હતી. સાદડી તથા ગોલવાડનો સંઘ પ્રતિષ્ઠા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી ગયેલો.

જોધપુરના વકીલ શ્રીજાલમચંદજી વગેરે ગૃહસ્થો પણ વિનંતિ કરી ગયેલા કે 'એક વાર કાપરડાજીની યાત્રાએ પધારો.' પૂજ્યશ્રીની પણ ભાવના હતી કે– મારવાડમાં એએક વર્ષ રહેવું.

પણ જ્યાંના અન્નજળ બળવાન્ હોય, ત્યાં અવશ્ય જવું પડે છે. અહીં પણ એમ જ બન્યું. લાભાલાભનો વિચાર કરતાં અમદાવાદ જવું ઉચિત જણાવાથી પૂજ્યશ્રીએ શેઠની વિનંતિ સ્વીકારી અને વિહાર કરીને અમદાવાદ પધાર્યા.

શેઠશ્રીએ સંઘની ભવ્ય તૈયારીઓ કરી હતી. શેઠ પ્રતાપસિંહ મોહોલાલ વગેરે શ્રેષ્ઠિવર્યો એમના આ મહાકાર્યમાં સર્વ પ્રકારે સહકાર આપી રહ્યા હતા. આમંત્રણ–પત્રિકા સર્વત્ર મોકલેલ હોવાથી સંઘમાં જોડાવા માટે ભાવિક વર્ગ ઠેરઠેરથી આવી રહ્યો હતો. માગશર વદિ દશમનો દિવસ સંઘના મંગલપ્રયાણ માટે નિયત થયો.

આ પહેલાં વિઘ્નોના વિનાશ માટે શેઠશ્રીએ બૃહતનંદ્યાવર્ત્ત પૂજન કરાવ્યું, અને તીર્થયાત્રાનો વિધિ કરવાપૂર્વક માગશર વદિ દશમે શ્રીસંઘે પૂજ્યશ્રીની નિશ્રા સાથે અનુપમ ઠાઠથી મંગલપ્રસ્થાન કર્યું.

સંઘપ્રયાણનો વરઘોડો ખૂબ દબદબાભર્યો નીકળ્યો. હજારો માનવો એમાં જોડાયા હતા. ભાવનગરના દિવાન સર પ્રભાશંકર પટ્ટણી વગેરે રાજ્યાધિકારીઓ પણ આ પ્રયાણયાત્રામાં સામેલ થયા હતા. અરે ! લગભગ ચાર લાખ જેટલો માનવમેદની તો આ મહાન સંઘને જોવા માટે જ ઉમટી હતી. શહેરનો વાહન વ્યવહાર ખુદ સરકારે ચાર કલાક બંધ રખાવેલો.

આપણા મહાન્ ચરિત્રનાયકશ્રી, પૂ. સાગરજી મ., આ. શ્રી વિજયમોહનસૂરિજી મ., આ. શ્રીવિજયમેઘસૂરિજી મ., વગેરે ૨૭૫ જેટલાં મુનિભગવંતો, ૪૦૦ ઉપરાંત સાધ્વીજી મહારાજો, લગભગ ૧૩ હજાર છ 'રી' પાળતાં યાત્રિકો, ૮૫૦ બળદગાડીઓ અને અનેક મોટરો–ખટારાઓ સહિત ૧૩૦૦ જેટલાં વાહનો, ચાંદીનો મહેન્દ્રધ્વજ, સુવર્ણરસેલો ચાંદીનો રથ, ચાંદીનો મેરુપર્વત, ચાંદીનું જિનમંદિર (ફોલ્ડિંગ), તથા ચાંદીની મનોરમ અંબાડી અને હોદ્દાથી દીપા રહેલા ભાવનગર અને ધ્રાંગધ્રા સ્ટેટના બે મહાકાય ગજરાજો, વગેરેથી લોકમાનસમાં અનેરી ભાત પાડતી આ સંઘપ્રયાણયાત્રા શહેરના મુખ્ય મુખ્ય વિસ્તારોમાં ફરતી ફરતી બે કલાકે ત્રણ દરવાજા પાસે પહોંચી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પૂર્વે અપાર ભીડ અને ધક્કામુક્કીમાં પણ પૂજ્યશ્રીની સાથે શાન્તભાવે ચાલતા વયોવૃદ્ધ શ્રી પટ્ટણી સાહેબને કોઇકે કહ્યું કે : સાહેબ ! આ ભયાનક ભીડમાં આપને ઘણી ભીંસ પડશે, માટે આમાંથી નીકળીને બહાર પધારો.

આ સાંભળીને પટ્ટણી સાહેબ કહે : અહીં હું એક સત્તાધીશ તરીકે નથી આવ્યો. પણ એક ધર્મકાર્યમાં ભાગ લેવા આવ્યો છું. અત્યારે હું પૂજ્ય મહારાજશ્રી તથા સંઘવીજીના કબજામાં છું. તેઓશ્રીની આજ્ઞા જ અત્યારે સર્વોપરિ છે." આમ કહીને તેઓ ત્રણ દરવાજા સુધી નિરાંતે ફર્યા, ત્યાંથી તેઓને આગળ લઈ જવામાં આવ્યા.

સંઘનો પહેલો પડાવ જૈન સોસાયટીમાં કરવો કે જૈન મરચંટ સોસાયટીમાં ? એ પ્રશ્ન ઉપસ્થિત થયો. બન્ને સોસાયટીવાળા ભાઈઓ પોતાને ત્યાં પધારવાનો અતિ આગ્રહ કરી રહ્યા હતા. છેવટે–જૈન સોસાયટીવાળાને આદેશ અપાયો. સંઘ ત્યાં પધાર્યો. ત્યાં ત્રણ દિવસ મુકામ કર્યો. ત્રણેય દિવસ જૈન સોસાયટીવાળાએ સંઘની સર્વ ભક્તિ કરીને મહાન્ લાભ મેળવ્યો. આગળ મુકામોની ગોઠવણ અને સગવડ બરાબર થઈ જતાં માગશર વદિ તેરસે સંઘ સરખેજ આવ્યો. ત્યાં બે દિવસ રહીને ધોળકા આવ્યો.

સંઘનો પડાવ જ્યાં નાખવાનો હોય, એ જગ્યા 'મનસુખનગર'માં ફેરવાઈ જતી. ભવ્ય કમાનથી સુશોભિત ત્રણ પ્રવેશદ્વારવાળા આ મનસુખનગરની મધ્યમાં 'માણેક' ચોક રચાતો, એમાં ચાંદીનું નાજુક છતાં સુંદર જિનાલય ગોઠવાતું. એની પાછળ પોલિસ થાણું રહેતું, અને ચોતરફ યાત્રિકોના તંબૂઓ તથા રાવટીઓ છવાઈ જતાં. એમાં સર્વપ્રથમ સંઘપતિનો સુવર્ણકળશથી શોભતો વિશાળ, રજવાડી ઠાઠયુક્ત તંબૂ નખાતો. પછી કચેરી વગેરેના તંબૂઓ, તેની સામે પૂજ્યશ્રી માટેનો વિશાળ તંબૂ, પછી સાગરજી મ. આદિ સૂરિવરો અને સર્વ મુનિવરો માટેના નાના મોટાં તંબૂઓ નખાતા. એ બધાંની ફરતાં યાત્રાળુ ગૃહસ્થોના તંબૂઓ રહેતાં. અને એક નિરાળી છતાં મધ્યવર્તી જગ્યામાં સાધ્વીગણને ઉતારો અપાતો. એકંદર ૭૫ મોટાં તંબૂઓ અને ૧૫૦૦ ઉપરાંત નાની મોટી રાવટીઓ વગેરે બહોળું સાધન હતું. પ્રત્યેક સાધન બેવડું હતું. એટલે આગલા મુકામની રચના એક દિવસ અગાઉ જ થઈ જતી. આથી બીજા દિવસે સંઘ ત્યાં પહોંચે ત્યારે અગવડ વેઠવી ન પડતી. ભાવનગર અને ધ્રાંગધ્રા વગેરે રાજ્યોના ભક્તિપૂર્ણ સહયોગનું એ પરિણામ હતું.

જ્યાં જ્યાં સંઘનો પડાવ થાય, ત્યાં એક વિજયી મહારાજાની છાવણીની શોભા જામી જતી.

દડમજલ કરતો સંઘ એક પછી એક મુકામ વટાવતો આગળ વધવા લાગ્યો. લીંબડી આવ્યો. સંઘ જે જે ગામે આવતો, તે તે ગામના ઠાકોર–દિવાન વગેરે રાજશાસકો ઘણા ઉમંગથી સંઘનો સત્કાર કરતાં, અને જોઈતી સઘળી સગવડ કરી આપતાં. પૂજ્યશ્રીની સર્વતંત્ર સ્વતંત્ર પ્રતિભા અને સંઘવીજીની ઉદારતા સૌ કોઈને આકર્ષતી હતી. લીંબડીમાં સંઘ આવ્યો, ત્યારે ત્યાંના મહાજને તથા મહારાજા શ્રી દોલતસિંહજીએ સ્ટેટના સમગ્ર સાજ સાથે સંઘનું દબદબાભર્યું સામૈયું કર્યું. આ સામૈયું જોવા સમગ્ર ઝાલાવાડ–લીંબડીમાં ઠલવાયું હતું. વઢવાણથી તો એક સ્પેશ્યલ ટ્રેન સંઘ-દર્શન માટે આવી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘમાં પ્રતિદિન વિભિન્ન ગૃહસ્થો તરફથી નવકારશી થતી. એમાં રોજ લગભગ ૧૫–૧૭ કે ૨૦ હજાર લોકો લાભ લેતાં. કહે છે કે–સંઘના મુખ્ય રસોડામાં સામાન્યતઃ હંમેશાં ૩૦૦ મણ પકવાન્ન, ૪૦૦ મણ ફરસાણ, ૪૫ મણ ભાત, ૨૦ મણ દાળ અને ૬૦ મણ શાક, આટલી રસોઈ થતી હતી. ૮૦૦ મણ તો સરપણ (બળતણ) જોઈતું હતું. લીંબડીની નવકારશીમાં ૨૦૦૦૦ માણસોએ લાભ લીધો. અહીં સંઘ બે દિવસ રોકાયો,

બીજે દિવસે મહાજને ના. લીંબડી–નરેશના પ્રમુખપદે એક મેળાવડો યોજ્યો. એમાં મુર્શીદાબાદના બાબુસાહેબ શ્રીપતસિંહજી, આંબલિયાના કારભારી ત્રંબકલાલભાઈ વગેરે અનેક અધિકારીઓએ હાજરી આપી. આ મેળાવડામાં ના. મહારાજાએ સંઘવીજીને માનપત્ર આપ્યું. સંઘવીજીએ ભારે નમ્રતાથી એનો સ્વીકાર કરીને લીંબડીની પાંજરાપોળ, બોર્ડિંગ વગેરે સંસ્થાઓમાં ઉદાર રકમનું દાન જાહેર કર્યું. લીંબડીના સંઘમાં લ્હાણું પણ કર્યું.

લીંબડીથી સંઘ ચુડા ગયો. ચુડાના ઠાકોર સાહેબે તથા સંઘે સુંદર સ્વાગત–સન્માન કર્યું. લીંબડીનરેશે તથા ચુડા–દરબારે પોતાના રાજ્યમાં સંઘ પધાર્યો તે દિવસે કાયમ જીવદયા પાળવાનો હુકમ જાહેર કર્યો. આ પછી પૂજ્યશ્રીએ અસરકારક ઉપદેશ ફરમાવતાં સંઘ જે મહિનામાં આવ્યો, તે આખો મહિનો જીવદયા પાળવાની જાહેરાત કરી.

સંઘ આગળ વધ્યો. સરવામાં સંઘવીજી તરફથી ઉપાશ્રય કરાવી આપવાનું જાહેર થયું. વીંછીયા–જસદણ–આટકોટ વગેરે ગામો સંઘે પસાર કર્યાં. આગળ ગોંડલ આવતું હતું. પણ ગોંડલના મહારાજાએ સંઘ પાસેથી જકાત લેવાનું નક્કી કર્યું. આ વાત જાણતાં જ સંઘવીજીએ તત્કાલ નવો નિર્ણય લીધો. ગોંડલને પડતું મૂકીને બારોબાર વડીયા જવાનું જાહેર કર્યું. જો સંઘ જકાત ભરીને ગોંડલ જાય, તો ભવિષ્યના સર્વ યાત્રાસંઘો માટે જકાત ભરવાનો ચીલો ખુલ્લો થતો હતો, જે સર્વથા અનિચ્છનીય હતો. એ જ કારણે કાર્યક્રમમાંથી ગોંડલ પડતું મુકાયું.

વડીયાનો નાનો સંઘ તથા ત્યાંના ઠાકોરશ્રી સંઘને તન–મન–ધનની બધી સગવડ આપવા તૈયાર થયા. સંઘ પોતાને ત્યાં પધારે, એ તેમને મન ઉલ્લાસ અને ઉમંગ વધારનારી વાત હતી.

આ તરફ સંઘના ભવ્ય સ્વાગત માટે ગોંડલનો જૈનસંઘ જ નહિ, પણ ત્યાંનું મહાજન પણ ઘણું આતુર હતું. મહાજને તૈયારીઓ પણ સારી કરેલી. પણ સંઘ ગોંડલ નથી આવવાનો એ જાણીને એને ઘણો ખેદ થયો. આવા મહાન્ સંઘ પાસે જકાતની માંગણી કરવી, એ એને ખૂબ અનુચિત જણાયું. ના.મહારાણી સાહેબા પણ એ વિચારને મળતા હતા. વળી એક જકાતને જ કારણે આવો મોટો સંઘ ગોંડલને ટાળીને જાય, એ મહાજન માટે અસહ્ય વાત હતી. એણે તરત જ પોતાના મહારાજાનો નિર્ણય ફેરવવા માટે પ્રયાસો આદર્યા. રાજાજીને સમજાવ્યા કે: "આ તો ગોંડલની આબરૂનો સવાલ છે. બધાંય રજવાડાઓએ સંઘને પ્રેમથી આવકાર્યો છે, અને સન્માન્યો છે. અરે ! આ વડીયા જેવી નાની ઠકરાત પણ ગોંડલનું નાક કપાતું જોઈને હરખાય છે, અને સંઘને પોતાને ત્યાં લઈ જાય છે. આ પરિસ્થિતિમાં આપણી આબરૂને ખાતર પણ જકાતની વાત જવા દઈને સંઘને અહીં લાવવો જ જોઈએ."

મહાજનની વાત મહારાજાને યોગ્ય જણાઈ. તેમણે સંઘની જકાત માફ કરવાનો હુકમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપતાં કહ્યું કે : "તમે જાવ, અને સંઘને તથા મહારાજશ્રીને અમારા વતી ઘણાં માનપૂર્વક વિનંતિ કરીને અહીં લઈ આવો."

મહારાજાનો આદેશ મળતાં જ મહાજન ઉપડયું માયાપાદર. સંઘનો મુકામ ત્યાં હતો. ગોંડલના ખોજા તથા વહોરા કોમના ક્રોડપતિ આગેવાનો મહાજનની મોખરે હતા. તેઓ સીધા પૂજ્યશ્રી પાસે ગયા, અને સંઘ સાથે ગોંડલ પધારવાની પૂજ્યશ્રીને વિનંતિ કરી. ખોજા તથા વહોરા કોમના ક્રોડપતિ મોવડીઓએ માથા પરથી ટોપીઓ ઉતારીને કહ્યું કે: "અમારા મહારાજાની ઈચ્છા છે કે—અહીંથી ઠેઠ ગોંડલ સુધી જાજમ પાથરીને સંઘને ગોંડલ પધરાવવો છે. માટે આપ આ વિનંતિ માન્ય કરો." પૂજ્યશ્રીએ તેમને સંઘવીજી પાસે જવા જણાવ્યું.

મહાજન સંઘવીજી પાસે આવ્યું. સંઘવીજીએ સૌનો ઉચિત સત્કાર કર્યો. મહાજને મહારાજા તથા ગોંડલની પ્રજા વતી નમ્રતાભરી વિનંતિ કરી કે : સંઘ લઈને ગોંડલ પધારો.

જવાબમાં સંઘવીજીએ કહ્યું : સઘળો કાર્યક્રમ વ્યવસ્થિત નક્કી થયો છે, એટલે હવે ગોંડલ આવવાનું કઈ રીતે બને ?

પણ મહાજન ન માન્યું. એ કહે : ચાહે તે થાય, પણ સંઘે ગોંડલ પધારવાનું જ છે. ભલે બધો કાર્યક્રમ ફેરવવો પડે.

મહાજનની મક્કમ વાત સાંભળીને સંઘવીજી વિચારમાં પડ્યા. તેઓ સંઘના વ્યવસ્થાપકો સાથે પૂજ્યશ્રી પાસે ગયા. લાભાલાભની વિચારણા કરીને છેવટે ગોંડલવાળાની વિનંતિ સ્વીકારી, ત્યાં જવાનું નક્કી કર્યું. વડીયાનો પ્રોગ્રામ મુલતવી રખાયો. નિશ્ચિત વ્યવસ્થામાં એકાએક ઝડપી ફેરફાર થવાથી ગરબડ થવાની દહેશત હતી. પણ તેની જવાબદારી વ્યવસ્થાપકોએ ઉપાડી લીધી.

ગોંડલના મહાજનનો હર્ષ અપાર હતો. તેઓ ગોંડલ જઈને સ્વાગતની અપૂર્વ તૈયારીમાં મચી પડ્યા. ના. મહારાજા પણ આ સમાચારથી પ્રસન્ન બન્યા. મહારાણી સાહેબા સહિત આખા રાજકુટુંબની ઈચ્છા પૂર્ણ થઈ.

માયાપાદરથી ખંભાળીયા—રોજડી થઈને સંઘ ગોંડલ શહેરમાં આવ્યો, ત્યારે ના. મહારાજા સહિત સમસ્ત પ્રજાએ ભવ્ય સામૈયું કર્યું. વ્યાખ્યાનમાં પણ મહારાજા સાથે આખું રાજકુટુંબ આવ્યું હતું. અહીં સંઘ બે દિવસ રોકાયો. એકવાર સંઘ પાસેથી જકાતની માંગણી કરનાર મહારાજાએ બે દિવસ સુધી પાણી—બળતણ વગેરેની સંપૂર્ણ સગવડ સ્ટેટ તરફથી આપી.

આમ ગોંડલની મીઠી મે'માનગતિ માણીને ત્રીજે દિવસે સંઘ આગળ વધ્યો. વીરપુર, જેતપુર, ચોકી અને વડાલ થઈને જુનાગઢ આવ્યો. સંઘના સ્વાગતની તૈયારીઓ મહાજને મોટા પાયા પર કરેલી. સંઘ આવવાના દિવસે સ્ટેટ તરફથી પણ ઠેર ઠેર પાણીનો તથા સંરક્ષણનો બંદોબસ્ત કરાયો હતો. સ્ટેટના રૂઆબદાર મિલિટરી બેન્ડ સાથે મહાજને સંઘનું ભવ્ય સામૈયું કર્યું. મુખ્ય દિવાન સાહેબ વગેરે અમલદારો પણ એમાં સામેલ હતા. સામૈયું શહેરમાં ફરીને તળેટી પાસેની વિશાળ જગ્યામાં ઉતર્યું. સંઘનો પડાવ ત્યાં નખાયો.

પ્રવેશના દિવસે જુનાગઢ-સંઘ તરફથી સંઘજમણ થયું. સાંજે ખાસ ઊભા કરાયેલા મંડપમાં મોટો મેળાવડો યોજાયો. સ્ટેટના મુખ્ય દિવાન સર પેટ્રીક કેડલે એમાં પ્રમુખસ્થાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભાળ્યું. એ મેળાવડામાં જુનાગઢના મહાજન વતી સંઘવીજીને માનપત્ર એનાયત કરતાં દિવાનસાહેબે કહ્યું કે : "જુનાગઢ સ્ટેટ વતી શેઠશ્રી માકુભાઈ મનસુખભાઈ અને સંઘના યાત્રિકોનું સ્વાગત કરતાં મને આનંદ થયો છે. સંઘના કાર્યને પાર પાડવા માટે શેઠે જે શુભપ્રયાસ કર્યો છે, અને પવિત્ર યાત્રાનો લાભ આપવા માટે જે આ તક ઉપસ્થિત કરી છે, તે બદલ આ માનપત્ર મહાજન તરફથી શેઠને અર્પણ કરતાં મને આનંદ થાય છે."

શેઠશ્રીએ પણ ઘણી નમ્રતાથી તેનો પ્રત્યુત્તર વાળીને શહેરની સંસ્થાઓમાં હજારો રૂપિયાની ઉદાર સખાવતો જાહેર કરી. આ પછી બીજી અનેક સંસ્થાઓએ તેમને માનપત્ર આપ્યાં.

બીજે દિવસે-એટલે કે મહાશુદિ ત્રીજને દિવસે સમસ્ત સંઘે ગિરનાર મહાતીર્થની યાત્રા કરી. શ્રીનેમિનાથ ભગવાનની દીક્ષા તથા કેવલજ્ઞાન કલ્યાણકની ભૂમિરૂપ સહસાવન (સહસ્રામ્રવન) અને નિર્વાણ કલ્યાણકની ભૂમિ-પાંચમી ટુંક વગેરે સર્વ ટુંકોની સ્પર્શના અને યાત્રા કરીને, પ્રભુના દર્શન-પૂજન કરીને સૌ કૃતાર્થ બન્યા. સંઘવીજીએ પણ હૈયાના વિશુદ્ધ ભાવ અનુસાર ગિરિરાજની સેવા પૂજા કરીને લગભગ ત્રીસ હજારની કિંમતના રત્નજડિત સુવર્ણ-હારથી મૂળનાયક દેવાધિદેવ શ્રીનેમનાથ પ્રભુની પૂજા કરી. એ પછી સકલ સંઘની હાજરીમાં પૂજ્યશ્રીએ માલારોપણ વિધિ કરાવીને સંઘવીજીના કાકી શેઠાણી શ્રીમાણેકબેન (શેઠ જમનાભાઈ ભગુભાઈના ધર્મપત્ની) ને તીર્થમાળા પહેરાવી. આ પ્રસંગે પૂજ્ય પં. શ્રીગંભીરવિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી અવદાતવિજયજીને તથા પૂ. શ્રીમણિવિજયજી મ. ના પ્રશિષ્ય મુનિશ્રી નયવિજયજીને પંન્યાસપદ પણ અપાયું. માળારોપણના અવસરે ત્યાં એકત્ર થયેલા જનસમૂહની જયગર્જનાથી આખો ગિરનાર જાણે શબ્દમય થઈ ગયો. વિધિ પૂર્ણ થયા બાદ સૌ નીચે આવ્યા.

જૂનાગઢમાં ચાર દિવસની સ્થિરતા કરીને ત્યાંથી વડાલ-વાવડી-તોરી-કુંકાવાવ-આંકડીયા થઈને સંઘ અમરેલી આવ્યો. અમરેલી ગાયકવાડી મહાલ હતું. ગાયકવાડી રાજ્યની હદમાં સંઘ પ્રવેશતાં જ અગાઉના સર્વ રાજ્યોની જેમ ગાયકવાડ સરકારે પણ સંઘને સુંદર સગવડ કરી આપી. અમરેલીના પ્રવેશમાં ત્યાંના સુબા શ્રી પીલાજીરાવ ગાયકવાડે હાજરી આપી. મહાજનનું માનપત્ર પણ તેમના હાથે સંઘવીજીને અપાયું.

અમરેલીથી આગળ વધેલો સંઘ ભાવનગરની હદમાં પ્રવેશ્યો. શરૂઆતથી જ સંઘને વિશિષ્ટ સહકાર આપનાર આ રાજ્યે અહીં પણ ઘણો સુંદર બંદોબસ્ત કરી રાખ્યો હતો.

સાવરકુંડલાના સંઘની વિનંતિથી અમુક આપ્તવર્ગ સાથે સંઘવીજી ત્યાં ગયા. ત્યાં સર પ્રભાશંકર પટ્ટણીના પ્રમુખપદે યોજાયેલા એક મેળાવડામાં કુંડલાના મહાજને અભિનંદનપત્ર આપ્યું. એ વેળા શ્રીપટ્ટણીસાહેબે સંઘવીજીના પિતાજી શેઠ મનસુખભાઈના ભાવનગર રાજ્ય સાથેના મીઠા સંબંધોનું પ્રેમપૂર્વક સ્મરણ કરીને હાર્દિક અભિનંદનથી સંઘવીજીને સત્કાર્યા. અને 'ધર્મસત્તા એ એક મહાન્ સત્તા છે, જેની આગળ રાજસત્તાએ નમવાનું જ હોય છે'. એ પોતાના શ્રદ્ધાપૂર્ણ વિચારને આ પ્રસંગે જાહેર રીતે વ્યક્ત કર્યો.

ભાવનગરની હદ પૂરી કરીને સંઘ પાલિતાણાની હદમાં-ગારિયાધારમાં પ્રવેશ્યો. પાલિતાણાના દિવાન શ્રીમૂળરાજકુમારસિંહજી અહીં દર્શનાર્થે આવી ગયા. હંમેશની જેમ અહીં

૩૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ચોતરફથી માનવમેદની ઉમટી પડેલી. અહીંથી સોમલ–ઘેટી થઈને સંઘ પાલિતાણાના પાદરે પહોંચ્યો. યાત્રિગણના હૃદયમાં આજે ઉલ્લાસની છોળો ઉછળતી હતી. ગિરિરાજના પુનિત દર્શને સૌને પુલકિત બનાવ્યા હતા. આજે મહાવદિ બીજ હતી. નવ વાગે મંગલ–પ્રવેશનું ચોઘડિયું હોવાથી સંઘે ગામ બહાર વિસામો લીધો. થોડી વારમાં આણંદજી કલ્યાણજીની પેઢીએથી સામૈયું આવી પહોંચતાં સૌ તૈયાર થયા. સમયસર સ્વાગત શરૂ થયું. યાત્રાળુઓ ઉપરાંત ગામના તથા બહારગામથી સંઘના દર્શન માટે આવેલા લોકોની સંખ્યા ચાલીસ હજારનો આંક વટાવી ગઈ હતી. ખાસ સંઘના દર્શન માટે મદ્રાસથી પણ સ્પેશ્યલ ટ્રેન આવી હતી.

દિવાન સાહેબ પ્રથમથી જ હાજર હતા. ના. ઠાકોર સાહેબ પણ ઘોડે સુધી આવ્યા હતા. ગામમાં બહોળા વિસ્તારમાં ફરીને સામૈયું સંઘના પડાવમાં–મનસુખનગરમાં ઉતર્યું. પછી પૂજ્યશ્રીએ બુલંદસ્વરે ધર્મદેશના ફરમાવી.

સંઘવીજીએ ગાર્ડન પાર્ટી યોજીને ના. ઠાકોરશ્રીને સપરિવાર નોતર્યા. તેમાં તેમના પરિવારને વિવિધ પહેરામણીઓ આપી.

તીર્થમાળારોપણનો મંગલ દિવસ મહાવદિ પાંચમનો નિર્ણીત કરવામાં આવ્યો. આ મંગલ પ્રસંગને નિહાળવા માટે ગામ–પરગામના હજારો જૈનોને એકત્ર થયેલાં જોઈને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાવેલા સાચાં હીરા અને રત્નોથી ભરપૂર મુગટ–તિલક–હંસ–બાજુબંધ અને શ્રીફળ વગેરે આભૂષણો માળારોપણના શુભ દિવસે જ દયાળુ દાદાને ચઢાવવાનો વિચાર પેઢીના વહીવટદારોએ કર્યો. એ માટે પૂજ્યશ્રીની સંમતિ મળતાં મહાવદિ બીજે એક મજબૂત અને સર્વ બાજુથી સુસંરક્ષિત તંબૂમાં એ આભૂષણો સંઘના દર્શન માટે ખુલ્લાં મુકાયાં. અને એ આભૂષણો પ્રભુજીને પહેરાવવાની ઉછામણી શરૂ કરી. એ બે દિવસ ચાલી. મહાવદિ ચોથે પેઢીના કાર્યવાહકો– શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ, શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ પ્રતાપસિંહ મોહોલાલ, શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ, શેઠ ચીમનલાલ લાલભાઈ, શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીયા વગેરે તથા અન્ય હજારો ભાઈબહેનોની હાજરીમાં એ આભૂષણોનો આદેશ અપાયો.

મુગટ ચડાવવાનો આદેશ સુરતવાળા ખરતરગચ્છીય શેઠ ફત્તેહચંદ પ્રેમચંદ ઝવેરીએ રૂ. ૧૫૦૦૧) માં લીધો. તિલકનો આદેશ શેઠ મયાભાઈ સકરચંદે, હંસનો આદેશ શેઠ રતિલાલ નાથાલાલ લલુભાઈએ, શ્રીફળનો આદેશ શેઠ ભગુભાઈ ચુનીલાલે, અને બાજુબંધનો આદેશ શેઠ ગુલાબચંદ નગીનદાસે લીધો. મુગટ ચડાવનારને દાદાની પ્રથમ પૂજાનો આદેશ પણ આપવામાં આવ્યો.

આ ઉપરાંત દયાળુ દાદાના જિનાલયના શિખર ઉપર ચડાવવા માટે નવો ચાંદીનો કલશ તૈયાર કરાવ્યો હતો. નવ હજાર ત્રણ સો અને છ તોલા ચાંદીથી બનેલા એ કલશને ૧૮૭ તોલા અને સાત વાલ જેટલા શુદ્ધ સોનાથી રસવામાં આવેલો. એ કલશની પ્રતિષ્ઠાની ઉછામણી પણ બોલાઈ. ભારે રસાકસીને અંતે એનો આદેશ શેઠ ચીમનલાલ લાલભાઈએ (હીરાચંદ રતનચંદવાળા) રૂ. ૪૫૦૧) માં લીધો. બીજી ઘુમટીઓના કલશોના આદેશ પણ અન્યાન્ય ભાવિકોએ લીધા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવદ પાંચમે સવારે અનેક વાજિંત્રોના મંગળનાદ સાથે સંઘે ગિરિરાજ ચઢવો શરૂ કર્યો. દોઢ માસના પ્રવાસનું ધ્યેય આજે પૂરું થતું હતું. એથી હર્ષમાં આવીને યાત્રિકો મધુર-ગંભીર અવાજે ગિરિરાજની સ્તવનાના ગીતો લલકારતાં ચઢી રહ્યા હતાં. હજારો યાત્રિકોના સ્તુતિ-સ્વરને લીધે ગિરિરાજ જાણે શબ્દાદ્વૈતમય બની ગયો હતો, અને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને પોતાના પવિત્ર રજકણોનો સ્પર્શ કરાવવા દ્વારા જાણે પવિત્ર બનાવતો હતો. હોંશે હોંશે ગિરિરાજનું ચઢાણ પૂરું કરીને સૌ દાદાના દરબારમાં પહોંચ્યા. વીસ હજારની મેદનીને લીધે દાદાના દરબારે જાણે માનવ-સમુદ્રનું સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ ભાસતું હતું.

આ વખતે પ્રથમ પૂજાનો લાભ મુગટ ચઢાવનાર પુણ્યાત્મા ફત્તેહચંદ પ્રેમચંદે લઈને દાદાના મસ્તકે હીરા-રત્ને મઢેલો મુગટ ચડાવ્યો. હજારો નેત્રો આતુર-નયને આ દૃશ્ય જોઈ રહ્યા હતા. મુગટ ચઢ્યા બાદ દાદાનું અલૌકિક તેજ નિહાળીને સૌ કોઈના મુખમાંથી ગગન-ભેદી જયનાદ નીકળી રહ્યાં.

બીજા ભાવિકોએ પણ તે તે આભૂષણો ચડાવ્યા. શિખર તથા ઘુમટીઓ ઉપર કલશની પ્રતિષ્ઠા પણ પૂજ્યશ્રીના વિશુદ્ધ મંત્રોચ્ચાર અને વાસક્ષેપપુરઃસર કરવામાં આવી. આ પછી સમસ્ત સંઘે દયાળુ દાદાને અનેરા ભાવથી પૂજ્યા-જુહાર્યા.

પછી-દાદાના સુવિશાળ દરબારમાં (સ્નાત્રમંડપમાં) પૂજ્યશ્રીએ અગણ્ય જનસમૂહની હાજરીમાં સંઘવીજી તથા સંઘવણ શેઠાણી શ્રીસૌભાગ્યલક્ષ્મી બેન વગેરેને વિધિપૂર્વક તીર્થ-માળા પહેરાવી. એ અવસરે સંઘવીજીએ હર્ષપુલકિત હૈયે દયાળુ દાદાને કંઠે રૂ. પચાસ હજારની કિંમતનો રત્નખચિત હાર પહેરાવ્યો. પૂજ્યશ્રીએ આપેલી પ્રસંગોચિત અને ભાવો-ત્પાદક ધર્મદેશના સાંભળ્યા પછી સૌ નીચે-મનસુખનગરમાં આવી ગયા. સૌના મુખ પર કાંઈક પામ્યાનો સંતોષ તરવરતો હતો.

પાલિતાણાથી સંઘ ગિરિરાજની બાર ગાઉની પ્રદક્ષિણા કરવા ગયો. હસ્તગિરિ-કદંબ-ગિરિની યાત્રા કરીને પુનઃ પાલિતાણા આવ્યો, અને પૂજ્યશ્રી આદિ મુનિવરો કદંબગિરિમાં રોકાયા.

સંઘ પુનઃ પાલિતાણામાં આવ્યા પછી અનેક સંસ્થાઓએ સંઘવીજીને માનપત્ર આપ્યાં. યશોવિજયજી જૈન ગુરુકુલ તથા પાલિતાણા-મહાજને શ્રીદિવાનસાહેબના પ્રમુખપદે માનપત્ર આપ્યાં. સંઘવીજીએ સર્વત્ર ઉદાર રકમોનું દાન જાહેર કર્યું. અને મહાવદિ દશમના દિવસે તેઓએ મોટર દ્વારા અમદાવાદ ભણી પ્રયાણ કર્યું.

દોઢ માસ સુધી ચાલેલો આ યાત્રાસંઘ જે જે રાજ્યમાં ગયો, તે તે રાજ્યે એક દિવસ, એક મહિનો કે તેથી ઓછાવત્તા દિવસો અમારિ પાળવાનું જાહેર કર્યું હતું.

સંઘ જ્યાં જ્યાં જતો, ત્યાં હજારોની સંખ્યામાં જનસમૂહ દર્શનાર્થે ઉમટતો. લીંબડી, જુનાગઢ, પાલિતાણા વગેરે સ્થળોએ તો એ માટે સ્પેશ્યલ ટ્રેઈનો દોડાવાઈ હતી.

હંમેશાં જુદાં જુદાં ગૃહસ્થો તરફથી નવકારશીઓ થતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘવીજી સર્વત્ર ઉદારતાપૂર્વક દાન કર્યે જ જતા હતા. એ ઉદારતાનો પ્રભાવ વ્યાપક પડતો હતો. ધ્રાંગધ્રા–લીંબડી–વળા–ભાવનગર વગેરે રાજ્યોનો સહકાર અવિસ્મરણીય રહ્યો. તે તે રાજાઓનો પૂજ્યશ્રી પ્રત્યેનો ભક્તિભાવ અને સંઘવીજીના સૌની સાથેના મીઠાં સંબંધોનું એ પરિણામ હતું.

સંઘવીજીને લગભગ આઠ લાખ રૂપિયાનો (તે વખતના) ખર્ચ થયો હતો. એ સિવાય સંઘમાં શેઠ ચીમનલાલ લાલભાઈ વગેરે નાના સંઘવીઓના સ્વતંત્ર રસોડાં સંઘભક્તિપૂર્વક ચાલતાં. તેઓને પણ પ્રત્યેકને ૪૦–૪૦ હજાર જેવો ખર્ચ થયેલો.

'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" (Times of India) એ આ મહાન્ સંઘનું વર્ણન કરતાં તેને કુમારપાળ મહારાજાના સંઘની સાથે સરખાવ્યો. બીજાં વર્તમાનપત્રોએ પણ સંઘ તથા સંઘવીજીને સુંદર શબ્દોમાં બિરદાવ્યા.

આવા કાળમાં પણ આવો મહાન્ સંઘ કાઢવો, તેને હેમખેમ પાર પાડવો, એ ખરેખર ભગીરથ કામ હતું. પૂજ્યશ્રીમાન્‌ના આશીર્વાદથી એ ભગીરથ કામ શેઠ માકુભાઈએ કરીને જગત્‌ને બતાવી આપ્યું કેઃ કાળા માથાંનો માનવી ધારે તે કરી શકે છે એની સાથે–કદી ઓછું ન થાય, એવું પુણ્યાનુબંધી પુણ્ય પણ ઉપાર્જ્યું.

—o—

# [ ૫૨ ]

## પુનિત પ્રેરણા અને ભવ્ય ભાવના :

કદંબગિરિનો ઉદ્ધાર, એ પૂજ્યશ્રીના જીવનનું મહાન્ કર્તવ્ય હતું. એ કર્તવ્ય સંપૂર્ણ પાર પાડવાની તેમની નેમ હતી. તેથી જ તેઓશ્રી ત્યાં રોકાયા હતા. ડુંગર ઉપર નૂતન જિનાલયના નિર્માણનું મહાકાર્ય ચાલુ હતું તેમાં યોગ્ય માર્ગદર્શન દ્વારા સુધારાવધારા સૂચવ્યા–કરાવ્યા.

અહીં સાવરકુંડલાનો સંઘ ત્યાં પધારવાની વિનંતિ કરવા આવ્યો. ક્ષેત્રસ્પર્શનાએ તેનો સ્વીકાર કરીને પૂજ્યશ્રીએ વિહાર કર્યો. ભંડારિયા આવ્યા.

અહીં અચાનક શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ આવ્યા. પૂજ્યશ્રીને પાલિતાણા લઈ જવા માટે તેઓ આવેલા. કારણ કે–કાઠિયાવાડના તે વખતના પોલિટિકલ એજન્ટ પાલિતાણા આવવાના હતા. આ વખતે જો પૂજ્યશ્રી ત્યાં બિરાજતા હોય, તો તેઓશ્રીની પાસે પોલિટિકલ એજન્ટને લાવવાની સારાભાઈની ઈચ્છા હતી. પૂજ્યશ્રી તેમની સાથે તીર્થસંબંધી વાતચીત કરે, અને તેમને આપણા હક્ક અંગેના મુદ્દાઓ સમજાવે તો ઘણા પ્રશ્નોનો નિકાલ વિના પ્રયત્ને આવી જાય તેમ હતું. આ દૃષ્ટિથી તેઓ આવ્યા. તેમની વાત સાંભળીને પૂજ્યશ્રીએ પાલિતાણા પધારવાની હા કહી. એકાદ દિવસમાં વિહાર કરવાનું વિચાર્યું.

પણ રે ! કુદરતની લીલા અકળ છે. ઘણીવાર માનવીને ગમે છે, એ કુદરતને નથી રુચતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"**श्रेयांसि बहुविघ्नानि** ।" અહીં એવું જ બન્યું. બીજે જ દિવસે પૂજ્યશ્રીને ચકરીનો વ્યાધિ થઈ ગયો. સં. ૧૯૭૦ની સાલમાં તેઓશ્રીને આ વ્યાધિ થયેલો, તે આ વર્ષે પુનઃ ઉદ્ભવ્યો. એને લીધે વિહાર કરવો તો અશક્ય જ હતો. એટલે ભંડારિયામાં જ સ્થિરતા કરવી પડી. પાલિતાણાની વાત જતી કરવી પડી. આ અંગે પૂજ્યશ્રીના મનમાં ઘણો અફસોસ થયો. તીર્થોની જટિલ સમસ્યાઓનો સહેલાઈથી નિવેડો આવવાની સર્વ અનુકૂળતાઓ ભેગી થઈ, તે ટાણે જ આ વ્યાધિના ઉદ્ભવથી તેઓશ્રીને ઘણું દુઃખ થયું. પણ આથી તેઓશ્રી નિરાશ તો ન જ થયા. નિરાશાને કે નિરુત્સાહતાને તેઓશ્રીના જીવનમાં સ્થાન જ ન હતું. આજે નહિ તો કાલે, ધારેલું કામ થવાનું જ છે, એવી મક્કમતા તેઓશ્રીની રગરગમાં વ્યાપેલી હતી. અને એનાં જ પરિણામ છે કે–અનેક મહાતીર્થો ઉદ્ધારને પામ્યાં,–અને તેના હક્કો સુરક્ષિત રહ્યાં.

એકાદ અઠવાડિયામાં આ વ્યાધિ શમી ગયો. આ જ અરસામાં – વાલી (રાજસ્થાન) ના વતની શ્રી હજારીમલજી નામના એક ગૃહસ્થ આવ્યા. તેમના એક પુત્રે પૂજ્યશ્રીના શિષ્ય પં. શ્રી અમૃતવિજયજી પાસે મુનિ શ્રી ખાન્તિવિજયજીના નામે દીક્ષા લીધી હતી. તેમના બીજા પુત્ર નવલમલની ભાવના પણ દીક્ષા લેવાની હતી. તેની દૃઢતા જોઈને તેના પિતા વગેરે અહીં પૂજ્યશ્રી પાસે આવ્યા ને વિનંતિ કરી કે: અમારા પુત્રની દીક્ષા આપના પવિત્ર હસ્તે કદંબગિરિમાં કરવાની અમારી ભાવના છે.

એટલે પૂજ્યશ્રી કદંબગિરિ પધાર્યા. ચૈત્ર વદિ બીજે નવલમલને દીક્ષાપ્રદાન કર્યું. તેનું નામ મુનિ નિરંજનવિજયજી રાખીને મુનિ ખાંતિવિજયજીના શિષ્ય બનાવ્યા.

પૂજ્યશ્રીના કાકાગુરૂ પૂજ્યશ્રી નીતિવિજયજી દાદાના પ્રશિષ્ય પં. શ્રી મણિવિજયજી મ. (પૂ. સાગરજી મ. ના સંસારી વડીલભાઈ) ના શિષ્ય પં. શ્રી કુમુદવિજયજી મ. આદિ મુનિવરો અહીં આવ્યા હતા. શ્રી કુમુદવિજયજીની દીક્ષા – સં. ૧૯૫૮માં પૂજ્યશ્રીએ કરેલી. એમને અહીં ચૈત્ર વદિ પાંચમે ઉપાધ્યાય પદવી ધામધૂમ સાથે અર્પણ કરી.

આ પછી કદંબગિરિથી વાવડી–કોટીયા–ઠળિયા–કામરોળ થઈને તળાજા પધાર્યા. અહીં અનેક ગામોના સંઘો ચાતુર્માસની વિનંતિ કરવા આવ્યા. તેમાં મહુવાની વિનંતિ પૂજ્યશ્રીએ સ્વીકારી, અને મહુવા પધાર્યા. સં. ૧૯૯૧નું આ ચોમાસું ત્યાં બિરાજ્યા. આ ચોમાસામાં પૂજ્યશ્રીનો સાધુ– સાધ્વીઓનો પરિવાર વિશાલ પ્રમાણમાં હતો. સાધુ ભગવંતોના ઠાણા–૫૦ તથા સાધ્વીજી મહારાજોના ઠાણા–૫૫ હતા. અનેક સૂત્રોના યોગોદ્વહન પણ અહીં પૂજ્યશ્રીએ સાધુ-સાધ્વીઓને કરાવ્યા હતાં. મહુવા શ્રી સંઘની ભક્તિ પણ કોઈ અલૌકિક હતી.

ચોમાસા પૂર્વે જેઠ શુદિ અગિયારસના દિવસે ઉપાધ્યાય શ્રીવિજ્ઞાનવિજયજી ગણિવરને આચાર્યપદવી, તથા પં. શ્રી અમૃતવિજયજી ગણિ અને પં. શ્રી લાવણ્યવિજયજી ગણિને ઉપાધ્યાયપદવી મહોત્સવપુરઃસર અર્પણ કરી. ગોધરા (પંચમહાલ) નિવાસી અને યુવાન વયમાં જ વૈરાગ્યવાસિત બનેલા શા. શાંતિલાલ વાડીલાલ નામના યુવાનને દીક્ષા પણ આપી. મુનિ શુભંકરવિજયજી નામ રાખીને શ્રીવિજયવિજ્ઞાનસૂરિજીના શિષ્ય પ્ર. કસ્તૂરવિજયજીના શિષ્ય મુનિ શ્રી યશોભદ્રવિજયજીના શિષ્ય બનાવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીના મંગળ જન્મસ્થાન ઉપર ચાર મજલાનો દેવગુરૂપ્રાસાદ બંધાઈ રહ્યો હતો. તેની બાજુમાં બીજો એક પ્રાસાદ બંધાવવાનું આ ચોમાસામાં નક્કી થયું. બન્યું એવું કે કદંબગિરિજી માટે નાનીમોટી પ્રતિમાઓના ઓર્ડર જયપુર અપાયેલા જ હતાં. એ ઓર્ડર એવી રીતે અપાયેલાં કે–કારીગર જેટલી મૂર્તિ બનાવે, એ સર્વ મૂર્તિઓ પૂજ્યશ્રી જ્યાં હોય ત્યાં લાવીને દેખાડે. જો પૂજ્યશ્રીને પસંદ પડે, તો એ મૂર્તિ કદંબગિરિની પેઢી ખરીદી લેતી. અન્યથા નહિ.

આ નિયમાનુસાર આ વર્ષે ૯૧ ઈંચની શ્યામલવર્ણી અને કસોટી જેવા પાષાણમાંથી નિર્મિત શ્રી આદીશ્વરપ્રભુની એવી જ શ્યામ મૂર્તિ તથા બીજી પણ નાની–મોટી સુંદર મૂર્તિઓ લઈને કારીગર મહુવા આવ્યો. એટલી આલ્હાદદાયક એ મૂર્તિઓ હતી કે : આખો સંઘ એના દર્શનથી આનંદમગ્ન બની ગયો. ભાવિક ગૃહસ્થો તો એની સન્મુખ ભક્તિ ભાવના કરવા લાગી ગયા. મૂર્તિઓની વાત જેમ જેમ ગામમાં ફેલાતી ગઈ, તેમ–તેમ લોકો ટોળે મળીને દર્શન કરવા આવવા લાગ્યા. એક–બે દિવસમાં તો આખું ગામ એના દર્શન કરી ગયું. મુસલમાનો પણ બાકી ન રહ્યા.

જૈન જૈનેતર સૌ કહેઃ આ ભગવાનને અહીંયા જ રાખો.

જ્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે : આ તો કદંબગિરિ માટે આવ્યા છે, અને ત્યાં લઈ જવાના છે, ત્યારે તો લોકોએ જાણે હઠ પકડી કેઃ અમે આ ભગવાનને અહીંથી ક્યાંય નહિ લઈ જવા દઈએ. માત્ર સંઘ જ નહિ, આખું ગામ આ આગ્રહ કરવા લાગ્યું.

આવો આગ્રહ જોઈને પૂજ્યશ્રીએ સૌને સમજાવ્યા કે : આવા મોટા ભગવાન્ પધરાવવાનું અહીં સ્થાન ક્યાં છે ? અને એ વિના આ ભગવાન્‌ને અહીં રાખવાથી શો ફાયદો ?

આ સાંભળતાં જ આખો સંઘ બોલી ઊઠ્યો : સાહેબ ! અમે અહીંયા બીજું દેરાસર બંધાવીને એમાં આ પ્રભુજી પધરાવીશું. પણ અહીંથી લઈ જવા નહિ દઈએ. નગરશેઠ શ્રીહરિલાલભાઈએ પણ એ જ આગ્રહ કર્યો.

સૌ કોઈનો આવો ભાવોલ્લાસ જોઈને પૂજ્યશ્રીએ એ મૂર્તિઓ ત્યાં રાખવાનો આદેશ આપ્યો. આથી આખા ગામમાં હર્ષનું મોજું પ્રસરી ગયું. એ ખુશાલીમાં શ્રીસંઘે અઠ્ઠાઈ મહોત્સવ અને સંઘજમણ કર્યાં.

હવે એ પ્રભુજી માટે નૂતન જિનાલય 'ઋષભશાન્તિવિહાર'નો પ્લાન ઘડાયો. અને ધીમે-ધીમે તેનું બાંધકામ આરંભાયું.

પૂજ્યશ્રીના શિષ્યરત્ન સ્વ. મુનિશ્રી સુભદ્રવિજયજી મ. (ગોકળદાસ અમથાશા)ના સંસારી લઘુબંધુ શ્રી ત્રિકમલાલ અમથાશાહ અમદાવાદના પ્રખ્યાત હોમિયોપેથીક ડોક્ટર હતા. ડોક્ટરીનો અમુક અભ્યાસ ભારતમાં કરીને વધુ અભ્યાસ માટે તેઓ ન્યૂ યોર્ક (અમેરિકા) ગયેલા. ત્યાં વિશિષ્ટ અભ્યાસ દ્વારા એમ. ડી. ની ડીગ્રી મેળવેલી. વિદેશમાં જઈને ડોક્ટરી લાઈનની આવી ઉચ્ચ ડીગ્રી મેળવનારા જૈનોમાં કદાચ તેઓ સર્વપ્રથમ હતા. તેમણે બે વાર યુરોપનો પ્રવાસ કરેલો. અમદાવાદમાં તેમની ધીકતી પ્રેકટીસ ચાલતી હતી. શેઠ જમનાભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગુભાઈના દવાખાનાના તેઓ મુખ્ય ડૉક્ટર હતા. રહેવાનું પણ શેઠના બંગલામાં જ હતું. હોમિયોપેથીક ડૉક્ટરોમાં તેઓ સર્વાધિક અનુભવી અને બાહોશ હતા બંગલેથી દવાખાના સુધી પણ તેઓ કદી મોટર વિના–પગે ચાલીને ન જતા. અમદાવાદની બહાર કોઈ વીઝીટે બોલાવે, તો એક દિવસની ફી તરીકે રૂ. ૨૦૦ તેઓ લેતા.

આવા–નવયુગના રંગે પૂર્ણપણે રંગાયેલા એ ડૉક્ટરના વડીલ ભાઈ મુનિ શ્રીસુભદ્ર-વિજયજી મ. સં. ૧૯૮૮માં કાળધર્મ પામ્યા, તે વખતે તેમની સમતા અને સમાધિ સૌ કોઈને અનુમોદના ઉપજાવનાર હતી. એ સમાધિએ ડૉક્ટરના હૈયામાં વૈરાગ્યના વિચારો ઉત્પન્ન કર્યા. ડૉક્ટરને લાગ્યું કે: "સાચે જ, આ સંસાર અસાર છે. બધા જ ભોગવિલાસો ભોગવીશું, પણ અંતકાળે આવી સમાધિ નહિ મળે, તો જીવન અને મરણ બરબાદ થઈ જશે. માટે આત્મકલ્યાણ સાધવું જ જોઈએ. અને છેવટે—એક દિવસ પણ ચારિત્રનું આરાધન કરવું જ જોઈએ."

આ વિચાર હવે માત્ર વિચાર જ ન રહ્યો. તત્કાલ એનો અમલ શરૂ થયો. ડૉક્ટર ધીમે ધીમે વિશેષપણે ગૃહસ્થોચિત ધર્મકાર્યો કરવામાં તત્પર બન્યા. ભગુભાઈ શેઠના વંડે પૂ. આ. શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સં. ૧૯૮૯ માં તેમણે ૪૫૦ ગૃહસ્થોને ઉપધાન કરાવ્યાં. એમાં પોતે પણ સજોડે ઉપધાન કરીને માળ પહેરી. આ ઉપધાનમાં ૩૫૦ તો પ્રથમ ઉપધાનવાળા–માળ પહેરનારા હતા. આ પ્રસંગે તેમણે ઘણો ધનવ્યય કર્યો.

આ બધી આરાધના કરતાં કરતાં તેમના ધર્મપત્ની શ્રી રતનબેન પણ વૈરાગ્ય રંગ-વાસિત બન્યા. તેમને પણ દીક્ષા લેવાના ભાવ જાગ્યા. બે વર્ષ સુધી ધર્મારાધના કર્યા પછી તેમનો વિચાર દૃઢ બનતાં તેઓ આ ચોમાસામાં મહુવા આવ્યા, અને પૂજ્યશ્રીને વિનંતિ કરી કે: આપ અમદાવાદ પધારો, અને અમને બન્નેને દીક્ષા આપીને કૃતાર્થ કરો.

પૂજ્યશ્રી પણ એ સ્વીકારી, અને ચોમાસા બાદ વિહાર કરી અમદાવાદ પધાર્યા.

ડૉક્ટર પાડાપોળના રહેવાસી હતા. ત્યાં તેમનું ઘર હતું. આથી તેઓ પૂજ્યશ્રીને પાડાપોળ લઈ ગયા. પૂજા–પ્રભાવનાદિ કાર્યો કર્યા. પોળમાં વિશાળ મંડપ બાંધેલો, તેમાં હંમેશા પૂજ્યશ્રી હજારો માનવોને વ્યાખ્યાન દ્વારા સંસારની અસારતા અને ત્યાગની મહત્તા સમજાવતાં.

મહા શુદિ છઠનું મુહૂર્ત હતું. એ દિવસે સવારે વાર્ષિકદાનનો ભવ્ય વરઘોડો પાડાપોળથી ચઢ્યો. બન્ને દીક્ષાર્થીઓ છૂટે હાથે વર્ષીદાન વરસાવીને જનતાને જાણે ત્યાગધર્મનો મૂક ઉપદેશ આપી રહ્યા હતાં. વરઘોડો હઠીસિંહ કેસરીસિંહની બહારની વાડીએ ઉતર્યો. પૂજ્યશ્રી સપરિવાર ત્યાં પધાર્યા હતાં.

વાડીમાં બંધાયેલા સુવિશાળ મંડપમાં દીક્ષાનો વિધિ શરૂ થયો. વિધિની વિશુદ્ધતા અન સર્વજનોને સુગમ અર્થ સમજાવટની પદ્ધતિ માટે પૂજ્યશ્રી પ્રખ્યાત હતા. એટલે શ્રોતા–પ્રેક્ષક ગણને અપૂર્વ લ્હાવો મળી ગયો.

ડૉક્ટરનું સર્કલ બહોળું હોવાથી સેંકડો શિક્ષિતો–શેઠિયાઓ–ડૉક્ટરો આ પ્રસંગે હાજર રહ્યા હતા. ઉચ્ચ કક્ષાનું વૈજ્ઞાનિક શિક્ષણ પામેલાં ડૉક્ટર આવાં ત્યાગ માર્ગે જાય, એ દૃશ્ય કેટલાંકને માટે નવી આંખે જૂનું જોવા જેવું હતું, ભારે આશ્ચર્યજનક હતું. મિત્ર

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

ડોક્ટરો આ પ્રસંગે ખૂબ ગમગીન બની ગયા હતા. ડૉ. નાણાવટી તો કહે છે કે-તે વખતે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતાં. એ બધાંને તો પોતાનો એક સજ્જન ને શિક્ષિત મિત્ર આજે સૌના સંઘર્ષો સદાને માટે નિરાળો બની રહ્યાનું દુઃખ પીડી રહ્યું હતું. એની સાથે-જૈન શાસનની મહત્તા પણ એ બધાંને સમજાતી હતી.

પૂજ્યશ્રીએ બંનેને દીક્ષિત કર્યા, અને ડોક્ટરનું નામ મુનિશ્રી રત્નપ્રભવિજયજી રાખીને સ્વશિષ્ય કર્યા. રતનબેનનું નામ 'સાધ્વીશ્રી રાજુલશ્રીજી' સ્થાપ્યું. આ પ્રસંગે પૂજ્યશ્રીએ જિનશાસનના ત્યાગ-ધર્મની મહત્તા સરલ શૈલીમાં સમજાવી.

આ પછી ડોક્ટર મુનિશ્રી રત્નપ્રભવિજયજીએ ઘણાં વર્ષો પર્યંત ચારિત્ર પાળ્યું. એ દરમ્યાન તેમણે 'શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુ'ના જીવનને પોતાની આગવી શૈલીથી અંગ્રેજીમાં આલેખ્યું. એ ચરિત્ર આઠ ભાગમાં (વૉલ્યુમમાં) મુદ્રિત થયું છે.

વૈશાખ માસમાં પોતાના ત્રણ વિદ્વાન્ શિષ્યો-ઉપાધ્યાય શ્રી પદ્મવિજયજી મ., અમૃતવિજયજી મ., લાવણ્યવિજયજી મ.ને પૂજ્યશ્રીએ મહોત્સવપૂર્વક આચાર્યપદવી આપી.

સં. ૧૯૯૨નું આ ચોમાસું અમદાવાદમાં કર્યું.

આ વર્ષના ભાદરવા માસમાં (લૌકિક પંચાંગમાં) શુદિ પાંચમ બે હતી. પૂજ્યશ્રી આદિ શ્રીસંઘે વર્ષોથી અવિચ્છિન્નપણે ચાલી આવતી શાસ્ત્રાનુસારી શ્રીવિજય દેવસૂરીય પરંપરા પ્રમાણે બે ચોથ કરી—માનીને ઉદયાત્ બીજી ચોથના રવિવારે સંવત્સરી મહાપર્વની આરાધના કરી.

અમુક વર્ગ આ આરાધનામાં સકલ સંઘથી જુદો પડયો. એ વર્ગે પ્રથમ તો શ્રીસંઘના નિર્ણયાનુસાર રવિવારની સંવત્સરી જ જાહેર કરી. પણ પાછળથી એકાએક અને શ્રીસંઘના કોઈપણ અગ્રણીને પૂછ્યા કે જણાવ્યા સિવાય જ શનિવારની સંવત્સરી કરવાની જાહેરાત કરી.

પોતાની ઉદારતા, સત્યપ્રિયતા, શાસ્ત્રાનુસારિતા અને નિષ્પક્ષતાથી સર્વજનમાન્ય બનેલા આપણા પૂજ્યશ્રીએ એ વર્ગને ગંભીરભાવે સૂચવ્યું કે: "આ વર્ષે તો જે પ્રમાણે આરાધનાનો નિર્ણય થયો છે, તે જ પ્રમાણે કરવી અને કરાવવી. હજી આવતા વર્ષે પણ આ જ મુજબ તિથિઓ આવવાની છે. માટે એ પૂર્વે—આ ચોમાસા પછી આપણે સૌ ભેગા મળીને આ અંગે શાસ્ત્ર અને પરંપરાને અનુસારે યોગ્ય ચર્ચા, વિચારણા અને નિર્ણય કરીશું."

પણ તેઓશ્રીના આ તટસ્થ મને હિતકારી કથનનો એ વર્ગે અસ્વીકાર કર્યો, અને પોતાની નવી માન્યતા મુજબ જ આરાધના કરી. જો કે આ બનાવને પૂજ્યશ્રીએ બહુ મહત્ત્વનો ન ગણ્યો. તેઓશ્રી માનતા હતા કે: 'ખોટા માણસને અને ખોટી વાતને જેમ વધુ મહત્ત્વ આપીએ, તેમ તે વધારે ને વધારે ચઢી વાગે છે.'

આ ચોમાસામાં 'પરમાણંદ કુંવરજી કાપડિયા'નું પ્રકરણ બન્યું.

ચોમાસું પૂર્ણ થતાં પાડાપોળવાળા શા. ચીમનલાલ ગોકળદાસને ત્યાં ઠાણાઓ ઠાણું કર્યું. એ પ્રસંગે તેમણે પૂજા-પ્રભાવના કરી અને પછી તરત જ શેરીસા તીર્થનો છ'રી'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાળતો સંઘ કાઢ્યો. પૂજ્યશ્રી સંઘ સહિત શેરીસા પધાર્યા. ત્યાં શ્રીચીમનભાઈએ સમ્યક્ત્વ સહિત બારે વ્રત પૂજ્યશ્રી પાસે ઉચ્ચર્યાં. એમાં બ્રહ્મચર્ય વ્રત યાવજ્જીવ ઉચ્ચર્યું.

શેરીસાથી પૂજ્યશ્રી સપરિવાર ભોયણી તીર્થે પધાર્યા. અહીં ચારેક દિવસ રહ્યા. અહીંના દેરાસરના ભોંયરામાં શ્રી શાન્તિનાથ પ્રભુની એક પ્રતિમા હતી. આ પ્રતિમા તીર્થપતિ શ્રી મલ્લિનાથ જેવી જ હતી. એ બંને પ્રતિમાઓ સાથે જ પ્રગટ થયેલી. પણ આ શાન્તિનાથ-જીની પ્રતિમાનો કાન તથા અંગૂઠાનો ભાગ સહેજ ખંડિત હતો, તેથી ભોંયરામાં અપૂજનીય અવસ્થામાં મૂકી રાખેલી.

એના દર્શનથી પૂજ્યશ્રીને ઘણી પ્રસન્નતા થઈ. આવી અલૌકિક અને પ્રાચીન પ્રતિમા અપૂજનીય રહે એ તેઓશ્રીને ન ગમ્યું. તરત જ તેઓશ્રીની પ્રેરણાથી શેઠ જિનદાસ ધર્મદાસની પેઢી (કદંબગિરિ)એ ભોયણીના વહીવટદારો પાસે એ મૂર્તિની માંગણી કરી. વહીવટદારોની સંમતિ મળતાં એ મૂર્તિ ત્યાંથી મહુવા લઈ જવાઈ. ત્યાં પેઢીએ એ મૂર્તિના ખંડિત ભાગો પર સાચાં મોતીનો લેપ કરાવીને એને અખંડ બનાવી. આ મૂર્તિ મહુવામાં બંધાતા શ્રી ઋષભ શાંતિ વિહારમાં ઉપરના મજલે મૂળનાયક તરીકે શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી પધરાવવાનો નિર્ણય થયો.

ભોયણીથી પૂજ્યશ્રી મદ્રીસાણા પધાર્યા. અહીં ઉપાશ્રયની જરૂર હતી. એ માટે ગૃહસ્થોને ઉપદેશ આપીને ટીપ કરાવી આપી. અહીંથી રાંતેજ પધાર્યા. અહીંયા એક ટેકરા જેવી જમીન પર બાવન જિનાલયવાળું જીર્ણ દેરાસર હતું.

આ દેરાસરનો જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીના સદુપદેશથી શેઠ જમનાભાઈ ભગુભાઈએ કરાવ્યો. રાંતેજથી અનુક્રમે શંખલપુર થઈને છાપાવાડા આવ્યા. અહીં પણ ઉપાશ્રયની અગવડ દૂર કરાવી. અહીંથી ટૂવડ–કુંવારદ થઈ શંખેશ્વર આવ્યા. ટૂવડ–કુંવારદના દેરાસરનો જીર્ણોદ્ધાર શંખેશ્વરજીના કારખાના મારફત કરાવ્યો.શંખેશ્વરમાં આઠ દિવસ રહ્યા.

અમદાવાદ—જૈન સોસાયટીવાળા શ્રી રતિલાલ કેશવલાલને પૂજ્યશ્રીની નિશ્રામાં મહોત્સવ કરાવવાની ભાવના હતી. એ માટે તેઓ અહીં વિનંતિ કરવા આવ્યા. પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો. એવામાં જ ખંભાતથી શેઠ મૂળચંદ બુલાખીદાસ વગેરે આગેવાનો આવ્યા. તેમણે ખંભાત પધારવાની વિનંતિ કરી. મૂળચંદભાઈની ભાવના પોતાના ચિ. રતિભાઈના લગ્ન પ્રસંગે મોટું ઉજમણું કરવાની હતી. પૂજ્યશ્રીએ કહ્યું : અત્યારે તો આ મહોત્સવ પ્રસંગે અમદાવાદ જવું છે. એ પછી જોઈશું.

આ પછી તેઓશ્રી વિહાર કરીને અમદાવાદ પધાર્યા. માર્ગમાં પાનસર મુકામે ખંભાતવાળા પુનઃ આવ્યા, અને આગ્રહ કરીને ખંભાત પધારવાની જય બોલી ગયા. અમદાવાદમાં રતિભાઈએ અષ્ટોત્તરી સ્નાત્ર સાથે અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય ઠાઠથી ઉજવ્યો.

અમદાવાદથી વિહાર કરીને પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. અહીં પૂજ્ય આચાર્યશ્રીવિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર બિરાજતા હતા. તેઓના પૂજ્યશ્રી સાથે ઘણાં મીઠાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધો હતા. તેઓ પૂજ્યશ્રીના સામૈયામાં આવ્યા. બંને પૂજ્યવર્યો મળ્યા. અનેક ચર્ચાઓ કરી. સંમેલન પછીના મીઠાં–કડવા બનાવો અને તેના પ્રત્યાઘાતોને અંગે પણ મુક્ત હૃદયે વિચારણા કરી.

શુભ મુહૂર્તે શેઠ મૂળચંદ બુલાખીદાસે અનેરા ઉલ્લાસથી ઘણો ધનવ્યય કરીને ભવ્ય ઉદ્યાપન મહોત્સવ ઉજવ્યો.

આ અરસામાં જ જામનગરના શેઠશ્રી પોપટલાલ ધારશીભાઈ તથા તેમના ભત્રીજા શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદ વગેરે શ્રાવકો પૂજ્યશ્રીને જામનગર પધારવાની વિનંતિ કરવા આવ્યા. શેઠશ્રી ચુનીભાઈએ ઉજમણું કરાવવાનું નક્કી કરેલું. તે માટે પૂજ્યશ્રીને ત્યાં લઈ જવા તેઓ આવ્યા હતા.

વળી શ્રીમાકુભાઈ શેઠે સંઘ કાઢ્યો, ત્યારે જુનાગઢમાં શેઠશ્રી પોપટભાઈએ એક સંઘ-જમણ કરેલું. તે વખતે તેમના ચિત્તમાં પણ તેવો સંઘ કાઢવાનો શુભ મનોરથ થયેલો. એ વખતે તેઓએ પ્રતિજ્ઞા પણ ધારણ કરેલી કેઃ 'આવો સંઘ હું ન કાઢું, ત્યાં સુધી એક વિશિષ્ટ ખાદ્ય પદાર્થનો ત્યાગ.' હવે એ પ્રતિજ્ઞાને સફળ બનાવવા તેઓ વિચારતા હતા. તે માટે પણ તેઓ પૂજ્યશ્રીને જામનગર લઈ જવા ઇચ્છતા હતા.

તેઓની શુભભાવનાપૂર્ણ વિનંતિનો સ્વીકાર કરીને પૂજ્યશ્રીએ ખંભાતથી જામનગર બાજુ વિહાર કર્યો. માર્ગમાં ઠેર ઠેર સેંકડો ભાવિકોને ધર્મલાભ આપતાં આપતાં અને અનેક ધર્મકાર્યો કરાવતાં પૂજ્યશ્રી ધોલેરા–ધંધુકા–રાણપુર–પાળિયાદ–વીંછીયા થઈને રાજકોટ પધાર્યા. અહીંયા મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી એ ઉભય સંઘે સાથે મળીને સામૈયું કર્યું. આઠ દિવસ રોકાયા. વીશા શ્રીમાળી સંઘે દશા શ્રીમાળીની વિશાળ વાડીમાં પૂજા–સાધર્મિક–વાત્સલ્યાદિ કર્યું. હંમેશાં વ્યાખ્યાન પણ ત્યાં વંચાતું. પાંચ પાંચ હજારની મેદની પૂજ્યશ્રીની દેશના સાંભળવા ઉમટતી. રાજકોટથી પૂજ્યશ્રીએ વિહાર કર્યો, ત્યારે પહેલા મુકામે આખો સંઘ આવ્યો, અને ત્યાં પૂજા–જમણ વગેરે કરીને લાભ લીધો.

અહીંથી આગળ વધતાં અલીયાવાડા ગામમાં કેવળ સ્થાનકવાસી ભાઈઓની જ વસતિ હતી. અત્યારે તેઓની આર્યાઓ પણ અહીં હતી. પણ પૂજ્યશ્રી જ્યાં જતાં, તે પહેલાં જ ત્યાં તેઓશ્રીનો પ્રભાવ પહોંચી જતો. અહીં પણ એવું જ થયેલું. એટલે આર્યાઓ સહિત એકેએક સ્થાનકવાસી ગૃહસ્થે તેઓશ્રીનું ભક્તિપૂર્ણ સ્વાગત કર્યું. પોતાના સ્થાનકમાં લઈ જઈને વ્યાખ્યાન પણ સાંભળ્યું.

અહીંથી જામ–વણથળી આવ્યા. જામનગરમાં વીશા શ્રીમાળી અને ઓસવાલ જ્ઞાતિમાં અને સંઘમાં કેટલાક સમયથી ઝઘડો ચાલતો હતો. બે પક્ષ પડી ગયેલા. એ બંને પક્ષના શ્રાવકોએ અહીં આવીને પોતપોતાના ઉપાશ્રયે પધારવાની વિનંતિ કરી. પણ પૂજ્યશ્રીએ સમયસૂચકતાથી કહ્યું કેઃ અત્યારે તો હું ચુનીભાઈના ઉજમણાના પ્રસંગે આવ્યો છું. એટલે ત્યાં આવવા દો. પછી સૌ સારાં વાનાં થશે.

પછી તેઓશ્રી સ્વાગતસહ જામનગર પધાર્યા. પૂજ્ય શ્રીસાગરજી મહારાજ સપરિવાર ગત ચાતુર્માસથી અહીં બિરાજમાન હતા. તેઓ પણ સામૈયામાં આવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ બન્ને પૂજ્યોની નિશ્રામાં ઉદ્યાપન–મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. સંઘમાં અને જ્ઞાતિમાં મતભેદ હતા. પરસ્પરના ઉપાશ્રયે જવાનો પણ વ્યવહાર ન હતો. પરંતુ—પૂજ્યશ્રી જ્યાં બિરાજ્યા, અને વ્યાખ્યાન શરૂ કર્યું, કે હંમેશાં બંને પક્ષના સર્વ લોકોનો પ્રવાહ ત્યાં આવવો શરૂ થઈ ગયો. પૂજ્યશ્રીનાં વ્યાખ્યાન સાંભળવાનો અણમોલ લાભ મળતો હોય, ત્યાં જ્ઞાતિના ઝઘડાને કોણ ગણકારે ? જો કે–સંઘમાં ઐકય લાવવાના પ્રયાસો ચાલુ જ હતા.

પૂજ્યશ્રી વગેરેના ઉપદેશ–સિંચનને પરિણામે શેઠ પોપટભાઈની તથા શેઠ ચુનીભાઈની સંઘ કાઢવાની ભાવના દૃઢ બની ગઈ હતી. ચાતુર્માસ પછી તુર્ત જ સંઘ કાઢવાનો નિર્ણય લેવાઈ ગયો. એટલે તેઓની તથા સંઘની વિનંતિથી સં. ૧૯૯૩ નું આ ચોમાસું પૂજ્યશ્રીએ તથા શ્રીસાગરજી મહારાજે ત્યાં જ કર્યું.

આ ચોમાસામાં પણ સંવત્સરી–ભેદ હતો. ભા. શુ. બે પાંચમના સ્થાને શાસ્ત્રીય પરંપરાનુસાર પૂજ્યશ્રી આદિ શ્રીસંઘે બે ચોથ કરીને ઉદયાત્ બીજી ચોથ–ગુરૂવારે સંવત્સરીપર્વ આરાધ્યું. જ્યારે ગત વર્ષે જુદા પડેલા અમુક વર્ગે આ વર્ષે પણ બુધવારે જ આરાધના કરી. "અવશ્યંભાવી ભાવ અન્યથા નથી કરાતો" એમ વિચારીને સંઘે શાંતિપૂર્વક આરાધના કરી.

જામનગરમાં જૈન ભોજનશાળાની તથા આયંબિલશાળાની જરૂર હતી. પૂજ્યશ્રી વગેરેના સદુપદેશથી એ બંને જરૂરિયાતો શેઠ પોપટભાઈ તથા ચુનીભાઈએ આ વર્ષે પૂર્ણ કરી. શ્રી કદંબગિરિ–તીર્થમાં એક ઉપાશ્રયની આવશ્યકતા હતી. ખંભાત પાસે 'દેવા' ગામમાં પણ ઉપાશ્રયની અગવડ હતી. એ અંગે પૂજ્યશ્રીએ પ્રેરણા કરતાં શેઠ પોપટભાઈએ કદંબગિરિના ઉપાશ્રયનો આદેશ લીધો. અને દેવામાં એક મકાન ખરીદીને સંઘને ઉપાશ્રય માટે સમર્પ્યું.

યાત્રા–સંઘ અંગેની તૈયારીઓ ચાલુ હતી. અનુભવી આગેવાનોની સલાહ–અનુસાર વ્યવસ્થા ગોઠવાતી હતી. સામગ્રીઓ એકત્ર કરાતી હતી. સુંદર પુસ્તિકાકારે નિમંત્રણ–પત્રિકા છપાવીને સર્વત્ર મોકલવામાં આવી.

ચોમાસું પૂર્ણ થતાં પૂજ્યશ્રીએ આચાર્યશ્રીવિજયવિજ્ઞાનસૂરિજીના શિષ્ય પ્રવર્તક મુનિશ્રી કસ્તૂરવિજયજીને, તથા આચાર્યશ્રીવિજયનંદનસૂરિજીના શિષ્ય મુનિશ્રી સોમવિજયજીને કાર્તક વદિ અગિયારસે ગણિપદ, તથા માગશર શુદિ ત્રીજે પંન્યાસપદ સમર્પ્યું.

આ પછી શુદિ પાંચમે શાન્તિસ્નાત્ર કરીને અઠ્ઠાઈ મહોત્સવની પૂર્ણાહુતિ થયા બાદ પૂજ્યશ્રી તથા પૂ. સાગરજી મ., આચાર્યશ્રીવિજયમોહનસૂરિજી મ. વગેરે અનેક ગુરુભગવંતોની પવિત્ર નિશ્રામાં છ'રી' પાળતાં હજારો ભાવિકોના સંઘ સાથે શેઠ પોપટભાઈ તથા શેઠ ચુનીભાઈએ ભારે દબદબાપૂર્વક સૌરાષ્ટ્ર તરફ મંગળપ્રયાણ કર્યું. જામનગર રાજ્યના દિવાન સાહેબ આદિ અધિકારીઓ અને સર્વ નગરજનો સંઘને વિદાય આપવા હાજર રહ્યા. ત્રણ દિવસ ગામ બહાર રહીને સંઘ આગળ વધ્યો. સંઘનો પડાવ જ્યાં થતો, ત્યાં 'દેવનગર'ની મનોહર રચના થતી. સૌને માટે રહેવાની–ખાવાપીવાની વગેરે તમામ બાબતની વ્યવસ્થા સુંદર કરાઈ હતી. ટપાલખાતું, તેમ જ સૌની ફરિયાદ સાંભળીને તેનો નિકાલ કરવા માટેની કચેરી વગેરેની સુંદર વ્યવસ્થા હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગના બધા મુકામોના બંદોબસ્ત માટે નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈ, શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ પ્રતાપસિંહ મોહોલાલ વગેરેના સક્રિય ચીવટભર્યા સહકારે સંઘવીજીને નિશ્ચિંત બનાવ્યા હતા.

સંઘનું સ્વાગત સર્વત્ર ભવ્ય રીતે થતું. તે તે ગામોના અને રાજ્યોના રાજાઓ-અધિકારીઓ અને નગરજનો સંઘને જોઈતો સહકાર આપતા હતા. સંઘવીજી પણ ગામોગામ યોગ્યતા પ્રમાણે સારી રકમોનું દાન વહાવ્યે જ જતા હતા.

જામનગરથી નીકળેલો આ સંઘ કાલાવડ-ધોરાજીના રસ્તે જુનાગઢ આવ્યો. બધે ઠેકાણે સંઘવીજી ઉપર માનપત્રોનો જાણે વરસાદ વરસતો હતો. જુનાગઢના ભવ્ય સામૈયામાં ત્યાંના અંગ્રેજ દિવાન સર મોન્ટીથની હાજરી નોંધપાત્ર હતી. અહીં સંઘ પાંચ દિવસ રહ્યો. માગશર વદિ દશમે સૌએ ગિરનારતીર્થની યાત્રા કરી. તે અવસરે સંઘવીજીએ રૂા. દસ હજારની કિંમતનો હીરા-માણેક જડેલો હાર પ્રભુના કંઠે સ્થાપ્યો. એ પછી પૂજ્યશ્રી આદિ ગુરુભગવંતોએ વિશાળ સમુદાયની હાજરીમાં સંઘવીજીને તીર્થમાળારોપણનો વિધિ કરાવ્યો.

જુનાગઢથી વંથલી-માંગરોળ-ચોરવાડ-વેરાવળ-પ્રભાસપાટણ-કોડીનાર-ઉના-અજારા-દેલવાડા, વગેરે સૌરાષ્ટ્રના પ્રાચીન ઐતિહાસિક તીર્થોની યાત્રા કરતો, અને સર્વત્ર રાજસી સન્માન મેળવતો આ સંઘ અનુક્રમે મહુવા બંદરે પધાર્યો. આ ગામ ભાવનગર રાજ્યનું હતું, તેમ જ આપણા પૂજ્યશ્રીનું પવિત્ર જન્મસ્થળ હતું. એટલે ભાવનગર રાજ્યે સંઘની સગવડ માટે કરેલો બંદોબસ્ત અદ્‌ભુત હતો. ભાવનગરના વયોવૃદ્ધ દિવાન સર પ્રભાશંકર પટ્ટણી પોતાની નાદુરસ્ત તબિયતે પણ અહીં આવ્યા. તેમની ઇચ્છા પૂજ્યશ્રીને મળવાની હતી. તેઓએ સૌ પહેલાં પૂજ્યશ્રીને મળવાનું કાર્ય કર્યું. આવી તબિયતમાં પણ તેમનો ચિત્તોત્સાહ અવર્ણ્ય જણાતો હતો. પૂજ્યશ્રીની સાથે તેઓએ પ્રસન્નતાથી વાતચીત કરી. ત્યારબાદ તેમના પ્રમુખપદે સંઘવીજીને માનપત્ર અપાયું. પછી તેઓ ગયા.

મહુવાથી દાઠા થઈને સંઘ તળાજાતીર્થે આવ્યો. ત્રણ દિવસ રહ્યો. અહીં શ્રી અનન્તરાય પટ્ટણી આદિ અધિકારીઓ ભાવનગરથી દર્શન માટે આવ્યા. તેમના પ્રમુખપદે માનપત્રનો મેળાવડો થયો.

તળાજાથી દેવળિયા-રાથળી-પાણિયાલી થઈને સંઘ પાલિતાણા આવી પહોંચ્યો. અહીં સંઘનું અભૂતપૂર્વ સ્વાગત થયું. પાલિતાણાની સમગ્ર જનતા અને રાજ્યના દિવાન શ્રી મૂળરાજસિંહજી આદિ અમલદારો સામૈયામાં જોડાયા. બરાબર ચાર કલાક ફરીને એ સામૈયું તળાટી પાસે નખાયેલા સંઘના પડાવે ઉતર્યું.

બીજે દિવસે બપોરે દિવાન સાહેબ પૂજ્યશ્રી પાસે આવ્યા, અને બે કલાક સુધી અનેક વાતો કરી. બે દિવસ પછી સૌએ ગિરિરાજની યાત્રા કરી. તે વખતે શુભ ચોઘડિયે પૂજ્યશ્રી આદિ ગુરુદેવોએ સંઘવીજીને તીર્થમાળ પહેરાવી. પછી સંઘવીજીએ શ્રીઆદિનાથ પરમાત્માની પૂજાભક્તિ કરવા સાથે રૂ. ૨૧ હજારની કિંમતનો રત્નજડિત હાર પહેરાવ્યો.

તીર્થમાળાના દિવસને પાલિતાણાના ઠાકોરસાહેબે કાયમ માટે અહિંસાદિન તરીકે પાળવાનો હુકમ જાહેર કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી સંઘ બાર ગાઉની પ્રદક્ષિણાએ ગયો. રોહિશાળા થઈને કદંબગિરિની યાત્રા કરી. અહીં સંઘવીજીએ આદેશ લીધેલ ત્રણ મજલાનો ભવ્ય ઉપાશ્રય તૈયાર થવા આવ્યો હતો. અહીંથી હસ્તગિરિની યાત્રા કરીને સંઘ પુનઃ પાલિતાણા આવ્યો, અને પૂજ્યશ્રી આદિ કદંબગિરિ રોકાયા.

સંઘ પાલિતાણા આવતાં ત્યાં જામનગરના ના. જામસાહેબ શ્રીદિગ્વિજયસિંહજી સંઘની મુલાકાતે આવ્યા. સંઘવીજીએ તથા પાલિતાણા રાજ્યે તેઓનું યોગ્ય સન્માન કર્યું. તેઓ પાછા ગયા બાદ પાલિતાણાના ઠાકોરશ્રીની પ્રીતિપૂર્ણ મુલાકાત વખતે સંઘવીજીએ પચીસ હજાર રૂપિયાનું દાન ક્ષયના દર્દીઓને રહેવા માટેની સેનેટરીયમ બાંધવા માટે જાહેર કર્યું. બીજી પણ ઘણી રકમો તેમણે પાલિતાણાની ભિન્ન ભિન્ન સંસ્થાઓને દાનમાં આપી. લગભગ ૭૫ હજાર રૂપિયાનો સદ્વ્યય તેમણે પાલિતાણામાં જ કર્યો.

પૂજ્યશ્રી આદિની પવિત્ર પ્રેરણાથી સંઘવીજીને સંઘ કાઢવાની ભવ્ય ભાવના થઈ, અને એ ભાવનાના મૂર્તસ્વરૂપ સમાન આ અવિસ્મરણીય યાત્રાસંઘ દ્વારા જિનશાસનની જયપતાકા ફરકાવીને સંઘવીજી સપરિવાર રેલ્વે દ્વારા જામનગર તરફ વિદાય થયા.

—×—×—×—×—

# [૫૩]

## લોગવિરુદ્ધચ્ચાઓ :

કદંબગિરિમાં ડુંગર ઉપર બંધાતો શ્રીઋષભવિહારપ્રાસાદ તૈયાર થઈ ગયો હતો. તેમાં શ્રીઆદીશ્વર પ્રભુની ૯૧ ઇંચની શ્વેતપાષાણનિર્મિત ભવ્ય પ્રતિમા પરિકર સાથે પધરાવવાની હતી. ભમતીની બાવન દેવકુલિકાઓમાં પણ અનેક બિંબો પધરાવવાના હતા.

એની સાથે–સૂર્યકુંડની પાસેની જમીનમાં શેઠ જિનદાસ ધર્મદાસની પેઢીએ બે માળ અને ભૂમિગૃહ સમેત 'શ્રીગિરનારાવતાર પ્રાસાદ' બંધાવ્યો હતો. તેમાં વચલા માળે મૂળનાયક તરીકે શ્રીનેમિનાથ પ્રભુ પધરાવવાના હતા. એનો આદેશ ભાવનગરના શેઠ માણેકચંદ જેચંદ જાપાને લીધો હતો. ઉપરના માળે શ્રીસીમંધરસ્વામી પધરાવવાના હતા. તેનો (દેરાસર સાથે) આદેશ ખંભાતવાળા શેઠ બુલાખીદાસ નાનચંદના સુપુત્રો શેઠ મૂળચંદભાઈ વગેરેએ લીધો હતો. બન્ને શ્રેષ્ઠિવર્યો પૂજ્યશ્રીના અનન્ય ગુણાનુરાગી ભક્ત હતા. પૂજ્યશ્રીના ઉપદેશથી તેઓએ આ આદેશ લીધેલા.

આ બન્ને મહાપ્રાસાદોની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય લેવાયો હતો. તે અંગેના શુભમુહૂર્તો પૂજ્યશ્રીએ ફરમાવ્યા. તે મુજબ ચૈત્ર વદિ ૧૧ થી વૈશાખ શુદિ ૧૨ સુધી સત્તર દિવસનો મહામહોત્સવ ઉજવવાનો નિર્ણય થયો. એ અંગેની તૈયારીઓ શરૂ થઈ. નિમંત્રણો પાઠવવામાં આવ્યા. પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે અંજનશલાકા કરાવવા માટે ઠેર–ઠેરથી લોકો જિનબિંબો લાવવા લાગ્યા. કદંબગિરિમાં પધરાવવાના અને બહારગામથી અંજન માટે આવેલાં, બધાં મળીને કુલ ૫૦૦ ઉપરાંત જિનબિંબો એકત્ર થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહોત્સવને હજુ મહિનાની વાર હોવાથી પૂજ્યશ્રી આજુબાજુના ગામોમાં વિચરવા પધાર્યા. એ ગામોના ભાવિકોનો ભક્તિભર્યો આગ્રહ ઘણા સમયથી હતો. ભંડારિયા, વાવડી, કોટીયા, વગેરે ગામોમાં વિચરતા તેઓશ્રી તળાજા પધાર્યા. ત્યાં ચૈત્રી પૂનમની યાત્રા કરીને પછી કદંબગિરિ આવ્યા.

ડુંગર ઉપર વિશાળ મંડપ રચવામાં આવ્યો હતો. જે જે ભાવિકોએ દેરીનો તથા પ્રભુ પધરાવવાનો આદેશ લીધેલો, તેઓ સહકુટુંબ તથા અન્ય હજારો સદ્દગૃહસ્થો આ પ્રસંગે આવ્યા હતા.

ચૈત્ર વદિ અગિયારશે કુંભસ્થાપના કરવાપૂર્વક મહોત્સવનો શુભારંભ થયો. હંમેશાં નવાં-નવાં વિધાનો વિશુદ્ધ રીતે થવા લાગ્યા. જુદાં-જુદાં શ્રેષ્ઠિઓ તરફથી સંઘજમણ પણ થવા લાગ્યા.

વૈશાખ શુદિ સાતમના મહામંગલકારિ દિવસે શ્રીઆદીશ્વર પ્રભુ સહિત સમગ્ર જિન-બિંબોની પ્રાણપ્રતિષ્ઠાસ્વરૂપ અંજનશલાકા પૂજ્યશ્રી આદિ સૂરિદેવોએ કરી. આજે શા. માણેકચંદ જેચંદ જાપાન તરફથી ગામઝાંપે ચોખાયુક્ત નવકારશી થઈ.

અને વૈશાખ શુદિ દશમના મંગલ દિને મૂળનાયકજી સહિત સેંકડો જિનબિંબોનો ગાદીનશીન વિધિ અપૂર્વ ઉલ્લાસભેર થયો. ઋષભવિહારપ્રાસાદમાં મૂળનાયક શ્રીઆદિનાથ પરમાત્માની દિવ્યપ્રતિમાની પ્રતિષ્ઠા એ પ્રાસાદનો આદેશ લેનાર ભાગ્યવંત શા. તારાચંદજી મોતીજી (જાવાલવાળા) એ કરી. એમનો આનંદ નિરવધિ હતો. આ પ્રસંગે તેમણે હજારો રૂપિયાનો સદ્દવ્યય કર્યો. પ્રતિષ્ઠાને દિવસે તેમણે ગામઝાંપે ચોખાયુક્ત નવકારશી કરી. પૂજ્યશ્રીના પવિત્ર આશીર્વાદથી જ આવો મહાન લાભ પોતાને મળ્યો, એમ વિચારીને તેઓ પૂજ્યશ્રીના ચરણોમાં ભાવસભર હૈયે વંદન કરી રહ્યાં.

એ જિનાલયમાં ગભારામાં-રંગમંડપમાં તથા બાવન દેવકુલિકાઓમાં ભાવિકોએ અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. ગિરનારાવતાર પ્રાસાદમાં શેઠ માણેકચંદ જેચંદ જાપાને શ્રીનેમિ-નાથ પ્રભુની, તથા શેઠ બુલાખીદાસ નાનચંદના સુપુત્રો શેઠ નેમચંદભાઈ, મૂળચંદભાઈ, હીરાલાલભાઈ, કેશવલાલભાઈ વગેરેએ શ્રીસીમંધર સ્વામીની પ્રતિષ્ઠા કરી. એ દેરાસરમાં પણ બીજા અનેક ગૃહસ્થોએ પોતે આદેશ લીધેલાં વર્તમાન-૨૪ જિનવરોના બિંબો ગાદીનશીન કર્યા. આ ઉપરાંત-ગિરિરાજ ઉપર શ્રીસિદ્ધાચલજીની નાની છતાં સર્વાંગ પૂર્ણ અને સ્થાયી રચના કરવામાં આવેલી. તેમાં કેટલીક દેરીઓમાં પણ પ્રભુજીની પ્રતિષ્ઠા થઈ.

મહાપ્રભાવશાલી શ્રીનમિનાથ પ્રભુને પધરાવવા માટે એક ભવ્ય શિખરબંધી પ્રાસાદ તૈયાર થઈ રહ્યો હતો. એનો આદેશ શેઠ માણેકલાલ ચુનીલાલે લીધો હતો. એ દેરાસરના તૈયાર થયેલા ગભારામાં તે પ્રભુજીનો પ્રવેશ પણ આ મહોત્સવ પ્રસંગે કરવામાં આવ્યો.

આ મહોત્સવનું વર્ણન નોંધતાં 'શ્રીવીરશાસન' પત્ર જણાવે છે કેઃ—

"ચૈત્ર-વૈશાખની ઉનાળાની સખ્ત ગરમી છતાં લગભગ સત્તરથી અઢાર હજાર જેટલો વિશાલ માનવ સમુદાય દૂર-દૂરથી આ મહાન્ મહોત્સવના દર્શનાર્થે ઉભરાતાં, ઠેકાણે-ઠેકાણે માણસોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટોળાં સિવાય બીજું કશુંય નજરે પડતું નહિ. આટલો વિશાલ સમુદાય, ગરમીના દિવસો, છતાં પણ ભોજનની ઉત્તમ વ્યવસ્થા, ઠેકાણે-ઠેકાણે પાણીની પરબો અને રહેવાની વ્યવસ્થા ઘણી જ આદર્શ હતી, એમ કહ્યા સિવાય નહિ જ ચાલે.

ઉતરવા માટે વિશાલ ધર્મશાળાઓ ઉપરાંત ભાવનગર સ્ટેટ તરફથી ફ્રી ચાર્જે આપવામાં આવેલ ભવ્ય સમીયાણા, તંબુઓ, રાવટીઓનો જંગી સરંજામ તથા શેઠ માણેકલાલભાઈ સંઘવી તરફથી આવેલ તંબુઓ, રાવટીઓનો સમૂહ, એક વખત રાજામહારાજાની છાવણી ભૂલાવી દે તેવો હતો. અને તેની ગોઠવણી એક શહેનશાહી કેમ્પ જેવી સુંદર દેખાતી હતી. ઘણાં લોકો તો એમ જ કહેતા હતા કે—આવો દેખાવ દીલ્લી દરબાર વખતે થયો હતો.

પ્રતિષ્ઠા તેમજ અંજનશલાકાનું સર્વ વિધિવિધાન ડુંગર ઉપર કરવામાં આવતું હતું. આ નિમિત્તે મુખ્ય દેરાસરની આગળના ચોકમાં એક ખાસ મંડપ ઘણો જ સુંદર બનાવવામાં આવ્યો હતો. તેમાં અષ્ટાપદજી, મેરૂપર્વત તેમજ આરસના સિંહાસન ઉપર ત્રિગડા ગઢની આકર્ષક રચના ઉપરાંત અંજનશલાકા કરવા યોગ્ય વિશાલ વેદિકાઓ તૈયાર થઈ હતી. અને તેના ઉપર લગભગ ચારસોથી પાંચસો પ્રતિમાજીઓ અંજનશલાકા માટે ગોઠવાઈ હતી. તેને દેખીને પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની જતા હતા. ડુંગર ઉપર પ્રેક્ષકોને વિસામો લેવા સારૂ એક ખાસ અલાયદો ભાવનગર સ્ટેટનો વિશાલ શમીયાણો ઊભો કરવામાં આવ્યો હતો, તેમજ સાધુ-સાધ્વીઓ રહી શકે તે માટે દેરાસરની પાછળના ભાગમાં નાના તંબૂઓ તથા રાવટીઓ વગેરે ગોઠવવામાં આવ્યા હતા.

આ પ્રતિષ્ઠાના શુભ પ્રસંગ ઉપર પાલિતાણાથી આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરજી, આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરિજી, આદિ શિષ્ય પરિવાર સાથે તેમજ આગમોદ્ધારક. પૂ. આચાર્ય શ્રીસાગરાનંદસૂરીશ્વરજીના શિષ્ય આચાર્ય શ્રીમાણેકસાગર સૂરીશ્વરજી આદિ સાધુમહારાજાઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા. લગભગ દોઢસોથી બસો સાધ્વીજીઓ આવ્યા હતા.

પ્રતિષ્ઠાના શુભ દિવસે ભાવનગરના નેકનામદાર હીઝ હાઈનેસ કૃષ્ણકુમારસિંહજી તરફથી શેઠશ્રીજિનદાસ ધર્મદાસની પેઢીને રૂા. ૧૦૧નો ચાંલ્લો કરવામાં આવ્યો હતો. એક દેશી રાજ્ય આપણા જૈન ધાર્મિક પ્રસંગનું આવું બહુમાન કરે તે ઘણું જ પ્રશંસનીય છે. અને તેને માટે તેઓશ્રીને ખરેખર ધન્યવાદ આપવો ઘટે છે.

પ્રતિષ્ઠા-મહોત્સવ પત્યા પછી થોડો સમય પૂજ્યશ્રીએ કદંબગિરિમાં સ્થિરતા કરી. આ દિવસોમાં રાજ્યક્રાંતિ (ફેડરેશન) ચાલતી હતી. એજન્સીની હકુમતની તમામ નાની ઠકરાતોને (નાનાં ગામોને) બ્રિટિશ સરકારે હુકમ કરેલો કેઃ 'તમે સૌ તમારી નજીકના—તમને ફાવે તે રાજ્યમાં ભળી જાવ.' એટલે એ અંગેની ખટપટો ચાલતી હતી.

બોદાનાનેસ (કદંબગિરિ) ચોક થાણાનું ગામ હતું. ચોકથાણાના ગામો માટે બે વિકલ્પ હતાં. ૧—કાંતો ભાવનગર રાજ્યમાં ભળવું, અથવા તો ૨—ગાયકવાડ સરકારમાં ભળવું. બંને રાજ્યોના અમલદારો આ ગામોને પોતાના રાજ્યમાં ભેળવવા માટે ખટપટ દ્વારા બૌદ્ધિક યુદ્ધ ખેલી રહ્યા હતા. એના ચક્કરમાં સપડાયેલા આ ગામોના ભોળાં દરબારોને સમજ નહોતી પડતી કે—આપણે શેમાં ભળવું ? ઘડીકમાં તેઓ ગાયકવાડ તરફ ઢળતાં, તો થોડીવાર પછી વળી ભાવનગરમાં ભળવા તૈયાર થતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ વખતે-ગાયકવાડી અધિકારીઓને પૂજ્યશ્રીની પ્રતિભા અંગે વિશિષ્ટ માહિતી સાંપડી. એ માહિતી અનુસાર તેઓએ વિચાર્યું કે-આ મહારાજશ્રી ચોક થાણાના ગામોના દરબારો ઉપર સારૂં વર્ચસ્વ ધરાવે છે. તેઓ જો એ દરબારોને ઉપદેશરૂપે સમજાવે, તો આ બધાંય ગામો આપણી હદમાં ભળી જાય.

આ વિચારથી ગાયકવાડી અમલદારો વારંવાર પૂજ્યશ્રી પાસે અવરજવર કરવા લાગ્યા. પ્રસંગ મળે કે-તેઓ પોતાની વાત મૂકતાં. એકવાર આ ખાતાના (ફેડરેશન અંગેના) મુખ્ય અધિકારી શ્રીરણછોડલાલ પટવારી કદંબગિરિ ઉપર ચાલતા પ્રતિષ્ઠાના પ્રસંગે આવ્યા. તેઓ કાબેલ મુત્સદ્દી ગણાતા. પોતાના બુદ્ધિબળને લીધે તેઓ 'નાના પટ્ટણી' તરીકે પંકાયેલા. મુત્સદ્દીની અદાથી તેમણે પૂજ્યશ્રીને કહ્યું : "વડોદરા રાજ્યે કરેલો દીક્ષા પ્રતિબંધક કાયદો આપને અયોગ્ય લાગતો હોય, તો એ કાયદો હું કઢાવી નાખું. એટલું જ નહિ, આપના આ તીર્થના વહીવટ માટે-આ બોદાનાનેસ ગામ કદંબગિરિની પેઢીને ત્રાંબાને પતરે લખી આપીએ. પણ આ ગામોના દરબારોને અમારા રાજ્યમાં ભળવાનો ઉપદેશ આપો."

પૂજ્યશ્રીએ આનો ઉચિત જવાબ આપતાં કહ્યું : "ગાયકવાડ સરકારને લાગતું હોય કે-દીક્ષાપ્રતિબંધક કાયદો અયોગ્ય જ છે, તો તેઓ એને જરૂર કાઢી નાખે. બાકી હું દરબારોને તમારામાં ભળવાનો ઉપદેશ આપું, અને એના બદલારૂપે તમે એ કાયદો કાઢી નાખવાની વાત કરતા હો તો એ અશકય જ છે. વળી ભાવનગર રાજ્ય દેશી અને સદા ધર્મપરાયણ છે. અને અમારાં તીર્થોનું રક્ષણ પણ તે કરે છે. માટે પણ આવો ઉપદેશ અમારાથી કોઈને ન અપાય."

પટવારી વગેરે અમલદારો આ જવાબ સાંભળીને સ્તબ્ધ થઇ ગયા. તેઓ સમજી ગયા કે અહીં આપણી મુત્સદ્દીગીરી ચાલે તેમ નથી.

પૂજ્યશ્રીના આ જવાબમાં જે રાજ્યના આશ્રયે રહેતાં હોઈએ, તેના વિરોધના ત્યાગની પ્રતિજ્ઞા (**लोगविरुद्धच्चाओ**)ના પાલનની દૃઢતા ગુંજતી હતી. શાસનને અને તીર્થને હિત કરનારી ઊંડી દીર્ઘદૃષ્ટિ આ જવાબમાં સમાયેલી હતી.

કદંબગિરિથી વિહાર કરીને પૂજ્યશ્રી પાલિતાણા આવ્યા. થોડા દિવસ રહીને ગિરિરાજની યાત્રાઓ કરી. ભાવનગરનો સંઘ વિનંતિ કરવા આવતાં ચોમાસાની જય બોલાવીને ભાવનગર પધાર્યા.

ભાવનગરમાં અનેક ભાવિકોએ શ્રીસમ્યક્ત્વ સહિત વિવિધ વ્રતો નાણુ મંડાવીને ઉચ્ચર્યાં. ઘોઘાના વતની હરગોવિંદભાઈ નામના એક મુમુક્ષુએ પૂજ્યશ્રી પાસે દીક્ષા પણ લીધી. આચાર્ય શ્રી વિજયોદયસૂરિજીના શિષ્ય તરીકે તેમનું નામ મુનિશ્રી હેમપ્રભવિજયજી રાખ્યું.

ગામના મોટાં દેરાસરની ઉપરના ભાગનો જીર્ણોદ્ધાર પૂર્ણ થયો હોવાથી ત્યાં શ્રીપાર્શ્વનાથ ભગવાન વગેરેની, તથા કરચલીયા પરાના નવીન દેરાસરની પ્રતિષ્ઠા શ્રીસંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં કરી.

આમ માંગલિક કાર્યોથી શરૂ થયેલું ૧૯૯૪ની સાલનું આ ચોમાસું પણ મંગલમય રીતે પસાર થયું. ચોમાસામાં પૂજ્યશ્રીના સંસારિ ભાણેજ-મુનિશ્રી ગીર્વાણુવિજયજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓને ચારેક વર્ષથી ક્ષયનો વ્યાધિ થયેલો. છતાં ચારિત્રની નિર્મળ આરાધનામાં તેઓએ ખામી આવવા નહોતી દીધી. અંત સમયે પૂજ્યશ્રીએ પણ ઘણી સુંદર નિર્યામણા કરાવી. તેઓ વિદ્વાન્ સરળ અને ખૂબજ ક્રિયાકાંડમાં રૂચિવાળા હતા.

ચાતુર્માસ પૂર્ણ થયા પછી તરત જ કાર્તક વદિ તેરશે લાઠીદડના રહેવાસી સંઘવી મોહનલાલ લાલચંદના સુપુત્ર શ્રી છોટાલાલને ત્યાગભાવના થવાથી પૂજ્યશ્રીએ દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી કીર્તિપ્રભવિજયજી રાખીને શ્રીવિજયોદયસૂરિજીના શિષ્ય બનાવ્યા.

આ પછી પૂજ્યશ્રી ઘોઘા પધાર્યા. ત્યાં થોડા દિવસ રહ્યા. તેઓશ્રીના પ્રભાવક ઉપદેશના પરિણામે ત્યાંના શા. કાંતિલાલ વિઠ્ઠલદાસે તેઓશ્રીની નિશ્રામાં સિદ્ધાચલજીનો છ'રી' પાળતો સંઘ કાઢ્યો. એ સંઘ સાથે પાલિતાણા પધાર્યા, યાત્રા કરી, સંઘવીને તીર્થમાળ પહેરાવીને તેઓશ્રી કદંબગિરિ આવીને રહ્યા. આ મહાતીર્થની જાહોજલાલી હવે જામી રહી હતી. યાત્રિકો સારા પ્રમાણમાં આવતા, ને લાભ લેતા. એમને ઉતારા માટે પૂજ્યશ્રીના ઉપદેશથી સાત ઓરડાની, અગિયાર ઓરડાની ધર્મશાળાઓ બંધાઈ હતી. એમાં સાત ઓરડાની ધર્મશાળા પૂજ્યશ્રીના પ્રશિષ્ય મુનિશ્રી વલ્લભવિજયજી મ. ની પ્રેરણાથી શેઠ માણેકલાલ ચુનીલાલે બંધાવેલી. 'શ્રીવિજયોદયસૂરિ જ્ઞાનશાળા'નું ત્રણ માળનું ભવ્ય મકાન પણ તેમણે અહીં બંધાવેલું. આ બધી સુંદર વ્યવસ્થાને લીધે યાત્રિકોને રહેવાની પૂરતી સગવડ હતી. હવે અહીં જરૂર હતી એક ભોજનશાળાની. યાત્રિકો ગમે ત્યારે યાત્રા કરીને આવે, ત્યારે તેમને જમવાની સગવડ મળવી જ જોઈએ. આ વિચાર આવતાં પૂજ્યશ્રીએ પેઢીના વહીવટદાર શેઠ ઇશ્વરદાસ મૂળચંદ વગેરેને એ માટે ઉપદેશ કર્યો. તીર્થની સમુન્નતિ અને સાધર્મિકોની સેવાનો મહાન્ લાભ મેળવવાનો રાજમાર્ગ દેખાડ્યો. તેઓશ્રીનો આ અમોઘ ઉપદેશ વહીવટદારોએ ઝીલી લીધો, અને ભોજનશાળાના મકાન અંગે હિલચાલ શરૂ કરી.

પૂજ્યશ્રી તો અહીંથી મહુવા પધાર્યા. ત્યાં દેરાસરનું કામકાજ ચાલુ હતું. ભોયણીથી તેમજ પ્રભાસપાટણથી લાવેલા અતિપ્રાચીન જિનબિંબોને અહીં દેરાસરમાં પરોણા દાખલ બિરાજમાન કરાવ્યા. અહીંથી તેઓશ્રી વિહાર કરતાં કરતાં સાવરકુંડલા આવ્યા. અહીંના સંઘની વર્ષોથી વિનંતિ હતી. એકવાર તો અહીં આવવા વિહાર કરેલો, ને નહોતું અવાયું. એથી આ વખતે સંઘના જોરદાર આગ્રહને માન આપીને તેઓશ્રી ત્યાં પધાર્યા. સંઘે પણ ભવ્ય સ્વાગત વગેરે પ્રભાવનાના કાર્યો કરીને અપૂર્વ ભક્તિ પ્રદર્શિત કરી. અહીં એક માસ રહ્યા. વ્યાખ્યાન પ્રતિદિન થતું. જૈન–જૈનેતર સૌ એનો લાભ અચૂક લેતાં.

અહીં સંઘમાં પણ ત્રણ પક્ષ હતા. તેમાં એક પક્ષ અંચલગચ્છને અને બે પક્ષ લોંકાગચ્છને માનતા હતા. માત્ર ૧૦–૧૨ ઘર જ તપાગચ્છની માન્યતાવાળા હતા. પૂજ્યશ્રીએ એ બધું જાણ્યા પછી સૌ પ્રથમ એ ત્રણ પક્ષોના પારસ્પરિક ક્લેશો દૂર કરીને એકતા સ્થાપી. પછી તેઓને ઉપદેશ આપીને તપાગચ્છની ક્રિયા કરવાને સન્મુખ બનાવ્યાં. સંઘનો મોટો ભાગ તપાગચ્છની માન્યતા ધરાવતો થયો, એટલે પૂજ્યશ્રીએ ભંડારિયાના વતની શા. દેવચંદ ગુલાબચંદ વગેરેને તપાગચ્છીય ઉપાશ્રય કરાવવાની પ્રેરણા આપી. એટલે એ ગૃહસ્થોએ એ માટે જમીન વેચાણ લઈ, તેમાં સંઘના સહકારથી તપાગચ્છીય ઉપાશ્રય બંધાવ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધાં નહિ ધારેલાં કાર્યો થવાથી સંઘમાં અપાર ઉત્સાહ વ્યાપી ગયો. સંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે વિનંતિ કરી. પણ પૂજ્યશ્રીની ભાવના હતી કે : આ ચોમાસું પાલિતાણામાં કરવું. કારણ કે–સૌ સાધુઓને કાર્તિકી પૂનમની ગિરિરાજની યાત્રા કરવાની ઉત્કટ અભિલાષા હતી. એ અભિલાષા તો પાલિતાણામાં ચોમાસું કરે, ત્યારે જ પૂર્ણ થાય. એથી જ પૂજ્યશ્રી સપરિવારની ભાવના પાલિતાણામાં રહેવાની હતી. એ ભાવનાનુસાર કુંડલાની વિનંતિનો અસ્વીકાર કરીને તેઓશ્રી કદંબગિરિ પધાર્યા. ત્યાં વૈશાખ શુદ ૧૦ની કદંબગિરિ ઉપરના દેરાસરની વર્ષગાંઠ ઉજવીને પાલિતાણા આવ્યા. ૧૯૯૫ના આ ચાતુર્માસમાં સાત ઓરડાની ધર્મશાળામાં બિરાજતા, અને વીશા શ્રીમાળી જ્ઞાતિની વાડીમાં વ્યાખ્યાન માટે નિયમિત પધારતા. વ્યાખ્યાનમાં શ્રીભગવતીસૂત્ર વાંચવા માટે સંઘની વિનંતિ થતાં તેનો વિધિપૂર્વક પ્રારંભ કર્યો. ભગવતીસૂત્રનો વરઘોડો, હંમેશાં એકાશનાદિ તપ, અખંડ દીપક–ધૂપ તેમજ હંમેશાં શરૂઆતમાં સોનામહોર વડે અને પછી પ્રત્યેક પ્રશ્ને રૂપા–નાણાંથી સૂત્રનું પૂજન વગેરે વિધિ સદ્ગૃહસ્થો ઘણાં બહુમાનપૂર્વક કરતા હતાં. અને ભાવનાધિકારે શત્રુંજય માહાત્મ્ય શરૂ કર્યું. પૂજ્યશ્રી પાલિતાણામાં ચોમાસું બિરાજે છે, એ જાણીને બહારગામના અનેક આરાધક ભક્તો સહકુટુંબ ચોમાસું કરવા આવ્યા. સુરતના સુરચંદ્ર પુરૂષોત્તમદાસ બદામી જજ સાહેબ, અમદાવાદના શેઠ ચમનલાલ લાલભાઈ, શેઠ જેશીંગભાઈ કાળીદાસ, ચુનીલાલ ભગુભાઈ વગેરે એમાં મુખ્ય હતા. તેઓએ આ ચોમાસામાં તીર્થરાજની આરાધના સાથે તપ-જપ, ક્રિયા વગેરે આરાધનાનો અને પૂજ્યશ્રીની સેવાભક્તિનો ઘણો લાભ લીધો.

ચોમાસાની સમાપ્તિ વેળાએ પૂજ્યશ્રી આદિ સમગ્ર મુનિમંડળે કાર્તિકી પૂનમની યાત્રા અનેરા ઉમંગથી કરીને વર્ષોની અભિલાષા પૂર્ણ કરી.

શ્રી શત્રુંજય તીર્થાધિનાથ શ્રીઆદીશ્વર પ્રભુના અમુક અંગે કેટલાક સમય પૂર્વે લેપ કરાવાયેલો. તે કારણે તથા બીજાં પણ અમુક આશાતનાના કારણો જણાતાં માગશર માસમાં પૂજ્યશ્રીના ઉપદેશથી શેઠ ચમનભાઈએ ૧૮ અભિષેકની મંગળક્રિયા કરાવી. આ ઉપરાંત ગિરિરાજની જય તળાટીમાં ભવ્ય મંડપમાં શેઠ ચમનભાઈ તથા શેઠ માણેકલાલ મનસુખભાઈ એ ઉભય શ્રેષ્ઠિવર્યોએ પૂજ્યશ્રીની પ્રેરણા પામીને શાંતિક વિધાન (અર્હન્‌મહાપૂજન) કરાવ્યું. સેંકડો વર્ષોથી વ્યસ્ત બનેલા આ વિધાનને પૂજ્યશ્રીના પટ્ટાલંકાર આ. શ્રીવિજયોદયસૂરિજી મ. તથા આ. શ્રીવિજયનન્દનસૂરિજી મહારાજે અપાર જહેમત લઈને સાંગોપાંગ વિશુદ્ધ રીતે વ્યવસ્થિત બનાવ્યું હતું, તે સર્વપ્રથમ અહીં પૂજ્યશ્રીની નિશ્રામાં ભણાયું. આ પ્રભાવશાલી પ્રાચીન વિધાનને નિહાળવા હજારો લોકો એકત્ર થયેલા.

આ પ્રસંગે શેઠ દલપતભાઈ મગનભાઈના ધર્મપત્ની શ્રીલક્ષ્મીબાબુ (હઠીસિંહ કેસરીસિંહ-વાળા) ત્યાં આવેલાં. તેમણે પૂજ્યશ્રીને વિનંતિ કરી કે : કાંઈક કાર્ય ફરમાવો. ત્યારે પૂજ્યશ્રીએ કદંબગિરિ તીર્થનો સંઘ કાઢવાનો ઉપદેશ કર્યો. એ ઉપદેશ અનુસાર લક્ષ્મીબાબુએ પૂજ્યશ્રીની નિશ્રામાં સંઘ કાઢ્યો. લગભગ ૧૫૦૦ યાત્રાળુઓ એમાં જોડાયા. પ્રથમ પડાવ રોહિશાળામાં કર્યો. પૂજ્યશ્રીની ભાવના અહીં દેરાસર–ધર્મશાળા કરાવવાની હતી. એ ભાવનાથી જ તેઓશ્રીએ અગાઉથી કદંબગિરિની પેઢી પાસે ૧૯ વીઘાં જેટલી જમીન ત્યાંના ગરાસદારો પાસેથી અઘાટ વેચાણ લેવરાવી રાખી હતી. આ કાર્યને પૂર્ણ કરવાનો વિચાર તેઓશ્રી કરી રહ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં જ અમદાવાદના વતની અને મૂળ પાટીદાર જ્ઞાતિના છતાં પોતાના મિત્ર પુરૂષોત્તમદાસ અમીચંદ—કે જેઓ ભૂગોળ અને ખગોળવિદ્યાના ઘણા સારા અભ્યાસી હતા, તેમના સહવાસથી પૂજ્યશ્રીના ગુણાનુરાગી બનેલા શા. ચંદુલાલ શિવલાલ ગિરિરાજની યાત્રાર્થે આવેલા, તેઓ રોહિશાળા સંઘના દર્શને આવ્યા. પૂજ્યશ્રીએ સચોટ ધર્મોપદેશ આપતાં તેઓને કાંઈક ધર્મકાર્ય કરવાની રુચિ જાગી. એ જોઈને પૂજ્યશ્રીએ રોહિશાળામાં ધર્મશાળા કરવાની પ્રેરણા આપી. તેમણે પણ તરત જ એ માટે તેર હજાર રૂપિયા આપવાનું જાહેર કર્યું.

આ મંગળકાર્ય કરીને બીજે દિવસે સંઘ કદંબગિરિ પહોંચ્યો. તીર્થમાળારોપણ વિધિ પત્યા બાદ પૂજ્યશ્રી ત્યાં જ રહ્યા. થોડા દિવસ બાદ ત્યાંથી તળાજા–દાઠા થઈને મહુવા પધાર્યા. અહીં આ. શ્રીવિજયનંદનસૂરિજી મ. ની તબિયત અસ્વસ્થ થઇ. લીવરનો દુઃખાવો તથા ગેસનો ઉપદ્રવ તેમને વારંવાર થઈ આવતો હતો. તે માટે યોગ્ય ઉપચાર કરવાની જરૂર જણાતાં વૈદ્યોની સલાહથી મહુવાથી વિહાર કરી વળા થઈને પચ્છેગામ પધાર્યા. આ પચ્છેગામ તે વખતે વૈદ્યોનું વિલાયત ગણાતું. ત્યાં આશરે દોઢ માસ રહીને શ્રીનાગરદાસભાઈ વગેરે પીયૂષપાણિ અને નિષ્ણાત વૈદ્યોની સારવાર કરાવી. ચાતુર્માસનો કાળ નજીક આવતો હતો. તે માટે બોટાદ વગેરેના સંઘોની વિનંતિ હતી, પણ વળાના સંઘનો સવિશેષ આગ્રહ થતાં પૂજ્યશ્રી ત્યાં ચાતુર્માસ કરવા પધાર્યા (સં. ૧૯૯૬).

---

# [૫૪]

## એક જ ધ્યેય: તીર્થોન્નતિ—

વળાનો શ્રીસંઘ તથા ત્યાંનો રાજપરિવાર પૂજ્યશ્રી પ્રત્યે અનન્ય અનુરાગ ધરાવતો હતો. તેમના ભક્તિપૂર્ણ આગ્રહથી તથા આ ઐતિહાસિક નગરના ઉદ્ધારના અભિલાષથી પૂજ્યશ્રી અહીં ચોમાસું રહેલા.

અહીંનો ઉપાશ્રય જીર્ણ બની ગયો હતો. શેઠ ચીમનભાઈ લાલભાઈ વગેરે અમદાવાદના ધનિકોને ઉપદેશ આપતાં તેઓએ યોગ્ય સુધારાવધારા સાથે સમારકામ કરાવીને ઉપાશ્રયને સુંદર બનાવી દીધો.

અહીંના શ્રીસંઘ ઉપર પંજાબરત્ન પ. પૂ. ગુરુભગવંત શ્રીવૃદ્ધિચંદ્રજી મ.નો મહાન્ ઉપકાર હતો. તેઓશ્રીએ સં. ૧૯૩૬–૩૭ના બે ચોમાસાં અહીં કરેલા. અને અત્યારનું શ્રીપાર્શ્વનાથ પ્રભુનું જિનાલય તેઓશ્રીના ઉપદેશથી જ બંધાયેલ છે. એ બધા ઉપકારોની સ્મૃતિ કાયમ કહ્યા કરે, એ ભાવનાથી આપણા પૂજ્યશ્રીએ આપેલા ઉપદેશને અનુસરીને કદંબગિરિની શેઠ જિનદાસ ધર્મદાસની પેઢીએ ઉપાશ્રયની પાછળ આવેલ શા. વર્ધમાન લલ્લુભાઈનું મકાન લઈ, તેને સુધરાવીને 'શ્રીવૃદ્ધિઉદય જ્ઞાનશાળા' તરીકે સ્થાપ્યું.

પર્યુષણા પછી આસો માસમાં પૂજ્યશ્રીને સખ્ત તાવ આવવો શરૂ થયો. પચીસેક દિવસ એનું જોર રહ્યું. અશક્તિ ઘણી આવી ગઈ. આ સમાચાર મળતાં અમદાવાદ–ભાવનગર વગેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામોના કેટલાંયે ગુરુભક્ત શ્રાવકો વારંવાર શાતા પૃચ્છા માટે આવવા લાગ્યા. શેઠ ઈશ્વરદાસ મૂળચંદ તો પૂજ્યશ્રીને તાવ આવવો શરૂ થયો, ત્યારથી, તેઓશ્રી સંપૂર્ણ સ્વસ્થ થયા ત્યાં સુધી વળામાં જ રહ્યા. ચોમાસું સમાપ્ત થતાં જ પૂજ્યશ્રીના પરમભક્ત રાજકુટુંબે ગામ બહાર વિશાળ તંબૂ નખાવ્યો, અને ત્યાં હવાફેર માટે પૂજ્યશ્રીને લઈ જવાયા. સંઘના સર્વ ગૃહસ્થો ખડે પગે વૈયાવચ્ચ કરવા હાજર રહેતા. તેઓ હંમેશાં પૂજા તથા સ્વામીવાત્સલ્ય કરવા લાગ્યા.

સ્વચ્છ હવા અને પથ્યસેવનપૂર્વકના યોગ્ય ઉપચારથી પૂજ્યશ્રી સ્વસ્થ બની જતાં ત્યાં જ કેટલાંક ગૃહસ્થોએ નાણુ મંડાવીને વિવિધ વ્રતો ઉચ્ચર્યા. વળાના નામદાર ઠાકોર સાહેબ શ્રી વખતસિંહજી કેટલાંક કારણોસર અત્યાર સુધી રાજકોટ હતા. તેઓ ચોમાસા પછી આવ્યા. ત્યાર પછી તેઓ હંમેશાં પૂજ્યશ્રીના દર્શને આવવા લાગ્યા.

અહીં પ્રાચીન કાળથી શ્રીઆદીશ્વરપ્રભુનું મહાન્ શિખરબંધી દેરાસર હતું. મહામંત્રી શ્રી વસ્તુપાળ અને તેજપાળ જ્યારે સંઘ લઈને સિદ્ધગિરિજી આવ્યા, ત્યારે માર્ગમાં આ (વળા) ગામના આદીશ્વર પ્રભુના ચૈત્યનો જીર્ણોદ્ધાર તેઓએ કરાવેલો, એવો ઉલ્લેખ તેમના ચરિત્રમાં મળે છે.

આ પછી ફરીવાર વલભીપુરનો ભંગ થયો હોવાનું સંભવે છે. ૧૭–૧૮મા સૈકામાં થયેલ પુનરૂદ્ધાર વખતે અહીં એક નાનું દેરાસર (મોટી દેરી જેવું) બંધાવીને તેમાં આદીશ્વરપ્રભુની નાની મૂર્તિ પધરાવવામાં આવેલી. એ મૂર્તિ અને એ દેરાસર સં. ૧૯૪૨ સુધી રહ્યાં. પણ ત્યાર પછી પૂજ્યશ્રી વૃદ્ધિચંદ્રજી મ.ના સદુપદેશથી બંધાયેલા મોટા દેરાસર માટે એ પ્રતિમાજી નાના જણાતાં પૂ.શ્રી આત્મારામજી મ.ના પ્રશિષ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મ.ની પ્રેરણાથી બુરાનપુરાના સંઘે આપેલ શ્રીપાર્શ્વનાથપ્રભુ અહીં લાવવામાં આવ્યા. અને સં. ૧૯૬૦માં પૂ. ગંભીરવિજયજી મ., તથા આપણા પૂજ્યશ્રી આદિની પુનિત નિશ્રામાં થયેલી પ્રતિષ્ઠા વખતે એ પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક તરીકે બિરાજમાન કરવામાં આવ્યા.

આ પ્રતિષ્ઠા પછીની ગામની પરિસ્થિતિ નિહાળતાં આગેવાનોના દિલમાં કાંઈક વહેમ રહી ગયેલો. એ વહેમનું નિવારણ થાય, એ માટે અહીં આદીશ્વરપ્રભુનું જિનાલય બંધાવવાની પૂજ્યશ્રીની ભાવના હતી.

વળી પૂર્વધર ભગવંત શ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણ તથા શ્રીમલ્લવાદીસૂરિજી મ. વગેરે પ્રભાવક મહાપુરુષોના ઐતિહાસિક મહાકાર્યોની આ ભૂમિ હતી. પૂ. ગુરુદેવ શ્રીવૃદ્ધિચંદ્રજી મ.ના મનમાં એ મહાન કાર્યોનું સ્થાયી સ્મારક બનાવવાની ભાવના હતી. ગુરૂદેવની એ ભાવનાને સાકાર બનાવવાની પૂજ્યશ્રીને અભિલાષા હતી. એ સ્મારકમાં વલભી-વાચનાના પુણ્ય અવસરે શ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણના નેતૃત્વ તળે મળેલી ૫૦૦ આચાર્યોની પર્ષદાને મૂર્તિસ્વરૂપે પધરાવવાની તેઓશ્રીની ઈચ્છા હતી. (એક મુખ્ય મૂર્તિ અને તેમાં પરિકરરૂપે ૫૦૦ આચાર્યોના પ્રતીકો, અને દેવર્ધિગણિ મહારાજા સહિત પાંચસોએ આચાર્યોની અલગ અલગ મૂર્તિઓ, આ રીતે).

આ ભવ્ય અભિલાષાને મૂર્તિમંત બનાવવા તેઓશ્રી વિચારી રહેલા. ગામ બહાર યોગ્ય જગ્યાની તપાસ પણ તેઓશ્રીના ભક્ત શ્રાવકો કરી રહેલા. એ વાતની જાણ ના. ઠાકોરસાહેબને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતાં તેઓએ પૂજ્યશ્રીને ભાવપૂર્વક વિનંતિ કરી કે : ગુરુદેવ ! આપને જ્યાં અને જે જગ્યા પસંદ પડે તે જણાવો.

પૂજ્યશ્રીને પૂર્વ દિશાથી ગામમાં પ્રવેશતાં મુખ્ય ઝાંપાની સામેની વિશાળ જગ્યા અનુકૂળ જણાઈ; તેઓશ્રીએ એ જગ્યા રાજ્ય પાસેથી વેચાણ લેવાનો ગૃહસ્થોને ઉપદેશ કર્યો. એ જાણીને ઠાકોરશ્રીએ કહ્યું: "આવું ઐતિહાસિક સ્મારક સ્વરૂપ ધર્મસ્થાન થાય, એ તો મારા રાજ્યની જ શોભા વધારનારું છે. માટે શ્રીસંઘ આ જગ્યા રાજ્ય તરફથી ભેટ સ્વીકારે, એવી મારી ઈચ્છા છે. અને આવા ધર્મકાર્ય માટે કોઈ પણ રાજ્ય કિંમતરૂપે એક કોડી પણ લે, તો તે રાજ્ય નાલાયક ગણાય. માટે કિંમત આપ્યા વિના મારી આટલી ભેટ સ્વીકારો."

તેમણે પૂજ્યશ્રીને પણ વિનંતિ કરી કેઃ "સાહેબ ! આપ પધારો, અને જેટલી જગ્યામાં આપ ફરો, તેટલી જગ્યા આપને ભેટ ધરવાની મારી ભાવના છે, તે પૂરી કરો."

પણ દીર્ઘદ્રષ્ટા પૂજ્યશ્રીએ પોતાની સાધુમર્યાદા ઠાકોરશ્રીને સમજાવી એ જગ્યા વેચાણ આપવાનો ઉપદેશ આપ્યો. ઘણી આનાકાનીને અંતે તદ્દન નજીવી કિંમતે ઠાકોર સાહેબે એ જગ્યા શેઠ જિનદાસ ધર્મદાસની પેઢીને અઘાટ વેચાણ કરી આપી.

જમીનનો નિર્ણય થઈ જતાં પૂજ્યશ્રીએ ત્યાંથી વિહાર કર્યો ઠાકોર સાહેબ વખતસિંહજી વૃદ્ધ હતા, અને તબિયત પણ સારી નહોતી. તો પણ પ્રથમ મુકામ ઉમરાળામાં આ જગ્યાની મંજૂરીનો કાગળ (ખલીતો) લઈ ને તેઓ પૂજ્યશ્રીને આપવા ગયા.

પૂજ્યશ્રી વિહાર કરતાં કરતાં કદંબગિરિજી પધાર્યા. ત્યાં થોડા દિવસ રહીને ઉપદેશ દ્વારા ભોજનશાળા માટે જમીન વેચાણ લેવરાવી. એમાં ભોજનશાળાના મકાનનું કામ શરૂ થયા પછી ત્યાંથી વિહાર કરીને ગામડાઓમાં વિચરતાં વિચરતાં તળાજા પધાર્યા.

તળાજા તીર્થની વહીવટી વ્યવસ્થા હજી બરાબર નહોતી થયેલી. યોગ્ય કાર્યકર્તાના અભાવે તીર્થના વહીવટ અંગે લોકો સંદિગ્ધ રહેતા હતા. ચાલુ વહીવટદારો અવ્યવસ્થિત હતા. એ કારણે–તીર્થની ઉન્નતિ જોઈએ તેવી નહોતી થઈ શકતી. ભાવનગર રાજ્યે તથા કેટલાક સમજદાર આગેવાનોએ આ તીર્થના વહીવટમાં બહારના માણસોને લેવા સૂચવેલું. પણ એ સૂચન અમલી નહોતું બનતું. આથી શ્રી અનંતરાય પટ્ટણી સાહેબ વગેરેએ પૂજ્યશ્રીને આ કાર્ય હાથ ધરવા વિનંતિ કરેલી. તે ઉપરથી આ વખતે તેઓશ્રીના હૃદયમાં તીર્થવ્યવસ્થાનો વિચાર ઉદ્‌ભવતાં તેઓશ્રીએ સ્થાનિક સંઘને સમજાવ્યો. પણ સ્થાનિક સંઘને તો પૂજ્યશ્રી ફરમાવે એ મંજૂર જ હતું. એટલે પૂજ્યશ્રીએ આ તીર્થના વહીવટ માટે પાંચ સભ્યોની કમિટિ નીમી. ભાવનગરની મહાલક્ષ્મી મીલના મેનેજર શ્રી ભોગીલાલ મગનલાલને એના પ્રમુખ બનાવીને તેમને આ વહીવટ સોંપાવ્યો.

આ કમિટિની નિમણૂંકનો પ્રસંગ શેઠશ્રી ભોગીલાલ મગનલાલ "મારા જીવનનાં સંસ્મરણો" નામક પુસ્તિકામાં વર્ણવતાં લખે છે કે—

"[1]આ પહેલાં સને ૧૯૩૮–૩૯માં [2]તેઓશ્રીનું સહપરિવાર તળાજામાં [3]ચોમાસું થયું

૧ "મારાં જીવનના સંસ્મરણો" પત્ર ૯૮. ૨ પૂજ્યશ્રીનું. ૩. ૧૯૩૮–૩૯ નહિ, પણ ૧૯૪૦–૪૧ સંભવે છે. અને તળાજામાં ચોમાસું નહિ. પણ શેષકાળમાં રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે એક વખત એમણે મને અને ભાઈ ખાંતિલાલ અમરચંદ વોરાને બોલાવ્યા અને કહ્યું: "તળાજાનો સંઘ અત્યારે તળાજાતીર્થનો વહીવટ કરી શકે એમ નથી, માટે તમે આ વહીવટ હાથમાં લઈ લ્યો." મેં કહ્યું: "સાહેબ! અમે ૩૫ માઈલ દૂરથી શી રીતે વહીવટ કરી શકીએ?" મહારાજશ્રીએ કહ્યું: "હું કહું છું કે તમે વહીવટ લઈ લ્યો. અને તમારી સાથે ખાંતિભાઈને રાખો. એ અમરચંદ જસરાજનો દીકરો છે. એટલે પછી તમારે બીજી ચિંતા નહીં રહે. જો આ વહીવટ નહીં લ્યો તો મારે આ વહીવટ આણંદજી કલ્યાણજીને સોંપી દેવો પડશે. પણ "આમ કરવું પડે તે બરાબર નહિ. માટે તમે વહીવટ લેશો તો વાંધો નહીં આવે." મેં કહ્યું કે: "એક શરતે એ વહીવટ લઈએ. અને તે એ રીતે કે કમિટિમાં અમારા બે ઉપરાંત તળાજાના સંઘના બે ત્રણ ગૃહસ્થો અમારી સાથે રહે." મહારાજ સાહેબે હા પાડી. અને હું, ખાંતિભાઈ, વલ્લભદાસ ગુલાબચંદ, પુરુષોત્તમ માવજીભાઈ શાહ તથા વીરચંદ કરસનદાસની તીર્થકમિટિ સ્થાપવામાં આવી. તે વખતે પુરુષોત્તમદાસ જો કે હાજર નહોતા. પણ એમનું નામ મૂકવામાં આવેલું. આ વખતે સંઘ પાસે ગોઠીઓનો પગાર કરવાના પણ પૈસા ન હતા. આ વખતમાં ગોઠીઓનો પગાર ૨૦થી ૨૫ રૂપિયા હતો. દરેક મેંબરે વહીવટ માટે પાંચસો પાંચસો રૂપિયા કાઢેલા. આ કામમાં મહારાજ સાહેબના આશીર્વાદથી અમને સારો યશ મળ્યો."

આમ આ કમિટિએ આ મહાતીર્થનો વહીવટ પૂજ્યશ્રીના માર્ગદર્શન મુજબ સંભાળી લીધો. આ પછી એ તીર્થની ઉન્નતિ અને જાહોજલાલી ઉત્તરોત્તર વધ્યે જ ગઈ અને વધ્યે જ જાય છે. એ વિષે શેઠશ્રી ભોગીભાઈ લખે છે કે—

"આ પ્રમાણે સં. ૧૯૯૮ ના શ્રાવણ શુદિ ૧થી તળાજા તીર્થનો વહીવટ કમિટિએ હાથમાં લીધો ત્યાર પછી આ તીર્થમાં અત્યાર સુધીમાં એક પછી એક સારાં કામો થતાં આવ્યા છે. આ તીર્થક્ષેત્રમાં બાવન જિનાલયની યોજના, શાંતિકુંડ, ચોમુખજી જીર્ણોદ્ધાર, સાચાદેવ જીર્ણોદ્ધાર, સ્નાનગૃહ, નૂતન ભોજનાલય, કીર્તિસ્તંભનો જીર્ણોદ્ધાર, ધર્મશાળાનો જીર્ણોદ્ધાર, ટેકરી ઉપર જવાનાં પગથિયાં અને શ્રાવક–શ્રાવિકાના બે ઉપાશ્રય તથા જૈન વિદ્યાર્થીગૃહ વિગેરે થયાં છે.[1]"

અહીં ભાવનગરનો શ્રીસંઘ ચોમાસાની વિનંતિ કરવા આવ્યો. એ સ્વીકારીને ૧૯૯૭ના ચાતુર્માસ માટે પૂજ્યશ્રીએ ભાવનગર તરફ વિહાર કર્યો. માર્ગમાં રાજપરા ગામ આવ્યું. અહીંના સુંદર દેરાસરમાં શ્રીઆદિનાથપ્રભુની પ્રતિમા કેટલાંક વર્ષોથી પરોણા દાખલ બિરાજમાન હતી. એ જાણીને પૂજ્યશ્રીએ શ્રીસંઘને તેની પ્રતિષ્ઠા માટે પ્રેરણા કરી. સંઘે તે હર્ષભેર વધાવી લીધી, અને આવતાં વર્ષમાં પ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય કર્યો. ત્યાંથી પૂજ્યશ્રી તણસા ગામે આવ્યા. ત્યાં રાજપરાના ધનવાન્ શ્રાવક લવજી મેઘજી વગેરે આવ્યા. લવજીભાઈ સર્વ પ્રકારે સુખી હતા, પણ ધર્મમાર્ગમાં હજી સુધી તેમણે બિલકુલ ધનવ્યય કરેલો નહિ. પૂજ્યશ્રીએ અવસરોચિત ઉપદેશ આપતાં કહ્યું કે: મૂળનાયક પ્રભુ તમે પધરાવો.

પૂજ્યશ્રીના વચનનો પ્રભાવ કહો કે ચમત્કાર કહો, કોઈ દિવસ ધર્મમાં કાંઈ ન વાપરનાર એ લવજીભાઈએ તે જ ઘડીએ રૂ. ૨૧૧૧,માં મૂળનાયકજીની પ્રતિષ્ઠાનો આદેશ લીધો. આજુ–બાજુ બીજાં બે પ્રતિમાજી પધરાવવાનું નક્કી થતાં તેનો આદેશ પણ બે ગૃહસ્થોએ લીધો.

૧. એજન–પૃ. ૯૯–૧૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ નહિ ધારેલું બનવાથી રાજપરાનો સંઘ હર્ષઘેલો બની ગયો. આ પછી પૂજ્યશ્રી ભાવનગર પધાર્યા.

ભાવનગરમાં ગામબહારની દાદાસાહેબની વાડીમાં પૂજ્યશ્રી થોડા દિવસ રહ્યા. એ વખતે શેઠ ઈશ્વરદાસ મૂળચંદ સહકુટુંબ ત્યાં આવ્યા, અને નાણુ મંડાવીને પૂજ્યશ્રી પાસે ચતુર્થવ્રત અંગીકાર કર્યું.

નગર-પ્રવેશ માટે એક મંગલ દિવસ નક્કી કરવામાં આવ્યો. એ દિવસે ભાવનગરના સંઘે કરેલી તૈયારીઓ અદ્ભુત હતી. રાજ્યે પણ દરબારી બેન્ડ, હાથી, ઘોડા વગેરે સામગ્રી આપી હતી. સંઘનો એકેએક સભ્ય સ્વાગત અર્થે શરૂઆતથી જ હાજર થઈ ગયેલો. રાજ્યના દિવાન સાહેબ શ્રી અનંતરાય પટ્ટણી, નાયબ દિવાન શ્રી નટવરલાલભાઈ, વસુલાતી અધિકારી ગજાનનભાઈ, પોલિસ ઉપરી શ્રી છેલશંકરભાઈ વગેરે અધિકારીઓનું સમગ્ર મંડળ પણ પ્રથમથી જ હાજર હતું. રાજ્યે પણ રાજ્યની રીતે સામૈયાની અપૂર્વ ગોઠવણી કરેલી. પોતાની કરડાકી માટે સર્વત્ર જાણીતા પોલિસ ઉપરી શ્રીછેલશંકરભાઈ સમગ્ર પોલિસ-સ્ટાફને સુસજ્જ બનાવીને લાવેલા. વોઈસરોય જેવા ઉચ્ચ કક્ષાના માણસો આવે, ત્યારે પોલિસોની જેવી ગોઠવણી કરાતી, તે જ પ્રમાણે તેમણે પોલિસસ્ટાફને ગોઠવ્યો સામૈયું પસાર થવાના વિશાળ માર્ગવિસ્તારમાં લગભગ ૧૦-૧૦ ડગલાના અંતરે તેમણે એક એક પોલિસ ગોઠવી દીધો. સામૈયું તે સ્થાનેથી પસાર થાય, ત્યારે એ પોલિસો સલામી આપતા.

રાજ્યે તથા સંઘે કરેલું આ સામૈયું સર્વત્ર ચર્ચા અને પ્રશંસાનો વિષય બની રહ્યું. એક ફર્સ્ટકલાસ દેશી રાજ્ય જૈનસંઘના એક પ્રભાવશાલી ધર્મગુરૂને આવું-વોઈસરોયથીયે અધિક માન આપે, એ જોઈને-જાણીને જૈન-જૈનેતરો તથા અન્ય રજવાડાંઓ પણ આશ્ચર્ય પામવા સાથે પૂજ્યશ્રીની પ્રતિભાથી માહિતગાર બન્યા.

સામૈયું શહેરમાં ફરીને સમવસરણના વંડે ઊતર્યું. પૂજ્યશ્રી ત્યાં જ ચોમાસું બિરાજ્યા. ચોમાસામાં પટ્ટણી સાહેબ વગેરે રાજ્યાધિકારીઓ વારંવાર આવતા, અને ધર્મોપદેશ સાંભળતા.

પર્યુષણ પછી પૂજ્યશ્રીને તાવ આવવા લાગ્યો. થોડા થોડા સમયે દેખા દઈ જતો આ તાવ જાણે તેઓશ્રીની ભાઈબંધી ઇચ્છતો હતો, પણ તેઓશ્રી એને ગણકારતા નહિ. 'ફકત અધું બળેલ ઉકાળેલું પાણી' વગેરે ઉપાયોથી એનું નિવારણ કરતા. તાવને લીધે અશક્ત બનેલા શરીરને જોઇને ભક્તશ્રાવકોએ વિનંતિ કરી કે : સાહેબ ! સ્વસ્થતા માટે મુક્ત વાતાવરણની જરૂર છે. માટે આપ કૃષ્ણનગર પધારો. ત્યાં રહો. ત્યાંનું વાતાવરણ આપને અનુકૂળ રહેશે.' આ વાત યોગ્ય લાગતાં પૂજ્યશ્રી ત્યાં જઇને થોડાં દિવસ રહ્યા. ત્યાંના ખુલ્લાં વાતાવરણથી તબિયત પણ સ્વસ્થ બની.

ચોમાસું પૂર્ણ થતાં વિહાર કરીને ઘોઘા-કોળિયાક-ખડસલીયા-વાડી-પડવા-નાગધણીબાના રસ્તે રાજપરા પધાર્યા. પૂજ્યશ્રીના દરેક વિહારમાં ગામોગામ સેંકડો ભાવિકો ઠેરઠેરથી દર્શન વંદન કરવા આવતાં. દરેક મુકામે પૂજા-પ્રભાવના તથા સંઘજમણ કાયમ થતાં.

રાજપરાના સંઘની વિનંતિથી ત્યાંની પ્રતિષ્ઠા કરાવવાનું સ્વીકારીને તેનું શુભમુહૂર્ત કાઢી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ્યું. મુહૂર્ત ફાગણ માસમાં હતું, એટલે તેઓશ્રી ગામડાઓમાં વિચરતાં વિચરતાં તળાજા પધાર્યા. ત્યાં તીર્થના વહીવટ અંગે થોડા દિવસ રહીને પુનઃ રાજપરા પધાર્યા.

સંઘે ઘણા ઉલ્લાસથી પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રારંભ્યો. મહા વદિ તેરશે એ શરૂ થયો. ફા.શુ. પાંચમના મંગલ દિવસે પૂજ્યશ્રીના પવિત્ર સાંનિધ્યમાં એ ત્રણે બિંબોને ગાદીનશીન કરવામાં આવ્યા. આઠે દિવસ સંઘજમણ અને પ્રતિષ્ઠાદિને ગામઝાંપે ચોખાયુક્ત નવકારશી કરીને સંઘે મહાન્ લાભ લીધો.

પ્રતિષ્ઠા પછી ત્યાંથી તળાજા પધાર્યા. અવારનવાર ડોકિયાં કરી જતો તાવ અહીં પણ આવ્યો. એને લીધે અહીં સ્થિરતા કરી.

બોટાદના સંઘની વિનંતિથી સં. ૧૯૯૮ની સાલનું આવતું ચોમાસું ત્યાં કરવાનું સ્વીકાર્યું, અને તબિયત સ્વસ્થ થતાં વિહાર કરીને વળા આવ્યા. અહીં પ્લોટમાં દેરાસર–ધર્મશાળાનું બાંધકામ ચાલી રહ્યું હતું. તેનું નિરીક્ષણ કરી, યોગ્ય સૂચનાઓ આપીને ત્યાંથી અનુક્રમે બોટાદ આવ્યા. અહીંના સંઘનો ઉત્સાહ અપાર હતો. સામૈયું પણ એને અનુરૂપ કર્યું. ગામના ઉપાશ્રયે બે દિવસ રહીને પરામાં આવેલી શા. રતિલાલ હરિલાલ કૉન્ટ્રાક્ટરની જીનના બંગલામાં પધાર્યા. શારીરિક અનુકૂળતાની દૃષ્ટિએ એ ચોમાસું ત્યાં જ રહ્યા. શરૂઆતમાં એક મહિનો વ્યાખ્યાન પણ ત્યાં જ વાંચ્યું.

પૂર્વે–૧૯૮૮ના ચોમાસામાં પરામાં રહેતાં સો–સવાસો જૈન કુટુંબોને આરાધના કરાવવાનો લાભ મળે, તેવી ભાવનાથી અને પૂજ્યશ્રીના ઉપદેશથી દેસાઈ લક્ષ્મીચંદ ભવાને પરામાં જ એક વિશાળ જમીન લઈ રાખેલી. તેમાં પૂજ્યશ્રીના ઉપદેશાનુસાર પોતાના વડીલ બંધુ મુનિશ્રી હર્ષવિજયજીના સ્મરણાર્થે 'શ્રીહર્ષવિજયજી જ્ઞાનશાળા' નામનો ઉપાશ્રય તથા શ્રી મહાવીર સ્વામીનું દેરાસર તેઓ બંધાવી રહ્યા હતા. ઉપાશ્રય તો લગભગ તૈયાર થઈ જવા આવ્યો હતો. પણ તે ઘણો નાનો હતો. બોટાદનો સમસ્ત સંઘ ત્યાં બેસીને વ્યાખ્યાન શ્રવણાદિ કાર્યો કરી શકે તેવો ન હતો. એટલે પૂજ્યશ્રીએ દેસાઈ કુટુંબના શ્રીનરોત્તમદાસ ખીમચંદ, તારાચંદ હિમચંદ, ગિરધરલાલ હિમચંદ, તથા વીરચંદ હિમચંદ વગેરેને ઉપદેશ આપ્યો કે : થોડી વધુ જગ્યા આમાં ઉમેરીને ઉપાશ્રયને વિશાળ બનાવો.

તેઓએ તરત તેનો અમલ કર્યો. થોડીક વધુ જગ્યા એમાં ભેળવીને એ ઉપાશ્રયને એક મહિનામાં જ વિશાળ બનાવી દીધો એ તૈયાર થઈ જતાં બાકીનું આખું ચોમાસું ત્યાં જ વ્યાખ્યાન વંચાયું.

દેરાસરનું કામકાજ પણ ચાલુ હતું. એ માટે પહેલાં લક્ષ્મીચંદભાઈએ અમુક રકમ કાઢેલી. પણ શિખરબંધી દેરાસર માટે તે અપૂરતી હતી, એટલે તેમની ઈચ્છા નાનું ઘરદેરાસર કરવાની હતી, પણ પૂજ્યશ્રીએ તેમને તથા આખા દેસાઈ કુટુંબને ઉપદેશ આપતાં દેસાઈ કુટુંબે સારી રકમ કાઢીને શિખરબંધી અને ત્રણ ગભારાવાળા એ દેરાસરનું કામ આગળ ધપાવ્યું.

ગામનું જૂનું દેરાસર પણ નાનું હતું. અત્યારની વસતિને માટે સાંકડું પડતું હતું. એ સંકડામણને દૂર કરવા માટે સંઘે પૂજ્યશ્રીનું માર્ગદર્શન મેળવીને તે અનુસાર–દેરાસરની આગળના મોટા ઉપાશ્રયનો અમુક ભાગ દેરાસર ખાતે લીધો, અને ત્યાં ત્રિભૂમિક પ્રાસાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધાવવો શરૂ કર્યો. મધ્યભૂતલ, ભૂમિગૃહ, અને શિખર એમ ત્રણે ભૂમિમાં પ્રભુજી પધરાવવાના વિચારથી આ પ્રાસાદનું કામ શરૂ થયું.

આમ એક પછી એક સ્થાયી કાર્યોના નિર્ણય લેવાતા ગયા, ને સંઘનો ઉમંગ વધતો જ ગયો. પર્યુષણા પર્વ આવ્યા. આરાધકો સર્વ બાહ્ય વ્યાપારોનો ત્યાગ કરીને પૂજ્યશ્રીની નિશ્રામાં આરાધના કરવા તત્પર બન્યા. પૂજ્યશ્રીના શ્રીમુખે થતાં કલ્પસૂત્રના વાંચનનો લાભ લેવા સંઘનો નાનામાં નાનો બાળક પણ અચૂક હાજર રહેતો. એમાંયે ગણધરવાદના શ્રવણ માટે તો સુરેન્દ્રનગર, લીંબડી, વગેરે અનેક ગામોના શ્રાવકો તથા રાજ્યાધિકારીઓ પણ આવેલા.

જોતજોતામાં પર્વના દિવસો પૂરા થયા. સંઘે અઠ્ઠાઇ મહોત્સવ કર્યો.

ચોમાસા દરમ્યાન-એકવાર ભાવનગરના મહારાજા શ્રીકૃષ્ણકુમારસિંહજી ખાસ પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા. એ વખતે ગૃહસ્થોએ એક મોટા ખંડના એક ભાગમાં સુંદર ગાલીચો પાથરી તેના પર ગાદી-તકિયો વગેરે બિછાવી રાખ્યું. મહારાજા આવ્યાં કે તરત સ્વાગત વિધિપૂર્વક તેમને એ ખંડમાં લઈ જવાયા. તેઓ ગાદી ઉપર બેઠા. હવે-તેમની સમજ એવી હતી કે—મહારાજશ્રી પણ અહીં-ગાદી પર જ બેસશે.

થોડીવારમાં પૂજ્યશ્રી પરિવાર સાથે પધાર્યા. ના. મહારાજાએ ઊભાં થઈને વંદન કર્યું. પછી તેઓ ઊભાં જ રહ્યા. મહારાજશ્રી ગાદી ઉપર બેસે, તેની રાહમાં તેઓ હતા. ત્યાં જ પૂજ્યશ્રી તો સાધુએ ભૂમિપ્રમાર્જનપૂર્વક પાથરેલા આસન પર બિરાજી ગયા. એ જોઇને ના. મહારાજાએ ગાદી ઉપર પધારવા વિનંતિ કરી. ત્યારે પૂજ્યશ્રીએ સાધુધર્મ પ્રમાણે એના પર પગ પણ ના મૂકાય, એ સમજાવ્યું. ના. મહારાજા આ સાંભળીને ઘણું આશ્ચર્ય પામ્યા. એની સાથે આવાં કડક સાધુધર્મ પ્રતિ તેઓના બહુમાનમાં વૃદ્ધિ થઈ. પછી તેઓ પણ જમીન પર જ બેસી ગયા. શ્રાવકોએ ગાદી ઉપર બેસવા કહ્યું તો તેઓ કહે : 'ગુરુ મહારાજથી ઊંચા આસને મારાથી ન બેસાય.' અને તેઓ નીચે જ બેઠા. પછી તો લગભગ બેથી અઢી કલાક સુધી ધર્મોપદેશ સાંભળ્યો.

પૂજ્યશ્રી જ્યાં બિરાજમાન હોય, ત્યાં હંમેશા તેઓશ્રીને વંદન કરવા માટે સેંકડો અનુરાગીઓ આવ્યા જ કરતાં. તેમાં જૈન પણ આવતાં ને જૈનેતર પણ. નજીકના ગામોમાંથી આવતાં, ને દૂરના ગામોમાંથી પણ. આવીને પૂજ્યશ્રીને ભાવપૂર્વક વાંદતાં. ઉપદેશ શ્રવણ કરતાં, કાંઇક સેવા ફરમાવવા વિનવતા, યથાશક્તિ સેવા કરતાં, ને કંઇક પામ્યાની તૃપ્તિ અનુભવતા. અહીંયા પણ એકવાર-પાડીવ (રાજસ્થાન)થી શેઠ ઋષભદાસ મૂળચંદજી અને જાવાલથી શેઠ કપૂરચંદજી હાંસાજી વંદનાર્થે આવ્યાં. કાંઇક ધર્મકાર્યનો લાભ આવવા વિનંતિ કરી. ત્યારે પૂજ્યશ્રીએ કદંબગિરિમાં ત્રીજી ટુંક-વાવડી પ્લોટમાં એક જિનાલય બંધાવવા ઉપદેશ કર્યો. તેઓ બન્નેએ ભાગીદારીમાં એ વાત હર્ષથી સ્વીકારી લીધી, ને એ દેરાસરનો આદેશ લઇ લીધો.

ચોમાસું પૂર્ણ થતાં શેઠ કુલચંદ છગનલાલ સલોતની વિનંતિથી તેમને ત્યાં ઠાણાઓઠાણું કર્યું. તેમણે એ પ્રસંગે અઠ્ઠાઈ-મહોત્સવ, શાંતિસ્નાત્ર વગેરે ધર્મકાર્યો કર્યા.



—×—×—×—×—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# [૫૫]

## ભાવના-સિદ્ધિ

શ્રીસિદ્ધગિરિરાજના દક્ષિણ પૃષ્ઠભાગમાં રોહિશાળા ગામ હતું. અહીંથી રોહિશાળાની પાજ[1]ના રસ્તે ગિરિરાજની યાત્રા કરી શકાતી. ઘણા લોકો પાલિતાણાથી યાત્રા કરવા ચઢતાં, ને પાછલાં રસ્તે અહીં ઉતરીને કદંબગિરિ તરફ જતાં. આ ગામમાં પૂજ્યશ્રીના દીર્ઘદૃષ્ટિભર્યા ઉપદેશથી કદંબગિરિની પેઢીએ કેટલાંક વીઘાં જમીન ખરીદેલી. તે જમીનમાં શિખરબંધી દેરાસર તેમજ ધર્મશાળા વગેરેનું નિર્માણ પૂજ્યશ્રીના ઉપદેશ થઈ રહ્યું હતું. આ વર્ષે એ દેરાસરની પ્રતિષ્ઠા કરવાનો પેઢીએ નિર્ણય કર્યો. પૂજ્યશ્રીએ એ માટેના અંજનશલાકા મહોત્સવના શુભમુહૂર્તો મહા-ફાગણ માસમાં ફરમાવ્યા.

આ દેરાસરમાં ૨૭ ઈંચના મૂળનાયક શ્રીઆદિનાથ પ્રભુ (સપરિકર) તથા અન્ય નવ બિંબો ભરાવીને પધરાવવાનો આદેશ શેઠ ચીમનલાલ લાલભાઈ (કદંબગિરિની પેઢીના પ્રમુખ)એ લીધો. શિખર ઉપર ચૌમુખજીનો આદેશ શેઠ કસ્તૂરચંદ સાંકળચંદવાળા શા. મોહનલાલ સાકળચંદ તથા શા. ચંદુલાલ ચુનીલાલે લીધો. આ સિવાય-શેઠ જેશીંગભાઈ કાળીદાસે ત્રણ બિંબોનો, તથા શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરિયાએ, શેઠ જમનાભાઈ ભગુભાઈએ, અને પૂનાના એક ગૃહસ્થે-એક એક બિંબનો આદેશ લીધો.

આ પ્રસંગે પહોંચવા માટે પૂજ્યશ્રીએ બોટાદથી ધીમેધીમે વિહાર કર્યો. અનુક્રમે વળા પધાર્યા. અહીં ચાર માળના ભવ્ય દેરાસરનું કામ ઘણુંખરું થઈ ગયું હતું, અને બાકીનું ચાલુ હતું. તે અંગે થોડા દિવસ રહીને ઉમરાળા આવ્યા. પૂજ્યશ્રીની ભાવના બારોબાર ઘેટીના રસ્તે રોહિશાળા જવાની હતી. પણ પાલિતાણાના સંઘને એ વાતની જાણ થતાં તે તરત વિનંતિ કરવા આવ્યો. આગ્રહ કરીને પાલિતાણા પધારવાનું નક્કી કરી ગયો. એટલે સણોસરા-નોંઘણવદર-હણોલ-જમણવાવ-રાથળી થઈને પાલિતાણા પધાર્યા. રાથળીમાં પાલિતાણાના ના. ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી એકલા જ ઘોડા ઉપર ફરતાં આવ્યા. પૂજ્યશ્રી આજે અહીં બિરાજે છે, એવી ખબર પડતાં જ તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. દર્શન કરી, શાતા પૂછીને તેઓ ગયા. તેમના મનમાં પૂજ્યશ્રી પ્રત્યે અખૂટ સદ્ભાવ હતો. તેઓ વારંવાર પૂજ્યશ્રીની ખબર મેળવતા રહેતા.

પાલિતાણામાં પ્રથમ દિવસે ગામ બહાર આવેલા મોદી ધરમશી જસરાજના બંગલે પૂજ્યશ્રી રહ્યા. ત્યાં પૂ. સાગરજી મ.નો મેળાપ થયો. નાની ટોળી-સંઘના આગેવાનો તેમજ પં. શ્રી મંગળવિજયજી મ. (નીતિસૂરિજી મ.ના શિષ્ય) વગેરે મુનિવરો ઉજમફઈની ધર્મશાળાએ

---

૧ મહુવા-જેસર વિ. ગામવાળા કાર્તકી પૂનમ આદિ દિવસે પ્રાયઃ આ પાગે ચઢીને યાત્રા કરે છે. તથા ૯૯ યાત્રાવાળા દરેક ત્રણ ગાઉની પ્રદક્ષિણામાં રોહિશાળાની પાગે ઉતરી, ત્યાં દેરીએ ચૈત્યવંદન કરી. પાછાં ઉપર ચડી, દાદાની યાત્રા કરી, જયતળાટીએ ઉતરી જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધારવાની વિનંતિ કરવા આવતાં તેનો સ્વીકાર કર્યો. બીજે દિવસે સવારે સામૈયાપૂર્વક ત્યાં પ્રવેશ કર્યો. પાલડી (રાજસ્થાન) વાળા સંઘવી અમીચંદજીના સુપુત્ર શેઠ કેશરીમલજીએ સંઘનો આદેશ મેળવી આ સામૈયાનો લાભ લીધો.

સાતેક દિવસ રોકાઈને અહીંથી રોહિશાળા આવ્યા. અહીંયા તેઓશ્રીના ઉપદેશથી શેઠ ચીમનલાલ લાલભાઈ, શેઠ જેશીંગભાઈ કાળીદાસ, શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરિયા તથા શિવગંજવાળા શેઠ ફત્તેહચંદજી ગોમરાજજી વગેરે શ્રેષ્ઠિવર્યોએ ૨૪-૨૪ જિનબિંબો (એક એક ચોવીશી) ભરાવવાનો આદેશ લીધો. શા. ચંદુલાલ ચુનીલાલે ૩૯ અને શા. શકરચંદ દલસુખભાઈએ ૧૫ બિંબો ભરાવવાનો આદેશ લીધો. આ સિવાય બીજા અનેક ગૃહસ્થોએ પણ પોતાની શક્તિ અને ભાવના પ્રમાણે જિનબિંબોનો આદેશ લીધો.

એ બધાં બિંબો કદંબગિરિ-વાવડી પ્લોટના મૂર્તિ-ભંડારમાંથી લાવવાના હતા. પૂજ્યશ્રીના દૂરંદેશીભર્યા વિચારના ફલસ્વરૂપે પેઢીએ ત્યાં બે મજલાનું ભવ્ય મકાન બનાવેલું. એમાં જયપુરના કારીગરો પાસેથી દર વર્ષે લેવાતી સેંકડો નાની મોટી મૂર્તિઓનું સંરક્ષણ થતું. એમાંથી પસંદ કરીને આ બધાં બિંબો લાવવાના હતા, એટલે પૂજ્યશ્રી કદંબગિરિ આવ્યા. કેટલાક દિવસો રહી, બિંબોની પસંદગી કરીને પુનઃ રોહિશાળા આવ્યા. એ બિંબો પણ રોહિશાળા લાવવામાં આવ્યા.

દર વખતની જેમ જ આ વખતે પણ મહોત્સવની વિશાળ તૈયારીઓ કરવામાં આવી, જિનદાસ ધર્મદાસની પેઢીના વહીવટદારો તથા બીજા પૂજ્યશ્રીના ભક્ત ગૃહસ્થોએ એમાં તન-મન અને ધનનો સહકાર આપ્યો.

મહોત્સવની તૈયારીઓમાં મુખ્ય તૈયારી જમણની કરવાની હતી. એ તૈયારી કરતાં સૌથી પહેલી એક મુશ્કેલી આવી-ખાંડની. ખાંડનું કડક રેશનિંગ અત્યારે ચાલતું હતું. બે-પાંચ હજાર માણસોને માટે તો આ શ્રેષ્ઠિવર્યો જ સ્વયં પહોંચી વળે તેમ હતા. પણ અહીં તો બારથી પંદર હજાર માણસો એકત્ર થવાની ધારણા હતી. એટલી બધી ખાંડ આ કડક રેશનિંગમાં ક્યાંથી મળે ?

વિચારણા કરતાં ઘણાનો મત થયો કે-ખાંડને બદલે ગોળનો ઉપયોગ કરવો. પણ પૂજ્યશ્રીની સાથે વાતચીત કરતાં શેઠ ચીમનભાઈને થયું કે-'ગોળ વાપરવો યોગ્ય નથી. ગમે તે રીતે પણ ખાંડ મેળવવી જ જોઈએ. આપણે ભાવનગરના દિવાન સાહેબ પાસે જઈએ, અને આ મુંઝવણ દૂર કરવા વિનંતિ કરીએ, તો કંઈક રસ્તો નીકળે.' આ વિચાર તેમણે સૌને જણાવ્યો. પછી પૂજ્યશ્રીની સંમતિ મળતાં તેઓ તથા કામદાર અમરચંદભાઈ વગેરે ગૃહસ્થો ભાવનગર ગયા. ત્યાં રહેતાં પેઢીના પ્રતિનિધિ શેઠ ભોગીલાલ મગનલાલ તથા વોરા ખાંતિલાલ અમરચંદ વગેરેને લઈને દિવાનસાહેબ શ્રી અનંતરાય પટ્ટણીને તેઓ મળ્યા.

ઔપચારિક વિધિ થયા પછી તેમણે વાત કરી કે : સાહેબ ! પ. પૂ. શાસનસમ્રાટ્ શ્રીગુરુમહારાજ રોહિશાળામાં પ્રતિષ્ઠા કરાવે છે. ત્યાં પધારવાની આપને વિનંતિ કરવા અમે આવ્યા છીએ.

પટ્ટણી સાહેબે તરત કહ્યું : મહારાજશ્રીને મારી વંદના સાથે કહેજો કે-હું ચોક્કસ આવીશ.

રાજ્યના શમિયાણા-તંબૂ વગેરેની માંગણી કરતાં તેમણે તરત જ તે બધી વસ્તુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપાવી. એટલું જ નહિ, પણ એ બધી વસ્તુઓ રોહિશાળા લઈ જવા માટે રાજ્યની બે મોટરો પણ આપી.

હવે મુદ્દાની વાત રજૂ કરી કે : સાહેબ ! પ્રતિષ્ઠા તો લીધી છે, પણ ખાંડની મોટી તકલીફ છે. ૧૫થી ૨૦ હજાર માણસ ભેગું થાય, તેમને ખાંડ શી રીતે પૂરી પાડવી ? એ મુંઝવણ ઊભી થઈ છે. માટે અમને ખાંડ મળે એવો કોઈ રસ્તો કાઢી આપો.

પટ્ટણી સાહેબ કહે : એ કઈ રીતે બને ? શ્રીવળામાં અમારા ભાઈઓમાં લગ્નપ્રસંગ છે, ત્યાં પણ ખાંડ નથી આપી.

આ સાંભળીને ચીમનભાઈ વગેરેએ અરજ કરી : આપની વાત બરાબર છે. છતાં કોઈ માર્ગ તો આપે કાઢી આપવો જ પડશે.

પટ્ટણી સાહેબ માર્ગ વિચારવામાં પડ્યા. તે વખતે ત્યાં બેઠેલા એક અધિકારી શ્રીગજાનનભાઈને એકાએક રસ્તો સૂઝી આવ્યો. તેમણે પૂછ્યું : ખાંડને બદલે સાકર ચાલે નહિ ? (કારણ કે– રેશનિંગ ખાંડનું હતું, સાકરનું નહિ.)

સૌએ આ વાતને વધાવી લેતાં કહ્યું : 'સાકર તો જરૂર ચાલશે, સાહેબ !' એટલે તરત જ પટ્ટણી સાહેબના હુકમથી સાડા પાંચ મણિયા પચીસ કોથળા સાકર દસ રૂપિયાના ભાવથી આપવામાં આવી. આમ મોટી ચિંતા દૂર થવાથી સૌ ખૂબ આનંદિત થઈને રોહિશાળા આવ્યા.

વઢવાણ કેંપમાં શ્રીબારોટ સાહેબ કરીને એક ડેપ્યુટી પોલિટિકલ એજન્ટ હતા. તેમણે પણ આ ગૃહસ્થોની વાત ધ્યાનમાં લઈને ચોક–દાઠાના થાણદારોને હુકમ કર્યો કે : 'વરા જોગ ખાંડ આપવી.' આથી એ થાણદારોએ પણ આ ગૃહસ્થોને કહી દીધું કે : આવો હુકમ છે, માટે તમારે જોઈએ તેટલી ખાંડ લઈ જાવ. હવે કાંઈ વાંધો નથી.

આ રીતે પૂજ્યશ્રીના આશીર્વાદથી ખાંડનો પ્રશ્ન હલ થઈ જતાં બાકીની તમામ તૈયારીઓ ઝડપભેર કરીને મહાવદિ દશમે મહોત્સવની શરૂઆત કરવામાં આવી. મહોત્સવમાં સૌની ધારણા મુજબ પંદર હજારથી વધુ માણસો એકત્ર થયા. અંજનશલાકા માટે ૫૦૦ ઉપરાંત જિનબિંબો આવ્યા હતા. ફાગણ શુદિ બીજના દિવસે એ બધાંની અંજનશલાકા પૂજ્યશ્રી આદિ સૂરિવર્યોએ કરી. અને ફાગણ શુદિ ત્રીજના દિવસે શુભ ચોઘડિયે દેરાસરમાં મૂળનાયક શ્રી આદીશ્વરપ્રભુ સહિત વીસ જિનબિંબોનો ગાદીસ્થાપનવિધિ થયો.[1] પૂજ્યશ્રીની ઘણાં વર્ષોની દીર્ઘદૃષ્ટિભરી ભાવના પૂર્ણ થઈ.

---

૧. આ ગામ શેત્રુંજી નદીના કિનારા પર હતું. કેટલાંક વર્ષો પછી સરકાર તરફથી શેત્રુંજી નદીના બંધ (ડેમ) ની યોજના અમલમાં આવતાં નદી કિનારાના ઘણાં ગામો પાણીમાં ગયા. એ સાથે આ રોહિશાળા પણ પાણીમાં ગયું. એ વખતે હિંમતવાન બાહોશ શ્રાવકોએ આ દેરાસરમાંના તમામ જિનબિંબો તથા અન્ય ઘણી સામગ્રી લઈ લીધી, દેરાસર પાણીમાં ગયું. ડૂબેલા ગામોના લોકોને તેમની માંગણી અનુસાર સરકારે બીજી જમીન તથા સારી રકમનું વળતર આપ્યું. એ જમીનોમાં તે ગામો નવાં વસ્યાં. જિનદાસ ધર્મદાસની પેઢીની રોહિશાળામાં ૩૨ વીઘાં જમીન હતી. તેની ફેરબદલીમાં પાલિતાણાથી ૭ માઈલ દૂર આવેલ શેત્રુંજી ડેમની નિકટમાં ઈરીગેશન ખાતાએ ખાસ પસંદ કરેલી (એકવાયર કરેલી) નવ વીઘાં જમીન પેઢીએ સરકાર પાસે માગી. તે વખતના ગુજરાતના ઈરીગેશન ખાતાના ચીફ ઓફ એંજિનીયર શ્રી નટવરલાલભાઈ સંઘવી સાહેબના પૂરા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા પ્રસંગે ભાવનગરથી શ્રીપટ્ટણીસાહેબ વગેરે આધિકારીઓ પણ આવ્યા હતા. આ મહોત્સવ દરમ્યાન કેટલાંક નવદીક્ષિત મુનિવરોને પૂજ્યશ્રીએ વડીદીક્ષા આપી. એ પ્રસંગે શેઠ ચીમનલાલ લાલભાઈ વગેરેએ બાર વ્રત પણ ઉચ્ચર્યાં.

મહોત્સવ પછી તરત પૂજ્યશ્રી કદંબગિરિ આવ્યા. અહીં એક માસ રહ્યા. વૈશાખમાસમાં શુદિ ત્રીજે મહોત્સવપૂર્વક કેટલાંક નવીન જિનબિંબોને જુદાં જુદાં દેરાસરોમાં ગાદીનશીન કરાવ્યાં. એ બિંબો વિભિન્ન ગૃહસ્થોએ રોહિશાળાની અંજનશલાકામાં ભરાવ્યા હતા.

અમદાવાદ નિવાસી શા. ચુનીલાલ ભગુભાઈ મશરૂવાળાને પૂજ્યશ્રીના શિષ્ય આ. શ્રી વિજયલાવણ્યસૂરિજીના ઉપદેશથી સંસાર ત્યાગીને દીક્ષા લેવાની ભાવના થઈ હતી. તેમની વિનંતિથી અહીં વૈ. શુ. પાંચમે તેમને પૂજ્યશ્રીએ દીક્ષા આપી. શ્રીલાવણ્યસૂરિજીના શિષ્ય તરીકે તેમનું નામ મુનિશ્રી ચરણકાન્તવિજયજી સ્થાપ્યું.

આગામી ચાતુર્માસ માટે મહુવાનો શ્રીસંઘ અહીં વિનંતિ કરવા આવ્યો. એમની વિનંતિનો ક્ષેત્રસ્પર્શનાએ સ્વીકાર કરીને વૈ. વદમાં પૂજ્યશ્રીએ મહુવા તરફ વિહાર કર્યો. બગદાણા–મોણપર–નાના ખૂંટવડા–ભાદ્રરોડ થઈને મહુવા પધાર્યા. સં. ૧૯૯૯નું આ ચોમાસું અહીં બિરાજ્યા.

---

સહકારથી એ જમીન પેઢીને પ્રાપ્ત થઈ. પ્રથમ ૫ વીઘાં જમીન મળી. પછી ૨॥ વીઘાં મળી. અને હજી સરકાર પાસે ૧॥ વીઘો જમીન લેવાની બાકી છે.

પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. ના ઉપદેશ અનુસાર પેઢીએ આ જમીનમાં ‘શ્રી વિજય-નેમિસૂરિધર્મોદ્યાન’ તૈયાર કરાવ્યું. આ સ્થાનમાં રોહિશાળાની ખોટ પૂરે તેવું એક ભવ્ય શિખરબંધી જિનાલય તથા ધર્મશાળા વગેરે બંધાવવા, અને આ સ્થાનને ‘શત્રુંજયા તીર્થ’ તરીકે વિકસાવવું, એવી શુભભાવના પૂજ્ય આચાર્ય મ. ને થઈ. એ ભાવનાને ઉપદેશ રૂપે તેઓ-શ્રીએ ફરમાવતાં પેઢીએ એને વધાવી લીધી. ત્યારબાદ વિ. સ. ૨૦૨૧માં તેઓશ્રીની શુભ-નિશ્રામાં તથા તેઓશ્રીની પ્રેરણાનુસાર પ. પૂ. શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય-વિજ્ઞાનસૂરિજી મ. ના તથા તેમના પટ્ટધર પૂ. આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી મ. ના સદુપદેશથી અમદાવાદ નિવાસી શેઠ સોમચંદ ચુનીલાલભાઈએ તથા મંડાર ( રાજસ્થાન ) નિવાસી શેઠ ખુમચંદભાઈ ( રતનચંદ જોરાજીવાળા ) એ આ દેરાસર બંધાવવાનો અને તેમાં મૂળનાયક–શ્યામ સહસ્રફણાવાળા અને ૯૧ ઈંચના શ્રી પાર્શ્વનાથ-ભગવાન્ પધરાવવાનો આદેશ લીધો.

એ શિખરબંધી દેરાસર સં. ૨૦૨૮માં તૈયાર થતાં તે વર્ષના બીજા વૈશાખ શુદિ દશમે પૂ. આચાર્ય મ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. શ્રી આદિ ગુરૂભગવંતોની પવિત્ર નિશ્રામાં અંજન-શલાકા મહામહોત્સવપૂર્વક તેની પ્રતિષ્ઠા થઈ. એમાં ઉપર્યુક્ત બંને ભાગ્યશાળીઓએ પૂર્વનિર્ણીત શ્રી શત્રુંજયપાર્શ્વનાથ સહિત ત્રણ જિનબિંબો, બે દેવીઓ વગેરેની પ્રતિષ્ઠા કરી. વિશાળ રંગમં-ડપમાં બાર કોલાઓમાં બાવન બિંબોની પ્રતિષ્ઠા થઈ. તેમાં રોહિશાળાવાળા વીસેય જિનબિંબો તેના ભરાવનારા ગૃહસ્થોએ પધરાવ્યા. આ ઉપરાંત શ્રી શાસનસમ્રાટની તથા તેમના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયોદયસૂરિજી મ. ની દેહપ્રમાણ ઊભી મૂર્તિઓ પણ પધરાવવામાં આવી.

પ્રતિષ્ઠા પછી આ–શત્રુંજયાતીર્થની ઉન્નતિ ઉત્તરોઉત્તર વધી રહી છે. મહુવાવાળા શેઠ કેશવલાલ ગિરધરલાલે અહીં ભોજનશાળાની સ્થાપનાનો આદેશ લીધો છે. એ ફ્રી ચાલે છે. ધર્મશાળાના રૂમો પણ જુદાં જુદાં ભાવિકો તરફથી બંધાયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોમાસા દરમ્યાન-પર્યુષણ પ્રસંગે તપશ્ચર્યાઓ અભૂતપૂર્વ સંખ્યામાં થઈ. પાંચ ઉપવાસથી માંડીને માસખમણ સુધીની લગભગ ત્રણસો તપશ્ચર્યાઓ થઈ. ગામનું એક પણ ઘર તપશ્ચર્યા વિનાનું ન રહ્યું. પૂજ્યશ્રીની પવિત્ર છત્રછાયામાં સૌએ હોંશપૂર્વક આરાધના કરી. એની અનુમોદના નિમિત્તે સંઘે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો.

ભાવનગરથી શ્રીપટ્ટણી સાહેબ તથા અન્ય અધિકારીઓ રાજ્યના કાર્યપ્રસંગે અહીં અવારનવાર આવતાં, ત્યારે પૂજ્યશ્રી પાસે અચૂક આવતાં, અને ઉપદેશ સાંભળીને જ જતાં.

ચોમાસા પછી પૂજ્યશ્રી કદંબગિરિ આવ્યા. માર્ગમાં-જુનાપાદર ગામે ખંભાત-શ્રીસંઘના અગ્રણીઓ શેઠ હીરાલાલ પરશોતમદાસ, શેઠ મૂળચંદ બુલાખીદાસ વગેરે વીશેક જણા આગામી ચોમાસાની વિનંતિ કરવા આવ્યા. વર્ષોથી તેમની વિનંતિ હતી. પણ સંયોગ જામતો ન હતો. એથી આ વર્ષે તો તેઓ ચોમાસું ઉતરતાંવેંત વિનંતિ કરવા આવ્યા. તેમની આગ્રહપૂર્ણ વિનંતિના જવાબમાં પૂજ્યશ્રીએ હૈયાધારણ આપી કે- "ક્ષેત્રસ્પર્શના બલવાન્ છે. તે હશે, તો ખંભાતનું જરૂર વિચારીશું." મોડે સુધી પચ્ચક્ખાણ પાર્યા વિના દૃઢ આગ્રહ કરતા બેસી રહેલા ખંભાતના આગેવાનોએ આ હૈયાધારણ મળ્યા પછી જ પચ્ચક્ખાણ પાર્યું.

કદંબગિરિ-વાવડી પ્લોટમાં તથા ડુંગર ઉપર દેરાસરો બંધાઈ રહ્યા હતા. એને અંગે ત્યાં સ્થિરતા કરી. નીચે-મહાવીર પ્રભુનાં દેરાસરમાં ચોકીયાળાની બે દેરીઓનું કામકાજ શરૂ કરાવ્યું.

આ દિવસોમાં-ફેડરેશનનું કાર્ય સમાપ્ત થયું હતું. ગાયકવાડની તમામ મહેનત નિષ્ફળ ગઈ હતી. ચોક-દાઠાના ૧૦૨ ગામોએ ભાવનગરની આધીનતા સ્વીકારી લીધી હતી. આથી ઘણી ખુશી પામેલા ભાવનગરના મહારાજા શ્રીકૃષ્ણકુમારસિંહજી પૂજ્યશ્રીના દર્શન માટે અને હવે પોતાના રાજ્યના મહાન્ તીર્થધામ શ્રીકદંબગિરિજીની યાત્રા માટે આવ્યા. પોલિસ-ઉપરી શ્રી છેલશંકરભાઈ વગેરે અધિકારીઓ સાથે હતા. તેઓના સ્વાગત માટે ભાવનગરથી શેઠ ભોગીલાલ મગનલાલ વગેરે તથા અમદાવાદથી શેઠ ચીમનલાલ લાલભાઈ વગેરે ચારસો જેટલા સદ્ગૃહસ્થો હાજર રહ્યા હતાં. તેમણે કરેલું સન્માન સ્વીકારી, થોડો આરામ લઈને પેઢીએ યોજેલા સમારંભમાં મહારાજાએ ભાગ લીધો. એ વખતે પેઢીએ રૂ. ૫૦૧)નું નજરાણું ધર્યું. પછી તેઓ ડુંગર ઉપર દર્શન માટે ગયા.

પેઢીએ ડોળી વગેરે સાધનોની વ્યવસ્થા કરી રાખેલી. તેમાં બેસવાની વિનંતિનો અસ્વીકાર કરતાં મહારાજાએ કહ્યું : 'હું માણસની કાંધે નહિ ચડું. મને ચાલીને જ ઉપર જવા દો.'

અને અમલદાર તથા શેઠિયાઓના સમુદાય સાથે મહારાજા ચાલીને જ ડુંગર પર ચડ્યા. દરેક દેરાસરોનાં દર્શન કર્યાં. શ્રી તારાચંદજીની ટુંકમાં મૂળનાયક શ્રીઆદીશ્વરપ્રભુનાં ભવ્ય મૂર્તિ નિહાળીને તેઓ દસ મિનિટ સુધી ધ્યાનમગ્ન બની ગયા. પછી તેઓ બોલ્યા કે : 'દેવની મૂર્તિ તો આવી સૌમ્ય અને પ્રસન્ન ભાવવાહી હોવી જોઇએ." પછી તેઓ કદંબ ગણધરની દેરીવાળી સીધાં ચઢાણની ટેકરી પર પણ ચાલતા જ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂરી નિરાંતથી આખાયે તીર્થનું પ્રાકૃતિક તેમજ આધ્યાત્મિક સૌંદર્ય નિહાળીને ઘણાં આનંદિત બનેલાં મહારાજા બપોરે ત્રણ વાગે નીચે ઉતર્યા.

થોડીવાર વિસામો લઈ, ભોજન કરીને તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. બે કલાક સુધી એક ધ્યાને પૂજ્યશ્રીનો ધર્મોપદેશ શ્રવણ કરીને તેઓ ખૂબ પ્રસન્ન બન્યા. પૂજ્યશ્રીએ પ્રસંગોચિત ઉપદેશ આપતાં કહ્યું કે : "હવે આ તીર્થ ભાવનગર રાજ્યનું છે. એની દરેક પ્રકારે પ્રગતિ થાય, તેવા પ્રયાસો રાજ્યે કરવા જોઈએ."

આ વખતે મહારાજાએ પોતાની મનઃકામના પ્રગટ કરી કે : "હું ભાવનગરથી મહુવા-તળાજાના રસ્તે અહીં રેલ્વે લાવીશ, અને આ તીર્થની સર્વતોમુખી પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરીશ."[1]

ઉપદેશશ્રવણ પછી મહારાજા નીચેના દેરાસરે દર્શન કરી, જ્ઞાનશાળા, ઉપાશ્રય વગેરે સ્થાનો જોઈને ભોજનશાળામાં આવ્યા. એ સમયે તેઓએ ભોજનશાળા માટે રૂ. ૧૦૦૧) પેઢીને ભેટ આપ્યા. પછી તેઓ ભાવનગર જવા વિદાય થયા.

પૂજ્યશ્રી પણ કદંબગિરિથી વિહાર કરીને રોહિશાળા થઈ પાલિતાણા પધાર્યા. ત્યાં યાત્રા માટે અઠવાડિયું રહીને વળા તરફ વિહાર કર્યો. માર્ગમાં કુંભણ ગામે સાદડીવાળા શેઠ મૂળચંદજી રાજમલજી વગેરે છ ગૃહસ્થો આવ્યા. તેમણે વિનંતિ કરી કે : અમે ગોલવાડના સંઘવતી રાણકપુરની પ્રતિષ્ઠા માટે વિનંતિ કરવા આવ્યા છીએ. પૂ. આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજી મ. તથા પૂ. આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી મ. અત્યારે મારવાડમાં બિરાજે છે. તેઓએ પણ ખાસ આગ્રહથી કહ્યું છે કે : "**वरकाणा और राणकपुरकी प्रतिष्ठा पर पूज्य नेमिसूरिजी महाराज भी पधारे, और साथमें हम भी आवेंगे । उस अवसर पर शासनके हितको कुछ बातें भी करेंगे । अतः हमारी ओरसे खास विनति करना ॥**"

પૂજ્યશ્રીની ભાવના જરૂર હતી. રાણકપુરનો ઉદ્ધાર તેઓશ્રીના ઉપદેશ અને માર્ગદર્શન અનુસાર થઈ રહ્યો હતો, પણ હવે તેઓશ્રીના શરીરે વૃદ્ધાવસ્થાની અસર જણાતી હતી. ૭૨ વર્ષની ઉંમર થવા સાથે તબિયત પણ પૂર્વના જેવી સ્વસ્થ નહોતી. તાવ આવવો, મસાના દર્દને કારણે લોહી પડવું, વગેરે શારીરિક તકલીફો તેઓશ્રીને વારંવાર થઈ આવતી હતી. લાંબો વિહાર કરવો પણ હવે અશક્યપ્રાય બન્યો હતો. એ બધાં કારણોસર રાણકપુરની વિનંતિ તેઓશ્રીએ ન સ્વીકારી.

કુંભણથી શિહોર-ચોગઠ થઈને વળા આવ્યા. કુંભણ તથા ચોગઠમાં દેરાસર-ઉપાશ્રય માટે ઉપદેશ કર્યો. વળામાં પંદર દિવસની સ્થિરતામાં ખંભાતનો શ્રીસંઘ વારંવાર આવીને ચોમાસાનો આગ્રહ કરવા લાગ્યો. પણ પોતાની અને આ.શ્રી વિજયનંદનસૂરિજી મ.ની તબિયતનો વિચાર કરતાં પૂજ્યશ્રી તેઓને ચોક્કસ નિર્ણય આપતાં ન હતાં. વળાથી તેઓશ્રી પછેગામ આવ્યા, વૈદ્યોના ઉપચાર ચાલુ હતા, એટલે થોડા દિવસ રહ્યા.

ચાલુ વર્ષના પોષ મહિનામાં વળાના ઠાકોર સાહેબશ્રીની વર્ષગાંઠના પ્રસંગે તેમણે દરબાર ભર્યો હતો. એ દરબારમાં ઠાકોર સાહેબે પૂજ્યશ્રી પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરવા માટે

૧ સ્વરાજ્ય પછી સૌરાષ્ટ્રનું એકમ થતાં આ વિચાર અમલી ન બન્યો. થોડાંક વર્ષો વધુ વીત્યાં હોત તો મહારાજા આ વચન અવશ્ય પાળત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વે-જિનદાસ ધર્મદાસની પેઢીને વેચાણ આપેલી ૧૩ થી ૧૪ હજાર વાર જમીનની સાથે સંકળાયેલી એક વિશાળ જમીન (લગભગ ૪ થી ૫ હજાર વાર) ભેટ જાહેર કરી. આ વાત પૂજ્યશ્રીએ જાણી હતી. તેઓશ્રીએ આ વખતે એ જમીન ભેટ સ્વીકારવા ના ફરમાવી. ઠાકોરશ્રીએ ઘણો આગ્રહ કર્યો. પણ છેવટે પૂજ્યશ્રીની સૂચનાનુસાર તેઓએ પૂર્વવત્ આ જમીન પણ નજીવી કિંમતે પેઢીને વેચાતી આપી. વેચાણખત પણ કરી આપ્યું. પૂજ્યશ્રીની અજબ દીર્ઘદૃષ્ટિ અને નિરીહતા ઠાકોરશ્રીના દિલમાં વધુ ને વધુ અનુરાગ ઉપજાવતી હતી.

ખંભાતનો સંઘ અહીં પણ આવ્યો. એની અંતરની ભાવનાને પૂજ્યશ્રીએ સ્વીકારી, અને પછેગામથી વિહાર કરીને લીંખડા આવ્યા. ત્યાં આ.શ્રીવિજયનંદનસૂરિજી મ.ને એકાએક ૬૦ જેટલાં ઠલ્લા થઈ ગયા. લીવરનો દુઃખાવો, ગેસનો ભરાવો વગેરેની તકલીફે જોર કર્યું. તરત જ પછેગામથી શ્રીઈશ્વર ભટ્ટના દીકરા વૈદ્ય ભાસ્કરરાવ, વૈદ્ય નાગરદાસ તથા ડૉ. વલ્લભદાસ ભાયાણી વગેરે આવી ગયા. તેમણે યોગ્ય ઉપચારો શરૂ કર્યા. એમાં ભાસ્કરભાઈની દવા અનુકૂળ લાગી. એનાથી ઠલ્લાં બંધ થયા, પણ નબળાઈ ઘણી આવી ગઈ. વળા અને પછેગામના શ્રાવકોએ પુનઃ પછેગામ પધારવા વિનંતિ કરી. વૈદ્યોની પણ એ જ સલાહ મળી. ખંભાતવાળા હાજર હતાં. તેમને પૂજ્યશ્રીએ કહ્યું કે : આ સ્થિતિમાં પછેગામ જવાની પણ તાકાત નથી. તો ખંભાત કયાંથી અવાય ? માટે હમણાં ખંભાતનું અનિશ્ચિત છે.

હવે શ્રીનંદનસૂરિજી મ. ને પછેગામ કઈ રીતે લઈ જવા ? એ વિચાર ચાલતો હતો. પણ બીજે દિવસે સવારે તેમણે પોતે જ મક્કમ આત્મબળ દાખવ્યું. અને ધીમે ધીમે ચાલીને પછેગામ આવ્યા.

દસેક દિવસ રહ્યા. સંપૂર્ણ આરામ અને યોગ્ય ઔષધોપચારથી તબિયત સુધારા પર આવવા લાગી. એ જોઈને આજ સુધી વૈયાવચ્ચ માટે હાજર રહેલા ખંભાતના શ્રાવકોએ ખૂબ આગ્રહ કર્યો કે : સાહેબ ! હવે તો આપ ચોમાસાની હા પાડો, પછી જ અમે પચ્ચક્ખાણ પારીશું.

આવો દૃઢ આગ્રહ થતાં પૂજ્યશ્રીએ એ સ્વીકાર્યો, અને શ્રીનંદનસૂરિ મ.ની તબિયત બિલકુલ સ્વસ્થ બની જતાં ખંભાત તરફ વિહાર કર્યો. વળા થઈને બરવાળા આવ્યા. ત્યાં ત્રણ દિવસ રહી ધોલેરા આવ્યા. અહીંનો સંઘ પૂજ્યશ્રીનો અનન્ય ગુણાનુરાગી હતો, એના આગ્રહથી અહીં સાતેક દિવસ રહ્યા. સંઘે ગુરુભક્તિ અને તે નિમિત્તે પ્રભુભક્તિનો ઘણો સારો લાભ લીધો. ધોલેરાથી આંબલી–કોદરી–પીપળી–ભોળાદ–નાની બોરૂ થઈને મોટી બોરૂ આવ્યા. અહીંથી થોડે દૂર સાબરમતી નદીનો મોટો પટ-આરો આવતો હતો. એ આરો ઓળંગીને સામે ગામ જવાય. દરિયામાં પાણીનો જુવાળ આવે, ત્યારે અહીં પણ પુષ્કળ પાણી ભરાય. દરિયામાં ઓટ હોય, ત્યારે પણ અહીં ઢીંચણપૂર પાણી કાયમ રહેતું. પૂજ્યશ્રીને આ આરો ઉતરવાના દિવસે ખંભાતથી ૩૦૦ જેટલાં ગૃહસ્થો હાજર રહ્યા હતા. મોટી બોરૂથી નીકળીને ભોમિયાએ દેખાડેલા રસ્તે ધીમે ધીમે આરો ઓળંગીને સામે કાંઠે પહોંચ્યા, ત્યારે તેઓશ્રી થાકી ગયા. અહીંથી સાસું ગામ પાંચ માઈલ દૂર હતું. એટલો પંથ ચાલવાની પૂજ્યશ્રીની અશક્તિ જણાતાં ગૃહસ્થોએ ત્યાં જ તંબૂ-રાવટીઓ નાખી દીધી. નાનાશા સંઘના પડાવ જેવી ગોઠવણ થઈ ગઈ. એ દિવસે ત્યાં રહ્યા. બીજે દિવસે મીટલી–આખોલ–વડૂચી થઈને ખંભાત ગામ બહાર પધાર્યા. સ્ટેશનના રસ્તે આવેલા શેઠ મૂળચંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુલાખીદાસના બંગલે બે દિવસ રહ્યા. અહીં તેઓએ સાધર્મિક વાત્સલ્ય વગેરે ભક્તિના કાર્યો કર્યા. અહીંથી શકરપર પધાર્યા. ત્યાં બેએક દિવસ રહીને શુભમુહૂર્તે ઘણાં ઠાઠથી નગરપ્રવેશ કર્યો. પ્રવેશ વખતે ખંભાતનો અમલદાર વર્ગ તથા જૈનેતરો ઘણાં સારા પ્રમાણમાં હાજર રહ્યા હતા. સકલ સંઘ સાથે બેસીને વ્યાખ્યાન સાંભળી શકે તેવું કોઈ સ્થાન ન હોવાથી સ્તંભન પાર્શ્વનાથના જિનાલયની જોડેના વિશાળ ચોકમાં સંઘે મંડપ બંધાવ્યો હતો, તેમાં પૂજ્યશ્રીએ મંગલાચરણ કર્યું.

આજ સુધી ખંભાતમાં આવનાર ને રહેનાર તપાગચ્છીય દરેક સાધુ ભગવંતો માટે 'શ્રીઅમર તપાગચ્છ જૈનશાળા" એક જ ઉપાશ્રય હતો. ખંભાતમાં પૂજ્યશ્રીના સર્વ ચોમાસાં ત્યાં જ થયેલાં. પણ કેટલાંક વર્ષથી નીકળેલાં નવાં બે તિથિમતને કારણે આ ઉપાશ્રયમાં બેસનારા વીશાશ્રીમાળી સંઘમાં બે પક્ષ પડ્યા હતા. બન્ને પક્ષોમાં પ્રસંગે પ્રસંગે ક્લેશ થતા હતાં. પણ સ્વભાવથી સરલ અને ઉદાર, તથા શ્રી વિજયદેવસૂરીય તપાગચ્છીય અવિચ્છિન્ન શાસ્ત્રાનુસારિ પરંપરા પ્રમાણે પર્વતિથિની આરાધના કરનારા એક તિથિ પક્ષે 'કુજિયાનું મોં કાળું" કરીને અલગ સ્થાનમાં ધર્મની તથા પર્વની આરાધના કરવા માંડી. આરાધનામાં ક્લેશ થાય, એ તેઓને ન રુચ્યું. તેથી તેઓએ આ વ્યવસ્થા કરેલી. સાધુ મહારાજોના ચોમાસાં પણ અલગ સ્થાનમાં કરાવવાના નક્કી કરેલા. એ અનુસાર–પૂજ્યશ્રી–સપરિવારને પણ નાના ચોળાવાડાના ઉપાશ્રય તરીકે ઓળખાતા શેઠ મૂળચંદ બુલાખીદાસના એ મકાનમાં ચાતુર્માસ રાખ્યા. આ ઉપાશ્રયની બાજુમાં જ આયંબિલશાળા હતી. તેમાં વ્યાખ્યાનનો પ્રબંધ થયો. અને પર્યુષણપર્વમાં વ્યાખ્યાન–પ્રતિક્રમણાદિ ક્રિયાઓ ખારવાડામાં આવેલા ભંપોળના વિશાળ ઉપાશ્રયમાં સકલ સંઘે પૂજ્યશ્રીની છાયામાં ઘણાં જ ઉલ્લાસભેર કરી.

પૂજ્યશ્રીની પાવન નિશ્રા ઘણાં વર્ષે મળી, એથી ભાવિક ગૃહસ્થો પુષ્કળ દ્રવ્યવ્યય કરીને અનુપમ આરાધના કરવા–કરાવવાનો લાભ લેતાં જ હતા, તો પણ ઉપાશ્રયની અગવડ દૂર કરવી જરૂર હતી. એ અગવડ દૂર થાય તો સંઘ કાયમ ઈચ્છાનુકૂળ આરાધનાનો લાભ લઈ શકે, અને સાધુ ભગવંતોના ચોમાસા પણ કાયમ કરાવી શકાય.

આ વાત પૂજ્યશ્રીના લક્ષ્ય બહાર ન હતી. તેઓશ્રીએ આગેવાનોને આ માટે પ્રેરણા કરી. સૌની ભાવના તો હતી જ, એમાં પૂજ્યશ્રીની પુનિત પ્રેરણા મળી, એટલે શું બાકી રહે ? જોતજોતામાં પચાસ હજાર રૂપિયાની ટીપ થઈ ગઈ. શેઠ સોમચંદ પોપટચંદ તથા ગાંધી કસ્તૂરચંદ જેચંદે લાડવાડામાં એક જમીન ખરીદેલી. પૂજ્યશ્રીના ઉપદેશથી એ જમીન તેમણે ઉપાશ્રય માટે સમર્પણ કરી. ઉપાશ્રયનો નિર્ણય થતાં પૂજ્યશ્રીએ "શ્રીસ્તંભતીર્થ તપાગચ્છ જૈન સંઘ"ની પણ સ્થાપના કરી.

ચોમાસા દરમ્યાન પૂજ્યશ્રીના પ્રશિષ્ય મુનિશ્રી કુમુદવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા. તેમની તબિયત તો સારી રહેતી હતી. છેલ્લાં બે દિવસ કાંઈક અસ્વસ્થ રહી, ને તરત તેઓ કાળધર્મ પામ્યા. તેમની પુણ્યસ્મૃતિ કાયમ રહે એ માટે સંઘે મહોત્સવ કરવા સાથે કદંબગિરિમાં 'નેસડા' તરીકે ઓળખાતા—૧૧ અને ૭ ઓરડાની ધર્મશાળા, ઉપાશ્રય, જ્ઞાનશાળાવાળા વિશાળ કંપાઉન્ડના પ્રવેશદ્વારની ઉપર યાત્રાળુઓને માટે 'વૃદ્ધિવાટિકા' નામે એક મોટો હોલ બંધાવ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વાર્ધકયને કાંઠે :**

તિથિચર્ચાના ઉકળતા ચરૂ જેવા પ્રશ્નને કારણે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છીય સંઘનું વાતાવરણ ઘણું કલુષિત બન્યું હતું. એ કલુષિતતાને દૂર કરવા માટે નવા તિથિપક્ષના વૃદ્ધપુરુષો પણ ઘણાં ઉત્સુક હતા. તેઓ એ માટે યોગ્ય પ્રયત્નો કરતાં હતાં. પણ તેમના આંતરિક પરિબળો જ તેમના એ પ્રયત્નોને નાકામયાબ બનાવતા હતાં. એ પરિબળો ભેદમાં માનતા હતા, ઐકયમાં નહિ. આથી વૃદ્ધ મહાપુરુષોના પ્રયત્નોના ફળમાં નિરાશા જ મળતી.

આ વર્ષે પણ એવું બન્યું. સં. ૨૦૦૦ના આ ચોમાસામાં પૂ. આ. શ્રી વિજયલબ્ધિ-સૂરિજી મ. સપરિવાર ખંભાતમાં જૈનશાળાના ઉપાશ્રયે બિરાજમાન હતા. તેઓની ભાવના હતી કે પ્રસ્તુત પ્રશ્નનો કોઈ પણ પ્રકારે ઉકેલ આવે.

આ પ્રશ્નનો ઉકેલ લાવવાનો એક સંગીન-સુંદર છતાં નિષ્ફળ પ્રયત્ન આ ચાતુર્માસ દરમિયાન થયો. બન્યું એવું કે-પર્યુષણાપર્વની આરાધના ભંપોળના ઉપાશ્રયે કરાવવા માટે પૂજ્યશ્રી આદિ ખારવાડાની શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળામાં પધાર્યા હતા. દર્શન કરવા માટે હંમેશાં સવારે પૂજ્યશ્રી શ્રી સ્તંભન પાર્શ્વનાથના જિનાલયે પધારતાં. પૂ. શ્રીલબ્ધિસૂરિજી મહારાજ પણ ત્યાં જ દર્શન માટે આવતાં.

એક દિવસ અચાનક જ બન્ને પૂજ્યવર્યો દેરાસરની બહાર ભેગાં થઈ ગયાં. શ્રી લબ્ધિ-સૂરિજી મહારાજ પૂજ્યશ્રીનો હાથ ઝાલીને પગથિયાં ચડ્યાં. દેરાસરમાં બધાએ સાથે ચૈત્યવંદનાદિ ક્રિયા કરી. તે પછી બહાર નીકળીને પગથિયા ઉતરતાં ઉતરતાં શ્રીલબ્ધિસૂરિજી મહારાજે પૂજ્યશ્રીને કહ્યું : "તમારી ઉંમર વૃદ્ધ થઈ છે. અને મારી ઉંમર પણ વૃદ્ધ થઈ છે. હવે આ તિથિનો ઝઘડો પતી જાય તો સારૂં."

આના જવાબમાં પૂજ્યશ્રીએ તરત કહ્યું : "તમે જેમ કહો તેમ આપણે કરીએ. હું એ માટે તૈયાર જ છું."

આટલી વાત કરી બન્ને પૂજ્યપુરુષો છૂટાં પડ્યાં. પણ તે વખતે બન્નેના ચિત્તમાં એક પ્રકારનો વિશિષ્ટ આનંદ-તિથિચર્ચાના અનિચ્છનીય કલેશને દૂર કરવાનો હતો.

પર્યુષણા પૂરાં થયાના બીજે જ દિવસે શ્રીવિજયલક્ષ્મણસૂરિજી મ., શ્રીવિક્રમવિજયજી મ. (હાલ આચાર્ય), તથા શ્રી ભાસ્કરવિજયજી મ. વગેરે મુનિરાજો પૂજ્યશ્રી પાસે જ્ઞાનશાળામાં આવ્યા. શ્રી લક્ષ્મણસૂરિમહારાજે વાતની શરૂઆત કરતાં કહ્યું કેઃ "તિથિ બાબતનો કલેશ દૂર કરવા આપણે કઈ રીતે કરવું ? કયો રસ્તો લેવો ? તે અંગે આપ દોરવણી આપો."

પૂજ્યશ્રીએ ફરમાવ્યું: "શ્રીલબ્ધિસૂરિજી મહારાજ જે રીતે કહે તે રીતે હું તૈયાર જ છું. મેં સ્તંભનાજીમાં પણ આ જ કહ્યું છે."

પરસ્પર પ્રતિ કેટલો અડગ વિશ્વાસ હશે એ બન્ને પૂજ્ય પુરુષોમાં ?

શ્રી લક્ષ્મણસૂરિજી મ. એ શ્રીનંદનસૂરિજી મ. તરફ જોઈ ને કહ્યું: "આપ કાંઈ રસ્તો બતાવો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબમાં વ્યાજબી માર્ગ દેખાડતાં શ્રીનંદનસૂરિજી મહારાજે કહ્યું કે: "સં. ૧૯૯૨ પહેલાં આપણે કોઈએ પણ તપાગચ્છમાં બે બીજ, પાંચમ, આઠમ, અગિયારશ, ચૌદશ, પૂનમ કે અમાસ ક્યારેય કરેલ નથી. તેમજ બીજ, વગેરે પર્વતિથિનો ક્ષય પણ કર્યો નથી. લૌકિક પંચાંગમાં બીજ વગેરે તિથિની વૃદ્ધિ કે ક્ષય હોય તો પણ આરાધનામાં એ બારે પર્વતિથિની વૃદ્ધિ–હાનિ આપણે કરી નથી, અને કરાતી પણ નથી. આ પ્રણાલિકા આજ સુધી અવિચ્છિન્નપણે ચાલી આવી છે. હવે એ પ્રણાલિકામાં સં. ૧૯૯૨માં તથા ૧૯૯૩માં ભાદરવા શુદ પાંચમ બે કરી, સંવત્સરી જુદી કરીને પહેલો ફેરફાર તમારા પક્ષવાળાએ કર્યો, અને તિથિમાં મતભેદ પાડ્યો. એથી કલેશની પરંપરા વધી. એટલે હવે–તમારા પક્ષવાળાએ એ વૃદ્ધિ–હાનિ છોડી દેવી જોઈએ. એમ થવાથી આ તિથિચર્ચાનો અંત આવી જાય છે, અને કલુષિત વાતાવરણનો અંત પણ આપોઆપ આવી જાય છે. આ એક રસ્તો છે.

બીજો રસ્તો એ છે કે–૧૯૯૨–૯૩માં રામચંદ્રસૂરિજી વગેરેએ રવિવારની તથા બુધવારની સંવત્સરી તપાગચ્છથી જુદા પડીને કરી, અને તપાગચ્છના તમામ આચાર્યોને જણાવ્યા વિના તથા તેમની સંમતિ વિના કરી છે. તો તે ૧૯૯૨–૯૩ની સંવત્સરી શાસ્ત્ર અને પરંપરા પ્રમાણે વ્યાજબી છે, તેમ જાહેર અને મૌખિક રીતે સાબિત કરી આપે તો તિથિચર્ચાનો અંત આવે."

આ બન્ને માર્ગના પ્રત્યુત્તરમાં શ્રી લક્ષ્મણસૂરિજી મ. કહે કે : "હવે શાસ્ત્રાર્થ વગેરેની વાત જવા દો. અને બીજો કોઈ રસ્તો બતાવો."

ત્યારે શ્રીનંદનસૂરિજી મ. એ જણાવ્યું કે : "આ સિવાય બીજો રસ્તો મારી પાસે નથી. હવે તો તમે જ માર્ગ કાઢો."

પ્રથમ દિવસે આટલી વાત થઈ. બીજા દિવસે તેઓ પુનઃ પૂજ્યશ્રી પાસે આવ્યા અને આગલા દિવસના અનુસંધાનમાં વાત પ્રારંભી. તેમણે કહ્યું : 'કોઈ માર્ગ નીકળે તો સારું.'

ત્યારે પૂજ્યશ્રીએ પૂછ્યું: "લબ્ધિસૂરિજીનો શો વિચાર છે ?"

તેમણે શ્રીલબ્ધિસૂરિજી મ. નો વિચાર રજૂ કરતાં કહ્યું કે: "સાહેબ ! મને એમ લાગે છે કે આપશ્રી તથા અમારા ગુરુદેવ–બન્ને મળીને સંવત્સરી અને તિથિ બાબતમાં જે એક નિર્ણય આપો તે સર્વમાન્ય ગણાય. તે નિર્ણય તપાગચ્છના તમામ આચાર્યો–ઉપાધ્યાયો–સાધુઓ–શ્રાવકો અને શ્રાવિકાઓ કબૂલ રાખે."

પૂજ્યશ્રીએ આ વિચારને યોગ્ય ગણાવતાં કહ્યું કે : "આમ કરવામાં કોઈ જાતનો વાંધો નથી. લબ્ધિસૂરિજી મહારાજનો વિચાર આ રીતે હોય તો હું પણ તેમાં સંમત છું. હવે એક વાત નક્કી કરો કે—તમારાવાળા મુખ્ય મુખ્ય આચાર્યોની તમારે લેખિત સહીઓ લાવવાની અને અમારે અમારાવાળા મુખ્ય મુખ્ય આચાર્યોની લેખિત સહીઓ લાવવાની."

પૂજ્યશ્રીની આ વાતને વધાવતાં શ્રી લક્ષ્મણસૂરિજી મહારાજ કહે કે : "આપની વાત બરાબર છે, અને અમારે એ કબૂલ છે." પછી તેમણે એક શંકા વ્યકત કરી કે : "સાહેબ ! જો કે આપ બન્નેમાં કોઈ જાતનો મતભેદ રહેવાનો નથી. પણ કદાચ કોઈ વિચારભેદ રહે, તો કઈ રીતે કરવું ? એ એક પ્રશ્ન થાય છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આના સમાધાનમાં પૂજ્યશ્રીએ પૂર્ણ સરળતાથી ફરમાવ્યું કે : "એવું બનવાનું જ નથી. છતાં કદાચ કોઈ બાબતમાં વિચારભેદ રહે તો અમો બંને (હું તથા લબ્ધિસૂરિજી) સહમત થઈને તપાગચ્છના ત્રણ કે પાંચ આચાર્યોને તે બાબત સોંપી દઈશું. અને તેઓ જે એક નિર્ણય લાવશે, તે આપણે બધાંને કબૂલ મંજુર રહેશે. બોલો ! હવે કાંઈ કહેવાનું રહે છે ?"

શ્રીલક્ષ્મણસૂરિજી મ.ને આ સરળ અને યોગ્ય માર્ગ ઘણો જ ગમી ગયો. તેમણે બીજી કોઈ બાબત બાકી રહી હોવાની ના પાડી. અને હવે કાર્યનો પ્રારંભ કરવા તૈયાર થયા.

આ રીતે સમાધાનનો માર્ગ લેવાયાથી શહેરમાં સર્વત્ર આનંદ આનંદ પ્રસરવા લાગ્યો. વૃદ્ધ મહાપુરુષોની સરળતા અને ઉદારતા પ્રતિ સૌ કોઈને અપાર માન ઉપજ્યું.

તિથિ અંગેની આ વાટાઘાટમાં શ્રીલબ્ધિસૂરિજી મહારાજના સ્વભાવમાં પૂજ્યશ્રીના જેવી જ સરળતા અને સાચી ભાવના જોવા મળી હતી. અને એને કારણે જ આ માર્ગ અપનાવવાનું શક્ય બન્યું હતું. પણ એમની આ સરળતારૂપ સોનાની થાળીમાં એક લોઢાની મેખ હતી. જેનું ધ્યાન એમને હજી નહોતું. જો કે એ પણ એમની ઉદારતાનું જ પરિણામ હતું.

નિર્ણય લેવાયાને અઠવાડિયું વીત્યું હશે, ત્યાં શ્રીવિક્રમવિજયજી તથા શ્રીભાસ્કરવિજયજી પૂજ્યશ્રી પાસે આવ્યા. તેઓએ પૂજ્યશ્રીને કહ્યું કે : "અમારા જાણવામાં આવ્યું છે કે— આપને આપના પ્રયાસમાં સફળતા મળી છે. આપનાવાળાની–અમુક અમુકની લેખિત સંમતિ અને સહી આવી પણ ગઈ છે. એ વાત જાણીને એ બાબતનો આનંદ વ્યક્ત કરવા અમે આવ્યા છીએ."

તેઓની આ માહિતી સાચી હતી. શ્રીસાગરાનંદસૂરિજી મ. તથા શ્રીવિજયનીતિસૂરિજી મ., એ બન્ને વૃદ્ધ આચાર્યોની લેખિત સંમતિ પૂજ્યશ્રી ઉપર આવી ગઈ હતી.

ત્યારબાદ શ્રીનંદનસૂરિજી મ.એ તેમને પૂછ્યું : તમારૂં કામ ક્યાં સુધી ચાલ્યું ?" તેઓ કહે કે : "પ્રયાસ ચાલુ છે. હજી વાર લાગશે."

શ્રી નંદનસૂરિજી મ.એ કહ્યું કે : "જ્યારે ૧૯૯૨માં તમે બધાએ જુદી સંવત્સરી–શનિવારની કરી, ત્યારે રામચંદ્રસૂરિજીએ 'સાદડી'માં ચોમાસું રહેલા તમારા પૂજ્ય ગુરુદેવ શ્રીલબ્ધિસૂરિજી મહારાજની આજ્ઞા મેળવી, તેમની આજ્ઞાથી શનિવારની સંવત્સરી જાહેર કરી હતી. અને તેના મોટાં મોટાં પોસ્ટરો છપાવી બહાર પાડયાં હતાં, જે અત્યારે પણ મોજુદ છે. તો આ વખતે જ્યારે–ખુદ લબ્ધિસૂરિજી મ. સમાધાનનો માર્ગ કાઢે છે, અને સમાધાનનો નિર્ણય લાવવાના છે, ત્યારે રામચંદ્રસૂરિજીએ પોતે એમ જ કહી દેવું જોઈએ કે—'પૂજ્ય લબ્ધિસૂરિ મહારાજની આજ્ઞાથી ૧૯૯૨માં ભા. શુ. ૫ બે કરી, શનિવારની સંવત્સરી માન્ય કરી હતી, તો અત્યારે પૂજ્ય લબ્ધિસૂરિ મહારાજ જે સમાધાન કરે, અને જે એક નિર્ણય લાવે તે મારે અને અમારે સર્વને કબૂલ જ છે. અને કબૂલ હોય જ.' આ રીતે તેમણે લબ્ધિસૂરિજી મહારાજ ઉપર લેખિત સંમતિ મોકલી આપવી જ જોઈએ."

શ્રી ભાસ્કરવિજયજી આ સાંભળીને કહે કે : સાદડીની આ વાત હું જાણતો નથી. ત્યારે શ્રીવિક્રમવિજયજીએ કહ્યું કે : 'નંદનસૂરિજી મહારાજ જે કહે છે, તે બરાબર છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પછી એકવાર ફરી શ્રીલક્ષ્મણસૂરિજી પૂજ્યશ્રી પાસે આવ્યા. તેમણે કહ્યું કે : ''રામચંદ્રસૂરિજીની સહી કદાચ ન આવે તો ચાલે કે કેમ ? કારણ કે—પ્રેમસૂરિજીની સહી આવે, એટલે તેમાં તેમની સહી આવી જ જાય છે.''

આનો સ્પષ્ટ જવાબ આપતાં શ્રીનંદનસૂરિજી મ.એ કહ્યું કે : ''આમાં તો શ્રીરામચંદ્રસૂરિજીની પોતાની સહી જોઈએ જ. જ્યારે તિથિચર્ચાનો નિર્ણય લાવવા માટે સાગરજી મ. અને રામચંદ્રસૂરિજીએ પી. એલ. વૈદ્યની મધ્યસ્થતા સ્વીકારી, ત્યારે લવાદના પ્રતિજ્ઞાપત્રમાં રામચંદ્રસૂરિજીએ પોતાના ગુરુ શ્રીપ્રેમસૂરિજીની હયાતી છતાંય પોતાની જ સહી કરી હતી. પણ પ્રેમમસૂરિજીની સહી તેમાં નહોતી કરાવી. તો પછી આ નિર્ણયમાં પણ રામચંદ્રસૂરિજીની પોતાની જ સહી હોવી જોઈએ.''

આ સાંભળીને શ્રીલક્ષ્મણસૂરિજીએ કહ્યું : ''તેમણે પી. એલ. વૈદ્યમાં સહી આપી છે, એટલે આમાં આપવા વિચાર નથી.''

આનો ઉત્તર પૂજ્યશ્રીએ આપ્યો કે : ''તે વિચાર વ્યાજબી નથી. કારણ–હું તથા લબ્ધિસૂરિ મહારાજ જે નિર્ણય લાવીએ, તે કદાચ પી. એલ. વૈદ્યના ચુકાદાને મળતો આવે તો તેમાં રામચંદ્રસૂરિને કાંઈ વાંધો નથી, અને કદાચ અમારો નિર્ણય પી. એલ. વૈદ્યથી જુદો આવે, તો તે પી. એલ. વૈદ્ય અમારા બન્નેની સાથે શાસ્ત્રાર્થ કરી શકે છે. એટલે એમાં પણ રામચંદ્રસૂરિને વાંધો હોય જ નહિ.''

આ ઉત્તરની પૂરવણીમાં શ્રીનંદનસૂરિજી મ.એ સ્પષ્ટ કહ્યું કે : ''પી. એલ. વૈદ્યના નિર્ણયમાં રામચંદ્રસૂરિજીએ સહી આપી છે, એટલે આમાં આપવાની જરૂર નથી, એ તેમનું કથન બિલકુલ વ્યાજબી નથી. પણ માત્ર બહાનું જ છે.''

થોડા દિવસો પછી પૂજ્યશ્રી સપરિવાર ખંભાતથી શકરપર પધાર્યા. ત્યાં પાટણવાળા સંઘવી શેઠ નગીનદાસ કરમચંદ પૂજ્યશ્રીને વંદન કરવા આવ્યા. ખંભાતના શેઠ કેશવલાલ બુલાખીદાસ તે વખતે ત્યાં બેઠેલા. નગીનદાસભાઈ વંદન કરીને બેઠા અને બોલ્યા કે : ''સાહેબ ! હવે આ તિથિનું બધું ચોક્કસ પતી જશે.'' આટલું કહી, ખિસ્સામાંથી એક કાગળ કાઢીને શ્રીનંદનસૂરિ મ. ને વંચાવ્યો.

એ વાંચીને તરત જ શ્રીનંદનસૂરિજી મ.એ શેઠ નગીનભાઈને કહ્યું કે : ''હવે પતવાનું નથી. એ લખી રાખજો.''

'આપ આમ કેમ કહો છો, સાહેબ ?'

નગીનભાઈના આ પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે : ''આ પત્રમાં રામચંદ્રસૂરિજી ખંભાત આવવાનું લખે છે. એટલે મને લાગે કે–હવે પતવાનું નથી ખરી રીતે તો–તેમણે લબ્ધિસૂરિજી મહારાજને એમ જ લખી દેવું જોઈએ કે 'તિથિ બાબતમાં આપ જે સમાધાન લાવશો તે મારે કબૂલ–મંજૂર છે.' અહીં આવવાનો શો અર્થ છે ?''

મેં તો એકવાર લબ્ધિસૂરિજી મહારાજને પણ સ્તંભનાજીના દેરે ભેગા થયા, ત્યારે કહ્યું હતું કે : ''મહારાજ ! આપની ભાવના ઘણી ઉત્તમ છે, સરળતા ભરેલી છે. કોઈ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તિથિચર્ચાનો અંત આવે, અને સંઘમાં એકતા સ્થપાય તેવી આપની સાચી ભાવના છે. પણ આ બાબતમાં આપને જશ મળવો, કે આપને જશ આપવો, એ આપના હાથમાં નથી, એમ મને લાગે છે.''

આ સચોટ સત્ય વાત સાંભળીને શ્રી નગીનભાઈ અવાક્ થઇ ગયા. પણ છેવટે બન્યું પણ એવું જ. શ્રીનંદનસૂરિજી મહારાજે કહ્યા પ્રમાણે—પૂજ્યશ્રી લબ્ધિસૂરિજી મહારાજે તિથિચર્ચાનો નિવેડો લાવીને સમસ્ત તપાગચ્છમાં શાંતિમય ઐક્ય સ્થાપવાનું જે મહાકાર્ય હાથમાં લીધું હતું, તે કાર્ય શ્રીરામચંદ્રસૂરિજીના ખંભાતમાં આગમન પછી ડહોળાઈ જવા પામ્યું. પરિણામે શ્રીલબ્ધિસૂરિ મહારાજની પવિત્ર હાર્દિક ભાવના હોવા છતાં કાંઈ ન બની શક્યું.

શા. જીવતલાલ પ્રતાપશી, શા. નગીનદાસ કરમચંદ વગેરે શ્રાવકોએ પણ ઐક્ય માટે પ્રયાસ કર્યા, પણ પરિણામમાં શૂન્ય જ સાંપડયું.

આખરે શ્રી વિજયલક્ષ્મણસૂરિજી મહારાજે ગુલાબચંદ પોપટલાલ નામના આગેવાન શ્રાવક જોડે પૂજ્યશ્રીને કહેવરાવ્યું કે : ''અમે અમારા પ્રયત્નોમાં નિષ્ફળ નીવડ્યા છીએ. હવે સમાધાન નહિ થાય. આપ ખુશીથી વિહાર કરશો.''

પૂજ્યશ્રીને શ્રી લબ્ધિસૂરિજી મહારાજ પ્રત્યે સદ્‌ભાવ હતો. તેઓની વિશુદ્ધ ભાવના પણ પૂજ્યશ્રીએ પારખી હતી, અને તેથી જ કોઇ ખટપટમાં પડવાની અનિચ્છા છતાં આ વાતમાં પ્રયત્ન કરવાનું તેઓશ્રીએ સ્વીકારેલું. પણ શ્રીલબ્ધિસૂરિજી મ.ના આ શુભ પ્રયાસનું આવું નિષ્ફળ પરિણામ પણ તેઓશ્રીની દીર્ઘદૃષ્ટિમાં પ્રથમથી જ વસી ગયું હતું. ભવિતવ્યતાને અન્યથા કરી શકાય ખરી ?

શેઠ સોમચંદ પોપટચંદે પોતાના ઘર આંગણે નાનું છતાં રમણીય દેરાસર બંધાવ્યું હતું. તેમાં શ્રીરત્નચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા સં. ૨૦૦૧ ના માગશર શુદિ દશમે પૂજ્યશ્રીએ કરાવી. દંતારવાડામાં નાતની વાડીની સામેની પુણ્યશાળીની ખડકીમાં શ્રી શાન્તિનાથ પ્રભુના દેરાસરનો જીર્ણોદ્ધાર થયો હતો. પોરવાડ–શ્રીસંઘની વિનંતિથી એની પ્રતિષ્ઠા પણ કરાવી.

પોષ માસમાં પૂજશ્રીના વયોવૃદ્ધ શિષ્ય મુનિશ્રી સંપતવિજયજી મ. ૧૯ વર્ષ દીક્ષા પર્યાય પાળીને કાળધર્મ પામ્યા. તેમને કેટલાક સમયથી સોજાની બિમારી થયેલી. વૃદ્ધ છતાં તેમનો ભક્તિ–વૈયવચ્ચ ગુણ અપૂર્વ હતો. નાનાં કે મોટાં દરેકની વિનયપૂર્વક વૈયાવચ્ચ કરવાના સ્વભાવને લીધે તેઓ સર્વપ્રિય થઈ પડેલાં. અંત સમયે નિર્યામણા અને સમાધિ પણ તેમને સુંદર મળી. તેમની પુણ્યસ્મૃતિ નિમિત્તે શ્રીસંઘે મહોત્સવ કર્યો.

શાસનના આગેવાન સાધુ તથા શ્રાવકો પણ હવે એક પછી એક સ્વર્ગવાસી બનવા લાગ્યા હતા. ચાલુ વર્ષે ડભોઇમાં આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી મ. કાળધર્મ પામ્યા. શ્રાવકોમાં ભાવનગરના શા. કુંવરજી આણંદજી તથા અમદાવાદના શેઠ ચીમનલાલ લાલભાઇ વગેરે સ્વર્ગવાસી બન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ ચીમનભાઈના સ્વર્ગવાસ પછી તેમના કુટુંબીઓ શેઠ સારાભાઈ, જયંતીભાઈ તથા મણિલાલ તેલી વગેરે પૂજ્યશ્રીને અમદાવાદ પધારવાની વિનંતિ કરવા આવ્યા. તેમને પૂજ્યશ્રીની નિશ્રામાં શેઠ ચીમનભાઈના સ્વર્ગવાસ નિમિત્તે મહોત્સવ કરવો હતો.

પૂજ્યશ્રીની ઇચ્છા કાઠિયાવાડ તરફ જવાની હતી. પણ આ લોકોના આગ્રહથી તેઓશ્રી ધીમે ધીમે વિહાર કરતાં ૨૫ દિવસે અમદાવાદ આવ્યા. શારીરિક અશક્તિને કારણે ગાઉ–દોઢ ગાઉથી વધુ વિહાર થતો ન હતો. વચમાં—માતરતીર્થે પેઢીના પ્રતિનિધિઓ–શેઠ ભગુભાઈ, શેઠ ભોગીભાઇ, શેઠ કેશુભાઈ ઝવેરી વગેરે વંદનાર્થે આવ્યા.

અમદાવાદમાં–શહેર બહાર સોસાયટીઓમાં અધિક ફાગણ મહિનો પસાર કરીને ભવ્ય સ્વાગત સાથે પાંજરાપોળ પધાર્યા. શુભ દિવસોમાં શેઠ ચીમનભાઈના કુટુંબીઓએ તેઓશ્રીની નિશ્રામાં મહોત્સવ ઉજવ્યો.

શ્રીસંઘની વિનંતિથી સં. ૨૦૦૧નું આ ચાતુર્માસ પાંજરાપોળમાં રહ્યા. મૂળ અહીંના (પાંજરાપોળના) વતની પણ જૈન મરચંટ સોસાયટીમાં રહેતાં સી. લક્ષ્મીચંદની પેઢીવાળા શેઠ છગનલાલ લક્ષ્મીચંદ, મણીલાલ લક્ષ્મીચંદ તથા ભોગીલાલ લક્ષ્મીચંદ પૂજ્યશ્રીના અનન્ય ગુણાનુરાગી હતા. પૂજ્યશ્રીની પ્રેરણા પામીને તેમણે પોતાના બંગલાના કંપાઉંડમાં એક સુંદર જિનાલય બંધાવ્યું હતું. શ્રાવણ માસમાં એ દેરાસરની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીએ કરાવી. મરચંટ સોસાયટીમાં સંઘના દેરાસર–ઉપાશ્રય બંધાવવાનો નિર્ણય આ પ્રસંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી થયો.

આ ઉપરાંત બીજાં પણ અક્ષયનિધિ વગેરે તપની આરાધના અને અનેક મહોત્સવની ઉજવણી સાથે આ ચોમાસું પસાર થયું. ચાતુર્માસ–પરાવર્તન માટે શેઠ ફુલચંદ છગનલાલ સલોતની વિનંતિ સ્વીકારીને તેમને ત્યાં લાલાભાઈની પોળે પધાર્યા. એ અવસરે અઠ્ઠાઇ મહોત્સવ — શાંતિસ્નાત્ર વગેરે સુંદર કાર્યો કરીને તેમણે પૂજ્યશ્રી પ્રત્યેની પોતાની ભક્તિ વ્યક્ત કરી. આ પ્રસંગે પોળના સંઘે પણ અષ્ટોત્તરી સ્નાત્ર–મહોત્સવ કર્યો. સોનામાં સુગંધની જેમ આ જ પ્રસંગે નાગજીભૂધરની પોળમાં આ. શ્રીવિજયમોહનસૂરિજી મ. ના પટ્ટધર આ. શ્રીવિજય-પ્રતાપસૂરિજી મ. ના પટ્ટધર પં. શ્રી ધર્મવિજયજી મહારાજને પૂજ્યશ્રીએ ઉપાધ્યાયપદવી અર્પણ કરી. પોળના શ્રીસંઘે ઘણા આડંબરપૂર્વક મહોત્સવ કર્યો.

વઢવાણ શહેરમાં ઘણાં વર્ષો પૂર્વે શ્રીશાન્તિનાથ પ્રભુનું પ્રાચીન રમણીય બિંબ ભૂમિમાંથી પ્રગટ થયેલું. તે પ્રભુને માટે પં. શ્રી ધર્મવિજયજી મ. ના ઉપદેશથી ત્યાંના સંઘે એક શિખરબંધી દેરાસર તૈયાર કરાવ્યું હતું. તેમાં ગયા શ્રાવણમાસમાં પ્રભુજીનો પ્રવેશ થઈ ગયો હતો. હવે પ્રતિષ્ઠા કરવાની હતી. ત્યાંના સંઘને પૂજ્યશ્રી ઉપર અનહદ શ્રદ્ધા–ભક્તિ હતી. પૂજ્યશ્રીની નિશ્રામાં જ પ્રતિષ્ઠા કરાવવાની તેમની ભાવના હતી. એ માટે તેઓ અહીં (લાલાભાઇની પોળના ચાલુ મહોત્સવમાં) વિનંતિ કરવા આવ્યા. પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાએ વર્તમાનયોગ કહીને એ વિનંતિનો સ્વીકાર કર્યો.

મહોત્સવ પત્યા પછી પૂજ્યશ્રી પુનઃ પાંજરાપોળે પધાર્યા. લહેરિયાપોળના દેરાસરમાં શ્રીમહાવીરસ્વામીના પંચકલ્યાણકના પટ તથા પાદુકાની પ્રતિષ્ઠા કરાવી. જૈન સોસાયટીના દેરાસરમાં પ્રભુજીનો પ્રવેશ કરાવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે બન્યું એવું કે-પૂજ્યશ્રીની અંતરની ભાવના અને પ્રેરણાથી શેઠ સારાભાઇ ડાહ્યાભાઈ તરફથી ૩ા લાખ રૂપિયાના ખર્ચે શ્રીશેરીસાતીર્થમાં શિખરબંધી દેરાસર તૈયાર થયું હતું. અને એથી એક મહાન્ તીર્થનો પુનરૂદ્ધાર થયો હતો. આ તીર્થનો વહીવટ શેઠ આ. ક. પેઢીને સોંપાયેલો. સં. ૧૯૮૮માં આ દેરાસરમાં શ્રીશેરીસાપાર્શ્વનાથ આદિ પ્રભુપ્રતિમાઓનો પ્રવેશ તો થઈ ગયેલો. તેની પ્રતિષ્ઠા કરવાની હતી, એ માટે પેઢીના વહીવટદારો–શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ ભગુભાઈ સુતરિયા, મયાભાઈ સાંકળચંદ, કાંતિભાઈ નાણાવટી, કેશવલાલ લલ્લુભાઈ, ભોગીલાલ સુતરિયા, ચંદ્રકાંત સી. ગાંધી વગેરે તથા શેઠ પ્રતાપસિંહ મોહોલાલ પૂજ્યશ્રી પાસે આવ્યા. અને પ્રતિષ્ઠાનું મુહૂર્ત ફરમાવવા તથા પ્રતિષ્ઠા કરાવવાની વિનંતિ કરી. આ વખતે શેઠ સારાભાઈ જેશીંગભાઈ ( હીરાચંદ રતનચંદવાળા) ના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરાવવા માટે તેમના બંગલાની નજીકમાં આવેલા શેઠ પોપટલાલ હેમચંદના બંગલે પૂજ્યશ્રી બિરાજતાં હતાં.

વિનંતિના જવાબમાં પૂજ્યશ્રીએ કહ્યું કે : "વઢવાણ–સંઘની વિનંતિ અમોએ ક્ષેત્રસ્પર્શનાએ માની છે. એટલે હવે તેમાં ફેરફાર ન કરી શકાય. છતાં વઢવાણનો સંઘ સંમતિ આપશે અને તેમને સંતોષ થશે તો ક્ષેત્રસ્પર્શનાએ શેરીસાનો વિચાર કરાશે."

આ વાતની જાણ થતાં જ વઢવાણનો સંઘ પૂજ્યશ્રી પાસે આવ્યો. અને કોઈ પણ હિસાબે વઢવાણ પધારવાનો આગ્રહ કરવા લાગ્યો. એ વખતે પેઢીના પ્રતિનિધિઓ પણ આવ્યા, અને વઢવાણવાળાને સમજાવવા લાગ્યા. તેમણે પૂજ્યશ્રીને કહ્યું: સાહેબ ! કેવળ આપની પવિત્ર ભાવનાના પરિણામ સ્વરૂપે જ શેરીસાનો ઉદ્ધાર થયો છે. હવે તેની પ્રતિષ્ઠા પણ આપે જ કરાવવી જોઇએ. તો જ એ તીર્થનો પૂર્ણ ઉદ્ધાર થયો ગણાય. માટે આ વર્ષે અમારી વિનંતિ સ્વીકારો. પછી વઢવાણ શહેરની પ્રતિષ્ઠા પણ આપશ્રીએ જ કરવાની છે.

પૂજ્યશ્રીની અંતરેચ્છા પણ આ જ હતી. તેઓશ્રીએ વઢવાણવાળાને સમજાવ્યા. છેવટે તેઓ માન્યા, અને સંમતિ આપી.

સંમતિ મળતાં જ પેઢીવાળાની વિનંતિથી પૂજ્યશ્રીએ વૈશાખમાસમાં શેરીસાની પ્રતિષ્ઠાનું મુહૂર્ત ફરમાવ્યું. શેરીસાની સાથે સાથે વામજના દેરાસરની પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું. વામજમાં વર્ષો પૂર્વે પ્રાચીન પ્રભુજી ભૂમિમાંથી પ્રગટ થયેલાં. તે પ્રભુજી માટે ત્યાં એક દેરાસર બંધાવવાની ભાવના પૂજ્યશ્રીના પરમ ભક્ત શા. કરમચંદ ફુલચંદ ( કમાશા ) ની હતી. પણ કાળબળે તે ફળીભૂત ન થઈ.

હવે–સ્વ. શેઠ સારાભાઈ ડાહ્યાભાઈની ઈચ્છા હતી કે–આ પ્રભુજીને પણ શેરીસા લઈ આવવા. તે માટે તેમણે પ્રયાસો કર્યાં. પરંતુ–વામજ ગામમાં શ્રાવકનું ઘર તો એકેય ન હતું. પણ ત્યાંના ઈતરકોમના પટેલિયા વ. લોકોને આ પ્રભુજી ઉપર ખૂબ શ્રદ્ધા હતી. તેથી તેઓએ લઈ જવાની ના કહી. સારાભાઈએ ગુપ્ત રીતે પ્રભુજી લઈ લેવાની યોજના કરી, તો તેથી તો પેલા લોકો ખૂબ વિફર્યા: પરિણામે સારાભાઈને ત્યાં જવું પણ ભારે થઈ પડયું. એક વાર પૂજ્યશ્રી મારવાડ તરફથી વિહાર કરીને આવતાં હતાં, ત્યારે આ ગામમાં પધાર્યા. એ જાણી પેલાં પટેલિયા સમજ્યાં કે–આ લોકો ભગવાન્ લેવા આવ્યા છે. એટલે તેઓ હાથમાં લાકડી –ડાંગ–ધારિયા લઈ આવ્યાં. પૂજ્યશ્રી તો ગામ બહાર શાન્તભાવે ઊભાં રહ્યાં. પેલાં લોકોએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલો ગોઠીશે ધીમો પડયા પછી પૂજ્યશ્રીએ તેમને સમજાવ્યાં કે —અમે ભગવાન્ લેવા નથી આવ્યા. અને આ ભગવાન અહીં જ રાખવાના છે, કયાં ય લઇ જવાના નથી.

પેલા લોકોને પૂજ્યશ્રીની આ વાત પર વિશ્વાસ બેઠો. પછી તો તેમણે જ ઢોલ-નગારાં લાવીને પૂજ્યશ્રીનું સામૈયું કર્યું.

આ પછી અહીં ઝવેરી ડાહ્યાભાઇ કપુરચંદના કુંટુબીઓએ જિનાલય બંધાવ્યું હતું. તેમાં એ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની હતી. તે પણ શેરીસાની પ્રતિષ્ઠા પછી તરત કરી લેવાનો નિર્ણય થયો.

ચૈત્રમાસમાં ૧ાા–૨ માઇલનો ધીમો ધીમો વિહાર કરીને દસેક મુકામે પૂજ્યશ્રી શેરીસા પહોંચ્યાં. ત્યાં વૈશાખશુદ દશમના દિવસે ઘણાં ઠાઠમાઠપૂર્વક મૂળનાયકજી શ્રીશેરીસાપાર્શ્વનાથ, તથા ભોંયરામાં એક ગોખલામાં પ્રાચીન શ્રીપાર્શ્વનાથ, બીજા ગોખલામાં શ્રી કેસરિયાજી પ્રભુ વગેરે જિનબિંબો અને દેરાસરની બહાર બે ચોકિયાળામાં શ્રીઅંબિકાદેવી તથા શ્રીપદ્માવતી દેવી વગેરેની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે પૂજ્યશ્રીના અનન્ય ભક્તશ્રાવક શેઠ પ્રતાપસિંહ–ભાઈની ભાવના અંજનશલાકા કરાવવાની હતી. પણ તેઓ બે મહિના પહેલાં જ મુંબઈમાં સ્વર્ગ-વાસી થયા, એટલે એમની એ ભાવના સફળ ન થઈ શકી.

શેરીસાથી વામજ પધારીને ત્યાં વૈશાખ શુદિ તેરશે પ્રતિષ્ઠા કરાવી. પછી પુનઃ અમદાવાદ પધાર્યા. સાબરમતીના સંઘનો ચોમાસા માટે અતિઆગ્રહ થયો, પણ ક્ષેત્રસ્પર્શનાએ સં. ૨૦૦૨નું આ ચોમાસું પણ અમદાવાદ–પાંજરાપોળે બિરાજ્યાં. ચોમાસામાં નિશાપોળ–દેવ-શાનો પાડો વગેરે સ્થળોના દેરાસરોમાં શ્રીસિદ્ધગિરિજી વગેરે તીર્થોના પટોની પ્રતિષ્ઠા કરાવી. બીજા પણ મહોત્સવો થયાં.

ચોમાસું પૂર્ણ થતાં જ વઢવાણના આગેવાનો આવી પહોંચ્યાં. એ આગેવાનોએ અભિગ્રહ ધાર્યો હતો કે–પૂજ્યશ્રી વઢવાણ પધારીને પ્રતિષ્ઠા ન કરાવે, ત્યાં સુધી 'ઘી' ત્યાગ. તેઓ એમ પણ નક્કી કરીને આવેલાં કે–અમુક જણાએ વિહારમાં છેક સુધી સાથે રહેવું.

એમની આવી ભાવના અને વિનંતિ જોઈને પૂજ્યશ્રીએ તે તરફ વિહાર કરવાનો નિર્ણય કર્યો. અને માગશર વદ ૧૧ના દિવસે વિહાર શરૂ કર્યો.

પહેલો મુકામ એલિસબ્રીજ વિસ્તારમાં આવેલાં શેઠ હીરાચંદ રતનચંદના 'શાન્તિસદન' બંગલે કર્યો. પાંજરાપોળથી આ બંગલો દોઢ માઈલ દૂર હતો. પૂજ્યશ્રીનું શરીર ઘણું અશક્ત બની ગયું હતું. આટલો ટુંકો પંથ કાપતાં પણ કેટલીયે વાર વિસામા માટે બેસવું પડયું. બે–ત્રણવાર તો સૂઈ જવું પણ પડયું. બે વાર ચક્કર આવી ગયા. ટુંકમાં–ઘણાં પરિ-શ્રમે બંગલે પહોચ્યાં. તબિયતના કારણે બંગલે આઠ દિવસ સ્થિરતા કરી. આ બધો બનાવ વઢવાણવાળા ભાઈઓએ નજરે જોયો. તેમને થયું કે – આવી અવસ્થાએ અને તબિયતે ગુરુમહારાજને વઢવાણ લઇ જવા વ્યાજબી નથી. તેમ તેઓશ્રી આ વર્ષે આવશે પણ નહીં જ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને બન્યું પણ એમ જ. પૂજ્યશ્રીએ આ સંયોગમાં આ વર્ષે વઢવાણ જવાની ના ફરમાવી.

શાન્તિસદનથી પાછા ફરી શેઠ ભગુભાઈ સુતરિયાના બંગલે તેમના આગ્રહથી સાત દિવસ રહ્યા. ત્યાંથી જૈન સોસાયટીમાં પધાર્યા. ત્યાં શા. રતિલાલ કેશવલાલે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. આ પ્રસંગે સલોત ફુલચંદ છગનલાલના સંસારી સુપુત્રી – સાધ્વીજી શ્રીહિતપ્રભાશ્રીજી મ. ને પૂજ્યશ્રીએ વડીદીક્ષા પણ આપી.

અહીં અમદાવાદનો સંઘ ચોમાસાની વિનંતિ કરવા આવ્યો. સાબરમતી-રામનગરના સંઘની પણ વિનંતિ હતી. એમનો ગઇ સાલથી આગ્રહ હોવાથી, તેમજ અમદાવાદમાં બે ચોમાસાં કર્યાં હોવાથી પૂજ્યશ્રીએ સાબરમતી-સંઘની વિનંતિ સ્વીકારી. અને ફર્લાંગ-બે ફર્લાંગ જેટલો વિહાર કરી, તે તે ગૃહસ્થોના આગ્રહથી તેમના બંગલે સ્થિરતા કરતાં કરતાં બાર મુકામે સાબરમતી પધાર્યાં.

અવસ્થાને કારણે અશક્તિનું પ્રમાણ દિનાનુદિન વધતું હતું. હવે તો બે માણસ ઝાલી રાખે ત્યારે જ ચાલી શકે, એવી નબળાઇ આવી ગઈ હતી. તબિયતની ગ્લાનિ મુખ પર વર્તાતી હતી. તો પણ તેઓશ્રીનું મનોબળ ગજબનું મક્કમ હતું. શિષ્યગણ અને ભક્તગણ વારંવાર ડોળીના ઉપયોગ માટે વિનવતો. પણ પૂજ્યશ્રી પૂરી મક્કમતાથી ના જ પાડતાં. અને બે ફર્લાંગ, પણ ચાલીને જ જતાં.

સં. ૨૦૦૩નું ચોમાસુ સાબરમતી-રામનગરમાં બિરાજ્યા. અહીંના સંઘ પર પૂજ્યશ્રીના અસીમ ઉપકારો હતા. સંઘની સવર્તોમુખી આબાદીમાં પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ જ મુખ્ય કારણ છે, એ વાત આજે પણ ત્યાંના વૃદ્ધ આગેવાનો-શ્રાવકો નિઃશંકપણે કબૂલે છે. એક જમાનામાં આ સાબરમતીમાં જૈનોના આઠ ઘર પણ પરાણે હતાં. પણ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે એ ક્ષેત્રના ભાગ્ય જાગ્યા. એના ફલસ્વરૂપે-આજે એ જ સાબરમતીમાં સુખ-સંપત્તિ અને ધર્મશ્રદ્ધા ધરાવનાર આઠસો ઉપરાંત શ્રાવક-ઘરોની વસતિ છે.

દર રવિવારે પૂજ્યશ્રીના દર્શન માટે શહેરમાંથી ૧૦૦-૧૨૫ માણસો આવતાં જ રહેતાં. બહારગામથી પણ સેંકડો ભાવિકો આવ્યા કરતાં. એ બધાંની ભક્તિનો લાભ સત્યવાદી શા. જસવંતલાલ મણિલાલ વગેરે ભક્તિવાળા ભાવિકો ઘણી હોંશપૂર્વક લેતા હતાં.

ચાતુર્માસ-સમાપ્તિ પ્રસંગે જસવંતલાલ મણિલાલ સત્યવાદીની વિનંતિ થતાં તેમને ત્યાં ઠાણાઓ ઠાણું કર્યું. તેમણે તે પ્રસંગે ઉદ્યાપન મહોત્સવ કર્યો.

આ પ્રસંગે ભાવનગરથી શેઠ ભોગીલાલ મગનલાલ, વોરા ખાંતિલાલ અમરચંદ, પાલિતાણાથી નગરશેઠ વનમાળીદાસ, મોદી ધરમશી જસરાજ વગેરે આવ્યા હતા. વઢવાણના આગેવાનો પણ આવેલા. તેઓ તો એક જ આગ્રહ લઈને બેઠાં કે—આ વખતે તો કોઈ પણ હિસાબે આપને વઢવાણ પધારવું પડશે. અમારે આપની નિશ્રામાં જ પ્રતિષ્ઠા કરવાની છે. અમારા પર તથા ઝાલાવાડના ગામો પર આપનો અનહદ ઉપકાર છે. તેમાં વિશેષ વૃદ્ધિ કરવા માટે પણ આપ ત્યાં પધારો જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ પૂજ્યશ્રીની નાજુક તબિયત જોતાં કોઈ પણ કહી શકે કે – પૂજ્યશ્રીથી હવે આટલો વિહાર ન જ થાય. તેઓશ્રીએ જવાબમાં એ જ કહ્યું કે : આવી તબિયતે મારાથી આટલો લાંબો વિહાર થઈ શકે તેમ નથી.

ત્યારે વઢવાણવાળા કહે : તો સાહેબ ! આપ ડોળીમાં બેસીને વિહાર કરો. અમે બધાં સાથે જ રહીશું. આપના શરીરને જરા પણ તકલીફ ન પડે તેવી રીતે ડોળીમાં આપને લઈ જઈશું.

પણ ડોળીમાં બેસવાની પૂજ્યશ્રીની બિલકુલ અનિચ્છા હતી. આજ સુધીમાં આ વાત ઘણીવાર તેઓશ્રી પાસે મુકાયેલી. પણ તેઓશ્રી પૂર્ણ દૃઢતાથી એનો ઈન્કાર કરતાં. ૧૯૮૧માં ચાણસ્મામાં તેઓશ્રીની તબિયત વધુ પડતી બગડી, ત્યારે નગરશેઠ કસ્તૂરભાઈએ કહેલું કે : સાહેબ ! આપ ડોળીમાં બેસીને મહેસાણા પધારો, તો આપની તબિયત અંગે યોગ્ય ઉપચારો સારી રીતે કરાવી શકાય. ડોકટરોને તથા અમને સૌને પણ આવવા-જવાની અનુકૂળતા રહે.

આના જવાબમાં પૂજ્યશ્રીએ નાદુરસ્ત તબિયતે પણ કડક શબ્દોમાં કહેલું કે : "એકવાર આ દેહ પડી જાય, કે ઉપરથી દેવતા આવીને વિનવે, તો પણ આ દેહે ડોળી કે મિયાનાનો ઉપયોગ કરવાની ભાવના નથી." અને તે વખતે કે તે પછી આજ સુધીમાં ક્યારેય તેઓશ્રીએ ડોળીનો ઉપયોગ નહોતો જ કર્યો. આ વખતે વઢવાણવાળાએ એ વાત મૂકી, ત્યારે પણ તેઓશ્રીએ એ જ દૃઢતાથી એનો ઈન્કાર કર્યો.

સામે વઢવાણવાળા પણ મક્કમ હતાં. તેમણે પોતાની વિનંતિ ભારપૂર્વક ચાલુ રાખી. ત્રણ ત્રણ વર્ષથી એમની વિનંતિ હતી. શ્રદ્ધાપૂર્ણ ભક્તિ હતી. અત્યારે પણ એ શ્રદ્ધા જ આવો આગ્રહ કરાવી રહેલી. એટલે પૂજ્યશ્રી ના ન પાડી શક્યા. ક્ષેત્રસ્પર્શનાએ વઢવાણ પધારવાની હા કહી. આથી સર્વત્ર આનંદ વ્યાપી ગયો.

હવે સાબરમતીથી વિહાર કરવાની તૈયારી ચાલી. પૂજ્યશ્રીની પુનિત ભાવના અને પ્રેરણાનુસાર 'શ્રી જૈન તત્ત્વવિવેચક સભા'ના નામથી તે સભાના સભ્ય સલોત કુલચંદ છગનલાલ વગેરેએ પૂજ્યશ્રીની નિશ્રામાં સાબરમતીથી શેરીસા તીર્થનો છ'રી' પાળતો સંઘ કાઢવાનો નિર્ણય કર્યો. સંઘપતિનું શ્રીફળ કુલચંદભાઈએ લીધું.

મહા વદમાં શુભ દિવસે પૂજ્યશ્રીએ શિષ્યપરિવાર તથા સંઘ સમેત પ્રયાણ કર્યું. પૂજ્યશ્રી હવે આપમેળે ચાલી શકતા નહોતાં. એટલે બન્ને બાજુએ બે જણાનો હાથ ઝાલીને ધીમે ધીમે ગામ બહાર પહોંચ્યા. આટલું ચાલવામાં ય તેઓશ્રી ખૂબ પરિશ્રાન્ત થઈ ગયા. હજી તો સામું ગામ ત્રણ માઈલ દૂર હતું. એટલો માર્ગ પૂજ્યશ્રીથી કેમ ચલાશે ? એ મૂંઝવણ સૌને થતી હતી.

વિહારનું નક્કી થયું, ત્યારથી ડોળીમાં બેસીને વિહાર કરવાની આજીજી કરતો શિષ્યગણ તથા ભક્તગણ અત્યારે પણ ખૂબ કરગરવા લાગ્યો. શિષ્યો અને ભક્તોની અનન્ય ભક્તિ ડોળીમાં બેસવા વિનવી રહી હતી, જ્યારે આજ સુધી પોતાના સર્વ નિર્ણયોમાં અફર રહેનાર અને ગમે તે ભોગે પણ અપવાદ ન સેવવાનો આગ્રહ રાખનાર પૂજ્યશ્રી એનો ઈન્કાર કરી રહ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા. પૂજ્યશ્રીને વળાવવા તેમ જ સંઘમાં આવેલા હજારો ભાવિકો સજળ નેત્રે આ દશ્ય જોઈ રહ્યાં.

છેવટે ભક્તિનો વિજય થયો, અનિચ્છા છતાં પણ શરીરસ્વાસ્થ્યની અનુકૂળતા માટે શિષ્યોની આજીજી પૂજ્યશ્રીએ સ્વીકારી, અને ડોળીમાં બિરાજ્યા. પૂજ્યશ્રીના શાસ્ત્રાનુસારી શુદ્ધ જીવનમાં કદાચ આ સર્વ પ્રથમ અપવાદનો આશ્રય લેવાનો પ્રસંગ હતો,–તબિયતના કારણે.

પૂજ્યશ્રીના પરમ ભક્ત શ્રેષ્ઠિ શ્રાવકો ડોળી ઉપાડવા માટે પડાપડી કરવા લાગ્યા. સાબરમતીથી ખોરજ થઈને શેરીસા પધાર્યા. ત્યાં ત્રણ દિવસ સંઘ સાથે રહ્યા. તીર્થમાળાદિ વિધિ કરાવ્યો.

ત્યાંથી ડાભલા–ગોધાવીના રસ્તે સાણંદ પધાર્યા. અહીંના સંઘના અતિ આગ્રહથી આઠ દિવસ સ્થિરતા કરી. આ દરમ્યાન–અમદાવાદથી હરરોજ સેંકડો માણસો વંદનાર્થે ઉમટવા માંડયા. આટલું બધું માણસ કાયમ આવતું જોઈને સૌને આશ્ચર્ય થવા લાગ્યું. આઠ દિવસમાં તો લગભગ અમદાવાદની મોટા ભાગની જૈન જનતા વંદન કરી ગઈ હશે. જાણે સૌને ભાસ થયો હોય કે–હવે પૂજ્યશ્રી પુનઃ અમદાવાદ નહિ આવે. સાણંદના સંઘે એ બધાં સાધર્મિકોની ભક્તિ પણ અપૂર્વ કરી.

વઢવાણના આગેવાનો અહીં પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે આવ્યા. પૂજ્યશ્રીએ વૈ. વ. છઠનો દિવસ શુભ મુહૂર્ત તરીકે ફરમાવ્યો.

સાણંદથી ગોરજ–બોર–તલસાણા આદિ ગામોના રસ્તે વિહાર કર્યો. સાબરમતીથી વઢવાણ સુધીના આખાયે વિહારમાં પૂજ્યશ્રીની સાથે અનેક ભક્ત શ્રાવકો રહ્યાં. એમાં મુખ્યતાએ–પાલિતાણાના વકીલ વીરચંદ ગોવરધનદાસ, જેસરના કામદાર અમરચંદ પાનાચંદ અને સંઘવી ભગવાનદાસ મેઘજી, તથા સલોત કુલચંદ છગનલાલ, છોટાલાલ કસ્તૂરચંદ નેમાણી–(ખંભાતવાળા), સાબરમતીના શા. ચીમનલાલ કુલચંદ, ડૉક્ટર છોટાલાલ કુલચંદ, તથા બચુભાઈ કુલચંદ (ત્રણે ભાઈ ઓ–કોઠના) પાલિતાણાના, મીસ્ત્રી નાકુભાઇ વગેરે હતાં. વઢવાણના ભાઈઓ પણ હતાં. તેઓ બધાં ખડેપગે પૂજ્યશ્રીની સેવામાં હાજર રહેતાં. ડોળી ઉપાડવા માટે પાલિતાણાના ડોળીવાળા–કાનાભાઈ, નારણભાઈ, જાદવભાઈ તથા લખાભાઈ, એમ ચાર માણસો સાથે હતાં. તો પણ પૂજ્યશ્રીની સેવાનો લાભ લેવાની અભિલાષાથી સાથે રહેલાં એ ગૃહસ્થો પોતે વારાફરતી ડોળી ઉપાડવાનો લાભ પણ લેતાં. દરેક મુકામોની વ્યવસ્થા, હંમેશાં દર્શનાર્થે આવતાં સેંકડો ભાવિકોની સગવડ વગેરે કામ પણ તેઓ જ સંભાળતાં. ટુંકમાં–દરેક મુકામે નાના–શા સંઘના પડાવ જેવું સ્વરૂપ થતું. રોજ બોટાદ–વઢવાણ શહેર–વઢવાણ કેંપ–લીંબડી વગેરે જુદાં જુદાં ગામોના સંઘો વંદન માટે આવતાં રહેતાં.

આમ અસ્વસ્થ તબિયત છતાં ઉલ્લાસમય વાતાવરણમાં પૂજ્યશ્રી અનુક્રમે રાજપર આવ્યા. ત્યાંથી શેઠ રતિલાલ વર્ધમાનના બંગલે એક દિવસ રહ્યાં. અહીં–વઢવાણ કેંપ (સુરેન્દ્રનગર) તથા શહેરના સંઘો વચ્ચે સામૈયા માટે રસાકસી ચાલી. બંને સંઘો પ્રથમ પ્રવેશ પોતાને ત્યાં કરવાનો આગ્રહ કરવા લાગ્યા. છેવટે પૂજ્યશ્રીની સૂચના મુજબ–વઢવાણ શહેરમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠા માટે જવાનું હોવાથી અત્યારે કૅંપમાં પ્રવેશ કરવાનું નક્કી થયું. બીજે દિવસે કૅંપના સંઘે ઘણાં ઉત્સાહ સહિત સામૈયું કર્યું. અનેક ગામોના સંઘો આ સામૈયામાં હાજર રહ્યાં.

પ્રવેશ પછીના મંગલાચરણ વખતે સંઘને પૂજ્યશ્રીને ચોમાસું રાખવાની ભાવના જાગી. તરત જ વિનંતિ કરી. હવે–દેવળિયા મુકામે બોટાદનો સંઘ ચોમાસાની વિનંતિ માટે આવેલો, ત્યારે પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શના જણાવેલી. પણ બોટાદવાળા પૂજ્યશ્રી પાસે એટલું તો નક્કી કરી ગયેલાં કે – અમને જણાવ્યા સિવાય બીજા ગામની જય ન બોલાવવી, એવી અમારી વિનંતિ છે. એ અનુસાર પૂજ્યશ્રીએ બોટાદવાળાને બોલાવવાનું કહ્યું. તરત જ બોટાદ સમાચાર મોકલાયા. એ મળતાં જ બોટાદ–સંઘના પચાસેક ભાઈઓ આવી પહોંચ્યા, અને ચોમાસાનો આગ્રહ કરવા લાગ્યા. થોડી વાર તો બન્ને સંઘો વચ્ચે રસાકસી જામી. છેવટે પૂજ્યશ્રીએ સ્વયંમેવ નિર્ણય આપ્યો કે–અહીં (વઢવાણ કૅંપમાં) એકેય ચાતુર્માસ કર્યું નથી. માટે ક્ષેત્રસ્પર્શનાએ આ ચોમાસું અહીં કરીશું.

વઢવાણ કૅંપનો સંઘ ભારે આનંદમાં આવી ગયો. ઉપાશ્રય જયજયકારથી ગાજી રહ્યો.

---

# [૫૭]

## છેલ્લી પ્રાણપ્રતિષ્ઠા

હવે વઢવાણમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠાનાં દિવસો નજીક આવી રહ્યા હતા. એની તૈયારીઓ ચાલી રહી હતી. આમંત્રણ પત્રિકાઓ સર્વત્ર મોકલવામાં આવી. અંજનશલાકા અંગેની–પ્રભુજી પર શિલાલેખ લખાવવા–વ. તૈયારીઓ માટે પૂજ્યશ્રીની હાજરી જરૂરી જણાતાં સંઘે વઢવાણ પધારવા વિનંતિ કરી. એટલે પૂજ્યશ્રી ભવ્ય સ્વાગત સાથે વઢવાણ પધાર્યા.

સ્ફટિકની, પાષાણની તથા ધાતુની લગભગ ૪૦૦ મૂર્તિઓ ઠેર ઠેરથી અંજન માટે આવેલી. તેના પર લેખ લખાવવાનું કાર્ય શરૂ થયું. મેરૂપર્વત, સમવસરણ તથા હસ્તિનાપુરી વગેરે તીર્થોની મનોરમ રચનાઓ કરવામાં આવી.

મૂળનાયક શ્રી શાન્તિનાથ પ્રભુ (સપરિકર) તથા ધ્વજ–દંડ–કલશ વગેરેની પ્રતિષ્ઠાનો આદેશ શેઠ જીવણ અબજીના સુપુત્ર શેઠશ્રી શાંતિલાલભાઈએ રૂ. ૫૧ હજારમાં લીધો.

વૈશાખ શુદ ૧૦થી મહોત્સવનો મંગલ પ્રારંભ થયો. સંઘની ધર્મભાવના અને શ્રદ્ધા તથા પૂજ્યશ્રીની પાવન નિશ્રાના સુમેળે વાતાવરણમાં રંગત જમાવી દીધી. પાંચે કલ્યાણકોની ઉજવણીપુરઃસર વૈ. વ. પાંચમના દિવસે શુભ લગ્ને પૂજ્યશ્રી આદિ સૂરિવર્યોએ ૪૦૦ પ્રભુજીની પ્રાણ પ્રતિષ્ઠા કરી.

વૈ. વ. ૬ ના દિવસે શુભ ચોઘડિયે પ્રભુજીને ગાદીનશીન કર્યા. સંઘના એકેએક ભાવિકનો ઉલ્લાસ અપાર હતો. જીવણ અબજીવાળાએ પ્રભુજીના આદેશ સહિત આંબેલ ખાતામાં તથા સાધર્મિક ભક્તિ વગેરેમાં લગભગ ૧॥ લાખ રૂપિયાનો સદ્વ્યય કર્યો. શા. શાંતિલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છગનલાલ જેરાજે ૬૦ હજાર રૂ. નો અને શેઠ રતિલાલ વર્ધમાને રૂ. ૩૫ હજાર જેટલો સદ્વ્યય કર્યો.

સંઘના જિનાલયની પ્રતિષ્ઠાની સાથે સાથે શા. ફૂલચંદ લાલચંદ વગેરેએ ઘોળીપોળમાં બંધાવેલા નૂતન જિનાલયની પ્રતિષ્ઠા પણ પૂજ્યશ્રીએ કરાવી. એક જ મુહૂર્તે બંને સ્થળે પ્રતિષ્ઠા થઈ.

પ્રતિષ્ઠા બાદ થોડા દિવસ રહીને પૂજ્યશ્રી જોરાવનગર પધાર્યા. અઠવાડિયું રહ્યા. અહીં રહેતા શ્રીપુરુષોત્તમદાસ એલ. બાવીશી તેઓશ્રીના પરિચયથી ધર્માનુરાગી બન્યા. અહીંથી શુભ દિવસે વઢવાણ કેંપમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. સં. ૨૦૦૪નું આ ચોમાસું ત્યાં બિરાજ્યા. ચોમાસામાં માસક્ષમણાદિ તપની આરાધના તથા દેવદ્રવ્ય વગેરેની આવક ઘણી સરસ થઈ. પર્યુષણા પછી સંઘે મહોત્સવ કર્યો.

અહીંના—દેરાસર, શ્રાવક-શ્રાવિકાના ઉપાશ્રયો, સંઘની પેઢી, આંબેલશાળા, ધર્મશાળા, જ્ઞાનમંદિર વગેરે તમામ ધર્મસ્થાનકો એક જ કંપાઉંડમાં હતાં. દેરાસર સવાસો વર્ષ પુરાણું હતું. તે વખતની અલ્પ વસતિ પ્રમાણે દેરાસર નાનું બંધાયેલું. હવે વધેલી અને વધતી વસતિને માટે એ નાનું જણાતાં સંઘે દેરાસરની ફરતી ૨૪ દેરીઓ તથા મૂળ દેરાસરની સામે મોટો રંગમંડપ તૈયાર કરાવ્યા. પણ-શિલ્પીની બેકાળજીને લીધે એમાં કેટલીક ક્ષતિઓ રહી ગયેલી. તે તરફ પૂજ્યશ્રીનું ધ્યાન દોરાયું. તેઓશ્રીની સૂચના થતાં સંઘે બીજા કુશળ શિલ્પી પાસે એ ક્ષતિઓ દૂર કરાવી.

ચોમાસું પૂરું થતાં ચાતુર્માસ પરિવર્તનનો લાભ શેઠ રાયચંદભાઈ અમુલખે લીધો. રાયચંદભાઈને પૂજ્યશ્રી પ્રત્યે અવિહડ શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાસભર આગ્રહથી જ પૂજ્યશ્રી તેમને ત્યાં પધાર્યા હતાં. પૂજ્યશ્રી તેમને ત્યાં પધાર્યા, ત્યારથી તેમના ઘરની અગાશીમાં કેસરના છાંટણાં પડવા લાગ્યાં. એની સુગંધ સર્વત્ર ફેલાતી. કેસરના ડાઘા પણ અગાશી પર પડેલાં દેખાતાં. આટલું જ નહિ, પણ રાયચંદભાઈની પૂજ્યશ્રી ઉપરની શ્રદ્ધાનો પ્રભાવ એવો અપૂર્વ હતો કે-તેઓ ઘણીવાર ઘરમાં-ગામમાં કે બહારગામ ક્યાંક બેઠાં હોય, ત્યારે અચાનક જ (ગમે ત્યારે) તેમની આસપાસ દિવ્ય સુગંધ ફેલાઈ જાય. આ સુગંધ એમની પાસે બેઠેલાંને આવે. સૌ એમને પૂછે કે-આ શું હશે ? ત્યારે તેઓ એને 'ગુરૂકૃપા' ગણાવતાં. આ પ્રભાવ રાજકોટના વકીલ શા. ચીમનલાલભાઈએ સાક્ષાત્ અનુભવેલો.

રાયચંદભાઈને ત્યાંથી પૂજ્યશ્રી શેઠ રતિલાલ વર્ધમાનના બંગલે પધાર્યા. તેમણે પૂજ્યશ્રીની પ્રેરણાથી પોતાના બંગલાના કંપાઉંડમાં ઘરદેરાસર બંધાવવું શરૂ કર્યું.

બોટાદના શ્રીસંઘનો બોટાદ પધારવા માટે ગત વર્ષથી આગ્રહ ચાલુ હતો. આ વખતે પૂજ્યશ્રીના ઉપદેશ અને માર્ગદર્શનપૂર્વક નિર્માઇ રહેલો ત્રિભૂમિક પ્રાસાદ તૈયાર થવા આવેલો. તેની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના સાંનિધ્યમાં કરવાનો શ્રીસંઘે નિર્ણય લીધો, અને તે વિનંતિ કરવા આવ્યો.

બોટાદ-પરામાં દેસાઈ લખમીચંદ ભવાનના કુટુંબ તરફથી પૂજ્યશ્રીના ઉપદેશાનુસાર શ્રીમહાવીરસ્વામીનું શિખરબંધી જિનમંદિર તૈયાર થયું હોવાથી તેની પ્રતિષ્ઠા પણ કરવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી. એટલે શ્રીસંઘની વિનંતિ સ્વીકારીને પૂજ્યશ્રીએ કા. વ. સાતમે શેઠ રતિભાઈના બંગલેથી બોટાદ તરફ વિહાર કર્યો. લીંબડી–રાણપુરના રસ્તે પંદર દિવસે તેઓશ્રી બોટાદ પહોંચ્યા. બન્ને દેરાસરોના અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવના શુભમુહૂર્તો મહા મહિનામાં આવતા હતાં. એટલે ત્યાં સુધી ત્યાં જ બિરાજ્યા.

પોષ વદમાં બન્ને સ્થાને મહોત્સવનો શુભારંભ થયો. પૂજ્યશ્રીનું પ્રભાવપૂર્ણ સાંનિધ્ય સંઘમાં ઉત્સાહ અને ઉમંગની અપૂર્વ ભરતી લાવી રહ્યું હતું. એ ભરતીમાં જ મહોત્સવના વિશિષ્ટ કાર્યક્રમો નિર્વિઘ્નપણે થવા લાગ્યા. બૃહન્નંદ્યાવર્તાદિ પૂજનો અને પાંચ કલ્યાણકની મહાન્ ક્રિયાઓ પૂજ્યશ્રી અને તેઓશ્રીના સૂરિશિષ્યો કરાવવા લાગ્યા. અંજન માટે ઠેરઠેરથી સેંકડો જિનબિંબો આવ્યા હતાં. એ બધાં ય બિંબોની અંજનશલાકા મહા શુદિ ૬ ના શુભદિને સવારે શુભલગ્ને પૂજ્યશ્રી આદિ સૂરિભગવંતોએ કરી. પરાના દેરાસરના મૂળનાયક શ્રીમહાવીર સ્વામી, તથા ગામના ત્રિભૂમિક પ્રાસાદમાં–મૂળનાયક શ્રીમુનિસુવ્રતસ્વામી અને ભોંયરાના મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુની ભવ્ય મૂર્તિઓની અંજનશલાકા પૂજ્યશ્રીએ સ્વહસ્તે કરી. નેમિનાથ પ્રભુની મૂર્તિ પૂજ્યશ્રી પ્રત્યે પરમ અનુરાગ ધરાવતાં શ્રાવકવર્ય સલોત ફુલચંદભાઈ છગનલાલે ભરાવી હતી. તેઓની ભક્તિપૂર્ણ વિનંતિથી અસ્વસ્થ શરીરે પણ બે જણાના ટેકાપૂર્વક પૂજ્યશ્રી ભોંયરામાં ઊતર્યા, અને એ પ્રભુની અંજનશલાકા કરી. બસ, પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે આ અંતિમ અંજનવિધાન થયું.

ત્યાર પછી તે જ દિવસે શુભ ચોઘડિયે ત્રિભૂમિક પ્રાસાદમાં ત્રણે મજલે તથા પરાના દેરાસરે એક સાથે પ્રભુજીને ગાદીનશીન કરવામાં આવ્યા.

પ્રતિષ્ઠા પછી અષ્ટોત્તરીસ્નાત્ર તથા અર્હન્મહાપૂજન ભણાવાયા. આમ અનેરા ઉલ્લાસ સાથે આ મહોત્સવ પૂર્ણ થયા બાદ મહા વદિ એકમે પૂજ્યશ્રીએ વિહાર કર્યો. વળા–પાલિતાણા થઈને રોહિશાળા પધાર્યા. ફાગણ માસની અઠ્ઠાઈ ત્યાં જ આરાધી. પૂજ્યશ્રીની સ્થિરતામાં અને વિહારમાં કાયમ ગામ–પરગામના સેંકડો માણસો અચૂક દર્શન માટે આવતાં જ રહેતાં. કેટલાંક ગૃહસ્થો તો પૂજ્યશ્રીની ભક્તિનો લાભ મેળવવાના હેતુથી અમદાવાદથી નીકળ્યા ત્યારથી હજુ સુધી (અને પછી મહુવા પહોંચ્યા ત્યાં સુધી) સાથે જ રહ્યાં હતા. અહીં રોહિશાળામાં પણ સેંકડો ભાવિકો આવતાં હતાં. એ બધાંના આઠે દિવસના સાધર્મિક વાત્સલ્યનો લાભ શા. જયંતિલાલ જેશીંગભાઈ (હીરાચંદ રતનચંદવાળા) એ લીધો.

વઢવાણ કૅમ્પથી બોટાદ, અને ત્યાંથી પાલિતાણા સુધીના રસ્તામાં એકેએક મુકામે કાયમ નવકારશી (સંઘજમણ) થતી. સાથે રહેલા ગૃહસ્થો ઉપરાંત દરરોજ સો–બસો કે તેથી વધુ ભાવિકો બહારગામથી દર્શન માટે આવતાં. એ ઉપરાંત જ્યાં જવાનું હોય, તે ગામનો સંઘ. આટલાં સાધર્મિકોની નવકારશી કાયમ જુદી જુદી વ્યક્તિઓ કે સંઘો તરફથી થતી. જે ગામ જે રાજ્યનું હોય, તે રાજ્ય તરફથી તે ગામમાં અગાઉથી સમાચાર પહોંચી જતાં કે–'ગુરુ મહારાજ પધારે છે. તમામ બંદોબસ્ત સાચવવાનો છે.' રાજ્યના આવા હુકમથી તે તે ગામના મુખી–અધિકારીઓ તમામ બંદોબસ્ત કરી આપવા સાથે પૂજ્યશ્રીની પાસે હાજર રહેતાં. મુખ્ય મુખ્ય સ્થળે તો તે રાજ્યના રાજા–દિવાન કે અન્ય અમલદારો સ્વયં દર્શન માટે આવતાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વિહારમાં કેટલીક વાર અવનવાં અનુભવો પણ થતાં. એકવાર એવું બન્યું કે—લાખિયાણીથી જાળિયા જવાનું હતું. અંદાજે દોઢસો'ક માણસનું ત્યાં સંઘજમણ કરવાનું હતું. આગલે દિવસે તેની તથા ત્યાં પૂજ્યશ્રી આદિ માટે ઉતારાની તમામ વ્યવસ્થા થઈ ગઈ. તે દિવસે રાત્રે પૂજ્યશ્રીએ શ્રીનંદનસૂરિજી મ. ને તથા કુલચંદભાઈ ને બોલાવ્યાં. પૂછયું : કુલચંદ! કાલે જાળિયા જવાનું છે ને ?' તેમણે હા કહી, તો પૂજ્યશ્રી કહે : "તમારે જવું હોય તો જજો. હું તો નથી આવવાનો. મારે જાળિયા નથી આવવું."

આ સાંભળીને કુલચંદભાઈ સ્તબ્ધ થઈ ગયા. પૂજ્યશ્રીએ ના પાડી, પણ ત્યાં તો બધી ગોઠવણ થઈ ગયેલી. વળી રાતનો સમય, એટલે એમાં ફેરફાર કરવો પણ આ જંગલમાં કયાંથી પાલવે ?

તેઓ તો પૂ. ઉદયસૂરિ મ., નંદનસૂરિ મ. આદિની સલાહ લઈને બીજા બે જણા સાથે ફાનસ લઈ તે જ વખતે ચાલતાં ચાલતાં નસિયતપર (જાળિયા પછીના મુકામે) ગયાં. વળા સ્ટેટનાં આ ગામો હતાં, એટલે બીજી કોઈ બીક નહોતી. રાત્રે ત્યાં જઈ ત્યાંના મુખીની ડેલી ઉઘડાવી. મુખીને વાત કરી કે-આવતી કાલે મહારાજજી અહીં પધારવાના છે, અને વળાથી ઠાકોર સાહેબ પણ પધારવાના છે. માટે તમામ બંદોબસ્ત અત્યારે જ કરી આપો.

મુખીએ તત્કાલ ઉતારાનો તથા બીજો જોઈતો બંદોબસ્ત કરી આપ્યો. બધું બરાબર ગોઠવાઈ જતાં તેઓ સવાર પડતાં પહેલાં પુનઃ લાખિયાણી આવી ગયાં અને ત્યાંથી પૂજ્યશ્રીને નસિયતપુર તરફ વિહાર કરાવીને તેઓ જાળિયા ગયાં. અને ત્યાંથી બધો સર-સામાન લઈને નસિયતપુર પહોંચી ગયાં. વળા પણ ખબર પહોંચાડ્યા. ત્યાંથી ઠાકોર સાહેબ વગેરે દર્શનાર્થે આવ્યાં. પણ હજી કોઈના મનની શંકા દૂર નહોતી થતી કે પૂજ્યશ્રીએ જાળિયા જવાની એકાએક ના કેમ પાડી ?

બપોરે ગોચરી-પાણી તથા જમણ, બધું પત્યાં પછી પૂજ્યશ્રીએ કહ્યું : "કેમ, તારે તો જાળિયા જવું'તું ને ? પણ ખબર છે ? ત્યાં જાત તો આ બધાંને લૂ લાગી જાત. તો મારાં સાધુઓની શી દશા થાત ?

આ વાત સાંભળતાં જ સૌની શંકા દૂર થઈ. વાત એમ હતી કે-જાળિયાનું પાણી ભાલપંથકમાં બહુ ખરાબ ગણાતું. ત્યાંનું પાણી જે પીએ, તેને લૂ લાગી જાય, અને ઝાડા પણ થઈ જાય, એટલું ખરાબ પાણી હતું. ત્યાં રહેનારા સિવાય બીજા કોઈનું કામ નહિ. એ કારણે જ પૂજ્યશ્રીએ આ ફેરફાર કરાવેલો.

આ પ્રસંગથી પૂજ્યશ્રીના અગાધ અનુભવ જ્ઞાનનો ઘણાંને સાક્ષાત્કાર થયો. આવાં તો અનેક પ્રસંગો બનતાં.

રોહિશાળાથી ફાગણવદમાં કદંબગિરિજી પધાર્યા. ત્યાં તબિયતની અનુકૂળતા માટે વાવડી પ્લોટની ધર્મશાળામાં બિરાજ્યા. ચૈત્રીપૂનમ ત્યાં જ કરી. પછી નીચે-બોદાનાનેસમાં શ્રીમહાવીરપ્રભુના દેરાસરની સામેના પેઢીના ઓરડાની ઉપરના ભાગના ઓરડામાં ઊતર્યાં.

—o—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૫૮]

**મહાપ્રયાણ :**

ચૈત્ર માસના કૃષ્ણ પક્ષની એક સંધ્યા ઢળી રહી હતી. શતરાણીની અંધાર–પછેડી આખા જગત્‌ને વીંટળાવાની તૈયારી કરી રહી હતી.

ઉદર પોષણ માટે આખો દિવસ ભમીને શ્રાંત બનેલાં પંખીઓ કિલ્લોલ કરતાં ઘર તરફ આવી રહ્યાં હતાં. દુનિયાના છેડા જેવા ઘરની ઉષ્માભરી ઓથ અને પ્રાણાધિક પ્રિય બચ્ચાંઓનો મીઠો કલરવ એમનો દૈનિક થાક નિવારતાં હતાં.

મખમલશી હરિયાળી ધરતીને દિનભર ખૂંદી, મનગમતાં તૃણભોજન વડે સાત્ત્વિક પોષણ મેળવીને હવે પોતાનાં વહાલસોયાં વછેરાંને ભેટવાને આતુર–ગાયોનાં ધણ ગામ ભણી પાછાં આવી રહ્યાં હતાં. એના આગમનથી ઊડેલી ધૂળ વડે આખું આકાશ છવાઈ ગયું હતું. જાણે આકાશમાં પણ ધૂલિમાર્ગ તૈયાર થતો હોય તેમ દીસતું હતું. દિવસભરના દૂધવિહોણાં વછેરાંનો આશાભર્યો પોકાર સાંભળીને ગાયો ત્વરિત ગતિએ ઘરે પહોંચવા તત્પર બની હતી. એને માટે હવે એક એક ડગલું એક ગાઉ જેવું બન્યું હતું. એક એક ક્ષણ એક દિવસ જેટલી વીતતી હતી. પુત્રવત્સલ માતાને મન પુત્રનો ક્ષણિક વિયોગ પણ આખા યુગના વિયોગથી અધિક વસમો નથી હોતો ?

શ્રી કદંબવિહાર પ્રાસાદના ઉત્તુંગ શિખરની ભવ્ય ધ્વજા મંદ–શીતલ વાયુની સાથે આમથી તેમ દોડવાની રમત રમી રહી હતી. પીતવર્ણા દંડની પાટલી ઉપર એક મત્ત અને મસ્ત મયૂરરાજ ગમે તેવાં પ્રચંડ પવનની સામે પણ જાણે અડગતા દાખવવાનો મક્કમ નિર્ધાર કરીને બેઠો હતો. દંડ ઉપર રહેલી–આંબે લચેલી કેરી સમી–કિંકિણીઓ મધુર રણઝણાટ કરી રહી હતી.

સાયં–પ્રતિક્રમણની તૈયારી કરી રહેલાં આપણા પૂજ્યશ્રીના હૈયામાં એ ફરકતી ધ્વજા નિહાળીને–એ કિંકિણી–નિનાદ સાંભળીને અપાર આલ્હાદ આવિર્ભાવ લઈ રહ્યો હતો. જીવન-ભરની જહેમતે કરેલી આ તીર્થની ઉદ્ધારરૂપ સેવાથી એમના ચિત્તમાં વ્યાપેલા અપૂર્વ આત્મસંતોષનો પડઘો એ કિંકિણીઓના રણકારમાં એમને સંભળાતો જણાયો.

એ અપૂર્વ અને અપાર આલ્હાદે પૂજ્યશ્રીને આગામી ચાતુર્માસ અહીં જ કરવાની જાણે પ્રેરણા આપી. વાર્ધક્ય, નાજુક તબિયત, અને તે છતાં લાભાલાભને કારણે અનિચ્છાએ ડોળીનો વિહાર, એ બધાંય કારણો વિચારતાં પૂજ્યશ્રીને થયું કે : 'આવાં આલ્હાદજનક તીર્થસ્થાનમાં આ ચોમાસું શાન્તિથી કરવું'. આ સુંદર ભાવ તેઓશ્રીએ શિષ્ય સમૂહને જણાવ્યો.

રગરગમાં ગુરુઆજ્ઞાને ને ગુરુસેવાને ધારનારાં શિષ્યોએ એને પૂરી હોંશથી વધાવી લીધો. ગૃહસ્થગણને આ વાતની જાણ થઈ. તો–જેસર, ચોક અમદાવાદ, પાલિતાણા વ. ગામોના ભાવનાશીલ શ્રાવકોએ પણ એ ચાતુર્માસ કદંબગિરિમાં પૂજ્યશ્રીના પુનિત સાંનિધ્યમાં કરવા નિર્ણય કર્યો. સ્થાવર અને જંગમ તીર્થનું એકી સાથે સાન્નિધ્ય ક્યારે મળે ભલાં ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ રે ક્ષેત્રસ્પર્શના ! અપાર છે તારું બળ, તેં અહીં પણ તારું બળ દાખવ્યું.

કદંબગિરિમાં ચોમાસાની વાત જાણતાં જ પૂજ્યશ્રીની જન્મભૂમિ 'મહુવા'નો શ્રીસંઘ અને નગરશેઠ શ્રી હરિભાઈ મોનદાસ વગેરે આવ્યા. તેમણે ઘણાં આગ્રહપૂર્વક ચોમાસાની વિનંતિ કરી.

નગરશેઠ હરિભાઈ પૂજ્યશ્રીના સંસારીપણાનાં શાળા–મિત્ર હતાં. તેમણે ઘણો આગ્રહ કર્યો. તેમણે કહ્યું કે : "સાહેબ ! મહુવામાં બે ભવ્ય નૂતન જિનાલયો તૈયાર થવા આવ્યાં છે. એ આપશ્રીના ઉપદેશનું તથા અસીમ કૃપાનું જ પરિણામ છે. બંને દેરાસરોની પ્રતિષ્ઠા આપના હસ્તે જ થવી જોઈએ. માટે આપ મહુવા પધારો જ."

નગરશેઠના અને સંઘના આવા દૃઢ આગ્રહ સામે આખરે પૂજ્યશ્રીને નમતું જોખવું પડયું. પણ તેઓશ્રીએ કહ્યું : "ભાઈ ! મહુવાની પ્રતિષ્ઠા મારા હાથે નથી થવાની. છતાં તમે મને આગ્રહ કરીને લઈ જાઓ છો, અને હું આવીશ."

પૂજ્યશ્રીનાં આ વચનો સાંભળીને સૌ વિચારમાં પડી ગયાં. આ વચનો સૌને કોઈ અકળ ભાવિના સૂચક લાગ્યા. પણ એ અકળ ભાવી–જે પૂજ્યશ્રીની જ્ઞાનદૃષ્ટિમાં હતું, તેને કોઈ કળી ન શકયું. એમાં જ એ ભાવિના ભાખણહારની મહત્તા હતીને !

અને–ચૈત્ર વદિ ૧૧શે પૂજ્યશ્રીએ કદંબગિરિથી પ્રયાણ કર્યું. પોતાના પ્રાણ–પ્યારા તીર્થની છેલ્લી વિદાય લેતાં હોય, તેમ ક્યાંય સુધી તીર્થના દર્શન તેઓશ્રી કરી રહ્યા.

ચોક, દેપલા, જેસરના રસ્તે વિહાર આગળ વધ્યો. સાથે અનેક ભાવિકો હતાં. ડોળી ઉપાડવાથી લઈને સર્વપ્રકારની ભકિત તેઓ કરતાં. પૂજ્યશ્રીનો શિષ્યગણ પણ ઉપયોગ અને વિનયપૂર્વક વૈયાવચ્ચનો લાભ ખડે પગે રાતદિવસ લેતો હતો.

કદંબગિરિથી નીકળ્યાના બરાબર પંદરમે દિવસે મહુવા–ગામ બહારની ધર્મશાળામાં પધારી ગયાં. વૈશાખ શુદિ ૧૧શે ગામમાં ચાતુર્માસ પ્રવેશ કર્યો. મહુવાનો સંઘ તો શું, પણ મહુવાનો પ્રત્યેક માનવી એ સ્વાગતમાં જોડાયો. શું મુસલમાન કે શું વોરા, શું કપોળ કે શું વૈષ્ણવો, બધાં ય આ પ્રવેશયાત્રામાં આવ્યા. મહુવાના આ પનોતાં રત્ન 'દાદા'ના દર્શન કરીને સૌ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા.

સમસ્ત મહુવાએ કરેલા આ અજોડ સ્વાગતપુરઃસર પૂજ્યશ્રીનો નગર પ્રવેશ થયો. 'વિજયનેમિસૂરિ જ્ઞાનશાળા'ના નીચલા એક રૂમમાં ( જ્યાં અત્યારે ચરણપાદુકા છે ) પૂજ્યશ્રી બિરાજ્યાં.

ઉનાળાના દિવસો હતાં. આમ તો વૈશાખ–જેઠની ગરમી અસહ્ય હોય, પણ મહુવાના સમશીતોષ્ણ હવામાનને લીધે એ સહ્ય બની હતી. પૂજ્યશ્રીની અશક્ત અવસ્થા માટે આ વાતાવરણ કાંઈક અનુકૂળ જણાયું.

ઉનાળાની સમાપ્તિ સાથે ચોમાસાનો પ્રારંભ થયો. આષાઢી મેઘના ગંભીર ગર્જનથી આકાશ ગાજી ઉઠયું. વર્ષાના નીરે ધરતીને આર્દ્ર બનાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે–પૂજ્યશ્રીના પટ્ટશિષ્યો–શ્રી ઉદયસૂરિ મ., શ્રી નંદનસૂરિ મ., અને શ્રી અમૃતસૂરિમ.[૧]ની ધર્મદેશનાનો ગંભીર–કર્ણપ્રિય નિર્ઘોષ પણ માનવ–સમુદ્ર–શા ઉપાશ્રયને ગજવવા લાગ્યો. ભાવિકોની હૃદય–ભૂમિ એ વચનામૃતની વર્ષાથી કૂણી બની. ભાવિકોના હૈયામાં અને ધરતીમાં અંકુરા ફુટવા લાગ્યાં,–ધર્મના અને ધાન્યના.

સાધુઓ જ્ઞાન–ધ્યાનમાં લીન બન્યાં. ભાવિકો તપ–ત્યાગમાં ઓતપ્રોત થયાં. આરાધનાની અનરાધાર હેલી વરસી રહી.

પર્યુષણા આવ્યાં. જાણે બાળકને મન દેશાવર ગયેલાં દાદા આવ્યાં.

સંસારના સઘળાં સાવદ્ય યોગોને છાંડીને આરાધકોએ પર્વારાધન આદર્યું. તપ–જપ–પ્રતિક્રમણ–પૌષધ અને પૂજામાં આખો ય સંઘ જોડાઈ ગયો. એક નાનું બાળક પણ આ આરાધનથી વંચિત ન રહ્યું. એક તો મહાપર્વ, તેમાં વળી પૂજ્યશ્રીની પવિત્ર નિશ્રામાં એની આરાધના, આવો બેવડો લાભ લેવાનું કોણ ચૂકે ?

એક પછી એક દિવસો વીતતાં ચાલ્યાં. ચોથો–કલ્પધરનો દિવસ (શ્રા. વ. ૦))) આવ્યો. આજે એક નવીનતા જોવા મળી. મધ્યાહ્નકાળ પૂરો થયેલો. સૂર્યનારાયણ પશ્ચિમ તરફ ઢળવાની તૈયારી કરતાં હતાં. તેવખતે એકાએક એમની આસપાસ એક પરિવેશ (માંડલું–કુંડાળું) રચાઈ ગયો. ભૂખરા રંગનો એ પરિવેશ હતો. થોડી જ વારમાં ઢળતાં ઢળતાં સૂર્યનારાયણ પૂજ્યશ્રીના રૂમમાં જ્યાં તેઓશ્રી પાટ પર બેઠાં હતાં, ત્યાંથી સાફ દેખાય તે રીતે–સામે આવ્યાં. અને સમયની સાથે તેઓ આગળ પણ વધી ગયાં.

જ્યોતિષશાસ્ત્ર કહે છે–"આવો સૂર્યપરિવેશ કાં તો દેશમાં દુકાળ સર્જે, અને કાં તો દુનિયાને કોઈ મહાન્ પુરુષનો વિયોગ કરાવે." આકાશે કુંડું ને મલકનું ભૂંડું.'

ઘણાંએ આ મંડલ નિહાળ્યું, અને જોયું ન જોયું કરીને સૌ પર્વારાધનમાં પરોવાઈ ગયાં.

બીજાં ત્રણ દહાડા વીત્યાં. છેલ્લો કલશ સ્વરૂપ દિવસ આવ્યો–સંવત્સરીનો. આખો દિવસ ચૈત્યપરિપાટી, કલ્પશ્રવણ વગેરે આરાધનામાં વ્યતીત થયો. સાંજે પ્રતિક્રમણની વેળા થઈ. આખો સંઘ પ્રતિક્રમણ કરવા બેસે, એટલી જગ્યા જ્ઞાનશાળામાં કે ઉપાશ્રયમાં ન હતી. તેથી ગામ બહાર આવેલા વંડાની ઉપરની વિશાળ ઓસરીમાં સકલ સંઘ સંવત્સરી પ્રતિક્રમણ કરતો. એ વંડામાં નીચે મધ્યમાં એક મોટું વડનું ઝાડ હતું. અનેક શાખા–પ્રશાખાઓને કારણે બારસા ઘેરાવાવાળું એ ઝાડ હતું. નિયત સમય પૂર્વે સેંકડો ભાઈઓ અહીં આવી ગયેલાં, અને આ ઝાડ તળે એકત્ર થઈને બેઠેલાં.

પૂ. આચાર્ય ભગવંત શ્રી ઉદયસૂરિ મ. આદિ મુનિભગવંતો પધારી જતાં, અને પ્રતિક્રમણનો સમય થતાં સૌ ઉપર જઈને ઓસરીમાં યથાસ્થાને ગોઠવાઈ ગયાં. એક પણ વ્યક્તિ હવે બાકી નથી, એમ ખાત્રી થતાં સામાયિકની ક્રિયા પ્રારંભાઈ. એ જ વખતે એક ભયાનક કડાકો થયો. એથી ચમકી ઉઠેલા ગૃહસ્થોએ બહાર જઈને જોયું તો–પેલાં ઝાડની સૌથી

૧. શ્રી લાવણ્યસૂરિજી મ. અત્યાર સુધી સાથે જ હતાં. પણ જામનગરના સંઘની અતિ આગ્રહભરી વિનંતિ થતાં પોતાની અનિચ્છા છતાં પૂજ્યશ્રીની આજ્ઞાથી તેઓ જામનગર ચોમાસા માટે ગયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોટી અને જાડી શાખા આકસ્મિક રીતે તૂટી પડી હતી. આ ભયાનક કડાકો પણ એનો જ સંભળાયો હતો. બધાં લોકોને ત્યાંથી ઉઠવામાં થોડો વિલંબ થયો હોત, તો કદાચ ૨૦ થી ૨૫ માણસોની જાનહાનિ એ શાખા વડે જરૂર થઈ હોત. પણ રે ! શાસન દેવની કૃપાનું અને પર્વના આરાધનનું માહાત્મ્ય અનેરું જ છે. આ પછી સૌ શાસનદેવની કૃપાનું ફળ સમજીને દત્તચિત્તે પ્રતિક્રમણમાં લીન બની ગયા, પણ—

આ વખતે કોઈની કલ્પનામાંય નહોતું કે–જિનશાસનરૂપ કલ્પવૃક્ષની એક મહાન્ શાખા આ વખતે જગત્‌માંથી અદૃશ્ય થવાની છે. અને એની જ આ એક નિશાની છે.

પર્યુષણ પૂરાં થયાં. હવે શ્રીસંઘ નૂતન જિનાલયોની પ્રતિષ્ઠા અંગેની વ્યવસ્થા વિચારવા લાગ્યો. પૂજ્યશ્રીની સૂચના અને પ્રેરણા અનુસાર ચોમાસા પછી તરત પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય થયો. આ અરસામાં જ (પ્રાયઃ ભા. સુ. ૧૧ શે) અમદાવાદથી શેઠ ભગુભાઈ સુતરિયા, ભોગીલાલ ચુનીલાલ દીપચંદ, શકરચંદ મણિલાલ વગેરે ૩૨ જેટલાં અગ્રણી શ્રેષ્ઠિવર્યો પૂજ્યશ્રીને વંદન કરવા માટે આવ્યાં. તે વખતે પૂજ્યશ્રીએ પ્રેરણા આપતાં તેઓએ પ્રતિષ્ઠાની ટીપમાં રૂ. ૧૮ હજાર નોંધાવ્યાં.

આ બધાંની સાથે મગનલાલ હરજીવનદાસ ભાવનગરી ફોટોગ્રાફરના દીકરા શ્રી બાબુભાઈ પણ આવેલા. તેમણે પૂજ્યશ્રીને વિનંતિ કરી કે : સાહેબ ! આપનો એક ફોટોગ્રાફ મારે લેવો છે. પૂજ્યશ્રી સંથારામાં સૂતાં હતાં. તેઓશ્રીએ ના ફરમાવી. પણ શેઠ ભગુભાઈ વગેરેનો વિશેષ આગ્રહ થતાં શ્રીનંદનસૂરિજી મ. એ વિનંતિ કરીને પૂજ્યશ્રીને ધીમે ધીમે બેઠાં કર્યાં, તેઓશ્રી કપડાં પહેરીને સ્વસ્થ રીતે બેઠાં બાદ બાબુભાઈએ ફોટો પાડી લીધો. ત્યારે કોને કલ્પના હતી કે–પૂજ્યશ્રીનો આ અંતિમ ફોટોગ્રાફ બની રહેશે ?

સમયને વીતતાં કોઈ વાર લાગે છે ? જોતજોતામાં ભાદરવા વદિ૦)) આવી. આજે પણ એક આશ્ચર્યકારી વસ્તુ બની. રાત્રિના નવ વાગે એકાએક આકાશમાંથી એક મોટો તારો ખર્યો. આંખને આંજી નાખે એવા તેજવાળો એ તારો પશ્ચિમમાંથી પૂર્વ તરફ જતો જણાયો. એ વખતે આકાશમાં પથરાયેલું અજવાળું સર્ચલાઈટ કે કિટ્સનલાઈટના પ્રકાશથી યે ઝાઝું હતું.

તારો ખર્યો, એની સાથે જ આકાશમાં એક ભયજનક અવાજ પણ થયો. એક તોપના ભડાકા જેવો એ અવાજ હતો. શાસ્ત્રમાં આવા અવાજને નિર્ઘાત કહે છે [1]

આ આશ્ચર્યકર ઉલ્કાપાત અને નિર્ઘાત જાણે સૂચવી ગયાં કે– આ દુનિયાને કોઈ એક મહાન્ આત્માનો ચિરવિયોગ નિકટના ભવિષ્યમાં સાંપડવાનો છે.

ભાદરવા વદિ અમાસની કાજળઘેરી રાત્રિએ એક બીજું પણ વૈચિત્ર્ય બન્યું. એક પાન–સોપારીની હાટડીના માલિકને એક સ્વપ્ન લાધ્યું. બીજે દિવસે સવારે જાહેર માર્ગ પરની

૧. જ્યોર્જ ધી ફીફ્થ (પંચમ જ્યોર્જ) આ દુનિયાનો ત્યાગ કર્યો, તેના થોડા દિવસ પૂર્વે આવો જ ઉલ્કાપાત અને નિર્ઘાત થયેલો. એડવર્ડ ધી સેવન્થ (સાતમો એડવર્ડ) ના મૃત્યુ પૂર્વે પશ્ચિમ દિશામાં મોટો પૂંછડિયો તારો ઉગેલો, અને મહાત્મા ગાંધીજીના સ્વર્ગવાસ પૂર્વે પણ આવો જ એક મોટો તારો ખરી પડવાનું ચિહ્ન થયેલું. આ ચિહ્નો થયા પછી થોડા જ સમયમાં તે તે મહાન્ વ્યક્તિઓના અવસાન થયેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની દુકાન ખોલીને બેઠેલા એ ભાઈએ પૂજ્યશ્રીના સંસારી ભત્રીજા શા. ચંપકલાલ બાલચંદને જોયાં. તેણે તરત જ બૂમ પાડી: કેમ ચંપકભાઈ! અત્યારે આમ ક્યાંથી? ચંપકભાઈએ કહ્યું : દાદાને વંદન કરવા ગયો' તો. ત્યાંથી આવું છું.

આ સાંભળીને દુકાનદારે ચંપકભાઈને બેસાડીને કહેવા માંડ્યું: ચંપકભાઈ! મને તો લાગે છે કે–દાદા આ વખતે આંહી જ રહી જવાના છે. આજ રાત્રે મને સ્વપ્ન આવ્યું છે કે: "દાદાએ આ દુનિયામાંથી ચિરવિદાય લીધી છે. તેમની સ્મશાનયાત્રા મારી દુકાન પાસેથી નીકળી છે. એમાં અઢારે વરણના હજારો લોકો જોડાયાં છે. ગુલાલના તો ઢગલે ઢગલાં ઉછળી રહ્યાં છે. આગળ બેન્ડવાજું વાગી રહ્યું છે. આ યાત્રા મારી દુકાન પાસેથી પસાર થઈ ત્યારે મેં સૌને ચ્હા પીવડાવી."

આ સાંભળી ચંપકભાઈ સ્તબ્ધ થઈ ગયાં. તેમણે તથા પેલા દુકાનદારે આ વાત અહીં જ ભંડારી દીધી. જો કે – આ વાત કોઈને કરતાંય ચંપકભાઈની જીભ ઉપડતી જ નહોતી. [1]

આ પછી થોડા દિવસ વહી ગયાં. આ દરમ્યાન પૂજ્યશ્રીને પગે–ઢીંચણ પાસે ખુજલી થઈ આવેલી. વધુ પડતી ખુજલીને લીધે ક્યારેક ખણ આવતાં લોહી પણ નીકળી આવતું. આના પ્રતીકારરૂપે હોમિયોપેથીક ઉપચાર ચાલુ કર્યાં. એથી થોડી રાહત થવા લાગી.

પણ પૂજ્યશ્રી કોઈ કોઈ વાર બોલતા કે: 'અહીં મને ઠીક રહેતું નથી. અને ચોમાસું ઉતરે તરત જ વિહાર કરવો છે.' સાચે જ, **भाविकार्यानुसारेण, वागुच्छलति जल्पताम् ॥**

આસો મહિનાની શાશ્વતી ઓળી નિર્વિઘ્ન સમાપ્ત થઈ. આસો વદિ ત્રીજના દિવસે અમદાર અમરચંદ પાનાચંદ, વકીલ વીરચંદ ગોવરધનદાસ, અને સંઘવી ભગવાનભાઈ પેથજી વગેરે આવ્યા. રોહિશાળાની બાકીની અર્ધી જમીન (૧૬ વીઘાં) નો દસ્તાવેજ કરવાનો હજી બાકી રહેલો. એ દસ્તાવેજ શેઠ સારાભાઈ જેશીંગભાઈ (હીરાચંદ રતનચંદવાળા) ના નામનો કરવાનો હતો. એનો તમામ ખર્ચ પણ તેઓ જ આપવાના હતાં.

એ પાકો દસ્તાવેજ હવે તૈયાર થઈ ગયો હોવાથી તે લઈને તેઓ આવેલાં. દસ્તાવેજની વાત પૂજ્યશ્રીને કરીને કહ્યું કે: સાહેબ! આ એક કામ બાકી રહેલું, તે આજે પૂર્ણ થયું છે. પછી દસ્તાવેજ પણ પૂજ્યશ્રીને વાંચી સંભળાવ્યો.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને જુનાગઢ સ્ટેટ વચ્ચે વર્ષોથી ગિરનાર તીર્થ સંબંધી તકરાર ચાલતી હતી. તે અંગે સૌરાષ્ટ્રના એકમ વખતે શ્રી શામળદાસ ગાંધીની મધ્યસ્થતાએ પેઢીએ સ્ટેટ સાથેની તકરાર છોડીને સમાધાન કર્યું હતું. એ સમાધાનના લખાણની એક કોપી સુરેન્દ્રનગરથી શેઠ રતિલાલ વર્ધમાને પૂજ્યશ્રી ઉપર રજીસ્ટર પોસ્ટ દ્વારા મોકલાવી. જો કે – નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈના સ્વર્ગવાસ પછી પૂજ્યશ્રી પૂર્વની જેમ પેઢીના

---

૧. આવું જ એક સ્વપ્ન પૂજ્યશ્રી બોટાદ હતાં, ત્યારે તેઓશ્રીના પરમ ભક્ત સલોત ફુલચંદભાઇને પણ આવેલું. તેમાં તેમણે જોયું કે–વિશાળ ચોક છે. એમાં પૂજ્યશ્રી જે ડોળીમાં બેસતાં, તે ડોળી ઉપાડીને ચાર માણસો ઉભાં છે. પણ એ ડોળી ખાલી છે. એમાં પૂજ્યશ્રી નથી બેઠાં. આ સ્વપ્નની વાત તેમણે પૂ. નંદનસૂરિ મ. સિવાય કોઈને કહેલી નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મામલામાં રસ નહોતાં લેતાં. તો પણ આ ગિરનારતીર્થની બાબત આવતાં પૂજ્યશ્રીએ તે સમાધાનનું લખાણ સાંભળવા ઈચ્છા દર્શાવી.

હવે – આ જ વખતે જુનાગઢના નીચેના દેરાસરની પ્રતિષ્ઠાના કાર્ય અંગે પેઢીના મુખ્ય મેનેજર શ્રી નાગરદાસભાઈ પૂજ્યશ્રી પાસે આવીને બેઠેલાં. લખાણ અંગ્રેજીમાં હોવાથી પૂ. નંદનસૂરિજી મ.એ તે વાંચી સંભળાવવા તેમને કહ્યું. તેમણે તે લખાણનો ગુજરાતી અર્થ કહી સંભળાવ્યો.

એ સાંભળતાંની સાથે જ પૂજ્યશ્રીએ કહ્યું: "જેને માટે આપણે સ્ટેટ સાથે આજ સુધી લડતાં આવ્યા છીએ, અને ઘણું સહન કર્યું છે, તેમજ જે સ્થાન શ્રીનેમિનાથપ્રભુના કેવળજ્ઞાન તથા નિર્વાણકલ્યાણકની ભૂમિ છે, તે પવિત્ર પાંચમી ટુંક આપણે હાથેકરીને આ સમાધાનમાં સ્ટેટને સોંપી દીધી છે. એટલું જ નહિ, પણ ત્યાંના મુખ્ય દરવાજા ઉપરનો બંગલો, કે જેમાં આપણે તીર્થરક્ષણ અંગેના સાધનો રાખીએ છીએ, તે તથા ગઢના મુખ્ય દરવાજાથી અંદર જવાનો રસ્તો, આ બધું આપણી – પેઢીની માલિકીનું જ છે. તે દરવાજો–બંગલો તથા રસ્તો પણ આપણે આ સમાધાનમાં સ્ટેટને સોંપી દીધાં છે. એ વાત આ સમાધાન સાંભળતાં સ્પષ્ટ જણાઈ આવે છે. આ કોઈ રીતે વ્યાજબી થયું નથી. ખેર ! જેવી ભવિતવ્યતા."

આ વાત પ્રથમ તો નાગરદાસભાઈના માન્યમાં ન આવી. ત્યારે પૂ. નંદનસૂરિ મ. એ કહ્યું કે: 'નાગરદાસ ! તમે બરાબર ફરી વાર આ વાંચો, પછી નિર્ણય કરો.' નાગરભાઈએ પુનઃ નિરાંતે એ લખાણ વાંચી, વિચારીને આખરે પૂજ્યશ્રીની વાત કબૂલ કરી.

આ પછી વળી બે દિવસ વીત્યાં. આસો વદિ છઠે બપોરે ૧૨–૩૦ વાગે પૂજ્યશ્રી સ્થંડિલશુદ્ધિ માટે પધાર્યાં, ત્યાંથી પાછાં ફરતાં ટેકા માટે પૂ. ઉદયસૂરિ મ. તથા પૂ. નંદનસૂરિ મ. સાથે તો હતાં જ, તો પણ સહસા બેલેન્સ ખસી જતાં હાથ છૂટી જવાથી પૂજ્યશ્રી આડે પડખે પડી ગયાં. તત્કાળ ત્યાંથી ઉપાડીને તેઓશ્રીને પાટ પર સૂવરાવવામાં આવ્યાં. ઈજાની તપાસ કરતાં જણાયું કે – કોઈ હાડકું ઉતરી નથી ગયું, અને ફ્રેક્ચર પણ નથી થયું. પણ મૂઢમાર વધારે પડતો વાગ્યો હતો. ડાબા પગના ગોઠણે તથા પીંડીના ભાગમાં નળી ઉપર વધારે વાગ્યું હતું. ગોઠણ ઉપર સોજો પણ આવી ગયો. પૃચ્છાડ લાગવાથી બંને પડખે દુઃખાવો થઈ આવ્યો. તત્કાલ તલના તેલનું માલિશ, પીળીયાનો લેપ અને શેક વ. ઉપચારો શરૂ કરાયા. સ્થાનિક હાડવૈદ્ય અને ડૉકટરને બોલાવવામાં આવ્યા. હાડવૈદ્યે બરાબર તપાસીને કહ્યું કે : ફ્રેક્ચર કે હાડકું ઉતરી ગયું નથી. સોજો અને મૂઢમાર વધારે જણાય છે. પણ માલિશ વ. ઉપચારોથી આરામ આવી જશે. આમ કહીને તેમણે પાટો બાંધી દીધો.

અધૂરામાં પૂરું આ દિવસોમાં જ પૂજ્યશ્રીને સળેખમ તથા ઉધરસનું ખોખરીયું પણ થઈ આવેલું. એક તો અશક્ત અવસ્થા, એમાં ઉધરસનું જોર, અને એમાંય વળી આ પડી જવાનો બનાવ બનવાથી પીડા તથા દુઃખાવો અસહ્ય હતાં. પણ આશ્ચર્ય, આજ સુધી તો થોડી પણ અસ્વસ્થતા આવતાં નર્વસ બની જતાં પૂજ્યશ્રી આ અસહ્ય પીડાને અપૂર્વ શાન્તિથી સહી રહ્યા હતાં. કોઈને દુઃખાવાની ફરિયાદ નહોતા કરતા. જાણે કશું જ નથી બન્યું, એવાં આનંદ અને શાંતિમાં તેઓશ્રી મગ્ન રહેવા લાગ્યાં. કોઈને ઊંચા સાદે બોલાવતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ નહિ. આ આનંદમગ્નતા અને શાંતિ જોઈને સૌ સાનંદ આશ્ચર્ય પામવા લાગ્યાં.

આસો વદિ સાતમે ભાવનગરથી કુશળ હાડવૈદ્ય આવીને ઝડપી સારવાર પ્રારંભી. એથી થોડીક રાહત રહેવા લાગી. પાટો બબ્બે દિવસે ખોલાતો હતો. ચાર દિવસમાં જ સોજો ઓછો જણાવા લાગ્યો.

પૂજ્યશ્રીની સેવા માટે મહુવાનો શ્રીસંઘ ખડે પગે હાજર રહેતો હતો. અમદાવાદ–જેસર–ભાવનગર વ. ગામોના ભકત શ્રાવકો પણ કાયમ આવજા કરતાં હતાં.

આસો વદિ ૧૦મે પૂજ્યશ્રીને તાવ આવવો શરૂ થયો. માંદગી એક પછી એક વધતી હતી. એની સાથે પૂજ્યશ્રીની આત્મજાગૃતિ અને શાંતિ પણ અવિરત વધ્યે જતી હતી. આખો દિવસ તાવ ૧૦૩ ડિગ્રી રહ્યો. એની સાથે ત્રણેક વાર ઉલટી પણ થઈ.

આ તાવ ચિન્તાનો વિષય બન્યો. ગામના મોટા ડોકટર વારંવાર તપાસવા માટે આવવા લાગ્યા. દવાઓ ચાલુ જ હતી.

અગિયારસે સવારે ૧૦૧ ડીગ્રી તાવ હતો. ત્યાર પછી ધીમે ધીમે નોરમલ થઈ ગયો. બારશે સવારે પુનઃ તાવ ચઢવો શરૂ થયો. થર્મોમીટરનો પારો અને ટેમ્પરેચર જાણે સંતાકુકડી રમતાં હોય તેમ સવારે–૧૦૪ થયો. પાણીના પોતાં મૂકવાં, વ. ઉપચારોથી મોડી સાંજે ઘટીને ૧૦૨॥ થયો. પણ પછી પોણા કલાકમાં ૧૦૫ થઈ ગયો. આથી સૌ ચિન્તિત બની ગયાં. પાણીના પોતાં અને કાંસાના વાડકાથી પગે ઘી ઘસવાનું કામ ચાલુ જ હતું. બરાબર રાતના એક વાગે ટેમ્પરેચર નોરમલ–૯૯ થયું ત્યારે સૌ આશ્વસ્ત થયાં. સૌ સાધુઓ તથા સંઘ ત્યાં સુધી ત્યાં જ બેસી રહ્યાં હતાં.

તાવ નોરમલ થયાં છતાં બેચેની આખી રાત રહી. દિવસે ઉલટી બે–એક વાર થયેલી. ઘેનને કારણે સંથારામાં ઠલ્લા પણ થઈ ગયેલાં. આ બધાં કારણે નબળાઈ પણ સવિશેષ આવી ગઈ.

બીજે દિવસે ધનતેરશ હતી. આખો દિવસ થોડો–થોડો તાવ રહ્યા કર્યો. પણ બારશ કરતાં સારૂં જણાતું હતું. સવારે શ્રીનંદનસૂરિજી મ. વગેરે પૂજ્યશ્રી પાસે બેઠેલાં. તેમણે પૂજ્યશ્રીને કહ્યું : સાહેબ ! પરમ દિવસે દીવાળી છે. અને પહેલે દિવસે આપનો જન્મદિવસ છે.

ત્યારે પૂજ્યશ્રી કોઇ અગમ વાણી ભાખતાં હોય, તેમ બોલ્યાં : "આપણે કયાં દીવાળી જોવાની છે ?"

આ સાંભળીને શ્રીનંદનસૂરિજી મ. આર્દ્ર સ્વરે બોલ્યાં : "સાહેબ ! આપ આમ કેમ બોલો છો ?" અને તેઓ તથા બાજુમાં બેઠેલાં સૌ રડી પડ્યાં.

તે દિવસે બપોરે પૂજ્યશ્રીએ શ્રીનંદનસૂરિ મ. ને બોલાવીને કહ્યું : "નંદન ! તું મારી પાસે બેસ, મને ગોઠતું નથી." તેઓ બેઠાં. પછી ધીરે ધીરે પૂજ્યશ્રીએ અનેક યોગ્ય બાબતોની ભલામણો તેમને કરી, સૂચનાઓ આપી. સાથે એ પણ કહ્યું કે : "જ્યારે અહીં શેઠ જિનદાસ ધર્મદાસની પેઢીના આ બંને દેરાસરોનો પ્રતિષ્ઠા થાય, ત્યારે એટલું ચોક્કસ ધ્યાનમાં રાખજે કે – વિજ્ઞાનસૂરિ અને પદ્મસૂરિના સંસારી પિતાના નામની એક એક મૂર્તિ

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

ચોક્કસ પધરાવવાની છે.” આ બધી વાતો–સૂચનાઓ તેમણે ‘તહત્તિ’ કહેવાપૂર્વક સ્વીકારી.[1]

ચૌદશે સવારથી કાંઈક સ્વસ્થતા જણાતી હતી. તાવ તદ્દન ઉતરી ગયો હતો. ટેમ્પરેચર ૯૫થી વધીને ૯૭ાા સુધી થયું હતું. બેચેની પણ ઓછી જણાતી હતી. પણ પરસેવો ઘણો થતો હતો. કોઈએ શાતા પૂછી, તો તેના જવાબમાં પૂજ્યશ્રીએ કહ્યું : “મને ઠીક નથી. આ વખતની દીવાળી સારી નહિ જાય.” આ સાંભળી સૌ ગમગીન બની ગયાં. તે દિવસે મોટાં ડોકટર જયંતિભાઈ ઝવેરી તબિયત તપાસવા આવ્યાં. તેમણે ખોરાકમાં કેવળ મોસંબીનો રસ વાપરવા સૂચન કર્યું.

જો કે–પૂજ્યશ્રી છેલ્લાં કેટલાંક દિવસથી દવા અને પ્રવાહી સિવાય બીજો ખોરાક નહોતાં લેતાં. પણ ડોકટરે શક્તિ માટે આ સૂચન કરેલું. એ વખતે પૂજ્યશ્રીએ મંદ સ્વરે કહ્યું : “મારાં જીવનમાં કોઈ વખતે સંતરૂં કે મોસંબીના રસનો મેં ઉપયોગ નથી કર્યો. તો અત્યારે મને તે વસ્તુ શા માટે વપરાવો છો ?” અસ્વસ્થ અવસ્થામાં પણ આત્મજાગૃતિની અપૂર્વતા આ શબ્દોમાં પ્રત્યક્ષ જણાય છે.

ડોકટર સમજુ હતા. પૂજ્યશ્રીની અનુપમ સંયમ–સાધનામાં સહેજ પણ ઢીલાશ આવે, એવું કરવું અયોગ્ય લાગતાં તેમણે કહ્યું કે : જો એમ હોય, તો મોસંબીનો રસ આપણે નથી વાપરવો.

આ પછી તરત પૂજ્યશ્રીએ શ્રીનંદનસૂરિજી મ. ને કહ્યું કે : “ડોકટર કેવાં ભલાં છે ! મારી ઇચ્છા વિરુદ્ધ કશો આગ્રહ નથી કરતાં”

સાંજે ૯૯ ટેમ્પરેચર આવ્યું. વધતી જતી નબળાઈના સમાચાર અમદાવાદ વ.ના આગેવાન ગૃહસ્થોને તારટપાલ દ્વારા આપવામાં આવેલા. તેથી કુલચંદભાઈ તથા ભાવનગર–સંઘના શ્રી ખાંતિભાઇ વ. ત્રીસેક ગૃહસ્થો ખાસ ટ્રોલી દ્વારા આજે આવી પહોચ્યાં હતાં.

રાત્રે પક્ખી પ્રતિક્રમણ પૂરી નિરાંતથી અને ઉપયોગપૂર્વક સરસ રીતે કર્યું. પછી તેઓશ્રી બોલ્યાં કે : “આજ પ્રતિક્રમણ અચ્છી તરેહસે થયું છે.” ત્યારબાદ શ્રીખાંતિલાલ અમરચંદ વોરા, ઇશ્વરદાસ મૂળચંદ, સારાભાઈ જેશીંગભાઈ વગેરે સાથે વાતચીત પણ કરી. બીજે દિવસે દીવાળી હોવાથી, અને પૂજ્યશ્રીની તબિયત રોજની અપેક્ષાએ સારી જણાવાથી

---

૧ સં. ૨૦૦૬માં ફાગણ મહિને મહુવામાં તૈયાર થયેલ શ્રી નેમિપાર્શ્વ વિહાર તથા શ્રીઋષભશાન્તિ વિહારનો અંજનશલાકા – પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્યશ્રીના શિષ્યરત્નોના વિશાળ સમુદાયના સાંનિધ્યમાં ઉજવાયો. તેમાં શ્રીનેમિપાર્શ્વવિહારમાં (દેવગુરૂમંદિરમાં – જ્યાં પૂજ્યશ્રીનો જન્મ થયેલો) મૂળનાયકજી શ્રીપાર્શ્વનાથ, ભોંયરામાં મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુ, અને ઉપરના મજલે શ્રી આદિનાથ પ્રભુની, તથા શ્રીઋષભ શાન્તિ વિહારમાં મૂળનાયક ૬૧ ઈંચના શ્યામ શ્રી કેસરિયાજી, તેની આજુબાજુ ૮૩ ઇંચના ફણાવાળા શ્યામ શ્રી પાર્શ્વનાથ પ્રભુ, – ૧ પૂજ્યશ્રીના પિતા શ્રી લક્ષ્મીચંદભાઈના તથા ૧ પૂજ્યશ્રીના માતુશ્રી દીવાળીબેનના શ્રેયાર્થે, તેમજ ઉપરના મજલે શ્રીશાંતિનાથપ્રભુ (ભોંયણીથી લાવેલ) વગેરે બિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રસંગે પૂજ્યશ્રીએ સૂચવ્યા મુજબ પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મ. તથા પૂ. આ. શ્રીવિજયપદ્મસૂરિજી મ.ના સંસારી પિતાજીના શ્રેયાર્થે પણ એક એક બિંબ ભરાવીને પધરાવવામાં આવ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાંતિભાઈ વગેરે ભાવનગરના ગૃહસ્થોએ પૂજ્યશ્રી પાસે ભાવનગર જવાની રજા માગી. પૂજ્યશ્રીએ ના કહી. તો ખાંતિભાઈએ કહ્યું : સાહેબ ! ચોપડાપૂજન કરીને તરત જ આવી જઈશ. એટલે પૂજ્યશ્રી કહે : "તો તારે જવું હોય તો જા." (આ જવાબમાં સ્પષ્ટ અનિચ્છા દેખાતી હતી.) અને ખાન્તિભાઈ ગયા.

રાત્રે શોષ પડવો શરૂ થયો. ઉંઘ બિલકુલ આવી નહિ. સાધુઓ તથા શ્રાવકો આખી રાત સેવામાં હાજર હતાં.

આમ ને આમ રાત્રિ પસાર થઈ, ને અમાસની સવાર પડી. ત્યારે ૯૯।। ટેમ્પરેચર હતું. આજે દીવાળી હતી. શ્રી વીરપ્રભુના નિર્વાણ કલ્યાણકનો મહાન્ દિવસ હતો. પરોઢિયે પ્રતિક્રમણ કરીને તરત શ્રી નંદનસૂરિ મ.ને બોલાવીને પૂછયું : "નંદન ! સૂર્ય કેટલા વાગે ઉગે છે ?" તેમણે કહ્યું : ૬/૩૭ મિનિટે ઉગે છે, સાહેબ ! એટલે પૂજ્યશ્રીએ કહ્યું : "તમે કોઈ નવકારશીનો સમય થયા પહેલાં મને પચ્ચક્ખાણ પરાવશો નહિ. અને આજે મારે પાણી સિવાય કોઈ ચીજ વાપરવાની નથી."

એમ જ બન્યું. એ આખા દિવસમાં પૂજ્યશ્રીએ ફક્ત એક જ વાર પાણી જ વાપર્યું. તે સિવાય બીજી કોઇ ચીજ કે બીજી વાર પાણી પણ નહોતું લીધું.

અગિયાર વાગ્યા પછી તબિયત બગડવા લાગી. ટેમ્પરેચરની વધઘટ થવા માંડી. ઘડીકે ૧૦૩ થાય, તો થોડીવારમાં એકદમ ૯૯ થઈ જાય. સવારે ૧૧ વાગ્યા સુધીમાં ઠલ્લા પણ થયાં. પછી એકેય વાર ન થયા. પણ શારીરિક શુદ્ધિ તદ્દન સારી હતી. નબળાઈ, બેચેની ઘણી હતી. ડૉકટરો વારંવાર તપાસવા આવતાં, ને ચિન્તિત બનતા હતાં. શ્રી સંઘ, બહારના અનેક ગૃહસ્થો, તથા સમસ્ત સાધુપરિવાર ચિન્તિત વદને ત્યાં ખડા હતાં. સૌ મનમાં પ્રાર્થના કરી રહ્યાં હતાં.

આ વખતે–પૂજ્યશ્રીના મુખ પર અપૂર્વ ઉપશમપૂર્ણ પ્રસન્નતા જોવા મળતી હતી. તાવની ગરમી, નબળાઈ અને બેચેની પૂરા પ્રમાણમાં હોવા છતાંય તેઓશ્રીના મુખારવિંદ પર કો' અપૂર્વ શાન્તિમય તેજ ચમકી રહ્યું હતું. જાણે–દિવસો પૂર્વે મહાપ્રયાણ માટે ભાતું તૈયાર કરી દીધેલું, એટલે હવે તો કોઇ મહોત્સવની મોજ માણવા જવા માટે નિશ્ચિન્ત-પણે તેઓશ્રી તૈયાર હોય, તેમ લાગતું હતું.

દાદાની તબિયત આજે વધારે બગડતી જાય છે, એ સમાચાર કર્ણોપકર્ણ શહેરમાં પ્રસરવા લાગ્યાં. થોડીવારમાં ઉપાશ્રયમાં સેંકડો માણસો દર્શને આવવા લાગ્યાં. જૈનેતર આલમ વિશેષપણે ઉમટી. "દાદા' તો સૌના હતાં ને !

બપોર પછી ગામના મોટા ડોકટર જયંતિભાઇએ તથા સ્ટેશન વિભાગના મોટા ડોકટરે તપાસતાં તેમને તબિયત ગંભીર લાગી. તેમણે તરત નગરશેઠ હરિભાઈ સાથે વિચારણા કરીને શ્રી ઉદયસૂરિ મ., શ્રી નંદનસૂરિ મ., શ્રી અમૃતસૂરિ મ. વગેરેને કહ્યું કે : હાર્ટ માટે એક ઈન્જેકશન આપવાની જરૂર જણાય છે.

૪૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીનંદનસૂરિ મ.એ પૂછ્યું : તમને મહારાજજીના શરીરની પરિસ્થિતિ અત્યારે કેવી લાગે છે ?'

નગરશેઠે સીરીયસ હોવાનું કહ્યું, ત્યારે ડૉ. જયંતિભાઈ કહે : સીરીયસ નહીં, પણ વેરી સીરીયસ છે.

ડોકટરોનો આ જવાબ સાંભળીને શ્રીનંદનસૂરિ મ.એ કહ્યું : "ડોકટર ! મહારાજશ્રીજીએ આખી જીંદગીમાં ઇન્જેકશન લીધું નથી. અને તેઓ ઇન્જેકશન લેવાના વિચારના પણ ન હતા, તો પછી અત્યારે–આવી સ્થિતિમાં ઇન્જેકશન આપવું, તે મને જરાય વ્યાજબી નથી લાગતું. ઈન્જેકશન આપવાથી તમો આયુષ્યબળ વધારી શકતા હો તો કદાચ આપવાનો વિચાર થાય. પણ આ તો ઈન્જેકશન આપવાથી શાન્તિ અને સમાધિમાં રહેલા મહારાજશ્રીજીના આત્માને નાહકની વેદના થશે."

આ વાત પૂરી થતાં જ ડોકટર તથા નગરશેઠ બોલ્યા કે : આપ કહો છો, તે બિલકુલ બરાબર છે. ઈન્જેકશન આપવું નથી, આપવાની જરૂર પણ નથી, અને આપવાનો કોઈ અર્થ પણ હવે નથી. હવે તો મહારાજજીને વધુ ને વધુ શાંતિ અને સમાધિ રહે, તેવું વાતાતરણ ચાલુ રાખો.

માનવ–ગણથી ચિક્કાર ભરાઈ ગયેલા ઉપાશ્રયમાં સન્નાટો છવાઈ ગયો હતો. નીરવ વાતાવરણ ગહનતા પકડી રહ્યું હતું. સૌના દિલમાં સીરીયસ શબ્દ શૂળની જેમ ભોંકાતો હતો. મ્લાન વદને સૌ પ્રાર્થનામગ્ન બનવા પ્રયત્ન કરતા હતા.

સાંજે પાંચ વાગ્યા. હવે પૂજ્યશ્રીને પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ કરાવવાની તૈયારી કરી. એમાં ખલેલ ન પડે, એ માટે સૌ શાંતિપૂર્વક બહાર બેઠાં. અને શ્રી નંદનસૂરિજી મહારાજની સાથે મુનિ શ્રી ધુરંધરવિજયજીએ પૂજ્યશ્રીને શુદ્ધ ઉચ્ચારપૂર્વક પ્રતિક્રમણ કરાવ્યું. સંથારાપોરિસીની ક્રિયા પણ કરાવી. સર્વ જીવરાશિની સાથે ખામણાં કરાવ્યાં. જગતના જીવમાત્રને અભયનો સંદેશો આપતી ક્ષમાનું આદાન–પ્રદાન કરીને પૂજ્યશ્રી સંસારથી નિર્લેપ બન્યાં.

હવે મૃત્યુ આવે યા ન આવે, એની પૂજ્યશ્રીને પરવા ન હતી. બધે છાતીકઢું બનતું મૃત્યુ અહીં આવે, તો પણ એની કાયરતા છતી થઈ જાય, એવાં—ક્ષમા વજ્રધારી શ્રમણ પૂજ્યશ્રી બની ગયાં હતાં. કહો કે—તેઓશ્રી મૃત્યુંજય મહામાનવ બનીને મૃત્યુને મહોત્સવની જેમ વધાવવા માટે સાબદાં હતાં,—કાયરની નહિ, પણ વીરની મર્દાનગી ધરીને. રે ! **मृत्युरप्युत्सवायते**, એ આનું જ નામ ને !

આવશ્યક ક્રિયા પૂરી થઈ, ત્યારે છ વાગવા આવ્યા હતાં. એ પછી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ બહોળા પ્રમાણમાં ત્યાં એકત્ર થઈ ગયો. પંચ મહાવ્રતના શ્રવણ પુરઃસર નવકાર મંત્રનું રટણ અને સ્મરણ શરૂ થયું.

'નમો અરિહંતાણ'' અને 'ચત્તારિ સરણં પવજ્જામિ'ના ઉપશમ નીતરતાં વચનો પૂજ્યશ્રીના કર્ણને તથા ચિત્તને આલ્હાદી રહ્યાં હતાં. અને એ આલ્હાદ તેઓશ્રીના સૌમ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાંત વદન પર સ્પષ્ટપણે અંકિત થઈ રહ્યો હતો. તેઓશ્રીના જીવનભરની અણીશુદ્ધ સંયમની સાધનાનો એક દિવ્યપુંજ જાણે એ સમાધિરૂપે દેખાતો હતો.

બીજો એક કલાક પસાર થયો. મેદનીમાં અને ધૂનના ગંભીર સ્વરોમાં ભરતી થયે જતી હતી. સંથારામાં સૂતેલાં પૂજ્યશ્રીના વદન પર પથરાયેલી અલૌકિક સમાધિ–જ્યોતિને નિહાળવામાં સૌ લીન બની ગયા હતાં, ત્યારે—

એક દિવ્ય તેજના લીસોટા સમા પૂજ્યશ્રીના અમર આત્માએ કશી વેદના વિના, અને અસામાન્ય પુરૂષને છાજે તેવી નિર્યામણા સાથે આ પાર્થિવ વિનશ્વર દેહનો ત્યાગ કરીને સ્વર્ગલોકના પંથે મહાપ્રયાણ કર્યું.

ઘડિયાળનો કાંટો ત્યારે '૭' કલાકનો સમય દર્શાવતો અવિરત ગતિએ ચાલ્યો જતો હતો.

રે ! મહાન્ આત્મા, મહાન્ જીવન અને એનું મૃત્યુ પણ મહાન્. કેવું સૌભાગ્ય ?

—*—

# [૫૯]

## મહાયાત્રા

"નેમિ નેમસમ્રાટ્, જડ્યો ન જડે માનવી,
જનની જણે હજાર, પણ એકે એવો નહીં...."
ગયા. શ્રીજિનશાસનના રખેવાળ સૂરિસમ્રાટ્ ચાલ્યા ગયા
જેની છાયા તળે સાધુ–સંસ્થા નિર્ભય બની રહેલી, એ છત્ર નષ્ટ થયું.

સમસ્ત સંઘના શોકનો કોઈ પાર ન રહ્યો. સર્વત્ર આંસુઓની ધારાઓ જોવા મળતી હતી. ક્ષણવાર પહેલાંની આનંદહેલીને આંસુ–હેલીમાં પલટાવીને મદહોશ બનેલો ક્રૂર કાળ જગત્ પર જાણે અટ્ટહાસ્ય વેરી રહ્યો હતો.

આખું મહુવા ધરતીકંપનો આંચકો અનુભવી રહ્યું હતું. સ્તબ્ધતા, નિઃશબ્દતા અને ગહનતા ચોપાસ ફરી વળી હતી.

અને પૂજ્યશ્રીનો શિષ્યગણ ?

માવિહોણાં પંખી–બાળ જેવી એની અસહાય દશા હતી. ચોધાર આંસુ સારી રહેલો એ મુનિસમૂહ માનવને જ નહિ, ઉપાશ્રયના પત્થરને પણ જાણે પીગળાવી રહ્યો હતો. જેને કાજે પોતે પ્રાણ અર્પવા પણ સદા તૈયાર હતા, એ ભવોદધિતારક ગુરુદેવ આજે આ જગત્માંથી ચાલ્યા ગયાં; એ વિચારે જ એમનું હૈયું હચમચી ઉઠતું હતું. નજરે જોવા છતાં ન માન્યામાં આવે એવો ઘાટ હતો.

પૂજ્યશ્રીની જીવનભરની અનતિચાર આત્મસાધના અને વહાલપ વર્ષાવતી શીળી હુંફની યાદ આવતાં જ શિષ્યોના ચિત્તમાં આર્તનાદ પ્રગટતો હતો—'રે ! એ તો ગયાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે અમારું કોણ ?' અને સમજુના આશ્વાસને માંડમાંડ થંભેલાં આંસુના પૂર નિર્બંધપણે વહેવા લાગતાં.

દીવાળીની આ રાત સૌને ભેંકાર ભાસી રહી હતી. દીવડા તો ઘણાં પ્રગટ્યા હતાં, પણ એ બધાંય આજે નિસ્તેજ દીસતાં હતાં. એમનું તેજ આજે હણાઈ ગયું હતું. કારણ ?—

—(મા) દીવાળીનો એક જ્યોતિર્મય દીવડો આજે અલોપ બન્યો હતો—ઓલવાઈ ગયો હતો. રે ! અનેક દીવાઓમાં અખૂટ નૂર પૂરનાર એ દીવડાની દિવ્ય જ્યોત હવે ક્યાં જોવા મળશે ?

* * *

ભગ્નહૃદય બનેલા પૂજ્યશ્રી ઉદયસૂરિજી મહારાજ આદિએ શ્રી સંઘની વિનંતિથી પૂજ્યશ્રીના સંયમપૂત દેહને વોસરાવવાની ક્રિયા કર્યા બાદ ગૃહસ્થોએ ઉચિત સ્નાન–વિલેપનાદિ કર્યું. બાદ શુદ્ધ નૂતન વસ્ત્રો પરિધાન કરાવીને પૂજ્યશ્રીના દેહને તે જ સ્થાને પદ્માસને પધરાવવામાં આવ્યો.

એના અંતિમ દર્શન માટે આખું ગામ ઉમટયું. એક માણસ એના દર્શન વિનાનો ન રહ્યો. આખી રાત ઉપાશ્રયમાં લોકોની અવરજવર ચાલુ જ રહી. સૌ 'દાદા'ના દર્શન કરીને ગમગીન હૃદયે અને આંસુભીની આંખે પાછાં વળતા હતાં.

બીજી તરફ—આંસુના વેગને કોઈ રીતે ન રોકી શકવા છતાં પણ પૂ. શ્રી નંદન-સૂરિજી મહારાજે નગરશેઠ હરિભાઈ સાથે બેસીને પૂજ્યશ્રીના સંસારી ભાણેજ પ્રો. હઠી-ચંદ જીવણલાલ પાસે ભારતભરમાં તમામ ગામોના સંઘો, પૂ. મુનિવરો તથા ભક્ત ગૃહસ્થો વગેરે ઉપર પૂજ્યશ્રીના સમાધિમય કાળધર્મના સમાચાર જણાવતા તાર શરૂ કરાવ્યા. લગભગ ૪૫૦ તાર તે રાત્રે જ થઈ ગયા. બીજે દિવસે પણ ૩૦૦ જેટલાં બાકીના તાર થયા.

આ તાર જ્યાં જ્યાં પહોંચ્યા, ત્યાં ત્યાં ઘેરા શોકનું વાતાવરણ છવાવા લાગ્યું. તે તે ગામોના શ્રાવકો–સંઘો જે મળે તે સાધનમાં બેસીને વહેલી તકે મહુવા રવાના થવા લાગ્યા. એ જમાનામાં આજના જેવી ટ્રેઈન અને બસની સર્વિસો દુર્લભ હતી. રસ્તાઓ પથરાળ, કાચા હતા. રાતનો સમય હતો એટલે મોટર–ગાડી વગેરે સાધનો મળવા પણ ઘણાં મુશ્કેલ હતાં, તો પણ ભક્તિવાળા શ્રાવકો સેંકડોની સંખ્યામાં ગમે તે રીતે મહુવા આવી પહોં-ચવા લાગ્યા. તારનો તો જાણે દરોડો પડ્યો. દિલગીરી દર્શાવતાં સેંકડો તાર મહુવાની પોસ્ટ ઓફિસે ઉતરવા લાગ્યા.

ભાવનગરમાં ખાંતિભાઈ વોરાને આ ખબર મળ્યા, ત્યારે તેમના દુઃખનો–શોકનો પાર ન રહ્યો. તેમને હવે સમજાયું કે—પૂજ્યશ્રીએ તે દિવસે જવાની ના કેમ પાડેલી ? તેમના હૈયામાં પારાવાર પસ્તાવો થવા લાગ્યો. પણ હવે શું થાય ?

પૂજ્યશ્રીના પરમ અનુરાગી અને શ્રી કદંબગિરિ તીર્થના પુનરુદ્ધારના પાયાથી માંડીને આજ સુધી અને આજીવન પોતાના તન–મન–ધનને સમર્પી દેનાર કામદાર અમરચંદ-ભાઈ ચૌદશના દિવસે જ પૂજ્યશ્રીની તબિયત સારી જણાયાથી દર બેસતા મહિને યાત્રા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાના પોતાના નિયમ પ્રમાણે કદંબગિરિની યાત્રાએ ગયા હતા. તેમના મનમાં એમ કે બેસતા વર્ષની યાત્રા કરીને તરત મહુવા પહોંચીશું. પણ જ્યારે તેઓ મહુવા આવી પહોંચ્યા, ત્યારે તેમણે આ વજ્રાઘાતજનક બનાવ નિહાળ્યો. પછી તો પૂછવું જ શું ? નિરવધિ દુ:ખની લાગણી અંતસ્તલને હતવિહત બનાવી રહી.

શ્રીસંઘે રાતોરાત સાચા કિનખાબથી મઢેલી સુંદર પાલખી તૈયાર કરી.

સં. ૨૦૦૬ ના પ્રારંભના દિવસે–કાર્તક શુદિ એકમ શનિવારે ૯—૦ વાગે પૂજ્યશ્રીના દેહને એ પાલખીમાં બિરાજમાન કરાયો. અને તરત અંતિમ મહાયાત્રા શરૂ થઈ.

હજારોની મેદનીથી સારો યે માર્ગ ચિક્કાર હતો. અઢારે આલમ પોતાના 'દાદા' ને અંતિમ વિદાય આપવા માટે આંસુભીના ચહેરે એકત્ર મળ્યા હતાં.

'જય જય નંદા, જય જય ભદ્દા'ના ગગનભેદી અવાજ સાથે પૂજ્યશ્રીના કુટુંબીજનોએ અને સંઘના આગેવાનોએ જ્યારે પાલખી ઉપાડી, ત્યારનો કરુણ દેખાવ હૃદયદ્રાવક બની ગયો. શિષ્યગણનું મૂક રુદન, એથી જન્મતી હૃદયસ્પર્શી કરુણા, અને એનાથી વ્યાપતી સ્તબ્ધતા પાષાણ દિલને પણ પાણી બનાવવા સમર્થ હતી. રે કાળ ! તું કેવો નિષ્ઠુર છે ?

અંતિમયાત્રાની આગલી હરોળમાં બેન્ડ વાગી રહ્યું હતું. એના કરુણ વૈરાગ્યપ્રેરક સરોદો હૈયા સોંસરવા ઉતરતાં હતાં. ત્યારબાદ ધૂપના ગોટેગોટા ઉડાડતાં કુંડાઓ, ગુલાલના ઉછળતાં ઢગલાંઓ, અને હજારોની મેદની વચ્ચે ચાલી રહેલી ભવ્ય જરિયાન પાલખી નજરે પડતી હતી. પાલખીની પાછળ દીનજનોને અનુકંપાદાનરૂપે અનાજ, લાડુ, કેળાં, મોસંબી વગેરે ખાદ્ય પદાર્થો તથા રોકડ નાણાંનું છૂટે હાથે દાન આપતાં ભાવિકજનો નજર પડતાં હતાં.

'જય જય નંદા, જય જય ભદ્દા'ની ઘોષણાઓથી આખું ગામ શબ્દમય બની ગયું હતું. એ શબ્દો જાણે સૂચવતાં હતાં કે—આવાં મહાપુરુષને મન તો મૃત્યુ પણ એક વિજયયાત્રા છે.

આ મહાયાત્રા ફરતી ફરતી જાહેર રસ્તા પર આવી કે જ્યાં પેલા પાન–સોપારીવાળાની દુકાન આવેલી. ભા.વ. અમાસે તેને આવેલું સ્વપ્ન અત્યારે અક્ષરશઃ સત્યસ્વરૂપે તેણે નિહાળ્યું. એ જ—સ્વપ્નામાં દીઠેલી પાલખી, હજારોની મેદની અને ગુલાલના ઢગલા અત્યારે તેને જોવા મળ્યા. ફક્ત તેણે કોઈને ચ્હા ન પીવડાવી. (સ્વપ્નમાં બધાંને ચ્હા પીવડાવેલી.) આટલો તફાવત સ્વપ્નમાં અને સત્યમાં રહ્યો.

મહાયાત્રા ગામમાં ફરીને ગામ બહાર વાશીતળાવના ઝાંપે આવેલા બાલાશ્રમના મકાનની ઉત્તરદિશાએ બાલાશ્રમની જગ્યાના જ એક ભાગમાં ભૂમિ–પ્રમાર્જન કરવાપૂર્વક પાલખીને પધરાવવામાં આવી. પછી પૂજ્યશ્રીના આખા દેહને ફરતાં શુદ્ધ ચંદનના કાષ્ઠ ગોઠવવામાં આવ્યા. ફકત મુખારવિંદનો ભાગ ખુલ્લો રખાયો. પણ એ વખતે મુખારવિંદ પર એવું અલૌકિક તેજ અને પ્રસન્નતા છવાયેલાં કે—જોનારાંને લાગે કે—હમણાં જ મહારાજજી બોલી ઉઠશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદ–ભાવનગર–પાલિતાણા–જેસર–કુંડલા–તળાજા–બોટાદ વગેરે અનેક ગામોના સેંકડો શ્રાવકો આવ્યે જ જતાં હતાં. ઘણાં રાત્રે આવી ગયાં હતાં. કેટલાંક પરોઢિયે, કેટલાંક અંતિમ યાત્રામાં અને કેટલાંક અગ્નિદાહની શરૂઆત પૂર્વે હાજર થઈ ગયાં. હજી પણ લોકો આવ્યે જ જતાં હતાં.

એકત્ર કરાયેલ ત્રીસ મણ પ્રમાણ ચંદનકાષ્ઠની ગોઠવણી વ્યવસ્થિત થઈ ગયા પછી પૂજ્યશ્રીના ભાઈ શ્રી બાલચંદભાઈના સુપુત્ર શ્રી કપુરચંદભાઈ તથા શ્રી ચંપકભાઈએ ભારે હૈયે અગ્નિદાહ દીધો. પાલખીમાંથી વસ્ત્રનો કે બીજી કોઈ ચીજનો એક કકડો પણ કોઈને લેવા ન દેવાયો.

ધીમે ધીમે અગ્નિ પ્રજ્વલિત બનતો ગયો. જ્વાલાઓ ઊંચી ને ઊંચી ઉડવા લાગી. અગ્નિદાહની સમાપ્તિ સુધી હજારો માણસો નિરાનંદભાવે ત્યાં જ હાજર રહ્યાં. તેઓનું મન ત્યાંથી ખસવા માટે સંમત નહોતું થતું. કોઈ મહામૂલી વસ્તુ પોતે ખોઈ છે, એવો ભાર સૌના ચિત્તમાં વ્યાપી ગયો હતો.

અગ્નિદાહ શરૂ હતો, ત્યારે સૌને એક આશ્ચર્યકારક વાત જોવા મળી. અમુક ગામવાળા ભાઈઓ મહુવા આવવા માટે ક્યારના રવાના થઈ ચુકેલાં. પણ સાધનની તથા રસ્તાની અગવડને કારણે અગ્નિદાહ શરૂ થઈ ગયા છતાં તેઓ પહોંચ્યા ન હતાં, પણ જ્યાં સુધી આવી ન પહોંચ્યાં, ત્યાં સુધી પૂજ્યશ્રીના શરીરનો અમુક ભાગ અગ્નિજ્વાળાથી અસ્પૃશ્ય–કોરો જ રહ્યો. જ્યારે નક્કી થઈ ગયું કે—હવે એક પણ વ્યક્તિ આવવાની બાકી નથી રહી, સૌ આવી ગયાં છે, અને સૌએ દર્શન કરી લીધાં છે, ત્યારે તરત જ એ ભાગ પણ અગ્નિસાત્ બની ગયો.

ત્યારે ત્રીજો દૈનિક પ્રહર ચાલતો હતો. '૨૦ ઘડી અને ૧૫ પળ' આ સમય બરાબર થયો હતો.

આજથી બરાબર ૭૭ વર્ષ પૂર્વે—સં. ૧૯૨૯ની કાર્તક શુદિ એકમને શનિવારે આ મહુવામાં જ પૂજ્યશ્રીનો જન્મ થયો, ત્યારનો ચોક્કસ સમય પણ '૨૦ ઘડી અને ૧૫ પળ' જ હતો.

મહુવામાં જન્મ, ને મહુવામાં અંતિમ વિદાય.
બેસવાં વર્ષે જન્મ. બેસતાં વર્ષે પૂર્ણ વિલય.
શનિવારે જન્મ, શનિવારે પૂર્ણ દેહ વિલય.
૨૦ ઘડી, ૧૫ પળે જન્મ, ને તે જ સમયે પૂર્ણ વિલય.
પૂજ્યશ્રીના વિનશ્વર પાર્થિવ દેહે બરાબર ૭૭ વર્ષ પૂરાં કર્યાં.

કેવી મહાન્ ઘટના ! સેંકડો વર્ષોમાં કદી ન બનેલી આ મહાન્ ઘટનાની નોંધ કોઈ ઇતિહાસકાર લેશે, ત્યારે તેને પોતાના ઇતિહાસની અનેક નવીનતામાં એક નોંધપાત્ર–વિશિષ્ટ નવીનતા આ 'મહાન્ ઘટના' ચોક્કસ પૂરી પાડશે.

અગ્નિસંસ્કારની પૂર્ણપણે સમાપ્તિ થયાં બાદ સૌ હતાશ હૈયે ને ભારે પગલે પાછાં વળ્યાં. ઉપાશ્રયે જઈને ગુરુ મહારાજના શ્રીમુખે શાન્તિપાઠ સાંભળવા.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાશ્રયમાં પૂ. આચાર્ય ભગવંતાદિ ચતુર્વિધ સંઘે બપોર પછી વિધિપૂર્વક દેવવંદન કર્યું. ત્યાં સુધીમાં અંતિમ યાત્રામાં ગયેલાં ગૃહસ્થો આવી પહોંચ્યા. પૂ. શ્રીનંદનસૂરિજી મહારાજે તેઓ સૌને મોટી શાન્તિનો શાન્તિદાયક પાઠ સંભળાવ્યો.

પછી પૂજ્યશ્રીના સ્વર્ગગમનના સ્થાને સુંદર દેરી બનાવવાનો નિર્ણય લેવાયો. મહુવા સંઘે પૂજ્યશ્રીની પુણ્યસ્મૃતિ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવાનો નિર્ણય લીધો.[1] બાદ સૌ વિખરાયાં.

અત્યાર સુધી ક્રિયામાં રત રહેલાં પૂ. મુનિવર્યો હવે નિવૃત્ત થયાં. કાર્યવ્યગ્રતાને કારણે મહાપરાણે અવરોધાયેલાં આંસુના બંધ હવે તૂટી ગયાં.

સમતાના જીવનવ્રતના પાલનહાર એ મુનિભગવંતો આ શોકના ને અશ્રુના વેગને રોકવા મહેનત કરી રહ્યાં હતાં. પણ રે ! જ્યાં એ જીવનવ્રતના દાતા, અને પોતાના તુચ્છ જીવનના ઉદ્ધારક ગુરુ ભગવંત જ જ્યારે ચિરવિરહ કરાવીને ચાલ્યાં ગયાં, ત્યારે એ વેગ શે અટકે ?

ગુરુ ભગવંત વિનાનો ઉપાશ્રય જાણે ખાવા ધાતો હતો.

ઉપાશ્રય તો ઠીક, પણ હે શાસનદેવ ! આ તપાગચ્છનું શું થશે ? અનાથ બનેલાં એનો સાચો અધિનાયક હવે કોણ બનશે ?

આ સવાલનો જવાબ માંગતો કોઈ ભક્તજન આર્તસ્વરે વિલપી રહ્યો હતોઃ—

"તપગચ્છ થશે અનાથ, શું ખોઈ ધીંગો ધણી ?
ઘો બીજો જિનરાજ, મધુમતીના એ લાલસમ...."

---

૧. મહુવા સંઘે આ મહોત્સવ ફા. શુ. ૬ થી ૧૪ સુધી ઉજવ્યો.

નોંધઃ– સં. ૨૦૦૬ના ફાગણમાસમાં થયેલા પ્રતિષ્ઠા–ઉત્સવ વખતે પૂજ્યશ્રીના અંતિમ સંસ્કારની ભૂમિમાં ઉત્તમ સ્મારક બનાવવાનો શ્રીસંઘનો વિચાર થતાં, ત્યાં શ્રીશાન્તિનાથ પ્રભુનો શિખરબંધી પ્રાસાદ બંધાવવાનો નિર્ણય લેવાયો. એમાં પૂજ્યશ્રીની ચરણપાદુકા પણ પધરાવવાનું નક્કી થયું. એ પ્રાસાદ તૈયાર થયે સં. ૨૦૧૫માં એનો અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ મહુવા–સંઘે ઘણાં ઉમંગથી કર્યો. જો કે પ્રાસાદ બંધામા પહેલાં પણ સં. ૨૦૧૩માં ત્યાં યાત્રિકોને દર્શન માટે પૂજ્યશ્રીની પાદુકા વિરાજમાન કરેલી. એ પાદુકામાંથી અનેક વાર અમીઝરણાં થતાં. પ્રતિષ્ઠા પછી પણ એ અમીઝરણાં અવારનવાર થતાં જ રહેતાં.

પૂજ્યશ્રીના સ્વર્ગગમન–સ્થાને પણ શ્રીસંઘના આદેશથી સલોત ફૂલચંદભાઈ છગનલાલે સુંદર દેરી બંધાવી, તેમાં ચરણપાદુકા પધરાવ્યા. આ પગલાંમાંથી વર્ષમાં કેટલીય વાર અમીઝરણાં વ. ચમત્કારો થતાં જ રહે છે. જે પૂજ્યશ્રીના મહાન્ સૌભાગ્ય અને ઉચ્ચગતિના સૂચક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને છેલ્લે......

"પ્રભાવશાળી વ્યક્તિત્વ, તેજસ્વી નયનો, ગંભીર વાણી, ભવ્ય કપાળ અને ખડતલ કાયા.... આજ એમનું ચિત્ર આંખ સામે જાગૃત થાય છે.

જૈનસમાજના કલ્યાણ માટે તેઓએ અનેક કાર્યો કર્યાં છે; જે કાર્યો કોઈ પણ સમાજથી કે લાગવગથી ન થઈ શકે, તે કાર્યો એમના પ્રભાવિક પુરુષાર્થથી થયાં છે.

મહુવાની ધરતી પર એ જન્મ્યા હતા, અને વિધિના અકળ વિધાન પ્રમાણે મહુવામાં જ તેઓ કાળધર્મ પામ્યા.

જે દિવસે ભગવાન્ મહાવીર કાયાનો છેલ્લો સંપર્ક દૂર કરીને મોક્ષે ગયા હતા, તે જ દિવસે–એ દીપોત્સવીની સંધ્યાએ આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજી પણ નશ્વર કાયા છોડીને ચિરકાળ માટે વિદાય થયાં છે.

જૈન સંસ્કૃતિમાં જન્મનું ગૌરવ નથી....મૃત્યુનું ગૌરવ છે.... અને ફરીવાર ન જન્મવું પડે એવા ભવ્ય મૃત્યુનું ગૌરવ છે.

જૈનો માને છે કે જન્મ અને મૃત્યુ એ તો જંતુઓની લીલા છે. કદી જન્મવું ન પડે એવા મૃત્યુની સિદ્ધિ એ જ માનવીના પુરુષાર્થની અંતિમ સિદ્ધિ છે.

આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ એવી જ ભવ્ય સિદ્ધિના પંથે હતા........ એમનું મૃત્યુ–સામાન્ય માનવીનું મૃત્યુ નથી.... મૃત્યુને જીતનાર સંપ્રદાયના એક અગ્રગણ્ય મશાલચીનું મૃત્યુ છે.

એમના મૃત્યુ પર શોકના શબ્દો વેરવા એટલે એ તેજસ્વી સંતને ન ઓળખવા જેવું છે. અમે એક જ વસ્તુ ઈચ્છીએ છીએ કે જૈન સમાજને એમનું મૃત્યુ નવો માર્ગ દેખાડે.... જૈન સમાજમાં વ્યાપ્ત બની રહેલા અંધકારને એ મૃત્યુની તેજરેખા ભેદે !

શાસનદેવ એ જીવનવિજેતાના આત્માને સંપૂર્ણ શાંતિ અર્પે.... અને એમના શિષ્યસમુદાયમાં તેજની ધારા ચાલુ રાખે."

પૂજ્ય શાસનસમ્રાટ્ના કાળધર્મ પછી એક વર્તમાનપત્રના[1] તંત્રીલેખમાં લેવાયેલી નોંધના આ શબ્દો એમની હિમાલય સમ ઉન્નત ભવ્યતાની આછેરી ઝાંખી કરાવે છે.

જન્મવું, જીવવું અને મરવું એ તો સૌને માટે સામાન્ય છે.

જન્મીને જે જીવન જીવી જાણે છે–જીવન વિજેતા બને છે, અને પ્રાંતે મૃત્યુંજયત્વના માર્ગે આગેકદમ બઢાવતો મૃત્યુને વરે છે, એ વ્યક્તિ મહામાનવ બને છે.

પૂજ્ય શાસનસમ્રાટ્ આવા જ એક મહામાનવ હતા.

એમના ભવ્ય જીવન-દર્પણમાં એક વાર ડોકિયું કરીએ તો ઠેર ઠેર એમની ભવ્યતા અનેક સ્વરૂપે પ્રતિબિંબિત થતી દેખાશે.

એમની એ ભવ્યતાની નિષ્કલંક પ્રતિચ્છાયા એમના શિષ્યરત્નોમાં આજે પણ જોઈએ છીએ, ત્યારે સહજ રીતે જ આપણું મસ્તક ગૌરવોન્નત બની જાય છે.

શાસનસમ્રાટ્ના જીવનની અને મૃત્યુની આ ભવ્યતા આપણને ચિરકાળપર્યંત પ્રેરણાના પીયૂષ પાય........

---

૧. જયહિંદ, તા. ૨૫–૧૦–૪૯ નો તંત્રીલેખ.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુરુ-વિરહ-વેદના

હમેં દીન દુઃખિયારાં જી રે,
તુજ વિરહ અગનમાં વસતાં.
જલી ઉઠે છે જ્વલંત જ્વાળે અંગોઅંગ હમારાં
ગુરૂજી મારા ! અંગોઅંગ હમારાં;
તુજ દર્શનનાં પૂરણ પ્યાસાં, સમર્થ સરજનહારા !
હમે દીન દુઃખિયારાં જી રે..........

(ભરત કવિ)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ–૧

## પૂજ્ય શાસનસમ્રાટ્‌ના કાળધર્મ પછી અનેક સ્થળોના સંઘોએ સભા ભરીને કરેલા વિરહના ઠરાવો, તથા મહુવા આવેલા સહાનુભૂતિ–સંદેશાઓ.

અમદાવાદ–નગરશેઠના વંડાવીલામાં નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઈના પ્રમુખસ્થાને મળેલી શ્રીસંઘની મિટિંગમાં થયેલો ઠરાવ—

તા. ૨૪–૧૦–૪૯

શ્રી જૈન શાસનના સ્તંભરૂપ, અનેક તીર્થોદ્ધારક, ષડ્‌શાસ્ત્રવિશારદ, શાસનસમ્રાટ્‌, પરમ તારક, પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીજીનું વીર સંવત્ ૨૪૭૫ના આસો વદ ૦)) ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પ્રભુના નિર્વાણકલ્યાણકના મહામાંગલિક–દીવાળીના પર્વ દિવસે, સાંજના સાત વાગે, મહુવા મુકામે, સમાધિપૂર્વક સ્વર્ગારોહણ થયું છે, જેથી જગતને એક આધ્યાત્મિક મહાન્ આત્માનો વિરહ થયો છે.

તેઓ શ્રીમાનના અનેક ઉપકારોને અને અસહ્ય વિરહને પુનઃ પુનઃ સ્મરણ કરતાં અમદાવાદનો શ્રીસકળ સંઘ તીવ્ર વેદના અનુભવે છે. સાથે આવા અનેક ઉચ્ચ ચારિત્ર્યવાળા અને શાસનના સેવકો અવિચ્છિન્નપ્રભાવશાળી વીતરાગશાસનમાં પ્રગટ થાઓ અને વીતરાગશાસનને જળહળતું બનાવો એવી શ્રીસકળસંઘ પ્રાર્થના કરે છે.”

વિમળભાઈ મયાભાઈ
નગરશેઠ.

—*—

## શ્રી જૈન તત્ત્વવિવેચક સભા (અમદાવાદ)એ પસાર કરેલ ઠરાવ

શ્રી જૈન તત્ત્વવિવેચક સભાના સભ્યોની આ સભા પરમપૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિ. સ. ૨૦૦૫ ના આસો વદિ અમાસના પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણના પરમપવિત્ર દિવસે થયેલ કાળધર્મ પ્રસંગે અસહ્ય વિરહના દુઃખની ઊંડી લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થ સૂરિજી મહારાજ આ સભાના સ્થાપક–પ્રેરક અને માર્ગદર્શક હતા. અને તેમના જેવા શિરછત્રના ચાલ્યા જવાથી સભાને ન પૂરી શકાય એવી ખોટ આવી પડી છે. આ સભા ઉપરાંત આખા જૈન સંઘને માટે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સમર્થ આધારસ્તંભરૂપ હતા. તેથી આખા જૈન સંઘને, અને એક મહાન્ ધર્મગુરૂના ચાલ્યા જવાથી આખા દેશને મોટી ખોટ આવી પડી છે. સ્વર્ગસ્થ સૂરિજી મહારાજ તો પરમ ઉજ્જવળ ચારિત્રનું પાલન કરીને ઉચ્ચગતિના અધિકારી બન્યા છે. એટલે તેઓશ્રીના માટે શોકમગ્ન ન થતાં તેઓશ્રીની ઉત્તમ ધર્મભાવના અને શાસનસેવાનું પુનઃ પુનઃ સ્મરણ કરીએ છીએ અને તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ ઇચ્છીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વર્ગસ્થ સૂરિજી મહારાજ પોતાની પાછળ વિદ્વાન અને ચારિત્રપાત્ર શિષ્ય–પ્રશિષ્યોનો બહોળો સમુદાય અને અનેક ધર્મકાર્યોનો વારસો મૂકતા ગયા છે. એ બીના આ સભાને તેમ જ જૈન સંઘને માટે ખૂબ આશ્વાસનરૂપ છે. પૂજ્ય આચાર્યમહારાજના વિદ્વાન્ શિષ્યો પૂજ્ય આચાર્યમહારાજની જેમ જ આ સભાને ધાર્મિક દોરવણી આપતા રહેશે, અને સ્વર્ગસ્થ સૂરિજી મહારાજનો પવિત્ર આત્મા અમને ધર્મકાર્યોમાં પ્રેરણા કરતો રહેશે એવી આશા સાથે અમે સૂરિજી મહારાજના શિષ્યો–પ્રશિષ્યો સાથે સહાનુભૂતિ અને સમવેદના વ્યક્ત કરીએ છીએ.

નરેન્દ્રભાઈ સારાભાઈ

—*—

## શ્રી જૈન સંઘ-ભાવનગરે કરેલો ઠરાવ

તા. ૨૪–૧૦–૪૯

"શ્રીભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘની આજરોજ મળેલી મીટીંગ આપણા સમસ્ત જૈન સંઘના મહાન્ આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સંવત્ ૨૦૦૫ ના આસો વદિ ૦)) શુક્રવાર, તા. ૨૧–૧૦–૪૯ ના રોજ શ્રીમહુવા મુકામે કાળધર્મ પામ્યા તે ખબર જાણી ભાવનગર જૈન સંઘ અત્યંત દિલગીરી દર્શાવે છે.

આવા પરમ ઉપકારી મહાન્ પવિત્ર આચાર્યશ્રીના સ્વર્ગવાસથી શ્રીસંઘને પૂરી શકાય નહિ તેવી ખોટ પડી છે તેમ માને છે. અને તેઓના આત્માની શાંતિ ચાહે છે."

(સર્વાનુમતે પસાર)
લિ.
વોરા ખાંતિલાલ અમરચંદ
(મિટિંગના પ્રમુખ)

—*—

## સુરતના શ્રીસંઘની મિટિંગે કરેલો ઠરાવ

તા. ૨૫–૧૦–૪૯

"પરમપૂજ્ય તીર્થોદ્ધારક સમર્થ વિદ્વાન્ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી સંવત ૨૦૦૫ ના આસોવદ અમાસ એટલે દીવાળીના દિવસે મહુવા મુકામે કાળધર્મ પામ્યા તેથી શ્રીસકલસંઘની આ સભા સખેદ દુઃખની લાગણી પ્રદર્શિત કરે છે, અને પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી હાર્દિક પ્રાર્થના કરે છે."

લિ.
નગરશેઠ બાબુભાઈ ગુલાબભાઈ
(ધી નગરશેઠ એન્ડ જૈન સંઘપતિ–સુરત)

—*—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી મહુવા યુવક સમાજ–મુંબઈએ કરેલો ઠરાવ

તા. ૨૯–૧૦–૪૯

જૈનાચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ ઘણા લાંબા સમયે સમસ્ત પ્રજાના આગ્રહથી પોતાની જન્મભૂમિમાં ચોમાસું રહેવા પધાર્યા. તેઓશ્રી મહુવા (સૌરાષ્ટ્ર) મુકામે પોતાના વતનમાં સં. ૨૦૦૫ ના દિવાળીના દિવસે કાળધર્મ પામ્યા. તેટલા માટે મુંબઈની જાહેર પ્રજા, મહુવા તથા મહુવા મહાલના નાગરિકોની આજની આ સભા પોતાના ઊંડા ખેદની લાગણી અનુભવે છે. તેઓશ્રીના કાળધર્મથી જનતાને ઘણી મોટી ખોટ પડી છે.

તેઓશ્રી બાળબ્રહ્મચારી, અગાધ જ્ઞાની, ઉંચ ચારિત્ર્યશાળી, અને મહાન્ ત્યાગી આચાર્ય હતા. તેમના વિશાળ જ્ઞાન અને સેવાને લીધે સારાયે હિન્દમાં તેઓ ઉચ્ચતર સ્થાન ધરાવતા હતા. તેઓશ્રીએ પોતાની જન્મભૂમિ–મહુવાને સારાયે હિન્દમાં ગૌરવશાળી બનાવી હતી. તેઓશ્રીની સ્મૃતિઓ ખાસ કરીને ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર નજરે પડે છે.

તેમના આત્માને પરમ શાન્તિ મળે તે માટે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

લિ.
જયંતિલાલ વી. મહેતા
દોલતરામ જે. પારેખ
(માનદ મંત્રીઓ)
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
(સભાના પ્રમુખ)

—∗—

## મુંબઈના જૈનોની મિટિંગે કરેલા ઠરાવ

તા. ૨૪–૧૦–૪૯

પૂજ્યપાદ જૈનાચાર્યશ્રી ૧૦૦૮ શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબની સેવામાં—પાંજરાપોળ જૈન ઉપાશ્રય, અમદાવાદ.

સવિનય વંદનાપૂર્વક નિવેદન કે—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી અ. ભા. શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ અને શ્રીદિગંબર જૈન તીર્થ ક્ષેત્ર કમિટીના સંયુક્ત આશ્રય હેઠળ રવિવાર, તા. ૨૩–૧૦–૪૯ ના રોજ શ્રીનમિનાથજી મ. જૈન દેરાસરના ઉપાશ્રયમાં મળેલી જૈનોની જાહેરસભામાં પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સ્વર્ગવાસ અંગે નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પસાર થયેલ છે.

### –ઠરાવ–

"જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સૌરાષ્ટ્રમાં મહુવા મુકામે સંવત્ ૨૦૦૫ ના દીપાવલીની રાત્રિએ કાળધર્મ પામ્યાના સમાચારથી જૈન સમાજને અત્યંત આઘાત થયેલ છે. તેઓશ્રીના વિરહથી જૈન સમાજને એક મહાન્ વિદ્વાન્, સિદ્ધાંતપ્રવીણ, ચારિત્રશીલ, શાસનપ્રભાવક અને અગ્રગણ્ય આચાર્યની ન પૂરાય એવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને અનંત અને શાશ્વત શાંતિ મળે એવી આ સભા પ્રાર્થના કરે છે."

—પ્રમુખસ્થાનેથી : સર્વાનુમતે પસાર
લિ. સેવક
અમરતલાલ કાલીદાસ
મુંબઇના જૈનોની જાહેર સભાના પ્રમુખ

—*—

## શ્રી જૈન શ્વે. મૂ. પૂ. કોન્ફરન્સ-મુંબઈનો ઠરાવ

તા. ૨૪-૧૦-૪૯

પૂજ્યપાદ જૈનાચાર્યશ્રી ૧૦૦૮ શ્રી વિજયોદય સૂરીશ્વરજી મહારાજ સાહેબની સેવામાં-મહુવા.

સવિનય વંદનાપૂર્વક નિવેદન કે-સૌરાષ્ટ્રમાં મહુવા મુકામે સંવત્ ૨૦૦૫ ની દીપાવલીની રાત્રિએ પૂજ્યપાદ શાસનસમ્રાટ્ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સ્વર્ગવાસના સમાચારથી અત્યંત આઘાત થયેલ છે. તેઓશ્રીના વિરહથી જૈન સમાજને એક મહાન્ વિદ્વાન્, સિદ્ધાંતપ્રવીણ, ચારિત્રશીલ, શાસનપ્રભાવક અને અગ્રગણ્ય આચાર્યની ન પૂરાય એવી ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને અનંત અને શાશ્વત શાંતિ મળો એવી શાસનદેવને પ્રાર્થના છે.

લિ. સેવકો-

દામજી જેઠાભાઈ — મેઘજી સોજપાળ
કુલચંદ શામજી (ચીફ સેક્રેટરીઝ) — (પ્રમુખ)

—*—

## શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગરનો ઠરાવ

શ્રીભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી નિમંત્રિત થયેલ સભાના સભ્યો અને અન્ય ગૃહસ્થોની આ મીટીંગ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સં. ૨૦૦૫ના આસો વદ ૦))ને શુક્રવારના રોજ મહુવા મુકામે કાળધર્મ પામ્યા તે માટે પોતાનો અત્યંત શોક વ્યક્ત કરે છે. તેઓશ્રીના કાળધર્મ પામવાથી સમસ્ત જૈન સંઘમાં ન પૂરાય તેવી ભારે ખોટ પડેલ છે. સદ્ગત આચાર્ય મહારાજશ્રીએ પોતાના સાઠ વર્ષ જેટલા લાંબા દીક્ષા પર્યાયના સમયમાં જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને પ્રચાર માટે, જૈન ધર્મના ઉદ્યોત માટે, તીર્થોના રક્ષણ અને વૃદ્ધિ માટે, સાધુ સંસ્થાની પવિત્રતા અને એકતા સાચવવા માટે આજીવન અવિરત પ્રયત્ન કરી, જે ઉજ્જવળ દૃષ્ટાંત પોતાના જીવનથી જૈન સમાજ સમક્ષ રજૂ કર્યું છે, તેનું સ્મરણ કરતાં આ સભાને તેઓશ્રીને માટે અત્યંત માન થાય છે. અને તેની સહર્ષ નોંધ લેવામાં આવે છે. સ્વર્ગસ્થનો આત્મા અખંડ શાંતિમાં રહે એવી પરમાત્મા પાસે અમારી પ્રાર્થના છે.

લિ.
જૈન ધર્મ પ્રસારક સભા.
જીવરાજ ઓધવજી દોશી (પ્રમુખ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધી જૈન એસોસિએશન ઓફ ઈન્ડિયાનો ઠરાવ (મુંબઈ)

તા. ૨૪-૧૦-૪૯

પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયદર્શન સૂરીશ્વરજી મહારાજની
સેવામાં-મુ. અમદાવાદ.

સવિનય વંદનાપૂર્વક નિવેદન કે-સં. ૨૦૦૫ના દીવાળીની રાત્રિએ પૂજ્યપાદ શાસનસમ્રાટ્ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના મહુવા મુકામે સ્વર્ગવાસ થયાના સમાચાર સાંભળી અત્યંત આઘાત થયો છે. તેઓશ્રીના વિરહથી જૈન સમાજને એક મહાન્ વિદ્વાન, સિદ્ધાંત પ્રવીણ, તીર્થોદ્ધારક, ચારિત્રશીલ, શાસન-પ્રભાવક, દેશકાળના જ્ઞાતા, અને અગ્રગણ્ય આચાર્યની ન પૂરાય એવી ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને અનંત અને શાશ્વત શાંતિ મળે એવી શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ.

લિ. સેવક
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી
એ. સે.ની વંદના

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈએ કરેલો ઠરાવ

"તા. ૨૧-૧૦-૧૯૪૯ના રોજ મહુવામાં આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી કાળધર્મ પામ્યા તેની આજરોજ મળેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિ સખેદ નોંધ લે છે.

શ્રદ્ધા અને ભક્તિના પ્રતીકરૂપ એવા વિદ્વાન્ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીની ખોટ આવા વિષમકાળમાં સહેજે પૂરી શકાય તેવી નથી. જૈનો-શ્રાવકો અને શ્રમણોને આથી મોટી ઓથ ગઈ છે. ધાર્મિક અને તેને પરિણામે સામાજિક ક્ષેત્ર પર ગુરૂદેવની અદ્‌ભુત શક્તિ પ્રવર્તતી હતી. તેમની પ્રતિભા, વિદ્યા અને ઉજ્જવલ ચારિત્ર સઘળા જૈન સમાજ માટે આદરપાત્ર આદર્શ બની રહે એમ ઈચ્છે છે. સૂરીશ્વરજીના શિષ્યગણ અને ભકતોની સાથે આ સમિતિ શોકનું સંવેદન કરે છે, અને સૂરીશ્વરજીના આત્માને પરમ શાંતિ પ્રાર્થે છે."

—*—

## स्नेहाञ्जली

"आज एक पेसे ही ज्योतिर्धर को हम स्नेहाञ्जली से तृप्त कर रहे हैं। जो कि युगमें धीर-वीर और गंभोर थे। नाम जिनका विश्वविख्यात सूरिसम्राट् विजयनेमिसूरि था। हमारे वो सच्चे हृदयंगम हृदय के हार थे। जैन जातिके सच्चे शृंगार थे। उनका अवतार भूमिभार को हलका करने के लिए था। उन्होंने वो काम कर बतलाए जो कि अशक्य तो नहीं अपितु सामान्य व्यक्तियों के लिए दुःशक्य थे। उनकी तीर्थभक्ति, उनकी शासन दाझ, उनका प्रखर प्रताप और विशुद्ध चारित्र असंख्य ऋषियों मुनियों-के लिए अनुकरणीय था। जब से राजनगर के विशालांगनमें मुनिराजों का एकत्री-भाव हुआ तब

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से हमारे और उनके हृदयक्षेत्रों में स्नेह-वल्लियां ऐसी अंकुरित हुई कि जो दिन-प्रतिदिन बढती ही गई और अन्त तक मिष्ट फल देती रही। आज वह उच्चात्मा संसार से उठ गया। जिनकी गुणगाथाएं भारत के भक्तजन प्रत्येक ग्राम-नगरमें गा रहे हैं। उनका संसार से प्रस्थान करना मानों जैन समाजका एक प्रतापपुञ्ज का बिखरना है। उनके स्वर्गस्थ होने से हमारे आत्मामें जो समवेदना हो रही है, इसे हम किन शब्दोंमें व्यक्त करें? शासनदेव ऐसे प्रभाविक उद्योतक शासनभक्तों को इस भूमिमंडल में पुनः पुनः अवतीर्ण करें, यही हमारी अन्तरंग अभ्यर्थना है। हमारा उनका यह असह्य वियोग पुनः भवांतरमें संयोग रूपसे परिणत होकर हमारे संतप्त हृदयोंको शांतिप्रद हो, यह मनः कामना है॥[1]

कार्तिक शुदि १०

विजयवल्लभसूरि : सादडी (मारवाड)

—*—

## ભાવનગરના મહારાજા અને મદ્રાસના ગવર્નર શ્રીકૃષ્ણકુમારસિંહજી (કે. સી. એસ. આઈ.)નો સંદેશો

નીલમ બાગ પેલેસ,
ભાવનગર.

સૂરિસમ્રાટ્ આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજીનો સ્વર્ગવાસ દીવાળીના રોજ મહુવા મુકામે થયાના સમાચાર જાણી મને ઘણી દિલગીરી થઈ. સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના પરિચયમાં હું બે ત્રણ વખત આવ્યો હતો. કદંબગિરિના તીર્થમાં મહારાજશ્રીને હું એક વખત મળ્યો હતો. કદંબગિરિમાં મહારાજશ્રીના ઉપદેશથી બંધાયેલ દેરાસરો જોઈ મને ઘણો આનંદ થયો હતો. બીજે એક પ્રસંગે બોટાદ શહેરમાં મહારાજશ્રીના દર્શન કરવાનો મને લાભ મળ્યો હતો. મહારાજશ્રીની અપૂર્વ વિદ્વત્તા, શુદ્ધ ચારિત્ર્ય, પ્રખર વ્યાખ્યાન શૈલી અને સર્વધર્મ પ્રત્યે સમભાવના જોઈ તેમના તરફ માન થયા સિવાય રહે નહિ.

આવા પ્રભાવશાળી ધર્મોપદેશક ભાવનગર રાજ્યમાં જન્મ્યા હતા, ભાવનગર રાજ્યમાં આચાર્ય પદવીને પામ્યા હતા અને ભાવનગર રાજ્યમાં જ સ્વર્ગવાસ પામ્યા હતા તે મને એક ગૌરવનો વિષય છે.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો અમર આત્મા ચિરસ્થાયી શાન્તિ ભોગવે એવી પ્રભુ પાસે મારી પ્રાર્થના છે.

— કૃષ્ણકુમારસિંહ

—*—

૧. જૈનધર્મ પ્રકાશ– સં. ૨૦૦૬, કાર્તિકના અંકમાંથી ઉદ્ધૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## બાલુચર સ્ટેટના મહારાજા શ્રી બહાદુરસિંહજીનો સંદેશો

તા. ૧-૧૧-૪૯

આચાર્ય મહારાજ શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજ,

મુ : મહુવા-

માહારાજ બાહાદુરસિંઘકા બોહત વંદના અવધારિયે ।।

ટેલિગ્રામ આપકા મિલા. પઢકે બોહત દુઃખ ભયા. આચાર્ય માહારાજ વિજયનેમિસૂરિજી માહારાજ સાહબકે સ્વર્ગવાસ હોને સે જૈનસમાજકા બોહોત નુકશાન ભયા. ઇસ સમય ઉનકે રહને સે જૈન કોમકા બોહોત ફાયદા થા–અબ ઉનકા [1]જગ્યે આપ પૂરન કરને સે બોહોત ખુશી. ઔર સારા જૈન કોમકા હિત હોયગા. તો ધર્મકા ઉન્નતિ હોયગા.

હમરે લાયક સેવા ચાકરી ફરમાઈએગા.

વિનીત

માહારાજ બાહાદુરસિંઘ–

—*—

## વલભીપુરના ઠાકોર સાહેબ શ્રી ગંભીરસિંહજીનો હજૂર હુકમ

નં– ૧ સને– ૧૯૪૯–૫૦

તીર્થસ્વરૂપ સૂરિચક્રચક્રવર્તી શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળી અમને અને અમારા રાજકુટુંબને બહુ જ આઘાત થયેલ છે. પૂજ્યપાદ આચાર્યશ્રીનો ધર્મપ્રેમ અમારા રાજકુટુંબ પ્રત્યે તેમ જ વલભીપુરની પ્રજા પ્રત્યે અદ્ભુત હતો. પ્રાતઃસ્મરણીય મહારાજશ્રીની ખોટ અમોને અને જૈન શાસનમેં કદી પૂરી થઈ શકે તેમ નથી.

આજના નવા વર્ષની કચેરી પૂજ્ય આચાર્યશ્રીના માનમાં બંધ રાખવાનું ફરમાવવામાં આવે છે.

આ ઠરાવની નકલ પૂજ્યશ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રી, શ્રીમહાલકારી, શ્રીપોલીસ સબ ઈન્સ્પેકટર, શ્રી વલભીપુર મ્યુનિસિપાલિટીના પ્રમુખશ્રી અને શ્રીજૈન સંઘ વલભીપુર તરફ જાણ થવા માટે મોકલવી.

વલભીપુર — ગંભીરસિંહજી વ. ગોહિલ

તા. ૨૨–૧૦–૧૯૪૯ — ઠાકોર સાહેબ– સં. વળા

જાણ થવા પૂજ્યશ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રી તરફ વંદન સાથે રવાના. તા. ૨૨–૧૦–૧૯૪૯. વલભીપુર.

પ્રાઈવેટ સેક્રેટરી

—*—

૧. એમનું સ્થાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રાજકુમાર શ્રી જસવંતસિંહજી (વળા)નો પત્ર

તા. ૨૯–૧૦–૪૯
વળા

પરમપૂજ્ય ઉદયસૂરીશ્વરજી અને નંદનસૂરીશ્વરજી મહારાજ,

પ્રાતઃસ્મરણીય તીર્થસ્વરૂપ મહારાજશ્રીના કાળધર્મ પામ્યાના સમાચાર દિવાળીની રાત્રે મળતાં અમને સૌને ઘણો જ આઘાત લાગ્યો હતો. હું આપને વહેલા લખત, પણ દિ. બા. દાદાસાહેબને કાળી ચતુર્દશીથી તાવ શરૂ થયો તે તા. ૨૪ મીએ ઉતર્યો. એટલે એક તો તે ઉપાધિ હતી, તેમાં પૂજ્ય મહારાજશ્રીની તબિયત ખરાબના સમાચાર સાંભળ્યા એટલે આંહીં ઉલ્હાસ જેવું રાજ્યકુટુંબના માટે રહ્યું જ ન હતું. પરમપૂજ્ય મહારાજશ્રીનો ધર્મપ્રેમ અમારા—દિ. બા. દાદા અને મારી ઉપર કેટલો હતો, તે ભાગ્યે જ કોઈથી અજાણ્યો હશે. વલભીપુરની અંદર છેલ્લું ચોમાસું અમારા આગ્રહથી જ પોતે કબુલ કરેલું. વલભીપુર નામ ફરીને વળાને આપવાનો પણ બોધ પોતાનો જ હતો. છેલ્લી વખતે મહેલાતમાં પધરામણી કરી, અમને સૌને વાસક્ષેપ આપ્યો. તે રાજ્યકુટુંબ પ્રત્યેનો પ્રેમ દેખાડી આપે છે. દિ. બા. દાદાની તબીયત સારી ન હતી. નહિતર કહેવાની જરૂર નથી. પણ અમે સ્મશાનયાત્રામાં પણ હોત, તેટલાં અમારા કમભાગ્ય કે તે ઈશ્વરી આત્માના છેલ્લા દર્શન ન થઈ શકયા. પણ દિ. બા. દાદા અને મને સંપૂર્ણ હૃદયથી ખાત્રી છે કે અમારા જીવનના દરેક કાર્યોમાં પોતાની અમારા ઉપર દષ્ટિ હતી અને હશે. અને તેમના આશીષ વર્ષતા અને વર્ષશે.

લિ. આપનો
રાજકુમાર જસવંતસિંહજીના
વંદન

—*—

## શ્રી અનંતરાય પ્ર. પટ્ટણી (ભાવનગરના દિવાન)નો સંદેશો

સ્વ. આચાર્ય શ્રીવિજયનેમિસૂરિજી સંબંધી સંદેશ તો શું મોકલું ? હું એટલું જાણું છું કે–તેઓશ્રીના આશીર્વાદ અને પ્રેમ હું કદી ભૂલું તેમ નથી. મનુષ્ય જીવનમાં ધર્મ અને નીતિને પ્રથમ સ્થાન હોવું જોઈએ એવો બોધ તેઓશ્રી બધાંને આપતાં એ પણ એટલું જ યાદ રહેશે.

— અનંતરાય પ્રભાશંકર

—*—

## મહુવાના નગરશેઠનો સંદેશો

પૂજ્યપાદ મહારાજશ્રીનો મને જે પરિચય થયો છે, તે અંગે હું લેખ આપી દોરવણી આપી શકું તેમ મને લાગતું નથી. આટલું હું જાણું છું કે–તેઓ એક ચુસ્ત ધર્માનુરાગી તપસ્વી અને તત્ત્વજ્ઞ હતા. વ્યવહાર છોડયો છતાં વ્યાવહારિક રીતે ઉદ્ભવતા પ્રશ્નોનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદર તોડ કાઢી શકતા, સંગઠન સાધી શકતા, અને બીજાને શાસક તરીકે પૂજ્યભાવ ઉત્પન્ન કરી દોરી શકતા હતા. અત્યારની પ્રવૃત્તિમાં એમને રસ નહોતો. અમારા મહુવાના ભાવી ઇતિહાસમાં મહાન ધર્મગુરુ તરીકે તેમનું સ્થાન અમર છે.

હરિલાલ મોનદાસ—નગરશેઠ, મહુવા.

—*—

## શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાનો પત્ર

૨૫–૧૦–૪૯

અનેક ગુણાલંકૃત—વિજય ઉદયસૂરિ મહારાજ આદિ પરિવારની પવિત્ર સેવામાં—શ્રી મહુવા.

આપનો તાર મળ્યો. તે વાંચ્યા પહેલાં બે દિવસથી સમાચાર મળી ગયા હતા. વિજયનેમિસૂરિ સમાધિમાં કાળધર્મ પામ્યા તે વાંચી ખિન્નતા થઈ. તેઓ ખરેખર ગુણવાન્ જૈન મુનિ હતા. હું તો તેમના પરિચયમાં દીક્ષાદિનથી આવ્યો હતો. અને તેઓની મારા પર ખાસ કૃપા હતી. તેઓ જેવા ગુણવાન્ સાધુની આજે ખાસ જરૂર હતી. તેમનું શાંત સ્થાન લે તેવું અત્યારે કોઈ સૂઝતું નથી. આપે તો યથાશક્તિ તેમને આપ્યું અને નિઝામણા કરી જીવન કૃતાર્થ કર્યું છે. જૈન કોમના અત્યારના અણરંગી મુદ્દાઓમાં તેમની સલાહની જરૂર હતી. તેઓ બાળબ્રહ્મચારી, સદૈવ જ્વલંત અને પ્રાયે નિષ્પક્ષપાતી હતા. તેમના આત્માને શાંતિ મળે એવું હું અંતરંગથી ઇચ્છું છું. સર્વ મુનિરાજોને વંદણા.

સેવક

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆની
વંદણા વાંચશોજી

## વર્તમાનપત્રોમાંથી તારવેલું

(જય હિંદ, તા. ૨૮–૧૦–૪૯)

# આચાર્ય સમ્રાટ્ વિજયનેમિસૂરીશ્વરજીની અંતિમ યાત્રા

### સ્મશાનયાત્રાને મળેલું અભૂતપૂર્વ માન

મહુવા તા. ૨૭

તહેવારોમાં મહાન તહેવાર દીવાળીની રાત્રે, આચાર્યોમાં મહાન્ આચાર્ય સૂરિસમ્રાટ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યાના સમાચારો ગામમાં વાયુવેગે ફરી વળતાં હજારો માણસો તેમના દર્શન માટે ઉતરી પડયા હતાં. રાતથી તે સવાર સુધી સૌરાષ્ટ્રના જુદા જુદા શહેરોમાંથી તેમજ મુંબઈમાંથી સંખ્યાબંધ તારો શોકપ્રદર્શનના ઉતરી પડયા હતા.

ભાવનગરથી સ્પેશિયલ પેસેન્જર ટ્રોલીમાં તેમના ભક્તો આવી પહોંચ્યા હતા. સ્મશાનયાત્રા સવારના ૯–૩૦ કલાકે નીકળી હતી. તેમાં જૈનો તેમજ જૈનેતર જનતાની હાજરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હજારોની સંખ્યામાં હતી. તેમની પાલખીને આખા શહેરમાં ફેરવવામાં આવી હતી. અને મહુવા જૈન બાળાશ્રમની બાજુની એક સુંદર શાંત જગ્યાએ અગ્નિસંસ્કાર આપ્યો હતો.

## તેમના માનમાં કામકાજ બંધ

બેસતા વર્ષનો શુભ તહેવાર હોવા છતાં આ મહાન્ આત્માના માનમાં બધા કામકાજો બંધ રાખવામાં આવ્યા હતા. મહારાજશ્રીનો જન્મદિવસ કારતક શુદ ૧ નો હતો. તેઓ કાળધર્મ પામ્યા તે દિવસે તેઓશ્રીને ૭૭ વર્ષ પુરા થતા હતા. તેમનો જે શહેરમાં જન્મ થયો, તે જ શહેરમાં તેઓ નિર્વાણ પામ્યા. તેમની પવિત્ર ભસ્મને દરિયામાં પધરાવવામાં આવી છે.

## શોકસભા

સાંજના ચાર વાગે તેમના માનમાં શોકસભા રાખવામાં આવી હતી. તેમના જીવન વિષેના મહાન્ પ્રસંગો યાદ કરી તેમના મહાન્ આત્માને અંજલિ અર્પવામાં આવી હતી. શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

—*—

(સંદેશ તા. ૨૫-૧૦-૪૯)

## જૈનાચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ

અમદાવાદ, સોમવાર.

મહાન જૈનાચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીએ આસો વદ અમાસ દિવાળી પર્વને દિવસે સાંજના સાત વાગે મહુવા મુકામે સમાધિપૂર્વક સ્વર્ગારોહણ કર્યું છે.

અમદાવાદ જૈન સંઘની સભા આચાર્યશ્રીના અવસાન અંગે પ્રસ્તાવ કરવા આજે સવારે મળી હતી, અને તેમાં ઠરાવ કરી જૈન શાસનના સ્થંભરૂપ, અનેક તીર્થોદ્ધારક, ષડ્શાસ્ત્ર વિશારદ, આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીનું સ્વર્ગારોહણ થયું તેથી જગતને એક મહાન્ આધ્યાત્મિક આત્માની ખોટ પડી છે, એમ જણાવી આવા અનેક ઉચ્ચ ચારિત્ર્યવાળા અને શાસનના સેવકો અવિચ્છિન્ન પ્રભાવશાળી વીતરાગ શાસનમાં પ્રગટ થાઓ એવી પ્રાર્થના કરી હતી.

સ્વર્ગસ્થ આચાર્યના માનમાં આજે શહેરના તમામ બજારો બંધ રહ્યા હતા, અને કાલે મંગળવારે પણ બંધ રહેનાર છે.

( વર્તમાન તા. ૨૫-૧૦-૪૯ )

## આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના દેહોત્સર્ગ અંગે અમદાવાદ જૈન સંઘની અંજલિ

અમદાવાદ, સોમવાર.

જૈન શાસનના જાણીતા આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રી ૭૭ વર્ષની વયે મહુવા મુકામે સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા છે, તે બદલ આજે સંઘપતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઈએ સકળ સંઘની સભા બોલાવી હતી. તે વખતે કરવામાં આવેલ ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે આવા અનેક ઉચ્ચ ચારિત્ર્યવાળા અને શાસનના સેવકો વીતરાગ શાસનમાં થાઓ અને શાસનને જળહળતું બનાવો.

શ્રી વિજયનેમિસૂરીશ્વરજીનો જન્મ સૌરાષ્ટ્રમાં મહુવામાં વિક્રમ સંવત્ ૧૯૨૯માં થયો હતો. સત્તર વરસની નાની વયે તેમણે સંસારત્યાગ કર્યો અને ૩૫ વર્ષની વયે તેમને આચાર્યપદ અપાયું. તેઓ સર્વત્ર બહુ પંકાયેલા હતા. અખંડ બ્રહ્મતેજ, અપૂર્વ પ્રતિભા, તેમજ શાસનસેવાની ધગશના કારણે તેઓ જૈન જગતમાં 'સૂરિસમ્રાટ્'ના ગૌરવવંતા નામથી ઓળખાય છે. તેમનો જન્મ ૧૯૨૯ના કાર્તક સુદ ૧ ને શનિવાર તથા અગ્નિદાહ ૨૦૦૬ ના કાર્તક સુદ ૧ ને શનિવારે મહુવામાં જ થયો. આ જન્મ અને મૃત્યુના સમય અને સ્થળનો સંવાદ વિરલ છે.

—*—

(મુંબઈ સમાચાર, તા. ૧૦–૧૧–૪૯)

મુંબઈ તા. ૯ મી નવેંબર

**જૈનાચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સ્વર્ગારોહણથી સકળ જૈન સંઘને પડેલી ખોટ બદલ દિલગીરી બતાવવા માટે આજે મુંબઈના જૈનોની શોકસભા શ્રીનમિનાથજી મહારાજ દેરાસરજીના ઉપાશ્રયમાં મળી હતી.**

આ સભા મુંબઈની ૫૮ સંસ્થાઓ તરફથી બોલાવવામાં આવી હતી. અને તેમાં મુંબઈના જુદા જુદા ઉપાશ્રયોમાં બિરાજતા જૈનાચાર્યોએ હાજરી આપી હતી.

સભામાં શેઠ ફુલચંદ શામજી, શેઠ મોહનલાલ દીપચંદ ચોકસી, શેઠ શાંતિલાલ મગનલાલ શાહ, શેઠ દીપચંદ શાહ, શેઠ વરધીલાલ વમળશી, શેઠ મગનલાલ મૂળચંદ, શેઠ દામજી જેઠાભાઈ શાહ વગેરેએ હાજરી આપી હતી.

## મહાન ખોટ

શરૂઆતમાં શેઠ ફુલચંદ શામજીભાઈએ જણાવ્યું હતું કે : પૂજ્યપાદ શ્રી વિજયનેમિસૂરિજી કાળધર્મ પામવાથી જૈનસંઘને મહાન્ ખોટ પડી છે, જૈનસંઘ પર તેમનું અપૂર્વ વર્ચસ્વ હતું. અને તેમણે જૈન તીર્થો તથા શાસનની બજાવેલી સેવા જૈન તવારીખમાં સુવર્ણાક્ષરે કોતરાઈ જશે.

## એકતાના પ્રખર હિમાયતી

શેઠ શાંતિલાલ મગનલાલ શાહે જણાવ્યું હતું કે—આજે જ્યારે તેમની જરૂર હતી ત્યારે જ તેઓ કાળધર્મ પામ્યા છે. તેથી આપણને ઘણું દુઃખ થાય છે. આજે જૈન ધર્મ પર પ્રહારો થઈ રહ્યા છે ત્યારે આવા એકતાના હિમાયતી મહાન આચાર્યની હયાતી આપણને માર્ગદર્શક થઈ પડત.

તેમણે જણાવ્યું હતું કે—શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સંગઠનપ્રેમી હતા. એ એમના જીવનનું ધ્યેય હતું. આપણે એમના સ્મારકરૂપે સંગઠિત થઈએ એમ હું ઈચ્છું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ મગનલાલ મૂળચંદે શ્રી વિજયનેમિસૂરીશ્વરજીને અંજલિ અર્પતાં જણાવ્યું હતું કે— તેઓ જીવનની છેલ્લી ઘડી સુધી જૈનસંઘ તેમજ સાધુ સમાજની એકતા માટે ઝઝુમ્યા હતા.

## પહેલી હરોળમાં મોખરાનું સ્થાન

શ્રી મણીલાલ મોહનલાલ પાદરાકરે જણાવ્યું હતું કે- ભારતભરમાં જૈન ધર્મ માટે સર્વ કાંઈ કરી છૂટનાર જૈનાચાર્યોની હરોળમાં સદ્દગત સૂરિસમ્રાટ્નું નામ મોખરે આવે છે.

તેમણે જણાવ્યું હતું કે—આજે આપણા પૂજ્ય મુનિવરોને ભીખ માગવાનો અને ગળે પાટીયું બાંધવાનો વખત આવ્યો છે. પણ જો સૂરિસમ્રાટ્ હયાત હોત તો તેઓ કહેત કે—બધાં જેલમાં જાવ અને ત્યાં નવકાર મંત્ર ગણો....હું આ કલ્પનાથી કહું છું.

## કદંબગિરિ તીર્થ

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ જણાવ્યું હતું કે—શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે તીર્થરક્ષા માટે બજાવેલી સેવા અનુપમ છે. તેમણે કદંબગિરિ તીર્થ એવા સ્થાનમાં મૂક્યું છે કે સિદ્ધક્ષેત્રની યાત્રાએ જનાર તેના દર્શન કર્યા વિના રહે નહિ.

તેમણે સૂચના કરી હતી કે—આપણે આપણાં તીર્થો-કળાધામો વગેરે જગત્ આગળ મૂકીએ તો જગત્ જૈન ધર્મ શું છે તે જાણી શકશે.

તેમણે જણાવ્યું હતું કે—આપણે સદ્દગતનું એવું સ્મારક ઘડવું કે જેની ભવિષ્યમાં ઇતિહાસકારને નોંધ લેવી પડે.

## લાખોના લાડીલા

મુનિશ્રી કાન્તિસાગરજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે—શ્રી વિજયનેમિસૂરીશ્વરજીમાં અદ્દભુત હૃદયબળ હતું. અને એથી તેઓ લાખોના હૃદયમાં સ્થાન ધરાવતા હતા.

## કાપરડા તીર્થ

મુનિશ્રી ગુલાબમુનિએ જણાવ્યું હતું કે—શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે મારવાડમાં કાપરડા તીર્થનો જીર્ણોદ્ધાર કરાવીને જૈન તેમજ જૈનેતરોમાં અપૂર્વ નામના મેળવી છે. એક વખત એવો હતો કે—કાપરડાના દેરાસરજીમાં આશાતનાઓ થતી હતી. ભૈરવજીની મૂર્તિ આગળ સેંકડો બકરાઓનો વધ કરવામાં આવતો. લોહી છંટાતા હતા. પણ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજે જ્યારે આ નજરોનજર જોયું ત્યારે તેમનું દિલ હચમચી ઉઠયું હતું. તેમણે વિરોધીઓને પ્રેમથી જીતી લઈને દેરાસરજીમાંથી ભૈરવજીની મૂર્તિ બહાર કઢાવી અને આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

## જૈનસંઘનું બહુમાન કર્યું

પંન્યાસજી ભાનુવિજયજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે—આજે શાસનને એક મહાન્ સિતારાની ખોટ પડી છે. એથી આપણે શોકમગ્ન થઈ ગયા છીએ. પણ શોકને અદા કર્યો ત્યારે જ કહેવાય કે જ્યારે આપણે શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની ઉત્તમ કરણીઓ-આદર્શો વગેરે અપનાવી લઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય શ્રીવિજય લક્ષ્મણસૂરિ મહારાજ સાહેબે જણાવ્યું હતું કે—હીરવિજય મ. પછી કોઈ મહાન્ જૈનાચાર્ય થયા હોય તો તે વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજ હતા. તે પછી વિજયકમળસૂરીશ્વરજી અને ત્યાર પછીના આચાર્ય હોય તો શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ છે.

## શોક ઠરાવ

શેઠ દામજીભાઈ જેઠાભાઈએ નીચેનો શોક ઠરાવ રજૂ કર્યો હતો.

"જૈન ધર્મસિદ્ધાંતપ્રવીણ, પ્રખર વિદ્વાન્, સચ્ચારિત્રની જ્વલંત પ્રતિમાસ્વરૂપ, શાસન પ્રભાવક, પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના મહુવા મુકામે સંવત્ ૨૦૦૫ ની દીપોત્સવીના દિવસે થયેલા સ્વર્ગારોહણથી જૈનસંઘ મહાન્ ખોટ અનુભવે છે. જૈન શાસન અને તીર્થોના રક્ષણ તથા ઉદ્ધારાર્થે તેઓશ્રીની અર્ધ શતાબ્દી પર્યન્તની અખંડ અને અણમોલ સેવાઓ આદર્શ માર્ગદર્શનીય, અનુકરણીય અને સદૈવ પ્રેરણા સ્વરૂપ બની રહે એમ મુંબઈના જૈનોની આ જાહેર સભા ઈચ્છે છે, અને સૂરીશ્વરજીના વિરહ પરત્વે ખેદ પ્રગટ કરે છે."

આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજે ઉપસંહારમાં શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને અંજલિ આપી હતી.

ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. બાદ સભા વિસર્જન થઈ હતી.

—*—

(શાસન સુધાકર તા. ૧૯–૧૧–૪૯)

# પૂ. આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વર મહારાજાનો સ્વર્ગવાસ.

### જૈન સમાજે ગુમાવેલ શાસન સ્તંભ—એ ભવ્યમૂર્તિ હવે ક્યાં મળે ? એ પ્રભુતામયી સ્થાન હવે કોણ પૂરશે ?

(તંત્રીસ્થાનેથી)

જૈન સમાજ પૂ. સૂરિસમ્રાટ્ આચાર્ય દેવેશશ્રીની હયાતિથી પોતાને છત્રવાન માનવામાં મગરૂર હતો. સમાજનું એ છત્ર ૨૦૦૫ની આસો વદ અમાસની કાળરાત્રિએ સાંજના સાત વાગે પોતાના ક્રૂર કરાળ પંજાથી ભરખી લીધું. સમાજનો સ્તંભ હણી લીધો ! શાસનનો થાંભલો જમીનદોસ્ત કર્યો ! સમાજને નિરાધારપ્રાયઃ બનાવી દીધો ! સમાજને હવે એ ભવ્ય મૂર્તિ ક્યાં મળે ? એ અદ્ભુત પ્રતિભાશાળી ભીમકાય ભવ્યમૂર્તિનું પ્રભુતામયી સ્થાન હવે કોણ પૂરશે ? સમાજને પૂ. શાસનસમ્રાટ્ના વિરહથી કદી ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓ શ્રીમદ્ કાળધર્મ પામ્યાના દુઃખદ સમાચારો શ્રીમહુવા સંઘે સાડી સાતસો તારો કરીને સ્થાને સ્થાને પહોંચાડ્યા હતા. આજે તો એ સમાચાર દરેક પેપરોમાં ઝણઝણી રહ્યા છે.

પાલિતાણા ખાતે અનેક સ્થળે તે દુઃખદ સમાચારના તારો આવતાં શ્રી પાલિતાણા સંઘના નાના મોટા ૮૦ ભાઈઓ કા. શુ. ૧ ની સવારે દસ બજે બે મોટર ખટારા દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહુવા પહોંચી ગયેલ. આ મુજબ ભાવનગરથી પણ ટ્રોલી દ્વારા ૩૦ ભાઈઓ, કુંડલાથી ૩૦ ભાઈઓનો એક ખટારો, ત્રાપજ, તલાજા અને દાઠાથી વીસ–વીસ ભાઈઓનો એક ખટારો, બુંટવડાથી વીસેક ભાઈઓ, જેસર અને ઠળીયાથી કેટલાક ભાઈઓ, વઢવાણ અને બોટાદથી ટ્રેન મારફત ૨૦ થી ૨૫ ભાઈઓ વગેરે મળી બહારગામથી કુલ ૨૫૦ થી ૩૦૦ માણસ સ્મશાન યાત્રામાં જોડાવાની ભાવનાએ મહુવા દોડેલ, પણ તે દરેક મોડા પડવાના યોગે છેલ્લા લાભથી પણ વંચિત રહેવા બદલ ગમગીન બનેલ. પૂજ્યશ્રીના કાલધર્મથી શોકાતુર બનેલા મહુવાના ખાટકીઓએ પણ સામેથી આવીને તે દિવસે કસાઈખાના બંધ રાખવાની મુરાદ બતાવેલ અને બંધ રાખેલ.

પૂજ્યશ્રીની સ્મશાનયાત્રા કા. શુ. ૧ ની સવારે ૯–૩૫ મિનિટે નીકળેલ. સ્મશાનયાત્રામાં આખાયે શહેરની હિંદુ–મુસ્લીમ વગેરે બધી જ પ્રજાએ સખત હડતાળ પાળીને હજારોની સંખ્યામાં ભાગ લીધેલ. સુંદરતર પાલખીમાં પધરાવેલ પૂ. આચાર્ય દેવેશશ્રીના મૃતદેહને નીરખી નીરખીને રસ્તામાં મુસલમાનો પણ રડી પડેલ. પાલખી પાછળ જૈનોએ તો છૂટથી નાણું–લાડુ વગેરે ઉછાળેલ. પરંતુ અન્ય વર્ણોએ પણ કેળાં વગેરે ફ્રૂટો ઉછાળેલ. અગાઉથી નિયત કર્યા મુજબ બાલાશ્રમના મકાનની જોડેની જુની મહાજનની જગ્યાએ પાલખી ફરીને બાર વાગે આવેલ. અને ત્રીસ મણ એકઠી થયેલ સુખડથી પૂજ્યશ્રીના પુણ્યદેહનો ૧૨ ને ચાલીસે તે જગ્યામાં અગ્નિસંસ્કાર થયેલ.

પૂજ્યશ્રીના પુણ્ય દેહને ખાંધે લેવાનો અને અગ્નિસંસ્કાર કરવાનો હક્ક શ્રીસંઘે ઉદારતાથી પૂજ્યશ્રીના સંસારી બંધુ વગડા બાલચંદભાઈના સુપુત્રો આદિ કુટુંબીજનોને જ આપ્યો હતો. અગ્નિસંસ્કાર થતાં જનતા ચોધાર આંસુએ રડેલ. આ પ્રસંગે જીવદયાની ટીપ પણ સારી થયેલ. કુંડલા સંઘે જ રૂ. ૨૦૦) ભરાવેલ.

પ્રથમ દિવસે આખાયે શહેરમાં અને બીજા દિવસે સમસ્ત જૈનોએ સખત હડતાલ પાડેલ. તલાજા, દાઠા, ઠળીયા પણ હડતાલ રહેલ. પૂ. આચાર્ય દેવેશશ્રીના પુણ્યદેહ પરથી કોઈને એક કપડું તો નહિ, પણ કપડાનો ટુકડો પણ નહિ લેવા દેવાનો સખત બંદોબસ્ત હોઈને ચેમાં તે પુણ્યદેહને પાલખી સહિત અગ્નિસંસ્કાર કરવામાં આવેલ. સાંજના સાત બજે તે પુણ્યદેહ સર્વતઃ ખાખ થઈ જવા પામી સમાજની આંખેથી સદાને માટે નષ્ટ થયો. અનેક ગામોએ તે બદલ શોકસભાઓ ભરી અને દીલગીરીના તારો કર્યા.

પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્યદેવ વિજયનંદનસૂરીશ્વરજી મ. ને આ તારક ગુરૂદેવના હૃદયફાટ વિરહદુઃખથી મુખાકૃતિ પર પ્રસરેલી શોકછાયાનું યત્કિંચિત્ પણ સ્વરૂપ કલમમાં ઉતારવા અશક્ત છીએ. તેઓશ્રીની નિશ્રામાં શ્રીચતુર્વિધ સંઘે કરેલ દેવવંદન વખતે પૂ. ઉદયસૂરીશ્વરજી મહારાજાએ જે ગદ્ગદ્ સ્વરે શાંતિ કહેલ તે ઉપરથી એ વિરહ–દુઃખ અકથ્ય હતું, એમ સકળ સંઘને જણાઈ આવતું હતું.

પાલિતાણા ખાતે મોતી કડીયાની મેડીમાં પૂ. મુનિ શ્રીમંગળવિજયજી મહારાજ, પૂ. મુનિ શ્રી અમરવિજયજી મહારાજ, તથા પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજ આદિ સાધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજા, સાધ્વી મહારાજો અને શ્રાવક–શ્રાવિકાઓ મળી ચતુર્વિધ સંઘે શોકાતુર દિલે દેવવંદન કરેલ. સંઘ તરફથી વેપાર બંધ રાખવાનું ફરમાન છૂટેલ. મોટી ટોળી સંઘે અઠ્ઠાઈ મહોત્સવ નિમિત્તે રૂ. સાતસોની ટીપ કરેલ. મોતી કડીયાની મેડીમાં કા. શુ. ૧૦ થી અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થએલ છે. પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજા જેવા અતિ પ્રૌઢ, અતિ અનુભવી અને મહાન્ મુત્સદ્દી આચાર્યસમ્રાટ્‌ના વિરહથી સમાજને જે ખોટ પડી છે, તે પુરાવી મુશ્કેલ છે. પૂજ્યશ્રીના પુણ્યાત્માની શાંતિ સાથે અમો પૂજ્યશ્રીના પરિવારમાંના દરેક પૂજ્ય આચાર્યભગવંતો–સાધ્વીજી મહારાજો તેમજ શ્રાવક–શ્રાવિકા ગણને આથી ઊંડી લાગણીભર્યો હૃદયંગમ દિલાસો પાઠવીએ છીએ.

પૂજ્યશ્રીના અવસાન નિમિત્તે શ્રીમહુવા સંઘે મહાન્ અઠ્ઠાઈ ઓચ્છવ કરવાનું તથા બૃહત્ શાંતિસ્નાત્ર ભણાવવાનું નક્કી કરેલ. કા. શુ. ૬ થી જ અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયેલ છે. પૂજ્ય આચાર્યદેવેશશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણા કાર્તિક વદ સાતમના રોજ મહુવાથી વિહાર કરી કદંબગિરિ પધારવાના છે. અને ત્યાં હાલ કેટલોક સમય સ્થિરતા કરશે.

—*—


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ—૨

## પરમપૂજ્ય શાસનસમ્રાટ્ આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજીનું જીવન : જ્યોતિપશાસ્ત્રની દૃષ્ટિએ

લેખક—**અમૃતલાલ લક્ષ્મીચંદ શાહ**

ગણિતાલંકાર, જ્યોતિષદિનમણિ, મુહૂર્ત દિવાકર, જ્યોતિષાલંકાર.




'જન્મ કુંડલી'

પરમપૂજ્ય શાસનસમ્રાટ્ આચાર્યદેવ શ્રીવિજયનેમિસૂરીશ્વરજીનો જન્મ સૌરાષ્ટ્રમાં મહુવા શહેરમાં વિક્રમ સંવત્ ૧૯૨૯, શાલિવાહન શકે ૧૭૯૪ ના કારતક શુદી પ્રતિપદા શનિવાર તા. ૨ જી નવેંબર ૧૮૭૨ના દિવસે સ્થાનિક સૂર્યોદયથી ઈષ્ટ ઘડી ઘ. ૨૦–પ. ૧૫ સમયે જન્મ થયો હતો. તે સમયે હાલમાં ચાલતા ભારત સ્ટા. ટા.નું અસ્તિત્વ નહોતું, એટલે કલાક–મિનિટમાં ગણતાં જન્મનો સ્થાનિક સમય બપોરે ક. ૨–મિ. ૧૩, અને તેને હાલમાં ચાલતા સ્ટા. ટા. માં ફેરવતાં તેમનો જન્મ સમય બપોરે ક. ૦૨–મિ. ૫૬ હતો. તે મુજબ તેમની કુન્ડલી તથા સ્પષ્ટ ગ્રહો અત્રે આપેલ છે.

જન્મ લગ્ન કુંભ રાશિનું ૧૯ મા અંશનું આવે છે. કુંભ રાશિનું સ્વરૂપ ખભે ઘડો લીધેલા પુરુષનું છે, મનુષ્ય રાશિ છે, સ્થિર સ્વભાવની છે, તે અનુસાર આ રાશિનું લગ્ન સારી મગજશક્તિ–ભાષા, શાસ્ત્ર, અને કળાઓનો શોખ, મજબૂત મનોબળ, દૃઢ અભિપ્રાય, સ્થિર, ગંભીર, ખંત અને એકનિશ્ચયપણું આપે છે. તેઓ ખુલ્લા દિલના, દયાળુ, વિશ્વાસુ, આનંદી, સારી યાદદાસ્તવાળા, વિદ્વાન્ અનેક શાસ્ત્રોના જ્ઞાતા, છટાદાર ભાષણકર્તા, તત્ત્વજ્ઞાની, અને સહનશીલ અને ધૈર્યવાન બને. આ લગ્નનો અધિપતિ શનિ હોઈ તે ભૌતિક સુખો માટે બહુ અનુકૂળ બનતો હોતો નથી; કુંભ લગ્નનો ૧૯મો અંશ ઉદય પામતો હોઈ બહુશ્રુત, વિશાળ વાંચન, તીક્ષ્ણ બુદ્ધિપ્રભા, અને ભગવાન પ્રેરિત જ્ઞાન આપનાર બનતો હોઈ દિવ્યજ્ઞાનમાં સારી સફળતા મેળવે.

લગ્નેશ શનિ હોઈ ગંભીર, વિચારવંત અને સ્વસ્થ સ્વભાવ આપે, જાત પર કાબુ રાખનાર, સમજુ અને સાવધ બને. કાર્યો તથા માણસોની વ્યવસ્થા સારી રીતે કરી શકે. દીર્ઘદૃષ્ટિવાળી યોજનાઓ ઘડનાર અને તેને અમલમાં મૂકવાને લાંબો સમય ગાળનાર બને. આગ્રહ, જાત પરનો કાબુ, ડહાપણ, ધૈર્ય, જીતેંદ્રિયતા, અને સત્યાસત્યનો નિર્ણય કરવાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિ મળે. લગ્નેશ શનિ લાભસ્થાનમાં ગુરુની રાશિમાં અને લાભેશ ગુરુની દૃષ્ટિમાં રહેલો હોવાથી વિશાળ ક્ષેત્રમાં આગળ આવે. બહોળા મંડળમાં આગળ પડતું સ્થાન મેળવે અને જીવનની આશા–આકાંક્ષાઓ જીવનના ઉત્તરાર્ધમાં પૂર્ણ થાય.

જન્મ કુંડલીનું તૃતીય સ્થાન લખાણો, વાંચન, પ્રવાસ તથા ભ્રાતૃવર્ગનો નિર્દેશ કરે છે. આ સ્થાન પર સૂર્ય તથા ગુરુની દૃષ્ટિ છે. તૃતીયેશ મંગળ તૃતીય સ્થાનથી નવપંચમમાં ગુરુ સાથે રહેલો હોવાથી વિશાળ વાંચન અને ઘણું લેખન કાર્ય કરવામાં સફળતા મળે. પોતાની બુદ્ધિશક્તિ તથા કુદરતી ગુણોથી સમાજમાં અગ્રપદ મેળવે અને મોટા જનસમુદાય દ્વારા માન મળે.

જન્મકુંડલીનું ચોથું સ્થાન સુખ–વૈભવ, ઘર–જમીનનો નિર્દેશ કરે છે. આ સ્થાનમાં રાહુ છે તે સાંસારિક સુખો માટે અનુકૂળ બનતો નથી. સુખેશ શુક્ર દશમ કેન્દ્રમાં વૃશ્ચિક રાશિમાં ચંદ્ર–બુધ સાથે અને મંગળની દૃષ્ટિમાં રહેલો હોઈ દશમ સ્થાનમાં ચાર ગ્રહોની હાજરી અને પાંચમા મંગળની દૃષ્ટિ તેમજ મોક્ષકારક કેતુનું આ યોગમાં સાથે હોવું પ્રવ્રજ્યા યોગ દર્શાવે છે. તેથી સાંસારિક સુખોનો ત્યાગ અને ત્યાગી તરીકેના જીવનમાં ઉત્તમ સફળતા મળે. ચતુર્થ સ્થાનનો સ્વામી શુક્ર હોવાથી જીવનના પૂર્વાર્ધમાં સંસાર ત્યાગ કરવાનો યોગ બને, અને ત્યાગમાર્ગમાં દૈવી અનુકૂળતાને કારણે ઉત્તમ પ્રગતિ સાધી યશકીર્તિ મેળવે. જન્મ સમયે વિંશોત્તરી ગુરુ મહાદશા ૬ માસની બાકી છે. ત્યારબાદ ૧૯ વર્ષની શનિ મહાદશા શરૂ થાય છે. શનિ આ કુંડલી માટે લગ્નેશ તથા વ્યયેશ હોઈ લાભસ્થાનમાં શુભગ્રહ ગુરુની દૃષ્ટિમાં રહેલો હોવાથી આ મહાદશા પૂરી થતાં પહેલાં જ સંસાર ત્યાગ કરવાનો યોગ બને છે. સામાન્યપણે સોળમા વર્ષે ગુરુ જ્ઞાનમાં આગળ વધારવાનું બળ મેળવતો હોઈ દીક્ષાનો યોગ થાય.

જન્મકુંડલી પાંચમા સ્થાનમાં પૂર્વ પુણ્ય, વિદ્યા, બુદ્ધિ, સાહસ, સંતાન તથા શિષ્ય વિશે જોવાય છે. આ સ્થાન પર શનિની દૃષ્ટિ છે. શનિ ભોગને માટે અનુકૂળ નથી. પરંતુ ત્યાગને માટે અને સેવાને માટે ખૂબ જ અનુકૂળ બનતો હોવાથી તેમજ તે વ્યયેશ પણ હોવાથી દીક્ષા ગ્રહણ કર્યા બાદ વિદ્યાકારક બુધની મહાદશા આવતી હોવાથી વિદ્યાભ્યાસમાં સારી સફળતા મળે. બુધ એ દશમકેન્દ્રમાં રાજયોગકારક શુક્ર સાથે રહેલો હોવાથી આ સમય દરમ્યાન ત્યાગમાર્ગની ઉચ્ચ પદવી મળે. આ દશા પૂરી થતાં પહેલાં ઉચ્ચ કક્ષાનું માન, ઉપરાંત શિષ્ય સમુદાય પણ મળે. અને જનસમાજમાં અગ્રગણ્ય ધર્મગુરુ તરીકેનું સ્થાન મળે.

જન્મકુંડલીના સાતમા સ્થાનમાં લોકસંપર્ક, જનસમુદાય, તથા જાહેર જીવન વિશે જોવાય છે. અહીં સિંહ રાશિ છે. સિંહ રાશિ એ સૂર્યના આધિપત્યની રાજરાશિ હોઈ તેમાં સૂર્યના મિત્રગ્રહો ગુરુ તથા મંગળ રહેલા છે. ગુરુ આ કુંડલી માટે લાભેશ તથા કુટુંબેશ અને વાણીસ્થાનના અધિપતિ હોઈ તેમજ મંગળ પરાક્રમેશ તથા કર્મેશ હોઈ આ સ્થાનમાં આ બન્ને ગ્રહોની યુતિ રાજયોગકારક બનતી હોવાથી જનસમૂહની ધાર્મિક આગેવાની લેનાર, ધાર્મિક નેતા બને. ગુરુ જ્ઞાનનો કારક હોવાથી, જ્ઞાનના પ્રચાર માટેના ઘણાં પ્રકાશનો બહાર પાડવાનું તથા લખવાનું બને. અને જનસમૂહમાં ધાર્મિક જ્ઞાનનો પ્રચાર કરવામાં તેમજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનસમુદાયની ધાર્મિક શ્રદ્ધા અને ભક્તિ વધારવામાં અદ્વિતીય સફળતા મળે. જન્મકુંડલીનું(નો) આ ઉત્તમ પ્રકારનો યોગ જીવનમાં અણધારી સફળતાઓ આપી જ્ઞાનમાર્ગમાં બહુ આગળ લાવે. વિરોધીઓ પણ શરણે આવે. સિંહ રાશિનો ગુરુ શત્રુ પર વિજય અપાવનાર, મુત્સદ્દીગીરીભર્યા કાર્યોમાં સફળતા આપનાર, સારાસારનો નિર્ણય કરવાની શક્તિ આપનાર, અને ધાર્મિક કાર્યોમાં તેમજ જ્ઞાનમાર્ગમાં યશ આપનાર બને. જન્મકાળની પહેલી જ મહાદશા ગુરુની હોઈ જીવનમાં આ ગુરુ–મંગળનો યોગ ખૂબ જ યશદાયક બની રહે. આ કુંડલીમાં સપ્તમ કેંદ્રમાં રહેલો ગુરુ દશમકેંદ્રમાં રહેલા ચંદ્ર સાથે ગજકેસરી યોગ કરતો હોવાથી જેમ હાથીઓનો સમૂહ કેસરીસિંહને જોતાં ભાગી જાય તેમ વિરોધીઓ તથા અજ્ઞાનીઓનો સમૂહ તેમની હાજરી માત્રથી જ વેરવિખેર થઈ શરણે આવે અને તેમનું નેતૃત્વ સ્વીકારે. આ ગુરુના કારણે બુધની મહાદશા દરમ્યાન ૩૬ વર્ષની વય સુધીમાં જીવદયાના કાર્યો તથા પાઠશાળાઓની સ્થાપના થવા પામે.

આઠમા સ્થાનમાં આયુષ્ય, સંકટ વિષે જોવાય છે. મૃત્યુનો કારકગ્રહ શનિ છે, અને તે શનિ આ કુંડલીમાં પોતાના સ્થાન પર દૃષ્ટિ કરતો હોવાથી તેમજ બળવાન્ શુભગ્રહ ગુરુ કેન્દ્રમાં રહેલો હોવાથી દીર્ઘાયુષી બને અને લાંબુ આયુષ્ય ભોગવે. જીવનના ઉત્તરાર્ધમાં રાજાઓ તરફથી પણ માનસન્માન મળે.

નવમાં સ્થાનમાં ધર્મ, ભાગ્ય, ગુરુ, પિતા, પ્રવાસ, વિશે જોવાય છે. આ સ્થાનમાં સપ્તમેશ સૂર્ય નીચ બની રહેલો હોવાથી સાંસારિક ભાગીદારીનો નિષેધ સૂચવે છે. પરંતુ ધાર્મિક પ્રગતિને માટે તે ખૂબ જ અનુકૂળ બની રહે છે. ચલિતમાં ચંદ્ર-બુધ પણ આ સ્થાનમાં આવતા હોવાથી ધાર્મિક બાબતોનું ઉચ્ચ પ્રકારનું જ્ઞાન મળે અને ધાર્મિક પુસ્તકોના લેખન–પ્રકાશન મોટા પ્રમાણમાં કરવામાં સારી સફળતા મળે. ભાગ્યેશ શુક્ર દશમ કેન્દ્રમાં મોક્ષકારક કેતુ સાથે રહેલો હોવાથી આ જન્મમાં ત્યાગમાર્ગે આગળ વધી મોક્ષપ્રાપ્તિ માટેની સારી કમાઈનો સંચય આ જન્મમાં કરે કે જે હવે પછીના જન્મ માટે આ જન્મ કરતાં ઘણું ઉંચું સ્થાન પુનર્જન્મમાં આપે.

જન્મકુંડલીનું દશમું સ્થાન કર્તવ્ય, અધિકાર, માન, પ્રતિષ્ઠા, તથા કાર્યક્ષેત્રનો નિર્દેશ કરે છે. આ સ્થાનમાં વૃશ્ચિક રાશિમાં ચંદ્ર–બુધ–શુક્ર–કેતુ ચાર ગ્રહોની હાજરી તથા ગુરુની દૃષ્ટિ છે. શાસ્ત્રકાર કહે છે કે જે કોઈ પણ સ્થાનમાં ત્રણથી વધારે ગ્રહો રહેલા હોય તે સ્થાનની પુષ્ટિ કરે છે. આ સ્થાનમાંનો મોક્ષકારક કેતુ જીવનની મોક્ષમાર્ગ પ્રત્યે આગળ વધવાની પ્રવૃત્તિ તથા કાર્યક્ષેત્રનું સૂચન કરે છે. તે મુજબ ત્યાગમાર્ગ અને ધર્મક્ષેત્ર એ કાર્યક્ષેત્ર બને. કર્મેશ મંગળ સપ્તમકેંદ્રમાં ગુરુ સાથે રહી રાજયોગ કરતો હોવાથી તેમ જ નવમાંશમાં તે સ્વનવમાંશી થતો હોઈ ધાર્મિક ક્ષેત્રે જ માન–પ્રતિષ્ઠા, અધિકાર અને અગ્રપદ મળે. બીજાઓને ન મળ્યું હોય તેવું અદ્વિતીય માન કે પદવી મળે. અહીં આ સ્થાનમાં ચંદ્ર નીચ બને છે પરંતુ ચંદ્ર ષષ્ઠેશ છે. ષષ્ઠેશનું નીચ હોવું એ શુભ તત્ત્વ છે. તે રોગ, શત્રુ અને ઋણ પર વિજય અપાવનાર બને છે. ઉપરાંત ચંદ્ર નવમાંશમાં સ્વનવમાંશી બનતો હોઈ તેનું નીચત્વ ઓછું થવા પામે છે. આ કુંડલીના બે મહત્ત્વના યોગો સપ્તમ અને કર્મસ્થાનરૂપી બે મહત્ત્વના કેંદ્રમાં થતા હોવાથી દૈવીકૃપાથી જીવનમાં ઓછી મહેનતે વધારે યશ અને સફળતા મળે. સમાજમાં પ્રવર્તતા મતભેદો કે વિરોધો દૂર કરવામાં યશ મળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મકુંડલીના અગિયારમા સ્થાનમાં લાભ, યશ, મૈત્રી તથા આશા–આકાંક્ષાની સફળતા વિષે જોવાય છે.

આ સ્થાનમાં ધન રાશિમાં શનિ છે. તે તત્ત્વજ્ઞાની, ધર્મિષ્ઠ, નિર્ભય, સ્પષ્ટવક્તા બનાવી સારી લોકપ્રશંસા તથા માનકીર્તિ આપનાર બને. જીવનનો અન્ત સમય કલ્યાણકારી અને આશા આકાંક્ષાની સફળતા આપનાર બને.

ઉંમર વર્ષ ૩૬ થી ૪૩ સુધી કેતુની મહાદશા રહે છે. કેતુ એ મોક્ષનો કારક હોઈ અનેક પ્રકારના ધાર્મિક કાર્યો, જીવદયા, જ્ઞાનશાળા, ધર્મશાળા તથા પાઠશાળાઓ રૂપી કાર્યો થવા પામે. ત્યારબાદ ૪૩ વર્ષની વય પછી શુક્રની મહાદશા વર્ષ ૨૦ની આવે છે. શુક્ર આ કુંડલીને માટે રાજયોગ કારક બનતો હોવાથી જીવનની ઉચ્ચતમ સફલતા આપનાર તેમ જ કાર્યોની સિદ્ધિ અને યશ આપનાર–આ મહાદશાનો સમય બની રહે. વય વર્ષ ૪૩ થી ૬૩ સુધીનો સમય જીવનનો યાદગાર સમય બની રહે. તે સમય દરમ્યાન અનેક પ્રકારના ધર્મકાર્યો, ઉત્સવો, સંઘયાત્રાઓ તથા પ્રતિષ્ઠાઓ થવા પામે, અને જીવનનો અંતિમ સમય સમાધિયુક્ત બને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ-૩

## કેટલીક ઉપલબ્ધ ચોક્કસ માહિતીઓની નોંધ.

૧. શાસનસમ્રાટ્શ્રી સંસારિપણામાં-મહુવામાં જ (ભાવનગર પૂ. ગુરૂદેવ શ્રીવૃદ્ધિચંદ્રજી મ. પાસે ગયા પહેલાં) ત્યાંના 'શ્રીમોનજી જોષી' નામે એક વિદ્વાન્ વિપ્રવર્ય પાસે 'સારસ્વત વ્યાકરણ' ભણ્યાં હતાં. આ વાત તેઓશ્રીને બચપણથી જ સંસ્કૃત ભણવાની અસાધારણ રુચિ હતી, તે જણાવે છે.

૨. શાસનસમ્રાટ્શ્રીના પ્રથમ પટ્ટધર શિષ્ય 'પૂ. મુનિશ્રી દેવેન્દ્રવિજયજી મહારાજ' હતાં. સં. ૧૯૪૮માં તેમની દીક્ષા થયેલી. ત્યારપછી પૂ. ઉપાધ્યાય શ્રીસુમતિવિજયજી મહારાજ વગેરે શિષ્યો થયાં. શ્રીદેવેન્દ્રવિજયજી મ. અંગેની બીજી માહિતી ઉપલબ્ધ નથી.

૩. શાસનસમ્રાટ્શ્રી તથા શ્રીઆનંદસાગરજી મહારાજ— બન્ને ખંભાતના ચોમાસામાં (સં. ૧૯૫૪) સાથે હતાં. ત્યારે પર્યુષણામાં 'ગણધરવાદ' બન્ને પૂજ્યોએ સાથે વાંચેલો. તે આ રીતે = "શ્રીસાગરજી મ. પ્રશ્ન કરે, અને પૂજ્યશ્રી એનો જવાબ આપે." આમ આખો ગણધરવાદ પ્રશ્નોત્તરીરૂપે સભા સમક્ષ વાંચેલો. (આ વાત ખંભાતના વૃદ્ધ પુરુષ પાસેથી જાણવા મળી છે.)

૪. ડૉ. હર્મન જેકોબી ખંભાતમાં શાસનસમ્રાટ્શ્રી પાસે આવેલાં. તેઓ જૈન શાસન-સિદ્ધાન્ત-શાસ્ત્ર અને સમાજને લગતાં લગભગ ૧૩૦૦ પ્રશ્નોની સૂચિ તૈયાર કરી લાવેલાં. એમાંથી પૂજ્યશ્રીએ ૫૦૦ જેટલા પ્રશ્નોના પૂર્ણ સંતોષકારક જવાબ બે દિવસમાં આપ્યાં. પછી ડૉ. જેકોબીને તેઓશ્રીએ કહ્યું કે-તમે વધુ રોકાણ કરો, તો બધાં પ્રશ્નોનો જવાબ નિરાંતે અપાય. બાકી આમ બે દિવસમાં ૧૩૦૦ પ્રશ્નોનો જવાબ નિરાંતે આપી શકાય નહિ. પણ તોય મહત્ત્વના પ્રશ્નોના જવાબ મળી જવાથી ડૉ. જેકોબી અતિ આનંદિત બનેલાં. (આ વાત પણ ખંભાતના વૃદ્ધ પુરુષ પાસેથી જાણવા મળી છે.)

૫. સં. ૧૯૬૬માં પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીએ બોટાદ ચોમાસું કર્યું, ત્યારનો આ અલૌકિક પ્રસંગ છે.

એ વખતે ગુજરાતના પ્રસિદ્ધ જાદુગર મહમ્મદ છેલ પણ બોટાદમાં રહેતાં. તેમણે ગામમાં સર્વત્ર ફેલાયેલી પૂજ્યશ્રીની ખ્યાતિ સાંભળી એટલે તેઓ પૂજ્યશ્રીને મળવા માટે ઉપાશ્રયે આવ્યા.

વિલક્ષણ માણસોનો સ્વભાવ હોય છે કે- તેઓ સામાંને પોતાનો પરિચય સામાન્ય માણસની જેમ નથી આપતાં પણ કાંઈક વિલક્ષણ કાર્ય દ્વારા જ આપે છે. અહીં પણ એવું જ બન્યું.

પૂજ્યશ્રીને પગે લાગીને બેઠાં પછી વિદ્યાનો કોઈ પ્રયોગ કરીને મહમ્મદ છેલે પૂજ્યશ્રીને પોતાનો પરિચય આપ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આ પ્રયોગથી જરીકે નહિ અંજાયેલા પૂજ્યશ્રીના મુખમાંથી સહસા ઉપદેશ-વચનો સરી પડયાં : "મહમ્મદ છેલ ! તમારી આ વિદ્યાનો પ્રયોગ કયારે કોઈ પણ સાધુ-સંતની મશ્કરી કે ઠેકડી માટે ન થઈ જાય, એની ખાસ તકેદારી રાખજો."

મહમ્મદ છેલને પોતાની વિદ્યા કરતાં આ વચનોમાં અલૌકિક ઓજ વર્તાયું. તેઓ નમ્રતાથી એ સાંભળી રહ્યા.

ત્યારબાદ પૂજ્યશ્રીએ ત્રણ બાજોઠ મંગાવ્યા. અને એકની ઉપર એક, એમ ત્રણે ગોઠવાવ્યાં. એના ઉપર પોતે બિરાજમાન થયા. પછી મહમ્મદ છેલને કહ્યું કે : "આમાં વચલો બાજોઠ તમે ખેંચી લ્યો.' કંઈક નવું જોવાની જિજ્ઞાસાથી પ્રેરાયેલા મહમ્મદ છેલે ધીમે રહીને વચલો બાજોઠ ખેંચી લીધો. તેમને એમ કે હમણાં જ મહારાજ નીચે પડશે.

પણ ભારે નવાઈની વાત બની. ત્રણ બાજોઠમાંથી વચલો લઈ લેવાથી તદ્દન નિરાધાર બનેલો ઉપલો બાજોઠ સહેજ પણ આઘોપાછો થયા વિના-એમને એમ જ (અદ્ધર) રહી ગયો, અને પૂજ્યશ્રી પ્રસન્નભાવે એના પર બેઠાં જ રહ્યાં.

આ જોઈને મહમ્મદ છેલ પૂજ્યશ્રીને નમી પડયાં. તેમને પ્રતીતિ થઈ કે : જૈન સાધુઓમાં આજે પણ આવી મહાન્ પ્રભાવશક્તિ વિદ્યમાન છે.

થોડીવાર અદ્ધર-સ્થિર રહ્યાં પછી પૂજ્યશ્રી ત્યાંથી ઊભાં થઈ ગયાં, અને બાજોઠને યથાસ્થાને મૂકાવી દીધાં. મહમ્મદ છેલ પણ પૂજ્યશ્રીના વચનને નમ્રતાથી સ્વીકારી, વંદન કરીને સ્વસ્થાને ગયાં.

—*—

**નોંધઃ**—આ જીવનચરિત્ર લખાઈ ગયું અને છપાઈ ગયું, ત્યારબાદ આ માહિતીઓ પૂજ્યપુરુષો પાસેથી ચોક્કસ રૂપે પ્રાપ્ત થઈ. એટલે તેને અહીં પરિશિષ્ટમાં દાખલ કરી છે.

મહમ્મદ છેલનો પ્રસંગ ઘણાંને અતિશયોક્તિ લાગશે. પણ આ વાતમાં બિલકુલ અતિશયોક્તિ નથી જ કરી. વાસ્તવમાં પૂજ્યશ્રી મહાન્ સત્ત્વશાલી પુરુષ હતા. એમનું બ્રહ્મતેજ પણ અપૂર્વ-અલૌકિક હતું. એવાં સત્ત્વ-બ્રહ્મના ધારક પુરુષને ગુરુપરંપરાએ સાત્ત્વિક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હોય, એ અવશ્ય બનવા જોગ છે. પ્રસ્તુત પ્રસંગ પણ એમના દિવ્ય સત્ત્વને જ વ્યક્ત કરે છે.

કલિકાલસર્વજ્ઞ પૂજ્યશ્રી હેમચંદ્ર સૂરિ મહારાજાના જીવનમાં પણ આવો પ્રસંગ બનેલો છે. એમાં સાત પાટ ઉપરાઉપરી તેઓશ્રી મૂકાવે છે. અને વ્યાખ્યાન શરૂ કરે છે. સામે રાજા-મંત્રી-સંઘ રસપૂર્વક શ્રવણ કરતાં બેઠાં છે. સૌ તન્મય બન્યાં છે. તેવે વખતે પૂર્વથી અપાયેલી સૂચના પ્રમાણે શિષ્યો નીચેની છેલ્લી પાટથી આરંભીને એક પછી એક સાતેય પાટો ખેંચી લે છે અને સૌના આશ્ચર્ય વચ્ચે કલિકાલસર્વજ્ઞ અદ્ધર રહેલાં આસન પર જ દેશના દે છે.

પ્રસ્તુત પ્રસંગ પણ પૂજ્યશ્રીની આવી કોઇ દિવ્ય સાત્ત્વિક શક્તિના પ્રભાવે બન્યો હોય તેમ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ—૪

## વંશ—વૃક્ષ

## શાસનસમ્રાટ્ આ. શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

(શ્રી સુધર્મા સ્વામી મ. ની ૭૪ મી પાટે=પટ્ટધર)

તેમની પાટ પરંપરા (શિષ્યપ્રશિષ્યાદિ)

૧. મુનિશ્રી દેવેન્દ્રવિજયજી, ૨. ઉપાધ્યાય શ્રીસુમતિવિજયજી ગણિ, ૩. શ્રી સૌભાગ્યવિજયજી, ૪. પ્રવર્તકશ્રીયશોવિજયજી, ૫. શ્રીનયવિજયજી ૬. આ. શ્રી વિજયદર્શનસૂરિજી, ૭. પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી ગણિ, ૮. પં. શ્રી સિદ્ધિવિજયજી ગણિ, ૯. શ્રીપ્રભાવવિજયજી,૧૦. આ. શ્રીવિજયઉદયસૂરિજી, ૧૧. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી, ૧૨. શ્રી ભદ્રવિજયજી, ૧૩. શ્રીજીતવિજયજી,૧૪.:શ્રી ચંદનવિજયજી, ૧૫ આ. શ્રી વિજયપદ્મસૂરિજી, ૧૬. આ. શ્રી વિજયઅમૃતસૂરિજી, ૧૭. આ. શ્રીવિજયલાવણ્યસૂરિજી, ૧૮. શ્રીરૂપવિજયજી; ૧૯. શ્રી હિરણ્યવિજયજી, ૨૦ પ્રવર્તક શ્રીગીર્વાણવિજયજી, ૨૧. શ્રીવિદ્યાવિજયજી, ૨૨. શ્રીમાનવિજયજી ૨૩. શ્રી ધનવિજયજી, ૨૪. આ. શ્રી વિજયજિતેન્દ્રસૂરિજી, ૨૫. શ્રી સુભદ્રવિજયજી, ૨૬. શ્રી સંપતવિજયજી, ૨૭. શ્રીનીતિવિજયજી, ૨૮. શ્રી પ્રેમવિજયજી, ૨૯. પ્રવર્તક શ્રીરત્નપ્રભવિજયજી, ૩૦. શ્રીચૈતન્યવિજયજી, ૩૧ શ્રી ચંદ્રપ્રભવિજયજી, ૩૨. શ્રી વિનયપ્રભવિજયજી, ૩૩. પં. શ્રીનીતિપ્રભવિજયજી ગણિ, (આ ૩૩ શિષ્યો પૂજ્યશ્રીના છે.)

*

## પ્રશિષ્યાદિ પરિવારની અનુક્રમે નામાવલી

(૨) **ઉપા૦ સુમતિવિજયજીના**—૧. મુનિ ઋદ્ધિવિજયજી. તેમના–૧. શ્રી પ્રમોદવિજયજી, ૨. શ્રી શુભવિજયજી.

*

(૬) **આ૦ વિજયદર્શનસૂરિજીના**—૧ શ્રી કુસુમવિજયજી, ૨ શ્રી ગુણવિજયજી, ૩ આ. શ્રી વિજયજયાનંદસૂરિજી, ૪ શ્રી મહોદયવિજયજી, ૫ આ. શ્રીવિજયપ્રિયંકરસૂરિજી. (તેમાં)—

શ્રી ગુણવિજયજીના—૧ શ્રી તિલકવિજયજી.

શ્રી જયાનંદસૂરિજીના—૧ શ્રી શાંતિપ્રભવિજયજી, ૨ શ્રી રત્નાકરવિજયજી, ૩ શ્રી હરિભદ્રવિજયજી, ૪ શ્રી સુબોધવિજયજી. એમાં—શ્રી હરિભદ્રવિજયજીના ૧ શ્રી મહાયશવિજયજી.

શ્રી પ્રિયંકરસૂરિજીના—૧ શ્રી હર્ષચંદ્રવિજયજી, ૨ શ્રી પ્રકાશચંદ્રવિજયજી.

*

(૭) **પં. પ્રતાપવિજયજીના**—૧ શ્રી ભક્તિવિજયજી. તેમના ૧ શ્રી રાજવિજયજી.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) પં૦ **સિદ્ધિવિજયજીના** ૧ શ્રીવિખ્યાતવિજયજી

*

(૧૦) **આ. ઉદયસૂરિજીના**—૧ શ્રી જયવિજયજી, ૨ શ્રી કીર્તિવિજયજી, ૩ આ. શ્રી વિજયનંદનસૂરિજી, ૪ ઉપાધ્યાય શ્રી સુમિત્રવિજયજી ગણિ, ૫ આ. શ્રી વિજયમોતી-પ્રભસૂરિજી, ૬ આ. શ્રીવિજયમેરુપ્રભસૂરિજી, ૭ શ્રીહર્ષવિજયજી, ૮ શ્રીકુમુદવિજયજી, ૯ શ્રી હેમપ્રભવિજયજી, ૧૦ શ્રી કીર્તિપ્રભવિજયજી, ૧૧ શ્રી મહાબલવિજયજી, ૧૨ શ્રી ભદ્રંકરવિજયજી, ૧૩ શ્રી ચંદ્રસેનવિજયજી. (તેમાં)—

આ. નંદનસૂરિજીના—૧ પં. શ્રી સોમવિજયજી ગણિ, ૨ શ્રી અમરવિજયજી, ૩ શ્રી વીરવિજયજી, ૪ પં. શ્રી શિવાનંદવિજયજી ગણિ, ૫ શ્રી અમરચંદ્રવિજયજી. એમાં—પં. સોમવિજયજીના ૧ મોક્ષાનંદવિજયજી. પં. શ્રી શિવાનંદવિજયજીના ૧ શ્રી સોમચંદ્ર-વિજયજી. શ્રી અમરચંદ્ર વિજયજીના ૧ શ્રી શાંતિચંદ્રવિજયજી.

આ. મોતીપ્રભસૂરિજીના—૧ શ્રી ચિદાનંદવિજયજી, ૨ શ્રી નયવિજયજી. શ્રી નય-વિજયજીના—૧ શ્રીયશોદેવવિજયજી, ૨ શ્રી લબ્ધિવિજયજી.

આ. મેરુપ્રભસૂરિજીના—૧ શ્રી રતનવિજયજી, ૨ શ્રી માનતુંગવિજયજી, ૩ શ્રીહીર-વિજયજી, ૪ શ્રી ઇન્દ્રસેનવિજયજી, ૫ શ્રી સિંહસેનવિજયજી, ૬ શાંતિષેણવિજયજી, ૭ શ્રી કીર્તિષેણ વિજયજી.

*

**૧૧ આ. વિજ્ઞાનસૂરિજીના**-૧ શ્રી નિધાનવિજયજી, ૨ આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી, ૩. પં. શ્રી વલ્લભવિજયજી ગણિ, ૪ શ્રીસિદ્ધિચંદ્રવિજયજી, ૫ શ્રીપ્રસન્નચંદ્રવિજયજી. (એમાં)—

આ. કસ્તૂરસૂરિજીના – ૧ આ. શ્રીવિજયયશોભદ્રસૂરિજી, ૨ શ્રીગુણચંદ્રવિજયજી, ૩ આ. શ્રી વિજયકુમુદચંદ્રસૂરિજી, ૪ આ. શ્રીવિજયચંદ્રોદયસૂરિજી, ૫ શ્રીપદ્મચંદ્રવિજયજી, ૬ આ. શ્રીવિજયકીર્તિચંદ્રસૂરિજી, ૭ શ્રીપૂર્ણચંદ્રવિજયજી, ૮ પં. શ્રીઅશોકચંદ્રવિજયજી ગણિ; ૯ શ્રી અજયચંદ્રવિજયજી, ૧૦ શ્રીનરચંદ્રવિજયજી, ૧૧ શ્રીધનચંદ્રવિજયજી, ૧૨ પ્રશાંતચંદ્રવિજયજી, ૧૩ શ્રીકલ્યાણચંદ્રવિજયજી, ૧૪ શ્રીકુશલચંદ્રવિજયજી. તેમાં—

આ. યશોભદ્રસૂરિજીના—૧ આ. શ્રીવિજયશુભંકરસૂરિજી, ૨ શ્રીદેવચંદ્રવિજયજી, ૩ શ્રીજિનચંદ્રવિજયજી, ૪ શ્રીનયચંદ્રવિજયજી, ૫ શ્રીશ્રેયાંસચંદ્રવિજયજી. આ. શુભંકરસૂરિજીના—૧ શ્રીજયવિજયજી, ૨ પં. શ્રીસૂર્યોદયવિજયજી ગણિ, ૩ શ્રી સુશીલ-ચંદ્રવિજયજી, ૪ શ્રીવિદ્યાચંદ્રવિજયજી, ૫ શ્રી ચારૂસેનવિજયજી, ૬ શ્રીવિમલસેનવિજયજી પં. સૂર્યોદયવિજયજીના-૧ શ્રી શીલચંદ્રવિજયજી, ૨ શ્રી ભદ્રસેનવિજયજી. શ્રી દેવચંદ્ર-વિજયજીના—૧ શ્રીતીર્થચંદ્રવિજયજી. શ્રી શ્રેયાંસચંદ્રવિજયજીના ૧ શ્રી પુણ્યચંદ્રવિજયજી, તેના-૧ શ્રીરત્નપ્રભવિજયજી.

આ. કુમુદચંદ્રસૂરિજીના—૧ શ્રી પ્રબોધચંદ્રવિજયજી, તેમના—૧ શ્રીરત્નચંદ્ર-વિજયજી, ૨ શ્રીજિતચંદ્રવિજયજી, ૩ શ્રી હિતચંદ્રવિજયજી.

આ. ચંદ્રોદયસૂરિજીના—૧ પં. શ્રી ભાનુચંદ્રવિજયજી ગણિ, ૨ પં. શ્રી વિજયચંદ્ર-વિજયજી ગણિ, ૩ શ્રી જયચંદ્રવિજયજી, ૪ શ્રી અભયચંદ્રવિજયજી, ૫ શ્રી પ્રમોદચંદ્ર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયજી, ૬ શ્રી અજિતચંદ્રવિજયજી, ૭ શ્રી વિનીતચંદ્રવિજયજી, ૮ શ્રી પ્રદીપચંદ્રવિજયજી, ૯ શ્રી હ્રીંકારચંદ્રવિજયજી, ૧૦ શ્રી મુક્તિચંદ્રવિજયજી. એમાં—પં. ભાનુચંદ્રવિજયજીના ૧ શ્રી સ્થુલિભદ્રવિજયજી. પં. શ્રી વિજયચંદ્રવિજયજીના–૧ શ્રી પાર્શ્વચંદ્રવિજયજી. શ્રી જયચંદ્રવિજયજીના–૧ શ્રીલલિતચંદ્રવિજયજી. શ્રીઅભયચંદ્રવિજયજીના ૧ શ્રી અમિતચંદ્રવિજયજી.

શ્રીપદ્મચંદ્રવિજયજીના–૧ શ્રી બલભદ્રવિજયજી.

આ. કીર્તિચંદ્રસૂરિજીના–૧ પં.શ્રીમુનિચંદ્રવિજયજી ગણિ, ૨ શ્રી જયકીર્તિવિજયજી, ૩ શ્રી નયકીર્તિવિજયજી. જયકીર્તિવિજયજીના–૧ શ્રી પ્રકાશચંદ્રવિજયજી.

પં. શ્રી અશોકચંદ્રવિજયજીના–૧ શ્રી પુષ્પચંદ્રવિજયજી, ૨ શ્રી સોમચંદ્રવિજયજી. ૩ શ્રી કૈલાસચંદ્રવિજયજી.

શ્રી અજયચંદ્રવિજયજીના—૧ શ્રી વિવેકચંદ્રવિજયજી.

પં. શ્રી. વલ્લભવિજયજીના

૧ શ્રી વિનયચંદ્રવિજયજી, તેમના—૧ શ્રી ઋદ્ધિચંદ્રવિજયજી.

*

(૧૫) **આ. પદ્મસૂરિજીના**—૧ શ્રી પ્રકાશવિજયજી, ૨ શ્રી લક્ષ્મીપ્રભવિજયજી, ૩. શ્રી વિદ્યાપ્રભવિજયજી.

*

(૧૬) **આ. અમૃતસૂરિજીના**—૧ આ.શ્રીવિજયરામસૂરિજી, ૨ આ. શ્રીવિજયદેવસૂરિજી, ૩ પં. શ્રીપુણ્યવિજયજી ગણિ, ૪. આ. શ્રી વિજયપરમપ્રભસૂરિજી, ૫ શ્રી ખાંતિવિજયજી, ૬ શ્રી શશીપ્રભવિજયજી, ૭ શ્રી પ્રવીણવિજયજી, ૮ શ્રીદાનવિજયજી, ૯ શ્રી યશોવિજયજી, એમાં–આ.રામસૂરિજીના—૧ શ્રી વિનોદપ્રભવિજયજી, ૨ શ્રી રાજવિજયજી, ૩ શ્રી સંયમવિજયજી, ૪ શ્રી નિર્મળવિજયજી, ૫ શ્રી સદ્‌ગુણવિજયજી, ૬ શ્રી આણંદવિજયજી, ૭ શ્રી જિનદાસવિજયજી. એમાં—શ્રી સદ્‌ગુણવિજયજીના–૧ શ્રી વીરવિજયજી; ૨ શ્રી સાગરચંદ્રવિજયજી.

આ. દેવસૂરિજીના–૧ પં. શ્રી હેમચંદ્રવિજયજી ગણિ. એમના–૧ શ્રી પ્રદ્યુમ્નવિજયજી, ૨ શ્રી દર્શનવિજયજી. શ્રી દર્શનવિજયજીના—૧ શ્રી પુંડરીકવિજયજી, ૨ શ્રી ચંદ્રકીર્તિવિજયજી.

પં. પુણ્યવિજયજીના—૧ આ. વિજયધર્મધુરંધરસૂરિજી, ૨ શ્રી ભક્તિવિજયજી. એમાં શ્રીધુરંધરસૂરિજીના—૧ શ્રી ધર્મવિજયજી, ૨ શ્રી. મનોજ્ઞવિજયજી, ૩.શ્રી કુંદકુંદવિજયજી, ૪ શ્રી સિદ્ધસેનવિજયજી, ૫, શ્રી ધર્મધ્વજવિજયજી. ૬ શ્રી હરિષેણવિજયજી, ૭ શ્રીઅમીવિજયજી, ૮ શ્રીવિદ્યાધરવિજયજી. શ્રી સિદ્ધસેનવિજયજીના—૧ શ્રી ગુણસેનવિજયજી.

શ્રીભક્તિવિજયજીના—૧ શ્રી વિશાળવિજયજી, તેમના—૧ શ્રી રાજશેખરવિજયજી, ૨ શ્રી રવીન્દ્રવિજયજી, ૩ શ્રી ગુણશેખરવિજયજી, ૪ શ્રી ભદ્રબાહુવિજયજી.

આ. પરમપ્રભસૂરિજીના—૧ શ્રી તત્ત્વપ્રભવિજયજી, ૨ શ્રી ચૈતન્યવિજયજી, ૩ શ્રી કુંદનવિજયજી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ખાંતિવિજયજીના–૧ શ્રી નિરંજનવિજયજી, તેમના ૧ શ્રી ઉત્તમવિજયજી.

*

**(૧૭) આ. લાવણ્યસૂરિજીના**—૧ શ્રી નરેન્દ્રવિજયજી, ૨ શ્રી જયન્તવિજયજી, ૩ આ. શ્રી વિજયદક્ષસૂરિજી, ૪ શ્રી કલ્યાણપ્રભવિજયજી, ૫ પં. શ્રીચંદનવિજયજી ગણિ, ૬ શ્રી ચરણકાંતવિજયજી, ૭ શ્રી મતિવિજયજી, ૮ શ્રી કંચનવિજયજી, ૯ શ્રી વિકાસવિજયજી, ૧૦ શ્રી મનોહરવિજયજી. એમાં—

આ. દક્ષસૂરિજીના—૧ આ. શ્રી વિજયસુશીલસૂરિજી, ૨ શ્રી કેવલપ્રભવિજયજી, ૩ શ્રી મંગળવિજયજી, ૪ શ્રીદિવ્યવિજયજી, ૫ શ્રીચન્દ્રશેખરવિજયજી, ૬ શ્રીપ્રભાકરવિજયજી. ૭ શ્રીસુદર્શનવિજયજી.

આ. સુશીલસૂરિજીના–૧ પં. શ્રીવિનોદવિજયજી ગણિ, ૨ પં. શ્રીવિબુધવિજયજી ગણિ, ૩ શ્રી જિતેન્દ્રવિજયજી, ૪ શ્રી દેવભદ્રવિજયજી, ૫ શ્રી શાલિભદ્રવિજયજી, ૬ શ્રી જિનોત્તમ-વિજયજી. પં. વિનોદવિજયજીના ૧ શ્રી કેસરવિજયજી. પં. વિબુધવિજયજીના–૧ શ્રી રમણીકવિજયજી, ૨ શ્રીરામચંદ્રવિજયજી.

પં. ચંદનવિજયજીના—૧ શ્રી રત્નશેખરવિજયજી, તેમના ૧ શ્રી અભયશેખરવિજયજી.

શ્રી મનોહરવિજયજીના–૧ શ્રી પ્રમોદવિજયજી, ૨ શ્રી શ્રમણકલ્પવિજયજી. શ્રી પ્રમોદ-વિજયજીના–૧ શ્રી વિમલયશવિજયજી.

*

**(૧૮) શ્રીરૂપવિજયજીના**—૧ પં. શ્રી કમળવિજયજી ગણિ, ૨ શ્રી આણંદવિજયજી, જી, ૩ શ્રી ભરતવિજયજી, ૪ શ્રી ભાનુવિજયજી.

**શ્રી વિમલાનંદ વિજયજી. તેમના–૧.**

*

**(૨૩) શ્રીધનવિજયજીના**—૧ આ. શ્રીવિજયમહિમાપ્રભસૂરિજી. તેમના ૧ શ્રી વિવેકવિજયજી, ૨ શ્રી સુરેન્દ્રવિજયજી.

*

**(૨૪) આ. જિતેન્દ્રસૂરિજીના**—૧ શ્રી વિદ્યાનંદવિજયજી, ૨ શ્રી અમૃતપ્રભવિજયજી. શ્રીવિદ્યાનંદવિજયજીના—૧ શ્રી જયંતપ્રભવિજયજી.

*

**(૩૩) પં. નીતિપ્રભવિજયજીના**—૧ શ્રી દેવપ્રભવિજયજી.

કુલ મુનિસંખ્યાઃ—૨૩૮— આચાર્યઃ–૨૭
ઉપાધ્યાયઃ– ૨
પંન્યાસઃ– ૧૭
પ્રવર્તકઃ– ૩

*–*–*–*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ–૫

## પૂજ્યશ્રીના ચાતુર્માસોની નોંધ

| સ્થળ | વર્ષ | કુલ સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | વિ. સં. ૧૯૫૩, ૫૬, ૫૭, ૫૮, ૬૦, ૧૯૯૨, અમદાવાદ ૬૧, ૬૭, ૬૮, ૭૦, ૭૫, ૭૭, ૭૯, ૮૦, ૮૩, ૮૬, ૮૭, ૨૦૦૧, ૨૦૦૨. | ૧૮ |
| ભાવનગર | વિ. સં. ૧૯૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૯, ૬૪, ૮૯, ૯૪, ૯૭. | ૯ |
| પાલિતાણા | વિ. સં. ૧૯૪૯; ૯૫. | ૨ |
| ખંભાત | વિ. સં. ૧૯૫૪, ૫૫, ૬૨, ૬૩, ૭૮, ૮૪, ૨૦૦૦. | ૭ |
| મહુવા | વિ. સં. ૧૯૫૧, ૬૫, ૮૫, ૯૧, ૯૯, ૨૦૦૫. | ૬ |
| બોટાદ | વિ. સં. ૧૯૬૬, ૮૮, ૯૮. | ૩ |
| જામનગર | વિ. સં. ૧૯૫૦, ૯૩. | ૨ |
| વળા | વિ. સં. ૧૯૯૬. | ૧ |
| જાવાલ (રાજસ્થાન) | વિ. સં. ૧૯૭૧, ૯૦ | ૨ |
| સાદડી ,, | વિ. સં. ૧૯૭૨ | ૧ |
| ફલોધી ,, | વિ. સં. ૧૯૭૩ | ૧ |
| પાલી ,, | વિ. સં. ૧૯૭૪ | ૧ |
| ઉદયપુર ,, | વિ. સં. ૧૯૭૬ | ૧ |
| કપડવંજ | વિ. સં. ૧૯૬૯ | ૧ |
| વઢવાણ શહેર | વિ. સં. ૧૯૫૨ | ૧ |
| વઢવાણ કેંપ | વિ. સં. ૨૦૦૪ | ૧ |
| સાબરમતી | વિ. સં. ૨૦૦૩ | ૧ |
| પાટણ | વિ. સં. ૧૯૮૨ | ૧ |
| ચાણસ્મા | વિ. સં. ૧૯૮૧ | ૧ |
| | | ૬૦ |

—=*=—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ—૬

## પૂજ્યશ્રીની અણમોલ પ્રસાદી
## સ્વરચિત ગ્રંથોની યાદી

| અંક | ગ્રંથ—નામ | વિષય |
| --- | --- | --- |
| ૧ | પરિહાર્ય મીમાંસા (શ્રી સાગરજી મહારાજ સાથે) | ડો. હર્મન જેકોબીને તેમના અયુક્ત વિધાનોનો પ્રત્યુત્તર. |
| ૨ | બૃહદ્ હેમપ્રભા | હૈમ વ્યાકરણ |
| ૩ | લઘુ હેમપ્રભા | ,, ,, |
| ૪ | પરમ લઘુહેમપ્રભા | ,, ,, |
| ૫ | ન્યાય સિંધુ | ન્યાય (પદ્યબદ્ધ) |
| ૬ | ન્યાયાલોક—તત્ત્વપ્રભા | ,, (વિવરણ) |
| ૭ | ન્યાય ખંડનખંડ ખાદ્ય—ન્યાયપ્રભા | ,, ,, |
| ૮ | પ્રતિમા માર્તંડ | ,, |
| ૯ | અનેકાન્ત તત્ત્વમીમાંસા મૂળ તથા સ્વોપજ્ઞ વૃત્તિ | ,, |
| ૧૦ | સપ્તભંગી ઉપનિષત્ | ,, |
| ૧૧ | નયોપનિષત્ | ,, |
| ૧૨ | સમ્મતિતર્ક ટીકા પર વિવરણ | ,, ,, |
| ૧૩ | અનેકાન્ત વ્યવસ્થા—ટીકા | ,, ,, |
| ૧૪ | રઘુવંશ—દ્વિતીય સર્ગના ૨૯ શ્લોક પર અપૂર્વ ટીકા | કાવ્ય (વિવરણ) |

—✲—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ–૭

## પૂજ્યશ્રીની આદર્શ શ્રુતસેવા

### (પ્રકાશિત-સંશોધિત કરાવેલાં પ્રાચીન ગ્રંથોના યાદી)

| અંક | ગ્રંથનામ |
|---|---|
| ૧ | સિદ્ધહેમ બૃહદ્વૃત્તિ–લઘુન્યાસોદ્ધાર સમેત |
| ૨ | તત્ત્વાર્થાધિગમસૂત્ર–બૃહટ્ટીકા |
| ૩ | સ્યાદ્વાદ રત્નાકર |
| ૪ | ન્યાય ખંડનખંડ ખાદ્ય |
| ૫ | ન્યાયાલોક |
| ૬ | અષ્ટક પ્રકરણ–સટીક |
| ૭ | ઉપદેશ રહસ્ય સટીક |
| ૮ | અનેકાન્ત જયપતાકા |
| ૯ | ભાષારહસ્ય–સ્વોપજ્ઞ વિવરણયુક્ત |
| ૧૦ | પ્રમાણમીમાંસા |
| ૧૧ | પ્રમાલક્ષણ |
| ૧૨ | અધ્યાત્મ કલ્પદ્રુમ |
| ૧૩ | સમ્મતિતર્ક પ્રકરણવૃત્તિ |
| ૧૪ | અનેકાન્તવ્યવસ્થા |
| ૧૫ | જ્ઞાનાર્ણવ–સવિવરણ |
| ૧૬ | જ્ઞાનબિંદુ–સવિવરણ |
| ૧૭ | નયરહસ્ય |
| ૧૮ | નયોપદેશ |
| ૧૯ | નયપ્રદીપ |
| ૨૦ | સપ્તભંગીપ્રદીપ |
| ૨૧ | પાતંજલ યોગદર્શન–વિવૃતિ |
| ૨૨ | અષ્ટસહસ્રી વિવરણ |
| ૨૩ | ધર્મપરીક્ષા–સ્વોપજ્ઞ વિવરણયુક્ત |
| ૨૪ | નિશાભક્ત દોષ વિવરણ |
| ૨૫ | વાદમાલા તથા ઉત્પાદાદિ સિદ્ધિ પ્રકરણ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬ યોગવિંશિકા–વૃત્તિ સહિત

૨૭ કૂપ દષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ–સવૃત્તિ

૨૮ યોગદષ્ટિ સમુચ્ચય–સવિવરણ

૨૯ યોગબિંદુ ,, ,,

૩૦ શ્રી હરિભદ્રસૂરિગ્રંથ સંગ્રહ

૧. યોગદષ્ટિ સમુચ્ચય, ૨. યોગબિંદુ, ૩. શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ૪. ષડ્દર્શન સમુચ્ચય, ૫. દ્વાત્રિંશદષ્ટક પ્રકરણ, ૬. લોકતત્ત્વ નિર્ણય, ૭. ધર્મબિંદુ પ્રકરણ, ૮. હિંસાફલાષ્ટક, ૯. સર્વજ્ઞ સિદ્ધિ.

૩૧ પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

૩૨ અધ્યાત્મસારાદિ

૩૩ પારમર્ષ સ્વાધ્યાય ગ્રંથસંગ્રહ

૩૪ સંબોધ પ્રકરણ

—*—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૨૯ | પમેલા | પામેલા |
| ૨ | ૩૩ | વિવેકાનન્દની | વિવેકાનન્દના |
| ૬ | ૨ | તેને | અને |
| ૯ | ૧૭ | જખકમેન | જકલમેન |
| ૧૦ | ૧૧ | કરતી | કરતા |
| ૧૬ | ૨૪ | તેવા | લેવા |
| ૧૭ | ૩ | ન્યાયધીશ | ન્યાયાધીશ |
| ૧૮ | ૨૦ | મારા મારા | મારા |
| ૧૯ | ૨૧ | ચરિત્ર | ચારિત્ર |
| ૨૪ | ૮ | દિવસે | દિવસો |
| ૩૨ | ૩ | કામુદી | કૌમુદી |
| ૩૫ | ૫ | ૧૭૪૭ | ૧૯૪૭ |
| ૩૭ | ૨૬ | મોહનલાલ | મોતીચંદભાઈ |
| ૪૦ | ૬ | દીક્ષાના | દીક્ષાનો |
| ૪૫ | ૧૭ | Piorrhoea | Pyorrhoea |
| ૫૭ | ૨૩ | સિદ્ધિગિરિજી | સિદ્ધગિરિજી |
| ૫૮ | ૩૪ | અપૂર્ણુ | અપૂર્વ |
| ૬૫ | ૧ | Coart | Court |
| ૭૯ | ૧૮ | ,, | ,, |
| ૯૮ | ૨૩ | ,, | ,, |
| ૯૮ | ૩૨ | એ વર્ષ થયા | એક વર્ષ થયા |
| ૯૯ | હેડીંગ | જ્યેતિધર | જ્યોતિર્ધર |
| ૧૦૩ | ૧૨ | દશન | દર્શન |
| ૧૦૩ | ૩૧ | ,, | ,, |
| ૧૦૮ | ૧૦ | Assossiation | Association |
| ૧૦૯ | ૨૩ | Daputation | Deputation |
| ૧૧૪ | ૫ | કરવાના | કરવાનો |
| ૧૧૨ | ૨૦ | જેના | જેવા |
| ૧૨૬ | ૩૩ | પ્રત્યુત્તર મળ્યો. | પ્રત્યુત્તર ન મળ્યો. |
| ૧૩૦ | ૨૩ | માગદર્શન | માર્ગદર્શન |
| ૧૩૪ | ૧૪ | અને એ | અને એ |
| ૧૫૫ | ૭ | અટલે | એટલે |
| ૧૫૬ | ૨૫ | મૂતિપૂજક | મૂર્તિપૂજક |
| ૧૬૦ | ૧૯ | મનહેત | મહેનત |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૮૮ | ૨૬ | અને | એને |
| ૧૯૬ | ૨૫ | ધ્રવ | ધ્રુવ |
| ૧૯૬ | ૩૦ | નિરાકારણો | નિરાકરણો |
| ૨૦૪ | ૩૧ | હારજ | હારીજ |
| ૨૧૨ | ૩૪ | રહ્યા. | રહ્યો. |
| ૨૧૬ | ૩૧ | પારમ્પરિક | પારસ્પરિક |
| ૨૨૯ | ૩ | દેરાશર | દેરાસર |
| ૨૩૯ | શીર્ષક | અનુમાદના | અનુમોદના |
| ૨૩૯ | ૧ | અગધના | આરાધના |
| ૨૩૯ | ૧૨ | આરધાના | આરાધના |
| ૨·૦ | ૨ | પ્રતિષ્ઠ | પ્રતિષ્ઠા |
| ૨૪૧ | ૬ | એમાં પણ શિખરબંધી | એમાં પણ ૫૧ શિખરબંધી |
| ૨૪૨ | ૩ | સ્નાનાદિધી | સ્નાનાદિથી |
| ૨૪૭ | ૫ | અપયા | અપાય |
| ૨૫૩ | ૭ | પ્રમાણુ | પ્રણામ |
| ૨૫૫ | ૧૨ | નિણયો | નિર્ણયો |
| ૨૫૫ | ૨૫ | ઇન્દ્રાડા | ઇન્દ્રોડા |
| ૨૫૫ | ૩૪ | મંડળ | મંડપ |
| ૨૫૮ | ૧૧ | ચા | આ |
| ૨૫૯ | હેડીંગ | ઐતિહાસિક મુનિસંમેલન, | આ યુગનું ભગીરથ કામ |
| ૨૬૦ | ૯ | જે | ને |
| ૨૬૦ | ૯ | કરાવને | કરાવીને |
| ૨૭૨ | ૨૬ | મને | અને |
| ૨૮૧ | ૩૩ | ગુલાબંદ | ગુલાબચંદ |
| ૨૯૦ | ૫ | ઉપદેશ | ઉપદેશથી |
| ૨૯૮ | શીર્ષક | કાઠે | કાંઠે |
| ૩૨૬ | ૨૬ | બેસવાં | બેસતાં |
| પરિશિષ્ટ–પૃ. ૧૮ | ૨૧ | જન્મકુંડલી | જન્મકુંડલીના |
| ,, –પૃ. ૧૯ | ૩૬ | સળફતા | સફળતા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


શાસન સમ્રાટ્‌ની

ચિત્રમય

# જીવનગાથા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સંવેગી–સંઘ–શિરતાજ પ. પૂ. મુનિરાજશ્રી બુટેરાયજી
( બુદ્ધિવિજયજી ) મહારાજ ( પ્ર. ૩, પા. ૫ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




આદર્શ તપાગચ્છાધિરાજ પ. પૂ. ગણિવર
**શ્રીમૂળચંદજી ( મુક્તિવિજયજી ) મહારાજ**
( પ્ર. ૩, પા. ૫ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પરમગુરુદેવ પંજાબરત્ન પ. પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી
(વૃદ્ધિવિજયજી) મહારાજ (પ્ર. ૬, પા. ૧૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ન્યાયાંભોનિધિ આચાર્યશ્રી
વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મ. ( પ્ર. ૩, પા. ૬ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ગીતાર્થમૂર્ધન્ય પ. પૂ. પંન્યાસશ્રી
ગંભીરવિજયજી ગણિવર
( પ્ર. ૨૦, પા. ૭૦ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પ. પૂ. પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી ગણિવર
(લવારની પોળવાળા) (પ્ર. ૧૨, પા. ૩૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




શાસનસમ્રાટ્ ( સં. ૧૯૮૫ )



શાસ્ત્રવિશારદ આ. શ્રીવિજયધર્મસૂરિજી મહારાજ
( કાશીવાળા ) ( પ્ર. ૧૧, પા. ૩૨ )


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિસમ્રાટ્ના પવિત્ર પાદ-કમલો




जाग्रज्ज्वलन्तज्योतिर्मयाय बालब्रह्मचारिणे ।
श्रीविजयनेमिसूरीश्वराय गुरुभगवते नमः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



એક અપૂર્વ સમૂહ–છબી. (પ્રાયઃ આચાર્યપદ–સમયની). વચમાં પૂ. પં. શ્રી ગંભીરવિજયજી મહારાજ, અને તેમના જમણા પડખે પૂ. સૂરિસમ્રાટ્ બેઠેલાં જણાય છે.
(સં. ૧૯૬૪. પ્ર. ૨૫, પા. ૯૦).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



स्वस्ति श्री मुकाम वलाथी पं गंभीरविजय
गणि विगेरे नी मुकाम श्री धोलेरा बंदर मध्ये पं
नेमविजयगणिजी तथा मुनि आनंदसागरजी त
था मुनि प्रेमविजयजी तथा मुनि सुमतिविजयजी
विगेरे जोग अनुवंदना वंदना वांचस्यो विशेष अ
त्रे सुखशाता छे तुमारी सुखशातानो पत्र वद ५नो
अत्र आज दिने आव्यो तेमध्ये अस्वाध्यायनो खु
लासो मगाव्यो तेनो [illegible] चैत सुद पछे तिथि
नी हानि वृद्धि होय तो पण पंचमीना अरधाथी
वदीना अंत सुधी अस्वाध्याय ने [illegible] दिन
[illegible] ए सर्व संमत छे सेनप्र
श्नमां पण पंचमीना अर्धथी अस्वाध्यायनो लेख छे
ते जानवो कम्मपयडिना आदिना पाना ६५ शास्त्री
दिनकरराजने सुप्या छे बाकीना अमारे वांचवाना ते
राख्या छे अमदावाद मास्तर [illegible]चंदने पर तो प
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]


વળાથી પૂ. પં. શ્રી ગંભીરવિજયજી મ. એ ધોલેરા બંદરે પૂ. સૂરિસમ્રાટ્ (તે વખતે પં. નેમવિજયજી ગણી) ઉપર સ્વહસ્તે લખેલ પત્ર, પત્રમાં શ્રી સાગરજી મ. નું નામ પણ ત્રીજી લીટીમાં વંચાય છે. આ પત્ર લખાયો ત્યારે તેમને સૂરિસમ્રાટ્ ભગવતીજીના યોગ વહાવી રહેલાં. ( સં. ૧૯૬૦. પ્ર. ૨૨, પા. ૭૭ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




મહાતીર્થ કાપરડાનું જમીનથી ૯૫ ફુટ ઊંચું ગગનોત્તુંગ જિનમંદિર.
( પ્ર. ૩૯, પા. ૧૭૮ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કાપરડા તીર્થાધિનાયક
**શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ**
( પ્ર. ૩૯, પા. ૧૭૮ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ઉપાધ્યાય શ્રી દર્શનવિજયજી તથા શ્રી ઉદયવિજયજીને 'આચાર્યપદ' આપ્યા પછીનો ગ્રુપ ફોટો–ખંભાત (પ્ર. ૪૧, પા. ૧૯૪)

ગૃહસ્થોમાં–શેઠ છગનલાલ કસ્તૂરચંદ, નાનજીભાઈ પોપટલાલ, જંબૂલાલ દલસુખભાઇ કસ્તૂરચંદ, તથા શેઠ ચુનીલાલ ભગુભાઇ વ. ઊભાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પૂજ્યશ્રી, અને બે અભિનવ–આચાર્ય–શિષ્યો,–
શ્રી વિજયદર્શનસૂરિજી, તથા શ્રી વિજયોદયસૂરિજી મહારાજ–ખંભાત
( પ્ર. ૪૧, પા. ૧૯૪ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ખંભાતથી નીકળેલાં શ્રી તારાચંદ પટવાના
સંઘનો ધોલેરામાં પ્રવેશ
(પ્ર. ૪૪, પા. ૨૧૪)




શ્રીતારાચંદ પટવાના સંઘનો પાલિતાણામાં મંગલપ્રવેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





ઐતિહાસિક મુનિસંમેલનના શુભ પ્રારંભનું અજોડ–અનુપમ–અપૂર્વ દશ્ય. (સં. ૧૯૯૦, અમદાવાદ) (પ્ર. ૫૦; પા. ૨૫૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




શેઠ માણેકલાલ મનસુખભાઈના સંઘનું મંગલ દૃશ્ય (૧),
પૂજ્યશ્રી, તથા પૂ. સાગરજી મ. વગેરે ઊભાં જણાય છે.
(પ્ર. ૫૧, પા. ૨૬૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




સંઘનું મંગલ દૃશ્ય (૨), પૂજ્યશ્રી, પૂ. દર્શનસૂરિમ; ઉદયસૂરિમ; મોહનસૂરિમ; નંદનસૂરિમ; વ. દેખાય છે.
(પ્ર. ૫૧, પા. ૨૬૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સંઘનું મંગલ દૃશ્ય (૩) પાલિતાણા–તળાટીએ ચૈત્યવંદન.
'ગિરિવર દરિશન વિરલા પાવે'
(પ્ર. ૫૧, પા. ૨૯૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




સંઘનું મંગલ દૃશ્ય (૪) પૂજ્યશ્રી અને પૂ. ઉદયસૂરિ મ. આદિ શ્રીસિદ્ધગિરિરાજ
પરની એક દેરી પાસે બેસીને ચૈત્યવંદન કરી રહ્યાં છે.
(પ્ર. ૫૧, પા. ૨૭૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ડૉ. ત્રિકમલાલ અમથાશાહ (મુનિશ્રી રત્નપ્રભવિજયજી) ને દીક્ષા આપ્યાં
પછી ચતુર્વિધ સંઘ સાથે (પ્ર. ૫૨, પા. ૨૭૧)
( શેઠ જમનાભાઇ ભગુભાઇનો બંગલો )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે સજોડે ચતુર્થ વ્રત ઉચ્ચરી રહેલાં
સલોત ફુલચંદભાઈ છગનલાલ (લાલાભાઈની પોળ, સં. ૧૯૯૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શેઠ મૂળચંદ બુલાખીદાસના ઉજમણા પ્રસંગે પધારેલાં પૂજ્યશ્રીનું ખંભાતમાં ભવ્ય સામૈયું. પૂજ્યશ્રીની સાથે પૂજ્ય આ. શ્રી વલ્લભસૂરિજી મ. દેખાય છે.
(પ્ર. ૫૨, પા. ૨૭૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



જામનગરમાં શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદના ઉદ્યાપન પ્રસંગે
પૂજ્યશ્રીનો મંગલ પ્રવેશ. (પ્ર. ૫૨, પા. ૨૭૪)




પૂજ્યશ્રી, પૂ. સાગરજી મ; તથા સંઘવી શેઠ પોપટલાલ
ધારશીભાઈ વ. નો ગ્રુપ ફોટો (પ્ર. ૫૨, પા. ૨૭૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





ઉદ્યાપન પ્રસંગે પધારેલાં પૂજ્યશ્રી ધર્મદેશના આપે છે. બન્ને પડખે પૂ. સાગરજી મ; તથા ઉદયસૂરિ મ; બેઠાં છે.
(પ્ર. ૫૨, પા. ૨૭૫)




શેઠ પોપટલાલ ધારશીભાઈના સંઘનું એક દૃશ્ય. પૂ. શ્રી, પૂ. મોહનસૂરિ મ. વગેરે દેખાય છે.
(પ્ર. ૫૨, પા. ૨૭૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



મહુવાનું એ પવિત્ર ગૃહ, જ્યાં પૂ. શાસનસમ્રાટ્નો જન્મ થયો હતો. અત્યારે ત્યાં ભવ્ય જિનાલય છે.
(પ્ર. ૪૫, પા. ૨૨૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પૂ. શ્રીના જન્મસ્થાન ( મહુવા ) પર નિર્મિત થતાં જિનાલયના મંડપમાં
પૂજ્યશ્રી તથા શિષ્યો ઊભા છે. (પ્ર. ૫૩, પા. ૨૮૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ભાવનગર–સંઘે તથા રાજ્યે કરેલું પૂ. શાસનસમ્રાટ્નું ઐતિહાસિક સામૈયું.
પૂ. શ્રી સાથે શ્રી અનંતરાય પટ્ટણી વ. દૃષ્ટિગોચર થાય છે.
(પ્ર. ૫૪, પા. ૨૮૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ભાવનગર–નરેશ શ્રી કૃષ્ણકુમારસિંહજીએ પાડેલો
પૂ. શાસનસમ્રાટ્નો ફોટો–કદંબગિરિ
(પ્ર. ૫૫, પા. ૨૯૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂ. શાસનસમ્રાટ્‌નો ફોટો પાડી રહેલાં નામદાર ભાવનગર-નરેશ
(પ્ર. ૫૫, પા. ૨૯૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રીની વાણીના શ્રવણનો આનંદમગ્ન બનીને લાભ લેતાં નામદાર ભાવનગર-નરેશ. (પ્ર. ૫૫, પા. ૨૯૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




શ્રી કદંબગિરિમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી બંધાયેલ ધર્મસ્થાનો નિહાળીને પ્રસન્ન બનતાં ના. મહારાજા. સાથે પૂ. શ્રી નંદનસૂરિ મ. પણ છે.

(પ્ર. ૫૫, પા. ૨૯૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રીશેરીસા મહાતીર્થનું રમણીય જિનાલય
(પ્ર. ૫૬. પા. ૩૦૪)



શ્રીશેરીસાની પ્રતિષ્ઠા પછી દેરાસરના પૃષ્ઠ ભાગમાં
પૂજ્યશ્રી આદિ મુનિગણ
(પ્ર. ૫૬, પા. ૩૦૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



'ધોલેરા' માં લેવાયેલો ગ્રુપ ફોટો.
બેઠેલામાં પં. શશિનાથ આ પણ જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ચાતુર્માસ-પરિવર્તન માટે સલોત ફુલચંદભાઈ છગનલાલને ત્યાં
(લાલાભાઈની પોળ) પધારી રહેલાં પૂજ્યશ્રી વગેરે.
(સં. ૨૦૦૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




સં. ૨૦૦૩ માં લેવાયેલ પૂજ્યશ્રીની એક છબી.
( સાબરમતી ) ( પ્ર. ૫૬, પા. ૩૦૬ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




વઢવાણ કેમ્પમાં લેવાયેલી પૂજ્યશ્રીની લાક્ષણિક છબી.
સં. ૨૦૦૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શેઠ કેશવલાલ ગિરધરલાલના ઘરે પધારતાં
પૂ. શાસનસમ્રાટ્-મહુવા
(સં. ૨૦૦૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કોને ખબર, કે– પૂજ્યશ્રીનો આ અંતિમ ફોટો બનશે?

( તસ્વીરકાર : બાબુલાલ મગનલાલ ભાવનગરી–મહુવા. ) ( પ્ર. ૫૮, પા. ૩૧૬ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



મહાયાત્રા (૧)



મહાયાત્રા (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ચિર શાન્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




અન્તિમ દર્શન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




વિનશ્વર શરીરના અંતિમ સંસ્કાર–દાહાધીન દેહ
( પ્ર. ૫૯ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રીના દેહના અંતિમ સંસ્કાર સ્થળે બંધાયેલ
શ્રી શાન્તિનાથ પ્રભુનું જિનાલય.
નીચે ગોખમાં પૂ.શ્રીની ચરણપાદુકા છે.
( મહુવા )




પૂજ્યશ્રીએ જ્યાં અંતિમશ્વાસ લીધો, તે સ્થાને પ્રતિષ્ઠિત
થયેલ સ્મૃતિમંદિર અને ચરણપાદુકા ( મહુવા )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રીના જન્મસ્થાન પર બંધાયેલ દેવગુરૂપ્રાસાદના ભૂમિગૃહના મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુ (મહુવા)




શ્રી મહાવીરસ્વામીનો પ્રાસાદ

શ્રી નેમિ-પાર્શ્વ વિહાર


શ્રી કેસરીયાજી ભગવાનનો પ્રાસાદ-મહુવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રીકદંબવિહાર પ્રાસાદનું રમ્ય દર્શન
(પ્ર. ૪૯, પા. ૨૪૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




'શ્રીકદંબવિહારપ્રાસાદ' ના મૂળનાયક
**શ્રીમહાવીર સ્વામી**
(પ્ર. ૪૯, પા. ૨૪૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



'શ્રીઋષભ વિહાર પ્રાસાદ'ના મૂળનાયક—
**શ્રીઋષભદેવપ્રભુ** (કદંબગિરિ—ઉપર)
(પ્ર. ૫૩, પા. ૨૭૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




વાવડી પ્લૉટ (ત્રીજી ટુંક) નો ત્રિભૂમિક પ્રતિમા-ભંડાર (કદંબગિરિ) (પ્ર. ૫૫, પા. ૨૯૧)




પ્રતિમા-ભંડાર (અંદરનું એક દૃશ્ય)-કદંબગિરિ (પ્ર. ૫૫, પા. ૨૯૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




શ્રીકદંબગિરિ–સર્વોચ્ચ ટેકરીનું નિસર્ગ દર્શન.




મહાપ્રભાવિક શ્રીનમિનાથપ્રભુનો દ્વિભૂમિક પ્રાસાદ
(કદંબગિરિ–ઉપર) (પ્ર. ૫૩, પા. ૨૭૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




શ્રીકદંબગિરિ પર રચાયેલ ભવ્ય સ્થાપત્ય. ૧, શ્રીકદંબગણધર મંદિર, ૨. તારાચંદની ટુંક, ૩. પંચમેરૂપ્રાસાદ, ૪. શ્રીનમિનાથ પ્રાસાદ આ ચિત્રમાં દેખાય છે.




શ્રીકદંબ ગણધર-મંદિર (એડન-સંઘ તરફથી બંધાયેલ) (કદંબગિરિ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રીકદંબ ગણધર ભગવાનની ભવ્ય પ્રતિમા કદંબગિરિ–ઉપર,
સં. ૨૦૨૬માં એડન સંઘે પધરાવેલી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૧૪૫૨ ગણધરપગલાનું તથા અષ્ટાપદજીનું દહેરાસર
(કદંબગિરિ–ઉપર)



પંચમેરૂ પ્રાસાદ
(કદંબગિરિ–ઉપર)



શ્રીશત્રુંજય ગિરિરાજની સ્થાયી રચના
(કદંબગિરિ–ઉપર)


Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org



શ્રી નેમનાથ ભગવાન તથા શ્રી સીમંધર
સ્વામીનું ચોવીશીનું દહેરાસર
(કદંબગિરિ–ઉપર)




શ્રી આદીશ્વર મંદિર રોહીશાળા
(પ્ર. ૫૫, પા. ૨૯૨)




શ્રી દેવર્ધિગણી ક્ષમા–શ્રમણનું શ્રી દેવગુરૂ મંદિર
વલભીપુર
(પ્ર. ૫૪, પા. ૨૮૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પ. પૂ. આચાર્યશ્રી વિજય
દર્શનસૂરીશ્વરજી મહારાજ



પ. પૂ. આચાર્યશ્રી વિજય
ઉદયસૂરીશ્વરજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પ. પૂ. આચાર્યશ્રી વિજય
નન્દનસૂરીશ્વરજી મહારાજ



પ. પૂ. આચાર્યશ્રી વિજય
વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પ. પૂ. આચાર્યશ્રી વિજય
પદ્મસૂરીશ્વરજી મહારાજ



પ. પૂ. આચાર્યશ્રી વિજય
અમૃતસૂરીશ્વરજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પ. પૂ. આચાર્યશ્રી વિજય
લાવણ્યસૂરીશ્વરજી મહારાજ



પ. પૂ. આચાર્યશ્રી વિજય
કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





દેદીપ્યમાન રૂપ અને અસાધારણ જ્ઞાનના ભંડાર પ. પૂ. પ્રવર્તક
મુનિશ્રી યશોવિજયજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પાલિતાણાના એક જિનાલયના પગથિયાં પર પૂજ્યશ્રી. પાછળ
પૂ. ઉદયસૂરિજી, પૂ. ધર્મસૂરિજી મ. વગેરે દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રીએ ભણેલી સિદ્ધહેમ-બૃહદ્વૃત્તિ ( હસ્તલિખિત ) નું એક પત્ર. એમાં પૂજ્યશ્રીના હસ્તાક્ષર હોવાનું મનાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રીએ ભણેલી સિદ્ધહેમ-બૃહદ્વૃત્તિનું અંતિમ પત્ર,
પ્રાંતે પૂજ્યશ્રીના નામની પુષ્પિકા વંચાય છે. (પ્ર. ૧૪, પા. ૩૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી

P. & O. S. N. Co.
S.S. Caledonia

[illegible]

[illegible]

નગરશેઠ કસ્તૂરભાઈ મણિભાઈએ પૂજ્યશ્રી ઉપર લખેલ એક પત્ર (પ્ર. ૩૪, પા. ૧૪૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**KASTOORBHAI M. NAGERSHETH**

[illegible]

[illegible] [redacted]

[illegible]

નગરશેઠશ્રી કસ્તૂરભાઇએ પેરિસથી લખેલ એક બીજો પત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

No.______

# SHETH ANANDJI KALIANJI,

REPRESENTING

**All India Swetamber Jains.**

JAVERIWADA,

**Ahmedabad,** તા. [illegible]-૩-૧૯૫૬

અનેક ગુણગણાલંકૃત શ્રીમાન્ આચાર્યશ્રી-વિજયનેમિસૂરીશ્વરજીના ચરણ
કમલમાં શ્રી-અમદાવાદ થી લી. સદા આજ્ઞાંકિત પરમ ભક્ત-સારાભાઈ
ડાહ્યાભાઈની નમ્ર વંદના ૧૦૦૮ વાર અવધારવાની કૃપા કરશોજી.

-અવિનય-વિરાધના કરવાની કે આ સાથે નામદાર-એજન્ટ [illegible]
પાલીતાણા દરબારે મોકલેલ રેપ્રીઝેન્ટેશનની કોપી આપસાહેબના
પવિત્ર પાદારવિંદમાં રજુ કરતાં વિનમ્ર ભાવે ગુજારવાની કે આપશ્રી તે
વાંચી પૂર્ણરીતે મનન કરી તેનો જવાબ આપવામાં આપશ્રીને જે જે
સૂચના કરવાની યોગ્ય જણાય તે લખીને કોઈ માણસ સાથે જલ્દી
મોકલવાની તસ્દી લેશોજી. સદરહુ જવાબ (રીજોઈન્ડર) જલ્દી મોક-
-લી આપવાનું છે અને રીજોઈન્ડર લખતી વખતે આપશ્રીની સૂચના
જો યોગ્ય સ્થળે દાખલ કરવામાં આવે. એજ વિનંતિ-

મારા લાયક કામકાજ ફરમાવશોજી.

લિ. આજ્ઞાંકિત [illegible]

સારાભાઈના ૧૦૦૮ વાર

વંદણા સ્વીકારશોજી-

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શત્રુંજય-મુંડકાવેરા પ્રસંગના અનુસંધાનમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ પૂજ્યશ્રી પર લખેલ એક પત્ર. જેમાં પૂજ્યશ્રીના માર્ગ-દર્શનની પ્રાર્થના છે. નીચે શેઠ સારાભાઈ ડાહ્યાભાઈના હસ્તાક્ષર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમત્પાદૈકે ગુણગણાલંકૃત. ભવ્યસમૂહભાસ્કર. મિથ્યાત્વતિમિર દિવાકર. સર્વશાસ્ત્ર
વિશારદ. તપાગચ્છગગનદિનમણિ સૂરિમંત્રપ્રમુખ સમારાધિતવિદ્યાપીઠાદિ પંચપ્રસ્થાન
સમય સૂરિમંત્ર. સર્વતંત્ર સ્વતંત્ર. સ્વપર સમયપારાવાર પારીણ. તીર્થોદ્ધાર પ્રવણ [illegible].
[illegible]. પ્રાતઃસ્મરણીય. જગદ્ગુરુ સંયમકલ્પતરુ. ભટ્ટારક આચાર્ય મહારાજાધિરાજ
[illegible] શ્રીમાન્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ. તથા સિદ્ધાન્તવાચસ્પતિ.
ન્યાયવિશારદ આચાર્ય શ્રીમદ્ વિજયોદયસૂરીન્દ્ર મહારાજ — મુ. કદંબગિરિ.

પાલીતાણાથી લિ. આજ્ઞાંકિત સેવક. મોહનસૂરિ. પ્રતાપસૂરિ આદિ ની [illegible]
વંદના અવધારશોજી. આપ પરમકૃપાળુની કૃપાથી અત્ર સુખશાંતિ છે. આપ
સાહેબજી સપરિવાર સુખશાતામાં હશોજી.

મુનિ જયાનંદવિજયજીને ત્રણ દિવસ તાવ આવી ગયો, પરંતુ હજી સારી રીતે
આરામ બિલકુલ નથી. આજે આપ સાહેબજી તરફથી તેમને ખાસ સુખશાતા
પૂછવા મોકલી [illegible] આવેલ, તેની સાથે પણ સમાચાર કહાવ્યા
છે. હવે જયાનંદવિ.ની તબીયત બહુ સારી છે. [illegible] તેમજ આપ.
કૃપાથી સારું થઈ જશે.

વિશેષ. પ્રતાપસૂરિજી. ધર્મવિજયજી વિગેરે આજે યાત્રા કરવા માટે ગયા હતા.
દરમ્યાન, [illegible] સાહેબ અહિં આવેલા હોવાથી તેમની સાથે અહિંના ઠાકોર સાહેબ
વિગેરે પણ ઉપર યાત્રા કરવા માટે આવ્યા હતા, લગભગ [illegible]
(હનુમાનધારા સુધી) પ્રતાપસૂરિજી વિગેરે આપણા સાધુઓ સાથે છૂટીછૂટી વાતચીતનો પ્રસંગ
નીકળતા ઠાકોર સાહેબ આપને બહુ યાદ કરતા હતા, અને આપની
[illegible] માટે બહુ ગુણગાન કરતા હતા. તે ઉપરાંત તેઓ બોલ્યા કે
કે થોડા વખતમાં મારે ત્યાં જવું છે અને તેમની સાથે બે ત્રણ દિવસ શાંતિથી
વાતો કરવી છે. એકંદર આપ પૂજ્યશ્રી માટે તેમને ઘણું માન છે. એમ
જણાતું હતું. એ બધો પ્રતાપ આપશ્રી સાથે અહિં થયેલી મુલાકાત દરમ્યાન
[redacted] ધર્મદેશના દ્વારા આપે પાડેલી [illegible] છે.

એજ. સેવક લાયક કાર્ય સેવા ફરમાવશોજી. કૃપાદૃષ્ટિમાં વૃદ્ધિ કરશોજી.
[illegible]
[illegible]

માગ. વદ. ૧૪. — દ. ચરણકિંકર. સેવક [illegible]
વંદના અવધારશોજી

[illegible] વિજય. જયાનંદવિ. વિગેરે સાધુઓએ આપ સાહેબને વંદના સુખશાતા
લખાવેલ છે.

પાલિતાણા–દરબારનો પૂજ્યશ્રી પ્રત્યેનો અહોભાવ પ્રગટ કરતો એક પત્ર, પાલિતાણાથી પૂ. મોહનસૂરિજી મહારાજે પૂજ્યશ્રી પર લખેલો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्रीवीतरागाय नमः॥

# मुनि सम्मेलननो निर्णय.

[illegible]

विजयनेमिसूरि

आनंदसागर

[illegible]

विजयवल्लभसूरि

विजयभूपेन्द्रसूरि

मुनि सागरचंद्र

[illegible]

વડા નીશા

અમદાવાદ

[illegible]

સંઘપતિ

વિ. સં. ૧૯૯૦ માં અમદાવાદમાં ભરાયેલ મુનિસંમેલને સર્વાનુમતે કરેલ નિર્ણયોના પટ્ટકની નકલ. જેમાં નીચે ૯ વૃદ્ધ મહાપુરુષોના હસ્તાક્ષર જોવા મળે છે. (પ્ર. ૫૦, પા. ૨૫૪)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શેઠશ્રી મનસુખભાઇ ભગુભાઇ
(પ્ર. ૨૧, પા. ૭૩)



શેઠશ્રી જમનાભાઇ ભગુભાઇ
(પ્ર. ૨૪, પા. ૮૩)



સરદાર શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ
(પ્ર. ૩૨. પા. ૧૨૯)



નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણિભાઈ
(પ્ર. ૩૨, પા. ૧૩૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શેઠશ્રી રતનજી વીરજી (ભાવનગર)
(પ્ર. ૨૫, પા. ૯૪)




શેઠ અમરચંદ જસરાજ-ભાવનગર
('કિંગ ઓફ કાઠિયાવાડ'ના નામે સુખ્યાત)
(પ્ર. ૩૦, પા. ૧૨૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શેઠશ્રી અમરચંદ પ્રેમચંદ ( ખંભાત )
(પ્ર. ૧૭, પા. ૫૪)



શેઠશ્રી પોપટલાલ અમરચંદ ( ખંભાત )
(પ્ર. ૧૭, પા. ૫૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સંઘવી શેઠશ્રી માણેકલાલ
મનસુખભાઈ ( અમદાવાદ )
(પ્ર. ૩૩, પા. ૧૩૫)



શેઠશ્રી અંબાલાલ સારાભાઈ
( અમદાવાદ )
(પ્ર. ૨૯, પા. ૧૧૪)



શા. બાલચંદ લક્ષ્મીચંદ
(પૂજ્યશ્રીના સંસારી લઘુબંધુ–મહુવા)
( પ્ર. ૫, પા. ૯ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. શાસનસમ્રાટ્શ્રીના જીવનચરિત્રના પ્રકાશન માટે ઉદાર રકમ અર્પણ કરનાર સદ્ગૃહસ્થોની શુભ

# નામાવલી

રૂ. ૧૦૦૧ શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ—અમદાવાદ

૧૦૦૧ પૂ.મુનિશ્રી પ્રબોધચંદ્ર વિજયજી મ.નાઉપદેશથી, પૂ.આ.શ્રી વિજયકુમુદચંદ્રસૂરિજી મ.ની આચાર્યપદવી નિમિત્તે

૧૦૦૧ શ્રી ખુશાલભુવન ઉપાશ્રય જૈનસંઘના જ્ઞાનખાતામાંથી—અમદાવાદ હ. શેઠ ભોગીલાલ ચુનીલાલ સુતરીયા

૧૦૦૦ શા. કાંતિલાલ મોહનલાલ વેધારી—મુંબઇ, પૂ.આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી. પાલીતાણામાં ઉજવાયેલ જન્મશતાબ્દી પ્રસંગે અર્પણ.

૭૦૧ એક સદ્ગૃહસ્થ પૂ.સા.શ્રી સુશીલાશ્રીજી, પૂ.સા.શ્રી કંચનશ્રીજી મ. (ખંભાતવાળા)ના ઉપદેશથી

૫૦૧ શા. શાંતિલાલ છગનલાલ—વઢવાણસીટી

૫૦૦ શા. નગીનદાસ કીલાભાઈ, હ. અનુભાઈ—અમદાવાદ

૫૦૧ શા. મૂળચંદ ત્રિભોવનદાસ ,,

૫૦૧ શ્રી ચંપાપ્રભાશ્રીજી જ્ઞાનશાળા—ખંભાત, પૂ. સા. શ્રી પ્રમોદશ્રીજી, પૂ. સા. શ્રી પુષ્પાશ્રીજી મ.ના ઉપદેશથી

૫૦૧ શ્રી ગુલાબગુણ સ્વાધ્યાયમંદિર હ. નગીનદાસ વાડીલાલ ગાંધી—વેજલપુર પૂ.સા.શ્રી પ્રવીણાશ્રીજી મ.ના ઉપદેશથી

૩૦૦ શેઠ સોમચંદ પોપટચંદ—ખંભાત

૩૦૨ એક સદ્ગૃહસ્થ, પૂ.સા.શ્રી ચારિત્રશ્રીજી મ.ના ઉપદેશથી

૩૦૧ ,, ,, પૂ.સા.શ્રી જિનેન્દ્રશ્રીજી મ.ના ઉપદેશથી

૨૫૧ શેઠ લક્ષ્મીચંદ ત્રિભોવનદાસ જાંબુવાળા—સુરેન્દ્રનગર

૨૫૧ શા. શાંતિલાલ ગુલાબચંદ ,,

૨૫૦ શા. હરગોવિંદદાસ શામજીભાઈ—મુંબઈ

૨૫૧ મેસર્સ પદમશી મૂળજીની કું. ,,

૨૫૧ વોરા ધારશીભાઈ માણેકચંદ—સુરેન્દ્રનગર

૨૫૧ શા. કાળીદાસ ગુલાબચંદ—સાવરકુંડલા, પૂ.આ.શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.ના સદુપદેશથી

૨૫૧ શા. પાશવીર હીરજી—કચ્છ—સુથરી ,, ,, ,, ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂ. ૨૫૧ શા. જયંતીલાલ વીરચંદ–કામરોળ
૨૫૧ શેઠ પદ્મા તારાની પેઢી–મહુવા
૨૫૦ શા. અમરચંદ બેચરદાસ
૨૫૧ શા. મોહનલાલ સોમચંદ–બોરસદ
૨૫૧ શા. રતિલાલ કેસરીચંદ હ. સમરથબેન વીરચંદ–ભાવનગર
૨૫૧ શા. વીરચંદ જીવરાજ ઘોઘાવાળા હ. સમરથબેન ,,
૨૫૧ શા. નરોત્તમદાસ મોતીચંદ હ. ઇચ્છાબેન ,,
૨૦૧ રમેશચંદ્રની કુાં. હા. ગિરધરલાલ મનસુખલાલ દીપચંદ–મુંબઇ (કમળેજ)
૨૦૦ / ૧૫૧ } શાંતિલાલ અમૃતલાલ બંસીની કુાં.વાળા–કમળેજ
૨૦૧ બોરસદ જૈન સંઘ, પૂ.સા.શ્રી દિવ્યશ્રીજી મ.ના ઉપદેશથી
૨૦૦ એક સદ્‌ગૃહસ્થ, પૂ.સા.શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.ના ઉપદેશથી
૨૦૧ ,, ,, ,, સુશીલાશ્રીજી મ.ના ઉપદેશથી
૨૦૧ ,, ,, ,, દેવાનંદાશ્રીજી મ.ના ઉપદેશથી
૨૦૧ શ્રીવીશાનીમા જૈન પંચના જ્ઞાનખાતામાંથી, હ. વાડીલાલ છગનલાલ શરાફ–ગોધરા
૨૦૧ શ્રી વીશાશ્રીમાળી તપગચ્છ જૈન સંઘ જામનગર પૂ.આ.શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.ના સદુપદેશથી
૨૦૧ શ્રી વીશા ઓશવાલ તપગચ્છ જૈન સંઘ ,, ,, ,, ,, ,, ,,
૨૦૧ શ્રીવીશાઓશવાલ અંચલગચ્છ જૈન સંઘ ,, ,, ,, ,, ,, ,,
૨૦૧ શ્રીવીશાઓશવાલ ખરતરગચ્છ જૈન સંઘ ,, ,, ,, ,, ,, ,,
૧૫૧ દોશી જગજીવન કેશવજી–દાઠા ,, ,, ,, ,, ,, ,,
૧૫૧ સ્વ.માતુશ્રી નર્મદાબાઈના સ્મરણાર્થે ગાંધી મણીલાલ ,, ,, ,, ,, ,,
૧૫૧ મોદી ધરમશી જસરાજ–પાલિતાણા
૧૫૧ શ્રીવીશા નીમા જૈન પંચ, હ. દોશી મણિલાલ પાનાચંદ–ગોધરા
૧૩૫ ધામી અભેચંદ દેવજી હ. શાંતિભાઈ–મહુવા
૧૦૧ શા. પ્રતાપરાય પ્રેમજી–વેરાવળ, પૂ. આ. શ્રી યશોભદ્રસૂરિજી મ. ના ઉપદેશથી
૧૦૧ શા. પ્રભુદાસભાઈ પ્રાણલાલ વેરાવળવાળા–મુંબઈ, પૂ. મુનિશ્રી દાનવિજયજી મ. ની પ્રેરણાથી
૧૦૧ શ્રી જૈન સંઘ–વેજલપુર, પૂ. સા. શ્રી કવીન્દ્રશ્રીજી મ. ના ઉપદેશથી
૧૦૧ શ્રાવિકાના ઉપાશ્રય તરફથી–ગોધરા, પૂ. સા. શ્રી ચંદ્રકાંતાશ્રીજી મ. ના ઉપદેશથી
૧૦૧ સદ્‌ગૃહસ્થ, પૂ. સા. શ્રી શ્રીમતીશ્રીજી, મૃગાવતીશ્રીજી મ. ના ઉપદેશથી
૧૦૧ પૂ. સ્વ. સા. શ્રી દેવીશ્રીજી મ. ની સ્મૃતિ નિમિત્તે, પૂ. સા. શ્રી રાજેન્દ્રપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી
૧૦૧ એક સદ્‌ગૃહસ્થ, પૂ. સા. શ્રી લલિતપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭૫ વોરા તળસીદાસ જાદવજી

૫૧ શા. જયંતીલાલ નાથાલાલ

૫૧ શા. તારાચંદ નથુભાઈ

૫૧ શા. જગજીવનદાસ સોમચંદ

૫૧ શા. નાથાભાઇ હકીચંદના સુપુત્રી શ્રી ચંદ્રિકાબેન

૫૧ સંઘવી રાયચંદ લલ્લુભાઇ–ઘોઘા, પૂ. આ. શ્રી યશોભદ્રસૂરિજી મ. ના ઉપદેશથી

૫૧ સલોત વીરચંદ ગોવરધનદાસ વકીલ–પાલિતાણા

૫૧ કામદાર અમરચંદ પાનાચંદ–જેસર

૫૧ સંઘવી ભગવાનદાસ મેઘજી ,,

૫૧ શા. ચુનીલાલ ભેરૂલાલજી

૨૫ શા. ગુલાબચંદ લલ્લુભાઈ–ભાવનગર

---

૧૦૦૧ શેઠ જેશીંગભાઈ કાળીદાસ શેરદલાલ–અમદાવાદ

૫૦૧ ગાંધી હરખચંદ વીરચંદ–મહુવા

૫૦૧ શા. કસ્તૂરચંદ સાંકળચંદ–અમદાવાદ

૫૦૦ શા. ભબુતમલ રીખવદાસજી–જાવાલ

૪૦૧ શા. વાડીલાલ બાપુલાલ કાપડિયા–અમદાવાદ

૩૦૧ સલોત છગનલાલ મોતીચંદ–બોટાદ

૩૦૦ શા. જયંતીલાલ મગનલાલ–જોરાવરનગર

૩૫૧ વોરા ધારશીભાઈ માણેકચંદ–સુરેન્દ્રનગર

૨૫૧ શા. નાનચંદ પરમાણંદદાસ (મહુવા)–મુંબઈ

૨૫૧ શા. મણિલાલ મનસુખલાલ ખાદીવાળા–મુંબઈ

૨૦૧ શા. વાડીલાલ ડાહ્યાભાઈ હ. ભીખાભાઈ મણિલાલ–અમદાવાદ

**નોંધ :** આ ૧૧ સદ્‌ગૃહસ્થોએ પૂ. શાસનસમ્રાટના જીવનચરિત્ર, દેરી તથા ગુરુમૂર્તિ, એ ત્રણે માટે આ રકમ અર્પણ કરેલી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ. પૂ. શાસનસમ્રાટ્ પરમગુરુદેવના જન્મશતાબ્દીના વર્ષ–સં. ૨૦૨૯માં અમદાવાદ પાંજરાપોળ ખાતે ઉજવાયેલ મહાન્ શતાબ્દી મહોત્સવ પ્રસંગે જીવનચરિત્ર માટે ઉદાર રકમ અર્પણ કરનારા સદ્ગૃહસ્થોની શુભ નામાવલી

૪૦૦૧ શેઠ શ્રી જેશીંગભાઈ કાળીદાસ શેરદલાલ ચેરીટી ટ્રસ્ટ તરફથી–અમદાવાદ
હ. સારાભાઈ જેશીંગભાઈ, મનુભાઈ જેશીંગભાઈ

૧૫૦૧ શેઠ કસ્તુરચંદ સૌભાગ્યચંદની પેઢી–અમદાવાદ

૧૦૦૧ શેઠ જમનાભાઈ ભગુભાઈ ,,

૧૦૦૧ શેઠ માણેકલાલ મનસુખભાઈ ,,

૧૦૦૧ શેઠ રમણલાલ નગીનદાસ પરીખ દિલ્હીવાળા–મુંબઈ

૧૦૦૧ શેઠ ખુમચંદ રતનચંદ જોરાજી ,,

૭૫૧ શેઠ કેશવલાલ વાડીલાલ વકીલ–અમદાવાદ

૭૫૧ શેઠ ફુલચંદ છગનલાલ સલોત ,,

૭૫૧ શેઠ જયંતભાઇ માવજીભાઈ શાહ–મુંબઈ

૫૦૧ શેઠ સુરેન્દ્રભાઈ ચીમનલાલ ગોકળદાસ–અમદાવાદ

૧૦૧ જુના મહાજનવાડા જૈનસંઘ–અમદાવાદ, પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી મ. ના ઉપદેશથી

૧૦૧ શા. દલસુખભાઇ પાનાચંદ વાડીગામવાળા ,, ,, ,,

૧૦૦૧ વડોદરા–કોઠીપોળ જૈન સંઘ, આ. શ્રીવિજયકીર્તિચંદ્રસૂરિ મ. ના ઉપદેશથી

૧૫૦૧ સુરત–વડાચૌટા–સંવેગી જૈનઉપાશ્રય સંઘના જ્ઞાનખાતામાંથી પૂ. મુનિશ્રીપ્રબોધચંદ્રવિજયજીના ઉપદેશથી

૫૦૧ જુનો મહાજનવાડો–અમદાવાદના જૈન ઉપાશ્રયના ,, ,, ,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org